ॐ
નમઃ સિદ્ધેભ્યઃ

# અષ્ટપાહુડ પ્રવચન

## (ભાગ-૫)

( પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
ભાવપાહુડ ઉપરના ધારાવાહી પ્રવચનો )

શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ
૩૦૨, કૃષ્ણ કુંજ, પ્લોટ નં. ૩૦, વિ. એલ. મહેતા માર્ગ,
વિલેપાર્લે (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૫૬
ફોન : (૦૨૨) ૨૬૧૩૦૮૨૦

| કહાન સંવત | વીર સંવત | વિક્રમ સંવત | ઈ.સ. |
|---|---|---|---|
| ૩૭ | ૨૫૪૩ | ૨૦૭૩ | ૨૦૧૭ |

પ્રકાશન
તા. ૨૩-૩-૨૦૧૭, ફાગણ વદ-૧૦
પૂજ્ય બહેનશ્રીની ૮૫મી સમ્યક્ જયંતિ

- શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ. ફોન : ૦૨૮૪૬/૨૪૪૩૫૮
- શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ
  ૩૦૨, કૃષ્ણ કુંજ, પ્લોટ નં. ૩૦, વિ. એલ. મહેતા માર્ગ,
  વિલેપાર્લે (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૫૬
  ફોન : (૦૨૨) ૨૬૧૩૦૮૨૦
- શ્રી સીમંધર કુંદકુંદ કહાન આધ્યાત્મિક ટ્રસ્ટ
  યોગીનિકેતન પ્લોટ 'સ્વરુચિ' સવાણી હોલની શેરીમાં,
  નિર્મલા કોન્વેન્ટ રોડ, રાજકોટ-૩૬૦૦૦૭.
  ટેલી નં. ૦૯૩૭૪૧૦૦૫૦૮ / (૦૨૮૧) ૨૪૭૭૭૨૮ / ૨૪૭૭૭૨૯
- શ્રી આદિનાથ કુંદકુંદ કહાન દિગંબર જૈન ટ્રસ્ટ
  વિમલાંચલ, હરિનગર, અલીગઢ (યુ.પી.)
  ફોન : (૦૫૭૧) ૨૪૧૦૦૧૦/૧૧/૧૨

<u>લેસર ટાઈપ સેટિંગ :-</u>
પૂજા ઈમ્પ્રેશન્સ
ભાવનગર
મો. ૯૭૨૫૨૫૧૧૩૧

<u>મુદ્રક :-</u>
અજય ઓફસેટ
અમદાવાદ
મો. ૯૮૨૫૪૭૭૭૪૫

# પ્રસ્તાવના

શાસનનાયક અંતિમ તીર્થંકર દેવાધિદેવ શ્રી મહાવીર પરમાત્માનું વર્તમાન શાસન પ્રવર્તી રહ્યું છે. તેઓશ્રીની દિવ્યધ્વનિ દ્વારા પ્રકાશિત મોક્ષમાર્ગ, પરંપરામાં થયેલા અનેક આચાર્ય ભગવંતો દ્વારા આજે પણ વિદ્યમાન છે. શ્રી ગૌતમ ગણધર બાદ અનેક આચાર્યો થયા તેમાં શ્રીમદ્ ભગવત કુંદકુંદાચાર્યદેવનું સ્થાન શ્રી મહાવીરસ્વામી પછી ત્રીજા સ્થાને આવે છે તે જગતવિદિત છે.

શ્રીમદ્ ભગવત કુંદકુંદાચાર્ય વિક્રમ સંવત ૪૯માં લગભગ થયા છે. તેઓશ્રીએ સ્વયંની ઋદ્ધિ દ્વારા વર્તમાન વિદેહક્ષેત્રે પ્રત્યક્ષ બિરાજમાન શ્રી સીમંધર ભગવાનના સમવસરણમાં આઠ દિવસ રહી દિવ્યદેશના ગ્રહણ કરી, ત્યાંથી આવીને તેમણે અનેક મહાન પરમાગમોની રચના કરી. તેમાં અષ્ટ પ્રાભૃત ગ્રંથનો પણ સમાવેશ થાય છે. આચાર્ય ભગવંતની પવિત્ર પરિણતિના દર્શન તેઓશ્રીની પ્રત્યેક કૃતિઓમાં થાય છે. ભવ્યજીવો ઉપર નિષ્કારણ કરુણા કરી તેમણે મોક્ષમાર્ગનું અંતર-બાહ્ય સ્વરૂપ સ્પષ્ટ કર્યું છે. આચાર્ય ભગવંતે મોક્ષમાર્ગને થંભાવી રાખ્યો છે એ કથન ખરેખર સત્ય પ્રતીત થાય છે.

ચતુર્થ ગુણસ્થાનથી ચૌદ ગુણસ્થાન પર્યંત અંતરંગ મોક્ષમાર્ગ સાથે વર્તતા વિકલ્પની મર્યાદા કેટલી અને કેવી હોય તે તેઓશ્રીએ સ્પષ્ટ કર્યું છે. આમ નિશ્ચય-વ્યવહાર મોક્ષમાર્ગનું સ્વરૂપ સ્પષ્ટ કરી અનેક પ્રકારના વિપરીત અભિપ્રાયોમાંથી મુમુક્ષુજીવોને તાર્યા છે. અષ્ટ પ્રાભૃત ગ્રંથમાં મુખ્યત્વે નિર્ગ્રંથ મુનિદશા કેવી હોય અને સાથે કેટલી મર્યાદામાં એ ગુણસ્થાનમાં વિકલ્પની સ્થિતિ હોય છે તે સ્પષ્ટ કર્યું છે.

વર્તમાનમાં દિગંબર સાહિત્ય તો હતું જ પરંતુ સાહિત્યમાં નિહિત મોક્ષમાર્ગનું સ્વરૂપ જો આ કાળમાં કોઈ દિવ્ય શક્તિધારક મહાપુરુષે પ્રકાશિત કર્યું હોય તો તે છે-કાનજીસ્વામી. પૂજ્ય ગુરુદેવશ્રીએ શાસ્ત્રમાં નિહિત મોક્ષમાર્ગને સ્વયંની દિવ્ય શ્રુતની લબ્ધિ દ્વારા સમાજમાં નિર્ભિકતાથી ઉદ્‌ઘાટન કર્યો. શાસ્ત્રમાં મોક્ષમાર્ગનું રહસ્ય તો પ્રરૂપિત હતું જ પરંતુ આ કાળના અચંબા સમાન પૂજ્ય ગુરુદેવશ્રીની સાતિશય ભગવતી પ્રજ્ઞાએ તે રહસ્યને ખુલ્લું કર્યું. પૂજ્ય ગુરુદેવશ્રીનો અસિમ ઉપકાર આજે તો ગવાય છે પરંતુ પંચમકાળના અંત સુધી ગવાશે.

પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા અનેક પરમાગમો ઉપર વિસ્તૃત પ્રવચનો થયા છે. તેમાં અષ્ટ પ્રાભૃતનો પણ સમાવેશ થાય છે. પ્રસ્તુત પ્રવચનો પ્રકાશિત થાય તેવી ભાવના મુમુક્ષુ સમાજમાંથી વ્યક્ત થતાં શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ, વિલેપાર્લા, મુંબઈ દ્વારા આ પ્રવચનોને અક્ષરશઃ પ્રકાશિત કરવાનો સહર્ષ સ્વીકાર કર્યો. તદ્‌નુસાર આ પ્રવચનો લગભગ સાત ભાગમાં પ્રકાશિત થવાની ધારણા છે. પાંચમા ભાગમાં ભાવપાહુડની ૯૨ ગાથા ઉપરના

પ્રવચનો છે.

ભાવપાહુડમાં, અનાદિકાળથી પરિભ્રમણ કરતો જીવ જે અનંત દુઃખ સહન કરે છે, તેનું હૃદયસ્પર્શી વર્ણન આ પ્રાભૃતમાં કરવામાં આવ્યું છે. તથા આ દુઃખોથી છૂટવા માટે શુદ્ધભાવરૂપ પરિણમન કરી ભાવલિંગી મુનિદશા પ્રગટ કર્યા સિવાય બીજો કોઈ ઉપાય નથી તેનું સ્પષ્ટરૂપે વર્ણન કરવામાં આવ્યું છે. પરિભ્રમણના દુઃખોથી છૂટવા માટે શુદ્ધભાવથી શૂન્ય દ્રવ્યમુનિલિંગ અકાર્યકારી છે તેમ સ્પષ્ટપણે દર્શાવ્યું છે. આ પ્રાભૃત અતી વૈરાગ્યપ્રેરક અને ભાવવાહી છે. તથા શુદ્ધભાવ પ્રગટ કરવાવાળા સમ્યક્ પુરુષાર્થ પ્રતિ જીવને જાગૃત કરનારું છે.

ઉપરોક્ત વિષયોની સંપૂર્ણ છણાવટ પૂજ્ય ગુરુદેવશ્રીએ અનેક પડખાઓથી પ્રસ્તુત પ્રવચનોમાં કરેલ છે. આચાર્ય ભગવાનના હૃદયમાં પેસીને તેમના ભાવોને ખોલવાના અલૌકિક સામર્થ્યના દર્શન પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનોમાં થાય છે. સમ્યક્ત્વ સહિત ચારિત્રનું સ્વરૂપ કેવું હોય તેનું વિશદ્ વર્ણન પ્રસ્તુત પ્રવચનોમાં થયું છે.

આ પ્રવચનોને સી.ડી.માંથી સાંભળીને શબ્દશઃ તૈયાર કરવાનું કાર્ય શ્રી નિલેષભાઈ જૈન, ભાવનગર દ્વારા કરવામાં આવ્યું છે. ત્યારબાદ આ પ્રવચનોને ફરીવાર શ્રી મણીભાઈ ગાલા, દેવલાલી દ્વારા તપાસી જવામાં આવ્યા છે. ત્યારબાદ વાંચીને સંપૂર્ણ રીતે ચેક શ્રી ચેતનભાઈ મહેતા, રાજકોટ દ્વારા કરવામાં આવ્યા છે. ઘણા પ્રવચનો બેટરીવાળા હોવાથી જ્યાં અવાજ બરાબર નથી સંભળાતો ત્યાં ડોટ કરીને છોડી દેવામાં આવ્યું છે. વાક્યરચના પૂર્ણ કરવા અર્થે કૌંસ પણ ભરવામાં આવેલ છે. પ્રવચનોને પુસ્તકારૂઢ કરવામાં જાગિતૃપૂર્વક ચીવટ રાખવામાં આવેલ છે તેમ છતાં ક્યાંય ક્ષતિ રહી જવા પામી હોય તો વાચકવર્ગને વિનંતી કે તેઓ જાણ કરે. જિનવાણીનું કાર્ય અતિ ગંભીર છે. તેથી ક્યાંય પ્રમાદવશ ક્ષતિ રહી હોય તો દેવ-શાસ્ત્ર-ગુરુની વિનમ્રતાપૂર્વક ક્ષમાયાચના કરીએ છીએ. પૂજ્ય ગુરુદેવશ્રીના ચરણોમાં તથા પ્રશમમૂર્તિ ભગવતીમાતાના ચરણોમાં કોટિ કોટિ વંદના! તેઓશ્રીની સાતિશય દેશના જયવંત વર્તો! જયવંત વર્તો!

પ્રસ્તુત પુસ્તક **www.vitragvani.com** ઉપર મુકવામાં આવેલ છે.

અંતતઃ પ્રસ્તુત પ્રવચનોના સ્વાધ્યાય દ્વારા મુમુક્ષુજીવ આત્મહિત સાધે તેવી ભાવના સાથે વિરામ પામીએ છીએ.

લિ. ટ્રસ્ટીગણ<br>
શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ,<br>
મુંબઈ

# અધ્યાત્મયુગસર્જક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો સંક્ષિપ્ત જીવન પરિચય

ભારતદેશના ગુજરાત રાજ્યમાં ભાવનગર જિલ્લાના 'ઉમરાળા' ગામમાં સ્થાનકવાસી સંપ્રદાયના દશાશ્રીમાળી વણિક પરિવારના શ્રેષ્ઠીવર્ય શ્રી મોતીચંદભાઈના ઘેર, માતા ઉજમબાની કૂંખે, વિક્રમ સંવત ૧૯૪૬ના વૈશાખ સુદ બીજ, (તા. ૨૧-૪-૧૮૯૦) રવિવારે વહેલી સવારે આ બાળ મહાત્માનો જન્મ થયો.

જે સમયે આ બાળ મહાત્મા ધરતી પર પધાર્યા, તે સમયે જૈનોના જીવનનો શ્વાસ અંધશ્રદ્ધા, પાખંડ અને શુષ્ક ક્રિયાકાંડમાં જ રૂંધાઈ ગયો હતો. કોઈક સ્થળે આધ્યાત્મિક ચિંતન ચાલતું હતું, પણ તેમાં અધ્યાત્મ નહોતું. એવા એ અંધકારમય કળીકાળમાં આ તેજસ્વી કહાનસૂર્યનો ઉદય થયો.

સાત વર્ષની ઉંમરે નિશાળમાં લૌકિક શિક્ષા લેવાનું શરૂ કર્યું. દરેક વસ્તુના હાર્દ સુધી પહોંચવાની તેજસ્વી બુદ્ધિપ્રતિભા, મધુરભાષીપણુ, શાંતસ્વભાવ, ગંભીર મુખમુદ્રા તથા જતું કરવાનો સ્વભાવ હોવાથી બાળ 'કાનજી' શિક્ષકોમાં તથા વિદ્યાર્થીઓમાં પ્રિય થઈ ગયા. નિશાળમાં તથા જૈન પાઠશાળાના અભ્યાસમાં પ્રાયઃ પ્રથમ નંબર આવતો, પરંતુ નિશાળના લૌકિક અભ્યાસથી તેમને સંતોષ થયો નહિ અને ઊંડે ઊંડે એમ લાગતું કે હું જેની શોધમાં છું તે આ નથી. તેર વર્ષની ઉંમરે માતુશ્રીના અવસાનથી પિતા સાથે પાલેજ જવાનું થાય છે. ચાર વર્ષ બાદ પિતાનો સ્વર્ગવાસ થતાં સત્તર વર્ષની ઉંમરે ભાગીદાર સાથે વેપારમાં જોડાય છે.

વ્યાપારની પ્રવૃત્તિ વખતે પણ તેઓ જરા પણ અપ્રમાણિકતા ચલાવી લેતા નહિ. સત્યનિષ્ઠા, નીતિમત્તા, નિખાલસતા અને નિર્દોષતાથી તેમનું વ્યાવહારિક જીવન સુગંધિત હતું. સાથે તેમનો આંતરિક વ્યાપાર અને ઝુકાવ તો સતત સત્યની શોધ તરફ જ હતો. દુકાનમાં પણ ધાર્મિક પુસ્તકો વાંચતા. વૈરાગી ચિત્તવાળા કહાનકુંવર રાત્રિના રામલીલા કે નાટક જોવા જતાં ત્યારે તેમાંથી વૈરાગ્યરસનું ઘોલન કરતાં. જેના ફળસ્વરૂપે સત્તર વર્ષની ઉંમરે ઉજ્જ્વળ ભવિષ્યની આગાહી કરતા બાર લીટીના કાવ્યની રચના કરે છે :

'શિવરમણી રમનાર તું તું હી દેવનો દેવ'

ઓગણીસ વર્ષની ઉંમરથી તો રાત્રિના આહાર, પાણી તથા અથાણાંનો ત્યાગ કરે છે.

સત્યની શોધ માટે, દીક્ષા લેવાના ભાવથી ૨૨ વર્ષની યુવા વયે દુકાનનો પરિત્યાગ કરે છે અને ગુરુ પાસે આજીવન-બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કરે છે. પછી ૨૪ વર્ષની વયે (વિ. સં. ૧૯૭૦) જન્મનગરી ઉમરાળામાં ૨૦૦૦ જેટલા સાધર્મીઓના વિશાળ જનસમુદાયની

હાજરીમાં સ્થાનકવાસી સંપ્રદાયની દીક્ષા અંગીકાર કરે છે. દીક્ષા સમયે હાથી પર બેસવા જતાં ધોતિયું ફાટે છે. તીક્ષ્ણ બુદ્ધિના ધારક ગુરુવરને શંકા પડી જાય છે કે કંઈક ખોટું થાય છે.

દીક્ષા લીધાં બાદ સત્યના ખોજક આ મહાત્માએ સ્થાનકવાસી તથા શ્વેતાંબર સંપ્રદાયના સમસ્ત આગમોનો ગહન અભ્યાસ માત્ર ચાર વર્ષમાં જ પૂરો કર્યો. સંપ્રદાયમાં મોટી ચર્ચાઓ ચાલી કર્મ છે તો વિકાર થાય છે ને? જો કે પૂજ્ય ગુરુદેવશ્રીને હજી દિગંબર શાસ્ત્રો તો મળ્યા નહોતાં. છતાં પૂર્વના સંસ્કારના બળે તેઓ દઢતાપૂર્વક સિંહગર્જના કરે છે 'જીવ પોતાથી સ્વતંત્રપણે વિકાર કરે છે; કર્મથી કે પરથી નહિ. જીવ પોતાના ઊંધા પુરુષાર્થથી વિકાર કરે છે અને સવળા પુરુષાર્થથી નાશ કરે છે.'

વિ. સં. ૧૯૭૮માં મહાવીરપ્રભુના શાસન-ઉદ્ધારનો અને હજારો મુમુક્ષુઓના મહાન પુણ્યોદય સૂચક એક મંગળકારી પવિત્ર પ્રસંગ બને છે

૩૨ વર્ષની ઉંમરે, વિધિની કોઈ ધન્યપળે શ્રીમદ્ ભગવત કુંદકુંદાચાર્યદેવ વિરચિત સમયસાર નામનું મહાન પરમાગમ દામનગરમાં દામોદર શેઠ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના હસ્તકમળમાં આવે છે અને આ પવિત્ર પુરુષના અંતરમાંથી સહજ જ ઉદગાર નીકળે છે 'શેઠ! આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે.' એનું અધ્યયન અને ચિંતન કરતાં અંતરમાં આનંદ અને ઉલ્લાસ ઉભરાય છે. આ મહાપુરુષના અંતરંગ જીવનમાં પણ પરમ પવિત્ર પરિવર્તન થયું. ભુલી પડેલી પરિણતિ નિજ ઘર દેખે છે. ત્યારબાદ વિ.સં. ૧૯૮૨ના ચાતુર્માસ પહેલા રાજકોટમાં શ્રી દામોદરભાઈ લાખાણીએ 'મોક્ષમાર્ગ પ્રકાશક' ગ્રંથ પૂ. ગુરુદેવશ્રીને આપ્યો જે વાંચતા, પોતાના હૃદયની અનેક વાતોનું સમર્થન આ ગ્રંથમાંથી મળી આવતાં તેઓ તેના વાંચનમાં એવા ઓતપ્રોત થઈ જતાં કે તે વખતે તેમને ખાવું-પીવું કે સૂવું ગમતું નહીં. ત્યારબાદ શ્રી પ્રવચનસાર, અષ્ટપાહુડ, દ્રવ્યસંગ્રહ, સમ્યગ્જ્ઞાન દીપિકા વગેરે દિગંબર શાસ્ત્રોના અભ્યાસથી ૧૩ વર્ષ સુધી ખૂબ જ જ્ઞાનની પ્રગાઢતા બાદ તેઓશ્રીને નિઃશંક નિર્ણય થઈ જાય છે કે દિગંબર જૈનધર્મ જ મૂળ માર્ગ છે અને તે જ સાચો ધર્મ છે. તેથી અંતરંગ શ્રદ્ધા કંઈક અને બહારમાં વેષ કંઈક એવી સ્થિતિ તેમને અસહ્ય થઈ પડે છે. તેથી અંતરમાં ખૂબ જ મનોમંથન બાદ સંપ્રદાય છોડવાનો નિર્ણય કરે છે.

પરિવર્તન માટે યોગ્ય સ્થળની તપાસ કરતાં કરતાં સોનગઢ આવી 'સ્ટાર ઑફ ઈન્ડિયા' નામના એકાંત મકાનમાં મહાવીર જન્મકલ્યાણકના દિવસે (વિ. સં. ૧૯૯૧, ચૈત્ર સુદ ૧૩) બપોરે સવા વાગે સંપ્રદાયના ચિહ્ન મુહપત્તીનો ત્યાગ કરે છે અને જાહેર કરે છે : 'હવે હું સ્થાનકવાસી સાધુ નથી, હું સનાતન દિગંબર જૈન ધર્મનો શ્રાવક છું.' સિંહ સમાન વૃત્તિના ધારક આ મહાપુરુષે, ૪૫ વર્ષની ઉંમરે અંતરમાં મહાવીર્ય ઉછાળીને આ અદ્ભુત પરાક્રમી કાર્ય કર્યું.

'સ્ટાર ઑફ ઈન્ડિયા'માં ત્રણ વર્ષ દરમ્યાન જિજ્ઞાસુ ભક્તજનોનો પ્રવાહ દિન-

પ્રતિદિન વધતો જ ગયો, જેના કારણે આ મકાન ખુબ જ નાનું પડવા લાગ્યું. તેથી ભક્તોએ આ પરમપ્રતાપી સત્પુરુષ માટે નિવાસ અને પ્રવચનનું મકાન 'શ્રી જૈન સ્વાધ્યાય મંદિર'નું નિર્માણ કરાવ્યું. ગુરુદેવશ્રીએ વિ. સં. ૧૯૯૪ના વૈશાખ વદ ૮ના રોજ આ નિવાસસ્થાનમાં મંગળ પદાર્પણ કર્યું. આ 'સ્વાધ્યાય મંદિર' જીવન-પર્યંત આ મહાપુરુષની આત્મ-સાધના અને વીરશાસનની પ્રભાવનાનું કેન્દ્ર બની રહ્યું.

અહીં દિગંબર ધર્મના ચારે અનુયોગના નાના-મોટા ૧૮૩ જેટલા ગ્રંથોનો ઊંડાણથી અભ્યાસ કર્યો. તેમાંથી ૩૮ ગ્રંથો પર સભામાં પ્રવચનો કર્યા, જેમાં સમયસાર ઉપર તો ૧૯ વખત અધ્યાત્મવર્ષા કરી છે. પ્રવચનસાર, અષ્ટપાહુડ, પરમાત્મપ્રકાશ, નિયમસાર, પંચાસ્તિકાયસંગ્રહ, સમયસાર કળશ-ટીકા વગેરે ગ્રંથો પર પણ અનેકવાર પ્રવચનો કર્યા છે.

દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર તેમજ કુંદકુંદાદિ આચાર્યોના ગહન શાસ્ત્રોનું રહસ્યોદ્‌ઘાટન કરનાર આ મહાપુરુષની ભવતાપવિનાશક અમૃતવાણીને ભાઈશ્રી નવનીતભાઈ ઝવેરીની દીર્ઘદષ્ટિને કારણે શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ દ્વારા ઈ.સ.૧૯૫૯ થી ૧૯૮૦ સુધી નિયમિત રીતે ટેપમાં ઉતારી લેવામાં આવી છે. જેના પ્રતાપે આજે આપણી પાસે ૯૦૦૦ થી વધુ પ્રવચનો સુરક્ષિતપણે ઉપલબ્ધ છે. આ મંગલ વાણી દેશ-વિદેશના તમામ મુમુક્ષુમંડળોમાં તેમજ લાખો જિજ્ઞાસુ મુમુક્ષુઓના ઘેર-ઘેર ગુંજતી થઈ ગઈ છે. તેથી એટલું તો નક્કી છે કે ભરતક્ષેત્રના ભવ્યજીવોને પંચમ કાળના અંત સુધી આ દિવ્યવાણી જ ભવના અભાવમાં પ્રબળ નિમિત્ત થશે.

આ મહાપુરુષનો ધર્મસંદેશ દેશ-વિદેશના સમસ્ત મુમુક્ષુઓને નિયમિત મળતો રહે તે હેતુથી સૌ પ્રથમ વિ. સં. ૨૦૦૦ના માગશર (ડિસેમ્બર ૧૯૪૩) માસથી 'આત્મધર્મ' નામની માસિક અધ્યાત્મિક-પત્રિકાનું પ્રકાશન સોનગઢથી મુરબ્બી શ્રી રામજીભાઈ માણેકચંદ દોશીના સંપાદન હેઠળ શરૂ થયું. આજે પણ 'આત્મધર્મ' ગુજરાતી તેમજ હિન્દી ભાષામાં નિયમિત રીતે પ્રકાશિત થઈ રહ્યું છે. પૂજ્ય ગુરુદેવશ્રીના દૈનિક પ્રવચનોને પ્રસિદ્ધ કરતું 'શ્રી સદ્‌ગુરુ પ્રવચન પ્રસાદ' સપ્ટેમ્બર ૧૯૫૦ થી નવેમ્બર ૧૯૫૬ સુધી પ્રકાશિત થયું. સ્વાનુભૂતિવિભૂષિત આ ચૈતન્યવિહારી મહાપુરુષની મંગળવાણી વાંચીને તેમજ સાંભળીને હજારો સ્થાનકવાસી, શ્વેતાંબર તથા અન્ય કોમના ભવ્યજીવો પણ તત્ત્વની સમજણપૂર્વક સાચા દિગંબર જૈનધર્મના અનુયાયી થયા. અરે..! મૂળ દિગંબર જૈનો પણ સાચા અર્થમાં દિગંબર જૈન બન્યા.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા દિગંબર આચાર્યો-મુનિવરોના તેમજ આત્માનુભવી પંડિતવર્યોના ગ્રંથો અને પૂજ્ય ગુરુદેવશ્રીના તે ગ્રંથો પરના પ્રવચનોના પુસ્તક છપાવવાનું કાર્ય વિ. સં. ૧૯૯૯ (ઈ.સ. ૧૯૪૩)થી શરૂ થયું. આ સત્-સાહિત્ય દ્વારા વીતરાગી તત્ત્વજ્ઞાનની દેશ-વિદેશમાં અપૂર્વ પ્રભાવના થઈ, જે આજે પણ અવિરતપણે ચાલી

રહી છે. પરમાગમોનું ઊંડું રહસ્ય સમજાવીને કૃપાળુ કહાન ગુરુદેવે આપણા સહુ ઉપર કરુણા વરસાવી છે. તત્ત્વજિજ્ઞાસુ જીવો માટે આ એક મહાન આધાર છે અને દિગંબર જૈન સાહિત્યની આ એક અમૂલ્ય સંપત્તિ છે.

દસલક્ષણ પર્યુષણ પર્વ દરમ્યાન ભારતભરમાં અનેક સ્થળોએ પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલા તત્ત્વજ્ઞાનના પ્રચાર માટે પ્રવચનકારો મોકલાય છે. આ પ્રવૃત્તિથી ભારતભરના સમસ્ત દિગંબર સમાજમાં જાગૃતિ આવી છે. આજે પણ દેશ-વિદેશમાં પર્યુષણપર્વમાં સેંકડો પ્રવચનકાર વિદ્વાનો આ વીતરાગી વાણીનો ડંકો વગાડે છે.

બાળકોમાં તત્ત્વજ્ઞાનના સંસ્કારોનું સિંચન થાય તે હેતુથી સોનગઢમાં વિ. સં. ૧૯૯૭ (ઈ. સ.) ૧૯૪૧ના મે માસના વેકેશનથી ૨૦ દિવસના ધાર્મિક શિક્ષણ વર્ગ શરૂ થયા. વડીલો માટેનો પ્રૌઢ શિક્ષણ વર્ગ વિ. સં. ૨003 ના શ્રાવણ માસમાં શરૂ કરવામાં આવેલ છે.

સોનગઢમાં વિ.સં. ૧૯૯૭ના ફાગણ સુદ બીજના રોજ નૂતન દિગંબર જિનમંદિરમાં કહાનગુરુના મંગળ હસ્તે શ્રી સીમંધરાદિ ભગવંતોની પંચકલ્યાણક વિધિપૂર્વક પ્રતિષ્ઠા થઈ. તે સમયે સૌરાષ્ટ્રમાં માંડ ચાર-પાંચ દિગંબર જિનમંદિરો હતા અને દિગંબર જૈનો તો ભાગ્યેજ જોવા મળતા હતાં. આવા ક્ષેત્રે ગુરુદેવશ્રીની પાવન પ્રેરણાથી પ્રથમ જિનમંદિર બને છે અને બપોરે પ્રવચન બાદ જિનમંદિરમાં અડધો કલાક ભક્તિ થાય છે, જેમાં જિનવરભક્ત ગુરુરાજ હંમેશા હાજર રહે છે. ઘણીવાર તેઓશ્રી અતિભાવવાહી ભક્તિપાન કરાવતાં. આમ, ગુરુદેવશ્રીનું જીવન નિશ્ચય-વ્યવહારની અપૂર્વ સંધિપૂર્વકનું હતું.

ઈ. સ. ૧૯૪૧ થી ઈ. સ. ૧૯૮૦ દરમ્યાન સૌરાષ્ટ્ર-ગુજરાત ઉપરાંત ભારત દેશના અનેક શહેરોમાં તથા નાઈરોબીમાં કુલ ૬૬ દિગંબર જિનમંદિરોની મંગળ પ્રતિષ્ઠા, આ વીતરાગમાર્ગ પ્રવર્તક સત્પુરુષના પવિત્ર કરકમળ દ્વારા થઈ.

જન્મમરણથી રહિત થવાના સંદેશા નિરંતર સંભળાવનાર આ ચૈતન્યવિહારી પુરુષની મંગળકારી જન્મોત્સવો ઉજવવાની શરૂઆત ૫૯મા વર્ષથી થઈ. ૭૫ મા હિરકજયંતિ પ્રસંગે સમગ્ર ભારતના જૈન સમાજ દ્વારા ચાંદી જડિત એક આઠસો પાનાનો દળદાર 'અભિનંદન ગ્રંથ' આ ભાવિ તીર્થાધિનાથને ભારત સરકારના તત્કાલીન ગૃહમંત્રી શ્રી લાલબહાદુર શાસ્ત્રી દ્વારા મુંબઈમાં દેશભરના હજારો ભક્તોની હાજરીમાં અર્પણ થયો.

શ્રી સમ્મેદશીખરજીની યાત્રા નિમિત્તે ઈ. સ. ૧૯૫૭ તથા ઈ. સ. ૧૯૬૭માં એમ બે વખત સમગ્ર ઉત્તર અને પૂર્વ ભારતમાં મંગળ વિહાર થયો. તે જ રીતે ઈ. સ. ૧૯૫૯ અને ઈ. સ. ૧૯૬૪માં એમ બે વખત દક્ષિણ અને મધ્ય ભારતમાં મંગળ વિહાર થયો. આ મંગળ તીર્થયાત્રાના વિહાર દરમ્યાન લાખો જિજ્ઞાસુ જીવોએ આ સિદ્ધપદના સાધક સંતના દર્શન કર્યા અને તેઓશ્રીની ભવાંતકારી અમૃતમય વાણી સાંભળીને અનેક ભવ્ય જીવોના જીવનની દિશા આત્મ-સન્મુખ થઈ ગઈ. આ સત્પુરુષને અનેક સ્થાનોએથી લગભગ ૮૦ જેટલા

અભિનંદન પત્ર અર્પણ થયા.

શ્રી વીરપ્રભુના નિર્વાણ બાદ, આ સળંગ ૪૫ વર્ષનો સમય (વીર સંવત ૨૪૬૧થી ૨૫૦૭ અર્થાત્ ઈ. સ. ૧૯૩૫ થી ૧૯૮૦) વીતરાગમાર્ગની પ્રભાવનાનો સુવર્ણકાળ હતો. જે કોઈ મુમુક્ષુ અધ્યાત્મ તીર્થધામ સુવર્ણપુરી જતા, તેમને તો ત્યાં ચતુર્થ કાળનો જ અનુભવ થતો.

વિ. સં. ૨૦૩૭ના કારતક વદ ૭, (તા. ૨૮-૧૧-૧૯૮૦) શુક્રવારના રોજ, આ પ્રબળ પુરુષાર્થી આત્મજ્ઞ સંતપુરુષદેહાદિનું લક્ષ છોડી પોતાના જ્ઞાયક ભગવાનના અંતરધ્યાનમાં એકાગ્ર થયા, અતીન્દ્રિય આનંદકંદ નિજ પરમાત્મતત્ત્વમાં લીન થયા. સાંજે આકાશનો સૂર્ય અસ્ત થયો, ત્યારે સર્વજ્ઞપદના સાધક સંતે ભરતક્ષેત્રમાંથી સ્વર્ગપુરીમાં પ્રયાણ કર્યું. તેઓશ્રી વીરશાસનને પ્રાણવંતુ કરી અધ્યાત્મયુગનું સર્જન કરતાં ગયાં.

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી આ યુગના એક મહાન અને અસાધારણ વ્યક્તિ હતાં. તેમના બહુમુખી વ્યક્તિત્વની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમણે સત્યથી ખુબ જ દૂર જન્મ લઈને સ્વયંબુદ્ધની જેમ સત્યનું અનુસંધાન કર્યું અને પોતાના પ્રચંડ પુરુષાર્થથી આત્મસાત પણ કર્યું.

આ વિદેહ દશાવંત મહાપુરુષનું અંતર જેટલું ઉજ્જ્વળ હતું તેટલું બાહ્યજીવન પણ પવિત્ર છે; પવિત્રતા અને પુણ્યનો સહજ યોગ આ કળિકાળમાં ભાગ્યે જ જોવા મળે છે. તેમની અત્યંત નિયમિત દિનચર્યા, સાત્વિક અને પરિમિત આહાર, આગમ સંમત સંભાષણ, કરુણ અને સુકોમળ હૃદય, તેમના વિરલ વ્યક્તિત્વના અભિન્ન અવયવો હતા. શુદ્ધાત્મ તત્ત્વનું નિરંતર ચિંતન અને સ્વાધ્યાય એ જ તેમનું જીવન હતું. જૈન શ્રાવકના પવિત્ર આચાર પ્રત્યે તેઓશ્રી હંમેશા સતર્ક અને સાવધાન હતા. તેઓ જગતની પ્રશંસા કે નિંદાથી અપ્રભાવિત, માત્ર પોતાની સાધનામાં જ તત્પર રહ્યા. ભાવલિંગી મુનિઓના તેઓ પરમ ઉપાસક હતા.

આચાર્ય ભગવંતોએ જે મુક્તિનો માર્ગ પ્રકાશ્યો છે તેને આ અનુભૂતિ વિભૂષિત સંતપુરુષે પોતાના શુદ્ધાત્મતત્ત્વની અનુભૂતિના આધારે, સાતિશય જ્ઞાન અને વાણી દ્વારા, યુક્તિ ને ન્યાયથી સર્વ પ્રકારે સમજાવ્યો છે. દ્રવ્યની સ્વતંત્રતા, દ્રવ્ય-ગુણ-પર્યા, ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, ક્રમબદ્ધપર્યાય, કારણશુદ્ધપર્યાય, આત્માનું શુદ્ધ સ્વરૂપ, સમ્યગ્દર્શન અને તેનો વિષય, સમ્યગ્જ્ઞાન અને જ્ઞાનનું સ્વ-પરપ્રકાશકપણું ઈત્યાદિ સમસ્ત તેઓશ્રીના પરમ પ્રતાપે આ કાળે સત્યરૂપે બહાર આવ્યું છે. આજે દેશ-વિદેશમાં લાખો જીવો મોક્ષના માર્ગને સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છે, તે તેઓશ્રીનો જ પરમ પ્રતાપ છે.

સમગ્ર જીવન દરમ્યાન આ ગુણવંતા જ્ઞાનીપુરુષે બહુ જ અલ્પ લખ્યું છે, કેમકે તેઓશ્રીને તો તીર્થંકરની વાણી જેવો યોગ હતો. તેમની અમૃતમય મંગળવાણીનો પ્રભાવ જ એવો હતો કે સાંભળનાર તેનું રસપાન કરતાં થાકતા જ નહિ. દિવ્યભાવશ્રુત જ્ઞાનધારી આ

પુરાણપુરુષે પોતે જ પરમાગમના આ સારભૂત સિદ્ધાંતો લખાવ્યા છે :

૧. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડે નહિ, સ્પર્શે નહિ.

૨. દરેક દ્રવ્યની દરેક પર્યાય ક્રમબદ્ધ જ થાય છે.

૩. ઉત્પાદ, ઉત્પાદથી છે, વ્યયથી કે ધ્રુવથી નથી.

૪. ઉત્પાદ પોતાના ષટ્કારકના પરિણમનથી થાય છે.

૫. પર્યાયના અને ધ્રુવના પ્રદેશ ભિન્ન છે.

૬. ભાવશક્તિના કારણે પર્યાય હોય જ છે, કરવી પડતી નથી.

૭. ભૂતાર્થના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે.

૮. ચારે અનુયોગનું તાત્પર્ય વીતરાગતા છે.

૯. સ્વદ્રવ્યમાં પણ દ્રવ્ય-ગુણ-પર્યાય ભેદ પાડવા તે અન્યવશપણું છે.

૧૦. ધ્રુવનું આલંબન, પણ વેદન નહિ, અને પર્યાયનું વેદન, પણ આલંબન નહિ.

આ અધ્યાત્મયુગ સર્જક મહાપુરુષે પ્રકાશેલ સ્વાનુભૂતિનો પાવન પંથ જગતમાં સદા જયવંત વર્તો ! તીર્થંકર શ્રી મહાવીર ભગવાનની દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર શાસન સ્તંભ શ્રી કહાન ગુરુદેવ ત્રિકાળ જયવંત વર્તો ! સત્પુરુષનો પ્રભાવના ઉદય જયવંત વર્તો !

# અનુક્રમણિકા



| પ્રવચન નં. | તારીખ | ગાથા | પૃષ્ઠ સંખ્યા |
|---|---|---|---|
| ૧૨૯ | ૦૨-૧૧-૧૯૭૦ | ૯૩-૯૪ | ૦૦૨ |
| ૧૩૦A | ૨૦-૦૨-૧૯૭૪ | ૯૫-૯૬ | ૦૧૪ |
| ૧૩૦B | ૨૧-૦૨-૧૯૭૪ | ૯૬-૯૭ | ૦૨૬ |
| ૧૩૦C | ૨૨-૦૨-૧૯૭૪ | ૯૭ | ૦૩૭ |
| ૧૩૧ | ૦૪-૧૧-૧૯૭૦ | ૯૮ થી ૧૦૧ | ૦૫૦ |
| ૧૫૭ | ૨૬-૦૫-૧૯૭૪ | ૧૦૨ થી ૧૦૫ | ૦૬૬ |
| ૧૩૩ | ૦૭-૧૧-૧૯૭૦ | ૧૦૬ થી ૧૦૭ | ૦૮૧ |
| ૧૩૪ | ૦૮-૧૧-૧૯૭૦ | ૧૦૮-૧૦૯ | ૦૯૫ |
| ૧૩૫ | ૦૯-૧૧-૧૯૭૦ | ૧૧૦ થી ૧૧૨ | ૧૦૮ |
| ૧૩૬ | ૧૦-૧૧-૧૯૭૦ | ૧૧૨ થી ૧૧૪ | ૧૨૨ |
| ૧૩૭ | ૧૧-૧૧-૧૯૭૦ | ૧૧૪ | ૧૩૮ |
| ૧૩૮ | ૧૨-૧૧-૧૯૭૦ | ૧૧૪ | ૧૪૯ |
| ૧૩૯ | ૧૪-૧૧-૧૯૭૦ | ૧૧૪ થી ૧૧૭ | ૧૬૧ |
| ૧૪૦ | ૧૫-૧૧-૧૯૭૦ | ૧૧૭-૧૧૮ | ૧૭૬ |
| ૧૪૧ | ૧૬-૧૧-૧૯૭૦ | ૧૧૮-૧૧૯ | ૧૯૦ |
| ૧૪૨ | ૧૭-૧૧-૧૯૭૦ | ૧૧૯-૧૨૦ | ૨૦૪ |
| ૧૪૩ | ૧૮-૧૧-૧૯૭૦ | ૧૨૦ થી ૧૨૨ | ૨૨૦ |
| ૧૪૪ | ૧૯-૧૧-૧૯૭૦ | ૧૨૨ થી ૧૨૪ | ૨૩૪ |
| ૧૪૫ | ૧૨-૧૨-૧૯૭૦ | ૧૨૪ - ૧૨૫ | ૨૪૮ |
| ૧૪૬ | ૧૩-૧૨-૧૯૭૦ | ૧૨૫-૧૨૬ | ૨૬૦ |
| ૧૪૭ | ૧૪-૧૨-૧૯૭૦ | ૧૨૭ થી ૧૩૦ | ૨૭૪ |
| ૧૪૮ | ૧૫-૧૨-૧૯૭૦ | ૧૩૧ થી ૧૩૩ | ૨૮૯ |
| ૧૪૯ | ૧૬-૧૨-૧૯૭૦ | ૧૩૩ થી ૧૩૭ | ૩૦૩ |
| ૧૫૦ | ૧૭-૧૨-૧૯૭૦ | ૧૩૭ થી ૧૪૧ | ૩૧૯ |
| ૧૫૧ | ૧૮-૧૨-૧૯૭૦ | ૧૪૨ થી ૧૪૭ | ૩૩૫ |

| પ્રવચન નં. | તારીખ | ગાથા | પૃષ્ઠ સંખ્યા |
|---|---|---|---|
| ૧૫૨ | ૧૯-૧૨-૧૯૭૦ | ૧૪૭ - ૧૪૮ | ૩૫૦ |
| ૧૫૩ | ૨૦-૧૨-૧૯૭૦ | ૧૪૮ | ૩૬૪ |
| ૧૫૪ | ૨૧-૧૨-૧૯૭૦ | ૧૪૮ - ૧૪૯ | ૩૭૭ |
| ૧૫૫ | ૨૩-૧૨-૧૯૭૦ | ૧૪૯ થી ૧૫૧ | ૩૯૧ |
| ૧૫૬ | ૨૪-૧૨-૧૯૭૦ | ૧૫૧ થી ૧૫૩ | ૪૦૩ |
| ૧૫૭ | ૨૫-૧૨-૧૯૭૦ | ૧૫૩ થી ૧૫૫ | ૪૧૯ |
| ૧૫૮ | ૨૬-૧૨-૧૯૭૦ | ૧૫૫ થી ૧૫૭ | ૪૩૩ |
| ૧૫૯ | ૨૭-૧૨-૧૯૭૦ | ૧૫૮ થી ૧૬૦ | ૪૪૮ |
| ૧૬૦ | ૨૮-૧૨-૧૯૭૦ | ૧૬૦ થી ૧૬૨ | ૪૬૧ |
| ૧૬૧ | ૨૯-૧૨-૧૯૭૦ | ૧૬૨ - ૧૬૩ | ૪૭૭ |
| ૧૬૨ | ૩૧-૧૨-૧૯૭૦ | ૧૬૩ થી ૧૬૫ | ૪૯૩ |
| ૧૬૩ | ૦૧-૦૧-૧૯૭૧ | ૧૬૫ | ૫૧૦ |

ॐ

શ્રી પરમાત્મને નમઃ

શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યદેવ પ્રણીત શ્રી અષ્ટપાહુડ

# અષ્ટપાહુડ પ્રવચન

**(અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના શ્રી 'અષ્ટપાહુડ' ઉપર પ્રવચન)**

**(ભાગ–૫)**

## ભાવપાહુડ

## ગાથા-૯૩

ऐसा करनेसे क्या होता है? सो कहते हैं :–

[१]पीऊण णाणसलिलं णिम्महतिसडाहसोसउम्मुक्का।
होंति सिवालयवासी तिहुवणचुडामणी सिद्धा।।९३।।

[२]पीत्वाज्ञानसलिलं निर्मथ्यतृषादाहशोषोन्मुक्ता।
भवंति शिवालयवासिनः त्रिभुवनचूडामणयःसिद्धाः।।९३।।

જીવ જ્ઞાનજલ પી, તીવ્રતૃષ્ણાદાહશોષ થકી છૂટી,
શિવધામવાસી સિદ્ધ થાય–ત્રિલોકના ચૂડામણિ. ૯૩.

अर्थ :– पूर्वोक्त प्रकार भाव शुद्ध करने पर ज्ञानरूप जलको पीकर सिद्ध होते हैं। कैसे हैं सिद्ध? निर्मथ्य अर्थात् मथा न जावे ऐसे तृषादाह शोषसे रहित हैं, इस प्रकार सिद्ध होते हैं;

१. पाठान्तर :– पाऊण।

२. पाठान्तर :– प्राप्य।

**ज्ञानरूप जल पीनेका यह फल है। सिद्धशिवालय अर्थात् मुक्तिरूप महलमें रहनेवाले हैं, लोकके शिखरपर जिनका वास है। इसीलिये कैसे हैं? तीन भुवनके चूड़ामणि हैं, मुकुटमणि हैं तथा तीन भुवनमें ऐसा सुख नहीं है, ऐसे परमानंद अविनाशी सुखको वे भोगते हैं। इसप्रकार वे तीन भुवनके मुकुटमणि हैं।**

**भावार्थ :– शुद्ध भाव करके ज्ञानरूप जल पीने पर तृषादाह शोष मिट जाता है। इसलिये ऐसे कहा कि परमानंदरुप सिद्ध होते हैं।।९३।।**

## પ્રવચન નં. ૧૨૯, ગાથા-૯૩-૯૪, સોમવાર, કારતક સુદ ૩, તા.૨-૧૧-૭૦

૯૩. ભાવપાહુડની ૯૩ (ગાથા). કહે છે કે આત્મા એ ચીજ વસ્તુ શું? એમાં જ્ઞાન અને આનંદરૂપી જળ ભર્યું છે. એને ભાવશ્રુતજ્ઞાન દ્વારા અનુભવ કર. જે ભાવશ્રુત .. છે એના વગર બીજી કોઈ ચીજ નથી. એને ભાવશ્રુતજ્ઞાન દ્વારા એટલે આત્માના અનુભવ દ્વારા (અનુભવ કર). રાગ ને પુણ્ય પાપના ઝેરને કર્યું, એ તો અનંતકાળથી કરી રહ્યો છે. હવે જ્ઞાનજળના અમૃતને પી, એમ કહે છે. આહાહા..! જુઓ ૯૩.

**[१]पीऊण णाणसलिलं णिम्महतिसडाहसोसउम्मुक्का।**

**होंति सिवालयवासी तिहुवणचुडामणी सिद्धा।।९३।।**

**અર્થ :–** ‘**પૂર્વોક્ત પ્રકાર ભાવ શુદ્ધ કરને પર...**’ એટલે? શુભ-અશુભ રાગથી રહિત આત્મતત્ત્વ જે શુદ્ધ આનંદનું ધામ છે એનો અનુભવ કર. ‘**શુદ્ધ કરને પર...**’ એની શુદ્ધ શ્રદ્ધા-જ્ઞાન પ્રગટ કર, જે અનંતકાળથી પ્રગટ કર્યું નથી. ‘**ભાવશુદ્ધ કરને પર...**’ પુણ્ય-પાપના તો ભાવ અશુદ્ધ છે. એનો ઝેરનો અનુભવ તો અનાદિથી અજ્ઞાનીને છે. હવે કહે છે કે એ પુણ્ય-પાપના ભાવનો અશુદ્ધપણાનો મલિન અનુભવ, એને છોડી શુદ્ધભાવ જે આત્મા પવિત્ર છે, એનું જ્ઞાન કરી, શ્રદ્ધા કરીને ભાવની શુદ્ધતા પ્રગટ કર. અને ‘**જ્ઞાનરૂપ જલકો પીકર...**’ ભગવાન ચૈતન્યસાગર છે, અતીન્દ્રિય આનંદનું ધામ આત્મા, એની સન્મુખ જોઈને, એની દૃષ્ટિ કરીને, નિર્મળ વીતરાગી જ્ઞાન પ્રગટ થાય એ ધર્મ છે. એવા નિર્વિકલ્પ રસને પી, એમ કહે છે. સમજાણું કાંઈ?

‘**શુદ્ધ કરને પર જ્ઞાનરૂપ જલકો પીકર...**’ રાગ અને પુણ્યના ભાવને તો તેં અનંતકાળ પીધા. શરીર, વાણી, મન, પૈસા એનું તો તેં કાંઈ પીધું નથી. એ તો પર વસ્તુ છે. એનો-જડનો અનુભવ એને હોય નહિ. એના સ્વભાવથી વિરૂદ્ધ ભાવ, શુભ અને અશુભભાવ જે અશુદ્ધભાવ એને એણે વેદ્યા છે, અનુભવ્યા છે એ ઝેરના પ્યાલા પીધા છે. ‘બલુભાઈ’! આ પૈસાવાળાને કહે છે શુભ-અશુભ પરિણામ કરે એ ઝેરના પ્યાલા પીવે છે, એમ કહે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- માને એ તો ગાંડો બાળક.. એ તો કીધું ને. જેઠ મહિનામાં બાળક હોય અને બહુ દૂધ પીધું હોય. દૂધ બહુ પીવે તો શેરણું થઈ જાય. એની મા બહાર ગઈ હોય, પછી એમાં હાથ નાખીને ચાટે. એથી કાંઈ એ વસ્તુ થઈ જાય? એ શેરણું ચાટે એ કાંઈ શેરો થઈ જાય? સમજાણું કાંઈ? જેઠ મહિનામાં તડકો-ગરમી હોય ને? છોકરાને એની માંએ વધારે દૂધ પાયું હોય તો એને .. દસ્ત વધારે થઈ જાય અને ઠંડો હોય. ... હાથ લઈને ચાટે. શેરો માનીને ચાટે તો શું શેરો થઈ જાય? એમ અનાદિનો એને પુણ્ય અને પાપના ભાવ, આ ભાવશુદ્ધની વ્યાખ્યા છે ને? શુદ્ધભાવ તે આત્માની ચીજ છે. કેમકે પોતે શુદ્ધ આનંદનો, શાંતિનો સાગર છે. એની સન્મુખની શ્રદ્ધા-જ્ઞાનને પ્રગટ કરી શુદ્ધભાવ દ્વારા.. જ્ઞાન એટલે રાગ વિનાના સ્વભાવને અનુભવ, એને પી કે જેથી તારી અનાદિની તૃષા છૂટી જાય. આહાહા..! કહો, સમજાણું કાંઈ?

'**ભાવ શુદ્ધ કરને પર...**' ભાવ વિના કાંઈ હોય? કહ્યું હતું ને? ભાઈએ રાત્રે કહ્યું હતું હળવેક દઈને. શું? એ પૈસાની વાત ચાલતી હતી અને ભાઈ આવ્યા. 'મલૂકચંદભાઈ'. એમ કે ભાવની વાત છે ને એટલે ભાવ હોય છે. એમ આ ભાવ શુદ્ધ છે. આહાહા..!

મુમુક્ષુ :- ... પરની જરૂર નહિ.

ઉત્તર :- એને કોઈ ચીજની જરૂર ન પડે. અને પુણ્ય-પાપના વિકલ્પોનો પણ જ્યાં અભાવ થઈને સ્વભાવની શ્રદ્ધા-જ્ઞાનને અનુભવે એ જ્ઞાનનું પીવું છે. જ્ઞાન એટલે? સમ્યક્ ચૈતન્ય વસ્તુ એની શ્રદ્ધા એ પણ જ્ઞાનનો ભાગ. એટલે રાગનો ભાગ નહિ. એમ. સમજાણું કાંઈ? આત્મા ચૈતન્યવસ્તુ, એની શ્રદ્ધા-સન્મુખની નિર્વિકલ્પ શ્રદ્ધા, એના સન્મુખનું સ્વસંવેદન જ્ઞાન અને એમાં રમણતા એટલે તો જ્ઞાનભાગ છે. જ્ઞાનભાગ એટલે? એમાં રાગનો ભાગ નથી. સમજાણું કાંઈ? આવી વાતું ભારે.

'**જ્ઞાનરૂપી જલકો પીકર...**' જ્ઞાન આનંદનું સરોવર, આનંદનો સાગર તું અંદર છે. એ આત્મા આનંદનો સાગર એ આત્મા. પુણ્ય-પાપના ભાવ એ આત્મા નહિ, એ તો અનાત્મા છે. અને શરીર, વાણી, મન તો ચોખ્ખા અણાત્મા છે. કહે છે, અનંતકાળથી એણે ચૈતન્યના અમૃતરસના પ્યાલા પીધા નથી. એને અભાવે શુભ-અશુભભાવના મલિન પરિણામના ઝેરના પ્યાલા પીધા. એથી દુઃખી વર્તમાન અને એના ફળમાં ચાર ગતિમાં રખડવાનું એને દુઃખ છે. સમજાણું કાંઈ? આવ્યા છે કે નહિ? ક્યાં બેઠા છે? 'જયંતિભાઈ' આવ્યા છે ઈ પાછળ બેઠા છે. સમજાણું આ? લ્યો આ માર્ગ.

પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરદેવ સર્વજ્ઞ ભગવાન ઈન્દ્રો અને ગણધરોની સભાની વચ્ચે આ પરમાત્મા કહેતા હતા. આહાહા..! ભાઈ! તેં આત્માના આનંદ અને જ્ઞાનના જળના અભાવે તારો વિશ્વાસ પુણ્ય અને પાપમાં ગયો અનાદિથી. એના વિશ્વાસે ચડ્યો. પોતાના આનંદ અને જ્ઞાન-ભાનના વિશ્વાસથી પડ્યો. સમજાણું કાંઈ? કહો, 'હસુભાઈ'! આ વેપાર અને ધંધાના ભાવ છે એ ઝેરના પ્યાલા છે એમ કહે છે. એ તો ઠીક પણ શુભભાવ પણ ઝેરનો પ્યાલો છે એમ અહીં તો કહે છે. આહાહા..!

આત્મા એક શુદ્ધ સ્વરૂપ ચિદાનંદ પ્રભુ, એને જ્ઞાનરૂપી જળને પી, ભાઈ! તારી વિષય અભિલાષાની તૃષા તને શરીરનો આતાપ-દાહ અને શરીરના રસ એ મટી જશે. અને તને આત્માની શાંતિ અને સંતોષ અને તેની શીતળતા અને તેમાં શાંતરસનું વધવું પ્રગટ થશે. આહાહા..! સમજાણું કાંઈ? હવે આમાં મોં-માથુ હાથ આવે નહિ, શું કરવું આમાં? પરમાત્મા આ માર્ગ કહે છે. પહેલી શ્રદ્ધામાં તો લે કે આ આત્મા આનંદ અને જ્ઞાનનો દરિયો છે. ત્યાં ડૂબકી માર, એમ કહે છે. પુણ્ય-પાપના વિકલ્પો, વિકારો એમાં તો તું છેદાઈ ગયો, ભેદાઈ ગયો, વેદાઈ ગયો. 'ચંદુભાઈ'! આહાહા..! ભારે. ગાથા બહુ સરસ છે.

'**पीऊण णाणसलिलं**' નીચે '**पाऊण**' શબ્દ છે અને કેટલેક ઠેકાણે '**पीऊण**' પણ છે. '**पीऊण**' પી. ભગવાન અનાકુળ આનંદ... 'પ્રકાશદાસજી'! 'પ્યાલો મને પાયો રે. રે મને... પ્યાલો મને. પહેલો પયાલો પ્યાલે આત્મા અમૃત ...' એ આત્મા અમૃતના કુંડમાં પડ્યો છે જ્યાં અંદર. આહાહા..! શું કહે છે આ? અરે..! અનાદિના ઝેર પુણ્ય અને પાપના ભાવ. ચાહે તો મહાવ્રતના વિકલ્પ હો એ પણ ઝેર છે. આવી વાત સાંભળી શકે નહિ. આહાહા..! મોક્ષ અધિકારમાં 'સમયસાર'માં વર્ણવ્યું છે. પ્રતિક્રમણ આદિ, વંદન વ્યવહારાદિ વિકલ્પ છે એ તો ઝેર છે. ઝેરના ઘડા છે. એમાં ઝેર ટપકશે. આહાહા..! ... સાંભળ્યું ન હોય. સત્યને સાંભળ્યું નથી. સત્ય સત્યને ઘૂંટે શું છે એની એને ખબર નથી. સત્ સત્ સ્વરૂપે ભગવાન સાહેબો, ચિદાનંદનો નાથ અમૃતનો સાગર પોતે છે. સમજાણું કાંઈ? એને એની ખબર નથી એટલે એને તો આ જાણે પુણ્યભાવ થયા એટલે જાણે ઘણું થઈ ગયું, ધર્મ થઈ ગયો. સમજાણું કાંઈ? 'ગીરધરભાઈ'! આહાહા..! એમાં આ કાંઈ બહારની ધૂળ મળે, પાંચ, પચાસ લાખ, કરોડ-બે કરોડ ત્યાં થઈ રહ્યું. સુખી છીએ. ઝેરને પીને સુખી છીએ! આહા..! સમજાણું કાંઈ?

આ છોકરો મરી ગયોને ઈસ્પિતાલમાં? બાર વર્ષનો. સાપ કરડી ગયો એને. નાગણી હતી. ઓલા કહે કે તું હાથ નાખ, ઓલો કહે, તું હાથ નાખ. ... હાથ નાખ્યો ત્યાં નાગણી હતી અંદર. માર્યો ડંખ. બાર હાથ કાઢીને લોહી નીકળ્યું. ટીપું. .. ધનતેરશને દિ'. ... ... પછી હવે હાથ નાખે .. ગરી. પછી તાવ ચડ્યો. ઓલો કહે તું નાખ, ઓલો કહે તું નાખ. એમાં વળી કરડ્યું. અંદર લોહી નીકળ્યું. ટીપું લોહી. .. બિચારો. રસ્તે લઈ જતા વચ્ચે લીલું કાટ શરીર થઈ ગયું. ઝેર ચડ્યું.. મરી ગયો.

એમ કહે છે કે પુણ્ય-પાપના લોહીના ટપકા બહાર નીકળ્યા ઝેરના. એ કાળી નાગણ છે એ. સમજાણું કાંઈ? આહાહા..! વિકારભાવમાં તારી નજરું પડી અને વિકારને તેં ચાટ્યા છે. ઝેર ચડી ગયું છે, ભાઈ! તને ખબર નથી. 'બલુભાઈ'! બરાબર છે કે નહિ આમાં? આ તો સમજાય એવું છે. કાંઈ ન સમજાય એવું નથી. ભલે ન કરી શકે એ જુદી વાત છે. આમ છે. એમ આમ હોય તો ધર્મ થાય અને શાંતિ થાય. એમ તો એના ખ્યાલમાં આવવું જોઈએ ને? ભારે ગાથા!

'**પીऊण णाणसलिलं**' આહાહા..! '**જ્ઞાનરૂપ જલકો પીકર...**' હે પ્રભુ! તારી અનાદિની વિષય અભિલાષા... વિષય અભિલાષાનો અર્થ? આત્માનો વિષય છોડીને પરમાં વિષય કર્યો એ અભિલાષા એમ કહે છે. એકલી આ વિષયભોગની નહિ. અહીં તો પરપદાર્થ તરફના ઝુકાવની ભાવના એ વિષય અભિલાષા. હેં! આહાહા..! ભગવાનઆત્મા અનાકુળ શાંતરસનો દરિયો છલોછલ ભર્યો છે અંદર. એની સામું જોયા વિના પરની સામું, પરદ્રવ્ય સામું જોઈને... ચાહે તો ભગવાન હોય અને ચાહે તો બાયડી હોય. એય..!

મુમુક્ષુ :– ..

ઉત્તર :– પ્રમાણ તે આ અપેક્ષાએ. ... પરના વિષયની અપેક્ષાએ એ સ્વવિષયનો ત્યાં અભાવ થાય છે. એમાં પરવિષય એટલે પરદ્રવ્યમાં લક્ષ જાય છે. અને પરદ્રવ્યમાં લક્ષ ગયે એમાં પુણ્યના જ ભાવ, પાપના જ ભાવ ઉત્પન્ન થાય. આહાહા..! એમાં આત્માની શાંતિ અને ધર્મનો ભાવ પરદ્રવ્યને લક્ષે એને .. થાય નહિ.

કહે છે, અરે..! '**ભાવ શુદ્ધ કરને પર...**' એમ કહે છે. આત્મા પવિત્ર આનંદસ્વરૂપની પ્રતીત, જ્ઞાન અને લીનતારૂપી '**ભાવ શુદ્ધ કરને પર જ્ઞાનરૂપ જલકો પીકર...**' એ શું કહે છે? કે જ્ઞાનરૂપી જળ પીને સિદ્ધપદ થાય છે. વચ્ચે ઓલો રાગ આવે માટે એનાથી સિદ્ધપદ થાય છે એમ છે નહિ. શું કહ્યું? ભગવાનઆત્મા જ્ઞાનાનંદરસથી ભરેલો, પુણ્ય-પાપના વિકલ્પના ઝેરથી ખાલી અને અનાકુળ આનંદના ભાવથી ઠસોઠસ ભરેલો. એવા ભગવાનને... આહાહા..! જ્ઞાનરસરૂપી શુદ્ધતા પ્રગટ કરી. અંતરમાં સન્મુખ થઈને, પરથી વિમુખ થઈને. એ નાસ્તિથી વાત છે. સ્વની સન્મુખ થઈને જ્ઞાનાનંદ શુદ્ધ સ્વભાવના નિર્વિકારી રસને પી. એ અમૃત રસના ઘુંટડા પી, એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? ધર્મ એ અમૃતરસના પીણા છે. અધર્મ એ ઝેરના પીણા છે. આ બધા પૈસાવાળાને સુખી કહેવાય છે ને? કહે છે, એમ કીધું, હોં! છે નહિ, કહેવાય છે. ... એનો બાપ પણ આવવાનું .. ગયો હતો. તે દિ' વાત કરતા હતા એટલે ખબર હોય ને. ...

મુમુક્ષુ :– આ તો સિદ્ધાંત સૂચવે છે ને.

ઉત્તર :– ... ... કહ્યું ને? આહાહા..! આ તો એક વાત છે. આહાહા..!

ભાઈ! આ તને રાગની તીવ્રતાનો ભાવ થાય. વિષય, વાસના, ભોગ સમાગમ એ તો ઝેર છે. એ ઝેરના પીણા તો અનંતવાર પીધા, ભાઈ! અને પુણ્યના ભાવ-દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા અને રાગની મંદતા એ પણ ઝેરના પીણા છે. ગજબ વાત છે, હોં! લોકો બિચારા કહે, હોં! મહારાજ! એકાંત કરે છે. '...ભાઈ'! બેસે નહિ એટલે... એને ખબર નથી, ખબર નથી. અજ્ઞાનીને શું હોય? એમ કહે, અર..ર..! હાય-હાય આ પુણ્ય પરિણામને પણ ઝેર કહે છે. ભગવાન! તારા દ્રવ્યમાં જે વસ્તુ છે એનાથી ઊંધી પરદ્રવ્યને અનુસારે દૃષ્ટિ થાય એનું નામ વ્યવહાર. '..ભાઈ'! આહાહા..!

સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરદેવ એના અમૃતના પ્યાલા તો જગતથી જુદી

જાતના છે. એ જગતમાં એવી વાત ક્યાંય નથી. વીતરાગ પરમાત્મા સિવાય એ વાત ક્યાંય હોઈ શકે નહિ. વાડાવાળાને ખબર નથી તો બીજે તો ક્યાંથી હોય? આહાહા..! 'રાજમલજી'! લ્યો, આ શું કરવું આમાં? ક્યાં ગયા 'જીતુભાઈ'? બેય આવ્યા હતા. શું કરવું? આ કરવું એમ કહે છે. અંદર ભગવાન છે આત્મા દ્રવ્ય સ્વભાવ, ધ્રુવ સ્વભાવ, નિત્યાનંદનો નાથ, એની સામું જોઈને જળને, આનંદને પીવું. જ્ઞાનજળને પીવું. આ એનું નામ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે. આહાહા..! માર્ગ આ છે. એને કોઈ બીજી રીતે હળવો અને હલકો એટલે ઊંધો બનાવે એથી માર્ગ હાથ નહિ આવે. એની શ્રદ્ધામાં તો પહેલું પાકુ કરવું પડશે એણે. સમજાણું કાંઈ?

કહે છે, એક જ સિદ્ધાંત. **'पीऊण णाणसलिलं' 'होंति सिवालयवासी'** એમ બે અર્થ કર્યા છે. 'पीऊण णाणसलिलं' નાસ્તિની વાત પછી કહેશે. **'पीऊण णाणसलिलं' 'होंति सिवालयवासी'** એમ કે જ્ઞાનરૂપી જળને પી અને .. બસ. એમ કહ્યું. સમજાણું કાંઈ? આહાહા..! સિદ્ધ એટલે પરમાત્મા. પણ એ જ્ઞાનરૂપી જળ પીને પરમાત્મા થવાય છે. કોઈ વચમાં રાગની ક્રિયા અને પુણ્યની ક્રિયા દ્વારા પરમાત્મા સિદ્ધપદ થાય છે એમ છે નહિ. સમજાણું કાંઈ? ધર્મની શરૂઆત પણ જ્ઞાનરૂપી જળને પીવાથી થાય છે અને જ્ઞાનરૂપી જળનું પૂર્ણ પીવું થાય ત્યારે એને સિદ્ધપદ થાય છે-મોક્ષપદ થાય છે. સમજાણું કાંઈ? આ તો સમજાય એવી ભાષા છે. આમાં કાંઈ બહુ (કઠણ વાત નથી). 'હેમચંદભાઈ'! ક્યાં ગયા 'જયંતિભાઈ'? આ સમજાય છે કે નહિ આ? એ પૈસામાં ઘૂંચવાઈ જાય છે માળા! કાલે માંડી હતી ને અમારા 'મલુકચંદભાઈ'ની. એ 'મલુકચંદભાઈ' .. ... એ વાત તો આવી આવી. રાગની વાત છે ને. આહાહા..!

અહીં તો શુદ્ધભાવની વાત છે. આહાહા..! કહે છે, **'कैसे हैं सिद्ध?'** હવે કહે છે. સિદ્ધ પરમાત્મા. ણમો સિદ્ધાણં છે ને? એ ણમો સિદ્ધાણંનું પદ કેમ મળે? કે આત્માના આનંદના જ્ઞાનરૂપી જળને પીવાથી મળે, એમ કહે છે. કહો, સમજાણું કાંઈ? ભારે વાતું પણ આકરી. ત્યારે તો ઓલા બિચારા રાડું પાડે છે ને? આ શું? આ વ્રત, તપ ને ક્રિયા આ બધું થોથા છે. બાપુ! એ તો વિકલ્પ છે, ભાઈ! તને ખબર નથી. તારી જાતની ભાતથી એ ઊંધી જાત છે. સમજાણું કાંઈ? તારી જાત ભગવાનની જાત તારી છે. ભગવાનની હરોળમાં બેસનારો તું છો. આહાહા..! સમજાણું કાંઈ? હજી શ્રદ્ધાના ઠેકાણા ન મળે અને જ્ઞાનના ઠેકાણા ન મળે એને વ્રત ને ચારિત્ર આવી ગયા! આહાહા..! ભાઈ! તારા ઉધ્ધારના પંથ બીજા છે. શું? કે તારી જાતની સામું જોઈને જાતને અનુભવ એનું નામ અનુભવ. 'આનંદઘનજી'માં આવે છે ને?

'આશા ઔરન કી ક્યા કીજે? જ્ઞાનસુધારસ પીજે, આશા ઔરન કી ક્યા કીજે?
આશા ઔરન કી ક્યા કીજે? જ્ઞાનસુધારસ પીજે.
ભટકત દ્વાર દ્વાર લોકનકે કૂકર આશા ધારી.
આતમ અનુભવરસ કે રસિયા, ચેતન, ઉતરે ન કબહુ ખુમારી.

આશા ઔરન કી ક્યા કીજે?'

પરપદાર્થની આશાએ ભગવાન તને શું શાંતિ છે? સમજાણું કાંઈ? 'જ્ઞાન સુધારસ પીજે, આશા...' ભગવાન ચૈતન્યજળ છે ને, નાથ! આહાહા..! 'પ્રકાશદાસજી'! આ વાત ક્યાંય છે નહિ. ગડબડ કરાવી દીધી છે બહારમાં. ભગવાન! તું આવો મહાપ્રભુ છે ને, નાથ! તારી મોટપ આગળ કોઈ ચીજની મોટપ તને હોઈ શકે નહિ. સમજાણું? તુચ્છ વાત છે. પુણ્યના પરિણામ પણ ભગવાનની પાસે, સ્વભાવની પાસે તુચ્છ છે. જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ ભગવાનઆત્માની પાસે તુચ્છ છે. આહાહા..! સમજાણું કાંઈ? ભાઈ! તું આવો છો. સમજાણું કાંઈ?

કહે છે એમ કે ... પૂરું કર્યું. ભાઈ! તારો સ્વભાવ છે ને શુદ્ધ ચૈતન્ય, એની સામું જોઈને શુદ્ધભાવ પ્રગટ કરી અને જ્ઞાનજળના સ્વભાવને પી. રાગનું પીણું પ્રભુ હવે છોડ. ઝેરના પ્યાલા પીધા તેં અનંતકાળથી. ક્યાંય સુખનો સડકો આવ્યો નહિ. આહાહા..! કહે છે, એવા જ્ઞાનસ્વરૂપી ભગવાનને અનુભવતા તૃપ્ત થશે. એ અનુભવતા... અનુભવતા... અનુભવતા... અનુભવતા... પૂર્ણ થતા સિદ્ધ થઈ જશે. વચલી કોઈ ક્રિયા સિદ્ધપદ થવાને માટે કારણ–ફારણ છે નહિ. આહાહા..!

'**કૈસે હૈં સિદ્ધ**?' હવે સિદ્ધ કેવા છે? આ સિદ્ધ પદ જે ... '**નિર્મથ્ય અર્થાત્ મથા ન જાવે ઐસે તૃષાદાહ...**' ઓહો..હો...! અનાદિની .. ઝંખના, તૃષા એ આવા ભાન વિના તેનો નાશ નહિ થઈ શકે. આહાહા..! '**મથા ન જાવે ઐસા તૃષા...**' અભિલાષ. પરદ્રવ્ય પ્રત્યેની અભિલાષ. સ્વદ્રવ્ય પ્રત્યેની ભાવના છોડી દઈ અને પરદ્રવ્ય તરફની અભિલાષ, એ તૃષા તૂટી ન જાય નાથ. અનંત પુરુષાર્થ હોય ત્યારે એ તૂટે એમ કહે છે. સમજાણું કાંઈ? એ '**મથા ન જાવે ઐસે તૃષાદાહ...**' વિષયાભિલાષ. સ્વદ્રવ્ય તરફની ભાવના નહિ તેને પરદ્રવ્યની ભાવના એને અહીં તૃષા કહેવામાં આવે છે. આહાહા..!

દાહ. ભાઈ! એ ભાવમાં તૃષા વિષયની વાસના આદિથી શરીરમાં તો આતાપ થાય છે. શરીરમાં દાહ થાય છે. તને એની નથી ખબર. એને એમ લાગે કે આહાહા..! એ શરીરમાં દાહ થાય છે કહે છે. અને શેક થાય છે. એ શરીરના સારા રસકસ ત્યાં સુકાય છે. સમજાણું કાંઈ? અને ભગવાનના.. અહીં તો કહે છે '**નિર્મથ્ય અર્થાત્ મથા ન જાવે ઐસે તૃષાદાહ...**' પર તરફના અભિલાષને છોડવી મહાતૃષા છે. સમજાણું કાંઈ? .. .. લગાડે ને જરા? આંગળી લે આંગળી એ કહે છે આ .. છે. એમ આત્માનું વાજું. એક સમયની પર્યાય રાગમાં દબાવીને બેઠો છે એ દુઃખના વાજા વાગે છે ત્યાં. અને એક સમયની પર્યાયને અંતરમાં એકાગ્ર થાય, આનંદના વાજા વાગે એવો આત્મા છે. સમજાણું કાંઈ? આહાહા..! .. ભાષા શાસ્ત્રે એમ લીધી '**નિર્મથ્ય અર્થાત્ મથા ન જાવે...**' મથ્યું તો જાય છે. પણ કહે છે કે એવી આકરી ચીજ છે. પરતરફના વલણનો અભિલાષ છોડવો અને સ્વતરફની દૃષ્ટિ કરવી એ નિર્મથ્ય મહા મુશ્કેલ છે. એમ આવ્યું. સમજાણું કાંઈ? આહાહા..!

'**તૃષાદાહ શોષસે...**' જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ. .. પરતરફના વલણની અભિલાષા, એમાં શરીરમાં વિષય ભોગ આદિના તો આતાપ છે. અને 'શોષસે...' શરીરના .. રસ ભાગમાં એમાંથી ... જાય. ત્યારે આત્મા તરફના વસ્તુના સ્વભાવ તરફની ભાવનામાં આ તૃષા છે ત્યારે ત્યાં શાંતિ છે. ત્યાં દાહ છે તો અહીં શીતળતા છે. ત્યાં રસ સુકાઈ છે તો અહીં આત્મરસ વધે છે. સમજાણું કાંઈ? .. બહુ ઊંચી વસ્તુ છે. ... તૃષા ને વિષય અભિલાષ દાહ આતાપને .. એનો અર્થ જ એ છે. એમ ભગવાનઆત્મા એના જ્ઞાનસ્વભાવ સન્મુખ થતાં શુદ્ધભાવ ધર્મની દશા પ્રગટ થતાં ત્યાં સંતોષ છે, શીતળતા છે, આત્મરસની વૃદ્ધિ છે. પર તરફના વિષયના વલણમાં તૃષા છે. અભિલાષ પરની છે, આતાપ છે. અને શરીરમાં .. એમાં .. છે. ... ધંધામાં બધાય લ્યોને શરીરમાં સુકાઈ જાય. જ્ઞાની હોય ત્યાં લુખ્ખુ દેખાય એને, હોં! દેખાય લુખ્ખુ હોં. નથી. સવારથી સાંજ સુધી મજુરી ત્યાં પડ્યો હોય રળવા. એય..! 'શશીભાઈ'! આ બધા સવારથી સાંજ સુધી.

કહે છે કે એમાં શરીરનો રસ પોષાય છે. અને આત્માનો રસ પણ પોષાય છે. આહાહા..! સમજાણું કાંઈ? એવા જે '**તૃષાદાહ શોષસે રહિત હૈં,...**' સિદ્ધપદ તો એથી રહિત છે. જ્યાં તૃષા નથી, પરદ્રવ્યમાં વલણ નથી, જ્યાં દાહ આતાપ નથી અને જ્યાં શોષ નથી. રસ પોષાય છે ને એવા આત્માનો રસ .. છે. '**ઇસ પ્રકાર સિદ્ધ હોતે હૈં; જ્ઞાનરૂપ જલ પીનેકા યહ ફલ હૈ.**' લ્યો! સમજાણું કાંઈ? દુકાને બેઠો હોય, પાંચ-પાંચ હજાર, બબ્બે હજારની પેદાશ ... દેખાય. કેટલા પેદા કર્યા અત્યારે? સરખો બેસે તો દસ હજારની લોટરી લાગે. વેપાર થયો હશે. આહાહા..! એટલે ... આટલા .. ગણ્યા હતા તે. .. સમજાણું કાંઈ? આ તો બધું અમે અનુભવ્યું છે અંદર, હોં! ... રૂપિયા નીકળે કાંઈ વેપાર કરતા કરતા ... છે. .. રોકડા હતા ને તેદી નોટું ક્યા હતી? રૂપિયા બે આના અનુકૂળ હોય તો આટલા થાય એમ લીધું ને ..? આહાહા..! 'ભગવાનજીભાઈ'! ... ધંધા સારા ચાલતા હોય ને ત્યાં. ભાઈ તો નાનો હતો તેદિ. આણે મોટા કર્યા છે. આહાહા..! ... પણ સંતોષ. આ તો હવે ...

કહે છે '**ઇસ પ્રકાર સિદ્ધ હોતે હૈં; જ્ઞાનરૂપ જલ પીનેકા યહ ફલ હૈ.**' એનું ફળ છે. આહાહા..! આ નિશ્ચય મોક્ષમાર્ગનું ફળ સિદ્ધ છે એમ સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ? ભગવાનઆત્માના આનંદમાં એકાગ્રતા, નિશ્ચય સમ્યગ્જ્ઞાનમાં લીનતા એ મોક્ષના ફળ આત્માના છે. વ્યવહાર મોક્ષમાર્ગ- વ્યવહાર મોક્ષમાર્ગ કરે તો વ્યવહાર મોક્ષમાર્ગ એ વ્યવહાર મોક્ષ થઈ ગઈ? બે મોક્ષમાર્ગમાં બે ફળ હશે ? નિશ્ચય મોક્ષમાર્ગનું નિશ્ચય મોક્ષ, વ્યવહાર મોક્ષમાર્ગનું વ્યવહાર મોક્ષ. છે બે? 'શશીભાઈ'! બે માર્ગ હોય તો બેના ફળ પણ બે હોય ને? નિશ્ચયવાળો પહોંચે એટલે સ્થિરતાનો અને વ્યવહારવાળો પહોંચે એ વ્યવહાર મોક્ષમાર્ગ. વ્યવહાર મોક્ષમાર્ગ-બોક્ષમાર્ગ છે જ નહિ. સાંભળને. એ અહીં સિદ્ધ કરે છે. 'જેઠાલાલજી'! આવી વાતું છે. બાકી બધે થોથાં.. થોથાં... થોથાં...

'**સિદ્ધશિવાલય...**' કૈસે હૈ સિદ્ધ? '**સિદ્ધશિવાલય અર્થાત્ મુક્તિરૂપ મહલમેં**

**રહનેવાલે હૈં,...**' લ્યો! શિવાલયવાસી. અને સિદ્ધ. એનું ટૂંકું કર્યું છે. કેવા થાય? આનંદરૂપી જળ ભગવાનઆત્માની શ્રદ્ધા-જ્ઞાનને પીને સિદ્ધ પદ થાય એ શિવાલય. શિવ-આલય. મુક્તિરૂપી મહેલ. આલય એટલે મહેલ. ત્યાં 'રહનેવાલે હૈં,...' આ વિકારના વેદનવાળા સંસારમાં વસવાવાળા થાય. સમજાણું કાંઈ? એ શુભ અને અશુભ પરિણામના વેદવાવાળા, એના ફળ તરીકે સંસારમાં વસવું ગતિમાં થાય. જ્ઞાનજળને પિનારા સિદ્ધપદને પામતાં શિવાલયવાસમાં મહેલ શિવરૂપી મહેલ નિરૂપમદ્રવ્ય ભગવાનઆત્માની દશા એ શિવાલય, હોં! જુઓ! શિવાલય એટલે આ શિવાલય નથી કહેતા? શંકરનું દેવાલય એને શિવાલય કહે છે. મંદિર. એ શંકરનું મંદિર આ. શંકરનો અર્થ શિવ થાય છે. શંકરનો અર્થ સુખનું આલય. શંકરનો અર્થ સિદ્ધ થાય છે. સુખનું આલય શિવાલય. શિવાલય તે આત્માનું પદ નિશ્ચય છે. સિદ્ધપદ પામે તે શિવાલયપદ પામે. આહાહા..! અરે..! વાતું થઈ ગઈ મોંઘી. અને લોકોને ચડાવી દીધા અવળે રસ્તે. એને જન્મમરણ આ ટાળવાના માર્ગ છે અત્યારે. આ કાળ માંડ આવ્યો અનંતકાળે કહે. એમાં એ ગુમાવી બેસે.. આહાહા..! એમાં તો દુનિયાની આબરૂ કીર્તિ ધૂળમાંય નથી. અને ત્યાં દયા, દાન, અને વ્રતના પરિણામમાં રોકાયને જિંદગી ચાલી ગઈ. જે કરવાનું છે એ કર્યું નહિ. આહાહા..!

'**સિદ્ધશિવાલય અર્થાત્ મુક્તિરૂપ મહલમેં...**' આલયનો અર્થ મહેલ કર્યો છે. શિવનો અર્થ મુક્તિ કર્યો છે. '**રહનેવાલે હૈં, લોકકે શિખર પર જિનકા વાસ હૈ.**' લ્યો! લોકના શિખર પર જેનો વાસ છે. ... છે. અજ્ઞાનમાં જ્યાં અશુદ્ધ પરિણામ શુભાશુભના વેદનારાને .. પદ નથી પણ ચારગતિમાં રખડવાનું પદ છે. આહાહા..! '**તીન ભુવનકે ચૂડામણિ હૈં,...**' છે ને? '**લોકકે શિખર પર જિનકા વાસ હૈ. ઈસલિયે કૈસે હૈં? તીન ભુવનકે ચૂડામણિ હૈં, મુકુટમણિ હૈં...**' આહાહા..! ભગવાન સિદ્ધ... લોકને અગ્રે બિરાજમાન છે. લોકને અગ્રે પરમાત્મા સિદ્ધ થાય તે ત્યાં બિરાજે છે. કેવા છે? ત્રણ ભુવનના ચુડામણી. એ મુકુટમણિ. આહાહા..! ચૌદ બ્રહ્માંડમાં મુકુટમણિ છે. મુકુટમણિ. મુકુટમણિ એટલે આ મુગટ રાખે ને અહીં માથે? એમાં આ લોક અને એને માથે મુકુટમણિ છે. આહાહા..!

'**તથા તીન ભુવનમેં ઐસા સુખ નહીં હૈ,...**' ત્રણલોકમાં એવું સુખ નથી. '**ઐસે પરમાનંદ અવિનાશી સુખકો...**' ઐસા પરમાનંદ અવિનાશી સુખ સિદ્ધપદ સિવાય નથી. '**ઐસે પરમાનંદ અવિનાશી સુખકો વે ભોગતે હૈં.**' અહીં જ્ઞાનરસના પીણા .. કરતા કરતા અનંત અવિનાશી આનંદને અનુભવે છે. આહાહા..! લ્યો! આ વરસની બોણી આવી આ. '**ઐસે પરમાનંદ અવિનાશી સુખકો વે ભોગતે હૈં.**' એવું પરમાનંદ એમ. અવિનાશી સુખને ભોગવે. '**ઈસપ્રકાર વે તીન ભુવનકે મુકુટમણિ હૈં.**' એવા ત્રણ ભુવનના સિદ્ધ ભગવાન મુગુટમણિ. એને મુગટ તો ખરો પણ મુગુટમણિ. એ આત્મામાં શુદ્ધ ભાવ. ભાવપાહુડ છે ને? એટલે શુદ્ધ શ્રદ્ધા જ્ઞાન અને શાંતિ એવા શુદ્ધ ભાવ દ્વારા આ શિવાલયનો વાસ જીવને થાય. બાકી આ બધા આ હજીરાના વાસ ને એ બધા ઉપદ્રવનો વાસ છે. આ શિવાલય છે.

... કહો, સમજાણું કાંઈ? બહુ નાખ્યું છે, હોં! ટીકામાં. અસ્તિ-નાસ્તિ ભરી છે. 'કુંદકુંદાચાર્ય'ની શૈલી એટલે અલૌકિક .. જેવી શૈલી છે એની.

**ભાવાર્થ :-'શુદ્ધ ભાવ કરકે જ્ઞાનરૂપ જલ પીને પર...'** એમ. **'શુદ્ધ ભાવ કરકે જ્ઞાનરૂપ જલ પીને પર...'** એમ. આહાહા..! શું કરવું? કે શુદ્ધભાવ કરવો. કરવો કેમ? કે વસ્તુ છે એની સામું જોઈને એકાગ્ર થવું એમ. 'બાબુભાઈ'! આ ... આહાહા..! આકરું કામ છે, ભાઈ! કોઈ બીજો રસ્તો હશે? .. તો નથી. '...ભાઈ'! .. તમારો રસ્તો જાય એ આકરો પણ .. નીકળે એવું છે ત્યાંથી. આમાં કોઈ રસ્તો છે? ... ... ગયા હતા ને? .. રખડી જાય. અત્યારે મરી ગયો. પણ કાંઈ બીજે વ્યવસ્થા .. આપણે આ .. કરે છે. આનો કાંઈ બીજો રસ્તો છે?

કહે છે કે 'એક હોય ત્રણકાળમાં પરમાર્થનો પંથ.' આહાહા..! **'શુદ્ધ ભાવ કરકે જ્ઞાનરૂપ જલ પીને પર તૃષાદાહ શોષ મિટ જાતા હૈ,...'** લ્યો! બહુ ટૂંકું કર્યું. 'ઈસલિયે ઐસે કહા હૈ કિ પરમાનંદરૂપ સિદ્ધ હોતે હૈં.' એના ફળ તરીકે પરમાનંદની પ્રાપ્તિ, એ પરમાનંદનો શિષ્ય થાય. અહીં પાંચ-પચ્ચીસ કરોડ મળે, ધૂળ મળે એમાં તો શેઠિયો કહેવાય. એ બધા નીચે જવાના છે બધા નીચે. સમજાણું કાંઈ?

---

**आगे भावशुद्धिके लिए फिर उपदेश करते है :-**

**दस दस दो सुपरीसह सहहि मुणी सयलकाल काएण।**
**सुत्तेण अप्पमत्तो संजमघादं पमोत्तुण।।९४।।**

**दश दश द्वौ सुपरीषहान् सहस्व मुने! सकलकालं कायेन।**
**सूत्रेण अप्रमत्तः संयमघातं प्रमुच्य।।९४।।**

**બાવીશ પરિષહ સર્વકાળ સહો મુને! કાયા વડે,**
**અપ્રમત્ત રહી, સૂત્રાનુસાર, નિવારી સંયમઘાતને. ૯૪.**

**अर्थ :- हे मुने! तू दस दस दो अर्थात् बाईस जो सुपरीषह अर्थात् अतिशयकर सहने योग्यको सूत्रेण अर्थात् जैसे जिनवचनमें कहे हैं उसी रीतिसे निःप्रमादी होकर संयमका घात दूरकर और अपनी कायसे सदाकाल निरंतर सहन कर।**

**भावार्थ :- जैसे संयम न बिगड़े और प्रमादका निवारण हो वैसे निरन्तर मुनि क्षुधा, तृषा आदिक बाईस परीषह सहन करे। इनको सहन करनेका प्रयोजन सूत्रमें ऐसा कहा है कि-इनके सहन करनेसे कर्मकी निर्जरा होती है और संयमके मार्गसे छूटना नहीं होता है, परिणाम दृढ़ होते हैं।।९४।।**

## ગાથા-૯૪ ઉપર પ્રવચન

૯૪. .. વાત છે ને આગળ વધવાની? 'ભાવશુદ્ધિકે લિયે ફિર ઉપદેશ કરતે હૈં :-'

**दस दस दो सुपरीसह सहहि मुणी सयलकाल काएण।**

**सुत्तेण अप्पमत्तो संजमघादं पमोत्तुण।।९४।।**

**અર્થ :-** '**હે મુને!**' .. વાત કરી છે ને? આત્માની શ્રદ્ધાજ્ઞાનના પીણા પીતો આગળ વધીને આનંદની સારી ધારા વહાવતો. '**હે મુને!**' એ સિદ્ધપદ જો તારે પ્રાપ્ત કરવું હોય તો 'સાદી અનંત અનંત સમાધિ સુખમાં.' શિવપદ એટલે જ્યારે સિદ્ધપદ મળ્યું. 'સાદી અનંત અનંત સમાધિ સુખમાં. અનંતદર્શન જ્ઞાન અનંત સહિત જો. સાદી અનંત અનંત સમાધિ સુખમાં. અનંત દર્શન જ્ઞાન અનંત સહિત જો. અપૂર્વ અવસર એવો ક્યારે આવશે? ક્યારે થઈશું બાહ્યાંતર નિર્ગ્રંથ જો. સર્વ સંબંધનું બંધન તીક્ષ્ણ છેદીને, વિચરશું કવ મહત્પુરુષને પંથ જો? વિચરશું કવ મહત્પુરુષને પંથ જો? અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?' ક્યારે? પૈસાવાળા થઈએ ત્યારે .. એમ ભાવ નહિ પછી. હેં! આહાહા..!

'**હે મુને! તૂ દસ દસ દો અર્થાત્ બાઈસ જો સુપરીષહ...**' પરિષહને બાવીસ ભાગ છે ને? 'સુપરીષહ અર્થાત્ અતિશયકર સહને યોગ્યકો...' એમ. પાઠ છે ને? '**दो सुपरीसह**' એમ લીધું છે. '**दस दस दो सुपरीसह**' એમ ભાષા છે. બાવીસ પ્રકારના પરિષહ છે. કહે છે કે આનંદના ધ્યાનમાં રહેતો બહારમાં પરિષહને જ્ઞાતા-દૃષ્ટા તરીકે જો. સમજાણું કાંઈ? આહાહા..! જ્ઞાનને .. કહે છે ને? એટલે પ્રતિકૂળતા હોય બહારની તે જાણવા જેવી છે. જાણીને શાંતિમાં ઠરવા જેવું છે. એનાથી જીતાઈ જાય એવું છે. એને જીતી લે. આહાહા..! પ્રતિકૂળતાની ગંધ આવે છે, ભાઈ! આત્માનું ધામ અને બહારની પ્રતિકૂળતાની ગંધ આવી જાય એમ થઈ જાય હાય-હાય હવે? ઠર-ઠર અંદરમાં. તારે સહન કરવું એટલે જાણવું-દેખવું એ તારો સ્વભાવ છે. પ્રતિકૂળતા-બતિકૂળતા આત્માની બિલકુલ ચીજ છે જ નહિ. સમજાણું કાંઈ? આહાહા..! એ સુપરિષહ, અતિશય પરિષહને એ વસ્તુનો અર્થ કર્યો છે. '**અતિશયકર સહને યોગ્યકો સૂત્રેણ અર્થાત્ જૈસે જિનવચનમેં કહે હૈં ઉસી રીતિતે...**' એમ વાત છે. આમ તો ઘણા કહે છે બહારનું સહન કર. એમ નહિ. દેશને માટે ... છે. ઉંકારો ન કરે. સમજાણું કાંઈ? એમ નહિ.

'**જિનવચનમેં** કહે હૈ **ઉસી રીતિસે...**' વીતરાગભાવે આત્માએ વીતરાગ વચનોમાં જિનવચન વીતરાગભાવમાં પોષક છે. એ વીતરાગભાવ એ આત્મા, એની સન્મુખની વીતરાગભાવે કરીને સહન કર એમ કહે છે. સમજાણું કાંઈ? આમ .. ઘણા સહન કરે છે. દેશનું આમ થાશે, .. મટી જાશે માટે મારે સહન કરવાનું ... પ્રતિકૂળતા થઈ જશે એમ કરીને પણ સહન કરે છે ને? હેં! એમ નહિ. એમ નહિ. ભગવાન આનંદમૂર્તિ પ્રભુ, આનંદની

લહેરમાં રહેતો અનુકૂળ-પ્રતિકૂળ સામું ન જોતો. જ્ઞાતા-દષ્ટામાં આનંદમાં રહે એનું નામ સહન કરવું કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

અહીં તો એમ કહે છે કે પ્રતિકૂળતા આવે ત્યારે તને દુઃખ થાય તો તે સહન કર્યું જ નથી. સમજાણું કાંઈ? એ પ્રતિકૂળતા વખતે આત્મામાં આનંદની લહેરને ઊભી કર. તને સિદ્ધ થાય. દુઃખને જીતી લે. આહાહા..! આવે છે ને શાસ્ત્રમાં? નહિ? .. નિર્જરા છે. બહારથી નહિ છૂટવા માટે અને નિર્જરા માટે .. પરિષહ સહન કરે. આવે છે. અલૌકિક વાતું છે. દિગંબર મુનિની વાણી.. આહાહા..! કોને માટે છે? એના મુનિપણા અલૌકિક, એની વાણી અલૌકિક. અરે..! કેટલાક એમ કહે છે કે આ મુનિ .. ભગવાન. મુનિ પરમેશ્વર. એને ન માને તે .. નવકાર ગણે .. બહુમાન આપે છે. આહાહા..! નમો લોએ સવ્વસાહુણં. ... પહેલું સ્થાપે. સમજાણું કાંઈ? આહાહા..! ભાઈ! મુનિ કેવા છે ... એમ ન ચાલે. માર્ગમાં હોય એમ ચાલે. બીજી રીતે કહે તો ભલે સરળ કરવા .. ભાઈ!

અહીં તો કહે છે જુઓ! સૂત્રના કહેવા પ્રમાણે બાવીસ પરિષહને '**નિઃપ્રમાદી હોકર સંયમકા...**' ભાષા દેખો! આહાહા..! અપ્રમત્ત નામ આનંદમાં રહેતો. સમજાણું કાંઈ? બૌદ્ધમાં એક વાત આવે છે. ... ભગતને બહુ ગાળુ દેવા માંડ્યા .. ... બહુ ગાળુ દેવા માંડ્યા મહારાજને. પછી .. કેમ ... તારે કામની હોય એટલી કાઢ બાકી તારી પાસે છે. મારે રાખવા માટે જગ્યા નથી. તારી ગાળું રાખવા માટે જગ્યા નથી. અમારે તો સામે હતા ને બધા? અમે બધા સામે રહીએ. 'નવનીતભાઈ'!

અહીં તો આનંદસહિતને .. પ્રમાણે સ્વઆશ્રય લઈને એમ કહે છે. અહીં તો બહાર ... સાધારણ ... એ તો મંદકષાયની વાત છે. 'ચીમનભાઈ'! આ દેશને ખાતર શહીદ થાય છે ને મરી ગયા ને કેટલાક જુવાનિયા? શું કહેવાય એને? શહીદ-શહીદ. અહીં તો કહે છે નાથ! તારા ઘરમાં ઊભો, આનંદમાં ઊભો જ્ઞાનની બારીએ જો આ શું છે? બસ એટલું. એમાંથી પ્રતિકૂળતા થાય અને દુઃખ થાય એવું તારામાં છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? કહે છે 'સૂત્રેણ...' ભગવાનની આજ્ઞા જે સમ્યગ્જ્ઞાનમાં કહી. '**જિનવચનમેં કહે હૈં...**' એમાં શું થયું? આખી .. સહન કરે છે એ સહનપણું નહિ. એ તો ત્યાં સ્થિતિ સહન કરે છે કષાયની મંદતાથી. એ પરમાં લક્ષમાં રાખીને કે આપણે કરીએ તો આપણા દેશને લાભ થાય, ફલાણાને લાભ થાય, ઢીકણાને લાભ થાય. સમજાણું કાંઈ? એ સહન કર્યું નહિ. એમ કહે છે.

જિનવચન પરમાત્માએ કહ્યું કે તારું સ્વરૂપ જ વીતરાગ છે. અને વીતરાગ સ્વભાવની શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ પર્યાય તને વીતરાગની છે. વીતરાગીભાવપણે તું બીજાને જો અને જાણ. એનું નામ સહનપણું કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? '**નિઃપ્રમાદી હોકર...**' ઓલું તો પ્રમાદ છે અનંતમાં. સમજાણું કાંઈ? '**નિઃપ્રમાદી...**' અપ્રમાદદશા પ્રગટ કરી એની .. જાત .. કરી. ચારિત્રમાં ઘાત ન થાય. વિકલ્પ ઊઠે પુણ્ય કરવા માટે તો ચારિત્રનો ઘાત થયો ત્યાં. એમ કહે છે. મારા .. કર્મના ઉદયે એ તો વિકલ્પ છે. કહે છે.

સમજાણું કાંઈ? એ નહિ. જાણવા-દેખવાના ભાવમાં રમતો સહન કર. તેથી માર્ગથી ચ્યુત નહિ થા અને પૂર્વના બંધનથી છૂટી જઈશ. આહાહા..!

**'સંયમકા ઘાત દૂરકર ઔર અપની કાયસે સદાકાલ નિરંતર સહન કર.'** શરીર દ્વારા સહન કર એમ કહે છે. શરીરમાં માર-કાપ આવે. .. જેને ઠીક ન લાગે. સહન કરે પીડા છે. એ તો શરીરની ક્રિયામાં સામેલ થાય. તારામાં કાંઈ થાતું નથી. એમ જાણતા, દેખતા આત્માના આનંદના વલણમાં પરિષહને સહન કર.

ભાવાર્થ :- **'જૈસે સંયમ ન બિગડે ઔર પ્રમાદકા નિવારણ હો વૈસે નિરંતર મુનિ ક્ષુધા, તૃષા આદિક બાઈસ પરિષહ સહન કરે. ઈનકો સહન કરનેકા પ્રયોજન સૂત્રમેં ઐસા કહા હૈ કિ - ઈનકે સહન કરનેસે કર્મકી નિર્જરા હોતી હૈ ઔર સંયમકે માર્ગસે છૂટના નહીં હોતા હૈ,...'** લ્યો આવ્યું ને એ તો એણે માર્ગ કર્યું છે. .. નિર્જરા કરી. અશુદ્ધતા ખરી જાય તે માટે સમતા, જ્ઞાતા-દૃષ્ટા રહે અને સંજમમાં ઘાત ન થાય એ માટે પરિણામ દૃઢ હોય એને સહન કર્યું કહેવામાં આવે છે. એને મોક્ષના માર્ગમાં સંધિ હોય. ખસે નહીં. વિકલ્પથી પણ ખસ્યો નથી. એને મોક્ષના માર્ગથી ચ્યુત થતો નથી, ... છે. આગળ વધીને તેને શુદ્ધપદની પ્રાપ્તિ થાય છે. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**आगे कहते हैं कि – परीषह सहनेमें दृढ़ होता है वह उपसर्ग आने पर भी दृढ़ रहता है, च्युत नहीं होता, उसका दृष्टांत कहते हैंः–**

**जह पत्थरो ण भिज्जइ परिट्ठिओ दीहकालमुदएण[1]।**
**तह साहू वि ण भिज्जइ उवसग्गपरीसहेहिंतो।।९५।।**

**यथा प्रस्तरः न भिद्यते परिस्थितः दीर्घकालमुदकेन।**
**तथा साधुरपि न भिद्यते उपसर्गपरीषहेभ्यः।।९५।।**

**પથ્થર રહ્યો ચિર પાણીમાં ભેદાય નહિ પાણી વડે,**
**ત્યમ સાધુ પણ ભેદાય નહિ ઉપસર્ગ ને પરિષહ વડે. ૯૫.**

**अर्थ :– जैसे पाषाण जलमें बहुत कालतक रहने पर भी भेदको प्राप्त नहीं होता है वैसे ही साधु उपसर्ग–परीषहोंसे नहीं भिदता है।**

**भावार्थ :– पाषाण ऐसा कठोर होता है कि यदि वह जलमें बहुत समय तक रहे तो भी उसमें जल प्रवेश नहीं करता है, वैसे ही साधुके परिणाम भी ऐसे दृढ़ होते हैं कि–उपसर्ग–परिषह आने पर भी संयमके परिणामसे च्युत नहीं होता है और पहिले कहा जो संयमका घात जैसे न हो वैसे परीषह सहे। यदि कदाचित् संयमका घात होता जाने तो जैसे घात न हो वैसे करे।।९५।।**

१. 'मुदकेण' पाठान्तर 'मुदएण'।

## પ્રવચન નં. ૧૩૦A, ગાથા-૯૫-૯૬, બુધવાર, મહા વદ ૧૪, તા.૨૦-૨-૭૪

આ 'અષ્ટ પાહુડ' છે. 'અષ્ટપાહુડ' મેં ભાવપાહુડ ચલતા હૈ. ૯૫ ગાથા. 'આગે કહતે હૈં કિ જો પરિષહ સહન મેં દૃઢ હોતા હૈ તો ઉપસર્ગ આને પર ભી દૃઢ રહતા હૈ, ચ્યુત નહીં હોતા, ઉસકા દૃષ્ટાંત કહતે હૈં :-'

**जह पत्थरो ण भिज्जइ परिट्ठिओ दीहकालमुदएण[१]।**

**तह साहू वि ण भिज्जइ उवसग्गपरीसहेहिंतो।।९५।।**

મુખ્ય મુનિ કી બાત કરતે હૈં ન? મુનિ કિસકો કહતે હૈં? પ્રથમ આત્માકા અનુભવ સમ્યગ્દર્શન જિસકો હુઆ હો. સમ્યગ્દર્શન હોનેકે બાદ સ્વરૂપમેં આનંદકી લીનતા પ્રગટ હો, ઉસે સાધુ કહતે હૈં. ગૃહસ્થાશ્રમમેં સમકિતીકો સ્વરૂપમેં શુદ્ધઉપયોગકી લીનતા વિશેષ નહીં હોતી. લેકિન સમ્યગ્દર્શન, આત્મા આનંદ ઔર જ્ઞાનસ્વરૂપ પૂર્ણાનંદ પ્રભુ, ઉસકા પ્રથમ સમ્યગ્દર્શનમેં અતીન્દ્રિય આનંદકા સ્વાદ આતા હૈ. સમજમેં આયા? આહાહા..! અતીન્દ્રિય આનંદકા સ્વાદકી દૃષ્ટિસે સમકિતીકો પર પદાર્થમેંસે ઔર પુણ્ય-પાપભાવમેંસે સુખબુદ્ધિ ઉડ જાતી હૈ. જબતક સમ્યગ્દર્શન ન હો તો પરમેં સુખબુદ્ધિ ઉસકો હોતી હૈ. શરીરમેં, વાણીમેં, પુણ્યમેં, પાપભાવમેં ઠીક હૈ, ઐસા ભાવ જો હૈ વહ મિથ્યાત્વભાવ હૈ. ઉસ મિથ્યાત્વભાવકા નાશકર ચૈતન્ય શુદ્ધ આનંદકા નાથ ઉસકા અવલંબન લેકર મિથ્યાત્વકા નાશ હોકર સમ્યગ્દર્શન શુદ્ધઉપયોગકી દશામેં સમ્યગ્દર્શન પ્રાપ્ત હોતા હૈ. ચતુર્થ ગુણસ્થાન. આહાહા..!

ઉસકે બાદ ઉસકી આનંદમેં લીનતા રહતી હૈ, અતીન્દ્રિય આનંદમેં જિસકો પ્રચુર સ્વસંવેદન (પ્રગટ હુઆ હૈ), ચૌથે ગુણસ્થાનમેં આનંદકા વેદન અલ્પ હૈ. સમ્યગ્દૃષ્ટિકો અતીન્દ્રિય આનંદકા વેદન અલ્પ હૈ. પંચમ ગુણસ્થાનમેં જબ યથાર્થ સમ્યગ્દર્શન સહિત શ્રાવક હોતા હૈ તો ઉસકો આનંદ વિશેષ હોતા હૈ. જો સર્વાર્થસિદ્ધકા દેવ હૈ ઉસકો આનંદ નહીં, ઐસા પંચમ ગુણસ્થાનમેં આનંદકી ઝલક વિશેષ હોતી હૈ. ઉસકો પંચમ ગુણસ્થાનવંત શ્રાવક કહને મેં આતા હૈ. આહા..! બાકી ઈસકે સિવા વ્રત ઔર નિયમ હો વહ સબ થોથા હૈ.

યહાં તો મુનિ કી બાત કરતે હૈં. મુનિ કો ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદકા દલ હૈ ઉસકી અંતરમેં જમવટ મુનિકો તો બહુત હો ગઈ હૈ. 'સમયસાર'મેં પાંચવી ગાથામેં કહતે હૈં, પ્રચુર સ્વસંવેદન. આહાહા..! માર્ગ તો દેખો, ભાઈ! મુનિકો તો પ્રચુર, સ્વ નામ અપના સં નામ પ્રત્યક્ષ આનંદકા વેદન હોતા હૈ. આહાહા..! સમજમેં આયા? ઐસે મુનિકો, કહતે હૈં, **'જૈસે પાષાણ જલ મેં બહુત કાલતક રહને પર ભી...'** પત્થર પાનીમેં બહુત કાલ રહને પર ભી 'ભેદ કો પ્રાપ્ત નહીં હોતા...' **'ण भिज्जइ'** હૈ ન? વાસ્તવમેં તો વહ પત્થર પાનીમેં રહને પર ભી ભીગતા નહિ ઔર ભેદ કો ભી પ્રાપ્ત નહીં હોતા. આહાહા..!

**'વૈસે હી સાધુ...'** અહો..! જિસને સ્વરૂપ આનંદકા સાધન બહુત કિયા હૈ.. આહાહા..!

ઐસા સાધુ '**ઉપસર્ગ પરિષહોં સે નહીં ભિદતા હૈ.**' મનુષ્યકૃત પ્રતિકૂલતાકા ઉપસર્ગ, દેવકૃત પ્રતિકૂલતાકા ઉપસર્ગ, તિર્યંચકૃત ઔર અચેતનકૃત. કોઈ દિવાર ગિર જાય, પેડ ગિર જાય, ઉસમેં વહ આનંદમેં રહતે હૈં, ઐસા કહતે હૈં. આહાહા..! વહ પરિષહસે યહ ઉપસર્ગ કહા. પરિષહ નામ કર્મકે ઉદયસે ક્ષુધા બહુત લગી હો, તૃષા બહુત લગી હો ઉસમેં ભી, ઔર રોગકી તીવ્ર વેદના શરીરમેં અશાતાકે કારણ હો તો ભી મુનિતો આનંદમેં રહતે હૈં. ઉસમેં આનંદકા ભંગ હોતા નહીં, ઐસા કહતે હૈં. આહાહા..! '**ण भिज्जइ**' અપને અતીન્દ્રિય આનંદકી લીનતામેં ઉસકો ભેદ નહીં હોતા. આહાહા..! સમજમેં આયા? માર્ગ બહુત અલૌકિક હૈ, ભાઈ! સમ્યગ્દર્શન હી પહલે તો અલૌકિક હૈ, ચારિત્રકી તો બાત હી ક્યા કહના! ઓહોહો..! ધન્ય અવતાર! જિસને સ્વરૂપમેં અન્તર ચરના, આનન્દમેં રમના ઔર જિસને દુઃખકા નાશ કિયા હૈ ઔર અતીન્દ્રિય આનંદ કી લહેર મેં રમતે હૈં, ઉસકો ઉપસર્ગ પરિષહસે આનંદમેં ભેદ, છેદ નહીં હોતા, ઐસા કહતે હૈં. સમજમેં આયા?

**ભાવાર્થ :–** '**પાષાણ ઐસા કઠોર હોતા હૈ કિ યદિ વહ જલ મેં બહુત સમય તક રહે તો ભી ઉસમેં જલ પ્રવેશ નહીં કરતા...**' આહાહા..! '**વૈસે હી સાધુ કે પરિણામ...**' ઓહો..! વીતરાગી પરિણામ જહાં પ્રગટ હુઆ હૈ. આહાહા..! સમ્યગ્દર્શન ભી વીતરાગી પરિણામ હૈ. સમ્યગ્દર્શન ચૌથે ગુણસ્થાનમેં (હુઆ હૈ), વહ ભી વીતરાગી પરિણામ હૈ. સમજમેં આયા? તો યહાં છઠવે ગુણસ્થાનમેં તો વીતરાગી પરિણામ બહુત પ્રગટ હુઆ હૈ, ઐસા કહતે હૈં. આહા..! ઐસી દશામેં '**સાધુ કે પરિણામ ઐસે દૃઢ હોતે હૈં...**' આહાહા..! સ્વદ્રવ્યકે આશ્રયસે ઉગ્રપનેકા પરિણામ જિસકો વીતરાગભાવ હુઆ... આહાહા..! ચૈતન્યદ્રવ્ય ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ, ઉસકા આશ્રય લેકર તો સમ્યગ્દર્શન હુઆ હૈ ઔર ઉસકા વિશેષ ઉગ્ર આશ્રય લેકર ચારિત્ર હુઆ હૈ. આહાહા..! ચારિત્ર કોઈ પંચમહાવ્રતકા પરિણામ યા દેહ (સે) નગ્નપના વહ ચારિત્ર નહીં (હૈ). સમજમેં આયા?

ભાવપાહુડ હૈ ન! સમ્યગ્દર્શનરૂપી જિનભાવના ઔર વીતરાગ પરિણામરૂપી ચારિત્રકી ભાવના, ઉસકો યહાં ભાવપાહુડ કહતે હૈં. આહાહા..! '**ઉપસર્ગ પરીષહ આને પર ભી સંયમ કે પરિણામ સે ચ્યુત નહીં હોતા હૈ...**' ઓહો..! 'ઔર પહિલે કહા જો સંયમ કા ઘાત જૈસે ન હો વૈસે પરીષહ સહે.' ૯૪ મેં આયા થા ન? '**सुत्तेण अप्पमत्तो संजमघादं पमुत्तूण**'. વહ બાત હૈ. ભગવાનને જૈસી આજ્ઞાકી હૈ અંતરમેં રહનેકી, ઐસે અપ્રમત્ત હોકર. આહાહા..! મુનિ અંતરમેં આનંદમેં અપ્રમત્ત હોકર '**संजमघादं पमुत्तूण**'. સંયમકા ઘાત છોડ દેતે હૈં. આહાહા..! સ્વરૂપ ભગવાનઆત્મા વીતરાગમૂર્તિ પ્રભુ, ઉસકા અનુભવ હોકર જિસકો વીતરાગી પરિણામ પ્રગટ હુઆ વહ સંયમકા ઘાત હોને નહીં દેતા. આહાહા..! સમજમેં આયા? માર્ગ સૂક્ષ્મ બહુત.

'**યદિ કદાચિત્ સંયમકા ઘાત હોતા જાને તો જૈસે ઘાત ન હો વૈસે કરે.**' ઐસી પ્રતિકૂલતામેં સહનશક્તિકી અલ્પતા દેખે તો અંતર આત્માકા ઉગ્ર આશ્રય લે. આહાહા..!

સમજમેં આયા? અંતર ભગવાન અવલંબન આનંદકા લેકર (સંયમકા) ઘાત હોને ન દે. આહાહા..! દેખો! મુનિપના! યે સાધુપદ. જિસકો ગણધર ભી નમસ્કાર કરે. ચૌદ પૂર્વકી રચના કરતે હૈં તબ સાધુ સંત આનંદકી લહેરમેં અનુભવ કરનેવાલા, ઉસકોભી ગણધર નમો લોએ સવ્વ સાહૂણં... ઓહો..! સર્વ લોકકે વિષે જિસ આનંદકી લહેરમેં મુનિરાજ બિરાજતે હૈં, કહતે હૈં મેરા નમસ્કાર, ગણધર કહતે હૈં. આહાહા..! ચૌદ પૂર્વ ઔર ચાર જ્ઞાન જિસકો અંતર્મુહૂર્તમેં પ્રગટ હોતા હૈ, ઐસે ગણધરભી સાધુકો નમસ્કાર કરતે હૈં. વહ સાધુપદ કૈસા હોગા! સમજમેં આયા? અકેલા નગ્નપના ઔર પંચમહાવ્રતકા પરિણામ,.. વહ પંચમહાવ્રતકા પરિણામ ભી ઉગ્ર હૈ. સમજમેં આયા? ઉસકા ભી જિસે ઠિકાના નહીં, ઉસકો ચારિત્ર ઔર સમ્યગ્દર્શન તો હોતા નહીં. આહાહા..!

---

**आगे परीषह आने पर भाव शुद्ध रहे ऐसा उपाय कहते हैंः–**

**भावहि अणुवेक्खाओ अवरे पणवीसभावणा भावि।**
**भावरहिएण किं पुण बाहिरलिंगेण कायव्वं।।९६।।**

**भावय अनुप्रेक्षाः अपराः पंचविंशतिभावनाः भावय।**
**भावरहितेन किं पुनः बाह्यलिंगेन कर्त्तव्यम्।।९६।।**

**તું ભાવ દ્વાદશ ભાવના, વળી ભાવના પચ્ચીશને;**
**શું છે પ્રયોજન ભાવવિરહિત બાહ્યલિંગ થકી અરે! ૯૬.**

**अर्थ :– हे मुने! तू अनुप्रेक्षा अर्थात् अनित्य आदि बारह अनुप्रेक्षा हैं उनकी भावना कर और अपर अर्थात् अन्य पाँच महाव्रतोंकी पच्चीस भावना कही हैं उनकी भावना कर, भावरहित जो बाह्यलिंग है उससे क्या कर्तव्य है? अर्थात् कुछ भी नहीं।**

**भावार्थ :– कष्ट आने पर बारह अनुप्रेक्षाओंका चिन्तन करना योग्य है। इनके नाम ये हैं – १. अनित्य, २ अशरण,३ संसार, ४ एकत्व, ५ अन्यत्व, ६ अशुचित्व, ७ आस्रव, ८ संवर, ९ निर्जरा, १० लोक, ११ बोधिदुर्लभ, १२ धर्म–इनका और पच्चीस भावनाओंका भाना बड़ा उपाय है। इनका बारम्बार चिन्तन करनेसे कष्टमें परिणाम बिगड़ते नहीं हैं, इसलिये यह उपदेश है।।९६।।**

---

## ગાથા-૯૬ ઉપર પ્રવચન

**'આગે પરીષહ આને પર ભાવ શુદ્ધ રહે ઐસા ઉપાય કહતે હૈં :-'** આહાહા..!

**भावहि अणुवेक्खाओ अवरे पणवीसभावणा भावि।**

**भावरहिएण किं पुण बाहिरलिंगेण कायव्वं।।१६।।**

**અર્થ :-** 'હે **મુને!**' મુનિ કો ઉદ્દેશકર બાત હૈ, સમ્યગ્દર્શન સહિત આનંદકી લહેરમેં બિરાજમાન સંત હૈં. આહાહા..! 'હે **મુને! તૂ અનુપ્રેક્ષા અર્થાત્ અનિત્ય આદિ બારહ અનુપ્રેક્ષા હૈ ઉનકી ભાવના કર...**' આહાહા..! તૂ વિચારકી અનુપ્રેક્ષાકી ભાવનામેં રહે. '**અર્થાત્ અન્ય પાંચ મહાવ્રતોં કી પચ્ચીસ ભાવના...**' હૈ તો વહ વિકલ્પ. મહાવ્રત સ્વયં વિકલ્પ ઔર રાગ હૈ. ઔર ઉસમેંભી ઉસકી ભાવના કરના વહ ભી વિકલ્પ હૈ. લેકિન ઉસ વિચારમેં રુકનેસે, તેરી સ્વરૂપ ઓરકી દૃષ્ટિમેં સે નહીં ખિસકનેસે તુજે પરીષહ ઔર ઉપસર્ગ સે દુઃખ નહીં હોગા. સમજમેં આયા? આહાહા..! '**ઉનકી ભાવના કર, ભાવરહિત જો બાહ્યલિંગ...**' જિસકો સમ્યગ્દર્શનકી ભાવના ઔર અનુભવકી ભાવના નહીં હૈ, ઉસકે 'બાહ્યલિંગ હૈ ઉસસે ક્યા કર્તવ્ય હૈ?' બાહ્ય ભેખ પંચમહાવ્રત, નગ્નપનાકા યા બારહ વ્રતકા યા ક્ષુલ્લકપનાકા ભેખ ધારણ કરનેસે ક્યા હૈ? અંતરમેં ભગવાનઆત્મા આનંદસ્વરૂપી ભાવના ઔર અનુપ્રેક્ષા આદિકી ભાવના નહીં હૈ, વહાં બાહ્ય વેષસે ક્યા કર્તવ્ય હૈ? યહ કહા ન? '**बाहिरलिंगेण कायव्वं**'. આહાહા..! '**અર્થાત્ કુછ ભી કર્તવ્ય નહીં.**' બાહ્ય લિંગ અકેલા ધારણ કરે, નગ્નપના, બારહ વ્રતાદિકા યા પંચમહાવ્રત લેકિન અંતર દૃષ્ટિ આનંદસ્વરૂપ જ્યોતિ સુખધામ, સ્વયં જ્યોતિ સુખધામ, આનંદકા ધામ પ્રભુ ચૈતન્યજ્યોતિકે અનુભવમેં આયા નહીં, સમ્યગ્દર્શન હુઆ નહીં, ઉસે બાહ્ય ભેખકા કર્તવ્ય ક્યા કરે? સમજમેં આયા? 'કુન્દકુન્દાચાર્ય' ભાવપાહુડ મેં ઐસે પ્રસિદ્ધ કરતે હૈં. આહાહા..!

મુમુક્ષુ :- શુભરાગ..

ઉત્તર :- લેકિન શુભરાગ અંતર દૃષ્ટિ સહિત હૈ. અશુભ નહીં આને દેનેકી અપેક્ષાસે બાત હૈ. હૈ તો શુભભાવ, કહા ન. પંચમહાવ્રત કા ભાવ હી શુભ હૈ, ધર્મ નહીં. લેકિન ઉસમેં રહનેસે અશુભભાવ નહીં હોતા. ઈતના બચને કે કારણ યહાં બાત કહી હૈ. સમજમેં આયા?

મુમુક્ષુ :- નિશ્ચય...

ઉત્તર :- નિશ્ચય, વ્યવહાર દોનોંકા ઉપદેશ હૈ. પહલે કહા ન? સમ્યગ્દર્શન આત્માકા અનુભવ હુઆ વહ ભી ચૈત્યપ્રતિમાકી ભક્તિ કરતે હૈં, ભગવાનકી પ્રતિમાકી ભક્તિ કરતે હૈં. ભગવાનકી ભક્તિ તો શુભરાગ હૈ.

મુમુક્ષુ :- ઘણાય સમ્યગ્દૃષ્ટિ ભગવાનની ભક્તિ નથી કરતા.

ઉત્તર :- નહીં કરે ઐસા હોતા હૈ ક્યા? આયે બિના રહે નહીં. ભલે થોડે કાલ મેં

(આયે) લેકિન આયે ભક્તિ.

મુમુક્ષુ :- આખી જિંદગીમાં ન આવે?

ઉત્તર :- આખી જિંદગી મેં ન આયે ઐસા બને નહીં.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- વહાં અંદર આતી હૈ. ભાવભક્તિ અંદર કરતે હૈં. પ્રતિમા ભલે બાહર નહીં હો. અંતર ભગવાનકી ભક્તિ હૈ. ભગવાનકી પ્રતિમા જૈસી મચ્છી હોતી હૈ. સ્વયંભૂરમણ સમુદ્રમેં. ઉસકો દેખકર.. ઉસકે ખ્યાલમેં રહતા હૈ. મચ્છીકા આકાર પ્રતિમા જૈસા હોતા હૈ. શાસ્ત્રમેં ઐસા પાઠ હૈ. શાસ્ત્રમેં તો બહુત ભરા હૈ ન. વહ પ્રતિમા દેખકર અંદરમેં જાતિસ્મરણ હો જાતા હૈ. સમજે? ઐસે દેખને સે.. ઓહો..! મૈં ચૈતન્યપ્રતિમા હૂં. મેરી ચીજ આનંદકંદ ધ્રુવ આનંદ મૈં હૂં, ઐસી દૃષ્ટિ તિર્યંચકો ભી સ્વયંભૂરમણ સમુદ્રમેં હો જાતી હૈ. ઔર વહ પ્રતિમા ભલે સાક્ષાત્ ન હો, લેકિન અંતરમેં ભગવાનકી પ્રતિમા પર ભક્તિકા ભાવ આતા હૈ. બારહવ્રતમેં સાધુકા સંયોગ કહાં હૈ વહાં? હૈ? તો ઉસકો બારહ વ્રત નહીં હૈ? પંચમ ગુણસ્થાનવાલા શ્રાવક તિર્યંચ અસંખ્ય હૈ. સ્વયંભૂરમણ સમુદ્રમેં અસંખ્ય પંચમ ગુણસ્થાનવાલે સચ્ચે શ્રાવક (હૈં). આત્મઅનુભવ સહિત, બારહ વ્રતવાલા. બાહરમેં સંવિભાગ તો હૈ નહીં. ભાવમેં હૈ. સમજમેં આયા? ઓહો..! ધન્ય મુનિરાજ સંત! આનંદમેં ઝુલનેવાલા, ઉસે આહાર દેનેકા વિકલ્પ (આતા હૈ). વસ્તુ નહીં હો, ભાવ આતા હૈ. સમજમેં આયા? 'ધન્નાલાલજી'!

મુમુક્ષુ :- આપ અકેલે 'કુંદકુંદાચાર્ય' કો માનતે હો.

ઉત્તર :- સબકો માનતે હૈં. આચાર્ય દિગંબર સબ હૈ. જો સંત હૈ, પૂજ્યપાદસ્વામી, અમૃતચંદ્રાચાર્ય સબ દિગંબર ભાવલિંગી સંત હૈં, સબકો હમ માનતે હૈં. જિતને દિગંબર ભાવલિંગી સંત હૈ (ઉન) સબકો હમ તો માનતે હૈં. ઐસા કે પંચમગુણસ્થાન ઔર બારહ વ્રત હૈ ન? શાસ્ત્રમેં કહા હૈ ઉસે માનતે હો ન, ઐસા કહતે હૈં. આહાહા..!

અરે..! ભાઈ! સ્વયંભૂરમણ સમુદ્રમેં હજાર યોજનકા મચ્છ, હજાર યોજન (અર્થાત્) ચાર હજાર ગાઉ લંબા ઔર અંદર પંચમગુણસ્થાન, આત્માકા અનુભવ (સહિત). પૂર્વ સંસ્કાર, કોઈ જાતિસ્મરણ, કોઈ નયે સંસ્કાર સે ભી પ્રાપ્ત કરતે હૈં. આત્મા હૈ ન! જહાં-તહાં પ્રભુ બિરાજતે હૈં અંદર. પૂર્ણાનંદકા નાથ આત્મદલ, શાંતદલ, વીતરાગદલ આહાહા..! ઉસમેં અંતર દૃષ્ટિ લગાકર, નિર્વિકલ્પ અનુભવ આનંદકા સ્વાદ તિર્યંચકો ભી સ્વયંભૂરમણ સમુદ્રમેં આતા હૈ. આહાહા..! ભાઈ! માર્ગ યહ હૈ. ઔર બારહ વ્રતકા વિકલ્પ હૈ તો મુનિકી હાજરી ન હો, લેકિન ઉસકો ભાવના હૈ ન! વૈસે પ્રતિમાકી હાજરી ન હો, ભાવનામેં હૈ. સમજમેં આયા? અવધિજ્ઞાન હો. કિતને હી તિર્યંચ સમકિતીકો તો અવધિજ્ઞાન ભી હોતા હૈ. પંચમ ગુણસ્થાન. અવધિજ્ઞાનસે જહાં-જહાં પ્રતિમા દેખનેમેં આયે વહાં વંદન કર લેતે હૈં. આહાહા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- તીનોં કી.. લેકિન યહાં તો ચૈત્યકી બાત ચલતી હૈ ન. પહલે તીન બોલ આયે

ન? ચૈત્યભક્તિ. ૯૧ મેં આયા. સમ્યગ્દૃષ્ટિ આત્માકા અનુભવી, આનંદકા વેદન કરનેવાલા ઐસા સમકિતી ચૌથે, પાંચવે મેં હો, અરે..! છઠ્ઠે મુનિ હો ઉસે પ્રતિમાકી ભક્તિકા વિકલ્પ આતા હૈ. સમઝતે હૈં કિ યહ શુભ હૈ.

મુમુક્ષુ :– ..

ઉત્તર :– આયે હી. નહીં આયે ઐસા નહીં હો સકતા. અંતર્મુહૂર્ત મેં કોઈ કેવલ પ્રાપ્ત કર લે ઔર નહીં આયે, વહ દૂસરી બાત હૈ. લંબા કાલ રહે ઉસે ભાવ આયે બિના રહે નહીં. અંતર્મુહૂર્તમેં એકદમ સમ્યગ્દર્શન, એકદમ ચારિત્ર ઔર એકદમ કેવલજ્ઞાન હો જાય. ખલાસ હો જાય. આહાહા..! અંતર કી દૃષ્ટિ, અંતર આનંદ મેં આકર.. અરે..! બાહ્ય લિંગ દ્રવ્યલિંગ હો, ઐસા ભી શાસ્ત્રમેં ચલા હૈ. નગ્ન લિંગ હો, હો મિથ્યાદૃષ્ટિ, લેકિન અંતરકી દૃષ્ટિ (હુઈ), જહાં ગુરુ મિલા ઔર વાણી સુની ઔર ઉસકે અંતર સ્મરણમેં ચલતા હૈ તો બાહ્ય લિંગ હો ઔર અંતરમેં સમ્યગ્દર્શન હોકર મુનિપના હો જાતા હૈ, ભાવલિંગ હો જાતા હૈ. આહાહા..! સમજમેં આયા?

મુમુક્ષુ :– દ્રવ્યલિંગ તો હોતા હી હોતા હૈ.

ઉત્તર :– દ્રવ્યલિંગ હોતા હૈ. દ્રવ્યલિંગ હો તો ઉસકો સચ્ચા ભાવલિંગ હોતા હૈ. દ્રવ્યલિંગ નગ્ન ન હો ઔર ભાવલિંગ આ જાય ઐસા નહીં હૈ. 'તત્ત્વાર્થરાજવાર્તિક' મેં યહ આયા હૈ. અનાદિ મિથ્યાદૃષ્ટિ જીવ દ્રવ્યલિંગ મેં હૈ, બાહ્ય નગ્નપના આદિ મેં હૈ, અંતર દૃષ્ટિ મેં જહાં ગયા તો સમ્યગ્દર્શન સહિત સાધુપદ પ્રગટ હો જાતા હૈ. સમજ મેં આયા? વસ્ત્ર સહિત હો ઉસકો મુનિપના નહીં આતા. લેકિન વસ્ત્રરહિત હો તો ઉસસે મુનિપના આતા હૈ, ઐસા ભી નહીં. લેકિન વસ્ત્ર રહિત હો ઉસકો આત્મદર્શન મેં આકર મુનિપના પ્રાપ્ત હો જાતા હૈ. વસ્તુ કા આશ્રય ઉગ્રપને લે તો. ઐસી બાત હૈ, ભૈયા! સમજમેં આયા?

મુમુક્ષુ :– પંચપરમેષ્ઠી મેં નહીં આતે હોંગે.

ઉત્તર :– સાધુ પંચપરમેષ્ઠીમેં નહીં આયે તો કિસમેં આયે?

મુમુક્ષુ :– આપને ભાવ કા કહા ન...

ઉત્તર :– ભાવ આયા તો વહ પંચ પરમેષ્ઠી મેં નહીં આ ગયા? શ્રાવક પંચ પરમેષ્ઠી મેં નહીં આતા. ક્ષુલ્લક હો તો ભી પંચ પરમેષ્ઠી મેં નહીં આતા. ભાવલિંગ જહાં અંદર મેં પ્રગટ હુઆ, દ્રવ્યલિંગ નગ્ન તો હૈ હી, અંતર ભગવાન કા અવલંબન લેકર પ્રચુર સ્વસંવેદન હુઆ (તો) ગણધર ભી નમસ્કાર કરે. બાપૂ! યહ તો અંતરકા માર્ગ હૈ. બાહ્ય ભેખસે, બાહ્ય ક્રિયાસે કોઈ માર્ગ પ્રાપ્ત હોતા હૈ, ઐસા નહીં.

કહતે હૈં, આયા ન? ચૈત્ય, પ્રવચન કી ભક્તિ. સર્વજ્ઞ કી વાણી, ઉસકી ભક્તિ સમકિતી કો આતી હૈ. હૈ શુભભાવ, હૈ આસ્રવ લેકિન વીતરાગ ભૂમિકા જબ (તક) પ્રગટ ન હો તબ ઐસા ભાવ આયે બિના રહે નહીં. અંતર દૃષ્ટિ મેં નિષેધ હૈ, દૃષ્ટિ ઉસકા આદર નહીં કરતી. આહાહા..! લેકિન પર્યાય મેં ઐસા વ્યવહારભાવ આયે બિના રહે નહીં. વહ જાન કે ઉસકા આધાર મેરા આત્મા હૈ. મેરે આત્મા કે આધાર સે શુભભાવ ઉત્પન્ન હુઆ. વહ શુભભાવ કોઈ

કર્મ સે ઉત્પન્ન હુઆ હૈ, પ્રતિમા કો દેખકર હુઆ હૈ ઐસા નહીં. સમજ મેં આયા? ભાઈ! યે તો પ્રમાણ ઐસા હૈ, 'જ્યાં જ્યાં જે જે યોગ્ય છે, તહાં સમજવું તેહ, ત્યાં ત્યાં તે તે આચરે, આત્માર્થીજન એહ.'

પ્રવચન ઔર ગુરુ. ગુરુ સંતકી ભક્તિ. ઓહો...! સમ્યગ્દર્શન અનુભવ હોનેપર ભી પંચમગુણસ્થાનમેં આનંદકા અનુભવ હોનેપર ભી છટ્ઠે ગુણસ્થાનમેં મુનિકો આનંદકા અનુભવ હોનેપર ભી ગુરુકી ભક્તિકા ભાવ આયે બિના રહે નહીં. સમજમેં આયા? વહ વ્યવહાર હૈ. સ્વકે આશ્રયસે જિતની નિર્મલતા પ્રગટ હુઈ હૈ, વહ નિશ્ચય હૈ. વ્યવહાર વ્યવહારકે સ્થાનમેં હોતા હૈ, લેકિન વ્યવહારસે નિશ્ચય પ્રાપ્ત હો ઐસા નહીં. આહાહા..! સમજમેં આયા? ન્યાયમેં ફેર હૈ. કહા ન? '**जइ जिणमयं पवज्जह**' ગાથા આતી હૈ ન? બારમી ગાથાનો ભાવાર્થ પછીનો શ્લોક. જૈનમતકો અંગીકાર કરના ચાહતે હો તો વ્યવહાર-નિશ્ચય '**मुयदृत**' વ્યવહાર યા નિશ્ચય કિસીકો છોડના નહીં. ઉસકા અર્થ કિ વ્યવહાર હૈ ઐસા માનના, નિશ્ચય હૈ ઔર આદરણીય હૈ ઐસા માનના.

મુમુક્ષુ :- વ્યવહારકો આદરણીય નહીં માનના?

ઉત્તર :- આદરણીય નહીં માનના, લેકિન હૈ (ઐસા) માનના. હૈ ઐસા માનના. ઉસકે અર્થ મેં ફેર કરતે હૈં ન. દેખો, ઉસમેં આયા. '**जइ जिणमयं पवज्जह**' બારહવીં ગાથા. દો નય હૈ. દો નયકા વિષય હૈ. ઐસે મત છોડો. લેકિન ઉસકા અર્થ ઐસા નહીં હૈ કિ વ્યવહાર હૈ તો વ્યવહાર ધર્મ હૈ. આદરણીય હૈ ઐસા નહીં. દો નયકી કથની જૈનશાસન મેં અનાદિસે ચલી આતી હૈ. લેકિન ઉસકા અર્થ વ્યવહારનયકા વિષય મુનિકો હોતા હૈ, હૈ ઐસા માનના. આદરણીય હૈ ઔર ઉસકા આશ્રય કરને લાયક હૈ ઐસા નહીં. સમજમેં આયા? બહુત ગડબડ હૈ, ભાઈ! તત્ત્વકી વસ્તુકી ખબર બિના કુછ ન કુછ ખીંચે, કુછ ન કુછ ખીંચનેકી દૃષ્ટિ ઊલટી પડે. આહાહા..! કહા ન? વહાં તો યહાં તક આયા ... દેખિયે! વહાં તો ઐસા આયા. '**चेइयपवयणगुरुणं करेहिं भत्तिं जिणाणाए**', દેખિયે! વહાં તો ઐસા આયા. ૯૧ (ગાથા). '**जिणाणाए**' ભક્તિ કરની. વીતરાગ કહતે હૈં ઐસે સાધુ હૈં, ઐસા પ્રવચન હૈ, ઐસી પ્રતિમા હૈ. સમજમેં આયા? આહાહા..!

જિનપ્રતિમા જિનસારખી, આતા હૈ કિ નહીં? 'બનારસીદાસ'. હૈ, ભગવાન કી ભક્તિ આતી હૈ ન. એકાવતારી ઈન્દ્ર, શક્રેન્દ્ર હૈ ઔર ઉસકી રાણી હૈ વહ એકભવતારી હૈ. એક ભવ કરકે મોક્ષ જાનેવાલા હૈ. તોભી અષ્ટાહ્નિકામેં નંદીશ્વર દ્વિપમેં ઘુંઘરુ બાંધકર ભક્તિ કરતે હૈં. વહ ક્રિયા તો ક્રિયાસે હોતી હૈ, લેકિન અંદર ભાવ શુભ હોતા હૈ ઈતની બાત હૈ. સમજમેં આયા? જિસકો, પતિ-પત્નીકો એક ભવમેં મુક્તિ હૈ. ઈન્દ્ર ઔર ઈન્દ્રાણી પહલે સ્વર્ગમેં દોનોં એકાવતારી હૈ. દોનોં મનુષ્ય હોકર મોક્ષમેં જાનેવાલે હૈં. દોનોં... જબ અષ્ટાહ્નિકા આતી હૈ ન? કાર્તિક, ફાલ્ગુન, આષાઢમેં આતી હૈ. આઠ-આઠ દિન નંદીશ્વર દ્વિપ મેં ભગવાન કી રત્નમય પ્રતિમા બાવન જિનાલય (હૈં). ભાવ શુભ હોતા હૈ. સમજમેં આયા? ઔર જબ ભગવાનકા

જન્મ હોતા હૈ ઔર રાજા હોતા હૈ ન? પિતાજીકે ઘર ઈન્દ્ર આતે હૈં ન? હૈ ન? જન્મ હુઆ તબ તો અભી ચૌથે ગુણસ્થાનમેં હૈં. તીર્થંકર જન્મે તબ તો ચૌથે ગુણસ્થાનમેં હૈં. તો ભી ઈન્દ્ર આકર ભક્તિ કરતે હૈં. ભાવ ઐસા આતા હૈ, લેકિન હૈ વહ બંધકા કારણ ઐસા જ્ઞાની જાનતે હૈં. આહાહા..! સમજમેં આયા?

ભગવાન કા જન્મ હુઆ, વે તો તીન જ્ઞાનવાલે હૈં, સમકિતી હૈં, પંચમગુણસ્થાન નહીં હૈ. શક્રેન્દ્ર સમકિતી-ક્ષાયિક સમકિતી હૈ. જબ માતા જન્મ દેતી હૈ (તબ કહતે હૈં), માતા! રત્નકૂખધારિણી! ઐસે તીર્થંકર જૈસે રત્ન કો કૂંખ મેં ધારનેવાલી માતા, પહલા નમસ્કાર તુમ્હે કરતે હૈં. માતા ભી સમકિતી હૈ ન! નમો રત્નકૂખધારિણી. અહો..! ચૈતન્ય તીર્થંકર જૈસે રત્ન કો માતા! સવા નવ મહિને રખકર જન્મ દિયા, જનેતા! તુમ ઉસકી માતા નહીં હો, તુમ હમારી માતા, જગત કી માતા હો. નમસ્કાર કરતે હૈં. દેખો! ચૌથે ગુણસ્થાનમેં હૈ. ભગવાન ભી ચૌથે ગુણસ્થાનમેં હૈ. ચૌથા ગુણસ્થાનવાલા ચૌથે ગુણસ્થાનવાલે કો નમસ્કાર કરતે હૈં. 'નેમચંદભાઈ'! ભાઈ! જહાં-જહાં જિતના હૈ ઉતના સમજના ચાહિયે. ખીંચાતાની કરે વહ માર્ગ નહીં ચલતા. સમજ મેં આયા?

યહાં કહતે હૈં, ઓહો..! અકેલે બાહ્યલિંગ સે તુઝે ક્યા લાભ હૈ? ભગવાનઆત્મા કા આનંદ કા આશ્રય નહીં ઔર ઉસકા અનુભવ નહીં ઔર ઉસકી શાંતિ કા વેદન નહીં તો અકેલા બાહ્યલિંગ તુઝે ક્યા લાભ કરેગા? ઉસસે ક્યા કર્તવ્ય હૈ? ઓહોહો..!

**ભાવાર્થ :- 'કષ્ટ આને પર બારહ અનુપ્રેક્ષાઓં કા ચિન્તન કરના યોગ્ય હૈ. ઈનકે નામ યે હૈં. અનિત્ય.'** મુનિ અનિત્ય ભાવના ભાવે. ઓહો..! શરીરકો માતા જન્મ દેતી હૈ તો માતાકો અભી ખ્યાલ નહીં આયે કિ યે કૌન હૈ, પુત્ર હૈ યા કન્યા? ઉસકે પહલે તો અનિત્યતાને ઉસે ગોદમેં લે લિયા હૈ. માતા ગોદમેં લે ઈસસે પહલે શરીરકો અનિત્ય ભાવના આ ગઈ-અનિત્યને ગોદમેં લે લિયા હૈ. 'તત્ત્વાર્થસાર'મેં હૈ. ઐસી ભાવના મુનિ ભાવે. સમજમેં આયા! ઓહો..!

અનિત્ય.. અનિત્ય.. અનિત્ય. કિસ ક્ષણમેં શરીરકા નાશ ન હો? સુંદર શરીર દિખે, ક્ષણમેં ભાંડ.. ભાંડ.. ભાંડ સમજે? બરતન. જૈસા માટીકા ભાંડ રે, ક્ષણમેં લાગે એ ખોખરુ. ઐસી સ્વાધ્યાય આતી હૈ. ચાર સ્વાધ્યાય હૈ. સ્વાધ્યાય. સમજે? સજ્ઝાયમાળા ચાર આતી હૈ. એક-એકમેં ૨૦૦-૩૦૦-૪૦૦ સજ્ઝાય આતી હૈ. ઐસી ચાર આતી હૈ. હમને તો દુકાન પર મંગવાઈ થી. ચારોં સજ્ઝાયમાલા હમને બહુત દેખી હૈ. દુકાન પર, હાં! (સંવત) ૧૯૭૦મેં દીક્ષા લી ઉસસે પહલે. ૧૯૭૦ મેં દીક્ષા લી. સ્થાનકવાસીકી લી ન. ઉસ ચાર સજ્ઝાયમાલામેં યહ આયા થા. ક્ષણમેં લાગે રે ખોખરું. યે શરીર. જૈસા માટીકા ભંડ રે. માટીકા ભંડ સમજે? બરતન. મિટ્ટીકા બરતન. ક્ષણમેં લાગે રે ખોખરું. બરતનકો પત્થરસે મારે તો દરાર પડ જાતી હૈ, ફટ. તડ કહતે હૈં? દરાર પડ જાય. ઐસા શરીર ક્ષણમેં ખોખલા હો જાય. આહાહા..! ઐસી અનિત્ય ભાવના ભાતે. હૈ વિકલ્પ, લેકિન અંદર અશુભસે બચને

કો હૈ ન. પ્રતિકૂલતાકે પરીષહમેં દુઃખ ન હો ઈસલિયે ભાતે હૈ. સમજમેં આયા?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- બહુત બાત આયેગી. સભી બોલ વહી આયેંગે. ખ્યાલ હૈ.

અંતર દૃષ્ટિ સ્વભાવ સન્મુખ હોકર ભી ઐસા ઉસકા વિકલ્પ આતા હૈ વહ ભાવ યહાં પ્રધાન ચલતા હૈ. 'પાટનીજી'! ઓહોહો..!

અનિત્ય. અશરણ. અશરણ ભાવના ભાવે. ઓહો..! ભગવાનઆત્મા આનંદસ્વરૂપકે શરણકે સિવા કોઈ શરણ નહીં હૈ. શરીર મેં રોગ હો, પીડા હો, ઉસ સમય શરણ કૌન હૈ? શરણ ચૈતન્યપ્રભુ શરણ હૈ. જહાં નજર કરને સે આનંદ આયે વહ શરણ હૈ. બાકી સબ અશરણ હૈ. માતા, પિતા, ઈન્દ્ર, દેવ કોઈ શરણ નહીં હૈ. આહાહા..! શરીર મેં રોગ આયે. આહાહા..! વહ આયેગા.

સંસાર ભાવના. ઉદયભાવ જિતના સંસાર. ચાર ગતિ દુઃખરૂપ હૈ. સર્વાર્થસિદ્ધિ કે દેવકા ભવ કરના વહ ભી દુઃખરૂપ હૈ. સમજમેં આયા? ઐસી ભાવના કરના. આહાહા..! પાંડવ, પાંચ પાંડવ, શેત્રુંજય યહાં હૈ ન? ઉપર હૈ. ધ્યાન મેં થે, મસ્ત થે. લોહે કો અગ્નિમય કરકે આભુષણ પહનાયા. પાંચોં મુનિ હૈં, સંત હૈ, ભાવલિંગી હૈ. તીન તો આત્માકી ભાવનામેં લીન હોકર કેવલ પ્રાપ્તકર મોક્ષ ચલે ગયે. શેત્રુંજય. ભગવાન ઉપર બિરાજતે હૈં. જિસ ક્ષેત્ર સે મુક્તિ હુઈ ઉસ ક્ષેત્રમેં ઉપર બિરાજતે હૈં. આહા..! યાત્રાકા કારણ વહ હૈ, દૂસરા કુછ નહીં. જહાં-જહાંસે મુક્તિમેં પધારે ઉસ-ઉસ સ્થાન પર જાકર (ઉનકા સ્મરણ કરતે હૈં કિ), ભગવાન ઉપર બિરાજતે હૈં. ઉનકા સ્મરણ કરનેકી બાત હૈ. સમજમેં આયા? આહાહા..! શેત્રુંજયસે જહાં-સે મુક્તિ પધારે ઉસી ક્ષેત્રમેં ઉપર બિરાજતે હૈં. સાદિઅનંત. ઉસમેં દો મુનિકો વિકલ્પ આ ગયા. યહ ભાવના કહતે હૈં ઐસા સાધર્મીકિ પ્રતિ વિકલ્પ આયા. બડે મુનિ ધર્મરાજા, ભીમ ઔર અર્જૂન. ઓહો..! બડે ભાઈ હૈ સાધર્મી, હૈ સહોદર. એક (પેટ) સે ઉત્પન્ન હુએ હમ સાધર્મી હૈ. વિકલ્પ આયા કિ કૈસા હોગા? સર્વાર્થસિદ્ધકા બંધ હો ગયા. કેવલજ્ઞાન દૂર હો ગયા. વિકલ્પ રાગ હૈ ન. ઐસી સંસાર ભાવનાકા વિચાર કરે. ઐસે શુભભાવસે ભી જહાં સ્વર્ગ મિલે. ૩૩ સાગર તક કેવલજ્ઞાન નહીં હોગા. વહાં સે મનુષ્યભવ પાકર કુછ કાલ તક કેવલજ્ઞાન નહીં હોગા. અહો..! ઐસા ઉદયભાવ. ઉદયભાવ હી સંસાર હૈ. સમજમેં આયા? ઔર મૂલ તો મિથ્યાત્વ હૈ વહ સંસાર હૈ. સમજમેં આયા? પુણ્યમેં ધર્મ માનના, પાપમેં મજા માનના.. આહાહા..! અપની પૂર્ણતાકા અનાદર કરના ઐસા મિથ્યાત્વ હૈ વહ સંસાર હૈ. ઐસી વિચારણા કરના. વહ તો સમકિતી હૈ, ઉસકી યહાં બાત નહીં હૈ.

મુમુક્ષુ :- તુષ-માષ ભિન્ન ક્યા હોતી હૈ, બતા દો.

ઉત્તર :- તુષ-માષ ભિન્નસે ચલેગા નહીં, વિપરીતતા બહુત હો તો દૂસરા બહુત (સમજના હોગા). કિતની વિપરીતતા અંદર ઘૂસ ગઈ હૈ. શાતા આદિ કે. તુષ-માષ ભિન્નમેં નહીં થા, વહ તો આનંદમેં લીન થે, ભાવલિંગી સંત થે. ઉનકો વિશેષ જ્ઞાન નહીં થા લેકિન આત્માકે આનંદકા અનુભવ થા. શબ્દ બહુત યાદ નહીં રહતે થે. લેકિન ભાવમેં તો

ભાવશ્રુતજ્ઞાન પરિણમન હો ગયા હૈ. આહાહા..! શબ્દ ઉનકો વિશેષ ખ્યાલ નહીં થા. તુષ-માષ ઐસા દેખા. બહન! ક્યા કરતી હો? એક બાઈને પૂછા કિ ક્યા કરતી હો? તુષ-માષ. છિલકાકો ઉડદ સે ભિન્ન કરતી હૂં. છિલકેકો ઉડદ સે ભિન્ન કરતી હૂં. ઓહો..! રાગાદિ છિલકા (હૈ), મેરી ચીજ આનંદકંદ અંદર હૈ. ઉસમેં સે કેવલ હો ગયા. સમજમેં આયા? લેકિન જિસે બહુત વિપરીતતા ઘૂસ ગઈ હો ઉસે ઇતને સંક્ષેપ સે નહીં ચલતા. સમજમેં આયા?

વહ બાત હમારે (સંવત) ૧૯૮૦ કી સાલ મેં ચલી. ૧૯૮૦ સાલ. પચાસ સાલ હુએ. હમ વ્યાખ્યાન કરતે થે. હજારોં લોગ આતે થે. હમારી પ્રતિષ્ઠા બહુત થી. સંપ્રદાયમેં તો હમારા નામ બહુત થા. હમકો તો પ્રભુ કહતે થે. ૧૦૦૦-૧૫૦૦ લોગ. પચાસ વર્ષ પહલે સંક્ષેપ રુચિકી વ્યાખ્યા ચલતી થી. દસ રુચિ હૈ ન? સંક્ષેપ રુચિકી વ્યાખ્યા ચલતી થી. શ્વેતાંબરકા ઉત્તરાધ્યયન કા ૨૮વાં અધ્યયન હૈ. વહ પૂરા કંઠસ્થ થા, વહ તો પૂરા કંઠસ્થ થા, ૬૦૦૦ શ્લોક કંઠસ્થ થે. વહ ચલતા થા. મૈંને ઐસા કહા, સંક્ષેપ રુચિકા અર્થ ઐસા નહીં હૈ કિ વિપરીત દૃષ્ટિ બહુત હો ઔર થોડા જ્ઞાન હો ઔર સંક્ષેપ રુચિ હૈ ઐસી યહ બાત નહીં હૈ. એ.. દેવાનુપ્રિયા! ૧૯૮૦કા સાલ. ઔર ઉત્તરાધ્યયન કે ઉસ શ્લોક મેં ઐસા હૈ. '**अणमिग्गहियकुदिट्ठी,**' ઐસા પાઠ હૈ. '**अणमिग्गहिओ य सेसेसु**' એક પદમેં ઐસે દો બોલ હૈ. હમ તો પ્રત્યેક પદકા અર્થ કરતે થે ન. ઉસ વક્ત ભી, પચાસ વર્ષ પહલે. તો હમારે જો ગુરુભાઈ થે ઉનકા ઐસા આગ્રહ થા કિ હમારી સંપ્રદાય હૈ ઉસકી દૃષ્ટિ હૈ વહ સત્ય હૈ, બસ! દૂસરા વિશેષ ભલે ન હો. ઉસકા નામ સંક્ષેપ રુચિ. સ્થાનકવાસી કા ધર્મ હૈ, ઉસકો વિશેષ જ્ઞાન ન હો લેકિન ઉસ ધર્મવાલા હૈ વહ સંક્ષેપ રુચિ સમકિતી હૈ. ઐસી બાત પચાસ વર્ષ પહલે ચલી. કહા, વહ સબ જૂઠ બાત હૈ. સંપ્રદાયકી દૃષ્ટિ હૈ વહ સચ્ચી દૃષ્ટિ હૈ હી નહીં. '**अणमिग्गहिओ य सेसेसु**' શેષ જો વિપરીત માર્ગ હૈ ઉસકો ગ્રહણ કિયા ન હો ઔર જ્ઞાન અલ્પ હો તો સમ્યગ્દર્શન હૈ ઉસકી યહાં બાત હૈ. એ.. દેવાનુપ્રિયા! આપકે જૈસા હી પ્રશ્ન ઉસ દિન થા.

યહ તો પચાસ વર્ષ પહલેકી બાત હૈ. હમારે ગુરુભાઈ થે ઉનકો યહ બાત રુચિ નહીં. હમ તો વ્યાખ્યાન કરતે થે ઐસા હી કરતે થે. કોઈ સંપ્રદાય કી વિપરીત દૃષ્ટિ હૈ ઔર સંક્ષેપ જ્ઞાન હૈ ઔર સંક્ષેપ રુચિ હો જાય, ઐસા હૈ નહીં. હમારે ગુરુભાઈ થે ઉસે સહન નહીં હુઆ, બાહર બૈઠે થે. ભાગ ગયે, બાહર જંગલ મેં દિશા કે લિયે ચલે ગયે. દિશા સમજે? ઝાડા, આકર બોલે, તેરી બાત સુનકર મુજે તો ઐસા લગા ઈસલિય મૈં તો ભાગ ગયા. નહીં તો ઉસ વક્ત તકરાર (હો જાતી). મૈંને કહા, રહને દો, તકરાર કરકે ક્યા કામ હૈ? માર્ગ યહ હૈ. ...ધન્નાલાલજી! યે નારદ કહતે હૈં ઉસકે ભાંતિ.

વિશેષ જ્ઞાન ન હો, તુષ-માષ જિતના હો ઉસકો હો જાતા હૈ. લેકિન વિપરીત દૃષ્ટિ કા એક અંશ નહીં હૈ ઉસકે પાસ. ઔર જિતને ૩૬૩ પાખંડ હૈ ઉસકી અંશે રુચિ નહીં, સબ છૂટ ગયા હૈ. ઉસકો થોડા જ્ઞાન હો ઔર આત્મા કા અનુભવ હો તો સંક્ષેપ રુચિ સમકિત કહને મેં

આતા હૈ. 'ધન્નાલાલજી'! આહાહા..! યહ તો...

મુમુક્ષુ :- ..

ઉત્તર :- હાં, યહ શર્ત પહલી હૈ. બહુત ચર્ચા હુઈ થી. ૫૦ વર્ષ પહલે બહુત ચર્ચા (હુઈ થી). બાદ મેં એકાંત મેં બુલાયા, એકાંત મેં ચાર-પાંચ બૈઠે, ૧૯૮૦ કી સાલ. દેખિયે! જબ તક યહ બાત આપ ખુલી નહીં કરોગે તો હમ તો આપકી દૃષ્ટિ મિથ્યા માનતે હૈં. લેકિન યદિ બાહર મેં ખુલ્લી કરોગે (તો) હમ સંપ્રદાય છોડ દેંગે. હમ યહાં નહીં રહ સકેંગે. ઈસલિયે ગુપ્ત રખો. ખુલ્લી બાત (હૈ), યહાં ગુપ્ત (રખને કી) બાત નહીં હૈ. ફિર દબ ગયે. પછી શાંતિ, છ મહિના. બાદમેં ચૈત સુદી-તેરસકો તુફાન ખડા કિયા, મુહપત્તિ લે લો. લે લો. હમારી મુહપત્તિ હૈ હી નહીં. ૧૯૮૦ ચૈત સુદી-તેરસ. ૧૯૮૦ કી ચૈત સુદી-તેરસ કી યહ બાત હૈ. વહ બાત ૧૯૮૦ કી કાર્તિક સુદી-પૂનમ કી હૈ. ચૈત સુદી-તેરસકો મુહપત્તિ છોડ દી. ૧૯૯૧ મેં યહાં. વહ ભી તેરસથી. માર્ગ.. બાપૂ! અંતરમેં બૈઠે ઉસકે સિવા કિસીકા બૈઠે નહીં. દુનિયાકી કોઈ અસર હમેં નહીં લગતી કિ સંપ્રદાય મેં હમેં બડા માને, વહ (બાત) નહીં. માર્ગ તો ઐસા હૈ. પંડિતજી! પંડિતજી ... નર્મ ઈન્સાન હૈ ન. આહાહા..!

ભગવાનઆત્મા.. સંક્ષેપ રુચિ. થોડા જ્ઞાન હો, લેકિન વિપરીત જ્ઞાન કા અંશ નહીં હો. વિપરીત માર્ગ જિતને પાખંડ જગત મેં હૈ, ઉસ સંપ્રદાય કી વિપરીત દૃષ્ટિ આંશિક ભી ન હો. ઐસી દૃષ્ટિ રહિત જિસકો થોડે જ્ઞાન મેં આત્મા કા અનુભવ હુઆ હો તો સંક્ષેપ રુચિ સમકિત કહને મેં આતા હૈ. યહ તો ૫૦ સાલ પહલે કી બાત હૈ. યહાં તો જો હૈ સો હૈ. યહાં તો સંપ્રદાય મેં હૈ ઈસલિયે હમ ઉસસે બંધ ગયે હૈં, ઐસા હૈ નહીં. હમ તો જો સત્ય હૈ વહ સ્વીકાર કરતે હૈં. પંડિતજી! યે કહતે હૈં, થોડા જ્ઞાન હો ઔર ઐસા સબ જ્ઞાન નહીં હો તો? યે ઐસા કહતે હૈં. દૂસરી વિપરીત માન્યતા અંદર બહુત ઘુસ ગઈ હો ઉલટી. એ.. દેવાનુપ્રિયા! આહાહા..! દેવાનુપ્રિયા સમજતે હો? મનુષ્યભવ દેવ કો પ્રિય હૈ. ઐસા શ્વેતાંબરમેં બહુત ચલતા હૈ. દેવાનુપ્રિયા, ઐસા બોલે. હે દેવાનુપ્રિય! તુમ્હારા મનુષ્યભવ તો દેવકો ભી પ્રિય હૈ. સમજમેં આયા? આહાહા..!

કહતે હૈં, સંસારભાવના. ઉદયભાવ માત્ર દુઃખરૂપ હૈ, ઐસી સંસાર ભાવના જ્ઞાની ભાતે હૈં. સ્વર્ગકા ભવ મિલે તો ભગવાનકે પાસ જા સકે, ઐસા હૈ નહીં. ભવ હી સંસાર હૈ. ઉદયભાવકી વિચારણા કરતે હૈં વહ નહીં. ઓહો..! મૈં તો પરમપારિણામિક સ્વભાવમય ચૈતન્યબિંબ હૂં. ઐસે ઉદયભાવકા સંસારકા વિચાર કરકે સ્વભાવ સન્મુખ હો જાય ઔર વિકારકા ત્યાગ કર દે. ઉસકા નામ સંસારભાવના હૈ.

એકત્વભાવના. મૈં અકેલા હૂં. મેરે સાથ કિસીકા સંબંધ હૈ નહીં. મૈં અકેલા હૂં. '**एगो मे सासदो अप्पा**' 'નિયમસાર' મેં (૧૦૨ ગાથા મેં) આતા હૈ. '**णाणदंसणलक्खणो। सेसा मे बाहिरा भावा सव्वे संजोगलक्खणा**'. 'નિયમસાર' મેં આતા હૈ. '**एगो मे सासदो अप्पा**' મૈં અકેલા શાશ્વત ચિદાનંદ ધ્રુવ આત્મા હૂં. '**एगो मे सासदो अप्पा णाणदंसणलक्खणो**' મેરા

સ્વરૂપકા લક્ષણ તો જાનના-દેખના વહ મેરા લક્ષણ હૈ. દયા, દાન, વ્રત, ભક્તિ આદિ રાગ વહ કોઈ મેરા લક્ષણ ઔર મેરા સ્વરૂપ નહીં હૈ. આહાહા..! '**णाणदंसणलक्खणो सेसा मे बाहिरा भावा**' શરીર, વાણી, કર્મ, દેવ, ગુરુ, શાસ્ત્ર ઔર પુણ્ય-પાપ ભાવ સબ બહિર ભાવ હૈ, મેરે નહીં. આહાહા..! ધર્માત્મા પરીષહ ઔર ઉપસર્ગકે કાલ મેં ઐસી ભાવનાકા વિચાર કરે. સમજમેં આયા?

અન્યત્વભાવના. રાગાદિ સબ મેરે સે અન્ય હૈ. યહ એકત્વ હૈ, યહ અન્ય હૈ. રાગ અન્ય હૈ, શરીર અન્ય હૈ, સ્ત્રી, કુટુંબ, દેવ-ગુરુ-શાસ્ત્ર ભી મેરે સે તો અન્ય હૈ. આહાહા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- હાં, આતા હૈ. આ ગયા ન. ઈસમેં આ ગયા. કિતને મેં? 'નિયમસાર'મેં હૈ ઔર ઉસમેં ભી હૈ. '**एगो मे सासदो अप्पा**' ૫૯ ગાથા. '**णाणदंसणलक्खणो सेसा मे बाहिरा भावा सव्वे संजोलक्खणा**'. યહ ગાથા 'નિયમસાર'મેં ભી હૈ (૧૦૨ ગાથા) ઔર યહાં ભી હૈ. આહાહા..! 'કુંદકુંદાચાર્ય' કી હૈ. શાશ્વત રહનેવાલી ચીજ તો મૈં એક હી હૂં. અરે..! કેવલજ્ઞાન આદિ પર્યાય ભી નાશવાન હૈ. આહાહા..! કેવલજ્ઞાન ભી એક સમયકી પર્યાય હૈ, વહ નાશવાન હૈ. દૂસરે સમય વહ કેવલજ્ઞાનકી પર્યાય રહતી નહીં. આહાહા..! યહ ૩૮ ગાથામેં આયા હૈ, 'નિયમસાર' ૩૮ ગાથા. કેવલજ્ઞાન આદિ પર્યાય સબ નાશવાન હૈ. મૈં અવિનાશી ત્રિકાલી આનંદ હૂં. ઓહો..! ઐસી એકત્વભાવના ભાવે.

અન્યત્વ. મેરેસે સબ અન્ય હૈ. દેવ-ગુરુ ઔર શાસ્ત્ર ભી અન્ય હૈં. ઔર ઉસકી ભક્તિ ઉત્પન્ન હોતી હૈ વહ ભાવ ભી મેરે સે તો અન્ય હૈ. સમજમેં આયા? અન્યત્વ. અશુચિ. યહ શરીર અશુચિ હૈ. માંસ, હડ્ડી ઔર ચમડા હૈ. અરે..! વહ તો અશુચિ હૈ, લેકિન પુણ્ય-પાપકા ભાવ ભી અશુચિ હૈ. ૭૨ ગાથા, 'સમયસાર' કી ૭૨ ગાથા. શુભભાવ અશુચિ હૈ, મૈલ હૈ. આહાહા..! ભગવાનઆત્મા શુચિ હૈ. વહાં ઐસા લિયા હૈ. ભગવાન કહકર હી સંબોધન કિયા હૈ. ભગવાન! તેરા સ્વરૂપ તો પવિત્ર હૈ ન નાથ! શુભભાવ તો અશુચિ મૈલ હૈ. આહાહા..! ઐસી ભાવના કરને સે ઉપસર્ગ ઔર પરીષહકા દુઃખ અથવા પ્રતિકૂલતાકા ખ્યાલ છૂટ જાતા હૈ. સમજમેં આયા? અશુચિ.

આસ્રવ. પુણ્ય ઔર પાપ દોનોં આસ્રવ હૈ, વહ અશુચિ હૈ. આહાહા..! જિસ ભાવસે તીર્થંકર ગોત્ર બંધે વહ ભાવ ભી અશુચિ હૈ. ઐસા માર્ગ હૈ, ભગવાન! ભાવ આતા હૈ, વહ તો કહા. લેકિન હૈ તો અશુચિ. જિસસે બંધ હો વહ શુચિ કહાં સે હો? તીર્થંકર ગોત્રકા તો બંધ પડતા હૈ ઉસ ભાવસે. જિસ ભાવસે બંધ પડે ઉસમેં શુચિ કહાં સે આયી? ધર્મ સે બંધ પડતા હૈ? તીર્થંકર ગોત્ર જિસ ભાવ સે બંધે વહ ભી ધર્મ નહીં, વહ તો અધર્મ હૈ. સમજમેં આયા? કહા થા ન પહલે?

૧૯૮૫ કી સાલ. ૪૫ વર્ષ હુએ. વહ ભી બોટાદ સંપ્રદાય મેં હજારોં લોગ સભા મેં. ૧૯૮૫ કી બાત હૈ, પોષ માસ. જિસ ભાવ સે તીર્થંકર ગોત્ર બાંધે વહ ભાવ ધર્મ નહીં. વહ

આસ્રવભાવ હૈ. શાંતભાવ સે કહેં તો વહ અધર્મભાવ હૈ. ઐસા કહા. ૧૯૮૫, બોટાદ. ૪૫ વર્ષ હુએ. બડી સભા થી, બડે સેઠ ગૃહસ્થ લોગ (થે). બહુત પૈસેવાલે હૈ વહાં. ખલબલી! સભા મેં ખલબલી નહીં, સભા તો સુને. સાધુ બૈઠે થે (વહ) વોસરે.. વોસરે.. (બોલને લગે). યહ શ્રદ્ધા હમેં (કબૂલ નહીં). ભગવાન! શાંતિસે સુનો તો સહી.

ઐસી વિચારણા પુણ્ય-પાપકા ભાવ ભી આસ્રવ હૈ, ઐસી વિચારણા કરના વહ પરીષહ ઉપસર્ગકે સમય શાંતિકો લાના ઔર શુભભાવમેં રહે તો અશુભભાવ હોતા નહીં. ઐસી ભાવના કહતે હૈં. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પ્રવચન નં. ૧૩૦-B, ગાથા-૯૬-૯૭, ગુરુવાર, મહા વદ-૧૫, તા.૨૧-૨-૭૪

યહ અષ્ટપાહુડ હૈ, ભાવપાહુડ ચલતા હૈ. ૯૬ ગાથા. બાર ભાવનાકા અધિકાર હૈ. પહલે તો ક્યા કહતે હૈં? પહલે તો આત્મા આનંદ ઔર જ્ઞાયકસ્વરૂપ ધ્રુવ હૈ ઐસા અનુભવ મેં પહલે સમ્યગ્દર્શન હોતા હૈ. ઉસકે બાદ ક્યા બાત હૈ. વહ ઈસમેં આયેગા. પહલે બાત આ ગઈ હૈ. પહલેમેં પહલી ચીજ (યહ હૈ). આત્મા પર સે ભિન્ન, શરીર, કર્મસે ભિન્ન ઔર પુણ્ય-પાપકા વિકલ્પ જો હૈ ઉસસે ભી ભિન્ન ઔર એક સમયકી પર્યાયસે ભી ભિન્ન (હૈ). ઐસી ધ્રુવ ચીજ પરમાનંદકા સામાન્ય સ્વભાવ જો એકરૂપ, ઉસકા આશ્રય કરકે નિર્વિકલ્પ સમ્યગ્દર્શન પ્રથમ હોતા હૈ. ઉસમેં જિતને અનંત ગુણ હૈ ઉન સબ ગુણકા અંશ સમ્યગ્દર્શન હોનેપર સબ ગુણકા અંશ પ્રગટ હોતા હૈ. સમજમેં આયા? સર્વ ગુણાંશ તે સમકિત, ઐસા 'શ્રીમદ્'કા શબ્દ હૈ. અપને રહસ્યપૂર્ણ ચિટ્ઠી મેં (ભી આતા હૈ).

સમ્યક્ અનંત ગુણ જો આત્મા વસ્તુકી અપેક્ષા એક (હૈ), લેકિન શક્તિયાં-ગુણ-સ્વભાવ-ભાવ સત્કા પૂર્ણ સત્ત્વ ઐસી સત્ત્વ (સ્વરૂપ) અનંત શક્તિ ઉસમેં હૈ. એક-એક શક્તિમેં અનંત સામર્થ્ય હૈ. ઐસા અનંત ગુણરૂપી આત્માકા સામર્થ્ય જો સ્વભાવ, ઉસકી ધ્રુવતા નિત્યતા '**भूदत्थमस्सिदो खलु**'. ગ્યારહવીં ગાથા. ભૂતાર્થ સત્યાર્થ એક સમયમેં ત્રિકાલ વસ્તુ ઉસકી દૃષ્ટિ કરનેસે, ઉસકા આશ્રય કરનેસે પ્રથમ સમ્યગ્દર્શન હોતા હૈ. ઈસ સમ્યગ્દર્શનમેં અપના આનંદ સ્વભાવ હૈ ઉસકા સ્વાદ આતા હૈ ઔર ઉસ સમ્યગ્દર્શનમેં જો વીર્ય નામકા ગુણ હૈ વહ શુદ્ધતાકી પર્યાયકી રચના કરતે હૈં. ઐસા પ્રતીત મેં આતા હૈ. સમજમેં આયા? શુભ-અશુભભાવકી રચના કરે વહ વીર્ય નહીં.

અપને સ્વરૂપમેં એક વીર્ય નામકા ગુણ હૈ. વહ અપની જિતની શક્તિયાં હૈ ઉન સબકી શુદ્ધપને પવિત્રપને આનંદપને સ્વચ્છતાપને સ્વતંત્રતાકે અખંડ પ્રતાપ સે શોભિત, ઐસી અનંતી પર્યાયકી નિર્મલતાકી વીર્ય રચના કરે. ઐસા પ્રતીતમેં પહલે આતા હૈ. સૂક્ષ્મ બાત હૈ, ભગવાન! પહલે સમ્યગ્દર્શન ચીજ હી ઐસી હૈ. ઉસે પ્રાપ્ત કિયે બિના જો કોઈ વ્રતાદિ યા નિયમાદિ હૈ વહ તો વિકલ્પ હૈ, વહ તો બંધકા કારણ હૈ. ભગવાનઆત્મા અબંધસ્વરૂપી (હૈ).

પહલે બાત આ ગઈ હૈ. જિનભાવના. જિનભાવનાકા અર્થ હી યહ હૈ કિ વીતરાગી પર્યાયસે અપને ત્રિકાલ સ્વભાવકી દૃષ્ટિ રુચિ કરના ઔર ઉસમેં એકાગ્ર હોના ઉસકા નામ જિનભાવના કહો, સમ્યગ્દર્શન કહો, વીતરાગી પર્યાય કહો યા મોક્ષમાર્ગ સ્વભાવકે આશ્રયસે એકાગ્ર હોતા હૈ તો ઉસકો મોક્ષમાર્ગ કહો, વહ હોને કે બાદ કી યહાં બાત હૈ. ક્યા કહતે હૈં?

બારહ ભાવના ભાતે હૈં. મુખ્ય મુનિકી બાત હૈ, (ઉનકે) ઉદ્દેશ્ય સે બાત કરતે હૈં. મુનિકો આત્મદર્શન, આત્માકા અનુભવ ઉપરાંત મુનિકો તો સ્વસંવેદન પ્રત્યક્ષ બહુત આનંદકી પ્રાપ્તિકા અનુભવ હૈ. સમજમેં આયા? સ્વસંવેદન પ્રચુર. વહ પાંચવીં ગાથામેં હૈ. 'સમયસાર'. પ્રચુર સ્વસંવેદન. સાધુપના કોઈ નગ્નપના યા મહાવ્રતકા વિકલ્પ યે કોઈ સાધુપના નહીં. અંતર આત્માકા પ્રચુર વિશેષ સ્વ-અપના સં-પ્રત્યક્ષ આનંદકા પ્રચુર વેદન આના ઉસકા નામ મુનિપના હૈ. ઈસ મુનિપને મેં ઐસી ભાવના ભાની, ઐસા કહતે હૈં. સમજમેં આયા?

યહાં તક અપને આયા હૈ-આસ્રવભાવના, આસ્રવભાવના. સમ્યગ્દૃષ્ટિ જીવ આસ્રવભાવકા વિચાર કરતે હૈં તો ઐસા કરતે હૈં કિ જો શુભ ઔર અશુભ દોનોં ભાવ અશુચિ ઔર મૈલ હૈ ઔર શુભ-અશુભ દોનોં ભાવ જડ હૈ. ઉસમેં જ્ઞાનાનંદ સ્વભાવ ભગવાન, જ્ઞાનકી પર્યાય અશુદ્ધ ભાવમેં આસ્રવમેં આતી નહીં. આહાહા..! ચાહે તો વ્રતકા વિકલ્પ હો યા અવ્રતકા વિકલ્પ હો, ભગવાનકી ભક્તિકા વિકલ્પ હો, સબ આસ્રવ હૈ ઔર વહ જડ હૈ. ૭૨ ગાથા મેં આયા હૈ. 'સમયસાર' ૭૨ (ગાથા)મેં આયા હૈ. આહાહા..! ઐસી આસ્રવભાવનાકા વિચાર કરે ઔર વહ પુણ્ય ઔર પાપકા ભાવ દુઃખરૂપ હૈ. વહ તીસરા બોલ હૈ. અશુચિ હૈ, જડ હૈ, દુઃખરૂપ હૈ. ભગવાનઆત્મા શુચિ પવિત્ર હૈ, ચૈતન્ય જ્ઞાતા-દૃષ્ટા હૈ ઔર આનંદસ્વરૂપ હૈ. આહાહા..! ઐસી આસ્રવકી વિચારણા કરના ઉસકા નામ આસ્રવભાવના હૈ. હૈ તો શુભ વિકલ્પ. સમજ મેં આયા?

મુમુક્ષુ :- ... સંવર કહા હૈ.

ઉત્તર :- સંવર કહા હૈ, લેકિન યહાં તો નવકી વિચારણા હૈ ન. સમજમેં આયા? અનુપ્રેક્ષાકો તો વહાં સંવર કહા હૈ. યહાં પચીસ મહાવ્રત કી ભાવના ઔર ઈસ ભાવના કો સાથ મેં લેકર બાત કહી હૈ. સમજ મેં આયા?

જૈસે દસલક્ષણ ધર્મ હૈ વહ તો અપની પવિત્ર દશા હૈ ઉસકા નામ દસલક્ષણ હૈ. લેકિન દસલક્ષણ ધર્મ મેં ભી શુભ વિકલ્પ ઉઠતે હૈં ઉસકો ભી દસલક્ષણ ધર્મ કા આરોપ (લગાતે હૈં). 'કાર્તિકેયાનુપ્રેક્ષા'મેં કહા હૈ. સમજમેં આયા? વિકલ્પ ઉઠતા હૈ ન દસલક્ષણ ધર્મકી વિચારણામેં? વહ આગે આયેગા. ધર્મભાવના લેતે હૈં ન, ઉસમેં આયેગા.

યહાં તો માત્ર આસ્રવકી વિચારણા (કરતે હૈં). બાપૂ! યહ તો અપૂર્વ બાત હૈ, ભગવાન! અનંત કાલમેં ઉસને કભી આત્માકી પ્રાપ્તિકી નહીં. 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો'. મુનિવ્રત ધાર દિગંબર સંત હોકર... 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો, પૈ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો'. .. પંચમહાવ્રતકા પરિણામ, વ્યવહાર સમિતિ, ગુપ્તિકા ભાવ દુઃખરૂપ હૈ. ક્યોંકિ ઐસે પંચમહાવ્રત આદિ મુનિવ્રત લિયા લેકીન આત્મસુખ

નહીં પાયા. ઉસકા અર્થ કિ દુઃખ પાયા. 'ધન્નાલાલજી'! બાત ઐસી હૈ, ભગવાન! આત્મજ્ઞાન બિન લેશ સુખ (ન પાયો). આસ્રવભાવ, પંચમહાવ્રતાદિ ભાવ સબ દુઃખરૂપ હૈ. આહાહા..! ઔર વહ દુઃખકા કારણ હૈ, વહ આત્માકી શાંતિકા કારણ આસ્રવભાવ શુભભાવ નહીં. આહાહા..! સમજમેં આયા? ઐસી વિચારણા સમ્યગ્દૃષ્ટિ જીવ (કરતે હૈં). આહાહા..! અપને સ્વભાવ સન્મુખ અનુભવ હુઆ હૈ ઔર અનુભવ મેં સમ્યર્ગ્શન મેં આનંદ આયા હૈ. ઈસ આનંદકી ભૂમિકામેં ઐસા વિચાર કરતે હૈં. સમજમેં આયા? વીતરાગ માર્ગ હૈ, ભગવાન! અપૂર્વ સૂક્ષ્મ બાત હૈ. યે કોઈ બાહરસે મીલ જાય ઐસી ચીજ નહીં. કહતે હૈં કિ આસ્રવભાવકી વિચારણા ઈસ પ્રકાર કરે.

સંવરભાવના. રાગકે વિકલ્પસે ભિન્ન હોકર અપની ચીજ મેં લીનતા કરના વહી સંવર હૈ. ઐસી સંવરભાવનાકા વિચાર સમકિતી કરે. વૈસે તો બારહ ભાવનાકો સંવર મેં ડાલા હૈ. કહા ન? તત્ત્વાર્થ સૂત્રમેં. ઉસ બારહ ભાવનામેં જો વિકલ્પ ઉઠતા હૈ ઉસમેં સ્વભાવકા આશ્રય ઔર લક્ષ્ય કરકે ઐસી ભાવનામેં શુભભાવ આતા હૈ. 'ધન્નાલાલજી'! ઐસી બાત હૈ. સંવરભાવના. આહાહા..! રાગ પુણ્ય-પાપ કે વિકલ્પસે મેરી ચીજ ભિન્ન (હૈ), ઉસમેં લીનતાકા હોના, શુદ્ધતાકી ઉત્પત્તિ હોના, શુદ્ધભાવ ઔર શુદ્ધઉપયોગ ઉત્પન્ન હોના વહ સંવર હૈ. આહાહા..! તત્ત્વકી વાસ્તવિકતા ભી જિસકી વ્યવહાર શ્રદ્ધામેં ભી નહીં હૈ, ઉસકો વાસ્તવિક અનુભવદૃષ્ટિ તો હોતી નહીં. આહાહા..! ક્યા કહતે હૈં?

સંવરભાવના ઔર નિર્જરાભાવના. સમ્યગ્દૃષ્ટિ ચૈતન્યકા અનુભવ હોનેપર ભી ઔર અપને સ્વભાવકે સન્મુખ હોનેપર ભી ઉસકો નિર્જરાકી વિચારણા આતી હૈ. નિર્જરા તીન પ્રકારકી હૈ. એક, અપને શુદ્ધઉપયોગમેં આના વહ શુદ્ધઉપયોગ હી નિર્જરા હૈ. સમજમેં આયા? શુભ-અશુભસે રહિત અપને ચૈતન્યકા ઉપયોગ શુદ્ધ આચરણમેં આના, ઉસ શુદ્ધઉપયોગકો ભી નિર્જરા કહા હૈ. ઔર અશુદ્ધઉપયોગકા નાશ હો વહ નિર્જરા હૈ. ઔર ઉસકા નિમિત્ત પાકર કર્મકી નિર્જરા હો વહ સદ્ભુત વ્યવહારનયસે કર્મકી નિર્જરા કહનેમેં આતી હૈ. સમજ મેં આયા? જબ ચૈતન્ય સ્વભાવ ભગવાન પૂર્ણ આનંદકા નાથ જિસને અંતરમેં દૃષ્ટિમેં આલંબનમેં-આશ્રયમેં લિયા હૈ વહ ઐસી ભાવના કરતે હૈં કિ ઓહો..! મેરી ચીજમેં શુદ્ધઉપયોગસે લીન હોના વહ નિર્જરા હૈ. વહ અસ્તિસે કહા.

અશુદ્ધ પરિણામકા, શુભાશુભ ભાવ દોનોં અશુદ્ધ હૈ ઉસકા નાશ હોના વહ ભી નિર્જરા હૈ. ઔર ઐસા શુદ્ધભાવકા નિમિત્ત હોનેસે કર્મમેં જો નિર્જરા સ્વતંત્ર ઉસકે કારણસે જો કર્મકી પર્યાય હૈ ઉસમેં સે કુછએક અકર્મ પર્યાય હો જાય. સમજ મેં આયા? વહ કર્મ કે કારણ સે (હોતા હૈ). ઐસી વિચારણા સમ્યગ્દૃષ્ટિ અપની અનુભૂતિકી પર્યાયમેં સાવધાન હૈ.. આહાહા..! સમજમેં આયા? તો ઐસી વિચારણા કરતે હૈં.

મુમુક્ષુ :- નિર્જરા..

ઉત્તર :- ઐસી હૈ, યહ તો બહુત બાર આ ગયા હૈ. 'પ્રવચનસાર'મેં હૈ, 'પંચાસ્તિકાય'મેં હૈ. 'પંચાસ્તિકાય'મેં હૈ.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ઈસીલિયે તો સ્પષ્ટીકરણ કરના પડા. કર્મકી નિર્જરા વહ તો જડકી નિર્જરા હૈ, ઉસકે સાથ આત્માકા ક્યા સંબંધ? અપના ચૈતન્ય શુદ્ધ સ્વરૂપ વીતરાગમૂર્તિ પ્રભુઆત્મા હૈ, આત્મા વીતરાગસ્વભાવી વીતરાગસ્વરૂપી આત્મા હૈ. આહાહા..! ઉસકે અંદર શુદ્ધઉપયોગસે લીનતા કરના. કિતને હી કહતે હૈં શુદ્ધઉપયોગ તો અભી હૈ નહીં. આહાહા..! તો તો ધર્મ હૈ નહીં, સમકિત હૈ નહીં, કુછ નહીં હૈ.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- સો પ્રતિશત જૂઠી. આહાહા..! સમજમેં આયા? ભગવાનઆત્મા.. બાપૂ! પ્રભુ! પૂર્ણ સંપદા આનંદકી સપંદાસે તો તેરા નાથ ભરા પડા હૈ. આહાહા..! ઉસમેં શુદ્ધઉપયોગકો લગાના... આહાહા..! સમ્યગ્દર્શન તો હૈ, ઉસકી બાત હૈ. સમજ મેં આયા? ઈસકે ઉપરાંત અંતરમેં ધ્રુવ ચૈતન્યકી દૃષ્ટિ હૈ ઉસ ધ્રુવમેં ઉપયોગ લગાના. આહાહા..! જગત તો ઐસે હી અનંત કાલસે ચલા જા રહા હૈ. યે ચીજકો સમજા નહીં કભી. આહાહા..! મુનિવ્રત લે લિયા, શ્રાવકકે બારહ વ્રત ભી અનંત બાર લિયે, વહ તો સબ આસ્રવ હૈ, ઉસમેં ધર્મ કહાં? 'ધરમચંદભાઈ'! આહાહા..!

કહતે હૈં, નિર્જરાભાવના. તીન પ્રકાર કી નિર્જરા કહી. શુદ્ધઉપયોગ વહ શુદ્ધનિશ્ચયસે નિર્જરા. અશુદ્ધઉપયોગકા નાશ વહ અશુદ્ધનિશ્ચય સે નિર્જરા ઔર કર્મકી નિર્જરા વહ અસદ્‌ભૂત વ્યવહારનયસે નિર્જરા. સમજમેં આયા? વસ્તુ ઐસી હૈ, ભગવાન! યહાં તો આત્માકો ભગવાન કહકર હી બુલાતે હૈં. ભગવાન પૂર્ણાનંદકા નાથ હૈ. ભગ નામ આનંદ ઔર જ્ઞાનકી લક્ષ્મીવાન તુમ તો હો. રાગ ઔર પુણ્યવાલે તુમ નહીં હો. વહ તો આસ્રવ હૈ. આત્મા આસ્રવવાલા હૈ? આહાહા..!

મુમુક્ષુ :- દ્રવ્યલિંગી મુનિ ઐસી ભાવના કરતા હોગા કિ નહીં?

ઉત્તર :- અજ્ઞાનમેં વિકલ્પસે કરે, લેકિન વસ્તુકા ભાન નહીં હૈ. બારહ અંગ પઢા હૈ તો ઉસકો વિચારણાતો આતી હૈ, લેકિન વહ વિકલ્પકી વિચારણા હૈ. યહ તો નિર્વિકલ્પ દૃષ્ટિપૂર્વક વિકલ્પ આતા હૈ ઉસકી બાત હૈ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ધૂલ ભી .. હોતા નહીં. પ્રતિક્ષણ બંધન હોતા હૈ. ક્યા કહતે હૈં?

મુમુક્ષુ :- અંતિમ ગ્રૈવેયક ગયા.

ઉત્તર :- અંતિમ ગ્રૈવેયક ગયા ઉસમેં ક્યા હુઆ? મકખી યહાં-સે ઉડકર લકડીમેં ગઈ તો ક્યા ઉપર ગઈ? મનુષ્યસેં ઉચી હો ગયા, મખ્ખી હૈ વહ ઊડકર ઉપર જાતી હૈ તો મનુષ્યસે ઊંચી હો ગઈ? ઐસે શુભભાવસે ઐસી શુક્લલેશ્યા હોતી હૈ. અભવિકો ભી હોતી હૈ, ભવિકોભી હોતી હૈ. શુક્લલેશ્યા સે નૌંવીં ગ્રૈવેયક જાઓ, વહ શુક્લલેશ્યા બંધકા કારણ હૈ. ભગવાનઆત્મા અબંધસ્વરૂપ-'**अबद्धपुट्ठं**' ઐસા પરકે બંધનસે રહિત, ઐસી અંદરમેં

અબદ્ધસ્વરૂપ ચૈતન્ય, અસ્તિ સે કહેં તો મુક્તસ્વરૂપ ભગવાન (હૈ). અબદ્ધસ્વરૂપ તો પરકી નાસ્તિકી અપેક્ષાસે કહા. મુક્તસ્વરૂપ ભગવાનકા સ્પર્શ ન હો ઔર ભગવાનઆત્માકા અંદર મેં વેદન ન હો, તબતક તો વહ મિથ્યાદૃષ્ટિ હૈ. માર્ગ તો પરમાત્માકા ઐસા હૈ, પ્રભુ! કહો, સમજમેં આયા? ક્યા કહા? ઉપર નૌંવીં ગ્રૈવેયક ગયા તો ક્યા નિર્જરા હો ગઈ? અકામનિર્જરા હૈ. અશુભકા કુછ અભાવ હુઆ. લેકિન અશુભ જો મિથ્યાત્વ હૈ ઉસકા તો અભાવ હુઆ નહીં. મૂલ અશુભ તો મિથ્યાત્વ હૈ. ઐસા અભાવ કિયે બિના અકેલી અકામનિર્જરા ઉસકો કુછ લાભદાયક નહીં. નૌંવી ગ્રૈવેયક ગયા. 'દ્રવ્યસંયમ સે ગ્રૈવેયક પાયો, ફિર પીછે પટક્યો'. વહ સજ્ઝાય મેં આતા હૈ. મિથ્યાદૃષ્ટિકો રાગ કી રુચિ હૈ, અપને દ્રવ્ય કી રુચિ તો હુઈ નહીં. અપના ભગવાન આનંદસ્વભાવકા તો પ્રેમ આયા નહીં ઔર શુભભાવકા પ્રેમ ગયા નહીં. આહાહા..! ઉસકો તો આત્મા પ્રતિ દ્વેષ હૈ. જિસકો શુભરાગકા પ્રેમ હૈ ઉસકો આત્મા સ્વભાવ કે પ્રતિ દ્વેષ હૈ. આહાહા..!

'આનંદઘનજી' કહતે હૈં. શ્વેતાંબર. 'દ્વેષ અરોચક ભાવ.' 'સંભવનાથ'કી સ્તુતિકી હૈ. તીસરે સંભવનાથ ભગવાન. 'સંભવદેવ ... લહી પ્રભુ સેવ ન ...સેવન કારણ પ્રથમ ભૂમિકા, ઉભય અદ્વેષ અખેદ...' ઐસા લિયા હૈ. અદ્વેષ કી વ્યાખ્યા ઐસી કી હૈ. આત્માકે પ્રતિ પ્રેમ હોના ઔર રાગ પ્રતિકા પ્રેમ છૂટ જાના વહ અદ્વેષ ભાવ હૈ. લેકિન રાગકે પ્રતિ પ્રેમ રહના ઔર સ્વભાવકે પ્રતિ રુચિ ઔર પ્રેમ નહીં રહેના વહ દ્વેષ હૈ. આહાહા..! પરમાત્માકે માર્ગમેં સ્પષ્ટ હૈ. તીન લોક કે નાથ સર્વજ્ઞ પરમેશ્વર તીન કાલ તીન લોક દેખકર, વાણી તો વાણીકે કારણ ઉત્પન્ન હુઈ. વાણીમેં સ્વપર યથાર્થ કહને કી તાકત હૈ. વાણીમેં ભી સ્વપરકી કથા કરનેકી તાકત હૈ. વાણી ભગવાનકી ઐસી આઈ... આહાહા..! નિમિત્તસે કહનેમેં આતા હૈ, વાણી તો વાણી કી હૈ. આહા..! નિર્જરા. જિસમેં પવિત્રતાકી પરિણતિ પ્રગટ ન હો વહ નિર્જરા કહાં-સે આયી? વહ ભાવના (હુઈ).

લોકભાવના. ચૌદહ રાજૂલોક સર્વજ્ઞને કહા ઐસી વિચારણા હૈ તો વિકલ્પ, લેકિન અંદરમેં દૃષ્ટિપૂર્વક અંતર વિચારધારા ચલતી હૈ તો ઉસ અપેક્ષા સે જિતની અંદરમેં સ્થિરતા હૈ ઉસ અપેક્ષાસે સંવર કહા. ઔર વિકલ્પકી અપેક્ષાસે ઉસકો આસ્રવ કહા. આહા..!

બોધિદુર્લભ. અહો..! સમ્યગ્દર્શન, જ્ઞાન ઔર ચારિત્ર યે તીનોં મિલકર બોધિ કહનેમેં આતા હૈ. બોધિદુર્લભ હૈ. જગતકા પદાર્થ મિલના વહ તો સુલભ હૈ. સમજમેં આયા? પૈસા મિલના, લક્ષ્મી મિલના, આબરૂ મિલના, સ્ત્રી, કુટુંબ અનુકૂલ મિલના, સ્વર્ગ મિલના વહ તો સુલભ હૈ. આત્માકી દૃષ્ટિ, જ્ઞાન ઔર લીનતા હોના વહ દુર્લભ હૈ. સમજમેં આયા? કુછ વ્રત પાલના ઔર લેના વહ કોઈ દુર્લભ ચીજ નહીં. વહ તો અનંત કાલસે ઉસને શુભભાવ લિયા હૈ વહ તો સુલભ હૈ. સમજમેં આયા? ભગવાનઆત્મા... પર્યાય મેં ઐસી વિચારણા હોતી હૈ. આહાહા..! બોધિદુર્લભભાવના. અહો..! ભગવાનઆત્મા, ઉસકી દૃષ્ટિ, ઉસકા જ્ઞાન ઔર ઉસમેં લીનતા નિર્વિકલ્પ દશા, તીનોંકી એકતા દુર્લભ હૈ. સમજમેં આયા? કોઈ પુણ્ય પાના ઔર પુણ્યકી લક્ષ્મી દો, પાંચ કરોડ-ધૂલ મિલના વહ કોઈ દુર્લભ નહીં, સુલભ હૈ. દૂસરી

દૃષ્ટિસે કહેં તો સમ્યગ્દર્શન, જ્ઞાન પાના સુલભ હૈ. ક્યોંકિ અપને આત્માકે આશ્રયસે સ્વતંત્ર ઉત્પન્ન હોતા હૈ ઔર પૈસે આદિ મિલના વહ દુર્લભ હૈ. ક્યોં? પૂર્વકા પુણ્ય હો તો મિલતા હૈ. પુરુષાર્થસે મિલતા નહીં. .. હૈ ન? ક્યા કહતે હૈં? 'તત્ત્વજ્ઞાન તરંગિણી' મેં હૈ. 'તત્ત્વજ્ઞાન તરંગિણી' હૈ ન? 'શુભચંદ્રાચાર્ય'કી બનાઈ હુઈ, ઉસમેં હૈ. દો બાત કહી. અપની ચીજ હૈ લેકિન ઉસ ચીજકી દૃષ્ટિ ઔર જ્ઞાન ઔર શાંતિ પ્રાપ્ત કરના તો દુર્લભ હૈ. ક્યોંકિ અનંત કાલમેં હુઆ નહીં ઔર યે લક્ષ્મી આદિ, આબરૂ આદિ, શરીર સુંદર, સ્ત્રી અનુકૂલ મિલના તો સુલભ હૈ. ફિર ગુંલાટ મારકર બાત કરતે હૈં, લક્ષ્મી ઔર શરીરકી સુંદરતા ઔર અનુકૂલતા મિલના દુર્લભ હૈ. ક્યોંકિ પુરુષાર્થ આધિન નહીં, વહ તો પૂર્વકા પુણ્ય હો તો મિલતા હૈ. ઔર સમ્યગ્દર્શન, જ્ઞાન સુલભ હૈ. ક્યોંકિ કોઈ પરકા આશ્રય ઉસમેં હૈ નહીં. આહાહા..! સમજમેં આયા? 'તત્ત્વજ્ઞાન તરંગિણી'મેં દો બોલ લિયે હૈં. વહ તો અનેક પ્રકાર સે વિચિત્ર બાત (કહી હૈ). વસ્તુકી સ્થિતિ મર્યાદા હૈ વહ કહતે હૈં. આહા..!

યહાં તો બોધિદુર્લભભાવનાકી બાત હૈ. ઓહો..! દુર્લભ્ય. દુર્લભ હૈ ન? દુર્લભ્ય. મહા પુરુષાર્થસે પ્રાપ્ત હોતા હૈ.

મુમુક્ષુ :- ..જરૂરત નહીં હૈ?

ઉત્તર :- ઈસમેં પુણ્ય કી જરૂરત જરા ભી નહીં.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ઉસસે તો લાભ હોતા હી નહીં. સુનને સે ધર્મ હોતા હૈ ઐસા હૈ નહીં. અનંત બૈર ભગવાનકી વાણી સમવસરણમેં સુની. 'કેવળી આગળ રહી ગયો કોરો.' યહ હમારી ગુજરાતી ભાષા હૈ. સજ્ઝાયમાળા હૈ ન? ચાર હૈ. શ્વેતાંબરમેં ચાર સજ્ઝાયમાળા હૈ. એક સજ્ઝાયમાળામેં સજ્ઝાય હોતી હૈ. સમજે ન? 'સહજાનંદી રે આતમા... સહજાનંદી રે આતમા.. કેમ સૂતો તું નિશ્ચિંત રે, મોહ તણા રે રણિયા ભમે.' અરે..! તું કેમ નિશ્ચિંત સૂતો? પ્રભુ! સર પર મોહકા, રાગ ઔર દ્વેષકા દેણા હૈ. દેણા સમજતે હો? દેણાકો ક્યા કહતે હૈં? કર્જ. 'મોહ તણા રણિયા ભમે'. 'જાગ.. જાગ મતિવંત રે...લૂંટે જગતના જંત રે..' જગતકે જન-સ્ત્રી (કહતી હૈ), ફિર હમસે ક્યોં બ્યાહ કિયા? વહ સબ લૂટનેવાલે ઈકટ્ઠે હુએ હૈં. ક્યા કહા? વહ 'નિયમસાર'મેં આતા હૈ ન? ઠગ કી ટોલી તુજે મિલી હૈ. પંડિતજી! સ્ત્રી, પુત્ર, મા-બાપ સબ ઠગકી ટોલી હૈ. 'નિયમસાર'મેં આયા હૈ.

મુજે તો દૂસરા કહના હૈ. ઐસી સજ્ઝાય હૈ વૈસી બહુત હૈ. વૈસી ૨૦૦-૩૦૦ સજ્ઝાય હૈ. ઐસે-ઐસે ચાર પુસ્તક હૈ. હમ તો દુકાન પર થે તબ સબ પઢા થા. સંવત ૧૯૬૫-૬૬કા વર્ષ. હમારે તો નિવૃત્તિ થી. પિતાજીકી દુકાન થી. સબ સજ્ઝાય દેખી હૈ. ઉસમેં યહ એક આયા થા કિ 'દ્રવ્યસંયમ સે ગ્રૈવેયક પાયો, ફેર પીછો પટક્યો' ઔર 'કેવળી આગળ રહી ગયો કોરો'. યે દો શબ્દ આયે થે. 'વીરચંદભાઈ'! આહાહા..! કેવળી આગળ રહી ગયો કોરો. સમજતે હો? કિ કેવલી કી સભામેં ગયા લેકિન કોરા રહા, તૂને આત્માકી દૃષ્ટિ કી નહીં. આહાહા..! શેઠ! સુના, ભગવાન કે પાસ સુના.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બારહ પ્રકાર કી સભા, બાર ગાઉ ચૌદ જોજન મેં સબ શાંતિ સે સુનતે હૈં. પશુ ભી અપની ભાષામેં સમજ જાતે હૈં. સમવસરણમેં ઐસા સુના. લેકિન અંતર ચીજ જો ભગવાન કહતે થે કિ રાગ ઔર પર્યાય જિતના આત્મા નહીં. વહ તો ત્રિકાલી ભગવાન પૂર્ણાનંદ હૈ, ઉસ ઓરકી દૃષ્ટિ નહીં કી. આહાહા..! સમજમેં આયા?

મુમુક્ષુ :- સંસ્કાર દેનારો નજીક આવે તો થાય.

ઉત્તર :- પુરુષાર્થ કરે તો સંસ્કાર દેનેવાલા કરીબ આયે પુરુષાર્થ કિયા બિના આતા હૈ? અપને સ્વભાવ સન્મુખ પુરુષાર્થ કરે તો ઉસકે સંસારકા કિનારા આ ગયા. સમજમેં આયા? આહા..! કહા ન? પરિત સંસાર હો ગયા. આત્મા કે સ્વરૂપ કી અનુભવ દૃષ્ટિ હુઈ.. સમજે? પરિત સંસાર હો ગયા. સંસાર અલ્પ રહા. શાસ્ત્રમેં-'ધવલ' મેં આતા હૈ. સમજમેં આયા? પરિત-અપરિત સંસારકી વ્યાખ્યા ચલતી હૈ ન. બહુત બાત હૈ. સમ્યગ્દર્શન પાનેસે સંસાર પરિત હો ગયા. ક્યોંકિ મિથ્યાત્વકા નાશ હુઆ, વહ મિથ્યાત્વહી અપરિત સંસાર થા. અનંત સંસારકા કારણ જો મિથ્યાત્વથા ઉસકો જિસને ભગવાનઆત્માકે અવલંબનસે નાશ કિયા, ઉસકા અપરિત સંસાર-અનંત સંસારકા નાશ હુઆ. અલ્પ રહા. એક, દો ભવ, પાંચભવ (રહે). આહાહા..! પુરુષાર્થ હુએ બિના મિલ જાય (ઐસા નહીં હૈ). આહાહા..!

મુમુક્ષુ :- અંજન ચોર..

ઉત્તર :- ઉસે કુછ હુઆ નહીં, ઉસે હુઆ નહીં. બહુત પુરુષાર્થ કિયા તબ અંતર નિર્વિકલ્પ દૃષ્ટિ (હુઈ) તબ ઉસે સમકિત હુઆ હૈ. અંજન ચોરમેં તો માત્ર વ્યવહાર સમકિતકા એક અંશ નિઃશંક ગિનકર વ્યવહાર ગિના ઔર વ્યવહારકા નિશ્ચયમેં આરોપ કરકે કહા. બાકી અંજન ચોરમેં સમકિત નહીં થા. એય..! નિઃશંકકા એક અંશ વ્યવહારકા ગિનકર ઉસે વ્યવહાર સમકિત કહા ઔર વ્યવહારકા આરોપ કરકે ભવિષ્યમેં નિશ્ચય પાનેવાલા હી હૈ, ઈસલિયે ઉસે નિશ્ચયમેં ગિના. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વહ જૂઠી વસ્તુ હૈ. 'મોક્ષમાર્ગ પ્રકાશક' મેં ખુલાસા કિયા હૈ કિ અંજન ચોરકો ... 'મોક્ષમાર્ગ પ્રકાશક'મેં હૈ. વહાં તો ઉસે વ્યવહાર સમકિત ભી નહીં થા. વ્યવહાર સમકિતમેં તો નિઃશંક આદિકી બાત હૈ ઔર યે તો એક હી .. થા. લેકિન વહ ભવિષ્યમેં નિશ્ચય સમ્યક્ અનુભવ આત્માકે આશ્રયસે પાનેવાલા જીવ હૈ તો ઉસમેં વ્યવહારકે અંશકા-વ્યવહારકા આરોપ કિયા ઔર વ્યવહારમેં નિશ્ચયકા આરોપ કિયા. ઐસે કથન કિયા. સમજમેં આયા? આહા..!

બોધિદુર્લભભાવના. ધર્મભાવના. ધર્મી ધર્મકી વિચારણા કરતે હૈં. વીતરાગી સ્વરૂપ મેરા ધર્મ હૈ. નિર્મલ શુદ્ધ નિર્લોભતા, અકિંચનતા ઈત્યાદિ મેરી દશા-વીતરાગી દશા ધર્મ હૈ. આહાહા..! ઐસી ધર્મકી વિચારણા કરતે હૈં. સમ્યગ્દૃષ્ટિ સહિતકી બાત હૈ. સમ્યગ્દર્શનમેં વહાં

... કી ભાવના હોતી નહીં. **'ઔર પચ્ચીસ ભાવનાઓંકા ભાના...'** પાંચ મહાવ્રતકી પચ્ચીસ ભાવના હૈ તો વિકલ્પ. ક્યોંકિ મહાવ્રત સ્વયં વિકલ્પ, આસ્રવ હૈ. લેકિન ઉસકે અતિચાર ટાલનેકો ઐસી વિચારણા કરતે હૈં. સ્વભાવકી દૃષ્ટિ-આશ્રય, લક્ષ્ય રખકર. ઐસી બાત હૈ. ઈતની શર્ત હૈ. ઈસ શર્તકે બિના બાત નહીં. ઐસી બાત હૈ, ભગવાન! ક્યા કહે? પચ્ચીસ ભાવના. હૈ તો પચ્ચીસ ભાવના વિકલ્પ, રાગ, લેકિન ઉસ વિચારણામેં રુકને સે અશુભ નહીં હોતા હૈ, લેકિન શુદ્ધકા તો લક્ષ્ય હૈ. તો ઉસકો ભાવના ભાના વ્યવહાર સે કહનેમેં આયા હૈ.

**'ઈનકા બારમ્બાર ચિન્તન કરનેસે કષ્ટમેં પરિણામ બિગડતે નહીં હૈ,...'** બસ, યહ બાત (હૈ). પ્રતિકૂલ પરીષહ ઔર ઉપસર્ગ હો તો ઐસી વિચારણા રહનેસે કષ્ટ નામ દુઃખદાયક પરિણામ ઉત્પન્ન નહીં હોતા. સમજમેં આયા? ૯૬ (ગાથા પૂરી હુઈ). અબ ૯૭. દેખિયે! 'કુંદકુંદાચાર્યદેવ'! ભાવપાહુડમેં ૧૬૫ ગાથા હૈ. ભાવપાહુડકી ૧૬૫ ગાથા (હૈ).

---

**आगे फिर भाव शुद्ध रखनेको ज्ञानका अभ्यास करते हैं:-**

**सव्वरिओ वि भावहि णव य पयत्थाइं सत्त् तच्चाइं।**
**जीवसमासाइं मुणी चउदसगुणठाणणामाइं।।९७।।**

**सर्व विरतः अपि भावय नव पदार्थान् सप्त तत्त्वानि।**
**जीवसमासान् मुने! चतुर्दशगुणस्थाननामानि।।९७।।**

**પૂરણવિરત પણ ભાવ તું નવ અર્થ, તત્ત્વો સાતને,**
**મુનિ! ભાવ જીવસમાસને, ગુણસ્થાન ભાવ તું ચૌદને. ૯૭.**

**अर्थ :- हे मुने! तू सब परिग्रहादिकसे विरक्त हो गया है, महाव्रत सहित है तो भी भाव विशुद्धिके लिये नव पदार्थ, सप्त तत्त्व, चौदह जीवसमास, चौदह गुणस्थान इनके नाम लक्षण भेद इत्यादिकोंकी भावना कर।**

**भावार्थ :- पदार्थोंके स्वरूपका चिन्तन करना भावशुद्धिका बड़ा उपाय है इसलिये यह उपदेश है। इनका नाम स्वरूप अन्य ग्रंथोंसे जानना।।९७।।**

---

## ગાથા-૯૭ ઉપર પ્રવચન

**'આગે ફિર ભાવ શુદ્ધ રખનેકો જ્ઞાન કા અભ્યાસ કરતે હૈં :-'** યહ જ્ઞાનકે અભ્યાસકી બાત હૈ.

**सव्वविरओ वि भावहि णव य पयत्थाइं सत्त तच्चाइं।**

**जीवसमासाइं मुणी चउदसगुणठाणणामाइं।।९७।।**

આતા હૈ ન. વ્યવહાર બીચમેં હોતા હૈ ન. નિર્વિકલ્પ દશા શુદ્ધઉપયોગ નહીં હો, નિર્વિકલ્પ દૃષ્ટિ ઔર નિર્વિકલ્પ ઉપયોગમેં સમ્યગ્દર્શન હુઆ. સમજમેં આયા? લેકિન બાદમેં વિકલ્પ ઉત્પન્ન હોતા હૈ કિ નહીં? વીતરાગ દશા નહીં હૈ તબતક રાગ તો ઉત્પન્ન હોતા હૈ. તો અશુભરાગ ટાલનેકો ઐસે શુભરાગકી ભાવના કરના ઐસા કહનેમેં આયા. સમજમેં આયા? નિશ્ચય સમ્યગ્દર્શન હો યા નિશ્ચય મુનિપના હો, લેકિન વ્યવહાર આતા હૈ કિ નહીં? દેવ-ગુરુ-શાસ્ત્ર કી ભક્તિ, વિનય (કા ભાવ આતા હૈ).

'સમંતભદ્રાચાર્ય' તો ઐસા કહતે હૈં, ચૌબીસ (તીર્થંકર) કી સ્તુતિ હૈ ન? ભગવાનકી ચૌબીસ સ્તુતિકી હૈ ન? 'સમંતભદ્રાચાર્ય' (કહતે હૈં), પ્રભુ! મુજે તો આપકી ભક્તિકા વ્યસન હો ગયા હૈ. ઉસમેં આતા હૈ. ભાઈ! ચૌબીસ (સ્તુતિમેં). મુજે તો પ્રભુ! યહ વ્યવસન હો ગયા હૈ. ત્રિલોકનાથ ચૈતન્ય ભગવાન વીતરાગમૂર્તિકી ભક્તિકા વિચાર મુજે બહુત આતા હૈ, વ્યસન હો ગયા હૈ. હૈ તો દૃષ્ટિ નિર્મલ સમ્યક્. સમજમેં આયા? હે જિનેન્દ્રદેવ! પરમાત્મા પૂર્ણાનંદ પુરુષ પ્રભુ, મેરી દૃષ્ટિ દ્રવ્ય પર તો હૈ હી. મૈં સમ્યગ્દૃષ્ટિ હૂં, લેકિન મુજે આપકી ભક્તિકે વિકલ્પકા વ્યસન હો ગયા હૈ. આહા..! વહ વિકલ્પ આતા હૈ. અશુભસે બચનેકો (આતા હૈ). સમજમેં આયા? અશુભ વંચનાર્થં, ઐસા પાઠ હૈ. 'પંચાસ્તિકાય'. 'ધન્નાલાલજી'!

**જ્યાં જ્યાં જે જે યોગ્ય છે તહાં સમજવું તેહ,**

**ત્યાં ત્યાં તે તે આચરે આત્માર્થી જન એહ.**

વ્યવહારકે સ્થાનમેં વ્યવહાર આતા હૈ. ધર્મી જાનતા હૈ કિ યે શુભરાગ હૈ. નિશ્ચયસે હેય હૈ, લેકિન વ્યવહારસે અશુભસે બચનેકો સમ્યગ્દૃષ્ટિકો ભી, મુનિકો ભી આતા હૈ. લેકિન જાનતે હૈં કિ યહ આસ્રવ હૈ. આહાહા..! વીતરાગમાર્ગ કહીં નહીં હૈ. સર્વજ્ઞ પરમાત્મા, ઉસમેં જો દિગંબર સંતોને માર્ગ કહા, ન ભૂતો ન ભવિષ્યતિ, કહીં ઔર જગહ નહીં હૈ. સમજમેં આયા? ઐસી ચીજકી સર્વજ્ઞ અનુસારિણી વાણીમેં સબ સ્પષ્ટ કર દિયા હૈ. 'અમરચંદભાઈ'! આહાહા..! ઉસમેં ભી 'કુંદકુંદાચાર્ય' ભગવાનકે પાસ ગયે થે, મહાવિદેહમેં. આહાહા..!

શ્વેતાંબરમેં એક બાત આતી હૈ, ભાઈ! ભગવાન જબ પધારે ને? જબ રાજાકો બાત કરે ન? મહારાજ પધારો, ભગવાન પધારે હૈં. તુજે આજીવન ધંધા નહીં કરના હૈ. ભગવાન તીનલોક કે નાથ સર્વજ્ઞ. યહ તો પ્રતિમા હૈ. આહાહા..! ઐસા પાઠ આતા હૈ. સબ દેખા હૈ ન. શ્વેતાંબર શાસ્ત્ર કરોડો દેખે હૈં. ઐસા પાઠ આતા હૈ. ઐસી ભાષામેં સુના નહીં? કિ ભગવાન જબ પધારતે હૈં, યા કોઈ સંત, ગણધર આદિ યા મુનિ મહારાજ (કહતે હૈં), સાહેબ! કલ યહાં ભગવાન પધારનેવાલે હૈં. તો જો યહ (બાત) રાજાકો સુનાતે હૈં તો સુનાનેવાલેકો વહાં સ્થાન દેકર (કહતે હૈં), તુજે આજીવન વ્યાપાર કરના નહીં હૈ. ઇતની ઉસે

જમીન ઔર પૈસા દેતે હૈં. અરે..! ત્રિલોકકે નાથકા હમકો સ્મરણ કરવાયા. તુજે કમાના નહીં પડેગા, જાઓ! લાખો, કરોડો રૂપિયા દેતે હૈં. એય..! ભક્તિકા ભાવ હૈ, ભક્તિકા ભાવ આતા હૈ. જાનતે હૈં કિ હૈ શુભરાગ, લેકિન આયે બિના રહે નહીં. આયે, નહીં આયે તો અશુભરાગ હો જાય. ઈસ કારણસે ભગવાનકી ભક્તિકા કારણ (હૈ). 'અમૃતચંદ્રાચાર્ય' કહતે હૈં, અશુભ વંચનાર્થં. આતા હૈ. આહાહા..! અયોગ્ય સ્થાનમેં ભાવ નહીં જાય ઈસલિયે ભી આતા હૈ. દો આયા હૈ, દો ભાવ આયે હૈં. આહાહા..! લેકિન ઉસકી મર્યાદા જાનની ચાહિયે. ઉસકી મર્યાદા પુણ્ય જિતની હૈ. ઉસકી મર્યાદા ધર્મ સમજ લે (તો વિપરીતતા હો જાતી હૈ).

ભગવાન! યહાં તો જિતના જિતના સ્વભાવ હૈ ઉતના ઉસકો માનના. ઉસસે અધિક, વિપરીત માનના વહ તો વિપરીત દૃષ્ટિ હૈ. આહાહા..! અરે..! ઐસા મનુષ્યભવ મિલા, ઉસમેં ઐસી દૃષ્ટિ હોકર ઐસી ભાવના કરના, ઐસી બાત યહાં ચલતી હૈ. આહાહા..! જન્મ-મરણકે અંતકી બાત હૈ, પ્રભુ!

**અર્થ :– 'હે મુનિ!' મુનિ કે ઉદ્દેશ્ય સે મુખ્ય બાત હૈ ન. 'તૂ સબ પરિગ્રહાદિકસે વિરક્ત હો ગયા હૈ,...'** મુનિકો તો કપડેકા ટૂકડા ભી નહીં હોતા. અંતરમેં જિસકો તીન કષાયકા અભાવ હુઆ ઉસકો કપડા લેનેકા વિકલ્પ હી નહીં હોતા. ઔર કપડા લેનેકા વિકલ્પ હો વહાં મુનિપના હોતા નહીં. વસ્તુસ્થિતિ ઐસી હૈ. યહ કોઈ સંપ્રદાયકી ચીજ નહીં. સમજમેં આયા? વહ કહતે હૈં, દેખો! 'સબ પરિગ્રહાદિક સે વિરક્ત હો ગયા હૈ,...' આહાહા..! તુઝે સ્ત્રી, કુટુંબ, પરિવાર તો હૈ નહીં, લેકિન વસ્ત્ર, પાત્ર ભી નહીં. આહાહા..! ક્યોંકિ પરિગ્રહ હૈ.

મુનિકો... 'કુંદકુંદાચાર્ય'ને તો કહા, તિલતુષ માત્ર ભી પરિગ્રહ રખે ઔર હમ સાધુ હૈ ઐસા માને તો નિગોદં ગચ્છઇ. સમજમેં આયા? ક્યા કકડીકે ચોરકો ફાંસી, ઐસા કહા હૈ? નહીં. ઈસમેં નવોં તત્ત્વોં કી ભૂલ હો ગઈ. જિસને વસ્ત્ર રખકર મુનિપના માના ઉસકો નવોં તત્ત્વોંકી ભૂલ હૈ, એક તત્ત્વકી નહીં. ક્યોંકિ મુનિપના જહાં છઠે ગુણસ્થાનમેં હૈં વહાં તો આત્માકા ઉગ્ર આશ્રય હૈ ઔર ઉગ્ર આશ્રય હૈ તો વહાં સંવર દશા ભી ઉગ્ર ઉત્પન્ન હુઈ હૈ. ઉગ્ર સંવરમેં આસ્રવકા વિકલ્પ હોતા હૈ તો માત્ર આહાર-પાની લેના યા વિનય કરના યા સુનના, ઈતના વિકલ્પ હોતા હૈ. અઠ્ઠાઈસ મૂલગુણ આદિ કે વિકલ્પ હોતે હૈં. ઈતના જિસને નહીં જાના ઉસે વસ્ત્ર લેના ઐસા વિકલ્પ તીવ્ર આસ્રવ હૈ. ઔર તીવ્ર આસ્રવ હૈ તો સંવર નહીં (હૈ). તો સંવરમેં ભૂલ, આત્માકે આશ્રયમેં ભૂલ, આસ્રવમેં ભૂલ, અજીવ સંયોગમેં (ભૂલ). જબ મુનિપના હુઆ, તીન કષાયકા અભાવ (હુઆ) તો વસ્ત્ર-પાત્ર અજીવકે સંયોગકા અભાવ હોતા હૈ. અજીવકા જ્ઞાન ભી ઉસકા સચ્ચા નહીં હૈ. ઐસે હી શબ્દ કહ દિયા હૈ કિ વસ્ત્ર રખે તો નિગોદ મેં જાયેગા. વહ કારણસર હૈ. ભગવાન 'કુંદકુંદાચાર્ય' નવોં તત્ત્વ કી ભૂલ ઉસમેં કહતે હૈં. સમજમેં આયા? જહાં વસ્ત્ર લેનેકા ભાવ હૈ, વહાં મુનિપનેકી સંવર દશા હૈ હી નહીં. ઔર સંવર માન લે તો મિથ્યાદૃષ્ટિ હૈ ઐસી બાત હૈ. આહા..! બહુત કઠિન. પહલે શ્રદ્ધામેં ભી સચ્ચાપના નહીં આયા તો ઉસકો મુનિપના કહાં-સે આયેગા?

કહતે હૈં, '**सर्व विरतः अपि**', ઐસા શબ્દ હૈ ન? પહલા બોલ. પ્રભુ! મુનિ તૂઝે તો સર્વ પરિગ્રહ સે વિરક્ત ભાવ હો ગયા હૈ. આહાહા..! જિસકે લિયે આહાર કરકે લેના વહ ભી વિકલ્પ ઉઠ ગયા હૈ. ઉસકે લિયે આહાર બનાયા હો ઔર લે, વહ ભ્રષ્ટ હૈ. સમજમેં આયા? '**સબ પરિગ્રહાદિક...**' પરિગ્રહ આદિ હૈ ન? ઉસ સંબંધી મમતા ઔર ઉસ સંબંધિત સંયોગીભાવ સબ છૂટ ગયા હૈ. આહાહા..! '**મહાવ્રત સહિત હૈ...**' હૈ ન? '**सर्व विरतः अपि भावय**'. મહાવ્રત સહિત હૈ. તુઝે મહાવ્રતકા વિકલ્પ હૈ. આહા..! સમ્યગ્દર્શન અનુભવ સહિત, અનુભૂતિ આત્માકી હુઈ હૈ. ઈસકે ઉપરાંત ઉસકો મમતાકા ત્યાગ બહુત હો ગયા હૈ ઔર ઉસકો મહાવ્રતકે પરિણામકા ભાવ આતા હૈ. ઈસ ભૂમિકામેં મહાવ્રતકા ભાવ હૈ આસ્રવ. વહ આયે બિના રહે નહીં. ઉસકા ભાવ છૂટ જાય તો સપ્તમ ગુણસ્થાન હો જાય. આહાહા..! ઈતના પ્રમાદ હૈ. કહતે હૈં, મહાવ્રતકા ભાવ આયા '**તો ભી ભાવ વિશુદ્ધિ કે લિયે...**' ફિર ભી ભાવ કે સ્વભાવ કી શુદ્ધિ કે લક્ષ્ય સે અશુભભાવ ટાલને કો શુભભાવ મેં ઐસી વિચારણા તૂજે આતી હૈ.

'**નવ પદાર્થ,...**' નવ પદાર્થકી વિચારણા. જીવ જો હૈ વહ તો શુદ્ધ ચૈતન્યઘન પૂર્ણાનંદ હૈ ઐસી વિચારણા (કરતે હૈં). દૃષ્ટિ તો હુઈ હૈ, ચારિત્ર હૈ, મહાવ્રત હૈ તો ઐસી વિચારણા (હોતી હૈ). પરમાત્મા બંધ-મોક્ષ રહિત આત્મા.. ઓહો..! જીવ ઉસે કહતે હૈં.. કલ કહા થા ન? ૩૨૦ ગાથા. ૩૨૦ ગાથા કી ટીકા 'જયસેનાચાર્ય' ને કી હૈ. વહાં 'પરમાત્મ પ્રકાશ'મેં ગાથા લી હૈ. જીવ કૈસા હૈ? ઔર જિનવરને જીવ કિસકો કહા? જિનવર ભણેઈં જીવ. જીવ (વહ હૈ) જિસમેં બંધ ઔર મોક્ષ નહીં. બંધ-મોક્ષ તો પર્યાય હૈ. યહ તો જીવ અખંડાનંદ જ્ઞાયક. આહાહા..! સૂક્ષ્મ બાત હૈ, ભગવાન! ..ભાઈ, 'નેમચંદભાઈ'! ઐસી બાત હૈ. ઈસીલિયે લોગોંકો ઐસા લગતા હૈ ન કિ યહ સોનગઢકી બાત હૈ. સોનગઢકી હૈ યા ભગવાનકી હૈ? ઐસા કહકર સોનગઢકા એકાંત હૈ, ઐસા કહતે હૈં. ભગવાન! ક્યા કરે? સમ્યક્ એકાંત તો યહ હૈ, ભગવાન! આહાહા..!

કહતે હૈં, જીવ ઉસકો કહેં, જીવ ન ઉપજ્જઈ, જીવ ન મરઈ. અર્થાત્ પર્યાયકા ઉત્પાદ હો વહ જીવ નહીં, વ્યયવાલા જીવ નહીં. વહ તો વ્યવહારજીવ હૈ. મોક્ષકી પર્યાયકા ઉત્પન્ન હોના ઔર બંધપર્યાયકા નાશ હોના વહ તો વ્યવહારજીવ હૈ. નિશ્ચયજીવમેં તો બંધ-મોક્ષકી પર્યાય હૈ હી નહીં. યહ જીવ (હૈ). ઔર જીવ જો હૈ, નવ તત્ત્વમેં જો મૂલ જીવ જ્ઞાયકભાવ વહ તો મોક્ષકી પર્યાય નહીં હૈ, લેકિન મોક્ષમાર્ગકી પર્યાય કરનેવાલા વહ નહીં હૈ. મોક્ષકી પર્યાય કરનેવાલા તો જીવ નહીં, લેકિન મોક્ષકા માર્ગ જો સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર હૈ ઉસકા કરનેવાલા જીવ નહીં. યે તો મોક્ષમાર્ગકી પર્યાય હૈ, જીવ તો ધ્રુવ ત્રિકાલ લેના હૈ. નિશ્ચયજીવ લેના હૈ. સમજમેં આયા?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- રોગી જીવકો યદિ બુખાર આયા હો તો ઉસે કરિયાતા હી દિયા જાતા હૈ, ઉસે

ખીર નહીં પીલાતે. કરિયાતા સમજતે હો? ઉસે વહ દિયા જાતા હૈ. ઉસકે બિના ઉસકા બુખાર ઉતરતા નહીં. યહાં તો કહતે હૈં, આત્મા રોગી નહીં. રાગકા રોગ અપનેમેં હૈ નહીં. ભગવાન ચિદાનંદ આત્મા ધ્રુવ, જો મોક્ષકા કરનેવાલા નહીં હૈ તો રાગકા કરનેવાલા કહાંસે આયા? આહાહા..! ૩૨૦ ગાથા પર વ્યાખ્યાન હો ગયા હૈ. ૩૨૦ ગાથાકા વ્યાખ્યાન બહુત બાર હો ગયા હૈ. યહાં ૩૯ વર્ષ હુએ. ચાલીસમેં એક કમ. ઈસ ફાગુન કૃષ્ણા–૩ ૩૯ વર્ષ પૂરે હોંગે. યહાં સોનગઢ મેં ૩૯ વર્ષ (હુએ). યે ૧૭વીં બાર વ્યાખ્યાનમેં સમયસાર ચલતા હૈ. ૧૭. ૧૭ યાની એક ઔર સાત. સત્રહ.

યહાં કહતે હૈં, અહો..! જીવપદાર્થ ઈસકો કહતે હૈં, ઐસી વિચારણા સમ્યગ્દૃષ્ટિ કરતે હૈં. વિશેષ આયેગા... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## પ્રવચન નં. ૧૩૦-C, ગાથા-૯૭, શનિવાર, ફાગણ સુદ-૧, તા.૨૨-૨-૭૪

યહ 'અષ્ટપાહુડ', ઉસમેં ભાવપાહુડ ચલતા હૈ. ઉસમેં ૯૭ ગાથા ચલતી હૈ.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ક્યા કહતે હૈં, અભી તો પ્રતિષ્ઠા હોગી. યે તો અભી નામ લિખા હૈ. ભગવાન મહાવીર પરમાત્મા, વે તો પૂર્ણાનંદકી પ્રાપ્તિ કરકે મુક્ત હુએ હૈં. લેકિન ઉનકી સ્થાપના નિક્ષેપ હૈ વહભી વ્યવહારસે વંદનિક હૈ. પહલે કહા થા, બહુત સાલ પહલે વિચાર આયા થા ન? હમારે સંપ્રદાયમેં તો મૂર્તિકા વિરોધ થા ન. કહા થા, સમ્યગ્દર્શન હોનેકે બાદ હી મૂર્તિપૂજન હોતા હૈ. પહલે કબ હોતા હૈ? સમ્યગ્દર્શન (પહલે) હી મૂર્તિપૂજક હોતા હૈ. સમ્યગ્દર્શનકે બાદ નહીં, ઐસા કહતે થે. સુનો! યહ તો બહુત વર્ષ પહલેકી બાત હૈ. (સંવત) ૧૯૮૩કી સાલ. ૪૭ વર્ષ હુએ. ૫૦મેં તીન કમ. તો યહ ચર્ચા ચલી કિ ભગવાનકી પ્રતિમાકા પૂજન તો જબતક મિથ્યાદૃષ્ટિ હો તબતક કર સકતે હૈં. સમ્યગ્દર્શન હોનેકે બાદ ઉસકો પૂજા, ભક્તિ આદિ સ્થાપના કી નહીં કરે. ઐસા ચલતા થા. તો ઐસા કહા, જબતક સમ્યગ્દર્શન નહીં હો, તબતક શ્રુતજ્ઞાન નહીં હોતા. અપના ચૈતન્યસ્વરૂપ ભગવાનઆત્મા પૂર્ણાનંદ સ્વરૂપ હૈ ઐસી અંતર દૃષ્ટિ અનુભવ હો તબ તો ઉસકો ભાવશ્રુતજ્ઞાન હોતા હૈ. ઔર ભાવશ્રુતજ્ઞાન પ્રમાણજ્ઞાન હૈ. ઉસકા નય હૈ વહ અવયવ હૈ. શ્રુતજ્ઞાનકા નય, નિશ્ચય-વ્યવહાર દો અવયવ હૈ. તો જબ સમ્યગ્દૃષ્ટિ હોતા હૈ બાદમેં નિક્ષેપ ઉસે પૂજનિક ગિનનેમેં આતા હૈ. સમ્યગ્દર્શન બિના ઉસકો શ્રુતજ્ઞાન નહીં. નય નહીં તો નયકા નિક્ષેપ ભી ઉસકો હોતા નહીં. સમજમેં આયા? નય જબ અપને મેં.. શુદ્ધ ચૈતન્ય વસ્તુ પવિત્રધામ.. ઉસમેં લિખા હૈ ન? 'બનારસીદાસ' ને. 'બનારસીદાસ'મેં ચૌદહ ગુણસ્થાન પહલે વહ આતા હૈ ન? કિતને વર્ષ હુએ? ૫૨. ઉસકો કહતે હૈં–જિનપ્રતિમાકા માહાત્મ્ય. 'બનારસીદાસ' કહતે હૈં. **'જાકે મુખ**

**દરસસૌં ભગતકે નૈનનિકૌં**' ભગતકે-સમ્યગ્દૃષ્ટિકો.

સમ્યગ્દર્શનમેં અપના સ્વરૂપ પૂર્ણાનંદ (હૈ) ઐસા અનુભવ હુઆ તો ઉસકે સાથ શ્રુતજ્ઞાન હુઆ. ભાવશ્રુતજ્ઞાન મેં ભાવશ્રુતજ્ઞાન હૈ વહ અવયવી પ્રમાણ હૈ ઔર નિશ્ચય ઔર વ્યવહારનય હૈ વહ પ્રમાણકા-અવયવીકા અવયવ હૈ. યે તો અંતરકી બાત આઈ થી ઉસ સમય. સમજમેં આયા? તો સમકિતદૃષ્ટિકો નય હોતી હૈ. નય વિષયી હૈ, નય વિષયી હૈ ઔર નિક્ષેપ વિષય હૈ. તો નય જ્ઞાનકા ભેદ હૈ ઔર નિક્ષેપ જ્ઞેયકા ભેદ હૈ. સમજમેં આયા? વાસ્તવમેં તો સમ્યગ્દર્શન હોને કે બાદ હી નય હોતા હૈ ઔર નયમેં નિક્ષેપ ઉસકો લાગુ પડતા હૈ. અજ્ઞાનીકો મિથ્યાદૃષ્ટિકો નિક્ષેપ ઔર નય હૈ નહીં. સમજમેં આયા? યે તો (સંવત) ૧૯૮૩કી બાત હૈ. ૩૦ + ૧૭. ૫૦મેં તીન કમ. વસ્તુ ઐસી હૈ. કોઈ ગડબડ કરે ઐસા નહીં ચલતા. યે તો જૈનદર્શન હૈ. નયમેં જબ ભાન હુઆ તો નિક્ષેપ જ્ઞેયકા ભેદ હૈ તો નયકા વિષય હો જાતા હૈ. સમજમેં આયા? સમ્યગ્દૃષ્ટિકો હી સ્થાપના નિક્ષેપ વ્યવહારસે પૂજનિક હોતા હૈ. સમજમેં આયા?

મુમુક્ષુ :- પ્રભુ! કઠણ પડે.

ઉત્તર :- કઠિન પડે લેકિન વસ્તુસ્થિતિ ઐસી હૈ, ક્યા કરના? આહાહા..! ભગવાનઆત્મા અપની ચીજમેં પૂર્ણ શુદ્ધતા ઔર આનંદ પડા હૈ ઉસકે સન્મુખ હોકર, ઉસકે સન્મુખ હોકર ઔર સંયોગી ચીજ ઔર રાગ ઔર પર્યાય ઉસસે વિમુખ હોકર.. સમજમેં આયા? સમ્યગ્દર્શન પ્રાપ્ત હોનેકી યહ રીત હૈ. સમજમેં આયા? તો યે સમ્યગ્દર્શનમેં હી સમ્યક્ શ્રુતજ્ઞાન હોતા હૈ તો વહાં નિક્ષેપ પૂજનિક હૈ. યહ ઉસકા માંગલિક હૈ. (ચૌદ ગુણસ્થાન અધિકાર-૫દ-૨).

**જાકે મુખ દરસસૌં ભગતકે નૈનનિકૌં,**
**થિરતાકી બાની બઢૈ ચંચલતા વિનસી.**

આહાહા..! પ્રતિમા ઐસી દેખી ન. બહુત વીતરાગ મૂર્તિ હૈ. અભી તો નામ નિક્ષેપ હૈ. યે ખુલ્લા રખા થા ન.

'**મુદ્રા દેખિ કેવલીકી મુદ્રા યાદ આવૈ જહાં**' ઐસી મુદ્રા દેખનેસે અપની પર્યાયમેં કેવલીકી મુદ્રા યાદ આવે. હૈં! આહાહા..! વીતરાગી બિંબ સર્વજ્ઞ પરમાત્મા કેવલીકા પ્રતિબિંબ હૈ. સમકિતીકો દેખનેમેં આતી હૈ તો કેવલી યાદ આતે હૈં. ઓહો..! ઐસે સ્થિરબિંબ જિસકો વિકલ્પ નહીં. શાંત.. શાંત. યહાં કહતે હૈં ન?

**કહત બનારસી સુમહિમા પ્રગટ જાકી**
**સોહૈ જિનકી છબી સુવિદ્યમાન જિનસી.**

સાક્ષાત્ તીર્થંકરદેવ વિદ્યમાન જૈસે હૈં, ઐસી ભગવાનકી પ્રતિમા તીર્થંકર સમાન વિદ્યમાન હૈ. ભક્તિવંતકો તો પ્રતિમા જિનસારખી.. આતા હૈ ન? આયા ન? જિનસી. ઇસમેં પીછે ભી આતા હૈ. '**કહત બનારસી અલપ ભવથિતિ જાકી.**' સમ્યગ્દૃષ્ટિકી અલ્પ ભવસ્થિતિ

હૈ. અલ્પકાલમેં કેવલજ્ઞાન પાનેકી ઉસકી તૈયારી હો ગઈ હૈ. આહાહા..! દૂજ ઉગી હૈ ઉસકી પૂનમ હોગી હી. ઉસકો વૈસે સમ્યગ્દર્શન બીજ જહાં પ્રગટ હુઆ.. આહાહા..! કેવલજ્ઞાન હોગા હી. કહતે હૈં,

**કહત બનારસી અલપ ભવથિતિ જાકી,**
**સોઈ જિન પ્રતિમા પ્રમાણે જિન સારખી.**

નિશ્ચય આત્માકી પ્રતિમા, જિનપ્રતિમા નિશ્ચયસે તો અપને સ્વરૂપ હૈ. આહાહા..! અકષાયરસ બિંબ વીતરાગબિંબ પ્રભુ વહી વીતરાગ પ્રતિમા તો યહ હૈ. લેકિન વીતરાગ પ્રતિમાકા જિસકો અનુભવ ઔર પ્રતીત હુઈ ઉસકો શુભ વિકલ્પમેં જિન પ્રતિમા જિન સારખી આયે બિના રહે નહીં. સમજમેં આયા? યહ કહા ન? યહ તો (સંવત) ૧૯૮૩કી સાલમેં હમ કહતે થે. સંપ્રદાયમેં (કહતે થે). સંપ્રદાયસે હમે કોઈ સંબંધ નહીં થા, હમકો તો સત્ય સે સંબંધ હૈ. ઔર કોઈ ભી યદિ થોડા-સા વિપરીત કહે ઔર હમારે પર આક્ષેપ કરેગા ઉસી ક્ષણ સંપ્રદાય છોડ દેંગે. આહા..! સંપ્રદાયમેં આયે હૈં ઈસલિયે બંધનમેં આ ગયે ઐસા હૈ નહીં. હમેં તો પરમ સત્ય વીતરાગ ત્રિલોકનાથ કહતે હૈં વહ અંતરમેં માન્ય હૈ, દૂસરા માન્ય નહીં. સંપ્રદાય કે અનેક પ્રકાર હો, વહ હમેં માન્ય નહીં હૈ. વહી કહા હૈ, દેખો ન!

'**જાકે ઉર અંતર સુદૃષ્ટિકી લહર લસી**' આહા..હા..! પહલે યહ ડાલા હૈ ભાઈને. 'જાકે ઉર અંતર સુદૃષ્ટિકી લહર લસી.' આહા..! '**વિનસી મિથ્યાત મોહનિદ્રાકી મમારખી.**' જિસે ભ્રમણાકા નાશ હુઆ હૈ. રાગ મેરા હૈ, પર્યાય જિતના મૈં હૂં ઐસે મિથ્યાત્વકા તો નાશ હુઆ હૈ. '**સૈલી જિનશાસનકી ફૈલી જાકે ઘટ ભયૌ**' જૈનશાસનકી શૈલી ફૈલી. નિશ્ચયનય, વ્યવહારનયકા વિષય વહ જૈનશાસનકી શૈલી હૈ. સમજમેં આયા? ઔર 'સમંતભદ્રાચાર્ય' તો સ્તુતિમેં તો વહાં તક કહતે હૈં, કહા થા ન? ચૌબીસ સ્તુતિ. 'સમંતભદ્રાચાર્ય'ને ચૌબીસ સ્તુતિકી. ઉસમેં તો ઐસા કહા હૈ, પ્રભુ! મુજે આપકી ભક્તિકા વ્યસન હો ગયા હૈ. ક્યોંકિ બારંબાર મેરા વિકલ્પ આપકે બહુમાનમેં આતા હી હૈ. અશુભરાગ નહીં, શુભરાગમેં ભી તેરી ભક્તિ કા મુજે બારંબાર વિકલ્પ આતા હૈ. મુજે વ્યસન હો ગયા હૈ, ઐસા ચૌબીસ સ્તુતિમેં લિખા હૈ. સમજમેં આયા?

**સૈલી જિનશાસનકી ફૈલી જાકે ઘટ ભયૌ**
**ગરવકૌ ત્યાગી ષટ-દરવકૌ પારખી.**

ભેદજ્ઞાન હૈ. યે પ્રતિમા! આહા..હા..! યે વીતરાગમુદ્રા, ઐસે લક્ષ્ય કરકે વીતરાગભાવ યાદ આતા હૈ, કેવલી યાદ આતે હૈં. સમજમેં આયા? સિદ્ધકા ભી પ્રશ્ન હુઆ થા. પહલે જબ હમ (સંવત) ૨૦૧૩કી સાલ મેં મુંબઈ ગયે ન? પહલી સમ્મેદશીખરકી યાત્રા થી. એક સ્થાનકવાસીને પ્રશ્ન કિયા, મહારાજ! યે પ્રતિમા ઔર યે યાત્રા ક્યા (હૈ)? ભાઈ! યાત્રાકા અર્થ ઐસા હૈ કિ જહાં સે ભગવાન, મુનિઓં, સંતોં મોક્ષ જિસ ક્ષેત્ર સે પધારે હૈં, ઉસ ક્ષેત્રમેં ઉપર ભગવાન બિરાજમાન હૈં. આયા ન?

'**ગરવકૌ ત્યાગી ષટ્-દરવકૌ પારખી,...**' ધર્મીકો તો રાગાદિકા અહંકાર જિસકો છૂટ ગયા હૈ. પુણ્યભાવ હૈ. લેકિન ગરવ છૂટ ગયા હૈ કિ પુણ્યભાવ મેરા હૈ. સ્વામીત્વ છૂટ ગયા હૈ, ધનીપતા છૂટ ગયા હૈ. ભગવાનકી ભક્તિકા ભાવ (આતા હૈ), લેકિન ગરવ છૂટ ગયા હૈ. આહાહા..! સમજમેં આયા? તો વહ જિનપ્રતિમા યથાર્થ રીતિ માન સકતા હૈ. ઔર પરમાત્મા જિસને મોક્ષ લિયા હૈ વહ સિદ્ધકી બાત હૈ. જિસ ક્ષેત્ર સે સિદ્ધ હુએ ઉસ ક્ષેત્રમેં ઉપર બિરાજતે હૈં. શેત્રુંજય. તીન સંત મોક્ષ પધારે. ઉસ સ્થાનમેં ઉપર મોક્ષમેં હૈ. સમશ્રેણીમેં જાતે હૈં ન. સીધી શ્રેણી-સમશ્રેણી. ધર્મરાજા, ભીમ ઔર અર્જૂન તીન તો દેહ છોડકર મુક્તિમેં પધારે. વહાં શેત્રુંજયમેં હી ઉપર સાદિઅનંત કાલ (બીરાજતે હૈ). વહાં જાકર સ્મરણ કરના વહ યાત્રા હૈ. યહાં ભી પ્રતિમાકો દેખકર ભગવાનકા સ્મરણ કરના, સર્વજ્ઞકા સ્મરણ કરના. આહાહા..! સમજમેં આયા?

'**આગમકે અચ્છર પરે હૈં જાકે શ્રવનમૈં**' વીતરાગ સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ કી દિવ્યધ્વનિ જિસકે કાનમેં પડી હૈ. સંતોંકી બાત ચલતી હૈ. '**હિરદૈ-ભંડારમૈં સમાની વાની આરખી**' જિસકે હૃદયમેં વીતરાગકી વાણી આરસીકે સમાન ઘૂસ ગઈ હૈ. આહાહા..! '**કહત બનારસી અલપ ભવથિતિ જાકી, સોઈ જિન પ્રતિમા પ્રવાનૈ જિન સારખી.**' 'બનારસીદાસ' કહતે હૈં. યહાં (પદ-૨મેં) યહ આયા. '**જાકે આગૈ ઇન્દ્રકી વિભૂતિ દીસૈ તિનસી**'. આહાહા..! ભગવાનકી મુદ્રા દેખતે હૈં તો વીતરાગ કેવલજ્ઞાન યાદ આતે હૈં. જિસકી મુદ્રા દેખકર '**કેવલીકી મુદ્રા યાદ આવૈ જહાં, જાકે આગૈ ઇન્દ્રકી વિભૂતિ દિસૈ તિનસી.**' ઇન્દ્ર કી વિભૂત ભી વહાં એક છિલકા સમાન દિખે, ઐસી ભગવાનકી પ્રતિમાકા દર્શન કરનેવાલેકો ઐસા ભાવ હોતા હૈ. આહાહા..! સમજમેં આયા? યહ મુદ્રા બહુત અચ્છી હૈ. ઓહોહો..! શાંત! કિતની હૈ? પાંચ ફિટ? સવા પાંચ ફિટ, સવા પાંચ ફિટ. માનો સાક્ષાત્ ભગવાન બિરાજતે હો! કહા ન? જિન પ્રતિમા જિન સારખી. આહાહા..!

ધર્મીકા પ્રેમ યદિ ઝુકતા હૈ તો ભગવાનકી પ્રતિમાકે દર્શનમેં ઝુકતા હૈ. વહ ભાવ આતા હી હૈ. હૈ શુભ. વહી બાત ચલતી હૈ અપને. લેકિન શુદ્ધકી દૃષ્ટિમેં પાપસે બચનેકો ઐસા શુભભાવ આયે બિના રહે નહીં. છઠે ગુણસ્થાન તક મુનિકો ભી ઐસા ભક્તિકા ભાવ આતા હૈ. વહ દ્રવ્યપૂજા નહીં કરતે. લેકિન પૂજાકા ભાવ તો ઉનકો ભી આતા હૈ. ઉસકી મર્યાદા ઇતની હૈ. વહ યહાં કહતે હૈં.

'**જાકૌ જસ જપત પ્રકાસ જગૈ હિરદેમૈં**' '**જાકૌ જસ જપત...**' ઉસકા જસ વીતરાગ ત્રિલોકનાથ સર્વજ્ઞદેવ અરિહંત પરમાત્મા, ઐસા જસ જપત '**પ્રકાસ જગૈ હિરદેમૈં**' જ્ઞાન કી જ્યોત-પ્રકાશ અપનેમેં પ્રગટ હોતી હૈ. યહ કહતે હૈં. આહાહા..! સૂક્ષ્મ બાત હૈ, ભાઈ! જૈનદર્શનકો સમજના... જૈનદર્શન યાની વસ્તુકા સ્વભાવ અલૌકિક હૈ. ઔર દિગંબર દર્શન વહી જૈનદર્શન હૈ. સમજમેં આયા? 'કુંદકુંદાચાર્ય' ઐસા પુકાર કરતે હૈં. આહાહા..! '**સોઈ સુદ્ધમતિ હોઈ હુતી જુ મલિનસી**'. કહતે હૈં, વીતરાગમુદ્રા સર્વજ્ઞકી પ્રતિમા, ઐસી જૈસે

સર્વજ્ઞ થે.. આતમજ્ઞાન કહતે હૈં ન? આત્મજ્ઞાન જિસકો હુઆ, આત્મધર્મ, આત્મા જિસકો પૂર્ણ પ્રગટ હુઆ, ઐસી પ્રતિમાકી ભક્તિકા બહુમાન આયે બિના રહતા નહીં. આહાહા..! સમજમેં આયા? યહાં આત્મધર્મકી બાત તો ચલતી હૈ. 'નરસિંહ મહેતા' ઐસા કહતે હૈં ન, 'જહાં લગી આત્મતત્ત્વ ચિહન્યો નહીં, ત્યાં લગી સાધના સર્વ જૂઠી'. ભગવાનઆત્મા ક્યા ચીજ હૈ, ઉસકા જ્ઞાન ઔર અનુભવ બિના જો કોઈ સાધન આદિ કરતે હૈં, પૂજા, ભક્તિ, વ્રત, તપ આદિ, વહ સબ નિરર્થક હૈ. બાત સૂક્ષ્મ હૈ, ભગવાન! આત્મધર્મકી યહાં તો બાત ચલતી હૈ. આત્મજ્ઞાનકી બાત ચલતી હૈ.

જિસકો યહાં આત્મજ્ઞાન ઔર ધર્મકા ભાન હુઆ, ઉસકો પ્રતિમામેં, જિસકો પૂર્ણ સર્વજ્ઞતા પ્રગટ હુઈ, દુજ ઉગી તો પૂનમ હોતી હી હૈ, દુજ ઉગી ઔર પૂનમ નહીં હો ઐસા હોતા નહીં. વૈસે આત્મજ્ઞાન હો ઔર બાદમેં સર્વજ્ઞપદ નહીં આયે ઐસા હોતા નહીં હૈ. તો કેવલજ્ઞાન પાનેકી ચીજ જિસકો હુઈ ઉસકો પ્રતિમા વંદનિક હૈ. આહાહા..! દૂસરી રીત, સર્વજ્ઞ અનુસારિણી વાણી જો હૈ, જો યે પરમાગમમેં હૈ વહ સર્વજ્ઞકી વાણી ઉત્કીર્ણકી હૈ. વહ દૂસરી ગાથામેં આયા હૈ. ત્રિલોકનાથ આત્મા જહાં વીતરાગ સર્વજ્ઞ દશા અંદર પ્રગટ કરતે હૈં, આત્મજ્ઞાન ઉપરાંત જો પૂર્ણ કેવલજ્ઞાન ઉત્પન્ન કરતે હૈં ઉસકે મુખસે ઇચ્છા બિના વાણી નીકલતી હૈ, વહ વાણી યહ હૈ. તો સર્વજ્ઞ અનુસારિણી વાણી ભી, પ્રતિમા જૈસે પૂજ્ય હૈ વૈસે વહભી પૂજ્ય હૈ. આહાહા..! બાત તો ભાઈ, કહાં સે કહાં આ ગઈ હૈ. સૂક્ષ્મ બાત હૈ. આહાહા..!

કહતે હૈં, **'સોઈ સુદ્ધમતિ હોઈ...'** ભગવાનકી પ્રતિમા દેખકર શાંત.. શાંત.. શાંત.. અવિકારી મુદ્રા, નિર્દોષ આનંદકંદકી મુદ્રા જહાં દેખે, મતિ મેં મલિનતા હો વહ ટાલ સકે ઐસી મતિ હો જાતી હૈ. સમજમેં આયા? 'ધન્નાલાલજી'! **'સોઈ જિનકી છવિ સુવિદ્યમાન જિનસી.'** યે 'બનારસીદાસ' મહા અધ્યાત્મ કવિ! અભી ભાઈકો પુસ્તક દિયા થા ન? કૌન-સે કવિ? દુલ્લા કવિ. કાગ. કાગ કો અભી દિયા થા. ... પુસ્તક દિયા તો વહ બહુત ખુશી હો ગયે. અભી આયે થે ન. દો દિન પહલે આયે થે. દુલા કાગ. આપને મુજે પુસ્તક દિયા.. (ઉસકો) કહા, વહ મહા પરમ અધ્યાત્મ કવિ હૈ. (તો કહા), હાં, ઐસા હૈ. મૈંને લિખા હૈ કિ... દિલ્હીકા બડા વો...બડા મકાન-મંદિર બનાયા હૈ. બિરલા.. બિરલા. ભૂલ ગયે. અભી આયે થે ન. પુસ્તક તો પહલે દિયા થા. પઢકર ઉસે લગા, ઓહો..! બાપૂ! યે તો અલૌકિક ચીજ અંતરકે ઘરકી હૈ, યહ કોઈ બાહરકી ચીજ નહીં, ઉસ ચીજકો મૈંને ઉસકો લિખા. કહા થા ન? અધ્યાત્મ રામાયણ ઉસને લિખી હૈ, ઉસે મૈંને બિરલાકો લિખ દી હૈ. અધ્યાત્મ રામાયણ આત્મામેં બિરાજતી હૈ. ઐસા ઉસમેં લિખા હૈ. 'બનારસીદાસ'મેં શ્લોક હૈ ન? ઈસમેં હૈ? ઈસમેં નહીં હોગા. ઉસમેં 'બનારસી વિલાસ'મેં હૈ. અભી આયા થા. ... ગરાસદાર હૈ, ઘરમેં ગરાસ હૈ. યહાં અભી આયા થા ઔર પુસ્તક દિયા થા તો બહુત ખુશી હુઆ. ભાઈ! પ્રભુ! યહાં તો આત્માકી યહ બાત હૈ. યહાં કોઈ સંપ્રદાયકી યા બાહરકી ચીજ હૈ નહીં.

આહાહા..!

કહતે હૈં કિ, ઐસી પ્રતિમા જિનપ્રતિમા જબ હો તો ધર્મીજીવકો (ઉસે) દેખનેસે ઉસકો આહ્‌લાદ ઔર શુભભાવ નિર્મલ હોતા હૈ. સમજ મેં આયા? લ્યો, ઈતની બાત તો ભગવાનકી પ્રતિમા(કી) આઈ (ઈસલિયે લી). 'રામજીભાઈ'ને કહા.

અબ, અપને યહાં ચલતા હૈ. દેખો! 'કુંદકુંદાચાર્ય' મહારાજ દિગંબર સંત વનવાસી થે. વનમેં રહતે થે. દો હજાર વર્ષ પહલે હુએ. આત્મજ્ઞાન ઔર આત્મદર્શનમેં મસ્ત થે. અંતર આનંદ-અતીન્દ્રિય આનંદ ભગવાનઆત્માકા.. આહાહા..! મુનિ તો ઉસકો કહે, અતીન્દ્રિય આનંદમેં જિસકી મસ્તી (જમી હૈ), ઈસ મસ્તીમેં યહ શાસ્ત્ર લિખ દિયા હૈ. કહતે હૈં કિ ધર્મીજીવ પહલે જબ ધર્મ પ્રગટ હોતા હૈ તો આત્મા અંદર ચિદાનંદ પ્રભુ જ્ઞાનકી મૂર્તિ આત્મા હૈ, દેહ સે તો ભિન્ન હૈ, યહ તો મિટ્ટી હૈ, કર્મ જો અંદર પુણ્ય-પાપકા બંધન હૈ વહ ભી ભિન્ન જડ ચીજ હૈ. નારિયલ હોતા હૈ ન? નારિયલ. નારિયલ નહીં? શ્રીફલ. શ્રીફલ મેં ઉપરકા છિલકા હૈ વહ ભિન્ન ચીજ હૈ, અંદર કાચલી હૈ વહ ભિન્ન ચીજ હૈ ઔર કાચલી ઓરકા લાલ છિલકા ટોપરાપાક કરતે હૈં તો નિકાલ દેતે હૈં ન, વહ લાલ છિલકા ભિન્ન હૈ ઔર અંદરમેં ટોપરા સફેદ મીઠા હૈ વહ શ્રીફલ ભિન્ન હૈ. આહાહા..!

ઐસે ભગવાનઆત્મામેં... યહ શરીર તો ઉપરકા છિલકા હૈ. સમજમેં આયા? જૈસે વહ છાલા હૈ ન? છાલા. છાલા કહતે હૈ ન, હિન્દીમેં ક્યા કહતે હૈં? છિલકા. યહાં હમારે છિલકા કહતે હૈં. બાઈ પીસે ન? ફિર આટા બાહર નિકાલતી હૈ. યહાં તો છાલા કહતે હૈં, છોટી ઉમ્ર મેં સુના હૈ. યહ શરીર છિલકા હૈ, અંદર કર્મ રજકણ સૂક્ષ્મ પુણ્ય-પાપ કે પડે હૈં વહ કાચલી હૈ. કાચલીકો ક્યા કહતે હૈં? વહ કાચલી હૈ. ઔર અંદરમેં પુણ્ય ઔર પાપકા જો વિકલ્પ ઉઠતા હૈ વહ લાલ રંગકા છિલકા હૈ. ભગવાનઆત્મા ઉસસે અંદર ભિન્ન હૈ. આહાહા..! શ્રીફલ કહતે હૈં ન ઉસકો? શ્રીફલ. આહાહા..! ભાઈ! તેરી ચીજ (ઐસી હૈ).

શ્રી-સ્વરૂપકી લક્ષ્મીરૂપી અંદર ફલ પડા હૈ. આહાહા..! અરે..! ઉસને કભી વિચાર કિયા નહીં. અનંત કાલ હુઆ, અનંત કાલ હુઆ. ચૌરાસીમેં રખડતે-રખડતે મર ગયા. ચૈતન્યમૂર્તિ મેરી ચીજ અંદર.. આહાહા..! મૈં આનંદ... મીઠા કહતે હૈં ન? ટોપરા કો મીઠા કહતે હૈં ન? તો મીઠા નામ યહાં આનંદ હૈ ઔર સફેદમેં શુદ્ધ હૈ. ભગવાનઆત્મા શુદ્ધ આનંદમૂર્તિ હૈ. આહાહા..! અરે..! ભાઈ! શબ્દ સુનને મિલે નહીં, વહ કબ વિચાર કરે ઔર કબ જન્મ-મરણકા નાશ કરે? આહાહા..!

યહાં કહતે હૈં કિ, પરમાત્મા સર્વજ્ઞ પરમેશ્વરને જો કહા, ઐસા સંત 'કુંદકુંદાચાર્ય'ને ગ્રહણ કિયા ઔર અનુભવ કિયા. મૈં આત્મા આનંદસ્વરૂપ હૂં. મેરેમેં જો પુણ્ય-પાપ દિખતે હૈં વહ છિલકા હૈ. વહ લાલ છિલકા જૈસે ટોપરા કી હોતી હૈ (ઐસે હૈ). બાઈ જબ ટોપરાપાક કરતી હૈ તો ખમણીમેં સે નિકાલ દેતી હૈ. છિલકા નિકાલ દેતી હૈ, કાચલી નિકાલતી હૈ, લેકિન વહ (લાલ) છિલકા ભી નિકાલ દેતી હૈ તો સફેદ ટોપરાપક હોતા હૈ. ઐસે ભગવાનઆત્મા..

યહ તો દૃષ્ટાંત દિયા.

સિદ્ધાંત-યહ શરીર છિલકા મિટ્ટી ધૂલ હૈ, ઉસસે મૈં ભિન્ન હૂં. આહાહા..! અંદર કર્મકા રજકણ જો પુણ્યકા પડા હો તો યહ લક્ષ્મી આદિ મિલે. પાપકે પડે હો તો લક્ષ્મી આદિ ટલે, નાશ હો જાય. ઐસે રજકણ અંદર હૈ વહ કાચલી સમાન જડ હૈ. વહ મૈં નહીં. ઔર પુણ્ય ઔર પાપ, ટોપરાકા જો લાલ છિલકા હૈ, (વૈસે હૈં). ભગવાન સૂક્ષ્મ બાત હૈ, પ્રભુ! ઉસને અનંત કાલમેં અપની ચીજકી પહચાનકી નહીં ઔર સબ પરકી પંચાયતી કી. 'ઘરના છોકરા ઘંટી ચાટે ને પાડોશીને આટો'. વૈસે અપની ચીજ ક્યા હૈ ઉસકી ખબર નહીં ઔર દુનિયાકી પંચાયતીકી. કહતે હૈં,.. હમારે યહાં કહતે હૈં, ઘરના છોકરા ઘંટી ચાટે. આપમેં ભી કુછ હોગા. આપકી હિન્દી ભાષા હોગી. હમારી તો યહાં ગુજરાતી ભાષા હૈ ન. ક્યા હિન્દી હૈ, બ્રાહ્મણકો આટા દે ઔર ઘરમેં કુછ નહીં. વૈસે પરમાત્મા ત્રિલોકનાથ સંત ઔર મુનિ કહતે હૈં કિ તેરી ચીજકી તુને પહચાન કી નહીં, ઉસકા પ્રયત્ન કિયા નહીં, ઉસકી સાવધાની કભી કી નહીં. દુનિયાકી પંચાયતીકી ઔર દુનિયામેં હોશિયાર ઔર પંડિત હો ગયા.

યહાં વહ કહતે હૈં, જિસે ઐસે આત્માકા ભાન હુઆ વહ ઐસા વિચાર કરતા હૈ. યહાં નવ પદાર્થ આયે ન? ભાઈ! નવ પદાર્થકી વિચારણા કરતે હૈં. આહાહા..! હૈ? ૯૭ ગાથા હૈ. દેખો! દૂસરી પંક્તિ. નવ પદાર્થ. અપને શુદ્ધ પરિણામ હોનેકે કારણ નવ પદાર્થકી વિચારણા કરતે હૈં. સૂક્ષ્મ બાત હૈ, ભગવાન! આહાહા..! કહતે હૈં, નવ પદાર્થમેં જીવ આત્મા પહલા હૈ. નવમેં જીવ પહલા હૈ. જીવ પદાર્થકા વિચાર ધર્મીજીવ ઐસે કરતા હૈ કિ મૈં શુદ્ધ ચૈતન્ય આનંદકંદ હૂં. આહાહા..! સચ્ચિદાનંદ ચીજ વહ મૈં હૂં. સૂક્ષ્મ બાત હૈ, ભગવાન! યહ તો કહીંસે આયી હુઈ બાત યહાં સોનગઢમેં પડે હૈં. દરબાર! દરબારકી જમીનમેં યહાં આ ગયે. કહાં સે કહાં થે. ઓહો..! વહ દેહકી ચીજ ભિન્ન હૈ. આહા..!

દેખો ન! દેહ તો એક ક્ષણમેં ગિર જાતા હૈ ન. ગૃહસ્થ અભી આયે થે ન? શાંતિલાલ ખુશાલ, ગોવાવાલે. દો અરબ ચાલીસ કરોડ રૂપયે ઉસકે પાસ હૈ. અભી. દો અરબ. યાની દોસો ચાલીસ કરોડ. ભાઈ! યે આપકી ભાષા (ભૂલ જાતે હૈં). ૨૪૦ કરોડ. શાંતિલાલ ખુશાલ હૈ. ઉસકી બહનકી લડકી યહાં હૈ, બ્રહ્મચારી હૈ. પચાસ (બ્રહ્મચારી બહનોંમેં) ઉસકી બહનકી લડકી બ્રહ્મચારી હૈ ઔર દૂસરી લડકી અભી બ્રહ્મચારી હોનેવાલી હૈ. ઇસ (મહોત્સવકે) તેરહવેં દિન. ભગવાનકી પ્રતિમાકી પ્રતિષ્ઠા હૈ ન. ગ્યારહ લડકિયાં નયી બાલ બ્રહ્મચારી હોનેવાલી હૈ. ૫૧ લડકિયાં બાલ બ્રહ્મચારી હૈ. બાલ બ્રહ્મચારી. ઔર યે ચિંતનભાઈકી લડકી ભી બાલ બ્રહ્મચારી હૈ. ૫૧ તો હૈ, ગ્યારહ નયી હોગી. ઉસમેં ઉસકી બહનકી લડકી હૈ. ઉસકે પિતા આયે હૈં. પોપટભાઈ હૈ. યે રહે પોપટભાઈ, લો. શાંતિલાલકે બહનોઈ હૈ. શાંતિલાલ ખુશાલકે સગે બહનોઈ. ઉસકે પાસ દો અરબ ચાલીસ કરોડ. ધૂલમેં ભી કુછ કામ નહીં આયે ઔર અભી મર ગયા. ઉસકી સ્ત્રીકો... ક્યા કહતે હૈં? હેમરેજ હો ગયા થા, હેમરેજ. મુંબઈ લાયે, ગોવાસે. રાત કો દેઢ બજે ઉઠે, મુઝે દર્દ હોતા હૈ, મુઝે થોડા દર્દ હોતા હૈ. ઐસા કહા,

ડોક્ટરકો બુલાઓ. ડોક્ટર આયે ઉસકે પહલે તો (ચલ બસે). દેહ કી સ્થિતિ પૂરી હોનેકે કાલમેં ડોક્ટર તો ક્યા ઈન્દ્ર ઉતરે તો ભી ફેરફાર નહીં કર સકે. તેરે દો અરબ ઔર ચાલીસ કરોડ ... હૈં. દસ મિનટમેં ખલાસ. આયે તબ તક તો દેહમેં કુછ નહીં. આહાહા..! દેહકી સ્થિતિ છૂટનેકે કાલમેં દેહ છૂટેગા હી. વહ કહાં ઉસકી ચીજ હૈ. સમજમેં આયા? જો છૂટ જાય વહ ઉસકી ચીજ નહીં ઔર છૂટે નહીં વહ ઉસકી ચીજ હૈ. વહ તો આનંદ ઔર જ્ઞાન સ્વભાવકી ચીજ હૈ જો કભી છૂટતી નહીં. યહ શરીર તો છૂટ જાતા હૈ. સમજમેં આયા? ક્ષણમેં ખલાસ હો ગયા. ખલાસ! ફિર ગોવા લે ગયે. ઈજ્જત બડી હૈ ન. ચાલીસ લાખકા તો મકાન હૈ. દસ દસ લાખકે દો મકાન. ચાલીસ લાખકા મકાન. ધૂલ મેં મકાન ક્યા કરે? વહ તો જડ મિટ્ટી ધૂલ હૈ. વહાં લે ગયે ફિર ફૂલ ઈત્યાદિ ડાલે હોંગે. ઈસ જીવવસ્તુકો જાને બિના ઐસી ચીજ અનંત બાર મિલી તો આત્માકો કુછ લાભ હુઆ નહીં. આહાહા..!

કહતે હૈં કિ મૈં તો ચૈતન્ય આનંદકા નાથ (હૂં). મેરેમેં યે પુણ્ય ઔર પાપકે વિકલ્પ ઉઠતે હૈં વહ ભી મૈં નહીં. વહ તો આસ્રવતત્ત્વ હૈ, વિકારતત્ત્વ હૈ, બંધતત્ત્વ હૈ, સંયોગીભાવ હૈ. આહાહા..! ઐસે ધર્મી અપને આત્મતત્ત્વકા વિચાર ઐસે કરતા હૈ. આહાહા..! મૈં જો આત્મા ધ્રુવ હૂં. ઓહોહો..! મૈં જો ચીજ, પર્યાય-વર્તમાન દશા ઐસા નિર્ણય કરતી હૈ, મૈં તો નિત્ય અવિનાશી આત્મા હૂં. મૈં કભી ઉત્પન્ન હુઆ નહીં, મેરા કભી નાશ હોતા નહીં. ઐસા મૈં અવિનાશી આત્મતત્ત્વ હૂં. 'આતમરામ અવિનાશી આવ્યો એકલો, આતમરામ અવિનાશી આવ્યો એકલો' અકેલા આયા, બાહરમેં કોઈ સાથમેં નહીં થા. 'અનંત દર્શન જ્ઞાન તારું રૂપ જો' આહાહા..! ભાઈ! તેરા રૂપ તો અંદર બેહદ જ્ઞાન હૈ ઔર દર્શન, આનંદ તેરા રૂપ હૈ. 'અન્ય ભાવ તુજે સ્પર્શે નહીં.' પુણ્ય, પાપ ઔર શરીર મેરી ચીજ કો છૂતે નહીં, ઐસી મેરી ચીજ હૈ. ઐસા ધર્મીજીવ અપને આત્માકી ઐસી ભાવના કરતે હૈં. આહાહા..! 'જ્ઞાયક ભડવીર ગણાય જો' વહ તો જ્ઞાયકતત્ત્વ ભડવીર હૈ. આહાહા..! લેકિન બૈઠે કૈસે પામર કો? એક બીડીકે બિના ચલે નહીં. દો બીડી પીયે તબ તો.. ક્યા કહતે હૈં? સિગરેટ. તબ તો ઉસે પાયખાનેમેં જંગલ ઉતરે. ઉસે ઐસા કહે કિ તેરા આત્મા આનંદકા નાથ હૈ. કહાં તૂ અટક ગયા હૈ? તુઝે તેરી ખબર નહીં.

યહાં કહતે હૈં કિ, ધર્મીજીવ અપને આત્માકા ઐસા વિચાર કરતે હૈં. આહાહા..! મેરે ધામમેં તો આનંદ પડા હૈ ન. મૈં તો સ્વયં જ્યોતિ સુખધામ. મૈં તો સ્વયં ચૈતન્યજ્યોતિ. ચૈતન્યપ્રકાશકી મૂર્તિ મૈં હૂં ઔર મેરે મેં તો આનંદકા ધામ, આનંદકા સ્થાન મૈં હૂં. આનંદકી ઉત્પત્તિ હો તો ઐસા મૈં હૂં. પર મેં કોઈ આનંદ-ફાનંદ હૈ નહીં. પૈસે મેં હૈ નહીં, સ્ત્રી મેં હૈ નહીં, આબરૂમેં હૈ નહીં, ધૂલમેં કુછ હૈ નહીં. આનંદ તો સચ્ચિદાનંદ પ્રભુ મેરા આનંદ મેરે પાસ હૈ. આહા..! મૃગકી નાભિમેં કસ્તુરી હૈ, ફિરભી મૃગકો ઉસ કસ્તુરીકી કિમત હૈ નહીં. થોડી ગુજરાતી આ જાતી હૈ. નાભિમેં કસ્તુરી હોનેપર ભી મૃગકો કિમત હૈ નહીં. વૈસે ભગવાનઆત્મા કે અંદર આનંદ ઔર શાંતિ પડી હૈં, લેકિન પામરકો ઉસકી કિમત હોતી નહીં. આહાહા..! ઐસા આત્મતત્ત્વકા વિચાર પહલે કરતે હૈં.

દૂસરા અજીવ. શરીર આદિ અજીવ હૈ, મિટ્ટી હૈ, પૈસા ધૂલ હૈ ઐસા ધર્મી વિચાર કરતે હૈં. આહાહા..! સેઠ! યે સબ કરોડપતિ બૈઠે હૈં. ચાર કરોડ હૈ ઈસકે પાસ. ચાર ભાઈ કે પાસ ચાર કરોડ. ધૂલ મેં ધૂલ, હાં!

મુમુક્ષુ :- આપ તો અભી ના કહતે હૈં...

ઉત્તર :- ઐસા કહતે હૈં, લોગ કહતે હૈં ન. ઉનકે મકાનમેં હી ઠહરે થે ન પીછલે વર્ષ. કલકત્તા ઉનકે મકાનમેં ઠહરે થે. રતનભાઈ .. છોટે ભાઈ. અપને વચ્છરાજજી. કેશુભાઈ હૈ ન? અપને વચ્છરાજજીને મકાન બનાયા ન? ગોગીદેવી. વચ્છરાજજી થે ન, ઉનકે પુત્ર હૈં. વચ્છરાજ સેઠ. દરબાર તો જાનતે હૈં. વચ્છરાજ સેઠ તો યહાં રહતે થે. મકાન બનાયા ન? ઉનકે પુત્ર હૈ, બડે પુત્ર. યહાં તો કહતે હૈં કિ ક્રોડ હો યા અરબ હો, ધર્મી વિચાર કરતે હૈં કિ વહ તો અજીવ હોકર રહા હૈ. મેરી ચીજ હોકર રહી નહીં. આહાહા..! સમજમેં આયા? સેઠ! .... દો ભાઈ તો છોટા મર ગયે બેચારે, હાં! વચ્છરાજ સેઠ કે ચાર પુત્ર. યે બડે હૈં. ઉનસે દો છોટે મર ગયે. છોટી ઉમ્રમેં મર ગયે. ક્રોડો રૂપયે થે. ઉસમેં ધૂલ ક્યા કરે? આહાહા..!

યહાં ધર્મી ઐસા વિચાર કરતે હૈં, લક્ષ્મી અજીવ હોકર રહી હૈ, શરીર ભી જડ હોકર રહા હૈ ઔર પુણ્ય-પાપકા ભાવ જો અંદર હૈ વહ મલિનભાવ હોકર રહા હૈ, મેરી ચીજ નહીં. આહાહા..! યહ ધર્મીકી વિચારધારાકી બાત કરતે હૈં. હૈ તો યહ વિકલ્પકી બાત, હાં! લેકિન અંદર શુદ્ધ ચૈતન્યકી દૃષ્ટિપૂર્વક અશુભ સે બચનેકો ઐસા શુભભાવ આયે બિના રહતા નહીં. પુણ્ય-પાપકા વિચાર કરતે હૈં. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા કા ભાવ હો વહ પુણ્ય હૈ. ઉસસે સંયોગ મિલતા હૈ. ઉસસે આત્માકો લાભ નહીં હોતા. આહાહા..! સમજમેં આયા? 'નરસિંહ મહેતા' ને કહા ન? 'જ્યાં લગી આત્મા તત્ત્વ ચિહ્ન્યો નહીં ત્યાં લગી સાધના સર્વ જૂઠી'. તારી પૂજાને ભક્તિ ને વ્રત ને તપ ને દાન ને દયા સબ શૂન્ય હૈ. દરબાર! વહ બાત યહાં ચલતી હૈ, લો! આત્મધર્મકી બાત. આહા..! તેરી આત્માકી ચીજમેં આનંદ પડા હૈ ઐસા અનુભવ હોનેકે બાદ ઉસકા પુણ્ય-પાપકા ભાવ બંધનકા કારણ હૈ. ઐસા ધર્મી વિચાર કરતે હૈં. આતા હૈ, આતા હૈ, લેકિન હૈ બંધન. ઔર યે પુણ્ય ઔર પાપકા ભાવ દોનોં ભાવબંધ હૈ.

જૈસે સ્ફટિકમણિમેં, સ્ફટિકમણિમેં ફૂલ લાલ-પીલે હો તો લાલ-પીલી ઝાંય વહાં દિખતી હૈ. વહ લાલ-પીલી ઝાંય સ્ફટિકમણિકી નહીં. અપની ચીજ નહીં હૈ વહ. વૈસે ભગવાનઆત્મા ચૈતન્ય સ્ફટિકમણિ જૈસા, ઐસા ભાન હુઆ હૈ વહ વિચાર કરતે હૈં કિ મેરે મેં જો પુણ્ય ઔર પાપભાવ હૈ વહ કર્મ કી ઝલક વિકાર હૈ. આહાહા..! સમજમેં આયા? 'જેમ નિર્મળતા રે સ્ફટિક તણી, તેમ જ જીવ સ્વભાવ રે.. શ્રીવીરે ધર્મ પ્રકાશિયો, શ્રી જિનવીરે ધર્મ પ્રકાશિયો, પ્રબળ કષાય અભાવ રે...' પુણ્ય ઔર પાપકે વિકલ્પ સે રહિત મેરી ચીજ હૈ, ઐસા ભગવાનને ઉસકો ધર્મ કહા હૈ. આહાહા..! સૂક્ષ્મ બાત હૈ, ભગવાન! અપૂર્વ બાત (હૈ).

સ્વર્ગમેં ભી અનંત બાર ગયા, રાજા ભી અનંત બાર હુઆ. અરબોપતિ. મહિનેકી અરબોંકી કમાઈ. ઐસા રાજા અનંત બાર હુઆ હૈ. અનાદિકા હૈ. આહાહા..! આત્મા કોઈ

નયા હુઆ હૈ? અનાદિ સે હૈ. ઐસી સંપદા ભી અનંત બાર મિલી થી. ઉસમેં ક્યા હુઆ? રખડને કા ભાવ મમતા હુઈ ઔર રખડકર મર ગયા. મૈં તો મેરી ચીજ મેં જો પુણ્ય-પાપકા ભાવ દિખતા હૈ વહ મલિનતા કા ભાવ હૈ, ઐસા વિચારતે હૈં. આહાહા..! મૈં તો નિર્મલાનંદ ચૈતન્ય સ્ફટિક હૂં.

એકબાર કહા થા ન? ભાઈ! સ્ફટિક રત્ન દેખા થા. વહાં 'જામનગર'. 'જામનગર' મેં છહ લાખ કા સોલેરિયમ હૈ ન? ક્યા કહતે હૈં? સોલેરિયમ હૈ છહ લાખ કા. વહ તો ઉસ સમય કી બાત હૈ. (સંવત) ૧૯૯૦. જબ હમ યહાં ૧૯૯૧ મેં આયે ન? ૧૯૯૧ મેં ફાલ્ગુન કૃષ્ણ તૃતિયા કે દિન યહાં આયે હૈં. ઈસ ફાલ્ગુન કૃષ્ણ મેં ૩૯ વર્ષ પૂરે હોંગે. ઉસ માસ મેં હમ વહાં થે. જામનગર મેં બડે ડૉક્ટર હૈ ન? પ્રાણજીવન ડૉક્ટર. ૨૫૦૦ કા પગાર. ઉસ દિન! માસિક ૨૫૦૦. ઉસ દિન! કિતને? ૩૯ વર્ષ હુએ. ૪૦ વર્ષ પહલે. ઉસકે પાસ સ્ફટિક થા. ૧૦૦વીં ગાથા સુનને આયે થે. બડે આયે થે, બડે પંડિત આયે થે, બડે દિવાન વહાં આયે થે. મહેરબાનજી પારસી દિવાન થે. એક પારસી દિવાન થા, બહુત નીતિવાન આદમી. ઉસકા ૧૦૦-૧૨૦૦ રૂપયે કા પગાર થા. દરબારને ૨૦૦ રૂપયા પગાર બઢા દિયા. દરબાર કે પાસ મહેરબાનજી પારસી ગયે (ઔર કહા), કિસને બઢાયા? ૨૦૦ રૂપયા જ્યાદા પગાર મેં કિસને ચઢાયા? મેરા પગાર તો ૧૦૦૦ રૂપયા હૈ. ૨૦૦ કિસને ચઢાયા? દરબારને કહા, મૈંને ચઢાયા. ક્યોં? ક્યા કરને કો? કભી રાજ કા કામ આયે તો ઢીલા છોડ દૂં ઐસી બાત હૈ? મૈં વહ નહીં કરુંગા. નિકાલ દો ૨૦૦ રૂપયા. બહુત નીતિવાન આદમી. વહ વહાં સુનને આયા થા. ૧૦૦ વીં ગાથા ચલતી થી, ભાઈ! ઔર ડોક્ટર (આતે થે). ડોક્ટર ને કહા, મહારાજ! મેરા સોલેરિયમ દેખને પધારિયે. આપકો (દૃષ્ટાંત દેને મેં) લાગુ પડે ઐસા હૈ. સવા લાખકા સોલેરિયમ. અભી તો એક કરોડ કા હાવે. ઉસકે પાસ ઈતના બડા સ્ફટિક રત્ન થા. બતાયા, યહ સ્ફટિક.

વહ સ્ફટિક કી જૈસી નિર્મલતા હૈ, વૈસે ભગવાનઆત્મા નિર્મલાનંદ પુણ્ય-પાપ કે મૈલ સે રહિત હૈ. પુણ્ય-પાપ તો મેરે મેં મૈલ હૈ. ઐસા ધર્મી વિચાર કરતે હૈં. આહાહા..! ઔર ઉસકા ફલ મિલતા હૈ વહ અજીવ હૈ. પુણ્ય સે લક્ષ્મી મિલે, સ્ત્રી અનુકૂલ મિલે, લડકા અનુકૂલ હો. યે સબ પુણ્ય કા ફલ જડ પર હૈ. મેરે મેં ઉસકા કોઈ સંબંધ હૈ નહીં. ઐસે ધર્મી અપને પુણ્ય-પાપ કે ફલ કા ભી વિચાર કરતા હૈ.

ઐસે નવ તત્ત્વ. સંવર કા વિચાર કરતે હૈં. મુજે ધર્મ કૈસે હોતા હૈ? પુણ્ય-પાપ કે રાગ સે ભિન્ન મેરી ચીજ કી મૈં દૃષ્ટિ કરતા હૂં ઔર ઉસમેં લીન હોતા હૂં ઉતના મુજે ધર્મ હૈ. આહાહા..! સમજ મેં આયા? સૂક્ષ્મ બાત હૈ, ભગવાન! અપૂર્વ! પૂર્વ મેં અનંત કાલ મેં કભી નહીં કિયા હૈ. અનંત કાલ મેં કિયા વહી કિયા. બારંબાર કરતા હૈ વહ દશા તો સંસાર મેં રખડને કી હૈ. મૈં આત્મા. આહાહા..! અપને ભેદજ્ઞાન કા (વિષય હી) ચલેગા, જબ બહુત લોગ આયેંગે (તબ) સંવર અધિકાર ચલેગા. યહાં કહતે હૈં, નવ તત્ત્વ મેં સંવર હૈ. જીવ, અજીવ, પુણ્ય-પાપ, આસ્રવ ઔર બંધ. વહ આ ગયા.

અબ સંવર. આત્મા મેં પુણ્ય ઔર પાપ કે વિકલ્પ કા રુક જાના. જૈસે જહાજ મેં છિદ્ર મેં પાની આના રુક જાય. જહાજ મેં છિદ્ર હો જાતા હૈ ન? પાની આના રુક જાયે. વૈસે ભગવાનઆત્મા મેં પુણ્ય-પાપ કા આસ્રવ, વિકલ્પ રાગ રુક જાય ઔર આત્મા મેં શુદ્ધતા પ્રગટ હો, ઉસકા નામ સંવર ઔર ધર્મ કહતે હૈં. ઐસે સમકિતદૃષ્ટિ નવ તત્ત્વ મેં ઐસા વિચાર કરતે હૈં. નિર્જરા કા વિચાર કરતે હૈં. આહાહા..! મેરી ચીજ મેં શુદ્ધઉપયોગ મૈં લગાતા હૂં. શુભ-અશુભ સે રહિત જો પવિત્ર શુદ્ધઉપયોગ હૈ વહી નિર્જરા હૈ. વહી શુદ્ધિ કી વૃદ્ધિ હૈ. સમજ મેં આયા? સંવર હૈ વહ શુદ્ધિ હૈ ઔર બાદ મેં નિર્જરા હોતી હૈ વહ શુદ્ધિ કી વૃદ્ધિ હૈ. ઔર જબ મોક્ષ હોતા હૈ તો શુદ્ધિ કી પૂર્ણતા હોતી હૈ. આહાહા..! શુદ્ધિ, શુદ્ધિ કી વૃદ્ધિ ઔર શુદ્ધિ કી પૂર્ણતા, વહ સંવર, નિર્જરા ઔર મોક્ષ. યે તીન તત્ત્વ હૈ. અરેરે..! કભી અપની ચીજમેં ક્યા હૈ ઔર પર ક્યા હૈ, ઈસકા કભી વિચાર કિયા નહીં. આહાહા..! વહ વિચાર કર, કહતે હૈં.

મોક્ષ. આત્મામેં પૂર્ણ શુદ્ધતા પડી હૈ, વહ પૂર્ણ શુદ્ધતા પ્રગટ હો જાય, પૂર્ણ આનંદ પ્રગટ હો જાય, પૂર્ણ જ્ઞાન પ્રગટ હો જાય ઉસકા નામ મોક્ષ. મોક્ષ કોઈ દૂસરી ચીજ નહીં હૈ. સમજ મેં આયા?

**મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા, તે પામે તે પંથ,**
**સમજાવ્યો સંક્ષેપમાં સકળ માર્ગ નિર્ગ્રંથ.**

'શ્રીમદ્ રાજચંદ્ર', જિન્હેં જાતિસ્મરણ બહુત ભવ કા થા. છોટી ઉમ્ર મેં પૂર્વભવ કા જ્ઞાન (હુઆ થા). સમજમેં આતા હૈ? 'શ્રીમદ્ રાજચંદ્ર' વવાણિયા થે, ચલ બસે. જિન્હોંને ગાંધીજી કો સમજાયા થા. વિલાયત સે આને કે બાદ. વિલાયત સે આકર દો ઘંટે ગાંધીજીસે બાત કી. ઈનકી ૨૨ વર્ષ કી છોટી ઉમ્ર. જૈસી બાત કહી, ... ઓહોહો..! ઉનકો ખ્રિસ્તી કી અસર થી. ગાંધીજી કો ખ્રિસ્તી ધર્મ કી અરસ હો ગઈ થી. ઉસમેં યે મિલે. દો ઘંટે બાત કી, ઐસા થા, ઐસા-વૈસા. દો ઘંટે બાત કી. ઓહોહો..! હિન્દુસ્તાનમેં ભી ઐસે આત્મા પડે હૈં! ખ્રિસ્તી ધર્મ... આત્મા કા ધર્મ હિન્દુસ્તાન મેં હી હૈ. વહાં વિલાયતમેં ગોરી ચમડી ઔર બડે બંગલે, ધૂલમેં વહાં કુછ નહીં હૈ. 'શ્રીમદ્' ખુદ કહતે હૈં. સમજમેં આતા હૈ? આહાહા..!

**શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન સ્વયં જ્યોતિ સુખધામ**
**બીજું કહીએ કેટલું કર વિચાર તો પામ.**

૩૩ વર્ષ મેં દેહ છૂટ ગયા. ૩૩ વર્ષ, હાં! બહુત છોટી ઉમ્ર મેં. આહાહા..! ઉન્હોંને યહ કહા, ઈસ આત્મા મેં મોક્ષ હોતા હૈ વહ ક્યા ચીજ હૈ? 'મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા.' આત્મા કી શુદ્ધ પૂર્ણ દશા સોલહ કલાસે ખીલ જાય, ચંદ્રમા જૈસે સોલહ કલા સે પૂર્ણિમા કે દિન ખિલતા હૈ, વૈસે ભગવાનઆત્મા અપની અંતર શક્તિમેં સે વિકાસ કરકે પૂર્ણ શુદ્ધ દશા પ્રગટ હો જાય, ઉસકા નામ મોક્ષ. અતીન્દ્રિય આનંદ કી પૂર્ણતા પ્રાપ્ત હો ઉસકા નામ ભગવાન મોક્ષ કહતે હૈં. ઈસ મોક્ષતત્ત્વ કા વિચાર ધર્મીજીવ ઈસપ્રકાર કરતા હૈ. આહા..! યે નવ પદાર્થ હુએ.

'**સપ્ત તત્ત્વ,...**' સપ્ત તત્ત્વ મેં પુણ્ય-પાપ, આસ્રવ ઔર બંધ મેં ડાલ દેતે હૈં. તો નવકા સપ્ત હોતા હૈ. ઔર '**ચૌદહ જીવસમાસ, ચૌદહ ગુણસ્થાન,...**' વહ થોડી સૂક્ષ્મ બાત હૈ. ... ઉતની બાત હૈ. થોડી સૂક્ષ્મ હૈ. એકેન્દ્રિય, દોઇન્દ્રિય, ત્રિઇન્દ્રિય, ચૌઇન્દ્રિય જીવ હોતે હૈં ન? ઉસકે પર્યાપ્ત ઔર અપર્યાપ્ત ચૌદહ ભેદ હૈ. ઉસકા વિચાર કરે. ઔર ચૌદહ ગુણસ્થાનકા વિચાર કરે. આહા..! જૈસે સીઢી હોતી હૈ ન? સીઢી. ઉપર જાને કો. વૈસે ચૌદહ સીઢી હૈ. ધર્મકી અધર્મકી દશાકે ચૌદહ ભેદ હૈ. ઉસ ચૌદહ ભેદકા સમ્યગ્દૃષ્ટિ વિચાર કરતે હૈં.

પહલે મિથ્યાત્વમેં તો ઐસા હૈ, અજ્ઞાની પુણ્ય ઔર પાપકો અપના માનતા હૈ ઔર મિથ્યાત્વભાવકા સેવન કરતા હૈ. આહાહા..! મિથ્યા નામ જૂઠી દૃષ્ટિ. શરીર મેરા, પુણ્ય મેરા, લક્ષ્મી મેરી, પુત્ર-પુત્રી મેરે, યે સબ માન્યતા મિથ્યા ભ્રમ હૈ. આહાહા..! તેરા હો વહ તેરેસે જુદા ક્યોં રહે? ઔર જુદા રહે વહ તેરી ચીજ કહાં-સે હો ગઈ? ક્ષણમેં ચલે જાતે હૈં. દેખો ન! અભી તો દેખો ન... ક્ષણમેં ચલ બસે, લો! પુત્ર સબ પડે રહે. ધીરૂભાઈકે પિતાજી. ધીરૂભાઈકી પત્ની અભી એક મહિને પહલે ચલ બસી. દસ મિનટમેં. કિસીને કુછ દિયા નહીં ઔર કિસીકો દિયા નહીં. યહાં પંદ્રહ દિન રહ ગઈ થી. કુછ નહીં થા. એકદમ ઉઠી. સાડે દસ? કિતને બજે? ઢાઈ બજે. અભી એક મહિને પહલે. ધીરૂભાઈ કલ ઉનકી માતાજી ચલ બસે ન. મુંબઈમેં બંગડીકા કારખાના હૈ. (ઔરત બોલી), મુજે દુઃખતા હૈ. બાહર આયે. મકાનકે બાહર. યહાં પરમાગમકે મહોત્સવમેં આનેકા બહુત ભાવ, બહુત ભાવ થા. વહ બોલી, પરમાગમકી જય! મૈં નહીં આ સક્તી, મૈં નહીં આ સકુંગી. આહાહા..!

આજ એક મહિના હુઆ. ૨૪-૨૫ દિન પહલે. યહાં પદ્રહ દિન રહ ગઈ થી. જબ સોનાકા પહલે થા ન? તબ ઉનકી ઓરસે સોના દિયા હૈ. ઉનકી ઓરસે દસ હજારકા સોના દિયા થા. વહ બાઈ ઉસ વક્ત વહાં ખડી થી. મરતે સમય યહાં આનેકા ભાવ બહુત થા (તો બોલી), પરમાગમકે મહોત્સવકી જય! મૈં આ નહીં સકૂંગી. આહાહા..! ધીરૂભાઈકે... હાર્ટકા દર્દ કહતે હૈં ન? ક્યા કહતે હૈં? હાર્ટ. હૃદયમેં રક્ત સૂખ ગયા. સાંસ નહીં લે સકે. ... આહાહા..! ગુરુદેવકી જય! ઐસા બોલી. ઉસકે વહાં મંદિર હૈ. મલાડ મંદિરકે અધિષ્ઠાતા હૈ. બાઈ દર્શન કરને બાહર નિકલી. દસ મિનટમેં ખલાસ. છોડી લડકીને કહા, માં, નહીં જાના હૈ. જાતી હૂં, ઐસા કહા. જાતી હૂં. યહ બંદ હો ગયા. છોટી લડકીને કહા, માં, નહીં જાને દૂંગી. ઐસા બોલી. આત્મા અમર હૈ. બસ, ઇતના બોલી. દેહ છૂટ ગયા. ૨૪-૨૫ દિન હુએ. સુના થા ન. આત્મા અમર હૈ. આત્મા મરતા-ફરતા નહીં. આહાહા..! આત્માકા જન્મ હોતા નહીં ઔર આત્મા મરે નહીં. અવિનાશી આત્મા ચિદાનંદ પ્રભુ હૂં. આહાહા..! ઐસી પીડામેં ભી ઉતના યાદ આના. બહુત પીડા હોતી હૈ, ઐસા કહતે હૈં. યે હાર્ટ કી. રક્ત સૂખ જાતા હૈ ઔર સાંસ અંદર સે ચલતા નહીં.

મુમુક્ષુ :- ... અભી અનુભવ હો ગયા.

ઉત્તર :- અચ્છા! હો ગયા આપકો? દામોદરભાઈ કા મકાન હૈ ન? દામોદરભાઈ કા

મકાન. નદી કે કિનારે. યહાં રહતે ન? અમૃતલાલ રહતે થે. ... તીન મજલે કા મકાન થા વહાં રહતે થે. પત્ની મર ગઈ. ભાઈ એકલા હતા એને એવું છે. અભી તો વહાં રહતે હૈં. ઝરિયામેં. ખાને-પીનેકી અનુકૂલતા રહે ઈસલિયે વહાં રહતે હૈં. બહુત બાર કહા હૈ. ઐસા હી હૈ. અકેલે રહે. ઘરકા મકાન, ઘરકા કિરાયા બહુત પૈસે આતે હૈં. અબ અકેલે હૈં. અચ્છી વીશી ખાના-પીના ઔર મૌજ કરની રહી. સોનગઢ છોડ દિયા. સમજમેં આયા?

ધર્મી તો ઐસા વિચાર કરતે હૈં, ક્ષણભંગુર ચીજ નાશ હો જાયેગી. વહ મેરી ચીજ હૈ નહીં. મિથ્યાત્વમેં તો ઐસા ભાવ નહીં આતા. મિથ્યાદૃષ્ટિકો તો મેરા હૈ, મેરા હૈ, મેરા હૈ (ઐસા લગતા હૈ). આહાહા..! બ્રહ્મદત્ત ચક્રવર્તી છહ ખંડકા રાજા ઔર સોલહ હજાર દેવ તો ઉસકી સેવા કરતે થે. ઔર એક સ્ત્રીકી હજાર દેવ સેવા કરતે હૈં. મરતે સમય પ્રેમમેં મિથ્યાદૃષ્ટિ મૂઢ... આહાહા..! કુરુમતિ, કુરુમતિ ઐસા બોલતે બોલતે સાતવીં નરક (મેં ચલા ગયા). અભી સાતવીં નર્ક મેં હૈ. નીચે સાત નર્ક હૈ. સાત પાતાલ હૈ. ઉસમેં સાતવીં નર્કમેં સર્વોત્કૃષ્ટ પીડા ઔર સર્વોત્કૃષ્ટ બડી સ્થિતિ. ૩૩ સાગરકી સ્થિતિ. આહાહા..! બાપૂ! ઐસે ભવ ઉસને અનંત કિયે. વહ મિથ્યાત્વકે કારણ કિયે હૈં. વિપરીત માન્યતા. મિથ્યાત્વ જૈસા પાપ નહીં ઔર મિથ્યાત્વ જૈસા કોઈ અધર્મ નહીં. ઐસા સમકિતી જીવ વિચાર કરતે હૈં. ઐસે દૂસરા ગુણસ્થાન સૂક્ષ્મ હૈ, તીસરા સૂક્ષ્મ હૈ. ચૌથા ગુણસ્થાન સમકિતકા હૈ. આત્માકા શુદ્ધ સ્વરૂપ, ઉસકા અનુભવ હોના, ઉસકી દૃષ્ટિ કરના વહ ચૌથા ગુણસ્થાન હૈ. વહાં સે ધર્મકી શરૂઆત હોતી હૈ. બાદમેં પંચમ ગુણસ્થાનમેં થોડી શુદ્ધતાકી વૃદ્ધિ હોતી હૈ. મુનિ હોતા હૈ તો શાંતિકી વૃદ્ધિ હોતી હૈ, આનંદમેં બહુત રહતે હૈં વહ મુનિપના હૈ. છઠ્ઠા ગુણસ્થાન. સાતવે મેં અપ્રમત્ત દશા રહતી હૈ. વૈસે આઠવેં સે લેકર બારહ, તેરહ. તેરહવે ગુણસ્થાનમેં કેવલજ્ઞાન હોતા હૈ ઔર ચૌદહવેમેં અંતિમ સ્થિત હોકર સિદ્ધ હોતા હૈ. ઐસા ચૌદહ ગુણસ્થાનકા વિચાર કરતે હૈં, અપનેમેં વહ શુભ વિકલ્પ હૈ. અશુભસે બચનેકો શુદ્ધકી દૃષ્ટિ રખનેસે ઐસા ભાવ આતા હૈ. ઉસકો પુણ્ય ઔર અશુભ સે બચનેકા ભાવ કહને મેં આતા હૈ. વિશેષ કહેંગે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**आगे भाव शुद्धिके लिए अन्य उपाय कहते हैं:–**

**णवविहबंभं पयडहि अब्बंभं दसविहं पमोत्तुण।**
**मेहुणसण्णासत्तो भमिओ सि भवण्णवे भीमे।।९८।।**

**नवविधब्रह्मचर्यं प्रकटय अब्रह्म दशविधं प्रमुच्चय।**
**मैथुनसंज्ञासक्तः भ्रमितोऽसि भवार्णवे भीमे।।९८।।**

**અબ્રહ્મ દશવિધ ટાળી તું પ્રગટાવ નવવિધ બ્રહ્મને;**
**રે! મિથુનસંજ્ઞાસક્ત તેં કર્યું ભ્રમણ ભીમ ભવાર્ણવે. ૯૮.**

**अर्थ :– हे जीव! तू पहिले दस प्रकारका अब्रह्म है उसको छोड़कर नव प्रकारका ब्रह्मचर्य**

**है उसको प्रगट कर, भावोंमें प्रत्यक्ष कर। यह उपदेश इसलिए दिया है कि तू मैथुनसंज्ञा जो कामसेवनकी अभिलाषा उसमें आसक्त होकर अशुद्ध भावोंसे इस भीम (भयानक) संसाररूपी समुद्रमें भ्रमण करता रहा।**

**भावार्थ :– यह प्राणी मैथुनसंज्ञामें आसक्त होकर गृहस्थपना आदिक अनेक उपायोंसे स्त्रीसेवनादिक अशुद्धभावोंसे अशुभ कार्योंमें प्रवर्तता है, उससे इस भयानक संसारसमुद्रमें भ्रमण करता है, इसलिये यह उपदेश है कि–दस प्रकारके अब्रह्मको छोड़कर नव प्रकारके ब्रह्मचर्यको अंगीकार करो। दस प्रकारका अब्रह्म ये है – १ पहिले तो स्त्रीका चिन्तन होना, २ पीछे देखनेकी चिंता होना, ३ पीछे निःश्वास डालना, ४– पीछे ज्वर होना, ५ पीछे दाह होना, ६ पीछे कामकी रुचि होना, ७ पीछे मूर्च्छा होना, ८ पीछे उन्माद होना, ९ पीछे जीनेका संदेह होना, १० पीछे मरण होना, ऐसे दस प्रकारका अब्रह्म है।**

**नव प्रकारका ब्रह्मचर्य इसप्रकार है – नव कारणों से ब्रह्मचर्य बिगड़ता है, उनके नाम ये हैं – १ स्त्रीको सेवन करने की अभिलाषा, २ स्त्रीके अंगका स्पर्शन, ३ पुष्ट रसका सेवन, ४ स्त्रीसे संसक्त वस्तु शय्या आदिकका सेवन, ५ स्त्रीके मुख, नेत्र आदिकको देखना, ६ स्त्रीका सत्कार–पुरस्कार करना, ७ पहिले किये हुए स्त्रीसेवनको याद करना, ८ आगामी स्त्रीसेवनकी अभिलाषा करना, ९ मनवांछित इष्ट विषयोंका सेवन करना ऐसे नव प्रकार हैं। इनका त्याग करना सो नवभेदरूप ब्रह्मचर्य है अथवा मन–वचन–काय, कृत–कारित–अनुमोदनासे ब्रह्मचर्यका पालन करना ऐसे भी नव प्रकार हैं। ऐसे करना सो भी भाव शुद्ध होनेका उपाय है।।९८।।**

## પ્રવચન નં. ૧૩૧, ગાથા-૯૮-૧૦૧, બુધવાર, કારતક સુદ ૫, તા.૪-૧૧-૭૦

આ અષ્ટપાહુડ, એમાં ભાવપાહુડ. ૯૮ મી ગાથા. '**णवविहबंभं**' પ્રગટ કર, એમ છે ને પહેલો શબ્દ? બ્રહ્મચર્ય એટલે મૂળ વાત એ છે કે આત્મા બ્રહ્મ નામ આનંદસ્વરૂપ છે. એ આનંદસ્વરૂપના અનુભવમાં આત્માનો આનંદ છે એવો સ્વાદ આવતાં એને અબ્રહ્મ વિષયની વાસનાની રુચિ ઘટી જાય છે. સમજાણું કાંઈ? વિષયવાસનામાં સુખબુદ્ધિ જે છે એ મિથ્યાત્વભાવ છે. બ્રહ્મચર્ય-બ્રહ્મ નામ આત્મા આનંદ અતીન્દ્રિય આનંદના રસના સ્વભાવવાળું તત્ત્વ છે. એની રુચિ કરવી એનું નામ સમ્યગ્દર્શન અને એમાં ઠરવું એનું નામ બ્રહ્મચર્યનું શુદ્ધ ભાવનું પરિણમન. સમજાણું કાંઈ? અહીં મુનિને ઉદ્દેશીને મુખ્ય વાત છે.

પહેલું બ્રહ્મચર્ય પાળવામાં સમ્યગ્દર્શન અનુભવ તો હોવો જોઈએ. એ વિના પરમાંથી એની રુચિ ખસે નહિ. વિષયવાસના, અરે..! પુણ્યના પરિણામ શુભભાવ એમાં પણ જેની

રુચિ અને પ્રેમ છે એને બ્રહ્માનંદ એવો આત્મા, એનો એને પ્રેમ અંતર રુચિમાં છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

**ભાવાર્થ :–** કહે છે કે '**યહ પ્રાણી મૈથુનસંજ્ઞામેં આસક્ત હોકર...**' પોતાનો આનંદસ્વભાવ, એનું એને ભાન ન મળે. અતીન્દ્રિય આનંદ બ્રહ્માનંદ સ્વરૂપ આત્મા છે. એની રુચિ એના પ્રેમ વિના વિષયવાસના મૈથુનસંજ્ઞા વિષે આસક્ત થઈને એમાં રાગમાં અર્પાઈ ગયો. '**ગૃહસ્થપના આદિક અનેક ઉપાયોંસે...**' પછી આરંભ પરિગ્રહ સ્ત્રી માટે વેપાર ધંધા આદિ અનેક પ્રકારે કરી, '**ઉપાયોંસે સ્ત્રીસેવનાદિક અશુદ્ધભાવોં સે...**' સ્ત્રીસેવન આદિ પાંચે ઈન્દ્રિયના ભોગની ભાવના, અશુદ્ધ ભાવ કરી '**અશુભ કાર્યોં મેં પ્રવર્તતા હૈ ઉસસે ઈસ ભયાનક સંસારસમુદ્રમેં ભ્રમણ કરતા હૈ...**' ભયાનક–ભયનો આનક–સમુદ્ર. એકલો ભય. ચોર્યાસીના અવતાર. જ્યાં ક્યાંય સુખ નથી, એવા ચોર્યાસીના અવતારમાં આત્માના આનંદના બ્રહ્મચર્યના પ્રેમ વિના આ રીતે પરમાં આસક્ત થઈને ચોર્યાસીના અવતારમાં રખડે છે. '**ઉસસે ઈસ ભયાનક સંસારસમુદ્રમેં ભ્રમણ કરતા હૈ ઈસલિયે યહ ઉપદેશ હૈ...**' તેથી એ ઉપદેશ છે કે '**દસ પ્રકારકે અબ્રહ્મકો છોડકર નવ પ્રકારકે બ્રહ્મચર્યકો અંગીકાર કરો.**' દશવિધ અબ્રહ્મ તો વિષયમાં પ્રેમ છે, એમાં વિષયમાં મુખ્ય વસ્તુ સ્ત્રી છે, એમ કહે છે.

'**પહિલે તો સ્ત્રીકા ચિંતવન હોના,...**' પોતાના આત્માના આનંદનું સ્વરૂપ છે એનું ભાન નથી. અતીન્દ્રિય આનંદનું ભાન હોય તો તો અતીન્દ્રિય આનંદની ચિંતવના હોય. સમજાણું કાંઈ? એની ખબર નથી એટલે ભાવ વિના સમ્યગ્દર્શનના બ્રહ્મચર્ય આત્માના આનંદના રુચિ અને ભાવ વિના એકલા સ્ત્રીનું ચિંતવન કરે. '**૨. પીછે દેખનેકી ચિંતા હોના,...**' આત્માનું ચિંતવન, આનંદસ્વરૂપનું ભાન હોય તો એનું ચિંતવન કરીને અનુભવમાં આવવાની ભાવના હોય. આ પરપદાર્થના લક્ષનું ચિંતવન અને એને જોવાનું મન થાય. ભગવાન આનંદમૂર્તિ છે એને જોવાને તે પ્રયત્ન કરતો નથી. તેથી એને બહારના સ્ત્રી આદિ, જે વિષયમાં મુખ્ય ચીજ છે એને જોવાનું મન કરે.

'**૩. પીછે નિશ્વાસ ડાલના...**' જ્યાં સુધી ન મળે ત્યાં સુધી હા.. એમ કરે, હાહ નાખે, શ્વાસ નાખે. સમજાણું કાંઈ? '**૪. પીછે જ્વર હોના,...**' પછી જ્વર–કામજ્વર જેને કહેવાય (એ ઊપજે). કામની વાસનાની અંદરમાં આતાપ લાગે, શરીરમાં જ્વર ઉત્પન્ન થાય. ભગવાનઆત્માના આનંદના ભાનવાળો તો આનંદમાં રમતા એને શાંતિ આવે આને તાવ આવે. જ્વર–કામજ્વર જેને કહે છે. વૈદમાં પણ એ અધિકાર છે. સમજાણું કાંઈ? હોં! કામજ્વર. બુખાર–આતાપ શરીરમાં (લાગે). આહાહા..! અહીંયાં આત્માના ભાન સહિતની વાત છે, હેં! બ્રહ્મચર્ય પાળવાની વાત. ભાન નથી ત્યાં આ પ્રમાણે કરે છે એને છોડ એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

'**૭. પીછે મુર્ચ્છા હોના,...**' '**૫. પીછે દાહ હોના,...**' જ્વર પછી દાહ. શરીરમાં દાહ થાય. '**૬. પીછે કામકી રુચિ હોના...**' વિષયવાસના સેવવાનું મન થાય. '**૭. પીછે મુર્ચ્છા**

**હોના,...**' વિષયમાં મૂર્છાઈ જાય. '**૮. પીછે ઉન્માદ હોના,...**' ગાંડો પણ થઈ જાય, પાગલ થઈ જાય. કામજ્વરથી પાગલ થઈ જાય. અમે તો ઘણા જોયા છે ને. સમજાણું કાંઈ? નામ ન દેવાય. ઉતરે છે ને. પાગલ થઈ જાય, પાગલ. વિષયમાં પરની વાસનાની મૂર્ચ્છામાં પાગલ-ગાંડો થઈ જાય. ધર્મી આત્માના આનંદમાં ઉન્મત્ત થઈ જાય. એમાં વળી જાય, ઢળી જાય. ઉન એટલે ઢળી જાય. આ આમાં એકલો ગાંડો પાગલ થઈ જાય. આહાહા..! '**૯. પીછે જીનેકા સંદેહ હોના,..**' અરે..! હવે હું જીવીશ કે નહિ? આખા શરીરમાં દાહ વગેરે થઈને જીવવાની આશા ઊડી જાય. '**૧૦. પીછે મરણ હોના,...**' મરી જાય. આહા..! આત્મા આનંદમૂર્તિની શ્રદ્ધા અને જ્ઞાનના ભાન વિના આવા ભાવોમાં રખડીને ચાર ગતિમાં રખડ્યો છે. સમજાય છે કાંઈ? સમ્યગ્દૃષ્ટિને આત્માના આનંદનો અનુભવ હોય છે. પછી એને જરી વાસના આવે પણ એનો એને પ્રેમ અને રુચિ નથી. આસક્તિ છે પણ રુચિ નથી. એ પણ આસક્તિ છોડવાને માટે મુનિને ઉપદેશ કરે છે. આહાહા..! ચોર્યાસીના અવતારમાં ભ્રમણ કરીને ડોલી રહ્યો છે. એણે આત્મામાં આનંદ છે તે તરફની નજર કરી નથી, પ્રયત્ન કર્યો નથી, સામું જોવાને સાવધાન થયો નથી. આ બધી બહારમાં રખડવાની સાવધાની છે, કહે છે. એ દસ પ્રકાર તો અબ્રહ્મના કહ્યા.

હવે નવવિધ બ્રહ્મચર્ય. '**નવ કારણોંસે બ્રહ્મચર્ય બિગડતા હૈ,...**' '**સ્ત્રીકો સેવન કરનેકી અભિલાષા,...**' ભગવાન આનંદના પ્રેમની અભિલાષા જોઈએ એને ઠેકાણે સ્ત્રી સેવન, માંસ, હાડકા, ચામડાના સેવનની અભિલાષા (કરે). એને એ લાગે. સમજાણું કાંઈ? તપસીને ક્યાં સાંભળે? તપસીનો અવાજ કોણ સાંભળે ન્યાં? કહે છે, પાંચ ઇન્દ્રિયના વિષયોમાં સ્ત્રીનો વિષય મુખ્ય છે. એથી એના વિષયની અભિલાષા થતાં એને આનંદની અભિલાષા ટળી જાય છે. ભગવાન આનંદસ્વરૂપ છું, અતીન્દ્રિય આનંદનો સાગર છું. જેના એક ક્ષણના આનંદમાં અતીન્દ્રિય આનંદમાં, સમકિતદર્શનમાં-સમ્યગ્દર્શનમાં આનંદની લહેરનો અનુભવ આવે એની આગળ ઇન્દ્રના ઇન્દ્રાસનો સડેલા ઉકરડા જેવા લાગે. સડેલા ઉકરડા. એવો ભગવાન આનંદનો સાગર છે. એકલા આનંદથી ભરેલો મોટો પર્વત છે. આહાહા..! સમજાણું કાંઈ? પણ એની કાંઈ ખબર ન મળે. આ હાડકા, માંસ દેખે. દેખનારો કોણ છે એને દેખતો નથી. આને દેખે, આ છે, આ છે ને આ છે ને આ છે. પણ દેખનારો કોણ છે? દેખનારમાં શું છે? જે ચીજ દેખાય છે એ શું? એમાં શું છે એ તો ખબર નથી, જડ છે ને માટી છે આ બધું. દેખનાર ભગવાનઆત્મા છે. ચૈતન્યબિંબ આનંદનો નાથ છે એ તો. આહાહા..! આનંદથી જ રક્ષાયેલો છે ઈ.

એવા આનંદના ભાન વિના, કહે છે, '**સ્ત્રીકો સેવન કરનેકી અભિલાષા, ૨. સ્ત્રીકે અંગકા સ્પર્શન,...**' કરવાનો ભાવ. આહા..! '**૩. પુષ્ટ રસકા સેવન,...**' ઊંચી ઊંચી ચીજો. બદામપાક ને મૂસળીપાક ને સાલમપાક ઊંચા આવે છે ને? ઊંચી ઊંચી ચીજો ઘણી આવે છે. સમજાણું કાંઈ? એનો રસ પુષ્ટિ કરી એને વિષયની વૃદ્ધિ કરવાનો ભાવ. સમજાણું કાંઈ?

'**૩. પુષ્ટ રસકા સેવન, ૪. સ્ત્રીસે સંસક્ત વસ્તુ શય્યા આદિકકા સેવન,...**' જે સ્ત્રી જે મકાનમાં રહેતી હોય અથવા જેના કપડા આદિ હોય એને જોવાનું મન થાય, એને સ્પર્શવાનું મન થાય એ બધો આત્માના આનંદને સ્પર્શવાનો ભાવ નહિ ને આ સ્પર્શવાનો ભાવ. આહાહા..!

'**૫. સ્ત્રીકે મુખ, નેત્ર આદિકકો દેખના, ૬. સ્ત્રીકા સત્કાર પુરસ્કાર કરના,...**' એનો આદર કરવો, બહુમાન આપવું. શરીરની સુંદરતાનું બહુમાન આપવું, શરીરના અવયવોની આકૃતિના અવયવોને દેખીને બહુમાન દેવું, આમ મીઠી નજરે જોવું એ એનો સત્કાર છે. સમજાણું કાંઈ? ભગવાન આનંદસ્વભાવનો સત્કાર જોઈએ એને ઠેકાણે આ સત્કારમાં ઢળી ગયો. એને લઈને ચાર ગતિમાં પરિભ્રમણ કરે છે. સમકિતી હોય પછી આવું હોય પણ એ તો એનો પ્રેમ નથી, એને રુચિ નથી. એનો એને રસ નથી. એટલે સમ્યગ્દર્શન એ જ મુખ્ય તો બ્રહ્મચર્ય છે અને મિથ્યાત્વ એ જ પહેલું અબ્રહ્મ છે. સમજાણું કાંઈ? '**૭. પહિલે કિયે હુએ સ્ત્રીસેવનકો યાદ કરના,...**' અહો..! એક સ્ત્રી હતી એ વઈ ગઈ. એના પછી વારંવાર વિચાર આવ્યા કરે. પાછો ગાંડો થઈ જાય. કાં એની છબીઓ કરીને, ફોટાઓ કરીને પણ જોયા કરે કે આહા..! હતી ને એ વસ્તુ. ધૂળ હતું હવે, સાંભળને! એ વિષયની સેવનાને વારંવાર સ્મૃતિમાં લાવે એ મહાપાપ છે, કહે છે. સમજાણું કાંઈ?

'**૮. આગામી સ્ત્રીસેવનકી અભિલાષા કરના,...**' ભવિષ્યમાં પણ અભિલાષા કરવી. '**૯. મનવાંછિત ઈષ્ટ વિષયોંકા સેવન કરના...**' મન, ઈચ્છા પ્રમાણે ખાવા-પીવાના લહેર કરે અંદરથી. એ બધા બ્રહ્મચર્યને તોડવાના ઉપાય છે. તોડવાના ઉપાય છે. '**ઐસે નવ પ્રકાર હૈ. ઈનકા ત્યાગ કરના...**' એને છોડી દે. આત્માના આનંદની રુચિ કરે, એની અભિલાષા કરે, એનો સત્કાર કરે વગેરેને જોવે. સમજાણું કાંઈ? એને સ્પર્શે, એને યાદ કરે. ભગવાન પોતાનો સ્વભાવ એને યાદ કરે કે નહિ? યાદ કરે કોણ? જેને પહેલું જ્ઞાનમાં ભાન થયું હોય એ યાદ કરે ને? એ વસ્તુ જ યાદ આવી નથી એને યાદ કરે શી રીતે?

'**ઈનકા ત્યાગ કરના સો નવ ભેદરૂપ બ્રહ્મચર્ય હૈ અથવા મન-વચન-કાય...**' મન, વાણી ને કાયા, '**કૃત-કારિત-અનુમોદનાસે બ્રહ્મચર્યકા પાલન કરના ઐસે ભી નવ પ્રકાર હૈ. ઐસે કરના સો ભી ભાવ શુદ્ધ હોનેકા ઉપાય હૈ.**' ભાવ શુદ્ધ. શુભ-અશુભ અશુદ્ધ. શુભ-અશુભ ભાવ તે અશુદ્ધ, એ બંધનું કારણ. આ શુદ્ધ થવાનું કારણ. આત્મા આનંદસ્વરૂપ, શુદ્ધ આનંદ શાંતિ એવી અંતર દૃષ્ટિના વિશ્વાસમાં ભગવાન આવતાં એને પરનો રસ ઊડી જાય છે. અને તેથી એની ભાવમાં શુદ્ધિ-શુભાશુભ પરિણામ રહિત શુદ્ધિ થાય છે. અહીં શુદ્ધતા એ જ મોક્ષનો માર્ગ છે. શુભ-અશુભ પરિણામ એ તો બંધનો માર્ગ છે. સમજાણું કાંઈ?

**आगे कहते हैं कि – जो भावसहित मुनि है सो आराधनाके चतुष्कको पाता है, भाव बिना यह भी संसारमें भ्रमण करता है :–**

**भावसहिदो य मुणिणो पावइ आराहणाचउक्कं च।**
**भावरहिदो य मुणिवर भमइ चिरं दीहसंसारे।।९९।।**

**भावसहितश्च मुनिः प्राप्नोति आराधनाचतुष्कं च।**
**भावरहितश्च मुनिवर! भ्रमति चिरं दीर्घसंसारे।।९९।।**

**ભાવે સહિત મુનિવર લહે આરાધના ચતુરંગને;**
**ભાવે રહિત તો હે શ્રમણ! ચિર દીર્ઘસંસારે ભમે. ૯૯.**

**अर्थ :– हे मुनिवर! जो भाव सहित है सो दर्शन–ज्ञान–चारित्र–तप ऐसी आराधनाके चतुष्कको पाता है, वह मुनियोंमें प्रधान है और जो भावरहित मुनि है सो बहुत काल तक दीर्घसंसारमें भ्रमण करता है।**

**भावार्थ :– निश्चय सम्यक्त्वका शुद्ध आत्माका अनुभूतिरूप श्रद्धान है सो भाव है, ऐसे भावसहित हो उसके चार आराधना होती हैं उसका फल अरहन्त सिद्ध पद है, और ऐसे भावसे रहित हो उसके आराधना नहीं होती हैं, उसका फल संसारका भ्रमण है। ऐसा जानकर भाव शुद्ध करना यह उपदेश है।।९९।।**

## ગાથા-૯૯ ઉપર પ્રવચન

'**આગે કહતે હૈં કિ–જો ભાવસહિત મુનિ...**' દેખો! હવે સમકિત. ભાવ એટલે સમકિત. આત્મા પૂર્ણાનંદ નિર્વિકલ્પ અભેદ આનંદકંદ છે, એવું અંતર અનુભવમાં સમ્યગ્દર્શન પ્રગટ થવું એને અહીંયાં ભાવ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એ '**ભાવસહિત મુનિ હૈ સો આરાધનાકે ચતુષ્કકો પાતા હૈ,...**' એ અનંત જ્ઞાન-દર્શન-આનંદાદિ આરાધનાને પામી શકે. સમ્યગ્દૃષ્ટિ મુનિ હોય તો. કહો, 'પ્રકાશદાસજી'! લ્યો, આ સમ્યગ્દર્શનની વાત અહીંયાં ચાલે છે. આહાહા..! મન, વચન અને કાયાથી પાર છું. શુભ-અશુભ રાગથી પણ ભિન્ન જુદી ચીજ છું, મારામાં શાંતિ અને આનંદથી અભિન્ન છું, એવી અંતર અનુભવની સમ્યગ્દર્શન અનુભૂતિ, આગળ કહેશે. ભાવાર્થમાં કહેશે, ભાવાર્થમાં એ લેશે. સમજાણું કાંઈ? '**નિશ્ચય સમ્યક્ત્વકા શુદ્ધ આત્માકા અનુભૂતિરૂપ શ્રદ્ધાન હૈ...**' છે ભાવાર્થ? એમાં છે. આમાં છે. ૯૯નો ભાવાર્થ છે આ જૂની પ્રતમાં. સમજાણું કાંઈ?

નિશ્ચય સમકિત, આત્મસમકિત એ શું? કે '**શુદ્ધ આત્માકા અનુભૂતિરૂપ શ્રદ્ધાન...**' સમજાણું કાંઈ? એટલે શું? એ નિશ્ચય સમકિત એટલે શું? એમ કહે છે. શુદ્ધ આત્માનો.. શુદ્ધ આત્મા. પુણ્ય-પાપ, દયા-દાન, વ્રત-ભક્તિના પરિણામ એ બધા અશુદ્ધ છે. હિંસા, જૂઠું, ચોરી, વિષય, વાસના પણ અશુદ્ધ છે. એનાથી જુદો શુદ્ધ આત્મા. એવા શુદ્ધાત્માની અનુભૂતિ-એનો અનુભવ, એનું નામ શ્રદ્ધાન, એનું નામ સમકિત, એનું નામ ભાવ. કહો, સમજાય છે કાંઈ?

કહે છે કે '**ભાવસહિત મુનિ હૈ...**' એવા ભાવસહિત સાધુ હોય એ '**આરાધનાકે ચતુષ્કકો પાતા હૈ,...**' અનંત જ્ઞાન-દર્શન-આનંદ અને શાંતિને પામે. આહાહા..! '**ભાવ વિના વહ ભી સંસારમેં ભ્રમણ કરતા હૈ.**' એવા સમ્યગ્દર્શન, આત્માની શુદ્ધની અનુભૂતિની શ્રદ્ધા, એના ભાન વિના સાધુ નગ્ન મુનિ, અઠ્યાવીસ મૂળગુણ પાળે તોપણ એ રખડે ચાર ગતિમાં. સમજાણું કાંઈ? આહાહા..! એ કહે છે, જુઓ! ૯૯ ગાથા છે. ૯૯નો ધક્કો લાગે છે ને. ૯૯ના ધક્કાનું સાંભળ્યું છે ને 'બલુભાઈ'! ૯૯નો ધક્કો. વાણિયા પાસે ઘણા પૈસા હતા પછી ઓલા વાળંદ પાસે થોડા. કોઈક એવો નાતનો લ્યોને, નામ ન ખબર હોય. થોડા હતા પછી એમ કરતા કરતા કોકે એને ૯૯ રૂપિયાની થેલી મૂકી દીધી એના ઘરમાં. ૯૯ જોયા. ત્યારે વધારે કરવાનો ભાવ થયો હવે. સો પૂરા કરવા. પછી ધક્કો લાગ્યો હવે. કાંઈ નહોતું ત્યાં સુધી કાંઈ નહિ. એમ ૯૯ આત્માના ભાનની દશા વિનાના એ ચાર ગતિમાં ધક્કા ખાવાના અને આત્માના ભાનવાળા એ સિદ્ધપદની પ્રાપ્તિને પામવાના. આહાહા..!

**भावसहिदो य मुणिणो पावइ आराहणाचउक्कं च।**
**भावरहिदो य मुणिवर भमइ चिरं दीहसंसारे।।९९।।**

પછી કીધું મુનિવર, ભાઈ! આ તો ભાવરહિત તોપણ મુનિવર. એમ. મુનિવર કેમ કહ્યો? કે સમ્યગ્દર્શન નથી. પણ ક્રિયા એની મહિના-મહિનાના અપવાસ, બબ્બે મહિનાના અપવાસ, લુખ્ખા આહાર (કરે), એવી ચામડા સૂકાઈ જાય એવી ક્રિયા (પાળે). મુનિવર. હે મુનિવર દ્રવ્યલિંગી! એમ કહે છે. આત્માનું ભાન સમ્યગ્દર્શન વિના નિર્વિકલ્પ આત્માની દૃષ્ટિ.. આહાહા..! સમજાણું કાંઈ? એવા અનુભવ વિના '**मुणिवर भमइ चिरं दीहसंसारे**'.

**અર્થ :-** '**હે મુનિવર!**' જુઓ! '**જો ભાવ સહિત હૈં સો દર્શન-જ્ઞાન-ચારિત્ર-તપ ઐસી આરાધનાકે ચતુષ્કકો પાતા હૈ,...**' સમ્યગ્દર્શનસહિત હોય તો એનું ફળ દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ આરાધના એને મળે. પણ સમ્યગ્દર્શન જ મુખ્ય નથી અને ઉપરની ક્રિયાકાંડ બધી પંચમહાવ્રત અને અઠ્યાવીસ મૂળગુણની છે એ બધા એકડા વિનાના મીંડા છે. આહાહા..! સમજાણું કાંઈ? '**ભાવસહિત હૈં સો દર્શન-જ્ઞાન-ચારિત્ર-તપ ઐસી આરાધનાકે ચતુષ્કકો પાતા હૈ,...**' સમ્યગ્દષ્ટિ આરાધક થાય. મિથ્યાદષ્ટિ આરાધક થાય? '**વહ મુનિયોંમેં પ્રધાન**

હૈ...' લ્યો! મુનિવર કીધા ને?

**'જો ભાવરહિત (સમકિત રહિત હૈ) મુનિ હૈ સો બહુત કાલ તક દીર્ઘસંસારમેં ભ્રમણ કરતા હૈ.'** આહાહા..! જેટલો સિદ્ધકાળમાં રહે છે અનંતકાળ એવો આ સંસારમાં અનંતકાળ નિગોદમાં રહે, એમ કહે છે. જુઓ! વ્યાખ્યા. ભાવની વ્યાખ્યા. લોકો કહે કે આ શુભભાવ છે ને? શુભભાવ, અમારે ભાવ તો શુભ છે ને? સારા છે ને? પણ એ શુભભાવ સારા જ નથી, સાંભળને! અમે ભાવ વિના આ છોડ્યો હશે સંસાર? ભાવ વિના બાયડી-છોકરા અને ધંધો છોડ્યો હશે? પણ ભાવ ક્યો? સાંભળને! એ તો રાગની મંદતાનો કોઈ શુભભાવ હોય મિથ્યાત્વ સહિત. દૃષ્ટિ તો ત્યાં રાગ ઉપર, પર્યાય ઉપર પડી છે. સમજાણું કાંઈ? એ ભાવને ભાવ કહેતા નથી. એ રખડવાનો ભાવ (છે). આહાહા..!

**ભાવાર્થ :- 'નિશ્ચય સમ્યક્ત્વકા શુદ્ધ આત્માકા...'** નિશ્ચય સમકિતકા શ્રદ્ધાન. શું? **'શુદ્ધ આત્માકા અનુભૂતિરૂપ શ્રદ્ધાન...'** એમ જેમાં પંચમહાવ્રતનો વિકલ્પ હોય તોપણ જેનો કર્તા આત્મા નથી. દેહની ક્રિયાનો એ સાક્ષી અને દૃષ્ટા છે, એનો એ કર્તા નથી. એવી જે સમ્યગ્દર્શનરૂપી અનુભૂતિ, એની શ્રદ્ધા અનુભૂતિમાં. નિશ્ચય સમકિત. દેખો! આ નિશ્ચય સમકિતની ના પાડે છે. અત્યારે એ કાંઈ હોય નહિ. વ્યવહાર હોય... વ્યવહાર હોય... વ્યવહાર હોય. આહાહા..! વ્યવહાર સમકિત એ સમકિત જ નથી. એ તો રાગ છે. વ્યવહાર સમકિત આ દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા. નિશ્ચય તો પહેલું આવે? પહેલો વ્યવહાર આવે પછી નિશ્ચય આવે. ન આવે? એય..! 'જયંતિભાઈ'! વ્યવહાર કહેવો કોને હવે? વ્યવહાર રાગની મંદતા તો અનંતવાર કરી છે. અનંતવાર કરી છે. નિગોદમાં પણ ભાવ શુભ તો અનંત વાર થયો છે. નિગોદમાં! એકેન્દ્રિય, બટાટા, શક્કરકંદમાં પણ શુભભાવ અનંત વાર થયો છે. ત્યાં શુભ છે? છે. શું નહિ? હા પાડે છે એમાં વળી ના પાડે એ ક્યાંથી આવ્યું? આ નિગોદ બટાટા, શક્કરકંદ, મૂળા, ગાજર એની એક કણીમાં અનંત જીવ છે. અસંખ્ય શરીર અને અનંત જીવ. એ એક એક જીવને પણ શુભભાવ અનંત વાર થઈ ગયો છે. નિત્યનિગોદમાં પણ. આહાહા..!

મુમુક્ષુ :- નિગોદમાં થઈ ગયો?

ઉત્તર :- હા. અનંત વાર. શુભભાવ છે ને? આત્મા છે તો ક્ષણમાં શુભ, ક્ષણમાં અશુભ, ક્ષણમાં શુભ, ક્ષણમાં અશુભ. એવો અનંત વાર નિત્યનિગોદમાં પણ શુભભાવ અનંત વાર થયો. શુભ ક્યાં નવી ચીજ છે એ? આહાહા..!

મુમુક્ષુ :- રાગની મંદતા હોય છે.

ઉત્તર :- રાગની મંદતા હોય છે ને ત્યાં. એટલો અંશ ઘટે છે. ભલે મિથ્યાદૃષ્ટિ હોય, ભલે અભવિ હોય. અભવિને પણ નિગોદમાં શુભભાવ સદાય ઘડિક શુભ, ઘડિક અશુભ, ઘડિક શુભ, ઘડિક અશુભ એમ અનંત વાર થઈ ગયો છે. એ કાંઈ વસ્તુ કોઈ નથી, શુભ કોઈ

નવી ચીજ નથી. અહીં જરી જ્યાં પંચમહાવ્રત અને દયા, દાનને જ્યાં કરે ત્યાં આહાહા..! આપણે થઈ ગયો ધર્મ. ધૂળેય ધર્મ નથી. બાપુ! ધર્મની ચીજ બહુ જુદી છે. સમજાણું કાંઈ?

અહીં તો નિશ્ચય સમકિત. નિશ્ચય એટલે સાચું, સત્ય. સમકિત એટલે યથાર્થ શ્રદ્ધાન. કોની? કે '**શુદ્ધ આત્માકા અનુભૂતિરૂપ શ્રદ્ધાન...**' એકલો આત્મા પુણ્ય-પાપના રાગ વિનાનો, એકલો આત્મા વીતરાગી સ્વભાવથી ભરેલો આનંદનો નાથ, એની સન્મુખ થઈને અંતરમાં નિર્ણય થઈને, અનુભૂતિમાં નિર્ણય થઈને સમકિત થાય એને શ્રદ્ધાન કહે છે. આહાહા..! આ શ્રદ્ધા વિના '**સો ભાવ હૈ, ઐસે ભાવસહિત હો...**' આવો ભાવ હોય. 'સો ભાવ હૈ,...' એને ભાવ અહીં કહ્યો છે. આહાહા..! સમજાણું કાંઈ? '**ઐસે ભાવસહિત હો ઉસકે ચાર આરાધના હોતી હૈં...**' પાઠ છે ને પાઠ? જુઓ! '**भावसहिदो य मुणिणो पावइ आराहणाचउक्कं च**' '**ઉસકા ફલ અરહંત સિદ્ધ પદ હૈ,...**' લ્યો! સમ્યગ્દર્શન, નિશ્ચય શુદ્ધ આત્મા, એની અનુભૂતિનું શ્રદ્ધાન, એ અરિહંતપદ પાવે. કારણ કે આરાધના તો મળે એને. આત્માનું સેવન મળે. એનાથી '**અરિહંત સિદ્ધ પદ હૈ,...**' એનું ફળ તો અરિહંત અને સિદ્ધ થાય. લ્યો!

'**ઐસે ભાવસે રહિત હો...**' શુદ્ધ આત્મા, એની અનુભૂતિની શ્રદ્ધા, એવા ભાવરહિત હોય અને ચાહે તો ગમે તે શુભ-અશુભભાવ સહિત હોય 'ઉસકે આરાધના નહીં હોતી હૈં,...' એને આત્માનું સેવન નથી. '**ઉસકા ફલ સંસારકા ભ્રમણ હૈ.**' ચાર ગતિમાં રખડવું છે. આહાહા..! સમજાણું કાંઈ? પણ એ શુદ્ધ શું એને એનો પરિચય નહિ, સાંભળ્યું ન મળે. અંદર તે કોણ છે આ અંદર? શુદ્ધ આત્મા પવિત્રતાનો પિંડ પ્રભુ અંદર. એકલા પવિત્ર અનંત ગુણોનો સાગર, એની અનુભૂતિ થઈ એનો અનુભવ થાય, એમાં શ્રદ્ધા થાય તેને સમકિત સાચું કહેવામાં આવે છે. આ તો સમજાય એવું છે. ભાષા સાદી છે. ભાવ ભલે ઊંચા હોય. આહાહા..! સમજાણું કાંઈ?

'**ઐસે ભાવસે રહિત હો...**' અને બહાર નગ્નમુનિ દિગંબર હો, અઠ્યાવીસ મૂળગુણ વિકલ્પ પણ જેને હો, પણ એનું ફળ ચાર ગતિમાં રખડવાનું છે. સમજાણું કાંઈ? આહાહા..! ભલે પહેલો કોઈ દેવ આદિ થાય. પણ પછી ઢોરમાં, નિગોદમાં જાશે. પણ ચાર ગતિ છે ત્યાં. અહીં અરિહંત-સિદ્ધ છે, અહીં ચાર ગતિ છે. એમ બે વાત કરે છે. સમજાણું કાંઈ? શુદ્ધ આત્મા પરિપૂર્ણ પરમાત્મ સ્વભાવ, ધ્રુવ નિત્ય આનંદનાથ, એનો અનુભવ, એનું જ્ઞાન. અનુભૂતિ એટલે એનું જ્ઞાન થાય અનુભવમાં. એના ભાન સહિતની પ્રતીતિ. એને સમ્યગ્દર્શન સાચું, ધર્મનો પહેલો અવયવ અથવા ધર્મનો પહેલો ભાગ મોક્ષનો, એને સમકિત કહે છે. બાકી દુનિયા માને કે નવ તત્ત્વની શ્રદ્ધા, દેવ-ગુરુની શ્રદ્ધા એ બધા સમકિત નથી, એ તો રાગ છે. સમજાણું કાંઈ? પહેલા એના શ્રદ્ધા-જ્ઞાનમાં આ વાત નક્કી તો કરે. માર્ગ આ છે. એ સિવાય બધા થોથે થોથાં છે.

અહીં તો આચાર્ય કહે છે, મુનિવર. '**भावरहिदो य मुणिवर भमइ**' મુનિ મોટો મહામુનિ એમ. નવમી ગ્રૈવેયક ગયો. 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો.' 'છ ઢાળા'માં આવે છે. 'પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો'. 'છ ઢાળા'માં આવે છે. વાંચ્યું છે? એમ! 'બલુભાઈ' કહે છે, વાંચ્યું છે. સમજાણું કાંઈ? 'મુનિવ્રત ધાર...' બાહ્ય ક્રિયાકાંડના મુનિવ્રત પંચમહાવ્રત અને અઠ્યાવીસ મૂળગુણ અનંતવાર કર્યા. 'મુનિવ્રતધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' ત્યારે એનો અર્થ શું થયો? નવમી ગ્રૈવેયકે ગયો, પંચમહાવ્રત પાળ્યા, અઠ્યાવીસ મૂળગુણ પાળ્યા એ સુખ નહિ, દુઃખ હતું. એમ હતું કે નહિ? .. થયું? પંચમહાવ્રત દુઃખ. એય..! 'પ્રકાશદાસજી'! શું થયું? પંચમહાવ્રતના પરિણામ દુઃખ, અઠ્યાવીસ મૂળગુણ પાળ્યા એ દુઃખ. આહાહા..! આવ્યું કે નહિ? 'મુનિ વ્રતધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' પંચમહાવ્રતના પરિણામ, અઠ્યાવીસ મૂળગુણના પરિણામ કાંઈક-કાંઈક-કાંઈક તો સુખ હશે ને? ધૂળેય નથી. એ તો રાગ છે, એ તો દુઃખ છે. આહાહા..! અહીં પંચમહાવ્રતના પરિણામ એકલો ધર્મ થઈ ગયો. અરે..રે..! અહીં દુઃખ છે એ. બહુ આંતરો. જગતને અને વીતરાગના માર્ગને બહુ આંતરો. લોકો ક્યાંયનું ક્યાંય માનીને બિચારા પડ્યા રખડે છે. સમજાણું કાંઈ?

કહે છે, '**ભાવ સે રહિત...**' આવું સમકિત શુદ્ધ આત્માનો અનુભવ. આનંદનો નાથ ભગવાન, અતીન્દ્રિય આનંદનું ભાન-અનુભવ થઈને સમ્યક્ જેમાં આનંદનો સ્વાદ આવે, એવી ભાનની પ્રતીતિને અહીંયાં સમ્યગ્દર્શન કહે છે. એવા સમ્યગ્દર્શન વિના 'ઉસકે આરાધના નહીં હોતી હૈં,...' એને આરાધના નથી. રાગને આરાધે એમાં આત્માનું આરાધન ક્યાં રહ્યું ત્યાં? સમ્યગ્દર્શન નથી ત્યાં તો રાગનું આરાધન છે, મિથ્યાત્વનું આરાધન છે. 'ઉસકા ફલ સંસારકા ભ્રમણ હૈ.' લ્યો! એનું ફળ ચાર ગતિમાં રખડવું છે. એ ચાર ગતિમાં દુઃખ છે એ બેસતું નથી માણસને. સમજાણું કાંઈ?

અહીંયાં કહે છે, '**भावरहिदो**' જેને સમ્યગ્દર્શન, આત્માનું અંતર પુણ્ય-પાપના શુભાશુભભાવથી રહિત અને નિશ્ચય આત્મસ્વભાવનું ભાન, એમાં જે સમ્યગ્દર્શન જે અનંતકાળમાં કોઈ દિ' થયું નથી. એવા સમ્યગ્દર્શન વિના નવમી ગ્રૈવેયકે જૈન દિગંબર સાધુ પણ ગયો, એમાં રખડવાનું ફળ મળ્યું પણ આત્માનું ફળ મળ્યું નહિ. સમજાણું કાંઈ? એ અહીં આચાર્ય કહે છે. ૯૯ ગાથા. ભાવપાહુડ. 'કુંદકુંદાચાર્ય' કહે છે, આત્મા નિર્મળાનંદ પ્રભુ, શુદ્ધ ચૈતન્યના અનુભવનું સમકિત જેને નથી અને દ્રવ્યલિંગ ધારણ કરે, દ્રવ્યશ્રાવકપણું ધારણ કરે એના ફળમાં સંસારભ્રમણ છે. આહાહા..! કહો, 'પ્રકાશદાસજી'! કાલે કહેતા હતા ને? કે આવી શ્રદ્ધા માનીએ પછી પડિમા લે તો? અહીં ના પાડે છે. સમજાણું કાંઈ? પડિમા કેવી? કહે છે.

ભગવાનઆત્મા પૂર્ણાનંદનો નાથ સચ્ચિદાનંદ પ્રભુ, 'સિદ્ધ સમાન સદા પદ મેરો.' એવો અંતરમાં અનુભવ, શુભ અને અશુભભાવ રહિત શ્રદ્ધામાં શુદ્ધતા પ્રગટ્યા વિના જે કાંઈ બીજું કરે એના ફળમાં સંસાર છે, ચાર ગતિમાં રઝળવાનું છે ધૂળધાણી. કહો, સમજાણું કાંઈ? આ શેઠિયા-બેઠિયા દસ-પચાસ લાખવાળા મળે એ બધા દુઃખિયા છે એમ કહે છે. 'બલુભાઈ'! 'બલુભાઈ'ને પચાસ લાખનું કારખાનું છે, કાલે એમ કોઈક કહેતું હતું. એ કાલે નામ ખબર છે ને. આપણે ગયા હતા એ છે.

મુમુક્ષુ :- એ જ એને રોકી દે છે ને?

ઉત્તર :- રોકે. એનું દવાનું કારખાનું પચાસ લાખનું. 'મુંબઈ'માં. શું કહેવાય એ ક્ષેત્ર? 'કાંદિવલી'. આમ કરોડ અને પચાસ લાખ અને બે કરોડ દેખે ત્યાં તો આહાહા..! પાગલ થઈ જાય પાગલ. કહે છે કે હવે એવું તો અનંતવાર તને મળ્યું છે. કારણ? કે પાપના ભાવ છે એનાથી પ્રતિકૂળતાનો સંયોગ મળે અને દયા, દાન, વ્રત, ભક્તિ આદિના પરિણામ પુણ્યના છે એનાથી અનુકૂળ સંયોગ મળે. બાહ્ય ચીજ મળે. એમાં આત્મા મળે નહિ. આહાહા..! કહો, 'હસુભાઈ'! સમજાણું કાંઈ? આહાહા..!

ભગવાનઆત્મા એ શુભ અને અશુભ પરિણામમાં જેટલો આવે એટલો એને અનુકૂળ-પ્રતિકૂળ સંયોગ આવે. પણ એ તો સંયોગ એટલે પરચીજ. અને પરચીજમાં મૂર્છાણો... આહાહા..! એ પૈસા મારા, શરીર મારું, આબરૂ મારી, મૂંઢ થઈ ગયો. જડને પોતાનું માને એ તો જડ-મૂંઢ છે. આહાહા..! સમજાણું કાંઈ? ભગવાનઆત્મા અમૃતનો સાગર નિર્વિકલ્પ વસ્તુ, એની શ્રદ્ધા અને ભાન વિના, પુણ્યના ભાવ કર્યા અને એના ફળમાં ધૂળ મળી કાંઈ પાંચ-પચાસ લાખ, કરોડ-બે કરોડ. આંકડા કરો. આંકડા ગણવા છે ત્યાં ક્યાં ગરી ગયા છે પાસે? એય..! આહાહા..!

કહે છે કે જે ચીજમાં તું નથી, જે ચીજ તારામાં નથી તે ચીજને મારી માનવી તે મિથ્યાત્વનું મૂળિયું છે. આહાહા..! કહો, '...લાલજી'! આ ચીજ છે. વીતરાગ પરમાત્માની તો આ ચીજ છે. આહાહા..! એક રજકણ જે છે પરમાણુ એ તો અજીવ છે. એવા અનંતા રજકણનું દળ આ શરીર છે. અનંતા રજકણનો પિંડ આ પૈસો છે. એ તો અજીવ છે. એ અજીવ મારા, એ અજીવનો સ્વામી થાય, મિથ્યાદષ્ટિ મૂંઢ ચાર ગતિમાં રખડવાના ભાવને સેવે છે. એ.. 'ધર્મચંદજી'! કહો, સમજાય છે કાંઈ? અહીં વજન કેટલું આપે છે, જુઓને! ભાવ. કેવો ભાવ? શુદ્ધ ચૈતન્યમૂર્તિ ભગવાન, જેમાં પુણ્યનો ભાવ પણ મારો માને તો એ મિથ્યા ચાર ગતિમાં રખડવાનું બીજડું છે. સમજાણું કાંઈ? કેમ કે પુણ્યભાવ પણ આત્મતત્ત્વથી ભિન્ન આસ્રવતત્ત્વ છે. આસ્રવતત્ત્વ એ જીવતત્ત્વની ચીજ છે નહિ. એમ માન્યતા તે મિથ્યાત્વ અને ચાર ગતિમાં ભ્રમણ કરવાના એ બધા ભાવ છે. આહાહા..! ભારે કામ આકરું. દુનિયાને આ બધો બહારનો સ્વાદ લેવો અને અંદરથી કાંઈક ધર્મ કરવો. આહાહા..! બે નહિ બને. એક

મ્યાનમાં બે તલવાર નહિ રહે. જેને આત્મા આનંદસ્વરૂપનું ભાન સમ્યગ્દર્શન છે એને બહારના પુણ્ય-પાપના પરિણામનો પણ રસ અને પ્રેમ ઊડી ગયો છે. અને જેને પુણ્ય-પાપના ફળમાં રસ છે એને ભગવાનઆત્માના રસથી વિરૂદ્ધ મિથ્યાત્વભાવ છે. એય..! ભારે આકરી વાત છે આ. વીતરાગનો આવો ધર્મ હશે? વીતરાગનો ધર્મ તો વીતરાગભાવે હોય. રાગભાવે ધર્મ હોય? સમજાણું કાંઈ?

ભગવાન 'કુંદકુંદાચાર્ય' સંવત્ ૪૯માં હાજરી હતી અહીંયાં ભરતમાં. ભગવાન પાસે મહાવિદેહમાં ગયા હતા. ત્યાંથી આવીને આ (શાસ્ત્ર બનાવ્યું કે) ભગવાન આમ કહે છે. વળી ઓલા એમ કહે છે કે એ તો શ્રુતકેવળીએ કહ્યું એમ કહ્યું છે. એમાં સીમંધર ભગવાને કહ્યું એમ કેમ કહ્યું નથી? વળી એવી ટીકા કરે. આહાહા..! ગજબ કરે છે ને! બે જુદા ટીકામાં કર્યા છે. આમાં છે ને? ઈતિહાસમાં છે, શિલાન્યાસમાં છે કે ભગવાન પાસે ગયા હતા. આચાર્ય પોતે આઠ દિ' રહ્યા હતા. અને એમ ક્યાં એમ કે? શ્રુતકેવળી-શ્રુતકેવળી ભણેઈ એમ કહ્યું. ટીકા એ આવી. ભગવાન પાસે ગયા તો ભગવાને કહ્યું એમ કેમ કહ્યું નથી એણે? અરે..! આવા ને આવા એવા પાક્યા છે. પણ છતાં ટીકામાં બેય લખ્યું નથી? શ્રુત અને કેવળી પાસેથી સાંભળેલું છે. શ્રુતકેવળી અને કેવળી બેય પાસેથી સાંભળેલું.

મુમુક્ષુ :- 'નિયમસાર'માં બેય છે.

ઉત્તર :- બેય છે જ ને એમાં. અર્થમાં પણ છે. ટીકામાં પણ બે છે. મૂળ પાઠમાં છે. આહાહા..! 'જયસેનાચાર્ય'ની ટીકામાં છે. ભગવાન 'કુંદકુંદાચાર્ય' દિગંબર મુનિ આત્મધ્યાની મહાવિદેહમાં ગયા હતા. ત્યાંથી આવીને આ શાસ્ત્ર બનાવ્યા. એ તો ટીકામાં છે. સંસ્કૃત ટીકા. આહાહા..! સમજાણું કાંઈ?

**'ઐસા જાનકર ભાવ શુદ્ધ કરના યહ ઉપદેશ હૈ.'** લ્યો! એમ જાણી. શું જાણી? ક્યા જાણી? શુભ-અશુભ પરિણામ એ બંધના કારણ છે. એ સંવર-નિર્જરા અને મોક્ષનું કારણ બિલકુલ નથી. આહાહા..! આત્મા અંદર સચ્ચિદાનંદ પ્રભુ સિદ્ધ સમાન પોતાનું સ્વરૂપ છે. એને અંતરમાં ભાનમાં ઓળખાણ કરીને અનુભવવો એનું નામ પ્રથમમાં પ્રથમ સમ્યગ્દર્શન છે. એ સમ્યગ્દર્શન વિના સંસારભ્રમણના કારણો સેવીને અનાદિથી સંસારમાં રખડે છે. નિગોદમાં ભાવ શુભ છે. શુભભાવ તો નિગોદમાં પણ છે. કહ્યું ને? બટાટા, શક્કરકંદ અને નિત્યનિગોદ એમાં પણ શુભભાવ તો છે. તો વળી કહે કે ત્યાં શુભભાવ કેવો? ત્યાં તો આહાર-પાણી લેવાનું નથી, ભગવાનનું સ્મરણ કરવાનું નથી. પણ હવે સ્મરણ-ફ્મરણ ન હોય તોપણ ભાવ હોય. સાંભળને! રાગની મંદતા એવો શુભભાવ નિગોદમાં એકેન્દ્રિય જીવને પણ અનંતવાર થઈ ગયો છે. એ કોઈ નવી ચીજ નથી. એનાથી રહિત આત્મા ભિન્ન ચૈતન્યનું શુદ્ધ સ્વરૂપ એની અનુભવમાં પ્રતીત થવી એ સમ્યગ્દર્શન, તેને શુદ્ધભાવ કહે છે, લ્યો. એને શુદ્ધભાવ (કહે છે) અને એ શુદ્ધભાવ મુક્તિનું કારણ છે. સમજાણું કાંઈ?

आगे भावही के फलको विशेषरूपसे कहते हैं :–

**पावंति भावसवणा कल्लाणपरंपराइं सोक्खाइं।**

**दुक्खाइं दव्वसवणा णरतिरियकुदेवजोणीए।।१००।।**

प्राप्नुवंति भावश्रमणाः कल्याणपरंपराः सौख्यानि।

दुःखानि द्रव्यश्रमणाः नरतिर्यक्कुदेवयोनौ।।१००।।

**રે! ભાવમુનિ કલ્યાણકોની શ્રેણિયુત સૌખ્યો લહે,**

**ને દ્રવ્યમુનિ તિર્યંચ-મનુજ-કુદેવમાં દુઃખો સહે. ૧૦૦.**

अर्थ :– जो भावश्रमण हैं, भावमुनि हैं, वे जिनमें कल्याणकी परंपरा है ऐसे सुखोंको पाते हैं और जो द्रव्यश्रमण हैं वे तिर्यंच मनुष्य कुदेव योनिमें दुःखोंको पाते हैं।

भावार्थ :– भावमुनि सम्यग्दर्शन सहित हैं वे तो सोलहकारण भावना भाकर गर्भ, जन्म, तप, ज्ञान, निर्वाण–पंचकल्याणक सहित तीर्थंकर पद पाकर मोक्ष पाते हैं और जो सम्यग्दर्शन रहित द्रव्यमुनि हैं वे तिर्यंच, मनुष्य, कुदेव योनि पाते हैं। यह भावके विशेष से फलका विशेष है।।१००।।

## ગાથા–૧૦૦ ઉપર પ્રવચન

**'આગે ભાવહીકે ફલકો વિશેષરૂપસે કહતે હૈં :–'** હવે **'આગે ભાવહીકે...'** એટલે સમ્યગ્દર્શનના ફળને વિશેષ કહે છે.

**पावंति भावसवणा कल्लाणपरंपराइं सोक्खाइं।**

**दुक्खाइं दव्वसवणा णरतिरियकुदेवजोणीए।।१००।।**

ચોખ્ખી વાત કરી છે અહીં.

**અર્થ :– 'જો ભાવશ્રમણ હૈં, ભાવમુનિ હૈં,...'** જેને સમ્યગ્દર્શનનું ભાન અને અનુભવ થયો છે એવા ભાવમુનિ **'વે જિનમેં કલ્યાણકી પરંપરા હૈ ઐસે સુખોંકો પાતે હૈં...'** એના કલ્યાણની પરંપરા તીર્થંકર ગોત્ર બાંધી પરંપરાએ તીર્થંકર થઈ કેવળજ્ઞાન પામી મોક્ષ જશે એમ કહે છે. સમજાણું કાંઈ? તીર્થંકરગોત્ર પણ સમકિતીને હોય છે, મિથ્યાદષ્ટિને હોતું નથી. ષોડશ ભાવનામાં દર્શનવિશુદ્ધિ પહેલી છે. નિશ્ચય સમ્યગ્દર્શન અનુભવ વિના તીર્થંકરપણાના ભાવ પણ હોઈ શકે નહિ.

અહીં કહે છે કે જે કોઈ આત્માના અનુભવ સહિત, આત્માના આનંદના સ્વાદના અનુભવિયા જીવો અને આગળ વધીને સાધુ (થયેલા, જેને) અંદર રમણતા ચારિત્રની પ્રગટ થઈ છે એ **'કલ્યાણકી પરંપરા હૈ...'** કલ્યાણ જ મળશે. એક પછી એક.. એક પછી એક

પછી એક કલ્યાણની વૃદ્ધિ થશે. '**ऐसे सुखोंकों पाते हैं और जो द्रव्यश्रमण हैं...**' 'કુંદકુંદાચાર્ય' તો આમ કહે છે. જેને સમ્યક્ અનુભવદૃષ્ટિ આત્માના સ્વાદની નથી અને એકલી ક્રિયાકાંડમાં મથ્યા છે એ 'द्रव्यश्रमण हैं वे तिर्यंच मनुष्य कुदेव योनिमें दुःखोंको पाते हैं.' છે પાઠ? પાઠ છે કે નહિ? પાઠ તો છે. '**णरतिरियकुदेवजोणीए**' એમ 'કુંદકુંદાચાર્ય'નો પાઠ છે.

આત્માનો અનુભવ, ચૈતન્ય આનંદના સ્વભાવવાળું તત્ત્વ એવું જ્યાં અંદર જ્ઞાન થઈને, ભાન થઈને પ્રતીત થઈ એવો સાધુ આગળ વધીને શુદ્ધભાવની પરંપરા વધારી અને 'सुखोंको पाता हैं.' સુખને પામે. 'द्रव्यश्रमण हैं वे तिर्यंच, मनुष्य, कुदेव योनिमें दुःखोंको पाते हैं.' આત્માના સમ્યક્ અનુભવ નિશ્ચય વિના જેટલી ક્રિયાકાંડ બધી હોય એ કોઈ કુદેવ થાય, મરીને મનુષ્ય થાય, પછી મરીને ઢોર થાય, પશુ થાય. 'दुःखोंको पाते हैं.' લ્યો! પહેલું તિર્યંચ લીધું છે. નર પહેલો. અર્થમાં પહેલું તિર્યંચ લીધું. '**नरतिर्यक्कुदेवयोनौ**'

મુમુક્ષુ :- મૂળ ગાથામાં એમ છે ને?

ઉત્તર :- નર. પહેલો નર છે. અર્થમાં આમ લખ્યું છે.

**ભાવાર્થ :-** '**भावमुनि सम्यग्दर्शन सहित हैं...**' દેખો! છે? આ તો 'જયચંદ્ર પંડિતે' અર્થ કર્યો છે. 'જયપુર'. ૨૦૦ વર્ષ પહેલા, હોં! સમ્યગ્દર્શન સહિત હોય. જેને એક વિકલ્પનું કર્તાપણું પણ હોતું નથી. વિકલ્પ હોય ખરો પણ ધર્માત્મા સમકિતી એનો જાણનાર રહે છે, કરનાર થતો નથી. આહાહા..! ભારે વ્યાખ્યા આકરી. '**भावमुनि सम्यग्दर्शन सहित है, वे तो सोलहकारण भावना भाकर...**' સોળકારણ જે તીર્થંકરગોત્રના છે એ સમકિતીને હોય છે. જેની શ્રદ્ધા મિથ્યાત્વ છે (અર્થાત્) શુભભાવથી ધર્મ થાય, પાપમાં મજા છે એવી જેની મિથ્યાબુદ્ધિ છે, એને સોળકારણમાં એકેય કારણ સાચું હોતું નથી. સમ્યગ્દર્શન આત્માના ભાનવાળું સ્થાન, એમાં જે શુભભાવ સમકિતીને થાય એ ભાવના ભાવે.

'**गर्भ,...**' કલ્યાણક. એને ગર્ભ કલ્યાણક થાય. '**जन्म,...**' કલ્યાણક થાય. '**तप,...**' એટલે સાચા મુનિ કલ્યાણક થાય, '**ज्ञान,...**' કલ્યાણક થાય અને '**निर्वाण-...**' કલ્યાણક થાય. સમજાણું કાંઈ? '**पंचकल्याणक सहित तीर्थंकर पद पाकर...**' એ તીર્થંકર થઈને મોક્ષ જાય, એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? અહીં તો એ જોર આપ્યું ભાઈ, જુઓ! અર્થમાં કીધું છે, હોં! આમ તો કલ્યાણ પરંપરા .. ટીકામાં એમ લે છે. પણ બધા તે પામતા નથી. પણ આમાં કોઈક પામે છે. એમ. બધા તીર્થંકરપદ પામતા નથી. એટલે એ શબ્દ નથી. રાગ હોય. તેથી નહિતર સાધારણ તો એવું છે. '**पावंतित भावसवणा कल्लाणपरंपराइं**' બસ, એ શબ્દ એટલો. શુદ્ધિની વૃદ્ધિ કરતો કરતો આગળ પૂર્ણ પદ પરમાત્માને પામે. એમ ભેગો વ્યવહાર નાખ્યો. પણ આવો વ્યવહાર કોઈને હોય. એમ.

કોઈને આત્મજ્ઞાનના ભાનસહિત એવો તીર્થંકરગોત્રનો ભાવ હોય, તીર્થંકરપણું બાંધે. અને એ તીર્થંકરપણે જ્યારે ઊપજે ત્યારે પંચકલ્યાણક એમના થાય. માતાના ગર્ભમાં આવે તો એનું કલ્યાણક થાય. ઈન્દ્રો ઉજવે. હેં! કહો! જન્મ કલ્યાણક થાય એના. આત્માના

અનુભવસહિત, સમ્યગ્દર્શન સહિત જ્યાં અવતર્યો છે અને તીર્થંકર થવાના એ ભવમાં, એનો તો જન્મકલ્યાણક થાય. એનો જન્મકલ્યાણક હોય. તપકલ્યાણક એટલે મુનિદીક્ષા. ભાવલિંગી, આત્માના આનંદસહિત સ્વરૂપની રમણતાના ચારિત્રને અંગીકાર કરનારા એનું પણ કલ્યાણક દેવો આવીને કરે. જ્ઞાનકલ્યાણક. પછી કેવળજ્ઞાન થાય. એ સમ્યગ્દર્શનસહિત હોય એને તીર્થંકરગોત્ર હોય એને પંચકલ્યાણક થાય, એમ કહે છે. સમજાણું કાંઈ? આત્માની ઓળખાણ નથી અને સોળશકારણ ભાવના ભાવે, તીર્થંકર પદ પાવે એમ હોઈ શકે નહિ. આવે છે કે નહિ? શું આવે છે એમાં? સોળકારણ ભાવના. દંસણ વિશુદ્ધિ ભાવના ભાવે, તીર્થંકરપદ પાય પરમગુરુ હોય. ભજનમાં આવે છે, ભજનમાં. પણ એ તો સમ્યક્ આત્માના એક વિકલ્પનો રાગનો કણિયો જે દુઃખ છે, મહાવ્રતનો, દયા-દાનનો, એને પણ જે દુઃખરૂપ જાણે અને આત્માને આનંદરૂપ જાણે એવા સમકિતીને એવો ભાવ હોય છે. એ સિવાય એવો ભાવ અજ્ઞાનીને હોતો નથી. સમજાણું કાંઈ?

તીર્થંકર નામ પડે ત્યાં ખુશી-ખુશી થઈ જાય કે આહાહા..! પણ એ તો સહજ એવો આત્મા હોય જેનો એને એવા ભાવ સહજ આવી જાય. અને એમાં તીર્થંકર થઈને આગળ થઈને મોક્ષ જાય એમ કહે છે. સો ઈન્દ્રો પૂજે જેને. સમજાય છે? એ મહત્તા નથી. એના આનંદ અને પૂર્ણ શાંતિની મહત્તા છે અંદર. અને સમ્યગ્દર્શન રહિત જેને આત્માનો અનુભવ નથી, 'અનુભવ રત્ન ચિંતામણી, અનુભવ હૈ રસકૂંપ, અનુભવ માર્ગ મોક્ષનો, અનુભવ મોક્ષસ્વરૂપ.' એ આત્માનો જ્યાં અનુભવ નથી, આત્માના આનંદના સ્વાદની ખબર નથી અને એકલી ક્રિયાકાંડમાં મચ્યા છે એવા સમ્યગ્દર્શન રહિત દ્રવ્યમુનિ છે એ ઢોરમાં જશે, કહે છે. આહાહા..! 'કુંદકુંદાચાર્ય'નું કથન એ કઠણ અને કડક. સમજાણું કાંઈ? એ હલકા મનુષ્ય થશે, કાં કુદેવ વ્યંતર ભૂતડા આદિ થશે. આહાહા..!

ત્રણલોકનો નાથ આનંદનો ધણી પ્રભુ, એની જેને ખબર નથી. મૃગની ડુંટીમાં (નાભીમાં) કસ્તુરી, મૃગની નાભીમાં કસ્તુરી પણ એને કસ્તુરીની ખબર નથી. એમ ભગવાનઆત્મા અંદરમાં આનંદનો નાથ પોતે છે એની એને ખબર નથી. આ ખબરું બધી બહારની ધૂળની. સમજાણું કાંઈ? એવા કહે છે કે આત્માના અનુભવના સમ્યગ્દર્શન વિના **'તિર્યંચ, મનુષ્ય, કુદેવ યોનિ પાતે હૈં...'** આહાહા..! **'યહ ભાવકે વિશેષ સે ફલકા વિશેષ હૈ.'** લ્યો! ભાવ વિશેષ, ફળ વિશેષ. એમ. ભારે આકરું પણ કઠણ જગતને. બહારમાંથી ગોત્યું છે ને માન્યું છે. બહારમાં બધું ગોતવા ગયો છે. છે અંદર. 'ઊપજે મોહ વિકલ્પથી સમસ્ત આ સંસાર, અંતર્મુખ અવલોકતા વિલય થતાં નહિ વાર.' આવો માર્ગ એણે સાંભળ્યો નથી ને, એટલે એમ લાગે કે આ તો બહુ નિશ્ચયની વાત. નિશ્ચય એટલે સાચી વાત. પણ ખોટી વાત તો ભેગી કરતા નથી કાંઈ. એય..! ભગવાન 'કુંદકુંદાચાર્ય' તો આ કહે છે.

आगे कहते हैं कि अशुद्ध भावसे अशुद्ध ही आहार किया, इसलिये दुर्गति ही पाई :-

**छायालदोसदूसियमसणं गसिउं असुद्धभावेण।**
**पत्तो सि महावसणं तिरयगईए अणप्पवसो।।१०१।।**

षट्चत्वारिंसद्दोषदूषितमशनं ग्रसितं अशुद्धभावेन।
प्राप्तः असि महाव्यसनं तिर्यग्गतौ अनात्मवशः।।१०१।।

**અવિશુદ્ધ ભાવે દોષ છેંતાળીસ સહ ગ્રહી અશનને,**
**તિર્યંચગતિ મધ્યે તું પામ્યો દુઃખ બહુ પરવશપણે. ૧૦૧.**

**अर्थ :-** हे मुने! तूने अशुद्ध भावसे छियालीस दोषोंसे दूषित अशुद्ध अशन (आहार) ग्रस्या (खाया) इस कारण से तिर्यंचगतिमें पराधीन होकर महान (बड़े) व्यसन (कष्ट) को प्राप्त किया।

**भावार्थ :-** मुनि छियालीस दोषरहित शुद्ध आहार करता है, बत्तीस अंतराय टालता है, चौदह मलदोषरहित करता है, सो जो मुनि होकर सदोष आहार करे तो ज्ञात होता है कि इसके भाव भी शुद्ध नहीं है। उसको यह उपदेश है कि - हे मुने! तूने दोष-सहित अशुद्ध आहार किया, इसलिये तिर्यंचगतिमें पहिले भ्रमण किया और कष्ट सहा, इसलिये भाव शुद्ध करके शुद्ध आहार कर जिससे फिर भ्रमण न करे। छियालीस दोषोंसे सोलह तो उद्‌गम दोष हैं, वे आहारके बननेके हैं, ये श्रावकके आश्रित हैं। सोलह उत्पादन दोष हैं, ये मुनिके आश्रित हैं। दस दोष एषणाके हैं, ये आहारके आश्रित हैं। चार प्रमाणादिक हैं। इनके नाम तथा स्वरूप 'मूलाचार', 'आचारसार' ग्रंथसे जानिये।।१०१।।

## ગાથા-૧૦૧ ઉપર પ્રવચન

'આગે કહતે હૈં કિ અશુદ્ધ ભાવસે અશુદ્ધ હી આહાર કિયા, ઈસલિયે દુર્ગતિ હી પાઈ :-' ભગવાન 'કુંદકુંદાચાર્ય' (કહે છે), અનંતવાર કર્યું, બાપુ! તારે માટે કરેલો આહાર ઉદ્દિષ્ટ બનાવીને, ચોકા બનાવીને તેં લીધા એને લઈને ચાર ગતિમાં રખડ્યો. સમજાણું કાંઈ? ઈ કહે છે, જુઓ! ૧૦૧.

**छायालदोसदूसियमसणं गसिउं असुद्धभावेण।**
**पत्तो सि महावसणं तिरयगईए अणप्पवसो।।१०१।।**

'**गसिउं**' એટલે ખાધું. ભગવાન 'કુંદકુંદાચાર્ય' મુનિ કહે છે કે '**હે મુને! તૂને અશુદ્ધભાવસે છિયાલીસ દોષોંસે દૂષિત અશુદ્ધ અશન** (આહાર) **ગ્રસ્યા...**' તારે માટે

કરેલો ઉદ્દેશીને બનાવેલો, પાણી ઊના તારે માટે કર્યા એ તેં લીધા, એને રખડી ખાઈને ચાર ગતિમાં રખડ્યો છો. આહાહા..! 'પ્રકાશદાસજી'! છે? પાઠ તો છે ને આપણે પાઠ? **'अशुद्धभावसे छियालीस दोषोंसे दूषित अशुद्ध...'** લ્યો! છેંતાલીસ દોષ રહિત. જોઈએ એને ઠેકાણે છેતાલીસ દોષ સહિત એવા આહાર કર્યા, એવા મુનિપણાના નામ ધરાવી અને આવા સદોષ આહાર કર્યા.

**'अशुद्ध अशन...'** અશન પાણી બધું લેવું. '(आहार) ग्रस्या (खाया) ईस कारणसे तिर्यंचगतिमें...' તે કારણે તું તિર્યંચગતિમાં... આહાહા..! **'तिरयगईए'** અહીં તો શબ્દ એક જ લીધો છે. તારે માટે કરેલા, તારે માટે કરેલા તેં આહાર-પાણી લીધા. તે સદોષ આહાર, ઉદ્દેશિક આહાર સાધુ થઈને એવા તેં લીધા. આહાહા..! **'पराधीन होकर महान (बडे) व्यसन (कष्ट)...'** છે ને **'महावसणं'**? **'महावसणं'** એટલે કષ્ટ. **'महान (बडे) व्यसन (कष्ट) को प्राप्त किया.'** ચોર્યાસીના અવતારનું કષ્ટ મળ્યું. વિશેષ વ્યાખ્યા ભાવાર્થમાં કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**आगे फिर कहते हैं :-**

**सच्चित्तभत्तपाणं गिद्धी दप्पेणऽधी पभुत्तूण।**
**पत्तो सि तिव्वदुक्खं अणाइकालेण तं चिंत।।१०२।।**

**सचित्तभक्तपानं गृद्धया दर्पेण अधीः प्रभुज्य।**
**प्राप्तोऽसि तीव्रदुःखं अनादिकालेन त्वं चिन्तय।।१०२।।**

**તું વિચાર રે! -તે દુઃખ તીવ્ર લહ્યાં અનાદિ કાળથી,**
**કરી અશન-પાન સચિત્તનાં અજ્ઞાન-ગૃદ્ધિ-દર્પથી. ૧૦૨.**

**अर्थ :- हे जीव! तू दुर्बुद्धि (अज्ञानी) होकर अतिचार सहित तथा अतिगर्व (उद्धतपने) से सचित भोजन तथा पान, जीवसहित आहार-पानी लेकर अनादिकालसे तीव्र दुःखको पाया, उसका चिन्तवन कर-विचार कर।**

**भावार्थ :- मुनिको उपदेश करते हैं कि - अनादिकालसे जब तक अज्ञानी रहा जीवका स्वरूप नहीं जाना, तब तक सचित (जीवसहित) आहार-पानी करते हुए संसारमें तीव्र नरकादिकके दुःखको पाया। अब मुनि होकर भाव शुद्ध करके सचित आहार-पानी मत करे, नहीं तो फिर पूर्ववत् दुःख भोगेगा।।१०२।।**

---

**પ્રવચન નં. ૧૫૭, ગાથા-૧૦૨ થી ૧૦૫, રવિવાર, જયેષ્ઠ સુદ ૫, તા.૨૬-૫-૭૪**

**નોંધ :- સળંગ પ્રવચનોમાં ગાથા ૧૦૨ થી ૧૦૫ ઉપલબ્ધ નહિ હોવાથી ૧૯૭૪ની સાલમાંથી આ પ્રવચન લેવામાં આવેલ છે.**

ભાવપાહુડ. ૧૦૨.

**અર્થ :-** '**હે જીવ! તૂ દુર્બુદ્ધિ (અજ્ઞાની) હોકર...**' મુનિ બાહ્ય દ્રવ્યલિંગી છે એને સંબોધીને વાત કરે છે. હે દુર્બુદ્ધિ અજ્ઞાની! એ દુર્બુદ્ધિનો અર્થ જ અજ્ઞાની છે. કૌંસમાં અજ્ઞાનીની જરૂર નથી. દુર્બુદ્ધિ અજ્ઞાની આખું એક છે. '**ડ્ધી**' છે ને '**ડ્ધી**' એ દુર્બુદ્ધિ. એ '**ડ્ધી**'નો અર્થ દુર્બુદ્ધિ. જુઓને, પાઠ છે ને '**ડ્ધી**'?

મુમુક્ષુ :- '**ડ્ધી**'

ઉત્તર :- '**ડ્ધી**' દુર્બુદ્ધિ.

'**(અજ્ઞાની) હોકર અતિચાર સહિત...**' કોઈ અતિચાર લગાવ્યા સચેત આહાર ખાઈને. જેમાં એકેન્દ્રિય જીવ છે. આ વનસ્પતિ, કંદમૂળ વગેરે જીવ છે એમ સૂચવે છે. એને તું મુનિ નામ ધરાવીને અને આવા દોષો અતિચાર લગાવ્યા. '**તથા અતિગર્વ...**' ત્યાં ઉદ્ધત જુદા શબ્દની જરૂર નથી. એ અતિગર્વ ઉદ્ધતપને સે એમ છે આખો શબ્દ. '**અતિગર્વ (ઉદ્ધતપને) સે...**' 'જયચંદ્ર પંડિત'નો એ શબ્દ છે. '**સચિત ભોજન...**' એકેન્દ્રિય જીવ જેમાં છે એવા ભોજન કર્યા. મુનિ નામ ધરાવીને અનંતવાર. આહાહા..! '**તથા પાન,...**' સચેત પાણી છે ને આ જીવ? એક બિંદુમાં અસંખ્ય જીવ છે. અજ્ઞાનીને તો એની ખબર નથી. એવા '**જીવસહિત આહાર-પાની લેકર અનાદિકાલસે તીવ્ર દુઃખકો પાયા,...**' અનંત-અનંત કાળમાં અનંત સંસારમાં આવા દુઃખ તને મળ્યા. મુનિ નામ ધરાવીને પણ, નગ્ન દિગંબર થઈને પણ જેણે આવા સચેત આહાર ખાધા અથવા તપસ્વી નામ ધરાવીને અમે કંદમૂળ ખાઈએ તો અમારે વાંધો નહિ, આદિ. એ કહેશે અર્થમાં. '**અનાદિકાલસે તીવ્ર દુઃખકો પાયા,...**' જીવની ખબર નથી હજી. જીવ ક્યાં છે? કેટલા છે? એક બટાટા, શક્કરકંદની એક કણીમાં અસંખ્ય તો શરીર છે અને એક શરીરમાં અનંત જીવ છે. કોણ માને? આવું જેને જ્ઞાન નથી અને જેને જ્ઞાન હોવા છતાં એ સચેત મુનિ નામ ધરાવીને ખાય છે એ તીવ્ર દુઃખને પામે છે એમ કહે છે. ચાર ગતિમાં રખડવાના દુઃખને પામે છે.

**ભાવાર્થ :-** '**મુનિકો ઉપદેશ કરતે હૈં...**' મુખ્ય મુનિની અત્યારે વાત છે ને ભાવપાહુડમાં? '**કિ-અનાદિકાલસે જબ તક અજ્ઞાની રહા...**' અનાદિથી અજ્ઞાની (છે એને) વસ્તુની ખબર ન મળે. ભગવાન સર્વજ્ઞ જીવ કોને કહે છે? અજીવ કોને કહે છે? એ કેટલી સંખ્યામાં છે? એની ખબર ન મળે જેને. '**અજ્ઞાની રહા જીવકા સ્વરૂપ નહીં જાના,...**' એણે ભગવાને જે કહ્યું સર્વજ્ઞ પરમેશ્વરે એવા જીવનું સ્વરૂપ જાણ્યું નહિ. એવો એક એક જીવ અને

એવા અનંત જીવ એકેન્દ્રિયાદિ. એના જીવના સ્વરૂપને એણે જાણ્યું નહિ. આહાહા..!

'**તબ તક સચિત (જીવસહિત) આહાર-પાની કરતે હુએ...**' જીવસહિત. એ સચેત જીવસહિત શબ્દ સીધો છે. એ કૌંસમાં નાખ્યું છે એ બધો ફેરફાર છે. '**સચિત જીવસહિત આહાર-પાની...**' એમ છે શબ્દ. '**આહાર-પાની કરતે હુએ સંસારમેં તીવ્ર નરકાદિકકે દુઃખકો પાયા.**' નરકમાં, નિગોદમાં જઈ અનંતા દુઃખ મળ્યા. '**અબ મુનિ હોકર ભાવ શુદ્ધ કરકે...**' હવે તો મુનિ થઈને આત્માનું સમ્યગ્દર્શન પ્રગટ કરીને. એમ કહે છે. આત્મા શુદ્ધ ચૈતન્યસ્વરૂપ પૂર્ણાનંદ, એનું અંતર સમ્યગ્દર્શન, અનુભૂતિ. આત્માનો અનુભવ કરીને સમ્યગ્દર્શન પ્રગટ કરીને '**શુદ્ધ કરકે સચિત આહાર-પાની મત કરે,...**' મુનિ થઈને પછી આહાર-પાણીમાં સચેતપણું હોય એ ન કર. આહાહા..! ભાવપાહુડની વાત છે ને એટલે ચિંતવન .. '**નહીં તો ફિર પૂર્વવત્ દુઃખ ભોગેગા.**' અનંતકાળમાં દુઃખ મળ્યા એ મળશે તને, ભાઈ! આહાહા..!

---

**आगे फिर कहते हैं :–**

**कंदं मूलं बीयं पुप्फं पत्तादि किंचि सच्चित्तं।**
**असिऊण माणगव्वं भमिओ सि अणंतसंसारे।।१०३।।**

**कंदं मूलं बीजं पुष्पं पत्रादि किंचित् सचित्तम्।**
**अशित्वा मानगर्वे भ्रमितः असि अनंतसंसारे।।१०३।।**

**કંઈ કંદ-મૂલો, પત્ર-પુષ્પો, બીજ આદિ સચિતને,**
**તું માન-મદથી ખાઈને ભટક્યો અનંત ભવાર્ણવે. ૧૦૩.**

**अर्थ :– कंद–जमीकंद आदिक, बीज–चना आदि अन्नादिक, मूल–अदरक मूली, गाजर आदिक, पुष्प–फूल, पत्र नागबेल आदिक, इनको आदि लेकर जो भी कोई सचित्त वस्तु थी उसे मान (गर्व) करके भक्षण की। उससे हे जीव! तूने अनंत–संसारमें भ्रमण किया।**

**भावार्थ :– कन्दमूलादिक सचित्त अनन्त जीवोंकी काय है तथा अन्य वनस्पति वीजादिक सचित्त हैं इनको भक्षण किया। प्रथम तो मान करके कि–हम तपस्वी हैं, हमारे घरबार नहीं है, वनके पुष्प–फलादिक खाकर तपस्या करते हैं, – ऐसे मिथ्यादृष्टि तपस्वी होकर मान करके खाये तथा गर्वसे उद्धत होकर दोष समझा नहीं, स्वच्छंद होकर सर्वभक्षी हुआ। ऐसे इन कंदादिकको खाकर इस जीवने संसारमें भ्रमण किया। अब मुनि होकर इनका भक्षण मत कर, ऐसा उपदेश है। अन्यमतके तपस्वी कंदमूलादिक फल–फूल खाकर अपनेको महंत मानते हैं, उनका निषेध है।।१०३।।**

## ગાથા-૧૦૩ ઉપર પ્રવચન

'આગે ફિર કહતે હૈં :-'

**कंदं मूलं बीयं पुप्फं पत्तादि किंचि सच्चित्तं।**
**असिऊण माणगव्वं भमिओ सि अणंतसंसारे।।१०३।।**

અર્થ :- 'કંદ કહિયે જમીકંદ...' એમ મૂળ શબ્દ છે, ભાઈ! 'કંદ કહિએ જમીકંદ...' એમ શબ્દ છે 'જયચંદ્ર પંડિત'નો. આમ કંદ કહીએ જમીકંદ એમ નહિ. 'કંદ કહીયે જમીકંદ...' એમ. બધે કહીએ શબ્દ છે. બધો ઘણો ફેરફાર કરી નાખ્યો.

મુમુક્ષુ :- ભાષાંતર કર્તાએ કરી નાખ્યું છે.

ઉત્તર :- ભાષાનો ફેરફાર કર્યો. ભાષા આવવી જોઈએ.

મુમુક્ષુ :- ભાષાંતર કર્તાએ કર્યું છે.

ઉત્તર :- પછી આવું કર્યું શું કરવા? નાખવું શું કરવા જોઈએ? ... આખો ફેરફાર છે આ.

**'કંદ કહીયે જમીકંદ...'** હવે 'રામજીભાઈ' કહે છે ને એમ થયું. એનું શું કરવું? આ તો જાણવા માટે વાત થાય છે. **'જમીકંદ...'** સર્વજ્ઞ પરમેશ્વર સિવાય કંદમૂળમાં અનંત જીવ છે એ કોઈએ જાણ્યા નથી અને માન્યા નથી.

મુમુક્ષુ :- અનંત જીવ છે એમાં કોણ માને?

ઉત્તર :- એક જીવમાં અનંત ગુણ છે અને અનંત જીવ છે એ કોણે માન્યા છે? અજ્ઞાનીએ સર્વજ્ઞ સિવાય કલ્પનાથી બધી વાતું કરી. કર્યે જાય. એ કહે છે કે એક કંદમૂળની કટકી, બટાટા, શક્કરકંદ, એક કટકીમાં અસંખ્ય શરીર અને એક શરીરમાં અનંત જીવ છે. એ સર્વજ્ઞ પરમેશ્વરે પ્રત્યક્ષ જોયું એ કહ્યું છે. કહો, 'જયંતીભાઈ'! હવે એનું તો ભાન ન મળે અને આત્માનું ધ્યાન કરો. શેના ધૂળમાં ધ્યાન કરે? જડ થઈ જશે, જડ. મિથ્યાત્વના પોષણ છે બધા. આહાહા..! સમજાણું કાંઈ?

**'કંદ કહીયે જમીકંદ આદિક, બીજ-ચના આદિ અન્નાદિક,...'** અન્ન છે ને આ અન્નમાં ચોખા, ઘઉં, બાજરી એ જીવ છે. જીવ છે એમાં. સર્વજ્ઞ સિવાય જેને ત્રણકાળનું જ્ઞાન નથી અને આત્માનો સ્વભાવ સર્વજ્ઞ છે, એ સર્વજ્ઞની દશા પૂર્ણ થાય ત્યારે આત્મા પૂર્ણ થયો કહેવાય. કહો. એય..! આત્મા સર્વજ્ઞ સ્વભાવી છે. એનો જ્ઞ સ્વભાવ છે-જાણવું. એટલે કે સર્વજ્ઞ શક્તિ અને સર્વજ્ઞ સ્વરૂપી જ છે આત્મા. એમાંથી જેણે સર્વજ્ઞપણામાંથી સર્વજ્ઞપર્યાય પ્રગટ કરી અંદરથી એને ત્રણકાળ ત્રણલોક જણાણા એવા સર્વજ્ઞ પરમેશ્વર. અનંત સિદ્ધ થયા એ સર્વજ્ઞ છે. લાખો ભગવાન બિરાજે છે મહાવિદેહમાં. સર્વજ્ઞ પરમેશ્વર કેવળી ત્રણકાળનું જ્ઞાન છે. એવા જ્ઞાન વિનાના અજ્ઞાનીએ પોતાની કલ્પનાથી જીવની વાત કરી હોય તો એમાં

કંદમૂળને જીવ માને નહિ. મિથ્યાદષ્ટિ મૂઢ જીવો છે ઇ. સમજાણું કાંઈ? આહાહા..!

**'મૂળ કહીયે અદરક મૂલી...'** આદુ. આદુ આમ મૂળ. શું કહેવાય? મૂળા-મૂળા. મૂળા અને છે ને કાંદા? એની એક કટકીમાં અનંત જીવ છે. આહાહા..! એક એક જીવ અનંત ગુણોવાળો છે. એક એક જીવ સર્વજ્ઞસ્વભાવી છે. એવી જેને ખબર નથી એ તો મૂઢ જીવો મિથ્યાદષ્ટિ પાપ બાંધીને ચાર ગતિમાં રખડવાના છે. આહાહા..! સમજાણું કાંઈ? **'ગાજર આદિક,...'** લ્યો. ગાજર-ગાજર. આ ગાજર નથી? એક કટકીમાં અનંતા જીવ છે ગાજરમાં. કૂણા ગાજર હોય છે ને? આહાહા..! શક્કરકંદ, લસણ, ડુંગળી એ બધામાં એક કટકીમાં અનંતા જીવ છે. એ સર્વજ્ઞ ભગવાન પરમેશ્વર સિવાય કોઈએ જોયા નથી. બીજા મતમાં એ કાંઈ વાત છે જ નહિ. વીતરાગ સિવાય, સર્વજ્ઞ સિવાય. એ વાતું બધી કલ્પનાએ જોડી દીધી, આત્મા આવો હોય, પછી આમ કરવું, ફલાણું કરવું. એ મૂઢ જીવોએ અજ્ઞાનમાંથી કલ્પના કરી બધી. સમજાણું કાંઈ? આહાહા..!

અહીં તો કહે છે, **'આદિ લેકર જો ભી કોઈ સચિત વસ્તુ...'** આ પુષ્પ. પુષ્પ એટલે ફૂલ. **'પુષ્પ-ફૂલ,...'** પુષ્પનો અર્થ ફૂલ થયો. બસ, એ તો સાથે-સાથે શબ્દ કરે છે. **'પુષ્પ-ફૂલ, પત્ર નાગરવેલ આદિક,...'** આદિ પાન. નાગરવેલ આદિ **'ઇનકો આદિ લેકર જો ભી કોઈ સચિત વસ્તુ થી ઉસે માન ગર્વ કરકે ભક્ષણ કી.'** એ ગર્વ ન જોઈએ કૌંસમાં. આખો જોઈએ. માનગર્વ. મૂળપાઠ છે ને? મૂળ પાઠ **'माणगव्वं'** છે ને? માન અને ગર્વથી ખાધું. એમાં શું છે જીવ-જીવ કરો છો? મિથ્યાદષ્ટિ મૂંઢ જીવ, એવાને જીવ માનીને એમ કહે તમેં શું (કહો છો?) આવા અંનતા જીવ કોણે ભાળ્યા હતા? એમ માનીને અભિમાનીઓ ગર્વ કરીને ભક્ષણ કરે છે. **'ઉસસે હે જીવ! તૂને અનંત-સંસારમેં ભ્રમણ કિયા.'** અનંત સંસાર ચાર ગતિમાં ભ્રમણ કર્યું. આહાહા..!

**ભાવાર્થ :- 'કંદમૂલાદિક સચિત અનન્ત જીવોંકી કાય હૈ...'** એ કંદમૂળ બટાટા, શક્કરકંદ, લસણ, ડુંગળી, ગાજર. એ આવડા મોટા થાય. વેલા મોટા થાય એને શું કહેવાય? સુરણ-સુરણ. સુરણની ગાંઠ થાય ને આવડી મોટી? એ સુરણની એક કટકીમાં અનંતા જીવ છે. કોણ માને આ? આંધળાને ખબર ન મળે. આહાહા..! એવી અનંત જીવની ખાણ છે એ તો. આહાહા..! **'કંદમૂલાદિક સચિત અનંત જીવોંકી કાય હૈ...'** એ તો. સમૂહ છે. **'અન્ય વનસ્પતિ બીજાદિક સચિત હૈં ઇનકો ભક્ષણ કિયા. પ્રથમ તો માન કરકે કિ-હમ તપસ્વી હૈં,...'** અમે તો ત્યાગી છીએ. અમારે શું છે? **'હમારે ઘરબાર નહીં હૈ, વનકે પુષ્પ-ફલાદિક ખાકર તપસ્યા કરતે હૈં,...'** ગમે તે ખાઈએ અમારે શું છે? અમને કંઈ નહીં. મરી જાઈશ. નરક અને નિગોદમાં જઈશ. ત્યાં કાંઈ સિફારીશ કામ એવું નથી ત્યાં. ખબર જ નથી એને વસ્તુની. આહાહા..!

**'ઐસે મિથ્યાદષ્ટિ તપસ્વી...'** જેની દૃષ્ટિ મિથ્યાત્વ છે. જેને જીવની ખબર ન મળે.

કેટલા જીવ ક્યાં છે એની ખબર જ ન મળે અજ્ઞાનીને, મૂઢને. ... અમને કોઈ પાપ લાગતું નથી. એમ મૂઢ જીવ મિથ્યાદૃષ્ટિ થઈ આવા પાપો અનંત કર્યા. અત્યારે પણ એ નામ ધરાવીને એવા કરે છે. આહાહા..! **'ઐસે ઈન કંદાદિકકો ખાકર ઈસ જીવને સંસારમેં ભ્રમણ કિયા. અબ મુનિ હોકર ઈનકા ભક્ષણ મત કરે,...'** જે આત્માના જ્ઞાનસહિત મુનિ થયો, આત્માના ભાનસહિત મુનિ. મુનિ તો એને કહીએ કે એ જંગલમાં વસે, જેને વસ્ત્ર ન હોય, નગ્નદશા હોય, જેને અંતરમાં ત્રણ કષાયનો અભાવ હોય, જેને આનંદના રસની રેલમછેલ અંદર ચાલતી હોય. આહાહા..! બહારની જેની નગ્નદશા થઈ હોય, વસ્ત્રનો એક ધાગો પણ જેને હોય નહિ, એવા જંગલમાં વસનારને મુનિ કહેવામાં આવે છે. આહાહા..! કહો, 'જયંતિભાઈ'! એને સાધુ કહેવામાં આવે છે. આહાહા..!

મુમુક્ષુ :- તો પછી ભગવાન કોને કહેવા?

ઉત્તર :- કેવળી કોને કહેવા અને ભગવાન કોને કહેવા! આહાહા..! શું થાય? અજ્ઞાનીઓને... આહાહા..!

વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર અરિહંતદેવ કોને કહેવા એની ખબરું ન મળે. જૈનના વાડામાં જન્મ્યા એને ખબર ન મળે. વાડામાં જન્મ્યા એને! અને જ્યાં ત્યાં ભટક્યા ભટક કરે. આહાહા..! અરિહંત સર્વજ્ઞ પરમેશ્વર, જેને એક સમયમાં ત્રણકાળ ત્રણલોકનું જ્ઞાન (છે), એવા અનંત સિદ્ધો થઈ ગયા અને અનંત સંખ્યાતા લાખો કેવળી બિરાજે છે મહાવિદેહમાં. કોણ જોવા ગયું હતું મહાવિદેહમાં છે કે નહિ? વળી એમ કોઈક કહે છે. અરે..! ભગવાન! સાંભળને, ભાઈ! જેને જ્ઞાન હોય એ જોવા ગયા હતા ત્યાં. જોયા છે એને. સમજાણું કાંઈ? આહાહા..! ત્રણકાળ ત્રણલોકનું જેને જ્ઞાન છે. સર્વજ્ઞ, અનંત નેત્ર જેના ખુલી ગયા છે. ચાર કર્મ રહિત થયા છે, ચાર કર્મ બાકી છે. વાણી આદિ સમવસરણમાં છે. સીમંધર પરમાત્મા મહાવિદેહ ક્ષેત્રમાં બિરાજે છે. એ વાત બીજે ક્યાં છે ક્યાંય કોઈ ઠેકાણે? અજ્ઞાનીઓએ પોતાની કલ્પનાથી વાતો ઓઘે-ઓઘે કરીને દુનિયાને ભ્રમણામાં નાખ્યા. દુનિયા એ મૂંઢ જેવી ભ્રમણામાં પડીને રખડવાનું ચાર ગતિમાં. આહાહા..! સમજાણું કાંઈ?

**'ઐસે ઈન કંદાદિકકો ખાકર...'** લ્યો! **'સ્વચ્છંદ હોકર સર્વભક્ષી હુઆ. ઐસે ઈન કંદાદિકકો ખાકર ઈસ જીવને સંસારમેં ભ્રમણ કિયા. અબ મુનિ હોકર ઈનકા ભક્ષણ મત કરે, ઐસા ઉપદેશ હૈ. અન્યમતકે તપસ્વી કંદમૂલાદિક ફલ-ફૂલ ખાકર અપનેકો મહંત માનતે હૈં,...'** અમે મહંત છીએ, અમે સાધુ છીએ, મુનિ છીએ, ત્યાગી છીએ. ખાય બધું. કંદમૂળ, મધ આદિ (ખાય) અને માને કે અમે સાધુ. મૂઢ છે, કહે છે. મરી જઈશ એ નરકમાં નિગોદમાં જાશે. આહાહા..! હવે કહે છે કે એ બધું માનવું એમાં વિવેક જોઈએ એમ કહે છે.

आगे विनय आदिका उपदेश करते हैं, पहिले विनयका वर्णन हैं :–

विणयं पचपयारं पालहि मणवयकायजोएण।
अविणयणरा सुविहियं तत्तो मुत्तिं न पावंति।।१०४।।

विनयः पंचप्रकारं पालय मनोवचनकाययोगेन।
अविनतनराः सुविहितां ततो मुक्तिं न प्राप्नुवंति।।१०४।।

રે! વિનય પાંચ પ્રકારનો તું પાળ મન-વચ-તન વડે;
નર હોય જે અવિનીત તે પામે ન સુવિહિત મુક્તિને. ૧૦૪.

अर्थ :– हे मुने! जिस कारणसे अविनयी मनुष्य भले प्रकार विहित जो मुक्ति उसको नहीं पाते हैं अर्थात् अभ्युदय तीर्थंकरादि सहित मुक्ति नहीं पाते हैं, इसलिये हम उपदेश करते हैं कि – हाथ जोडना, चरणोमें गिरना, आने पर उठना, सामने जाना और अनुकूल वचन कहना यह पाँच प्रकारका विनय है अथवा ज्ञान, दर्शन, चारित्र, तप और इनके धारक पुरुष इनका विनय करना, ऐसे पाँच प्रकारके विनयको तू मन–वचन–काय तीनों योगोंसे पालन कर।

भावार्थ :– विनय बिना मुक्ति नहीं है, इसलिये विनयका उपदेश है। विनयमें बड़े गुण हैं, ज्ञानकी प्राप्ति होती है, मान कषायका नाश होता है, शिष्टाचारका पालना है और कलहका निवारण है, इत्यादि विनयके गुण जानने। इसलिये जो सम्यग्दर्शनादिसे महान हैं उनका विनय करो यह उपदेश हैं और जो विनय बिना जिनमार्गसे भ्रष्ट भये, वस्त्रादिकसहित जो मोक्षमार्ग मानने लगे उनका निषेध है।।१०४।।

## ગાથા-૧૦૪ ઉપર પ્રવચન

**'આગે વિનય આદિકા ઉપદેશ કરતે હૈં, પહિલે વિનયકા વર્ણન હૈ :-'**

विणयं पचपयारं पालहि मणवयकायजोएण।
अविणयणरा सुविहियं तत्तो मुत्तिं न पावंति।।१०४।।

આહાહા..! જુઓ! એ નાખીને પાછો વિનય નાખ્યો. એટલે અરિહંત સર્વજ્ઞ પરમેશ્વર, પંચ પરમેષ્ઠી કોણ છે એને ઓળખીને એનો વિનય જોઈએ. પાંચ પરમેશ્વર. નમો અરિહંતાણં. એ તો ગુણના ધરનારની દશાવાળા છે. એને ઓળખીને એનો વિનય જોઈએ.

**અર્થ :- 'હે મુને! જિસ કારણસે અવિનયી મનુષ્ય ભલે પ્રકાર વિહિત જો મુક્તિ ઉસકો નહીં પાતે હૈં...'** સર્વજ્ઞ પરમેશ્વર સિદ્ધ ભગવાન સાચા સંત, આચાર્ય, ઉપાધ્યાય,

સાધુ, એનો વિનય કર્યા વિના, એણે કહ્યું એને માન્યા વિના મુક્તિ નહિ મળે, એને મોક્ષ નહિ મળે, એને ધર્મ થશે નહિ. આહાહા..! બહુ આકરી વાત. '**ભલે પ્રકાર...**' છે ને પાઠ છે ને? '**विहियं**'. '**सुविहियं**' એનો અર્થ કર્યો છે. વિહિત. '**જો મુક્તિ...**' એમ. '**ઉસકો નહીં પાતે હૈં અર્થાત્ અભ્યુદય તીર્થંકરાદિ સહિત મુક્તિ નહીં પાતે હૈં,...**' '**विहियं**' કીધું ખરું ને વચ્ચે. જેને તીર્થંકર પદવી મળે, પછી મુક્તિ થાય એવી દશા આવા અવિનયી જીવને, જેને સર્વજ્ઞ પરમેશ્વર કોણ છે એની ઓળખાણ પણ ન મળે, એનો આદર પણ ન મળે અને હું જ પોતે છું... સમજાય છે? એમ માનનારા મૂઢ જીવો ચાર ગતિમાં રખડવાના છે. આહાહા..! '**મુક્તિ નહીં પાતે હૈં,...**' એ તીર્થંકરાદિ પદવી નહિ થાય.

'**ઈસલિયે હમ ઉપદેશ કરતે હૈં કિ – હાથ જોડના,...**' સર્વજ્ઞ પરમેશ્વર હોય, આચાર્ય હોય, ઉપાધ્યાય સાધુ, સંત હોય સાચા. વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર કહે છે એ, હોં! અજ્ઞાની કહે એ નહિ. '**ચરણોમેં ગિરના,...**' એના ચરણમાં પડવું. આહાહા..! '**આને પર ઉઠના, સામને જાના ઔર અનુકૂલ વચન કહના યહ પાંચ પ્રકારકા વિનય હૈ...**' લ્યો! જેને સાચા પરમેશ્વર, સાચા સિદ્ધ અને સાચા સાધુ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ, એની જેને ઓળખાણ હોય એ એનો વિનય કરે, કહે છે. બહુ વિનય કરે એનો. એ કહે છે તે પ્રમાણે માને. એ આવે ત્યારે ઊભા થાય, ચરણમાં પડે, હાથ જોડે. '**સામને જાના ઔર અનુકૂલ વચન કહના યહ પાંચ પ્રકારકા વિનય હૈ.**' લ્યો!

'**અથવા જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ ઔર ઈનકે ધારક પુરુષ ઈનકા વિનય કરના, ઐસે પાંચ...**' સમ્યગ્જ્ઞાન જેને થયું છે. ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ જે કહે છે, એવી જેને અંતર સમ્યગ્જ્ઞાન દશા થઈ છે. રાગથી, વિકલ્પથી, સંયોગથી ભિન્ન પડીને અંતર અનુભૂતિ જેને આત્માનું જ્ઞાન થયું છે. એ આત્મજ્ઞાની જીવ પંચ પરમેષ્ઠીને વ્યવહારે બરાબર માને છે એમ કહે છે. એનો વિનય કરે છે એ. આહાહા..! એ પોતે જ્ઞાનનો પણ વિનય કરે છે. આહાહા..! જ્ઞાન આને કહીએ. સમજાણું કાંઈ? આમ શૂન્ય થઈ જાઓ, શૂન્ય થઈ જાઓ, વિકલ્પ છોડી નાખો. શું શૂન્ય થઈ જાય? જડ થાશે. પોતે ચીજ શું છે આત્મા, પદાર્થ અસ્તિ શું છે, અસ્તિ-હયાતી કેટલી અને કેવડી અને કેટલા ક્ષેત્રમાં કેવા ગુણે ને કેવી છે, એના ભાન વિના એના ઉપર દૃષ્ટિ પડશે જ નહિ. એ બહારના વિકલ્પ ઓછા કરે એમ દેખાય એને, વિકલ્પ ઓછા થયા આમ દેખાય. જડ જેવો થઈ જઈશ, મિથ્યાત્વનું પોષણ કરીને. આહાહા..! કહો, સમજાણું કાંઈ?

અહીં તો જ્ઞાન, જેને એક આત્મા સર્વજ્ઞ સ્વરૂપી છે એવા અનંત આત્માઓ છે, એનું પોતાનું આત્માનું અંતર જ્ઞાન જેને થયું છે. એ જ્ઞાનને વિનય કરે. એ જ્ઞાનનો વિનય કરે, એ દર્શનનો વિનય કરે. સમ્યગ્દર્શન. આહાહા..! એ પૂર્ણાનંદનો નાથ પ્રભુ આત્મા પોતે, એની અંતરમાં પ્રતીતિ અનુભૂતિ સહિત, આનંદના સ્વાદ સહિત... આહાહા..! એને સમ્યગ્દર્શન કહીએ. એ સમ્યગ્દર્શનનો વિનય કરે. ધર્મી હોય એ સમ્યગ્દર્શનનો વિનય કરે. મિથ્યાદર્શનનો

આદર કરે નહિ. મોટા મહંત નામ ધરાવતા હોય પણ જેને સર્વજ્ઞ પરમેશ્વરના માર્ગથી વિપરીત દૃષ્ટિ છે, કલ્પના કરીને કલ્પિત વાતું કરી છે એવા અજ્ઞાનીઓને ધર્મી આદરે નહિ, એને માને નહિ. કહો, 'જયંતિભાઈ'! શું કરવું આ બધું પણ? એ જ્ઞાનનો વિનય.

ચારિત્રનો વિનય. આત્મા આનંદસ્વરૂપના અનુભવપૂર્વક આનંદમાં લીનતાની રમણતા જેને હોય એવી ચારિત્રદશા. આહાહા..! એ ચારિત્રદશા નગ્ન મુનિને હોય. એવી ચારિત્રદશા વસ્ત્રવાળાને હોઈ શકે નહિ, ત્રણકાળ ત્રણલોકમાં. સમજાણું કાંઈ? આહાહા..! અરે..! એકેય વાતના ઠેકાણા ન મળે અને માને કે અમે ધર્મી છીએ, ચારિત્રવંત છીએ અને તપસ્વી છીએ. આહાહા..! અનાદિ કાળથી એવા ઊંધા ભાવ કર્યા. કહે છે, ચારિત્રનો વિનય કરે. આહાહા..! ચારિત્ર એટલે આત્માના આનંદમાં જેની અતીન્દ્રિય આનંદની ધારા વહે છે અને પંચમહાવ્રતાદિના વિકલ્પ રાગ પણ હોય છે. બાહ્યમાં નગ્નદશા હોય છે એવા ચારિત્રવંતનો વિનય કરે. કહો, પંડિતજી! એ એક એક ગુણ શું છે એ સમજ્યો નહિ. ભાઈ! અત્યારે તો .. પડી ગઈ. આહાહા..!

**'ચારિત્ર, તપ...'** ઉગ્ર આનંદનો ઉછાળો અંદર આવે. ચારિત્રની રમણતા કરતા આનંદની દશા અતીન્દ્રિય આનંદનો ઉછાળો આવે. જેમાં ઇચ્છાની ઉત્પત્તિ જ ન થાય. એવી અંતર દશાને તપ કહે છે. બાકી આ બધી લાંઘણું. અપવાસ, બપવાસ કરે એ બધી લાંઘણું છે. એ આત્મદર્શન સહિત, અનુભૂતિ સહિત સર્વજ્ઞ પરમેશ્વરે જે સમ્યગ્દર્શન કહ્યું એ સહિત જેની ચારિત્રદશા છે અને એમાં એની ઉગ્ર દશા, ચારિત્રનો જ ભાવ .. ઉગ્ર પુરુષાર્થથી જે આનંદની લહેર આવે, આત્મા અતીન્દ્રિય આનંદથી તપે અને શોભે એને તપ કહેવામાં આવે છે. બાકી લાંઘણું છે. આહાહા..! ભારે વાતું, ભાઈ! વાતે વાતે ફેર છે. અજ્ઞાનીની અને જ્ઞાનીની વાતમાં બહુ ફેર. આહાહા..! **'ઔર ઈનકે ધારક પુરુષ...'** ચાર ગુણ લીધા. જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ અને એના ધરનારા આત્માઓ. **'ઈનકા વિનય કરના.'**

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. પાંચ છે ને.

**'ઈનકે ધારક પુરુષ ઈનકા વિનય કરના. ઐસે પાંચ પ્રકારકે વિનયકો તૂ મન-વચન-કાય...'** આહાહા..! મનથી, વચનથી અને કાયાથી. **'તીનોં યોગોંસે પાલન કર.'** આહાહા..! ભાવપાહુડ છે ને?

**ભાવાર્થ :- 'વિનય બિના મુક્તિ નહીં હૈ, ઈસલિયે વિનયકા ઉપદેશ હૈ.'** પંચ પરમેષ્ઠી અને એ ગુણના ધરનારા અને એ ગુણ, એનો જેને વિનય નથી એને મોક્ષ હોતો નથી. એને ધર્મ જ હોતો નથી. મોક્ષ તો પછી. આહાહા..! સમજાણું કાંઈ? **'વિનય બિના મુક્તિ નહીં હૈ,...'** અરિહંત સર્વજ્ઞ પરમેશ્વર કેવળજ્ઞાની પરમાત્મા પૂર્ણ દશા પ્રાપ્ત વર્તે છે. એનો જેને આદર નથી, વિનય નથી, માનતો નથી અને હું જ પોતે ભગવાન છું એમ બધું માને એ બધા મૂઢ મિથ્યાદૃષ્ટિ ચાર ગતિમાં નરક અને નિગોદમાં રખડવાના છે.

મુમુક્ષુ :- અત્યારે તો ભગવાન ...

ઉત્તર :- નામ તો આપે બધા ઘણા. ભગવાન નામ નથી આપતા માણસને? હોય ભિખારી અને ભગવાન નામ હોય. 'ભગુભાઈ' લ્યો ને. 'ભગુ' નહોતું કીધું અમારે? 'જેતપુર'માં હતા. કંદોઈ-કંદોઈ. (સંવત) ૧૯૭૦ની વાત છે. ૭૦ની સાલ. 'ભગુ' એક કંદોઈ હતો. ભોળો જીવ બિચારો છોકરો. ૭૦ની વાત. ૭૦નો પોષ મહિનો. કેટલા વર્ષ થઈ ગયા? ૬૦ વર્ષ થઈ ગયા. દીક્ષા લઈને ગયા પહેલા. ૭૦માં દીક્ષા થઈને? માગશર. 'ભગુ' આવે પછી કહે, મહારાજ! ભગુ પશુ છે. એમ બોલે. નામ ભગવાન. 'ભગુ' કહે, મહારાજ! 'ભગુ' પશુ છે. પોતે એમ બોલે. શું કરવા? કે ઓલા ઘરના માણસો કહે ને, એના મા-બાપ? છોકરાની વહુ. જુઓ, બાપુ! 'ભગુ' પશુ જેવો છે તમે ધ્યાન રાખજો. એટલે અહીં આવીને (એમ કહે). આહાહા..! ઘરે એના મા-બાપ કહે ને બૈરાને? આ બિચારો ભોળો માણસ. મૂરખ પણ ગાંડો નહિ. ભોળો બહુ. ભોળો તે કાંઈ ભાન મળે. 'ભગુ' પશુ છે, મહારાજ! કીધું, આ શું? આ કોણ છે? આ તો કંદોઈ છે. એના મા-બાપ ઘરમાં એને પશુ કહેતા હશે ને એટલે. એમ આ ભગવાન નામ ધરાવે અને હોય પશુ જેવા. મિથ્યાશ્રદ્ધા, મિથ્યાજ્ઞાન, મિથ્યાઆચરણ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ અરિહંતથી એણે કહેલા જે તત્ત્વો, એ તત્ત્વની શ્રદ્ધા ન મળે એવા મિથ્યાદૃષ્ટિ જીવો ભગવાન નામ કહે અને ધરાવે એ ભગુ જેવા થવાના બધા. આહાહા..! સમજાણું કાંઈ? એ કહે છે, જુઓ!

**'વિનય બિના મુક્તિ નહીં હૈ, ઈસલિયે વિનયકા ઉપદેશ હૈ. વિનયમેં બડે ગુણ હૈં,...'** પરમાત્મા સર્વજ્ઞદેવ સિદ્ધ ભગવાન શરીરરહિત પરમાત્મા (છે). અરિહંતને હજી શરીર હોય, પણ વાણી હોય. વાણી ખરે. ત્રિકાળ જ્ઞાન હોય. ત્રણકાળ ત્રણલોકનું જ્ઞાન હોય. એને પરમાત્મા અને એને ભગવાન કહીએ. જેને શરીર હોય, આહાર ન હોય, પાણી ન હોય, ક્ષુધા ન હોય, રોગ ન હોય એવા પરમાત્માને અરિહંત પરમાત્મા કહેવામાં આવે છે. અને સિદ્ધને શરીર ન હોય. એ તો અશરીરી પરમાત્મા પૂર્ણ દશા (સહિત) લોકાગ્રે બિરાજમાન છે. આહાહા..! એ બધા જીવોને **'વિનયમેં બડે ગુણ હૈં,...'** એનો વિનય કરવાથી ઘણો ગુણ છે.

**'જ્ઞાનકી પ્રાપ્તિ હોતી હૈ,...'** લ્યો! આવ્યું. ઓલો કહે કે વિનય કરો તો શુભરાગ છે અને શુભરાગથી.. જે વખતે... વિનય કરવો છે એ તો શુભ વિકલ્પ છે. પણ એમાં બહુ માનપણાનું ભાન છે ને એટલો અંદર આત્માને ગુણ છે. આહાહા..! જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. ઓલામાં એમ આવે છે કે પરનો વિનય કરવો એ વિકલ્પ છે. નિશ્ચયની વાત આવે છે. આહાહા..! વ્યવહારથી કહે. બહુમાન છે ને? છે તો વિકલ્પ એ. પણ એની પાછળ જ્ઞાનમાં એ જાતનો ઘણો વિવેક વર્તે છે. એથી એ જ્ઞાનની પ્રાપ્તિ છે એમ કહેવામાં આવે છે. સમજાણું? આહાહા..!

**'માન કષાયકા નાશ હોતા હૈ,...'** પંચ પરમેષ્ઠી, ધર્માત્મા ઉપર બહુમાનથી એના

માનનો નાશ થાય છે. આહાહા..! હું છું એમ થઈ ગયું હોય એને. પંચપરમેષ્ઠી ત્રિલોકનાથ તીર્થંકરદેવ કેવળી, જેને ઈન્દ્રો આદરે, જેની સભામાં સિંહ અને વાઘ આવે છે..,. આહાહા..! એવી સભા મહાવિદેહમાં અત્યારે બિરાજમાન છે પ્રભુ સર્વજ્ઞ વીતરાગ, એની સભામાં ઈન્દ્રો, કરોડો દેવો આવે છે, એવા પરમાત્માનો વિનય કરવાથી, કહે છે, માન કષાયનો નાશ થાય. એમના આજ્ઞાધારી સાધુ, આચાર્ય, ઉપાધ્યાય, મુનિ (હોય) એનો પણ વિનય કરવાથી માનનો નાશ થાય.

'**શિષ્ટાચારકા પાલના હૈ....**' જે સજ્જનોનો શિષ્ટાચાર છે. બહુમાન કરવું એ એનું પાલન થાય છે એમાં. '**ઔર કલહકા નિવારણ હૈ,...**' અવિનયમાં તો કલહ થાય, ક્લેશ થાય. વિનયમાં તો કલહનું નિવારણ થાય. '**ઈત્યાદિ વિનયકે ગુણ જાનને. ઈસલિયે જો સમ્યગ્દર્શનાદિસે મહાન હૈ...**' લ્યો! પોતા કરતા સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર આદિમાં મોટા છે '**ઉનકા વિનય કરો...**' આહાહા..! પોતાથી વિશેષ ગુણવાળા, સમ્યગ્દર્શન સહિતવાળા, હોં! એની વાત છે. સમ્યગ્દર્શન શું ચીજ છે એ બહુ મુશ્કેલી પડી ગઈ જગતને અત્યારે. હેં! આહાહા..! એક આત્મા પરિપૂર્ણ પરમાત્મા, એના તરફની અંતર દૃષ્ટિ કરી અને નિર્વિકલ્પ દર્શન થાય એને અહીંયાં નિર્વિકલ્પ આનંદની દશા સહિત થાય તેને નિર્વિકલ્પ સમ્યગ્દર્શન કહે છે. આહાહા..! એ જૈન પરમેશ્વરના માર્ગ સિવાય બીજે ક્યાંય હોઈ શકે નહિ, ત્રણકાળ ત્રણલોકમાં. સમજાણું કાંઈ? આહાહા..! કહો, 'જયંતિભાઈ'! આ પક્ષની વાત નહિ હોય? બાપુ! તને ખબર નથી, ભાઈ! એ તો વસ્તુનુ સ્વરૂપ જ આવું છે. કોઈ રીતે, બીજી રીતે સિદ્ધ થશે જ નહિ. આહાહા..!

સર્વજ્ઞ પરમાત્મા સાક્ષાત્ મહાવિદેહમાં બિરાજે છે. ગણધરો ચાર જ્ઞાનના ધરનારા, અંતર્મુહૂર્તમાં ચૌદ પૂર્વની રચના કરે છે. એ માયલા આગમ છે આ. સમજાય છે કાંઈ? 'કુંદકુંદાચાર્ય' સંવત્ ૪૯માં ત્યાં ભગવાન પાસે ગયા હતા. ત્યાં જઈને આવીને આ શાસ્ત્ર રચ્યા છે. એ કહે છે કે વિનય જોઈએ. પંચ પરમેષ્ઠીનો અથવા એ ગુણનો. અને પોતા કરતા વધારે ગુણ હોય, સમ્યગ્દર્શનમાં વિશેષ હોય, સમ્યગ્જ્ઞાનમાં વિશેષ હોય, ચારિત્ર અંદર રમણતામાં વિશેષ હોય, મહાન હોય '**ઉનકા વિનય કરો...**' આહાહા..! ત્યાં ગર્વ ન રાખો, અભિમાન ન કરો. આહાહા..! '**યહ ઉપદેશ હૈ.**'

'**ઔર જો વિનય બિના જિનમાર્ગસે ભ્રષ્ટ ભયે,...**' એ ખુલાસો નાખ્યો. જૈન સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગ કેવળજ્ઞાની પરમાત્મા એનો પંથ ચાલ્યો આવતો હતો. અન્ય મત તો અત્યારે ચાલે છે એવા તો હતા એ વખતે, પણ આ શ્વેતાંબર છે એ જૈન ધર્મથી ભ્રષ્ટ થઈને નીકળ્યા છે. એની આ વાત કરે છે. આકરી લાગે એવી છે જરી. સર્વજ્ઞ પરમેશ્વરના માર્ગ સિવાય અન્યમતિઓના માર્ગ, સર્વજ્ઞ નથી જેનામાં એણે કલ્પિત અર્થો અને પદાર્થોની વાતું કરી એ તો જાણે મિથ્યાદૃષ્ટિઓ છે, પણ આ શ્વેતાંબર પંથ જે દિગંબરમાંથી નીકળ્યો એ શ્રદ્ધા ભ્રષ્ટ થઈને નીકળેલ છે. એય...! છે?

'**વિનય બિના...**' ધર્માત્મા, સમકિતી, સંતો હતા એ વખતે. પણ બાર વર્ષના ત્રણ દુકાળ પડ્યા, નભી ન શક્યા એટલે વસ્ત્રસહિત મુનિપણુ માન્યું. વસ્ત્ર હોય અને મુનિપણું છે એમ માન્યું. એ જૈનધર્મથી ભ્રષ્ટ થઈ ગયા છે. ભારે આકરી વાતું, ભાઈ! આહાહા..! આ શ્વેતાંબર અને એમાંથી નીકળ્યા સ્થાનકવાસી. બેય જૈનધર્મથી ભ્રષ્ટ થઈ ગયેલા છે. અન્ય તો ભ્રષ્ટ છે જ. પણ આ પણ ભ્રષ્ટ થઈને નીકળ્યા છે. આહાહા..! એય..! 'જયંતિભાઈ'!

મુમુક્ષુ :- સાવ સાચી વાત.

ઉત્તર :- સાવ સાચી વાત છે?

'**વિનય બિના...**' મુનિઓ અને ધર્માત્મા હતા એનો આદર ન રહ્યો અને નગ્નપણે મુનિપણું પાળી શક્યા નહિ. પછી વસ્ત્રનો કટકો રાખી અને અર્ધ ફાળક હતા પહેલા. શ્વેતાંબરનો પંથ નીકળ્યો એ. આટલો અડધો કટકો રાખતા સાથે. અને એમાં મુનિપણું માન્યું અને બધા કલ્પિત શાસ્ત્ર રચ્યા. કહો, 'ખીમચંદભાઈ'! આવી વાત છે જરી. આકરું લાગે ભાઈ. માર્ગ તો આ છે, બાપા! માને, ન માને એથી તો કાંઈ... વસ્તુ તો છે એ છે.

'**વિનય બિના જિનમાર્ગસે ભ્રષ્ટ ભયે, વસ્ત્રાદિક સહિત...**' દેખો! વસ્ત્ર રાખ્યા, પાત્ર રાખ્યું, એવા સહિત 'જો મોક્ષમાર્ગ માનને લગે...' મોક્ષનો માર્ગ છે અમારે એમ માનવા લાગ્યા એ બધા મિથ્યાદૃષ્ટિ ભ્રષ્ટ છે. આહાહા..! જૈનમાં રહેલાની વાત છે, હોં! આ. અન્યની વાતું તો છે જ નહિ. એ તો બધા પાખંડના પોષક છે. વીતરાગ સિવાયના બધા માર્ગ. માર્ગ આવો છે. ૩૬૩ પાખંડ કહ્યું છે ને? આત્માની વાતું કરે પણ એ બધી કલ્પિત, પોતાની દૃષ્ટિએ કલ્પિત કરી હોય એ. આહાહા..!

સર્વજ્ઞ પરમેશ્વરના માર્ગથી વિનયપણું છોડી દીધું. ભ્રષ્ટ થઈને મોક્ષમાર્ગ માનવા લાગ્યા. આહાહા..! વસ્ત્ર અને પાત્ર રાખીને (મુનિપણું માન્યું). મુનિને વસ્ત્રનો કટકો ન હોય. પાત્ર-બાત્ર કેવા? એ તો આનંદના લહેરમાં ભીક્ષા માટે જાય. હાથમાં આહાર લે. ઊભા-ઊભા આહાર લે, ખડા (રહીને) આહાર લે. એવી મુનિની સત્ત્વ દશા વીતરાગમાર્ગમાં અનાદિથી ચાલી આવે છે. અરે..! ક્યાંય સાંભળ્યું ન હોય. એય..! 'પ્રવિણભાઈ'! છે કે નહિ પુસ્તક? ત્યાં રહી ગયું? ખલાસ થઈ ગયા. એટલા જ છે? વધારે નહિ રાખ્યા હોય? કીડીઓ થઈ છે હોં! બહુ આમાં કીડીઓ થઈ છે. ઓલું છે ને કાંઈક અંદર? કીડી બહુ થઈ છે એમ ભાઈ કહેતા હતા. ચેતન કહેતો હતો, કીડીઓ બહુ (થઈ છે). ખોરાક હોય ત્યાં આવે. આનંદનો ખોરાક તો આત્મામાં છે. આહાહા..! ત્યાં રાગથી ભિન્ન પડીને આનંદના ખોરાકમાં આત્મા જાય એને ધર્માત્મા કહેવામાં આવે છે અહીં તો, ભાઈ! આહાહા..! અને તે સર્વજ્ઞ પરમેશ્વરે કહેલો એ આત્મા. એવી આત્માની જાતને જાણીને પોતાના આનંદનો ખોરાક કરે જીવ. અતીન્દ્રિય આનંદનો (ખોરાક લે). આહાહા..!

કહે છે, એનાથી ભ્રષ્ટ થઈ ગયા. બહુમાન ન રહ્યું. પોતાની કલ્પિત (માન્યતાથી)

વસ્ત્રાદિ રાખીને અમે પણ સાધુ છીએ, વસ્ત્ર રાખીને અમે પણ મુનિ છીએ એમ મનાવવા લાગ્યા એ બધા ભ્રષ્ટ થયેલા (છે). એનો અહીં નિષેધ છે. એની આ માર્ગમાં ગણતરી નથી. આકરું લાગે, બાપુ!

---

**आगे भक्तिरूप वैयावृत्यका उपदेश करते हैं :-**

**णियत्तीए महाजस भत्तीराएण णिच्चकालम्मि।**
**तं कुण जिणभत्तिपरं विज्जावच्चं दसवियप्पं।।१०५।।**

**निजशक्त्या महायशः! भक्तिरागेण नित्यकाले।**
**त्वं कुरु जिनभक्तिपरं वैयावृत्यं दशविकल्पम्।।१०५।।**

**તું હે મહાયશ! ભક્તિરાગ વડે સ્વશક્તિપ્રમાણમાં,**
**જિનભક્તિરત દશભેદ વૈયાવૃત્ત્યને આચર સદા. ૧૦૫.**

**अर्थ :- हे महायश! हे मुने! जिनभक्तिमें तत्पर होकर, भक्तिके रागपूर्वक उस दस भेदरूप वैयावृत्यको सदाकाल तू अपनी शक्तिके अनुसार कर। 'वैयावृत्य'के दूसरे दुःख (कष्ट) आने पर उनकी सेवा-चाकरी करनेको कहते हैं। इसके दस भेद हैं - १ आचार्य, २ उपाध्याय, ३ तपस्वी, ४ शैक्ष्य ५ ग्लान, ६ गण, ७ कुल, ८ संघ, ९ साधु, १० मनोज्ञ-ये दस भेद मुनिके हैं। इनका वैयावृत्य करते हैं इसलिये दस भेद कहे हैं।।१०५।।**

---

## ગાથા-૧૦૫ ઉપર પ્રવચન

'**આગે ભક્તિરૂપ વૈયાવૃત્યકા ઉપદેશ કરતે હૈં :-**' ભક્તિ જોઈએ, કહે છે. આહાહા..! સાચા તત્ત્વના ભાનવાળા જીવની ભક્તિ જોઈએ એમ કહે છે. આહાહા..!

**णियत्तीए महाजस भत्तीराएण णिच्चकालम्मि।**
**तं कुण जिणभत्तिपरं विज्जावच्चं दसवियप्पं।।१०५।।**

**अर्थ :-** '**હે મહાયશ!**' આહાહા..! નગ્નમુનિ થયા છે એટલે મહાજશ તરીકે (સંબોધે છે). એકલા બાયડી, છોકરા છોડીને બેઠો, એકલો મુનિ થઈને. આહાહા..! '**હે મુને!**' જંગલમાં વસતો હોય છે, બાયડી, છોકરા હોય નહિ, ધંધો વેપાર છોડ્યો હોય છે. કહે છે, એ અપેક્ષાએ તો ભાઈ ઠીક મહાયશ છો તું. બીજા કરતા ત્યાગ કર્યો આટલો પણ સાચો મુનિ નથી તું. '**જિનભક્તિમેં તત્પર હોકર,...**' વીતરાગ ત્રિલોકનાથ. આહાહા..! વીતરાગ પરમેશ્વર, જેને રાગનો નાશ થઈને વીતરાગતા પ્રગટી છે એવા ત્રિલોકનાથ જગતમાં વિચરે છે, એવા એની ભક્તિ કર. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

'કુંદકુંદાચાર્ય' જુઓને! મહાસંત, મહામુનિ હતા. આત્માના આનંદની લહેર જેને ઉછળી હતી. અનુભવમાં આગળ વધી ચારિત્રવંત હતા. પ્રચુર સ્વસંવેદન હતું જેને. એવી દશાવંત પણ ભગવાન પાસે ગયા હતા. મહાવિદેહમાં પરમાત્મા સાક્ષાત્ બિરાજે છે ત્યાં ગયા હતા. આઠ દિ' ત્યાં રહ્યા. સાક્ષાત્ ભગવાનની વાણી સીધી સાંભળી. સમવસરણમાં લાખો-કરોડો દેવના સમીપ સહિત. એ વાણી સાંભળ્યા પછી અહીં આવીને આ શાસ્ત્રો બનાવ્યા. કેટલો એનો વિનય! ઓહોહો..! પંચમ આરાના પ્રાણી, સાધુ, એણે સદેહે મહાવિદેહ ભગવાનની ભક્તિ કરી. મહાવિદેહ ભગવાનની જાત્રા કરી. આહાહા..! અરે..! કોણ માને? અજ્ઞાનીને આનો કાંઈ પત્તો ન ખાય શું આ કહે છે? ગાંડા કહે. સાંભળ, બાપા! એ પરમાત્મા બિરાજે છે પ્રભુ. વર્તમાન સમવસરણમાં. ઈન્દ્રો આવે છે, ગણધરો શાસ્ત્ર રચે છે. સિંહ અને વાઘ જેના સમવસરણમાં આવે છે, નાગ આવે છે. ભગવાનની વાણી ઈચ્છા વિના ૐ ધ્વનિ ઊઠે છે. પરમેશ્વરને આવી વાણી ન હોય. એને તો પૂર્ણ પરમાત્માદશા પ્રગટી છે અને વીતરાગતા સર્વજ્ઞ, એની વાણીમાં ૐ એવો અવાજ ઊઠે. ઈચ્છા વિના, હોઠ હલ્યા વિના, કંઠ હલ્યા વિના. એવી જિનની ભક્તિમાં તત્પર રહો. આમાં ભાષા થોડી આડીઅવળી કરી છે.

મૂળ તો એમ છે કે '**ભક્તિકે રાગપૂર્વક ઉસ દસ ભેદ...**' નથી નાખ્યા આમાં. '**ઉસ વૈયાવૃત્યકો સદાકાલ તૂ અપની શક્તિકે અનુસાર કર.**' એમ છે ઓલામાં. '**કૈસી ભક્તિ?**' કે '**જિનભક્તિમેં તત્પર હોકર,..**' એમ. એવી. એવો અંદર ફેરફાર શબ્દનો ઘણો ફેરફાર છે. વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર અરિહંતદેવ.. આહાહા..! અરે..રે..! અરિહંત પદના નામમાં જન્મ્યા એને અરિહંતપદની ખબર ન મળે. અને જ્યાં ત્યાં બિચારા માથા ફોડે, ભટકે. આહાહા..! મરીને નરક અને નિગોદ જવાના બધા. આહાહા..! અહીં દુનિયા ભલે માને. એવી વાત છે, ભાઈ! ઝીણી વાત, બાપા! મારગડા બહુ ઝીણા છે, ભાઈ! આહાહા..! જિનભક્તિ કહે છે. આહાહા..! ઓલો અનાદર કરે છે.

'**જિનભક્તિમેં તત્પર હોકર, ભક્તિકે રાગપૂર્વક ઉસ દસ ભેદરૂપ વૈયાવૃત્યકો સદાકાલ તૂ અપની શક્તિકે અનુસાર કર.**' કૈસી? '**જિનભક્તિમેં તત્પર હોકર,..**' એમ ભાષા આડીઅવળી લીધી છે, ભાઈ! 'જયચંદ્ર પંડિત'ની. '**ભક્તિકે રાગપૂર્વક ઉસ દસ ભેદરૂપ વૈયાવૃત્યકો સદાકાલ તૂ અપની શક્તિકે અનુસાર કર.**' આહાહા..! વીતરાગદેવ પરમાત્મા બિરાજતા હોય તો એની ભક્તિ, ન હોય તો એની પ્રતિમાની ભક્તિ પણ શાસ્ત્રમાં કહેવામાં આવી છે. છે એ શુભભાવ.

મુમુક્ષુ :- પોતે હોય તો શુભભાવ...

ઉત્તર :- શુભભાવ. આહાહા..! એવો ભાવ આવે એને. સમ્યગ્દૃષ્ટિ જીવને એવા જિનભક્તિના ભાવ આવે. ભાવ છે શુભ, પુણ્ય. ધર્મ નહિ. આહાહા..! ધર્મદશા પૂર્ણ ન થઈ હોય, ન હોય ત્યારે એવો ભાવ આવ્યા વિના રહે નહિ. બહુમાન આવે. ઓહો..! ધન્ય

અવતાર પ્રભુ! તારી દશા પૂર્ણ તેં પ્રગટ કરી અને તારી વાણી ખરી એમાં અમારો માર્ગ હાથ આવ્યો એમાંથી. આહાહા..! સમજાણું કાંઈ?

'**જિનભક્તિમેં તત્પર હોકર,...**' લોકદેખાવ માટે નહિ, એમ કહે છે. દુનિયા દેખે કે અમે ભક્તિ કરીએ છીએ ભગવાનની, કાંઈક ગણતરીમાં આવીએ એમ નહિ. '**જિનભક્તિમેં તત્પર હોકર, ભક્તિકે રાગપૂર્વક...**' આહાહા..! '**ઉસ દસ ભેદરૂપ વૈયાવૃત્યકો સદાકાલ તૂ અપની શક્તિકે અનુસાર કર.**' આહાહા..! 'આનંદઘનજી' કહે છે એક વાર ભગવાનની સ્તુતિ કરતા, 'દેખણ દે સખી દેખણ દે. જિનકંદ પ્રભુ મુને દેખણ દે.' ન દેખ્યો એકેન્દ્રિયમાં મેં પ્રભુને હે નાથ! લીલોતરી, એકેન્દ્રિય, પૃથ્વી, પાણીમાં, અગ્નિમાં રખડીને મરી ગયો અનંત ભવ. ત્યાં દેખ્યો નહિ મેં. ન દેખ્યો બે ઈન્દ્રિયમાં, ન દેખ્યો ત્રણેન્દ્રિયમાં, ન દેખ્યો ચોઈન્દ્રિયમાં, એમ કહીને વ્યવહાર પણ સિદ્ધ કર્યો વીતરાગે કહ્યો એ. 'એમાં સખી મુને દેખણ દે.' હવે મને દેખવા દે. મારો નાથ અંતર સર્વજ્ઞ પરમેશ્વરે કહ્યો એવો, પૂર્ણાનંદથી, અમૃતથી ભરેલો પ્રભુ, એવું મારું સ્વરૂપ હવે મને દેખવા દે, સખી! સુમતિને શ્રદ્ધા કહે છે. એ આવે છે ઓલામાં. નહિ? 'આનંદઘનજી'માં. આહાહા..!

મુમુક્ષુ :– ...

ઉત્તર :– હા. શું કીધું? ચંદ્રપ્રભુના દર્શનમાં આવે છે. દેખણ દે સખી. મેં ન જોયો મારો વીતરાગ દેદાર. આહાહા..!

ભગવાનઆત્મા તો અંદર વીતરાગનો દેદાર છે ચૈતન્ય. રાગના કણ વિનાની ચીજ વીતરાગથી ભરેલી છે આત્મા. આહાહા..! એવું સ્વરૂપ હે સખી! હવે જોવા દે મને. મેં બીજું બહુ જોયું. જગતના બહુ જોયા. પણ મારો નાથ મેં ન જોયો કોઈ દિ', એમ કહે છે. ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરે કહ્યો એવો આત્મા અસંખ્ય પ્રદેશી અનંતગુણનો પિંડ, અનંતી જેની પર્યાય, એ વસ્તુ વીતરાગ સિવાય ક્યાંય હોઈ શકે નહિ. ધર્મ છે એ પર્યાય છે. હવે પર્યાયની ખબર ન મળે એને. ધ્યાન છે એ પર્યાય છે. અને ધ્યાનનું ધ્યેય છે વસ્તુ એ દ્રવ્ય–ગુણ વસ્તુ સામાન્ય છે. એની પણ ખબર ન મળે સામાન્ય શું અને પર્યાય શું? આંધળી દોડે (દોડે જાય છે). સમજાણું કાંઈ?

'**સદાકાલ તૂ અપની શક્તિકે અનુસાર કર. 'વૈયાવૃત્ય' કે દૂસરે દુઃખ કષ્ટ...**' કૌંસમાં ન જોઈએ. દુઃખ અને કષ્ટ બે સાથે શબ્દ છે. '**દુઃખ કષ્ટ આને પર ઉસકી સેવા–ચાકરી કરનેકો કહતે હૈં.**' લ્યો! આહાહા..! ભાવ હોય છે ને એવો. '**આચાર્ય,...**'ની ભક્તિ કર. આચાર્ય. આચાર્ય કોને કહેવા? આહાહા..! જેને અંતરનો આનંદ, ભગવાન પૂર્ણાનંદનો નાથ જેને શ્રદ્ધામાં, અનુભવમાં પ્રગટ્યો છે અને જેને આતમજ્ઞાનનું સ્વસંવેદન અંતર વર્તે છે. એ ઉપરાંત જેને ચારિત્રની રમણતા અંદરમાં વર્તે છે. આહાહા..! એ ઉપરાંત એ જગતના પ્રાણીને શિક્ષા અને દીક્ષા દેનારા છે. બાહ્યની જેને નગ્નદશા હોય છે. એવા આચાર્યની ભક્તિ

કર કહે છે. આહાહા..! અત્યારે તો કાંઈ દેખાતા નથી પણ શ્રદ્ધા કરીને ભક્તિ કર એમ કહે છે. આકરું પડે. આચાર્યની ભક્તિ કર.

'**ઉપાધ્યાય,...**'ની (ભક્તિ) કર. ઉપાધ્યાય એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર સહિત હોય અંદર. ફક્ત એ ભણે અને ભણાવે એની મુખ્યતાથી એને ઉપાધ્યાય કહેવામાં આવે છે. એની ભક્તિ કર. સેવા-ચાકરી કર. '**તપસ્વી,...**' મુનિ-મુનિ. મુનિ હોય ને મોટા મહિના-મહિનાના અપવાસ હોય. આત્માના આનંદના ધ્યાનમાં એવા મસ્ત હોય કે જેને આહાર લેવાની વૃત્તિ જ ઊઠે નહિ. મહિનો-મહિનો બબ્બે મહિના સુધી. આનંદ, અતીન્દ્રિય આનંદમાં ઝુલતા હોય. આહાહા..! એવા તપસ્વી, સમ્યગ્દર્શનના ભાન સહિત, વીતરાગી તપસ્વી મુનિ હોય એની ભક્તિ કર. સેવાચાકરી કર.

'**શૈક્ષ્ય,...**' શૈક્ષ્ય એટલે શિષ્ય. નવ દિક્ષીત હોય એવા શિષ્યોની. આત્મજ્ઞાન હોય, આત્મદર્શન હોય, અનુભવની દશા પ્રગટી હોય અને નગ્નદશા જેની શિષ્ય મુનિની, એવાની સેવા કર. '**ગ્લાન,...**' રોગી-રોગી. મુનિ હોય એને રોગ હોય આકરો વર્તતો હોય. શરીર છે. મુનિ હોય એને રોગ આકરા થાય. આહાહા..! એની ભક્તિ. '**ગણ,...**' સાધુના ટોળા, સંતના ટોળા, અરે..! એક સંત મળે નહિ એમાં ટોળાની વાતું કરે. આહાહા..! સંતના ગણની સેવા, એ '**કુલ,...**' પરંપરાએ ચાલ્યું આવતું હોય ને ધર્મનુ કૂળ ધર્માત્મા એનું. '**સંઘ,..**' એનો સમુદાય. '**સાધુ, મનોજ્ઞ-યે દસ ભેદ મુનિકે હૈં.**' મુનિના દસ પ્રકાર છે. વિસ્તાર ઘણો છે 'તત્ત્વાર્થસૂત્ર'માં. 'તત્ત્વાર્થસૂત્ર' છે એમાં ઘણો અધિકાર છે. એ દસ પ્રકારના બધા સમકિતી, જ્ઞાની, જૈન મુનિઓની આ વાત છે. બીજામાં તો મુનિપણું આવું હોઈ શકે નહિ. આહાહા..! હજી સમકિત હોઈ શકે નહિ બીજામાં તો વળી સાધુપણું ક્યાંથી આવ્યું? આહાહા..! આકરી વાત. '**ઈનકા વૈયાવૃત્ય કરતે હૈં ઈસલિયે દસ ભેદ કહે હૈં.**' લ્યો! આની સેવા કરે, ચાકરી કરે. વિશેષ આવશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**आगे अपने दोषको गुरुके पास कहना, ऐसी गर्हांका उपदेश करते हैं :-**

**जं किंचि कयं दोसं मणवयकाएहिं असुहभावेण।**

**तं गरहि गुरुसयासे गारव मायं च मोत्तूण।।१०६।।**

**यः कश्चित् कृतः दोषः मनोवचः कायैः अशुभभावेन।**

**तं गर्हं गुरुसकाशे गारवं मायां च मुक्त्वा।।१०६।।**

**તેં અશુભ ભાવે મન-વચન-તનથી કર્યો કંઈ દોષ જે,**

**કર ગર્હણા ગુરુની સમીપે ગર્વ-માયા છોડીને. ૧૦૬.**

**अर्थ :– हे मुने! जो कुछ मन–वचन–कायके द्वारा अशुभ भावोंसे प्रतिज्ञामें दोष लगा हो उसको गुरुके पास अपना गौरव (महंतपनेका गर्व) छोड़कर और माया (कपट) छोड़कर मन–वचन–कायको सरल करके गर्हा कर अर्थात् वचन द्वारा प्रकाशित कर।**

**भावार्थ :– अपने कोई दोष लगा हो और निष्कपट होकर गुरुको कहे तो वह दोष निवृत्त हो जावे। यदि आप शल्यवान रहे तो मुनिपदमें यह बड़ा दोष है, इसलिये अपना दोष छिपाना नहीं, जैसा हो वैसा सरलबुद्धिसे गुरुओं के पास कहे तब दोष मिटे यह उपदेश है। कालके निमित्तसे मुनिपदसे भ्रष्ट हुए, पीछे गुरुओंके पास प्रायश्चित नहीं लिया, तब विपरीत होकर अलग सम्प्रदाय बना लिए, ऐसे विपर्यय हुआ।।१०६।।**

**પ્રવચન નં. ૧૩૩, ગાથા-૧૦૬-૧૦૭, શનિવાર, કારતક સુદ ૯, તા.૭-૧૧-૭૦**

ભાવપાહુડની ૧૦૬ ગાથા. ૧૦૬. '**આગે અપને દોષકો ગુરુકે પાસ કહના, ઐસી ગર્હાકા ઉપદેશ કરતે હૈં :-**' ભાવપાહુડ છે ને?

**जं किंचि कयं दोसं मणवयकाएहिं असुहभावेणं।**
**तं गरहि गुरुसयासे गारव मायं च मोत्तूण।।१०६।।**

મુનિને ઉદ્દેશીને મુખ્ય વાત છે. છે જરી સૂક્ષ્મ વાત, થોડો વ્યવહારનો ભાગ છે આ. પ્રથમ તો આત્મા પૂર્ણ પૂર્ણ વીતરાગસ્વરૂપ છે. એને રાગ અને પર અજીવની દૃષ્ટિ છોડી. જેના ઉપર દૃષ્ટિ છે એને એ પોતાનું માને છે એટલે રાગ, વિકલ્પ હો કે પર, એમાં અસ્તિત્વ છે એ પર છે, પોતાનું નથી, છતાં એના અસ્તિત્વ ઉપર, હયાતી ઉપર દૃષ્ટિ છે તેથી એટલો હું, એ હું એમ માને છે. એ મિથ્યાત્વભાવ છે. સમજાણું કાંઈ? એને એ રાગ અને અજીવાદિ પરપદાર્થો, પ્રથમ જેને હિત કરવું હોય એણે પરની રુચિ અને લક્ષ છોડી વસ્તુના સ્વભાવ શુદ્ધ ચૈતન્ય વીતરાગમૂર્તિ આત્મા, એની દૃષ્ટિ અને એનું જ્ઞાન અને એમાં લીનતાની એકાગ્રતા અંશે પ્રગટ થાય એ સમ્યગ્દર્શન છે. સમજાણું કાંઈ? ધર્મની શરૂઆત ત્યાંથી થાય છે. એ ઉપરાંત અહીંયાં તો વાત છે.

આત્મામાં રાગ અને પરથી ભિન્નનું ભાન છે, એ ઉપરાંત સ્વરૂપમાં ચારિત્ર-રમણતા છે. એ ખાસ મોક્ષનો માર્ગ છે. એમાં કોઈ દોષ લાગ્યા હોય એની એને ગુરુ પાસે ગર્હણા કરવી. કેટલી વાત છે, જુઓ! એક કોર એમ કહેવું કે સમ્યક્ થતાં દોષથી મુક્ત છે. સમજાય છે કાંઈ? આત્મા પવિત્ર વીતરાગમૂર્તિ આત્મા છે. એનું દર્શન, જ્ઞાન થતાં ધર્મી પૂર્ણ પવિત્રતાનો સ્વામી અને પવિત્રતાનો ધણી છે. વચમાં એ દોષ આવે એનાથી તો સમ્યગ્દૃષ્ટિ મુક્ત છે. એ દૃષ્ટિ અને સમ્યગ્જ્ઞાનની અપેક્ષાએ. સમજાણું કાંઈ? પણ મુનિપણાની દશામાં

પણ જે કંઈ એને યોગ્ય શુભભાવ હોય એને અશુભભાવ ત્રણ કષાયના અભાવરૂપ જે ભાવ છે એને લઈને એને ત્રણ કષાયના ભાવથી હિંસા, જૂઠું આદિના ભાવનો અશુભભાવ હોતો નથી. શું કહ્યું સમજાણું?

મુમુક્ષુ :- અશુભભાવ હોતો નથી.

ઉત્તર :- અશુભભાવ, આવો અશુભભાવ. મુનિ છે. આત્મદર્શન પહેલું હોય છે. સમ્યગ્દર્શનની શરૂઆત, પછી સ્વરૂપની લીનતા હોય છે. એને ત્રણ કષાયના અભાવને કારણે. અનંતાનુબંધી, પ્રત્યાખ્યાનાવરણી, અપ્રત્યાખ્યાનાવરણી ત્રણ કષાયના અભાવ, એવા પ્રકારનો જે અશુભભાવ હિંસા, જૂઠું, ચોરી, વિષય આદિ એવા ભાવ એને હોતા નથી. પણ બીજો ભાવ જરી શુભભાવ હોય એમાં કોઈ વિશેષ અશુભતા થોડી થાય. આમ તો એમ કહે કે મુનિને અશુભ નથી. પણ એ અશુભ નથી એનો અર્થ આ. સમજાણું કાંઈ? ત્રણ કષાયના અભાવરૂપ જે ભાવ એમાં ત્રણ કષાયના ભાવથી થતો અશુભભાવ નથી. સમજાય છે કાંઈ આમાં? આ તો ભાવપાહુડ છે. દર્શનશુદ્ધિથી માંડીને નિર્મળતા, વીતરાગતા મુનિને પણ કેવી હોય એ વર્ણવે છે. એણે ઓળખાણ તો કરવી પડશે ને પહેલી? સમજાણું કાંઈ? કે આવા મુનિ હોય.

જેને થાવું છે એને જાણવું તો પડશે કે નહિ કે આવા મુનિ હોય. સમજાણું કાંઈ? એને તો અંતર આત્માના આનંદનું ભાન, સમ્યગ્દર્શન થતાં જ આનંદ છું એવું ભાન થઈ ગયું અને એનો આવ્યો છે અનુભવ. હવે દુઃખના પરિણામ અને રાગના પરિણામથી તો સમ્યગ્દર્શનની અપેક્ષાએ તો મુક્ત છે. પણ સ્વરૂપની ચારિત્રદશાની અપેક્ષાએ જ્યારે એનાથી પણ, રાગથી પણ છૂટી સ્વરૂપમાં સ્થિર થાય છે ત્યારે તેને ચારિત્ર થાય છે. એ ચારિત્રમાં એને ત્રણ કષાયના ભાવથી થતો અશુભભાવ એવો ભાવ હોતો નથી. સમજાણું કાંઈ? પણ થોડો બીજો ભાવ આર્તધ્યાનનો આદિ કે થોડો એવો દોષનો ભાવ આવે એની વાત અહીંયાં કરે છે. અરે..! ભાઈ! કેટલા પડખા! હજી તો દર્શનશુદ્ધિના પડખા આટલા. એમાં પછી ચારિત્રના પડખા કેટલા પ્રકાર. સમજાણું કાંઈ?

'હે **મુને! જો કુછ મન-વચન-કાયકે દ્વારા અશુભ ભાવોંસે પ્રતિજ્ઞામેં દોષ લગા હો...**' મન, વચન અને કાયાથી અશુભ ભાવથી કાંઈક પ્રતિજ્ઞામાં દોષ લાગ્યો હોય '**ઉસકો ગુરુકે પાસ અપના ગૌરવ (મહંતપનેકા ગર્વ) છોડકર...**' અભિમાન છોડી દઈ (કહે કે) આવા ભાવ મને થયા હતા. આહાહા..! સમજાય છે કાંઈ? મુનિની અંદરની અપેક્ષાએ વાત છે, હોં! સમ્યગ્દૃષ્ટિને રાગનું સ્વામીપણું નથી, તેમ રાગનું કર્તૃત્વ મારું છે એમ નથી. આહાહા..! ભારે! પણ રાગનું પરિણમન છે એને છોડીને આત્મા વીતરાગમૂર્તિ પ્રભુ, એનો આશ્રય લઈને સ્થિર થઈને જેણે ત્રણ પ્રકારના કષાયના રાગનો અભાવ કર્યો છે. એક સંજ્વલન કષાયનો અભાવ રહ્યો છે. સમજાણું કાંઈ? આ બધું સમજવું ક્યાં? 'દેવશીભાઈ'! આ બધા કેટલા પડખા સમજવા આમાં? આહાહા..! પ્રભુ! તારી પવિત્રતા તો પૂર્ણ પડી છે

તારામાં. પણ એની વિપરીતની પરિણતિ જેટલી અશુદ્ધ છે એને અહીંયાં છોડવી અને છોડ્યામાં પણ કાંઈ દોષ લાગ્યો હોય તો એને પણ છોડીને શુદ્ધ થવું, એમ છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'ગૌરવ (મહંતપનેકા ગર્વ)....'** ગૌરવ એટલે અભિમાન. અમે આવા.. અમે આવા. એમ કેમ કહેવાય અમારા દોષને? એ છોડી દેવું. બાપુ! મહંત તો કેવળજ્ઞાન થાય ત્યારે પૂર્ણ કહેવાય. એ વિના તો દોષાદિ એની ભૂમિકાની યોગ્યમાં જરી ત્રણ કષાયના અભાવ-સ્વભાવરૂપ તો દોષ એને હોય નહિ, પણ બીજો દોષ જરી હોય (એને કહેવા). આહાહા..! જે પવિત્રના પંથે પડ્યા અને પૂર્ણ પવિત્રતાની પ્રાપ્તિ કરવી છે એને તો, કહે છે કે શ્રદ્ધાનો દોષ તો એકેય હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? શ્રદ્ધા તો એની સમ્યગ્દર્શનમાં (એમ છે કે) પૂર્ણ પવિત્ર આત્મા પરમેશ્વર હું છું. મારો પરમેશ્વર બીજો કોઈ નહિ. આહાહા..! મને કાંઈ પુણ્યાદિ મળે એવી પણ અભિલાષા જ્ઞાનીને હોતી નથી. આહાહા..! જ્ઞાનીને અભિલાષા ભાવ હોય તો આત્માની શુદ્ધિની વૃદ્ધિનો ભાવ હોય. આહાહા..! સમજાણું કાંઈ? એ શુદ્ધિની વૃદ્ધિ સમ્યગ્દર્શનમાં થોડી થઈ પછી ચારિત્રમાં,.. ચારિત્ર એટલે અંતર આનંદમાં રમણ કરવું એનું નામ ચારિત્ર છે. ચારિત્ર કોઈ બાહ્ય ક્રિયા લુગડા ફેરવવા અને નગ્નપણું એ ચારિત્ર નથી. આહાહા..! તેમ પંચમહાવ્રતના પરિણામ એ કાંઈ ચારિત્ર નથી, એ તો રાગ છે. ચારિત્રમાં દોષ છે, અચારિત્ર છે. એય..! 'પ્રકાશદાસજી'!

મુમુક્ષુ :- બરાબર છે.

ઉત્તર :- શું પણ બરાબર? ત્યારે અત્યાર સુધી શું કર્યું? આહાહા..!

અહીં તો પરમાત્મા, જેને પરમાત્મા થાવું હોય એની વિધિની વાત કરે છે. રખડવું તો અનાદિકાળથી રખડીને દુઃખી છે. પહેલી ભૂમિકા જેણે સમ્યગ્દર્શનનો સુધારો કર્યો છે,.. સમજાણું કાંઈ? જેને કોઈ પુણ્યના પરિણામ થાય એની પણ જેને રુચિ અને આદર નથી, તો એના ફળ તરીકે મળે સામગ્રી એનો આદર ધર્મીને હોતો નથી. આહાહા..! 'મનસુખભાઈ'! ત્યારે શું કરવું? આવું માને તો બાવા થાય ત્યારે મનાય. ગૃહસ્થાશ્રમમાં મનાય એવું?

મુમુક્ષુ :- માનવા વખતે જોર પડે.

ઉત્તર :- માનવામાં શું ... પેલા કહેતા એક આપણે હતા ને? 'અમૃતલાલ'. હતા ને ઓલા 'ધનબાદ' શું કહેવાય? ઝરીયા. એ કહે, મહારાજ છે એ તો બાવા થાય તો મનાય. એમ કહેતા એ. એ મશ્કરા હતા, મશ્કરા. અહીં રહેતા ને પહેલા? બાવો જ છે. સાંભળને તું. આહાહા..!

ભગવાન ચિદાનંદની મૂર્તિ, જેમાં પંચમહાવ્રતનો વિકલ્પ-રાગ એ પણ સ્વરૂપમાં નથી. તીર્થંકરગોત્ર જે ભાવે બંધાય એ ભાવ પણ વિકાર અને દોષ છે, આત્મામાં નથી. આહાહા..! સમજાણું કાંઈ? એવા આત્માની... પૂર્ણ પવિત્રતાનું ધામ ભગવાન, એનું જેણે અંતરમાં સ્વસન્મુખ થઈને દર્શનશુદ્ધિ પ્રગટ થઈ છે ત્યારે તેને ધર્મની શરૂઆત કહેવામાં આવે છે. એ

તો ગૃહસ્થાશ્રમમાં થઈ શકે છે. છ ખંડના રાજમાં પડ્યો હોય તો આ થઈ શકે છે. રાજમાં પડ્યો જ નથી. આહાહા..!

સમ્યક્ આત્માનું ભાન થતાં હું તો આનંદનો દરિયો છું. આનંદનો સાગર ઉછળે છે અંદર. એવી જ્યાં અંતર શ્રદ્ધા અને ભાન થયા એને છ ખંડના ચક્રવર્તીના રાજમાં પણ ક્યાંય આનંદ ભાસતો નથી. આહાહા..! સમજાણું કાંઈ? ઈન્દ્રના ઈન્દ્રાસનમાં પણ સમકિતી છે ઈન્દ્ર. કરોડો અપ્સરાઓ અને એની દેવની ઋદ્ધિ (હોય છે). આ નહિ રે, મને આ નહિ. મારી ઋદ્ધિ તો આનંદ અને શાંતિની અંદરમાં છે. એ ઋદ્ધિ આગળ આ બધા સડેલા કૂતરાના ઉકરડા છે. આહાહા..! એવી દૃષ્ટિ અને દૃષ્ટિના વિષયનું જ્યાં ભાન થાય એટલે ગમે ત્યાં હોય પણ એક રાગ અને સંયોગનો એ સ્વામી અંતરમાં છે નહિ. દેખાય ચીજ, હોં! જોડે. પુણ્ય હોય તો દેખાય ખરું. જોડે હોય, એમાં નહિ. સમજાણું કાંઈ? ભારે કામ, ભાઈ! ધર્મ આવો ધર્મ! સમજાણું કાંઈ?

પ્રથમ ધર્મ સમ્યગ્દર્શન થતાં રાગનો નાનામાં નાનો કણ અને રજકણ એક પરમાણુ એ પણ મારી ચીજ નહિ, મારામાં નહિ, એ મારી નહિ હું એમાં નહિ. આહાહા..! સમજાણું કાંઈ? હવે અહીં તો એ ઉપરાંત ભાવની શુદ્ધિની આખરની ગાથાઓ આ લેવાય છે ને? ચારિત્રની શુદ્ધિની વાત છે આમાં તો. સો ગાથા થઈ ગઈ. ૧૦૫-૧૦૬ છે. ૧૬૫ ગાથા છે.

કહે છે કે ભાઈ! એને સમજણમાં તો લેવી પડશે ને કે ચારિત્ર કેવું હોય? ચારિત્ર કાંઈ આ બહારની ક્રિયા અને બાયડી, છોકરા છોડીને નગ્ન થાય માટે ચારિત્ર છે, એ ચારિત્ર નથી. સમજાણું કાંઈ? પંચમહાવ્રતના વિકલ્પ ઉઠાવ્યા કે અમારે કોઈની હિંસા ન કરવી, જૂઠું ન બોલવું, ચોરી ન કરવી. એ કાંઈ ચારિત્ર નથી. સમજાણું કાંઈ? આનંદધામ ભગવાનઆત્મા, એનો જ્યાં દૃષ્ટિમાં સ્વાદ આવ્યો છે એ સ્વાદ લેવા માટે એમાં ઠરે છે એનું નામ ચારિત્ર છે. આહાહા..! સમજાણું કાંઈ?

એ ચારિત્રમાં કહે છે, '**जं किंचि कयं दोसं**' એમ શબ્દ છે ને? જરા. એમ શબ્દ કહીને તીવ્ર દોષ તો એને હોય નહિ એમ કહેવું છે. ત્રણ કષાય જે ટળ્યા છે એને તો આત્માનો આનંદ ઊભરાય જાય છે અંદર. આહાહા..! અતીન્દ્રિય આનંદના ઊભરા! પોલા નહિ, હોં! દૂધનો ઊભરો આવે પણ પોલો ઊભરો આવે. દૂધ-દૂધ. હેઠે અગ્નિ હોય ને? ઊભરો તો આવે પણ એ તો પોલો હોય. એ કાંઈ અંદર કઠણ ન હોય. પાછો અગ્નિ લઈ લે તો બેસી જાય હેઠે. આ તો આનંદનો કંદ ભગવાન. જેણે આત્માના આનંદની સાથે રમતું માંડી છે. આહાહા..! રાગની રમતું જેણે અંતરમાંથી છોડી છે. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શનમાં આનંદનું ભાન છે, રાગનું નહિ. પણ હવે રાગની અસ્થિરતા જે હતી... સમજાણું કાંઈ? આહાહા..! એને છૂટી છે અને વીતરાગતા આત્મામાં આનંદની લહેરું અંદરમાંથી ઊઠે છે. એને પણ '**जं किंचि**' એમ શબ્દ છે. એની ભૂમિકામાં કષાય હજી થોડો છે. સંજ્વલનનો છે ને? એમ કહે

છે. એટલો કોઈ સહેજ દોષ હોય.

**'મન-વચન-કાયકે દ્વારા અશુભ ભાવોંસે પ્રતિજ્ઞામેં દોષ લગા હો...'** આહાહા..! સરળ થઈને ગુરુ પાસે, એનાથી પણ આનંદ અને શાંતિમાં વધેલા સંતો પાસે જઈ (કહે), મહારાજ! આ દોષ લાગ્યો છે. આહાહા..! આત્માનું ભાન છે, અંદર આનંદની ચારિત્રદશા પ્રગટી છે. ઉગ્ર દશા. અતીન્દ્રિય આનંદની ઉગ્ર દશાનું નામ ચારિત્ર. એમાં પણ કંઈ દોષ ખટકે છે અંદર. આહાહા..! આ ભૂમિકાએ આ ન હોય. તેને ગુરુ પાસે ગર્વ મૂકી, પોતાની મોટપની પદના અભિમાન છોડી 'ગર્વ છોડકર ઔર માયા (કપટ) છોડકર...' સરળપણે. બાળક જેમ એની મા પાસે વાત કરતા અચકાતો નથી. બાળક એની મા પાસે વાત કરતા અચકાતો નથી. કપટ નથી, સરળ હોય છે. આઠ વર્ષનો છોકરો હોય અને બાર વર્ષના છોકરાને આઠ વર્ષના બાળકનો હાથ વાગી ગયો હોય તો એની માને એમ કહે કે બા! મને આણે માર્યો. એમ કહેતા એને એમ કહે, ઢગા! તું બાર વર્ષનો અને આઠ વર્ષનાએ તને માર્યો? પણ એમ કહેતા પણ એ બાળકને કપટ અને કાંઈ દંભ છે નહિ. સમજાણું કાંઈ? આહાહા..! જુઓ તો મોક્ષના પંથ! સમજાણું કાંઈ?

કહે છે, એટલો દોષ ભૂમિકાને યોગ્ય (થયો હોય). આમ તો અશુભ નથી પણ એ અશુભ નથી, ત્રણ કષાયના અભાવવાળો અશુભ નથી. બીજો છે. સમજાણું કાંઈ? આમ તો મુનિને લેશ્યા ત્રણ ગણી છે, લ્યો. ભાઈ! આહાહા..! કેટલી વાત સ્યાદ્વાદની અપેક્ષા. મુનિને તેજો, પદ્મ અને શુક્લ ત્રણ શુભ લેશ્યા હોય. વળી કહે છે કે કોઈ આવો દોષ હોય તો, ભાઈ! સંજ્વલનની ભૂમિકાના પ્રકારમાં એવા પ્રકાર હોય છે. હોય છે ને થોડું. આહાહા..! નથી પણ કહ્યું અને હોય છે એમ પણ કહ્યું. સમજાણું કાંઈ? મોક્ષના માર્ગ... આહાહા..! 'સાદિ અનંત અનંત સમાધિ સુખમાં' જ્યારથી આનંદ પ્રગટ્યો તે અનંતકાળ રહે અને અનાદિ દુઃખનો અંત આવે, અનાદિ દુઃખનો અંત આવે. એ દશા જેને પ્રાપ્ત કરવી છે એની દશા કેવી હોય? સમજાણું કાંઈ?

કહે છે, કંઈ દોષ હોય તો માયા છોડી (સ્વીકાર કરે). પોતાનું પદ મોટું છે એમ જો ગર્વ રહે તો સરળપણે કહેવાય નહિ. સમજાણું કાંઈ? આચાર્ય હોય, ઉપાધ્યાય હોય, સાધુ હોય. સાચા, હોં! આ તો સાચાની વાત છે. આત્માનું સમ્યક્ ભાન નથી અને દ્રવ્યલિંગી છે એની તો વાત છે જ નહિ. એ તો સાધુ જ નથી ત્યાં ચારિત્ર નથી ત્યાં વળી ચારિત્રમાં દોષ લાગે એ ક્યાંથી હોય? સમજાણું કાંઈ?

**'મન-વચન-કાયકો સરલ કરકે ગર્હા કર...'** ગર્હા કરી એટલે નિંદા કરી. અરે..! આ ભારે વાત. આલોચનામાં તો આવ્યું હતું. આલોચના નહિ? કઈ આલોચના? 'પદ્મનંદી'. હે ભગવાન! જેટલા પાપના પરિણામ આદિ છે એટલા પ્રાયશ્ચિત તો શાસ્ત્રમાં હોય નહિ. ત્યારે એનો ગોટો વાળું છું એકસાથે. એટલે? એ વિકલ્પોને દોષરૂપને હું નિર્વિકલ્પ સ્વરૂપમાં ઠરીને

એને છોડું છું. આલોચનામાં આવ્યું હતું. અનેક પ્રકારે.. ઓહોહો...! અહીં તો પ્રગટરૂપે વ્યવહાર વર્ણવવો છે ને? એ નિશ્ચયની વાત હતી.

ભગવાનઆત્મા પોતાના આનંદના ઘરમાંથી કંઈપણ વિકલ્પથી બહાર નીકળ્યો, ચાહે તો શુભ હો કે અશુભ હો, બધો અપરાધ અને બધો દોષ છે. સમજાણું કાંઈ? લ્યો! શુભ ઉપયોગથી તીર્થંકરગોત્ર બંધાય. સમકિતીને, હોં! અજ્ઞાનીને તો હોય જ નહિ. પણ એ અપરાધ છે. સોળકારણ ભાવના એ પણ અપરાધ છે. 'પુરુષાર્થસિદ્ધિ ઉપાય'માં 'અમૃતચંદ્રાચાર્ય' મહારાજ કહે છે કે, ભાઈ! એ સર્વાર્થસિદ્ધનું આયુષ્ય જે ભાવે બંધાય, તીર્થંકરગોત્ર જે ભાવે બંધાય એ ભાવ અપરાધ છે. આહાહા..! ત્યારે છઠ્ઠે-સાતમે ગુણસ્થાને તીર્થંકરગોત્ર બંધાય છે. સમજાણું? ત્યારે કહે છે કે અશુભભાવ તો હોતો નથી. તો કયા પ્રકારનો (નથી હોતો)? લેશ્યા હોતી નથી. ક્યા પ્રકારની? એના યોગ્ય જે છે ત્રણ કષાયના અભાવની એવી એની લેશ્યા નથી. પણ જરી આવો ભાવ... સમજાણું કાંઈ? અસ્થિરતાનો થોડો હોય છે. એને સરળપણે, મહંતપણાની મોટપ છોડીને ગુરુ પાસે વાત કરે. ગર્હા કરતો કરતો, એમ કહે છે. ક્યાં વાત! આહાહા..!

એક બાજુ સમ્યગ્દષ્ટિને રાગ નથી, એક કોર મુનિને આવો રાગ આવે દોષનો તો ગુરુ પાસે કહે કે આ પ્રમાણે હું નિંદા કરું છું. વસ્તુની પર્યાયમાં જે ભજે છે એની અહીં વાત છે. હેં! બધા પડખા સમજવા જોઈએ. એક જ પડખું સમજે એમ ન ચાલે. સમજાણું કાંઈ? સમ્યગ્દષ્ટિમાં તો એક કષાયનો અભાવ છે અને ત્રણ કષાયના દોષો હજી ઊભા છે એમાં. પંચમ ગુણસ્થાનમાં બે કષાયનો અભાવ છે અને બે કષાયના દોષ ઊભા છે. મુનિને ત્રણ કષાયનો અભાવ છે અને એક કષાયનો દોષ ઊભો છે. નહિતર તો યથાખ્યાતચારિત્ર થઈ જાય. એય.! 'ભીખાભાઈ'! બહુ ઝીણું પણ આ. ક્યાંનું ક્યા વળી.

એક કોર કહે સમ્યગ્દૃષ્ટિ એકલો જ્ઞાતા-દૃષ્ટા અને સાક્ષી છે. જે કાંઈ રાગ આવે અને જે કાંઈ થાય એનો સાક્ષી છે. જ્ઞાન અને દર્શનની અપેક્ષાએ. પણ અસ્થિરતાની અપેક્ષાનો જે પ્રકાર છે, મુનિને પણ જેટલી અસ્થિરતાનો ભાગ છે, દોષભાવ હોય એની ગર્હણા કરે. આહાહા..! અરે..! મારી પવિત્રતામાં આ કલંક! સમજાણું કાંઈ? એ એમ ન કહે કે મારા કર્મનો ઉદય હતો માટે અંદર આવો દોષ થયો. સમજાણું કાંઈ? કારણ કે એ તો ક્રમબદ્ધમાં આવવાનો હતો તો આવ્યો. લ્યો! એમ ન કહે? 'રતીભાઈ'! એમ ન કહે. આહાહા..! આ તો વીતરાગ માર્ગ છે. આ કાંઈ આલીપાલીનો માર્ગ નથી. આલીદુઆલી જેવાનો (નથી). આ તો ત્રણલોકના નાથ એવા સર્વજ્ઞ પરમેશ્વર, એવો સર્વજ્ઞ પરમેશ્વર આત્મા. એના પૂર્ણ પ્રાપ્તિના માર્ગમાં પવિત્રતાના પંથે પડેલા એને થોડો પણ દોષ હોય તો કહે છે, ધોળામાં જરી પણ કાળું લાગે તો મેલ દેખાય. એકલા મેલમાં મેલ ઠરે તેથી કેટલાક રાતા લુગડા અને પીળા પહેરે કે ઓલો મેલ બહુ દેખાય નહિ. ધોયેલા ધોળા હોય એમાં તો જરીક પણ મેલ દેખાય તરત. આવા લુગડામાં મેલ શી રીતે દેખાય? કહો. ધોળું સફેદ હોય તો તરત દેખાય. એમ ચારિત્રની

સફેદાઈ જ્યાં આનંદની પ્રગટી છે... આહાહા..! નાનામાં નાનો દોષ પણ ત્યાં દેખાય એમ કહે છે. અને એનું પ્રાયશ્ચિત લેવા માટે ગુરુ પાસે જાય. જુઓ તો એ દશા! આહાહા..! સમજાણું કાંઈ?

**ભાવાર્થ :– 'અપને કોઈ દોષ લગા હો...'** આપ એટલે પોતાને. **'નિષ્કપટ હોકર ગુરુકો કહે તો વહ દોષ નિવૃત્ત હો જાવે.'** દેખો! દોષ છૂટી જાય. સ્વભાવના આશ્રયે ઉગ્ર થતો આમ વાત કરે છે ત્યાં એ દોષ છૂટી જાય છે. શાંતિની સ્થિરતા થતાં એ દોષ છૂટી જાય છે. આહાહા..! ભારે માર્ગ, ભાઈ! બાહ્યની ક્રિયા એ કાંઈ ધર્મ નથી, દેહની ક્રિયા. અંદર દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ આવે એ પણ કાંઈ ધર્મ નથી. મહાવ્રતના પરિણામ એ પણ કાંઈ ધર્મ નથી. એ બધા પુણ્ય અને બંધના કારણ છે. આહાહા..! એ વિનાના અબંધ પરિણામ જેને પ્રગટ્યા છે. પહેલા તો અબંધસ્વરૂપ ભગવાનઆત્મા છે તેનું સમ્યગ્દર્શન (થયું એ) અબંધ પરિણામ છે. પછી વળી ચારિત્ર પ્રગટે ત્યારે ઉગ્ર અબંધ પરિણામ છે. આહાહા..! આનંદની લહેર ઊઠે અંદરમાં એને ચારિત્ર કહીએ. એને છઠ્ઠું ગુણસ્થાન મુનિનું કહીએ. આહાહા..!

કહે છે, એ પોતે જરીક પણ એટલો દોષ હોય તો બતાવે છે. નિવૃત્ત થઈ જાય. સરળપણે અંદર ઉગ્રપણે અંદર જોતો, જાણતો વાત થાય છે એમાં વિકલ્પ વળી જાય છે. આહાહા..! સમજાણું કાંઈ? આ તો અભ્યાસ જોઈએ, તો સમજાય. આ કાંઈ સાધારણ વાત નથી. ભગવાન વીતરાગનો માર્ગ છે આ. પોતે વીતરાગસ્વરૂપ આત્મા એનો આ માર્ગ છે. અંતર્મુખે ગયો છે એને બહિર્મુખની કેટલીક વૃત્તિઓ બાકી હોય છે. એની ભૂમિકા પ્રમાણમાં જ્યારે આઘો જાય ત્યારે એની આલોચના કરે છે. આહાહા..!

વળી એક કોર કહેવું કે વિકલ્પનો દોષનો એ કર્તાપણે નથી. કર્તા નથી પણ પરિણમન એનું છે. કરવાલાયક છે એ તો શુભભાવની .. કરવા લાયક બુદ્ધિ ઊડી ગઈ છે. શુભભાવ કર્તવ્ય છે એ તો બુદ્ધિ ઊડી ગઈ છે. એનું પરિણમન છે. 'જશુભાઈ'! આ બધું સમજવું પડશે. ત્યાં એકલા .. આ ભર્યા, આ કર્યા અને ધૂળ કરી. એમાં કાંઈ માલ ન મળે, હોં! હેરાન થવાના રસ્તા છે બધા. આત્માને દુઃખી કરવાના રસ્તા છે. આહાહા..! એમાં સમજવા, વાંચવાનો વખત મળે નહિ. એમાં એમ મોસમ હોય. એય..! 'નટુ'! એને મોઢા આગળ રાખે. સૌને સારુ થાય ખરું ને. કર બધું, ધ્યાન રાખજે. અરે..! આ ભારે સંસારનું નાટક. 'કનુભાઈ'! એ ત્યાં હોમાય સરખાયના, મિયાગામમાં. આહાહા..!

આ આત્મા ભગવાન એકલો આનંદનું વૃક્ષ છે. આનંદનો આંબો છે. એમાંથી આનંદના આંબા કેરી પાકે. આમલી પાકે એવો આત્મા છે. એ આંબાની કેરી .. પાકે. આ નથી કેરી કાંઈ કહેતા? જમાદારની કેરી, ફલાણાની કેરી. ઘણાં નામ આપે છે કે નહિ? એય..! 'મનસુખભાઈ'! કેસર કેરી. વાતું કરે ઘણા. અને આવે ઘણી કેરી, એ વખતે જ્યારે કેરીનું ટાણું હોય ત્યારે. આ આંબો છે, ભગવાન આનંદનો આંબો. ભાઈ! તને ખબર નથી. જેને

એકાગ્ર થતાં અતીન્દ્રિય આનંદના ફળ પાકે છે એને આત્મા કહીએ. આત્મા તે ક્યાં તને ખબર છે આત્મા કોણ (છે)? સમજાણું કાંઈ?

કહે છે, ગુરુ પાસે '**દોષ છિપાના નહીં,...**' ઓહોહો...! '**યદિ આપ શલ્યવાન રહે તો મુનિપદમેં યહ બડા દોષ હૈ,...**' શલ્ય રહી જાય એ. નિઃશલ્યો વૃત્તિ. આત્માના આનંદનું ધામ, એ ઉપરાંત ચારિત્રની રમણતાની આનંદની ઉગ્રતા, એમાં જો કાંઈ પણ શલ્ય રહી જાય તો મુનિપણું રહેશે નહિ, એમ કહે છે. શલ્ય રહે તો. દોષ હો પણ એનું શલ્ય રહી જાય. સમજાણું કાંઈ? આહાહા..! શરીરમાં જુઓને, સોઈ પેસી ગઈ હોય આઘી. કાઢતા-કાઢતા કટકો એક રહી ગયો હોય તોપણ સડે અંદર પાછો. સોય આવી જાય છે ને કો'કને ખાવામાં. ભેંસુને ખાવામાં આવી જાય. સોઈ. સુયો હોય ને સુયો? એ ભેંસને આવી જાય ખડમાં. હવે એ કાઢવો હોય. લોહીચુંબક હોય મોટા. લોહીચુંબકને આમ મૂકે બહાર. જ્યાં દેખાય. એ દ્વારા કરતા... કરતા... કરતા... કરતા.. મોઢામાં લાવે પાછા. ત્યારે સોઈ નીકળે એમાંથી. સમજાણું? એમ આ શલ્ય અંદર ગરી ગયું હોય એને તો આત્માની મુખ્યતા કરીને અંદરમાં એકાગ્રતા કર્યે એ ટાળી શકાય છે. બાકી કોઈ ઉપાય છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

અહીં તો આચાર્ય એ પણ કહેવા માગે છે કે એક સમ્યગ્દર્શન થયું માટે મુક્તિ થઈ જશે એમ નહિ. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રાણી મોક્ષમાર્ગ. ત્રણ થઈને એક માર્ગ છે. સમજાણું કાંઈ? આહાહા..!

વસ્તુનું ભાન સમ્યગ્દર્શન તો શ્રેણિકરાજાને થયું, ગૃહસ્થાશ્રમમાં રાજમાં રહ્યા, પણ ચારિત્ર નહોતું. અને નરકનું આયુષ્ય પહેલું બંધાયેલું હતું. બંધાયેલું હતું. નરકમાં જવું પડ્યું. અત્યારે નરકમાં છે. ચોર્યાસી હજાર વર્ષની સ્થિતિએ છે. આહાહા..! ભગવાનના સમવસરણમાં બેઠેલા, ભગવાનના સમવસરણમાં રહેલા, ભગવાનના ભક્ત ભગવાન પાસે વિનંતી કરેલી હે નાથ! અમને ઉગારો, પ્રભુ! ભાષા તો એમ કહે ને? સમજાણું કાંઈ? આહાહા..! એવા જીવો પૂર્વે નરકનું આયુષ્ય બંધાયેલું. સમ્યક્ પછી આત્માનું ભાન થયું, અનુભવ થયો સમ્યગ્દર્શનનો. પણ નરકનું આયુષ્ય છૂટ્યું નહિ. લાંબુ હતું ૩૩ સાગરનું એ ઘટી ગયું. સમ્યગ્દર્શન થતાં ૩૩ સાગરનું આયુષ્ય હતું એ ૮૪ (હજાર વર્ષ) સુધી રહી ગયું. ૮૪ હજાર વર્ષ રહી ગયું. લ્યો! અત્યારે નરકમાં છે. સમ્યગ્દષ્ટિ છે, આનંદના સ્વાદિયા છે. રાગના સ્વાદિયા છૂટી ગયા છે. આહાહા..! અજ્ઞાનમાં જેને રાગનો સ્વાદ આવે છે, શુભરાગનો સ્વાદ આવે છે તે મૂઢ મિથ્યાદષ્ટિ છે, એમ કહે છે. સમજાણું કાંઈ? એવા શ્રેણિક રાજા જેવા પણ.. આહાહા..! ભવિષ્યમાં પહેલા તીર્થંકર થશે. આવતી ચોવીસીમાં ચોર્યાસી હજાર વર્ષની સ્થિતિ પૂરી થઈને તીર્થંકર થશે. ઓહોહો..! સો-સો ઇન્દ્રો જેના તળિયા ચાટશે. ચારિત્ર નહોતું પણ ભવ આવ્યો ને? સમજાણું કાંઈ? નરકનો ભવ અને હજી એક તીર્થંકરનો ભવ થશે. બે ભવ થયા.

અહીં કહે છે કે જેને ભવ કરવો નથી એવા ચારિત્રવંતને જરી પણ દોષ હોય તેને

સરળપણે ગુરુ પાસે કહે. આહાહા..! **'જૈસા હો વૈસા સરલબુદ્ધિસે ગુરુઓંકે પાસ કહે તબ દોષ મિટે યહ ઉપદેશ હૈ.'** પછી શું કહે છે જરી? **'કાલકે નિમિત્તસે મુનિપદસે ભ્રષ્ટ ભયે,...'** ભગવાન સંતોનો માર્ગ તો અનાદિ અનુભવ આનંદમાં રહી અને બાહ્યમાં નગ્નદશા હતી. એ અનાદિનો સનાતન વીતરાગ માર્ગ હતો. એ ભગવાન પછી છસ્સો વર્ષે કાળના નિમિત્તથી **'મુનિપદ સે ભ્રષ્ટ ભયે,...'** એમાંથી આ શ્વેતાંબર પંથ નીકળ્યો. એય..! 'પ્રકાશદાસજી'! એમાં અર્થ નથી, એમાં પાઠ જ છે. સમજાણું કાંઈ? આમાં છે.

**'કાલકે નિમિત્તસે મુનિપદસે ભ્રષ્ટ ભયે,...'** આ તો વસ્તુની સ્થિતિ વર્ણવે છે, હોં! કોઈની નિંદા નથી. આત્માનું સમ્યગ્દર્શન એ ઉપરાંત ચારિત્ર હતા પણ બાર વર્ષના મોટા દુકાળ પડ્યા. મુનિપણું નભી શક્યું નહિ. પછી વસ્ત્રનો એક કટકો નાનો રાખ્યો. ભીક્ષા લેવા માટે જાય ત્યાં. એ મુનિપણાથી ભ્રષ્ટ થઈ ગયા. પછી આ પંથ આખો શ્વેતાંબર પંથ એમાંથી નીકળ્યો. એની અહીં વાત કરે છે. પ્રાયશ્ચિત ન લીધું. દોષ લગાડ્યો, મુનિઓ આવ્યા પાછા દક્ષિણમાંથી. (કહ્યું), માર્ગ આવો નથી. આ શું કર્યું તમે? વસ્ત્રનો કટકો રાખી અને આત્માની મમતા અંદર પડી, તમે મુનિ છો (એમ માનો છો), (આ) માર્ગ નથી. પ્રાયશ્ચિત લ્યો. ન લીધું. સમજાણું કાંઈ? મુનિથી ભ્રષ્ટ થઈ ગયા. 'ચેતનજી'! એમ હશે આ બધું? આવા બધા પંથ મોટા નીકળે. એય..! 'રસિકભાઈ'! એમાંથી સ્થાનકવાસી નીકળ્યું પાછું. શ્વેતાંબરમાંથી સ્થાનકવાસી વધારે ભ્રષ્ટ થઈને (નીકળ્યા).

મુમુક્ષુ :- એનાથી મોટા પંથો દુનિયામાં ઘણા છે.

ઉત્તર :- ઘણાય છે. ત્યાં ક્યાં.. બૌદ્ધ મતમાં કેટલા માણસો! વસ્તુને સમજ્યા વિના.. એ અહીં 'કુંદકુંદાચાર્ય' કહેવા માગે છે. સમજાણું કાંઈ?

**'પીછે ગુરુઓંકે પાસ પ્રાયશ્ચિત નહીં લિયા,...'** આ કહ્યું, પ્રાયશ્ચિત લ્યો. કપડું ન રખાય. કપડું રાખીને મુનિપણું માને તો મિથ્યાત્વ છે. મુનિપણું તો ત્રણ કષાયનો જ્યાં અભાવ હોય ત્યાં કપડાને લેવાનો વિકલ્પ ન હોય. એકલા કપડા છોડીને બેસે એની વાત અહીં નથી. એવા દ્રવ્યલિંગ તો અનંતવાર ધારણ કર્યા. એ કાંઈ મુનિપણું નથી, સમકિત પણ નથી ત્યાં. આ તો આત્માના ભાનમાં ચારિત્ર હતા. એમાં એવા કાળની અંદરમાં એવો પ્રસંગ બન્યો. પ્રાયશ્ચિત ન લીધું. એ વખતે કહ્યું હતું સાધુએ. પ્રાયશ્ચિત લ્યો, આ માર્ગ છોડી દયો. આવું શિથિલપણું, એકલપણું ન હોય માર્ગમાં. હવે કાળ એવો આવ્યો છે બીજું નહીં થાય. એની વાત છે આ. સમજાણું કાંઈ? એય..! 'મનસુખભાઈ'! તમારે તો બધું એ છે ગામમાં મોટું. જુઓ! સમજાણું કાંઈ? તો બીજાની તો વાત શું કરવી, એમ કહે છે. એય..! 'કનુભાઈ'! બ્રાહ્મણ ને ફલાણા ને ઢીંકણાને માનવા એ તો મહામિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? મહામિથ્યાત્વ છે. પૂર્વના પુણ્ય બાંધ્યા હોય એ ઘટી જાય અને નવું પાપ વધારે બંધાય. એય..! 'શાંતિભાઈ'! આહાહા..!

અહીં તો કહે છે, સાચો સંતનો માર્ગ ભગવાને સર્વજ્ઞ પરમેશ્વરે કહેલો, એવા માર્ગમાં હતા પણ કાળના કારણે એવું કામ.. નિમિત્ત કીધું છે ને ભાષા? કાળ તો નિમિત્ત છે. આહાહા..! એમાંથી '**મુનિપદસે ભ્રષ્ટ ભયે, પીછે ગુરુઓંકે પાસ પ્રાયશ્ચિત નહીં લિયા, તબ વિપરીત હોકર અલગ સંપ્રદાય બના લિયા,...**' સંપ્રદાય જુદો પડી ગયો. આહાહા..! કોઈ દેવ પણ આવ્યા નહિ. એવા જીવો નીકળ્યા. કોઈ દેવ આવે (અને કહે કે), આ માર્ગ નથી આપણો વીતરાગનો. વીતરાગનો માર્ગ તો આત્માના આનંદનું ભાન થઈ અને સ્વરૂપમાં-આનંદમાં રમે એને વસ્ત્ર હોઈ શકે નહિ. એ તો નગ્નદશા, નગ્ન દિગંબર દશા અનાદિની સનાતન આત્માના ધર્મમાં હતી. સમજાય છે કાંઈ? 'નટુભાઈ'! આહાહા..! સમજાણું કાંઈ? શું થાય ભાઈ? સત્ય હોય તે સત્ય કાળે તો આવે. એથી કોઈ વ્યક્તિને માટે કાંઈ વાત નથી. સમજાણું કાંઈ? માર્ગનું સ્વરૂપ આવું અનાદિનું છે. એ અહીં 'કુંદકુંદાચાર્ય'નો આશય છે એમાં એ.

મુમુક્ષુ :- એ તો કાઢ્યો આશય.

ઉત્તર :- આશય કાઢ્યો. આમાંથી. 'વજુભાઈ'! આશય કાઢ્યો છે આ.

'**ઐસે વિપર્યય હુઆ.**' સાચી શ્રદ્ધાથી પણ ભ્રષ્ટ થઈ ગયા. ચારિત્રથી ભ્રષ્ટ થયા કપડું લઈને. પછી તો શ્રદ્ધાથી ભ્રષ્ટ થઈ ગયા. વીતરાગ માર્ગથી જુદા પડ્યા. અરે..! એને કોઈ સત્ય કહે તો એને એમ લાગે કે નહિ. એવું હોય નહિ. અમારો આ ધર્મ આટલા વર્ષથી ચાલ્યો આવે છે. ભગવાન! આ તો માર્ગ કેવળીનો છે, ભાઈ! એ કોઈનું અંદરમાં સ્વચ્છંદપણું ન ચાલે. માર્ગ એવો છે આ. સમજાણું?

---

**आगे क्षमाका उपदेश करते हैं :–**

**दुज्जणवयणचडक्कं णिट्ठुरकडुयं सहंति सप्पुरिसा।**
**कम्ममलणासणट्ठं भावेण य णिम्ममा सवणा।।१०७।।**

**दुर्जनवचनपेटां निष्ठुरकटुकं सहन्ते सत्पुरुषाः।**
**कर्ममलनाशनार्थं भावेन च निर्ममाः श्रमणाः।।१०७।।**

**દુર્જન તણી નિષ્ઠુર-કટુક વચનોરૂપી થપ્પડ સહે,**
**સત્પુરુષ નિર્મમભાવયુત-મુનિ કર્મમળલયહેતુએ. ૧૦૭.**

**अर्थ :– सत्पुरुष मुनि हैं वे दुर्जनके वचनरुप चपेट जो निष्ठुर (कठोर) दयारहित और कटुक (सुनते ही कानोंको कड़े शूल समान लगे) ऐसी चपेट है उसको सहते हैं। वे किसलिये**

**सहते हैं? कर्मोंका नाश होनेके लिये सहते हैं। पहिले अशुभ–कर्म बाँधे थे उसके निमित्तसे दुर्जनने कटुक वचन कहे, आपने सुने, उसको उपसम परिणामसे आप सहे तब अशुभकर्म उदय होय खिर गये। ऐसे कटुकवचन सहनेसे कर्मका नाश होता है।**

**वे मुनि सत्पुरुष कैसे हैं? अपने भावसे वचनादिकसे निर्ममत्व हैं, वेचनसे तथा मानकषायसे और देहादिकसे ममत्व नहीं है। ममत्व हो तो दुर्वचन सहे न जावें, यह न जाने कि इसने मुझे दुर्वचन कहे, इसलिये ममत्वके अभावसे दुर्वचन सहते हैं। अतः मुनि होकर किसी पर क्रोध नहीं करना यह उपदेश है। लौकिकमें भी जो बड़े पुरुष हैं वे दुर्वचन सुनकर क्रोध नहीं करते हैं, तब मुनिको सहना उचित ही है। जो क्रोध करते हैं वे कहनेके तपस्वी हैं, सच्चे तपस्वी नही हैं।।१०७।।**

## ગાથા–૧૦૭ ઉપર પ્રવચન

**'આગે ક્ષમાકા ઉપદેશ કરતે હૈં :–'** આહાહા..!

**दुज्जणवयणचडक्कं णिट्ठुरकडुयं सहंति सप्पुरिसा।**
**कम्ममलणासणट्ठं भावेण य णिम्ममा सवणा।।१०७।।**

**અર્થ :– 'સત્પુરુષ મુનિ હૈં...'** સત્પુરુષ. સત્યના સેવન કર્યા છે જેણે. સત્ય તે પરમેશ્વર છે. એવો સત્ય ભગવાનઆત્મા, એવા સત્યનું સેવન કરીને જેણે સમ્યગ્દર્શન સહિત ચારિત્ર પ્રગટ કર્યું છે. સત્પુરુષ છે ને? **'सत्पुरुषाः'** આહાહા..! કહે છે કે એવી દશા દેખી **'વે દુર્જનકે વચનરૂપ ચપેટ જો નિષ્ઠુર (કઠોર) દયારહિત ઔર કટુક (સુનતે હી કાનોંસે કડે શૂલ સમાન લગે)...'** આકરું લાગે. આહાહા..! નાગા થઈને, ભ્રષ્ટ થઈને ફરો છો. લાજ નથી આવતી આ સમાજમાં આમ ફરો છો? ... શાંતિ રાખ. સમજાણું કાંઈ? એમાં છે? એમાં નહિ હોય. આ હિન્દીમાં છે.

**'દુર્જનકે વચનરૂપ ચપેટ જો નિષ્ઠુર (કઠોર) દયારહિત...'** આહાહા..! મહામુનિ, આત્મધ્યાની આનંદમાં મસ્ત હોય. એને પણ કોઈ એવા કહે માળા નાગાઓ, લુચ્ચાઓ આવી વસ્તીમાં ફરો છો. જગતને વિકારનું કારણ થાય છે. આવા પાપીઓ આમાં ક્યાં પડ્યા છો? એવું બોલે. 'રસિકભાઈ'! બોલે કે નહિ? ઓલો તો મહામુનિ આનંદમાં, અતીન્દ્રિય આનંદ હોય. આહાહા..! ક્ષમા રાખ, ક્ષમા રાખ, ભાઈ! સાંભળ ... એ પૂર્વના કોઈ કર્મનો ઉદય હોય તો એવો યોગ આવે. એથી કાંઈ બાપુ! તારો દોષ નથી. એ વાણીમાંથી અમને કાંઈ દોષ નથી. સાંભળે, જાણે, જાણવા .. જાણે, ક્ષમા કરે. આહાહા..! જે આત્મામાં અંદર ઓગળી ગયા છે, અંદર રાગ ગળી ગયા છે. સ્વરૂપમાં ઠર્યા છે. એને દેખીને કોઈ કઠણ વચન

કહે. કાનમાં કડાશૂળ. કડા શબ્દે આકરું. કડા શબ્દે આકરું.

**'ઐસી ચપેટ...'** ચપેટ મારે અંદર ઝપટ મારે. **'ઉસકો સહતે હૈં.'** **'કિસલિયે સહતે હૈં?** કર્મોંકા નાશ હોને કે લિયે સહતે હૈં.' **'कम्ममलणासणट्ठं'** છે ને? ત્રીજું પદ છે. **'कर्ममलनाशनार्थं'** સમજાવવાનું તો એમ સમજાવે ને. શાંત-શાંત. કીધું હતું ને એક? બૌદ્ધમાં કથા છે. કોઈ એવો પુરુષ હશે. હોય ને લૌકિક? લૌકિક છે. આ તો ધર્મની લોકોત્તરની વાત છે. સમ્યગ્દર્શની જીવ અને મુનિ ચારિત્ર હોય એની વાત છે. અમથા સહન કરે એ નહિ. અજ્ઞાની આવું સહન કરે એ કાંઈ ધર્મી નથી. આહાહા..! સમજાણું? આ દેશને માટે જુઓને આ લાકડીયું મારે તો સહન કરે છે ને? શું કહેવાય? શહીદ થઈ ગયા. શહીદ. 'ઉમરાળા'માં છે ને? એને કાંઈ .. કાંઈક દિશાએ જતા હતા ત્યારે કહેતા કે અહીં ... થયો. .. આ બાજુ મકાન છે. એ ક્ષમા ન કહેવાય.

ક્ષમા તો આત્મા શાંત અને આનંદનું ભાન એનો રસીલો થઈ અને સ્વરૂપમાં રમે છે. જેની રાગની રમતું છૂટી ગઈ છે. સમજાણું કાંઈ? આહાહા..! ચારિત્ર એટલે સ્વરૂપમાં રમવું. રાગનું રમવું અસ્થિરતા છૂટી ગઈ છે જેની. એવા મુનિને કોઈ આકરા-કઠણ વચન કહે (તો) ક્ષમા કરે. દેવ એને પૂજતો હોય, દેવના વંદનીક હોય. એને ખબર હોય કે આ દેવ મને માને છે. છતાં એક વિકલ્પ ઊઠાવે નહિ. મારી .. તને આ કરું? મારો દેવ આવશે તો તને આમ.. અરે..! દેવ ક્યો? ભગવાન! હું દેવ છું. ક્ષમા કરનારો હું દેવ છું. સમજાણું કાંઈ? સાક્ષાત્ દેવ હોય તો આશા ન રાખે. શેનો દેવ? દેવ તો હું પોતે છું. દેવ બીજો ક્યો હતો? સમજાય છે કાંઈ? આવી તમારી પ્રતિષ્ઠા છે. વ્યંતર તમને માને છે અને તમારી આસપાસ ફરે છે. શું છે ફરે છે તો? ફરવા દેને એને. એનો ભક્તિનો વિકલ્પ હોય તો ફરે. એમાં મને શું? હું તો શાંતિ રાખું. આ પણ આવી ગાળું તમને! આવી એટલે કોને? એ તો જ્ઞેય છે. ભાષા જડ છે. ... નથી આવતું? 'સમયસાર'માં ન આવ્યું? નિંદાના .. વચન સુણીને અરે..! મુનિ તું રાગ અને દ્વેષ શું કરે છે? એ તને ક્યાં કહ્યું છે? અને એ શબ્દો એમ ક્યાં કહે છે કે તું મને સાંભળવા મારી સામું લક્ષ કર. કરે છે? એ શબ્દો એમ કહે છે? મને સાંભળવા રોકા. અને આત્મા પોતાનું સ્થાન છોડીને સાંભળવા જાય છે? .. આવે છે ને? ... આહાહા..!

વીતરાગભાવ જ્યાં રેલમછેલમ થાતો હોય, આનંદના જ્યાં શેરડા, ઘૂંટડા આનંદના પીવાતા હોય. અતીન્દ્રિય આનંદ. બાપુ! ભાઈ! ક્ષમા છે, હોં! આહાહા..! એવો માર્ગ સંતોનો છે. વીતરાગ માર્ગમાં તો આ છે. દેવો આદિને માનનારા કરોડોપતિઓ કે ચક્રવર્તી હોય, એની હૂંફમાં ઓલો ગાળ્યું દેતો હોય એની સામે બતાવે કે જુઓ! મારા માનનારા આવા છે. એ માને કોણ? હું પોતે જ ભગવાન છું. મારી સમતામાં કોઈના આશ્રયની અપેક્ષાની જરૂર નથી. આહાહા..! જુઓ! આ માર્ગ. વીતરાગનો આ માર્ગ છે. આહાહા..! સમ્યક્ અનુભવ સહિતની વાત, હોં! આત્માનું ભાન નથી અને સહન કરે એ સહન નથી. એ તો કષાયની મંદતા છે, એ તો પુણ્યબંધનું કારણ છે, ધર્મ નથી.

કહે છે કે '**પહિલે અશુભ-કર્મ બાંધે થે ઉસકે નિમિત્તસે દુર્જનને કટુ વચન કહે, આપને સુને, ઉસકો ઉપશમ પરિણામસે આપ સહે...**' એ દાખલો એક છે. એક બહુ ગાળ્યું દેવા માંડ્યો. ઓલો બેઠો સાંભળતો હતો. સાંભળતો હતો. ભાઈ હવે હું જાવ? એમ પૂછ્યું.

મુમુક્ષુ :- પૂરું કર્યું?

ઉત્તર :- પૂરું કર્યું, ભાઈ! બહુ ગાળ દેવા માંડ્યો. પછી ઊભો હતો. સાંભળતો હતો. ભાઈ! હવે હું જાવ? થઈ ગયું તમારે? તમારે હોય ઈ કાઢી નાખો. મારે લેવાની શક્તિ નથી. મને લેવાની કાંઈ ઓરતા નથી. તારે હોય તો ભલે. અરે..! આ શું? ઠીક ભાઈ! ભાઈ! ત્યારે હવે હું જાવ? થઈ રહ્યું? ઓલો તો.. કોની નિંદા કોણ કરે? ઓલામાં નથી આવતું? 'નિંદા...' 'યોગીન્દ્રદેવ'. 'કોણ કોની નિંદા કરે...' 'યોગસાર'. 'કોણ કોની નિંદા કરે?' કોણ નિંદા કરે? ભાઈ! મને તો એ જાણતો નથી તો મારી નિંદા શી રીતે કરે? આ શરીરને જોવે. તો શરીર તો જડ છે. એ કાંઈ હું નથી. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! વીતરાગી સંતોના મસ્તીના વાક્યો બધા છે આ. શાંત... શાંત.. શાંત.. બાપા! તું ગાળું દઈને પણ ખુશી થા ને. મારે ખુશી કરવાનું સાધન નથી તો તું ગાળું દઈને ખુશ થા. મારી પાસે નારાજ થવાનું કોઈ કારણ નથી. આહાહા..!

'**વે મુનિ સત્પુરુષ કૈસે હૈં? અપને ભાવસે વચનાદિકસે નિર્મમત્વ હૈં,...**' વચનમાં પણ નિર્મમત્વ. મારે સામે આટલું કહેવું એમ પણ નહિ. આટલું કહે છે કે થોડું તો તું ભાઈ .. એ કહેવાનું એ વચનની મંદતા નથી, કહે છે. આહાહા..! 'નવનીતભાઈ'! આહાહા..! '**ભાવસે વચનાદિકસે નિર્મમત્વ હૈં, વચનસે તથા માનકષાયસે ઔર દેહાદિકસે મમત્વ નહીં હૈ.**' વચનમાં મમતા નથી આટલું મારે કહેવું. દેહમાં મમતા નથી કે આ દેહમાં મારે છે ને આટલું? કોણ મારે કોને? જે પર્યાય જડની થવાની એ થાય છે. હું તો એનો જાણનાર છું. આહાહા..! ભાવપાહુડ છે, જુઓ!

'**માનકષાયસે ઔર દેહાદિકસે મમત્વ નહીં હૈ. મમત્વ હો તો દુર્વચન સહે ન જાવે,...**' સહ્યા ન જાય. પાધરો સામે લાવે. આહાહા..! એય..! આટલું બધું ફલાણું-ઢીકણું કહી જાય તો હું યાદ રાખજે. કોણ યાદ રાખે? સાંભળને હવે. એણે એટલું કીધું. સાંભળ્યું .. આહાહા..! જુઓ! આ ક્ષમાનો માર્ગ. સમ્યગ્દર્શન સહિતની વાત છે, હોં! એને ક્ષમા આવી હોય. અજ્ઞાનીને હોય નહિ. ત્યાં એ તો ચારિત્ર સહિત. '**અતઃ મુનિ હોકર કિસી પર ક્રોધ નહીં કરના યહ ઉપદેશ હૈ.**' લ્યો! શું કહે છે? ઓલા સાધુ કહે ને? તપસ્વી તે ક્રોધી હોય. એમ કહે છે ને? શું કહે છે? આ બહુ તપસ્વી હોય એ ક્રોધી હોય, એને બહુ ન બોલાવવા. આવું બધું ક્યાંથી માર્યું? ચીપીયા ખખડે. .. તપસી એવા હોય નહિ. અને એવા હોય એ તપસી કહેવાય નહિ. આહાહા..!

'**લૌકિકમેં ભી જો બડે પુરુષ હૈં વે દુર્વચન સુનકર ક્રોધ નહીં કરતે હૈં,...**' મહા મોટા પુરુષો હોય. સાધારણ માણસ છે એને ગણે જ નહિ. હાથી ચાલ્યો જાતો હોય અને કૂતરું

ભસે તો ગણતો હશે? સામું જોતો હશે પાછળ? છોકરા હાથીને કાંકરા મારે. સામું ન જોવે. કોણ જોવે? હાથી તો પોતાની મલપતની ચાલે ચાલ્યો જાતો હોય. એમ ધર્મી પોતાની શાંતિને રસ્તે-પંથે ચાલ્યો જાય છે. આહાહા..! '**किसी पर क्रोध नहीं करते हैं, तब मुनि को सहना उचित ही है. जो क्रोध करते हैं वे कहनेके तपस्वी हैं,...**' જુઓ! કહેવાના તપસ્વી છે. આ વર્ષીતપ કરેને બાયું? ઘરમાં વર્ષીતપ કરે એટલે એને બોલાવતી નહિ બહુ, હોં! મોઢે અપવાસ છે. મોઢે અપવાસ છે. અંદરમાં કાંઈ નથી એમ. મોઢે અપવાસ છે. એય..! એક વાર બાઈ બોલતી હતી એના છોકરાને, મેં સાંભળ્યું હતું. હતો વર્ષીતપ. અપવાસ કરતો હતો. છોકરાને કહે કે મારે મોઢે અપવાસ છે અને તું આ શું કરવા કરે છે? ઓય! કાંઈ ખબરું ન મળે. મોઢું શું અને અપવાસ શું? લાંઘણું કરે. '**जो क्रोध करते हैं वे कहनेके तपस्वी हैं, सच्चे तपस्वी नहीं है.**' આહાહા..! ક્ષમાનું ફળ કહેશે લ્યો હવે. ક્ષમાનું ફળ.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**आगे क्षमाका फल कहते हैं :-**

**पावं खवइ असेसं खमाए पडिमंडिओ य मुणिपवरो।**
**खेयरअमरणराणं पसंसणीओ धुवं होइ।।१०८।।**

**पापं क्षिपति अशेषं क्षमया परिमंडितः च मुनिप्रवरः।**
**खेचरामरनराणां प्रशंसनीयः ध्रुवं भवति।।१०८।।**

**મુનિપ્રર પરિમંડિત ક્ષમાથી, પાપ નિઃશેષે દહે,**
**નર-અમર-વિદ્યાધર તણા સ્તુતિપાત્ર છે નિશ્ચિતપણે. ૧૦૮.**

**अर्थ :- जो मुनिप्रवर (मुनियोंमें श्रेष्ठ, प्रधान) क्रोधके अभावरूप क्षमासे मंडित है वह मुनि समस्त पापोंका क्षय करता है और विद्याधर - देव -मनुष्यों द्वारा प्रशंसा करने योग्य निश्चयसे होता है।**

**भावार्थ :- क्षमा गुण बड़ा प्रधान है, इससे सबके स्तुति करने योग्य पुरुष होता है। जो मुनि हैं उनके उत्तम क्षमा होती है, वे तो सब मनुष्य - देव - विधाधरोंके स्तुतियोग्य होते ही हैं और उनके सब पापोंका क्षय होता ही है, इसलिये क्षमा करना योग्य है - ऐसा उपदेश है। क्रोधी सबके निंदा करने योग्य होता है, इसलिये क्रोधका छोड़ना श्रेष्ठ है।।।१०८।।**

---

**પ્રવચન નં. ૧૩૪, ગાથા-૧૦૮-૧૦૯, રવિવાર, કારતક સુદ ૧૦, તા.૮-૧૧-૭૦**

ભાવપાહુડ. ૧૦૮ ગાથા.

**पावं खवइ असेसं खमाए पडिमंडिओ य मुणिपवरो।**
**खेयरअमरणराणं पसंसणीओ धुवं होइ।।१०८।।**

મુનિને ઉદ્દેશીને મુખ્ય વાત છે. બાકી ગૌણપણે સમકિતી અને શ્રાવક એમાં આવી જાય છે.

**અર્થ :- 'જો મુનિપ્રવર (મુનિયોંમેં શ્રેષ્ઠ, પ્રધાન) ક્રોધકે અભાવરૂપ ક્ષમાસે મંડિત હૈ વહ મુનિ સમસ્ત પાપોંકા ક્ષય કરતા હૈ...'** એટલે શું? કે આ આત્મા, પહેલો તો આત્મા રાગ-વિકલ્પથી રહિત છે. સમજાણું કાંઈ? દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ એ પણ એક વિકલ્પ છે, રાગ છે. હો, પણ એ રાગ આત્માના સ્વરૂપને પ્રાપ્તિ કરવાનું કારણ નથી. ભારે વાત! આરાધ્ય. ખરેખર તો દેવ-ગુરુ-શાસ્ત્ર એ પર છે એ આરાધ્ય વ્યવહારે છે. નિશ્ચયથી આરાધ્ય એ નહિ. નિશ્ચયથી તો ભગવાનઆત્મા વીતરાગ નિર્વિકલ્પ આનંદમૂર્તિ, એનું આરાધ્ય કરવું એટલે કે એનો અનુભવ કરવો, એની દૃષ્ટિ કરવી એ જ પહેલો તો ક્રોધનો અભાવ કહેવામાં આવે છે.

જ્યાં સુધી એને અંદર રાગની મંદતા, શુભભાવનો પણ પ્રેમ રહે ત્યાં સુધી એને સ્વભાવનો દ્વેષ છે. સમજમેં આતી હૈ ભાષા? ગુજરાતી છે. કાલે ચાલી ગયું. આવી ગયું. સમજાય છે કાંઈ? આ આત્મા અકષાયસ્વભાવી વસ્તુ છે. એની રુચિ છોડીને રાગ, શુભરાગ, દયા, દાન, વ્રત, ભક્તિ આદિનો, એના પ્રત્યે પણ જો રુચિ હોય તો એને સ્વભાવ પ્રત્યે દ્વેષ છે. 'પ્રકાશદાસજી'! ભારે વાત આકરી. ભગવાનઆત્મા તો અનંત જ્ઞાન-દર્શન-આનંદનો નિર્વિકલ્પ પદાર્થ છે. સમજાય છે કાંઈ? એનો પ્રેમ કરીને રાગ પ્રત્યે જે પ્રીતિ અને રુચિ છે એનો વ્યય થતાં, સ્વરૂપની દૃષ્ટિ અને અનુભવ થતાં આત્મા પ્રત્યેનો જે દ્વેષ હતો, એ ક્રોધ હતો. રાગના પ્રેમમાં સ્વભાવ પ્રત્યે ક્રોધ હતો. સમજાય છે કાંઈ? સર્વજ્ઞ એમ કહે છે કે અમારા પ્રત્યેની ભક્તિ એ રાગ છે. અને રાગની રુચિ જો છે તો એને આત્મા પ્રત્યે દ્વેષ છે. આહાહા..! રાગ-દ્વેષની આ વ્યાખ્યા છે. સાધારણ રાગ-દ્વેષ કરે એ ચીજ અસ્થિરતા એ જુદી વાત છે. સમજાણું કાંઈ?

દ્વેષ અરોચક ભાવ. 'આનંદઘનજી'માં એ આવે છે. 'દ્વેષ અરોચક ભાવ' આત્મા આનંદ વીતરાગી વિકલ્પ વિનાની ચીજ, એના પ્રત્યે અરુચિ એ જ એના પ્રત્યે દ્વેષ સૂચવે છે. ભારે આકરી વાત. સમજાણું કાંઈ? અહીં ક્રોધનો અભાવ કીધો એટલે ઉપર જરી ક્ષમા કરવી એટલો જ એનો અર્થ નથી. સમ્યગ્દર્શનના ભાનસહિત ક્ષમા જ્ઞાતા-દૃષ્ટાપણે કરે એનું નામ

ક્ષમા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

જુઓ! '**ક્રોધકે અભાવરૂપ ક્ષમાસે મંડિત હૈ વહ મુનિ સમસ્ત પાપોંકા ક્ષય કરતા હૈ...**' એટલે? જ્યાં ભગવાનઆત્મા આરાધ્ય થઈને આરાધ્યો છે. સમજાણું કાંઈ? પરમેશ્વરે કહ્યું, મુનિઓએ કહ્યું કે ભાઈ! માર્ગ આ છે. પણ એ માર્ગમાં એમણે એમ કહ્યું કે તારું આરાધન કર એ તારી ક્ષમા છે. તું તારું આરાધન કર અંદરમાં દૃષ્ટિ અને જ્ઞાતા રહીને. સમજાણું કાંઈ? ભારે ઝીણું! એક મહાવ્રતના પરિણામ કે ત્રણલોકના નાથ તીર્થંકરની શુભભાવથી સમવસરણમાં પૂજા, મણિરત્નના દીવા, કલ્પવૃક્ષના ફૂલ ભગવાન સમવસરણમાં હોય અને આમ ભક્તિનો રાગ (આવે), કહે છે કે એ રાગ છે. પણ રાગમાં રુચિ છે તો એને આત્માના આનંદની અરુચિ છે. સમજાણું કાંઈ? આહાહા..! અહીં એ કહે છે મૂળ વાત.

'**મુનિપ્રવર (મુનિયોંમેં શ્રેષ્ઠ, પ્રધાન)...**' તને તો આનંદસ્વરૂપ ભગવાનઆત્મા, એનો તને તો સ્વાદ, શાંતિનો અનુભવ થયો છે. રાગથી પૃથક્ક્ થઈ વિકલ્પ જે છે, સૂક્ષ્મમાં સૂક્ષ્મ વિકલ્પ ગુણ-ગુણીનો ભેદ, ગુણી આત્મા અને આનંદ એનો ગુણ, એવો ભેદ કરવો એ પણ એક વિકલ્પ રાગ છે. એ રાગનો પણ પ્રેમ છૂટીને સ્વરૂપ ભગવાનઆત્મા પૂર્ણાનંદ અતીન્દ્રિય આનંદ 'અપ્પા સો પરમ અપ્પા' એ આત્મા પોતે જ પરમાત્મસ્વરૂપ છે. આહાહા..! એની રુચિ કરીને એમાં સ્થિર થવું એનું નામ અહીંયાં ક્ષમા કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? આમ ભાન વિના આત્માની તો દૃષ્ટિ છે નહિ અને રાગમાં મંદ કાંઈ કરે અને ક્ષમા કરે એ ક્ષમા નથી. એ તો સ્વભાવ પ્રત્યે દ્વેષ છે અને વિકાર પ્રત્યે પ્રેમ છે. જેને વિકારનો પ્રેમ છે તેને વિકારના અભાવની ક્ષમા ક્યાંથી હોય? સમજાણું કાંઈ? આહાહા..!

કહે છે, '**વહ મુનિ સમસ્ત પાપોંકા ક્ષય કરતા હૈ...**' આત્મા અનાકુળ આનંદમૂર્તિનું જ્યાં ભાન થયું છે અને એમાં અહીં મુનિની વાત છે ને? પછી સ્વરૂપમાં, શાંતિમાં ઠરે છે. એને પાપના ભાવ આદિ હતા એનો નાશ થાય છે, એને પાપનો ક્ષય થાય છે. અજ્ઞાનીને ક્ષમા કરવાથી પણ પાપનો ક્ષય થતો નથી. સમજાણું કાંઈ? '**ઔર વિદ્યાધર-દેવ-**' આ એની અંદર ગુણ બતાવ્યો પહેલો. આખી દુનિયાનો સાક્ષી છે આત્મા. વ્યવહારરત્નત્રયનો શુભઉપયોગ, એનો એ સાક્ષી છે. શુભરાગનો એ કર્તા નથી. આહાહા..! ... છે. એવું ભાન થઈને સ્વરૂપમાં ઠરે છે એને પાપ ભેદાય છે. એ તો એનો ગુણ વર્ણવ્યો. પણ એવા જીવોને '**વિદ્યાધર-દેવ-મનુષ્યોં દ્વારા પ્રશંસા કરને યોગ્ય નિશ્ચયસે હોતા હૈ.**' એણે એવા ધર્માત્માને વિદ્યાધર મહાલબ્ધિવાળાઓ, બહારની ૠદ્ધિવાળાઓ દેવ, એમ કહે છે. આવી જેને ૠદ્ધિ સ્વભાવનું ભાન અને અનુભવ સ્થિરતા પ્રગટી છે એને પાપનો તો નાશ થાય છે પણ એને આવા બાહ્યમાં વિદ્યાધર, મહા વિદ્યાઓ જેને પ્રગટી હોય એવા પણ એની-મુનિની પ્રશંસા કરે છે. જેને આત્મૠદ્ધિ પ્રગટી છે. સમજાણું કાંઈ? સચ્ચિદાનંદ સ્વરૂપ સત્-ચિદ-આનંદ

એવો આત્મા સમ્યક્‌માં, અનુભવમાં ભાન થઈને જ્યાં પ્રગટ્યો છે એને આત્મઋદ્ધિ પ્રગટી છે. એવી ઋદ્ધિવંતને બાહ્ય ઋદ્ધિવાળાઓ પણ જેની સ્તુતિ કરે છે, એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? ચક્રવર્તી. જુઓ!

'**વિદ્યાધર-દેવ-મનુષ્યો...**' ચક્રવર્તી આદિ હોય. આ અમારું છન્નું કરોડ પાયદળ અને છન્નું હજાર સ્ત્રીની ઋદ્ધિ એ નહિ. એ તો ધૂળ પર છે. આ ધર્માત્મા, જેને આનંદની ઋદ્ધિ પ્રગટી છે, સમ્યગ્દર્શનમાં આનંદનો સ્વાદ આવ્યો છે જેને, સમ્યગ્દર્શન, એને કહે છે કે જેમાં આત્મા આનંદસ્વરૂપ અતીન્દ્રિયનો સ્વાદ આવ્યો છે, સ્વાદ શબ્દે અનુભવ, એને સમ્યગ્દર્શન કહીએ. એવા સમ્યગ્દૃષ્ટિ જીવ વિકલ્પથી માંડીને આખી દુનિયાની ચીજનો એ જ્ઞાતા-દૃષ્ટા છે. આહાહા..! એને વસ્તુના સ્વરૂપમાં સ્થિર થતાં જે શાંતિ અને ક્ષમા પ્રગટે છે એ દ્વારા પાપનો નાશ થાય છે. બાકી ક્રિયાકાંડ કરીને મરી જાય, પંચમહાવ્રત ને આ ને તે ને. સમજાણું કાંઈ? એય..! 'શાંતિભાઈ'! સમજાણું આ? આ ભગવાનની ભક્તિ કરી કરીને મરી જાય છે આખો દિ', તોપણ એની અંદર ધર્મ નથી, એમ કહે છે. સમજાણું કાંઈ? અને મહાવ્રત પાળીને ધ્યાન નાખે અહિંસા, સત્ય, દત, બ્રહ્મચર્ય એ તો બધો વિકલ્પ રાગ છે, પુણ્ય છે. ધર્મ નહિ. સમજાણું કાંઈ? એ આત્મા શુદ્ધ આનંદના ભાનવાળો અંતરમાં ક્ષમાથી જગતની પ્રતિકૂળતાને પણ જ્ઞાતા-દૃષ્ટા તરીકે જાણે-દેખે એને ક્ષમા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એને આવા મનુષ્યો-દેવો-વિદ્યાધરો. જુઓને! મનુષ્યમાં વિદ્યાધર લીધા મોટા લબ્ધિવાળા. અને મનુષ્યમાં ચક્રવર્તી આદિ મોટા બીજા. એને '**પ્રશંસા કરને યોગ્ય...**' છે. એને પ્રશંસા કરવાને લાયક આવા મુનિ છે. સમજાણું કાંઈ?

ભરત ચક્રવર્તી અને બાહુબલી બે સમકિતી હતા છતાં લડાઈ થઈ. એ ક્રોધ ચારિત્ર દોષનો ક્રોધ હતો. સમજાણું કાંઈ? અંતરમાં તો એ ક્રોધના વિકલ્પના જ્ઞાતા-દૃષ્ટા હતા. ભારે આ વાત. અહીં તો એ ઉપરાંતની વાત છે કે જેને એ ચારિત્રદોષનો જે ક્રોધ છે એ પણ જેણે આત્માના અવલંબનનો આશ્રય લઈને જેણે ટાળ્યો છે એને અહીંયાં મુનિ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

**ભાવાર્થ :-** '**ક્ષમા ગુણ બડા પ્રધાન હૈ,...**' ભાવાર્થ છે ને? '**ક્ષમા ગુણ બડા પ્રધાન હૈ,...**' મુખ્ય-પ્રધાન છે. પ્રધાન એટલે મુખ્ય છે. એ ક્ષમાની વ્યાખ્યા આ. સમજાણું કાંઈ? મુનિના દસ પ્રકારનો ધર્મ છે ને ઉત્તમ ક્ષમા આદિ? દસ લક્ષણી પર્વમાં આવે છે ને દસ. ઉત્તમ ક્ષમા, એ ઉત્તમ ક્ષમા સમકિતીને હોય છે. અજ્ઞાનીને ક્ષમા હોતી નથી. આહાહા..! જેને રાગ અને બાહ્ય પદાર્થમાં સુખબુદ્ધિ જેની છે એને આત્મા પ્રત્યે ક્રોધ છે. એને ક્ષમા નથી એમ કહે છે. આહાહા..! એય! 'જયંતિભાઈ'! ચક્રવર્તીના રાજ, ઇન્દ્રના રાજ, અબજો પૈસા, સુંદર શરીર, એના પ્રત્યે જેને પ્રેમ છે અથવા એમાં સુખબુદ્ધિ છે એ મિથ્યાદૃષ્ટિ છે.

આહાહા..! સમજાય છે કાંઈ? અરે..! દયા, દાન, વ્રત, ભક્તિનો શુભભાવ, એમાં પણ જેની સુખબુદ્ધિ-હિતબુદ્ધિ છે એ મિથ્યાદૃષ્ટિ છે. ધર્મીને રાગ હોય ખરો, પણ છતાં એ રાગમાં હિતબુદ્ધિ, સુખબુદ્ધિ, ધર્મબુદ્ધિ નથી. આહાહા..! સમજાણું કાંઈ? એવી અહીંયાં ક્ષમા ગણવામાં આવી છે.

'**ક્ષમા ગુણ બડા પ્રધાન હૈ,...**' ભગવાનઆત્મા જ્ઞાતા-દૃષ્ટા થઈને એકાગ્ર થાય એનું નામ ક્ષમા છે. સમજાણું કાંઈ? આ દેશને માટે માર ખાય છે, લડે છે, મરે છે એ ક્ષમા નથી. આવે છે ને ઓલામાં? લોક માટે ક્ષમા એ ક્ષમા નથી. તેમ મોટા પુરુષોની સામે જો ક્ષમા ન રાખે તો એ મને કાઢી મૂકશે અથવા મારી પદવી છોડી દેશે, એમ કરીને ક્ષમા કરવી એ પણ ક્ષમા નથી. કર્મનો મારે ઉદય આવ્યો છે એવો, માટે આ પ્રતિકૂળ છે એમ આશરો લઈને ક્ષમા કરે એ પણ ખરી ક્ષમા નથી. આહાહા..! સમજાણું કાંઈ? ચાર પ્રકારની વર્ણવી છે ત્યાં. 'નિયમસાર'માં આવે છે ને.

આત્મા આનંદસ્વરૂપ, જ્ઞાન અને શાંતિનો ભંડાર, નિજનિધાન પરમાત્મા એની સામું જોતાં જે શાંતિ થાય, એના સન્મુખથી જે શાંતિ સમ્યગ્દર્શન-જ્ઞાન થાય, એમાં જ્ઞાતા-દૃષ્ટાપણું સહજપણે રહે એને અહીંયાં ક્ષમા કહેવામાં આવે છે. આહાહા..! કહો, 'પ્રકાશદાસજી'! આ ક્ષમા. આહાહા..! બહારથી કહે.. આ કહ્યું ને 'શ્રીમદે'? આપે કહી તે ક્ષમા અમે જાણી નથી. 'શ્રીમદ્'માં આવે છે. નહિ? હે ભગવાન! હું ભૂલી ગયો. એમ આવે છે ને? દયા, ક્ષમા. આપે કહ્યા તે ઓળખ્યા નહિ. 'શ્રીમદ્'માં આવે છે. તમે કહ્યા તે ઓળખ્યા નહિ દયા, ક્ષમા કોને કહેવી? આહાહા..! સમજાણું કાંઈ?

કહે છે, '**ઈસસે સબકે સ્તુતિ કરને યોગ્ય પુરુષ હોતા હૈ.**' અહીં તો વ્યવહારથી વાત કરી છે પણ પોતે સ્તુતિ પોતે પોતાની કરે છે. આહાહા..! આનંદમૂર્તિના અનંત ગુણની સ્તુતિ કરે છે એટલે કે એકાગ્ર થાય છે. એ સ્વસ્તુતિ છે અને પરસ્તુતિ કરે એ તો એને વિકલ્પ હોય. એને એ મૂળ ચીજ નથી. ભગવાનઆત્મા અનાકુળ આનંદનો નાથ સચ્ચિદાનંદ પ્રભુ, એ પોતે જ એના અનંત ગુણમાં એકાગ્ર થાય તેનું નામ સ્તુતિ કહેવામાં આવે છે.

'સમયસાર'ની ૩૧મી ગાથામાં ન આવ્યું? '**जो इंदिये जिणित्ता णाणसहावधियं मुणदि आदं**'. ભગવાન કેવળજ્ઞાની પરમાત્માની સ્તુતિ કોને કહેવી? કેવળજ્ઞાની પરમાત્માની સ્તુતિ કોને કહેવી? એમ શિષ્યનો પ્રશ્ન છે. કોને કહે સમજ્યા? કિસકો કહના. એવો પ્રશ્ન કર્યો શિષ્યે. ઉત્તરમાં એ કહ્યું કે અણિન્દ્રિય ભગવાનઆત્મા, એમાં એકાગ્ર થાવું અને પાંચ ઈન્દ્રિય, એના વિષયો અને ખંડ ખંડ ભાવઈન્દ્રિય, એનો આશ્રય છોડવો, એની રુચિ છોડવી. આહાહા..! ગજબ વાત છે. તીર્થંકરની વાણી પણ એની રુચિ છોડવી, કહે છે. એ વિષયમાં જાય છે એમ કહે છે. ઝીણી વાત છે. સમજાણું કાંઈ? એ ઈન્દ્રિયમાં જાય છે. સર્વજ્ઞની વાણી દિવ્યધ્વનિ

પણ ઈન્દ્રિયના વિષયમાં જાય છે. કારણ કે એના ઉપર લક્ષ કરતા શુભરાગ થાય છે. ત્યાં કાંઈ ધર્મ થતો નથી. આહાહા..! વાણીથી ધર્મ થતો નથી. ગજબ વાત છે. વાણી તો પરદ્રવ્ય છે. જિનવાણી પણ પરદ્રવ્ય છે. જિન પોતે પરદ્રવ્ય છે આ અપેક્ષાએ આત્માની. આહાહા..! એનો આશ્રય કરતા કાંઈ સમ્યગ્દર્શન નથી થતું. સમ્યગ્દર્શન તો સ્વ સ્વરૂપ છે તેનો આશ્રય કરતા થાય છે. બરાબર છે? આ બધું ઊંધું ક્યાં સુધી શીખવ્યું?

મુમુક્ષુ :- અનાદિથી ચાલ્યું આવે છે.

ઉત્તર :- ઠીક કહે છે. વાત સાચી. અનાદિથી ચાલ્યું આવે છે. આહાહા..!

ભગવાન નિર્વિકલ્પ આનંદની મૂર્તિ, જેમાં પંચમહાવ્રતના વિકલ્પની પણ જ્યાં ગંધ નથી. ભગવાન પ્રત્યેના બહુમાનની વિનયની વૃત્તિ ઊઠે એ પણ જેમાં ગંધ નથી. 'બલુભાઈ'! ભારે આકરું કામ. ઓલા લોકો કહે, બસ! આપણે આગમ અને મૂર્તિ બે આધાર પંચમકાળમાં. કહે છે ને તમારે? 'ભવિજન કો આધાર' આગમ એટલે આ વાણી ભગવાનની અને મૂર્તિ એટલે.. એય..! 'માનવજી'! એ આધાર છે. અહીં કહે છે કે એ પરનો આધાર એ રાગ છે, સાંભળને!

ભગવાનઆત્મા અખંડાનંદ પૂર્ણાનંદ પ્રભુ શુદ્ધ આનંદકંદ, એનો આધાર (લે) તેને ધર્મ થાય છે. આહાહા..! સમજાણું કાંઈ? હો, વચ્ચે શુભરાગ આવે, પણ એ રાગ એ કાંઈ આત્માનું કલ્યાણ કરનાર છે અથવા કલ્યાણને મદદગાર છે એમ નથી. વાંધા આ ઉઠ્યા ને. અંદર આવે તો ખરો રાગ. પૂર્ણ વીતરાગ ન થાય ત્યાં સુધી ભગવાનની ભક્તિ, વાણીનું બહુમાન આદિ રાગ આવે. આવે, હોય. કારણ કે પૂર્ણ વીતરાગ નથી એટલે એવું આવ્યા વિના રહે નહિ. પણ આવે છે એ પુણ્યબંધનું કારણ છે. સ્વભાવની શોધનદશામાં એ મદદગાર નથી. સમજાણું કાંઈ? કહો, 'હિંમતભાઈ'! બહુ આવું પણ. વળી પાછા મૂર્તિ ને દેરાસર કરવા. હવે એ તો એને કારણે થાય. કરે કોણ? એનો શુભભાવ હોય પુણ્યનો. બસ એટલું. પણ એથી કરીને એ શુભભાવ આત્માના સ્વભાવને મદદ કરે.. એય..! 'શાંતિભાઈ'! એમ છે નહિ. વ્યવહાર જેને કહીએ વચમાં એક દખલ આવે છે. સમજાણું કાંઈ? આહાહા..!

**'જો મુનિ હે ઉનકે ઉત્તમ ક્ષમા હોતી હૈ, વે તો સબ મનુષ્ય-દેવ-વિદ્યાધરોંકે સ્તુતિયોગ્ય હોતે હી હૈં ઔર ઉનકે સબ પાપોંકા ક્ષય હોતા હી હૈ,...'** ભગવાન ધ્રુવ તો નિશ્ચય છે. **'ઈસલિયે ક્ષમા કરના યોગ્ય હૈ - ઐસા ઉપદેશ હૈ. ક્રોધી સબકે નિંદા કરને યોગ્ય હોતા હૈ, ઈસલિયે ક્રોધકા છોડના શ્રેષ્ઠ હૈ.'** **'કરને યોગ્ય નિશ્ચયસે હોતા હૈ.'** છેલ્લો શબ્દ હતો ને અર્થમાં? એ ધ્રુવનો અર્થ છે. **'કરને યોગ્ય...'** નિશ્ચય કર્યો. એ ધ્રુવપદ. ખરેખર. છે એ લેશે ત્યાં. એ અહીં કહ્યું. પ્રશંસનીય ધ્રુવ હોય. નિશ્ચયથી હોય, ખરેખર હોય. પોતાનો આત્મા પણ પોતાને પ્રશંસનીય છે અને દુનિયા પણ એની પ્રશંસા કરે. એવું હોય છે.

आगे ऐसे क्षमागुणको जानकर क्षमा करना और क्रोध छोड़ना ऐसा कहते हैं :-

**इय णाऊण खमागुण खमेहि तिविहेण सयल जीवाणं।**
**चिरसंचियकोहसिहिं वरखमसलिलेण सिंचेह।।१०९।।**

इति ज्ञात्वा क्षमागुण! क्षमस्व त्रिविधेन सकलजीवान्।
चिरसंचितक्रोधशिखिनं वरक्षमासलिलेन सिंच ।।१०९।।

**તેથી ક્ષમાગુણધર! ક્ષમા કર જીવ સૌને ત્રણવિધે;**
**ઉત્તમક્ષમાજલ સીંચ તું ચિરકાળના ક્રોધાગ્નિને. ૧૦૯.**

अर्थ :- हे क्षमागुण मुने! (जिसके क्षमागुण हैं ऐसे मुनिका संबोधन है) इति अर्थात् पूर्वोक्त प्रकार क्षमागुणको जान और सब जीवों पर मन-वचन-कायसे क्षमा कर तथा बहुत कालसे संचित क्रोधरूपी अग्निको क्षमारूप जलसे सींच अर्थात् शमन कर।

भावार्थ :- क्रोधरूपी अग्नि पुरुषके भले गुणोंको दग्ध करने वाली है और परजीवोंका घात करनेवाली है, इसलिये इसको क्षमारूप जलसे बुझाना, अन्य प्रकार यह बुझती नहीं है और क्षमा गुण सब गुणोंमें प्रधान है। इसलिये यह उपदेश है कि क्रोधको छोड़कर क्षमा ग्रहण करना ।।१०९।।

## ગાથા-૧૦૯ ઉપર પ્રવચન

‘**આગે ઐસે ક્ષમાગુણકો જાનકર...**’ જુઓ! ક્ષમાગુણ જાણી, એમ કહે છે. ‘**ક્ષમા કરના ઔર ક્રોધ છોડના ઐસા કહતે હૈં :-**’ જુઓ!

**इय णाऊण खमागुण खमेहि तिविहेण सयल जीवाणं।**
**चिरसंचियकोहसिहिं वरखमसलिलेण सिंचेह।।१०९।।**

૧૦૯. ‘इय णाऊण’માં વજન છે. આ ભગવાન ‘કુંદકુંદાચાર્ય’નો પાઠ છે એટલો. અહીં તો એમ કહ્યું કે ‘હે **ક્ષમાગુણ મુને!**’ સંબોધન કર્યું. ‘**खमागुण खमेहि**’ હે ક્ષમાગુણવાળા! એમ. આહાહા..! ‘હે **ક્ષમાગુણ મુને!**’ શ્લોક છે કે નહિ? એય..! ‘પ્રકાશદાસજી’! શ્લોક છે? કે ક્યાં ક્યાં ભટકો છો? ૧૦૯ શ્લોક. પુસ્તક ફેર છે. .. ગાથા છે ને ગાથા, હાથ આવે ને? ‘**णाऊण खमागुण**’ છે? એને નથી હાથ આવી. એ ગાથા દેખાય ને. અર્થ ભલે ન હોય. ગાથા ... પહેલી ગાથા વંચાઈ ગઈ એના પહેલાની. હવે અહીંયાં ‘હે **ક્ષમાગુણ મુને!**’ બસ. ક્ષમાગુણ મુનિ. ક્ષમાવાળો જ સંત છે. આનંદના ભાનમાં ક્ષમા અને શાંતિ રાખનાર. જેને

પંચમહાવ્રતનો વિકલ્પ ઊઠે છે એ પણ જેને દુઃખદાયક લાગે છે. જેને પરમાત્મા પ્રત્યેનો શુભઉપયોગ ભક્તિ આદિ સ્તુતિનો આવે છે. સ્તુતિનો આવે એ પણ રાગ, કષાય અગ્નિ દેખાય છે એને. સમજાણું કાંઈ? એય..! 'શાંતિભાઈ'! ભારે માર્ગ આવો. શાંતિનો બીજો માર્ગ છે આ તો કહે છે. આહાહા..!

જુઓ! '**ક્ષમાગુણ મુને!**' એમ ભાષા વાપરી છે ને? એટલે જે કાંઈ રાગ આવે છે એ એનો નથી. અંદર રાગ, શુભરાગ (આવે) એ એનો નથી. એ તો ક્ષમાગુણ મુનિ છે. વીતરાગભાવથી પરિણમેલ છે. આનંદના કંદમાં ઝૂલે છે. સમજાય છે? પ્રત્યક્ષ સ્વસંવેદન. જેને આનંદનું સ્વ-પોતાનું વેદન આનંદનું ઉગ્ર છે. અતીન્દ્રિય આનંદનું વેદન ઉગ્ર છે. એને એમ નથી કહ્યો, હે ભક્તિવાળા! ભગવાનની ભક્તિવાળા, પંચમહાવ્રતવાળા એમ નથી કહ્યું. કેમ કે પંચમહાવ્રત અને ભક્તિનો રાગવાળો એ આત્મા છે જ નહિ. સમજાણું કાંઈ? એ વિશેષણ કર્યું છે ને? ક્ષમાગુણ. બરાબર છે. '**णाऊण खमागुण**'. પાઠ એમ છે ને?

'(**જિસકે ક્ષમાગુણ હૈં ઐસે મુનિકા સંબોધન હૈ)...**' આહાહા..! શું કહે છે? કે મુનિ ધર્માત્મા એને કહીએ કે જે અંદર રાગ છે ને વિકલ્પ? એ મારો છે એવું સ્વામીપણું ટળી ગયું છે એને. રાગનો સ્વામી ધર્મી નથી. આહાહા..! જુઓ! કેવી વાત કરી છે. જે કોઈ આ આત્માને, એ શુભરાગ અને કર્મ અજીવ સહિત માને એ મિથ્યાદૃષ્ટિ છે. અહીં તો ક્ષમાગુણ મુનિ એમ કીધું છે. રાગવાળા અને વ્યવહારવાળા એમ નથી કહ્યું. સમજાણું કાંઈ? સ્વરૂપ આત્માનું સચ્ચિદાનંદ પ્રભુ, એની દૃષ્ટિ નિર્વિકલ્પ સમ્યગ્દર્શન, સ્વસંવેદન આત્માનું જ્ઞાન અને આત્મામાં લીનતા એ ક્ષમાગુણ મુનિ. એ પંચમહાવ્રતનો વિકલ્પ કે શાસ્ત્ર લખવાનો ભાવ કે બીજાને સમજાવવાનો ભાવ એ રાગ છે. હે રાગવાળા મુનિ! એમ નથી કહ્યું. રાગ એને હોય નહિ. સમકિતીને રાગ હોતો નથી ને. હોતો નથી એટલે કે રાગ એને પર્યાયમાં એનો રાગ માનતો નથી. રાગ પર છે. આહાહા..! સમ્યગ્દૃષ્ટિ પણ રાગથી મુક્ત છે. આહાહા..! રાગથી બંધનમાં હું છું એવી માન્યતા તો મિથ્યાદૃષ્ટિની છે '..ભાઈ'! સમજાય છે કાંઈ? આ પાછા દુકાને જોડાઈ જાશે એટલે આખો દિ' પછી હા-હો થાશે. આ હવે કોક દિ' સાંભળવાનું મળે એમાં ટકે ક્યાં અંદર? આહાહા..! અરે..! એણે આત્માનું વાસ્તવિક સ્વરૂપ શું છે એની દૃષ્ટિ અનંત કાળમાં કરી નહિ. સમજાણું કાંઈ?

જુઓ! અહીં તો એક આ સંબોધનમાં એમ આવ્યું કે એ કાંઈ રાગવાળો આત્મા છે એમ નથી માનતો, એમ કહે છે. આહાહા..! વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ મુનિને હોય. એમ કહેવું એ વ્યવહાર છે. એને હોતો જ નથી એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? આ વસ્તુ એવી છે. આહાહા..! જ્ઞાનના સ્વભાવમાં જેની અંતરમાં .. એકાગ્રતા વર્તે છે. બસ, એ મુનિ. એટલી મુનિદશા. એમને રાગાદિ આવે એ એનો નથી અને એ મુનિપણાને સાધન પણ નથી. એનો નથી એટલે એને સાધન કેમ હોય? આહાહા..! વાત ભારે આકરી. સમજાણું કાંઈ? માણસને એવું લાગે કે આ તો એકલો નિશ્ચય છે આમાં. વ્યવહારનો લોપ (થઈ જાય છે).

વ્યવહાર છે એમ આવે એ માનનાર જ મૂઢ છે, એમ કહે છે. વ્યવહાર હોય ભલે પણ એ મારો (એ) માન્યતા જ મિથ્યાત્વ છે. આહાહા..! સમજાણું કાંઈ? અબદ્ધસ્પૃષ્ટ ભગવાનઆત્મા છે. કર્મ અને રાગથી બંધાયેલો નથી એને આત્મા કહીએ. બંધાયેલો છે એમ માને છે એ તો મિથ્યાત્વભાવ છે. આહાહા..! ભારે વાત, ભાઈ! આ શેમાંથી નીકળે છે? 'હે **ક્ષમાગુણ મુને!**' એટલામાંથી આવે છે આ.

ક્ષમાગુણવાળો એ પોતે જ્ઞાન-દર્શન-આનંદની દૃષ્ટિ, જ્ઞાન ને રમણતા બસ. એટલો એ આત્મા. એને મુનિ કહીને બોલાવ્યો છે. વચમાં જે રાગાદિ આવે એ તો પરજ્ઞેય છે. સમજાણું કાંઈ? એ સ્વજ્ઞેયમાં ભળતો નથી. આહાહા..! વીતરાગનો માર્ગ, વીતરાગ એટલે આત્મા. પોતે જ વીતરાગ ભગવાનઆત્મા છે. એનો માર્ગ તો અંતરના આશ્રયે પ્રગટ થાય છે. પરાશ્રયનો ભાવ છે એ એનો છે જ નહિ. સમજાણું કાંઈ? અહીં તો એક જ પક્કડ કે પરાશ્રય જેટલો આપણે ભાવ, મહાવ્રત, ભક્તિ, પૂજા, દાન, દયા (કરીએ), બસ! એનાથી આપણને કલ્યાણ થાય.

મુમુક્ષુ :- અકલ્યાણથી કલ્યાણ કેમ થાય?

ઉત્તર :- અકલ્યાણથી કલ્યાણ માની લ્યે છે. આહાહા..! શું થાય? લુંટાણો છે ને એ? લુંટાણો છે અને લાભ માને છે માળો! ચોર આવીને લુંટી જાય, પાંચ-પચાસ હજાર રૂપિયા. ભાર ગયો લેને એમ કહીને... 'પોપટભાઈ'! આહાહા..!

અહીં તો એટલું 'હે **ક્ષમાગુણ મુને!**' બસ. '(**જિસકે ક્ષમાગુણ હૈં ઐસે મુનિકા સંબોધન હૈ)...**' એટલે કે એને તો જ્ઞાતા-દૃષ્ટાની સ્થિરતા એ મુનિપણું છે, એ આત્મા છે. એને ક્ષમાગુણ પ્રધાન મુનિ કહેવામાં આવ્યા છે. એને જરી વિકલ્પ ઊઠે છે એ કાંઈ એનો નથી, એનામાં નથી. રાગમાં આત્મા નથી, આત્મામાં રાગ નથી. શુભરાગ પણ આત્મામાં નથી અને શુભરાગમાં આત્મા નથી. જાણે શુભરાગ પણ અણાત્મા છે. આસ્રવ છે ને? આસ્રવ એટલે અણાત્મા છે. ચાહે તો પુણ્યભાવ હો. આહાહા..! વાહ! '**इय णाऊण खमागुण**' આવો ક્ષમાગુણ હોય એવું જાણીને.

સ્વરૂપ શુદ્ધ ભગવાનઆત્મા, એનું નિર્વિકલ્પ સમ્યગ્દર્શન, નિર્વિકલ્પ સ્વસંવેદન જ્ઞાન, વિકલ્પની અપેક્ષા વિનાનું અને સ્વરૂપમાં શાંતિરૂપી ક્ષમા, એને કીધું 'હે ક્ષમાગુણ મુનિ!' વાહ! સમજાણું કાંઈ? '(**જિસકે ક્ષમાગુણ હૈં ઐસે મુનિકા સંબોધન હૈ) ઈતિ અર્થાત્ પૂર્વોક્ત પ્રકાર ક્ષમાગુણકો જાન...**' જુઓ! '**ક્ષમાગુણકો જાન...**' એનું નામ ક્ષમા છે એમ જાણ. રાગની એકત્વબુદ્ધિ છે, વિકલ્પ છે સૂક્ષ્મ એની સાથે એકત્વબુદ્ધિ છે એને ક્ષમા હોતી નથી. કારણ કે એ તો કષાયસહિત છું તો કષાયસહિત જ માન્યો છે. કષાયરહિત જ છું એવું જેને અંદરમાં ભાન નથી એને ક્ષમા ક્યાંથી આવી? કહે છે. સમજાણું કાંઈ? ભારે વાત, ભાઈ! એવું લાગે કે આ તે કાંઈ માર્ગ કેવો હશે? એ તો કહે, ઊંચા કેવળીની વાત છે. કેવળીની નહિ, કેવળી થવાની વાત છે. સમ્યગ્દૃષ્ટિ પહેલી ચોટે, જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય

એ ભાવને પણ અચેતન માને છે. ભાવ, હોં! એ મારા ચૈતન્યની જાતનો ભાવ નહિ. આહાહા..! બંધ પડે એ તો પ્રકૃતિ વળી અચેતન્-જડ. પણ એ તીર્થંકરપણાનો બંધનનો જે ભાવ છે, એ અપરાધ છે, એ અચેતન છે. ષોડષકારણ ભાવના અપરાધ. આરે..! પણ અપરાધ વિના બંધ શેનો? બંધ પડે એ જ અપરાધનું કારણ છે. ભગવાન નિરપરાધી તત્ત્વ એમાં બંધ શેનો? સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ષોડશભાવના. દર્શનવિશુદ્ધ આદિ તીર્થંકરગોત્ર બંધાય છે ને? સોળ બોલ છે. સ્થાનકવાસીમાં વીસ આવે છે. એને યાદ ન હોય. શ્વેતાંબરમાં વીસ બોલ આવે છે. જ્ઞાતાસૂત્ર. મલ્લિનાથ અધિકાર છે એમાં વીસ બોલ આવે છે. દિગંબરમાં સોળ આવે છે. અને મૂળ તત્ત્વાર્થસૂત્રમાં પણ સોળ છે. સોળ બોલે છે. ષોડશભાવના આવે છે ને? પૂજામાં નહિ? દર્શનવિશુદ્ધિ ભાવના ભાય, સોળસ તીર્થંકર પદ પાય. પરમગુરુ હોય. આવે છે ને સ્તુતિ? પણ એ તો રાગ છે, સાંભળને! ખુશી શેનો થાય છે તું? એમ કહે છે. આહાહા..! રાગ તો દોષ છે. એ તો અગ્નિ છે, કષાયઅગ્નિ છે. આહાહા..! સમજાણું કાંઈ? ક્ષમા ક્ષમા. જ્ઞાન અને આનંદના અનુભવમાં, જે જ્ઞાનની શાંતિ અને રાગરહિત સ્થિરતા પ્રગટ થાય એને અહીંયાં ક્ષમા કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? સાધારણ જનતાને તો એવું લાગે કે આ તો આખો વ્યવહારનો લોપ થઈ ગયો. પણ બધા ઓલા ભક્તિમાં બહુ ચોંટ્યા હોય ને? એને કહે કે, એલા! ભક્તિનો ભાવ એ ધર્મ નથી. ત્યારે કહે, અધર્મ (છે). હાય હાય! ધર્મ નહિ? રાગ છે ને? આવે ભલે. હોય તો પંચમહાવ્રતના પરિણામ પણ મુનિને હોય છે. પણ મુનિને હોય છે એમ કહેવું એ વ્યવહાર છે. મુનિને રાગ જ નથી. એ તો રાગ રહિત દૃષ્ટિ વિનાની રમણતા એને મુનિ કહે છે. આહાહા..! સમજાણું? ક્યાંના ક્યાંય વળગ્યા, ચોંટ્યા ને માથે.. આમાં ધર્મ થાશે. અમારે ધર્મ થાશે. ધર્મની ના પાડે છે. એય..! એ તો એકાંત છે. સાંભળને હવે. એકાંત છે.

મુમુક્ષુ :- એકાંત છે એટલે નિશ્ચય છે.

ઉત્તર :- નિશ્ચય છે. છે ને નિશ્ચય. એકાંત એક અંત ધર્મ નિશ્ચય. એમ. બીજો વ્યવહાર નહિ. સમજાણું કાંઈ? 'મગનભાઈ'! આવો માર્ગ છે. બહુ આકરો લાગે છે. આ તો દુનિયાથી માર્ગ નિરાળો છે. સંપ્રદાયવાળાને પણ અંદર આકરો લાગે છે. પણ માર્ગ તો એ છે. એ માર્ગની આ વાતની હજી શ્રદ્ધા પણ ન કરે એના ઠેકાણા સમકિતના ક્યાં આવ્યા? શ્રદ્ધામાં પણ એમ નથી લેતો કે રાગ ચાહે તો શુભ હો કે અશુભ હો. બેય બંધનું કારણ છે. ધર્મ નહિ અને ધર્મનું કારણ પણ નહિ. આહાહા..! એવી હજી શ્રદ્ધાના ઠેકાણા નથી. એને સમ્યગ્દર્શન અને ચારિત્ર-ફારિત્ર આવે ક્યાંથી? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ધર્મ અને ધર્મનું કારણ પણ નહિ?

ઉત્તર :- બિલકુલ નહિ. અધર્મ છે.

કહ્યું હતું ને એકવાર. સંપ્રદાયમાં કહ્યું હતું. સંપ્રદાયમાં હતા ને એમાં? (સંવત) ૧૯૮૫ની વાત છે. ૪૧ વર્ષ થયા. ૪૦ અને ૧. 'બોટાદ'માં હતા ને સંપ્રદાયમાં? સ્થાનકવાસીમાં. મોટી સભા હતી. સભામાં તો ઘણા આવતા હતા ને. સંપ્રદાયવાળાને અમારા ઉપર ઘણો પ્રેમ હતો ને? ઘણી મોટી સભા હતી. ૧૯૮૫નો પોષ માસ હતો. પોષ માસ. આ કારતક છે. એવી વાત આવી કે જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ ધર્મ નહિ. અને પાંચ મહાવ્રતના પરિણામ એ ધર્મ નહિ, આસ્રવ છે. ૮૫માં સંપ્રદાયમાં કહ્યું હતું. સમજાણું કાંઈ? 'બોટાદ'. મોટી સભા-મોટી સભા. માન્યતા બહુ હતી ને અમારી? હજાર-પંદરસો માણસ આવે. 'કાનજી મુનિ' બેઠા છે. એટલી પ્રતિષ્ઠા હતી ને લોકમાં. આમ જ્યાં કહ્યું ત્યાં એક સાધુ હતો એ ભડક્યો. સભા તો કાંઈ બોલે નહિ. અમારા ઉપર વિશ્વાસ.

જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ ધર્મ નહિ. ધર્મથી બંધન નહિ અને બંધનનો ભાવ તે ધર્મ નહિ. પંચમહાવ્રતના પરિણામ તે બંધનનું કારણ આસ્રવ છે. એ ધર્મ નહિ અને ધર્મનું કારણ નહિ. એક સાધુ બેઠા હતા. વોસરે-વોસરે (બોલવા લાગ્યા). વોસરે-વોસરે એટલે કે આ છોડું છું... છોડું છું... છોડું છું. આ અમારે સાંભળવું નથી. આપણે વોસરે-વોસરે .. એ વાત છે ને સ્થાનકવાસીમાં બહુ? અપ્પાણં વોસરે. આવે છે તસ્સઉત્રીમાં? એય..! 'જયંતિભાઈ'! ભાગ્યા, ઉઠી ગયા. કોણ સાંભળે પણ એનું. મેં કીધું, પણ શું કરવા ઊઠી ગયા તમે? બેસવું હતું ને? ન માનવું હતું. તમારી કોઈને ખબર છે આ સભાને તમે શું કીધું એ? સભાને ખબર છે તમારી ભાષાની? તમારે વોસરે-વોસરે કીધું હતું. અમારે જોતું નથી.. જોતું નથી. કોણ સાંભળે તમારું? મુહપતિ લઈને અહીં બેઠા છે ત્યાં સુધી લોકો અનાદર કોણ કરે? અનાદર નહિ. લોકોની પ્રતિષ્ઠા જ હતી એવી. બોલે નહિ. સભા મોટી ભરાય. રાયચંદ ગાંધી આદિ મોટા મોટા લાખોપતિ (બેઠા હતા). આ વાત છે, કીધું. જે ભાવથી તીર્થંકરગોત્ર બંધાય, જે ભાવમાં પંચમહાવ્રતના વિકલ્પ રાગ પંચમહાવ્રત પોતે રાગ વિકલ્પ છે. ધર્મ નહિ અને ધર્મનું કારણ નહિ. સમજાણું કાંઈ? 'સુજાનમલજી'! આ 'મગનભાઈ માસ્તર' કહે, મારવા ઊઠે. સાદડી-બાદડીમાં જાય... સાદડી ઉઠે, સાદડી. આહાહા..! અરે..! ભગવાન!

મુમુક્ષુ :- દિગંબર ...

ઉત્તર :- આ દિગંબરની ક્યાં? આ તો વસ્તુની સ્થિતિ આવી છે. આ દિગંબર સંપ્રદાય થવાની સંપ્રદાયની વાત જ ક્યાં છે? વસ્તુ જ આવી છે.

મુમુક્ષુ :- ક્ષમા વીરસ્ય ભૂષણં.

ઉત્તર :- હા, પણ આવી ક્ષમા. જ્યાં એક વિકલ્પનો પણ સ્વામી નથી, વિકલ્પ મારો નથી, વિકલ્પમાં હું નથી. એવી જ્યાં દૃષ્ટિ ક્ષમાની થઈ છે એને જે સ્થિરતાની શાંતિ વધે એને ક્ષમા કહેવામાં આવે છે. બાકી બધા ક્રોધના પૂતળા છે, એમ કહે છે અહીં તો. આહાહા..! રાગની મંદતા, આમ ક્રિયા દયા, દાન, વ્રત, ભક્તિ (કરે).. આહાહા..! એ બધા ક્રોધના પૂતળા છે, કહે છે. એય..! 'પ્રકાશદાસજી'! આત્મા રાગ, વિકલ્પ વિનાનો એનો જ્યાં આદર

નથી, અંદરમાં ભાન નથી. સચ્ચિદાનંદ પ્રભુ એક સમયમાં પરમાત્મા પોતે સાક્ષાત્ પ્રભુ પોતે છે. એનો પ્રભુ કોઈ બીજો છે નહિ. સમજાણું કાંઈ? એવી જેની દૃષ્ટિ નથી. એ તો ક્રોધી-ક્રોધી (છે).

મુમુક્ષુ :- આત્મા પ્રત્યે દ્વેષ.

ઉત્તર :- દ્વેષ જ છે. અરુચિ કીધું ને? 'દ્વેષ અરોચકભાવ...' 'આનંદઘનજી'એ કહ્યું છે, લ્યો! શ્વેતાંબરમાં. આત્મા આનંદમૂર્તિ નિર્વિકલ્પ વીતરાગમૂર્તિ જેને રુચતી નથી એને આત્મા પ્રત્યે દ્વેષ-ક્રોધ છે. કહો, સમજાણું?

'**ક્ષમાગુણકો જાન...**' એમ શબ્દ છે ને? જાણે ક્ષમાગુણ પહેલો. આત્મા રાગ અને વિકલ્પ વિનાની ચીજ છે એને જાણે. આવી ક્ષમા કહેવાય. '**ઔર સબ જીવોં પર મન-વચન-કાયસે ક્ષમા કર...**' અહીં તો મુનિની મુખ્ય (વાત) છે ને? એકેન્દ્રિય પ્રાણી. એક દાણો જે લીલોતરીનો દાણો, એને પણ દુઃખ આપવાનો ભાવ નહિ અને એને ન મારવાનો ભાવ જે વિકલ્પ, એ પણ જેને નથી. આહાહા..! સમજાણું કાંઈ? સર્વ જીવ નામ એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય. પૃથ્વીકાય, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ એ બધા એકેન્દ્રિય જીવ છે. પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુમાં અસંખ્ય જીવ છે. વનસ્પતિમાં અનંત જીવ છે. અનંત જીવ છે. વનસ્પતિ આલુ, શક્કરકંદ, બટાટા. બટાટા સમજો છો ને? આલુ. એની એક કટકીમાં અસંખ્ય શરીર છે અને એક શરીરમાં અનંત જીવ છે. આહાહા..! એમાં કોઈ એકેન્દ્રિય પ્રાણી પ્રત્યે મારવાનો તો ભાવ નહિ પણ એને જીવાડવાનો એટલે નહિ મારવાનો વિકલ્પ એ પણ જેને નહિ. નહિ મારવાનો વિકલ્પ એ પણ પુણ્ય છે. મારવાનો વિકલ્પ એ પાપ છે. સમજાણું કાંઈ?

'**સબ જીવોં પર મન-વચન-કાયસે ક્ષમા...**' આહાહા..! એક તો જૈનદર્શન વિના અનંતા જીવો છે એમ કોઈ માને નહિ. એટલે સર્વ જીવ લીધા છે. સમજાય છે? સર્વજ્ઞ પરમેશ્વરે જે છકાયના જીવ અનંતા કહ્યા એવું સર્વજ્ઞ સિવાય બીજે ક્યાંય છે નહિ. એથી કહે છે, એટલા બધા અનંત જીવ, એનું જ્ઞાન એની પર્યાયમાં આવે કે આ છે એટલું, પણ એને મારવા, ન મારવાના વિકલ્પરહિત દશા એને અહીંયાં સર્વ જીવની દયા મન-વચન-કાયાએ કરીને કરી એમ કહેવામાં આવે છે. 'મન-વચન-કાયસે ક્ષમા કર...'

'**તથા બહુત કાલસે સંચિત ક્રોધરૂપી અગ્નિકો...**' ભગવાનઆત્માને બાળવાનો જે ક્રોધરૂપી અગ્નિ, '**ક્ષમારૂપ જલસે સીંચ....**' અંતરના જ્ઞાતા-દૃષ્ટાના ભાવ કરી એને બુઝાવ. આહાહા..! સમજાણું કાંઈ? ક્રોધરૂપી અગ્નિ સ્વભાવથી વિપરીત ભાવ, એને પોતાના માની અને જે ક્રોધ એટલે કષાયથી જલી-બળી રહ્યો છે એને ક્ષમારૂપ જળ, સ્વરૂપના આનંદમાં રમતા શાંતિની દશા જે પ્રગટે એ વડે ક્રોધને બુઝાવ. ક્રોધને બુઝાવ. ઓલવ-ઓલવે. ઓલવે સમજે? શું કહે છે? ઠાર. હિન્દીમાં શું કહે છે? બુઝાવ. એ જળથી અગ્નિ બુઝાવ. શું કહે છે? 'સુજાનલમજી'!

મુમુક્ષુ :- ઠંડો.

ઉત્તર :- ઠંડો એ તો પાણી થયું. બુઝાવ કહે છે ને? અહીં લખ્યું છે ને? બુઝાવ. આમાં શબ્દ છે ને. હિન્દી છે આ. બુઝાવ હિન્દી શબ્દ છે. ક્રોધરૂપી કષાયની અગ્નિને આત્માના જ્ઞાતા-દૃષ્ટાના આનંદથી તેને ઠાર. આહાહા..! આ તો વીરોના કામ છે. કાયરના કામ નથી આ. કાયરો ધ્રુજી ઊઠે. સમજાણું કાંઈ? ... એ શબ્દ બહુ કહેતા વ્યાખ્યાનમાં. વ્યાખ્યાનમાં આવતું. બહુ આવતું. ... .. વીરોનો માર્ગ મહા દુષ્કર પુરુષાર્થથી પ્રાપ્ત થાય છે. .. વીરો જે રસ્તે ચડ્યા એનાથી પાછા પડતા નથી. અફરગામી છે. જ્યાં ચડ્યા ત્યાં ચડ્યા. ક્ષત્રિયનું તેજ જ્યાં ચડ્યું તે ચડ્યું, એ પાછું વળે નહિ. સમજાણું કાંઈ?

**'ક્રોધરૂપ અગ્નિ...'** લ્યો! ક્રોધરૂપ અગ્નિ કીધી, જુઓ! પુણ્ય અને પાપ બેય અગ્નિ છે. બરાબર હશે? શુભ અને અશુભભાવ બેય અગ્નિ. એય..! 'શાંતિભાઈ'! ભગવાનની ભક્તિ અને દેવ-ગુરુની ભક્તિનો ભાવ એ અગ્નિ છે, એમ કહે છે. અર..ર..!

મુમુક્ષુ :- એને તો બુઝાવા કહ્યું છે?

ઉત્તર :- એને બુઝાવાનું કહ્યું છે. પણ ઓલાને અગ્નિ કહીએ ત્યાં રાડ નાખે. જુઓ! અહીંયાં કહ્યું..

**ભાવાર્થ :- 'ક્રોધરૂપી અગ્નિ પુરુષકે ભલે ગુણોંકો દગ્ધ કરનેવાલી હૈ...'** શાંત અકષાયસ્વરૂપ અકષાયસ્વભાવ ભગવાન, એમાં કષાયનો કણ એ અકષાયભાવની પર્યાયને દઝાડે છે. ગુણ તો છે ઈ છે. **'ઔર પરજીવોંકા ઘાત કરનેવાલી હૈ,...'** આગળ જઈને એ ક્રિયામાં પણ ઉતરી જાય છે. પોતાનો ઘાત તો કરે પણ પરનો ઘાત કરવાનો ભાવ.. **'ઈસલિયે ઈસકો ક્ષમારૂપ જલસે બુઝાના,...'** લ્યો! એ ક્ષમા પણ અંદર આત્માને રાગથી ભિન્ન જાણીને શાંતિમાં અંતર રગડતા રહેવી એનું નામ ક્ષમા. આ ક્ષમા કરે ન મારે. આપણે ક્રોધ કરવો નહિ ભાઈ, હોં! એ બધો શુભભાવ છે, બંધનું કારણ છે. આનંદની ક્ષમા. આત્માનું મહાત્મ્ય લાવી અને અંદરમાં ઠરીને ક્ષમા પ્રગટ કરે એને ક્ષમા કહેવામાં આવે છે. આહાહા..! હજી ધર્મની રીત શું છે એની ખબર ન મળે અને ધર્મ થઈ જાય. જીંદગીયું ગઈ એમ ને એમ, કહે છે. આહાહા..!

**'બુઝતી નહીં હૈ ઔર ક્ષમા ગુણ સબ ગુણોંમેં પ્રધાન હૈ.'** લ્યો! **'वरखमसलिलेण' 'वरखम'** છે ને? એટલે. પ્રધાન ક્ષમા છે ને પાઠમાં. **'वरखम'** છે ને. પ્રધાન ક્ષમા **'सलिलेण सिंचेह'** શાંતિ... શાંતિ... શાંતિ... અકષાયરૂપી શાંતિ. એ વડે કષાયને બુઝાવ. શાંત કર. ઉત્પન્ન થાય નહિ. બુઝાવનો અર્થ એ કહ્યો. કષાયઅગ્નિ છે એ ઠાર. સ્વભાવ તરફ ઠરે છે એટલે કષાય અગ્નિ ઉત્પન્ન થતી નથી. ઉત્પન્ન થતી એને બુઝાવે એમ કહેવામાં આવે છે. આ રાગ છે એને ઠારું. એને શું કરે? અકષાય સ્વભાવ તરફ ઢળતાં શાંતિમાં આવતા કષાયની ઉત્પત્તિ ન થાય એને કષાયને ઉપશમાવ્યો, બુઝાવ્યો એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

**'ઈસલિયે યહ ઉપદેશ હૈ કિ ક્રોધકો છોડકર ક્ષમા ગ્રહણ કરના.'** લ્યો! ક્રોધને છોડીને

ક્ષણાગુણ પ્રધાન કરવો. લ્યો. હવે વિશેષ ભાવના માટે આગળ ગાથા બહુ સરસ લેશે. એમ કે દીક્ષા લીધી હોય ત્યારે તારો વૈરાગ્ય હતો સમકિત સહિત અને રોગ વખતે જ્યારે તને વૈરાગ્ય હોય કે આહાહા..! આવા રોગમાં અને કોઈ દરિદ્રપણાની નિર્ધનતાના મહાપ્રતિકૂળ એ વખતે તને વૈરાગ્ય હોય એવો વૈરાગ્ય રાખ .. એમ કહે છે. એ ગાથા કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**आगे दीक्षाकालादिक की भावनाका उपदेश करते हैं :–**

**दिक्खाकालाईयं भावहि अवियारदंसणविसुद्धो।**
**उत्तमबोहिणिमित्तं असारसाराणि मुनिऊण ॥११०॥**

दीक्षाकालादिकं भावय अविकारदर्शनविशुद्धः।
उत्तमबोधिनिमित्तं असारसाराणि ज्ञात्वा॥११०॥

**સુવિશુદ્ધદર્શનધરપણે વરબોધિ કેરા હેતુએ;**
**ચિંતવ તું દીક્ષાકાળ–આદિક, જાણી સાર–અસારને. ૧૧૦.**

**अर्थ :– हे मुनि! तू संसारको असार जानकर उत्तमबोधि अर्थात् सम्यग्दर्शन ज्ञान चारित्रकी प्राप्तिके निमित्त अविकार अर्थात् अतिचाररहित निर्मल सम्यग्दर्शन सहित होकर दीक्षाकाल आदिककी भावना कर।**

**भावार्थ :– दीक्षा लेते हैं तब संसार, (शरीर) भोगको (विशेषतया) असार जानकर अत्यंत वैराग्य उत्पन्न होता है, वैसे ही उसके आदि शब्दसे रोगोत्पत्ति, मरणकालादिक जानना। उस समयमें जैसे भाव हों वैसे ही संसारको असार जानकर, विशिद्ध सम्यग्दर्शन सहित होकर, उत्तमबोधि जिससे केवलज्ञान उत्पन्न होता है, उसके लिये दीक्षाकालादिक की निरन्तर भावना करना योग्य है, ऐसा उपदेश है ॥११०॥**

**(निरन्तर स्मरणमें रखना :– क्या? सम्यग्दर्शन–ज्ञान–चारित्रकी वृद्धि हेतु हे मुनि! दीक्षाके समयकी अपूर्व उत्साहमय तीव्र विरक्त दशाको, किसी रोगोत्पत्तिके समयकी उग्र ज्ञान–वैराग्य संपत्तिको, किसी दुःखके अवसर पर प्रगट हुई उदासीनताकी भावनाको, किसी उपदेश तथा तत्त्वविचारके धन्य अवसर पर जगी पवित्र अंतःभावनाको स्मरणमें रखना, निरन्तर स्वसन्मुख ज्ञातापन को धीरज अर्थ स्मरणमें रखना, भूलना नहीं। (इस गाथाका विशेष भावार्थ)**

## પ્રવચન નં. ૧૩૫, ગાથા-૧૧૦ થી ૧૧૨, સોમવાર, કારતક સુદ ૧૧, તા.૯-૧૧-૭૦

'અષ્ટપાહુડ' ભાવપાહુડ. ૧૧૦-ગાથા. આમાં ૧૧૦ છે. કોઈને ફેરફાર હોય તો. અહીંયાં મુખ્યપણે મુનિને ઉદ્દેશીને વાત છે. એમાં ગૌણપણે સમ્યગ્દૃષ્ટિ આદિની પણ બધી વાત આવી જાય છે. કહે છે કે 'આગે દીક્ષાકાલાદિકકી ભાવનાકા ઉપદેશ કરતે હૈં :-'

**दिक्खाकालाईयं भावहि अवियारदंसणविसुद्धो।**
**उत्तमबोहिणिमित्तं असारसाराणि मुनिऊण।।११०।।**

અર્થ :- 'હે મુનિ!' તું દીક્ષાકાળાદિની ભાવના કર. આહાહા..! દીક્ષા લીધી હતી ત્યારે જે વૈરાગ્ય હતો... ગાથા છે ને? દીક્ષાકાળે એ શબ્દ હોવો જોઈએ ને. એમાં શું? એમને હાથ નથી આવતું પણ તમને હાથ ન આવ્યું? ગાથા. આંકડો ન લેવો. '**दिक्खाकालाईयं**' '**दिक्खाकालाईयं**' શબ્દ હોય ને. આંકડો ભલે ન હોય. કાલે હાથ નહોતો આવતો એને. ગાથાનું .. કહીએ કે દીક્ષાકાળાદિ. હવે એ શબ્દ જ્યાં હોય તો એ ગાથા ગોતીએ. આંકડો શું કામનો? શબ્દનું અહીં કામ છે, આંકડો નહિ. આ તો દીક્ષાકાળે શબ્દ પડ્યો છે ને.

કહે છે કે મુનિ થઈને વૈરાગ્ય એટલો કરવો જોઈએ કે દીક્ષાકાળે એનો વૈરાગ્ય કેવો હોય? આખા સંસારમાં મારું કોઈ નથી, મારું કોઈ નહિ. હું એકલો આત્મા છું. દીક્ષાના વખતે વૈરાગ્ય, એ વૈરાગ્યને વારંવાર યાદ કર એમ કહે છે. ભાવશુદ્ધિ કરવા વારંવાર યાદ કર, સમ્યગ્દર્શનસહિત, હોં! એની વાત છે. આત્મા શુભ-અશુભ રાગથી રહિત એકલો ચૈતન્યબિંબ, એની શુદ્ધિ દર્શનથી થઈ પછી એને આવો વૈરાગ્ય હોવો જોઈએ એમ કહેવા માગે છે. સમ્યગ્દર્શન વિના તો વૈરાગ્ય સાચો હોઈ શકે નહિ. એટલે પહેલો આત્મા જ અંદર પોતે નિરાવરણ અલિપ્ત શુદ્ધ આનંદકંદ એવું અંતર સમ્યગ્દર્શન પ્રગટ કરી કે જે ધર્મનું પહેલું બીજડું છે, એના પછી એણે મુનિપણું જે લીધું છે એને, કહે છે કે, પુષ્ટિ કરવા દીક્ષા વખતે વૈરાગ્ય હતો એ વૈરાગ્યને વારંવાર યાદ કર. અર્થમાં વિશેષ લેશે. આદિ શબ્દ છે ને?

કૈસા ભયા ...? '**અવિકાર અર્થાત્ અતિચારરહિત નિર્મલ સમ્યગ્દર્શન સહિત...**' નિર્મળ સમ્યગ્દર્શન સહિત. જેમાં અતિચાર પણ નથી, દોષ જરી સૂક્ષ્મ (પણ નથી). એવો ભગવાનઆત્મા એને પર નિમિત્તે અને રાગથી કંઈ આત્મામાં લાભ નથી અને આત્મામાં એ ચીજ નથી. સમજાણું કાંઈ? પરચીજ તો આત્મામાં નથી, કર્મ નથી પણ રાગનો વિકલ્પ સૂક્ષ્મ પણ એ આત્મામાં નથી. એવો આત્મા નિર્વિકલ્પ, એની દૃષ્ટિ સમ્યગ્દર્શન કરવું એ પહેલામાં પહેલો ધર્મનો, મુક્તિનો ઉપાય છે. સમજાણું કાંઈ? એ સહિત એને '**અવિકાર**

**અર્થાત્ અતિચારરહિત નિર્મલ સમ્યગ્દર્શન સહિત હોકર...**' એમ. '**દીક્ષાકાલ આદિકકી ભાવના કર.**' પૂર્વે શું કરી? સંસારને અસાર જાણીને. આહા...! નાશવાન.. નાશવાન... નાશવાન.. બાહ્ય પદાર્થ તો નાશવાન. પુણ્ય-પાપના ભાવ પણ નાશવાન. એ અસાર છે. ટીકાકારે બહુ બોલ લીધા છે. એ ગાથામાં અસાર-સારના ૪૪ બોલ લીધા છે. એમાં ૪૪ બોલ છે. અસાર-સારના. આ અસાર છે ને આ સાર છે, આ અસાર છે ને આ સાર છે. એમ કરીને (૪૪ બોલ લીધા છે).

મુમુક્ષુ :- આ ઉપાદેય અને આ હેય.

ઉત્તર :- અસાર-સાર એમ જ શબ્દ લીધો છે. છે એમાં અંદર જુઓ! ટીકાકારે સંસ્કૃતમાંથી નાખ્યા છે. જુઓ! સંસ્કૃતમાં છે એ જ એમાં નાખ્યું છે. આમાં ત્રણ લીટી પછી છે પણ ત્રણ પાના પછી છે. ઉઘાડ્યું એમાં નહિ.

આલોચના નહિ કરના યહ અસાર હૈ. આલોચના કરના યહ સાર હૈ. પરનિંદા કરના અસાર હૈ, નિજનિંદા કરના સાર હૈ. એવી રીતે કો'કમાં ફેર હશે થોડોઘણો. વ્યવહારની વાત છે ને. 'ગુરુ કે આગે અપને દોષોં કો નહિ કહના વહ અસાર હૈ ઔર અપને દોષ કો ગુરુ કે પાસ કહના વહ સાર હૈ.' એવા-એવા ૪૪ બોલ છે એમાં, સંસ્કૃત ટીકામાં. 'પ્રતિક્રમણ નહિ કરના અસાર હૈ,...' રાગથી પાછું ન હટવું એ અસાર છે. રાગથી પાછું હટવું એ સાર છે. એમ કરીને ૪૪ લીધા છે. જુઓ! 'અપને દોષ કહના સાર હૈ.' છે ને? પછી 'વ્રતમેં દોષ નહીં લગાના સાર હૈ. આરાધના કરના નિર્દોષ પાલના સાર હૈ. અજ્ઞાન અસાર હૈ, સમ્યગ્જ્ઞાન સાર હૈ, મિથ્યાદર્શન અસાર હૈ, સમ્યગ્દર્શન સાર હૈ, મિથ્યાચારિત્ર અસાર હૈ, સમ્યક્ચારિત્ર સાર હૈ, કુતપ અસાર હૈ, સુતપ સાર હૈ.' સુતપ, હોં! સમ્યગ્દર્શન સહિત. આત્માના અનુભવ સહિત સ્થિરતા, રમણતા, ઇચ્છાનો નિરોધ એ સાર છે. એકલા તપ આ લાંઘણું કરે એ તપ નથી કાંઈ. સમજાણું કાંઈ? આ અપવાસ-બપવાસ કરે છે ને આત્માના ભાન વિના સંથારા-બંથારા.. એય..! 'શાંતિભાઈ'! એ બધા સંથારા મિથ્યાત્વના છે. મિથ્યાદૃષ્ટિ. આત્મા જ્યાં અંદર રાગરહિત ચિદાનંદની ખબર નથી. એ અહીંયાં કહે છે, જુઓ! સમ્યગ્દર્શન થાય. 'કુતપ અસાર, સુતપ સાર અક્રત અસાર ક્રત સાર પ્રાણઘાત અસાર, અભયદાન સાર.' વ્યવહારની કેટલીક વાતો નાખે. '.. સાર .. બ્રહ્મચર્ય સાર, નિર્ગ્રંથપના સાર, એક વાર સાત્વિક ભોજન કરના સાર. ઘણીવાર ખાવું અસાર.' મુનિને બે વાર ભોજન હોય નહિ. મુનિને એકવાર ભોજન હોય.

'આર્ત રૌદ્ર ધ્યાન અસાર, ધર્મ શુક્લધ્યાન સાર, ... લેશ્યા અસાર, .. સાર' એ પણ વ્યવહારનું છે. લેશ્યા સાર ક્યાં છે? એકેય લેશ્યા સાર ક્યાં છે? લેશ્યા અધર્મ છે. 'તેજો, પદ્મ, શુક્લ ત્રણે લેશ્યા અધર્મ છે. પુણ્ય છે, બંધનું કારણ છે. વ્યવહારે કહેવાય. આહાહા..! સમજાણું કાંઈ? 'આરંભ અસાર, અનારંભ સાર, અસંયમ અસાર, સંયમ સાર, પરિગ્રહ

અસાર, પરિગ્રહ રહિત સાર, વસ્ત્ર સહિત અસાર, વસ્ત્રરહિત સાર, કેશ લોચ નહિ કરના અસાર, કેશલોચ કરના સાર. સ્નાન અસાર, અસ્નાન સાર.' લ્યો. એમ કરીને બધું છે. ક્ષમા સાર, .. સાર, સમકિત સાર ને શીલ સાર ને વિનય સાર ને જિનવાણી સાર, અન્ય માર્ગ અસાર. ગુપ્તિ સાર, મુક્તિ સાર, સમાધિ સાર, નિયમસાર. લ્યો! સમજાણું કાંઈ?

કહે છે '**નિર્મલ સમ્યગ્દર્શન સહિત હોકર...**' પહેલું વજન આના ઉપર છે. નિર્મળ સમ્યગ્દર્શન. એટલે કે આત્મા પરિપૂર્ણ પવિત્ર એનું અંતર્મુખ થઈને નિમિત્તની અને રાગની અપેક્ષા છોડી દઈને પૂર્ણ શુદ્ધ ભગવાન પવિત્રપિંડ પરમાત્મા પોતે, એનો આશ્રય લઈને પ્રતીત અનુભવમાં કરવી એ પહેલું સમ્યગ્દર્શન છે. ત્યારથી ધર્મની શરૂઆત થાય છે. સમજાણું કાંઈ? એ સમ્યગ્દર્શનસહિત '**સંસારકો અસાર જાનકર,...**' સાર અસારની વ્યાખ્યા થોડી કહી. '**ઉત્તમબોધિ અર્થાત્ સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રકી પ્રાપ્તિકે નિમિત્ત...**' દીક્ષા કાળાદિની ભાવના કરવી એમ કહે છે.

**ભાવાર્થ :– 'દીક્ષા લેતે હૈં તબ સંસાર, (શરીર) ભોગકો (વિશેષતયા) અસાર જાનકર અત્યંક વૈરાગ્ય ઉત્પન્ન હોતા હૈ,...'** દીક્ષા વખતે સમ્યગ્દર્શન સહિતની દીક્ષા છે, હોં આ! એકલા મુંડાય છે અત્યારે એ કાંઈ દીક્ષા નથી. સમજાણું કાંઈ? અત્યારે દીક્ષાઓ લેવાય છે ને? બાળ બ્રહ્મચારી દીક્ષા, એ બધી મિથ્યાત્વની દીક્ષા છે. મિથ્યાત્વની પુષ્ટી કરશું હવે, એનો અર્થ (ઈ). એય..! 'પોપટભાઈ'! આ સંથારા-બંથારા કર્યા છે ને? કરે છે કે નહિ? તમારા ગામમાં કર્યો હતો કે નહિ? 'કલકત્તા'. શું કહે છે? રાજગૃહી. 'પોપટભાઈ' બહુ ગયા હતા ત્યાં. 'શાંતિભાઈ'! આ બધી વાતું આવે ને અહીં. એ તો બધા મિથ્યાત્વના પોષક છે. જેને હજી દેવ-ગુરુ-શાસ્ત્ર સાચાની શ્રદ્ધાની ખબર નથી. અને સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની ખબર હોય અને શ્રદ્ધા હોય તોપણ એ રાગ છે. એ કાંઈ સમ્યગ્દર્શન નથી. સમ્યગ્દર્શન તો આત્મા વસ્તુ પૂર્ણાનંદ, એને કોઈ પરની અપેક્ષા જ નથી. એવી અંતરમાં સમ્યક્ પ્રતીતિ, અનુભવજ્ઞાન .. નું કરી, સ્વસ્વરૂપનું જ્ઞાન કરીને પ્રતીત થવી એનું નામ પ્રથમ નિર્વિકલ્પ સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એના પછી આ બધી વાત છે. એ ન હોય તો એકેય તપ પણ નથી, ચારિત્ર નથી, દીક્ષા પણ નથી અને બધું રણમાં પોક મૂકવા જેવું છે. સમજાણું કાંઈ?

કહે છે, '**સંસાર, (શરીર) ભોગકો (વિશેષતયા) અસાર જાનકર અત્યંત વૈરાગ્ય ઉત્પન્ન હોતા હૈ,...**' દીક્ષા વખતે. '**વૈસે હી ઉસકે આદિ શબ્દસે રોગોત્પત્તિ,...**' લ્યો! આકરો રોગ શરીરમાં આવ્યો હોય. એ વખતે કેવું થાય? આહાહા..! છે ને? .. ખબર છે ને? જરીક થયું. આ ડોસા આવ્યા હતા તમારા બાપ. ગયો ત્યારે તો ખબર પણ નહિ. સૂતો હતો. બાપુ! આવ્યો છો તમે. ભૂલી ગયો વળી પાછું. સમજાણું કાંઈ? એ યાદ કર્યું હતું અહીં આવ્યો ત્યારે. એવા રોગ આકરા આવ્યા હોય અને પછી આમ થાય. એમાં અસાધ્ય થઈ ગયો હોય. શું થયું? ક્યાં આવ્યો? ઈસ્પિતાલમાં લઈ ગયા હોય તો કહે ક્યાંથી આવ્યો? શું છે? એવા

વખતે એને વૈરાગ્ય... આહાહા..! અરે..! આ બધું પૈસા, મા-બાપ, કુટુંબ, બાયડી, છોકરા એ કોઈ ન મળે? હાય.. હાય.. મારી પાસે કોઈ નહિ? મને સહાય કોઈ નહિ? એ વખતે નિરાધાર લાગે અંદર. સમજાણું કાંઈ? શરીરમાં પણ કાંઈ ભાન ન રહે. આ શરીર જડ, માટી અને ખદબદાટ, પરમાણુએ પરમાણુ પલટી જાય. એક-એક અંગોમાં છન્નું-છન્નું રોગ. આખા શરીરમાં કેટલા કીધા હતા? પાંચ કરોડ અને અડસઠ લાખ, નવ્વાણુ હજાર પાંચસો ને ચોર્યાસી. એટલા રોગ છે શરીરમાં. આ એક શરીરમાં એટલા રોગ છે. પાંચ કરોડ અડસઠ લાખ નવ્વાણુ હજાર પાંચસોને ચોર્યાસી. કહો, 'ભીખાભાઈ'! એ જાડા-બાડા તો એકાદ રોગ કહેવાય પણ એવા તો આટલા-આટલા રોગ, પાંચ કરોડ. આહાહા..!

મુમુક્ષુ :- કાંઈ પાંચ કરોડ એકસાથે થાય?

ઉત્તર :- એકસાથે થઈ જાય કોઈવાર. કોઈવારની વાત છે ને? બધું સાથે થાય.

સાતમી નરકના નારકીને તો બધા રોગ એકસાથે સોળ રોગ તો મોટા મહારોગ. સાતમી નરકનો નારકી. અહીં મોટો ચક્રવર્તી હોય, ખમ્મા-ખમ્મા એને સોળ હજાર દેવ (સેવા કરતા હોય). એ મરીને સાતમી નરકે જાય. શરીરમાં સોળ રોગ તો જન્મથી. આહાહા..! સુવાને પથારી ન મળે, બેસવાનું સિંહાસન ન મળે, ખાવાને આહાર અને પીવાને પાણી ન મળે, હવા ને પંખો ન મળે. આહાહા..! આ તો પંખા માથે સરખા જોઈએ, બેઠો હોય ત્યાં. વૈરાગ્યથી વિચારે કે આહા..! આવા આવા પ્રસંગમાં મારું કોઈ નહોતું. મને કોઈ શરણ નહોતું. એવો વૈરાગ્ય સમ્યગ્દૃષ્ટિ મુનિપણામાં અથવા મુનિપણા સિવાય પણ પોતાની શુદ્ધિને માટે આવી ભાવના કરે. સમજાણું કાંઈ? જે મકાન હવા-પાણી માટે કર્યા હોય એ મકાનમાં હાય..હાય.. અગ્નિ લાગે. નીકળવું કઈ રીતે? સમજાણું કાંઈ? પોતે બનાવેલા બારણા પાકા બંધ થઈ ગયા હોય એ ઉઘડે નહિ.

મુમુક્ષુ :- ધરતીકંપ થાય તો આખું ગરી જાય.

ઉત્તર :- આખું ગરી જાય. પોતે સહિત. હાય-હાય! આ? એ શું, એ તો ચીજ નાશવાન છે. એ તો એમ જ હોય છે ત્યાં. એવા પ્રસંગ થયા હોય પોતાને-પરને એને યાદ કર એમ કહે છે. સમજાણું?

'**રોગોત્પત્તિ,...**' એ તો ભૂતકાળની વાત કરી. હવે '**મરણકાલાદિક...**' મરણ તો કાંઈ આવ્યું ન હોય. પણ મરણ આવે ત્યારે શું થાય એના વિચાર પહેલેથી કર, એમ કહે છે. ધર્મી સમ્યગ્દૃષ્ટિ જીવ આત્માની શુદ્ધિના કારણે એ મરણનો વિચાર પહેલેથી કરે. આહાહા..! દેહ છૂટશે ત્યારે શું થશે? સમજાણું કાંઈ? મારું કોઈ નહિ એ વખતે. શ્વાસ નહિ સગો. શ્વાસ લેવાશે નહિ. ડૉક્ટરો ઊભા હશે મોટા ઈંજેક્શન લઈને. પૈસાવાળો હોય તો. ગરીબ હોય તો ન ઊભા હોય. સમજાણું કાંઈ? કોઈ નથી મારું. એ મરણનો વિચાર પહેલેથી કર, એમ કહે છે. જીવતા મરણનો વિચાર કર. મરણ ટાણે તો ટાણા પછી આવે ત્યારે ત્યાં ક્યાં ટાઈમ રહેશે.

'**મરણકાલાદિક...**' એટલે એવો કોઈ દીકરો મરી ગયો હોય અને પછી આમ લાગે કે આહાહા..! પૈસા બે-પાંચ લાખ ગયા હોય ને અરે..રે..! આહાહા..! કુટુંબમાંથી કોઈ શરણ આપે નહિ, પૈસા આપે નહિ, બધા કહેતા હતા કે અમે તમારા છીએ, હોં! પણ ખોટ જાય ત્યારે કોઈ દેવા આવે નહિ. પછી ૨૫-૨૫ હજાર, ૫૦-૫૦ હજાર તો અમારે.. કોણ દે ત્યાં? એય..! 'ભોગીભાઈ'! એવા પ્રસંગનો વારંવાર વિચાર કરે, એમ કહે છે. વૈરાગ્ય વધારે.

'**મરણકાલાદિક જાનના.**' જુઓ! '**ઉસ સમયમેં જૈસે ભાવ હોં...**' એમ કહે છે. એ કાળમાં, દીક્ષાના કાળમાં, રોગ ઉત્પત્તિના કાળમાં, મરણ વખતના કાળમાં જે ભાવ હોય '**વૈસે હી સંસારકો અસાર જાનકર,...**' આહાહા..! એક વિકલ્પ થાય દયા, દાન, વ્રત, ભક્તિનો, એ પણ મારો નથી. એ કાંઈ બીજે સમયે રાખ્યો રહેતો નથી. તો કઈ ચીજ મારી આમાં? સમજાણું કાંઈ? અને નવી અવસ્થા થાય એ પહેલી નહોતી અને સંયોગ થાય એનો. અવસ્થા લ્યોને નિર્મળ. પહેલી અવસ્થા હતી એનો વિયોગ થાય, નવી અવસ્થા- પર્યાયનો સંયોગ થાય, વસ્તુ તો ધ્રુવ ત્રિકાળ છું. સમજાણું કાંઈ? બહારની ચીજની તો ક્યાં માંડવી? કહે છે. એક સમયની જ્ઞાનપર્યાયનો ઉત્પાદ, બીજે સમયે તેનો વ્યય, ત્રીજે સમયે નવી પર્યાયનો સંબંધ, સંયોગ, જૂની પર્યાયનો વિયોગ. આહાહા..! સમજાણું કાંઈ? એવા પ્રસંગને, દીક્ષાના વખતના પ્રસંગને, રોગના પ્રસંગને, એવા કોઈ શરણ ન હોય તેવા પ્રસંગને વિચાર. આહાહા..! સમજાણું કાંઈ?

'કલકત્તા'ની વાત હતી. નહિ એક ફેરી? ઘણા વર્ષની વાત છે. સાંજે દસ-બાર માણસો હોડીમાં નીકળેલા ફરવા. એમાં એક છોકરો આઠ વર્ષનો બહાર પગ કાઢીને બેઠો. બીજું કુટુંબ આખું હતું. એમાં મગરમચ્છ આવ્યો મોટો. પગ જાલ્યો એણે છોકરાનો. નાવડિયાને ખબર પડી. પગ જાલ્યો છે, મગરમચ્છ મોટો છે. ખેંચ્યા ભેગું બધું જાશે. એના મા-બાપને કહે કે છોકરાને નાખી દ્યો અંદર કાં હું નાખી દઉં છું. આહાહા..! જુઓ! આ સંસાર. એકે હાથ .. એક કોર પગ આની કોર માથું છોકરાનું. નાખી દ્યો છોકરાને. હમણાં ખેંચ્યા ભેગો આખી નાવ ખલાસ થઈ જશે. મગરમચ્છ મોટો છે. પગ જાલ્યો એ છોડશે નહિ. એ મા-બાપે ઉપાડીને નાખ્યો એમાં. અરે..રે..! કોણ હતું? સાંભળને હવે. છોકરો રાડું પાડતો, રોતો અરે..બા! અરે..બા! બાએ નાખ્યો એમાં. લ્યો, આ સંસાર! સમજાણું કાંઈ? એવા પ્રસંગોનો વારંવાર વિચાર કર, એમ કહે છે. વૈરાગ્યના. હોંશના સડકાનું ન કરે. પાંચ લાખ મળ્યા હતા અને પછી લાડવા ખાવા બેઠા હતા અને પછી ભેગા થયા હતા. હવે હોળી શું છે ત્યાં? સાંભળને! એ તો બધા રાગના રોણા છે. આવા પ્રસંગને યાદ કરે છે. આહાહા..!

તમારો નહોતો 'પ્રવિણ'? તમે હતા તે દિ'? ઓલા બે જણા નહિ? 'ખીમચંદભાઈ' હતા. 'મગનભાઈ' હતા ને. ઓલા બે છોકરા, નહિ? કોલેરા નીકળ્યા રસ્તામાં. બે જુવાન છોકરા, હોં! ૨૦-૨૦, ૨૨ વર્ષના. વચમાં કોલેરા નીકળ્યા. કેટલું સાથે માણસ હશે? લાઈન

ચાલી જાય એમ ને એમ. રસ્તા જંગલ. ખાવા-પીવાના ચોખા ને દાળ કે પાણી. .. નહિતર મરી જશે વચમાં. એમાં બે બાઈયું ... ચાલી શકે નહિ. મા-બાપ રહી શકે નહિ. ક્યાં રહેવું? મરી જાય. મા-બાપ કહે, ભાઈ! બેટા! શું કરીએ? રોતા-રોતા પાણીનો કળશો મૂકી બે જણા પાસે જંગલમાં મૂકીને ચાલ્યા ગયા. અરે.. બા! અરે.. મા! અરે.. બાપુ! મારું શું થાશે? શું થાય બાપા? કારણ કે ઓલા ઊભા રહે પણ પાછળ કોઈ નહિ. ચારે કોર જંગલ. ૨૫-૫૦ ગાઉનું ક્યાં કોઈ સામું જોનાર ન મળે. છ-છ ગાવ સુધી ચાલે અને ખાય ... આહાહા..! 'મગનભાઈ' હતા કે નહિ ત્યારે સાથે? શું કહેવાય એ? એ નહોતા. આહાહા..! એને મૂકી (ચાલવા માંડ્યા). બાપુ! મને મૂકીને જાવ છો. મને દુઃખ છે. ...ત્યાં બધા ગોટલા ચડે છે. ભાઈ! શું કરીએ? ભાઈ! તને મૂકીને ન જઈએ તો અમે પણ મરી જવાના. બીજો ઉપાય નથી, ભાઈ! એ રોતા કકળતા ચાલ્યા જાય, આમ સામું જોતા-જોતા મૂકીને વયા જાય. તું કોણ પણ એનો? સાંભળને! આહાહા..! જ્યાં કાંઈક અનુકૂળતા મળે ત્યાં જાણે હું થઈ ગયો પહોળો. આહા..! ધૂળેય નથી, સાંભળને!

મરતા બાયડી આમ જોવે. અર..ર..ર..! હાય-હાય. પાંચ વર્ષના પરણેતર. છોકરો થયો નથી. દેર ને જેઠ બધા આકરા માણસ છે. પાછળથી મને રાખશે કે પૈસા દેશે ખાવાના? સંભાળીને રોવે. આમ જોવે ત્યાં... આહાહા..! આ દેહમાં હવે કાંઈ નથી. ઊભી ટગ ટગ જોવે. રોવે. બાપા! એવા પ્રસંગના વિચાર કરને. વૈરાગ્ય તારે કરવો હોય તો આવા વિચાર કર, ભાઈ! સમજાણું કાંઈ? આહાહા..!

કહે છે, આત્માનું પ્રથમ સમ્યગ્દર્શન પ્રગટ કર્યા પછીની વાત છે આ બધી. સમજાણું કાંઈ? આત્માનું ચૈતન્યસ્વરૂપ, ભગવાનઆત્મા પૂર્ણ શુદ્ધનો કંદ આત્મા, એના શરણ જેણે લીધા છે અને બીજા શરણ જેણે છોડ્યા છે, ત્યારે એને સમ્યગ્દર્શનની અનુભવદશા પહેલી થાય છે. એ પછી એને આગળ વધવા માટે આવા વૈરાગ્યના વિચારો કરે. સમ્યગ્દર્શન ન હોય તો પહેલા સમ્યગ્દર્શનનો પ્રયત્ન કરવો. સમજાણું કાંઈ? એનો પહેલો પ્રયત્ન અને એનો પહેલો પ્રયોગ કરવો. હું અખંડ આનંદસ્વરૂપ (છું), એ તરફ ઝુકવાનો અને વિકલ્પથી વિમુખ થવાનો પહેલામાં પહેલો પ્રયત્ન તો આ છે. સમજાણું કાંઈ? એના પછી આવા મુનિ થાય.

મુનિ એટલે? આ અત્યારના જે મુનિ છે એ મુનિ કોઈ છે જ નહિ. સમજાણું કાંઈ? આ તો ભાવ અંદરમાં આનંદકંદમાં ઝૂલતો હોય. અતીન્દ્રિય આનંદની જ્યાં ભરતી આવતી હોય. વર્તમાન પર્યાયમાં જેમ સમુદ્રમાંથી કાંઠે ભરતી આવે એમ સમ્યગ્દષ્ટિને ઉગ્રતા ચારિત્રની થતાં એની વર્તમાન પર્યાયમાં અતીન્દ્રિય આનંદની ભરતી આવે. સમજાણું કાંઈ? આહાહા..! ભારે વાત, ભાઈ! અતીન્દ્રિય આનંદથી પર્યાય ભરાઈ જાય. એમ કહે છે. એ જીવે કેવો વૈરાગ્ય કરવો? એને પણ હજી પૂર્ણ કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી આવા વૈરાગ્યની વિચારણાની ધારા વારંવાર કરવી કે જેથી ક્યાંય અટકે નહિ. આ ... આહાહા..!

**'અસાર જાનકર,...' 'ઉસ સમયમેં જૈસે ભાવ હોં વૈસે હી સંસારકો અસાર જાનકર, વિશુદ્ધ સમ્યગ્દર્શન સહિત હોકર,...'** જેને દેવ-ગુરુ-શાસ્ત્રની પણ સાચી શ્રદ્ધા હોય એ પણ વિકલ્પ અને રાગ છે. એનાથી પણ ભિન્ન પડીને સમ્યગ્દર્શન (પ્રગટ કરે), એમ કહેવા માગે છે. સમજાણું કાંઈ? **'વિશુદ્ધ સમ્યગ્દર્શન સહિત હોકર,...'** એટલે થયો થકો. **'ઉત્તમબોધિ જિસસે કેવલજ્ઞાન ઉત્પન્ન હોતા હૈ,...'** આહાહા..! સ્વરૂપમાં પૂર્ણ શુદ્ધિ અને આનંદ પડ્યો છે એનું જ્યાં અંતર ભાન થતાં એને વિવેક થઈ જાય. વિકલ્પ અને રાગથી ભિન્ન અને ભગવાન સ્વભાવથી અભિન્ન એવો અંદરમાં એક અંદર સમ્યગ્દર્શનમાં થાય એને આવા દીક્ષાકાળ આદિની ભાવના કરતાં કેવળજ્ઞાન ઊપજે. લ્યો! આ કરતા કેવળજ્ઞાન ઊપજે. કોઈ મહાવ્રત પાળતા અને ફલાણુ પાળતા (કેવળજ્ઞાન ન થાય). એ તો બધો વિકલ્પ-રાગ છે. સમજાણું કાંઈ? આહાહા..! ભારે કામ, ભાઈ!

એમાં આ દુનિયાના રસ. એમાં કાંઈ પાંચ-પચાસ લાખ મળે અને શરીર ઠીક હોય, છોકરા ઠીક હોય. બસ! હું.. બસ! હું. અમારે મજા છે. નરકનો કીડો છે. મજા કેવી તને? મજા તો આત્મામાં છે. એની તો ભાન નથી તને. સમજાણું કાંઈ? જુઓ! આચાર્યે દીક્ષાકાળાદિની ભાવના ... આહાહા..! એ વખતનો વૈરાગ્ય અને એ વખતની પરથી ઉદાસીનતા. રોગ વખતે પરથી ઉદાસ. આહાહા..! આવો રોગ!

એક બાઈનું નહોતું કહ્યું? 'લાઠી'માં એક બાઈનું બે વર્ષનું પરણેતર. જૂની મરી ગયેલી અને નવી પરણેલી અને એમાં શીતળા નીકળ્યા આખા શરીરમાં. દાણે-દાણે ઇયળુ. એ તળાઈમાં આમ કરે ત્યાં અહીંથી ઈયળુંનો ઢગલો પડે, આમ કરે ત્યાં અહીંથી. બા! એમ કહેતી હતી. બા! મેં આવા પાપ આ ભવમાં નથી કર્યા. તળાઈમાં નીચે ગરમીની ઓલી લાગે. ઈયળું પડી. જુવાન બાઈ, હોં! વધાળા-વધાળાનો ડેલો છે ને? 'લાઠી'વાળા નથી? ..નો ડેલો નથી? એમાં ઓલી કોર 'સુખલાલ' રહે છે. 'સુખલાલ' રહેતો. ત્યાં એક હતો. ઘણા વર્ષની વાત છે. એવી પીડા હતી. બા! મેં આવા પાપ આ ભવમાં નથી કર્યા, હોં! આ પાપ ક્યાંથી આવ્યા? મારાથી પડખું ફરું તો ઈયળું. 'કાનજીભાઈ'ને ખબર હશે. ..ના ડેલામાં, નહિ? 'ચંપક-ચંપક' હતો ને? 'દામનગર'. એ 'ચંપક'ની વહુ. એને થયું હતું. આહાહા..! એ પછી રોવે. જોયા ન જાય. ઈયળું ચારે કોર. મરી ગઈ. દવા શું કરે? બાપા! શરીર આવા છે. શરીરની હોંશું. 'હોંશીડા મત હોંશ ન કરીએ.' એ હોંશ ન કરીએ, ભાઈ! શરીર ઠીક હોય, પૈસા (ઠીક હોય) એની હોંશ ન કરીએ. એ ઝેરના સોજા છે. આહાહા..! આવા પ્રસંગોને વિચારી વૈરાગ્યને વધાર. કહો, 'મનસુખભાઈ'! શ્વાસ ચડતો હોય પછી એ વખતે રાત્રે બાર વાગ્યે બરાબર સરખાઈનો. (સ્ત્રી) ઊભી ઊભી જોવે. આહાહા..! શું તમને થાય છે? બોલવાની શક્તિ ન હોય. શ્વાસ ઘૂંટાતો હોય, બોલાતું ન હોય. એય..! 'જયંતિભાઈ'! શું કોઈ છે ત્યાં? દાબે તો? 'પ્રેમચંદભાઈ' કહેતા. નહિ તમારે? ઓલું નહિ? ઓલા બ્રાહ્મણ

હતા માસ્તર. બાજુમાં. તમારી બાજુમાં નહિ એ તો આની કોર રહેતા. માસ્તર નહિ આ? વાડીલાલની પાસે રહેતા ઈ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. એ. એની દીકરી હતી એક બાર વર્ષની-તેર વર્ષની. એને કરડ્યું કૂતરું. શું કહેવાય આ? હડકાયું. તમારે બહુ સંબંધ હતો. 'પ્રેમચંદભાઈ'ને બહુ સંબંધ હતો. એ છોડીને હડકવા આવ્યો. 'પ્રેમચંદભાઈ' બેઠા હતા. કાકા! ... માસ્તરની દીકરી છે. 'પરસોતમ'ના ઘરે. બહેન! શું કરીએ તને? હવા નાખે તો ગોઠે નહિ. પાણી નજરે પડે ગમે નહિ. આખા શરીરમાં હડકવા લાગેલો હતો. એય..! ભાઈ! તમે છેટા રહેજો, હોં! એમ કહે. મારાથી આમ ... ભરાઈ જશે. આહાહા..!

એક બાઈ તો મને .. 'રાણપુર'માં. એ નહિ ઓલા? વજો આંધળો નહોતો? ઓલી વજો આંધળો. કોર ઉગમણા પા માં. એક હતો. આ 'હરગોવિંદભાઈ' નહિ? આ 'હરગોવિંદભાઈ'. એની કોર ઉગમણે. સાંજે વહોરવા ગયેલા. એક બાઈ વૃદ્ધ હતી પણ એને હડકવા લાગેલો. હડકવા. મહારાજ! છેટે રહેજો. મને મંગળિક સંભળાવો. દર્શનનો ભાવ હતો બહુ. મંગળિક મને સંભળાવો. મહારાજ! છેટે રહેજો, હોં! મારાથી બટકુ ભરાઈ જાય. આહાહા..! દશા જુઓ દશા! જુઓ! આ શરીરની અવસ્થા અને જુઓ એ આત્મા ઝાવા નાખે પરમાં ક્યાંક. આહાહા..! મંગળિક સંભળાવતા પણ (બોલતી હતી), મહારાજ! છેટે રહેજો હોં! જરી. હતી તો બહુ મોટી ૫૦-૬૦ વર્ષની વૃદ્ધ બાઈ. આવા પ્રસંગો ભાઈ! તને આવ્યા છે અનંત વાર. અને આ ભવ પણ દેહ છૂટશે ત્યારે કાંઈ આત્મા એ રીતે નીકળશે નહિ ઝટ દઈને. અંદર રાગ અને પ્રેમ છે ને? ટાંગા તરફડશે, આંખ્યું આમ થાશે. સમજાણું કાંઈ? એવા પ્રસંગનો વિચાર કરીને હે જીવ! વૈરાગ્યને વધાર, એમ કહે છે. લ્યો! આ દીક્ષાકાલાદિ લઈને એમ કહે છે કે એવા પ્રસંગો હોય... કાલાદિ શબ્દ છે ને? બધા પ્રસંગ આવા હોય એનો વિચાર કર. ભૂલી ન જા. જરી ઠીક (થાય) ત્યાં ભૂલી ગયો. થઈ રહ્યું, લ્યો.

એવા ભાવના આત્માના ભાન સહિત આવા વૈરાગ્યની વૃદ્ધિ કરતાં બોધિ '**ઉત્તમબોધિ જિસસે કેવલજ્ઞાન ઉત્પન્ન હોતા હૈ,...**' કેવળજ્ઞાનની ધારા વહે. આહાહા..! મુનિની મુખ્ય વાત છે ને અંદર. '**ઉસકે લિયે દીક્ષાકાલાદિકકી નિરંતર ભાવના કરના યોગ્ય હૈ, ઐસા ઉપદેશ હૈ.**' મુનિને પણ (આમ ઉપદેશ છે). ધ્યાની-જ્ઞાની મુનિ છે, હોં! એની વાત છે. આત્માના આનંદની દશા વિશેષ પ્રગટી છે. અતીન્દ્રિય આનંદનો સ્વાદ ઉગ્રપણે આવે છે મુનિને. એને મુનિ કહીએ. આ લુગડા ફેરવ્યા અને થયા, એ સાધુ-બાધુ નથી. સમજાણું કાંઈ? એવાઓને પણ આવો વૈરાગ્ય વધારીને કેવળજ્ઞાન પામે, એમ કહે છે.

आगे भावलिंग शुद्ध करके द्रव्यलिंग सेवनका उपदेश करते हैं :-

**सेवहि चउविहलिंग अब्भंतरलिंगसुद्धिमावण्णो।**
**बाहिरलिंगमकज्जं होइ फुडं भावरहियाणं।।१११।।**

सेवस्व चतुर्विधलिंगं अभ्यंतरलिंगशुद्धिमापन्नः।
बाह्यलिंगमकार्यं भवति स्फुटं भावरहितानाम् ।।१११।।

કરી પ્રાપ્ત આંતરલિંગશુદ્ધિ સેવ ચઉવિધ લિંગને;
છે બાહ્યલિંગ અકાર્ય ભાવવિહીનને નિશ્ચિતપણે. ૧૧૧.

अर्थ :- हे मुनिवर! तू अभ्यंतरलिंगकी शुद्धि अर्थात् शुद्धताको प्राप्त होकर चार प्रकारके बाह्यलिंगका सेवन कर, क्योंकि जो भावरहित होते हैं उनके प्रगटपने बाह्यलिंग अकार्य है अर्थात् कार्यकारी नहीं है।

भावार्थ :- जो भावकी शुद्धतासे रहित हैं, जिनके अपनी आत्माका यथार्थ श्रद्धान, ज्ञान, आचरण नहीं है, उनके बाह्यलिंग कुछ कार्यकारी नहीं है, कारण पाकर तत्काल बिगड़ जाते हैं, इसलिये यह उपदेश है - पहिले भावकी शुद्धता करके द्रव्यलिंग धारण करो, यह द्रव्यलिंग चार प्रकारका कहा है, उसकी सूचना इसप्रकार है - १ - मस्तकके, २ - दाढ़ीके और ३ - मूछोंके केशोंका लोच करना, तीन चिह्न तो ये और चौथा नीचेके केश रखना; अथवा १. वस्त्रका त्याग, २. केशोंका लोच करना, ३. शरीरका स्नानादिसे संस्कार न करना, ४. प्रतिलेखन मयूरपिच्छिका रखना, ऐसे भी चार प्रकारका बाह्यलिंग कहा है। ऐसे सब बाह्य वस्त्रादिकसे रहित नग्न रहना, ऐसा नग्नरूप भावविशुद्धि विना हँसीका स्थान है और कुछ उत्तम फल भी नहीं है।।१११।।

## ગાથા-૧૧૧ ઉપર પ્રવચન

૧૧૧-ગાથા.

**'આગે ભાવલિંગ શુદ્ધ કરકે દ્રવ્યલિંગ સેવનકા ઉપદેશ કરતે હૈં :-'**

**सेवहि चउविहलिंग अब्भंतरलिंगसुद्धिमावण्णो।**
**बाहिरलिंगमकज्जं होइ फुडं भावरहियाणं।।१११।।**

**અર્થ :- 'હે મુનિવર!'** અહીં દ્રવ્યલિંગ તો નગ્નપણું જ હોય. સાધુને બાહ્ય નગ્નપણું જ હોય. વસ્ત્રસહિત હોય એ મુનિ ત્રણકાળમાં બની શકે નહિ. સમજાણું કાંઈ? વસ્ત્ર-પાત્ર રાખે

અને મુનિ માને, મનાવે એ તો મિથ્યાદૃષ્ટિ નિગોદગામી છે. સમજાણું કાંઈ? એની આ વાત નથી. આ તો અંતરમુનિ થયા છે ધ્યાન-જ્ઞાનમાં. શરીર પણ નગ્નદશાએ રહ્યું છે. રહ્યું છે. થયું છે એ. સમજાણું? એવા મુનિને કહે છે કે '**હે મુનિ! તૂ અભ્યંતરલિંગકી શુદ્ધિ અર્થાત્ શુદ્ધતાકો પ્રાપ્ત હોકર...**' એ પુણ્ય-પાપના ભાવ તે તો મેલ અને અશુદ્ધ છે. આહાહા..! એનાથી ચૈતન્ય શુદ્ધ સ્વભાવનો, અતીન્દ્રિય આનંદનો સાગર, ભંડાર એની સન્મુખની શુદ્ધિને વધાર એટલે એની સન્મુખ જવાની વૃદ્ધિ કર. પરથી વિમુખ થા. સમજાણું કાંઈ? ઉત્કૃષ્ટ વાત લેવી છે ને અહીં તો એકદમ! '**અભ્યંતરલિંગકી શુદ્ધિ અર્થાત્ શુદ્ધતાકો પ્રાપ્ત હોકર ચાર પ્રકારકે બાહ્યલિંગકા સેવન કર,...**' એવો આત્માનો અનુભવ સમ્યગ્દર્શન-જ્ઞાન અને શાંતિ-ચારિત્ર (જેને પ્રગટ થયા છે) એવા જીવને નગ્નપણું હોય, કેશનો લોચ હોય એમ બતાવે છે. '**જો ભાવરહિત હોતે હૈં ઉનકે પ્રગટપને બાહ્યલિંગ અકાર્ય હૈ...**' જેને આત્માનો સમ્યક્ શુદ્ધ ચૈતન્યમૂર્તિનો અનુભવ નથી, જેને અંતરમાં ભાવશુદ્ધિ અને ચારિત્ર નથી એના બાહ્ય લિંગ નગ્નપણા, પંચમહાવ્રતની ક્રિયા એ બધી અકાર્યકારી છે. સમજાણું કાંઈ? 'અર્થાત્ કાર્યકારી નહીં હૈ.' આહાહા..!

**ભાવાર્થ :- 'જો ભાવકી શુદ્ધતાસે રહિત હૈં,...'** ભાવનો અર્થ પહેલો સમ્યગ્દર્શન. જેને આત્મા પૂર્ણાનંદ પ્રભુ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથે, તીર્થંકરદેવે જે આત્મા આત્મા તરીકે જોયો તે તો રાગ અને પુણ્યના પરિણામથી રહિત જોયો છે. એવા આત્માને પોતે અંતર જોવે અને જોઈને શ્રદ્ધા અનુભવમાં લે એને પ્રથમમાં પ્રથમ સમ્યગ્દર્શન કહે છે. સમજાણું કાંઈ? આહાહા..! એ સમ્યગ્દર્શન કોઈ દેવ-ગુરુ-શાસ્ત્ર આપી દેતા નથી.

મુમુક્ષુ :- સમજાવે તો છે ને.

ઉત્તર :- સમજાવે એ પણ કહેવાની વાતું છે બધી. એ સમજે તો સમજાવાયા એમ વ્યવહારથી કહેવાય. એવી વાતું પણ ભારે આકરી, ભાઈ! કોણ સમજાવે? વાણી વાણીને કારણે નીકળે. સમજનારો પોતાના સ્વલક્ષનો આશ્રય કરે તો સમજે. બાકી જ્યાં સુધી સાંભળવાનું જ્ઞાન છે એને, સાંભળવાનું લક્ષ છે એ જ્ઞાન કંઈ સમ્યગ્જ્ઞાન નથી. સમજાણું કાંઈ? સાંભળે છે કે આમ ભગવાન કહે છે, મુનિ આમ કહે છે, જ્ઞાની આમ કહે છે. એવું જે લક્ષ છે એને શુભ વિકલ્પ છે અને રાગ છે. એમાં જે ખ્યાલ આવે છે જ્ઞાનનો, એ તો પરસત્તાઅવલંબી જ્ઞાન છે. એ તો બંધનું કારણ છે. આહાહા..! સમજાણું કાંઈ? એને કહ્યું, જ્ઞાનીઓએ કહ્યું કે, ભાઈ! તારો આશ્રય લે તું. એટલું એને ખ્યાલમાં આવ્યું. બસ! એ ખ્યાલને પણ ભૂલીને... આહાહા..! ભગવાન ચૈતન્ય સહજાનંદની મૂર્તિ પ્રભુ સહજાત્મસ્વરૂપ, સ્વભાવિક વસ્તુ ત્રિકાળ જ્ઞાયકભાવ, એનો આશ્રય લઈને જ્ઞાન થાય તેને જ્ઞાન કહેવાય. બાકી આ ભણતર-બણતર શાસ્ત્રના એ પણ જ્ઞાન નહિ. આહાહા..! 'શાંતિભાઈ'! માર્ગ એવો છે.

કહે છે, '**અપની આત્માકા યથાર્થ શ્રદ્ધાન, જ્ઞાન, આચરણ નહીં હૈ,...**' જેને પોતાના સ્વરૂપનું આનંદમૂર્તિ ભગવાનઆત્માનું, સ્વસન્મુખનું સ્વસંવેદન જ્ઞાન નથી, સ્વસન્મુખની સમ્યગ્દર્શનની પ્રતીતિ નથી, સ્વસન્મુખમાં આચરણ ઠરવું એવું ચારિત્ર નથી. '**ઉનકે બાહ્યલિંગ કુછ કાર્યકારી નહીં હૈ,...**' એનું નગ્નપણું અને એના પંચમહાવ્રતના વિકલ્પો એ બધા રણમાં પોક મૂકવા જેવા છે, નિરર્થક છે. આહાહા..! સમજાણું કાંઈ? એ પંચમહાવ્રતના વિકલ્પ એ રાગ છે. અહિંસા, સત્ય એ કાંઈ ધર્મ નથી. આ તો અંદર સમ્યગ્દર્શન વિના જ્યાં વ્રત-બ્રત લે ને આ લે ત્યાં (માને મુનિપણું). વ્રત કેવા ન્યાં? મિથ્યાદષ્ટિને વ્રત કેવા? ક્યાંથી આવ્યું? પંચમહાવ્રત લીધા, ભાઈ! એણે દીક્ષાઓ લીધી. પછી ભેગા થઈને અનુમોદે. ઘરનો છોકરો ન આપે પણ કો'કના હોય એમાં તો પૈસા ખર્ચે અને પછી દીક્ષા- બીક્ષા કરાવી. મિથ્યાત્વ કરાવ્યું છે. સાંભળને! સમજાણું કાંઈ? અવલદોમની વાતું છે આ બધી. એય..! 'શાંતિભાઈ'! ત્યાં ન મળે હોં! ન્યાં 'ધનબાદ'માં ઈ. આહાહા..!

કહે છે, ભગવાનઆત્મા પોતાનો પવિત્ર ધામ પ્રભુ, એનું સમ્યગ્દર્શન, એનું જ્ઞાન અને એનું આચરણ અંતર, એવી શુદ્ધતાના પવિત્રતાના પરિણામ વિના જે કાંઈ બાહ્યલિંગ આદિ છે, '**કુછ કાર્યકારી નહીં હૈ,...**' જરીએ આત્માને લાભદાયકક નથી. નુકશાનદાયક છે, કહે છે. સમજાણું કાંઈ? નગ્નપણું ધારણ કરે, પંચમહાવ્રતના વિકલ્પ આવે તો કાંઈ લાભ થાય, કાંઈક લાભ થાય. ધૂળેય લાભ ન થાય, સાંભળને! ગેરલાભ જ છે એ તો બધો. આહાહા..! સમજાણું કાંઈ? આત્માની સેવા કરતા ન આવડે અને પરની સેવાનો ભાવ એ તો રાગ છે. સાક્ષાત્ તીર્થંકરની સમવસરણમાં સેવા અનંત વાર કરી. એ તો રાગ છે. અને કલ્પવૃક્ષના ફૂલે પૂજા કરી ભગવાનની લ્યો, અનંતવાર. 'ભવે ભવે પૂજીયો...' આવે છે ને? 'પરમાત્મપ્રકાશ'. જુઓ! ભવોભવ. અનંતા ભવમાં અનંતવાર સમવસરણમાં ભગવાનની, તીર્થંકરદેવની પૂજા કરી. એ શું? એ તો શુભભાવ છે, એ કાંઈ ધર્મ નથી. એમ ભગવાનની વાણી સાંભળી, દિવ્યધ્વનિના અવાજો કાને પડ્યા. ભગવાનની ૐ ધ્વનિ. એ શું છે? એ તો વાણી છે, પર છે. પર કાને પડતા તેનું લક્ષ અને રાગ થાય છે. શુભભાવ છે, એ કાંઈ ધર્મ નથી. અરે..! ભારે વાતું આકરી. સમજાણું કાંઈ? આવા આત્માના સમ્યગ્દર્શન... છે ને? ભાષા કેવી (છે), જુઓ!

'**અપની આત્મા કા યથાર્થ શ્રદ્ધાન...**' એમ શબ્દ છે ને? ભગવાનની આત્માની શ્રદ્ધા નહિ. એ તો-ભગવાન તો પર છે. એની શ્રદ્ધા તો રાગ છે. પરદ્રવ્ય અનુસારી એ તો વિકલ્પ-રાગ છે. સમજાણું કાંઈ? '**અપની આત્માકા...**' '**ભાવકી શુદ્ધતાસે રહિત હૈં,...**' એટલે કે '**અપની આત્માકા યથાર્થ શ્રદ્ધાન, જ્ઞાન, આચરણ નહીં હૈ, ઉનકે બાહ્યલિંગ કુછ કાર્યકારી નહીં હૈ, કારણ પાકર તત્કાલ બિગડ જાતે હૈં,...**' શુદ્ધતાનો, આનંદનો અનુભવ તો નથી, સમ્યગ્દર્શન નથી. એટલે એ બગડ્યા વિના રહે નહિ. ક્યાંક-ક્યાંક ભરાઈ પડે એ.

સમજાણું કાંઈ? એ પહેલા દાખલા આવી ગયા હતા આપણે, નહિ? મોક્ષપાહુડ નહિ, ભાવપાહુડમાં. દીપાયન. ઋષિ દીપાયન. ભાવપાહુડમાં પહેલાં આવી ગયું. દીપાયન.

ભગવાને કહ્યું હતું કે આ દ્વારિકા નગરી દીપાયનને કારણે બળશે. ભગવાન નેમિનાથના વખતમાં. બળભદ્રના મામા હતા. એણે... આ? ભાગ્યા. બીજે જાઉં તો બચશે. બીજે ગયો બાર વર્ષ રહ્યો. થોડોક બાકી હશે ત્યાં બાર વર્ષ થઈ ગયા. આવ્યો અહીં પાછો. મિથ્યાદૃષ્ટિ હતો. ભગવાનની વાણીની શ્રદ્ધા પણ નહોતી. ભગવાન આમ કહે છે કે બાર વર્ષે આનાથી બળશે. એ કાંઈ ફરે એમ છે? આહાહા..! બેઠો ત્યાં. આવીને રહ્યો. રાજકુમારો નીકળ્યા અને દારૂ-બારૂ ગામમાંથી નખાવ્યો હતો એ ત્યાં ભેગો થયો એક તળાવમાં. એમાંથી પાણી પીધા, તૃષા લાગી હતી. બધા ફાટ્યા એકેએક. અરે..! આ આપણો દ્વારકાનો બાળનાર. માર્યા પથરા. એવો ક્રોધ ચડ્યો (કે) બાળી મૂકું. પછી શ્રીકૃષ્ણ-બળદેવને ખબર પડી કે આ તો કોપાયમાન થઈ ગયા. ક્રોધ બહુ કર્યો. સાહેબ! શું કરો છો? આ આપને ન શોભે. આમ ન હોય. તમે બે બચશો, બાકી નહિ બચે. જાવ. આહાહા..! જુઓને! ભાન વિના આવું ક્રોધમાં ચડી ગયા. સમ્યગ્દર્શન અને આત્માની શુદ્ધતાના ભાન વિના આવા દીક્ષા પાળીને બીજે રસ્તે ચડી ગયો.

બે આંગળી આમ ઊંચી કરી. મરવાની તૈયારી હતી, છેલ્લી સ્થિતિ હતી. માર બહુ પડેલા પથરાના. તમે બે બચશો, બાકી નહિ. આહાહા..! જુઓ તો એ સ્થિતિ. એ શ્રીકૃષ્ણ અને વાસુદેવ જોદ્ધા ઊભા. એ નગરી સળગે. નવ યોજનની લાંબી, બાર યોજનની પહોળી. રાજકુમારો સળગે અંદરમાં. પોકાર-પોકાર. એ કૃષ્ણ! એ બળદેવ! કોણ જોવે સામું? બાપા! રાણીઓ સળગે, કુંવરો સળગે. હાથી સળગે, ઘોડા સળગે. છ મહિના સુધી સળગી. 'દ્વારિકા' છ મહિના સુધી (સળગી). બેય ચાલી નીકળ્યા. વાસુદેવ અને બળદેવ ચાલી નીકળ્યા. અરે..! ભાઈ! હવે ક્યાં જઈશું? અરે..! પણ તમે દુનિયાના આધાર, હવે તમારે આધાર જોવે? હજારો રાજાઓ જ્યાં રાડ નાખતા એનાથી. નીકળી ગયા, જંગલમાં ગયા. જંગલમાં મૃત્યુ થયું. આહાહા..! ધર્માત્મા સમકિતી તીર્થંકર થવાના. સમજાણું કાંઈ? આવા પ્રસંગ બને, ભાઈ! તું એવા પ્રસંગને યાદ કર અને વૈરાગ્ય કર. સમજાણું કાંઈ?

'**કારણ પાકર તત્કાલ બિગડ જાતે હૈં, ઈસલિયે યહ ઉપદેશ હૈ-પહિલે ભાવકી શુદ્ધતા કરકે દ્રવ્યલિંગ ધારણ કરો.**' પ્રથમ સમ્યગ્દર્શનને પ્રાપ્ત કરી પછી નગ્નપણું ધારણ કરવું. આત્માના સમ્યક્ વિના નગ્ન થાવું નહિ. હેરાન થઈશ, દુઃખી થઈશ. આહાહા..! સમજાણું કાંઈ? છે ને પહેલા? જુઓને! ઓલોય છે જેવું થઈ ગયું છે ને એ? '**ઈસલિયે યહ ઉપદેશ હૈ – પહિલે ભાવકી શુદ્ધતા કરકે દ્રવ્યલિંગ ધારણ કરો.**' આત્માનો અનુભવ. રાગથી, મનથી ભિન્ન અનુભવ કરી સમ્યગ્દર્શન પછી મુનિપણાની ક્રિયાઓ ધારણ કરવી. પછી નગ્નપણું થાય, એમ કહે છે.

'**યહ દ્રવ્યલિંગ ચાર પ્રકારકા કહા હૈ, ઉસકી સૂચના ઈસપ્રકાર હૈ - ૧-મસ્તકકે, ૨-દાઢીકે ઔર ૩-મૂંછોંકે કેશોંકા લોચ કરના,...**' એ ત્રણનો લોચ. એક બોલ. એ ત્રણ બોલ થયા. '**તીન ચિહ્ન તો યે ઔર ચૌથા નીચેકે કેશ રખના;...**' એ ચાર થયા. સમજાણું કાંઈ? '**અથવા ૧. વસ્ત્રકા ત્યાગ,...**' મુનિ હોય એને તો વસ્ત્રનો ધાગો પણ હોઈ શકે નહિ. એક લંગોટી પણ રહે નહિ મુનિને. (રહે) તો એ મુનિ નહિ ત્યાં સુધી. આહાહા..! '**૧. વસ્ત્રકા ત્યાગ, ૨. કેશોંકા લોચ કરના, ૩. શરીરકા સ્નાનાદિસે સંસ્કાર ન કરના,...**' લ્યો! શરીરનું સ્નાનાદિ કરી સંસ્કાર ન કરવા '**પ્રતિલેખન મયૂરપિચ્છિકા રખના. ઐસે ભી ચાર પ્રકાર...**' બીજા ચાર લીધા. પહેલા ઓલા કેશ સંબંધીના અને આ ચાર. '**ઐસે ભી ચાર પ્રકાર બાહ્યલિંગ કહા હૈ.**' જોયું! પ્રતિલેખનમાં પણ મયૂરપિંછી, હોં! આ ઉનની નહિ. બધુંય ઊંધું. સંપ્રદાય નીકળ્યો તો બધુંય ઊંધું. મોરપીંછને ઠેકાણે ઊન, નગ્નને ઠેકાણે કપડા.

એક જણાએ તો લખ્યું છે ને કે અર્ધ ફાલકમાંથી વકરેલો વિકાર. દેરાવાસી સાધુ છે એક, 'ચંપકસાગર'. પહેલા અર્ધફાલક હતા દિગંબરમાંથી જે નીકળ્યા પહેલા શ્વેતાંબર, ત્યારે અડધો કટકો જ રાખતા. એમાંથી વકરેલો વિકાર ૧૧૧ નંબર લખ્યા છે. ૧૧૧ ઉપકરણ છે હવે એની પાસે. છે દેરાવાસી સાધુ, હોં! અહીં આવ્યું હતું, ક્યાંક હતું નહિ અહીં? મૂળ તો નગ્નમુનિ દિગંબર જ અનાદિના હતા. શ્વેતાંબર પંથ હતો જ નહિ કોઈ દિ'. સ્થાનકવાસી તો હતો જ કે દિ' ગંધેય તે? શ્વેતાંબર પંથ ભગવાન પછી છસ્સે વર્ષે નીકળ્યો. આ સ્થાનકવાસી શ્વેતાંબરમાંથી હમણાં નીકળ્યા, પાંચસો વર્ષ પહેલા અને આ તુલસી વળી સ્થાનકવાસીમાંથી નીકળ્યા હમણાં. આ ... અત્યારે છે ને? અર્ધ વસ્ત્રમાંથી ૧૧૧ ઉપકરણો. હજી ભગવાન જાણે ક્યાં સુધી જાશે? એમ કરીને લખ્યું છે. મળ્યા હતા અમને. 'જયપુર' ગયા હતા ને તો આવ્યા હતા. એને કહ્યું કે મહારાજ આવ્યા છે તો આવ્યા હતા. ... ગામમાં ... મગજમાં આ આવ્યું લાગ્યું કે કાંઈક ફેર છે આ બધો. શ્રદ્ધા ચોખ્ખી હતી નહિ. એમાં રહેવું અને પાછું નભવું. આકરું કામ. વાડો છોડવો (એટલે) માથા ફરી જાય. જેમાં જન્મ્યો એમાં ઉછર્યો એમાંથી નીકળવું...

'**એસે સબ બાહ્ય વસ્ત્રાદિકસે રહિત નગ્ન રહના,...**' '**સબ બાહ્ય વસ્ત્રાદિકસે રહિત નગ્ન રહના, ઐસા નગ્નરૂપ ભાવશુદ્ધિ બિના હંસીકા સ્થાન હૈ....**' એકલા નગ્ન થઈ જાય, ભાન સમ્યગ્દર્શન ન હોય એ તો બધા હાસ્યના ઠેકાણા (છે). '**ઔર કુછ ઉત્તમ ફલ ભી નહીં હૈ.**' આહાહા..! લ્યો!

**आगे कहते हैं कि भाव बिगडनेके कारण चार संज्ञा हैं, उनसे संसार–भ्रमण होता है, यह दिखाते हैं :–**

**आहारभयपरिग्गहमेहुणसण्णाहि मोहिओ सि तुमं।**
**भमिओ संसारवणे अणइकालं अणप्पवसो।।११२।।**

**आहारभयपरिग्रहमैथुनसंज्ञाभिः मोहितः असि त्वम्।**
**भ्रमितः संसारवने अनादिकालं अनात्मवशः।।११२।।**

**આહાર-ભય-પરિગ્રહ-મિથુનસંજ્ઞા થકી મોહિતપણે,**
**તું પરવશે ભટક્યો અનાદિ કાલથી ભવકાનને. ૧૧૨.**

**अर्थ :– हे मुने! तूने आहार, भय, मैथुन, परिग्रह, इन चार संज्ञाओंसे मोहित होकर अनादिकालसे पराधीन होकर संसाररूप वनमें भ्रमण किया।**

**भावार्थ :– 'संज्ञा' नाम वांछाके जागते रहने (अर्थात् बने रहने)का है, सो आहारकी वांछा होना, भय होना, मैथुनकी वांछा होना और परिग्रहकी वांछा प्राणीके निरन्तर बनी रहती है, यह जन्मान्तरमें चली जाती है, जन्म लेते ही तत्काल प्रगट होती है। इसीके निमित्तसे कर्मोंका बंध कर संसारवनमें भ्रमण करता है, इसलिये मुनियोंको यह उपदेश है कि अब इन संज्ञाओंका अभाव करो।।११२।।**

## ગાથા-૧૧૨ ઉપર પ્રવચન

**'આગે કહતે હૈં કિ ભાવ બિગડનેકે કારણ ચાર સંજ્ઞા હૈ, ઉનસે સંસાર-ભ્રમણ હોતા હૈ, યહ દિખાતે હૈં :-'**

**आहारभयपरिग्गहमेहुणसण्णाहि मोहिओ सि तुमं।**
**भमिओ संसारवणे अणइकालं अणप्पवसो।।११२।।**

**अर्थ :– 'હે મુનિ!'** આહારની સંજ્ઞા. આહાર તરફનું વારંવાર વલણ. આવો આહાર હોય, આવો જોઈએ, આવો જોઈએ. અરે..! શું છે પણ આ? અમૃતના ઓડકારનો દરિયો ભગવાનઆત્માને આ આવી સંજ્ઞા, ત્યાંના વલણ? એના .. વલણ એમ બતાવે છે, હોં! અંદર લેશે. **'મૈથુનકી વાંછા હોના ઔર પરિગ્રહકી વાંછા...'** એમ છે ને અંદર. વાંછા એટલે એ તરફનું વલણ. એમ. **'આહાર, ભય,...'**ની સંજ્ઞા. પ્રતિકૂળતા આવી પડશે, શું થશે? રોગ આવશે, મરણ આવશે, સર્પ કરડશે, વીંછી કરડશે, શત્રુ મારશે. શું થાશે? એવો ભય. એ ભયની દિશા તરફ વારંવાર વલણ. કહે છે, મરી ગયો એમાં તું મોહિત થઈને. આહાહા..!

સમજાણું કાંઈ?

મૈથુન સંજ્ઞા. વિષય ભોગ. '**મૈથુન, પરિગ્રહ,...**' અંદર ભાવ. વારંવાર એમાં રસ રહ્યા કરે. વિષય-ભોગની વાસના રમવામાં વારંવાર વૃત્તિનો ઝુકાવ રહ્યા કરે એ તો મહા પાપ છે, કહે છે. આત્મા તરફનો જેને ઝુકાવ હોય એને આવી સંજ્ઞામાં ઉત્કૃષ્ટ એક તરફનું વલણ ન હોય. સમજાય છે કાંઈ? મંદ હોય, ઘણું મંદ હોય, ચારિત્રદોષ હોય. અહીં તો કહે છે કે આ સંબંધીની એક્તા તને થઈ ગઈ અંદર. આત્માનો આનંદ ભૂલી અને વિષયની મૈથુનસંજ્ઞામાં લીન થઈ ગયો. રસ પડ્યો, તને ત્યાં રસ પડ્યો. ઝેર છે ત્યાં રસ પડ્યો. સમજાણું કાંઈ? અને પરિગ્રહ સંજ્ઞા. લાખ હોય તો પાંચ લાખ ને પાંચ લાખ હોય તો દસ લાખ ને દસ લાખ હોય તો કરોડ અને કરોડ હોય તો પાંચ કરોડ, પાંચ કરોડ હોય તો દસ કરોડ, ચાલીસ કરોડ થયા, જુઓને! આહાહા..! હેરાન.. હેરાન. સંજ્ઞા, પરિગ્રહ સંજ્ઞા. લ્યો! માણસને લાગે કેવું પણ એ.

'**ઈન ચાર સંજ્ઞાઓંસે મોહિત હોકર...**' એમ શબ્દ છે ને અહીંયાં? એમાં મોહ તને લાગ્યો, એના તરફનો એકલો ઝુકાવ. '**અનાદિકાલસે પરાધીન હોકર...**' આહાહા..! આનંદમૂર્તિ ભગવાન એનો તો તને પ્રેમ અને રસ ન આવ્યો અને આવા વિષયના ભોગમાં તને રસ આવ્યો, ભાઈ! અનાદિકાળથી રખડ્યો છો. આહાહા..! સમજાણું કાંઈ? એકલું બ્રહ્મચર્ય પાળે શરીરથી એ નહિ, હોં! આહાહા..! આ તો રાગની સાથે એક્તા પણ મૈથુન છે. સમજાણું કાંઈ? એના તરફનો વારંવાર ઝુકાવ. બ્રહ્માનંદ ભગવાનઆત્માને ભૂલી એવા વિષયરસમાં માલ્યો, મોહને લઈને મરી ગયો, કહે છે.

'**અનાદિકાલસે પરાધીન હોકર સંસારરૂપ વનમેં ભ્રમણ કિયા.**' સંસારમાં.. વન મોટું સંસારનું. આહાહા..! કેડી નહિ, ક્યાં રસ્તા? વનમાં ચડ્યો, રસ્તો ક્યાં. આ ક્યાં જાવું? આહાહા..! એવું ભવભ્રમણ. ચોર્યાસીની અટવીમાં ક્યાં જાવું અને ક્યાં નીકળવું એના રસ્તા ન મળે કોઈ. એવામાં આવી ચાર સંજ્ઞા વડે ગૃદ્ધિ થઈને આવી ચાર ગતિમાં રખડ્યો. હવે તો છોડ, એમ કહે છે. એવો ઉપદેશ કરે છે. ભાવાર્થ આવશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પ્રવચન નં. ૧૩૬, ગાથા-૧૧૨ થી ૧૧૪, મંગળવાર, કારતક સુદ ૧૨, તા.૧૦-૧૧-૭૦

૧૧૨ ગાથા. 'અષ્ટપાહુડ'માં ભાવપાહુડની. એનો ભાવાર્થ. અર્થ થઈ ગયો.

**ભાવાર્થ :-** '**સંજ્ઞા...**' ન કરવી એમ અહીંયાં કથન છે. એટલે? '**સંજ્ઞા નામ વાંછાકે જાગતે રહને (અર્થાત્ બને રહને)કા...**' પર તરફની જાગૃતિ રહેવાનો ભાવ સંજ્ઞા કહેવામાં આવે છે. પોતાનો આત્મા શુદ્ધ સ્વભાવ... ભાવ અધિકાર છે ને? એટલે શુદ્ધભાવ તરફ ચેત ન રાખતા, પોતાનું સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય છે એ દિશા તરફ ચેત ન રાખતા, જાગૃત ન રહેતા

અને ચાર પ્રકારની સંજ્ઞામાં જાગૃત રહેવું એ પર દિશા તરફનું વલણ, એ ચાર ગતિમાં પરિભ્રમણનું કારણ છે. સમજાણું કાંઈ?

'**સો આહારકી વાંછા હોના,...**' આહાર તરફની દિશા, એનું વલણ. આહારની સંજ્ઞા, એનું વલણ અને એ તરફ ઝુકાવ. ભગવાનઆત્મા અણાહારી શુદ્ધ સ્વરૂપ, એ દિશા તરફ ઢળવું જોઈએ, હિતને માટે. એને ઠેકાણે આમ દિશા તરફ ઢળ્યો છે. કહે છે કે એ દિશાને ફેરવ, તારી દશા ફેરવ, એનું ફળ ચાર ગતિ છે. સમજાણું કાંઈ? '**આહારકી વાંછા હોના, ભય હોના,...**' ભયની દિશા. પર તરફ, પર તરફ ભય... ભય... ભય... ભય. એ દિશાફેર તારી દૃષ્ટિ છે, કહે છે. ભગવાનઆત્મા નિર્ભય ચૈતન્ય શુદ્ધ છે એની દિશા તરફ વળવું જોઈએ કે જે સંસારના નાશનો ઉપાય છે. એને ઠેકાણે સંસારની ઉત્પત્તિનો ઉપાય ઊભો કરો છો, (એ) ભય તરફ દિશા (છે ત્યાં). દિશા ફેર, એની દશા સંસાર, એની ઉત્પત્તિ ચાર ગતિ. સમજાણું કાંઈ?

'**મૈથુનકી વાંછા હોના...**' વિષયની વાસનામાં દિશામાં રસ, વિષયની વાસનામાં રસની દિશા ફેર છે કહે. ભગવાનઆત્મા બ્રહ્માનંદ સ્વરૂપ, બ્રહ્મ નામ આનંદસ્વરૂપ આત્મા છે, અતીન્દ્રિય આનંદનો રસ આત્મા છે. એની દિશા તરફ, દશા તરફ ન વળતા અનાદિથી મૈથુનના પરિણામના રસની દિશામાં ઢળ્યો, એનું ફળ સંસાર છે. સમજાણું કાંઈ? જાવું હોય ઊગમણું અને જાય દોડીને આથમણો, એ દિશા ફેર છે. એમ આત્મા ચૈતન્ય આનંદસ્વરૂપ, એની સન્મુખની દિશા કરવી જોઈએ તો એને જન્મ-મરણ મટે અને ધર્મ થાય. પણ એ સ્વભાવ સન્મુખની દિશાની દશા છોડી એ વિષયના રસના પ્રેમમાં રસીલો થઈ એ દિશા તરફ ઢળ્યો છે. એના ફળ તો ચાર ગતિ રખડવાના છે. સમજાણું કાંઈ?

'**मोहितः**' છે ને એમાં? એના તરફમાં મોહિત કહ્યો છે. એ બાજુ વળ્યો છે. ભગવાનઆત્મા આનંદસ્વરૂપ છે. અતીન્દ્રિય આનંદની મીઠાશનો એ પર્વત છે આત્મા. સમજાણું કાંઈ? આઈસક્રીમ જેમ ચૂસે છે ને મીઠાશમાં? એમ ભગવાનઆત્મા આનંદનો આઈસક્રીમ છે એ તો. આહાહા..! એની તરફનું ચૂસવું છોડી દઈને અનાદિના વિષયના રસને ચૂસે છો. તારી દિશાની દશા ફેર છે, ભાઈ! તું બીજે રસ્તે ચડી ગયો છો. સમજાણું કાંઈ? આહાહા..! એમ કહે છે. જુઓને! ભાષા વાંછા કરી કરીને એ તરફ ઢળ્યો છે ને મોહ? વળ્યો છે ને એ તરફ? સાવધાન (ત્યાં છે). ધર્મીજીવને...

અહીં ભાવ અધિકાર છે એટલે. ભગવાનઆત્મા સિદ્ધ સમાન શુદ્ધ ચૈતન્યદળ પિંડ, એના સન્મુખની દિશા લેવી જોઈએ. તો એને સુખ થાય, ધર્મ થાય અને પરિણામે તેની મુક્તિ થાય. એમ ન કરતાં અનાદિથી આત્માના આનંદના રસને ભૂલી વિષયનો રસ જે પર દિશા તરફ ઢળેલો મોહનો ભાવ... આહાહા..! તારી દશા ફરી ગઈ છે, એમ કહે છે, લ્યો! તારી દિશા ફરી ગઈ છે. દિશાફેર થઈ ગયો, ભાઈ! ભગવાનઆત્માના સન્મુખ દિશા તરફ જવું જોઈએ, એને ઠેકાણે આ મૈથુનના રસને રસ્તે ચડી ગયો. તારા સ્વરૂપની શાંતિનો ત્યાં ઘાત

થાય છે. સમજાણું કાંઈ? આનંદનો રસ ત્યાં લુંટાય છે. એ રસ્તાના રસનો મોહ છોડ, એમ કહે છે. સમજાણું કાંઈ? **'ઔર પરિગ્રહકી વાંછા...'** આ પૈસા... પૈસા... પૈસા-ધૂળ મેળવવાના ભાવ. એના તરફ દિશા. નિર્ગ્રંથ ભગવાનઆત્માનું સ્વરૂપ છે, નિર્ગ્રંથ સ્વરૂપ આત્માનું છે. ગ્રંથના રાગ અને પરિગ્રહ રહિત સ્વરૂપ છે. એના તરફનો ઝુકાવ, મોહ એટલે આમ સાવધાની છે, આમ (સ્વ તરફ) સાવધાની (કર). મૂળ તો આમ બે વાત કરે છે. આહાહા..! સમજાણું કાંઈ?

આવો મનુષ્યનો દેહ અનંતે કાળે પ્રાપ્ત થાય છે, હોં! એ નિગોદ ને નરકમાંથી નીકળી ડૂબકીમાંથી ઉપર આવ્યું છે અત્યારે તારું સત્. એમાં આ એના એ રસમાં પાછો જોડાઈ જા, ભાઈ! તારું શું થશે? આમ કહે છે. જાવું હતું ઉગમણું અને મુઠીયું વાળીને દોડવા માંડયો આથમણો. ભાઈ! માર્ગથી દૂર પડી જાય છે. આહાહા..! સમજાણું કાંઈ?

ત્યારે (કોઈ કહે), સમ્યગ્દૃષ્ટિ છે એ પણ વિષયને તો લે છે ને? ના ના. ભાઈ! તને ખબર નથી. સમ્યગ્દૃષ્ટિ ધર્મી, એણે તો અંતર આત્માના આનંદનો રસ ચાખ્યો છે અને રસ તરફ તેની ચેત અને જાગૃતિ છે. એ વિષયની વાસનાનો વિકલ્પ આવે પણ એ ઝેર જેમ દેખે છે. ઝેર દેખે છે. આહાહા..! ધર્મી જીવ સમ્યગ્દૃષ્ટિ એ વિષયની વિકલ્પદશાને કાળો નાગ દેખે છે. આહાહા..! સમજાણું કાંઈ? તેમ ધર્મીની દશા એની દિશા સ્વ તરફ છે. સમજાણું કાંઈ? ભારે વાત, ભાઈ! ધર્મી જીવની દિશા સ્વરૂપ તરફ છે. ચૈતન્યનો આનંદરસ છે એના ઉપર એની દિશા છે. એ વાસના હોય ખરી. પણ એનો એને રસ છે નહિ. સમજાણું કાંઈ? કાળા નાગની જેમ ઝેર ટપકે લોહીમાં અને જેમ દુઃખ લાગે એવું ધર્મી જીવને આત્માના રસની સન્મુખ આગળ વિષય વાસના એ .. ઝેર છે સર્પનું એવું લાગે. સમજાણું કાંઈ? આ ધર્મ અને અધર્મની દિશાના દશાફેરની વાત કરે છે. આહાહા..! વાત તો બહુ ટૂંકી છે પણ વાત તો બે દિશાના ફેરની વાત છે. આહાહા..!

પરિગ્રહ. જુઓને! સવાર-સાંજ દુકાને બેઠો હોય અને પરિગ્રહની લાલસા, દિશા ફરવી એ તારી દશા ફરી ગઈ, ભાઈ! આહાહા..! એ પરિગ્રહની મમતા અને પરિગ્રહની સંજ્ઞાની ગૃદ્ધિ એ સંયોગથી તને છૂટવા નહિ દે. જ્યાં જ્યાં સંયોગ હશે ત્યાં તારો અવતાર થશે. સમજાણું કાંઈ? 'પોપટભાઈ'! ભારે વાત ભાઈ આ! સંજ્ઞામાં આવું કાઢ્યું હશે! એય..! 'શાંતિભાઈ'! આવું બહાર જ્યાં લાખ-લાખ, બે-બે લાખ પેદા થાય. એને લાખ-બે લાખનું શું હોય? એને તો એના છોકરાને તો ઘણા લાખ પેદા થાય. દિશા ફરી ગઈ તારી, બાપુ! એમ કહે છે. .. શબ્દ વાપર્યો. ઓલો મોહ. મોહ શબ્દ છે ને? મોહમાં આમ (પર)દિશા છે. નિર્મોહમાં આમ (સ્વ)દશા હોય. બસ! વાત આમ છે. આહાહા..! મિથ્યાત્વરૂપી મોહમાં તારું વલણ ચાર સંજ્ઞા તરફ ઝુકી ગયું છે, કહે છે. સમજાણું કાંઈ?

ધર્મી, જેને આત્માનું હિત કરવું છે એ તો ચૈતન્ય આનંદનું ધામ મહાસરોવર પ્રભુ, એની સન્મુખતા એને કોઈ દિ' જતી નથી. રાગની વિમુખતા અને સ્વભાવની સન્મુખતા કોઈ દિ' જતી નથી. સમજાય છે કાંઈ? ભલે છ ખંડના રાજમાં ચક્રવર્તી સમકિતી હો પણ રાજ

અને રાગના પ્રત્યેની વિમુખતા છે અને સ્વભાવ આનંદકંદની તેમાં રુચિથી સન્મુખતા છે. એ મોક્ષને માર્ગે છે. સમજાણું કાંઈ?

'**પરિગ્રહકી વાંછા પ્રાણીકે નિરંતર બની રહતી હૈ,...**' એ બાજુ નિરંતર ચેત રહે છે, એમ કહે છે. આહાહા..! પૈસો રળું, પૈસો કરું, આમ કરું, દુકાને બેઠો હોય, આઠ પહોર તો ન બેસે. ચાર પહોર બેસે. આઠ પહોર તો ક્યાંથી બેસે? રાત્રે સૂવા તો જાતો હોય ને પાછો. સવારથી બેઠો હોય છ વાગ્યાથી. એય.. સાંજના. એય..! ક્યાં ગયો? 'મનસુખ'? અમારે ત્યાં દુકાન હતી ને દુકાન? સવારે છ વાગે ઊઠે. રાતના નવ, સાડા નવ, દસ (વાગે) સૂવે. મજૂર મોટા જોઈ લ્યો. આહાહા..! આ તારા બાપની વાત ચાલે છે. એમ કહેલું મેં, હોં! એ વખતે. એલા પણ આ ગામમાં સાધુ આવે, સાંભળવાનો મોખ ન મળે. ઓલાએ મોઢું આખો દિ' ન જોયું હોય. રાત્રે આવે સાડા આઠે. આવ્યા રાતડિયા શ્રાવક, એમ બોલે. આહાહા..! વ્યવહારુ સાંભળવાના મોખનો વખત ન મળે. દિવસે તો ધમાલ... ધમાલ... ધમાલ... ધમાલ... આહાહા..! શું છે પણ તારું? શું તારી દિશા ફરી ગઈ છે? એમ કહે છે.

ભગવાનઆત્માના સ્વભાવની સન્મુખની રુચિની દિશા અને દશા જોઈએ. આ દશા શું ઊભી તેં કરી છે? એમ કહે છે. આહાહા..! 'હસમુખભાઈ'! બરાબર હશે ને? દુકાનમાં રસ કેટલો પડે છે? ગ્રાહક આવે, પૈસા જાય. પૈસા જાય. પૈસા જાયને ઠેકાણે આવે એમ કહેવું હતું વળી જાય એમ બોલાય ગયું. ઉઘરાણી છે ને એને? એના છોકરાની નાખે ને લાખોની બહાર. આહાહા..! ... લોહવાટ શરૂ થાશે. આહાહા..!

મુમુક્ષુ :– બધા વસુલ થઈ જાય.

ઉત્તર :– જાય છે કહે છે અહીં. પરિગ્રહની વ્યાખ્યા છે ને? તારો ભાવ–સ્વભાવ આનંદ અને શાંતિ છે એ પરિગ્રહની રુચિના વલણના એકલા મોહમાં તારી શાંતિના પૈસાની લક્ષ્મી લુટાઈ છે અને રાજી થાય છે. અરે..! આ કેવી રીતે? સમજાણું કાંઈ? આ પરિગ્રહની વ્યાખ્યા છે. 'શાંતિભાઈ'! 'ભગવાનજીભાઈ' નથી. અહીંયાં જમીન મળી ગઈ હતી 'રામજીભાઈ' કહેતા હતા. શું ક્યાં? 'થાણા'માં. સોંઘી મળી ગઈ છે કાંઈક એને. કો'કની.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– વસુલ કર્યા ઠીક. 'ભગવાનજીભાઈ' ગયા હતા હમણાં. પંદર લાખનું 'થાણા'માં છે ને એનું મોટું કારખાનું. આમ તો ઘણા પૈસા છે એની પાસે. એથી વધારે. પણ એક છે 'નાઈરોબી'માં અને એક છે અહીં અને એક છે અહીં. થોડા પૈસામાં જમીન ઘણી મળી જાય તો માણસને રસ આવે કે નહિ?

મુમુક્ષુ :– પોતાની હોંશિયારી કેટલી!

ઉત્તર :– ધૂળેય હુશિયાર નથી ત્યાં. એ તો પૂર્વના પુણ્યનો યોગ એટલે સોગઠી ગોઠવાય જાય ત્યાં. મૂઢ માને કે મેં ધ્યાન બરાબર રાખ્યું માટે મને મળી ગઈ આ. બે દિ' પહેલા જો ન જાત તો આ જમીન બીજાને વઈ જાત. મોહી ને મૂઢ ને અજ્ઞાની છે. આ મોહી શબ્દ તો

અહીં વાપર્યો છે, જુઓને! '**मोहितः असि**' મોહિત થયેલો, મુંઝાઈ ગયેલો, પરમાં સાવધાન થયેલો. એમ કહે છે મૂળ તો.

મુમુક્ષુ :- મોહિત અને ભ્રમિત બે શબ્દ છે.

ઉત્તર :- હા. છે ને. પછી '**भ्रमितः**' બીજે પદે. '**मोहितः असि त्वम्। भ्रमितः संसारवने**' એ તો પછી આવું થયું તો તારે સંસારનો .... એ એનું ફળ વર્ણવ્યું છે. સમજાણું કાંઈ? '**मोहितः असि त्वम्।**' ભગવાનઆત્મા શાંતિનો સાગર પ્રભુ, એની સન્મુખની દિશા છોડી અને તારી દિશાઓ બધી આહાર, ભય, મૈથુન અને પરિગ્રહમાં ગઈ '**मोहितः असि त्वम्।**' મોહિત છો, મૂઢ છો. તેના ફળ તરીકે '**भ्रमितः संसारवने**' ગહન સંસાર ચોર્યાસીના અવતાર ક્યાંય પાર ન મળે. એકેન્દ્રિય-કીડી, મકોડા, ઢોર, માણસ... આહાહા..! અપાર સંસાર, એમાં ભમીશ, ભાઈ! સમજાણું કાંઈ?

'**પ્રાણીકે નિરંતર બની રહતી હૈ,...**' નિરંતર જાગૃતનો ભાવ એ તરફ રહ્યો છે. આહાર, ભય, મૈથુન અને પરિગ્રહ. આહાહા..! '**નિરંતર બની રહતી હૈ,...**' છે ને? '**યહ જન્માંતરમેં ચલી જાતી હૈ,...**' કહે છે કે એ સંજ્ઞાની ગૃદ્ધિ બીજે ભવે પણ ચાલી જાય છે. એ ઝેરની ગરવનો લાવ સાથે લઈ ચાર ગતિમાં રખડે છે. આહાહા..! ભગવાન અંદર આત્મા આનંદ મૂર્તિ પ્રભુ ... આહાહા..! નિજનિધાન આત્માનું અનંત પરમાત્મ સ્વરૂપ અંદર આનંદ લક્ષ્મી પડી છે એની સામું જોવાને નવરો થાતો નથી. નવરાશ જ નથી આની સામું જોઈએ, એમ કહે છે. 'શાંતિભાઈ'! આહાહા..! 'શાંતિભાઈ'એ તો છોડી દીધું. તેરસોનો માસિક પગાર હતો. ભાઈ બ્રહ્મચારી છે. બાળબ્રહ્મચારી. માસિક તેરસોનો પગાર પ્લેનમાં. છોડી દીધો. નોકરી-બોકરી હવે નથી કરવી. હોળી છે આ બધી. નિવૃત્તિ લીધી.

મુમુક્ષુ :- એકલા ને એકલા...

ઉત્તર :- એકલો જ છે ને. બેકલો કે દિ' હતો? એને તો એની બા ડોશીમાં પણ છે. બહાના કાઢવા હોય તો ઘણાં છે. પંદરસોનો પગાર માસિક. દોઢ હજાર. નોકરી કરવી નથી હવે. હવે દીક્ષા લેવી છે? કહે, ના. બીજે નોકરી કરવી છે? કહે ના. ત્યારે શું છે? અમારે 'સોનગઢ' જવાની ઈચ્છા છે. પણ ભાઈ! કરવા જેવું આ (છે). વર્ષ ચાલ્યા જાય, જિંદગી જાય. આહાહા..! બાપુ! ભગવાન ચૈતન્ય ચિંતામણી રતન. એને ચિંતવવાનો વખત ન મળે અને આ ઝેરને ચિંતવવાના વખત. ભાઈ! તારી જિંદગીની દિશાઓ ક્યાં ફરે છે? આહાહા..! ભાવ શુદ્ધ અધિકાર છે ને? એ બધો અશુદ્ધભાવ છે એમ કહે છે. સમજાણું કાંઈ? આંખો મીંચીને ચાલ્યો જાઈશ, ભાઈ! ક્યાં જઈશ પત્તો નહિ લાગે. એ વંટોળીયામાં તણખલાના કટકા ઊડીને ક્યાં પડશે? એમ પરના મોહિત પ્રાણીઓ દિશા જેની મૂઢ થઈ ગઈ છે. સ્વભાવ સન્મુખ શું ચીજ છે એની ખબર નથી. એ ચોર્યાસીના અવતાર.. અહીં કીધું ને?

'**संसारवणे**' અનાદિ કાળ અનાત્મવશ. દેખો! અનાત્મવશ કીધું ને? પરવશ થયો એ. રાગને આધીન થઈ ગયો. આહાર સંજ્ઞા, ભય સંજ્ઞા, મૈથુન સંજ્ઞા, પરિગ્રહ સંજ્ઞાને આધીન

થઈ ગયો. એ દુઃખ છે, સંજ્ઞા એ દુઃખ છે. દુઃખને આધીન થઈ ગયો. ભગવાન આનંદસ્વરૂપ છે આત્મા પોતે અતીન્દ્રિય, એનું સમ્યગ્દર્શન કર્યા વિના, સ્વને સ્વાધીન થયા વિના, પરને આધીન થઈ ગયો છે. સમ્યગ્દૃષ્ટિ જીવ સ્વાધીન થયો છે. પોતાનો આનંદ જેણે ઝડપ્યો છે. આહાહા..! ગૃહસ્થાશ્રમમાં હો, પણ સમકિતી જે ધર્મી કહેવાય એણે તો આત્માનો આનંદ અંદર છે એનો સ્વાદ લીધો છે. આહાહા..! અને આનંદનો સ્વાદ લે છે એ. એની આ ચાર બાજુની સંજ્ઞા તરફનું વલણ નથી. અસ્થિરતા આવે એ કાંઈ ખરું વલણ નથી. સમજાણું કાંઈ? આહાહા..!

**'જન્માંતરમેં ચલી જાતી હૈ,...'** શું ચાલ્યું જાય? આ ચાર સંજ્ઞા. આહાર સંજ્ઞાનો રસ, ભયનો, મૈથુનનો, પરિગ્રહનો. ચાલ્યો જાય ચાર ગતિમાં. આહાહા..! કોઈ ત્યાં પાંજરાપોળ નથી કે એને પૂછે કે આ દુઃખમાં ક્યાં આવ્યો? આહાહા..! **'જન્મ લેતે હી તત્કાલ પ્રગટ હોતી હૈ.'** લ્યો! જ્યાં જન્મ લે કે પૂર્વની સંજ્ઞા જે ગૃદ્ધિ, પરમાં મોહની દિશાવાળી દશા, યાદ આવે, એને એ આવે, ભગવાનઆત્મા પડ્યો રહ્યો. સમજાણું કાંઈ? તરત જ બાળક હોય ત્યાં ધાવવા માંડે. શીખવ્યું છે કોઈએ? કે આ ચૂસવું માતાનું. એને ગૃદ્ધિ તો અનાદિની છે એ લઈને આવ્યો એ પાધરી જાગૃત થઈ, ફડાક. આહાહા..! માતાના દૂધ પીવા પણ આત્માનો આનંદ પીવો તો ચૂકી ગયો. સમજાણું કાંઈ? ધર્મ-અધર્મમાં ફેર છે, દિશા ફેર છે. ધર્મીની દૃષ્ટિ આત્માના સ્વભાવ શુદ્ધ આનંદ ઉપર છે. એથી એને ચાર સંજ્ઞાનો રસ નથી. રસ ઊડી ગયો છે. અજ્ઞાનીનો આત્મરસ ઊડી ગયો છે અને ચાર સંજ્ઞાના રસમાં ઘેરાઈ ગયો છે. આહાહા..! કંઈ પણ મૈથુન પરિગ્રહ સંજ્ઞામાં સુખબુદ્ધિ રહે છે એ જ આત્માના આનંદને લૂંટવાની બુદ્ધિ છે. હોંશ રહે ને હોંશ? જુઓને, દિવાળીએ લખે કે નહિ? અભયકુમારની બુદ્ધિ હજો, બાહુબળનું બળ હજો. કોની સાથે વઢવું છે તારે? શું છે? આહાહા..! બાહુબળનું બળ હજો, શાળીભદ્રની ૠદ્ધિ હજો, અભયકુમારની બુદ્ધિ હજો. વાણિયાએ ઠીક ગોઠવ્યું છે બધું સરખું.

મુમુક્ષુ :- બુદ્ધિ તો દેને વેપારી.

ઉત્તર :- વગર બુદ્ધા વિનાના બધા રળી ખાતા હતા. એય..! 'મનસુખ'! એને ખબર નથી એના બાપની ને બધાની? બબ્બે લાખ રૂપિયા રળતા. બુદ્ધાનું શું કામ છે ત્યાં? એ તો પૂર્વના પુણ્યના પરમાણુ પડ્યા હોય તે પાપને કાળે દેખાય. આ માને કે હું ડાહ્યો અને વ્યવસ્થા કરી માટે મારે આ થયું. મૂઢનો સરદાર છે. આ બધા એવા હશે આ? 'મલૂકચંદભાઈ'! કો'ક કહેતું હતું કે ન્યાલભાઈ બહુ સાંભળે ને તો તો એને સમજાય જાય. એમ વળી કો'ક કહેતું હતું. પણ સાંભળવાની નવરાશ ક્યાં છે એને? એ કો'ક કહેતું હતું, હોં! કો'ક એવું કહે. 'ન્યાલભાઈ' જો પંદર દિ' સાંભળે આવું તો એની બે કરોડની મૂડી છે એનો રસ થોડો ઓછો થઈ જાય.

મુમુક્ષુ :- છોકરા જ એના બાપને અહીંથી ત્યાં લઈ જાય.

ઉત્તર :- બાપને લઈ જાય એ તો ઠીક, એમાં કાંઈ એના બાપને સંતોષ થયો નથી. એ

તો બધું સમજાવવું. ... ભાવની વાત છે એમ કહ્યું હતું. બહુ સરસ વાત કરી છે.

મુમુક્ષુ :- એ તો સૌના ...

ઉત્તર :- .. ભાઈએ એમ કીધું હતું. .. ઠીક કરી વાત. વાત પણ એમ છે. કોઈનો ભાવ કોઈ કંઈ કરી દે છે? આહાહા..! અરે..! ભગવાન! કયે રસ્તે ચડી ગયો તું? માણસ નથી કહેતા કે, એલા! કયે રસ્તે ચડી ગયો? એમ અહીંયાં કહે છે કે કયે રસે ચડી ગયો તું? આહાર સંજ્ઞા, મૈથુન, (ભય) પરિગ્રહ ચાર સંજ્ઞાના રસ્તે એ તો પાપના રસ્તે ચડી ગયો તું. આહાહા..! સમજાણું કાંઈ? ભારે વાત છે. શબ્દો એવા એની શૈલીના છે ને આમાં.

'**मोहितः असि त्वम्।**' ચારમાં '**भ्रमितः संसारवने अनादिकालं अनात्मवशः**' આ મિથ્યાદૃષ્ટિની વાત લીધી, ભાઈ! સમકિતી ચાર સંજ્ઞાને વશ નથી. વૃત્તિ આવે છે એને એ જાણે છે. પોતાના જાણે છે, એનો જાણનાર છે. અજ્ઞાની એને વશ થઈ ગયો છે. આહાહા..! સમજાણું કાંઈ? '**તત્કાલ પ્રગટ હોતી હૈ. ઈસીકે નિમિત્તસે કર્મોંકા બંધ કર...**' લ્યો! જન્મે ત્યાં પાછી પૂર્વની ગૃદ્ધિ. ઓલું આવે છે ને? લક્ષ્મણનું, ભાઈ! રાવણે લક્ષ્મણને શક્તિ મારી હતી. એ તો મોટા પુરુષો હતા ને બધા. મોક્ષગામી પુરુષો છે હોં! એ બધા. રાવણ પણ મોક્ષગામી છે. રાવણ તીર્થંકર થવાના છે. લક્ષ્મણ તીર્થંકર થવાના છે. રામ મોક્ષ ગયા. રાવણે એવી ઊંચી શક્તિ મારી કે મૂર્છા આવી ગઈ. રામ મુંઝાણા, રાજા મુંઝાણા. આહાહા..! આ શક્તિ જો સવાર સુધી રહી તો દેહ છૂટી જશે. પણ અંદર આસ્થા ખરી વાસુદેવ પ્રતિવાસુદેવને માર્યા પછી જ એનું રાજ થાય. એટલો વળી વિશ્વાસ તો અંદર હતો પણ કેટલાકને એમ થઈ ગયું. મૂર્છા થઈ ગઈ. મારે બીજું કહેવું છે.

એમાં કોઈએ કહ્યું કે પણ હવે આનો ઉપાય? મૂર્છા હાય.. હાય. હવે શું? વાસુદેવ તો એ હતા ત્રણ ખંડના અધિપતિ મુખ્ય. રાવણ .. ન હતો. રાવણ જીવતો. રાવણ જો થાય તો આને ભારે થાય. કોઈ ઉપાય? બાઈએ પાણી છાંટ્યું. બ્રહ્મચારી એક બાય હતી. મારે એમ કહેવું છે કે સૂતા એમાં બોલ્યા શું એકદમ? ક્યાં ગયો રાવણ? આ પહેલો શબ્દ. ભાઈ! પહેલો શબ્દ આ નીકળ્યો. મૂર્છા હતી. ઓલું તો હતું ને અંદર? જ્યાં મૂર્છા ખાઈને આમ ઉઠ્યો ત્યાં કહે ક્યાં ગયો રાવણ? એ કહે છે અહીં. ઓલું છે ને અંદર? સમજાણું કે નહિ? આ ડાળા કાપતા નથી? આ ડાળા શું કહેવાય? ગરમરને ડાળા. .. ડાળા નથી આવતા? આમ કાપે. છરીને લાકડાની પાલી હોય, ઊંધી. પાલી ઊંધી રાખીને આમ કરે. ઝાજી થાય તો ઊંઘ આવી જાય. જાગે ત્યાં થઈ રહ્યું. કારણ કે ઓલો કામ કરતા કરતા સૂઈ ગયો છે. અને જરી મહેનત પણ પડે. ઓલું .. ... બીજું શું કહેવાય? ડાળા-ડાળા.

મુમુક્ષુ :- હોંશિયાર માણસનું...

ઉત્તર :- હોંશિયાર ને કઠણ બહુ હોય. એટલે એ છરી બહુ સારી જો હોય ને અને ઊંધી લાકડું હોય ને ઓલું પાલી, આ પહેલું અમે જોયેલાની વાત છે, હોં! હવે તો ક્યાં કોણ કરે છે ડાળાના. આ તો પહેલા આપણે વાણિયામાં થાતું. આપણું ઓલું .. કરતો હોય જ્યાં

પાંચ-છ કલાક થાય એને .. હોય તો ડાળા મણ. હજી અધ મણ થયા હોય ત્યાં સૂઈ જાય. અને જાગે ત્યાં થઈ રહ્યા ... આવું છે, હોં! આવું જોયેલું છે બધું. આહાહા..! કોથળા કાપે ને કોથળા? કોથળામાં ડાળા નાખે અને આમ-આમ કરે. ...

એમ અહીંયાં કહે છે કે ચાર સંજ્ઞાની ગૃદ્ધિ થઈ, જન્મ્યો જ્યાં તત્કાલ લાવો આ. લાવ વિષય, લાવ પૈસા. ભણકાર એના બધાના. '**ઈસીકે નિમિત્તસે કર્મોંકા બંધ કર...**' એ ભાવથી બંધન થાય પાછું. '**સંસારવનમેં ભ્રમણ કરતા હે, ઈસલિયે મુનિયોંકો યહ ઉપદેશ હૈ કિ અબ ઈન સંજ્ઞાઓંકા અભાવ કરો.**' મુનિને ઉદ્દેશીને વાત છે પણ બધાને વાત લાગુ પડે છે. અરે..! ભગવાન! પર તરફની સંજ્ઞાની ગૃદ્ધિની રુચિ તો છોડ. અને ભગવાનઆત્મા આનંદનુ ધામ છે એની રુચિ કર. તો તારા આરા આવશે, નહિતર આરા આવશે નહિ. એ બહારના ધોળા દેખાય, હસ્તા દેખાય એ કાળાને રોતા મરશે. સમજાણું કાંઈ? અને એવા ઠેકાણે અવતરશે. છોડ, છોડ, ભાઈ! આત્માનો પ્રેમ કર, આત્માના આનંદની રુચિ કર. પણ આ રુચિ છોડ. આહાહા..!

---

आगे कहते हैं कि बाह्य उत्तरगुणकी प्रवृत्ति भी भाव शुद्ध करके करना :-

बाहिरसयणत्तावणतरुमूलाईणि उत्तरगुणाणि।
पालहि भावविशुद्धो पूयालाहं ण ईहंतो।।११३।।

बहिःशयनातापनतरुमूलादीन् उत्तरगुणान्।
पालय भावविशुद्धः पूजालाभ न ईहमानः।।११३।।

તરુમૂલ, આતાપન, બહિઃશયનાદિ ઉત્તરગુણને,
તું શુદ્ધ ભાવે પાળ, પૂજાલાભથી નિઃસ્પૃહપણે. ૧૧૩.

अर्थ :- हे मुनिवर! तू भावसे विशुद्ध होकर पूजा-लाभादिकको नहीं चाहते हुए बाह्यशयन, आतापन, वृक्षमूलयोग धारण करना, इत्यादि उत्तरगुणोंका पालन कर।

भावार्थ :- शीतकालमें बाहर खुले मैदानमें सोना-बैठना, ग्रीष्मकालमें पर्वतके शिखर पर सूर्यसन्मुख आतापनयोग धरना, वर्षाकालमें वृक्षके नीचे योग धरना, जहाँ बूँदें वृक्षपर गिरनेके बाद एकत्र होकर शरीर पर गिरें। इसमें कुछ प्रासुकका भी संकल्प है और बाधा बहुत है, इनको आदि लेकर यह उत्तरगुण हैं, इनका पालन भी भाव शुद्धि करके करना। भावशुद्धि बिना करे तो तत्काल बिगड़े और फल कुछ नहीं है, इसलिये भाव शुद्ध करके करनेका उपदेश है। ऐसा न जानना कि इनको बाह्यमें करनेका निषेध करते हैं। इनको भी करना और भाव भी शुद्ध करना यह आशय है। केवल पूजा-लाभादिके लिए, अपना बड़प्पन दिखानेके लिये करे तो कुछ फल (लाभ) की प्राप्ति नहीं है।।११३।।

## ગાથા-૧૧૩ ઉપર પ્રવચન

**'આગે કહતે હૈં કિ બાહ્ય ઉત્તરગુણકી પ્રવૃત્તિ ભી ભાવ શુદ્ધ કરકે કરના :-'** મુનિને ઉદ્દેશીને મુખ્ય વાત છે ને જરી?

**बाहिरसयणत्तावणतरुमूलाईणि उत्तरगुणाणि।**

**पालहि भावविशुद्धो पूयालाहं ण ईहंतो।।११३।।**

**અર્થ :- 'હે મુનિવર! તૂ ભાવસે વિશુદ્ધ હોકર....'** શુદ્ધ ચૈતન્યસ્વરૂપ ભગવાન, એની શ્રદ્ધા-જ્ઞાનથી શુદ્ધ થઈને.. મૂળ તો સમ્યગ્દર્શનની વાત છે ભાવશુદ્ધની. સમજાણું કાંઈ? દ્રવ્યલિંગ ધારણ કર્યું હોય, નગ્નમુનિ (થયો હોય), પણ તેં ભાવ ધારણ ન કર્યો હોય અંદરમાં. ચૈતન્ય શુદ્ધસ્વરૂપ ભગવાન, એને પડખે ગયો નહિ અને રાગના પડખા અંતરથી છોડ્યા નહિ, એ તો દુશ્મનને પડખે ગયો છો, ભાઈ! સમજાણું કાંઈ? માટે કહે છે, ભગવાનઆત્મા સિદ્ધ સમાન તારું અંતર સ્વરૂપ છે. એ સિદ્ધ થાય છે ક્યાંથી? કાંઈ બહારથી થાય છે? એ સિદ્ધ સ્વરૂપ છે એમાંથી એન્લાર્જ થાય છે. આહાહા..! વિશ્વાસ રહેવો જોઈએ ને કે હું તો એક પરમાત્મા છું. આહાહા..! એવા પરમાત્માને કહે છે, વિશુદ્ધ ભાવ પ્રગટ કરી. વિશુદ્ધ શબ્દે અહીં પવિત્ર છે. વિશુદ્ધ શબ્દે શુભ નહિ અહીંયાં. સમજાણું કાંઈ? વિશેષ શુદ્ધિ. સમ્યગ્દર્શનમાં શુદ્ધિ તો હોય છે પણ મુનિને વિશેષ શુદ્ધિ હોય છે. ભાવમુનિ, હોં! આ બધા લુગડા પહેરીને બેઠા એ કોઈ સાધુ-બાધુ છે નહિ. એ તો ચોખ્ખી વાત છે. પણ નગ્નમુનિ જે દ્રવ્યલિંગી હોય, જેણે સ્ત્રી-કુટુંબ, પરિવાર છોડી દીધા છે પણ અંદરમાં શુદ્ધ સ્વભાવ ભગવાનઆત્માની દૃષ્ટિ અને રુચિ થઈ નથી, એ બધા દ્રવ્યલિંગીઓ સાધુ નહિ પણ ભાવલિંગ નહિ, દ્રવ્યલિંગી છે.

એને કહે છે કે હે, ભાઈ! **'ભાવસે વિશુદ્ધ હોકર...'** ચૈતન્યના આનંદના રસના પ્રેમી થઈને વિશુદ્ધ થયો થકો **'પૂજા-લાભાદિકકો નહીં ચાહતે હુએ...'** દુનિયાની પૂજા ને લાભને ઈચ્છતો ન હોય. દુનિયા માન આપે એ કાંઈ ઘરેણે મૂકાય એવું છે? મરતા કહે, અમારી આબરુ મોટી હતી માટે હવે અમે દુર્ગતિમાં નહિ જઈએ. એમ છે? પથારા મોટા હોય દેશમાં, ગામમાં, આબરૂના. એ કાંઈ ઘરેણે મૂકાય એવું છે? કહે છે, પૂજા-લાભની ઈચ્છા છોડી દે. અમને લોકો માને, અમને કાંઈક લાભ મળે બહારનો. સમજાણું કાંઈ? ૬૦ વર્ષે છોકરો થાય તો પુત્રરત્નની પ્રાપ્તિ થઈ એમ કહે અજ્ઞાની. કહો, પુત્રરત્નની પ્રાપ્તિ થઈ. ઠીક એય..! રતન શબ્દ વાપરે છે ને બધા? .. રત્ન. બધા રત્ન એટલે ઊંચું. દરેક શબ્દને રત્ન કહેવાય છે. ઉદક ઊંચું હોય પાણી એને ઉદકરત્ન કહેવાય. પૃથ્વી ઊંચી હોય એને હીરો રત્ન કહેવાય. એ બધી ચીજ છે ને. માણસપણું ઊંચું મળે એને મનુષ્યરતન કહેવાય. સમજાણું કાંઈ? આ ચૈતન્યહીરો. આહાહા..! એની જેને અંતર શ્રદ્ધા અને ભાન, આનંદના ભાન થયા છે. કહે છે

કે, ભાઈ! દુનિયાની આબરૂ અને પૂજાની ઇચ્છા શું હોય? પૂજ્યપણું તો તારો આત્મસ્વભાવ છે. અને આત્માનો લાભ થયો એ તને લાભ છે. બહારની પૂજા અને લાભ એ કાંઈ તારી ચીજ નથી. કહો, સમજાણું કાંઈ?

**'પૂજા-લાભાદિકકો નહીં ચાહતે હુએ બાહ્યશયન, આતાપન,...'** મુનિ છે ને? મુનિ તો એવા હોય છે કે જેને વસ્ત્રનો ધાગો ન હોય. મુનિ ભગવાનના માર્ગના, વીતરાગ માર્ગના મુનિ એને કહીએ. એ જંગલમાં વસે, વનમાં વસે અને **'બાહ્યશયન, આતાપન, વૃક્ષમૂલયોગ ધારણ કરના, ઇત્યાદિ ઉત્તરગુણોંકા પાલન કર.'** પણ શુદ્ધ સમ્યગ્દર્શનના ભાનસહિત, એમ કહે છે. આત્માનું-શુદ્ધનું ભાન નથી અને આ બધું કરે તોપણ એને કાંઈ ધર્મનો લાભ છે નહિ.

**ભાવાર્થ :- 'શીતકાલમેં બાહર ખુલે મૈદાનમેં સોના-'** આહાહા..! મુનિ એટલે? નગ્ન દિગંબર અને આત્માના આનંદના સ્વાદી અંદર. સમજાણું કાંઈ? એ શીતકાલમાં ચોરે-ખુલ્લામાં ઠંડીમાં બેસે. અંતર આત્માના આનંદને ચૂસતો હોય એને ઠંડી-બંડી લાગતી નથી. આહાહા..! એને મુનિ કહીએ. એય..! 'પ્રકાશદાસજી'! આ તો લૂગડાના મોટા ઢગલા અને શું કહેવાય? ગરમ ધાબળીયું બસ્સો-બસ્સો રૂપિયાની, પાંચસો-પાંચસો રૂપિયાની. સાધુ. ધૂળેય સાધુ નથી, સાંભળને! પુણ્ય પણ તારા સારા નથી ધર્મ તો નથી પણ. સમજાણું કાંઈ? અહીં તો કહે છે, આત્માના આનંદના અતીન્દ્રિય અનુભવનો સ્વાદિયો આત્મા, એ મુનિ થઈને કહે છે ઠંડી. જ્યાં હીમ ખુલ્લું પડતું હોય, આડશ જ્યાં ન હોય એમાં ઊભો રહે, એમ કહે છે. આહાહા..! એકમાં આવે છે ને કાંઈક? ભાઈ! આજના આ મુનિ શું? હરણિયા જેવા. ગામની આસપાસ આવે છે. એવું આવ્યું હતું એક ઠેકાણે.

મુમુક્ષુ :- 'આત્માનુશાસન'.

ઉત્તર :- હા. 'આત્માનુશાસન' હરણ જેવા ગામ આસપાસ આવે. મુનિ તો વનમાં હોય. એવો પાઠ છે. વનમાં હોય ઈ અહીં બહાર આવે અંદર ગામમાં? લોકો નથી કહેતા? કૂતરું તાણે ગામ ભણી, શિયાળ તાણે સીમ ભણી. મુનિ તો સીમમાં રહેતા હતા. મુનિનો માર્ગ વીતરાગનો તો બધા વનમાં રહેતા એ માર્ગ હતો. આ તો બધું ફેરફાર-ફેરફાર. શ્રદ્ધામાં ફેર, આચરણમાં ફેર, બધો ફેર. આહાહા..! સમજાણું કાંઈ?

આત્માના સ્વાદી જીવો વિશેષ આત્માની ઉગ્રતા પ્રગટ કરવા ચારિત્ર જેણે સ્વરૂપની રમણતા પ્રગટ કરી છે એને કહે છે કે આમ ચૌડા મકાન ખુલ્લી જગ્યા હોય ત્યાં બેસવું. આહાહા..! અહીં તો લૂગડા ત્રણ-ત્રણ ઓઢીને સૂવે અને બારણા બંધ કરે અને આઠ કલાક ઊંઘવું. અને અમે સાધુ. ભાઈ! સાધુ બાપા! એને ન કહેવાય. સમજાણું કાંઈ? આહાહા..! સાચી સંતદશા કોને કહેવી એને ઓળખાવે છે.

**'ગ્રીષ્મકાલમેં પર્વતકે શિખર પર સૂર્યસન્મુખ આતાપનયોગ ધરના,...'** આહાહા..! જેને આત્માની શાંતિ અંદર જાગી છે એ શાંતિમાં મશગુલ બેઠો એ તડકે બેઠો હોય ત્યાં

શિખર ઉપર. આનંદની લહેર ઊઠે છે અંદર. એને મુનિ કહેવામાં આવે છે. એને જૈન પરમેશ્વર વીતરાગ કહે છે એ મુનિ આવા હોય. સમજાણું કાંઈ? આહાહા..! પહેલા શ્રદ્ધાનું ભાન કરાવ્યું. ... પરતરફનો રસવાળો તે મિથ્યાદૃષ્ટિ છે અને આ રસવાળો એ સમ્યગ્દૃષ્ટિ. એમ. પછી આ ઉપરાંત મુનિપણું સમકિત ઉપર કેવું હોય, મુનિની દશા (એ કહે છે). સમજાણું કાંઈ?

**'વર્ષાકાલમેં વૃક્ષકે નીચે યોગ ધરના,...'** વર્ષાકાલમાં વૃક્ષની નીચે બેસે. ભાઈ! વાત સાંભળતા માણસને એમ થઈ જાય. વીતરાગ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ એનો કહેલો માર્ગ આ છે. એથી વિપરીત બધું કર્યું છે એ બધી મિથ્યાશ્રદ્ધાને પોષનારા છે. સમજાણું કાંઈ? કહે છે કે **'જહાં બૂંદે વૃક્ષપર ગિરનેકે બાદ એકત્ર હોકર શરીર પર ગિરે.'** માથે હોય ને. વૃક્ષ નીચે બેસે. પાણી .. આમ પડે તો .. દરોડો પડે ને? આમ છૂટું હોય તો એક એક બિંદુ પડે આમ. પણ વૃક્ષ ઉપર પાણી પડે એટલે આમ દરેડો પડે. ભેગા થઈને પડે માથે. પાંદડા ઉપર પાણી ભેગું થઈને ધડાધડ તડ-તડ-તડ. ફડાક ફડાક પડતું હોય. મુનિ ધ્યાનમાં-આનંદમાં બેઠા હોય. આહાહા..! સમજાણું કાંઈ? વાત સાંભળતા માણસને એમ થાય કે આવો માર્ગ હોય! પરમેશ્વર વીતરાગ ત્રિલોકનાથ તીર્થંકરદેવનો મુનિનો તો આ માર્ગ છે. બાકી બધું ઊલટું કરી નાખ્યું છે. આ વસ્ત્રો રાખવા, પાત્ર રાખવા, અપાસરામાં રહેવા, દેરાસર બાંધીને રહેવા એ બધો મુનિમાર્ગ નથી. વીતરાગના માર્ગનો મુનિમાર્ગ નથી. આહાહા..!

કહે છે કે **'શરીર પર ગિરેં. ઈસમેં કુછ પ્રાસુકકા ભી સંકલ્પ હૈ...'** કેમકે ઓલા પાંદડે અડીને પડે ને એટલે કદાચ અચેત પણ પાણી થઈ જાય. મુનિ તો જંગલમાં જ રહેતા. આ શ્વેતાંબર જ્યાં નીકળ્યા ભગવાન પછી પાંચસો વર્ષે, ત્યારથી આ બધો બગાડ ગરી ગયો છે. સમજાણું કાંઈ? ભગવાન પછી છસ્સો વર્ષ સુધી તો અનાદિ સનાતન સંતનો દિગંબર માર્ગ હતો એ ચાલતો હતો. એમાં છસ્સો વર્ષે દુકાળ પડ્યા એમાં શ્વેતાંબર પંથ નીકળ્યો. એમાંથી પછી આ સ્થાનકવાસી તો હમણા પાંચસો વર્ષ પહેલા શ્વેતાંબરમાંથી નીકળ્યા. એ વીતરાગનો માર્ગ નથી, એમ કહે છે. એય..! 'શાંતિભાઈ'! 'શંકરભાઈ'ને બેસવું કઠણ પડે ત્યાં. મકાન કરાવી ગયા પણ પછી સોંપ્યું, થઈ રહ્યું લ્યો. કહો, સમજાણું આમાં? મકાનમાં તો એ કરી ગયા હતા ને? ભાઈ 'શંકર' મૂકી ગયા હતા. 'શાંતિભાઈ' નહોતા.

અહીં કહે છે કે.. આહાહા..! માર્ગ તો માર્ગ પણ. મુનિ એટલે પરમેશ્વરપદ, પરમેષ્ઠીપદ. જેને ગણધર નમસ્કાર કરે. ણમો લોએ સવ્વસાહુણં. આહાહા..! એવા મુનિ એ આત્માના સ્વભાવની સન્મુખ થઈ અને પરની સન્મુખતા છોડી અને આવા ત્રણકાળમાં ભિન્ન ભિન્ન પ્રકારે (ધ્યાન ધરે). શીતકાળમાં ચોરા ખુલ્લામાં રહેવું, ઉનાળામાં પર્વતની શીખર ઉપર રહેવું. ઉત્તર ગુણ છે બધા એ. પણ એ ઉત્તરગુણો સમ્યગ્દર્શન અને આત્માના શુદ્ધિ સહિત હોવા જોઈએ, એમ કહે છે. સમ્યગ્દર્શન અને આત્માનું ભાન ન મળે અને આવા બધા કરે તો એ બધા એકડા વિનાના મીંડા. સમજાણું કાંઈ?

**'પ્રાસુકકા સંકલ્પ હૈ ઔર બાધા બહુત હૈ,...'** બાધા બહુ. પાણી પડે માથામાં? ઉપરથી આવે તો ધડાક... ધડાક.. ધડાક પડતું હોય. **'ઈનકો આદિ લેકર યહ ઉત્તરગુણ હૈં, ઈનકા પાલન ભી ભાવ શુદ્ધ કરકે કરના.'** પણ આત્મા આનંદસ્વરૂપનો અનુભવ કરી શુદ્ધતા પ્રગટ શક્તિમાંથી પ્રગટ વ્યક્તતા કરી અને આ ઉત્તરગુણોને પાળવા. આત્માના સમ્યક્ અનુભવના ભાવ વિના ઉત્તરગુણ આવા હોય .. એ બધા રખડવાના રસ્તા છે. આહાહા..! વીતરાગ પરમાત્મા તીર્થંકરદેવ એનો કહેલો માર્ગ તો આ છે. સમજાણું કાંઈ? કાયરના તો કાળજા કંપે એવું છે.

'વચનામૃત વીતરાગના...' 'શ્રીમદ્'માં આવે છે ને? 'પરમ શાંતરસ મૂળ, ઔષધ જે ભવરોગના પણ કાયરને પ્રતિકૂળ' આવો માર્ગ! આવો માર્ગ! એ તો ઉત્સર્ગ માર્ગ હશે. પણ આવો માર્ગ બધાનો હોય કાંઈ? અહીં તો પરમેશ્વર કહે છે કે અનાદિઅનંત તીર્થંકરના માર્ગમાં સંતો નગ્ન અને અનુભવી થઈને આવી દશામાં રહેતા એવો અનાદિનો માર્ગ છે. એ કોઈ નવો છે નહિ. આ બીજા ફાંટા બધા નીકળ્યા એ નવા છે, કલ્પિત. સમજાણું કાંઈ? આવા આત્માના ભાન વિના એકલા નગ્ન થાય તોપણ એની કાંઈ કિંમત નથી, કહે છે. શરીરની દશા એ તો જડની દશા છે. માટી છે આ તો. અંતરદશા અને દિશા ન ફેરવી જેણે. પુણ્ય અને પાપના ભાવનો પણ પ્રેમ છોડી પવિત્ર ભગવાનઆત્માની જેને દૃષ્ટિ રુચિનો પ્રેમ થયો છે એવી શુદ્ધ ભાવના સહિત આવા ઉત્તર ગુણો લેવા, એમ કહે છે. ઓહો..હો...! 'કુંદકુંદાચાર્ય'ની વાણી અનાદિ તીર્થંકરની વાણી, ભગવાનની વાણી આ વાણી. કહો, સમજાણું કાંઈ?

**'ભાવશુદ્ધિ બિના કરે તો તત્કાલ બિગડે...'** આહાહા..! જ્યાં આત્માની સન્મુખનો સમ્યગ્દર્શન અને આત્માના આનંદનો સ્વાદ નથી સમ્યગ્દર્શન વિના, એ તો બગડે, બગડે ને બગડે. .. આવું હોય તો સહન ન થાય, ક્રોધ આવે, આમ થાય, તેમ થાય. આહાહા..! ભારે કામ, ભાઈ! **'ભાવશુદ્ધિ બિના કરે તો તત્કાલ બિગડે ઔર ફલ કુછ નહીં હૈ,...'** સાચુ ફળ કાંઈ નહિ, હોં! ફળ ખરું પણ રખડવાનું. ધર્મનું ફળ નહિ. આહાહા..! **'ઈસલિયે ભાવ શુદ્ધ કરકે કરનેકા ઉપદેશ હૈ.'** ચૈતન્ય ભગવાન, એને પુણ્ય-પાપના વિકલ્પથી પણ ઉદાસીન થઈ ભગવાન ચિદાનંદ સ્વભાવનો અનુભવ કરી અને આ કરવું એ વિના નિરર્થક જશે તારું. સમજાણું કાંઈ? **'ઐસા ન જાનના કિ ઈનકો બાહ્યમેં કરનેકા નિષેધ કરતે હૈં.'** પણ સમ્યગ્દર્શન-જ્ઞાન અને અનુભવસહિત આવું કરવું. એમ. **'ઈનકો ભી કરના ઔર ભાવ ભી શુદ્ધ કરના...'** ઉત્તરગુણ હોય એમ કહે છે. **'યહ આશય હૈ. કેવલ પૂજા-લાભાદિકે લિયે, અપના બડપ્પન દિખાનેકે લિયે કરે...'** પોતાની અધિકાઈ દેખાડે અમે ત્યાગી છીએ, અમે મુનિ છીએ, તડકે બેસીએ છીએ, આમ કરીએ છીએ, તેમ કરીએ છીએ, આવું સહન કરીએ છીએ, આટલા અપવાસ કરીએ છીએ. એ તો કેવળ પૂજા-લાભને માટે છે.

**'બડપ્પન દિખાનેકે લિયે કરે તો કુછ ફલ (લાભ) કી પ્રાપ્તિ નહીં હૈ.'** કાંઈ ફળ ન મળે.

આત્માનું ફળ ન મળે એમ કહે છે. રખડવાનું મળે એ ફળ કહેવાય? એ તો અનાદિથી રખડે છે. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ... બધી ખબર છે ને. બધું અમે તો જોયું છે ને એકેએક. નજરે જોયા બધા એકેએક. અહીંથી ... લે. તડકો ન લાગે. પતરા નીચે તપે. પછી બહાર જ્યાં આવે પતાસા વેંચાય. ખુશી થાય બેસીને. અમારી હાજરીમાં બધું જોયું છે અમે. બધું જોયું, ઘણું જોયું. ૫૭ વર્ષ થયા અહીં. ઘણા પ્રકાર જોયા છે. આહાહા..!

---

आगे तत्त्वकी भावना करनेका उपदेश करते हैं :–

**भावहि पढमं तच्चं बिदियं तदियं चउत्थ पंचमयं।**

**तियरणसुद्धो अप्पं अणाइणिहणं तिवग्गहरं।।११४।।**

भावय प्रथमं तत्त्वं द्वितीयं तृतीयं चतुर्थं पंचमकम्।

त्रिकरणशुद्धः आत्मानं अनादिनिधनं त्रिवर्गहरम्।।११४।।

**તું ભાવ પ્રથમ, દ્વિતીય, ત્રીજા, તુર્ય, પંચમ તત્ત્વને,**

**આદ્યંતરહિત ત્રિવર્ગહર જીવને, ત્રિકરણવિશુદ્ધિએ. ૧૧૪.**

**अर्थ :– हे मुने! तू प्रथम तो जीवतत्त्व उसका चिन्तन कर, द्वितीय अजीवतत्त्वका चिन्तन कर, तृतीय आस्रवतत्त्वका चिन्तन कर, चतुर्थ बन्धतत्त्वका चिन्तन कर, पंचम संवरतत्त्वका चिन्तन कर, और त्रिकरण अर्थात् मन–वचन–काय, कृत–कारित–अनुमोदनासे शुद्ध होकर आत्मस्वरूपका चिन्तन कर; जो आत्मा अनादिनिधन है और त्रिवर्ग अर्थात् धर्म, अर्थ तथा काम इनको हरनेवाला है।**

**भावार्थ :– प्रथम 'जीवतत्त्व' की भावना तो 'सामान्य जीव' दर्शन–ज्ञानमयी चेतना–स्वरूप है, उसकी भावना करना। पीछे ऐसा मैं हूँ इसप्रकार आत्मतत्त्वकी भावना करना। दूसरा 'अजीवतत्त्व' है सो सामान्य अचेतन जड़ है, यह पाँच भेदरूप पुद्गल, धर्म, अधर्म, आकाश, काल हैं इनका विचार करना। पीछे भावना करना कि ये हैं वह मैं नहीं हूँ। तीसरा 'आस्रवतत्त्व' है वह जीव–पुद्गलके संयोगजनित भाव है, इनमें अनादि कर्मसम्बन्धसे जीवके भाव (भाव–आस्रव) तो राग–द्वेष–मोह हैं और अजीव पुद्गलके भावकर्मके उदयरूप मिथ्यात्व, अविरत, कषाय और योग द्रव्यास्रव है। इनकी भावना करना कि ये (–असद्भूत व्यवहारनय अपेक्षा) मुझे होते हैं, (अशुद्ध निश्चयनयसे) रागद्वेषमोह भाव मेरे हैं, इनसे कर्मोंका बन्ध होता है, उससे**

संसार होता है इसलिये इनका कर्ता न होना – (स्वमें अपने ज्ञाता रहना)।

चौथा 'बन्धतत्त्व' है वह मैं रागद्वेषमोहरूप परिणमन करता हूँ वह तो मेरी चेतनाका विभाव है, इससे जो बंधते हैं वे पुद्‌गल हैं, कर्म पुद्‌गल है, कर्म पुद्‌गल ज्ञानावरण आदि आठ प्रकार होकर बंधता है, वे स्वभाव–प्रकृति, स्थिति, अनुभाग, और प्रदेशरूप चार प्रकार होकर बँधते हैं, वे मेरे विभाव तथा पुद्‌गल कर्म सब हेय हैं, संसारके कारण हैं, मुझे रागद्वेष मोहरूप नहीं होना है, इसप्रकार भावना करना।

पाँचवाँ 'संवरतत्त्व' है वह राग–द्वेष–मोहरूप जीवके विभाव हैं, उनका न होना और दर्शन–ज्ञानरूप चेतनाभाव स्थिर होना यह 'संवर' है, वह अपना भाव है और इसीसे पुद्‌गलकर्मजनित भ्रमण मिटता है।

इसप्रकार इन पाँच तत्त्वोंकी भावना करनेमें आत्मतत्त्वकी भावना प्रधान है, उससे कर्मकी निर्जरा होकर मोक्ष होता है। आत्माका भाव अनुक्रमसे शुद्ध होना यह तो 'निर्जरातत्त्व' हुआ और सब कर्मोंका अभाव होना यह 'मोक्षतत्त्व' हुआ।

इसप्रकार सात तत्त्वोंकी भावना करना। इसीलिये आत्मतत्त्वका विशेषण किया कि आत्मतत्त्व कैसा है–धर्म, अर्थ, काम इस त्रिवर्गका अभाव करता है। इसकी भावनासे त्रिवर्गसे भिन्न चौथा पुरुषार्थ 'मोक्ष' है वह होता है। यह आत्मा ज्ञान–दर्शनमयी चेतनास्वरूप अनादिनिधन है, इसका आदि भी नहीं और निधन (नाश) भी नहीं है। 'भावना' नाम बारबार अभ्यास करने, चिन्तन करनेका है वह मन–वचन–कायसे आप करना तथा दूसरेको कराना और करनेवालेको भला जानना– ऐसे त्रिकरण शुद्ध करके भावना करना। माया–निदान शल्य नहीं रखना, ख्याति, लाभ, पूजाका आशय न रखना। इसप्रकारसे तत्त्वकी भावना करने से भाव शुद्ध होते हैं।

### स्त्री आदि पदार्थों परसे भेदज्ञानीका विचार।

इसका उदाहरण इसप्रकार है कि–जब स्त्री आदि इन्द्रियगोचर हों (दिखाई दें) तब उनके विषयमें तत्त्वविचार करना कि यह स्त्री है वह क्या है? जीवनामक तत्त्वकी एक पर्याय है, इसका शरीर है वह तो पुद्‌गलतत्त्वकी पर्याय है, यह हावभाव चेष्टा करती है, वह इस जीवके विकार हुआ है यह आस्रवतत्त्व है और बाह्य चेष्टा पुद्‌गलकी है, इस विकारसे इस स्त्रीकी आत्माके कर्मका बन्ध होता है। यह विकार इसके न हो तो 'आस्रव' 'बन्ध' इसके न हों। कदाचित् मैं भी इसको देखकर विकाररूप परिणमन करूँ तो मेरे भी 'आस्रव' 'बन्ध' हों। इसलिये मुझे

**विकाररूप न होना यह 'संवर–तत्त्व' है। बन सके तो कुछ उपदेश देकर इसका विकार दूर करूँ (ऐसा विकल्प राग है,) वह राग भी करने योग्य नहीं है–स्वसन्मुख ज्ञातापनेमें धैर्य रखना योग्य है। इसप्रकार तत्त्वकी भावनासे अपना भाव अशुद्ध नहीं होता है, इसलिये तो दृष्टिगोचर पदार्थ हों उनमें इसप्रकार तत्त्वकी भावना रखना, यह तत्त्वकी भावनाका उपदेश है।।११४।।**

## ગાથા-૧૧૪ ઉપર પ્રવચન

'**આગે તત્ત્વકી ભાવના કરનેકા ઉપદેશ કરતે હૈં :-**' ભગવાન 'કુંદકુંદાચાર્યદેવ' કહે છે કે બીજી ભાવના છોડીને તત્ત્વની ભાવના કર. તેના બે પ્રકાર કહેશે.

**भावहि पढमं तच्चं बिदियं तदियं चउत्थ पंचमयं।**
**तियरणसुद्धो अप्पं अणाइणिहणं तिवग्गहरं।।११४।।**

પહેલા સાત તત્ત્વની વ્યવહારથી ભાવના કરવી એમ કહે છે.

**અર્થ :-** '**હે મુને! તૂ પ્રથમ જો જીવતત્ત્વ ઉસકા ચિન્તવન કર,...**' અર્થમાં જરી જ્ઞાન-દર્શનને નિશ્ચય લેશે. પણ ખરેખર સાત છે ને એ વ્યવહાર છે. નિશ્ચય છે એ બીજા ગીતમાં છે. '**तियरणसुद्धो अप्पं अणाइणिहणं तिवग्गहरं**' એ નિશ્ચય છે. આ વ્યવહાર છે. પણ છતાં વ્યવહારમાં વસ્તુ તો એમ જાણે ને પહેલી? સમજાણું કાંઈ? આચાર્યની શૈલી જુઓ! '**પ્રથમ જો જીવતત્ત્વ ઉસકા ચિન્તન કર,...**' એ લેશે અર્થમાં. જ્ઞાન અને દર્શનનો ધરનાર આત્મા છે, એની ભાવના અને પછી આત્માની ભાવના.

પછી '**દ્વિતીય અજીવતત્ત્વ...**' ધર્માસ્તિ, અધર્માસ્તિ, પરમાણુ, જડ બધા અજીવ છે. એનું જ્ઞાન કરીને છોડવા લાયક છે, એમ જાણ. '**તૃતીય આસ્રવતત્ત્વકા ચિન્તન કર,...**' ત્રીજું પુણ્ય અને પાપના ભાવ તે આસ્રવતત્ત્વ છે. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો ભાવ એ પુણ્યઆસ્રવ છે. હિંસા, જૂઠ્ઠ, ચોરી, વિષય, ભોગ, વાસના એ પાપ આસ્રવ છે. બેય હેય છે. એમ ભાવના કર. સમજાણું કાંઈ? '**ચતુર્થ બંધતત્ત્વકા ચિન્તન કર,...**' રાગ થાય છે શુભ એ અટકે છે એ બંધતત્ત્વ છે. એ આત્માનો સ્વભાવ નથી. એનો વિચાર કર. બંધતત્ત્વનું જાણવું તો કરવું પડે ને? વળી '**પંચમ સંવરતત્ત્વકા ચિન્તન કર,...**' એ પુણ્ય-પાપના વિકલ્પોને અટકાવીને આત્માના શુદ્ધ આનંદની શાંતિની ઉત્પત્તિ થવી, એને પરમાત્મા સંવર કહે છે. આ લોકો હાથ જોડીને બેસે પાંચ આસ્રવના એ કાંઈ સંવર-ફંવર નથી. આહાહા..! ભારે! પુણ્ય અને પાપના વિકલ્પો રાગ રોકાય અને આત્માના આનંદની શાંતિની ઉગ્રતા ઉત્પન્ન થાય એને અહીંયાં શુદ્ધિની ઉત્પત્તિ થાય તેને સંવર કહે છે.

'**ત્રિકરણ અર્થાત્ મન-વચન-કાય, કૃત-કારિત-અનુમોદનાસે શુદ્ધ હોકર આત્મસ્વરૂપકા ચિન્તન કર;...**' લ્યો! એ પછી એમાં આવી ગયું નિર્જરા આદિ. હવે આ

નિશ્ચય આવ્યું. '**મન-વચન-કાય, કૃત-કારિત-અનુમોદનાસે શુદ્ધ હોકર આત્મસ્વરૂપકા ચિન્તન કર,...**' લ્યો! એ નિશ્ચય એકલું આવ્યું. એકલો આત્મા અખંડ આનંદમૂર્તિ, સ્વભાવ... સ્વભાવ... સ્વભાવ... સ્વભાવ... વીતરાગ જેનો સ્વભાવ અનાદિ પડ્યો છે, એવા સ્વભાવની ભાવના કર. લ્યો, આ નિશ્ચય યથાર્થ.

કેવો છે આત્મા? '**અનાદિનિધન હૈ...**' એ તો અનાદિઅનંત છે પ્રભુ આત્મા. કાંઈ નવો થયો નથી. નાશ થાય એવો નથી. નવો થતો નથી, નાશ થતો નથી. છે, છે ને છે. આહાહા..! નિત્ય છે. અનાદિ એટલે આદિ નહિ, અનિધન એટલે અંત નહિ. અનાદિઅનંત ભગવાનઆત્મા અનાદિ... અનાદિ... અનાદિ... અનાદિનો છે અને અનંત.. અનંત... અનંત... અનંત... અનંત કાળ એમ ને એમ રહેશે. વળી કેવો છે?

'**ત્રિવર્ગ અર્થાત્ ધર્મ, અર્થ તથા કામ ઈનકો હરનેવાલા હૈ.**' ભાષા દેખો! કેવો છે આત્મા? કે અનાદિઅનંત છે, ધ્રુવ શુદ્ધ છે. જેનો આશ્રય કરવાથી તે આત્મા એવો છે કે પુણ્ય, લક્ષ્મી અને કામ એ ત્રણનો નાશ કરવાવાળો છે. સમજાણું કાંઈ? આત્મા પુણ્યને ઉત્પન્ન કરનારો નથી, એમ કહે છે. પુણ્ય-પાપ ને ભોગ અને લક્ષ્મી એ બધાનો નાશ કરનારો આત્મા છે. પૈસા વિનાના થઈ જવું? પૈસા વિનાના કરી દે એવો આત્મા તો છે. સમજાણું કાંઈ? એવો આત્મા ભગવાનઆત્મા સર્વજ્ઞ પરમેશ્વર, તીર્થંકર ત્રિલોકનાથ ભગવાને કહ્યો અને જોયો અને છે. એવો આત્મા અંદર જેણે શ્રદ્ધા-જ્ઞાનમાં લીધો એ આત્મા ધર્મ નામ પુણ્ય, અર્થ નામ પૈસો, કામ નામ ભોગ '**ઈનકો હરનેવાલા હૈ.**' રાખવાવાળો નથી એનો એ. સમજાણું કાંઈ? ભોગનો, પુણ્યનો અને પૈસાનો રાખવાવાળો નથી. પૈસાની મમતા, ભોગની મમતા, પુણ્યનો ભાવ એ ત્રણનો વ્યય કરનાર છે એમ કહે છે. ઉત્પન્ન કરનારો એ નથી. આહાહા..! સમજાણું કાંઈ?

'**ત્રિવર્ગ અર્થાત્ ધર્મ, અર્થ તથા કામ ઈનકો હરનેવાલા હૈ.**' એવા આત્માનું જ્ઞાન કરી, શ્રદ્ધા કરીને તેની એકાગ્રતારૂપી ભાવના કર. આ મોક્ષનો માર્ગ ભગવાને કહ્યો છે. સમજાણું કાંઈ? એને ભગવાને ધર્મ અને મોક્ષનો માર્ગ કહ્યો છે. ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ સર્વજ્ઞે પરમેશ્વરે કહ્યો એવો, હોં! અજ્ઞાનીઓ વીતરાગ સિવાય જે આત્માની વાતું કરે છે એણે તો આત્મા કેવો એ જોયો નથી. એની વાત નહિ. તીર્થંકરદેવ સર્વજ્ઞ પરમાત્મા, અરિહંત પરમાત્માએ જે આત્મા જોયો એવો આત્મા જણાવ્યો, એવો આત્મા અંદરમાં જાણી એની ભાવના કરવી કે જેથી આત્મા પુણ્ય-અર્થનો નાશ કરનારો છે. આહાહા..! ઉત્પન્ન કરનારો નથી પણ નાશ કરનારો છે. આહાહા..! આવે છે ને 'સમયસાર'માં? .. ભૂતાર્થ. એ તો એમાં છે પણ ઓલું આવે છે ને સોળમી ગાથાના કળશો. સોળમી ગાથાના. નામ આવડે નહિ. કેવો આત્મા છે? કે આનો નાશ કરનાર છે. ધ્વંસ કરનાર છે. ધ્વંસી એવું આવે છે. સોળમામાં આવે છે. નહિ? સોળમી-સોળમી, હોં! '**सर्वभावान्तरध्वंसि**' ૧૮મો કળશ છે. '**सर्वभावान्तरध्वंसि**' એ તો આત્માના શુદ્ધ ભાવ સિવાયના ભાવનો નાશ કરનાર છે.

રાખનારો, રક્ષણ કરનારો નથી. એને આત્મા કહીએ અને એવા આત્માની શ્રદ્ધા અંતર્મુહૂર્ત થાય એને સમ્યગ્દૃષ્ટિ કહીએ. બાકી ..ભક્તિ એની સાચી છે નહિ.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પ્રવચન નં. ૧૩૭, ગાથા-૧૧૪, બુધવાર, કારતક સુદ ૧૩, તા.૧૧-૧૧-૭૦

૧૧૪ ગાથા, ભાવપાહુડ. ઉસકા ભાવાર્થ. ભાવાર્થ હૈ ન? ઉસમેં હૈ, ઉસમેં નહીં હૈ. હિન્દી મેં હૈ. પ્રથમ લ્યો, પહલે અર્થ લો.

**અર્થ :-** '**હે મુને!**' મુનિ કો પ્રધાન કરકે યહ કથન હૈ. '**તૂ પ્રથમ જો જીવતત્ત્વ ઉસકા ચિંતવન કર,...**' પ્રથમ હી સાધન શબ્દ હૈ. જીવતત્ત્વ ક્યા હૈ ઉસકી ભાવના પહલે તૂં કર. '**દ્વિતીય અજીવતત્ત્વ કા ચિંતવન કર, તૃતીય આસ્રવ તત્ત્વકા ચિંતવન કર, ચતુર્થ બંધતત્ત્વ કા ચિંતવન કર, પંચમ સંવરતત્ત્વકા ચિંતવન કર ઔર ત્રિકરણ અર્થાત્ મન વચન કાય, કૃત કારિત અનુમોદનાસે શુદ્ધ હોકર...**' અર્થાત્ સમ્યગ્દર્શન પ્રગટ કરકે, ઐસા કહતે હૈં. આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિ અખંડ અનાદિઅનંત, ઐસા જો આત્મા હૈ ઉસકી અંતર અનુભવ દૃષ્ટિ કરકે. ભાવપાહુડ હૈ ન? શુદ્ધ ભાવ પ્રગટ કરકે. પુણ્ય-પાપ કા ભાવ તો આસ્રવ, વિકારી અશુદ્ધ ભાવ હૈ. ઉસસે રહિત અપના આત્મા શુદ્ધ આનંદકંદ, ઉસ ઓર કે ઝુકાવ સે, સન્મુખતા સે જો શુદ્ધ ભાવ, પવિત્ર ભાવ વીતરાગી પર્યાય પ્રગટ હો, ઉસકા નામ યહાં શુદ્ધ ભાવ કહતે હૈં. લો, યહ ધર્મ કી શુરૂઆત કી બાત કરતે હૈં.

શરીર, વાણી તો અજીવ હૈ ઔર પુણ્ય-પાપ કા ભાવ હૈ વહ તો અશુદ્ધ હૈ. આત્મા શુદ્ધ જ્ઞાનાનંદ સ્વભાવ ધ્રુવ નિત્યાનંદ કી દૃષ્ટિ કરકે, દૃષ્ટિ કા પ્રસાર, પ્રચાર ધ્રુવ મેં લગાકર શુદ્ધ ભાવ સમ્યગ્દર્શન પ્રગટ કરના વહ પહલે મેં પહલી ચીજ હૈ. સમજ મેં આયા? ત્રિકરણ શુદ્ધ કરકે. મન, વચન ઔર કાયા. કૃત, કારિત ઔર અનુમોદન સે શુદ્ધ હોકર આત્મા કો ભા. પરમાત્મા અપના નિજ સ્વરૂપ શુદ્ધ આનંદ ઔર જ્ઞાન ચૈતન્યપિંડ હૈ, ઉસકી શ્રદ્ધા કરકે, ઉસકી એકાગ્રતા કરના વહ આત્મા કી ભાવના કહને મેં આતી હૈ. કૈસા હૈ આત્મા? ભગવાનઆત્મા અંદર કૈસી ચીજ હૈ?

'**અનાદિનિધન હૈ...**' હૈ ઉસકી આદિ નહીં, હૈ ઉસકા અંત નહીં. અનાદિ અનિધન. આદિ નહીં, હૈ ઉસકી આદિ ક્યા? ઔર ન હો ઉસકી ઉત્પત્તિ ક્યા? ન હો ઉસકી ઉત્પત્તિ ક્યા ઔર હૈ ઉસકી ઉત્પત્તિ ક્યા? સમજ મેં આયા? ભગવાનઆત્મા શુદ્ધ ચૈતન્ય ધ્રુવ અનાદિઅનંત કૈસા હૈ? '**ત્રિવર્ગ અર્થાત્ ધર્મ, અર્થ તથા કામ ઈનકો હરનેવાલા હૈ.**' ઉસમેં મૂલ પાઠ હૈ. ભગવાનઆત્મા તો ઐસા હૈ કિ ધર્મ નામ પુણ્ય, અર્થ નામ લક્ષ્મી, કામ નામ ભોગ-તીનોં કા નાશ કરનેવાલા ઉસકા સ્વભાવ હૈ. તીનોં કો રખનેકા, ઉત્પન્ન કરનેકા, રક્ષણ કરનેકા ઉસકા સ્વભાવ હૈ નહીં.

મુમુક્ષુ :- ધર્મ માને પુણ્ય?

ઉત્તર :- પુણ્ય. ધર્મ શબ્દકા અર્થ યહાં પુણ્ય હૈ. આહાહા..! સૂક્ષ્મ બાત હૈ. અનાદિ સે ઉસને અપની ચૈતન્યનિધિ ચૈતન્યનિધાન અખંડ આનંદ ઔર જ્ઞાનકા પિંડ પ્રભુ ચૈતન્ય હૈ. હૈ, વસ્તુ હૈ ન? વસ્તુ હૈ તો ઉસકી શક્તિયાં વસ્તુ મેં રહી હૈ ન? વસ્તુ મેં બસનેવાલી શક્તિયાં જ્ઞાન, દર્શન, આનંદ ઉસકી શક્તિ હૈ. કોઈ પુણ્ય-પાપ, રાગ-દ્વેષ ઉસકા સ્વભાવ-શક્તિ નહીં હૈ. સમજમેં આયા?

કહતે હૈં, કૈસા હૈ ભગવાનઆત્મા? અનાદિઅનંત હૈ ઔર વર્તમાન સ્વભાવ ઉસકા ઐસા હૈ કિ વહ તો પુણ્ય, લક્ષ્મી ઔર ભોગકા અભાવ કરનેવાલા સ્વભાવ હૈ. પુણ્યકી ઉત્પત્તિ કરનેવાલા ઉસકા સ્વભાવ નહીં. આહાહા..! વ્યવહાર રત્નત્રય શુભઉપયોગ, રાગકી ઉત્પત્તિ કરનેવાલા નહીં. તો ફિર વ્યવહારસે નિશ્ચય હો ઐસા અંતરમેં હૈ નહીં, ઐસા કહતે હૈં. 'ગોદિકાજી'! સમજમેં આયા? મૂલ પાઠ હૈ ન? '**अणाइणिहणं तिवग्गहरं**'. મૂલ પાઠ. ત્રિવર્ગ હરં. પુણ્ય, લક્ષ્મી ઔર ભોગ તીનોં વિકાર, પાપ. લક્ષ્મીકી મમતા ઔર ભોગકી મમતા વહ તો પાપ (હૈ) ઔર ધર્મ અર્થાત્ પુણ્ય (હૈ). યે પુણ્ય ઔર પાપકી જો વૃત્તિયાં વિકલ્પ હૈ, ઉસકા આત્મસ્વભાવ હરનેવાલા હૈ. ઐસા કહના ભી વ્યવહાર હૈ. સમજમેં આયા? પુણ્યકો ઔર પાપકો ઉત્પન્ન કરે ઐસા કોઈ આત્માકા સ્વભાવ હૈ હી નહીં. સમજમેં આયા? દ્રવ્ય સ્વભાવ નહીં, ગુણ સ્વભાવ નહીં. તો પર્યાયમેં રાગ ઉત્પન્ન કરે.. દો ભાવ આયે-પાપ ઔર પુણ્ય. અર્થ ઔર કામ વહ પાપ ઔર ધર્મ વહ પુણ્ય. તો શુભ ઔર અશુભભાવ આત્મા વસ્તુ હૈ ઐસી ચીજ, ઉસકા સ્વભાવ પુણ્ય-પાપકો ઉત્પન્ન કરે, રક્ષા કરે ઐસા સ્વભાવ હૈ નહીં. પરંતુ ટાલે ઐસા સ્વભાવ વ્યવહારસે કહને મેં આતા હૈ. ક્યોં? કિ વસ્તુકા સ્વભાવ શુદ્ધ આનંદ હૈ, ઉસમેં એકાગ્ર હોતા હૈ તો પુણ્ય-પાપકી ઉત્પત્તિ નહીં હોતી હૈ, ઉસકો હરનેવાલા હૈ ઐસા વ્યવહારસે કહને મેં આયા હૈ. ન્યાય સમજતે હો? લોજીકસે-ન્યાયસે બાત હૈ. સ્પષ્ટીકરણ હોતા હૈ કિ નહીં?

મુમુક્ષુ :- અધિક સ્પષ્ટીકરણ ચાહિયે.

ઉત્તર :- અધિક? દેખો! ઈતને શબ્દ મેં હૈ. '**अणाइणिहणं तिवग्गहरं**'. ભગવાન અપ્પં. અપ્પં અર્થાત્ આત્મા. ત્રિકરણ શુદ્ધ. મન, વચન, કાયાસે કરના, કરવાના ઔર અનુમોદનસે વહ ત્રિકાલ પરસે ભિન્ન શુદ્ધ સ્વરૂપ હૈ. વહ શુદ્ધ ઘન, ચૈતન્યઘન વસ્તુસ્વભાવ (હૈ). યહ વસ્તુસ્વભાવ દૃષ્ટિમેં લેનેસે વસ્તુ તો વસ્તુ હૈ, જબતક દૃષ્ટિ રાગ, પુણ્ય-પાપ પર હૈ તબ વસ્તુ સ્વભાવકી અસ્તિતા, સત્તાકા સ્વીકાર દૃષ્ટિમેં નહીં હૈ. 'પાટનીજી'! જબતક પુણ્ય ઔર પાપ ઔર પરવસ્તુ પર દૃષ્ટિ, લક્ષ્ય, સ્વીકાર, આસ્થા હૈ તબતક આત્મા કૈસા હૈ ઉસકી આસ્થા ઉસે નહીં હૈ.

મુમુક્ષુ :- ક્યા કહા?

ઉત્તર :- ક્યા કહા? ઈતના બનિયે સમજે કે નહીં? બનિયા હૈ કિ નહીં? એય..!

કહતે હૈં, દો તત્ત્વ (હૈં). એક ઓર પુણ્ય-પાપ તત્ત્વ ઔર દૂસરી અજીવતત્ત્વ ઔર તીસરા આત્મતત્ત્વ. સમજ મેં આયા? એક ઓર અજીવતત્ત્વ. જીવ કે અલાવા સબ જીવ ઔર અજીવ યહ જીવ નહીં. ઈસ અપેક્ષા સે સબ અજીવતત્ત્વ. ઔર પુણ્ય ઔર પાપ કે દોનોં ભાવ આસ્રવતત્ત્વ હૈ. અબ, વહ દો ઔર તીસરા આત્મતત્ત્વ. આત્મતત્ત્વ જબ તક અપના સ્વરૂપ પૂર્ણ આનંદ ઔર જ્ઞાયક હૈ ઐસા દૃષ્ટિ મેં સત્તા કા સ્વીકાર નહીં હૈ, તબતક પુણ્ય-પાપ ઔર અજીવ મૈં હૂં ઐસા સ્વીકાર હૈ વહ મિથ્યાદૃષ્ટિપના હૈ. કહો, સમજમેં આયા? ઈસમેં કોઈ સંસ્કૃત વ્યાકરણ કે પહાડે સીખને કી બાત હૈ? યહ તત્ત્વ તો ઈતના સરલ હૈ. સમજ મેં આયા?

કહતે હૈં, પુણ્ય ઔર પાપ આસ્રવભાવ (હૈ). ચાહે તો વહ પંચમહાવ્રતકા વિકલ્પ હો, વહ આસ્રવતત્ત્વ હૈ. ઔર કર્મ, શરીર, વાણી આદિ અજીવતત્ત્વ હૈ. તો કહતે હૈં કિ, અજીવતત્ત્વ ઔર આસ્રવતત્ત્વ પર જબતક દૃષ્ટિ હૈ, તબતક ઉસકી આત્મા કી ભાવના નહીં હૈ. જિસકો અપના માનતે હૈ ઉસકો ઉસકી ભાવના રહતી હૈ. બરાબર હૈ? જિસકો અપના માનતા હૈ ઉસકી અપની ભાવના ઉત્પન્ન કરનેકા, રખનેકા, વૃદ્ધિ કરનેકા ભાવ રહતા હૈ. તો કહતે હૈં કિ જબ આત્મા જ્ઞાયક ચિદાનંદ શુદ્ધ ભગવાન ધ્રુવ હૈ, હૈ, હૈ. હૈ વર્તમાન હૈ, ભૂતકાલ હૈ, ભવિષ્ય હૈ. હૈ તો વહ ચીજ વસ્તુ હૈ. તો ઉસકા કોઈ સ્વભાવ હૈ કિ નહીં? કિ સ્વભાવ અવિનાશી હૈ. જ્ઞાન, દર્શન, આનંદ, સ્વચ્છતા, પ્રભુતા ઐસા ત્રિકાલી સ્વભાવ અવિનાશી હૈ. ઐસા અવિનાશી સ્વભાવવાન, ઉસકી દૃષ્ટિ કરકે જો સ્વભાવ આત્માકી પ્રતીત ઔર સ્વીકાર હુઆ કિ આત્મા ઐસા હૈ કિ પુણ્ય-પાપ ઔર અજીવકો ઉત્પન્ન કરે યા રક્ષા કરે ઐસા ઉસમેં હૈ નહીં.

દૂસરી બાત વહ કહી કિ વ્યવહાર રત્નત્રયકા શુભ વિકલ્પ હૈ વહ આત્મા ઉત્પન્ન કરે ઐસા આત્મા હૈ હી નહીં. તો શુભ વિકલ્પ આત્માકી નિશ્ચયશ્રદ્ધા ઉત્પન્ન કરે ઐસા તો હૈ નહીં. ક્યા કહા સમજમેં આયા? 'પાટનીજી'! ઐસા કઠિન માર્ગ, ભાઈ! કહતે હૈં, ભગવાનઆત્મા.. યહાં કહા ન? આત્માકી ભાવના કરના. ભાવના જબતક નહીં હૈ તબતક પરકી ભાવના તો હૈ. ક્યોંકિ જહાં લક્ષ્ય હૈ, જહાં દૃષ્ટિ હૈ, જહાં પરકી સત્તાકા સ્વીકાર દૃષ્ટિમેં હૈ તબ તો ઉસકી ઉત્પત્તિ કરનેમેં પર્યાયમેં મિથ્યાત્વભાવસે ઉત્પત્તિ કરતે હૈં. સમજમેં આયા? લેકિન જહાં આત્મતત્ત્વકી ભાવના હુઈ તો આત્મા તો જ્ઞાયક ચિદાનંદ શુદ્ધ ચૈતન્ય ધ્રુવ અનાદિઅનંત હૈ ઐસા સ્વભાવકા સ્વીકાર હુઆ તો વસ્તુકા સ્વભાવ ઐસા હૈ કિ શુભ-અશુભ પરિણામકો ઉત્પન્ન કરે ઐસા સ્વભાવ નહીં હૈ. અથવા ઉત્પન્ન કરે ઔર કર્મકો બંદ કરે ઐસા ઉસકા સ્વભાવ નહીં. સમજમેં આયા? ઔર ઉસકા સ્વભાવ વ્યવહારસે કહતે હૈં... વાસ્તવમેં તો આત્માકા સ્વભાવ રાગકા પરમાર્થસે નાશ કરના વહ ઉસકા સ્વભાવ નહીં હૈ. 'સમયસાર' ૩૪વીં ગાથા આતી હૈ ન? ૩૪ ગાથા મેં હૈ. પરમાર્થસે ભગવાનઆત્મા આસ્રવરૂપ તો નહીં, કર્મરૂપ તો નહીં, રાગ કો ઉત્પન્ન કરે ઐસા સ્વભાવ નહીં, લેકિન સ્વભાવ રાગ કા નાશ કરે

ઐસા પરમાર્થ સ્વભાવ ઉસકા નહીં. લેકિન યહાં વ્યવહાર સે સમજાના હૈ. સમજ મેં આયા? ક્યોંકિ રાગ કા નાશ કરે તો ઉસકી દૃષ્ટિ પર્યાય પર જાતી હૈ. સમજ મેં આયા? લેકિન રાગ કી ઉત્પત્તિ જિસમેં નહીં હૈ, ઐસા સ્વભાવ કી દૃષ્ટિ હુઈ તો રાગ કી ઉત્પત્તિ નહીં હોતી હૈ, ઉસકો રાગ કો હરનેવાલા આત્મા હૈ ઐસા કહને મેં આયા હૈ. બરાબર હૈ? લોજીક સે તો યહ બાત હૈ. ઐસે .. માને ઐસે નહીં હૈ. વીતરાગ તત્ત્વ ઐસા સ્પષ્ટ હૈ. સમજ મેં આયા? યુક્તિ, લોજીક, ન્યાય, અનુભવ ઔર આગમ. સબસે સિદ્ધ હો ઐસી યહ બાત હૈ.

કહતે હૈં, '**ત્રિવર્ગ અર્થાત્ ધર્મ,...**' પુણ્ય '**અર્થ તથા કામ ઈનકો હરનેવાલા હૈ.**' યહાં ભાષા ઐસી આયી હૈ, ભાઈ! ઉસમેં ઐસા કહા, નહીં, પરમાર્થ સે ભગવાનઆત્મા વિકાર કા નાશ કર્તા કહના વહ નામમાત્ર હૈ, વસ્તુ મેં વહ નહીં હૈ. નાશ કરે, નાશ કરે, નાશ કરે, નાશ કરે કરે.. કરે.. કરે ઉસમેં રુક જાયેગા. સમજમેં આયા? 'જયંતિભાઈ'! વહાં હીરે-માણિક મેં કુછ નહીં હૈ. હૈ વહાં કુછ? યહ હિરા માણિક હૈ. બાકી તો ધૂલ હૈ વહાં. દો-પાંચ લાખ પૈદા હો, દસ લાખ પૈદા હો, ધૂલ ભી નહીં હૈ. પૈદા કિસકો હો? સુન ન! યહાં તો તેરા આત્મા અનંત જ્ઞાન, આનંદકી લક્ષ્મીકા ભંડાર (હૈ). આહાહા..! ભંડાર જિસમેં (ભરા હૈ). ઐસે સ્વભાવકી ભાવના કરનેસે અર્થાત્... સ્પષ્ટ હિન્દી નહીં આતી, થોડી-થોડી આતી હૈ. ઐસા જો આત્મા હૈ, જ્ઞાનાનંદ શુદ્ધ, કહતે હૈં વહ તો પુણ્ય-પાપકા નાશ કરનેવાલા હૈ. આહાહા..! વ્યવહાર રત્નત્રયકા ઉત્પન્ન કરનેવાલા તો નહીં, લેકિન વ્યવહાર રત્નત્રય સે આત્મામેં સમ્યગ્દર્શન હોતા હૈ ઐસા નહીં. બરાબર હૈ? 'ગોદીકાજી'! યહ એક શબ્દકા અર્થ ચલતા હૈ. '**अप्पं अणाइणिहणं तिवग्गहरं**'. હૈ? સમજમેં આયા? યહ તો અધ્યાત્મ શાસ્ત્ર હૈ. થોડે શબ્દમેં બહુત ભર દિયા હૈ. ગાગર મેં સાગર હૈ. ઓહો..!

કહતે હૈં, અરે..! તેરી ચીજ ક્યા હૈ ઉસ ઓર તેરી નજર કભી ગઈ નહીં. ઔર તેરે મેં હૈ નહીં, તેરી હૈ નહીં, ઉસમેં તેરી નજર અનાદિકાલ સે ઘુમતી હૈ. રાગ ઔર દ્વેષ, પુણ્ય ઔર પાપ, શરીર ઔર યે ધૂલ ને ધાણી, યે પૈસે, હીરા, માણિક લો ન. આહાહા..! વહ તેરે મેં હૈ નહીં, ઉસમેં તું નહીં હૈ. બરાબર હૈ? ઔર તેરે મેં હૈ નહીં ઉસકી ઉત્પત્તિ કરનેવાલા તૂ હૈ હી નહીં. લેકિન તેરેમેં નહીં ઐસી ચીજ હૈ. તો કહતે હૈં કિ આત્મા સ્વભાવકી જહાં દૃષ્ટિ કરતા હૈ વહાં વિકારકી ઉત્પત્તિ નહીં હોતી તો ઉસકો આત્મા હરનેવાલા હૈ ઐસા કહનેમેં આતા હૈ. 'હુકમચંદજી'! આહા..! ઐસા માર્ગ. સ્પષ્ટ.. સ્પષ્ટ. ઉસમેં કહીં સંદેહકો સ્થાન નહીં હૈ. ઐસી ચીજ અનાદિસે ખ્યાલમેં લી નહીં. બાહર મેં 'ભટકત ભટકત દ્વાર દ્વાર લોકનકે કૂકર આશાધારી' કૂત્તા જૈસે હોતા હૈ ન? કૂત્તા. હોતા હૈ ન દસ બજે ભોજનકી હોતી હૈ ન? ક્યા કહતે હૈં? કૂત્તાજાલી. કૂત્તાજાલી લકડીકી રખતે હૈ ન? વહાં માથા મારે કિ રોટી દીજિયે. દસ બજે ભોજનકા સમય હો તબ. ઈસપ્રકાર યે જહાં-તહાં રાગસે લાભ હોગા, પુણ્ય સે લાભ હોગા, પાપસે લાભ હોગા, અનુકૂલતા હોગી તો લાભ હોગા. કૂત્તે જૈસા, કહતે હૈં કિ 'ભટકત દ્વાર દ્વાર લોકનકે'. 'ગોદીકાજી'! 'ભટકત દ્વાર દ્વાર લોકનકે કૂકર આશાધારી, આતમ

અનુભવરસકે રસિયા, ઉતરે ન કબહૂ ખુમારી, આશા ઔરન કી ક્યા કીજે? જ્ઞાન સુધારસ પીજે, આશા ઔરન કી ક્યા કીજે?' યહ બાત ચલતી હૈ. આહાહા..!

કહતે હૈં, અહો..! '**ધર્મ, અર્થ તથા કામ ઈનકો હરનેવાલા હૈ.**' ઈતની વ્યાખ્યા ચલતી હૈ. આહાહા..! ભગવાનઆત્મા ઉસકો કહેં, આત્મા ઉસકો કહેં ઔર આત્મા ઐસા હૈ કિ પુણ્ય ઔર પાપ, શરીર, વાણી, મન, કર્મ તો અજીવતત્ત્વ, એક સમય મેં ભી ઉસકી પર્યાય મેં નહીં હૈ, લેકિન ઉસકી એક સમય કી પર્યાય મેં જો પુણ્ય-પાપ આદિ હૈ ઉસકી ભી ઉત્પત્તિ કરનેવાલા વસ્તુસ્વભાવ નહીં, અજ્ઞાનભાવ ઉત્પન્ન કરતા હૈ. સમજ મેં આતા હૈ? સમજ મેં આયા? સમજાય છે કાંઈ? હમારી ગુજરાતી ભાષા હૈ.

કહતે હૈં, ઓહો..! શુભભાવકી ઉત્પત્તિ કરનેવાલા નહીં, ગજબ બાત હૈ! જિસ ભાવ સે તીર્થંકરગોત્ર બંધે વહ ભાવ ઉત્પન્ન કરનેવાલા આત્મા દ્રવ્યસ્વભાવ નહીં. અપરાધ કી ઉત્પત્તિ કરે વહ આત્મા નહીં. અપરાધ કી ઉત્પત્તિ કરે... જોકે સમકિતી હૈ તીર્થંકરગોત્ર વાલા તો ઉસકી દૃષ્ટિ દ્રવ્યસ્વભાવ પર હૈ. રાગ ઉત્પન્ન હોતા હૈ વહ મેરા સ્વભાવ નહીં, ઉસકો હેય જાનકર અપને સ્વભાવમેં રહતા હૈ. જિસ ભાવસે તીર્થંકર ગોત્ર બંધે વહ ભી અપરાધ હૈ, ગુનાહ હૈ. આતા હૈ કિ નહીં? 'પુરુષાર્થસિદ્ધિ ઉપાય', 'અમૃતચંદ્રાચાર્ય'. 'પુરુષાર્થસિદ્ધિ ઉપાય'મેં પાઠ હૈ, જિસ ભાવ સે તીર્થંકર ગોત્ર બંધે વહ અપરાધ (હૈ), શુભઉપયોગકા અપરાધ હૈ. આહાહા..! ભગવાન! તેરા સ્વરૂપ તો નિરપરાધ સચ્ચિદાનંદ પ્રભુ હૈ. સમજમેં આયા?

કહતે હૈં, ઓહો..! આચાર્યને થોડેમેં બહુત ભર દિયા હૈ, કહા હૈ, હાં! જીવતત્ત્વ ઐસા હૈ, આત્મતત્ત્વ ઐસા હૈ કિ જિસમેં જ્ઞાન, દર્શન, આનંદ, વીર્ય, સ્વચ્છતા, પ્રભુતા ઈત્યાદિ અવિનાશી શક્તિયોંકા ભંડાર આત્મા હૈ. અવિનાશી ભગવાન, ઉસકા અવિનાશી સ્વભાવ વહ રાગકી ઉત્પત્તિ કરનેવાલા, વ્યવહારકી ઉત્પત્તિ કરનેવાલા તો નહીં, લેકિન વ્યવહારકા નાશ કરનેવાલા હૈ ઐસા કહતે હૈં વહ ભી અપેક્ષાસે કહનેમેં આતા હૈ. યહ રાગ હૈ ઔર મૈં ઉસકા નાશ કરું, ઐસા હૈ વહાં? મૈં જ્ઞાયક આત્મા શુદ્ધ ચિદાનંદ હૂં ઐસી દૃષ્ટિ રખતે હૈં તો રાગકી ઉત્પત્તિ નહીં હોતી હૈ, તો રાગ કા હરનેવાલા હૈ ઐસા કહને મેં આયા હૈ. લોજીક સે-ન્યાય સે બરાબર હૈ? સમજ મેં આયા? દેખિયે! ઈસમેં તો સબ તકરાર નિકલ જાતી હૈ.

પુણ્ય-વ્યવહાર મેરા હૈ, ઐસા માને વહ મૂઢ મિથ્યાદૃષ્ટિ આત્મતત્ત્વ નહીં. ઐસા આયા ન? વ્યવહાર કા તો નાશ કરનેવાલા હૈ. તો વ્યવહાર ઉસકા હો તો ઉસકા નાશ ક્યોં હોવે? સમજમેં આયા? હૈં! પુણ્યમેંસે નિકાલા, ધર્મમેં સે. ધર્મ પુરુષાર્થકા અર્થ પુણ્ય હૈ. આહા..! પુણ્ય કહો યા વ્યવહાર કહો. અપના સ્વભાવ નહીં વહ વ્યવહાર, અપના સ્વભાવ વહ નિશ્ચય. સ્વ નિશ્ચય, પર વ્યવહાર. પુણ્ય પર હૈ તો વ્યવહાર હો ગયા. પુણ્યકા જ્ઞાન ઔર આનંદ અપના હૈ વહ તો નિશ્ચય હુઆ, અપનેમેં હૈ. સમજમેં આયા? કિતની બાત કરતે હૈં!

કહતે હૈં, ભાવનાકી, તત્ત્વકી બાત કહી. ફિર કહા, અનાદિનિધન પ્રભુ કૈસા હૈ? ઉસકા

અર્થ અનાદિનિધન શુદ્ધ સ્વભાવ હૈ ઉસકી જિસકો દૃષ્ટિ હુઈ, સમ્યગ્દૃષ્ટિ હૈ ઉસકી દૃષ્ટિ સ્વભાવ પર હુઈ, તો વિભાવ કી ઉત્પત્તિ નહીં હોતી હૈ, ઉસકા નાશકર્તા હૈ ઐસા ઉપચાર સે કહને મેં આયા હૈ. વ્યવહાર નિશ્ચય કો ઉત્પન્ન કરે ઐસી તો બાત હૈ નહીં. ક્યોંકિ નિશ્ચય સ્વભાવ ઐસા હૈ કિ વ્યવહાર કી ઉત્પત્તિ ન કરે, લેકિન વ્યવહાર કા નાશ કરે ઐસા સ્વભાવ હૈ તો વ્યવહાર કી ઉત્પત્તિ કરે ઐસા નહીં, તો વ્યવહાર સે નિશ્ચય કી ઉત્પત્તિ હો ઐસા ભી નહીં હૈ. બરાબર હૈ કિ નહીં? આહાહા..! યહ તો સિદ્ધાંત શાસ્ત્ર હૈ. ન્યાય સે, લોજીક સે, અનુભવ સે યહ હુઆ હૈ. ઐસે હી ઐસે .. કર દે, રક્ષા કર દે ઐસી બાત કરે ઐસી કલ્પિત-કપોળ બાત નહીં હૈ. અનાદિ સિદ્ધાંત સત્ સ્વરૂપ હૈ ભગવાનઆત્મા, ઉસકા ક્યા સ્વભાવ હૈ ઔર ઉસકી ક્યા સ્થિતિ હૈ વહ વર્ણન કરતે હૈં. સમજ મેં આયા?

કહતે હૈં, ધર્મ નામ પુણ્ય, અર્થ નામ પાપ. લક્ષ્મી કમાનેકા ભાવ. યે કમાનેકા ભાવ. 'બાબુજી'! પન્ના.. પન્ના. પન્ના પાપ નહીં. પન્ના તો અજીવ પુદ્ગલ હૈ, લેકિન ઉસકા લક્ષ્ય કરતે હૈં કિ યે. વહ પાપ હૈ. સમજમેં આયા? આહાહા..! ભગવાન! તૂને તેરી ચીજ કભી સુની નહીં. સુની નહીં, ઐસા કહતે હૈં ન? શ્રુત પરિચીત અનુભૂતા. આતા હૈ ન? કભી સુના નહીં. ભગવાન! ક્યા (હૈ)? તેરી ચીજ કૈસી હૈ? કૈસા સ્વભાવ હૈ? યહ બાત તૂને કભી સુની નહીં. સુની નહીં તો પરિચયમેં આયી નહીં, પરિચયમેં આયી નહીં તો અનુભવ હુઆ નહીં. ઊલટી બાત સુની. આહાહા..! કહતે હૈં, બહુત સિદ્ધાંત ઈસમેં આ ગયે, હાં! ફિરસે લિયા વહ ઠીક કિયા. ભાવાર્થસે લેના થા. યે તો કલ હો ગયા થા. આહા..!

શુદ્ધ ચૈતન્ય ભગવાન, જિસકી સત્તામેં, મૌજૂદગીમેં, મૌજૂદ તત્ત્વ હૈ તો ઉસકી મૌજૂદગીમેં જ્ઞાન, આનંદ, શુદ્ધતા પડી હૈ. વહ શુદ્ધતાકી એકાગ્રતા વહ શુદ્ધતાકી ભાવના હૈ. ઔર શુદ્ધતાકી ભાવના કરને સે ભગવાનઆત્મા ઉદયભાવ સંસારકી ઉત્પત્તિ જો ઉદયભાવ હૈ ઉસકી તો ઉત્પત્તિ કરતા નહીં, લેકિન ઉદયભાવકી ઉત્પત્તિ સ્વભાવકે આશ્રયમેં પડા હૈ, ધ્રુવ ભગવાનકી દૃષ્ટિ જહાં અંદર હુઈ તો પર્યાયમેં વિભાવકી ઉત્પત્તિ, સંસારકી ઉત્પત્તિ, ઉદય (ભાવકી) ઉત્પત્તિ ન હુઈ તો ઉસ ઉદયકા તો નાશ કરનેવાલા હૈ ઐસા કહને મેં આયા. ઓહોહો..! સમજમેં આયા? ઉદયભાવ ઉસકા હૈ વહ તો નહીં, ઉદયભાવ ઉત્પન્ન કરે ઐસા નહીં, ઉદયભાવકો નાશ કરતા હૈ ઐસા ભી વ્યવહાર સે કહનેમેં આયા હૈ. આહાહા..! સમજમેં આયા? લો, વહ અર્થ હો ગયા.

**ભાવાર્થ :– 'પ્રથમ 'જીવતત્ત્વ' કી ભાવના તો...'** હિન્દીમેં સે. થોડે રખે થે. સબકો દેના હૈ ન. હિન્દીવાલે આયે હૈ ઈસલિયે યહાં રખે થે. પ્રથમ જીવતત્ત્વ, મુખ્ય બાત તો જીવતત્ત્વકી બાત હૈ. ઉસકી ભાવનાકા ક્યા સ્વરૂપ હૈ? **'સામાન્ય જીવ દર્શન-જ્ઞાનમયી ચેતના સ્વરૂપ હૈ,...'** ભગવાનઆત્મા સામાન્યમેં વિશેષપના રહિત, સામાન્યપને દેખો તો વહ શુદ્ધ દર્શન, જ્ઞાનમયી દૃષ્ટા-જ્ઞાતા ચેતનામય સ્વરૂપ હૈ. ઉસકા પુણ્ય-પાપકા સ્વરૂપ નહીં, શરીર સ્વરૂપ નહીં, કર્મ સ્વરૂપ નહીં, વિકારસ્વરૂપ નહીં. સમજમેં આયા? સામાન્ય જીવ

દર્શન-જ્ઞાન દૃષ્ટાપના ઔર જ્ઞાતાપના, ઐસી ચેતના. ચેતના એકરૂપ હો ગયી. દૃષ્ટા-જ્ઞાતા ચેતના સ્વરૂપ હૈ. ભગવાનકા સ્વરૂપ, ઉસકા રૂપ દૃષ્ટા ઔર જ્ઞાતા ઐસા ઉસકા સ્વરૂપ હૈ. '**ઉસકી ભાવના કરના.**' પહલે તો મૈં જ્ઞાન ઔર દર્શન હૂં, ઐસી ભાવના કરના. ગુણકી બાત કરતે હૈં. મૈં પુણ્ય હૂં, પાપ હૂં, લક્ષ્મી હૂં, સ્ત્રી, પુત્ર ઔર કુટુંબવાલા હૂં, તીન કાલમેં નહીં હૈ. સમજમેં આયા? પચીસ, પચાસ વર્ષ પહલે યહ ચીજ થી? યે બંગલા આપકે પાસ થા? પચાસ વર્ષ પહલે થા? નહીં થા. પચીસ સાલ બાદ રહેગા? નહીં રહેગા. બીચમેં આપકા કહાં-સે હો ગયા?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- કહાં હૈ? લાઈએ, કહાં હૈ? પહલે યહ ચીજ નહીં થી, દૂસરી ચીજ થી.

મુમુક્ષુ :- પહલે નહીં થા, બાદ મેં નહીં હૈ, આજ હૈ.

ઉત્તર :- નહીં હૈ, વહી કહતે હૈં. પહલે નહીં થા, બાદ મેં નહીં રહેગા, વર્તમાનમેં ઉસકા નહીં હૈ. માન બૈઠા હૈ ઉઠાવગીર. સમજમેં આયા? 'જયંતિભાઈ'! પહલે મીઠાલાલજી થે? બંગલા, દુકાન થા? યહ શરીર થા? રાજકુમાર થા? પચાસ-પચપન સાલ પહલે કોઈ નહીં થા. દસ-બીસ સાલકે બાદ કોઈ નહીં રહેગા. તો બીચમેં ઉસકી પરિણતિ કરકે, વહ પદાર્થ ઉસકે પાસ કરીબ ક્ષેત્રમેં આયા તો ઉસકા કહાં-સે હો ગયા?

મુમુક્ષુ :- મહેનત સે પ્રાપ્ત કિયા હૈ.

ઉત્તર :- ધૂલ ભી મહેનત નહીં કી. મહેનત કિસકો કહેં? વિકલ્પ કિયા વહ તો વિકાર હૈ. લક્ષ્મી તો અજીવ હૈ. અજીવ આયા ઉસકે પાસ કહાં આયી હૈ? વહ તો અજીવ અજીવ મેં હૈ ઔર આસ્રવમેં ભી અજીવ નહીં તો આસ્રવ જીવ મેં નહીં. સમજમેં આયા?

યહાં તો પહલે કહતે હૈં, ત્રિવર્ગકા કહા ન, વહ બાદ મેં લેંગે. પહલે જીવતત્ત્વકી ભાવનામેં સામાન્યપને (કહતે હૈં), મૈં તો જ્ઞાન-દર્શન સ્વભાવ હૂં. જ્ઞાન-દર્શન સ્વભાવકી ભાવના કરના. પુણ્ય-પાપ, વિકલ્પ ઔર સંયોગકી ભાવના નહીં કરકે, ઉસકી ઓર એકાગ્રતા ઝુકાવ નહીં હોકર સ્વભાવકી ઓર ઝુકાવ કરકે, મૈં તો જ્ઞાન-દર્શન હૂં (ઐસી ભાવના કરની). ગુણી આત્મા ઉસકા ગુણ અવિનાશી દર્શન, જ્ઞાન ચેતનાસ્વરૂપકી ભાવના-ઉસમેં એકાગ્ર હોના. યહ જીવતત્ત્વકી ભાવના.

અબ, અભેદ કર દેતે હૈં. '**પીછે ઐસા મૈં હૂં ઈસપ્રકાર આત્મતત્ત્વકી ભાવના કરના.**' પહલે તો જ્ઞાન, દર્શન ભાવ લિયા-સ્વભાવ લિયા, સ્વભાવ. મૈં તો જ્ઞાન-દર્શન સ્વભાવ હૂં, ઐસી ભાવના કરના. પીછે મૈં આત્મતત્ત્વ હૂં. કૈસા? ઐસા મૈં હૂં, યહ જ્ઞાન-દર્શન મૈં હી હૂં. ઐસે આત્મતત્ત્વકી ભાવના કરની. આહાહા..! ભારી કઠિન સાધારણ પ્રાણી કો. કાયર પ્રાણીકો તો યહ વચન ઐસે લગે.. યે ક્યા કહતે હૈં? ભગવાન! તેરે ઘરકી બાત હૈ, ભાઈ! તેરે ઘર કી બાત હૈ. તૂઝે તેરી ખબર નહીં.

એકબાર કહા થા ન? 'જયપુર'મેં. 'અબ હમ કબહૂ ન નિજઘર આયે'. 'જયપુર'મેં

કિસીને ગાયા થા. 'પરઘર ભમત અનેક નામ ધરાયે, અબ હમ કબહૂ ન નિજઘર આયે, કબહૂ ન નિજઘર આયે, અબ હમ કબહૂ ન નિજઘર આયે, પરઘર ભમત..' પુણ્ય ઔર પાપ ઔર ઉસકે ફલ. 'અનેક નામ ધરાયે'. મૈં પુણ્યવંત, મૈં પાપી, મૈં શરીરવંત, મૈં અજીવ, મૈં ઐસા, મૈં વૈસા. અરે..! ભગવાન! તેરા ભેખ નહીં ઉસકા અપના ભેખ માનકર તૂ ચાર ગતિમેં પરઘરમેં ભ્રમણ કિયા. તેરી નિજ ચીજ ઘર કી અવિનાશી ક્યા ચીજ હૈ, ઉસ નિધાન પર તેરી નજર કભી ગયી નહીં. સમજ મેં આયા?

કહતે હૈં, જ્ઞાન-દર્શનકી ભાવના કરની. અર્થાત્ પુણ્ય-પાપ ઔર અજીવકી ભાવના નહીં કરની, ઐસા ઉસમેં આ ગયા ન? વહ બાદ મેં લેંગે.

મુમુક્ષુ :- ઉસકા અર્થ કરની.

ઉત્તર :- નહીં, નહીં. કરનીકા અર્થ હેય હૈ ઇતના. ઉસકી ભાવના કરની, ઉસકા અર્થ કિ વહ હેય હૈ ઐસી ભાવના કરની. ઐસે હૈ. સમજમેં આયા? સમજાણું કાંઈ? વહ હમારી ભાષા હૈ. થોડી તો આ જાય ન અંદર.

કહતે હૈં, ભગવાનઆત્મા વસ્તુ અસ્તિ મૌજૂદ ચીજ, ઉસમેં જ્ઞાન, દર્શન મેરા ભાવ હૈ. પુણ્ય-પાપ, વ્યવહાર રત્નત્રય કા વિકલ્પ વહ મેરા ભાવ નહીં. સમજ મેં આયા? દેવ-ગુરુ-શાસ્ત્ર કી ભક્તિ કી શ્રદ્ધા કા રાગ મેરા ભાવ નહીં. આહાહા..! કહાં જાના હૈ ઔર કહાં-સે હટના હૈ ઉસકી ખબર નહીં ઔર ઐસે હી ચલને લગા. ચલો, કરો, કરો. લેકિન ક્યા કરે? તુમ ક્યા હો? ઔર કહાં-સે હટના હૈ ઔર કહાં જાના હૈ? હૈ? બાત સચ્ચી હૈ. ખબર નહીં. ભગવાન! તેરી ચીજમેં તો પ્રભુ! પ્રભુતા ભરી હૈ ન! જ્ઞાન, દર્શનકી તેરી પ્રભુતા હૈ. વિકલ્પ ઔર રાગસે તેરી પ્રભુતા નહીં. આહા..! લક્ષ્મીવાલા હૂં, મૈં પુત્રવાલા હૂં, મૈં પુત્રીવાલા હૂં.. અરે..! ભગવાન! કહાં-સે લાયા? વહ તેરે મેં હૈ નહીં ઔર કહાં-સે લાયા? ઐસા કહતે હૈં. આહાહા..!

**અનંત કાળથી આથડ્યો વિના ભાન ભગવાન,**
**સેવ્યા નહિ ગુરુ સંતને મૂક્યા નહિ અભિમાન.**

વસ્તુ અંતરકી ચીજ ક્યા હૈ? સમજને મેં કભી અભિમાન છોડા નહીં ઔર સ્વરૂપકી ઓરકા લક્ષ્ય કરનેકા અવસર લિયા નહીં, ઐસા કહતે હૈં. દુઃખી.. દુઃખી.. દુઃખી પ્રાણી (હૈ). અપને જ્ઞાન, દર્શનકે સ્વભાવકી ભાવના બિના વહ પ્રાણી દુઃખી હૈ. અબજોપતિ હો, ક્રોડોપતિ હો વહ અપને આનંદસ્વભાવકો ભૂલકર પર ઓર કી વિકલ્પકી વાસના ઉત્પન્ન કરતા હૈ વહ દુઃખ હૈ. દુઃખી હૈ. પાગલ ઉસે સુખી કહતે હૈં. પાગલ કહતે હૈં, યે પૈસેવાલે સુખી હૈં. ધૂલમેં ભી સુખી નહીં હૈ. કૌન કહતા હૈ સુખી હૈ? તેરી નાત પાગલકો પાગલ સુખી કહતા હૈ. તેરી નાત પાગલ કી હૈ. પાગલકા અસ્પતાલ.

ભગવાન પરમેશ્વર ત્રિલોકનાથ પરમાત્મા વીતરાગદેવ તીર્થંકર સૌ ઇન્દ્રકે સમક્ષ સમવસરણમેં ઐસા ફરમાતે થે. સમજમેં આયા? સાક્ષાત્ સીમંધર ભગવાન મહાવિદેહક્ષેત્રમેં

બિરાજતે હૈં. કેવલજ્ઞાની ત્રિલોકનાથ તીર્થંકર બિરાજતે હૈં. ઉનકી વાણીમેં યહ આયા. ઉસે યહાં 'કુંદકુંદાચાર્યદેવ' ઐસા હૈ, ઐસા કહતે હૈં.

કહતે હૈં, પહલે ઉસકી ભાવના કરના. તાકી માને? મૈં તો ચેતન, ચેતનાસ્વરૂપ હૂં. મૈં ચેતન યાની આત્મા, ચેતનાસ્વરૂપ હૂં. ઉસ ઓર ઝુકકર અપને ઈતને અસ્તિત્વકા સ્વીકાર કરના. બહુત સૂક્ષ્મ બાત. ઔર '**પીછે ઐસા મૈં હૂં...**' ઐસે સ્વરૂપ હૂં, વહ તો ઠીક, લેકિન વહ મૈં હી હૂં. આહાહા..! ઐસા મૈં હૂં. ઐસે 'આત્મતત્ત્વ કી ભાવના કરના.' બહુત સુંદર બાત! ઐસા ભગવાન આત્મતત્ત્વ, આત્મતત્ત્વ વસ્તુ સ્વભાવ કી ભાવના. મૈં તો સ્વભાવવાન હૂં. ચેતનાસ્વરૂપ હી મૈં હૂં, ઐસે. આત્મા મેં જ્ઞાન, દર્શન ચેતનાસ્વરૂપ હૈ (ઐસે નહીં), ચેતનાસ્વરૂપ હી મૈં હૂં. સમજમેં આયા? ગુણ-ગુણીકા ભેદ ભી નિકાલકર ચેતનાસ્વરૂપ, ચેતન ઉસ સ્વરૂપ હી હૈ અનાદિ સે. ઐસી અંતર દૃષ્ટિ કરના ઉસકા નામ સમ્યગ્દર્શન ઔર સમ્યગ્જ્ઞાન કહનેમેં આતા હૈ. આહાહા..! સમ્યગ્દર્શન બિના, ઐસે સ્વભાવકા સન્મુખ હોકર સ્વીકાર કિયે બિના જિતના કાયક્લેશ, વ્રત, નિયમ, તપ આદિ કરે સબ સંસાર મેં રુલને કી ચીજ હૈ. સમજમેં આયા? ઐસે આત્મતત્ત્વકી ભાવના કરના.

અબ, દૂસરા તત્ત્વ. પહલે પાઠ આયા ન? '**भावहि पढमं तच्चं**'. પહલા તત્ત્વ વહ. દ્વિતીય, તૃતીય, ચતુર્થ, પંચમ. '**દૂસરા 'અજીવતત્ત્વ' હૈ સો સામાન્ય અચેતન જડ હૈ, પાંચ ભેદરૂપ પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશ કાલ હૈ...**' મનકા રજકણ, વાણીકા રજકણ, દેહકા રજકણ વહ સબ પુદ્ગલ જડ અજીવ હૈ. મેરે મેં હૈ નહીં, મેરા હૈ નહીં, ઉસમેં મૈં હૂં નહીં. પાંચ ભેદમેં પુદ્ગલ એક પરમાણુ રજકણસે લેકર બડા સ્કંધ. શરીર, વાણી, મન, કર્મ, લક્ષ્મી, મકાન, આબરૂ આદિ પુદ્ગલ હૈ. પ્રશંસાકા આવાજ ઉઠતા હૈ કિ બડા હૈ, બડા હૈ. અભિનંદન દેતે હૈં, લો! વહ સબ તો પરમાણુ હૈ. અવાજ ઉઠતા હૈ વહ તો જડકી અવસ્થા હૈ, પરમાણુકી અવસ્થા હૈ. વહ તો પુદ્ગલ હૈ. મેરે મેં હૈ નહીં. આહાહા..! મૈં પુદ્ગલમેં આતા નહીં. પ્રશંસા હોતી હૈ ઉસમેં આત્મા જાતા હૈ? કિસકી પ્રશંસા કૌન કરે? ભગવાન ભગવાન તૂ અપની પ્રશંસા કરે. દૂસરા કૌન કરે? દૂસરા ઉસે દિખતા નહીં તો ક્યા દૂસરા કરે? સમજમેં આયા?

કહતે હૈં કિ વહ પુદ્ગલ જડ અજીવ તત્ત્વ હૈ. આહાહા..! વહ મુઝે હેય હૈ. ધર્મ. ધર્માસ્તિકાય હૈ ન? અધર્માસ્તિ, આકાશ ઔર કાલ. પાંચ. '**ઈનકા વિચાર કરના. પીછે ભાવના કરના કિ યે હૈ વહ મૈં નહીં હૂં.**' દેખિયે! લક્ષમેં તો લેના, જ્ઞાન કરના કિ વહ મૈં નહીં હૂં. આહાહા..! મન કા પરમાણુ, વાણી કા પરમાણુ, દેહ કા પરમાણુ રજકણ વહ મૈં નહીં.

'**તીસરા 'આસ્રવતત્ત્વ' હૈ વહ જીવ-પુદ્ગલ કે સંયોગ જનિત ભાવ હૈ,...**' ઈસકા અર્થ સિદ્ધ કરના હૈ ઈસલિયે (ઐસે કહા). નિશ્ચય સે તો અપની પર્યાય મેં આત્મા કરતા હૈ. લેકિન વહ સ્વાભાવિક ભાવ નહીં હૈ. પર કે લક્ષ્ય સે ઉત્પન્ન હોતા હૈ. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કામ, ક્રોધ વહ આસ્રવતત્ત્વ હૈ. વહ જીવ ઔર પુદ્ગલ કે સંયોગ જનિત ભાવ હૈ.

જિસ ભાવ સે તીર્થંકર ગોત્ર બંધે, વહ ભાવ ભી સંયોગ જનિત આસ્રવભાવ હૈ. સમજમેં આયા? જિસ ભાવ સે તીર્થંકર ગોત્ર બંધે વહ ભાવ ભી આસ્રવ હૈ. ધર્મ સે વિરૂદ્ધ ભાવ હૈ. ઐસા આસ્રવતત્ત્વ જો જીવ, પુદ્ગલ કે સંયોગજનિત, હોં! સંયોગ ને ઉત્પન્ન કિયે, ઐસા નહીં. લેકિન સ્વભાવ મેં નહીં હૈ ઔર પુણ્ય-પાપ કા ભાવ સંયોગી ચીજ કે લક્ષ્ય સે ઉત્પન્ન હોતા હૈ તો સંયોગ જનિત કહને મેં આયા હૈ. સ્વભાવ જનિત નહીં હૈ. એમ. સમજમેં આયા?

**'ઈનમેં અનાદિ કર્મસંબંધસે જીવકે ભાવ (ભાવ આસ્રવ) તો રાગ-દ્વેષ, મોહ હૈ...'** અબ આસ્રવકે દો ભેદ કરતે હૈં. આસ્રવકે દો ભેદ કરતે હૈં, એક ભાવઆસ્રવ, એક દ્રવ્યઆસ્રવ દો. '**અનાદિ કર્મસંબંધ સે જીવકે ભાવ...**' કર્મ કે નિમિત્તકે સંબંધ મેં હોનેવાલા ભાવ રાગ-દ્વેષ ઔર મોહ, રાગ-દ્વેષ ઔર મિથ્યાત્વ ભાવ હૈ. '**ઔર અજીવ પુદ્ગલકે ભાવકર્મકે ઉદયરૂપ મિથ્યાત્વ અવિરત, કષાય ઔર યોગ દ્રવ્યમય હૈ.**' જડકા-જડ પરમાણુકા જો ઉદય હૈ, વહ અજીવ હૈ. આત્મા મેં ઉસકે સંબંધ સે રાગ-દ્વેષ, મિથ્યાત્વ-મોહભાવ હોતા હૈ વહ ભાવઆસ્રવ હૈ ઔર જડ દ્રવ્યઆસ્રવ હૈ. ઈસ ભાવઆસ્રવસે ભાવના કરના કિ વે હેય હૈ. ઉસકી ભાવના કરની કિ વહ મેરે લિયે હેય હૈ. રાગ-દ્વેષ ઔર મોહ ભી હેય હૈ. હેય ચાહિયે. વહ ગલત હૈ. સમજમેં આયા? વહ તો બાદમેં આગે લેંગે ઈસ અપેક્ષા સે લેંગે. મેરે વિભાવ ઐસા શબ્દ આગે આતા હૈ. ઐસે લે સકતે હૈં. આગે આયેગા. મેરે વિભાવ હૈ, ઐસા પાઠ આયેગા. ચાર-પાંચ પંક્તિ કે બાદ. મેરે હૈ, ઉસકા અર્થ કિ ઉસકી પર્યાય મેં હૈ લેકિન હેય હૈ મુળ. સમજમેં આયા? પરમાણુ હૈ વહ તો ભિન્ન હૈ. રાગ-દ્વેષ, મોહ હૈ વહ ઉસકી પર્યાય મેં હૈ, હોતે હૈં, હેય હૈ. હોતે હૈં, હેય હૈ. આહાહા..! ઐસા સમય મિલે કબ? સંસાર કા સમય બચપન ખેલ મેં ખોયા, યુવાની સ્ત્રી મેં મોહ્યા, વૃદ્ધપના દેખકર રોયા. ઉસકે તીનોં ગયે.

મુસલમાન મેં રોજા હોતે હૈં ન? રોજા. રોજામેં ગાતે થે. પાલેજમેં સુના થા. પાલેજમેં વ્હોરા બહુત હૈં. ... બચપન ખેલમેં ખોયા. પંદ્રહ-બીસ વર્ષ ખેલમેં ગયા. ખાના-પીના, ગેંદ સે ખેલા. ફિર યુવાન હુઆ. પહલે ગેંદ સે ખેલા. ગેંદમેં સે ફિર દગા કિયા. માયા, કપટ, કુટિલ, સંસારકી વિચક્ષણતા કરે. યુવાની સ્ત્રીમેં મોહિત હુઆ. બુઢાપા દેખકર રોયા. આહા..! અબ બૈઠા નહીં જાતા. ઓઠિકણ લેકર.. સમજે? ટેકા બિના બૈઠ સકતા નહીં. આંખમેં પાની આતા હૈ, કાન સે સુનાઈ નહીં દેતા, આંખ મેં કચ્ચા દિખતા હૈ. દાંત ગિર ગયે, અબ ક્યા કરના? અરે..! ભગવાન! જબ કરના થા તબ તો કિયા નહીં.

આતા હૈ ન? જબતક રોગ ઉત્પન્ન નહીં હો, વૃદ્ધાવસ્થા નહીં હૈ, તબતક તેરા કામ કર લે. પીછે નહીં હોગા. પીછે નહીં હોગા તો તુઝે લગેગા, હાય.. હાય..! અષ્ટપાહુડ મેં હૈ. ... અષ્ટપાહુડ મેં મોક્ષપાહુડ મેં હૈ. શરીર કી ઈન્દ્રિયાં જીર્ણ હો નહીં, જરાવસ્થા ન હો, દારિદ્રય, રોગ ન હો તબતક અપના કામ કર લે, ભૈયા! વહ તો જડ કી દશા બદલેગી તો તુજે ફિર હાય.. હાય (હોગા).

મુમુક્ષુ :- ..

ઉત્તર :- આતા હૈ, છહ ઢાલા મેં આતા હૈ. યે તો અપને આચાર્ય કા આધાર લિયા. મોક્ષપાહુડ મેં. દશવૈકાલિકમેં શ્વેતાંબર મેં આતા હૈ. શ્વેતાંબર મેં દશવૈકાલિક શાસ્ત્ર હૈ ન? ઉસમેં આતા હૈ. ઉસ વક્ત તો છહ હજાર શ્લોક કંઠસ્થ કિયે થે ન! શ્વેતાંબર મેં. '**जरा जाव न पिडेइ, वाही जाव न वड्ढई, जाविदया न हायंति, ताव धम्मं समायरे**' જબતક શરીરમેં જીર્ણતા (નહીં આતી), જરા નહીં હૈ તબતક આત્માકા કર લે, ભાઈ! '**वाही जाव न वड्ढई**' વ્યાધિ. શરીરમેં રોગકી ઉત્પત્તિ નહીં હો (તબતક કર લે). એક શરીરમેં પાંચ ક્રોડ અડસઠ લાખ, નિન્યાવે હજાર, પાંચસૌ ચૌરાસી રોગ હૈ.

મુમુક્ષુ :- ઈતના તો ડોક્ટર કહતે નહીં.

ઉત્તર :- ડોક્ટર કો ભાન કબ થા? 'કુંદકુંદાચાર્ય' મહારાજ અષ્ટપાહુડમેં ભાવપાહુડમેં કહતે હૈં. ઈસમેં આ ગયા. પાંચ કરોડ અડસઠ લાખ નિન્યાવે હજાર પાંચસૌ ચૌરાસી. એક તસુમેં છિયાનવે રોગ. એક તસુમેં છિયાનવે રોગ (હૈ). ઐસા સારા શરીર હૈ. ઈસમેં હૈ, ભાવપાહુડ મેં આ ગયા હૈ. કૌન-સી (ગાથામેં હૈ)? ભાવપાહુડ મેં હૈ. ગાથા-૩૭. '**एक्केक्कंगुलिवाही छणणवदी होंति जाण मणुयाणं**' ૩૭. તીસ ઔર સાત. હૈ ન? ... ગાથા-૩૭. 'ઈસ મનુષ્યકે શરીરમેં એક-એક અંગુલમેં છયાનવે છયાનવે રોગ હોતે હૈં, તબ કહો અવશેષ સમસ્ત શરીરમેં કિતને રોગ કહેં.' તીન ઔર સાત. 'ભગવતી આરાધના'મેં ઉસકી સંખ્યા હૈ.

કહતે હૈં, શરીરાદિ અજીવકો હેય જાનકર અપને સ્વરૂપકી ભાવના કર. સમજમેં આયા? '**ઈનકી ભાવના કરના...**' ક્યા ભાવના કરની? કિ મેરે લિયે હેય હૈ. '**રાગદ્વેષમોહ ભાવ મેરે હૈં ઈનસે કર્મોંકા બંધ હોતા હૈ,...**' વહ તો જિતના રાગ, દ્વેષ ઔર મોહ હૈ ઉતના તો બંધ હોગા, ઉસમેં આત્માકા થોડા-સા ભી લાભ નહીં હૈ. આહા..! ચાહે તો શુભરાગ હો યા અશુભ હો, બંધકા કારણ હૈ, ઐસા કહતે હૈં. ઐસા વિચાર કરના. '**ઈનસે કર્મોંકા બંધ હોતા હૈ, ઉસસે સંસાર હોતા હૈ ઈસલિયે ઈનકા કર્તા ન હોના...**' ભાષા દેખો! રાગરૂપ પરિણમના નહીં, મૈં તો જ્ઞાનાનંદ સ્વભાવ હૂં, ઐસી દૃષ્ટિ કરકે આનંદરૂપ પરિણમન કરના. રાગ-દ્વેષકા પરિણમન નહીં કરના. વહ અપની ચીજ નહીં. આહા..! ઔર જ્ઞાતા-દૃષ્ટા રહના, ઐસા કહતે હૈં. સમજમેં આયા? વિકલ્પ હોતા હૈ, હો. જૈસે પરદ્રવ્ય હૈ, વૈસે વહ પરદ્રવ્ય હૈ. અપને સ્વભાવમેં ઉસકા સ્પર્શ હૈ નહીં. ઉસકા કર્તા નહીં હોના. આસ્રવકા કર્તા હોના તો મિથ્યાત્વભાવ હૈ. સમજમેં આયા? ઐસી આસ્રવતત્ત્વ કી ભાવના કરના. ઈત્યાદિ લેંગે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પ્રવચન નં. ૧૩૮, ગાથા-૧૧૪, ગુરુવાર, કારતક સુદ ૧૪, તા.૧૨-૧૧-૭૦

અષ્ટપાહુડ મેં ભાવપાહુડ. ૧૧૪વીં ગાથા ચલતી હૈ. યહાં આયા હૈ, દેખો! **'રાગદ્વેષમોહ ભાવ મેરે હૈં ઈનસે કર્મોંકા બંધ હોતા હૈ, ઉસસે સંસાર હોતા હૈ, ઈસલિયે ઈનકા કર્તા ન હોના...'** હૈ ઉપર? ક્યા કહતે હૈં? આત્મા હૈ વહ તો શુદ્ધ ચૈતન્ય આનંદઘન હૈ. ઉસમેં જો કર્મકા નિમિત્ત કે સંગસે જો પુણ્ય-પાપકા ભાવ રાગ-દ્વેષ મોહ ઉત્પન્ન હોતા હૈ વહ ભાવબંધ હૈ ઔર નયે બંધકા કારણ હૈ. સમજમેં આયા? ઈસ કારણ સે વહ હેય હૈ. ઉપર સે પાંચવીં પંક્તિ હૈ. આયા? ક્યા કહા? દેખો! કર્તા ન હોના. ઉસકા કર્તા ન હોના ઉસકા અર્થ કિ આત્મા જ્ઞાનાનંદ સ્વભાવ હૈ, ઉસ પર દૃષ્ટિ રખકર જ્ઞાતા-દૃષ્ટા રહના ઉસકા નામ ધર્મ કહનેમેં આતા હૈ. આહાહા..! રાગ ઔર દ્વેષ કરના ઔર ઉસકા ફલ ભોગના વહ તો સંસાર હૈ. સમજમેં આયા? ઐસી ભાવના કરની, ઐસા કહતે હૈં ન? રાગ-દ્વેષ ભાવ ઔર મોહભાવ હૈ વહ મિથ્યાત્વ આદિ ભાવબંધ નયે દ્રવ્યબંધકા કારણ હૈ. અપની દૃષ્ટિ મેં ઉસકો હેય સમજકર અપના આત્મા આનંદ જ્ઞાયકસ્વરૂપ કો ઉપાદેય કરકે, ઉસકા અનુભવ શાંતિકા વેદન કરના ઉસકા નામ સંવર, નિર્જરા ઔર ધર્મ કહને મેં આતા હૈ.

કલ તપકા થા ન? ભાઈ! કલ શબ્દ નહીં થા. ફિર આજ નિકલા. યહાં કોઈ પુસ્તક પડા થા. તપ તેજ આતા હૈ ન? તપકા તેજ કહા થા ન કલ? ઉસ તપ સે મુક્તિ હોતી હૈ. તપસે નિર્જરા હોતી હૈ. કૌન-સા તપ? યે અનશન, ઉણોદરી, લંઘન વહ નહીં. તપકી વ્યાખ્યા કરતે હૈં. યહાં પડા થા, કિસીને રખા થા. અભી દેખા. કિસીને રખા હોગા. કલ બાત હુઈ થી ન. આગે નિશ્ચયતપ વીર્ય શક્તિકા સ્વરૂપ કહતે હૈં. વાસ્તવિક તપ જો નિર્જરાકા કારણ હૈ ઔર નિર્જરા મોક્ષકા કારણ હૈ વહ ક્યા ચીજ હૈ? આગે નિશ્ચયતપ વીર્ય શક્તિકા સ્વરૂપ કહતે હૈં. તપ કહીયે તેજ. કલ આયા થા ન? કલ હાથ નહીં આયા થા. તપ કહીએ તેજ. તેજ કહીએ અપની ... અપની તેજસ્વી. ચિદાનંદ જ્ઞાનાનંદકા તેજ, તેજસ્વી. અનંતગુણ ચેતનાકી, અનંતગુણ ચેતનાકી પ્રવાહકા પ્રકાશ. અનંત જ્ઞાનાનંદ ચૈતન્યસ્વભાવ, ઉસકા પર્યાય મેં પ્રકાશ, પ્રવાહ.. પ્રવાહ.. પ્રવાહ.. જ્ઞાતા-દૃષ્ટા કે પરિણામકા પ્રવાહ પ્રકાશ હોના તાકે નિષ્પન્ન .. કી સામર્થ્ય. ઉસકા નામ નિશ્ચય તપ વીર્ય શક્તિ કહનેમેં આતા હૈ. તપવીર્ય. સમજમેં આયા?

જ્ઞાનચેતનાકા પ્રકાશ. અબ એક-એકકા ખુલાસા કરતે હૈં. ભગવાન જ્ઞાનસ્વરૂપ હૈ. તો ઉસ જ્ઞાનચેતનાકા પ્રકાશ સ્વસંવેદન. જ્ઞાનકા વેદના ઔર રાગ ઔર દ્વેષ, પુણ્ય-પાપકા વેદન છોડના. વહ નાસ્તિ સે હૈ. અપના જ્ઞાનસ્વભાવ ત્રિકાલી હૈ ઉસકા સ્વસંવેદન, સ્વ અપના સં નામ પ્રત્યક્ષ, જ્ઞાનકા વેદન અંતર એકાગ્રતા હોના, ઉસકા નામ તપ તેજ કહનેમેં આતા હૈ. 'ભગવાનજીભાઈ'! આહા..! બહું સારું. કહો, સમજમેં આયા? જ્ઞાનચેતનાકા પ્રકાશ

સ્વસંવેદન. અરુ સ્વપરપ્રકાશ. દેખો! ઉસકા નામ તપ. કઠિન વ્યાખ્યા, ભાઈ! પ્રતપન ઈતિ તપઃ. જૈસે સુવર્ણમેં ગેરુ લગાને સે સુવર્ણ શોભિત ઓપિત હોતા હૈ. ઓપિત દિખતા હૈ ન? તેજ.. તેજ. ઐસે ભગવાનઆત્મા અપના જ્ઞાન ઔર આનંદ જો ધ્રુવ સ્વભાવ હૈ ઉસમેં એકાગ્ર હોકર જ્ઞાતા-દૃષ્ટા ઔર આનંદ કી પર્યાય કા તેજ, પ્રભા, પ્રકાશ હોના ઉસકા નામ પરમાત્મા તપ કહતે હૈં. આહાહા..! યે તો કહે, ઉપવાસ કિયા, અનશન કિયા, ઉણોદરી કી તો હો ગયા તપ. વહ તો લંઘન હૈ. લંઘન.. લંઘન. ઉસે લંઘન કહતે હૈં.

આતા હૈ ન? ઉપવાસ. યહ તો અપવાસ હૈ. ઉપ-વાસ. આત્મા જ્ઞાતા-દૃષ્ટા કા ભાન, આનંદ કા ધામ, ઉસકે ઉપ નામ સમીપ બસના નામ લીન હોના ઉસકા નામ તપ ઔર ઉપવાસ કહતે હૈં. અપને સ્વભાવ કી સમીપતા છોડકર પુણ્ય-પાપ કે વિકલ્પ મેં બસના ઉસકા નામ અપવાસ કહતે હૈં. 'કાશીલાલજી'! યહ સંસ્કૃત શબ્દ હૈ અપવાસ હૈ. શુભ વિકલ્પમેં રહના, મૈંને આહાર છોડ દિયા, ઐસા કિયા વૈસા કિયા ઐસે શુભ વિકલ્પમેં રહના વહ અપ-વાસ હૈ.

ઉપ-વાસ. ચિદાનંદ ભગવાન આનંદકા ધામ દૃષ્ટિમેં લેકર ઉસમેં લીન હોના ઉસકા નામ વાસ્તવમેં તપ ઉપવાસ કહનેમેં આતા હૈ. વહ તપ નિર્જરાકા કારણ હૈ. યે લંઘન અપવાસ કરે વહ નિર્જરાકા કારણ હૈ, ધૂલ ભી નહીં હૈ. ભાન નહીં હૈ. એય..! 'પ્રકાશદાસજી'! અપવાસ કિયે અષ્ટમી ઔર ચતુર્દશીકો તો હો ગયા તપ વહ નિર્જરા. નિર્જરા વહ ધર્મ ઔર ધર્મ મુક્તિકા કારણ હૈ. ધૂલમેં ભી નહીં હૈ. તુઝે તપકી ખબર નહીં. સમજમેં આયા? લ્યો!

નિજપ્રભા ભાર વિકાસમંડિત તેજ. નિજપ્રભા ભાર-પ્રકાશકા ભાર બઢ ગયા, તેજ. અંતર દૃષ્ટિ કરનેસે સ્વભાવમેં એકાગ્ર હોને સે ચૈતન્ય કે પ્રકાશકા ભાર બઢ ગયા. બોજા યાની ઉગ્રતા શક્તિકી વ્યક્તતા પ્રગટ હુઈ. ભાષા ભી સમજે નહીં. સમજમેં આયા? નિજપ્રભા ભાર વિકાસમંડિત તેજ. ભગવાન ચિદાનંદ સ્વરૂપ, જિસમેં જ્ઞાન, આનંદ અપરિમિત અનંત અપાર બેહદ સ્વભાવ (ભરા હૈ), ઉસમેં એકાગ્ર હોનેસે શક્તિમેં સે જ્ઞાન ઔર આનંદકા પ્રભાકા ભાર, બોજા બઢ ગયા. જહાં રાગ રહે નહીં, વિકલ્પ રહે નહીં ઐસી નિર્વિકલ્પ દશાકી પ્રાપ્તિ, ઉસકા નામ ભગવાન તપ ઔર નિર્જરા કહતે હૈં. આહાહા..! એક ભી તત્ત્વકી ખબર નહીં ઔર માને કિ હમ ધર્મી હો ગયે, કર લિયા ધર્મ. ધૂલમેં ભી ધર્મ નહીં હૈ. ધૂલમેં યાની? લોકોત્તર પુણ્ય ભી નહીં બંધેગા. પાપાનુબંધી પુણ્ય બંધેગા. તત્ત્વ ક્યા ચીજ હૈ, પર્યાય ક્યા હૈ, ગુણ ક્યા હૈ, શક્તિ ક્યા હૈ, શક્તિવાન કિતના બડા માહાત્મ્યવાલા તત્ત્વ હૈ, ઐસી ખબર બિના લંઘન કરતે હૈં ઔર માનતે હૈં કિ હમેં તપ હો ગયા. કહતે હૈં કિ ભગવાન ઉસકો તપ કહતે નહીં.

યાહી પ્રકાર દર્શન નિરાકાર ઉપયોગ. સર્વદર્શી સામાન્ય ચેતનાકા પ્રભાવ ભાર, પ્રકાશકા તેજ. પહલે જ્ઞાનકા કહા, ફિર દર્શન ઉપયોગ શક્તિ ત્રિકાલ હૈ ન? ઉસમેં સે શુદ્ધતા દર્શન ઉપયોગકી પરિણતિકી નિર્મલતા, રાગરહિતતા, શુદ્ધતા સહિતતા ઐસે દર્શનઉપયોગકી પરિણતિ, ઉસકો પ્રભાભાર પ્રકાશ કા તેજ (કહતે હૈં). આહાહા..! કઠિન વ્યાખ્યા. યહ

ચિદ્‌વિલાસ હૈ. 'દીપચંદજી' હૈ ન? 'દીપચંદજી'. 'અનુભવ પ્રકાશ', 'આત્માવલોકન', 'ચિદ્‌વિલાસ' ઉન્હોંને બનાયા હૈ. સમજ મેં આયા? ઐસે અનંત ગુણ કા તેજપુંજ કા પ્રભાભાર. અનંત ગુણ કા પ્રકાશ કા ભાર. વિકસિત હોતી શક્તિ કી વ્યક્તતા. પ્રકાશ કા તેજ. ઐસે દ્રવ્ય કા તેજ. વહ દ્રવ્ય કા તેજ હૈ. અપને દ્રવ્ય કા તેજ અંદર મેં ભરા હૈ. ઐસે દ્રવ્ય, ગુણ, પર્યાય કા પ્રભાભાર પ્રકાશ તપ કહીએ. લો, ઉસે ભગવાન કે માર્ગ મેં, સર્વજ્ઞ કે પંથ મેં કહને મેં આતા હૈ. 'પાટનીજી'! યહ તપ કી વ્યાખ્યા.

મુમુક્ષુ :- તપસા નિર્જરા...

ઉત્તર :- યહ તો નિમિત્ત કી બાત હૈ. તપસા નિર્જરા. ઐસા તપ હો તો બાહ્ય મેં કિસ તરફ સે લક્ષ્ય છોડા થા, આહાર સે, ઉણોદરી સે, ઉસકી વ્યાખ્યા હૈ. વસ્તુસ્થિતિ વહ નહીં હૈ. સમજ મેં આયા? વહ પ્રશ્ન પહલે આયા થા ન? 'ગજરાજજી' કે બડે ભાઈ, કૌન? તોલારામ. યહાં (સંવત) ૨૦૦૯ કી સાલ મેં આયે થે ન? સ્પેશિયલ (ટ્રેઈન) લેકર. જાના થા ન? બાહુબલી યાત્રા. સ્ટેશનમેં વહ થા. બહુત લોગ થે. એક આદમીને તોલારામજીકો પૂછા, સેઠ! મહારાજકો પૂછો. તપસા નિર્જરા કહતે હૈં ન તત્ત્વાર્થ સૂત્રમેં? તપસા નિર્જરા. આતા હૈ કિ નહીં? તપસા ચ નિર્જરા. દેખો! ઐસા તત્ત્વાર્થ સૂત્રમેં આતા હૈ. પૂછો, મહારાજ કો પૂછો કિ તપ સે નિર્જરા હોતી હૈ કિ નહીં?

ભગવાન! તપસા નિર્જરાકી વ્યાખ્યા વહ હૈ, અપના ચૈતન્યપ્રકાશકા નૂર, પૂર પ્રકાશકી પર્યાયમેં પ્રકાશીત ઉગ્રપને પ્રગટ હોતા હૈ ઉસકો તપ કહતે હૈં. ઉસ વક્ત નિમિત્તકા ક્યા લક્ષ્ય થા ઔર છૂટ ગયા, ઉસકો વ્યવહાર તપ કહતે હૈં. નિશ્ચયતપ વાસ્તવિક તપ તો યહ હૈ. કહો, 'ભીખાભાઈ'! ઉસકા અર્થ યહ હૈ. તત્ત્વાર્થ સૂત્ર વ્યવહાર કા ગ્રંથ હૈ. પર્યાય સે બતાયા તો. સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રાણી મોક્ષમાર્ગ, ઐસા લિખા હૈ ન? સબ પર્યાય કી બાત હૈ. અંદર ભિન્ન ચૈતન્ય હૈ. દ્રવ્યસ્વરૂપ જો ભગવાનઆત્મા વહ સાત તત્ત્વ ઔર નવ તત્ત્વ કી પર્યાય સે ભેદરૂપ નહીં હૈ, ઐસા અભિન્ન તત્ત્વ. ઐસા ભગવાનઆત્માકા અનુભવ કરના, દૃષ્ટિ લગાકર સ્થિર રહના વહ મોક્ષકા માર્ગ હૈ. આહાહા..! ક્યા હો? દુનિયાકો મિલા નહીં ઔર મિલા હૈ વહ ઊલટા મિલા હૈ.

મુમુક્ષુ :- સત્ય વચન હૈ.

ઉત્તર :- સત્ય વચન હૈ? તો અબ તક યે સબ ક્યા કિયા? અનંતકાલસે સબકો હુઆ હૈ ન. એક કી કહાં (બાત હૈ). સબકો અનંત કાલસે હુઆ હૈ ન? આહાહા..! ભગવાનઆત્મા રજકણસે તો પાર, પુણ્ય-પાપકે વિકલ્પ સે પાર ઔર એક સમયકી પર્યાય ભી જિસમેં નહીં હૈ, સમજમેં આયા? ધ્રુવ સ્વરૂપ હૈ, જિસમેં એક સમયકી નિર્મલ પર્યાય ભી નહીં હૈ. સમજમેં આયા? ધ્રુવ હૈ ન? ધ્રુવ. ઐસા નિત્યાનંદ ભગવાન. ઉસમેં કર્મ, શરીર ઔર વહ તો નહીં, પુણ્ય-પાપકા વિકલ્પ તો નહીં, લેકિન પુણ્ય-પાપકો જાનનેકી જો વર્તમાન પર્યાય હૈ વહ પર્યાય ભી ત્રિકાલ ધ્રુવ મેં નહીં. ઐસે ધ્રુવ ભગવાનકો ધ્યેયમેં લેકર પર્યાયમેં ઉસકો વિષય

બનાકર, ધ્યેય બનાકર, વિષય બનાકર ઉસમેં લીન હોના વહી દર્શન, જ્ઞાન, ચારિત્ર હૈ, બાકી સબ બાતેં હૈં. સમજમેં આયા? યહ તો કલ આયા થા ન? તપકા તેજ કહીં હૈ તો સહી, ચિદ્‌વિલાસ મેં નિકલા.

યહાં કહતે હૈં, દેખો! ચેતના.. ક્યા કહતે હૈં? '**રાગદ્વેષમોહરૂપ પરિણમન કરતા હૂં, વહ તો મેરી ચેતનાકા વિભાવ હૈ,...**' બંધતત્ત્વ. હૈ? બંધતત્ત્વ. વહ તો રાગ-દ્વેષકા કર્તા નહીં હોના વહ આસ્રવમેં ગયા. અબ, 'ચૌથા '**બંધતત્ત્વ' હૈ વહ મૈં રાગદ્વેષમોહરૂપ પરિણમન કરતા હૂં, વહ તો મેરી ચેતનાકા વિભાવ હૈ,...**' વિકાર હૈ, દોષ હૈ. દયા, દાન, વ્રત, ભક્તિકે પરિણામરૂપ પરિણમના વહ વિભાવ હૈ, ધર્મકા ઊલટા રૂપ હૈ. આહાહા..! ચિદ્‌વિલાસ. કલ આપકો અંદર કહા થા ન? ચિદ્‌વિલાસ. સમજમેં આયા? '**મેરી ચેતનાકા વિભાવ હૈ,...**' ઓહો..! મૈં તો જ્ઞાતા-દૃષ્ટા ઐસા ત્રિકાલી અવિનાશી મેરા સ્વભાવ (હૈ), ઉસમેં વહ પુણ્ય ઔર પાપકા વિકલ્પ, રાગ-દ્વેષ-મોહ હૈ વહ તો ઉસકા વિભાવિક વિકારી ભાવ હૈ. વહ સ્વભાવકે સાથ વિકાર તન્મય હૈ નહીં, પરંતુ તન્મય માનના વહી મિથ્યાત્વભાવ હૈ. સમજમેં આયા? 'શાંતિભાઈ'!

ઈસમેં કિસે કહના સંથારા? આહા..! અભી તો તત્ત્વકી ખબર નહીં હૈ કિ મૈં આનંદમૂર્તિ હૂં. એક દેહકે રજકણકે પરિણમન મેં મેરા બિલકુલ અધિકાર નહીં. વહ સ્વતંત્ર પરમાણુકા પરિણમન અપના સ્વ અસ્તિત્વ રખતા હૈ, તો અપને અસ્તિત્વસે ઉસમેં પરિણમન હોતા હૈ, અપને સે બિલકુલ નહીં. આહાર છોડતા હૂં, આહાર ગ્રહણ કરતા હૂં વહ બુદ્ધિ મિથ્યાત્વ હૈ. આહા..! ક્યોંકિ આહાર તો અજીવતત્ત્વ હૈ. અજીવતત્ત્વકો છોડતા હૂં. તો અજીવતત્ત્વ ક્યા તેરે મેં થા કિ છોડતા હૂં? સમજમેં આયા? વહ તો છૂટા હી પડા હૈ. અજીવતત્ત્વ અપનેમેં અજીવ દ્રવ્ય, ગુણ, પર્યાયસે અજીવતત્ત્વ રહા હૈ. તેરી પર્યાયમેં તો આયા નહીં. ઔર તુમ કહતે હો કિ મૈં છોડતા હૂં. ક્યા હૈ? વહ તો સ્વામી હો ગયા. જડકા સ્વામી હોકર છોડતા હૂં. તો અજીવ કા સ્વામી તો મિથ્યાદૃષ્ટિ મૂઢ હૈ. આહાહા..! કઠિન બાત. એય..! 'રસિકભાઈ'! વહાં સબ સુના થા કિ નહીં? કલકત્તા. રાજગૃહી મેં નહીં સુના થા? કહો, સમજ મેં આયા? આહા..! માર્ગ વીતરાગ કા કહીં હૈ ઔર દુનિયા કહીં ઔર ચલતી હૈ. ઔર માનતે હૈં કિ હમ જૈનધર્મ કો માનતે હૈં. જૈનધર્મ તો વીતરાગભાવ હૈ. આત્મા કા ત્રિકાલી સ્વભાવ વીતરાગભાવ હૈ. ત્રિકાલી, હાં! ત્રિકાલી વીતરાગભાવ સ્વભાવ હૈ. વીતરાગભાવકા અર્થ અકષાય સ્વભાવભાવ હૈ. ઐસા જો વીતરાગબિંબ પ્રભુ ધ્રુવ હૈ ઉસમેં એકાગ્ર હોકર વીતરાગતાકી પર્યાય પ્રગટ હો વહ જૈનધર્મ હૈ. સમજમેં આયા? દ્રવ્યકી ખબર નહીં, પર્યાયકી ખબર નહીં. વિકારમેં એકાકાર હોકર તન્મય રહે ઔર માને કે હમ તપ ઔર નિર્જરા કરતે હૈં. મિથ્યાત્વકા પોષણ કરતે હૈં. પંડિતજી! આહા..!

કહતે હૈં, વહ તો ચેતના કા વિભાવ હૈ. વિકલ્પ ઉઠતા હૈ કિ મૈં આહાર છોડું. મૈંને

આહાર છોડ દિયા. ઐસે છોડ દિયા, વહ માન્યતા મિથ્યાત્વ હૈ ઔર છોડ દિયા ઐસા વિકલ્પ હૈ વહ રાગ હૈ. સમજમેં આયા? વહ તો ચેતનાકા વિકાર હૈ, અધર્મ હૈ. '**ઈસસે જો બંધતે હૈં વે પુદ્‌ગલ હૈં,...**' ઉસસે નયે કર્મ બંધે વહ પુદ્‌ગલ હૈ. '**કર્મ પુદ્‌ગલ હૈ, કર્મ પુદ્‌ગલ જ્ઞાનાવરણ આદિ આઠ પ્રકાર હોકર બંધતા હૈ,...**' કર્મ તો જડ હૈ. રાગ, દ્વેષ, મોહ ચેતનાકા વિભાવ પરિણામ હૈ ઔર કર્મ જો બંધતે હૈં વહ તો જડકી પર્યાય હૈ. સમજમેં આયા? '**જ્ઞાનાવરણ આદિ આઠ પ્રકાર હોકર બંધતા હૈ, વે સ્વભાવ-પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ ઔર પ્રદેશરૂપ ચાર પ્રકાર હોકર બંધતે હૈં,...**' સ્વભાવ (અર્થાત્) કર્મ પ્રકૃતિકા સ્વભાવ. કર્મકા '**તે મેરે વિભાવ તથા પુદ્‌ગલ કર્મ સબ હેય હૈ,...**' શુભ-અશુભ વિકલ્પ ઉઠના, વૃત્તિ ઉઠના ઔર ઉસસે નયા કર્મ રજકણ બંધે, સબ મેરી ચીજસે તો ભિન્ન હૈ, હેય હૈ. ઉપાદેય તો મેરા જ્ઞાનાનંદ ભગવાન પૂર્ણાનંદ પૂર્ણ ઈદં, પૂર્ણ મેરા સ્વરૂપ ત્રિકાલી હૈ વહી મુજે આદરણીય નામ ઉપાદેય હૈ. કઠિન કામ જગતકો. કોઈ કહે કિ ઈતની બડી ઊંચી બાત! ઊંચી નહીં હૈ, અભી તો સમ્યગ્દર્શન કી પહલી બાત હૈ. સમજમેં આયા? આહાહા..!

'**વે મેરે વિભાવ તથા પુદ્‌ગલ કર્મ સબ હેય હૈ,...**' ક્યોં? '**સંસાર કે કારણ હૈ,...**' આહા..! શુભ ઔર અશુભ વિકલ્પ જો રાગ હૈ વહ સ્વયં સંસાર હૈ. ક્યોંકિ ઉદયભાવ હૈ વહ સંસાર હૈ. સમજમેં આયા? અબ સંસાર હૈ, દૂસરી રીત સે સંસારકા કારણ હૈ ઐસા કહા. રખડનેકા કારણ હૈ. નાશ કરનેકા કારણ વહ હૈ નહીં. '**મુઝે રાગદ્વેષ મોહરૂપ નહીં હોના હૈ,...**' દેખો! '**સંસાર કે કારણ હૈ, મુઝે રાગદ્વેષ મોહરૂપ નહીં હોના હૈ, ઈસપ્રકાર ભાવના કરના.**' રાગદ્વેષ મોહરૂપ નહીં પરિણમના હૈ, ઐસી ભાવના કરનીકા અર્થ? વહ તો નાસ્તિ સે હુઆ. મેરા સ્વભાવ આનંદ કા ધામ, અતીન્દ્રિય આનંદ કા રસકંદ, રસકુંડ, રસકંદ ઔર રસકુંડ (હૈ). જિસમેં સે રસ નિકલતા હૈ, ઐસા મેરા અતીન્દ્રિય આનંદ રસકંદ ઔર રસકુંડ, ઉસમેં એકાગ્રતા હોના.. સમજમેં આયા? ઔર ઉસમેં લીન હોના વહ મેરા સ્વભાવ હૈ, વહ મેરા ધર્મ હૈ, લો! ઐસી ભાવના કરની. આહાહા..!

શરીરકે પ્રત્યેક રજકણ સે જુદા માનના કઠિન પડે. યે સબ અવયવ-બવયવ જડકી પર્યાય હૈ, મિટ્ટી કી હૈ. પુદ્‌ગલ હૈ, પુદ્‌ગલ. જડ અજીવતત્ત્વ હૈ. ઔર વહ અજીવ હોકર રહા હૈ. શરીરકી પર્યાય, કર્મકી પર્યાય, વહ તો અજીવ હોકર રહી હૈ. કિ જીવકી હોકર રહી હૈ? અજીવ હોકર રહી હૈ. યે અંગૂલી, નખ, આંખ વહ તો અજીવ હોકર રહી હૈ. જીવકા દ્રવ્ય હોકર નહીં, જીવકા ગુણ હોકર નહીં, જીવકી પર્યાય હોકર રહી નહીં. ઉસકો અપના અપનાના કિ મૈં હૂં તો ચલતે હૈં, મૈં હૂં તો બોલા જાતા હૈ, સબ જડકા સ્વામીપના મિથ્યાત્વભાવ હૈ. 'ગોદિકાજી'! ઐસા માર્ગ હૈ. ઓહો..! આહા..!

ભગવાન! તેરી માહાત્મ્યકી ચીજ તો અંદર જ્ઞાન, આનંદ ઔર શાંતિ વહ માહાત્મ્યકી ચીજ હૈ. પુણ્ય-પાપકે વિકલ્પ વહ માહાત્મ્યકી ચીજ નહીં હૈ. વહ તો હીનતા, આત્માકા

તિરસ્કાર કરનેવાલા હૈ. લો, વહ આયા. ૧૯ વીં ગાથામેં આયા થા ન? 'સમયસાર' ૧૯વીં ગાથા. તિરસ્કારણીય પુણ્ય-પાપકા ભાવ આત્માકા તિરસ્કાર કરતે હૈં કિ હમ હૈં, તુમ નહીં. જ્ઞાની આત્મા પુણ્ય-પાપકા તિરસ્કાર કરતે હૈં કિ તુમ નહીં, મૈં હૂં. 'સમયસાર' મેં ૧૯વીં ગાથા હૈ. સમજમેં આયા? આહાહા..! બહુત થોડેમેં બહુત બડી બાત હૈ. અનાદિસે વહ દૃષ્ટિમેં અપની ચૈતન્યકી ચીજ ક્યા હૈ, ઉસકી નજર કી નહીં, ઉસકા માહાત્મ્ય લાયા નહીં. માહાત્મ્ય લાયા નહીં તો આયા નહીં. માહાત્મ્ય પુણ્ય ઔર પાપકા વિકલ્પ ઔર દેહકા માહાત્મ્ય. જિસકા માહાત્મ્ય કરતા હૈ ઉસકા સંયોગ છૂટેગા નહીં. જિસકા માહાત્મ્ય કરતા હૈ ઉસકા સંયોગ છૂટેગા નહીં, ચાર ગતિ મેં રહેગા. ઔર ઉસ સંયોગકા માહાત્મ્ય છૂટકર અપના ભગવાન પૂર્ણાનંદ પ્રભુ, જિસમેં તો અનંત અનંત સિદ્ધપદ પડા હૈ, અનંત સિદ્ધપદ આત્મામેં (પડા હૈ), હાં! (ઉસકા માહાત્મ્ય કિયા નહીં). સિદ્ધ તો પર્યાય હૈ. સિદ્ધ તો પર્યાય હૈ. ગુણ-દ્રવ્ય નહીં. સંસાર વિકારી પર્યાય હૈ. મોક્ષમાર્ગ અવિકારી અપૂર્ણ પર્યાય હૈ. મોક્ષ અવિકારી પૂર્ણ પર્યાય હૈ. તીનોં પર્યાય હૈ. સિદ્ધકી પર્યાય તો નયી-નયી ઉત્પન્ન હોતી હૈ ઔર અનંત કાલ રહતી હૈ. ઐસી અનંતી-અનંતી સિદ્ધપર્યાય આત્માકે અંતર ગુણમેં પડી હૈં. આહા..! સમજમેં આયા? ઐસા ભગવાન અનંત સિદ્ધસ્વરૂપ પ્રભુ, ઉસકી ભાવના કરની, ઐસા કહતે હૈં. સમજમેં આતા હૈ?

**'વે મેરે વિભાવ તથા પુદ્ગલ કર્મ સબ હેય હૈ, સંસાર કે કારણ હૈં, મુજે રાગદ્વેષ મોહરૂપ નહીં હોના હૈ, ઈસપ્રકાર ભાવના કરના. પાંચવાં 'સંવર તત્ત્વ' હૈ વહ રાગદ્વેષમોહરૂપ જીવકે વિભાવ હૈં, ઉનકા ન હોના...'** ઉનકા ન હોના. હોના વહ આસ્રવ ઔર નહીં હોના વહ સંવર. બાત તો બહુત અચ્છી, સરલ હૈ લેકિન લોગોંને ઐસી ક્લિષ્ટ કર દી હૈ કિ આત્માકો પકડના ઔર પરકો છોડના કઠિન પડતા હૈ. કહતે હૈં, **'પાંચવાં 'સંવર તત્ત્વ' હૈ વહ રાગદ્વેષમોહરૂપ જીવકે વિભાવ હૈં, ઉનકા ન હોના...'** કબ ન હો? કિ અપના પૂર્ણ આનંદ ઔર પૂર્ણ શુદ્ધ સ્વભાવ, જિસમેં આસ્રવ ઔર બંધભાવકા અભાવ (હૈ), ઐસા અબંધસ્વભાવી આત્મા, ઉસમેં અંતર એકાગ્ર હોનેસે આસ્રવકા નહીં હોના સંવરકા હોના. સમજમેં આયા? યહાં તો શાસ્ત્ર કે લિયે બાત કી હૈ ન? ઈસલિયે વહ તો વ્યવહાર હૈ. ઉસમેંસે તત્ત્વકી ભાવના કરની, નિશ્ચય બાદમેં લેંગે. સમજમેં આયા? ભેદસે બાત કી હૈ ન.

વાસ્તવમેં તો જીવકી એક સમયકી પર્યાય ઔર સંવર, નિર્જરા, મોક્ષ વહ સબ પર્યાય હૈ. નિશ્ચયસે અંતઃતત્ત્વમેં તો વહ પર્યાય હૈ હી નહીં. સમજમેં આયા? વહ તો બહિરતત્ત્વ હૈ. સંવર, નિર્જરા, મોક્ષકી એક પર્યાય હૈ, તો બાહ્ય હૈ. બાહ્ય નામ વ્યક્ત હુઈ હૈ. વહ અંતર ધ્રુવ મેં નહીં હૈ. સમજમેં આયા? બહિર વ્યક્ત હો ગઈ હૈ પર્યાય. તો ઉસકો બહિરતત્ત્વ કહતે હૈં. ક્યોંકિ વહ તો એક સમયકા અંશ હૈ. સિદ્ધકી પર્યાય ભી એક સમયકી હૈ. તો વહ ભી અંતઃતત્ત્વકે સામર્થ્યકી અપેક્ષાસે ઉસકો ભી બહિરતત્ત્વ કહતે હૈં. સમજમેં આયા? યહાં તો

ભેદસે કથન કિયા હૈ. ફિર અભેદકા કથન અંત મેં લેંગે. ત્રિવર્ગ મેં આ ગયા ન? ત્રિવર્ગહરણં. અંત મેં આયા ન? '**अणाइणिहणं तिवग्गहरं**'. ૧૧૪ વીં ગાથા.

કહતે હૈં, '**ઔર દર્શન-જ્ઞાનરૂપ ચેતનાભાવ સ્થિર હોના વહ 'સંવર' હૈ.**' અસ્તિ-નાસ્તિકી. રાગ-દ્વેષકે વિકલ્પકા નહીં હોના ઔર અપની શુદ્ધતાકી સ્થિરતાકી, શાંતિકી, વીતરાગતાકા વેદન હોના ઉસકા નામ સંવર કહને મેં આતા હૈ. આહાહા..! લોગ બૈઠે જાય, સંવર, પચ્ચખાણ કરને પાંચ આસ્રવ સેવવાના પચ્ચખાણં. લો, હમેં સંવર હો ગયા. ધૂલમેં ભી નહીં હૈ સંવર. ... ક્યા બૈઠે? તૂમ બૈઠે કહાં હો? પુણ્ય-પાપકે વિકલ્પમેં બૈઠે હો ઔર યહાં બૈઠે હો ઐસા કહતે હો. સમજમેં આયા? બાબુજી! ક્યા હૈ? ઐસા માર્ગ કઠિન પડે, હાં!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ઉસકી ઘરકી ચીજ હૈ. વહ કોઈ બાહર સે લાના હૈ? કિસીકે પાસ માંગના હૈ? ચીજ હૈ. ચીજ હૈ ઉસકે સમીપ જાના, બસ, વહ બાત હૈ. વિકલ્પ કરકે ચીજ સે દૂર-દૂર ભટકતે હૈં. અંતર સમીપ આના વહ ચીજ હૈ. સમજમેં આયા?

કહતે હૈં, સંવર. દર્શન-જ્ઞાનરૂપ ચેતનાભાવ. જાનના-દેખના રૂપ ચેતનાભાવ ત્રિકાલી શક્તિ વહ ભાવ સ્થિર હોના. ઉસમેં લીનતા કરના. જ્ઞાન-દર્શન સ્વભાવ, ઐસા સ્વભાવવાન આત્મા, ઉસમેં લીનતા કરના, સ્થિરતા કરના, ઉસકો સંવર મોક્ષકા માર્ગ કહતે હૈં. આહાહા..! '**વહ અપના ભાવ હૈ...**' દેખો! સંવર તો અપના ભાવ હૈ. તો ભાવ સે બંધ કૈસે હો? ઐસા કહતે હૈં. પુણ્ય-પાપકા વિકલ્પ હૈ વહ તો વિભાવ હૈ, ઉસસે તો બંધ હો, નયે બંધ મેં નિમિત્ત હો, લેકિન જો અપના સ્વભાવભાવ હૈ વહ બંધકા કારણ કૈસે હો? ભગવાનઆત્મા જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવ ઔર ઉસમેં એકાગ્ર હોકર જ્ઞાતા-દૃષ્ટા ચેતનકા નિર્મલ પરિણામ પ્રગટ કિયા, વહ તો અપના ભાવ હૈ, અપની નિર્મલ પર્યાય હૈ. ઉસસે નયા કર્મ ક્યોં બંધે? સમજમેં આયા? ઐસે તત્ત્વ કી ભાવના, વિચારણા લેની, ઐસા કહતે હૈં. વાસ્તવિક તત્ત્વકા સ્વરૂપ ઐસા હૈ. '**ઈસીસે પુદ્‌ગલકર્મજનિત ભ્રમણ મિટતા હૈ.**' દેખો! ઈસીસે પુદ્‌ગલકર્મજનિત ભ્રમણ મિટતા હૈ. જ્ઞાતા-દૃષ્ટા સ્વરૂપમેં લીન હોને સે ભ્રમણાકા ભાવ નહીં ઉત્પન્ન હોતા હૈ તો ભ્રમણા મિટ જાતી હૈ. બાહ્ય તો ઐસી સ્થિતિ હૈ. આહાહા..!

'**ઈસપ્રકાર ઈન પાંચ તત્ત્વોંકી ભાવના કરનેમેં...**' દેખો, અબ. '**આત્મતત્ત્વકી ભાવના પ્રધાન હૈ...**' અબ આયા. પાંચ કહા, ઉસમેં ભી આત્માકી મુખ્ય બાત પ્રધાન હૈ. પર્યાય કી ભાવના નહીં કરની. પહલે વિચાર મેં લેના કિ ઐસી ચીજ હૈ, ઐસી ચીજ હૈ. લેકિન આત્મતત્ત્વ કી ભાવના કરની. વસ્તુ આત્મા ત્રિકાલ ધ્રુવ જ્ઞાયકભાવ સે પરિપૂર્ણ ભરી હૈ. પરિપૂર્ણ ઈશ્વર આત્મા હૈ.

કલ કિસીકા એક પ્રશ્ન આયા હૈ, ભાઈ! કહાંકા? 'આગ્રા' કા. ૩૦ વર્ષ કા કોઈ દિગંબર જૈન હૈ. બતાયા થા. વૈષ્ણવ કા મુજે પરિચય હો ગયા હૈ ઔર આપકા એક આત્મધર્મ પઢા

તો મુજે ખલબલી મચ ગઈ કિ, ઓહો..! યે તો એક એક આત્મા સ્વતંત્ર કહતે હૈં ઔર વહ તો કહતે હૈં ઈશ્વર મેં મિલ જાય ઉસકા નામ મોક્ષ, ઐસા કહતે હૈં. કલ આયા હૈ. ઈસમેં હૈ. યે રહા. ૩૦ વર્ષ સે મૈં દિગંબર જૈન હૂં. ૩૦ વર્ષ કી ઉમ્ર. લેકિન મેરા પરિચય વૈષ્ણવકા થા. વહ કહતે હૈં, કિ આત્માકા ઈશ્વર મેં મિલ જાના વહ મોક્ષ. આપકા પઢા તો ઐસા કહા, આત્મા અપને સ્વરૂપ સે પરમેશ્વર સ્વયં હૈં. વહ કિસીમેં મિલતા નહીં. ઐસા પઢકર મુજે ખલબલી મચ ગઈ. બહુત લિખા હૈ. લોગોંકો જૈન મેં રહને પર ભી ઉસકી ખબર નહીં. જૈન કોઈ સંપ્રદાય નહીં હૈ. માનતે હૈં. દિગંબર ધર્મ કોઈ સંપ્રદાય નહીં હૈ. સમજમેં આયા? શ્વેતાંબર જો નિકલે હૈ વહ તો તત્ત્વસે વિરૂદ્ધ હોકર નિકલા હૈ. શ્વેતાંબર ઔર સ્થાનકવાસી. વહ ભી દિગંબર લોગોંકો માલૂમ નહીં હૈ. જય ભગવાન! યે ભી સચ્ચા ઔર યે ભી સચ્ચા.

મુમુક્ષુ :- 'કુંદકુંદાચાર્ય' કૌન હૈ ઉસકી ભી કહાં ખબર હૈ.

ઉત્તર :- નહીં, નહીં. 'કુંદકુંદાચાર્ય' કૌન હૈ? વહ તો પરમેશ્વર કે પુત્ર હૈં. 'ધવલ' મેં ચલા હૈ. ગણધર સર્વજ્ઞકા પુત્ર હૈ. 'ધવલ' મેં ચલા હૈ. ઐસે 'કુંદકુંદાચાર્ય' સર્વજ્ઞ કે કેડાયત. સર્વજ્ઞ પરમાત્માકા કેડાયત. કેડાયત સમજતે હો? કેડી પર ચલનેવાલે, ઉનકે રાસ્તે પર ચલનેવાલે. સર્વજ્ઞકા પેટ ખોલકર રખ દિયા. છદ્મસ્થ થે, લેકિન ઉનકી શક્તિ અલ્પકાલમેં કેવલજ્ઞાન લેંગે. સમજમેં આયા? ઐસા ક્યા કહતે હૈં વહ ખબર નહીં. અપના ભી સચ્ચા ઔર ઉસકા ભી સચ્ચા, ઉસકા ભી સચ્ચા. સબ સચ્ચા. સમન્વય કરો. એકતા આયેગી. ધૂલમેં એકતા આયેગી? દૂધપાક મેં ખારા નમક ડાલના, એકતા આ ગઈ. મીઠા સમજે? ક્યા કહતે હૈં ઉસે? નમક.. નમક. દૂધપાક હોતા હૈ ન? દૂધપાક. હમારેમેં દૂધપાક કહતે હૈં. સમજે? આપ લોગોં મેં ખીર કહતે હૈં. હમારે ખીર ઉસે કહતે હૈં, એક શેર દૂધ મેં નવટાંક ચાવલ (ડાલે) ઉસકા નામ ખીર. ઔર એક શેર દૂધ મેં એક રૂપયેકા ચાવલ, ઉસકો કઢના, ઉસકા નામ દૂધપાક. યહાં દો પ્રકાર ચલતે હૈં. એક શેર દૂધ મેં એક નવટાંક.. નવટાંક સમજે? પાંચ રૂપયેકા ચાવલ ડાલના. તો ઉસમેં ચાવલ બહુત હો ગયા ન? તો બહુત કઢતે નહીં તો ઉસકો ખીર કહતે હૈં. ઔર એક શેર દૂધમેં એક રૂપયાભાર ચાવલ (ડાલકર) કઢતે હૈં વહ દૂધપાક. વહ દૂધપાક હુઆ બાદ મેં નમક ડાલના ઈતના. સમન્વય હો જાય. દૂધ ફટ જાયેગા ઔર તેરા દૂધપાક નહીં રહેગા. સમજમેં આયા? માર્ગ ઐસા હૈ, ભૈયા!

ઐસે સર્વજ્ઞ પરમાત્મા વીતરાગદેવ ને જો આત્માકા સ્વરૂપ કહા, ઉસસે સબ જાત વિપરીત.. વિપરીત.. વિપરીત. સમજમેં આયા? ઐસી ચીજ કહીં હૈ નહીં. તત્ત્વ હી ઐસા હૈ. જૈસા હૈ વૈસા કહા હૈ. 'કાશીલાલજી'! ઐસા હૈ, ભગવાન! ક્યા કરે? દુનિયા સે અતડા હો જાતા હૈ. ભગવાન! માર્ગ તો તેરા ઐસા હૈ. સબ ભગવાન હૈ ન! સબ આત્મા ભગવાન હૈ! પર્યાય મેં ભૂલ હૈ, તિરસ્કાર કરનેલાયક હૈ નહીં, વિરોધ કરનેલાયક હૈ નહીં. દ્વેષ કરનેલાયક નહીં. કોઈ આત્મા કે પ્રતિ કોઈ દ્વેષ નહીં. .. વિપરીત હો ઉસે સમજ લેના. સમજમેં આયા? માર્ગ તો યહ એક હૈ. સમજમેં આયા?

કહતે હૈં, **'આત્મતત્ત્વકી ભાવના પ્રધાન હૈ...'** યહાં તો કહા. ઐસા કહા ન? 'પાટનીજી'! સંવરકી, નિર્જરાકી, આસ્રવકી, ... અકેલી આત્મતત્ત્વકી ભાવના પ્રધાન હૈ. વહ તો ગૌણ ભેદકી બાત કહી હૈ. આહાહા..! પ્રધાન હૈ. ભેદકી ભાવના ગૌણ હૈ. આત્મતત્ત્વ અખંડ આનંદ પ્રભુ ચૈતન્યતત્ત્વ કા અંતર અનુભવ કરના, દૃષ્ટિ કરની વહ મુખ્ય હૈ. સમજમેં આયા? **'ઉસસે કર્મકી નિર્જરા હોકર...'** દેખો! ઉસસે કર્મકી નિર્જરા હોતી હૈ. લો, યહ તપ ઔર યહ નિર્જરા. આહા..! **'ઉસસે કર્મકી નિર્જરા હોકર મોક્ષ હોતા હૈ.'** લો. તબ મોક્ષ હોતા હૈ. આત્માકા ભાવ... એક યહ શબ્દ રહ ગયા હૈ. **'આત્માકા ભાવ અનુક્રમસે શુદ્ધ હોના વહ તો નિર્જરા તત્ત્વ હુઆ...'** અશુદ્ધકી નિર્જરા ઔર મોક્ષકી વ્યાખ્યા કરતે હૈં.

ભગવાનઆત્મા પૂર્ણ શુદ્ધ ચૈતન્ય ઈશ્વર પરમેશ્વર અપના સ્વરૂપ, ઉસમેં એકાગ્રતા હોના, અલ્પ શુદ્ધતા હોના ઉસકા નામ નિર્જરા તત્ત્વ. ક્રમ, ક્રમ સે શુદ્ધતા હોની વહ નિર્જરા તત્ત્વ. સમજમેં આયા? **'ઔર સબ કર્મોંકા અભાવ હોના વહ મોક્ષતત્ત્વ હુઆ.'** શુદ્ધિકી ઉત્પત્તિ હોના વહ સંવરતત્ત્વ. શુદ્ધિકી અનુક્રમ સે વૃદ્ધિ હોના વહ નિર્જરાતત્ત્વ. શુદ્ધિ કી પૂર્ણતા હોની મોક્ષતત્ત્વ. બહુત સરલ ભાષા મેં તત્ત્વ હૈ. સાદી ભાષા મેં હૈ, ઐસા કોઈ ક્લિષ્ટ નહીં હૈ. ક્લિષ્ટ લોગોંને કર દિયા હૈ.

આત્મા અપને નિજ સ્વરૂપ મેં પુણ્ય-પાપકે વિકલ્પકા લક્ષ્ય, રુચિ, આશ્રય છોડકરકે અપના નિજાનંદ ભગવાનમેં શુદ્ધતાકા પ્રગટ કરના વહ તો સંવર. ઔર શુદ્ધતા શક્તિમેં સે થોડી પ્રગટ હુઈ ઉસમેં સે શુદ્ધતા કી અનુક્રમ સે વૃદ્ધિ કરના વહ નિર્જરા. ઔર શુદ્ધિકી પૂર્ણતા પર્યાયમેં કરની ઉસકા નામ મોક્ષ. દ્રવ્ય શુદ્ધ તો ત્રિકાલ હૈ. સમજમેં આયા? માર્ગ તો તેરા ઐસા હૈ, ભગવાન! લેકિન ઉસને કભી લક્ષ્ય નહીં કિયા. એકાંત હો જાતા હૈ. અરે..! તુજે માલૂમ નહીં હૈ ઔર એકાંત કહાં-સે હો ગયા? જૈન મેં એકાંત હૈ, એકાંત હૈ, મિથ્યાત્વ હૈ. સુન તો સહી, ભગવાન! તેરે સ્વભાવમેં એક અંત નામ એકાંત સ્વભાવ સન્મુખ નહીં હોગા તો કભી શુદ્ધિ હોગી નહીં. સમજમેં આયા? 'ગોદીકાજી'! ઐસા ભાવ હૈ, હાં! વહાં 'જયપુર' મેં તો લોગ ઐસા સૂક્ષ્મ સુન સકેંગે?

મુમુક્ષુ :- તૈયારી હો ગઈ.

ઉત્તર :- તૈયારી હો ગઈ લ્યો. યહાં તો સૂક્ષ્મ આયે ન.

યહાં કહતે હૈં, ઓહો..! શુદ્ધ આત્માકા ભાવ. પહલે ભાવ કહા ન? અપના આયા ન? સંવર સો અપના ભાવ હૈ, ઐસા ઉપર આયા. અંદર આયા ન? ઉપર તીસરી પંક્તિ મેં આયા. **'સંવર હૈ, વહા અપના ભાવ હૈ...'** ઉસ ભાવકા અનુક્રમ સે હોના. આત્માકા ભાવ શુદ્ધ અનુક્રમ સે હોના વહ તો નિર્જરાતત્ત્વ હુઆ. સમજમેં આયા? તીન બાત કરતે હૈં. ભગવાનઆત્મા અપના શુદ્ધ સ્વભાવમેં એકાગ્રતા હોના, આત્મતત્ત્વકી ભાવના કરકે, વહ ભાવ સંવર. શુદ્ધ ભાવ પ્રગટ હુઆ. ક્યોંકિ ત્રિકાલી શુદ્ધ હૈ ઔર પુણ્ય-પાપ તો અશુદ્ધ હૈ

ઉસસે હટકર, જો ત્રિકાલી હૈ ઉસમેં જુડાન કરકે જો શક્તિમેં સે વ્યક્તતા સંવર કી પ્રગટ હુઈ વહ ભાવ, વહ શુદ્ધ. ઔર ઉસ ભાવ મેં અનુક્રમ સે શુદ્ધિકી વૃદ્ધિ એકાગ્ર હોકર હોના ઉસકા નામ નિર્જરા હોના. ઉસકી પૂર્ણ એકાગ્રતા હોના, પૂર્ણ શુદ્ધિ પ્રગટ હોના વહ મોક્ષ. ભૈયા! માર્ગ તો ઐસા હૈ, ભગવાન! આહાહા..!

તીનલોકકા નાથ કહાં ડોલતા હૈ ઔર કહાં જા રહા હૈ, ઉસકી ઉસે ખબર નહીં. સમજમેં આયા? વીતરાગમૂર્તિ ચૈતન્યકંદ અનાકૂલ આનંદકા ભગવાન ધરનેવાલા, ઐસા વહ તત્ત્વ હૈ. ઐસે તત્ત્વ કી દૃષ્ટિકા પતા નહીં ઔર માત્ર રાગ ઔર પરકી ક્રિયા નિમિત્તની અથવા વર્તમાન એક સમયકી પર્યાય પર નજર. ભગવાન પૂરા આનંદકંદ જો હૈ ઉસકા તો અનાદર હુઆ. સમજમેં આયા? યે યહાં અંતર આત્મા સ્વભાવકા સાગર પ્રભુ, શુદ્ધ સ્વભાવકા સાગર, ઉસમેં એકાગ્ર હોકર રાગ-દ્વેષ, પુણ્ય-પાપકા અભાવ-ઉત્પન્ન નહીં હોના, ઉસકે સ્થાન મેં સમ્યગ્દર્શન ઔર વીતરાગી પર્યાયકા ઉત્પન્ન હોના વહ ચેતનાકા ભાવ હૈ. ઉસ ભાવમેં સ્વભાવકી શુદ્ધતા મેં એકાગ્ર હોકર શુદ્ધતાકી વૃદ્ધિ હોના વહ નિર્જરા હૈ. પૂર્ણ એકાગ્ર હોકર પૂર્ણ શુદ્ધિ પ્રગટ હોના ઉસકા નામ મુક્તિ હૈ. ઉસમેં કોઈ પુણ્યભાવકા પરિણામ કારણ હૈ ઔર સહાયક હૈ, ઐસા હૈ નહીં. આહાહા..! ક્યા હો? પોકાર.. પોકાર કહાં કરના? માર્ગ તો તેરા ઐસા હૈ, ભગવાન! આજ માન, પીછે માન લેકિન યહ માનને પર તેરા છૂટકારા હૈ. બંધન સે છૂટના હો તો રાસ્તા તો તેરા પ્રભુ ઐસા હૈ. સમજ મેં આયા?

**'ઈસપ્રકાર સાત તત્ત્વોંકી ભાવના કરના. ઈસીલયે આત્મતત્ત્વકા વિશેષણ કિયા...'** ભેદ કરકે કહા. અબ **'આત્મતત્ત્વ કૈસા હૈ...'** અબ આત્મ તત્ત્વ કૈસા હૈ. એકદમ નિશ્ચય લેતે હૈં. અભેદ કરતે હૈં. **'ધર્મ, અર્થ, કામ ઈસ ત્રિવર્ગકા અભાવ કરતા હૈ.'** ભગવાનઆત્મા તો.. આયા ન? પહલે આયા ન? ત્રિવર્ગ. અપવર્ગ. 'સમયસાર'. પહલી ગાથા મેં હૈ ન? મૂલ પાઠ મેં હૈ ઔર ટીકા મેં લિયા હૈ. ગતિપ્રાપ્ત કહા ન? **'वंदितु सव्वसिद्धे धुवमचलमणोवमं गदिं पत्ते'** 'અમૃતચંદ્રાચાર્યદેવ' ને ટીકામેં ઉસમેં સે નિકાલા હૈ ન. કૌન-સી ગતિ? ત્રિવર્ગ સે પાર મોક્ષગતિ. અપવર્ગ જિસકી સંજ્ઞા હૈ. ટીકામેં ઐસે આતા હૈ ન? ત્રિવર્ગ જિસકી સંજ્ઞા હૈ, ત્રિવર્ગ જિસકી સંજ્ઞા હૈ. ત્રિવર્ગ નામ ધર્મ, અર્થ ઔર કામ. પુણ્ય ઔર પાપ. તીનમેં સે સંક્ષેપ કરો તો ધર્મ નામ પુણ્ય, અર્થ ઔર ભોગકા ભાવ પાપ. તીનમેં સે દો હો ગયા. પુણ્ય ઔર પાપ. દો મેં સે એક કરના હો તો વહ ભાવબંધ હૈ. સમજમેં આયા? ભાવબંધકો યહાં ત્રિવર્ગ કહતે હૈં. ત્રિવર્ગ હૈ, ઉસસે મોક્ષ અપવર્ગ હૈ. ત્રિવર્ગસે અભાવરૂપ મોક્ષ હૈ. મોક્ષ અપવર્ગ હૈ, અપવર્ગ હૈ. વર્ગ રહિત હૈ. દયા, દાન પુણ્યભાવ, લક્ષ્મી કમાનેકા ભાવ, ભોગકા ભાવ વહ ત્રિવર્ગ તીન હુઆ. પુણ્ય ઔર પાપકા અભાવ અપવર્ગ હુઆ. અપવર્ગ નામ મોક્ષ. સમજમેં આયા? વહ પહલી ગાથા મેં આયા હૈ. 'સમયસાર' હૈ ન? 'સમયસાર'.

ગતિપ્રાપ્ત હૈ ન? કૈસી હૈ ગતિ? મુક્તિ. અપવર્ગ કિસકા નામ હૈ. પાઠ હૈ ન?

**'अपवर्गसंज्ञिकां गतिमापन्नान् भगवतः'** સંસ્કૃત (હૈ). **'अपवर्गसंज्ञिकां गतिमापन्नान् भगवतः'**. પરમાત્મા સિદ્ધ તો અપવર્ગ ગતિકો પ્રાપ્ત હુએ હૈં. અપવર્ગ કિસકો કહતે હૈં? કિ ત્રિવર્ગકા જિસમેં અભાવ હૈ, ઉસકા નામ અપવર્ગ. **'ધર્મ, અર્થ ઔર કામ ત્રિવર્ગ કહલાતે હૈં...'** ધર્મ નામ પુણ્ય. આહાહા..! દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, નામસ્મરણ, વાંચન, મનનકા વિકલ્પ સબ પુણ્યભાવ હૈ. અર્થ-પૈસા. પૈસા તો જડ હૈ. વહ નહીં, ઉસકી મમતા. ઔર કામભોગકી મમતા. યહ ત્રિવર્ગ કહલાતે હૈં. **'મોક્ષગતિ ઈસ વર્ગ મેં નહીં હૈ, ઈસલિયે ઉસે અપવર્ગ કહી હૈ.'** સમજમેં આયા? બહુત સૂક્ષ્મ. સૂક્ષ્મ નહીં હૈ, ભગવાન! તેરે ઘરકી બાત હૈ. લેકિન ઉસને ઘરકા માહાત્મ્ય સુના હી નહીં. ઘરકી ચીજ ક્યા હૈ?

'પરઘર ભમત નામ અનેક ધરાયે.' 'જયપુર' મેં કોઈ ગાતા થા ન? 'અબ હમ કબહૂ ન નિજઘર આયે, પરઘર ભમત નામ અનેક ધરાયે.' પરઘર ભમત. પુણ્ય ઔર પાપ કા ભાવ તો પરઘર હૈ. નિજઘર હો તો હમેશા રહેગા. યે તો હમેશા રહનેવાલી ચીજ નહીં હૈ. ઐસા ભગવાનઆત્મા, અકેલા જ્ઞાનકા પિંડ, ચૈતન્યબિંબ વીતરાગી મૂર્તિ. ચારિત્રકી અપેક્ષા વીતરાગી મૂર્તિ. જ્ઞાનકી અપેક્ષા ચૈતન્યપિંડ, દર્શનકી અપેક્ષા દર્શનકા પિંડ, વીર્યકી અપેક્ષા વીર્ય-બલ કા પિંડ. આનંદકી અપેક્ષા આનંદકા કંદ. ઐસા ભગવાન તેરા આત્મા પ્રભુ! ઉસકે સામને તૂને કભી દેખા નહીં. ઉસકે સન્મુખ કભી દેખા નહીં. આહાહા..! બાહર ભટકત ભટકત તેરા કિનારા આયા નહીં, ભગવાન! આહાહા..! દુનિયા દુનિયા કી જાને. દુનિયા કૈસે કહતી હૈ ઔર કૈસે માનતી હૈ, ઉસકી જિમ્મેદારી ઉસકો હૈ. તેરા સ્વભાવ તો ઐસા હૈ, ભગવાન! ઐસી બાત હૈ.

કહતે હૈં, **'ધર્મ, અર્થ, કામ ઈસ ત્રિવર્ગકા અભાવ કરતા હૈ. ઈસકી ભાવનાસે ત્રિવર્ગસે ભિન્ન...'** દેખો! કિસકી ભાવના? આત્માકી. આત્માકી ભાવનાસે **'ત્રિવર્ગસે ભિન્ન ચૌથા પુરુષાર્થ મોક્ષ હૈ વહ હોતા હૈ.'** પુણ્યકી ભાવના કરનેસે પુણ્ય કરો, વિશેષ કરો, વિશેષ કરો.. ઉસ પુણ્ય સે તો સંસાર હોગા. આહાહા..! લોકો ચિલ્લાતે હૈં, હાં! વ્યવહાર રત્નત્રય સાધન તો હૈ કિ નહીં? વ્યવહાર રત્નત્રય પહલે આતા હૈ કિ નહીં? પીછે નિશ્ચય હોતા હૈ કિ નહીં? બિલકુલ નહીં. ભગવાન! તુજે ક્યા કહના હૈ? પહલે મૈલ આયે, ફિર નિર્મલ હોતા હૈ, ઐસા કહના હૈ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- લેકિન મૈલ તો અનાદિકાલસે હુઆ હૈ વહ સુના નહીં? પંડિતજી! નિગોદમેં ક્ષણમેં શાતા બાંધતે હૈં ઔર ક્ષણમેં અશાતા બાંધતે હૈં. નિગોદ, નિત્યનિગોદ. ઔર અનિત્ય નિગોદ. શાસ્ત્રમેં લિખા હૈ, ક્ષણમેં શાતા બંધતી હૈ, ક્ષણમેં અશાતા બંધતી હૈ. તો શાતા કિસ ભાવસે બંધતી હૈ? પાપભાવ સે બંધતી હૈ? શુભભાવ તો અનંત બૈર નિગોદમેં ભી હુઆ હૈ. વહ કહાં નયી ચીજ હૈ? અનાદિ નિગોદ પડા હૈ. નિત્યનિગોદ, જિસને કભી નિગોદમેં સે

નિકલકર પૃથ્વી એકેન્દ્રિય નહીં હુઆ, ત્રસ નહીં હુઆ, મનુષ્ય નહીં હુઆ, કિતને તો હોંગે ભી નહીં. ઐસી ચીજમેં પરમાત્મા ત્રિલોકનાથ સર્વજ્ઞદેવ કહતે હૈં, વહ પ્રાણી ભી એક ક્ષણમેં શાતા બાંધતા હૈ, દૂસરે ક્ષણમેં અશાતા, તીસરે ક્ષણમેં શાતા, ચૌથે ક્ષણ મેં અશાતા. તો શુભ ઔર અશુભ ઉસે ક્ષણ ક્ષણમેં આતા હૈ. એક ક્ષણમેં શુભ તો દૂસરે ક્ષણમેં અશુભ, તીસરે ક્ષણમેં શુભ તો ચૌથે ક્ષણ મેં અશુભ. ઐસે ધારાવાહી શુભ-અશુભ પરિણામ કી કર્મધારા એકેન્દ્રિયકો ભી પરિણામકી ધારા બહતી હૈ. વહ કોઈ નયી ચીજ નહીં હૈ. આહાહા..! અનાદિસે હુઆ તો ક્યા ઉસમેંસે ક્યા આત્માકો લાભ હૈ? સંસાર ખડા હૈ.

યહાં તો કહતે હૈં, ઉસ ત્રિવર્ગ સે ભિન્ન ચૌથા પુરુષાર્થ મોક્ષ હૈ. પુણ્યકા પુરુષાર્થ નહીં, પાપકા પુરુષાર્થ નહીં, ઉસસે આત્માકા પુરુષાર્થ ભિન્ન હૈ. આહાહા..! 'શાંતિભાઈ'! વહાં ઐસા સબ કહાં મિલતા હૈ? કભી-કભી આઠ-દસ દિન આયે. હો ગયા, જાઓ! યહ માર્ગ તો દૂસરી જાતકા હૈ. સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ પરમાત્મા, જિનકી વાણી મેં ઐસા સ્વરૂપ આયા. આહાહા..! જિતના જાના ઉતના તો વાણી મેં નહીં આયા. જિતના વાણીમેં આયા ઉતના ગણધર ઝેલ સકે નહીં. આહાહા..! ઐસી ચીજ હૈ. તીનલોકકા નાથ અમૃતકા સાગર તુમ હો ન! ભગવાન! યે પુણ્ય-પાપ તો ઝહર હૈ. આહાહા..!

કહતે હૈં, ચૌથા પુરુષાર્થ મોક્ષ હૈ. તીન પુરુષાર્થ સે કોઈ મોક્ષ-બોક્ષ હોતા નહીં. કહો, બરાબર હૈ? તીન પુરુષાર્થ કરતે કરતે કરતે નિશ્ચય મોક્ષકા પુરુષાર્થ હોગા, ઐસા કહતે હૈં. અરે..ભાઈ! વહ તો કથન ક્યા આયે? વહ તો વ્યવહારકા કથન હૈ. વસ્તુકા સ્વરૂપ ઐસા નહીં હૈ. ભગવાન! તૂં તો અનંત આનંદ, જ્ઞાન, દર્શનકા ભગ-વાન તુમ તો હો ન! પુણ્યવાન હો તુમ? પુણ્યવાન હો તુમ? પાપવાન હો? શરીરવાન હો? લક્ષ્મીવાન હો? ધનપતિ હો? નરપતિ હો? ધનપતિ હૈ આત્મા? ધનપતિ-જડ કા પતિ. નરપતિ હૈ વહ? નર-મનુષ્ય કા પતિ હૈ? જડ મનુષ્ય કા પતિ હૈ? નૃપતિ-રાજા. ધૂલમેં ભી નહીં હૈ. સુન ન! વહ તો આનંદ કા પતિ હૈ. અનંત આનંદ ચતુષ્ટયકા પતિ-સ્વામી હૈ. તેરી દૃષ્ટિ મેં ઉસકા માહાત્મ્ય આતા નહીં. ઇસ કારણસે તેરા સંસાર ચલ રહા હૈ. આહાહા..! ચાહે તો અબજોપતિ હો, કરોડોપતિ રાજા હો, સબ અજ્ઞાન મેં પડે હૈં. દુઃખી.. દુઃખી.. દુઃખી બેચારે. દુઃખી હૈ, હાં! શાસ્ત્ર મેં વરાંકા કહતે હૈં. એ.. 'પાટનીજી'! વરાંકા.. વરાંકા. ગરીબ આદમી બેચારા. રાંક હૈ. અપના ચૈતન્ય ભગવાનકા પુરુષાર્થ ચૌથા દેખા નહીં ઔર યહ પુરુષાર્થ કરકે માનતે હૈં કિ હમ બડે હૈં. વરાંકા હૈ, રાંક હૈ. એય..! 'ગોદીકાજી'! દસ-દસ લાખ કે આરસપાષાણકે બંગલે સોયા હો તો કહતે હૈં, ભિખારી હૈ, રાંક હૈ. સોનેકા કડા, લોહા.. આહાહા..! ધૂલ ભી નહીં હૈ, સુન ન! દુઃખ કે રાસ્તે મેં તેરા ઝુલા ચલ રહા હૈ. દુઃખકા ઝુલા હૈ. દુઃખ કે ઝુલે મેં ઝુલ રહે હો, ભગવાન! તેરા આનંદકા ઝુલના તો અંદર મેં દૂસરી ચીજ હૈ. આહાહા..!

કહતે હૈં, '**યહ આત્મા જ્ઞાન-દર્શનમયી ચેતનાસ્વરૂપ અનાદિનિધન હૈ,...**' વહ તો અનાદિનિધન જ્ઞાન-દર્શનમય, હોં! જ્ઞાન-દર્શનવાલા ભી નહીં, જ્ઞાન-દર્શનમય. '**જ્ઞાન-**

**દર્શનમયી ચેતનાસ્વરૂપ અનાદિનિધન હૈ, ઈસકી આદિ ભી નહીં ઔર નિધન (નાશ) ભી નહીં હૈ. ભાવના નામ બારબાર અભ્યાસ કરના, ચિંતન કરનેકા હૈ, વહ મન-વચન-કાયસે આપ કરના તથા દૂસરેકો કરાના...**' જીઓ ઔર જીને દો, ઐસે નહીં. યહ કરના ઔર યહ કરવાના. 'કરનેવાલેકો ભલા જાનના ઐસે ત્રિકરણ શુદ્ધ કરકે ભાવના કરના. માયા, મિથ્યા, નિદાન શલ્ય નહીં રખના,...' માયા નામ કપટ ઔર મિથ્યા-મિથ્યાશ્રદ્ધા, ઔર નિદાન. ક્રિયા કા કુછ ફલ મુઝે મિલે ઐસા નહીં રખના. '**ખ્યાતિ, લાભ, પૂજાકા આશય ન રખના. ઈસપ્રકારસે તત્ત્વકી ભાવના કરનેસે ભાવ શુદ્ધ હોતે હૈં.**' લ્યો. ઐસે ભગવાનઆત્માકી તત્ત્વકી ભાવના કરને સે આત્મા શુદ્ધ હોતા હૈ. ઉસકા દૃષ્ટાંત દેંગે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પ્રવચન નં. ૧૩૯, ગાથા-૧૧૪ થી ૧૧૭, શનિવાર, કારતક વદ ૧, તા.૧૪-૧૧-૭૦

'અષ્ટપાહુડ'માં ભાવપાહુડ. સાત તત્ત્વનો વિચાર કરવો એ પ્રથમ વ્યવહાર પ્રવૃત્તિ બતાવે છે. નિશ્ચયમાં તો આત્મતત્ત્વ છે એની ભાવના કરવી. ધર્મ જેને કરવો હોય એણે નિશ્ચયથી તો આ આત્મા અભેદ અનંતગુણનો પિંડ વસ્તુ છે એની એકાગ્રતા, એની ભાવના, એનાથી સમ્યગ્દર્શન થાય છે. એ વિના ધર્મની શરૂઆત સ્વ ચૈતન્યના આશ્રય વિના થતી નથી. પણ કહે છે કે નિશ્ચયથી તો એ બરાબર છે. આત્મા અખંડ સર્વજ્ઞ પરમેશ્વરે જે જોયો, જાણ્યો, એવો કહ્યો. એવો આત્મા અંદર પૂર્ણ આનંદ અને પૂર્ણ શુદ્ધ (છે), એનો આશ્રય કરીને એની વિચારણા એટલે એકાગ્રતા કરવી એ તો મુખ્ય ચીજ. વ્યવહારે સાત તત્ત્વની વિચારણા કરવી ભેદથી. એ કહે છે. વ્યવહારે.

જીવ છે એ જ્ઞાન દર્શનથી ભરેલું તત્ત્વ છે એની ભાવના કરવી અને કાં જ્ઞાન દર્શન સ્વરૂપ હું છું એની ભાવના કરવી. આવી ગયું છે ને એ? આવી ગયું છે? શરૂઆતમાં આવી ગયું. આ શરીરાદિ, આ પાંચ અજીવતત્ત્વ છે એ હેય છે એમ ભાવના વિચારણા કરવી. અને આત્મામાં પુણ્ય-પાપના ભાવ થાય એ કર્મના નિમિત્તના સંયોગે થયેલો વિકાર (છે), એ બંધનું કારણ છે એને હેય જાણીને એને છોડવાનો વિચાર કરવો. સમજાણું કાંઈ? અને પુણ્ય-પાપના ભાવ, રાગ-દ્વેષ, મોહભાવ એ બંધતત્ત્વ છે-ભાવબંધ છે. એને પણ અબંધ તત્ત્વના વિચાર દ્વારા એને છોડવાનો વિચાર કરવો. સંવર. એ શુભ, અશુભ, દયા, દાન, વ્રત આદિના ભાવ એ આસ્રવ છે. એને છોડીને સ્વભાવનો આશ્રય લઈ અને જેટલી નિર્વિકારી દશા પ્રગટ થાય, એ શુદ્ધિ ઉત્પન્ન થાય એને સંવર કહે છે. અને એ શુદ્ધિની વૃદ્ધિ અંતર થાય એને નિર્જરા તત્ત્વ કહે છે. એ શુદ્ધિની પૂર્ણતા થાય એને મોક્ષતત્ત્વ કહે છે. કહો, ટૂંકામાં નવ તત્ત્વની આ વિચારણા સાચી છે. એવી વિચારણા એણે યથાર્થપણે અનંતકાળમાં કોઈ દિ'

કરી નથી. સમજાણું કાંઈ? છેવટે આપણે તો અહીંયાં એ આવ્યું છે.

એ સાતનો વિચાર કરીને અહીંયાં દૃષ્ટાંત દે છે. **'ઈસકા ઉદાહરણ ઈસપ્રકાર હૈ કિ – જબ સ્ત્રી આદિ ઈન્દ્રિયગોચર હો (દિખાઈ દે)...'** સ્ત્રી આદિ આત્મા છે, એનું શરીર જડ છે. એ ઈન્દ્રિયગમ્ય હોય ત્યારે એમ વિચાર કરવો. **'તત્ત્વવિચાર કરના કિ યહ સ્ત્રી હૈ વહ ક્યા હૈ?'** એ સ્ત્રી છે શું? કે **'જીવનામક તત્ત્વકી એક પર્યાય હૈ,...'** અંદર આત્મા જીવ જે છે એની એક સ્ત્રીપર્યાય છે જીવની. વસ્તુ નહિ. વસ્તુ તો ત્રિકાળ જ્ઞાયકભાવ છે. પણ સ્ત્રી એની એક ઉદયભાવની પર્યાય છે. એમ એનો વિચાર કરવો. **'ઈસકા શરીર હૈ વહ તો પુદ્‌ગલતત્ત્વકી પર્યાય હૈ,...'** શરીર જે આ માટી છે આ તો જડ છે. એ પુદ્‌ગલની અવસ્થા છે એમ વિચાર કરવો. આ તો એક દૃષ્ટાંત દીધો. કોઈપણ તત્ત્વને ઈન્દ્રિયગમ્ય જોઈને એનો આ પ્રકારે વિચાર કરવો.

**'યહ હાવભાવ ચેષ્ટા કરતી હૈ,...'** સ્ત્રીનો આત્મા વિકલ્પ કરે એ પણ એ શરીરમાં હાવભાવ શરીરની ચેષ્ટા જે હાવભાવની છે એ જડની છે. અંદરનો વિકલ્પ જે વિકાર છે એ ચૈતન્યનો કરેલો વિકારભાવ છે. 'વહ ઈસ જીવકે વિકાર હુઆ હૈ યહ આસ્રવતત્ત્વ હૈ...' ભગવાનઆત્મા પોતાનો આનંદસ્વભાવ ભૂલીને એ વિકારના ભાવ સ્ત્રી કરે છે એ આસ્રવ છે, બંધનું કારણ છે. એમ ધર્મી જીવે સાત તત્ત્વનો ઈન્દ્રિયગમ્ય કોઈ વિષય દેખાય તેનો આમ વિચાર કરવો. એ જીવનો વિકાર અને આસ્રવતત્ત્વ (છે). આસ્રવ એટલે બંધનું કારણ. **'બાહ્ય ચેષ્ટા પુદ્‌ગલકી હૈ,...'** આ જડ. હાવ, ભાવ, શરીરની ચેષ્ટા એ તો જડની-આ શરીરની અવસ્થા છે, એ અજીવ છે એમ વિચાર કરવો.

વળી, **'ઈસ વિકારસે ઈસ સ્ત્રીકી આત્માકે કર્મકા બંધ હોતા હૈ.'** બે વાત લીધી. જે સ્ત્રી વિકારના વિકલ્પ કરે છે એ બંધ છે અને **'સ્ત્રીકી આત્માકે કર્મકા બંધ હોતા હૈ.'** એમ. એ વિકારથી અને એના આત્માને કર્મનો બંધ થાય છે. જીવ છે એ તો જ્ઞાન આનંદ છે. એને ભૂલીને પાપના ભાવ, હાવ-ભાવ થયા એ તો આસ્રવ છે, બંધનું કારણ છે. **'ઈસ વિકારસે ઈસ સ્ત્રીકી આત્માકે...'** એમ. એ વિકારથી બંધન થાય છે અને એ સ્ત્રીના આત્માને બંધન થાય છે. 'યહ વિકાર ઈસકે ન હો તો આસ્રવ, બંધ ઈસકે ન હો.' જુઓ! જો એ વિકાર, વાસના, વિષય વાસના ન કરે અને આત્મા આનંદસ્વરૂપ છે, એમાં એકાગ્ર થાય તો એને સંવર થાય. આ સંવર થાય. બહારની ક્રિયાથી કાંઈ સંવર-બંવર થતો નથી. સમજાણું કાંઈ? **'વિકાર ઈસકે ન હો તો આસ્રવ, બંધ ઈસકે ન હો.'** લ્યો! જે વિકાર છે એ આસ્રવનું કારણ છે અને બંધનું કારણ છે. એ ન હોય તો આસ્રવ બંધ ન થાય. એટલે સંવર અને નિર્જરા થાય. એમ. આત્મા પૂર્ણ સ્વરૂપ શુદ્ધ આનંદ (છે), એમાં જો આસ્રવ અને બંધ ન થાય તો એનો આશ્રય કરવાથી એને સંવર અને નિર્જરા થાય. સમજાણું કાંઈ? આ તો એક દૃષ્ટાંત લીધું.

વળી, **'કદાચિત મૈં ભી ઈસકો દેખકર વિકારરૂપ પરિણમન કરું તો મેરે ભી આસ્રવ,**

**બંધ હો. ઈસલિયે મુજે વિકારરૂપ ન હોના યહ સંવરતત્ત્વ હૈ.'** પુણ્ય-પાપનો ભાવ એ વિકાર, એ વિકારરૂપે ન થવું અને આત્માના શુદ્ધ સ્વભાવરૂપે પરિણમવું એનું નામ સંવર તત્ત્વ કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? એનું નામ ધર્મ. નિર્ણય સંવર તત્ત્વ હૈ.

**'બન સકે તો કુછ ઉપદેશ દેકર ઈસકા વિકાર દૂર કરું (એસા વિકલ્પ રાગ હૈ,)...'** **'ઈસપ્રકાર તત્ત્વકી ભાવનાસે અપના ભાવ અશુદ્ધ નહીં હોતા હૈ,...'** તત્ત્વની વિચારણાથી અશુદ્ધ ભાવ ન થાય. **'ઈસલિયે જો દષ્ટિગોચર પદાર્થ હોં ઉનમેં ઈસપ્રકાર તત્ત્વકી ભાવના રખના, યહ તત્ત્વકી ભાવનાકા ઉપદેશ હૈ.'** કહો, સમજાણું કાંઈ? સ્ત્રીનું તો એક દષ્ટાંત દીધું, એ પ્રમાણે કોઈ પણ તત્ત્વને લેવું.

---

**आगे कहते हैं कि ऐसे तत्त्वकी भावना जब तक नहीं है तब तक मोक्ष नहीं हैः–**

**जाव ण भावइ तच्चं जाव ण चिंतेइ चिंतणीयाइं।**
**ताव ण पावइ जीवो जरमरणविवज्जियं ठाणं।।११५।।**

यावन्न भावयति तत्त्वं यावन्न चिंतयति चिंतनीयानि।
तावन्न प्राप्नोति जीवः जरामरणविवर्जितं स्थानम्।।११५।।

**ભાવે ન જ્યાં લગી તત્ત્વ, જ્યાં લગી ચિંતનીય ન ચિંતવે,**
**જીવ ત્યાં લગી પામે નહીં જર-મરણવર્જિત સ્થાનને. ૧૧૫.**

**अर्थ :– हे मुने! जबतक वह जीवादि तत्त्वोंको नहीं भाता है और चिन्तन करने योग्यका चिन्तन नहीं करता है तब तक जरा और मरणसे रहित मोक्षस्थानको नहीं पाता है।**

**भावार्थ :– तत्त्वकी भावना तो पहिले कही वह चिन्तन करनेयोग्य धर्मशुक्ल–ध्यानका विषयभूत जो ध्येय वस्तु अपना शुद्ध दर्शनज्ञानमयी चेतनाभाव और ऐसा ही अरहंत–सिद्ध परमेष्ठीका स्वरूप, उसका चिन्तन जब तक इस आत्माके न हो तब तक संसारसे निवृत्त होना नहीं है, इसलिये तत्त्वकी भावना और शुद्धस्वरूपके ध्यानका उपाय निरन्तर रखना यह उपदेश है।।११५।।**

---

## ગાથા-૧૧૫ ઉપર પ્રવચન

**'આગે કહતે હૈં કિ ઐસે તત્ત્વકી ભાવના જબ તક નહીં હૈ તબ તક મોક્ષ નહીં હૈ :-'** હવે ૧૧૫. ભગવાને કહેલાં આ સાત તત્ત્વો પણ આ રીતે સાત તત્ત્વો. અજ્ઞાની તો કંઈકની કંઈક કલ્પના કરે. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ ભાવ આસ્રવ છે. એને ઠેકાણે એ અજ્ઞાની ધર્મ માને છે.

મુમુક્ષુ :- ધર્મ તો ઠીક પણ કરતા કરતા...

ઉત્તર :- એ કરતા કરતા.. લસણ ખાતા-ખાતા કસ્તુરીનો ઓડકાર આવે એમ માને છે. એમ એ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના ભાવ એ શુભભાવ છે. શુભ એ પુણ્ય છે એ ધર્મ નથી. ભારે આકરું. અને એ કરતા કરતા પણ રાગ અને બંધ જ થાય. એ પુણ્ય કરતા કરતા ધર્મ થાય એ કોઈ દિ' ત્રણકાળમાં છે નહિ. વીતરાગનો માર્ગ એવો છે. દુનિયા અત્યારે કંઈક માર્ગે ચડી ગઈ છે અને માની બેઠી છે કે આ ધર્મ. સમજાણું કાંઈ? પરજીવની દયાના ભાવ, અહિંસા, સત્યના ભાવ, વ્રતના ભાવ એ બધા શુભ પુણ્ય છે, ધર્મ નહિ. ખબર ન મળે કાંઈ. સમજાણું કાંઈ? એમ વિચાર કરતાં સાત તત્ત્વની ભાવના કરતા એને અનુક્રમે મોક્ષ થાય. આવી ભાવના ન કરે તો મોક્ષ થાય નહિ. ૧૧૫.

**जाव ण भावइ तच्चं जाव ण चिंतेइ चिंतणीयाइं।**

**ताव ण पावइ जीवो जरमरणविवज्जियं ठाणं।।११५।।**

**અર્થ :-** '**હે મુને!**' મુનિને ઉદ્દેશીને મુખ્ય વાત છે. '**જબતક વહ જીવાદિ તત્ત્વોંકો નહીં ભાતા હૈ...**' જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ. એનું સ્વરૂપ જ્યાં સુધી યથાર્થ ન જાણે અને યથાર્થ જાણ્યા વિના એની ભાવના ન કરે '**ઔર ચિંતવન કરને યોગ્યકા ચિન્તન નહીં કરતા હૈ...**' આ ચિંતવન કરવાલાયક છે, એમ કહે છે. સમજાણું કાંઈ? સંસારના ભાવ ચિંતવન કરે વેપાર-ધંધા એ તો બધા પાપના ભાવ છે. સમજાણું કાંઈ? અને દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ એ બધા પુણ્યના ભાવ છે. એમ એને બરાબર પાપ, પુણ્ય આસ્રવ એ બે થઈને આસ્રવ છે. એ આસ્રવ છે એ બંધનું કારણ છે. એમ તત્ત્વની વાસ્તવિક ભાવના જ્યાં સુધી ન કરે, ચિંતવવા યોગ્ય તો આ છે કહે છે. આહાહા..! '**તબ તક જરા ઔર મરણસે રહિત...**' જરા-શરીરની જીર્ણતા અને મરણ શરીરની સ્થિતિનું પૂર્ણ થવું. એવા '**રહિત મોક્ષસ્થાનકો નહીં પાતા હૈ.**' જરા-મરણ રહિત એવો જે મોક્ષ, સાત તત્ત્વનું ભગવાને કહેલું એવું. ચિંતવન અને ચિંતવવા યોગ્યને ચિંતવે નહિ ત્યાં સુધી એને જન્મ-મરણથી મુક્ત થાય નહિ. કહો, સમજાય છે કાંઈ?

**ભાવાર્થ :-** '**તત્ત્વકી ભાવના તો પહિલે કહી વહ ચિંતવન કરને યોગ્ય...**' દેખો! '**ધર્મશુક્લ-ધ્યાનકા વિષયભૂત...**' હવે આવ્યો સાર. શું કહે છે? ધર્મધ્યાન અને શુક્લધ્યાન એ આત્માની સંવર-નિર્જરાની પર્યાય અવસ્થા હાલત છે. તો એના વિષયભૂત શું? ધર્મધ્યાનની પર્યાયનો વિષય કોણ? ધ્યેય કોણ? કે આત્મા. આહાહા..! સમજાણું કાંઈ? સમજાય છે? બે દિ'થી હિન્દી હતું ને? કાલે તો ગયું હિન્દી. કાલે પણ હિન્દી હતું. ત્રણ દિ'થી હિન્દી (ચાલે છે), નહિ? કહો, સમજાણું કાંઈ? શું કહે છે?

ધર્મધ્યાન. ધર્મધ્યાન એટલે આત્માની પવિત્રદશા. શુક્લધ્યાન એટલે ઉગ્ર-ઊંચી પવિત્રદશા. એનું ધ્યેય કોણ? કોને ધ્યેયે ધર્મ થાય? કે '**જો ધ્યેય વસ્તુ અપના શુદ્ધ**

**દર્શનજ્ઞાનમયી...**' આત્મા. આહાહા..! દેખો! '**અપના શુદ્ધ દર્શનજ્ઞાનમયી ચેતનાભાવ...**' આહાહા..! પહેલું કહ્યું હતું ત્યાં. જ્ઞાન-દર્શનચેતના ભાવની ભાવના કરવી અથવા એ ચેતના તે હું છું એમ ભાવના કરવી. આહાહા..! આ બધા દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ ઊઠે તે હું નહિ. એ તો આસ્રવતત્ત્વ છે. સમજાણું કાંઈ? સંવર અને ધર્મની પર્યાયનું ધ્યેય ભગવાનઆત્મા ચૈતન્યસ્વરૂપ શુદ્ધ ચેતનામય આત્મા એ સંવર ધર્મના ભાવનો ધ્યેય વિષય, ધર્મના ભાવનો વિષય એટલે શરણ એ ધ્યેય આત્મા છે. આત્માની ખબર ન હોય અને ધર્મ થઈ ગયો એને, લ્યો. સમજાણું કાંઈ?

જે વલણ અનાદિનું પર ઉપર છે એના પરના વલણમાં તો એને પુણ્ય અને પાપના ભાવ થાય. એમાં કાંઈ ધર્મ થતો નથી. ચાહે તો પરની દયા પાળવાનો હોય, ભક્તિ કરવાનો હોય, નામસ્મરણ ભગવાનનું નામ (લેતો હોય), એ બધા આસ્રવતત્ત્વ પુણ્ય-પાપના ઉત્પન્ન કરનારા છે. સમજાણું? સ્ત્રી-કુટુંબનો, ધંધાનો આશ્રય કરીને વિચાર કરે તે બધો પાપ છે. દેવ-ગુરુ-શાસ્ત્ર તરફના વિચાર કરે તે બધું પુણ્ય છે. એ પુણ્ય-પાપથી રહિત ચેતનામય ભગવાનઆત્મા, એને પર તરફનું જે વિષય-વલણ છે એને છોડી સ્વચૈતન્યના આનંદધામને વિષય બનાવીને એકાગ્ર થવું એનું નામ ધર્મધ્યાન છે. ભારે ભાઈ! સમજાણું કાંઈ? કહો, આ પંચમહાવ્રત ને ધર્મધ્યાન છે કે નહિ? નથી?

મુમુક્ષુ :- આપે તો એ વાત કરી. અમે તો ઊંધે રવાડે ચડી ગયા હતા.

ઉત્તર :- રવાડે ચડી ગયા. વાત તો સાચી. આહાહા..!

મુમુક્ષુ :- ભૂલ થઈ એ કબુલ તો કરવી જોઈએ ને.

ઉત્તર :- વસ્તુની ખબર નથી, ભાઈ! તને ખબર નથી. ભગવાન તો ચેતના દર્શન-જ્ઞાન, દૃષ્ટા-જ્ઞાતામય ચેતનાભાવસ્વભાવસ્વરૂપ આત્મા છે. સમજાય છે કાંઈ? આવ્યું ને માથે? ધર્મધ્યાન અને '**શુક્લ-ધ્યાનકા વિષયભૂત જો ધ્યેય...**' વિષયભૂત જે ધ્યેય. એમ. '**વસ્તુ અપના શુદ્ધ દર્શન...**' ભગવાન તીર્થંકરનો આત્મા પણ અને તીર્થંકરની પ્રતિમા પણ શુદ્ધભાવનો વિષય નથી. ધર્મધ્યાનની દશાનો એ વિષય ધ્યેય નહિ એમ કહે છે. પરજીવની દયા પાળવાનો ભાવ એ તો પરવિષય છે. ભગવાનની ભક્તિનો ભાવ એમાં પરવિષય ભગવાન આવે છે એ તો. અહીંયાં તો જેને ધર્મધ્યાન, ધર્મદશા પ્રગટ કરવી છે એવા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના જે પરિણામ, એનો વિષય તો ધ્રુવ ચૈતન્ય દર્શન-દૃષ્ટા જ્ઞાતામય અભેદ ચેતનાભાવ એ હું છું. એની એકાગ્રતા કરવી એનું નામ ધર્મધ્યાન છે. આહાહા..! કહો, સમજાય છે કાંઈ? આવું કેટલાકે તો સાંભળ્યું પણ ન હોય. જય નારાયણ! બહારથી કરો, વ્રત કરો, દયા કરો ને અપવાસ કરો. અહીં કહે છે કે એ બધી મંદ રાગની ક્રિયા છે. 'શાંતિભાઈ'! આહાહા..! જુઓને!

અહીં તો કહે છે કે ધર્મધ્યાનનો વિષય ભગવાનનો આત્મા નહિ, આ આત્મા. ધર્મધ્યાનનું ધ્યેય ભગવાન તીર્થંકર નહિ. ધર્મધ્યાનનું ધ્યેય ભગવાનની મૂર્તિ ને શેત્રુંજય અને

સમ્મેદશિખર નહિ. ધર્મધ્યાનનું ધ્યેય, પરને ન મારવું, પરને બચાવું, પરને દુઃખ ન દઉં, દયા પાળું એ ધર્મધ્યાનનું ધ્યેય નહિ. આહાહા..! 'પોપટભાઈ'! લ્યો, આવો માર્ગ છે. આહાહા..! સમજાણું કાંઈ? ધર્મ એટલે આત્માની સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્શાંતિ-ચારિત્ર એવો જે ધર્મ, એ ધર્મનો વિષય એની દિશા દ્રવ્ય દિશા છે. શુદ્ધ ચેતના જ્ઞાનમાત્ર આત્મા એ એની દિશા, એ એનો વિષય, એ એનું ધ્યેય. ધર્મધ્યાન તો પ્રગટ થાય. પરના ધ્યયેને લક્ષે ધર્મધ્યાન પ્રગટ થાય નહિ. સમજાણું કાંઈ? ભાવના કરવી..લ્યો.

**'શુદ્ધ દર્શનજ્ઞાનમયી ચેતનાભાવ ઔર ઐસા હી અરહંતસિદ્ધ પરમેષ્ઠીકા સ્વરૂપ,...'** એ શુભભાવ. **'ઐસા હી અરહંતસિદ્ધ પરમેષ્ઠીકા સ્વરૂપ, ઉસકા ચિંતવન...'** એમ. અરિહંત પરમેશ્વરનું સ્વરૂપ પણ એવું છે એમ ચિંતવવું એ શુભ પ્રવૃત્તિનો વિકલ્પ છે. સમજાય છે? **'જબ તક ઈસ આત્માકે ન હો...'** **'ઉસકા ચિંતવન જબ તક ઈસ આત્માકે ન હો...'** **'અરહંતસિદ્ધ પરમેષ્ઠીકા સ્વરૂપ, ઉસકા ચિંતવન જબ તક ઈસ આત્માકે ન હો...'** આવું આત્માનું ચિંતવન જ્યાં સુધી નથી, એમ કહે છે. બીજી રીતે કહીએ તો અરિહંત અને સિદ્ધનું સ્વરૂપ છે તેવું જ મારું સ્વરૂપ છે. અત્યારે પણ અરિહંત અને સિદ્ધનું સ્વરૂપ છે એવું મારું સ્વરૂપ છે એમ વિચાર અથવા અરિહંત અને સિદ્ધનું સ્વરૂપ છે એનો વિચાર, એ વિકલ્પ. સમજાય છે કાંઈ? ભેદથી વાત છે. આત્માનો વિચાર એ ભેદથી છે. એકલો વિચાર અભેદથી છે. ભારે ભેદ ને અભેદ આવું બધું. કહો, સમજાણું આમાં?

ત્રણલોકના નાથ તીર્થંકરદેવ પરમેશ્વર એને ધર્મધ્યાન ધર્મ કહે છે કે જે ધર્મની મોક્ષમાર્ગની જે પર્યાય, અવસ્થા, એનો વિષય તો ચેતનામય આત્મા છે. આહાહા..! કહો, 'ભીખાભાઈ'! વાણી પણ નહિ, એમ કહે છે. કહેતા હતા ને કાલે? આ વાણી ઉપર લક્ષ જાય છે અને આમ થાય છે. કહો, સમજાણું કાંઈ? આહાહા..! યહ આત્મા કે નાંહિ. શું કહે છે? **'જબ તક ઈસ આત્માકે ન હો...'** પોતાનો આત્મા ભગવાન શુદ્ધ ચેતના. ચેતના એટલે જ્ઞાન અને દર્શનનો ભંડાર. એમાં કાંઈ દયા, દાન, વ્રતના વિકલ્પ કાંઈ એના આત્મામાં નથી વસ્તુમાં. એ તો વિકાર છે. આહાહા..! પંચમહાવ્રતનો વિકલ્પ નથી આત્મામાં, એમ કહે છે. આ પાંચ મહાવ્રત લઈને અણુવ્રતનું આંદોલન કરો. આહાહા..!

મુમુક્ષુ :- એમ જ ચાલે છે ને આ દુનિયા.

ઉત્તર :- એમ જ ચાલે છે દુનિયા. શું કરે? પંથની ખબર ન મળે. અને કુપંથે ચાલે અને માને કે પંથમાં છીએ, જૈનપંથમાં-જૈનમાર્ગમાં છીએ. જૈનમાર્ગ કોને કહેવો એની એને ખબર નથી. જૈનપંથ કહો કે જૈનમાર્ગ (કહો), એ તો વીતરાગી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ જૈનપંથ અને એ જૈનમાર્ગ. દયા, દાન અને વ્રતના પરિણામ એ જૈનમાર્ગ નહિ અને જૈનપંથ પણ નથી. જૈન એટલે રાગને જીતેલો ભાવ તે જૈન. રાગથી જીતાય જાય એ તો અજિન છે. 'મગનભાઈ'! પેલા મારે, 'મગનભાઈ' કહે. માળા ઓલા ઉઘાડું ત્યાં કરવા જાય. વાત તો સાચી છે. આવું જો .. અહીં તો 'સોનગઢ' એટલે શું? સાંભળવું હોય એ સાંભળો. અહીં ક્યાં

વાડો છે અમારે. વાડામાં જાય તો (એમ કહે), નહિ. એમ નહિ, એમ નહિ. મરો ત્યારે એમ નહિ ત્યારે. આહાહા..! સમજાણું કાંઈ? 'ભાવમરણે કાં અહો રાચી રહો' આવતું નથી? 'શ્રીમદ્'માં આવે છે. 'ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે કાં અહો રાચી રહો.' ૧૬ વર્ષે કહે છે. 'શાંતિભાઈ'! એનો અર્થ શું પણ? લાંબો અર્થ છે.

મુમુક્ષુ :- સમજાવો ને, સાહેબ!

ઉત્તર :- એ દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યેનો રાગ, ભક્તિનો રાગ એ મને લાભ કરશે એ ભાવમરણ છે, એમ કહે છે. આહાહા..! મિથ્યાત્વથી એનું આત્મજીવન નાશ થાય છે. માર્ગ તો એ છે. માને, ન માને, સંખ્યા થોડી-ઘણી એની સાથે સત્યને સંબંધ છે નહિ. વીતરાગ પરમેશ્વરનો માર્ગ તો આ માર્ગની પર્યાય છે ધર્મની. માર્ગ એટલે ધર્મની પર્યાય છે. જૈનશાસન એટલે? જૈનશાસન એટલે વીતરાગી સમ્યગ્દર્શન, વીતરાગી જ્ઞાન અને વીતરાગી સ્થિરતા એ જૈન શાસન. એનો વિષય-ધ્યેય શું? ધ્યેય આત્મા. એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

જ્યાં સુધી ભગવાનઆત્માનું શુદ્ધ ચેતનાભાવનું ધ્યાનમાં લક્ષમાં લઈને તેના તરફ એકાગ્ર ન થાય અને અરિહંત ને સિદ્ધના સ્વરૂપ જેવું જ મારું સ્વરૂપ છે એમ જાણીને એકાગ્ર ન થાય અથવા અરિહંત અને સિદ્ધના સ્વરૂપનો વિકલ્પ-વિચાર નિશ્ચયના ભાનસહિત ન કરે ત્યાં સુધી તેને '**સંસારસે નિવૃત્ત હોના નહીં હૈ,...**' એ સંસારના રખડવાથી નહિ છૂટે. નરક અને નિગોદના ભવ અનંતા અનંતા માથે ચડ્યા છે, કહે છે. આહાહા..! કહો, સમજાણું કાંઈ? એવા જન્મ-મરણ સંસારથી નિવૃત્તિ નહિ થાય. સંસાર શબ્દે રખડવું અથવા ઉદયભાવ, વિકારી ઉદયભાવ, એને કારણે ચાર ગતિમાં રખડે છે. પુણ્ય-પાપના ભાવ બેય સંસાર છે. આહાહા..! કહો, સમજાય છે કાંઈ? આ કહે, સામાયિક કરીએ, પોષા કરીએ, પડિક્કમણા કરીએ. તો એ પડિક્કમણા, સામાયિક સમ્યગ્દર્શન વિના આવ્યું ક્યાંથી તને? હજી આત્મા કોણ છે એનું તો ભાન નથી. ક્યાંથી સામાયિક આવી ગઈ તારે ઘરે? સમજાણું કાંઈ? એ તો બધો વિકલ્પ છે, રાગ છે, પુણ્ય છે. ભગવાનઆત્મા એ પુણ્ય અને પાપના રાગથી રહિત દૃષ્ટિ કરી અને શુદ્ધ ચેતનામય દૃષ્ટિ કરે ત્યારે તેની ભાવનામાં એકાગ્ર થતાં શુદ્ધતા પ્રગટ થાય. એ શુદ્ધતા થાય એ ધર્મ છે. પુણ્ય-પાપના પરિણામ એ ધર્મ છે નહિ. ભારે આકરું કામ ભાઈ. એ વાત ખરી પણ પછી એનું સાધન? એમ કહે વળી પાછા.

'અગાસ'માં ગયા'તા ને 'અગાસ'માં? બપોરે વ્યાખ્યાન સાંભળ્યું. આવી વાત તો સૂક્ષ્મ પડે. એમ કે આવી વાત અહીંયાં ચાલતી નથી. ઓલા બોલ્યા હતા ને 'લાલજીભાઈ'. ઈ બોલ્યા હતા, સૂક્ષ્મ વાત છે. એક મારવાડી રાત્રે આવ્યો હતો. (એ કહે), એ વાત સાચી પણ એનું સાધન? એ સાધન સ્વરૂપમાં એકાગ્ર થવું એ સાધન. સાધન-ફાધન આ ભક્તિ કરવી, પૂજા કરવી, સામાયિક કરવી, પોષા કરવા, પડિક્કમણા કરવા, અપવાસ કરવા (એ સાધન નથી).

મુમુક્ષુ :- એકાગ્ર થવું એનું સાધન શું?

ઉત્તર :- અંદરમાં એકાગ્ર થવું એ સાધન. આહાહા..!

મુમુક્ષુ :- એ પોતે જ સાધન છે.

ઉત્તર :- એ સાધન પોતે છે. સાધકપણું એ સાધક, એ સાધકદશા છે.

મુમુક્ષુ :- એકાગ્ર થાય .. ઉપાય શું?

ઉત્તર :- ઉપાય શો? આ. હજી એને સાધન બહારથી લાવવું હશે ક્યાંકથી.

ભગવાનઆત્મા સચ્ચિદાનંદ પ્રભુ, શુદ્ધ આનંદના ઘનમાં એકાગ્ર થવું એ એનું સાધન અને એ સાધક છે. આહાહા..! જુઓને! ક્ષણમાં ચાલ્યા જાય, જુઓને! પાંચ દિ'માં બે ગયા અહીં સભા માયલા. 'ક્ષુલ્લક' ગયા અને આ ... મારવાડી હતા ને બિચારા. આવતા. ત્રણ મહિનાથી હતા અહીંયાં, હોં! એક મિનિટમાં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બસ, બેઠા અને પડી ગયા. ઉપર ચડીને... ઉપર ચડી ગયા ઉપર. પછી ઓલું .. છે ત્યાં. પગથિયા .. છે ને થોડું, પછી નાની દેરી છે. ચાલ્યા એ. પાંચ વાગે તો ચડ્યા. માથે ચાલીને. છ વાગ્યે દેહ છૂટી ગયો. ... બોલ્યા હતા કાંઈક શું કીધું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ફૂટ્યો પાપનો ઘડો, એવું બોલે. હિંગળાને હડે શું છે? અહીં તો પુણ્ય અને પાપ બેય રાગ ને વિકાર છે. આહાહા..! એ ભગવાનના જાપ કરતા કરતા ચડે. નમો અરિહંતાણં... નમો અરિહંતાણં... રાગ છે એ તો વિકલ્પ છે. આકરી વાત છે, બાપુ! જૈનધર્મ એટલે વીતરાગ પરમેશ્વર કેવળી. 'કેવળી પણંતો ધમ્મો શરણં.' આવે છે કે નહિ 'મગનભાઈ'! મંગળિકમાં. અરિહંતા મંગલં, સિદ્ધા મંગલં, સાહુ મંગલં, કેવળી પણંતો ધમ્મો. એ કેવળી પણંતો. કેવળી પરમાત્માએ શુદ્ધ ઉપયોગને શુદ્ધભાવરૂપી જે ધર્મ કહ્યો એને ભગવાનનું શાસન ધર્મ કહે છે. અને એ ધર્મના ધ્યેયના વિષયને આત્મા કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

જ્યાં અંતર સ્વભાવમાં પૂર્ણાનંદ પડ્યો છે એ અંતર્મુખ ધર્મની પર્યાયનું વલણ અંતર દ્રવ્યમાં જાય, એને વિષય બનાવે. વિષય કુરુ. આવે છે ને? વિષય કુરુ આવે છે ઓલામાં 'કળશટીકા'. 'પરમ અધ્યાત્મ તરંગિણી' ત્રણે ઠેકાણે આવે છે. વિષય કુરુ. ભગવાન! તારી ચીજ કોઈ છે કે નહિ મહાપ્રભુ ચૈતન્યબિંબ, એને વિષય કુરુ. એના લક્ષે જા, એને ધ્યેય બનાવ. એના ધ્યેયથી પ્રગટેલી પર્યાય એને જૈનશાસન અને ધર્મ કહે છે. સમજાણું કાંઈ?

'**ઈસલિયે તત્ત્વકી ભાવના ઔર શુદ્ધસ્વરૂપકે ધ્યાનકા ઉપાય...**' બેય લીધું છે ને? સાત તત્ત્વની ભાવના એ ભેદ ચીજ છે. '**ઔર શુદ્ધસ્વરૂપકે ધ્યાનકા ઉપાય...**' એ અભેદ ચીજ છે. '**નિરંતર રખના...**' ભગવાનઆત્મા પૂર્ણ નિર્મળ શુદ્ધ સ્વભાવ, એના તરફનું ધ્યાન, એના તરફનો ઉપાય, લ્યો, આ ઉપાય. '**નિરંતર રખના...**' આ ઉપાય છે ધર્મનો.

ચૈતન્ય ભગવાન પૂર્ણ આનંદ, એનો આશ્રય લેવો એ ધર્મનો ઉપાય છે. આહાહા..! '**યહ ઉપદેશ હૈ.**' આ ભગવાનનો ઉપદેશ છે. આવો પરમાત્મા તીર્થંકરદેવનો ઉપદેશ છે. કહો, સમજાણું કાંઈ?

---

**आगे कहते हैं कि पाप-पुण्यका और बन्ध-मोक्षका कारण परिणाम ही है:-**

**पावं हवइ असेस पुण्णमसेसं च हवइ परिणामा।**
**परिणामादो बंधो मुक्खो जिणसासणे दिट्ठो।।११६।।**

**पापं भवति अशेषं पुण्यमशेषं च भवति परिणामात्।**
**परिणामद्बंधः मोक्षः जिनशासने दृष्टः।।११६।।**

**રે! પાપ સઘળું, પુણ્ય સઘળું થાય છે પરિણામથી;**
**પરિણામથી છે બંધ તેમ જ મોક્ષ જિનશાસન મહીં. ૧૧૬.**

**अर्थ :- पाप-पुण्य, बंध-मोक्षका कारण परिणाम ही को कहा है। जीवके मिथ्यात्व, विषय-कषाय, अशुभलेश्यारूप तीव्र परिणाम होते हैं, उनसे तो पापास्रवका बंध होता है। परमेष्ठीकी भक्ति, जीवों पर दया इत्यादिक मंदकषाय शुभलेश्यारूप परिणाम होते हैं, इससे पुण्यास्रवका बंध होता है। शुद्ध परिणामरहित विभावरूप परिणामसे बंध होता है। शुद्धभावके सन्मुख रहना, उसके अनुकूल शुभ परिणाम रखना, अशुभ परिणाम सर्वथा दूर करना, यह उपदेश है।।११६।।**

---

## ગાથા-૧૧૬ ઉપર પ્રવચન

**'આગે કહતે હૈં કિ પાપ-પુણ્યકા ઔર બંધ-મોક્ષકા કારણ પરિણામ હી હૈ :-'**

**पावं हवइ असेस पुण्णमसेसं च हवइ परिणामा।**
**परिणामादो बंधो मुक्खो जिणसासणे दिट्ठो।।११६।।**

લ્યો! જૈનશાસન પરમેશ્વર તીર્થંકરદેવ ભગવાન, ઉનકે શાસનમેં પરિણામસે પાપ, પરિણામસે પુણ્ય, પરિણામસે બંધ ઔર પરિણામસે મોક્ષ (કહા હૈ).

**અર્થ :- 'પાપ-પુણ્ય, બંધ-મોક્ષકા કારણ...'** ચાર આવ્યા ને ચાર? પાપ-પુણ્ય, બંધ અને મોક્ષ. એનું કારણ પરિણામને કહ્યું. ચાર પરિણામ છે. હિંસાના, જૂઠના, ચોરીના પરિણામ, વિષયના, ક્રોધના એ પરિણામ પાપ છે. દયાના, દાનના, ભક્તિના પરિણામ એ

પુણ્ય છે અને બેય પરિણામ એ બંધનું કારણ છે. એ પરિણામ બંધનું કારણ છે. બેયની ક્રિયા આદિ બંધનું કારણ નહિ, એમ કહે છે. સમજાણું કાંઈ? દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ એ પુણ્ય. હિંસા, જૂઠું, ચોરી, વિષય, વાસનાના પરિણામ એ પાપ. પુણ્ય અને પાપ બેય બંધનું કારણ એ પરિણામ અને પુણ્ય-પાપ રહિત આત્માના સ્વભાવના આશ્રયે થયેલી શુદ્ધિના પરિણામ એ મોક્ષનું કારણ. સમજાણું કાંઈ?

'**જીવકે મિથ્યાત્વ, વિષય-કષાય, અશુભલેશ્યારૂપ તીવ્ર પરિણામ હોતે હૈં, ઉનસે તો પાપાસ્રવકા બંધ હોતા હૈ.**' લ્યો! જેને એ પુણ્ય પરિણામ છે તે ધર્મ છે, પાપ પરિણામમાં મજા છે એવો જે મિથ્યાત્વભાવ (વર્તે છે) એ બંધનું કારણ (છે). સમજાણું કાંઈ? જે કંઈ શુભભાવ (થાય) એ ધર્મ છે અથવા શુભ-દયા, દાન, વ્રતના પરિણામ એ ધર્મ છે, એ માન્યતા મિથ્યાત્વ છે. એ મિથ્યાત્વ મહા અશુભ પાપબંધનું કારણ છે. દર્શનમોહનીયના પાપનું કારણ છે. આહાહા..! '**જીવકે મિથ્યાત્વ,...**' લ્યો! મિથ્યાત્વ એટલે આ. દેહની ક્રિયા હું કરી શકું છું, બીજાનું ભલું-ભૂંડું હું કરી શકું છું, બીજા પ્રાણીની દયા હું પાળી શકું છું, બીજા પ્રાણીને હું હણી શકું છું, એ બધો મિથ્યાત્વભાવ (છે). અને પાપભાવમાં ઠીક પડે એવો ભાવ મિથ્યાત્વ અને પુણ્યભાવ ધર્મનું કારણ એ માન્યતા મિથ્યાત્વ. સમજાણું કાંઈ? એ અશુભભાવ છે. લ્યો! આ મિથ્યાત્વ અશુભભાવ છે એમ કહે છે. વયા ગયા ઓલા? 'નવલચંદભાઈ' ગયા છે હમણાં, નહિ? ઓલા સાધુ સાથે વાત થઈ. અશુભથી તો બચ્યા છીએ. વાત કરો છો તમે બધી ધર્મની પણ અમે અશુભથી તો બચ્યા છીએ. અશુભ તો મિથ્યાત્વ છે. 'નવલચંદભાઈ' ગયા લાગે છે. ગયા છે. કેસ ચાલે છે ને મોટો એને. મોટો કેસ ચાલે છે પંદર લાખનો. પંદર લાખનો કેસ કર્યો છે. તમને પૂછ્યું હશે, નહિ? કાંઈક કહેતા હતા તો ખરા. અહીં કહેતા હતા. બોલતા હતા. કેસ ચાલે છે. હાય-હાય. દરેડા થાય ત્યાં... લક્ષ જાય એટલે પ્રેમ તો થાય ને? નહિ? પાપનું. એય..! 'ભીખાભાઈ'! ૫૦-૫૦ હજાર પેદા થાય, લાખ-લાખ, બબ્બે લાખ ..ની પેદાશ થાય. પાપનો સડકો આવે સડકો અંદરથી. અને એમાં મીઠાશ લાગે એ મિથ્યાત્વનું પાપ છે મહાપાપ. છકાયના કષાયખાનાના પાપ કરતા પણ મિથ્યાત્વનું પાપ મોટું પાપ છે. સમજાણું કાંઈ? આહાહા..!

કહે છે, મિથ્યાત્વ, પાંચ ઇન્દ્રિયના વિષયો અને કષાય અને '**અશુભલેશ્યારૂપ તીવ્ર પરિણામ હોતે હૈં. ઉનસે તો પાપાસ્રવકા બંધ હોતા હૈ.**' જુઓ! મિથ્યાત્વથી તો પાપના આસ્રવનો બંધ થાય. પુણ્યનો પણ નહિ અને ધર્મ તો બિલકુલ નહિ. આહાહા..! વળી, '**પરમેષ્ઠીકી ભક્તિ,...**' પંચ પરમેષ્ઠી. અરિહંત, સિદ્ધ ભગવાન, આચાર્ય, ઉપાધ્યાય, મુનિ. પાંચનું નામ સ્મરણ કરવું, નમો અરિહંતાણં જાપ કરવો, એની ભક્તિ કરવી એ પુણ્ય છે. એનાથી પુણ્યનો આસ્રવ આવે. એનાથી ધર્મ (થાય) નહિ.

'**જીવોં પર દયા...**' દેખો! છકાય જીવની દયા પાળવાના ભાવ એ પુણ્ય છે, સંવર ધર્મ નહિ. ભારે વાત. સમજાણું કાંઈ? એ પરમેષ્ઠીની ભક્તિ. ખુલ્લું તો મૂક્યું છે, આમાં કાંઈ

ખાનગી નથી રાખ્યું. પાઠમાં જ છે બધું. જુઓ! **'પરમેષ્ઠીકી ભક્તિ,...'** પાંચ પરમેષ્ઠીની ભક્તિ. ઓલા કહે છે કે અમે તો ગુરુની ભક્તિ કરશું. કરતા કરતા અમને નિર્જરા થાશે. એય..! સમજાણું? બખબખીયા વગાડે ભગવાનને નમું હે મહારાજ! ધૂન લગાવો બરાબર. એવી ધૂન લગાવો કે નિર્જરા થાય. ધૂળમાંય ન થાય, સાંભળને! 'શાંતિભાઈ'! ભૂલી જાવ આપણે. બસ, એકલા ગુરુને, ભગવાનને લક્ષમાં લ્યો.

મુમુક્ષુ :- અપને આપકો ભૂલ જાઓ.

ઉત્તર :- ભૂલ જાવ. પોતાનો ભગવાન ભૂલી અને ભગવાન તીર્થંકર ને ગુરુને યાદ કરી એમાં તન્મય થઈ જાવ. એક તો કહે છે કે એનાથી ધર્મ થાય એ માનનાર મિથ્યાત્વ છે અને એના ઉપર લક્ષ છે એટલો શુભભાવ છે. મિથ્યાત્વ સહિત પુણ્યબંધનું કારણ છે. આહાહા..! સમજાણું કાંઈ? એ ભણે છે ને? શું કહેવાય? નવકારવાળી. નવકારવાળી નહિ ઓલી આનુપૂર્વી. નમો અરિહંતાણં, નમો લોએ સવ્વ સાહુણં, નમો સિદ્ધાણં. આડાઅવળા વાંચે, લક્ષ ત્યાં રહે એટલે થઈ ગઈ નિર્જરા. ધર્મ થઈ ગયો. ધૂળેય નથી ધર્મ, સાંભળને! એ તો રાગ છે, વિકલ્પ છે, વૃત્તિ છે. પર ઉપર લક્ષ છે એ તો. એ પરમેષ્ઠીની ભક્તિ એ જીવની દયા, ઠીક! એકેન્દ્રિય, બે ઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિય, ચૌઇન્દ્રિય, પંચેન્દ્રિય જીવની દયા. પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ, ત્રસ. આ કંદમૂળ ન ખાવા, વનસ્પતિ ન ખાવા એવો ભાવ એ તો દયાનો શુભભાવ છે, પુણ્ય છે, ધર્મ નહિ. કહો, સમજાણું કાંઈ? પહેલા આવ્યા હતા કોઈ દિ'? પહેલા વહેલા આવ્યા છે? આવો માર્ગ છે. .... કહો, સમજાય છે કાંઈ?

શું કહ્યું? **'ઇત્યાદિક મંદકષાય શુભલેશ્યારૂપ પરિણામ હોતે હૈં,...'** લ્યો! એ તો મંદ કષાય છે. શુભભાવ છે, કષાય છે. પંચ પરમેષ્ઠીની ભક્તિ પણ મંદ રાગ, કષાય છે. દયાના ભાવ પણ રાગ મંદ કષાય છે. ભારે વાત! આ બધી દયા તે ધર્મ છે, દયા ધર્મનું મૂળ છે, પાપ મૂળ અભિમાન એ તો કહેનારને તો વ્યવહાર કહેવો છે. એને ક્યાં ખબર છે? આહાહા..! દેખો! **'પરમેષ્ઠીકી ભક્તિ, જીવોં પર દયા ઇત્યાદિક મંદકષાય...'** રાગ કષાયનો મંદ ભાવ છે. એ કંઈ ધર્મ-સંવર નિર્જરા નથી. **'શુભલેશ્યારૂપ પરિણામ હોતે હૈં,...'** ત્રણ. તેજો, પદમ અને શુક્લ. **'ઇસસે પુણ્યાસ્રવકા બંધ હોતા હૈ.'** એનાથી પુણ્ય બંધાય. બંધન થાય એ તો રખડવાનું કારણ છે. અહીં તો ઈ કહે છે. સમજાણું કાંઈ? અને 'શુદ્ધપરિણામરહિત વિભાવરૂપ પરિણામસે બંધ હોતા હૈ.' બંધ કહેવું છે ને? પાપના આસ્રવ, પુણ્યાસ્રવને બંધ કહે છે.

**'શુદ્ધપરિણામરહિત વિભાવરૂપ પરિણામસે બંધ હોતા હૈ.'** પરિણામથી બંધ સિદ્ધ કરવું છે ને? પરિણામથી પાપ, પરિણામથી પુણ્ય, પરિણામથી બંધ. શુદ્ધ પરિણામરહિત, દયા, દાનના વ્રતના પરિણામ એ શુદ્ધ પરિણામરહિત એ બંધનું કારણ છે. **'શુદ્ધ પરિણામરહિત વિભાવરૂપ પરિણામસે બંધ હોતા હૈ.'** ચોખ્ખી વાત છે. **'શુદ્ધભાવકે સન્મુખ રહના,...'** ભગવાનઆત્મા પવિત્ર, શુદ્ધ ચૈતન્ય આનંદઘન, એની સન્મુખ રહેવું

'**ઉસકે અનુકૂલ શુભ પરિણામ રખના,...**' એને અનુકૂળ શુભપરિણામ હોય, એમ કહે છે. ચિંતવનમાં હોય. '**અશુભ પરિણામ સર્વથા દૂર કરના,...**' શુભ પણ છે છોડવાલાયક. પણ એ આવે. સન્મુખ પરિણામસહિત એવા શુભભાવ હોય. પણ શુભભાવ છે પુણ્યનું કારણ. આસ્રવ. શુભ પરિણામ રાખવા. એમ કહ્યું ને અંદર? રાખવા એટલે હોય છે. અશુભ ન રહે. '**અશુભ પરિણામ સર્વથા દૂર કરના,...**' લ્યો! પહેલું કથંચિત્ દૂર કરવું અને આ સર્વથા દૂર કરવા. 'યહ ઉપદેશ હૈ.' આ ભાવપાહુડની વાત છે. ક્યા ભાવે બંધ અને ક્યા ભાવે મોક્ષ અને ક્યા ભાવે આસ્રવ અને ક્યા ભાવે સંવર? એનો અધિકાર છે. સમજાણું કાંઈ?

---

**आगे पुण्य–पापका बंध जैसे भावोंसे होता है उनको कहते हैं। पहिले पाप–बंधके परिणाम कहेते हैः–**

**मिच्छत्त तह कसायासंजमजोगोहिं असुहलेसेहिं।**
**बंधइ असुहं कम्मं जिणवयणपुरम्मुहो जीवो।।११७।।**

**मिथ्यात्वं तथा कषायासंयमयोगैः अशुभलेश्यैः।**
**बध्नाति अशुभं कर्मं जिनवचनपराङ्मुखः जीवः।।११७।।**

**મિથ્યા-કષાય-અવિરતિ-યોગ અશુભલેશ્યાન્વિત વડે,**
**જિનવચપરાઙ્મુખ આતમા બાધે અશુભરૂપ કર્મને. ૧૧૭.**

**अर्थ :– मिथ्यात्व, कषाय, असंयम और योग जिनमें अशुभलेश्या पाई जाती है इसप्रकारके भावोंसे यह जीव जिनवचनसे पराङ्मुख होता है – अशुभकर्मको बाँधता है वह पाप ही बाँधता है।**

**भावार्थ :– 'मिथ्यात्व' तत्त्वार्थका श्रद्धानरहित परिणाम है। 'कषाय' क्रोधादिक हैं। 'असंयम' परद्रव्यके ग्रहणरूप है त्यागरूप भाव नहीं, इसप्रकार इन्द्रियोंके विषयोंसे प्रीति और जीवोंकी विराधनासहित भाव है। 'योग' मन–वचन–कायके निमित्तसे आत्मप्रदेशोंका चलना है। ये भाव जब तीव्र कषाय सहित कृष्ण, नील, कापोत अशुभ लेश्यारूप हों तब इस जीवके पापकर्मका बंध होता है। पापबंध करनेवाला जीव कैसा है? उसके जिनवचनकी श्रद्धा नहीं है। इस विशेषणका आशय यह है कि अन्यमतके श्रद्धानीके जो कदाचित् शुभलेश्याके निमित्तसे पुण्यका भी बंध हो तो उसको पापही में गिनते हैं। जो जिनआज्ञामें प्रवर्तता है उसके कदाचित् पाप भी बँधे तो वह पुण्यजीवोंकी ही पंक्तिमें गिना जाता है, मिथ्यादृष्टको पापी जीवोंमें माना है और सम्यग्दृष्टिको पुण्यवान् जीवोंमें माना है। इसप्रकार पापबंधके कारण कहे।।११७।।**

## ગાથા-૧૧૭ ઉપર પ્રવચન

**'આગે પુણ્ય-પાપકા બંધ જૈસે ભાવોંસે હોતા હૈ ઉસકો કહતે હૈં. પહિલે પાપ-બંધકે પરિણામ કહતે હૈં :-'** પહેલાં કહ્યાં ને? પાપબંધનું કારણ, પુણ્યબંધનું કારણ. **'પહિલે પાપ-બંધકે પરિણામ કહતે હૈં :-'**

**मिच्छत्त तह कसायासंजमजोगोहिं असुहलेसेहिं।**

**बंधइ असुहं कम्मं जिणवयणपुरम्मुहो जीवो।।११७।।**

અહીં મિથ્યાદૃષ્ટિની વાત લીધી છે. વીતરાગ વચનની, વીતરાગની શ્રદ્ધા જેને આત્મા વીતરાગસ્વરૂપ છે એવી શ્રદ્ધા નથી તે જિનવચનથી વિરોધમાં છે. '**जिणवयणपुरम्मुहो**' એને કદાચિત પુણ્ય પરિણામ થાય તોપણ એને પાપમાં ગણવામાં આવે છે, એમ સિદ્ધ કરવું છે અહીં. સમજાણું કાંઈ? '**जिणवयणपुरम्मुहो**' જિનવચન એટલે? જિનવચન તો વાણી જડ છે. જિનવચનનો ભાવ જે છે એ ભાવથી પરાઙ્મુખ છે. સમ્યગ્દર્શન એ જિનવચનનો ભાવ છે.

વીતરાગ પરમાત્મા સમ્યગ્દર્શનને જૈનશાસન કહે છે. સમ્યગ્દર્શનસહિત .. તો એ સમ્યગ્દર્શનથી પરાઙ્મુખ છે એમ કહે છે. એટલે સ્વભાવથી વિમુખ છે અને વિભાવની સન્મુખ છે, એવા મિથ્યાદૃષ્ટિના ભાવ બધા પાપાચારનું કારણ છે. સમજાણું કાંઈ? એ વ્રત ને દયાના ભાવ પણ એને પાપમાં જાય એમ કહે છે. જુઓ નીચે આવશે. '**મિથ્યાદૃષ્ટિકો પાપી જીવોંમે માના હૈ...**' '**પુણ્યજીવોંકી હી પંક્તિમેં ગિના જાતા હૈ,...**' જુઓ! નીચે છે. '**જો જિનઆજ્ઞામેં પ્રવર્તતા હૈ ઉસકે કદાચિત્ પાપ ભી બંધે તો વહ પુણ્યજીવોંકી હી પંક્તિમેં ગિના જાતા હૈ, મિથ્યાદૃષ્ટિકો પાપી જીવોંમેં માના હૈ ઔર સમ્યગ્દૃષ્ટિકો પુણ્યવાન્ જીવોંમેં માના હૈ.**' છેલ્લે છે. સિદ્ધ એ કરવું છે અહીં. આહાહા..!

જેની દૃષ્ટિમાં જ મિથ્યાત્વ છે, પુણ્ય-દયા-દાન-વ્રતથી ધર્મ માને, ભગવાનની ભક્તિથી નિર્જરા માને. લ્યો! 'આસ્રવ .. ઘટે સંવર વધે...' .. આવે છે. એય..! ધૂળેય વધે નહિ, સાંભળને! કહે છે. આહાહા..! તને ખબર નથી. ભગવાનઆત્મા ધર્મના પરિણામને વિષય કરવાનો હોય તો તે આત્મા છે. અને પરવિષયના લક્ષમાં જાય એ તો બધા પુણ્ય-પાપના પરિણામ છે. અહીં તો કહે છે કે એ પુણ્યના પરિણામને ધર્મ માને, પાપના ભાવમાં ઠીક લાગે, ઠીક લાગે એ બધો મિથ્યાત્વભાવ છે. વિષયસુખમાં ઠીક લાગે અને પાંચ-પચાસ લાખ પૈસા મળે ત્યાં અમને બાદશાહી છે એમ માને (એ) મૂઢ છે કહે છે, મિથ્યાત્વી છો. આહાહા..!

મુમુક્ષુ :- મિથ્યાત્વી પણ પૈસાવાળો તો ખરો.

ઉત્તર :- પૈસાવાળો ક્યાં છે? મિથ્યાત્વવાળો છે. મિથ્યાત્વનો વાળો વળગ્યો છે. ઓલા

વાળા નથી થતાં? જીવ-જીવ. પગમાં વાળા નીકળે છે. એવા પાણી હોય છે ને? વાળા નીકળે. આપણે એક છોકરો છે એને વાળા નીકળ્યા છે. બોર્ડિંગમાં નહિ? ઓલી કોર. વાળા નીકળે છે. આ મિથ્યાત્વવાળો છે. મિથ્યાત્વનો વાળો નીકળ્યો છે એને. આહાહા..! વીતરાગ માર્ગને સમજવાની હજી દરકાર કરી નથી અને એમ ને એમ ઓઘે-ઓઘે હાંકે રાખ્યા. અને કહેનારા એવા મળ્યા એને ઝુકાવનારા. રોતી હતી ને પિયરીયા મળ્યા. એમ કહે છે ને આપણે? એક તો રોતી હતી એમાં પિયરીયા એનો ભાઈ કે મા મળ્યા. કેમ બેન? મૂકે સરખાઈની પછી. અરે..! મને આમ કર્યું, અરે..! મને આમ કહ્યું. મારી સાસુએ મને આમ કર્યું. 'ભીખાભાઈ'!

અહીં કહે છે કે એક તો જાણે પુણ્યમાં ધર્મ ગોઠતો હોય એને, આગળની કાંઈ ખબર ન હોય. એમાં કહેનારા મળે કે એમાં ધર્મ થાય. કરો. સામાયિક કરો, પોષા કરો. ધૂળેય નથી ધર્મ, સાંભળને! તારી સામાયિક એ અસામાયિક છે. મિથ્યાત્વભાવ પડ્યો ત્યાં હજી સામાયિક કેવી? પોષા કેવા? પડિક્કમણા કેવા? ધર્મ કેવો? સંવર કેવો? 'પોપટભાઈ'! એનો ઓલો એક જણો તો કહે એમાં જીવ ગરી ગયા. લ્યો! એમ કહેતો હતો. બહુ પૈસા થઈ ગયા ને? એમના સાળા. 'બોટાદ'માં .. કાઢી હશે. પૈસા પણ તે દિ' તો નહોતા એટલા બધા. ચાલીસ કરોડ હતા. હવે બે અબજ અને ચાલીસ કરોડ. એના સાળા પાસે છે. બે અબજ ને ચાલીસ કરોડ. ગયા હશે ત્યાં. એના ભગતડા જીવ ગરી ગયા એમાં? આહાહા..! પાવર ફાટી જાય ને પૈસાનો. ગોવામાં છે ને 'શાંતિલાલ ખુશાલ'. એમના બનેવી છે આ. સમજાણું કાંઈ? ધૂળમાંય નથી હવે, સાંભળને! પૈસામાં શું? ધૂળના .. કાંકરા ઘણા પડ્યા છે. ગણવા છે ને? ન્યાં ક્યાં ગરી જાય છે તારી પાસે? અહીં કહે છે કે આત્મા, એની હૂંફ ચડી જાય આમ પૈસાની, આબરૂની, કીર્તિની. સોજા-સોજા. એવા મિથ્યાત્વભાવ કહે છે એમાં અમને મજા પડે છે. આહાહા..! પૈસા છે માટે અમને મજા પડે છે. શરીર નિરોગી છે તો અમને મજા પડે છે.

મુમુક્ષુ :- પણ પૈસા તો મીઠા લાગે ને?

ઉત્તર :- પૈસા જડ મીઠા લાગતા હશે? ધૂળ? એ તો ધૂળ છે. પૈસા તો ધૂળ અજીવ છે. એ મીઠા લાગતા હશે?

મુમુક્ષુ :- કડવો લાગે?

ઉત્તર :- એ કડવો નથી લાગતો અને મીઠો નથી લાગતો. માને છે મને ઠીક એવા રાગની મીઠાશને વેદે છે. જોયું! આ .. રહ્યું. બે ગાથા એની છે.

જિનવચનથી પરાઙ્મુખ જીવ. આહાહા..! જિનવચન વીતરાગભાવના પોષક હોય છે. રાગના પોષક એ જિનવચન નહિ. સમજાય છે કાંઈ?

**અર્થ :- 'મિથ્યાત્વ, કષાય, અસંયમ ઔર યોગ જિનમેં અશુભલેશ્યા પાઈ જાતી હૈ ઈસપ્રકારકે ભાવોંસે યહ જીવ જિનવચનસે પરાઙ્મુખ હોતા હૈ-અશુભકર્મકો બાંધતા હૈ...'**

લ્યો! આહાહા..! અહીં તો એમ આવ્યું ને ભાઈ? કે મિથ્યાદષ્ટિવાળો અશુભકર્મને બાંધે એમ કહે છે. શુભને નાખ્યું અશુભમાં. એ નાખ્યું. જુઓને! પાઠની .. જેને મિથ્યાત્વભાવ છે એના પુણ્ય પણ પાપના જ બંધમાં જાય છે. એ પાપી મિથ્યાત્વ છે એના પરિણામ પાપમાં જાય છે. પુણ્યના પરિણામ પાપમાં જાય છે એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? અને સમ્યગ્દષ્ટિના પાપના પરિણામ પણ પુણ્યજીવમાં ગણાય છે. રસ્તે ચડ્યો છે ને અંદરમાં? એના જે પાપના પરિણામ થોડા હોય એ પણ પુણ્યવંત ગણવામાં આવે છે. એવી વાત છે. 'ગોમ્મટસાર' છે એની અંદર. એનો અર્થ જ આવ્યો ને, જુઓને. આહાહા..! સમજાણું કાંઈ? મિથ્યાત્વ જ્યાં મહાપાપ. સાત વ્યસન કરતા પણ મોટું પાપ. એ પાપની ખબર ન મળે. અને આ દયા, વ્રત, હિંસા, જૂઠું, ચોરી, પાપ. દયા, દાન એ ધર્મ. ત્યારે પુણ્ય ક્યાં રહ્યું હવે પછી? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- થોડુંક પુણ્ય હશે એમ ને?

ઉત્તર :- ધૂળેય નથી પુણ્ય.

અહીં તો જિનવચનના પરાઙ્મુખવાળા અશુભકર્મને બાંધે એવો સિદ્ધાંત છે. થઈ રહ્યું. ખલાસ. પાઠ એમ બોલે છે, જુઓ! સમજાણું કાંઈ? '**અશુભકર્મકો બાંધતા હૈ...**' કેવો જીવ અશુભકર્મને બાંધે? '**જિનવચનસે પરાઙ્મુખ હોતા હૈ-અશુભકર્મકો બાંધતા હૈ વહ પાપ હી બાંધતા હૈ.**' લ્યો! જેને વીતરાગ શ્રદ્ધાની ખબર નથી. આત્માનું ધ્યેય બનાવીને વીતરાગતા સમ્યગ્દર્શન પ્રગટે એની એને ખબર નથી. એવા મિથ્યાદષ્ટિ જીવો જિનવચનથી પરાઙ્મુખ (છે). વીતરાગે આત્માના આશ્રયે ધર્મ થયો એમ કહે ત્યારે આ કહે કે રાગથી ધર્મ થાય. એ જિનવચનથી ઊલટા ચાલનારા છે. આહાહા..! જાવું હોય ઉગમણું અને દોડીને મુઠીયું વાળીને આથમણે જાય. આહાહા..! કેટલી સ્પષ્ટતા છે, 'પ્રકાશદાસજી'! એટલી તો સ્પષ્ટતા, નિર્મળતા... આહાહા..!

એને મિથ્યાત્વ પાપનું પાપપણું તો ભાસતું જ નથી. કો'કની હિંસા કરે, જૂઠું બોલે, .. એ પાપ લાગે એને. પણ ઓલું મહાપાપ છે એ પાપની તો એને હિનતાની, તુચ્છતાની કાંઈ ખબર નથી. એટલે અહીંયાં આચાર્ય કહે છે, '**જિનવચનસે પરાઙ્મુખ હોતા હૈ...**' વીતરાગની વાણીમાં વીતરાગ એવો આત્મા ત્રિકાળી, એને આશ્રયે ધર્મ થાય એવી વીતરાગની પોષક વાણી છે. એનાથી જે વિરોધ છે. રાગ અને દયા, દાન અને વ્રતથી ધર્મ માનનારા એ મિથ્યાદષ્ટિઓ જિનવચનથી વિરૂદ્ધ એકલા પાપને બાંધે. એના દયા, દાનના પરિણામ પણ પાપને બાંધે એમ કહે છે. એને મિથ્યાત્વનું પાપ સાથે મોટું છે ને? આહાહા...! વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**પ્રવચન નં. ૧૪૦, ગાથા-૧૧૭-૧૧૮, રવિવાર, કારતક વદ ૨, તા.૧૫-૧૧-૭૦**

આ 'અષ્ટપાહુડ'માં ભાવપાહુડ. ૧૧૭-ગાથાનો ભાવાર્થ. પહેલો અર્થ કરીએ. આ ભાવપાહુડમાં મિથ્યાત્વસહિતનો ભાવ છે એ જ ખરેખર બંધનું કારણ છે. એ સિદ્ધ કરવું છે.

**અર્થ :- 'મિથ્યાત્વ, કષાય, અસંયમ ઔર યોગ જિનમેં અશુભલેશ્યા પાઈ જાતી હૈ...'** જેમાં કૃષ્ણ, નીલ અને કાપોત અને સત્તાવન પ્રકારના આસ્રવસહિત જે જીવ છે **'ઈસપ્રકાર ભાવોંસે યહ જીવ જિનવચનસે પરાઙ્મુખ હોતા હૈ-અશુભકર્મકો બાંધતા હૈ...'** કેવો જીવ અશુભકર્મને બાંધે? **'યહ જીવ જિનવચનસે પરાઙ્મુખ હોતા હૈ-અશુભકર્મકો બાંધતા હૈ વહ પાપ હી બાંધતા હૈ.'** એનો સરવાળો ત્યાં લીધો છે. જિનવચન નામ વીતરાગી ભાવ. આત્મા વીતરાગસ્વભાવ શુદ્ધ ચૈતન્ય, એનાથી જેની વિરૂદ્ધ માન્યતા છે. જિનવચન તો વાણી છે. જિનવચનથી પણ જિનભાવ (કહેવો છે). આત્મામાં રાગ અને દ્વેષ અને પુણ્ય-પાપના ભાવ એ મારા અને એમાં મારું હિત છે એ જિનવચનથી વિરૂદ્ધ છે. સમજાય છે કાંઈ? જિનવચન વીતરાગભાવનું પોષક છે. જિનવચન છે ને? એ વીતરાગભાવનું પોષક છે. એટલે આત્મા શુદ્ધ ચૈતન્યની જ્યાં દૃષ્ટિ નથી ત્યાં રાગ અને પુણ્યથી પોષક જેની દૃષ્ટિ છે એને અહીંયાં જિનવચનથી વિરૂદ્ધ મિથ્યાદૃષ્ટિ કહેવામાં આવ્યા છે.

પાઠમાં એટલું લીધું છે કે અશુભલેશ્યાવાળો. પણ ખરેખર તો અહીંયાં છેવટે સરવાળો એમ લીધું કે એ પાપ બાંધે. ચાહે તો મિથ્યાદૃષ્ટિને શુભ-અશુભભાવ હોય તોપણ તેને પાપી ગણવામાં આવે છે. પાપની પંક્તિમાં (મૂકવામાં આવ્યા છે). આત્માના સ્વભાવથી વિરૂદ્ધ રાગાદિ અને પર આદિના પ્રેમની રુચિમાં જેને વીતરાગભાવથી અથવા જિનવચનથી વિરૂદ્ધ શ્રદ્ધા છે, ચાહે તો એ પુણ્યનો કણ નાનામાં નાનો હોય, એનાથી પણ આત્મભાવને લાભ થાય એવી જે માન્યતા, એ જિનવચનથી વિરૂદ્ધ માન્યતા છે. એ માન્યતાવાળો ચાહે તો અશુભલેશ્યાવાળો હોય. પાઠમાં અશુભલેશ્યા મુખ્યપણે લેવી છે. સરવાળે પાપ બાંધે એમ લીધું. સમજાણું કાંઈ?

દૃષ્ટિ જેની અખંડ જ્ઞાયકભાવ ચૈતન્ય અભેદસ્વરૂપ, એવી દૃષ્ટિનો જ્યાં વિરોધ છે. રાગ, રંગ અને ભેદને માને છે. એ વળી આ યાદ આવ્યું. આવે છે ને? રાગ, રંગ અને ભેદને માને છે. અરાગ, અરૂપી અને અભેદ દૃષ્ટિને માનતો નથી. એય..! ઓલું ગાયન આવ્યું હતું ને? ભાઈ આવ્યા લાવ્યા હતા ને. જ્ઞાનાનંદ સ્વભાવી. 'હુકમચંદ' લાવ્યા હતા. ભાઈએ સારું બનાવ્યું છે. રાગ, રંગ અને ભેદથી ભિન્ન. રાગ, રંગ અને ભેદથી અભિન્ન (માનનારો) એ મિથ્યાદૃષ્ટિ. સમજાય છે કાંઈ? રંગ આદિ અજીવ બધી ચીજો. રાગાદિ આસ્રવ અને ભેદ એક સમયની પર્યાયાદિ ભેદ કે ગુણ-ગુણી ભેદ, એનાથી અભેદ માને એ જિનવચનથી પરાઙ્મુખ

છે. પછી જિનવચનથી વિપરીત નહિ એ ગાથા ૧૧૮માં આવશે. બેમાં મિથ્યાદૃષ્ટિ જીવ પાપને જ બાંધે અને એ પાપી છે, પાપની પંક્તિમાં ગણવામાં આવે છે. સમ્યગ્દૃષ્ટિ જીવ ધર્મી છે એને અશુભભાવ કદાચિત્ થાય તોપણ તેને તો પુણ્યની પંક્તિમાં જ ગણવામાં આવ્યા છે. આહાહા..! કેમકે જેની શુદ્ધિ... જે વસ્તુ છે ચૈતન્ય ભગવાન, એની જેને અવિપરીત દૃષ્ટિ પ્રગટી છે. ભેદ, રાગ અને અજીવ આદિની રુચિ છૂટી ગઈ છે. પૂર્ણ આનંદસ્વભાવ, એની અંતર દૃષ્ટિ થઈ છે એને પુણ્ય પંક્તિના જીવમાં બંધની અપેક્ષાએ, હોં! દૃષ્ટિની અપેક્ષાએ તો અબંધ છે. ભાઈ! પણ અહીંયાં અસ્થિરતા, સ્થિરતાની પ્રધાનતાથી કથન છે. સમજાણું કાંઈ? સમકિતી પુણ્ય બાંધે છે એમ લેવું છે ને અહીંયાં? '**बंधइ असुहं कम्मं**' મિથ્યાદૃષ્ટિ '**बंधइ असुहं कम्मं**' બે ગાથાઓ છે આખી.

એટલે કે આત્મા મિથ્યાત્વ '**જિનવચનસે પરાઙ્મુખ હોતા હૈ-અશુભકર્મકો બાંધતા હૈ વહ પાપ હી બાંધતા હૈ.**' એક જ સિદ્ધાંત લીધો. પોતાનો સ્વભાવ ચૈતન્ય અભેદ, શુદ્ધ જ્ઞાયક આનંદનું ધામ, એનાથી વિપરીત માન્યતા. હું રાગ-પુણ્યવાળો છું, પુણ્યથી મને ધર્મ થાય છે, લાભ થાય છે, અજીવના સહારાથી શરીરાદિની ક્રિયા અનુકૂળ હોય તો મને લાભ થાય છે એવી જે મિથ્યાત્વ બુદ્ધિ એ જિનવચનથી પરાઙ્મુખ છે. એ પાપ જ બાંધે છે, અહીં તો કહે છે. સમજાણું કાંઈ? એની વ્યાખ્યા. ભાવાર્થ.

પાઠમાં ખરેખર તો બધા આસ્રવ લીધા છે અને અશુભ લેશ્યા આવ્યું હતું. અશુભલેશ્યાની મુખ્યતાથી ત્યાં .. કારણ કે મિથ્યાદૃષ્ટિને અશુભલેશ્યાની જ મુખ્યતા છે. શુભભાવ થાય તો એ અશુભલેશ્યાની એને મુખ્યતા છે. સમ્યગ્દૃષ્ટિને અશુભભાવ થાય તો એને શુભભાવની મુખ્યતા છે. બંધનની અપેક્ષાએ, હોં! સ્વભાવની અપેક્ષાએ તો અબંધ છે. આહાહા..! સમજાણું કાંઈ? સ્વભાવની દૃષ્ટિ વિરૂદ્ધ છે એને તો શુભભાવ દયા, દાન, વ્રત, ભક્તિ આદિના હો તોપણ તેને પાપની પંક્તિની શ્રેણીમાં ગણવામાં આવ્યા છે. કારણ કે ત્યાં મિથ્યાત્વનું તીવ્ર પાપ અને મોટું મહા પાપ છે. અને સમ્યગ્દૃષ્ટિને.. પાઠ એટલો લેશે. '**बंधइ असुहं कम्मं**' એમ શબ્દ છે ને? બંધની અપેક્ષાએ વાત છે. અબંધ દૃષ્ટિની અપેક્ષાએ તો અબંધ છે. વસ્તુ જ્ઞાયક ચિદાનંદ આત્મા એ વસ્તુનું સ્વરૂપ એ છે. એ કાંઈ જિનવચન કહે છે માટે (નહિ), એ વસ્તુનું સ્વરૂપ જ એવું છે. જિનસ્વભાવ, વીતરાગી સ્વભાવનો પિંડ એની જેને અવિપરીત એટલે સમ્યગ્દૃષ્ટિ છે એને દૃષ્ટિની અપેક્ષાએ તો રાગથી, પુણ્યથી, પાપથી મુક્ત ગણવામાં આવ્યા છે. પણ અહીંયા જરી અસ્થિરતાનો ભાવ સાથે લઈ અને સમકિતીને તો પુણ્ય જ બાંધે. બાંધવાના ભાવ શુભ હોય. વિશુદ્ધભાવ છે, જેટલા વિશુદ્ધભાવ છે, શુદ્ધિનો ભાવ જે છે એ તો તદ્દન સંવર અને નિર્જરા અને અબંધ પરિણામી ચીજ છે. પણ સાથે જે સમકિતીને શુભભાવ હો કે અશુભ હો પણ એ તો પુણ્યની શ્રેણીમાં જ ગણવામાં આવ્યા છે. કારણ કે સમ્યગ્દર્શનના માહાત્મ્યમાં કદાચિત અશુભભાવ કોઈ વખતે હો. પણ એ

આયુષ્ય અશુભભાવના કાળમાં નહિ બાંધે. સમજાય છે કાંઈ? અને મિથ્યાદષ્ટિ તો શુભભાવ વખતે પણ મિથ્યાત્વ સાથે છે માટે પાપ જ બાંધે છે એમ કહેવામાં આવે છે. આહાહા..! સમ્યક્‌નું માહાત્મ્ય અને મિથ્યાત્વની તુચ્છતા. મહાપાપ મિથ્યાત્વ અને સમ્યગ્દર્શનનું માહાત્મ્ય, બેનું આમાં વર્ણન છે. સમજાણું કાંઈ?

**ભાવાર્થ :– 'મિથ્યાત્વભાવ તત્ત્વાર્થકા શ્રદ્ધાનરહિત પરિણામ હૈ.'** વાસ્તવિક જ્ઞાયક આત્મા, એનાથી વિપરીત માન્યતા, વાસ્તવિક સંવર પર્યાય, એનાથી વિપરીત માન્યતા, વાસ્તવિક આસ્રવભાવ, એનાથી વિપરીત માન્યતા કે આસ્રવાદિ મને લાભદાયક થાય. એવી તત્ત્વાર્થ શ્રદ્ધાનરહિત પરિણામ મિથ્યાત્વ છે. એના પાંચ ભેદ છે. એકાંત મિથ્યાત્વ આદિ. અહીં તો સામાન્ય વાત કરી છે. એના પેટા ભેદ પાંચ છે.

**'કષાય ક્રોધાદિક હૈં.' એની વ્યાખ્યા કરે છે. પાંચમાં સામાન્યની. 'અસંયમ પરદ્રવ્યકે ગ્રહણરૂપ હૈ ત્યાગરૂપ ભાવ નહીં,...'** હજી ચારિત્રદોષમાં અસંયમ જે છે એ પરદ્રવ્યને ગ્રહવાનો રાગભાવ... પરદ્રવ્ય ક્યાં ગ્રહવું છે? પણ પરદ્રવ્યની આસક્તિનો ભાવ અને એ આસક્તિનો ત્યાગરૂપ ભાવ નહિ, એને અહીંયાં અસંયમમાં ગણવામાં આવે છે. સમજાણું કાંઈ? **'ઈસપ્રકાર ઈન્દ્રિયોંકે વિષયોંસે પ્રીતિ...'** પાંચ ઈન્દ્રિયના વિષયમાં પ્રેમ મિથ્યાદષ્ટિને હોય છે. સમજાણું કાંઈ? અણિન્દ્રિય ભગવાનઆત્મા, એનો જેને અતીન્દ્રિય આનંદનો પ્રેમ અંદર જાગ્યો નથી તેથી એને ઇન્દ્રિયના વિષયમાં ઊંડે મીઠાશ વર્તે છે. આહા..! સમજાય છે કાંઈ? કંઈપણ શરીરની સગવડતા, પાંચ ઈન્દ્રિયના વિષયોની અનુકૂળતા, એમાં વીર્યનું ઉત્સાહિત થઈ જવું એનું નામ મિથ્યાદષ્ટિનો ઈન્દ્રિય પ્રત્યેના પ્રીતિનો ભાવ એને બતાવે છે. આહાહા..! સમજાણું કાંઈ?

પાંચ ઈન્દ્રિયના વિષયો તો શબ્દ, રૂપ, રસ, ગંધ છે. એમાં બીજા પણ શુભભાવ ભગવાનની વાણી આદિ એ પણ ખરેખર તો ઈન્દ્રિયનો વિષય છે. એમાં પ્રીતિ થઈ જવી આત્માની પ્રીતિને છોડીને, એ મિથ્યાત્વના ઈન્દ્રિયના વિષયના પ્રેમનું સૂચક છે. આહાહા..! સમજાય છે કાંઈ? ભગવાનઆત્મા અણીન્દ્રિય આનંદરસ, એની જેને રુચિ નથી એને પાંચ ઈન્દ્રિયના વિષયનો પ્રેમ અંદરમાં પરંપરાએ કામ કરે છે એમ કહે છે. સમજાણું કાંઈ? એને રાગનો રસ છે, રાગનો પ્રેમ છે એને ભગવાનઆત્માના આનંદનો પ્રેમ નથી. એવા ઈન્દ્રિયના પ્રેમનો ભાવ મિથ્યાદષ્ટિને હોય છે, એમ કહે છે. 'ચંદુભાઈ'! ભારે કઠણ.

કહે છે કે **'ઈન્દ્રિયોંકે વિષયોંસે પ્રીતિ...'** અસંયમની વ્યાખ્યાનો વિસ્તાર કરે છે. 'ઔર જીવોંકી વિરાધના...' છકાયના જીવની વિરાધના અને પાંચ ઈન્દ્રિય અને મનનો પ્રેમ. એ બધો મિથ્યાદષ્ટિનો અસંયમભાવ છે. સમજાણું કાંઈ? એ અસંયમની વ્યાખ્યા છે, ભાઈ! વ્યાખ્યામાં અસંયમમાં બે પ્રકાર લીધા. એક પરદ્રવ્યના ગ્રહણરૂપ રાગ અને એ રાગના ત્યાગનો અભાવ. રાગનો ત્યાગ જોઈએ એનો અભાવ. રાગનો અભાવ નથી પણ રાગના ત્યાગનો અભાવ. એને અસંયમ કહીએ. અને પાંચ ઈન્દ્રિયના વિષયોમાં પ્રેમ એને અસંયમ

કહીએ. અને છકાયની હિંસાનો પ્રેમ ને ભાવ એને પણ અસંયમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? વિરાધના.

**'યોગ મન-વચન-કાયકે નિમિત્તસે આત્મપ્રદેશોંકા ચલના હૈ.'** એ મૂળ પાઠનો અર્થ છે. મિથ્યાત્વનો અર્થ કર્યો, કષાયનો કર્યો, અસંયમનો કર્યો હવે યોગનો. યોગની વ્યાખ્યા કરે છે. આત્માના પ્રદેશનું કંપન્ન થવું. મન-વચન-કાયાના પુદ્‌ગલો જે જડ છે એના નિમિત્તના સંબંધમાં નૈમિત્તિક આત્માના પ્રદેશનું કંપન્ન (થાય) તેને યોગ કહેવામાં આવે છે. એ મિથ્યાદષ્ટિને યોગ હોય છે, જ્ઞાનીને યોગ હોતો નથી. આહાહા..! એકપણાની બુદ્ધિ છે ને? મિથ્યાત્વ, અવ્રત, કષાય, યોગ એ બધો વિકાર છે. એમાં અજ્ઞાનીને એકત્વબુદ્ધિ છે એમ અહીંયાં સૂચવવું છે. સમજાણું કાંઈ? ભારે ઝીણું માણસને લાગે.

અહીંયાં તો ભગવાનઆત્મા જિનવચનથી વિરૂદ્ધવાળો કેવો હોય એમ કહે છે અહીં. સમજાણું? આમ ભગવાનને માનતો હોય કે આ ભગવાન સાચા. પણ અંદરમાં રાગ અને યોગનો પ્રેમ અને વિષયનો પ્રેમ છે તે ભગવાનને માનતો નથી. એ જિનવચનથી વિરૂદ્ધ માનનારો છે. સમજાણું કાંઈ? આહાહા..!

**'મન-વચન-કાયકે નિમિત્તસે આત્મપ્રદેશોંકા ચલના હૈ.'** નિમિત્તથી ચાલવું એટલે શું? મન-વચન અને કાયા તો જડ છે. જડની પર્યાયનું અસ્તિત્વ છે. પણ એના સંબંધમાં આત્માના પ્રદેશમાં કંપન્ન થવું એ થાય પોતાથી પણ એમાં જડના નિમિત્ત છે એટલે નિમિત્તથી કંપન્ન એટલે કંપન્ન એનો સ્વભાવ નથી. કંપન્ન થવું એ એનો સ્વભાવ નથી, એથી મન, વચન અને કાયાના નિમિત્તથી નૈમિત્તિક જે યોગનું કંપન્ન (થાય) તેને યોગ કહેવામાં આવે છે. આહાહા..! આ વ્યાખ્યા કરી મિથ્યાત્વ, કષાય, અસંયમ અને યોગ. એની વ્યાખ્યા કરી. આનું નામ મિથ્યાત્વ, અવ્રત અને અસંયમ કહેવામાં આવે છે.

**'અશુભલેશ્યા...'** લ્યો! **'યે ભાવ જબ તીવ્ર કષાય સહિત કૃષ્ણ, નીલ, કાપોત અશુભ લેશ્યારૂપ હોં...'** **'असुहलेसेहिं'** છે ને? અશુભ લેશ્યાભાવ એમ કહે છે. **'लेसेहिं'** એમ શબ્દ છે. અશુભલેશ્યાવાળો આ હોય. પણ એ તો શુભલેશ્યાવાળો હોય તોપણ પાપ બાંધે છે એમ અહીં સિદ્ધ કરવું છે. પ્રધાનપણે આ વાત લીધી છે. સમજાણું કાંઈ? **'અશુભ લેશ્યારૂપ હોં તબ ઈસ જીવકે પાપકર્મકા બંધ હોતા હૈ.'** ત્યારે એને પાપ બાંધે છે. મિથ્યાત્વનું પાપ છે એની સાથે બધા પાપ જ બાંધે છે. આહાહા..!

**'પાપબંધ કરનેવાલા જીવ કૈસા હૈ? ઉસકે જિનવચનકી શ્રદ્ધા નહીં હૈ.'** એને વીતરાગભાવ આત્મા અને વીતરાગી પર્યાય આત્માની એની શ્રદ્ધા નથી. સમજાણું કાંઈ? ચાહે તો બહારથી દયા, દાન, વ્રત અને સાધુપણું પાળતો હોય. પંચમહાવ્રત અને અઠ્યાવીસ મૂળગુણ પાળતો હોય પણ એ રાગમાં એકાકાર છે, સ્વભાવમાં એકાકાર નથી. એ જિનવચનથી પરાઙ્‌મુખ છે. એને જિનવચનની શ્રદ્ધા નથી. આહાહા..! સમજાણું કાંઈ?

'સમંતભદ્રાચાર્ય' એકવાર ભક્તિમાં કહેતા, પ્રભુની ભક્તિમાં, કે હે નાથ! આપને

અભવિ જીવ નહિ વંદે. આપને નહિ માને. માનતો નથી. અભવિ સાધુ થાય તો ભગવાન-ભગવાન બધું કરે. ના ના. ત્યારે? અભવિની જ્ઞાન પરિણતિ રાગમાં એની રુચિ પડી છે. આહાહા..! ચાહે તો ભક્તિનો રાગ હો, ચાહે તો ક્રિયાનો રાગ હો કે ચાહે તો ગુણ-ગુણીના ભેદનો રાગ હો. પણ રાગમાં રુચિવાળો પ્રભુ! આપને નહિ નમે. આપ વીતરાગ છો. સમજાણું કાંઈ? 'જયંતિભાઈ'! શું કીધું આ? બહારથી તો ભગવાન! હે મહારાજ! હે પ્રભુ! તરણતારણ.. આવે છે કે નહિ? નમોત્થુણંમાં નથી આવતું? '**तिन्नाणं तारयाणं बुद्धाणं बोहयाणं मुत्ताणं मोअगाणं सव्न्नूणं सव्वदरिसीणं**' ત્યારે નહિ પગે લાગતો હોય ભગવાનને આમ? ના ના. એને તો રાગની રુચિ છે, રાગને નમે છે. 'ચંદુભાઈ'! એમ લીધું છે. 'સમંતભદ્રાચાર્ય'ની ચોવીસ તીર્થંકરની સ્તુતિમાં છે. 'સ્વયંભુ સ્તોત્ર' 'સ્વયંભુ સ્તોત્ર'. અભવિનો તો દૃષ્ટાંત લીધો છે. પણ બીજી રીતે કહીએ તો ભગવાનઆત્મા વીતરાગસ્વરૂપમાંથી ખસીને રાગના પ્રેમમાં આવ્યો એને જિનવચનની શ્રદ્ધા નથી. એ જિનને નમતો નથી. એ રાગને નમનારો જિનને નમતો નથી. આહાહા..! સમજાણું કાંઈ? ભારે વાત આકરી જગતને લાગે. રાગ તો હોય છે દશમા ગુણસ્થાન સુધી. હોય તો શું થયું? આખી દુનિયા હોય છે. લોકાલોક હોય છે એટલે? કાંઈ આત્મામાં ગરી ગયું? લોકાલોક છે. જગત આખું છે. સમજાણું કાંઈ? રાગ છે તો રાગ રાગમાં હો. એમાં શું? પણ એમાં નથી એને રાગવાળો માનવો. એવો રાગવાળો રાગની રુચિના પ્રેમવાળો, પ્રભુ! એ આપને નહિ નમે. સમજાણું કાંઈ?

આપણે ઓલા લગનમાં નથી આવતું? લગનમાં આવે છે, સાંભળ્યું છે? મોટાના છોરુ નહિ નમે. બાયું ગાતા હોય, સાંભળ્યુ હોય કોઈક દિ' આપણે. બધા પરણવા જાય ને ત્યાં? 'કુંવરજીભાઈ'નું સાંભળ્યું હતું આપણે. 'ખુશાલભાઈ' વખતે બહુ લક્ષ ન હોય. 'કુંવરજીભાઈ'ના લગન થયા હતા ને બીજા? ત્યારે અમે ત્યાં 'ગઢડા'ના અપાસરામાં હતા. વચલા. એની જાન આવી. એમાં ઈ બોલતા હતા. 'નહિ નમે રે નહિ નમે, મોટાના છોરુ નહિ નમે.' એવું આવે છે કે નહિ? એય..!

એમ ભગવાનઆત્મા અખંડાનંદ વીતરાગભાવ એ રાગને ન નમે. અને રાગને નમે તે આત્મામાં નહિ નમે. સમજાણું કાંઈ? આહાહા..! 'ભગવાનજીભાઈ'! આ તો કો'ક શબ્દ સાંભળ્યો હોય ને માણસોનો. આપણે ક્યાં ત્યાં બહુ .. આહાહા..! શું છે કીધું આ? એમ ત્રણલોકનો નાથ ચૈતન્ય ભગવાન ચાહે તો તીર્થંકરગોત્રનો ભાવ આવે તો એને નહિ નમે એ, આદર નહિ આપે. આહાહા..! 'અમરચંદભાઈ'! આહાહા..! લોકો તો એમ કહે આહાહા..! તીર્થંકરપણું! તીર્થંકર સોળશ ભાવના! એ તીર્થંકર થશે. એટલે? એ ભાવથી કેવળી થશે? એ ભાવથી તો બંધ પડ્યો અને બંધથી તો ભવ બે થયા. એક સ્વર્ગમાં જાશે અને પાછો એક મનુષ્યભવ થશે. કહો, 'લાલચંદભાઈ'!

મુમુક્ષુ :- મોક્ષપણું નક્કી થઈ ગયું.

ઉત્તર :– નક્કી થયું નથી. એનાથી નક્કી થયું છે? ઈ કોણે કહ્યું? એને તો ત્રીજે ભવે મોક્ષ થશે એવી પુરુષાર્થની જાગૃતિ છે. પણ બે ભવ થશે ને વચમાં? એ ભવમાં કેવળ નહિ લઈ શકે. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– વચ્ચે અંતરાય આવ્યો.

ઉત્તર :– શુભભાવમાં આવી ગયો ને? કહેવું એ છે. એટલે વિઘ્ન થયું, ભાઈ! આહાહા..! આ તે કાંઈ વાત! વીતરાગના ઘરની. શુભભાવ અપરાધ કર્યો છે, ભાઈ! અપરાધને લઈને બે ભવ થશે. એ ભવમાં કેવળ નહિ લઈ શકે. આહાહા..!

મુમુક્ષુ :– શુભભાવનો પ્રભાવ...

ઉત્તર :– .. આવ્યું છે. 'અમૃતચંદ્રાચાર્ય'માં 'પુરુષાર્થસિદ્ધિ ઉપાય'માં કહ્યું છે કે મહારાજ! સમ્યક્ આત્માનું જ્ઞાન-ભાન થયું પછી એને બંધ શી રીતે? આ તીર્થંકર પ્રકૃતિનો બંધ કરે, આહારક શરીરનો બંધ કરે, સર્વાર્થસિદ્ધના આયુષ્યનો બંધ કરે એ શું? એ શુભઉપયોગનો અપરાધ છે. છે ને આમાં? 'પુરુષાર્થસિદ્ધિ ઉપાય' છે. કેટલામું? જુઓ! આ રહ્યું, લ્યો! ૨૨૦ આવ્યું પાનું ફેરવતા. **'આ લોકમાં રત્નત્રયરૂપ ધર્મ નિર્વાણનું જ કારણ થાય છે,...'**

**रत्नत्रयमहि हेतुर्निर्वार्णस्यैव भवति नान्यस्य।**
**आस्रवति यत्तु पुण्यं शुभोपयोगोऽयमपराधः।।२२०।।**

એ તીર્થંકરગોત્રનો ભાવ બાંધવાનો એ પણ અપરાધ છે. એમાં પ્રશ્નમાં એમ પૂછ્યું છે, જુઓ! સમજાણું? કે આ બધું બાંધે છે ને? **'सति सम्यक्त्व चरित्रे तीर्थकराहार बंधकौ भवन'** આત્માનો સમ્યક્ અનુભવ છે અને જે જીવ તીર્થંકર ને આહારક શરીર, મુનિને આહારક શરીર થાય, ભગવાનને પ્રશ્ન પૂછવા જાય. લ્યો! એવું આહારક શરીર બંધાય. પ્રભુ! એ શું છે? કે એ યોગ કષાયો. એ યોગ અને કષાયભાવ છે. એ કાંઈ રત્નત્રય સ્વરૂપ નથી. આહાહા..! સમજાણું કાંઈ? અને એ **'અન્યગતિનું નહીં,...'** એમ કહે છે. નિર્વાણનું જ કારણ રત્નત્રય છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર આત્માના વીતરાગી પરિણામ તો કોઈ ગતિના બંધના કારણ છે જ નહિ. તીર્થંકરપણાના બંધનું કારણ પણ રત્નત્રય નથી. ત્યારે? જુઓ! અસ્તિ-નાસ્તિ કરી.

**'આ લોકમાં રત્નત્રયરૂપ ધર્મ નિર્વાણનું જ કારણ થાય છે, અન્યગતિનું નહીં,...'** દેવગતિનું કારણ પણ નહિ. કોણ? રત્નત્રય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પરિણામ. ધર્મના પરિણામ મોક્ષનું કારણ થાય. ચાર ગતિનું એક પણ એ સિવાય કોઈ ગતિનું કારણ નહિ. દેવગતિનું કારણ પણ નહિ. આહા..! સર્વાર્થસિદ્ધના આયુષ્યનું પણ એ કારણ નહિ. ત્યારે? તીર્થંકરનું (કારણ) કોણ થાય? શુભઉપયોગ. **'જે રત્નત્રયમાં પુણ્યનો આસ્રવ થાય છે. તે આ અપરાધ શુભોપયોગનો છે.'** આહાહા..! આવી વાણી વીતરાગની અને વીતરાગની

વાણી તો વીતરાગભાવને પોષનારી હોય. ક્યાંય પણ રાગની પુષ્ટિ આપે કે એનાથી થાય... આહાહા..! એ વીતરાગ વાણી નહિ. આ તો '**શુભોપયોગનો જ અપરાધ છે...**' જુઓ! '**બધો શુભકષાય અને શુભયોગથી જ થાય છે, અર્થાત્ તે શુભોપયોગનો જ અપરાધ તે પણ રત્નત્રયનો નથી.**' એ અપરાધ રત્નત્રયનો નથી. દર્શન-જ્ઞાન-ચારિત્રનો નથી, શુભોપયોગ અપરાધ (છે). આહાહા..! ભારે.

કહે છે '**ઈસ વિશેષણકા આશય યહ હૈ કિ અન્યમતકે શ્રદ્ધાનીકે...**' એમ. '**અન્યમતકે શ્રદ્ધાનીકે...**' એટલે વીતરાગભાવથી વિરૂદ્ધ બધા અન્યમતના શ્રદ્ધાની. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં નાખ્યું છે કે નહિ? 'ટોડરમલે' 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં નાખ્યું છે. બધા અન્યમતમાં નાખ્યા. '**અન્યમતકે શ્રદ્ધાનીકે જો કદાચિત્ શુભલેશ્યાકે નિમિત્તસે...**' એને શુભલેશ્યા હો. તેજો, પદ્મ, શુક્લ. એનાથી 'કદાચિત્...' કદાચિત્ એમ કહ્યું છે. '**પુણ્યકા ભી બંધ હો તો ઉસકા પાપહી મેં ગિનતે હૈં.**' જુઓ! અર્થકારે વધારે સ્પષ્ટ કર્યું છે. પાઠમાં '**असुहलेसेहिं बंधइ असुहं कम्मं**' એમાં વધારે નાખ્યું. ભલે એને શુભલેશ્યા હો. તેજો, પદમ, શુક્લ પરિણામ હો, પંચમહાવ્રતના, અઠ્યાવીસ મૂળગુણના પરિણામ હો મિથ્યાદષ્ટિને. '**શુભલેશ્યાકે નિમિત્તસે પુણ્યકા ભી બંધ હો તો ઉસકો પાપહીમેં ગિનતે હૈં.**' સમજાય છે કાંઈ? 'યોગસાર'માં આવ્યું છે. '**પાપ પાપ કો સહુ કહે, પણ અનુભવી જન પુણ્યકો પાપ કહે.**' સમજાણું કાંઈ? જુઓ! '**શુભલેશ્યાકે નિમિત્તસે પુણ્યકા ભી બંધ હો...**' મિથ્યાદષ્ટિ જેની છે, જેને વીતરાગવાણીનું સ્વરૂપ જે આત્મા અને આત્માની વીતરાગી પર્યાય એનું ભાન નથી એને પાપમાં ગણીએ, કહે છે, લ્યો! એ પંચમહાવ્રત પાળે તોપણ પાપમાં ગણીએ. એય..! 'પ્રકાશદાસજી'! છે એમાં? છે? આહાહા..! કહો, સમજાય છે કાંઈ? '**ઉસકો પાપહીમેં ગિનતે હૈં.**' આહાહા..!

'**જો જિનઆજ્ઞામેં પ્રવર્તતા હૈ...**' એમાંથી કાઢ્યું એણે. બીજી ગાથા આવે છે એમાં, ૧૧૮. વીતરાગની આજ્ઞા એટલે કે રાગરહિત ભગવાનઆત્મા, આસ્રવરહિત આત્મા એનું જેને ભાન વર્તે છે, દર્શન વર્તે છે, એ જિનઆજ્ઞામાં વર્તનારો કહીએ. એ જિનઆજ્ઞામાં પ્રવર્તે છે. '**ઉસકે કદાચિત્ પાપ ભી બંધે...**' લ્યો! એને કદાચિત્ આર્તધ્યાન, રૌદ્રધ્યાન પણ આવે. ચોથા સુધી, પાંચમાં સુધી રૌદ્રધ્યાન છે. ચોથે-પાંચમે. મુનિને છઠ્ઠે આર્તધ્યાન છે. કહે છે, એ '**જિનઆજ્ઞામેં પ્રવર્તતા હૈ ઉસકે કદાચિત્ પાપ ભી બંધે તો વહ પુણ્યજીવોંકી હી પંક્તિમેં ગિના જાતા હૈ,...**' આ તો પાપ-પુણ્યની અપેક્ષાએ, હોં! ધર્મની વાત તો આખી જુદી રહી ગઈ. આહાહા..! સમજાણું કાંઈ? જેને આત્મા શુદ્ધ ચૈતન્ય ભગવાન, એનો અનુભવ આનંદનો સ્વાદ આવ્યો છે. આહાહા..! એ જિનાજ્ઞામાં પ્રવર્તે છે એમ કહે છે. એને ઈન્દ્રના સુખ પણ ઝેર જેવા દેખાય છે. આહાહા..! સમજાણું કાંઈ?

એ જીવને '**પુણ્યજીવોંકી હી પંક્તિમેં ગિના જાતા હૈ,...**' જુઓ! છે તો પવિત્રની પંક્તિમાં. પણ આ ઓલા બંધભાવની અપેક્ષાએ. સમ્યગ્દષ્ટિને બંધ છે જ નહિ નિશ્ચયથી

જોઈએ તો. મિથ્યાદષ્ટિને જરીએ અબંધ નથી. ત્યારે સમકિતીને જરીએ બંધ નથી એક ન્યાયે. પણ જ્યાં એના પરિણામની અપેક્ષાએ લેવા જાય, સ્થિરતા-અસ્થિરતા, એની અપેક્ષાએ અસ્થિરતાના પરિણામમાં મિથ્યાદષ્ટિને શુભભાવ આવો, તોપણ તેને પાપ પંક્તિની ગણતરીમાં ગણવામાં આવે છે. અને સમ્યગ્દષ્ટિને પાપના પરિણામ આવ્યા હોય કદાચિત.. આહાહા..! તોપણ એને શું ગણ્યું? ક્યા હૈ ઉસમેં? ગુજરાતી ક્યાં ગયું તમારું? આ રહ્યું, ઠીક! ગુજરાતી એક જ શબ્દ છે. ગુજરાતી-હિન્દીમાં ફેર નથી.

'**જિનઆજ્ઞામેં પ્રવર્તતા હૈ ઉસકે કદાચિત્ પાપ ભી બંધે...**' આર્તધ્યાન, રૌદ્રધ્યાન આવી જાય.. '**તો વહ પુણ્યજીવોંકી હી પંક્તિમેં ગિના જાતા હૈ,...**' 'ગોમ્મટસાર'ની વાત છે આ. 'ગોમ્મટસાર'માં એમ કહ્યું છે. આમાં આવી ગયું છે, 'અષ્ટપાહુડ'માં. 'અષ્ટપાહુડ' શું, 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં આવ્યું છે. સમજાણું કાંઈ? એ સમ્યગ્દર્શનનું માહાત્મ્ય અને મિથ્યાદષ્ટિની નીચતા. આહાહા..! સાત વ્યસનનો સેવનાર કરતાં પણ મિથ્યાદષ્ટિ મોટો પાપી છે એમ કહ્યું. એ પાપની કંઈ ખબર ન મળે. પાપ તો આ હિંસા કરતો હોય કે ક્રોધ કરે, માન કરે, આ કરે તો કહે પાપ (કરે છે).. પણ આ મહામિથ્યાત્વ જે અનંત સંસારનું કારણ એને તો એની ગણતરીમાં આવતું નથી. અને એ ગણતરીમાં ભગવાન ત્રણલોકનો નાથ પણ ગણતરીમાં આવતો નથી. સમજાણું કાંઈ?

'મિથ્યાદષ્ટિકો પાપી જીવોંમેં માના હૈ...' વિશેષ કરે છે. '**સમ્યગ્દષ્ટિકો પુણ્યવાન જીવોંમેં માના હૈ.**' આહાહા..! શૈલી જુઓને! એક કોર કહે, સમ્યગ્દષ્ટિને બંધ જરીએ નથી. બંધ અધિકારમાં આવે છે ને? ભાઈ! અપેક્ષાથી જે છે એ સમજવું. એ સમિતિનો અધિકાર આવે છે ને. જ્ઞાન (કરાવ્યું કે) આને જરીએ બંધ નથી. દષ્ટિની અપેક્ષાએ તો અબંધસ્વરૂપી ભગવાનની પરિણતિ થઈ ત્યાં તો અબંધ પરિણામ જ એના છે. બંધભાવ એના છે જ નહિ. બંધનથી મુક્ત છે. સમ્યગ્દષ્ટિ વ્યવહારથી મુક્ત છે. દયા, દાન અને વ્રતના પરિણામથી પણ સમ્યગ્દષ્ટિ મુક્ત છે. રાગસહિત છે એ મિથ્યાત્વ છે. આહાહા..! સમજાણું કાંઈ? પણ અસ્થિરતાનો રાગ જરી ગણીને એના ફળ તરીકે એને ભલે કહે છે પાપના પરિણામ હો. પણ મૂળ પાપના પરિણામ મિથ્યાત્વના છેદાઈ ગયા છે એથી એ પાપી ન ગણતા એને પુણ્યવંત ગણવામાં આવ્યા છે. આહાહા..!

છ ખંડનો ચક્રવર્તી 'ભરત' સમકિતી. છન્નું હજાર સ્ત્રીના ભોગ. સમજાણું કાંઈ? અને છન્નું કરોડ પાયદળ. છન્નું કરોડ પાયદળ અને છન્નું કરોડ ગામ. ૪૮ હજાર પાટણ, ૭૨ હજાર નગર. એ તરફની વૃત્તિની લાગણી અશુભ છે જરી. તોપણ તેને પુણ્યવંતની શ્રેણીમાં ગણવામાં આવ્યા છે, કહે છે. આહાહા..! એ પુણ્યવંત પ્રાણીની ગણતરીમાં આવ્યા છે. અને નવમી ગ્રૈવેયકે જનારો દિગંબર મુનિ અઠ્યાવીસ મૂળગુણનો પાળનારો, પંચમહાવ્રત ચોખ્ખા પાળનારો, પણ એને રાગના રસનો પ્રેમ છે, ભગવાનઆત્માનો રસ નથી. એથી એને પાપની શ્રેણીમાં (ગણવામાં આવ્યો છે). નાગો, બિચારો નગ્ન, વસ્ત્ર નહિ જંગલમાં રહે. કપડા નહિ,

મકાન નહિ, ખાવા ઘરની તાજી રસોઈ નહિ. તાજી રસોઈ નહિ. ખાવા બેસે ત્યારે તાજી પહેલી કરેને તમારે? ઊની-ઊની ફુલકા નાખે આમ તાવડીમાંથી પાધરા. એને છે ત્યાં? એને જે કાંઈ મળે એ બિચારાને હાથમાં (ખાવું પડે). આહાહા..! જુઓને!

કહે છે કે એ સાધુ આવો, તોપણ પાપની શ્રેણીમાં એને ગણવામાં આવ્યો છે. ભગવાન! કેમ કે ભગવાન એવો આત્મા એનું તો એને ભાન નથી. એની શ્રદ્ધા નથી, જ્ઞાન નથી એટલે પાપી ગણવામાં આવ્યો. એય..! 'પ્રકાશદાસજી'! કોઈ દિ' સાંભળ્યું નહિ હોય અત્યાર સુધીમાં. આહાહા..! ભગવાન તારા વિરૂદ્ધ તેં કર્યું. હવે તને પુણ્યવંત કેમ કહેવો? અને તારા આત્માથી અવિરૂદ્ધ થયો એને પાપી કેમ કહેવો? કહે છે. એમ કહે છે અહીં. સમજાણું કાંઈ?

પવિત્રનાથ ચૈતન્ય ભગવાન અંતર પૂર્ણ સાગર પ્રભુ, લ્યો! સમજાણું? ઓલા બિચારા ક્ષુલ્લક નહોતા અહીંયાં? એ ગુજરી ગયા. અહીંથી જઈને તરત ગુજરી ગયા. આપણે ચાર મહિના રહેતા નહિ? એ બીજે ગયા અને ત્રીજે બાર વાગે કાંઈક બેઠા હતા તડકે અને પડી ગયા. એમ છાપામાં આવ્યું હતું. પડી ગયા. પાસળી ભાંગી ગઈ. શું કહેવાય? હેમરેજ. એય..! ડોક્ટર! તમારું કહેવાય. થયું લોહી... બેહોશ. એ બીજી તારીખે બેહોશ થયા, આઠમી તારીખે ગુજરી ગયા. ત્યાં સુધી બેહોશ રહ્યા. આપણા 'પ્રભુભાઈ'ની જેમ. બેહોશ થઈ ગયા. આહાહા..! ગુજરી ગયા બિચારા. અહીંયાં ચોમાસું કર્યું. કાલ ને? આજ તો બીજ છે ને? પૂનમને દિ'. આપણે અહીં 'ખુશાલસિંહ' ગુજરી ગયા. મારવાડી અહીં રહેતા. ત્રણ મહિનાથી હતા. ત્યાંથી આવેલા. શું કહેવાય આપણે? ... આપણે ... .. થી આવેલા. હવે એ જાત્રા કરવા ગયા પૂનમને દિ'. ચાલીને ગયા માથે. એક કલાક ચાલ્યા. ઓલો .. આવ્યો ને બેસી ગયા. 'ખુશાલસિંહ' મારવાડી હતા.

એ દેહ જુદો, ચૈતન્ય જુદો. જગત ને જીવ ત્રણે કાળે જુદા. જગત ને જગત રાગથી માંડીને દુનિયા આખી જગતમાં ગણવામાં આવે છે. ભગવાન જગતથી જુદો ત્રણે કાળે છે. જગત ને જીવ બેની એક્તા ત્રણકાળમાં છે નહિ. માની છે. આહાહા..! સમજાણું કાંઈ? એ કહે છે કે જેણે રાગ અને જગતને પોતાનું માન્યું એ પ્રાણી શુભલેશ્યા કરે તોપણ તેને પાપજીવમાં ગણવામાં આવ્યા. સમ્યગ્દૃષ્ટિને પાપ પરિણામ હોય તોપણ પુણ્યજીવમાં ગણ્યા. **'ઈસપ્રકાર પાપબંધકે કારણ કહે.'** લ્યો. આહાહા..!

आगे इससे उलटा जीव है वह पुण्य बाँधता है, ऐसा कहते हैं :–

**तव्विवरीओ बंधइ सुहकम्मं भावसुद्धिभावण्णो।**
**दुविहपयारं बंधइ संखेपेणेव वज्जरियं।।११८।।**

तद्विपरीतः बध्नाति शुभकर्म भावशुद्धिमापन्नः।
द्विविधप्रकारं बध्नाति संक्षेपेणैव कथितम्।।११८।।

વિપરીત તેથી ભાવશુદ્ધિપ્રાપ્ત બાંધે શુભને,
–એ રીત બાંધે અશુભ–શુભ; સંક્ષેપથી જ કહેલ છે. ૧૧૮.

अर्थ :– उस पूर्वोक्त जिनवचनका श्रद्धानी मिथ्यात्वरहित सम्यग्दृष्टि जीव शुभकर्मको बाँधता है जिसने कि–भावोंमें विशुद्धि प्राप्त की है। ऐसे दोनों प्रकारके जीव शुभाशुभ कर्मको बाँधते हैं, यह संक्षेपसे जिनभगवान्ने कहा है।

भावार्थ :– पहिले कहा था कि जिनवचनसे पराङ्मुख मिथ्यात्व सहित जीव है, उससे विपरीत जिनआज्ञाका श्रद्धानी सम्यग्दृष्टि जीव विशुद्धभावको प्राप्त होकर शुभकर्मको बाँधता है, क्योंकि इसके सम्यक्त्वके माहात्म्यसे ऐसे उज्जवल भाव हैं जिनसे मिथ्यात्वके साथ बँधनेवाली पापप्रकृतियोंका अभाव है। कदाचित् किंचित् कोई पापप्रकृति बँधती है तो उसका अनुभाग मंद होता है, कुछ तीव्र पापफलका दाता नहीं होता। इसलिये सम्यग्दृष्टि शुभकर्महीको बाँधनेवाला है–इसप्रकार शुभ–अशुभ कर्मके बंधका संक्षेपसे विधान सर्वज्ञदेवने कहा है, वह जानना चाहिये।।११८।।

## ગાથા–૧૧૮ ઉપર પ્રવચન

**'આગે ઈસસે ઉલટા...'** હવે એ બે ગાથા જ ઉલટી નાખી. **'ઉલટા જીવ હૈ વહ પુણ્ય બાંધતા હૈ,...'** એ પુણ્ય બાંધે એમ કહેવું છે ને અહીં? બંધનની અપેક્ષાએ વાત લેવી છે ને. એક બાજુ કહે, સમ્યગ્દષ્ટિને બંધ નથી. સમ્યગ્દષ્ટિ વ્યવહારથી મુક્ત છે. વ્યવહારથી મુક્ત છે પછી વ્યવહારનું ફળ ક્યાં એને આવ્યું? અપેક્ષા સમજવી જોઈએ. અસ્થિરતાના પરિણામમાં હજી જરી નબળાઈ છે એથી એને અશુભભાવ આવવા છતાં એ ભાવને શુભલેશ્યાવાળો ગણવામાં આવ્યો છે. સમજાણું?

**तव्विवरीओ बंधइ सुहकम्मं भावसुद्धिभावण्णो।**
**दुविहपयारं बंधइ संखेपेणेव वज्जरियं।।११८।।**

**'तव्विवरीओ'** એટલે જે માથે કહ્યો એનાથી વિપરીત. **'बंधइ सुहकम्मं'** લ્યો! સમકિતી

બાંધે કર્મને. એમ શબ્દ છે. અપેક્ષા જાણવી જોઈએ ને. ૩૨૦માં તો એ આવ્યું. ઉદય, બંધ અને નિર્જરાને, મોક્ષને જાણે. જ્ઞાની ઉદયને પોતાના માને નહિ, ઉદયને હણે નહિ, બંધને કરે નહિ, મોક્ષને જાણે. ઉદયને જાણે, નિર્જરાને જાણે. ઉદયને હણે નહિ, ઉદયને કરે નહિ, ઉદયને હણે નહિ. કઈ અપેક્ષાએ છે વાત? એ તો પાછું એક આવશે અંદર. ૧૧૯ ગાથામાં. હે મુનિ! આઠ કર્મથી વેષ્ટિત છે એમ વિચાર કરજે. આના પછી. આઠ કર્મથી... કઈ અપેક્ષાએ કથન જાણવું જોઈએ ને? હેં! એને જાણીને પોતે એનો નાશ કર. ક્ષય કર આત્માના આશ્રય (લઈને) એ બતાવવું છે. છે એમ? ૧૧૯માં છે. જુઓ!

'**હે મુનિવર! તૂ ઐસી ભાવના કર કિ મૈં જ્ઞાનાવરણાદિ આઠ કર્મોંસે વેષ્ઠિત હૂં,...**' લે! એક બાજુ કહે કે કર્મ શરીર અને રાગવાળો માને, કેમકે રાગ અને કર્મરહિત છે, અસમાહિત છે, એને '**युक्त इव, प्रतिभाति बालिशानां प्रतिभासः स खलु भवबीजम्**' ભાઈ! (પુરુષાર્થસિદ્ધિ ઉપાય, ગાથા-૧૪). આહાહા..! અહીં તો પુરુષાર્થ કરાવવા અને અંતરમાં જા... અંતરમાં જા. જુઓ! પર્યાયમાં એટલો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે ને? પર્યાયમાં નિમિત્ત અને વ્યવહારનું જ્ઞાન કરે. પ્રશ્નાર્થ છે, જુઓ! બે વાત લઈ મિથ્યાદષ્ટિ સમકિતીની ... '**જ્ઞાનાવરણાદિ આઠ કર્મોંસે વેષ્ઠિત હૂં...**' પણ એ જાણીને કરવું શું? '**डहिऊण इण्हिं पयडमि अणंतणाणाइगुणचित्तां**' ચેતના અનંતગુણનો ધણી ભગવાન એમાં ઠર. અને એને દહન- કર્મને બાળી નાખ. કર્મ જડને બાળવા? આ તો ચોખ્ખો જ્ઞાનાવરણી કર્મ શબ્દ પડ્યો.

મુમુક્ષુ :- ચોખ્ખું લખ્યું છે.

ઉત્તર :- ચોખ્ખું લખ્યું છે પણ કઈ અપેક્ષાએ? કઈ નયનું કથન છે એ જાણે નહિ. સમજાય છે કાંઈ? કઈ અપેક્ષાએ કહ્યું છે? એ તો એક નિમિત્તનિમિત્ત સંબંધ પર્યાયનો દૃષ્ટિ અબંધ સ્વભાવ ઉપર હોવા છતાં, અબંધ સ્વભાવ ઉપર દૃષ્ટિ હોવા છતાં પર્યાયમાં જરી નિમિત્તનિમિત્ત સંબંધ છે એનું જ્ઞાન કરી હું આમાં છું વ્યવહારે એમ કરી સ્વભાવનો આશ્રય લઈને તેને બાળ. એટલે? અશુદ્ધતા ટળતાં તે ટળી જાય. અશુદ્ધતા ટાળવી છે એ તો નથી તો પરને બાળવું એ પણ નથી. પણ કથન શું થાય? શાસ્ત્રભાષા તો એની ભાષાથી વાત કરવી હોય ને એ તો ટૂંકી કે લાંબી શી રીતે કરવી? સમજાણું કાંઈ?

ખરેખર તો એક કોર એમ કહેવું કે અશુદ્ધતાનો પરિણામનો ત્યાગ કર્તા પણ આત્મા ખરેખર નથી. 'અમરચંદભાઈ'! આહાહા..! ૩૪મી ગાથા. અશુદ્ધતા મિથ્યાત્વ અને રાગ-દ્વેષનો પરમાર્થે ભગવાનઆત્મા તેનો નાશકર્તા નામમાત્ર છે, પરમાર્થે છે નહિ. આહાહા..! અને એક બાજુ એમ કહે કે, હે મુનિ! લે! સમકિતીને બંધ નહિ એમ કહ્યું, વ્યવહારથી મુક્ત કહો છો. કઈ અપેક્ષા છે ને? હજી છઠ્ઠે ગુણસ્થાને પણ આઠ કર્મ પડ્યા છે. નિમિત્તનિમિત્ત સંબંધનો વ્યવહાર છે. છે હેય. પણ જ્ઞેય તરીકે હું છે આ એમ જાણું છું. એય..! 'ચંદુભાઈ'! આહાહા..! સ્યાદ્વાદની કથની કઈ અપેક્ષા ક્યાં .. છે એમ જાણવું જોઈએ ને. ... એટલો સંબંધ છે સ્પષ્ટ. હવે બાળ. એટલે? એને બાળવા જાય કર્મને? અશુદ્ધતા થાય છે એને

ટાળવી છે. અશુદ્ધતા ટાળવા જાય તો દૃષ્ટિ પર્યાય ઉપર વઈ જાય છે. કથન શું થાય? જે શૈલીનું કથન હોય નયનું એ પ્રમાણે ચાલે. આહાહા..! સમજાણું કાંઈ?

અહીં કહે છે, '**तव्विवरीओ बंधइ सुहकम्मं भावसुद्धिमावण्णो।**' ઓલામાં શબ્દ એ નહોતો. ભાવશુદ્ધિ. કારણ કે એ તો અજ્ઞાની હતો. અહીં ભાવશુદ્ધિ ... એમ કહે છે. '**दुविहपयारं बंधइ संखेवेणेव वज्जरियं**' એટલે કે ઓલો અશુભ બાંધે, આ શુભ બાંધે. એમ ભાઈ. સમકિતી બે પ્રકારે એમ નહિ. પણ પહેલું કીધું, અશુભ બાંધે મિથ્યાદૃષ્ટિ, આ શુભ બાંધે. એમ બે પ્રકારે બંધની વાત કરી. સમજાય છે કાંઈ?

**અર્થ :– 'ઉસ પૂર્વોક્ત જિનવચનકા શ્રદ્ધાની...'** ભગવાનની વાણીનો શ્રદ્ધાની એને કહીએ કે જેને રાગની રુચિ છૂટી ગઈ છે અને વીતરાગ ચૈતન્ય ભગવાનની જેને શ્રદ્ધા, વિશ્વાસ, અનુભવ કરીને પ્રતીત થઈ ગઈ છે. આહાહા..! એ વસ્તુને જ્ઞાનમાં જ્ઞેય બનાવીને તેને પ્રતીત થઈ છે એમ કહે છે. ભાવભાસન વિના શેની પ્રતીતિ? સમજાણું કાંઈ? ભારે ઝીણું. આવું આ જૈનધર્મનું? જાત્રા કરવી. લ્યો, આ પૂનમની જાત્રા કેટલી કરવા ગયા હજારો માણસો. બાર મહિનામાં એક આથડી આવવું. કારતક સુદ પૂનમે. અને આ કંદમૂળ ન ખાવા અને ચોવિહાર કરવો. થઈ ગયું. સીધો ધર્મ. આવો આડો–વાંકો કરી કરીને... ભગવાન! એમ નથી, ભાઈ! લાખ જાત્રા શું અનંત જાત્રા કરને સમ્મેદશિખરની અને શેત્રુંજયની. ન્યાં ક્યાં ધર્મ હતો? એ તો પુણ્યભાવ, શુભભાવ છે. સમજાણું? ત્યારે કહે કે એમાં નિષેધ આવે છે. નિષેધ એટલે? દૃષ્ટિમાં તો એનો નિષેધ જ છે. એનો આદર કરે રાગનો. અહીં તો કહે છે ને તત્ત્વની વિપરીત શ્રદ્ધાવાળો તો મિથ્યાદૃષ્ટિ છે. મિથ્યાદૃષ્ટિથી વિપરીત શ્રદ્ધાવાળો સમ્યગ્દૃષ્ટિ છે. સમજાણું કાંઈ?

**'જિનવચનકા શ્રદ્ધાની મિથ્યાત્વરહિત સમ્યગ્દૃષ્ટિ જીવ...'** લ્યો! બહુ ટૂંકી વ્યાખ્યા. જિનવચનનો શ્રદ્ધાનીનો અર્થ એ. ઓલા કહે, અમે તો ભગવાનને માનીએ છીએ. .. હે ભગવાન! હે વીતરાગ દેવ! આપે કહ્યું એ સાચું. તું કાંઈ જાણે છે એમાં? કે મને કાંઈ ખબર નથી. શું ભગવાને કહ્યું અને શેનો નિષેધ કર્યો એની મને ખબર નથી. આપણે તો ભગવાન સાચા. આ ગુરુ કહે એ સાચું. આપણે તરી જવું જાવ, ગુરુની વાણી. ક્યાં ગયા 'ભીખાભાઈ'? 'ભીખાભાઈ' ક્યાં ગયા? છેટે બેઠા. કહો, સમજાણું? એમ નહિ ચાલે અહીં કહે છે. આપણે તો ગુરુની કૃપાથી, કૃપા નહિ પણ વાણીથી, આપણે વાણી માનવી અને તરી જઈશું. ભગવાનની વાણી, ભગવાન સાચા, ભગવાનના શાસ્ત્ર સાચા, ભગવાન સાચા, પણ તારે સાચા ક્યાં થયા? આહાહા..!

મુમુક્ષુ :– આજ્ઞા સમકિત છે ને એ તો?

ઉત્તર :– આજ્ઞા સમકિતની વ્યાખ્યા શું? આજ્ઞામાં રાગથી રહિત સ્વરૂપ છે એવું માન્યું એને આજ્ઞા સમકિત કહીએ. આણાએ ધમ્મો આણાએ તવો. સમજાણું કાંઈ? 'આનંદઘનજી'માં આવે છે. '... એ આગમથી ... મન ... એ આગમ ... મનડું દુરારાધ્ય તેં

વશ આણ્યું, તે આગમથી મતિ આણું.. આનંદઘન પ્રભુ...' 'આનંદઘન' પોતાનું ... 'આનંદઘન પ્રભુ મારું આણું તો સાચુ કરીને રે જાણું. ઓ કુંથુજિન મનડું કિમહી ન બાજે. કિમહી ન બાજે રે કુંથુ જિન, મનડું કિમહી ન બાજે. આગમ-આગમ ..' આગમ વાંચતો હોય, હાથમાં આગમ હોય. પણ 'આગમ-આગમ ધરને હાથે નાવે .. ' પણ એ મનડું મારું ફર્યા જ કરે આમથી આમ. સમજાણું કાંઈ?

પ્રભુ! એ આગમથી તો જાણું છું કે આપે મનને આરાધ્યું. દુરારાધ્ય સાધ્યું. પણ મને જ્યારે બેસે ત્યારે સાચું કહેવાય કે આ સાધ્યું કહેવાય. સમજાણું કાંઈ? આપે સાધ્યું એ પણ મને જ્યારે બેસે કે રાગ વિનાનો ચૈતન્ય છે એ સાધ્યું. ત્યારે આપે દુરારાધ્ય મને સાધ્યું એ વાત વ્યવહારથી મને લાગુ પડી. 'અમરચંદભાઈ'! આહાહા..! લ્યો! 'આનંદઘનજી' જેવા એમ કહે છે, લ્યો!

અહીં તો એટલું કે '**જિનવચનકા શ્રદ્ધાની મિથ્યાત્વરહિત...**' એટલે કોઈ ટૂંકું વાળી દે કે આપણે તો ભગવાનની વચનની શ્રદ્ધા છે અને માટે મિથ્યાદષ્ટિ છીએ. એનો અર્થ એ છે. જિનવચનની શ્રદ્ધાવાળો એટલે કે જિનવચનના વીતરાગભાવી આત્મા, એની શ્રદ્ધા વીતરાગી પર્યાય એ જિનવચનની શ્રદ્ધાવાળો કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ઓલામાં આવે છે. નહિ? જિનવચનમાં. ઉભય નય વિરોધધ્વંસિની. જિનવચનમાં રમે છે નથી આવતું? જિનવચનમાં રમે છે. જિનવચનમાં રમતો હશે? વાણીમાં?

મુમુક્ષુ :- લખ્યું છે.

ઉત્તર :- લખ્યું છે પણ એનો અર્થ શું? જિનવચનમાં રમે તે મિથ્યાત્વનો નાશ કરે. જ્ઞાનમાં રમે તે મિથ્યાત્વનો નાશ કરે. આહાહા..! એનો અર્થ જિનવચને કહેલો વીતરાગી ભગવાનઆત્મા, અનંત અમૃતના સાગર જેમાં ઉછળે છે. આહાહા..! અતીન્દ્રિય આનંદનો સાગર જેમાં છલોછલ ભરેલો પ્રભુ આત્મા. એવો મારો પ્રભુ, એને મેં દષ્ટિમાં લઈને, અનુભવ કરીને પ્રતીત કરી. એને જિનવચનમાં રમ્યો એમ કહેવામાં આવે છે. આહાહા..!

અહીં તો વીતરાગ ત્રિલોકનાથની શ્રદ્ધા કરવા જાય તો '**परदव्वादो दुग्गइ**' એમ કહ્યું છે મોક્ષ અધિકારમાં. શું કહ્યું? '**सदव्वा हु सुग्गइ परदव्वादो दुग्गइ**' આટલા શબ્દ છે. મોક્ષપાહુડ. ૧૬મી ગાથા. મોક્ષ અધિકાર. છે ને આના પછી મોક્ષ અધિકાર શું કહેવાય એ? મોક્ષપાહુડ. ૧૬મી-૧૬મી. જુઓ! ૧૬મી છે ને? ૧૬મી છે, જુઓ!

**परदव्वादो दुग्गइ सदव्वा हु सुग्गइ होइ।**
**इय णाऊण सदव्वे कुणह रई विरह इयरम्मि।।१६।।**

બહુ ટૂંકું. આત્મા પોતાના આનંદકંદરૂપી દ્રવ્યમાં રતિ અને એકાગ્ર થાય તે સુગતિ. અને '**परदव्वादो**' જે ત્રણલોકના નાથ અને એની વાણી તરફનું લક્ષ કરવું એ રાગ પણ દુર્ગતિ છે. આત્માની ગતિ નહિ તે દુર્ગતિ. આહાહા...! સમજાણું કાંઈ? '**इय णाऊण**' એમ જાણીને

**'सदव्वे कुणह रई'** જ્ઞાનાનંદ ભગવાનમાં પ્રેમ કર એટલે એકાગ્ર થા. અને **'विरह इयरम्मि'** આત્મા સિવાય જેટલા બીજા પદાર્થ છે એનાથી વિરક્ત વિરમ-વિરમ. પાછો વળ. સમજાણું કાંઈ? આહાહા..! કહે છે, એને જિનવચનની શ્રદ્ધા કહેવામાં આવી છે. એક જણો કહે છે, ભાઈ! આ દિગંબરમાં જન્મ્યા એ બધા ભેદજ્ઞાની તો છે જ. કહો, કારણ કે શરીર અને આત્મા જુદા માનીએ છીએ. અરે..! ભાઈ! વળી એક કોર કહે કે પુણ્યથી ધર્મ થાય. શરીરની ક્રિયા જીવતા શરીરથી પણ ધર્મ થાય એમ તો માને અને વળી કહે છે, અમે ભેદજ્ઞાની છીએ. અરે..! ભાઈ.

મુમુક્ષુ :- ભેદજ્ઞાનનો બીજો અર્થ કરતા હશે.

ઉત્તર :- ઊંધો અર્થ કરે છે. એક પંડિત એમ કહે છે. જેટલા દિગંબરમાં જન્મ્યા એ બધા ભેદજ્ઞાની. ...હવે આપણે ચારિત્ર પાળવું. અમારે કહેતા (સંવત) ૧૯૮૦માં. કારતક સુદ-૧૫. 'મુળચંદજી' હતા. ૨૮મું અધ્યયન વાંચેલું એટલે ભૂંસાડિયો વાળવા છેલ્લે માંડી બધી. ૮૦ની વાત છે, હોં! ૨૬ ને ૨૦. ૪૬ વર્ષ થયા. જુઓ ભાઈ! આપણને ભગવાનની શ્રદ્ધા મળી છે, આડીઅવળી માનશો નહિ કાંઈ. એમ કહેતા. આપણને તો ભગવાનની શ્રદ્ધા મળી છે ચારિત્ર આપણે પાળીએ. પછી સમકિતને તો વાંધો નથી. જેવું ગણધરને સમકિત એવું આપણને સમકિત છે. આહાહા..! એય..! કારતક સુદ પૂનમની રાત્રે, ૮૦ની સાલ. લ્યો! ૮૧ થયું. ૮૦માં ચોમાસુ પૂરું થયું ને? ૮૧ની કારતક. આહાહા..! એમ નહિ. જિનવચનની શ્રદ્ધા એને કહેતા નથી.

વીતરાગીભાવ આત્મા, વીતરાગીભાવની શ્રદ્ધા, વીતરાગી પર્યાય, સમ્યગ્દર્શન વીતરાગી પર્યાય છે અને દ્રવ્ય પણ વીતરાગી સ્વરૂપ છે. જિન કોઈ સંપ્રદાય નથી. વસ્તુનું સ્વરૂપ એવું છે. એને અંદરમાં રાગથી વિમુખ થઈ, વ્યવહારથી વિમુખ થઈ, સ્વથી સન્મુખ થઈ અને પ્રતીતમાં, અનુભવમાં લેવો એને અહીંયાં જિનવચનની શ્રદ્ધા કહેવામાં આવે છે. એય..! 'શાંતિભાઈ'! આવું બધું ઝીણુ બહુ. પણ ઠીક આ ફેરી આવ્યા તો સરખાયમાં બધા. બપોરનો અધિકાર ચાલે છે શક્તિનો.

અહીં કહે છે, એ '**શુભકર્મકો બાંધતા હૈ...**' અહીં એ કહેવું છે. '**સમ્યગ્દષ્ટિ જીવ શુભકર્મકો બાંધતા હૈ...**' પાપના પરિણામ આવ્યા હોય તો એને ગણવામાં આવતા નથી. કેવો છે જીવ? '**ભાવોમેં વિશુદ્ધિ પ્રાપ્ત કી હૈ.**' સમ્યગ્દષ્ટિ ભાવની શુદ્ધિ એટલે વિશેષ શુદ્ધિ અને એ ઉપરાંત શુભભાવ વિકલ્પ. '**ઐસે દોનોં પ્રકારકે જીવ શુભાશુભ કર્મકો બાંધતે હૈં, યહ સંક્ષેપસે જિનભગવાનને કહા હૈ.**' બે પ્રકાર કોણ? મિથ્યાદષ્ટિ અશુભ બાંધે અને સમ્યગ્દષ્ટિ શુભ બાંધે. એમ. ઓલી ગાથા લઈ લીધી ભેગી. એમ સંક્ષેપ કહેવામાં આવે છે. '**સંક્ષેપસે જિનભગવાનને કહા હૈ.**' વીતરાગદેવે ટૂંકામાં આ વાત કરી છે. ભાવાર્થ આવશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ !)

## પ્રવચન નં. ૧૪૧, ગાથા-૧૧૮-૧૧૯, સોમવાર, કારતક સુદ ૩, તા.૧૬-૧૧-૭૦

૧૧૮ ગાથા છે ને? ૧૧૮. ગાથાનો પાઠ છે એમાં. અર્થ તો બીજી જાતનો છે.

**तव्विवरीओ बंधइ सुहकम्मं भावसुद्धिभावण्णो।**
**दुविहपयारं बंधइ संखेपेणेव वज्जरियं।।११८।।**

શું કહે છે? અર્થ :- 'ઉસ પૂર્વોક્ત જિનવચનકા શ્રદ્ધાની મિથ્યાત્વરહિત સમ્યગ્દૃષ્ટિ જીવ...' હૈ. શું કહ્યું? પહેલું કહ્યું હતું એનાથી આ વિરૂદ્ધ છે. જેને વીતરાગવચનની શ્રદ્ધા નથી એ મિથ્યાદૃષ્ટિ છે. એટલે શું? વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા તીર્થંકરદેવ કેવળજ્ઞાનીએ જે વાણી કહી એ વાણીમાં આ આત્માનું સ્વરૂપ પુણ્ય-પાપના રાગરહિત, શરીરરહિત અને પૂર્ણાનંદ પૂર્ણસ્વરૂપ આત્મા, પરમેશ્વર વીતરાગદેવે જે કહ્યું, એવો આત્મા પૂર્ણ આનંદનું ધામ અનંતગુણનું એકરૂપ (છે) એની જેને શ્રદ્ધા નથી એને જિનવચનની શ્રદ્ધા નથી.

જે કોઈ શરીરની આ જે ક્રિયાઓ છે એમાંથી આત્માને ધર્મ થાય એમ માને, અંદરમાં દયા, દાન, વ્રત, ભક્તિના પુણ્યના પરિણામ થાય એને ધર્મ માને એ જિનવચનના અશ્રદ્ધાની છે. સમજાણું કાંઈ? કેમકે ભગવાને એમ કહ્યું નથી. 'પ્રકાશદાસજી'! ભગવાને એમ કહ્યું નથી. ભગવાને તો એમ કહ્યું છે કે જે કંઈ આત્મામાં પુણ્ય અને પાપના ભાવ, શુભ-અશુભ, દયા-દાન, વ્રત-ભક્તિ, કામ-ક્રોધ આદિના ભાવ થાય એ બધા વિકારી છે, દુઃખરૂપ છે, બંધનું કારણ છે. એને જે એમ માને કે મને ધર્મ થાય છે, એ જિનવચનના અશ્રદ્ધાની (છે). વીતરાગવાણીના કહેલા ભાવને એ શ્રદ્ધતો નથી. ઝીણી વાત.

મુમુક્ષુ :- એને ધર્મ ન માને અને એનાથી ભલું થાય એમ માને.

ઉત્તર :- ભલું થાય એમ માને એ તો એનું એ છે.

જે કોઈ આત્મા, ભગવાન પરમેશ્વર કેવળીએ કહ્યો... '**केवली पण्णंतो धम्मो शरणं**' આવે છે ને મંગળિકમાં? કોને ખબર એ? આંકડા બોલી જાય ઘડિયા હાંકે જાય. એ '**केवली पण्णंतो धम्मो**' તો ભગવાનની વાણીમાં એમ આવ્યું કે પુણ્ય અને પાપના ભાવ જે છે એનાથી ભિન્ન, દેહની, જડની આ ક્રિયાઓથી પણ જુદો અને એ આત્મામાં એક સમયની પર્યાય, અવસ્થાથી પણ જુદો ભિન્ન ભગવાન (છે), એની જે શ્રદ્ધા અંતર્મુખ થઈને કરે એને જિનવચનની શ્રદ્ધા કરી કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? જુઓ! એમાં છે કે નહિ? પહેલી ગાથા એ આવી. ૧૧૭માં. મિથ્યાદૃષ્ટિ જિનવચનથી પરાઙમુખ છે. એટલે શું? ભગવાન સાચા છે, તીર્થંકરદેવ સાચા છે એમ નહિ.

મુમુક્ષુ :- ભગવાને કીધું એ સાચું છે.

ઉત્તર :- ભગવાને પણ શું કહ્યું છે? ભગવાને કહ્યું છે શું? પરમાત્મા કેવળજ્ઞાની ત્રિલોકનાથ વીતરાગદેવ, એણે તો વીતરાગભાવમાં ધર્મ કહ્યો છે. એણે રાગ ને દયા, દાન, વ્રતના પરિણામમાં ભગવાને ધર્મ કહ્યો નથી. એય..! 'ભગવાનભાઈ'! આ તમારે મોટું કુટુંબ એ લાંબુ બધું. આ બધું જુદું. કરો, વ્રત પાળો, અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય એ ધર્મ. જિનવચનની શ્રદ્ધા નથી એને. કેમકે એ તો રાગ છે, પુણ્ય છે, વિકલ્પ છે, વૃત્તિ છે, વાસના છે. એને જે ધર્મ માને એ વીતરાગના વચનની અશ્રદ્ધાવાળા છે. એને ભગવાનની વાણીની અને ભગવાનના ભાવની શ્રદ્ધા નથી. આહાહા..! સમજાણું કાંઈ? એ માથે કહ્યું ને? એ ૧૧૭માં કહ્યું.

હવે અહીંયાં (કહે છે), '**જિનવચનકા શ્રદ્ધાની મિથ્યાત્વરહિત સમ્યગ્દૃષ્ટિ જીવ...**' છે. ધર્મીજીવ વીતરાગની આજ્ઞાને માનનારા, વચનના ભાવને સ્વીકારનારા એટલે કે ભગવાને આત્મા પૂર્ણ આનંદ શુદ્ધ ચૈતન્યમૂર્તિ કહ્યો છે. આત્મા. એમાં એને ક્યાંય પણ પુણ્ય-પાપના ભાવમાં સુખબુદ્ધિ રહે, હિતબુદ્ધિ રહે એ વીતરાગની વાણીના શ્રદ્ધાની નથી. આહાહા..! કહો, સમજાય છે કાંઈ? આમ વીતરાગ વીતરાગ કરે શું કામ આવે વીતરાગ? વીતરાગ શું કહે છે એની તો ખબરું ન મળે. ભગવાન સાચા અમારે. દેવ અરિહંત, ગુરુ, નિર્ગ્રંથ, કેવળીએ પ્રરૂપેલ ધર્મ શરણ. પણ શું કહે છે એની ખબર છે તને?

મુમુક્ષુ :- શરણ છે ને પણ? શરણ છે કે નથી?

ઉત્તર :- શરણ નથી. એણે-ભગવાને તો શરણ એને કહ્યું, પોતાનો આત્મા આનંદ અને વીતરાગસ્વભાવથી ભરેલો છે એનું શરણ લે એમ કહ્યું છે. ત્યારે અમારું શરણ છે એમ વ્યવહારે કહેવામાં આવે. સમજાણું કાંઈ?

અહીં તો શબ્દ એવો છે, જુઓ! '**જિનવચનકા શ્રદ્ધાની...**' ભગવાનની વાણી સાચી એમ જિનવચનનો શ્રદ્ધાની? અંતરમાં જેની રુચિ પુણ્ય અને પાપના, દયા-દાનના ભાવમાંથી રુચિ હઠી ગઈ છે કે એ ધર્મ નહિ. એવી વીતરાગની આજ્ઞા પરમાત્માની છે એમ જ્યારે એ શ્રદ્ધે ત્યારે એને પુણ્ય-પાપના ભાવમાં પ્રેમ, રુચિ ખસી જઈ અને એકલો આત્મા આનંદમૂર્તિ, એની દૃષ્ટિ થાય ત્યારે તેને જિનવચનની શ્રદ્ધાવાળો સમ્યગ્દૃષ્ટિ ધર્મી કહેવામાં આવે. 'મગનભાઈ'! આહાહા..! સમજાણું કાંઈ?

'**ઉસ પૂર્વોક્ત જિનવચનકા શ્રદ્ધાની...**' આ .. વાણી સાચી. પણ વાણીમાં શું કહ્યું છે એ? વાણીમાં એમ કહ્યું પરમાત્માએ... ત્રિલોકનાથ તીર્થંકરદેવ, ઇન્દ્રો અર્ધલોકના સ્વામી શક્રેન્દ્ર, સુધર્મના ઇન્દ્ર અને ઇશાનનો ઇન્દ્ર એવા અર્ધ-અર્ધલોકના સ્વામી સમીપમાં ભગવાનની વાણી નીકળી સમવસરણમાં ધર્મસભામાં અને ગણધરો અને સંતોના સમુદાયની ટોળીમાં વાણી એ નીકળી દિવ્યધ્વનિ કે ભાઈ! પ્રભુ! તું પરિપૂર્ણ આત્મા છો. મારી જાતનો જ તું છો. મારામાં અને તારા સ્વભાવમાં કાંઈ ફેર નથી. આહાહા..! તું પરમાત્મા થવાને

લાયક છો. આહાહા..! એમ વીતરાગે કહ્યું. તું રાગમાં રહેવાને અને અલ્પજ્ઞ રહેવાને લાયક નથી. આહાહા..! એવી વાણીનો ભાવ જેને અંદરમાં (ભાસ્યો કે) હું આત્મા સર્વજ્ઞ સ્વભાવી છું. ત્રણકાળ ત્રણલોકને જાણવાના જ્ઞાનવાળો છું. હું અલ્પજ્ઞ નહિ, રાગ નહિ, પુણ્ય નહિ, નિમિત્ત નહિ. આહાહા..! એવી જેને અંતરમાં વીતરાગે કહેલા ભાવ જેને અંતરમાં સમજાણા અને પ્રગટ્યા છે, એને જિનવચનની શ્રદ્ધાવાળા સમ્યગ્દૃષ્ટિ કહેવામાં આવે છે. આહાહા..! કહો, સમજાણું કાંઈ?

આમ તો પંચમહાવ્રત પાળતો હોય, અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય. એ તો રાગ છે, વિકલ્પ છે, આત્માનો ધર્મ નથી. વીતરાગે એને ધર્મ કહ્યો નથી. છતાં એને ધર્મ માને એ જિનવચનની અશ્રદ્ધાવાળા મિથ્યાદૃષ્ટિ જૈનના સાધુ નામ ધરાવનારા હોય તોપણ તે મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની વીતરાગની વાણીના વિપરીત શ્રદ્ધાવાળા છે. 'પ્રકાશદાસજી'! ભારે આકરું, આ પ્રકાશનું સ્વરૂપ પણ આકરું ભારે! 'શાંતિભાઈ'!

'**જિનવચનકા શ્રદ્ધાની...**' આહાહા..! ભગવાને તો વીતરાગભાવનું વર્ણન કર્યું- સમજાવ્યું. ભગવાન! તું તો વીતરાગસ્વભાવી છો ને પ્રભુ! અને વીતરાગ સ્વભાવવાળું તારું તત્ત્વ (છે), એની શ્રદ્ધા કરવાથી તો વીતરાગી પર્યાય પ્રગટ થાય. એને ભગવાને સમ્યગ્દર્શન અને ધર્મ કહ્યો. એવું માને તેને જિનવચનની શ્રદ્ધા છે. આહાહા..! બહુ કામ (આકરું). ઉથલ-પાથલ થઈ ગયું છે અત્યારે તો. સમજાણું કાંઈ? એ '**જીવ શુભકર્મકો બાંધતા હૈ...**' શું કહે છે? જેને પુણ્ય પરિણામ દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ જે રાગ છે એને એ ધર્મ માને છે, એને વીતરાગ વચનની શ્રદ્ધા નથી, તેથી તે એકલા પાપને બાંધે છે, એમ કહે છે. સમજાણું કાંઈ? 'શાંતિભાઈ'! છે કે નહિ પુસ્તક? પુસ્તક છે? ક્યાં? લઈને આવ્યા છો? ઠીક! ત્યાંથી લઈને આવ્યો છો? ઠીક! કહો, સમજાણું આમાં? બાપુ! વીતરાગનો માર્ગ બહુ અપૂર્વ છે. એ વાત બીજે ક્યાંય નથી. સર્વજ્ઞ પરમેશ્વર સિવાય કોઈ મતમાં એ વાત નથી. અત્યારે તો જૈનવાડાના નામે ચાલે એ જૈન નથી. આહાહા..! સમજાણું કાંઈ? 'પોપટભાઈ'! આ બધા શેઠીયાઓ કહેવાય જૈનના. જુઓ! આહાહા..! એય..! 'મગનભાઈ'!

એને કહે કે ભગવાન ત્રણલોકના નાથ પરમાત્મા તીર્થંકર, એના ગુણગાન ગાવા, એનું નામ સ્મરણ લેવું-નમો અરિહંતાણં, નમો સિદ્ધાણં એવું જે નામ સ્મરણ લેવું એ પણ એક શુભરાગ છે. અરે..! ભગવાન! કેમ કે એ પરદ્રવ્યના તરફના લક્ષવાળી વૃત્તિ વિકારી છે. એને કોઈ ધર્મ માને તો એને વીતરાગની વચનની શ્રદ્ધાવાળા કહેતા નથી. આહાહા..! સમજાણું કાંઈ? અને એને અજ્ઞાનીને તો... આહાહા..! ભલે કહે છે કે એ પંચમહાવ્રતના પરિણામ હો, દયા-દાન-ભક્તિના પરિણામ હો, પણ તે પરિણામને પોતાના ધર્મને કારણે ધર્મનું કારણ છે એમ માને છે તેથી એ જિનવચનનો અશ્રદ્ધાની મિથ્યાદૃષ્ટિ (છે). ભલે એને શુભલેશ્યા આદિ હો તોપણ એકલા પાપને બાંધે છે. સમજાણું કાંઈ? આહાહા..! આ તો અશુભલેશ્યા નાખી

પણ ભેગો સરવાળો તો એ લીધો છે. એ પાપ બાંધે છે એનો અર્થ કે શુભભાવ હોય તોપણ એ પાપ બાંધે છે. આહાહા..! જેની શ્રદ્ધામાં જ આખી ઊલટાઈ-ઊંધાઈ છે. વીતરાગ પરમાત્મા ત્રિલોકનાથ એણે તો વીતરાગભાવે ધર્મ કહ્યો છે. એને ઠેકાણે અજ્ઞાની રાગભાવે ધર્મ અથવા એ પુણ્ય કરતા, રાગ કરતા-કરતા ધર્મ થાશે એમ માનનારા વીતરાગભાવને માનતા નથી એટલે કે વીતરાગની વાણીના કહેલા ભાવને સમજતા નથી. એ અશ્રદ્ધાની છે. આહાહા..! ભારે નાખી વાત ભાવપાહુડમાં. જુઓ આ.

મુમુક્ષુ :- આપે .. અંદર વાત...

ઉત્તર :- પણ આમાં શું કહ્યું જુઓ! લખાણ નથી કર્યું? એ પાપી પાપ પંક્તિમાં જનારા છે.

જેની દૃષ્ટિમાં ભગવાનઆત્મા ચૈતન્યમૂર્તિ આનંદનું ધામ, ભગવાનના જ્ઞાનમાં આવ્યો આ આત્મા નિર્વિકલ્પ શુદ્ધ ચૈતન્ય, એની જેને અંતરદૃષ્ટિ સન્મુખ થઈને નથી એને રાગની સન્મુખ દયા, દાન, વ્રતના સન્મુખમાં દૃષ્ટિ છે એ જિનવચનનો અશ્રદ્ધાની મિથ્યાદૃષ્ટિ છે. અને એને અશુભલેશ્યા અને ૫૭ પ્રકારના આસ્રવો આવે છે. મિથ્યાત્વ, અવ્રત, કષાય, યોગ એ બધા સમયે-સમયે ૫૭ પ્રકારના આસ્રવ આવે છે અને અશુભકર્મ બંધાય છે. આહાહા..! ભારે વાત, ભાઈ! સમજાણું કાંઈ? અને ભગવાનની આજ્ઞાનો શ્રદ્ધાની એટલે કે સમ્યગ્દૃષ્ટિ એટલે કે રાગમાં પુણ્યમાં ધર્મનું કારણ અને ધર્મ નહિ માનનાર એટલે કે ભગવાનઆત્મા આનંદનું ધામ એનાથી ધર્મ થાય એમ માનનાર.. 'નવનીતભાઈ'! આવી વાત છે. આહાહા..!

આમ તો બધા ભગવાન સાચા-ભગવાન સાચા ... બધા બોલે, રાડુ પાડે. ભગવાન, હે ભગવાન! તમે સાચા હે પ્રભુ, સીમંધર ભગવાનની આજ્ઞા લે છે ને સામાયિકમાં? સીમંધર ભગવાન બિરાજે છે ને મહાવિદેહમાં? તીર્થંકરપણે બિરાજે છે. એની આજ્ઞા લે સામાયિકમાં. જય ભગવાન! ભગવાન કહે કે પણ તું મારી આજ્ઞા તો માનતો નથી અને શેની આજ્ઞા લીધી તેં? હેં! આ સામાયિકમાં નથી લેતા? આ ઈશાન ખૂણામાં ભગવાન બિરાજે છે ને ત્યાં? મહાવિદેહક્ષેત્રમાં પરમાત્મા ત્રિલોકનાથ સીમંધરપ્રભુ, વીસ વિહરમાનમાં પહેલા તીર્થંકર ભગવાન બિરાજે છે, પાંચસો ધનુષનો દેહ છે, કરોડ પૂર્વનું આયુષ્ય છે, અને મોટી બાર સભામાં ભગવાનની વાણી નીકળે છે. અત્યારે નીકળે છે. ભગવાન બિરાજે છે મહાવિદેહમાં. આ ભરતક્ષેત્ર છે. એ મહાવિદેહની આજ્ઞા જે ભગવાનની આમ-આમ કરે. પણ માને શું? કે અમે સામાયિક અને પોષા કરીએ છીએ એ અમારો ધર્મ. પણ સામાયિક પોષા હતો કે દિ' તારે? એ તો ક્રિયાકાંડનો રાગ હતો. એ તો વિકલ્પ છે. આ સામાયિક કરું. સામાયિક કોને કહેવી?

પુણ્ય-પાપના રાગ વિનાની ચીજ આત્મા છે, એવા આત્માની દૃષ્ટિ કરીને સ્વરૂપમાં ઠરવું એને ભગવાને સામાયિક કીધી છે. હવે એ સામાયિકનું તો ભાન નથી. હેં! ભાન નથી? સામાયિક-બામાયિક કરી હશે કે નહિ થોડી? તે દિ' ત્યાં સંપ્રદાયમાં. આ બધા શેઠિયા-

બેઠિયા બધાએ સામાયિક કરેલી હોય. અમે પણ બધી કરી હતી પહેલી. ખોટી સામાયિક. પાલેજમાં દુકાનમાં ઘણી કરી હતી. સામાયિક અને પોષા... પોષા તો નહિ પણ અપવાસ. અપવાસ કરતા હતા. પર્યુષણના આઠ દિ' હોય ને ચાર અપવાસ કરીએ. પછી નવરા થઈને સાંજે ગાઈએ. થઈ ગયો ધર્મ, લ્યો!

મુમુક્ષુ :- પણ તે દિ' થાતો હોય, આજે ન થાતો હોય.

ઉત્તર :- ધૂળેય થાતો નથી. કાંઈ બધા ભાન વિનાના ભેગા હોય બધા. ગાંડાભાઈને માણસ બધા ભેગા થાય. સંભળાવીએ આ પડિકમણા મોઢે કરેલું હોય. પછી આ 'જુઓ રે જુઓ જૈનો કેવા વ્રતધારી.' એ ગાય એટલે પેલા ખુશી થઈ જાય. વ્રતધારી એટલે વિકલ્પધારી, રાગધારી. કોના તું વખાણ કરે છે ? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- .. જમાત હોય ને.

ઉત્તર :- જમાત હોય. આહાહા..! પ્રભુ! તારો માર્ગ એવો છે. તારો માર્ગ એટલે પ્રભુનો માર્ગ અને તારો બેય એક જ છે.

મુમુક્ષુ :- ... આપતા હતા.

ઉત્તર :- એ તો આપે લોકોને. જે માનેલું હોય, શું થાય? આ તો અપૂર્વ અલૌકિક માર્ગ વીતરાગનો છે. જે અનંતકાળમાં કર્યો નથી એણે એક સેકન્ડ માટે. નવમી ગ્રૈવેયકે જૈન સાધુ થઈને ગયો અનંતવાર. દિગંબર સાધુ, હોં! આ વસ્ત્રવાળા એ તો સાધુ ભગવાને ગણ્યા જ નથી અને કહ્યા પણ નથી. દ્રવ્યલિંગી પણ નથી એ તો. આહાહા..! આ તો એક વસ્ત્રનો તાણો નહિ, હજારો રાણી છોડી, ચામડા ઉતરડીને ખાર છાંટે તો ક્રોધ ન કરે પણ દૃષ્ટિમાં મિથ્યાત્વ ભાવ છે. એ પંચમહાવ્રતના પરિણામ એ મારો ધર્મ છે એમ માને એ મિથ્યાદૃષ્ટિ છે. એને જિનવચનની શ્રદ્ધા છે નહિ. આહાહા..! ભારે કામ, ભાઈ!

તેથી એવા મિથ્યાદૃષ્ટિ જીવને, એ છઠ્ઠા ગુણસ્થાનની બહારની શુક્લલેશ્યા અને શુભભાવની ક્રિયા કરે તોપણ તે મિથ્યાદૃષ્ટિ છે માટે એકલું પાપ જ બાંધે છે. અને સમકિતી જીવ શુભકર્મને બાંધે. દેખો! છે? સમ્યગ્દૃષ્ટિ રાગ, પુણ્ય વિકલ્પ વિનાની મારી ચીજ છે. એ મારો આત્મા શાંતિ-શાંતિ અતીન્દ્રિય આનંદનું ધામ છે. મારો આનંદ મારી પાસે છે. મારો આનંદ ક્યાંય બહારથી આવતો નથી. પૈસાથી નહિ, શરીરથી નહિ, બાયડીથી નહિ, આબરૂથી નહિ, પુણ્ય-પાપના ભાવથી નહિ. એવી જેની અંતરમાં સમ્યગ્દૃષ્ટિ ધર્મનો ધરનાર એવો ભગવાનઆત્મા, એની દૃષ્ટિ થઈ છે એ કહે છે કે જિનવચનની શ્રદ્ધાવાળો છે, એને પુણ્ય જ બંધાય છે. એ પ્રાણીને પુણ્યની શ્રેણીમાં નાખ્યો છે. આહાહા..! પાપના ભાવ આર્તધ્યાન કેટલાક હોય છતાં એ પ્રાણી પુણ્યવંત છે, એમ કહે છે. એય..! 'ધરમચંદભાઈ'! આહાહા..! એ પુણ્યવંત પ્રાણી છે.

બહારમાં ગરીબ હો, અરે..! સાતમી નરકનો નારકી હો. સાતમી નરક નીચે રવ-રવ નરક. પણ જેને આત્માનું ભાન થયું છે એ રાગ અને વિકલ્પના ઝેરથી મારો અમૃતસાગર

જુદો છે એવું જેને ભાન થયું છે. ખાવાને ચોખાનો દાણો નથી, પીવાને પાણીનો બિંદુ નથી, સૂવાને સ્થળ નથી, પહેરવાને કપડું નથી અને રોગનો પાર નથી. જન્મે ત્યારથી સોળ સોળ રોગ. ઓહો..હો...! પણ જેને આત્માનું સમ્યગ્દર્શન થયું, તો કહે છે કે એ પુણ્યવંત છે. એય..! આહાહા..! અને મિથ્યાદૃષ્ટિ જીવ ભગવાનના સમવસરણમાં બેઠો હોય. સમજાણું કાંઈ? તીર્થંકરદેવ ત્રિલોકનાથ પરમાત્મા એની વાણી નીકળતી હોય અને સમવસરણમાં બેઠો હોય. પણ જે રાગ ને પુણ્યને ધર્મ માને. ભગવાનની વાણી સાંભળીએ છીએ એમાં મને ધર્મ થાય છે. એમ માનનાર કહે છે કે એ મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! ભારે વાત, ભાઈ! આવો માર્ગ વીતરાગનો છે. લોકોને બહારથી બધી વાતું માનવી છે. અંતર તત્ત્વ વસ્તુ શું છે ભગવાનનું એ તો માનવું નથી. અને વળી જૈન કહેવડાવવું છે. અમે જૈન છીએ. બાપા! જૈન કોને કહેવા? ભાઈ!

જૈન તો વસ્તુનો સ્વભાવ (છે). જ્ઞાન ચૈતન્ય પિંડ આનંદસ્વરૂપ એવું જેણે ભાન કરીને મિથ્યાત્વને જીત્યો છે, મિથ્યાત્વનો નાશ કર્યો છે એને જૈન કહેવામાં આવે છે. આહા..! કોથળીમાં ઉપર લખે સાકર, અંદર ભર્યું હોય કરિયાતું. એ કરિયાતા કાંઈ મીઠા થઈ જાય, કોથળીમાં સાકર નામ આપે એટલે? એમ ઉપર (લખે) અમે જૈન, અંદરમા માન્યતા મિથ્યાત્વ. જૈનની નહિ. જૈનની એટલે વીતરાગભાવની શ્રદ્ધા નહિ, રાગથી ધર્મ થાય, પુણ્યથી ધર્મ થાય, પુણ્ય કરતા-કરતા થાય અને એ બધા અંતરના કરિયાતા જેવા મિથ્યાત્વના કડવાશથી ભરેલા છે. કહો, 'ભીખાભાઈ'! બરાબર હશે આ? આહાહા..!

કહે છે કે સમકિતી જીવ એટલે કે જિનવચનની શ્રદ્ધાવાળો એટલે કે વીતરાગભાવે ધર્મ માનનારો, રાગનો વિકલ્પ છે એનાથી ધર્મ માનનાર નહિ એને તો પુણ્ય બંધાય છે એટલું. પવિત્રતા તો છે પણ એને પુણ્યવંત પ્રાણીને પુણ્યની શ્રેણીમાં નાખ્યા છે. આહાહા..! સમજાણું કાંઈ? સમકિતી છે એને છન્નું હજાર રાણી હોય. 'ભરત' ચક્રવર્તી આદિ સમકિતી છે. એને એના ભોગનો વિકલ્પ પણ હોય. સમજાણું? પણ સરવાળે તો કહે છે કે એ પુણ્યવંત પ્રાણી છે એમ એને કહીએ છીએ. કારણ કે એના એવા ભાવ વખતે પણ એને ભવિષ્યનું આયુષ્ય બંધાશે નહિ. આ તો મોક્ષગામી છે. 'ભરત' ચક્રવર્તી તો એ ભવે મોક્ષ પધાર્યા છે. એ ભવે મોક્ષ ગયા. પણ બીજા કોઈ સમ્યગ્દૃષ્ટિ હો, રાગની રુચિ નષ્ટ થઈ છે. પુણ્ય-પાપના પ્રેમનો જેણે નાશ-પ્રલય કરી નાખ્યો છે.

ભગવાનઆત્મા જ્ઞાનસ્વભાવે ભરેલો, એના જેને પ્રેમ જાગીને, જાગીને જોયું, ઓહો...! આ આત્મા તો પવિત્ર અને શુદ્ધ આનંદકંદ છે. એના પુણ્ય-પાપના પરિણામ અને શરીર, વાણી, કર્મ-ફર્મ છે નહિ. એવું જેને ભાન છે એને કહે છે કે આર્તધ્યાન, રૌદ્રધ્યાનના ભાવ પણ હોય, અશુભલેશ્યાઓ પણ કદાચિત ચોથે આદિક હોય, છતાં એને પુણ્યની શ્રેણીમાં નાખ્યા છે. સમજાણું કાંઈ?

કેવો છે જીવ? **'ભાવોંમેં વિશુદ્ધિ પ્રાપ્ત કી હૈ.'** અંદર તો એ લખ્યું **'ભાવોંમેં વિશુદ્ધિ**

**પ્રાપ્ત કી હૈ. ઐસે દોનોં પ્રકારકે જીવ શુભાશુભ કર્મકો બાંધતે હૈં,...**' એમ લખ્યું છે. પણ વિશુદ્ધિના બે અર્થ છે. એક તો સ્વભાવની શ્રદ્ધા-જ્ઞાન છે એ શુદ્ધ છે અને એની સાથે શુભવિકલ્પ જે આવે છે એ પણ વિશુદ્ધ કહેવામાં આવે છે. આહાહા..! 'શ્રેણિક' રાજા નરકમાં ગયા. એ તો પહેલું નરકનું આયુષ્ય બંધાઈ ગયેલું પછી સમ્યગ્દર્શન પામ્યા અને તીર્થંકરગોત્ર બાંધ્યું. પણ વર્તમાન ચોર્યાસી હજાર વર્ષની સ્થિતિએ પહેલી નરકમાં છે. ત્યાં સમયે સમયે તીર્થંકરગોત્ર બાંધે છે. અને આત્માનો અનુભવ એને છે. આહાહા..! સમજાણું કાંઈ? એ અનુભવી નીકળીને તીર્થંકર થશે એમ કહે છે. આવતી ચોવીસીમાં પહેલા તીર્થંકર 'શ્રેણિક' રાજાનો જીવ થવાનો છે. જેવા ભગવાન 'મહાવીર' ચોવીસમા હતા, એ આવતી ચોવીસીમાં પહેલા તીર્થંકર 'શ્રેણિક' રાજાનો જીવ નર્કમાં છે અત્યારે. ચોર્યાસી હજાર-હજાર વર્ષની મુદ્દત-સ્થિતિ છે. સમ્યક્ નહોતું ત્યારે મહાસંત, સાચા મુનિ, ધર્માત્મા એની એણે અશાતના કરેલી તો સાતમી નરકનું આયુષ્ય બાંધ્યું. પણ જ્યાં આત્માનું ભાન કર્યું તો એ સ્થિતિ તૂટીને ચોર્યાસી હજાર વર્ષની રહી ગઈ. સમજાણું કાંઈ? અને એવા નરકના આયુ બાંધેલા છતાં શુભભાવ એવો આવ્યો કે જેમાં તીર્થંકર નામકર્મ ભગવાનના સમવસરણમાં બાંધ્યું. આહાહા..! અને ત્યાંથી નરકમાં ગયા. પણ ત્યાંથી નીકળી રાણીને કૂખે આવવા પહેલા, છ-છ મહિના પહેલા તો ઈન્દ્રો જેની સેવા કરશે, એની માતાની. માતા! ત્રણલોકનો નાથ તીર્થંકરનો જીવ આપની કૂખે આવવાનો છે. આહાહા..! જુઓ! એ સમ્યગ્દર્શન અને પુણ્યના પરિણામનું આ ફળ. સમજાણું કાંઈ? સાફસૂફ કરવા આવે છે. સાફસૂફ કરવા ઈન્દ્રો આવે. આહાહા..! અને એવા પુણ્ય બંધાયેલા છે. અત્યારે નરકમાં છે.

જ્યારે રાણીને કૂખે આવશે ત્યારે ઈન્દ્રો આવીને કહેશે, નમો રત્નકૂખધારીણી. હે માતા! આવા તીર્થંકરનો આત્મા જેણે કૂંખમાં રાખ્યો, જનેતા તું પણ એક ધન્ય છે. સમજાણું કાંઈ? તું માતા જગતની તીર્થંકરની નહિ. તું તો જગતની માતા જગદંબા. એ જગદંબા, હોં! આ અંબાજી-બંબાજી કહે બધા ફોગટ મફતના ભ્રમણાઓ કરીને મરી જવાના. સમજાણું કાંઈ? અંબાજીને માને, શિકોતરને માને, સુરધનને માને. પાપ બાંધે અને પુણ્ય ઘટી જાય એવા એ માણસો છે. આહાહા..! આ અંબા. જગત અંબા. જુઓ! 'સીતાજી'ને એમ કહ્યું, જગત અંબા. માતા! આહાહા..! જેની બ્રહ્મચર્યની પરીક્ષાઓ અગ્નિમાં થઈ. અને કુદરતી પુણ્યનો યોગ અને દેવ નીકળ્યા અને એણે પાણી કર્યું. અગ્નિનું પાણી. ગોકુળ આખું જગત અંબા.. જગત અંબા (પોકાર કરવા લાગ્યું). એ જગત અંબા હતી. સમજાણું કાંઈ? આહાહા..!

એને કહે છે, સમ્યગ્દૃષ્ટિના ધર્મભાવમાં જે કાંઈ આવા શુભભાવ થાય એનું એને પુણ્ય બંધાઈ જાય. અશુભ થાય ત્યારે આયુષ્ય ન બાંધે માટે તે પ્રાણીને અમે પુણ્ય શ્રેણીમાં નાખીએ છીએ. '**ઐસે દોનોં પ્રકારકે જીવ શુભાશુભ કર્મકો બાંધતે હૈં,...**' '**ઐસે દોનોં પ્રકારકે...**' એટલે? મિથ્યાદૃષ્ટિ, અજ્ઞાની, આત્માના વીતરાગભાવની શ્રદ્ધા વિનાના, રાગની શ્રદ્ધાવાળા એકલું પાપ બાંધે. અને સમકિતી આત્માના ભાનવાળા અશુભભાવ હોવા છતાં

એકલું પુણ્ય બાંધે. '**દોનોં પ્રકારકે જીવ શુભાશુભ કર્મકો બાંધતે હૈં,...**' કહો, સમજાય છે કાંઈ? કોણ બે પ્રકાર? મિથ્યાદૃષ્ટિ અને સમ્યગ્દૃષ્ટિ. બેય શુભાશુભ કર્મ બાંધે. મિથ્યાદૃષ્ટિ અશુભને બાંધે, સમ્યગ્દૃષ્ટિ શુભને બાંધે. સરવાળો કર્યો બેય ગાથાનો.

'**યહ સંક્ષેપસે જિનભગવાનને કહા હૈ.**' વીતરાગ પરમાત્માએ તીર્થંકરદેવ ત્રિલોકનાથે સંક્ષેપમાં આ કથન કર્યું છે. થોડું લખ્યું ઘણું કરીને જાણજો. એમ આવે છે ને આપણે કાગળમાં લખે ત્યારે? હેં! તેથી કહે છે, સંક્ષેપ કરી કહ્યું. પરમાત્મા તીર્થંકરદેવે, વીતરાગદેવે દિવ્યધ્વનિમાં સંક્ષેપ કરીને આ વાત કરી છે. કહો, 'શાંતિભાઈ'! બહુ માર્ગ ભારે આકરો આ. બહારની વાતુંમાં એવા સલવાઈ જાય ને. બહારના ત્યાગ દેખે, ખોટા. સમકિતના ત્યાગી. અને બહારના વ્રત અને સંથારા એકલા મિથ્યાત્વના પોષક છે. એને સારા માનનારા પણ મિથ્યાત્વના પોષક છે. પાપ એકલું બાંધનારા છે. સાંભળવા પણ નવરા થતા નથી આ સત્ય શું છે ઈ. સમજાણું કાંઈ?

**ભાવાર્થ :- 'પહિલે કહા થા કિ જિનવચનસે પરાઙ્મુખ મિથ્યાત્વ સહિત જીવ હૈ,...'** જિનવચનથી પરાઙ્મુખ, વીતરાગભાવથી ઊલટા, રાગભાવને ધર્મ માનનારા. '**જિનવચનસે પરાઙ્મુખ મિથ્યાત્વ સહિત જીવ હૈ, ઉસસે વિપરીત જિનઆજ્ઞાકા શ્રદ્ધાની સમ્યગ્દૃષ્ટિ જીવ...**' સમજાણું કાંઈ? '**ઉસસે વિપરીત જિનઆજ્ઞાકા શ્રદ્ધાની સમ્યગ્દૃષ્ટિ જીવ...**' અહીં પૂછોને પૂછવું હોય તો પછી. લખવું છે? શું પૂછવું છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- તીર્થંકર થશે. અત્યારે કીધું ને. નરકમાં 'શ્રેણિક' રાજા ત્યાંથી નીકળીને.. અહીંથી તીર્થંકરપણું બાંધીને ગયા છે, સમકિત લઈને ગયા છે. ત્યાં તીર્થંકરપણું ન બંધાય. ત્યાં સમકિત થાય. આત્માનું ભાન થાય. તીર્થંકરગોત્ર ત્યાં ન બાંધે. નવું, હોં! અહીંનું બાંધેલું હોય તો ત્યાં બાંધ્યા કરે. અત્યારે સમયે-સમયે તીર્થંકરપણાની પ્રકૃતિ નરકમાં પડ્યા એ બાંધે છે. પણ ત્યાં મિથ્યાદૃષ્ટિ જાય. સમ્યગ્દૃષ્ટિ પણ જાય પહેલી નરકમાં.

મુમુક્ષુ :- અહીંથી ગોત્ર બાંધીને ગયા.

ઉત્તર :- બાંધીને ગયા છે. ત્યાં બાંધે નહિ. નવું ન બાંધે. તીર્થંકરગોત્ર તો ભગવાન સમીપે કે શ્રુતકેવળી સમીપે જ બંધાય. બીજે ન બંધાય. સમકિતી હોવા છતાં આત્માનું ભાન છે કે હું તો રાગ વિનાનો નિષ્ક્રિય, રાગની ક્રિયા વિનાનો આત્મા વીતરાગસ્વરૂપ છું. એવા ભાનવાળા જીવ પણ તીર્થંકરના સમવસરણમાં, કેવળીના સમવસરણમાં એને તીર્થંકરપણાના ભાવ આવેસ ત્યાં બાંધે. એ 'શ્રેણિક' રાજાએ સમવસરણમાં ભગવાનના સમવસરણમાં તીર્થંકરગોત્ર બાંધ્યું.

મુમુક્ષુ :- મહાવીર ભગવાનના.

ઉત્તર :- હા, મહાવીર ભગવાનના સમવસરણમાં. પણ ગયા છે નરકમાં, આયુષ્ય

બંધાઈ ગયેલું. લાડવો કર્યો જેનો. ઘી-ગોળ અને લોટ. એનો લાડવો કર્યો હોય તો એમાંથી ઘી નીકળીને પૂરી ન થાય હવે. એમાંથી લોટ નીકળીને રોટલી ન થાય. એ તો લાડવો ખાધે છૂટકો. એમ જેને આયુષ્ય બંધાઈ ગયું એ તો ત્યાં ગયે છૂટકો. સ્થિતિ ઘટે. સમજાણું કંઈ? લાડવો કર્યો હોય તો થોડું ઘી નાખવું હોય એમાં વચ્ચે તો નાખે. કાં બે-ચાર દિ' સૂકવવો હોય તો સૂકવે. પણ એ લાડવામાંથી ઘી કાઢીને પૂરી થાય, લોટ કાઢીને રોટલી થાય એમ થાય નહિ. આહાહા..! આયુષ્ય બંધાઈ ગયું એટલે નરકમાં તો ગયા. સ્થિતિ ઘટી ગઈ. ૩૩ સાગરની સ્થિતિ કોને કહીએ અને ચોર્યાસી હજાર, એ તો કાંઈ ગણતરી નહિ. ઓહો..હો...!

જ્યાં આત્માના અંતરના ભાન આવ્યા, જ્યાં ચૈતન્ય જાગીને જોયું કે હું તો આનંદનું ધામ છું. એકલો પવિત્ર છું એવું સમ્યગ્દર્શન થયું (ત્યાં) ઊડાડી દીધું બધું, કર્મની સ્થિતિ થોડી રહી ગઈ. સમજાણું કાંઈ? ત્યાંથી નીકળશે ત્યારે ઈન્દ્રો આવીને સેવા કરશે એની માની છ મહિના પહેલા. કહો. આહા...! પંદર મહિના સુધી તો રત્નની વૃષ્ટિ થશે. છ મહિના પહેલા અને નવ મહિના માતાના ઉદરમાં રત્નની વૃષ્ટિ. એ અહીં રજકણો હશે એ રત્નરૂપે થશે. આહાહા..! એ તીર્થંકર જ્યારે થશે... એણે કાંઈ બીજું કર્યું નથી. સમ્યગ્દર્શન આત્માનો અનુભવ (કર્યો છે). રાગ વિનાની મારી ચીજ (છે) એવો અનુભવ અને ભાન કર્યું. ચારિત્ર-બારિત્ર નહોતું. એ નીકળીને તીર્થંકર થશે. અહિંયાના રજકણો જે છે. અહીં ભર્યા છે ને? એ રત્નરૂપે થઈને નીચે પડશે માતા-પિતાના આંગણમાં. કુદરત જ જ્યાં એની ફરી ગઈ બધી. આહાહા..! સમજાણું કાંઈ? પાપ લઈને મિથ્યાદષ્ટિ આવ્યો હોય તો એના ઘરે ભીંત પડે એના ઉપર, પથરા પડે એના ઉપર. આહાહા..! આ તો ધર્મનું ભાન અને પુણ્યના પરિણામથી બંધાણુ છે કર્મ. આહાહા..! સમજાણું કાંઈ? પંદર મહિના સુધી (રત્નોની વર્ષા થાય)! ઓહો..હો...!

કહે છે કે એ સમ્યગ્દષ્ટિ તો પુણ્યવંત પ્રાણી છે. જ્યાં જાશે ત્યાં એના પુણ્યની વૃદ્ધિ થઈને અને પછી છોડીને વીતરાગ થઈ જવાના. આહાહા..! મિથ્યાદષ્ટિ કદાચિત્ સ્વર્ગમાં જાય. આ મહાવ્રતની ક્રિયા હોય દયા, દાન, વ્રતની એવા કોઈ શુભભાવ હોય તો જાય સ્વર્ગમાં. પણ છે પાપી. ત્યાંથી પછી અનુક્રમે એકેન્દ્રિયમાં જવાના. પૃથ્વીમાં, પાણીમાં કે વનસ્પતિમાં અવતરવાના દેવ એ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ બધા મિથ્યાદષ્ટિ પાપી જ છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**શુભકર્મકો બાંધતા હૈ,...**' લ્યો! '**વિશુદ્ધભાવકો પ્રાપ્ત હોકર શુભકર્મકો બાંધતા હૈ,...**' સમ્યગ્દષ્ટિ. '**ક્યોંકિ ઈસકે સમ્યક્ત્વકે માહાત્મ્યસે...**' દેખો! આહાહા..! સમકિતનું માહાત્મ્ય શું છે એની જગતને ખબર નથી. આ વ્રત પાળ્યા, દયા પાળી, બાયડી-છોકરા છોડ્યા, દુકાન છોડી, ધંધો છોડ્યો એ માહાત્મ્ય. ધૂળેય છોડ્યું નથી, સાંભળને! જેણે મિથ્યાત્વ છોડ્યું નથી એણે કાંઈ છોડ્યું નથી. અને મિથ્યાત્વ છોડ્યું એણે બધી દુનિયા સારી

રાગાદિ બધું મારામાં નથી. બધાને છોડી દીધું છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**ઈસકે સમ્યક્ત્વકે માહાત્મ્યસે ઐસે ઉજ્જ્વલ ભાવ હૈં...**' દેખો! સમ્યગ્દષ્ટિને તો ઘણા ઉજળા ભાવ હોય છે. અશુભભાવ હોય એ વખતે છતાં પણ એ અશુભભાવ એ ઘણી મંદતાનો હોય છે. જેને અનંતાનુબંધી ટળી ગયો છે એટલે ઘણો જ મંદ અશુભ હોય છે. આહાહા..! સમજાણું કાંઈ? '**જિનસે મિથ્યાત્વકે સાથ બંધનેવાલી પાપપ્રકૃતિયોંકા અભાવ હૈ.**' સમ્યગ્દષ્ટિને મિથ્યાત્વની સાથે જે પ્રકૃતિ બંધાય એનો તો એને અભાવ છે. '**કદાચિત કિંચિત્ કોઈ પાપપ્રકૃતિ બંધતી હૈ...**' સમ્યગ્દષ્ટિને કોઈ પરિણામ એવા હોય છે. વાસના, રાગ થાય વિષયનો. કોઈ એવો પ્રકાર આવી જાય. હોય છે. સંસાર છે. જ્યાં સુધી ચારિત્ર નથી અંદરમાં ત્યાં સુધી એવો ભાવ હોય. એ ભાષા શું વાપરી છે? '**કદાચિત્ કિંચિત્...**' એમ. હેં! આહાહા..! જેની કાંઈ કિંમત નથી જેને અંદરમાં એવી ચીજ કોઈ થોડી આવી જાય તો એને પાપ પ્રકૃતિ બંધાય. '**તો ઉસકા અનુભાગ મંદ હોતા હૈ,...**' અને એનો રસ બહુ મંદ પડે. કર્મનો રસ બહુ મંદ પડે. તીવ્ર હોય નહિ. '**કુછ તીવ્ર પાપફલકા દાતા નહીં હોતા.**' તીવ્ર પાપફળનો દાતા નથી. અસ્તિ-નાસ્તિ કરી. સમ્યગ્દષ્ટિને પાપના પરિણામ હોય તોપણ તીવ્ર રસ પડે એવા એના પરિણામ ન હોય.

આનંદરસનો જેને સ્વાદ છે... આહાહા..! સમ્યગ્દષ્ટિ એટલે કે ચૈતન્યના આનંદનો જે સ્વામી છે અને રસનું ભાન છે (કે), આ અતીન્દ્રિય આનંદ. આહાહા..! જેની આગળ ઈન્દ્રના ઈન્દ્રાસન સડેલા તરણા ઉકરડા જેવા લાગે. આહાહા..! સમજાય છે કાંઈ? આવી જાતનો ધર્મ કેવો હશે? એય..! 'રજનીકાંતભાઈ'! આ વીતરાગનો ધર્મ હશે આવો ? ત્યાં વાડામાં તો ક્યાંય સાંભળ્યું નહોતું. દયા તે સુખની વેલડી, દયા તે સુખની ખાણ એવું સાંભળ્યું હતું. ખબર નથી? ત્યાં ઓલા તમારે નાખ્યું છે. પરની દયાના ભાવ તો રાગ છે. ધર્મ કે દિ' હતો? કહે છે. તમારે છે ઓલા વંડામાં છે. વંડો. ઘડિયાળ પાસે છે. તે દિ' હતું. આ તો ઘણા વર્ષ થઈ ગયા. દયા તે સુખની વેલડી, દયા તે સુખની ખાણ. આ લાઠીવાળાએ નાખ્યું છે. 'લક્ષ્મીચંદભાઈ'એ. 'પ્રેમચંદ લક્ષ્મીચંદ' એમાં નાખ્યું. 'દયા તે સુખની ખાણ. અનંત જીવ મુક્તિએ ગયા દયા તણા પ્રમાણ.' કઈ દયા પણ? સમજાણું કાંઈ? એ તો આત્માની દયા જેણે ખાધી છે. આહાહા..! અરે..! ભગવાન! હું રાગ નહિ, હું પુણ્ય નહિ, હું પુણ્યનો સ્વામી નહિ. હું તો મારા શુદ્ધ આનંદકંદ સ્વભાવનો સ્વામી છું. એવી જેને દૃષ્ટિ થઈ છે એણે જીવની પોતાની દયા કરી છે. આહાહા..! સમજાણું કાંઈ? જુઓ! ગાય પાછળ. વ્યાખ્યાન પૂરું થાય ને પછી થોડું ગાય. બસ, થઈ ગયો જાણે ધર્મ થઈ ગયો, લ્યો! કહેનારને ધર્મ થયો અને સાંભળનારને થઈ ગયો. ધૂળેય નથી, સાંભળને! ધર્મ તો અપૂર્વ ચીજ છે. અનંતકાળમાં એક સેકન્ડમાત્ર પણ જેણે ધર્મ કર્યો નથી અને એણે દયા, દાન, વ્રત, ભક્તિ, તપના પરિણામ તો અનંતવાર કર્યા છે. એ કાંઈ ધર્મ નથી.

આત્મા અંદર ચિદાનંદ પ્રભુ, એનું જેને કહે છે કે ભાન છે. એ થોડુંક પાપભાવ આવે તો '**तीव्र पापफलका दाता नहीं होता.**' એનો અનુભાગ તીવ્ર ફળનો દાતા નથી. '**ईसलिये सम्यग्दृष्टि शुभकर्मही को बांधनेवाला है...**' લ્યો! જોયું! '**ईसप्रकार शुभ-अशुभ कर्मके बंधका संक्षेपसे विधान...**' '**संक्षेपसे विधान...**' એટલે એની વિધિ. '**सर्वज्ञदेवने कहा है,...**' પરમાત્મા સર્વજ્ઞ કેવળી પરમાત્માએ આ વાત કરી છે. આહાહા..! પાઠ છે ને? '**संखेवेणेव वज्जरियं**' '**वज्जरियं**' એટલે કહ્યું. ભગવાન કેવળી પરમાત્મા તીર્થંકરદેવે સમવસરણમાં સંક્ષેપમાં આ વાત કરી હતી. કહો, સમજાણું આમાં?

---

**आगे कहते हैं कि हे मुने! तू ऐसी भावना कर :–**

**णाणावरणादीहिं य अट्ठहिं कम्मेहिं वेढिओ य अहं।**
**डहिऊण इण्हिं पयडमि अणंतणाणाइगुणचित्तां।।११९।।**

**ज्ञानावरणादिभिः च अष्टभिः कर्मभिः वेष्टितश्च अहं।**
**दग्ध्वा इदानीं प्रकटयामि अनन्तज्ञानादिगुणचेतनां।।११९।।**

**વેષ્ટિત છું હું જ્ઞાનાવરણકર્માદિ કર્માષ્ટક વડે,**
**બાળી હું પ્રગટાવું અમિતજ્ઞાનાદિગુણવેદન હવે. ૧૧૯.**

**अर्थ :– हे मुनिवर! तू ऐसी भावना कर कि मैं ज्ञानावरणादि आठ कर्मोंसे वेष्ठित हूँ, इसलिये इनको भस्म करके अनन्तज्ञानादि गुण जिनस्वरूप चेतनाको प्रगट करूँ।**

**भावार्थ :– अपनेको कर्मोंसे वेष्ठित माने और उनसे अनन्तज्ञानादि गुण आच्छादित माने तब उन कर्मोंके नाश करनेका विचार करे, इसलिये कर्मोंके बंधकी और उनके अभावकी भावना करनेका उपदेश है। कर्मोंका अभाव शुद्धस्वरूपके ध्यानसे होता है, उसीके करनेका उपदेश है।**

**कर्म आठ हैं – १–ज्ञानावरण, २–दर्शनावरण, ३–मोहनीय, ४–अंतराय ये चार घातिया कर्म हैं, इनकी प्रकृतिसैंतालीस हैं, केवलज्ञानावरणसे अनन्तज्ञान आच्छादित हैं, केवलदर्शनावरणसे अनन्तदर्शन आच्छादित है, मोहनीयसे अनन्तसुख प्रगट नहीं होता है और अंतरायसे अनन्तवीर्य प्रगट नहीं होता है, इसलिये इनका नाश करो। चार अघाति कर्म हैं इनसे अव्याबाध, अगुरुलघु, सूक्ष्मता और अवगाहना ये गुण (–की निर्मल पर्याय) प्रगट नहीं होते हैं, इन अघातिकर्मोंकी प्रकृति एकसौ एक हैं। घातिकर्मोंका नाश होने पर अघातिकर्मोंका स्वयमेव अभाव हो जाता है, इसप्रकार जानना चाहिये।।११९।।**

## ગાથા-૧૧૯ ઉપર પ્રવચન

હવે ૧૧૯. '**आगे कहते हैं कि हे मुने! तू ऐसी भावना कर :-**' લ્યો!

**णाणावरणादीहिं य अट्ठहिं कम्मेहिं वेढिओ य अहं।**
**डहिऊण इण्हिं पयडमि अणंतणाणाइगुणचित्तां।।११९।।**

જુઓ! ભાષા જુઓ! એકકોર એમ કહે કે કર્મ અને કર્મના નિમિત્તથી થયેલા વિકારરહિત આત્મા છે. એને સહિત માને તે મિથ્યાત્વ અને ભવનું બીજ છે. 'વજુભાઈ'! ભગવાનઆત્મા એ તો કર્મથી રહિત છે અને કર્મના નિમિત્તે થયેલા દયા, દાન, વ્રત, ભક્તિના શુભાશુભ પરિણામથી પણ રહિત છે આત્મા. એને સહિત માને એ જ મિથ્યાત્વ અને ભવનું બીજ છે. ત્યારે અહીં કહે છે કે આઠ કર્મસહિત હું છું એમ જાણ. કઈ અપેક્ષાએ કથન છે? નિમિત્તનિમિત્ત સંબંધમાં આવો એટલો ભાવ છે એવું એ જ્ઞાન કરે છે. સમજાય છે કાંઈ? જો નિમિત્ત નિમિત્ત સંબંધ છૂટી ગયો હોય તો તો એકલો સિદ્ધ ભગવાન થઈ જાય. શું કીધું સમજાણું કાંઈ? વીતરાગની વાણીના વચનો!

અહીં તો આત્મા છે તો એવો જ. પણ જ્યાં સુધી પૂર્ણ નિમિત્તનૈમિત્તિક કર્મ, નિમિત્ત અને નૈમિત્તિક વિકાર, એવો સંબંધ પૂરો છૂટ્યો નથી ત્યાં સુધી તે કેવળી નથી, વીતરાગ નથી એથી આ છે એવું એણે જ્ઞાનમાં, લક્ષમાં કરવું. બસ, આટલી વાત. પણ છે કરીને થવું શું એમાં? '**डहिऊण इण्हिं पयडमि**' એ પ્રકૃતિનો નાશ કર એ માટે જાણવું છે, રાખવા માટે નહિ, સંબંધ કરવા માટે નહિ. સંબંધ તોડવા માટે જાણવું છે એમ કહે છે. 'જયચંદભાઈ'! આહાહા..! .. બિચારા સાધરણ માણસને... '**अणंतणाणाइगुणचित्तां**' લ્યો!

**અર્થ :-** '**હે મુનિવર!**' મુખ્ય મુનિને ઉદ્દેશીને વાત છે ને? '**તૂ ઐસી ભાવના કર કિ મૈં જ્ઞાનાવરણાદિ આઠ કર્મોંસે વેષ્ટિત હૂં,...**' આઠ કર્મ મારા નિમિત્તનૈમિત્તિક સંબંધમાં છે. મારી પર્યાયમાં હજી નબળાઈ છે અને એટલું નિમિત્તપણું આઠેય કર્મનું છે ત્યાં. એટલો સંબંધ છે એ વ્યવહાર છે એને જાણવો જોઈએ. નથી એમ નહિ. એટલી વાત. જો બિલકુલ નિમિત્તનૈમિત્તિક સંબંધ ન હોય તો તો કેવળી હોય. સમજાણું કાંઈ? અરે..! ભાઈ! સમજણ કરવી અને એના બધા પડખાને ઉજળા કરવા, ભારે કામ.

મુમુક્ષુ :- ભગવાનની વાણીનો પ્રભાવ એવો છે.

ઉત્તર :- એવો જ પ્રભાવ છે આત્માનો. આહાહા..!

કહે છે, '**જ્ઞાનાવરણાદિ...**' જ્ઞાનાવરણી, દર્શનાવરણી વગેરે આઠ કર્મ. વેદનીય, મોહનીય, આયુષ્ય, નામ, ગોત્ર, અંતરાય. એ '**આઠ કર્મોંસે વેષ્ટિત હૂં,...**' વેષ્ટિત એટલે નિમિત્તપણે પડ્યા છે. એમ. નિમિત્તપણે પડ્યા છે. કેમકે જો નિમિત્ત ન હોય તો નૈમિત્તિક

સંસારની અવસ્થા મારામાં હોય નહિ. એટલી વાત. સમજાણું? 'अहं' શબ્દ વાપર્યો છે ને? હું. '**मैं ज्ञानावरणादि आठ कर्मोंसे वेष्ठित हूं,...**' ઠીક! વીટાળેલો છું. એટલે? ભાન તો છે, હું જ્ઞાયક ચિદાનંદ છું. પણ વીતરાગ સ્વરૂપ છું એવું ભાન છે, ત્રણ કષાયનો અભાવ થયો છે પણ હજી આઠ કર્મનું નિમિત્તપણું અને નિમિત્તના સંબંધની પોતાની નબળાઈ, એવો ભાવ છે. બસ, એટલી વાત. એ મારી પર્યાયની નબળાઈનો અંશ છે આ. એને જાણવું શું કરવા?

'**ઈનકો ભસ્મ કરકે...**' કર્મને ભસ્મ કરી, ઠીક! જડનો સ્વામી છે આત્મા? જડ નાશ કરી શકે? વ્યવહારના કથન એવા આવે શાસ્ત્રમાં. એને સમજવા જોઈએ. નહિતર કર્મ તો જડ છે. જડને અડે આત્મા? જડને ફેરવી શકે? જડને ફેરવી શકે? જડનો નાશ કરી શકે? એ તો જડ પરમાણુ છે, માટી છે, આઠ કર્મ. પણ મારા સ્વભાવની ઉગ્રતાના પુરુષાર્થ દ્વારા જ્યારે પૂર્ણ પ્રાપ્ત થાઉં એટલે કર્મની અવસ્થા પણ બદલીને બીજી અકર્મ અવસ્થા થાય એને બાળી નાખ્યા એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? પરમાણુનો નાશ થતો હશે? પરમાણુની પર્યાય નાશ થઈને બીજી પર્યાય ન થાય? એ તો કર્મની અવસ્થા નિમિત્તરૂપે છે એને હું મારા શુદ્ધ સ્વભાવના પૂર્ણ આદર આગળ હું સર્વજ્ઞ પરમાત્મા પોતે છું એટલે એ પરમાણુની પર્યાય અકર્મરૂપ થવાને લાયક જ ત્યાં હોય એને આણે બાળી અને ટાળી એમ કહેવામાં આવે છે. આહાહા..! નિમિત્તનિમિત્ત સંબંધનું જ્ઞાન કરાવ્યું. સમજાણું કાંઈ? આવું બધું સમજવા માટે માથાકૂટ કરતા કાંઈક એકદમ સહેલું કાંઈ હશે કે નહિ કરવાનું? એની ઘરની ચીજ હોય એ સહેલી હોય. બીજે તો સહેલી હોય, રાખ. એ ભગવાનનું નામ સ્મરણ કરી લઉં, ચોવીસ કલાક ભગવાન... ભગવાન... ભગવાન... ભગવાન (કરો). આત્મામાં આત્માનું નામ નથી. આમાં લખેલું છે આત્માનું નામ? આ આત્માનું નામ લખ્યું છે? આ જ્ઞાન છે એવું ગુણમાં નામ છે?

વસ્તુ પોતે અખંડાનંદ પ્રભુ પૂર્ણ સ્વભાવ એવો જે ભગવાનઆત્મા એનો સ્પર્શ, એનું અડવું, એનો અનુભવ, એના કર્મના નાશના કારણે કર્મ નાશ થાય છે. એને આત્મા નાશ કરે (એમ કહેવાય છે). પાઠ તો એમ છે ને? '**डहिऊण इण्हिं पयडमि**' એને બાળીને એમ છે ને? '**ઈનકો ભસ્મ કરકે...**' જુઓ! ભાષા એવી છે, એય..! '..ભાઈ'! કરો ચર્ચા કહે છે અમારી સાથે. '**ઈનકો ભસ્મ...**' પાઠમાં છે ને? '**डहिऊण इण्हिं**' એનો અર્થ .. ભાઈ! નબળાઈની મારી પર્યાય છે એટલો .. ઉગ્ર પુરુષાર્થ કરી, મુનિ છે, સ્વરૂપમાં ઉગ્રપણે ઠરી કેવળજ્ઞાન, કેવળદર્શન ઉત્પન્ન થતાં એ કર્મની પર્યાય કર્મરૂપે રહેશે નહિ. એને બાળી નાખી, એને બાળી એમ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- જીવે બાળી.

ઉત્તર :- જીવે બાળી. ભારે વાત, ભાઈ! કઈ નયના કથન છે એ સમજે નહિ (અને કહે કે), આ લખ્યું આમાં. લોકો કહે છે કે ણમો અરિહંતાણં નહિ. વળી એમ કહે. અરિ કે અરિ

તો દુશ્મન છે? ભગવાનને કોઈ દુશમન હોય? નામ નિક્ષેપે દુશ્મન ... લખ્યું છે ને? વાંચ્યું નહિ? આ તો એક જરી.. એ તો અરહંત ત્રણલોકના ઉત્તમ પુરુષો દ્વારા પૂજનિક છે. ઉત્તમ પુરુષો દ્વારા પૂજનિક છે તો એના ... ત્રણલોકના ... આહાહા..! સમજાણું કાંઈ?

**'અનંતજ્ઞાનાદિ ગુણ જિનસ્વરૂપ ચેતનાકો પ્રગટ કરું.'** લ્યો! **'અનંતજ્ઞાનાદિ ગુણ જિનસ્વરૂપ...'** ભાન તો છે. પણ વસ્તુનો પરિપૂર્ણ આશ્રય લઈ અને અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતઆનંદ, અનંતબળ, અનંતશાંતિ એવી રીતે પ્રગટ કરું. એવું **'ચેતનાકો પ્રગટ કરું.'** એ ચેતના. ચેતના જે શક્તિરૂપે જે છે હજી એટલે કે એને પર્યાયરૂપે પરિણમીને પૂર્ણ કરી દઉં. આહાહા..!

**ભાવાર્થ :- 'અપનેકો કર્મોંસે વેષ્ઠિત માને ઔર ઉનસે અનંતજ્ઞાનાદિ ગુણ આચ્છાદિત માને તબ ઉન કર્મોંકે નાશ કરનેકા વિચાર કરે,...'** લ્યો! દોષને જોવે તો દોષને ટાળી શકે, એમ કહે છે. ભાઈ! વ્યવહારના કથન એવા હોય. સમજ્યાને? ... આહાહા..! અહીં તો ભાષા તો એવી છે, જુઓ! વાંચે તે સમજ્યા હોય ને. આહાહા..! **'કર્મોંસે વેષ્ઠિત માને ઔર ઉનસે અનંતજ્ઞાનાદિ ગુણ આચ્છાદિત માને...'** એનાથી આચ્છાદિત માને. દેખો! જડથી આત્માની પર્યાય ઢંકાતી હશે? જડનો અને આત્માની પર્યાય વચ્ચે તો અત્યંત અભાવ છે. અત્યંત અભાવવાળી ચીજ બીજાને નુકસાન કરતી હશે? આ એને નુકસાન કરે, આ એને બાળે. જુઓ! આસપાસ ત્યાં દેખો!

મુમુક્ષુ :- એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કરી શકે છે.

ઉત્તર :- કરી શકે છે આમાં આવ્યું. એમ નથી, સાંભળને, ભાઈ! એ બધા વ્યવહારના શાસ્ત્રની રચનાના વ્યવહારનયના કથનો એવા રચાય શાસ્ત્રમાં. શી રીતે કરવું?

**'અનંતજ્ઞાનાદિ ગુણ આચ્છાદિત...'** પોતાનો આત્મસ્વભાવ ઉગ્ર થાય એટલે અશુદ્ધતા નાશ થાય, એટલે નિમિત્તપણે પણ પર્યાય એવી ન થાય. એવી લાંબી-લાંબી વાત કરે? અને એ નિમિત્તને નાશ કરે અને કર્મને નાશ કરે. કોને કરે? એ તો નિમિત્ત સંબંધ તૂટી જાય છે એને નાશ કરે છે એમ કહેવામાં આવે. આહાહા..! શાસ્ત્ર શાસ્ત્રભાષાથી વાત કરે. વ્યવહારનયની, હોં! એને ન સમજે તો ઘૂંચવાઈ જાય એમાં. આહાહા..! **'તબ ઉન કર્મોંકે નાશ કરનેકા વિચાર કરે, ઈસલિયે કર્મોંકે બંધકી ઔર ઉનકે અભાવકી ભાવના કરનેકા ઉપદેશ હૈ.'** લ્યો! કર્મના બંધની ભાવના. ભાવના નામ અર્થાત્ જાણવું. **'ઔર ઉનકે અભાવકી ભાવના કરનેકા ઉપદેશ હૈ.'** અભાવ. ભગવાનમાં કર્મનો અભાવ છે. અભાવઅભાવ શક્તિ એક આત્મામાં છે. લ્યો! એક અભાવશક્તિ છે. કર્મનો તેમાં ત્રણે કાળે અભાવ છે. અભાવભાવ અને તે અભાવ છે તે રીતે જ અભાવ પરિણમન ચાલુ છે. કર્મનો ભાવ બિલકુલ આત્મામાં નથી, લ્યો! આહાહા..! અભાવઅભાવ શક્તિ આવે છે ને? ૪૭ શક્તિમાં.

ભગવાનઆત્મા એમાં એક શક્તિ એવી છે કે પર્યાયમાં કર્મનો અભાવ છે. એવો એનો ગુણ છે. અને એવો ને એવો અભાવપણે ભવિષ્યમાં પણ રહ્યા કરે. સમજાણું કાંઈ? એવી અભાવઅભાવ નામની શક્તિ છે. એ શક્તિનો ધરનાર ભગવાનઆત્મા છે. એ શક્તિવાનને જ્યાં દૃષ્ટિમાં લીધો એટલે એની પર્યાયમાં કર્મના અભાવરૂપે જ પરિણમન હોય. અને એ રીતે જ ચાલુ રહ્યા કરે. કર્મના અભાવરૂપનું પરિણમન કાયમ ચાલુ રહ્યા કરે. એને અભાવઅભાવ નામની શક્તિ (કહે છે). આવશે હજી આપણે. જ્યારે આવશે ત્યારે વધારે આવશે.

'**કર્મોંકા અભાવ શુદ્ધસ્વરૂપકે ધ્યાનસે હોતા હૈ,...**' લ્યો! કર્મનો નાશ કરવો એમ નથી, કહે છે. એ તો શુદ્ધ સ્વરૂપના ધ્યાનથી કર્મનો અભાવ થઈ જાય. '**ઉસીકે કરનેકા ઉપદેશ હૈ.**' લ્યો! વિશેષ કહેશે. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પ્રવચન નં. ૧૪૨, ગાથા-૧૧૯-૧૨૦, મંગળવાર, કારતક વદ ૪, તા.૧૭-૧૧-૭૦

... મુનિ થાય ... આત્મા દ્રવ્યસ્વભાવે અભેદ છે, નિર્લેપ છે, અબંધ છે. એવી દૃષ્ટિ હોવા છતાં પર્યાયમાં જેટલી નબળાઈ છે, વિપરીતતા છે એનું નિમિત્ત કર્મ છે એવું એણે જ્ઞાન કરવું જોઈએ, જાણવું જોઈએ. એ જાણે તો એમ માને. માનવાનો અર્થ અહીં જાણવાની વાત છે. સમજાણું કાંઈ? ચૈતન્યનું ભાન સર્વજ્ઞ સ્વભાવી આત્મા (છે), એવી સમ્યગ્દૃષ્ટિ થયા છતાં અને મુનિ થયો સ્વરૂપમાં ચારિત્ર છે-રમણતા, પણ હજી એને પૂર્ણતા નથી એથી એની અપૂર્ણતામાં, અશુદ્ધિમાં નિમિત્ત કર્મ છે એમ એણે જાણવું જોઈએ. વ્યવહાર જ્ઞાન કરવાની વાત છે. સમજાણું કાંઈ? એ પોતે એક આત્મા કર્મ અને રાગથી રહિત છે. એ તો ત્રિકાળી વસ્તુની વાત થઈ. સમજાણું કાંઈ? આત્મદ્રવ્ય જે વસ્તુ છે, ચૈતન્ય અનાકુળ આનંદનો ભાવ ભગવાનઆત્મા એ ચીજની અપેક્ષાએ તો એમાં રાગ ને પુણ્ય ને કર્મનો સંબંધ નથી. પણ પર્યાયની દૃષ્ટિ જોતાં પર્યાયમાં-અવસ્થામાં '**અનંત જ્ઞાનાદિગુણ આચ્છાદિત માને...**' હજી બેહદ કેવળજ્ઞાન થયું નથી. તેથી પર્યાયમાં જ્ઞાનાવરણીનું નિમિત્ત છે. એનાથી પર્યાય ઢંકાયેલી છે એમ વ્યવહારથી માને. ખરેખર તો પોતાનો પુરુષાર્થ નબળો છે. એથી પૂર્ણ કેવળજ્ઞાન પ્રગટ થતું નથી. પણ પુરુષાર્થની નબળાઈમાં, હિણી દશામાં કર્મનું નિમિત્ત છે. 'મગનભાઈ'! ભારે વાતું. એવું જાણી.. '**અનંતજ્ઞાનાદિ ગુણ આચ્છાદિત માને...**' પૂર્ણ કેવળજ્ઞાન, કેવળદર્શન, પૂર્ણ આનંદ અને પૂર્ણ વીર્ય એવી દશા પ્રગટવી જોઈએ. એ દશામાં અપૂર્ણતા છે એથી પૂર્ણ દશા નિમિત્ત નૈમિત્તિક સંબંધમાં એણે ઢાંકી છે એમ વ્યવહારથી કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

'**તબ ઉન કર્મોંકે નાશ કરનેકા વિચાર કરે,...**' લ્યો! એટલે કે તે જાણે તો વિચારે એ

કાંઈ નવું નથી એને. પણ જાણવામાં એવી અલ્પતા છે તો સ્વભાવનો આશ્રય કરીને અલ્પજ્ઞ ટળીને સર્વજ્ઞ થવું. ઝીણી વાતું ભારે, ભાઈ! સમજાણું કાંઈ? વીતરાગનો માર્ગ પર્યાયે પર્યાયે જેટલી અશુદ્ધતા છે એ પણ એને ખ્યાલમાં રાખી અને સ્વભાવનો આશ્રય લઈને ટાળવી એમ કહેવા માગે છે. સમજાણું કાંઈ? ભાવ છે ને. પૂર્ણ કેવળજ્ઞાન અને કેવળદર્શન નથી, તો એનો અર્થ થયો કે અપૂર્ણ જ્ઞાન છે એમાં પૂર્ણ અવરાયેલું છે એ નિમિત્તના કથન છે. વાંધા ઉઠાવવા હોય તો શબ્દે શબ્દે વાંધા ઉઠાવે.

‘**નાશ કરનેકા વિચાર કરે, ઈસલિયે કર્મોંકે બંધકી...**’ કર્મનો સંબંધ નિમિત્ત નિમિત્ત એનું જ્ઞાન કરી ‘**ઔર ઉનકે અભાવકી ભાવના કરનેકા...**’ ... સ્વભાવ તરફ આશ્રય કરીને એને ટાળવું. જુઓ! ‘**ઔર ઉનકે અભાવકી ભાવના કરનેકા ઉપદેશ હૈ. કર્મોંકા અભાવ શુદ્ધસ્વરૂપકે ધ્યાનસે હોતા હૈ,...**’ લ્યો! ૩૦૯ પાનું છે કાંઈક આમાં. ‘**કર્મોંકા અભાવ શુદ્ધસ્વરૂપકે ધ્યાનસે હોતા હૈ,...**’ આ મુદ્દો. ભગવાનઆત્મા ચૈતન્ય શુદ્ધ છે, ધ્રુવ છે, નિર્મળ છે, પરમ આનંદ છે. એનું અંતર ધ્યાન કરવાથી કર્મ ટળે. કહો, સમજાણું કાંઈ? આટલા અપવાસ કરવાથી કર્મ ટળે છે એમ નથી. એ તો બાહ્યની ક્રિયા છે.

અંતર શુદ્ધ સ્વરૂપ ચૈતન્ય ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરે જેવો આત્મા કહ્યો એવો આત્મા અનુભવમાં લઈ અને તેની એકાગ્રતા કરવી એ કર્મના અભાવ કરવાનો ઉપાય છે. કહો, સમજાણું કાંઈ? કેટલાક કહે છે ને? ભાઈ! આ કર્મ તો આપણને ચોંટ્યા છે. જેમ તપેલાને, વાસણને કાટ હોય કાટ, તો કાથી ને રેતી, ભોગાવાની રેતી અને કાથી લગાવે તો કાટ ટળે. આ વાસણને કાટ હોય છે ને? તો કાટ કાંઈ એમ ને એમ ટળે? એને કહે છે કે વેળુ, ભોગાવાની આ લીંબડી અને વઢવાણની, એ લઈ જાય છે. છેલ્લા ઘસવા માટે.. અહીં પહેલા રહેતા. ... બાંધકામના પત્થરમાં. અને કાથી હોય, કાથી. ઘસે તો નીકળે. એમ કર્મ બંધાયેલા હોય તો અપવાસ કરે તો ટળે. એમ અજ્ઞાની માને. ‘...લાલજી’! કહે છે કે નહિ? એમ નહિ. એમ નહિ એમ કહે છે. કર્મ ચોંટ્યા છે .. તો એને અપવાસ કરો બે-ચાર-પાંચ-દસ-પચ્ચીસ-પચાસ અપવાસ (કરો) તો એનાથી કર્મ ઘટે. ભગવાન કહે છે, એમ નથી.

આત્માનું સ્વરૂપ શુદ્ધ સ્વરૂપ છે પવિત્ર, એના સમીપમાં એકાગ્ર થાવું એ કર્મ ટાળવાનો ઉપાય છે. આહાહા..! સમજાણું કાંઈ? છે પુસ્તક આપ્યું છે? .. ‘**કર્મોંકા અભાવ શુદ્ધસ્વરૂપકે ધ્યાનસે હોતા હૈ,...**’ છે? ઉપર ચોથી લીટી છે. એક જ સિદ્ધાંત. કર્મનો સંબંધ છે તેનો અસંબંધ કરવા માટે શુદ્ધ સ્વરૂપ ભગવાનઆત્માની દૃષ્ટિ કરી અને એમાં લીનતા થવી એ એક જ ઉપાય કર્મના અભાવનો છે. તો પછી આ અપવાસ ને મહાવ્રત પાળે તો કેટલું થાય? .. થાય? એ તો રાગ છે, વિકલ્પ છે, ભાવકર્મ છે, ભાવબંધ છે. એને ટાળવું છે, એને રાખવું નથી. એને ટાળવાનો ઉપાય જેમાં રાગ નથી એવો શુદ્ધ સ્વભાવ આત્માનો, એનું ધ્યાન, એનો વિષય ચૈતન્યને શુદ્ધનો બનાવી અને અંતર ધ્યાન કરવું, અંતર્મુખ થવું એ જ બહિર્મુખ કર્મના નાશનો ઉપાય છે. આહાહા..! સમજાણું કાંઈ? ‘**ઉસીકે કરનેકા ઉપદેશ હૈ.**’

'**ધ્યાનસે હોતા હૈ, ઉસીકે કરનેકા ઉપદેશ હૈ.**' આ ઉપદેશ છે ભગવાનનો. આહાહા..! ભારે આકરું પડે માણસને.

'**કર્મ આઠ હૈ-૧ - જ્ઞાનાવરણ, ૨-દર્શનાવરણ, ૩-મોહનીય, ૪-અંતરાય યે ચાર ઘાતિયા કર્મ હૈં, ઈનકી પ્રકૃતિ સૈંતાલીસ હૈં,...**' ૪૭. ૪ અને ૭. '**કેવલજ્ઞાનાવરણસે અનંતજ્ઞાન આચ્છાદિત હૈ,...**' લ્યો! કેવળજ્ઞાન જ્ઞાનાવરણથી અનંતજ્ઞાન નિમિત્તના સંબંધમાં ઢંકાયેલું દેખાય છે કહે છે. કેવળજ્ઞાન અલ્પજ્ઞપ્રાણીને નથી. તો એ કેવળજ્ઞાનમાં કેવળજ્ઞાનાવરણી નિમિત્ત છે. એ પરદ્રવ્ય તેને આચ્છાદે છે એમ નથી. પણ પરદ્રવ્યનો એટલો આસક્ત ભાવ છે એ એને કેવળજ્ઞાન થવા દેતું નથી. સમજાણું કાંઈ? ભારે કામ. શાસ્ત્રના અર્થ સમજવામાં પણ મોટી મુશ્કેલી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કહ્યું ને, કેવળજ્ઞાન નથી એટલો પોતાનો દોષ-નબળાઈ છે ને? પર તરફની એટલી પરિણતિ મેલી છે. એ પરિણતિને ટાળવા શુદ્ધ સ્વરૂપનું ધ્યાન કરતાં એ ટળે અને કેવળજ્ઞાન થાય. સમજાણું કાંઈ? અંતર સ્વરૂપ ભગવાનઆત્માના માર્ગની વાત છે. જેને એની ખબર જ નથી એને તો માર્ગ કેવો અને કયાં જાવું એની ખબર પડતી નથી. કેવળજ્ઞાન પર્યાય છે. એની શક્તિમાં છે પણ પ્રગટ થવામાં પોતાના પુરુષાર્થની કમી છે એમાં નિમિત્તપણું કેવળજ્ઞાનાવરણી પ્રકૃતિનું છે. એથી એનાથી અવરાણું એમ કહેવામાં આવે છે.

'**કેવલદર્શનાવરણસે અનંતદર્શન આચ્છાદિત હૈ,...**' લ્યો! આવું નીકળે એટલે ઓલા લોકો કહે કે જુઓ! કર્મને લઈને ઢંકાઈ ગયું છે. તમે કહો છો કે, કર્મને લઈને નહિ, પોતાની ભૂલને લઈને (ઢંકાયેલું છે). પણ એ ભૂલ અને કર્મ નિમિત્ત બે એક ગણીને એનાથી ઢંકાણું છે એમ કહેવામાં આવ્યું છે. શું કરે ભાઈ? આહાહા..! સમજાણું કાંઈ? '**મોહનીયસે અનંતસુખ પ્રગટ નહીં હોતા હૈ...**' દેખો! એ કીધું. સમકિત અને ચારિત્ર એમ ન લીધું. સમ્યગ્દર્શન અને ચારિત્ર છે એ સુખસ્વરૂપ છે. એ સુખને પ્રગટ ન થવા દે એવું મોહનીય કર્મનું નિમિત્ત છે. પોતાનો ઊલટો પુરુષાર્થ છે અશુદ્ધ ઉપાદાન અને નિમિત્ત છે કર્મ. જુઓ! આમાં મોહનીયથી સમકિત અને ચારિત્ર ઢંકાણું એમ નથી કહ્યું. એનો અર્થ એ કે સુખમાં સમ્યગ્દર્શન અને ચારિત્ર બેય ઢંકાઈ ગયેલા છે. સમ્યગ્દર્શન થતાં સુખની પર્યાય પ્રગટ થાય છે. ચારિત્ર થતાં વધારે પ્રગટ થાય અને પૂર્ણ થતાં અનંતુ થાય. સમજાણું કાંઈ? સુખ ક્યાંય બહારમાં નથી અને સુખ કંઈ બહારથી આવતું નથી.

'**મોહનીયસે અનંત સુખ પ્રગટ નહીં હોતા હૈ...**' ભાષા તો આમ છે. નિમિત્ત છે, નિમિત્ત. નિમિત્ત બતાવે છે કે નૈમિત્તિકમાં કાંઈ કચાશ અને અપૂર્ણતા છે. ત્યારે તે નિમિત્ત કહેવામાં આવે છે. '**ઔર અંતરાયસે અનન્તવીર્ય પ્રગટ નહીં હોતા હૈ,...**' લ્યો! અનંતબળ આત્માનું છે પણ પર્યાયમાં, હીણીદશામાં, વીર્યની હીણીદશામાં અંતરાયનું નિમિત્ત છે. તેથી બળ અનંત પ્રગટ થતું નથી. '**ઈસલિયે ઈનકા નાશ કરો.**' લ્યો! ચાર ઘાતિનો નાશ કરવો.

એમ.

વળી '**ચાર અઘાતિકર્મ હૈં ઇનસે અવ્યાબાધ,...**' અવ્યાબાધ આત્મામાં ગુણ વેદનીયથી રોકાઈ ગયેલો છે. '**અગુરુલઘુ, સૂક્ષ્મતા ઔર અવગાહના...**' એ નામથી લીધું ત્યાં. 'યે ગુણ (-કી નિર્મલ પર્યાય) પ્રગટ નહીં હોતે હૈં,...' અઘાતિના ચાર. '**ઇન અઘાતિકર્મોંકી પ્રકૃતિ એકસૌ એક હૈં.**' ૪૭ ઘાતિની, ૧૦૧ અઘાતિની. (કુલ) ૧૪૮ પ્રકૃતિ આઠ કર્મની છે. '**ઘાતિકર્મોંકા નાશ હોને પર અઘાતિકર્મોંકા સ્વયમેવ અભાવ હો જાતા હૈ,...**' એમ શબ્દ સમજાવવું છે, તો શું સમજાવે? પોતાના પુરુષાર્થથી કેવળજ્ઞાન અને કેવળદર્શનાદિ અનંત સુખ પ્રગટ થયું, એથી હવે કહે છે કે ઘાતિકર્મનો નાશ થયો અને હવે અઘાતિ કર્મના નાશ માટે પ્રયત્ન કાંઈ હોતો નથી. '**સ્વયમેવ અભાવ હો જાતા હૈ,...**' એમ. એ તો ચાર ઘાતિ ટળ્યા એને તો અઘાતિ ટળ્યા વિના રહે નહિ. કેવળી ભગવાનને ચાર કર્મ બાકી છે. અરિહંત ભગવાન, 'સીમંધર' ભગવાન બિરાજે છે. એમને ચાર કર્મ બાકી અને ચાર કર્મ છેદાણા છે. સિદ્ધ થતાં આઠેય કર્મનો નાશ થાય છે એમ એણે નક્કી કરવું જોઈએ. સમજાણું કાંઈ? એ અઘાતિ કર્મનો સ્વયમેવ અભાવ થાય છે. એમ.

---

**आगे इन कर्मोंका नाश होनेके लिये अनेक प्रकारका उपदेश है, उसको संक्षेप से कहते हैं :–**

**सीलसहस्सट्ठारस चउरासीगुणगणाण लक्खाइं।**
**भावहि अणुदिणु णिहिलं असप्पलावेण किं बहुणा।।१२०।।**

**शीलसहस्राष्टादश चतुरशीतिगुणगणानां लक्षाणि।**
**भावय अनुदिनं निखिलं असत्प्रलापेन किं बहुना।।१२०।।**

**ચોરાશી લાખ ગુણો, અઢાર હજાર ભેદો શીલના,**
**-સઘળુંય પ્રતિદિન ભાવ; બહુ પ્રલપન નિરર્થથી શું ભલા? ૧૨૦.**

**अर्थ :– शील अठारह हजार भेदरूप है और उत्तरगुण चौरासी लाख हैं। आचार्य कहते हैं कि हे मुने! बहुत झूठे प्रलापरूप निरर्थक वचनोंसे क्या? इन शीलोंको और उत्तरगुणोंको सबको तू निरन्तर भा, इनकी भावना–चिन्तन–अभ्यास निरन्तर रख, जैसे इनकी प्राप्ति हो वैसे ही कर।**

**भावार्थ :– 'आत्मा–जीव' नामक वस्तु अनन्तधर्मस्वरूप है। संक्षेपसे इसकी दो परिणति है, एक स्वाभाविक एक विभावरूप। इनमें स्वाभाविक तो शुद्धदर्शनज्ञानमयी चेतनापरिणाम है और विभावपरिणाम कर्मके निमित्तसे हैं। ये प्रधानरूपसे तो मोहकर्मके निमित्तसे हुए हैं। संक्षेपसे**

मिथ्यात्व रागद्वेष हैं, इनके विस्तारसे अनेक भेद हैं। अन्य कर्मोंके उदयसे विभाव होते हैं उनमें पौरुष प्रधान नहीं है, इसलिये उपदेश–अपेक्षा वे गौण हैं; इसप्रकार ये शील और उत्तरगुण स्वभाव–विभाव परिणतिके भेदसे भेदरूप करके कहे हैं।

शीलकी प्ररूपणा दो प्रकारकी है–एक स्वद्रव्य–परद्रव्यके विभागकी अपेक्षा है और दूसरे स्त्रीके संसर्ग मन, वचन, कायसे और कृत, कारित, अनुमोदनासे न करना। इनको आपसमें गुणा करनेसे नौ भेद होते हैं। आहार, भय, मैथुन और परिग्रह ये चार संज्ञा हैं, इनसे परद्रव्यका संसर्ग होता है उसका न होना, ऐसे नौ भेदोंको चार संज्ञाओंसे गुणा करनेपर छत्तीस होते हैं। पाँच इन्द्रियोंके निमित्तसे विषयोंका संसर्ग होता है, उनकी प्रवृत्तिके अभावरूप पाँच इन्द्रियोंसे छत्तीसको गुणा करने पर एकसौ अस्सी होते हैं। पृथ्वी, अप्, तेज, वायु, प्रत्येक, साधारण ये तो एकेन्द्रिय और दोइन्द्रिय, तीनइन्द्रिय, चौइन्द्रिय, पंचेन्द्रिय ऐसे दश भेदरूप जीवोंका संसर्ग, इनकी हिंसारूप प्रवर्तनेसे परिणाम विभावरूप होते हैं सो न करना, ऐसे एकसौ अस्सी भेदोंको दससे गुणा करने पर अठारहसौ होते हैं। क्रोधादिक कषाय और असंयम परिणामसे परद्रव्यसंबंधी विभावपरिणाम होते हैं उनके अभावरूप दसलक्षण धर्म है, उनसे गुणा करनेसे अठारह हजार होते हैं। ऐसे परद्रव्यके संसर्गरूप कुशीलके अभावरूप शीलके अठारह हजार भेद हैं। इनके पालनेसे परम ब्रह्मचर्य होता है, ब्रह्म (आत्मा) में प्रवर्तने और रमनेको 'ब्रह्मचर्य' कहते हैं।

स्त्रीके संसर्गकी अपेक्षा इसप्रकार है–स्त्री दो प्रकारकी है, अचेतन स्त्री काष्ठ पाषाण लेप (चित्राम) ये तीन, इनका मन और काय दो से संसर्ग होता है, यहाँ वचन नहीं है इसलिये दो से गुणा करने पर छह होते हैं। कृत, कारित, अनुमोदनासे गुणा करने पर अठारह होते हैं। पाँच इन्द्रियोंसे गुणा करने पर नब्बे होते हैं। द्रव्य–भावसे गुणा करने पर एकसौ अस्सी होते हैं। क्रोध, मान, माया, लोभ इन चार कषायोंसे गुणा करने पर सातसौ बीस होते हैं। चेतन स्त्री, देवी, मनुष्यिणी, तिर्यंचणी ऐसे तीन, इन तीनोंको मन, वचन, कायसे गुणा करने पर नौ होते हैं। इनको कृत, कारित, अनुमोदनासे गुणा करने पर सत्ताईस होते हैं। इनको पांच इन्द्रियोंसे गुणा करने पर एकसौ पैंतीस होते हैं। इनको द्रव्य और भाव इन दो से गुणा करने पर दो सौ सत्तर होते हैं। इनको चार संज्ञासे गुणा करनेपर एक हजार अस्सी होते हैं। इनको अनन्तानुबन्धी, अप्रत्याख्यानावरण, प्रत्याख्यानावरण, संज्वलन क्रोध मान माया लोभ इन सोलह कषायोंसे गुणा करने पर सत्रह हजार दो सौ अस्सी होते हैं। ऐसे अचेतनस्त्रीके सातसौ बीस मिलानेपर *अठारह हजार होते हैं। ऐसे स्त्रीके संसर्गसे विकार परिणाम होते हैं सो कुशील है, इनके अबावरूप परिणाम शील है

इसकी भी 'ब्रह्मचर्य' संज्ञा है।

चौरासी लाख उत्तरगुण ऐसे हैं जो आत्माके विभावपरिणामोंके बाह्यकारणोंकी अपेक्षा भेद होते हैं। उनके अभावरूप ये गुणोंके भेद हैं। उन विभावोंके भेदोंकी गणना संक्षेपसे ऐसे है – १–हिंसा, २–अनृत, ३–स्तेय, ४–मैथुन, ५–परिग्रह, ६–क्रोध, ७–मान, ८–माया, ९–लोभ, १०–भय, ११–जुगुप्सा, १२–अरति, १३–शोक, १४–मनोदुष्टत्व, १५–वचनदुष्टत्व, १६–कायदुष्टत्व, १७–मिथ्यात्व, १८–प्रमाद, १९–पैशून्य, २०–अज्ञान, २१–इन्द्रियका अनुग्रह ऐसे इक्कीस दोष हैं। इनको अतिक्रम, व्यतिक्रम, अतिचार, अनाचार इन चारोंसे गुणा करने पर चौरासी होते हैं। पृथ्वी–अप्–तेज–वायु प्रत्येक साधारण येस्थावर एकेन्द्रिय जीव छह और विकल तीन, पंचेन्द्रिय एक ऐसे जीवोंके दस भेद, इनका परस्पर आरंभसे घात होता है इनको परस्पर गुणा करने पर सौ (१००) होते हैं। इनसे चौरासीको गुणा करने पर चौरासी सौ होते हैं, इनके दस 'शील–विराधने'से गुणा करने पर चौरासी हजार होते हैं। इन दसके नाम ये हैं १–स्त्रीसंसर्ग, २–पुष्टरसभोजन, ३–गंधमाल्याका ग्रहण, ४–सुन्दर शयनासनका ग्रहण, ५–भूषणका मंडन, ६–गीतवादित्रका प्रसंग, ७–धनका संप्रयोजन, ८–कुशीलका संसर्ग, ९–राजसेवा, १०–रात्रिसंचरण ये 'शील–विराधना' हैं। इनके आलोचनाके दस दोष हैं–गुरुओंके पास लगे हुए दोषोंकी आलोचना करे सो सरल होकर न करे कुछ शल्य रखे, उसके दस भेद किये हैं, इनसे गुणा करने पर आठ लाख चालीस हजार होते हैं। आलोचनाको आदि देकर प्रायश्चितके दस भेद हैं इनसे गुणा करने पर चौरासी लाख होते हैं। सो सब दोषोंके भेद हैं, इनके अभावसे गुण होते हैं। इनकी भावना रखे, चिन्तन और अभ्यास रखे, इनकी संपूर्ण प्राप्ति होनेका

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| * अचेतन : | काष्ठ, पाषाण | मन | कृतकारित | इन्द्रियाँ | द्रव्य | क्रोध, मान | |
| स्त्री | चित्राम | काय | अनुमोदना | ५ | भाव | माया, लोभ | |
| | ३ x | २ x | ३ x | ५ x | २ x | ४ | = ७२० |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | अनंतानुबंधी | क्रोध | |
| चेतनः | देवी | मन | कृत | – | – | आहार | अप्रत्याख्यानवरण | मान, | |
| स्त्री | मनुष्यिणी | वचन | कारित | इन्द्रियाँ | द्रव्य | परिग्रह | प्रत्याख्यानवरण | माया, | |
| | तिर्यंचिणी | काय | अनुमोदन | ५ | भाव | भय,मैथुन | संज्वलन | लोभ | |
| | ३ x | ३ x | ३ x | ५ x | २ x | ४ x | ४ | ४ | = १७२८० |
| | | | | | | | | | = १८००० |

उपाय रखे; इसप्रकार इनकी भावनाका उपदेश है।

आचार्य कहते हैं कि बारबार बहुत वचनके प्रलापसे तो कुछ साध्य नहीं है, जो कुछ आत्माके भावकी प्रवृत्तिके व्यवहारके भेद हैं उनकी 'गुण' संज्ञा है, उनकी भावना रखना। यहाँ इतना और जानना कि गुणस्थान चौदह कहे हैं, उस परिपाटीसे गुण-दोषोंका विचार है। मिथ्यात्व सासादन मिश्र इन तीनोंमें तो विभावपरिणति ही है, इनमें तो गुणका विचार ही नहीं है। अविरत, देशविरत आदिमें शीलगुणका एकदेश आता है। अविरतमें मिथ्यात्व अनन्तानुबन्धी कषायके अभावरूप गुणका एकदेश सम्यक्त्व और तीव्र रागद्वेषका अभावरूप गुण आता है और देशविरतमें कुछ व्रतका एकदेश आता है। प्रमत्तमें महाव्रतरूप सामायिक चारित्रका एकदेश आता है क्योंकि पापसंबंधी राग-द्वेष तो वहाँ नहीं है, परन्तु धर्मसम्बन्धी राग है और 'सामायिक' राग-द्वेषके अभावका नाम है, इसीलिये सामायिकका एकदेश ही कहा है। यहाँ स्वरूपके सन्मुख होने में क्रियाकांडके सम्बंधसे प्रमाद है, इसलिये 'प्रमत्त' नाम दिया है। अप्रमत्तमें स्वरूप साधनमें तो प्रमाद नहीं है, परन्तु कुछ स्वरूपके साधनेका राग व्यक्त है, इसलिये यहाँ भी सामायिकका एकदेश ही कहा है। अपूर्वकरण-अनिवृत्तिकरणमें राग व्यक्त नहीं है, अव्यक्तकषायका सद्भाव है, इसलिये सामायिक चारित्रकी पूर्णता कही। सूक्ष्मसांपरायमें अव्यक्त कषाय भी सूक्ष्म रह गई, इसलिये इसका नाम 'सूक्ष्मसांपराय' रखा। उपशान्तमोह क्षीणमोहमें कषायका अभाव ही है, इसलिये जैसा आत्माका मोह-विकाररहित शुद्ध स्वरूप था उसका अनुभव हुआ, इसलिये 'यथाख्यातचारित्र' नाम रखा। ऐसे मोहकर्मके अभावकी अपेक्षा तो यहाँ ही उत्तरगुणोंकी पूर्णता कही जाती है, परन्तु आत्माका स्वरूप अनन्तज्ञानादि स्वरूप है सो घातिकर्मके नाश होनेपर अनन्तज्ञानादि प्रगट होते हैं तब 'सयोगकेवली' कहते हैं। इसमें भी कुछ योगोंकी प्रवृत्ति है, इसलिये 'अयोगकेवली' चौदहवाँ गुणस्थान है। इसमें योगोंकी प्रवृत्ति मिट कर आत्मा अवस्थित हो जाती है तब चौरासीलाख उत्तरगुणोंकी पूर्णता कही जाती है। ऐसे गुणस्थानोंकी अपेक्षा उत्तरगुणोंकी प्रवृत्ति विचारने योग्य है। ये बाह्य अपेक्षा भेद हैं, अंतरंग अपेक्षा विचार करें तो संख्यात्, असंख्यात, अनन्त भेद होते हैं, इसप्रकार जानना चाहिये।।।१२०।।

## ગાથા-૧૨૦ ઉપર પ્રવચન

**'આગે ઈન કર્મોંકા નાશ હોનેકે લિયે અનેક પ્રકારકા ઉપદેશ કહતે હૈ,...'** લ્યો! વિસ્તાર કર્યો છે ઘણો. 'ઉસકો સંક્ષેપ સે કહેત હૈં :-'

**सीलसहस्सट्ठारस चउरासीगुणगणाण लक्खाइं।**
**भावहि अणुदिणु णिहिलं असप्पलावेण किं बहुणा।।१२०।।**

કહે છે કે શું કહીએ ભાઈ તને વધારે? ટૂંકામાં આટલું કહીએ છીએ કે અઢારહજાર શીલના ભેદ છે. આત્માનું શુદ્ધસ્વરૂપ એવું બ્રહ્મચર્યના શીલના અઢાર હજાર ભેદ છે. સમજાણું કાંઈ? શીલ નામ બ્રહ્મચર્ય. અશીલનો એટલે અણાચારનો અભાવ. પૂર્ણ શીલ આત્મસ્વભાવ, એવા શીલના અઢારહજાર ભેદ છે. જુઓ! આ શીલના અઢારહજાર ભેદ કહ્યા. **'ઉત્તરગુણ ચૌરાસી લાખ હૈં.'** ઉત્તરગુણના ભેદ ચૌર્યાશી લાખ છે. આહાહા..! **'આચાર્ય કહતે હૈં કિ હે મુને! બહુત જુઠે પ્રલાપરૂપ નિરર્થક વચનોંસે ક્યા?'** બહુ લાંબી વાત કરીને શું કામ છે ભાઈ! તારો આત્મા અનંત આનંદનો, શીલનો ઢગલો છે. એને સાધ. એના આ બધા ભેદ કહેવામાં આવ્યા છે. સમજાણું કાંઈ?

**'બહુત જૂઠે પ્રલાપરૂપ નિરર્થક વચનોંસે ક્યા? ઈન શીલોંકો ઔર ઉત્તરગુણોંકો સબકો તૂ નિરંતર ભા,...'** ભાવના કર. પૂર્ણ આત્માનો સ્વભાવ પ્રગટ પૂર્ણ થવાની ભાવના કર. અને ઉત્તરગુણ પ્રગટ પૂર્ણ થવાની પણ ભાવના કર. એટલે અંતર્મુખ થવાની એકાગ્રતાનો પ્રયત્ન કર. **'ઈનકી ભાવના-ચિંતવન-અભ્યાસ નિરંતર રખ,...'** બીજા ચિંતવન કરતા આ ચિંતવન કરવું એમ કહે છે. **'જૈસે ઈનકી પ્રાપ્તિ હો વૈસે હી કર.'** ભગવાનઆત્મામાં અઢાર હજાર શીલ સ્વભાવ પડ્યો છે. ચૌર્યાશી લાખ ઉત્તરગુણ પડ્યા છે, એની પ્રાપ્તિ થાય તેમ પ્રયત્ન કર. લ્યો! સમજાણું કાંઈ? ત્યારે આ રળવાનો પ્રયત્ન કે દિ' કરવો? દુઃખી થવાનો રસ્તો છે એ તો. અને તે પણ પૂર્વના પૂણ્ય હોય એ પ્રમાણે મળે. મળે એટલે મમતા. એમ. એની પાસે ક્યાં આવે છે? મમતા. મને આટલા થયા. આટલા પૈસા થયા. સમજાણું કાંઈ? કહો, 'શાંતિભાઈ'! કહે છે કે મકાન અને પૈસો આત્માને નથી મળતો. સાચી વાત હશે? એ તો જડ છે. જમીન જડ.

મુમુક્ષુ :- .. કામ આવે છે કે નહિ?

ઉત્તર :- કાંઈ ધૂળેય કામ આવતા નથી. મમતાના દુઃખમાં નિમિત્ત છે. એ તો દુઃખમાં નિમિત્ત છે. નિમિત્ત, હોં! એનાથી દુઃખ નથી. દુઃખમાં નિમિત્ત છે. આહાહા..!

કહે છે અરે..! મુનિ! ધર્માત્મા! તારામાં આવા ગુણો પડ્યા છે બધી શક્તિ, હોં! એની ભાવના કર અને ચૌર્યાસી લાખ ઉત્તરગુણ પ્રગટ કર અને અઢારહજાર શીલસ્વભાવ, પૂર્ણ સ્વભાવ ચૌદમે ગુણસ્થાને પ્રગટ થાય એવી ભાવના કર. આહાહા..!

**ભાવાર્થ :-** '**આત્મા-જીવ નામક વસ્તુ અનંતધર્મસ્વરૂપ હૈ.**' અનંતધર્મ છે એમાં. સ્વભાવની શક્તિઓ અનંત છે. સ્વભાવ એનો અનંત છે. '**સંક્ષેપસે ઈસકી દો પરિણતિ હૈં,...**' ધર્મ તો અનંત છે પણ ટૂંકામાં હવે કહેવું છે આમાં. ત્યારે અનંતધર્મનું સ્વરૂપ શી રીતે કહેવું એક સાથે? કહી શકાય નહિ. એટલે ટૂંકામાં બે પરિણતિ-પર્યાય. એ આત્મામાં અનંત ગુણો અને અનંત ધર્મ છે એની પર્યાય એટલે પરિણતિ એટલે અવસ્થા બે પ્રકારે છે : એક સ્વભાવરૂપ, એક વિભાવરૂપ. એક શુદ્ધસ્વરૂપ ભગવાનઆત્મા પવિત્ર એની પરિણતિ નામ પર્યાય, એક વિકારી વિભાવ પર્યાય.

'**ઈનમેં સ્વાભાવિક તો શુદ્ધદર્શનજ્ઞાનમયી ચેતનાપરિણામ હૈ...**' સ્વભાવિક તો શુદ્ધ દર્શનજ્ઞાનમય, આત્મા જાણવા-દેખવાના પરિણામ પ્રગટ કરે એ શુદ્ધ ચેતનામય પરિણામ સ્વભાવિક છે. '**સ્વભાવિક તો શુદ્ધદર્શનજ્ઞાનમયી ચેતનાપરિણામ...**' જાણવા-દેખવાના ભાવ શુદ્ધ પવિત્ર વસ્તુના સ્વભાવનો આશ્રય કરી અને જે પરિણામ પ્રગટ થાય એ શુદ્ધદર્શનજ્ઞાનમયી ચેતનાપરિણામ છે. એ સ્વભાવિક છે. એ આનંદદાયક છે. સુખરૂપ છે.

'**વિભાવપરિણામ કર્મકે નિમિત્તસે હૈં.**' જેટલો વિકાર થાય વિભાવ એ તો કર્મનું નિમિત્ત છે એમાં. '**યે પ્રધાનરૂપસે તો મોહકર્મકે નિમિત્તસે હુએ હૈં. સંક્ષેપસે મિથ્યાત્વ રાગદ્વેષ હૈં,...**' લ્યો! ખરો વિભાવ તો મોહકર્મના નિમિત્તથી થયું. નિમિત્તથી થયું ને? એનો અર્થ શું? પાઠ શું છે આમાં જુઓ. '**મોહકર્મકે નિમિત્તસે હુએ હૈં.**' અહીં કહે કે નિમિત્તથી થાય નહિ. ત્યારે નિમિત્ત છે એનો અર્થ શું? નૈમિત્તિક કરનારો પોતે ઉંધાઈ કરે છે ત્યારે નિમિત્ત આ છે એમ કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ? ભારે સમજવામાં વાંધા ઉઠ્યા બધા. કરે એ કરવાનો વાંધો એકકોર પડ્યો રહ્યો. અને આચારથી થાય.. આચારથી થાય.. લ્યો! દર્શન અને જ્ઞાનની વાતું કરે છે. પણ ચારિત્ર અને વ્યવહાર ચારિત્રની વાતું જ કરતા નથી. પણ એ એમાં આવી ગયું, ભાઈ! સમ્યગ્દર્શન અને જ્ઞાનની શ્રદ્ધા જ્ઞાનમાં ચારિત્ર કરવું જોઈએ, ચારિત્ર રમવું જોઈએ એ તો વાત એમાં આવી જાય છે. પણ સમ્યગ્દર્શન-જ્ઞાન વિના ચારિત્ર હોઈ શકે? ત્રણકાળમાં નથી. સમજાણું કાંઈ? એ આવ્યું ને કાલે લખાણમાં ઘણું આવ્યું હતું.

શ્રાવકના આચાર છોડવા જેવા નથી હમણા. આચાર એટલે વિકલ્પ-રાગ. એ છોડવા જેવા ન માને ત્યાં સુધી આત્માની દૃષ્ટિ સમ્યક્ થાય નહિ. રાગાદિ વિકલ્પ છે એ તો બધો આચાર. એ છોડવા જેવા છે એમ ન માને, આદરવા જેવા એ તો મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! પછી એ ભાવ સર્વથા છૂટે ક્યારે? કે શુદ્ધોપયોગ થાય ત્યારે. પણ પહેલા ભગવાનઆત્મા આનંદસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ ચિદાનંદ છે. એ આદરણીય છે, આશ્રય કરવા લાયક છે એનાથી સમ્યગ્દર્શન થાય છે. શુભાશુભ વિકલ્પ છોડવા જેવા છે. એવી હેયબુદ્ધિ થયા વિના આત્માના સ્વભાવની ઉપાદેયબુદ્ધિ થાય નહિ. આહાહા..! ભારે ઝીણી વાતું. સંપ્રદાયમાં સારુ લગાડવા

એ સંપ્રદાય .. ઠીક માને અને આપણે વળી આ પણ કાંઈક ઠીક છે એમ બેય ભેગું રાખવું. એક મ્યાનમાં બે ન રહે. એ પરિણામ જેટલા દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા પરિણામ પુણ્ય છે એને જ્યાં સુધી હેય ન માને ત્યાં સુધી આત્માની પ્રીતિ અને રુચિ એને થાય નહિ. કારણ કે પ્રીતિ તો ત્યાં બધી લુંટાઈ ગઈ છે. આહાહા..! સમજાણું કાંઈ? શુભભાવની જ્યાં રુચિ છે એને શુદ્ધભાવની રુચિ થતી નથી. પછી ભલે શુભભાવ હો પણ રુચિ નથી. અને અજ્ઞાનીને તો એ શુભભાવની રુચિ છે, રુચિ છે એટલે મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? ઘણી ચર્ચા હવે તો બહાર આવી ગઈ. હવે વાતે આવે ચુંથાઈ ગઈ છે બહાર. લાંબુ કરવા જાય તો બધું થાય. ટૂંકું સમાય જાય એમ ને એમ 'સોનગઢ'માં રહી જાય વળી. આ તો બહાર આવી ગયું હિન્દુસ્તાનમાં. ડહોળાઈ ગયું બધે. સમજનારાએ નીકળે. બેય નીકળે બહાર આવે. માર્ગ તો આવો છે વીતરાગનો. પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ એ કહે છે કે વ્રતના પરિણામ પણ રાગ છે એ છોડવા જેવા છે. એવી દૃષ્ટિ ન કરે ત્યાં સુધી એની દૃષ્ટિ ત્યાંથી હટશે નહિ. અને હટ્યા વિના આત્મા તરફની રુચિ થશે નહિ, એમ કહે છે. સમજાણું કાંઈ?

'**મોહકર્મકે નિમિત્તસે હુએ હૈં. સંક્ષેપસે મિથ્યાત્વ રાગદ્વેષ હૈં,...**' જુઓ! ચોખ્ખી વાત છે આમાં. '**ઈનકે વિસ્તારસે અનેક ભેદ હૈં.**' મૂળ તો ત્રણ. મિથ્યાત્વ અને રાગ–દ્વેષ. વિપરીત માન્યતા અને રાગ અને દ્વેષ. એનો વિસ્તાર અનેક છે. '**અન્ય કર્મોંકે ઉદયસે વિભાવ હોતે હૈં...**' બીજા કર્મ. '**ઉનમેં પૌરુષ પ્રધાન નહીં હૈ, ઈસલિયે ઉપદેશ–અપેક્ષા વે ગૌણ હૈં;...**' પુરુષાર્થ આ કરે તો એમાં બધુ આવી જાય. સમ્યગ્દર્શનનો પુરુષાર્થ કરે તો એમાં મિથ્યાત્વ ટળી જાય છે. સ્વરૂપમાં સ્થિરતાનો પુરુષાર્થ કરે તો રાગ–દ્વેષ ટળી જાય છે એટલે જ્ઞાન, દર્શન અને આનંદ પ્રગટ થઈ જાય છે એમ કહે છે. સમજાણું કાંઈ?

એમ કહે જ્ઞાનાવરણી એ નિમિત્ત છે એનું નિમિત્ત છે એનો પુરુષાર્થ શું કરવો કહે છે. એ તો આ બાજુ પુરુષાર્થ સ્વભાવનો જ્યાં થયો એટલે એમાં એ પુરુષાર્થ આવી ગયો કેવળજ્ઞાન ... સમજાણું કાંઈ? નવો પુરુષાર્થ જુદો કરવો પડતો નથી, એમ કહે છે. કેવળજ્ઞાનને પ્રગટ કરવા બીજો નવો પુરુષાર્થ કરવો પડતો નથી. જે ચારિત્રની રમણતાનો પુરુષાર્થ કરે છે એમાં કેવળજ્ઞાન પ્રગટ થવાની દશા એ છે. સમજાણું કાંઈ? સમજવું... સમજવું.. સમજવું.

શું કહ્યું ઈ? અહીં ગૌણ કીધો, પુરુષાર્થને ગૌણ કીધો. જુઓ! '**ઉનમેં પૌરુષ પ્રધાન નહીં હૈ,...**' જ્ઞાનાવરણી, દર્શનાવરણી, મોહનીયને નાશ કરવાના પુરુષાર્થની મુખ્યતા નહિ. મુખ્યતા તો અહીં સ્વભાવની દૃષ્ટિ અને સ્વભાવમાં ઠરવું એ પુરુષાર્થ છે. આહાહા..! એ સ્વભાવ ચૈતન્ય ભગવાનનો પુરુષાર્થ, સમકિતનો અને ચારિત્રનો થતાં એમાં કેવળજ્ઞાન અને કેવળદર્શન અને અનંતવીર્ય પ્રગટ થઈ જશે. એમાં જુદો પુરુષાર્થ કરવાની ત્યાં જરૂર નથી. એમ કહે છે. અહીં તો સમકિત અને ચારિત્ર બેનો પુરુષાર્થ કરવાનો છે પહેલા. એમ. વળી

કેવળજ્ઞાનાવરણીને નાશ કરવાનો પુરુષાર્થ જુદો એમ નથી. એ તો એમાં આવી જાય છે. સમજાણું કાંઈ? ત્યારે કેવળજ્ઞાનાવરણીને નાશ કરવાનો પુરુષાર્થ ન કરવો ને? ભેગું આવી ગયું, ભાઈ! અંદર ભગવાનઆત્મા જ્ઞાયક ચિદાનંદ સ્વરૂપ મહાપ્રભુ ચૈતન્ય ભગવાન, એની અંતર દૃષ્ટિ કરીને જ્યાં ઠરે છે એ બધું આવી ગયું. એ દર્શન અને ચારિત્રનો જ પુરુષાર્થ, પુરુષાર્થ છે, એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? એને કેવળજ્ઞાનને જુદો... એ ગૌણ છે એમાં પુરુષાર્થ આવી જાય છે, એમાં કરવાની જરૂર નથી. આહાહા..! શું કહે છે? સમજાણું કાંઈ?

એને તો કરવાનું ભગવાનઆત્મા તરફની સ્વરૂપની એકાગ્રતા. એ એકાગ્રતા બે પ્રકારની. સમકિતની એકાગ્રતા અને ચારિત્રની એકાગ્રતા. બસ, એને કરવાનું આ છે. એ કરવામાં કેવળજ્ઞાન-કેવળદર્શનનો પ્રગટ કરવાનો પુરુષાર્થ એમાં આવી જાય છે. સમજાણું કાંઈ? આહાહા..! વેપાર આડે નવરા ન હોય. કલાક-બે કલાક આવે ત્યારે આવી ઝીણી વાતું આવે. એય..! 'છગનલાલજી'! ત્યાં તમારે પૈસા પેદા થતા હોય લાખ, બે લાખ. આહાહા..! હુંફ ચડે, હુંફ. એ તો પાપની હુંફ છે. આત્માની હિણી કરવાની દશા છે. આ તો પુષ્ટિ કરવાની દશા છે. સમજાણું?

ચણ્યો પાણીમાં પલળે અને પોઢો થાય છે એ ખરેખર કઠણ નથી, એ તો પોચો થઈને પોઢો થાય છે. આ તો... છે? આ ચણા પાણીમાં (પલળીને) પોઢો આવો થાય તો શું જાડો થયો છે? એટલો કસ વધ્યો છે એમાં? એ તો કઠણ હતો એ પોચો થઈને મોટો થયો છે. આ એમ નથી. આ કઠણ થાય છે. આહાહા..! કહે છે કે ભગવાનઆત્મામાં શક્તિરૂપ જે આનંદ અને જ્ઞાન પડ્યું છે એમાં એકાગ્ર થતાં એ પર્યાયમાં પોઢો થાય, મજબૂત-મજબૂત દૃઢ પર્યાય પ્રગટે. આહાહા..! સમજાણું કાંઈ?

**'પૌરુષ પ્રધાન નહીં હૈ, ઈસલિયે ઉપદેશ-અપેક્ષા વે ગૌણ હૈં;...'** ઉપદેશ શું કરવો એનો? કેવળજ્ઞાનાવરણીનો નાશ કરવો, કેવળદર્શનાવરણીનો નાશ કરો, અનંતવીર્ય પ્રગટે તેના અંતરાયનો નાશ કરો, એમ કહે. આ પુરુષાર્થ કરે એ જ વસ્તુ છે. પૂર્ણાનંદનો નાથ પ્રભુ, એની પ્રતીત અનુભવમાં સમ્યગ્દર્શન (થાય) અને એના સ્વરૂપમાં ઠરવું એ જ પુરુષાર્થ છે. એને કેવળજ્ઞાનાવરણી ટાળવા માટે બીજો પુરુષાર્થ નવો એની સામું જોઈને કરવો એમ છે નહિ. આહાહા..! સામું તો અહીં જોવાનું છે, કહે છે. હેં! જ્યાં ભરેલું ભાણું છે ત્યાં ખાવા માટે નજર નાખવાની છે. ખાલી ભાણે નજર નાખતા હશે ખાવા માટે? એમ ભરેલું ભાણું તો ભગવાન દ્રવ્ય છે. જેમાં અનંત આનંદ, અનંત જ્ઞાનાદિ પડ્યા છે. આહાહા..! ભરેલું ભાણું સમજો છો કે નહિ? ભરેલું ભાણું સમજો છો? એ ગુજરાતી ભાષા છે. થાળી-થાળીમાં માલ ભર્યા હોય ને મેસુબ-મેસુબ? ગુલાબજાંબુ ઘીમાં તળેલા થાળીમાં પડેલા હોય. .. આમ કરીને સગ ચડાવ્યું હોય. કંદોઈની દુકાને જોયું છે ને. આમ સગ ચડાવે. આહા..! ભર્યું ભાણું કહેવાય. એમ આત્મા ભર્યું ભાણું છે. એમાં અનંત આનંદનો ખોરાક ભર્યો છે. અનંત શાંતિ

છે, અનંત સ્વચ્છતા, અનંત પ્રભુતા, અનંત જ્ઞાન-દર્શન એવી અનંત-અનંતની વાતું અનંત જાણ. અનંતની વાતું અનંત જાણે, અનંતની વાતુ અલ્પ ન જાણે. આહાહા..! સમજાણું કાંઈ?

કહે છે, '**ઈસપ્રકાર યે શીલ ઔર ઉત્તરગુણ સ્વભાવ-વિભાવ પરિણતિકે ભેદસે ભેદરૂપ કરકે કહે હૈં.**' લ્યો! ત્યાં શીલ અઢાર હજાર, ઉત્તરગુણ ચોર્યાસી (લાખ). એ '**સ્વભાવ-વિભાવ પરિણતિકે ભેદસે ભેદરૂપ કરકે કહે હૈં.**' શું કહે છે? સ્વભાવના ભેદો એટલા છે, એટલા જ પાછા વિભાવના ભેદો છે એમાંથી ખસવાના, એમ કહે છે. શું કીધું? શીલ અને ઉત્તરગુણનો સ્વભાવ, તેટલા વિભાવ (છે). એટલા ભેદ વિભાવના છે, એનાથી હટીને સ્વભાવ પ્રગટે એટલા ભેદ એમાં ગણવામાં આવે છે. આહાહા..! સારું લખ્યું છે પણ, હોં! 'જયચંદ્ર પંડિતે'. પહેલાના પંડિત ગૃહસ્થાશ્રમમાં પણ વાતનો મેળ કરીને પછી આમ લખ્યું છે. શીલના અને ઉત્તરગુણના સ્વભાવના ભેદ છે અઢાર હજાર. કોના? શીલના. એટલા જ વિભાવના છે એમ કહે છે. પણ એટલા વિભાવથી હટયો ત્યારે અઢાર હજાર શીલ પ્રગટ થયું. ચોર્યાસી લાખ ઉત્તરગુણ પ્રગટ્યા એટલા ચોર્યાસી લાખ અંદર વિભાવ હતા. એનાથી પાછો ખસ્યો ત્યારે ચોર્યાસી લાખ ઉત્તરગુણ પ્રગટ થયા. સમજાણું કાંઈ આમાં?

'**શીલકી પ્રરૂપણા દો પ્રકારકી હૈં-...**' શીલ નામ આત્માનો સ્વભાવ. શુદ્ધ પૂર્ણ જે અઢાર હજાર શીલાંગરથ ધારા. આવે છે? પડિક્કમણામાં આવે છે. તમારે દરિયાપરીને ન આવે. પડિકમણું છે ને? પડિકમણા. પાંચમું પડિક્કમણું નથી? પાંચમું શ્રમણ સૂત્ર. અઢાર હજાર શીલાંગરથ ધારા એય..! 'શાંતિભાઈ'! કર્યું છે કે નહિ પડિક્કમણું? અઢાર હજાર શીલા..ધારા, પંચમહાવ્રતધારા, અખેય આયા ચહિતા તે સવ્વેસિરસા મણસા મત્થએણં વંદામિ. અર્થ સમજે નહિ કાંઈ. હાંકે રાખે ગાડા. બળદ જોડ્યા છે કે નહિ? હાંકને.

અહીં તો કહે છે, શીલ નામ આત્માનો નિર્મળ સ્વભાવ. સંપેક્ષમાં, હોં! આમ તો અનંત છે એમ તો પહેલું કહી ગયા છે. સ્વભાવ અનંત ધર્મ છે અને પ્રગટે છે તે અનંત સ્વભાવ પ્રગટે છે પર્યાય. પણ એને સંક્ષેપમાં સમજાવવા માટે અઢાર હજાર શીલાંગના રથના ભેદ પાડ્યા. જેટલા અઢાર હજાર શીલના સ્વભાવ છે એટલા જ વિભાવ હતા. તો વિભાવથી ખસીને એટલા શીલ સ્વભાવ પ્રગટ થાય. સંક્ષેપમાં. વિસ્તારમાં તો અનંત અનંત ધર્મ છે. એટલી બધી વાત શી રીતે થાય? કહે છે. સમજાણું કાંઈ? ભારે ભાઈ! 'અષ્ટપાહુડ' વાંચવામાં પણ કઠણ પડે.

કહે છે કે શીલ જે અઢાર હજાર, ભગવાનઆત્માના સંક્ષેપમાં સ્વભાવની વ્યાખ્યા કરી એના બે પ્રકાર છે. '**એક સ્વદ્રવ્ય-પરદ્રવ્યકે વિભાગકી અપેક્ષા હૈ...**' એ તો સ્વદ્રવ્ય અને પરદ્રવ્યની વહેંચણી જુદા પાડવાની અપેક્ષા, '**ઔર દૂસરે સ્ત્રીકે સંસર્ગકી અપેક્ષા હૈ. પરદ્રવ્યકા સંસર્ગ મન, વચન, કાયસે હોતે હૈં.**' જુઓ! વિભાવ સમજાવે છે ને? એનો અભાવ થયો તે

શીલ છે. એમ કહે છે. પરદ્રવ્યનો સંસર્ગ. ભગવાનઆત્માને પરદ્રવ્યનો સંસર્ગ. પરિચય, સંબંધ. મન-વચન-કાય કરી હોય. મનથી પરદ્રવ્યનો સંબંધ, વાણીથી અને કાયાથી. '**કૃત, કારિત, અનુમોદનાસે ન કરના.**' કરવું, કરાવવું અને અનુમોદવું. મન-વચન ને કાયા એ '**ન કરના.**' એ ન કરવું. અહીં શીલનું ગુણનું વર્ણન છે ને? એ થવું એ વિભાવ છે અને ન થવું એ સ્વભાવ છે. શું કીધું? '**પરદ્રવ્યકા સંસર્ગ મન, વચન, કાયસે ઔર કૃત, કારિત, અનુમોદના...**' એ દોષ છે. એ ન કરવો એ સ્વભાવ છે. આમાં છે એટલા ભેદ છે ને. 'ઈનકો આપસમેં ગુણા કરનેસે નૌ ભેદ હોતે હૈં.' મન-વચન અને કાયા. કરવું, કરાવવું અને અનુમોદવું.

વળી, '**આહાર, ભય, મૈથુન ઔર પરિગ્રહ યે ચાર સંજ્ઞા હૈં,...**' દોષનું વર્ણન કરીને દોષરહિતના સ્વભાવનું વર્ણન કરે છે. અઢાર હજાર શીલાંગ રથની વ્યાખ્યા છે. આખો રથ અઢાર હજાર શીલથી ભરેલો ચાલે છે એમ કહે છે. આવે છે કે નહિ તમારે? કર્યું હતું પાંચમું પડિકમણું? પાંચમું પડિકમણું નહિ, પાંચમું શ્રમણસુત્ર અઢાર હજાર શીલાંગ રથ ધાર. ચોર્યાસીલાખ નહોતું આવ્યું. આવે છે હેં! દરિયાપુરીનું એક પડિક્કમણું પાંચમું સાધુને હોય. સાધુને હોય. શ્વેતાંબરના એ સાધુને હોય, શ્રાવકને ન હોય.. શ્રમણ સુત્રના ...

કહે છે કે ચાર સંજ્ઞા. આહાર સંજ્ઞા ગૃદ્ધિ, ભયની ગૃદ્ધિ, મૈથુનની અને પરિગ્રહની. એ ચાર સંજ્ઞા. '**ઈનસે પરદ્રવ્યકા સંસર્ગ હોતા હૈ...**' આહારને કારણે, સંજ્ઞા, પરિગ્રહ, મૈથુન અને ભય. પરદ્રવ્યનો સંસર્ગ એ દોષ છે. '**ઉસકા ન હોના, ઐસે નૌ ભેદોંકો ચાર સંજ્ઞાઓંસે ગુણા કરનેપર છત્તીસ હોતે હૈં.**' આ છત્રીસ શીલના સ્વભાવ કહેવામાં આવ્યા. છત્રીસ દોષના ભાવ ન કરવા અને આ ભાવ કરવા, ... સમજાણું કાંઈ?

વળી, '**પાંચ ઈન્દ્રિયોંકે નિમિત્તસે વિષયોંકા સંસર્ગ હોતા હૈ,...**' આ પાંચ ઈન્દ્રિયથી પરદ્રવ્યનો સંસર્ગ થાય. સમજાણું? એ સંસર્ગ છોડવો અને આત્માનો પરિચય કરવો. સ્વદ્રવ્યનો સંસર્ગ કરવો, પરદ્રવ્યનો સંસર્ગ છોડવો. '**પાંચ ઈન્દ્રિયોંસે છત્તીસકો ગુણા કરને પર એકસૌ અસ્સી હોતે હૈં.**' '**ઉનકી પ્રવૃત્તિકે અભાવરૂપ...**' એમ. પાંચ ઈન્દ્રિયના નિમિત્તે પરદ્રવ્યનો સંસર્ગ થાય એ દોષરૂપ છે. એને છોડીને સ્વદ્રવ્યનો સંસર્ગ કરવો. એના ૧૮૦ ભેદ થયા. વળી '**પૃથ્વી,...**' છે ને પૃથ્વી જીવ એકેન્દ્રિય? ઈચ્છામી પડિક્કમણા આવે છે એકેન્દ્રિયા, બે ઈન્દ્રિયા, ત્રણ ઈન્દ્રિયા, ચૌ ઈન્દ્રિયા, પંચેન્દ્રિયા, અભીહયા, વતીયા, લેશીયા આવે છે કે નહિ? '...લાલજી'! કર્યા છે કે નહિ સામાયિકના નામ? ભૂલી જાય પછી ધંધા આડે. એકેન્દ્રિયા, બે ઈન્દ્રિયા, પૃથ્વીકાય, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ એકેન્દ્રિય છે. પૃથ્વી, સચેત પૃથ્વી, હોં! અંદર. '**અપ,...**' પાણી, '**તેજ,...**' અગ્નિ. વાયરો અને '**પ્રત્યેક, સાધારણ...**' લ્યો! પ્રત્યેક ને સાધારણ. પ્રત્યેક એટલે અસાધારણ અને સાધારણ બે.

'**યે તો એકેન્દ્રિય ઔર દોઈન્દ્રિય, તીનઈન્દ્રિય, ચૌઈન્દ્રિય, પંચેન્દ્રિય, ઐસે દશ**

**ભેદરૂપ જીવોંકા સંસર્ગ,...**' લ્યો! એવા દશ ભેદમાં પરજીવનો સંસર્ગ, '**ઈનકી હિંસારૂપ પ્રવર્તનેસે પરિણામ વિભાવરૂપ હોતે હૈં...**' એમાં હિંસારૂપ પ્રવર્તવાથી. એટલા જીવ એકેન્દ્રિય આદિ. '**સો ન કરના,...**' એનું નામ શીલ. એને ન કરવું એનું નામ શીલસ્વભાવ. એકલું બ્રહ્મચર્ય અહીં નથી. આ તો આખો આત્માનો શીલસ્વભાવ આખો. સ્વદ્રવ્યનો પૂર્ણ પરિચય, એનું નામ અઢાર હજાર શીલાંગરથ ધારા. પરદ્રવ્યનો પૂરો પરિચયનો અભાવ. આહાહા..! આવી વાત સર્વજ્ઞ સિવાય, પરમાત્મા, કેવળજ્ઞાની તીર્થંકરદેવ એને ત્રિકાળ જ્ઞાન છે એને આવું અસ્તિનું સ્વરૂપ, નાસ્તિ-અસ્તિનું સ્વરૂપ કહ્યું છે. વિભાવના ભેદો એટલા, એનાથી ખસીને એટલા સ્વભાવના ભેદો પર્યાયમાં. આહાહા..!

'**ઐસે એકસો અસ્સી ભેદોંકો દસસે ગુણા કરને પર અઠારહસૌ હોતે હૈં.**' છે ને? પૃથ્વી, પાણી. વળી '**ક્રોધાદિક કષાય ઔર અસંયમ પરિણામસે પરદ્રવ્ય સંબંધી વિભાવ પરિણામ હોતે હૈં.**' એ ક્રોધાદિ કષાય અને અસંયમ એનાથી પરદ્રવ્યનો સંસર્ગ તે વિભાવ પરિણામ હોય. '**ઉનકે અભાવરૂપ દસલક્ષણ ધર્મ હૈ,...**' લ્યો! ક્રોધાદિનો અભાવ એ દસલક્ષણ ધર્મ. '**ઉનસે ગુણા કરનેસે અઠારહ હજાર હોતે હૈં.**' આહાહા..! કહે છે કે છે તો અનંતા ધર્મો પર્યાયમાં. પણ અનંતધર્મ ને કહેવું શી રીતે? એટલે સંક્ષેપમાં અઢારહજાર શીલ કહેવામાં આવે છે. સ્વદ્રવ્ય અને પરદ્રવ્યની વહેંચણીની અપેક્ષાએ. પરદ્રવ્યનો પરિચય તે વિભાવ, પરદ્રવ્યનો પરિચય છોડીને સ્વમાં આવવું એ સ્વભાવ. એ અપેક્ષાએ ભેદ પહેલા પડ્યા અઢાર હજાર...

'**ઐસે પરદ્રવ્યકે સંસર્ગરૂપ કુશીલ...**' એ બધો કુશીલ છે. આહાહા..! '**અભાવરૂપ શીલકે અઠારહ હજાર ભેદ હૈં. ઈનકે પાલનેસે પરમ બ્રહ્મચર્ય હોતા હૈ,...**' એનું પાલન પરમ બ્રહ્મચર્ય. '**બ્રહ્મ (આત્મા) મેં પ્રવર્તને ઔર રમનેકો 'બ્રહ્મચર્ય' કહતે હૈં.**' આ અઢારહજાર ભેદને બ્રહ્મચર્ય કીધા. આહાહા..! બ્રહ્માનંદ ભગવાનઆત્મા આ પરદ્રવ્યના સંસર્ગથી છૂટી પોતાના પરિચયમાં એકાગ્રતામાં આવે, એના સંક્ષેપમાં આટલા ભેદો કહ્યા. એ ભેદોની ભાવના કરી એમ કહે છે. સમજાણું કાંઈ? આ કરે તો નવરો ક્યાં થાય પાપ કરવાને બીજા પરિણામમાં. દુકાનના ધંધા આડે આ નવરો થાતો નથી તો આ કરે તો દુકાનના ધંધા એને યાદ આવતા નથી. આહાહા..! સમજાણું કાંઈ? કહો, 'ફુલચંદભાઈ'! આવો કાંઈક વિચાર કરે. આ તો મુનિની મુખ્યતાએ મુનિની વાત છે, હોં! આવા ભેદો વિચાર કરે તો કહે છે એવા અશુભ વિકલ્પ આવવાનો પ્રસંગ જ રહેતો નથી. આહાહા..! આટલા ભેદો પરદ્રવ્ય તરફ જવાના, એટલા જ ભેદો ત્યાંથી છૂટીને સ્વતરફમાં આવવાના. આહાહા..! ..હેં! માથે આવ્યું હતું ને? '**સ્વદ્રવ્ય-પરદ્રવ્ય વિભાવકી અપેક્ષાસે...**' એ ભાગ પૂરો કર્યો અહીંયાં. અઢાર હજાર. '**બ્રહ્મ (આત્મા) મેં પ્રવર્તને ઔર રમનેકો બ્રહ્મચર્ય કહતે હૈં.**' લ્યો!

હવે '**સ્ત્રીકે સંસર્ગકી અપેક્ષા ઈસપ્રકાર હૈ-સ્ત્રી દો પ્રકારકી હૈ, અચેતન સ્ત્રી કાષ્ઠ**

**પાષાણ લેપ (ચિત્રામણની)...**' ત્યારે ઓલા લઈ ગયા ને અરિહંતમાં? એય..! એ કહે છે હજી તો નામ અરિ. એવું અરિપણું... શ્રાવક એમ કે પડિમાધારી હોય અને જે લુગડામાં સ્ત્રીનું ચિતરામણ હોય... સ્થાપી નહીં શકે. કેમકે સ્થાપના સ્ત્રી છે, ફલાણું છે, ઢીકણું છે. .. કાગળિયા રસ્તામાં રખડતા હોય. સ્ત્રી બે પ્રકારની. એક અચેતન. એટલે લાકડાની, પથરાની અને ચિતરામણની. '**યે તીન, ઈનકા મન ઔર કાય...**' વચનનું ત્યાં કાંઈ કામ નથી. '**મન ઔર કાય દો સે સંસર્ગ હોતા હૈ,...**' બેથી એનો સંસર્ગ (થાય). મનમાં અને કાયાથી સંસર્ગ થાય. '**યહાં વચન નહીં હૈ ઈસલિયે દો સે ગુણા કરને પર છહ હોતે હૈં.**' લ્યો! સમજાણું? ત્રણ છે ને ત્રણ? ત્રણને બેએ ગુણતા છ થાય. કાય, પાષાણ અને ચિતરામણ. એને મન, કાયા ગુણતા છ થાય. એને '**કૃત, કારિત, અનુમોદનાસે ગુણા કરને પર અઠારહ હોતે હૈં. વળી પાંચ ઈન્દ્રિયોંસે ગુણા કરને પર નબ્બે હોતે હૈં. દ્રવ્ય-ભાવસે ગુણાં કરને પર...**' લ્યો! દ્રવ્ય અને ભાવ અંદર. '**ગુણા કરને પર એકસૌ અસ્સી હોતે હૈ. ક્રોધ, માન, માયા, લોભ ઈન ચાર કષાયોંસે ગુણા કરને પર સાતસૌ બીસ હોતે હૈં. ચેતન સ્ત્રી...**' હવે ચેતન. એ અચેતનની વ્યાખ્યા કરી.

'**ચેતન સ્ત્રી દેવી, મનુષ્યિણી, તિર્યંચણી...**' નારકીમાં તો સ્ત્રી હોતી નથી. '**ચેતન સ્ત્રી, દેવી, મનુષ્યિણી, તિર્યંચણી ઐસે તીન, ઈન તીનોંકો મન, વચન, કાયસે ગુણા કરને પર નૌં હોતે હૈં. ઈનકો કૃત, કારિત, અનુમોદનાસે ગુણા કરને પર સત્તાઈસ હોતા હૈ. ઈનકો પાંચ ઈન્દ્રિયોંસે ગુણા કરને પર એકસૌ પૈંતીસ હોતે હૈં. ઈનકો દ્રવ્ય ઔર ભાવ ઈન દો સે ગુણા કરને પર દો સૌ સત્તર હોતે હૈં. ઈનકો ચાર સંજ્ઞાસે ગુણા કરનેપર એક હજાર અસ્સી હોતે હૈં. ઈનકો અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાનાવરણ, પ્રત્યાખ્યાનાવરણ, સંજ્વલન ક્રોધ માન માયા લોભ ઈન સોલહ કષાયોંસે ગુણા કરને પર સત્રહ હજાર દો સૌ અસ્સી હોતે હૈં. ઐસે અચેતનસ્ત્રીકે સાતસૌ બીસ મિલાને પર અઢારહ હજાર હોતે હૈં.**' લ્યો! એકસો ને અઢાર હજાર થયા. સ્વદ્રવ્ય-પરદ્રવ્યના વિભાવની અપેક્ષાએ અને સ્ત્રીના સંસર્ગની અપેક્ષાએ. આહાહા..! ટૂંકામાં પરદ્રવ્યના અનેક પ્રકારના પરિચયથી રાગ ઉત્પન્ન થાય એ અશીલ છે. અને એનાથી ખસીને સ્વદ્રવ્યના સંસર્ગમાં આવવું એનું નામ શીલ છે. એકલું બ્રહ્મચર્ય એમ નહિ. બ્રહ્મ નામ આત્મા એનું ચરણ આ ... એને અહીંયાં શીલ કહેવામાં આવ્યું છે. આહાહા..! વીતરાગની વાણી. સમજાણું કાંઈ?

'**ઐસે સ્ત્રીકે સંસર્ગસે વિકાર પરિણામ હોતે હૈં સો કુશીલ હૈ, ઈનકે અભાવરૂપ પરિણામ શીલ હૈ...**' લ્યો! સ્વભાવ અને વિભાવ કહ્યું હતું ને બે? '**ઈસકી ભી બ્રહ્મચર્ય સંજ્ઞા હૈ.**' લ્યો! એ અઢાર હજાર શીલાંગરથના બે ભાગ પાડ્યા. એક પરદ્રવ્યના સંસર્ગનો અને સ્વદ્રવ્યના સંસર્ગનો. એ વિભાવના ભેદ ત્યાંથી ... અને એક સ્ત્રીનો. અચેતન સ્ત્રી, એના ભેદ અને સચેતન સ્ત્રીના ભેદ. એમ કરીને એના પણ અઢાર હજાર ભેદ કહ્યા.

આહાહા..! બધું આવું અસ્તિત્વ છે એમ સિદ્ધ કરે છે. આવા વિભાવના ભેદોનું પણ હોવાપણું છે. કોઈ એક જ આત્મા કહીને એક જ આત્મા કૂટસ્થ અને આમ છે, એમ નથી. સમજાણું કાંઈ? અને અચેતન પદાર્થ પણ છે અચેતન સ્ત્રી. લાકડા, પથ્થર એવી વસ્તુ અસ્તિ છે. એવું બધું સિદ્ધ કરે છે અને પરદ્રવ્યના એટલા બધા અસ્તિત્વના જેટલા સંસર્ગ મન, વચન, કાયા, ઈન્દ્રિયાદિથી થાય એ બધા ભેદો છે. અને એનો અભાવ તેટલો સ્વભાવનો ભેદ છે એમ કહે છે. આરે..! યાદ કેટલું રહે આ? સમજાણું કાંઈ? એ વાત તો ફક્ત અઢાર હજાર શીલાંગ રથની કરી. અઢાર હજાર શીલાંગરથ ધરા. આવે છે કે નહિ? પાંચમા શ્રમણ સૂત્રમાં. મુનિ કેવા હોય? કે અઢાર હજાર શીલાંગ રથના ધરનારા. એવા અઢાર હજાર ભેદના રથને ચકરાવે ચડાવનારા અંદરમાં. આહાહા..! આ બધી નવરાશ વિના કાંઈ સમજાય એવું નથી. 'વીરચંદભાઈ'! આમાં 'નાઈરોબી'માં સમજાય? આમાં શું બહારમાં ... આહાહા..! આ ભેદ કર્યા શું? વિભાવ શું? સ્વભાવ શું? સ્વદ્રવ્યના વિભાગમાં શું? સ્ત્રીમાં શું? ઓહો..હો...! બધું હોવાપણે સિદ્ધ કરી એક દ્રવ્ય ભગવાનઆત્મા અનંતા પરપદાર્થની વિભાવ પરિણતિનું વર્ણન એટલું ન થાય એટલે સંક્ષેપમાં અઢાર હજારનું વર્ણન કર્યું.

અહીં તો કહે છે કે ભગવાનઆત્મા અનંત અનંત ગુણનો દરિયો ધર્મસ્વભાવવાળો છે. એને અનંત અનંત પરપદાર્થના પરિચયનો જે સંસર્ગ છે એ બધો પરદ્રવ્યાનુસારી વિભાવ અને વિકલ્પ છે. એ બધા વિભાવોથી હઠીને સ્વભાવ આટલા ભેદવાળા ખસીને આટલામાં આવવું. અનંતપણે સમજાવવું કઠણ એટલે આટલું સમજાવ્યું. સમજાણું કાંઈ?

હવે '**ચૌરાસી લાખ ઉત્તરગુણ ઐસે હૈં...**' મૂળગુણ તો અમુક છે. અઠ્યાવીસ મૂળગુણ આદિ કહ્યાં ને? જ્ઞાન, દર્શન, આનંદ આદિ. આ ઉત્તરગુણ છે. '**આત્માકે વિભાવપરિણામોંકે બાહ્ય કારણોંકી અપેક્ષા ભેદ હોતે હૈં.**' દેખો! અંતરમાં તો એકલો વીતરાગભાવ પ્રગટ કરવો એ ઉત્તરગુણ છે. પણ '**આત્માને વિભાવપરિણામોંકે બાહ્યકારણોંકી અપેક્ષા ભેદ હોતે હૈં.**' આટલા બધા ભેદ કેમ પડે એમ કહે છે? બાહ્ય કારણની અપેક્ષાએ.

'**ઉનકે અભાવરૂપ યે ગુણોંકે ભેદ હૈં. ઉન વિભાવોંકે ભેદોંકી ગણના સંક્ષેપસે ઐસે હૈ–**' પહેલા વિભાવનું કથન કરે. કેમકે એના અભાવરૂપ ગુણના ભેદ છે. એમ. વિભાવનું વિકારનું વર્ણન કરે છે, એના અભાવરૂપ એટલા આત્માના ઉત્તરગુણના પ્રકાર છે. આહાહા..! છે તો અનંતા અનંતા ગુણો અને અનંતી અનંતી પર્યાય. સ્વદ્રવ્યના સંસર્ગે, પરિચયે એકાગ્ર સ્થિતિ થાય એટલું બધું વર્ણન ભાષામાં કેવળીને પણ ન આવે. એ સંક્ષેપ કરીને ચોર્યાસી લાખ ઉત્તરગુણની વ્યાખ્યા, ચોર્યાસી લાખ! આહાહા..! ચોર્યાસી લાખ યોનિના અવતારને ટાળવાનો ઉપાય. કહો, સમજાણું કાંઈ? અને ચોર્યાસી લાખ અવતાર છે અને ચોર્યાસી લાખ ગુણ છે પર્યાય. આવું પ્રગટ થાય એને પછી અવતાર હોય નહિ. એની વ્યાખ્યા કરશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પ્રવચન નં. ૧૪૩, ગાથા-૧૨૦ થી ૧૨૨, બુધવાર, કારતક વદ ૫, તા.૧૮-૧૧-૭૦

ભાવપાહુડ. ૧૨૦ ગાથાના ચોર્યાસી લાખ ઉત્તરગુણ નથી આવ્યા નહિ? લાંબી-લાંબી વાત છે. પણ સમજવી તો પડે ને? આત્માનો સ્વભાવ આનંદ છે, એમાં દુઃખના નિમિત્તોમાં કેટલા પ્રકારના વિભાવ ઉત્પન્ન થાય છે અને એનો અભાવ કરવો એ વાત છે. સમજાણું કાંઈ?

'**ચૌરાસી લાખ ઉત્તરગુણ ઐસે હૈં જો આત્માકે વિભાવપરિણામોંકે બાહ્યકારણોંકી અપેક્ષા ભેદ હોતે હૈં.**' આત્મા તો આનંદસ્વરૂપ શુદ્ધ ચૈતન્યમૂર્તિ છે. એને બાહ્ય કારણના નિમિત્તથી વિભાવના ભેદો, દોષના ભેદો, દુઃખના ભેદો કેટલા ઉત્પન્ન થાય છે એનું વર્ણન કરીને એનો અભાવ કરવો એ આત્માનો ઉત્તર ગુણ કહેવામાં આવે છે. '**વિભાવપરિણામોંકે બાહ્યકારણોંકી અપેક્ષા ભેદ હોતે હૈં. ઉનકે અભાવરૂપ યે ગુણોંકે ભેદ હૈં.**' લ્યો! ચોર્યાસી લાખ છે ને? '**ઉન વિભાવોંકે ભેદોંકી ગણના સંક્ષેપસે ઐસે હૈ-૧-હિંસા, ૨-અનૃત, ૩-સ્તેય, ૪-મૈથુન, ૫-પરિગ્રહ, ૬-ક્રોધ, ૭-માન, ૮-માયા, ૯-લોભ, ૧૦-ભય, ૧૧-જુગુપ્સા, ૧૨-અરતિ, ૧૩-શોક, ૧૪-મનોદુષ્ટત્વ, ૧૫-વચનદુષ્ટત્વ, ૧૬-કાયદુષ્ટત્વ, ૧૭-મિથ્યાત્વ, ૧૮-પ્રમાદ, ૧૯-પૈશૂન્ય, ૨૦-અજ્ઞાન, ૨૧-ઈન્દ્રિયકા અનુગ્રહ ઐસે ઈક્કીસ દોષ હૈં.**' સમજાણું કાંઈ? વિસ્તારથી સમજાવવું છે ને એટલે.

'**ઈનકો અતિક્રમ, વ્યતિક્રમ, અતિચાર, અનાચાર ઈન ચારોંસે ગુણા કરને પર ચૌરાસી હોતે હૈં. પૃથ્વી-અપ્-તેજ-વાયુ પ્રત્યેક વનસ્પતિ ઔર સાધારણ વનસ્પતિ યે...**' એ છ. અને '**સ્થાવર એકેન્દ્રિય જીવ છહ ઔર વિકલ તીન, પંચેન્દ્રિય એક ઐસે જીવોંકે દસ ભેદ, ઈનકા પરસ્પર આરંભસે ઘાત હોતા હૈ ઈનકો પરસ્પર ગુણા કરને પર સૌ (૧૦૦) હોતે હૈં. ઈનસે ચૌરાસીકો ગુણા કરને પર ચૌરાસી સૌ હોતે હૈં, ઈનકો દસ 'શીલ-વિરાધને'સે ગુણા કરને પર...**' દસ પ્રકારના શીલની વિરાધના, એનાથી ગુણે '**ચૌરાસી હજાર હોતે હૈં. ઈન દસકે નામ યે હૈં ૧-સ્ત્રીસંસર્ગ,...**' ભગવાનઆત્માના આનંદનો સંસર્ગ છોડી, સ્ત્રીનો સંસર્ગ કરવો એ દોષ છે. સમજાણું કાંઈ?

'**૨-પુષ્ટરસભોજન,...**' પોતાના શરીરમાં પુષ્ટપણું થાય એવા રસનું ભોજન કરવાનો ભાવ પણ એ વિભાવ, દોષિતભાવ છે. '**૩-ગંધમાલ્યકા ગ્રહણ,...**' ઊંચા સુગંધી ફૂલ અને એની માળાઓ ગ્રહણ કરવી એ પણ વિભાવિક ભાવ છે. '**૪-સુન્દર શયનાસનકા ગ્રહણ,...**' સુવાનુ અને બેસવાના સુંદર પલંગ આદિ, એ પણ દોષનું કારણ છે.

મુમુક્ષુ :- .. આનંદ આવે છે.

ઉત્તર :- આનંદ આવે છે? એ દાખલો આપ્યો છે એક શાસ્ત્રમાં. એનો આપ્યો છે

ઓલામાં કે સ્મશાનમાં ફૂલેલા મડદા, ફૂલેલા મડદા એ કાળા કાગડા એમાં મજા માને. ભાઈ! ફુલેલા મડદા. સ્મશાનમાં આમ તેમ પડ્યા હોય, ફુલીને આમ મડદા થયા હોય. એ કાળા કાગડા ત્યાં મજા માને.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– એ મારું પડ્યું કે નહિ એમાં? એમ અજ્ઞાની અંતરમાં પડેલા પોતાના આનંદના સ્વરૂપની જેને રુચિ નથી, આનંદના સ્વાદની જેને કિંમત નથી એ બધા ફુલેલા શરીર, અવયવો એ બધા ફુલેલા મડદા છે. એમાં પ્રેમ કરે છે એ કાળા કાગડા છે, અજ્ઞાની છે એમ કહે છે. સમજાણું કાંઈ? કાળા કાગડા છે. અને સ્મશાનમાં નરનું પીંજર હોય હાડકાનું. સ્મશાનમાં મરી ગયેલું પડેલું. પીંજર હાડકા. ઈયળુ પડી હોય, ગંધાતું હોય એમાં કાગડા ચાચું નાખે. એમાં હેં! સત્પુરુષો એમાં પ્રેમ કરે નહિ. આ વાત એવી છે, ભાઈ! એમ શરીર છે એ તો હાડકાના પીંજર છે આ તો બધું. ઓહોહો..!

મનુષ્યનું સડેલું શરીર પડ્યું હોય. હાડમાળ, હાડનું માંસ, હાડકાનો માવો. એમાં કાગડા ચાચું મારે, એમ આ સડેલા શરીરમાં અજ્ઞાની આત્માના આનંદના પ્રેમ વિના એને આનંદના પ્રેમની ખબર નથી. સમજાણું કાંઈ? એમાં ચાચું બથ ભીડે. આલિંગન કરે. શું છે ભાઈ? સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન વિના આત્માના આનંદના સ્વાદની જેને ખબર નથી એ બહારમાં આવા પદાર્થની પ્રીતિમાં વાયરે જગઝોળ ખાય છે. આહાહા..! સમજાણું કાંઈ? મિથ્યાત્વનો ભાવ છે અને રાગનો ત્યાં પવન છે. એ અગ્નિ સળગે છે ક્હે છે પરના વિષયના સુખની બુદ્ધિમાં. સમજાણું કાંઈ? ધર્મીને તો આત્માના આનંદની રુચિ છે એથી પરમાં ક્યાંય એને પ્રેમ રુચિનો આવતો નથી. આસક્તિનો આવે એનો પ્રેમ નથી. આહાહા..! એવા ચૌર્યાશી ઉત્તરગુણનું વર્ણન કરે છે અહીં. આહાહા..! સમજાણું કાંઈ?

'**૫–ભૂષણકા મંડન,...**' દાગીના અહીં લટકતા અહીં ને અહીં ને અહીં. આહાહા..! મડદાને શણગારે છે. આ અવયવો શરીરના સારા લાગે, ફુલેલા મડદા છે. આરે..! કહે છે '**૫–ભૂષણનું મંડન,...**' દાગીના આમ પહેરવા અહીં કડે ને આ ને આ. એ પણ રાગના વ્યભિચાર છે. આહાહા..! આકરું કામ, બાપા! અહીં તો આત્માનો આનંદ જેને નથી આવ્યો એને પરમાં આનંદ બુદ્ધિ, સુખબુદ્ધિ થાય છે એનો અભાવ કરાવવા વાત કરી છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**૬–ગીતવાદિત્રકા પ્રસંગ,...**' ગાણા અને વાજા વાગતા હોય અને જુવાન સ્ત્રીઓ કોમળ અંગવાળી આમ બોલતી હોય ભેગી સાથે. ગૃદ્ધિ જાય માણસ ત્યાં. એકાકાર થઈ જાય. સમજાણું કાંઈ? એ દોષમાં આ છે. '**૭– ધનકા સંપ્રયોજન,...**' લક્ષ્મીના પ્રયોજન માટે ઝાવા–ઝાવા નાખે. એ મોટો દોષ છે.

મુમુક્ષુ :– જરૂરિયાત પૂરતી જ વાત છે ને.

ઉત્તર :– જરૂરિયાત શેની હતી? બેઠા છે તમારા ચિરંજીવી પાછળ. કહો, સમજાણું

કાંઈ? એમ અહીં જરૂરિયાત પૂરતું કરવું કે નહિ? પણ જરૂરિયાત કોની? આત્માના આનંદની કે બહારની? એમ કહે છે. રુચિ થઈ ગઈ રુચિ. એમ કહે છે. આસક્તિ જુદી વસ્તુ છે. રુચિ થઈ ગઈ. જરૂરિયાત પૂરતો તો અમારે રાગ કરવો. એ તો રાગની રુચિ છે. એ તો મિથ્યાદૃષ્ટિ જીવ છે. આહાહા..! 'પોપટભાઈ'! બહુ કામ આવું. વીતરાગના માર્ગની શૈલી! ઓહો..હો...! ભગવાન તો આનંદના સ્વભાવના ભંડારે ભરેલો છે. અતીન્દ્રિય આનંદનો સાગર છે. એની રુચિ છોડીને અને આવા ભાવની રુચિ કરે એ વ્યભિચાર છે. એનો અભાવ કરવો એ ઉત્તરગુણ છે. સમજાણું કાંઈ? વિસ્તારથી કહ્યું છે ને?

'**૮-કુશીલકા સંસર્ગ,...**' કુશિલિયા પુરુષોની સ્ત્રીઓનો સંસર્ગ કરવો. કારણ કે એની વ્યભિચારીઓ વૃત્તિમાં વ્યભિચારના જ બધા પ્રસંગો હોય છે. એમાં દોષ છે કહે છે. ભગવાન! તારામાં શું ખામી છે? કે તું બીજાના સંસર્ગે જઈને સુખ માનવા જા છો? એમ કહે છે. સમજાણું કાંઈ?

'**૯-રાજસેવા,...**' લ્યો ઠીક! મોટા રાજાઓની સેવામાં માખણ લેવું પડે એને. આહાહા..! એ પણ એક દોષ છે. મોટા રાજા, અમલદાર, અધિકારી મોટા દસ-દસ હજાર, પંદર હજાર અને લાખ-લાખના પગારદાર હોય ને મોટા? એને એની ચાહમાં એને દબાવું પડે, સેવા કહેવાય એ જાતની. દોષ છે.

ભગવાન ત્રણલોકનો નાથ તું છો. તારી સેવા કરને. એવા ઓશિયાળા બિચારા ભિખારા. એને મોટા માનીને એને સાહેબ... સાહેબ... સાહેબ... એમ કરે છે ને? એય..! હેં! આહાહા..! ભાઈ! સાહેબ તો ચૈતન્ય છે. એના સિવાય સાહેબો બીજો કોઈ તારે છે નહિ. આહાહા..! એમ કહે છે રાજા સાહેબ, અન્નદાતા. અન્નદાતા. ધૂળનોય અન્નદાતો નથી. નરકના ભવિદ્ર નારકીઓ છે. ભવિષ્યમાં જવાના એવા ભવિદ્ર નારકી છે અત્યારે. આહાહા..! એવા પૈસાવાળા .. સોનાના મોટા હીરા-માણેકના મકાન હોય લ્યો ને. અને રાજા, સુંદર શરીર, સ્ત્રી. આહાહા..! કહે છે એવાઓના સેવા એટલે અનુકૂળતા કરવાનો ભાવ એ વ્યભિચાર છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**૧૦-રાત્રિસંચરણ...**' રાત્રે જ્યાં-ત્યાં ભમવું એ મોટો દોષ છે. અંધારે દોષ કરવાના ભાવ ઉત્પન્ન થાય એમ કહે છે. કોઈ દેખતું ન હોય એવા અંધારે અનેક પ્રકારના સ્ત્રીના, પુરુષના, જનાવરના, સંસર્ગ કરવાનો અંધારે ભાવ થઈ જાય. એટલે રાત્રીનું સંચરણ દોષકારી છે એમ બતાવે છે અહીં. એય..! આહાહા..! સમજાણું કાંઈ? '**યે શીલ-વિરાધના હૈ.**' એ દસ આત્માના શાંતિ સ્વભાવ, એની વિરાધના દસ પ્રકારની છે.

વળી, '**ઈનકે આલોચનાકે દસ દોષ હૈં-ગુરુઓંકે પાસ લગે હુએ દોષોંકી આલોચના કરે સો સરલ હોકર ન કરે કુછ શલ્ય રખે, ઉનકે દસ ભેદ કિયે હૈં,...**' દસ ભેદ છે. અકંપ આદિ. '**ઈનસે ગુણા કરને પર આઠ લાખ ચાલીસ હજાર હોતે હૈં. આલોચનાકો આદિ દેકર પ્રાયશ્ચિતકે દસ ભેદ હૈં...**' છે ને? આલોચના, પ્રાયશ્ચિત આદિ દસ ભેદ છે. પ્રાયશ્ચિતના દસ

ભેદ છે. ઓલા આલોચનાના દસ ભેદ છે. ગુરુ પાસે કહેતા દસ દોષ લગાડે એ. અને આ પ્રાયશ્ચિત લેવાના દસ પ્રકાર છે. **'ઈનસે ગુણા કરને પર ચૌરાસી લાખ હોતે હૈં. સો સબ દોષોંકે ભેદ હૈં,...'** એ બધા દોષના પ્રકાર છે, ભાઈ! આહાહા..! **'ઈનકે અભાવસે ગુણ હોતે હૈં. ઈનકી ભાવના રખે ચિંતન ઔર અભ્યાસ રખે, ઈનકી સંપૂર્ણ પ્રાપ્તિ હોનેકા ઉપાય રખે; ઈસપ્રકાર ઈનકી ભાવનાકા ઉપદેશ હૈ.'** લ્યો!

**'આચાર્ય કહતે હૈં કિ બારબાર બહુત વચનકે પ્રલાપસે તો કુછ સાધ્ય નહીં હૈં,...'** શું બહુ કહેવું? ભાઈ! સમજાણું? **'જો કુછ આત્માકે ભાવકી પ્રવૃત્તિકે વ્યવહારકે ભેદ હૈં ઉનકી ગુણ સંજ્ઞા હૈ,...'** આ ચોર્યાસી લાખ છે ને? ગુણસંજ્ઞા આત્માના ગુણના સ્વભાવના પ્રકારો, એને અહીં ચોર્યાસી લાખ ઉત્તરગુણ કહેવામાં આવે છે. આત્માનો સ્વભાવ આનંદમૂર્તિ શાંત અવિકારી વીતરાગ, એના સ્વભાવની એકાગ્રતાના જેટલા પર્યાયના ભેદો એને ગુણ કહેવામાં આવે છે. છે તો પર્યાય બધી. સમજાણું કાંઈ? આહાહા..! એક એક વીતરાગના વચનો, સાધારણ હોય કે મોટા એ બધા સમજવા જેવા છે, કહે છે. આહાહા..!

ભાઈ! તું પરમાનંદનો ડુંગર પ્રભુ મહાચૈતન્યરત્નથી ભરેલો. એ ભગવાનના ભેટા અને ભગવાનનો પરિચય છોડી, આવા પામરના, રાગના પરિચયમાં જા છો, ભાઈ! મોટો દોષ છે. એ દોષનો અભાવ એ બધા ગુણના ભેદો છે. સમજાય છે કાંઈ? અરે..! પળ પળ ચાલી જાય છે, મહાકિંમતી. આવી પણ મનુષ્યની એક એક પળ ચાલી જાય છે. એ પળમાં કરવાનું તારા આત્માની ભાવનાની વાત છે. અહીં એ કહે છે. એ પળ ગઈ એ આવશે નહિ. એ પળ બીજામાં ગોઠવી. આહાહા..! કાળ જાય છે. દેહને છૂટવાના સમીપમાં કાળ જાય છે. સમજાણું કાંઈ? આમ મડદું પડ્યું હશે. આહાહા..! લ્યો! આતમરામ ચાલ્યો બીજે. જે ભાવ કર્યા એ લઈને ચાલ્યો છે. ત્યાં કોઈ સાથ કે સથવારો, સહાય કે પાંજરાપોળ ત્યાં છે કાંઈ? માટે કહે છે કે ભગવાન! બહુ શું કહેવું? આત્માના ભાવની પ્રવૃત્તિ, ભાવની પ્રવૃત્તિ સ્વભાવની શુદ્ધતાની, એના વ્યવહારના ભેદ છે. એ પર્યાયના ભેદ થયા ને બધા? એને ગુણ સંજ્ઞા કહી. વ્યવહારનો ભેદનો અર્થ રાગાદિ નહિ. અહીં એના વ્યવહાર એટલે ભેદો, પ્રકાર. એમ. તેને ગુણ કહ્યાં.

**'ઉનકી ભાવના રખના. યહાં ઈતના ઔર જાનના કિ ગુણસ્થાન ચૌદહ કહે હૈં, ઉસ પરિપાટીસે ગુણ-દોષોંકા વિચાર હૈ.'** ચોર્યાસી લાખ પૂરા ચૌદમે થાય છે એમ સિદ્ધ કરવું છે. **'મિથ્યાત્વ સાસાદન મિશ્ર ઈન તીનોંમેં તો વિભાવપરિણતિ હી હૈ, ઈનમેં તો ગુણકા વિચાર હી નહીં હૈ.'** મિથ્યાત્વમાં ગુણનો વિચાર શું હોય? જેણે અવગુણ જ જોયા છે, રાગ જોયો છે, દ્વેષ જોયો છે, જેણે ગુણનો પિંડ ભગવાન જોયો જ નથી. સમજાણું કાંઈ? મહા અતીન્દ્રિય આનંદનો સાહેબો ચૈતન્યના મંદિરમાં તો પ્રવેશ જેણે કર્યો નથી. એ ભગવાનઆત્માનું મંદિર કેવું છે? એ કેવું શોભતું હશે? એવા ગુણના ભાન વિના જેની ઈન્દ્રિય સુખમાં બુદ્ધિ છે. બહારના સંસર્ગના પરિણામોમાં જેની બુદ્ધિ અને રુચિ છે, કહે છે

એવા મિથ્યાત્વી, એવા સાસાદન અને મિશ્ર, એમાં તો ગુણની સંજ્ઞા, કાંઈ છે નહિ. એકેય ગુણનો વિચાર જ ક્યાં છે? ગુણ જોયા જ નથી તો ગુણનો વિચાર ક્યાંથી હોય એને? અવગુણ જોયા છે એકલા. આહાહા..! રાગના રસ અને દ્વેષની આકુળતા, એ જોઈ છે એણે. એની ચિંતવના હોય. એમાં આ ચિંતવના હોય નહિ. જેણે હીરા જોયા નથી એને કહે કે હીરાનો વિચાર કરજે. આવા પાસા છે, આવા એમાં ગુણ છે, આવું એનું તેજ છે. પણ જોયા વિના? એમ મિથ્યાત્વમાં જેની રુચિ ઇન્દ્રિયની સુખબુદ્ધિમાં પડી છે એણે આત્મામાં સુખ છે એ તો જોયું નથી. હેં! શેની ચિંતવના એ કરે?

એ ત્રણમાં તો કહે છે કે વિભાવપરિણતિ જ છે એકલી. એમ. ત્યાં તો ગુણનો વિચાર નથી. કેમકે ગુણસ્વરૂપ આત્મા એનું તો ભાન નથી. પછી કહે છે ભલે મહાવ્રત પાળતો હોય તોપણ એને ગુણનું ભાન તો છે નહિ. રાગની ભાવના કરે એ તો. રાગની વિચારણા અને ગુણની વિચારણા એમ થઈ કે નહિ આમાં? જૈન સાધુ દિગંબર થયો. અઠ્યાવીસ મૂળગુણ પાળતો હોય, પંચમહાવ્રત પાળતો હોય તોપણ એને ગુણનું તો ભાન છે નહિ. એટલે એ વિચાર શેનો કરે? એ તો રાગનો જ વિચાર કરે. ભલે એમ માને કે હું આત્માનો વિચાર કરું છું. એ રાગ અને પુણ્ય-પાપના વિકલ્પમાં જ ફસાણો છે. સમજાણું કાંઈ? મિથ્યાત્વમાં તો.. આહાહા..! દિગંબર સાધુ હો, મિથ્યાત્વી છે ને અહીંયાં? પંચમહાવ્રતના ભાવ પાળે, પણ વિકલ્પ. છે મિથ્યાત્વી. કારણ કે રાગને ધર્મ માને છે પણ આત્માનો ધર્મ આનંદસ્વરૂપ છે અંદર એ આનંદસ્વરૂપનું સાધન કોઈ બહારથી આવતું નથી. અંતરથી જ આત્મા ઢોળાઈને પોતાના આનંદને પ્રગટ કરે છે. એવા આનંદના ગુણને જેણે જોયો નથી. ભાળ્યો નથી એટલે પ્રતીત નથી. એવા દિગંબર સાધુ બબ્બે મહિનાના સંથારા કરનાર, તોપણ એ મિથ્યાદષ્ટિ છે. એને આત્માના ગુણનો વિચાર હોતો નથી. આહાહા..! કહો, 'ભીખાભાઈ'! ભારે વાત કરી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વંચિત જ છે. આત્માનું ભાન ક્યાં છે? નવમી ગ્રૈવેયકે ગયો, દિગંબર સાધુ અઠ્યાવીસ મૂળગુણ, લાખો-કરોડો વર્ષ સુધી (પાળ્યા). રુચિ તો રાગમાં પડી છે. રાગ તે મારું કર્તવ્ય છે, રાગ તે મારો ધર્મ છે, રાગ મારે કરવો એ મારી ફરજ છે. મિથ્યાત્વ છે. આકરું કામ છે 'પ્રકાશચંદજી'! લ્યો, ચંદજી આવ્યું. દાસ કરતા ચંદ સારું. કહો, સમજાણું કાંઈ? આહાહા..! પ્રકાશચંદ આત્મા છે. દાસ-બાસ નહિ. આહાહા..!

ભગવાન આનંદનું ધામ છે ને. એકલા શાંતરસના સ્વભાવનો પિંડ પ્રભુ છે. એમાં આકુળતાના રાગનો જેને પ્રેમ છે એ મિથ્યાદષ્ટિ ગુણનો વિચાર કરી શકતો નથી. આહાહા..! ભારે વાત કરી. સમજાણું કાંઈ? કારણ કે જ્યાં એ પુણ્યના પરિણામમાં રુચિ અને સુખબુદ્ધિ પડી છે એથી તો અંતરમાં સુખબુદ્ધિ કરવાને જતો નથી. એથી એને મિથ્યાત્વનો અગ્નિ ઝળહળે છે. એમાં એને આસક્તિના પરિણામનો વાયરો વાય છે. એ ઝળહળ અગ્નિ બળે છે. આહાહા..! વા ત્યાં વા, એમ નથી કહેતા. એક તો અગ્નિથી મકાન સળગ્યું હોય અને એમાં

પવન નીકળ્યો હોય. હોથા બોલાવે આસપાસના મકાનમાં બધાને. હેં!

એમ કહે છે કે એક તો મિથ્યાત્વનો અગ્નિ છે ઊંડો આકરો. અને એમાં રાગના રસની આસક્તિનો પ્રેમ. સળગ્યો એ તો. મિથ્યાત્વી બહારના પંચમહાવ્રત પાળે તો એ અગ્નિથી સળગતો છે, કહે છે. આહાહા..! આવી વાત. એને ગુણનો વિચાર નથી, હોં! કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**મિથ્યાત્વ સાસાદન મિશ્ર ઈન તીનોંમેં તો વિભાવપરિણતિ હી હૈ,...**' સમજાણું કે નહિ? નવમી ગ્રૈવેયકે જૈન દિગંબર સાધુ (થઈને ગયો). આ વસ્ત્ર-પાત્રવાળા તો દ્રવ્યલિંગી પણ નથી. ઓલા તો દ્રવ્યલિંગી સારા ચોખ્ખા પાકા (પાળતો હોય). કહે છે કે પણ એને મિથ્યાત્વ છે ને. એને ગુણનો વિચાર નથી, હોં! આહાહા..! જેણે જે ઘર જોયું નથી એની ભાવના શી રીતે કરે? એણે તો રાગ જોયો છે. આ શરીર ને હાડકા આ બધું જોયું છે. એથી કહે છે, '**મિથ્યાત્વ સાસાદન મિશ્ર ઈન તીનોંમેં તો વિભાવપરિણતિ હી હૈ,...**' એકલી વિકારી... વિકારી... વિકારી... પરિણતિ દશા જ છે. એકલી વિકારી જ્યાં દશા છે ત્યાં આગળ ગુણનો વિચાર ક્યાં આવ્યો? ગુણનો વિચાર શી રીતે આવે એને? આહાહા..! શાંતિથી સમજવા માગે તો આ વાત છે. એમ ને એમ વાદ અને વિવાદ કરવા માગે ને આમ છે, તેમ છે, ઢીકણું છે, ફીકણું છે (એનાથી) પાર પડે એવું નથી. એવી વાત છે. આહાહા..!

વળી, '**અવિરત, દેશવિરત આદિમેં શીલગુણકા એકદેશ આતા હૈ.**' લ્યો! સમ્યગ્દૃષ્ટિ થયો. આત્માના આનંદના સ્વાદનું આનંદમૂર્તિનું ભાન થઈ ગયું છે. ભગવાન તો આનંદની મૂર્તિ આત્મા છે. અતીન્દ્રિય આનંદના સાગરમાં ઝૂલે છે એ ભગવાન છે. આહાહા..! તેરા પ્રભુ તેરેમેં ડોલે. આવ્યું હતું ને ઓલું? બોલતો નહોતો ઓલો? 'તેરા પ્રભુ તેરે મેં ડોલે.' એમ ભગવાન વાણીમાં વીર એમ બોલે. વીર પરમાત્મા એમ બોલે કે તેરા પ્રભુ તેરેમેં ડોલે. આવ્યું હતું આપણે નહિ ઓલો? આવ્યો હતો ને એક? ત્યાં પણ આવ્યો હતો 'હિંમતનગર'માં. સમજાણું કાંઈ?

કહે છે કે એવું જ્યાં આત્માનું સમ્યગ્દર્શન થયું, કે પાંચમું ગુણસ્થાન થાય, ત્યાં તો એને આત્માનું ભાન છે, આત્માના ગુણોને ઓળખ્યા છે, જાણ્યા છે. ત્યાં એકદેશ હોય. આ ચોર્યાસીમાંથી બધા ન હોય એમ કહે છે. એક ગુણનો એક ભાગ હોય. ચોર્યાસીના પૂર્ણ તો ચૌદમે ગુણસ્થાને છેલ્લે થાય, એમ કહે છે. અહીંથી શરૂઆત કરે છે હવે. સમજાણું કાંઈ? આહાહા..! ત્યારે કહે, આ સમકિતી પણ વિષય તો લે છે ને? બાપુ! આર્ય માણસના મોઢામાં કોઈ માંસનો કટકો નાખે એનો એ સ્વાદ લેવા રોકાતો હશે? સમજાણું કાંઈ? સસલાનો તાજો માંસનો કટકો લઈને આમ મોઢામાં નાખે. આર્ય માણસ જેને, માંસ પ્રત્યેની રુચિ નથી સ્વપ્નામાં, એને માંસનો કટકો મોઢામાં નાખે તો એ રસ લેવા મોઢામાં પડ્યો છે ટુકડો એમ હશે? એમ ધર્મીને એ રાગનો ભાગ આવે પણ માંસનો ટુકડો છે. એનો સ્વાદ એને આવતો નથી. આહાહા..! સમજાણું કાંઈ? 'હરિનો મારગ છે શુરાનો, કાયરના નહિ કામ.'

એય..! કાયરના કામ એમાં નથી, કહે છે. આહાહા..!

અહીં તો કહે છે કે એકલી ભગવાનની ભક્તિ કરે, ગુરુની ભક્તિ કરે અને પંચમહાવ્રત પાળે, એમાં પડેલો પણ એકલો વિભાવમાં પડેલો છે એમ કહે છે. હેં! એને ધર્મ શું છે એની ખબર નથી. આહાહા..! એવાઓને ગુણનો વિચાર ન હોય એમ કહે છે અહીં તો. ભાઈ! આહાહા..! ભગવાન ને ગુરુ ને શાસ્ત્રની ભક્તિ એ રાગ છે. એ રાગમાં પડ્યો છે અને એમાં લીન છે એ મિથ્યાદૃષ્ટિ છે. એને ગુણનો વિચાર હોતો નથી. આહાહા..! સમજાણું કાંઈ? 'કાંતિભાઈ'! આવો માર્ગ છે, ભાઈ! આહાહા..! વીરના પંથે તો વીરો ચાલી શકે. કાયરના ત્યાં કામ નથી. સાંભળીને ધ્રુજી ઊઠે, અર..ર..! પંચમહાવ્રત પાળે, ભક્તિ ભગવાનની કરે અને બખબખિયા વગાડે સવારથી સાંજ સુધી બરાબર આખી રાત. આ શું કહેવાય? જાગરણ કર્યું. જાગરણ કર્યું કે અંધકાર કર્યો એ તને ખબર નથી. એ રાગની ક્રિયામાં પોતાનું સ્વરૂપ માનીને એનાથી મને કલ્યાણ થશે એમ માનતો અંધારાને માને છે. અંજવાળાને માનતો નથી. સમજાણું કાંઈ? અહીં તો જરી .. થી વાત છે કે ચોથે અને પહેલાની વાતને આંતરો કેટલો પાડ્યો છે? ભલે એકદેશ છે પણ છે તો ગુણને જોયેલા અને ગુણનું ભાન છે. એટલે એક અંશ પણ ચોથે ગુણસ્થાને ચોર્યાસી લાખ ગુણમાંથી પ્રગટેલા છે કહે છે. એમ. સમજાણું કાંઈ? દૃષ્ટિમાં પૂર્ણ લીધો છે પણ પ્રગટ્યા છે ગુણો-પર્યાય થોડા.

'**એકદેશ સમ્યક્ત્વ ઔર તીવ્ર રાગદ્વેષકા અભાવરૂપ ગુણ આતા હૈ...**' જુઓ! છે ને? '**અવિરતમેં મિથ્યાત્વ અનંતાનુબંધી કષાયકે અભાવરૂપ ગુણકા એકદેશ સમ્યક્ત્વ...**' એમ, મિથ્યાત્વનો અભાવ તે એકદેશ સમકિત. અનંતાનુબંધીનો અભાવ તે એકદેશ '**રાગદ્વેષકા અભાવરૂપ...**' તીવ્ર એટલા ગુણ એને સમ્યગ્દર્શનમાં આવે છે. શું કીધું? મિથ્યાત્વનો અભાવ (થયો) ત્યાં સમ્યગ્દર્શનની પર્યાય (પ્રગટ થઈ) એ ગુણ છે. અનંતાનુબંધી તીવ્ર કષાયનો અભાવ એટલો શાંતરસનો પર્યાય પ્રગટ્યો એટલો ગુણ છે. આહાહા..! '**ઔર દેશવિરતમેં કુછ વ્રતકા એકદેશ આતા હૈ.**' પાંચમા ગુણસ્થાનમાં કાંઈક શાંતિનો અંશ વિશેષ છે. બીજો કષાય ઘટ્યો છે ને? એટલે કંઈક ત્યાં એકદેશ આવે છે.

'**પ્રમત્તમેં મહાવ્રતરૂપ સામાયિક ચારિત્રકા એકદેશ આતા હૈ...**' સાધુ છઠ્ઠે ગુણસ્થાને આત્માના આનંદની ઝલક અનુભવનારા. એને '**મહાવ્રતરૂપ સામાયિક ચારિત્રકા એકદેશ આતા હૈ. ક્યોંકિ પાપસંબંધી રાગ દ્વેષ તો વહાં નહીં હૈ, પરંતુ ધર્મસંબંધી રાગ હૈ ઔર સામાયિક રાગ-દ્વેષકે અભાવકા નામ હૈ, ઈસલિયે સામાયિકકા એકદેશ હી કહા હૈ.**' એને સામાયિકનો એક ભાવ એમ કહે છે. એ છઠ્ઠે પણ સામાયિકનો એકદેશ કહીએ, એમ કહે છે. આહાહા..! એને રાગ પ્રમત્તનો બાકી છે ને?

'**યહાં સ્વરૂપકે સન્મુખ હોનેમેં ક્રિયાકાંડકે સંબંધસે પ્રમાદ હૈ,...**' જુઓ! સ્વરૂપના સન્મુખને વિષે ક્રિયાકાંડના સંબંધનો પ્રમાદ છે. પંદર પ્રમાદનો છે ને ભાગ? '**ઈસલિયે પ્રમત્ત નામ દિયા હૈ.**' વળી અપ્રમત્ત વિષે સાતમું ગુણસ્થાન, એ ચોર્યાસી લાખ ગુણનો થોડો અંશ

વધતો... વધતો... વધતો... વધતો.. વધે છે, એમ કહે છે. **'સ્વરૂપ સાધનેમેં તો પ્રમાદ નહીં હૈ,...'** ઓલામાં હતું ને? **'સ્વરૂપ કે સન્મુખ હોનેમેં ક્રિયાકાંડકે સંબંધસે પ્રમાદ હૈ,...'** એમ. વિકલ્પ એટલો હોય ત્યાં. અને **'અપ્રમત્તમેં સ્વરૂપ સાધનેમેં તો પ્રમાદ નહીં હૈ, પરંતુ કુછ સ્વરૂપકે સાધનેકા રાગ વ્યક્ત હૈ,...'** એમ કહ્યું, જુઓ! ઓલું છઠ્ઠે છે ને એટલે સાતમે ત્યાં સુધી ગયો છે. એટલે કાંઈ રાગ આમ કરું... આમ કરું.. એ ભાગ હજી ત્યાં સુધી સાતમા સુધી રહી ગયો છે, એમ કહે છે. શ્રેણી નથી ને ક્ષપક, શુક્લધ્યાન નથી એટલે ત્યાં સુધી એને એ જાતનું ગણ્યું છે.

**'ઈસલિયે યહાં ભી સામાયિકકા એકદેશ હી કહા હૈ.'** એ સાતમા ગુણસ્થાનમાં ચારિત્રસહિત સમકિતસહિત ચારિત્ર પણ એને એકદેશ સામાયિકનો એકદેશ ભાગ સમતાનો એકદેશ કહીએ. પૂર્ણ સમતા નથી એને. આહાહા..! વળી, **'અપૂર્વકરણ-અનિવૃત્તિકરણમેં રાગ વ્યક્ત નહીં હૈ,...'** પ્રગટ નથી. શુક્લ થઈ ગયું ને? શુક્લધ્યાન. **'અવ્યક્તકષાયકા સદ્ભાવ હૈ,...'** શુક્લની અપેક્ષાએ ગણ્યું ત્યાં. ઓલું ધર્મધ્યાન હતું ને? **'ઈસલિયે સામાયિક ચારિત્રકી પૂર્ણતા કહી.'** હજી ત્યાં પણ સામાયિક અને પૂર્ણતા નથી આઠમે, નવમે.

**'સૂક્ષ્મસાંપરાયમેં અવ્યક્ત કષાય ભી સૂક્ષ્મ રહ ગઈ, ઈસલિયે ઈસકા નામ સૂક્ષ્મસાંપરાય રખા. ઉપશાંતમોહ ક્ષીણમોહમેં કષાયકા અભાવ હી હૈ, ઈસલિયે જૈસા આત્માકા મોહ-વિકારરહિત શુદ્ધ સ્વરૂપ થા ઉસકા અનુભવ હુઆ, ઈસલિયે યથાખ્યાતચારિત્ર નામ રખા. ઐસે મોહકર્મકે અભાવકી અપેક્ષા તો યહાં હી ઉત્તરગુણોંકી પૂર્ણતા કહી જાતી હૈ,...'** મોહના અભાવની અપેક્ષાએ. **'પરંતુ આત્માકા સ્વરૂપ અનંતજ્ઞાનાદિ સ્વરૂપ હૈ સો ઘાતિકર્મકે નાશ હોનેપર અનંતજ્ઞાનાદિ પ્રગટ હોતે હૈં તબ સયોગકેવલી કહતે હૈં. ઈનમેં ભી કુછ યોગોંકી પ્રવૃત્તિ હૈં, ઈસલિયે અયોગકેવલી ચૌદહવાં ગુણસ્થાન હૈ. ઈસમેં યોગોંકી પ્રવૃત્તિ મીટ કર આત્મા અવસ્થિત હો જાતી હૈ તબ ચૌરાસીલાખ ઉત્તરગુણોંકી પૂર્ણતા કહી જાતી હૈ.'** આહાહા..! છેક ચોથેથી ત્યાં સુધી લીધું. જુઓ! આટલા આવા પ્રકાર, વિભાવના પ્રકાર, ગુણના પ્રકાર, પર્યાયના આટલા ભેદો એ સર્વજ્ઞ સિવાય ક્યાંય એ વાત હોય નહિ. એણે ક્યાંય જોયું? સર્વજ્ઞે તો એક એક પર્યાયના અવિભાગ પ્રતિચ્છેદ ને બધું જોયું. એ વાત કરે છે. બીજે ઓઘે-ઓઘે આત્મા જાણો આમ થાય ને આત્માનું થાય. એ ઓઘે (વાત કરે છે). એને આત્મા કેવો અને શું પર્યાયનું કાંઈ ભાન નથી. 'પ્રકાશદાસજી'! આવે છે કે નહિ? ઓલા કબીર-બબીરમાં આવે છે. શું કહેવાય ત્યાં? તે દિ' સાંભળ્યું હતું. શેમાં? 'ગોરડકા'. 'ગોરડકા' ગયા હતા ત્યારે 'ભુરોભાઈ' નહિ ઓલા? 'રતિભાઈ' નથી આવતા 'અમદાવાદ'વાળા? એના બાપ. .. એ અને એક માણસ આવ્યો હતો કોઈક ગામનો. કબીરનો ભગત હશે. મોટી માંડી હતી. ...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કાંઈક બોલતી હતી. .. ઘર નહિ. અહીં રાત્રે ન આવ્યા. એણે આખું ગાયું હતું. પણ એમાં મૂળ તત્ત્વની ખબર ન મળે. તત્ત્વ વિનાના ગાણા. વૈરાગ્યની વાતું. આત્મા આવો અને આત્મા આવો, એવું આવે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એને બિચારાને ... કલ્પિત ખરું પણ એ જાતની હદમાં ... મર્યાદા એટલી આગળ ગઈ નહિ અંદર. એ .. વખાણ કર્યા. બધો વિસ્તાર ભાવમાં.

મુમુક્ષુ :- અનુમાન પણ નહિ?

ઉત્તર :- અનુમાન ન મળે કાંઈ, સાચું જ્ઞાન તો છે જ નહિ. પણ આ તો કલ્પનામાં એ જાતની વિચારધારા આવે છે ને? અન્યમતિમાં આવે છે ને નિરંજન નિરાકાર, અનુભવી થયા. આવે છે નહિ? 'દાદુ દુનિયા બાવરી...' આ 'દાદુ'નું નહોતું કીધું? 'દાદુ કહે દુંદ ફાટી, અવળી ચાલી સેર, ભટકવું હતું મટી ગયું અને વસ્તુ જડી ઘેર.' ત્યાં ક્યાં જડી છે એને ખબર છે? પણ એને એટલું લાગ્યું કે આત્મા કોઈક આવો છે અને આમ છે. એવું ઓઘે અજ્ઞાનભાવે (માન્યું).

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, એવું આવે છે. અમારે ગુજરાતમાં તો એવા ઘણા .. આચાર્યો ને બધા અનુભવ થઈ ગયો છે નિરંજન એવો અર્થ કરે. એક ગરાસિયો હતો. અમે ગયા હતા ને. ક્યાં? 'મોરબી' જતા નીકળ્યા હતા. 'મેઘાવળી' 'મેઘવદર'. આની કોર નહિ? 'વાંકાનેર' થી 'મોરબી' જતા એક ગામ આવે છે ને ગરાસિયાનું? ત્યાં બહાર. હતું ને બધા આવ્યા હતા, બહેનો પણ આવ્યા હતા. કઈ સાલ? (સંવત) ૧૯૯૦ની સાલ. 'મેઘવદર'. પેલો ગરાસિયો હતો અને આપણે ઉતર્યા હતા. તમે નહોતા ત્યારે. આવ્યા હતા. ૯૦ની સાલની વાત છે. 'મોરબી' જાવું હતું ત્યારે. એ બહુ એમ કહેતો હતો. બાવો નહોતો ગરાસિયો હતો. ગરાસિયો બધું સોંપી દીધેલું ધર્માદે. સ્થાન છે ત્યાં. નહિ? 'મોરબી'ની આની કોર નહિ? ગરાસિયાની એક મોટી સ્થાન છે. ઓલા શું કહેવાય ? 'મેઘવદર' એ કહું છું. 'મેઘવદર' ગામ છે ને 'મોરબી' જતા આની કોર. ત્યાંથી પછી 'ટંકારે' ગયા હતા. મેઘવદર-મેઘવદર. ખબર છે, મેઘવદર આવ્યું હતું નામ. એ ગરાસિયો છે. રાત્રે સાંભળવા બેસે, બરાબર સાંભળે. પાછું એના ગાયનમાં જોડેલું કે અમને સાક્ષાત્કાર થયો છે. પણ ભાન ન મળે કાંઈ. શું કહેવાય? રામદેવપીર. રામદેવપીરનો ફોટો હતો અંદર. તમે તે દિ' ક્યાં હતા? ૯૦માં-૯૦માં. 'મેઘવદર', નહિ? ઓલા ગરાસિયાની સાથે. રામ બાપુ રામ. રામપીર રામપીર કહે એ. રામદેવપીર. એ ફોટા હતા અંદર જોયા. નરમ માણસ ખરા. સાંભળવા બેસે તો બરાબર સાંભળે. આહાહા..! અરે..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ ચીજ છે એ આખી ચીજ જ ગુમ છે. સર્વજ્ઞની પરંપરા સિવાય એ માર્ગ ક્યાંય મળે એવો નથી.

અહીં કહે છે. જુઓને! આ વાત તો એક એક ન્યાયમાં એ સર્વજ્ઞે કેવું જોયું? પર્યાયના ભેદો કેટલા જોયા? વિભાવના ભેદ કેટલા જોયા? એનો અભાવ કરવો અને એ બધી વાત સર્વજ્ઞ સિવાય ક્યાંય હોય નહિ.

**'ऐसे गुणस्थानोंकी अपेक्षा उत्तरगुणोंकी प्रवृत्ति विचारने योग्य है. ये बाह्य अपेक्षा भेद हैं, अंतरंग अपेक्षा विचार करें तो संख्यात, असंख्यात, अनंत भेद होते हैं,...'** .. અનંત ભેદ છે ધર્મની પર્યાયના. પણ ટૂંકામાં સંક્ષેપમાં કહેવું હોય તો આમ .. **'इसप्रकार जानना चाहिये.'** લ્યો!

---

**आगे भेदोंके विकल्पसे रहित होकर ध्यान करनेका उपदेश करते हैं :–**

**झायहि धम्मं सुक्कं अट्ट रउद्दं च झाण मुत्तूण।**
**रुद्दट्ट झाइयाइं इमेण जीवेण चिरकालं।।१२१।।**

**ध्याय धर्म्यं शुक्लं आर्तं रौद्रं च ध्यानं मुक्त्वा।**
**रौद्रार्ते ध्याते अनेन जीवेन चिरकालम्।।१२१।।**

**ધ્યા ધર્મ્ય તેમ જ શુક્લને, તજી આર્ત તેમ જ રૌદ્રને,**
**ચિરકાલ ધ્યાયાં આર્ત તેમ જ રૌદ્ર ધ્યાનો આ જીવે. ૧૨૧.**

अर्थ :– हे मुनि! तू आर्त–रौद्र ध्यानको छोड़ और धर्म–शुक्लध्यान हैं उन्हें ही कर, क्योंकि रौद्र और आर्तध्यान तो इस जीवने अनादिकालसे बहुत समय तक किये हैं।

भावार्थ :– आर्त–रौद्र ध्यान अशुभ हैं, संसारके कारण हैं। ये दोनों ध्यान तो जीवके विना उपदेश ही अनादिसे पाये जाते हैं, इसलिये इनको छोड़नेका उपदेश है। धर्म–शुक्ल ध्यान स्वर्ग–मोक्षके कारण हैं। इनको कभी नहीं ध्याया, इसलिये इनका ध्यान करनेका उपदेश है। ध्यानका स्वरूप 'एकाग्रचिंतानिरोध' कहा है; धर्मध्यानमें तो धर्मानुरागका सद्भाव है सो धर्मके–मोक्षमार्गके कारण में रागसहित एकाग्रचिंतानिरोध होता है, इसलिये शुभरागके निमित्तसे पुण्यबन्ध भी होता है और विशुद्ध भावके निमित्तसे पापकर्मकी निर्जरा भी होती है। शुक्लध्यानमें आठवें नौंवे दसवें गुणस्थानमें तो अव्यक्तराग है। वहाँ अनुभव–अपेक्षा उपयोग उज्जवल है, इसलिये 'शुक्ल' नाम रखा है और इससे ऊपरके गुणस्थानोंमें राग–कषायका

अभाव ही है, इसलिये सर्वथा ही उपयोग उज्ज्वल है, वहाँ शुक्लध्यान युक्त ही है। इतनी और विशेषता है कि उपयोगके एकाग्रपनारूप ध्यानकी स्थिति अन्तर्मुहूर्तकी कही है। उस अपेक्षासे तेरहवें–चौदहवें गुणस्थानमें ध्यानका उपचार है और योगक्रियाके स्थंभनकी अपेक्षा ध्यान कहा है। यह शुक्लध्यान कर्मकी निर्जरा करके जीवको मोक्ष प्राप्त कराता है, ऐसे ध्यानका उपदेश जानना।।१२१।।

## ગાથા-૧૨૧ ઉપર પ્રવચન

૧૨૧. '**આગે ભેદોંકે વિકલ્પસે રહિત હોકર ધ્યાન કરનેકા ઉપદેશ કરતે હૈં :-**'

**झायहि धम्मं सुक्कं अट्ट रउद्दं च झाण मुत्तूण।**

**रुद्दट्ट झाइयाइं इमेण जीवेण चिरकालं।।१२१।।**

**અર્થ :-** '**હે મુનિ! તુ આર્ત-રૌદ્ર ધ્યાનકો છોડ ઔર ધર્મ-શુક્લધ્યાન હૈં ઉન્હેં હી કર,...**' ધર્મ શબ્દ પડ્યો રહ્યો છે ત્યાં. '**ક્યોંકિ રૌદ્ર ઔર આર્તધ્યાન તો ઈસ જીવને અનાદિકાલસે બહુત સમય તક કિયે હૈં.**' અનંતકાળથી આર્ત અને રૌદ્રધ્યાન ધ્યાતો આવે છે. આહાહા..! આત્માના આનંદના ધ્યાનની એકાગ્રતા સિવાય જેટલી રાગની એકાગ્રતા એ બધું આર્તધ્યાન છે. એવું આર્તધ્યાન તો અનંતકાળથી કર્યું છે. '**બહુત સમય તક કિયે હૈં.**'

**ભાવાર્થ :-** '**આર્ત-રૌદ્ર ધ્યાન અશુભ હૈ,...**' એ તો અશુભ છે. 'સંસાર કે કારણ હૈં. યે દોનોં ધ્યાન તો જીવકે બિના ઉપદેશ હી અનાદિસે પાયે જાતે હૈં,...' દો શબ્દ છપાઈ ગયો છે. દોય ધ્યાન જીવને વિના ઉપદેશે એની મેળાએ આર્ત અને રૌદ્રધ્યાન તો એને ઉપદેશ દેવો પડતો નથી. એ તો શીખીને જ બેઠો છે અનાદિથી. આહાહા..!

મુમુક્ષુ :- અહીં દો શબ્દ છે.

ઉત્તર :- કીધું ને દોય. કીધું. '**યે દોનોં ધ્યાન તો...**' એમ. બે ધ્યાન જોઈએ ત્યાં. દોય ધ્યાન નહિ.

'**દોનોં ધ્યાન તો જીવકે વિના ઉપદેશ હી અનાદિસે પાયે જાતે હૈં,...**' બેની અહીં વાત કરી છે ને પાઠમાં? ખોટું છપાઈ ગયું છે. દોનોં જોઈએ. કહ્યું હતું, એ પહેલું કહ્યું હતું શરૂઆત કરતા. '**ઈસલિયે...**' દોય ધ્યાન શબ્દ ન હોય એને. દોય ધ્યાન જોઈએ. દોય ધ્યાન મેળ વિનાનું, ઠેકાણા વિનાનું છે. એ યનો ષ થઈ ગયો છે. '**જીવકે વિના ઉપદેશ હી અનાદિસે પાયે જાતે હૈં, ઈસલિયે ઈનકો છોડનેકા ઉપદેશ હૈ. ધર્મ-શુક્લધ્યાન સ્વર્ગ-મોક્ષકે કારણ હૈં.**' એમ. ધર્મધ્યાનમાં જેટલી શુદ્ધિ આત્માના આશ્રયે છે એ તો મોક્ષનું કારણ છે. વિકલ્પ બાકી છે એ સ્વર્ગનું કારણ છે. શુક્લધ્યાન તો મોક્ષનું જ કારણ છે.

'**ઈનકો કભી નહીં ધ્યાયા,...**' દેખો! બે ધ્યાનને કોઈ દિ' ધ્યાન કર્યું નથી. '**ઈનકો**

**કભી નહીં ધ્યાયા, ઈસલિયે ઈનકા ધ્યાન કરનેકા ઉપદેશ હૈ.**' આહાહા..! હવે ખુલાસો કરે છે. '**ધ્યાનકા સ્વરૂપ એકાગ્રચિંતાનિરોધ કહા હૈ;...**' એકાગ્ર ચિંતા નિરોધો. ચિંતા નિરોધો ધ્યાન એમ નહિ. એકાગ્ર ચિંતા નિરોધો ધ્યાનમ. એક અસ્તિતત્ત્વ આખું પરમાત્મા પોતે છે એની દૃષ્ટિમાં લઈને એકાગ્ર ચિંતા નિરોધો ધ્યાનમ. સાંખ્ય આદિમાં ચિંતા નિરોધો ધ્યાનમ એમ કહ્યું છે. નાસ્તિથી વાત છે. અસ્તિ શું પણ? એકાગ્ર તે અસ્તિ છે, ચિંતા નિરોધો તે નાસ્તિ છે. સમજાણું કાંઈ? ભગવાન પૂર્ણાનંદ પ્રભુ, એને દૃષ્ટિમાં લઈ અને એનું ધ્યાન કરવું એમાં ચિંતાનો નિરોધ હોય છે. બીજા વિકલ્પનો અભાવ હોય છે. એને અહીંયાં ધર્મધ્યાન કહેવામાં આવે છે. બેયની વ્યાખ્યા છે.

'**ધર્મધ્યાનમેં તો ધર્માનુરાગકા સદ્ભાવ હૈ...**' એમ કહે છે. સ્વભાવની એકાગ્રતા છે પણ હજી રાગનો ભાગ સાથે છે. એમ. '**ધર્માનુરાગકા સદ્ભાવ હૈ સો ધર્મકે-મોક્ષમાર્ગકે કારણમેં રાગસહિત એકાગ્રચિંતાનિરોધ હોતા હૈ,...**' એમ. રાગનો ભાગ બાકી છે અને સ્વરૂપમાં એકાગ્રતા છે. એને ધર્મધ્યાન કહેવામાં આવે છે. એકલો રાગ છે એ ધર્મધ્યાન નથી એમ કહે છે. અત્યારે કહે છે ને આ? શુભભાવ એ જ ધર્મધ્યાન છે. નહિ.

કહે છે, '**મોક્ષમાર્ગકે કારણમેં રાગસહિત એકાગ્રચિંતાનિરોધો હોતા હૈ, ઈસલિયે શુભરાગકે નિમિત્તસે પુણ્યબંધ ભી હોતા હૈ ઔર વિશુદ્ધ ભાવકે નિમિત્તસે પાપકર્મકી નિર્જરા ભી હોતી હૈ.**' સમજાણું કાંઈ? પુણ્ય બંધાય છે ત્યાં. પુણ્યનો રસ છે ને, પડે છે શુભભાવનો. વળી '**શુક્લધ્યાનમેં આઠવેં નૌવે દસવેં ગુણસ્થાનમેં તો અવ્યક્તરાગ હૈ. વહાં અનુભવ અપેક્ષા ઉપયોગ ઉજ્જ્વલ હૈ,...**' શુક્લ કીધું ને શુક્લ? અનુભવ અપેક્ષાએ ઉજ્જ્વળ છે. જેટલી એકાગ્રતા છે એટલી તો સંવર-નિર્જરા છે. અને જેટલો રાગ છે એમાં પુણ્ય બંધાય છે ધર્મ-ધ્યાનમાં. અને પાપની કેટલીક નિર્જરા થાય છે. પણ એકાગ્રતા થઈ એ ધર્મધ્યાન ખરું તો છે. ઓલું તો સાથે રાગ છે અને વ્યવહાર ધર્મધ્યાન કહેવાય. વ્યવહાર ધર્મધ્યાન કહે તે બંધનું કારણ છે. એમ. એકલો શુભઉપયોગ તે ધર્મધ્યાન છે એમ નહિ. સમજાણું કાંઈ? એમ લીધું ને 'મોક્ષમાર્ગ કે કારણમેં...' એમ છે ને? '**રાગસહિત એકાગ્રચિંતાનિરોધ હોતા હૈ,...**' રાગસહિત એકાગ્ર ચિંતા, દ્રવ્યમાં એકાગ્રતા તો છે.

'**શુભરાગકે નિમિત્તસે પુણ્યબંધ ભી હોતા હૈ ઔર વિશુદ્ધ ભાવકે નિમિત્તસે પાપકર્મકી નિર્જરા ભી હોતી હૈ.**' અહીંયાં આગળ '**અનુભવ અપેક્ષા ઉપયોગ ઉજ્જ્વલ હૈ,...**' આઠમેં, નવમેં, દસમેં. '**ઈસલિયે શુક્લ નામ રખા હૈ...**' ઉજ્જ્વલ શુક્લ નામ ઉજ્જ્વળ. આટલા બધા ભેદો માણસને કાંઈ યાદ ન રહે. એ તો વિચારના પ્રકારો બધા આવે ને સમજવા માટે. દુનિયાના ભેદ-પ્રભેદ કેમ સમજે દુનિયાના? '**ગુણસ્થાનોંમેં રાગ-કષાયકા અભાવ હી હૈ, ઈસલિયે સર્વથા હી ઉપયોગ ઉજ્જ્વલ હૈ, વહાં શુક્લધ્યાન યુક્ત હી હૈ. ઈતની ઔર વિશેષતા હૈ કિ ઉપયોગકે એકાગ્રપનારૂપ ધ્યાનકી સ્થિતિ અન્તર્મુહૂર્તકી કહી હૈ. ઉસ**

**અપેક્ષાસે તેરહવેં-ચૌદહવેં ગુણસ્થાનમેં ધ્યાનકા ઉપચાર હૈ...**' અંતર્મુહૂર્તની સ્થિતિ કીધી અને ધ્યાન તો નિરંતર ત્યાં છે. એ ઉપચારથી કહેવામાં આવે છે. ખરું તો સ્થિરતા-રમણતા જ અંદર પૂર્ણ છે. ત્યાં તો એમ લીધું છે ને 'પ્રવચનસાર'માં. સ્થિરતા લીધી છે એકલી ધ્યાનની. અહીં ઉપચાર કર્યું. નહિતર ખરું ધ્યાન જામી ગયેલું છે અંદર. પણ ઓલી અંતર્મુહૂર્તની સ્થિતિ ઘણી છે ને? એ અપેક્ષાએ. એમ. ત્યાં તો જામી ગયેલું સદાય, કરોડપૂર્વ કે અક્ષરના અનંતમાં ભાગે હવે અંતર્મુહૂર્તની સ્થિતિ કીધી એટલે શું કરવું? .. ધ્યાન કીધું. બધી જાણવાની વાત છે થોડી થોડી.

'**ઔર યોગક્રિયાકે સ્થંભનકી અપેક્ષા ધ્યાન કહા હૈ.**' યોગ થંભી જાય છે ને થોડો-થોડો-થોડો? યોગ. '**યહ શુક્લધ્યાન કર્મકી નિર્જરા કરકે જીવકો મોક્ષ પ્રાપ્ત કરાતા હૈ,...**' લ્યો! '**ઐસે ધ્યાનકા ઉપદેશ જાનના.**'

---

**आगे कहते हैं कि यह ध्यान भावलिंगी मुनियोंको मोक्ष करता है :-**

**जे के वि दव्वसवणा इंदियसुहआउला ण छिंदंति।**
**छिंदंति भावसवणा झाणकुढारेहिं भवरुक्खं।।१२२।।**

**ये केऽपि द्रव्यश्रमणा ईन्द्रियसुखाकुलाः न छिन्दन्ति।**
**छिन्दन्ति भावश्रमणाः ध्यानकुठारैः भववृक्षम्।।१२२।।**

**દ્રવ્યે શ્રમણ ઇન્દ્રિયસુખાકુલ હોઈને છેદે નહીં;**
**ભવવૃક્ષ છેદે ભાવશ્રમણો ધ્યાનરૂપ કુઠારથી. ૧૨૨.**

**अर्थ :- कई द्रव्यलिंगी श्रमण हैं, वे तो इन्द्रियसुखमें व्याकुल हैं, उनके यह धर्म-शुक्लध्यान नहीं होता है। वे तो संसाररूपी वृक्षको काटनेमें समर्थ नहीं है, और जो भावलिंगी श्रमण हैं, वे ध्यानरूपी कुल्हाड़ेसे संसाररूपी वृक्षको काटते हैं।**

**भावार्थ :- जो मुनि द्रव्यलिंग तो धारण करते हैं, परन्तु उनको परमार्थ-सुखका अनुभव नहीं हुआ है, इसलिये इहलोक परलोकमें इन्द्रियोंके सुख ही को चाहते हैं, तपश्चरणादिक भी इसी अभिलाषासे करते हैं उनके धर्म-शुक्ल ध्यान कैसे हो? अर्थात् नहीं होता है। जिनने परमार्थ सुखका आस्वाद लिया उनको इन्द्रियसुख दुःख ही है ऐसा स्पष्ट भासित हुआ है, अतः परमार्थ सुखका उपाय धर्म-शुक्ल ध्यान है उसको करके वे संसारका अभाव करते हैं, इसलिये भावलिंगी होकर ध्यानका अभ्यास करना चाहिये।।१२२।।**

---

## ગાથા-૧૨૨ ઉપર પ્રવચન

**'આગે કહતે હૈં કિ યહ ધ્યાન ભાવલિંગી મુનિયોંકો મોક્ષ કરતા હૈ :-'**

**जे के वि दव्वसवणा इंदियसुहआउला ण छिंदंति।**

**छिंदंति भावसवणा झाणकुढारेहिं भवरुक्खं।।१२२।।**

જુઓ! આવ્યું હવે અહીંયાં. આહાહા..!

**અર્થ :-** **'કઈ દ્રવ્યલિંગી શ્રમણ હૈ,...'** સાધુ થયા. દ્રવ્યલિંગી, હજારો રાણીને છોડી. જંગલમાં રહ્યા. **'વે તો ઇન્દ્રિયસુખમેં વ્યાકુલ હૈ,...'** કેમ કે મિથ્યાત્વભાવ છે ત્યાં ઈન્દ્રિયસુખમાં પ્રીતિ છે. આહાહા..!

મુમુક્ષુ :- ઈન્દ્રિયસુખમાં પ્રીતિ છે.

ઉત્તર :- છે. અતીન્દ્રિય સુખની દૃષ્ટિ થઈ નથી.

સમ્યગ્દર્શન એટલે? અતીન્દ્રિય સુખની રુચિનું પરિણમન એનું નામ સમ્યગ્દર્શન. સમજાણું કાંઈ? એ તો ત્યાં દ્રવ્યલિંગમાં જુઓ! ત્યાં સુધી વાત લીધી. દિગંબર સાધુ અઠ્યાવીસ મૂળગુણ પાળે, પંચમહાવ્રત પાળે, શરીરથી બ્રહ્મચર્ય બરાબર પાળે. પણ છે ઈન્દ્રિયસુખ વિષે બુદ્ધિ. એમ કહે છે. આહાહા..! કારણ કે અતીન્દ્રિય આનંદનું ધામ ભગવાન, એનું તો ભાન નથી. એથી એને ઈન્દ્રિયસુખમાં વ્યાકુળ છે. આકુળતા છે ને એને? પંચમહાવ્રતના પરિણામ તે આકુળતા છે. અને એનાથી ઈન્દ્રિયસુખમાં પ્રેમ છે એને રાગનો જ પ્રેમ છે એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? જેનાથી ઈન્દ્રિયોના સુખ મળે એવો જે ભાવ, એ ભાવ પોતે જ ઈન્દ્રિયના સુખબુદ્ધિવાળો છે એમ કહે છે. અતીન્દ્રિય આત્મા ભગવાન એની રુચિનો અભાવ છે.

અજ્ઞાનીનો ઉત્સાહ રાગમાં વર્તે છે એમ કહે છે. ચાહે તો પંચમહાવ્રત પાળતો હોય. રાગમાં વર્તે છે એટલે ઈન્દ્રિયસુખમાં બુદ્ધિ વર્તે છે એમ કહે છે. સમજાણું કાંઈ? અતીન્દ્રિય આનંદનો સાહેબો ભગવાન, એનું તો એને ભાન અને અનુભવ થયો નથી. આહાહા..! બહુ ગાથા સરસ છે, હોં! આ દ્રવ્યશ્રમણ લઈ ઇન્દ્રિય સુખમાં આકુળતાને આને કારણે ... **'ઉનકે યહ ધર્મ-શુક્લધ્યાન નહીં હોતા હૈ.'** એમ કહે છે. આહાહા..! **'ઉનકે યહ ધર્મ-શુક્લધ્યાન નહીં હોતા હૈ. વે તો સંસારરૂપી વૃક્ષકો કાટનેમેં સમર્થ નહીં હૈ,...'** લ્યો! **'आउला ण छिंदंति'** ઓલામાં લીધું ને? **'झाणकुढारेहिं भवरुक्खं छिंदंति'** તો આ ન **'छिंदंति'** એમ. ન છિદંતિ. શું કીધું? કે જેને આત્મા અતીન્દ્રિય આનંદનું ભાન નથી થયું, અતીન્દ્રિય આનંદનું સમ્યગ્દર્શન થયું નથી એને ઈન્દ્રિયના વિષયમાં આકુળતાબુદ્ધિ વર્તે છે. એથી એ ભવને છેદી શકશે નહિ. કારણ કે ભવને છેદવાનું કારણ તો સ્વભાવનો ભાવ છે. સ્વભાવના ભાવની તો ખબર નથી. એટલે ભવને છેદી શકશે નહિ. આહાહા..!

**'સંસારરૂપી વૃક્ષકો કાટનેમેં સમર્થ નહીં હૈ, ઔર જો ભાવલિંગી શ્રમણ હૈં, વે**

**ધ્યાનરૂપી કુલ્હાડેસે સંસારરૂપી વૃક્ષકો કાટતે હૈં.'** ભાવશ્રમણને તો સમ્યગ્દર્શન છે. અહીં વજન એ લેવું છે. સમ્યગ્દર્શનમાં આત્માના અતીન્દ્રિય આનંદનો પ્રેમ ને રુચિ ને સ્વાદ આવ્યો છે. એથી અતીન્દ્રિય આનંદના પરિણમનમાં કે અતીન્દ્રિય આનંદની વૃદ્ધિ કરવામાં એ સંસારને છેદે છે. આકુળતા છેદાય છે. બહુ ટૂંકી ભાષામાં ન્યાય આપ્યો. જેને અતીન્દ્રિય આત્મા, અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય આત્મા, વિકલ્પથી અને રાગથી પાર, એવા અતીન્દ્રિય આત્માનું જેને અંતર અનુભવ સમ્યગ્દર્શન નથી તે આકુળતાવાળા ઇન્દ્રિય સુખની બુદ્ધિવાળા તે પોતે સંસાર છે માટે તેને છેદી શકતા નથી. સમજાણું કાંઈ? અને ભાવલિંગી સાધુ એને અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવ્યો છે. સમ્યગ્દર્શનમાં અનુભવ થયો છે કે હું તો અતીન્દ્રિય આનંદ, એકલો અકષાય સ્વભાવ, પરમ શુદ્ધ પવિત્રધામ તે હું છું. તેવું સમ્યગ્દર્શનમાં ભાન હોવાથી તે આત્માને આશ્રયે, પરને આશ્રયે થતી આકુળતાને છેદીને અનાકુળતાને પૂર્ણ પ્રગટ કરશે. સમજાણું કાંઈ?

'ધ્યાનરૂપી કુલ્હાડેસે...' આનંદના ધ્યાનમાં એ કુહાડો સંસારનો નાશ કરવાનો છે, કહે છે. ધ્યાનરૂપી કુહાડો સંસારના નાશનો, ઉદયભાવના નાશનો કુહાડો છે. આટલા અપવાસ કરી નાખે, આમ કરી નાખે માટે કર્મની નિર્જરા થાય અને સંસાર ઘટે એમ છે નહિ. વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પ્રવચન નં. ૧૪૪, ગાથા-૧૨૨ થી ૧૨૪, ગુરુવાર, કારતક વદ ૬, તા.૧૯-૧૧-૭૦

'અષ્ટપાહુડ'માં ભાવપાહુડ. ૧૨૨ ગાથાનો ભાવાર્થ.

**ભાવાર્થ :- 'જો મુનિ દ્રવ્યલિંગ તો ધારણ કરતે હૈં, પરંતુ ઉનકો પરમાર્થ-સુખકા અનુભવ નહીં હુઆ હૈ, ઈસલિયે ઈસલોક પરલોકમેં ઈન્દ્રિયોંકે સુખ હી કો ચાહતે હૈં,...'** શું કહે છે? મુનિ થાય, પંચમહાવ્રત ધારણ કરે, દ્રવ્યલિંગ નગ્ન થાય કે શ્રાવક બાર વ્રત ધારે પણ જેને પરમાર્થ સુખનો અનુભવ નથી, આત્મામાં આનંદ છે એવો જ્યાં અંદર સમ્યગ્દર્શનમાં અનુભવ નથી એને પરમાં સુખબુદ્ધિ થયા કરે છે. જેને અતીન્દ્રિય આનંદસ્વરૂપ ભગવાનઆત્મા એવા આનંદનો જેને અનુભવ નથી, અતીન્દ્રિય આનંદના અનુભવમાં આ સુખસ્વરૂપ છે એમ સમકિત નથી, અતીન્દ્રિય આનંદને જ્ઞેય બનાવીને અતીન્દ્રિય આનંદનું જ્ઞાન નથી, એ પછી પંચમહાવ્રત ધારણ કરે, સાધુ થાય, બાર વ્રત ધારણ કરે પણ બધા વિષયના અભિલાષની સુખબુદ્ધિ ટળી નથી. સમજાણું કાંઈ?

**'પરંતુ ઉનકો પરમાર્થ-સુખકા અનુભવ નહીં હુઆ હૈ,...'** મૂળ અહીં સમ્યગ્દર્શનની વાત કરવી છે. સમ્યગ્દર્શન એટલે કે આત્મા પરમ આનંદ અતીન્દ્રિય સ્વરૂપ છે એનો અનુભવ, એનું ભાન થઈ અને પ્રતીત સમ્યગ્દર્શન જેને નથી, એને કહે છે કે **'ઈસલિયે**

**ઈસલોક પરલોકમેં ઈન્દ્રિયોંકે સુખ હી કો ચાહતે હૈં,...'** જે ચીજ જાણી નથી એની ચાહના ક્યાંથી હોય? પુણ્ય-પાપના ભાવ અને એના ફળ એ તો દુઃખરૂપ છે. એની એને ચાહના છે. મુદ્દાની રકમની અહીં વાત કરે છે. જેને ભગવાનઆત્મા સ્વનો આશ્રય લઈ અને સમ્યગ્દર્શન અને આત્માના આનંદનો અનુભવ જાણ્યો નથી, જોયો નથી, માન્યો નથી, એ પછી મહાવ્રત પાળે તોપણ એની ઈન્દ્રિય વિષયમાં સુખની બુદ્ધિ છે. મહાવ્રતના પરિણામ એ ઠીક છે એનો અર્થ જ ઈન્દ્રિય વિષયમાં સુખબુદ્ધિ છે.

મુમુક્ષુ :- ત્યાગ્યું પણ નથી ત્યાગ્યું.

ઉત્તર :- ત્યાગ્યું છે જ નહિ, ત્યાગ્યું જ નથી. આહાહા..! જેને અંતરમાં શુભભાવમાં પ્રેમ રહે છે, પંચમહાવ્રતના પરિણામ પણ રાગ છે, દુઃખ છે એવું જેને ભાન નથી અને આત્માના આનંદમાં સુખ છે એવી જેને સમ્યગ્દષ્ટિ નથી એને તો એ પંચમહાવ્રતના પરિણામ જે ઈન્દ્રિય છે, એ ખરેખર ઈન્દ્રિયનો વિષય છે. સમજાણું કાંઈ? એ મનનો વિષય છે, એ ઈન્દ્રિય છે. એમાં જેને હિતબુદ્ધિ છે એને ઈન્દ્રિયના સુખની જ અભિલાષા છે. ભારે ઝીણું! સમજાણું કાંઈ? ધર્મનું પહેલું મૂળ રૂપ જ જ્યાં પ્રગટ્યું નથી, અંતર્મુખ ચૈતન્ય ભગવાન પૂર્ણ શુદ્ધ અને અનાકુળ આનંદસ્વરૂપ, એનો અનુભવ નથી એથી એને રાગનો અનુભવ છે. રાગનો અનુભવ એ દુઃખરૂપ વિષયનો જ અનુભવ છે. એની ચાહના એને વધારું, રાગની વૃદ્ધિ કરું. રાગમાં એકાકાર થાઉં, એને ઈન્દ્રિયના વિષયના સુખની જ અભિલાષા છે. બહુ ઝીણું! સમજાણું કાંઈ?

**'ઈસલોક પરલોકમેં ઈન્દ્રિયોંકે સુખ હી કો ચાહતે હૈં,...'** આહાહા..! ભગવાનઆત્મા અનાકુળ આનંદનો ઘન છે આત્મા. એવા આત્માનું જેને અંતર જ્ઞાન, સુખનું જ્ઞાન, આત્માનું જ્ઞાન, આત્માના અનુભવની પ્રતીતિ જેને નથી, એ બધા પ્રાણી ચાહે તો સાધુ થાઓ કે શ્રાવક થાઓ, પંચમહાવ્રત પાળો કે બાર વ્રત પાળો પણ એની ઈન્દ્રિયના વિષયમાં સુખબુદ્ધિ છે. ભારે કામ આકરું. ઓહો..હો...!

મુમુક્ષુ :- એ ભાવ મળ્યો જ નથી.

ઉત્તર :- એની રુચિ જ ત્યાં પડી છે. આહાહા..!

ઈન્દ્રિય એટલે? ચાહે તો શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શ એમાં કાંઈપણ મજા ઠીક છે એમ માન્યું છે, એથી એણે આત્મામાં આનંદ છે એ માન્યો નથી. સમજાણું કાંઈ? સ્વભાવના સ્પર્શ વિના આનંદના કણની જાગૃતિ થઈ નથી એથી એને જાગૃતિ રાગની, પુણ્યની, દયા, દાન, વ્રતાદિની છે. એ તો ઈન્દ્રિયનો વિષય છે. એથી એમાં એનું હિતપણું છે, હિતપણું માને છે, એ ઈન્દ્રિયના વિષયને જ ઈચ્છે છે. શું કહ્યું 'પ્રકાશદાસજી'? ભારે કામ આકરું. અહીં એકકોર પાંચ મહાવ્રત પાળે એ ધર્મ, (એનાથી) ચારિત્ર થાય.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- માને છે.

ભગવાન! તું કોણ છો? મહાવ્રતના પરિણામ તો તારા સ્વભાવથી વિરૂદ્ધ ભાવ છે, રાગભાવ છે. તારું સ્વરૂપ તો વીતરાગ પરમાનંદની મૂર્તિ છે. સમજાણું કાંઈ? બહુ ટૂંકામાં કેટલું (ભર્યું છે)! ઈન્દ્રિય સુખ આવું તો છે. દ્રવ્યશ્રમણ છે, ઈન્દ્રિયસુખમાં આકુળતાવાળા છે કહે છે. અરે..! પંચમહાવ્રત પાળે, હજારો રાણી છોડે, જંગલમાં રહે. પણ એની ભાવના ઓલા રાગ ઉપર છે એટલે ઈન્દ્રિયના વિષયની સુખબુદ્ધિ એને ટળી નથી. સમજાણું કાંઈ? બરાબર હશે એ? પણ આ બહારમાં સ્ત્રી સેવે નહિ, પૈસા રાખે નહિ, નગ્ન ફરે, જંગલમાં રહે.

અહીં તો કહે છે, ભગવાન! તારા સ્વરૂપનો સ્વાદ તને નથી આવ્યો એટલે પરનો સ્વાદ તારો ટળતો નથી. સમજાણું કાંઈ? આહાહા..! આચાર્યોએ મર્મ, મર્મમાં વાત કરી છે. મર્મમાં છેદી નાખ્યો છે. આહાહા..! જુઓને, ભાઈ! એવા પંચમહાવ્રત, અઠ્યાવીસ મૂળગુણ આદિ શુભરાગ છે એ તો. અને રાગ છે એ તો ઈન્દ્રિયના વિષયને આપનારા છે. અને એની ઈચ્છા છે એને ઈન્દ્રિયના વિષયની જ ઈચ્છા છે. આ લોક અને પરલોક. સમજાણું કાંઈ? ભારે, ભાઈ! અહીં પહોંચવું, જાવું. પુણ્ય-પાપના ભાવ, એમાં હિતબુદ્ધિ એ ઈન્દ્રિયના વિષયમાં સુખબુદ્ધિ એની છે એમ કહે છે. લ્યો, આ શુભભાવ. 'મલુકચંદભાઈ'! શુભભાવ તો આવ્યો છે કે નહિ?

અહીં તો કહે છે... આહાહા..! ભગવાન! એ શુભભાવનો પ્રેમ છે ને તને? એ તને ઈન્દ્રિયના વિષયનો જ પ્રેમ છે. આહાહા..! વાત તે વાત વીતરાગની. સમજાણું કાંઈ? ત્યારે (કોઈ કહે), આ સમકિત થાય અને પાછા સ્ત્રીઓ પરણે અને છન્નું હજારી સ્ત્રી તીર્થંકરને હતી. બાપુ! નહોતી. તને ખબર નથી. જેમાં આત્માના આનંદની દૃષ્ટિ થઈ છે એને એવો વિકલ્પ જરી હોય પણ એ વિકલ્પની રુચિ અને સુખબુદ્ધિ નથી એમાં. આહાહા..! રાગમાં સુખબુદ્ધિ ટળી ગઈ છે એની. આખા સંસાર પ્રત્યેની રુચિ ટળી ગઈ છે. આહાહા..! સમજાણું કાંઈ? અને આત્મા આનંદસ્વરૂપ છે ત્યાં દૃષ્ટિ જામી ગઈ છે. એથી એને ઈન્દ્રિયના વિષયમાં સુખની અભિલાષા છે એમ કહેવાતું નથી. આહાહા..! 'મગનભાઈ'! બહુ આકરું. વાહ પ્રભુ! તારી મોટપ તને સૂઝે નહિ તો બીજાની મોટપ તને ખસે નહિ, એમ કહે છે. 'શાંતિભાઈ'! શું કીધું? તારી મોટપ તને સૂઝે નહિ તો પરની મોટપ તને ખસે નહિ. આહાહા..! આ તો પહેલા હજી ધર્મની શરૂઆતની વાત છે, હોં! જેણે ધર્મ શરૂ જ કર્યો નથી, ચૈતન્યસ્વભાવની સૂઝ પડી નથી, આત્મા ભગવાન જ્ઞાનની મૂર્તિ છે એવી સૂઝબુઝ જેને અંદરમાંથી આવી નથી, એની સૂઝબુઝ બધી પુણ્યના પરિણામમાં અર્પાઈ ગઈ છે. આહાહા..! એથી એ રાગ વર્તમાન અને રાગના ફળ બધા ઈન્દ્રિયના વિષયો છે. અતીન્દ્રિય ભગવાન એનો વિષય નથી. આહાહા..!

'સમયસાર'ની ૩૧ ગાથામાં કહ્યું ને? **'जो इंदिये जिणित्ता'** જેણે ખંડ ખંડ જ્ઞાનના ભાવનો ભાવેન્દ્રિયનો અંશ છે એની પણ જેણે રુચિ છોડી છે. અને જેણે દ્રવ્ય ઈન્દ્રિયો આ

જડ છે એની રુચિ છોડી છે. અને જેને ઈન્દ્રિયોના વિષયો શબ્દ, રૂપ, રસ, ગંધ, શબ્દ (સ્પર્શ) એની પણ જેણે રુચિ છોડી છે અને આત્માના આનંદની રુચિ થઈ છે એણે ઈન્દ્રિયને જીતી એમ કહેવામાં આવે છે. આ તો કહે છે કે રાગમાં, પુણ્યમાં પ્રેમ છે એ તો ઈન્દ્રિયથી જીતાઈ ગયો છે એમ કહે છે. સમજાણું કાંઈ? આમ વિષય લેતો ન હોય શરીરથી, પણ અંદરમાં રાગનો વ્યભિચાર સેવે છે ઈ. આહાહા..! જે સ્વભાવમાં રાગ નથી એવા રાગની સાથે એક્તાબુદ્ધિ કરે છે એને પાંચ ઈન્દ્રિયના વિષયના સુખની ઈચ્છા અને ચાહના છે. આહાહા..!

ભગવાન અણીન્દ્રિય આનંદસ્વરૂપ જાણ્યો ને જોયો નહિ એટલે એની ભાવના શેની હોય? જે ચીજ જોઈ નથી એની ભાવના શેની હોય? સમજાણું કાંઈ? આવો માર્ગ છે, 'ભીખાભાઈ'! એ કાયરના કામ નથી ત્યાં, કહે છે. આહાહા..! બહારથી આ કર્યું, મૂક્યું, સામાયિક કરી, પડિક્કમણા કર્યા, પોષા કર્યા. એય..! 'ચંદ્રકાંતજી'! કહે છે કે તને રાગનો ભાગ જે થાય તેની તને રુચિ અને પ્રેમ છે. તેં એ પડખાને જોયું છે. રાગ વિનાનું અતીન્દ્રિય આનંદનું પડખું તેં જોયું નથી. જે પડખે ચડ્યો છો તેમાં ઈન્દ્રિયના વિષયોની જ અભિલાષા છે. આહાહા..! કહો, સમજાણું કાંઈ? આવો માર્ગ ભારે આ તો, કહે છે. પહેલેથી આવો હશે? પહેલો કાંઈક બીજો રસ્તો હશે કે નહિ? આહાહા..! કહે છે કે જેને તું પહેલો કષાયની મંદતા કહે, એ તો ઈન્દ્રિયના વિષયને આપનારા અને ઈન્દ્રિયનો જ વિષય છે, મનનો વિષય છે. જ્ઞાને આત્માનો વિષય કર્યો નથી. એ જ્ઞાને રાગને વિષય બનાવ્યો એ તો ઈન્દ્રિયનો વિષય છે. આહાહા..!

મુમુક્ષુ :– .. અભિલાષા.

ઉત્તર :– બધી અભિલાષા પડી છે, ભાઈ! તને ખબર નથી. આહાહા..! ગજબ પ્રભુ તારા...

વીતરાગના ભાવ અને વીતરાગના કથનો જગતની અંદર સાંભળવા દુર્લભ પડે. સમજવા તો ક્યાંય મુશ્કેલ. એવી વસ્તુ છે. 'શાંતિભાઈ'! કહો, સમજાય છે આમાં? આહાહા..! આમ માની લીધું લ્યો કે આમ અમે ધર્મ કરીએ છીએ. ભક્તિ કરીએ છીએ, મહાવ્રત પાળીએ છીએ, સમિતિ, ગુપ્તિ કરીએ છીએ. અશુભથી ગોપવીએ છીએ. જોઈને બરાબર ચાલીએ છીએ. બાપુ! જોઈને ચાલ્યું ક્યાં કહેવાય? આત્મા જ્ઞાનાનંદ છે એને જોઈને એમાં રહે, એકાગ્ર (થા) એ જોઈને ચાલ્યું કહેવાય. આ બહારના વિકલ્પમાં પડ્યો અને તું કહે કે અમે સમિતિ પાળીએ છીએ. સમીતિ નથી એ અસમિતિ છે. સમજાણું કાંઈ? આકરી વાત. આ લોકોને ખટકે છે ને કે શુભ આચાર આમાં નાશ થઈ જશે. અરે..! પ્રભુ! શું કહે છે? ભાઈ! આહાહા..! અને તે શુદ્ધની દષ્ટિવાળાને જે શુભભાવ હોય એવો શુભભાવ અજ્ઞાનીને હોય જ નહિ. સાંભળને! પાપી પ્રાણી છે. મિથ્યાદષ્ટિને એના પુણ્યને પણ પાપમાં ગણ્યા છે.

મુમુક્ષુ :– ઈર્યા સમિતિ...

ઉત્તર :- ઈર્યા સમિતિ. જોઈને ચાલવું એ તો વિકલ્પ છે. એ વિકલ્પ આવે પણ કોને? કે જેને અંતરદષ્ટિમાં આનંદ સ્વરૂપનું ભાન થયું છે. એના વિકલ્પને વ્યવહાર કહેવામાં આવે છે. અજ્ઞાનીને તો આત્માનો સ્વભાવ શું છે એનું તો ભાન નથી. એ બધી ઈર્યા, ભાષા, એષણા, નિર્દોષ આહાર લેવો એ બધો રાગ છે. આહાહા..! ગજબ વાત.

મુમુક્ષુ :- રાગ તો છે પણ અનંતાનુબંધીનો છે.

ઉત્તર :- રાગનો અર્થ શું? વ્યભિચાર છે. રાગની સાથે એકત્વબુદ્ધિ છે ને? આહાહા..! મૂળમાં ભૂલ છે. ઈ વાત મૂકીને પછી બધા ગડિયા ગણવા. એકને એક ત્રણ થઈ ગયું હોય અને પછી આંકડા ગણ્યા કરે ત્રણ તેરી નવ, નવ તેરી સત્તાવીશ, સત્તાવીશ તેરી એક્યાશી. આમાં તો કાંઈ ભૂલ દેખાતી નથી પણ મૂળમાં ભૂલ છે. સમજાણું કાંઈ?

એમ કહે છે.. ઓહો..હો...! '**छिंदंति भावसवणा झाणकुठारेहिं भवरुक्खं**' આહાહા..! કહે છે '**તપશ્ચરણાદિક ભી ઈસી અભિલાષાસે કરતે હૈં...**' ભાષા દેખો! છે? એમાં છે કે નહિ? શું છે? '**તપશ્ચરણાદિક ભી...**' તમારે ગુજરાતી હશે. એ તપસ્યા કરે, અપવાસ કરે, માસ માસખમણના પારણા કરે. તોપણ એની અભિલાષા એ આંઈની. કારણ કે રાગમાં જ એની રુચિ અને અભિલાષ છે. રાગરહિત ચૈતન્ય આનંદનો વીતરાગી સ્વભાવની તો દૃષ્ટિ અને અનુભવ છે નહિ. અહીં તો કહે છે કે એ તપસ્યા કરે છે પણ એમાં જે ભાવ છે ને અંદર રાગનો, એની જ એને અભિલાષા છે. વસ્તુ છે એની તો ખબર નથી. આહાહા..! ભારે વાત, ભાઈ!

અહીં તો પરમાત્મા કહે છે કે મારી ભક્તિ અને એનો જે તને થયો રાગ. આ રાગની તને જો રુચિ (છે તો) વિષયની અભિલાષા છે તને. આહાહા..! 'જાદવજીભાઈ'! આવો માર્ગ વીતરાગનો છે. એવો જ આત્માનો સ્વભાવ છે. સમજાણું કાંઈ? આહાહા..! એ '**તપશ્ચરણાદિક...**' આદિ એટલે તપસ્યા કરે, કોઈ ઇન્દ્રિય દમન કરે, રસ છોડે, અનશન, ઉણોદરી, વૃત્તિ સંક્ષેપ, રસ પરિત્યાગ, કાયક્લેશ, દેવ-ગુરુ-શાસ્ત્રનો વિનય કરે. એ બધું એમાં આવી ગયું. પણ છે એમાં અભિલાષાએ કરે. એની જ અભિલાષા, રાગની જ અભિલાષ છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**ઉનકે ધર્મ-શુક્લધ્યાન કૈસે હો?**' જેને રાગનો જ રસ અને રાગની જ રુચિ છે, એને ઇન્દ્રિયના વિષય ને અભિલાષા પડી છે એના ગર્ભમાં. એને આત્માનું ધ્યાન, રાગરહિત, વિકલ્પરહિત એવું ધ્યાન એટલે એકાગ્રતા ક્યાંથી હોય? અહીં જ્યાં એકાગ્રતા વર્તે છે રાગમાં તેને અહીં એકાગ્રતા ક્યાંથી હોય? એમ કહે છે. સમજાણું કાંઈ? મારગડા એ જુદા પ્રભુના. સમજાણું કાંઈ? આહાહા..! '**શુક્લ-ધ્યાન કૈસે હો?**' એટલે? જે રાગના પ્રેમમાં પડ્યો છે, જેણે રાગ જ જોયો છે એની જેને ભાવના છે, એને રાગરહિત ભગવાનઆત્માની શ્રદ્ધા-જ્ઞાન અને એકાગ્રતા ક્યાંથી હોય? તેને ધર્મધ્યાન-શુક્લધ્યાન હોઈ શકે નહિ. હેં! વાત તો

આવી છે, ભગવાન! જુઓ!

ભગવાન ત્રણલોકનો નાથ પરમાત્મા આનંદથી ભરેલો છે. આહાહા..! એ આનંદની જેને અંતરદૃષ્ટિ સમ્યક્ થયું નથી અને રાગના રુચિમાં રગડાઈ ગયો છે. આહાહા..! ભગવાન તો કહે છે કે તને પાંચ ઈન્દ્રિયના વિષયની અભિલાષા છે, હોં! અણીન્દ્રિય ભગવાન એની અંદર શ્રદ્ધા-જ્ઞાન થયા નથી. તેથી આની તને શ્રદ્ધા વર્તે છે રાગની. એ ઈન્દ્રિયના અભિલાષની શ્રદ્ધા તને છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- અંદરની શ્રદ્ધા...

ઉત્તર :- અંતર દૃષ્ટિ થઈ નથી, આ શ્રદ્ધા તો કૃત્રિમ છે. દેવ-ગુરુની શ્રદ્ધા એ તો રાગની શ્રદ્ધા છે, રાગ છે. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, પંચમહાવ્રતના પરિણામ એ તો રાગ છે. શ્રદ્ધા તો ત્યાં પડી છે. આહાહા..! મિથ્યાત્વ.

આ ભાવપાહુડ છે. અહીં તો ઊંડેથી તો એમ કહે છે, જેટલા પાંચ ઈન્દ્રિયના વિષયો છે એને અણીન્દ્રિયની રુચિ છોડીને જેટલી ઈચ્છા અને અભિલાષા વર્તે એ બધો મિથ્યાદૃષ્ટિ રાગની ભાવના કરનારો છે.

'**ઉનકે ધર્મ-શુક્લ ધ્યાન કૈસે હો? અર્થાત્ નહીં હોતા હૈ. જિનને પરમાર્થ સુખકા આસ્વાદ લિયા...**' દેખો હવે. ભગવાનઆત્માના આનંદનો જેને સ્વાદ આવ્યો. સમકિત થયું એટલે સ્વાદ આવ્યો. સમજાણું કાંઈ? એ છે. નથી એમાં કાંઈ અર્થ નથી. ગુજરાતીમાં અર્થ કર્યો છે. સમજાણું કાંઈ? '**જિનને પરમાર્થ સુખકા આસ્વાદ લિયા ઉનકો ઈન્દ્રિયસુખ દુઃખ હી હૈ...**' ઈન્દ્રિય સુખ, દુઃખ ભાષા (છે). આહાહા..! એ પંચમહાવ્રતના પરિણામ એને દુઃખરૂપ ભાસે. ભારે ગજબ વાત છે ને!

મુમુક્ષુ :- રાડ પડાવે છે.

ઉત્તર :- રાડ પડાવે છે? રાડ પડાવે છે? એ રાડ પાડતો નથી ખરેખર તો અંદરથી, ઊંડેથી. તારો ઈન્દ્રિયનો વિષયથી પાર અતીન્દ્રિયનો ધોધ આનંદ અંદર પડ્યો છે. અતીન્દ્રિય આનંદનો ધોધમાર પડ્યો છે કહે છે. એવા અતીન્દ્રિય આનંદના સ્વાદ લીધા, એને રાગની રુચિ છૂટી ગઈ. એને વિષયની અભિલાષા દુઃખરૂપ ભાસે. સમજાણું કાંઈ? સમકિતી છન્નું હજાર સ્ત્રીના વૃંદમાં પડ્યો દેખાય એને રાગ પણ દેખાય, એને દુઃખ ભાસે છે. મજા, હોંશ, ઉત્સાહ ઉલ્લસિત વીર્ય એનું ત્યાં હોતું નથી. ઉલ્લસિત વીર્ય ચૈતન્ય પ્રત્યેનું વળી ગયું છે. સમજાણું કાંઈ? સમ્યગ્દૃષ્ટિ ધર્મીના વીર્યની ઉલ્લસિતતા સ્વરૂપ તરફ ગઈ છે. તેથી એને ઈન્દ્રિયના સુખો કાળા નાગ જેમ નીકળે અને દેખાય, એવું એને દુઃખ લાગે છે. દુઃખ લાગે તો કરે શું કરવા? ભાઈ! એ નબળાઈ છે તે આવે. પણ એ દુઃખ ભાસે છે. આહાહા..! સમજાણું? એ દુઃખનો રસીલો નથી, એ આનંદનો રસીલો (છે). ધર્મી સમકિતી આનંદસ્વરૂપનો રસીલો છે. એને રાગનો રસ નથી. એને રાગ દુઃખરૂપ ભાસે. અશુભરાગ તો

દુઃખ ભાસે, શુભરાગ દુઃખરૂપ ભાસે. આહાહા..! ભઠ્ઠી-ભઠ્ઠી કરે છે ને માણસ? ભાઈએ-ન્યાલભાઈએ ખુલ્લું મૂક્યું ત્યાં ભડક્યા માણસ. ગોપવીને વાત હતી થોડી-થોડી. એને ક્યાં ત્યાં ઉપદેશ કરવો હતો અને ઝાઝા માણસમાં બેસવું હતું? એણે ઉઘાડું કરી નાખ્યું કે શુભભાવ ભઠ્ઠી છે. ત્યાં ભડક્યા લોકો. હાય.. હાય..!

કહે છે, એને-જ્ઞાનીને તો ઇન્દ્રિયના સુખની અભિલાષ જ નથી. કેમકે એને એ દુઃખરૂપ ભાસે છે. આવે, જાણે. એના સંબંધીનું જ્ઞાન પોતે પોતામાં રહીને કરે. પણ એનો એને પ્રેમ હોય છે, રસ હોય છે એ નથી. રસ ઊડી ગયો. સમજાણું કાંઈ? ફૂલના ગજરા નથી આવતા મોટા આવા? મોટા-મોટા શું તમારે કરે એ? જલસા. મોટા અમલદારને.. ગજરા નથી કરતા ઓલા? ફૂલ-ફૂલ. વળી એક આમ-આમ હોય. પણ એક હાથે ચોળી નાખ્યું તો ઊડી ગયો રસ. ધર્મીએ રાગના રસને ચોળી નાખ્યો છે. એને રસ રહ્યો નથી. આહાહા..! સમજાણું કાંઈ? ધર્મ બાપુ! અલૌકિક વાત છે! એના ફળ અલૌકિક છે, એની જાત અલૌકિક છે. અને ધર્મનું શરણ છે આત્મા એ અલૌકિક છે. ધર્મનો આશ્રય તો આત્મા છે. આહાહા..!

મુમુક્ષુ :- ધર્મ...

ઉત્તર :- આશ્રય તો આત્મા છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**જિનને પરમાર્થ સુખકા આસ્વાદ લિયા ઉનકો ઇન્દ્રિયસુખ દુઃખ હી હૈ...**' આત્માનો અનાકુળ સ્વાદ લીધો સમકિતમાં, એને અનાકુળ આગળ આ આકુળતા ભાસે છે. તેથી એની એને રસની રુચિ નથી. આહાહા..! '**અતઃ પરમાર્થ સુખકા ઉપાય ધર્મ-શુક્લ ધ્યાન હૈ...**' લ્યો! તેથી ખરેખર સુખનો ઉપાય તો ધર્મધ્યાન અને શુક્લધ્યાન છે. આનંદસ્વરૂપ ભગવાનઆત્મા એમાં એકાગ્ર થવું, કંઈક નબળા પરિણામથી. અને ઉગ્ર પરિણામથી સ્થિર થવું એ શુક્લધ્યાન છે. એ સુખના ઉપાય તો ધર્મ અને શુક્લધ્યાન છે. લ્યો! અહીં તો ધ્યાન સુખનો ઉપાય કહ્યો. આ ધર્મધ્યાનમાં ધ્યાન ધર્મનું કારણ છે એમ કહે છે.

મુમુક્ષુ :- ધ્યાન તો ચારિત્રનું કારણ છે.

ઉત્તર :- એ જ્ઞાન-દર્શન-ચારિત્ર ત્રણેય ધ્યાન છે. દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણેય ધ્યાનની જ પર્યાય છે. સમજાણું કાંઈ? થોડું પણ સત્ય જોઈએ. ઘણું ને મોટા લાંબા લપસીંદર પૂંછડા કાઢે અને એમાં ધર્મ કાંઈ ન મળે, સત્ય ન મળે એ શું ચીજ છે?

'**ઉસકો કરકે વે સંસારકા અભાવ કરતે હૈં,...**' દેખો! એ તો આકુળતારૂપી સંસાર, એને સ્વભાવના આનંદને આશ્રયે તેનો નાશ કરે છે. એને નાશ કરે છે. એને રાખવાનો ભાવ નથી. આહાહા..! સમજાણું કાંઈ? આવો ધર્મ ભારે તે બહુ ઝીણો... ઝીણો... ઝીણો... ઝીણું બહુ કાંત્યું એમ વળી કહે છે. આ બધા વ્યવહાર આચાર ઊડી જશે આમાંથી. એ જૈન ધર્મનું મૂળીયું છે. એમ કહે છે અરે..! ભગવાન! બાપુ! તને (વાત) નથી બેઠી, ભાઈ! હજી બહારની ઓળખાણ જોઈએ (એ) પણ સરખી તારી નથી. આહાહા..! બાહ્ય જ્ઞાન પણ સરખા નથી એના. બહુ લખ્યું. મોટું લખાણ લખ્યું. ભાઈએ વાંચ્યું નહિ હોય. વાંચ્યું? બહુ

સલાહ આપી છે. તમને આ બધા પગે લાગે સાધુની જેમ તો એને કહો અમે આમ નથી. ન માને તે સંપ્રદાયમાંથી છૂટી જાવ, આવી જાવ અહીં. બહુ ઘણી-ઘણી બહુ લખ્યું છે. શું કરે? એને લાગે ઈ કહે ને.

બૌદ્ધનો એક દાખલો નહોતો આપ્યો? બૌદ્ધનો એક સાધુ હતો. ગૃહસ્થ, હોં! ગૃહસ્થ. બીજો નિંદા કરવા માંડ્યો બહુ એની. કલાક, બે કલાક (થઈ પછી પૂછ્યું), ભાઈ! થઈ રહ્યું હવે? હું જાઉં હવે. જાઉં હવે. મારી પાસે લેવાની કાંઈ શક્તિ નથી. તારી નિંદાની મારી પાસે લેવાની શક્તિ નથી. તારી હોય એ કાઢી નાખ. નીકળી ગઈ હવે? તો હું જાઉં. એ શું કરે પણ? જેનામાં હોય એ કાઢે. નીકળી જાય પછી સવળો થઈ જશે. બીજા ભાવે પાછો ભારે થાશે. સંધિ ચાલ્યા જ કરે છે ત્યાં અંદર કાંઈક ને કાંઈક. આહાહા..!

'**સંસારકા અભાવ કરતે હૈં, ઈસલિયે ભાવલિંગી હોકર ધ્યાનકા અભ્યાસ કરના ચાહિયે.**' સમ્યગ્દૃષ્ટિ પ્રગટ કરી પછી ચારિત્ર લેવું અને પછી એમાં ધ્યાન કરવું એમ કહે છે. સમ્યગ્દર્શન વિના તું એકલો દ્રવ્યલિંગ ધારણ કરીશ, તે પણ નગ્નમુનિ, હોં! દ્રવ્યલિંગ. આહાહા..! વસ્ત્ર-પાત્રવાળો દ્રવ્યલિંગ પણ નહિ અને ભાવલિંગ પણ નહિ અને મિથ્યાદૃષ્ટિ.

મુમુક્ષુ :- જે કાંઈ ન કરતા હોય એના કરતા કાંઈક તો સારા છે.

ઉત્તર :- સારા ખરા ઝેર પીવાના. ઝેર પીવે છે એકલું. સારા કોને કહેવા? ઝેર રગડે છે. સમજાણું કાંઈ?

આ તો ભાવપાહુડની વાત છે. ભાવ. શુદ્ધભાવ જેણે પ્રગટ કર્યો તેને ધર્મ થાય. શુભભાવમાં જેને પ્રેમ છે તેને ઈન્દ્રિયના વિષયનો પ્રેમ ટળ્યો નથી.

---

**आगे इस ही अर्थको दृष्टांत द्वारा दृढ़ करते हैं :-**

**जह दीवो गब्भहरे मारुयबाहाविवज्जिओ जलइ।**

**तह रायाणिलरहिओ झाणपईवो वि पज्जलइ।।१२३।।**

**यथा दीपः गर्भगृहे मारुतबाधाविवर्जितः ज्वलति।**

**तथा रागानिलरहितः ध्यानप्रदीपः अपि प्रज्वलति।।१२३।।**

**જ્યમ ગર્ભગૃહમાં પવનની બાધા રહિત દીપક બળે,**

**તે રીત રાગાનિલવિવર્જિત ધ્યાનદીપક પણ જળે. ૧૨૩.**

**अर्थ :- जैसे दीपक गर्भगृह अर्थात् जहाँ पवनका संचार नहीं है ऐसे मध्यके घरमें पवनकी बाधारहित निश्चल होकर जलता है (प्रकाश करता है), वैसे ही अंतरंग मनमें रागरूपी पवनसे रहित ध्यानरूपी दीपक भी जलता है, एकाग्र होकर ठहरता है, आत्मरूपको प्रकाशित**

करता है।

भावार्थ :- पहिले कहा था कि जो इन्द्रियसुखसे व्याकुल हैं उनके शुभध्यान नहीं होता है, उसका यह दीपकका दृष्टांत है-जहाँ इन्द्रियोंके सुखमें जो राग वह ही हुआ पवन वह विद्यमान है, उनके ध्यानरूपी दीपक कैसे निर्बाध उद्योत करे? अर्थात् न करे, और जिनके यह रागरूपी पवन बाधा न करे उनके ध्यानरूपी दीपक निश्चल ठहरता है।।१२३।।

## ગાથા-૧૨૩ ઉપર પ્રવચન

**'આગે ઈસ હી અર્થકો દૃષ્ટાંત દ્વારા દૃઢ કરતે હૈં :-'**

**जह दीवो गब्भहरे मारुयबाहाविवज्जिओ जलइ।**

**तह रायाणिलरहिओ झाणपईवो वि पज्जलइ।।१२३।।**

**અર્થ :- 'જૈસે દીપક ગર્ભગૃહ અર્થાત્ જહાં પવનકા સંચાર નહીં હૈ...'** ઓરડામાં-ઓરડા હોય ચારેકોર ઓરડા (હોય એમાં) વચલો ઓરડો હોય ત્યાં દીવો રાખ્યો હોય. શું કહે છે સમજાય છે કાંઈ? જેમ દીવો છે એ ગર્ભગૃહ. ગર્ભગૃહ કોને કહીએ? કે ચારેકોર ઓરડા હોય અને એક વચમાં ઓરડો હોય એને ગર્ભગૃહ કહીએ. જેથી બહારનો પવન વચ્ચમાં આવે નહિ. એવા મકાનો હોય છો ને? **'જહાં પવનકા સંચાર નહીં હૈ...'** જે વચ્ચલા ઓરડામાં પવનનો સંચાર નથી ત્યાં **'મધ્યકે ઘરમેં પવનકી બાધારહિત...'** પવન હોય નહિ. ત્યાં **'નિશ્ચલ હોકર જલતા હૈ (પ્રકાશ કરતા હૈ),...'** એકધારાએ દીવો આમ હલ્યા વિના ઉજળે. પવન નથી વચ્ચલા ઘરમાં. અને દીવો હોય ત્યાં એકધારા .. પવનની ઝપટ આવે ત્યાં આમ-આમ થઈ થઈને ઓલવાઈ જાય. એ દીવો સરખો રહે નહિ. ઉજ્જ્વલ ઉદ્યોત કરે ત્યાં ગર્ભ ઘરમાં દીવો.

**'વૈસે હી અંતરંગ મનમેં રાગરૂપી પવનસે રહિત...'** ઓલાને વચ્ચલા ઘરમાં પવન નથી માટે દીવો બરાબર જલે છે. એમ જેને રાગરૂપી પવન નથી એના આત્માની ધ્યાનની અગ્નિ ઝળે છે. સમજાણું કાંઈ? રાગનો પવન જ્યાં નથી, વિકલ્પનો રસ નથી. ત્યાં આત્મા આનંદમૂર્તિનું એકાગ્રપણું એવું ધ્યાન ઝળે છે, શોભે છે, સ્થિર-એકાગ્ર થાય છે એમ કહે છે. ઓલો દીવો આમ ને આમ બળ્યા કરે-જલ્યા કરે પવન વિના. એમ રાગનો પ્રેમ નથી જેને, રાગની રુચિ ઊડી ગઈ છે જેને, એવા ધર્મીને પોતાના આત્મા તરફના ધ્યાનમાં, ધ્યાન સ્થિર અને એકાગ્ર થાય છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'વૈસે હી અંતરંગ મનમેં રાગરૂપી પવનસે રહિત...'** એટલે? જેને અંતરમાં પુણ્યના પરિણામનો પણ રસ અને પ્રેમ નથી. એને વીતરાગ સ્વરૂપ ભગવાનઆત્માની એકાગ્રતા

બરાબર જામે છે. હેં! ત્યાં નિશ્ચલ થઈ શકે છે. હલતો નથી. રાગમાં પ્રેમ હોય તો હલી જાય. જુઓ! આ રાગ શુભ કે અશુભ બેય, હોં! એકલા અશુભની વાત અહીં નથી. આહાહા..! જેને મહાવ્રતના શુભરાગનો પણ પ્રેમ છે એને ધ્યાનઅગ્નિ જામતી નથી. કેમકે ત્યાં અડ્યો છે, પડ્યો છે જીવ. આમ એકાગ્ર અહીં થઈ શકતો નથી. પણ જેને રાગનો રસ ઊડી ગયો છે એને આત્મા તરફની એકાગ્રતા જામે છે. એમ કહે છે. ભારે વાત, ભાઈ!

ચૈતન્ય ભગવાન આનંદમૂર્તિ પ્રભુ, કહે છે કે જેને રાગનો રાગ ટળી ગયો છે, રાગનો રાગ ગયો છે અને આત્માની રુચિ અને દૃષ્ટિ થઈ છે એને આત્મામાં એકાગ્ર થવા, લીન થવામાં એને મદદગાર છે રાગનો અભાવ. સમજાણું? રાગની રુચિ નથી એટલે એકાગ્ર થઈ શકે છે, એમ કહે છે. ઈ શું કહે છે એ જોયું? કે જેને ઓલો રાગનો રસ છે એને આ બાજુ ઢળવું તો થઈ શકશે નહિ. 'શાંતિભાઈ'! બાહ્યનો ત્યાગ કર્યો હોય, પણ અંદરમાં એ રાગનો તો રસ અને પ્રેમ ને રુચિ પડી છે. એથી રાગ વિનાના આત્મામાં એ એકાગ્ર થઈ શકશે નહિ. આહાહા..! ભારે વાત, ભાઈ!

'**ધ્યાનરૂપી દીપક ભી જલતા હૈ, એકાગ્ર હોકર ઠહરતા હૈ,...**' દેખો! એકાગ્ર થઈને ઠરે. '**આત્મસ્વરૂપકો પ્રકાશિત કરતા હૈ.**' ભગવાનઆત્મા ચૈતન્ય ઝળહળ દીવો, હીરો એમાં એકાગ્ર થતાં રાગનો રસ જ્યાં ઊડી ગયો છે, એની રુચિ અને પ્રેમ નાશ થયા છે, એને આત્મામાં એકાગ્રતાનો દીવો, ધ્યાનનો દીવો બળે છે. આહાહા..! કહો, આ બધી વાતું અંદરની છે. સમજાણું કાંઈ? '**આત્મસ્વરૂપકો પ્રકાશિત કરતા હૈ.**' કેમકે જ્યાં અંતરમાં પુણ્ય અને પાપના રાગની રુચિ છૂટી ગઈ, રસ ગયો, લુખ્ખો થઈ ગયો, રસ આવ્યો વીતરાગ સ્વભાવમાં, એને વીતરાગી આત્મા પ્રત્યેની એકાગ્રતાનું ધ્યાન હોઈ શકે. રાગના રસવાળાને એકાગ્રતાનું ધ્યાન હોય નહિ. અહીં તો ત્યાં સુધી લાવ્યા. બહાર છોડ્યું, મૂક્યું પણ ઓલું છોડ્યું નથી તો કાંઈ છોડ્યું નથી. આહાહા..! ભારે માર્ગ, ભાઈ! આવો વીતરાગ માર્ગ! રાગનો રસ છૂટે તો આત્મા લુખ્ખો વીતરાગી પર્યાયમાં જામે, એમ કહે છે. બાયડી-છોકરા-બોકરા તો ક્યાંય રહી ગયા હવે બહાર. જેને શુભરાગનો રસ છે ત્યાં એની એકાગ્રતા જામે. જેને શુભરાગનો રસ-રુચિ ગઈ છે એને રાગરહિત આત્મામાં એકાગ્રતા જામે. એ ધર્મધ્યાન.

**ભાવાર્થ :-** '**પહિલે કહા થા કિ જો ઈન્દ્રિયસુખસે વ્યાકુલ હૈં ઉનકે શુભધ્યાન નહીં હોતા હૈ,...**' જેને રાગનો રસ છે એને શુભ-ભલું ધ્યાન હોતું નથી. સ્વભાવ તરફની એની એકાગ્રતા હોતી નથી. ઓલો રસ તો રાગમાં પડ્યો છે. '**યહ દીપકકા દૃષ્ટાંત હૈ-જહાં ઈન્દ્રિયોંકે સુખમેં જો રાગ વહ હી હુઆ પવન...**' ઈન્દ્રિયના વિષયનો રાગ એટલે રાગનો રાગ, એને ઈન્દ્રિયના વિષયનો રાગ. એવો જ્યાં '**પવન વહ વિદ્યમાન હૈ, ઉનકે ધ્યાનરૂપી દીપક કૈસે નિર્બાધ ઉદ્યોત કરે? અર્થાત્ ન કરે, ઔર જિનકે યહ રાગરૂપી પવન બાધા ન કરે ઉનકે ધ્યાનરૂપી દીપક નિશ્ચલ ઠહરતા હૈ.**' આહાહા..!

જેને શુભ-અશુભરાગની રુચિ છે તેને ધ્યાનાગ્નિ શી રીતે થાય? એ ધ્યાન તો

આર્તધ્યાન-રૌદ્રધ્યાન થઈ ગયું ત્યાં. રાગમાં એકાગ્ર થતાં રાગની રુચિ તો આર્તધ્યાનની દશા છે. આત્માના ચૈતન્યભાવ પ્રાણ પીડાય છે ત્યાં. મહાવ્રતના રાગના પરિણામનો પ્રેમ (છે તેમાં) ચૈતન્યપ્રાણ પીડાય છે. આહાહા..! ભારે વાત, ભાઈ! આ તો માણસ એ કહે છે કે પણ આવો આચાર મળ્યો છે જૈનનો. અરે..! જૈનપણું એ આચાર, એ વ્યવહાર આચાર જૈનપણું છે કે નિશ્ચય આચાર એ જૈનપણું છે? બહુ આકરું પડે. શું થાય? સાંભળેલું નહોતું અને આવ્યું ક્યાંક બહારથી. નવું જ્યાં લાગ્યું ત્યાં એય..! આમ છે. ઘેટા સળવળ્યા બધા અંદરથી. જેને જેમ લાગે એમ બોલે. ભાઈ! તારા હિતના રસ્તા કોઈ જુદી જાતના છે. એ રાગનો નાનામાં નાનો વિકલ્પ, એનો પણ પ્રેમ છે ત્યાં મિથ્યાદૃષ્ટિપણું છે. અને એનો પ્રેમ છૂટીને ભગવાનઆત્મા જ્ઞાનાનંદ સ્વભાવી, આનંદ સ્વભાવી, શુદ્ધ સ્વભાવી, પવિત્ર સ્વભાવી, સર્વજ્ઞ સ્વભાવી, એની અંતરમાં એકાગ્ર થવું એનું નામ ધર્મની પહેલી દશા છે. સમજાણું કાંઈ?

---

**आगे कहते हैं कि–ध्यानमें जो परमार्थ ध्येय शुद्ध आत्माका स्वरूप है उस स्वरूपके आराधनेमें नायक (प्रधान) पंच परमेष्ठी हैं, उनका ध्यान करनेका उपदेश करते हैं :–**

**झायहि पंच वि गुरवे मंगलचउसरणलोयपरियरिए।**
**णरसुरखेयरमहिए आराहणणायगे वीरे।।१२४।।**

**ध्याय पंच अपि गुरून् मंगलचतुः शरणलोकपरिकरितान्।**
**नरसुरखेचरमहितान् आराधनानायकान् वीरान्।।१२३।।**

**ધ્યા પંચ ગુરુને, શરણ-મંગલ-લોકઉત્તમ જેહ છે,**
**આરાધનાનાયક, અમર-નર-ખચરપૂજિત, વીર છે. ૧૨૪.**

**अर्थ :– हे मुने! तू पंच गुरु अर्थात् पंचपरमेष्ठीका ध्यान कर। यहाँ 'अपि' शब्द शुद्धात्म स्वरूपके ध्यानको सूचित करता है। पंच परमेष्ठी कैसे हैं? मंगल अर्थात् पापके नाशक अथवा सुखदायक और चउशरण अर्थात् चार शरण तथा 'लोक' अर्थात् लोकके प्राणियोंसे अरहंत, सिद्ध, साधु, केवलीप्रणीत धर्म, ये परिकरित अर्थात् परिवारित हैं–युक्त (–सहित) हैं। नर–सुर–विद्याधर सहित हैं, पूज्य हैं, इसलिये वे 'लोकोत्तम' कहे जाते हैं, आराधनाके नायक हैं, वीर हैं; कर्मोंके जीतनेको सुभट हैं और विशिष्ट लक्ष्मीको प्राप्त हैं तथा देते हैं। इसप्रकार पंच परम गुरुका ध्यान कर।**

**भावार्थ :– यहाँ पंच परमेष्ठीका ध्यान करनेके लिए कहा। उस ध्यानमें विघ्नको दूर करनेवाले 'चार मंगलस्वरूप' कहे वे यही हैं, 'चार शरण' और 'लोकोत्तम' कहे हैं वे भी**

**इन्हींको कहे हैं। इनके सिवाय प्राणीको अन्य शरण या रक्षा करनेवाला कोई भी नहीं है और लोकमें उत्तम भी ये ही हैं। आराधना दर्शन–ज्ञान–चारित्र–तप ये चार हैं, इनके नायक (स्वामी) भी ये ही हैं, कर्मोंको जीतनेवाले भी ये ही हैं। इसलिये ध्यान करनेवालेके लिए इनका ध्यान श्रेष्ठ हैं। शुद्धस्वरूपकी प्राप्ति इनहीके ध्यानसे होती है, इसलिये यह उपदेश है।।१२४।।**

## ગાથા–૧૨૪ ઉપર પ્રવચન

**'આગે કહતે હૈં કિ–ધ્યાનમેં જો પરમાર્થ ધ્યેય શુદ્ધ આત્માકા સ્વરૂપ હૈ...'** પરમાર્થ ધ્યેય તો શુદ્ધાત્માનું સ્વરૂપ છે. શું કહે છે? ભગવાનઆત્માના ધ્યેયમાં, ધ્યાનમાં ધ્યેય તો પરમાર્થ આત્માનું સ્વરૂપ છે. એટલે શું કહ્યું? જેને વર્તમાન પર્યાય ધ્યાનની, એનું ધ્યેય આત્મા, એના વિના ધ્યાન સાચું હોઈ શકે નહિ. **'ધ્યાનમેં જો પરમાર્થ ધ્યેય શુદ્ધ આત્માકા સ્વરૂપ હૈ...'** શું કહ્યું? શુદ્ધ આત્માનું સ્વરૂપ એ ધ્યાનનું ધ્યેય છે. ધ્યાનમાં તો શુદ્ધ ભગવાનઆત્મા અખંડ છે તેને પકડવો છે. ભારે ભાઈ! આવો ધર્મ, આવો માર્ગ! આત્માની એકાગ્રતામાં પરમાર્થ ધ્યેય તો શુદ્ધ આત્માનું સ્વરૂપ છે, એમ કહે છે. એકાગ્રતા તો ત્યાં કરવાની છે–ચૈતન્ય ધ્રુવ સ્વરૂપમાં. ક્રિયાકાંડના રસવાળાને આ વાત એવી લાગે કે આ તો બધું અમારું ઉડી જાય છે અમારો. તારું હતું કે દિ'? સાંભળને! રાગ એ તારો છે? રાગની ક્રિયા એ તારી છે? હવે, **'ઉસ સ્વરૂપકે આરાધનેમેં નાયક (પ્રધાન) પંચ પરમેષ્ઠી હૈં,...'** લ્યો! કહે છે **'ઉસ સ્વરૂપકે આરાધનેમેં નાયક (પ્રધાન) પંચ પરમેષ્ઠી હૈં, ઉનકા ધ્યાન કરનેકા ઉપદેશ કરતે હૈં :–'** એનું ધ્યાન કરવું એમ પંચ પરમેષ્ઠીનું.

**झायहि पंच वि गुरवे मंगलचउसरणलोयपरियरिए।**
**णरसुरखेयरमहिए आराहणणायगे वीरे।।१२४।।**

શબ્દો તો જુઓ! ઓહો..હો...! શબ્દના બાણ વાગે છે. આવે છે ને? 'ગુરુએ મારે શબ્દના વાગ્યા માર્યા બાણ, જાગીને જોયું તો પહેલો પાયો અમૃતનો પાયો.' સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– સદ્ગુરુએ પ્રેમ...

ઉત્તર :– હા. પ્રેમ થકી પ્યાલા પાયા. પહેલે પ્યાલે તે મને અમૃતનો સ્વાદ આવ્યો. બીજે પ્યાલે હું ધ્યાનમાં લીન થઈ ગયો. એમ ચાર આવે છે એ. પણ આ બધા આ સમજીને, હોં! બધા ગાણા એકલા ગાય છે એ (નહિ).

મુમુક્ષુ :– ગુરુ ઉપર જવાબદારી તો જ આવે ને.

ઉત્તર :– પણ પીધો એણે ને? ત્યારે એને ગુરુએ પાયા એમ કહેવામાં આવે છે. એ વાતું બધી એવી છે. આહાહા..!

મુમુક્ષુ :– તૈયાર કરીને તો આપે.

ઉત્તર :- કોણ આપે અને કોણ દે અને કોણ લે? એની પાસે ક્યાં નથી તે પરમાંથી લે? પોતામાં ક્યાં .. થોડો કટકો દઈને બીજાને આપે, લે ભાઈ આ. મારી પાસે વધી ગયો છે કટકો. આહાહા..! પંચવી ઓલામાં આવ્યું નહોતું? પણવી પંચવી ગુરુ નથી આવતું કલ્યાણકમાં? પંચ કલ્યાણકમાં નહોતું આવ્યું? ... પણવી. પંચવી પણવી. એટલે અહીંયાં જાણવી કીધું. અહીંયાં પણવી કીધું, અહીંયાં જાણવી કીધું. '**गुरून् मंगचतुः शरणलोकपरिकरितान्। नरसुरखेचरमहितान् आराधनानायकान् वीरान**'.

**અર્થ :-** '**હે મુને! તૂ પંચ ગુરુ અર્થાત્ પંચપરમેષ્ઠીકા ધ્યાન કર.**' એ ખરેખર ધ્યાન એનું એટલે પોતાનું છે એમ કહેવું છે. કારણ કે પોતે જ અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય થવાને લાયક પોતે છે. આત્મા જ પંચપરમેષ્ઠી સ્વરૂપ છે. આહાહા..! સમજાણું કાંઈ? અરિહંતપણું કાંઈ બહારથી નથી આવતું. સિદ્ધપણું, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ એ બધું આત્મામાં જ છે. પહેલું આવી ગયું. તેને 'ધ્યાન કર.' જુઓ! પછી '**अपि**' શબ્દ પડ્યો છે ને? પંચવી. એટલે એમાંથી કાઢ્યું. એનો અર્થ? '**અપિ શબ્દ શુદ્ધાત્મ સ્વરૂપકે ધ્યાનકો સૂચિત કરતા હૈ.**' એનું લક્ષ કર પહેલું કે આવા છે... આવા છે... આવે છે... પછી અહીં જા. એવો હું છું. છે ને? '**झायहि पंच वि**' અપિ શબ્દ પડ્યો છે, છે ને એમાં. '**झायहि पंच वि**' પાંચ ને અને. એમ. પાંચ ને પણ. બીજાને પણ. પંચ પણ, પાંચ પણ. એ પાંચ પણ ધ્યા. એ પાંચ પણ પહેલો આવ્યો આત્મા. એટલે પાંચ પણ ધ્યા. એમ. શું કહ્યું? પાંચ પરમેષ્ઠીને પણ ધ્યા. એમાં વજન આવ્યું પાંચ પરમેષ્ઠીને પણ ધ્યા. એટલે? આત્માનું ધ્યાન કર ભેગું પંચ પરમેષ્ઠીનું પણ ધ્યા એમ આમ આવ્યું. શું કીધું એ? પંચ પરમેષ્ઠીને પણ ધ્યા. પંચ પરમેષ્ઠીને પણ ધ્યા. એનો અર્થ વજન પહેલું બીજે જાય છે. પહેલું મુખ્ય ક્યાંક બીજું છે. છે ને? '**ध्याय पंच अपि**' છે શબ્દ? પાંચને પણ ધ્યા. એનો અર્થ કે અહીં બીજું પણ પહેલું ધ્યાયમાં આવી જાય છે. આહાહા..!

શુદ્ધ સ્વરૂપ ભગવાનઆત્મા એનું ધ્યાન કર અને પછી પાંચ પરમેષ્ઠીનું પણ. પંચ પરમેષ્ઠી પણ ત્યારે અંદર પહેલું તો આ આવ્યું. સમજાણું કાંઈ? ભગવાનઆત્મા પૂર્ણાનંદનો નાથ, સચ્ચિદાનંદ પ્રભુ, વીતરાગ સ્વરૂપની મૂર્તિ આત્મા એનું ધ્યાન કર. પાંચ પણ. પાંચને પણ ધ્યા. એટલે કે પહેલું એકને ધ્યા અને પાંચને પણ ધ્યા. એમ. '...ભાઈ'! આવી વાત છે. ત્યાં 'મુંબઈ'માં બીજે ક્યાંય નથી. રખડ્યા રખડ ઓલેપણે કરે. ભજન કરે અને ભક્તિ કર્યા કરે. શું કહેવાય તમારે ઓલી? 'દેવલાલી'. 'દેવલાલી' બધા જાય છે ને ત્યાં બહુ. સહેલું લાગે, જન્મ ગુમાવવાનું.

મુમુક્ષુ :- ઈ એમ કહે છે, તમે શાસ્ત્ર જ વાંચ્યા કરો.

ઉત્તર :- વાંચે શું? ભાવ શું છે એની વાત છે ને અહીંયાં. ભાવ શું એ સમજવાની વાત છે. ત્યાં સમજવાનું ક્યાં આવ્યું?

મુમુક્ષુ :– એ કરતા કરતા મોક્ષ મળે ને.

ઉત્તર :– ધૂળેય મળે નહિ. રાગનો રસ (છે) એને નિગોદ મળે એમ કહે છે અહીં.

અહીં શું કહે છે? જુઓને! અહીં તો પંચ પરમેષ્ઠીની ભક્તિમાં પણ આત્મા લીધો પહેલો. ભક્તિનો ભાવ આવે એ વિકલ્પ છે અને એ સમાડી દેવો વિકલ્પને અને આત્માનું ધ્યાન કરવું એ ખરું ધ્યાન કહેવામાં આવે. આહાહા..!

મુમુક્ષુ :– ... આપ 'સુરેન્દ્રનગર' પધાર્યા ત્યારે.

ઉત્તર :– ઈ ભક્તિ આ છે, ભાઈ! એવી ભક્તિ તો અનંતવાર બહારની કરી છે. 'ભવે ભવે પૂજ્યું' આવે છે 'પરમાત્મપ્રકાશ'માં. એ તો રાગ છે. 'ભવે ભવે પૂજિયો જિનવરને' પણ તેં તને પૂજ્યો નથી કોઈ દિ'. શ્રદ્ધામાં લીધો નથી તેં. એને બેસે શું? પણ આ મોટાને પૂજવા. તો તું મોટો નથી? સમજાણું કાંઈ?

નથી આવતું ઓલું? કૂતરો આવતો હતો. મીંદડીને .. કૂતરા જાળીમાં. મીંદડી આવવાની .. કૂતરો આવ્યો તો મીંદડીને મારી. મીંદડી ઉંદરને મારે. એ કાંઈક આવે છે એમાં. બહુ મોટો હોય. ઉંદરથી મોટી મીંદડી અને મીંદડીથી મોટો કૂતરો. અને કૂતરાથી મોટો કૂતરા ને .. મારું ખાવા માટે. હું એનાથી મોટો. એ આવે છે વાર્તા. કાંઈક આવે છે. દાખલો આવે છે. એમ કે ઉંદર હતો એને મીંદડી મારતી એટલે મીંદડી રાખી એક. ઓલા ઉંદર નડતા હતા. મીંદડી રાખી તો મીંદડી પાછળ કૂતરો આવ્યો તો કૂતરાએ મીંદડીને મારી. આ તો મોટો કૂતરો લાગે છે. કૂતરો રાખ્યો. ત્યારે એ કૂતરો આવ્યો અને રોટલા ખાવા ગર્યો અંદર. પોતે મારી લાકડી. ત્યારે એનાથી મોટો હું લાગુ. આવે છે કે નહિ? એવું આવે છે. એવી ઘણી વાતું સાંભળી લખાણમાં. સંસ્કૃત ટીકામાં આવે છે.

એમ મોટામાં મોટો પરમાત્મા હોઉં તો હું છું, કહે છે. મારાથી મોટું કોઈ દુનિયામાં છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? પણ એની મોટપ બેસે કેમ? રાંકો થઈને રઝળે. આહાહા..! શરીર કાંઈક ઠીક મળે ત્યાં સુખી થઈ જાય, પૈસા કાંઈક થોડા મળે ત્યાં ધૂળની .. રાખે ત્યાં ખુશી થઈ જાય. અભિમાનના પૂંછડા વળગાડે મોટા વખાણના. ત્યાં તો આમ ફુલાઈ જાય અંદરમાંથી કે આહાહા..! મને આટલી સભામાં મોટો ઠરાવ્યો. હેં! દશાશ્રીમાળીની નાત ભેગી થઈ હોય ને પછી આ રાડુ પાડે 'વજુભાઈ'ને અંદરથી. 'વજુભાઈ'ને તો કેટલી લાગણી છે નાતની. આહાહા..! એય..! પછી માનપત્ર આપે. ઝેરના માનપત્ર છે એ બધા. માન તો ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ પોતાનો, એમાં જેની દૃષ્ટિ જામી, પરમાત્મા થવાને લાયક મોટો થઈ ગયો ઈ. એ પરમાત્મા થશે. જેનું સ્મરણ લોકો પાછળથી કરશે. સમજાણું કાંઈ? અહીં તો જરી '**अपि**' શબ્દ આવ્યો ને એટલે જોર છે આત્મા ઉપર, એમ મારું કહેવું છે. છે ને?

'**શુદ્ધાત્મ સ્વરૂપકે ધ્યાનકો સૂચિત કરતા હૈ. પંચ પરમેષ્ઠી કૈસે હૈં?**' એ વિશેષ કહેશે લ્યો! (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

પ્રવચન નં. ૧૪૫, ગાથા-૧૨૪-૧૨૫, શનિવાર, માગશર સુદ ૧૫, તા.૧૨-૧૨-૭૦

'અષ્ટપાહુડ'. ૧૨૪ ગાથા. ૧૨૪. '**झायहि पंच वि गुरवे**' એ ગાથા છે.

**झायहि पंच वि गुरवे मंगलचउसरणलोयपरियरिए।**
**णरसुरखेयरमहिए आराहणणायगे वीरे।।१२४।।**

**અર્થ :-** '**હે મુને!**' મુનિને ઉદ્દેશીને વાત છે. ભાવપાહુડ છે ને? ભાવ એટલે આત્મા શુદ્ધ ચૈતન્યસ્વરૂપ એકલો પવિત્ર ભગવાનઆત્મા, એનો સ્વભાવ વીતરાગ સ્વભાવ છે. એ વીતરાગ એટલે રાગરહિત, દ્વેષરહિત, કષાયરહિત એનો ત્રિકાળી સ્વભાવ (છે). એને જે આરાધીને પંચપરમેષ્ઠી થયા એને પહેલા મંગળિક તરીકે સંભારે છે. નિશ્ચયથી તો પોતાનું સ્વરૂપ શુદ્ધ છે એને અહીંયાં કહે છે. '**च**' શબ્દ પડ્યો છે ને અંદર?

કહે છે કે '**હે મુને!**' હે આત્મા! '**તુ પંચ ગુરુ અર્થાત્ પંચપરમેષ્ઠી...**' આ જગતમાં આત્માનું ધ્યાન કરી જેવો એવો એનો પવિત્ર આનંદ સચ્ચિદાનંદ શિવ સુખરૂપ, નિરુપદ્રવ આનંદ હતો એવા નિરુપદ્રવ આનંદની પૂર્ણદશા જેને પ્રગટ થઈ અથવા એ આનંદને સાધક થતાં પૂર્ણને સન્મુખ છે એવા જીવને અહીંયાં પંચપરમેષ્ઠી કહેવામાં આવે છે. પંચ પરમ ઈષ્ટ છે. એવા કોણ? કહે છે. એનું ધ્યાન કર. અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ એ પંચપરમેષ્ઠી છે. એ આત્માના નિજપદની પ્રાપ્તિ જેને થઈ છે. સમજાણું કાંઈ? એ પરમ ઈષ્ટ છે જેને. પોતાનો આત્મા પરમાનંદ શાંત અવિકારી સ્વભાવથી ભરેલું તત્ત્વ. એ તત્ત્વને આરાધી, સેવી, એકાગ્ર થઈ જેણે પૂર્ણતા પ્રાપ્ત કરી છે એ અરિહંત અને સિદ્ધ કહેવાય છે. જે પૂર્ણ પ્રાપ્તને સન્મુખ છે પણ ભાવશ્રમણ છે એને આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ કહેવાય છે. એ ગુણવાચક પાંચ નામ છે. એનું તું ધ્યાન કર, એમ કહે છે. એટલે કે શુદ્ધ સ્વરૂપ છે પવિત્ર, એને તું લક્ષમાં લે. એવો જ આત્મા તારો છે એમ ધ્યાન કર, એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**તું પંચ ગુરુ અર્થાત્ પંચપરમેષ્ઠીકા ધ્યાન કર. યહાં અપિ શબ્દ શુદ્ધાત્મ સ્વરૂપકે ધ્યાનકો સૂચિત કરતા હૈ.**' લ્યો! અપિ શબ્દ પડ્યો છે ને અંદર? '**पंच वि**' શું કહે છે? તારો સ્વભાવ જ પરમપવિત્ર અને આનંદથી ભરેલો તત્ત્વ છે. તું પોતે સહજાત્મસ્વરૂપ (છો). સમજાણું? ૧૨૪ ગાથા. ભાવપાહુડ. '**અપિ શબ્દ શુદ્ધાત્મ સ્વરૂપકે ધ્યાનકો સૂચિત કરતા હૈ.**' છે? એમાં નથી, એમાં નથી. ઓલામાં છે. એમાં એકલો શબ્દાર્થ છે ને? મંગળિક શરૂ થાય છે આ. લ્યો, આવીને મંગળિક આ આવ્યું. પંચપરમેષ્ઠી. આહાહા..!

કહે છે કે અંદર જે આત્મા, એનો સ્વભાવભાવ, સ્વભાવિક ભાવ, સહજ ભાવ એ તો જ્ઞાન, આનંદ અને શાંત સ્વભાવ, એનો ત્રિકાળી સહજભાવ છે. એવો સહજ

સ્વભાવિક ભાવ એનું વર્તમાન દશામાં ધ્યાન કર. આહાહા..! વસ્તુ તરીકે પરમ આનંદ શીતળ શાંત, નિર્દોષ, પવિત્ર સ્વભાવવાળું આત્મતત્ત્વ છે. આહાહા..! એનું તું ધ્યાન કર. એટલે એના તરફ જા. સ્વભાવ સન્મુખ થા. રાગ ને પુણ્ય ને પાપને પડખે ચડ્યો છે એ પરિભ્રમણનું કારણ છે. આહાહા..! એ પડખું ફેરવી નાખ. અંતર ચિદાનંદ સચ્ચિદાનંદ પ્રભુ પોતે આત્મા પૂર્ણ આનંદનો નાથ છે. એમાં એને પડખે એકાગ્ર જા. ભારે દુષ્કર. દુર્ધર. આહાહા..! કરવાનું તો આ છે કર્તવ્ય. દુષ્કર એટલે મહા પુરુષાર્થ જોઈએ છે. દુર્ધર એ ભાવને ધારવો એ મહાપુરુષાર્થ છે. એમાં. સમજાણું કાંઈ?

શુદ્ધાત્મસ્વરૂપ, સહજાત્મસ્વરૂપ સ્વભાવિક ભાવવાળું તત્ત્વ. શાંત અને આનંદ એવો સ્વભાવભાવ, એવો આત્મા, એનું ધ્યાન કર. 'ચંદુભાઈ'! પછી આ ખજૂરનું ધ્યાન કે દિ' કરવું ત્યારે? એ તો પરના ધ્યાન કરીને તો હેરાન થઈ ગયો. સમજાણું કાંઈ? એ ધ્યાન તો આર્તધ્યાન અને રૌદ્રધ્યાન છે. અનંતકાળથી અનાદિ પોતાની જાતમાં શું ચીજ છે? ચૈતન્યહીરો અંદર પૂર્ણાનંદનો નાથ સત્સાહેબ ચૈતન્ય પૂર્ણ અને જ્ઞાન અને આનંદથી ભરેલું તત્ત્વ છે. આહાહા..! ત્યાં જોવું, કહે છે. વસ્તુસ્વરૂપ જ એવું છે આ. આ તો માટી છે. તેની દશામાં પુણ્ય-પાપના ભાવ દેખાય છે, કરે છે, થાય છે એ તો મેલ છે. એ તો કૃત્રિમ નવા કરે, જૂના જાય, નવા કરે અને જૂના જાય. દશા નવી કરે અને જૂની જાય. પણ નવા-જૂનું કાંઈ નથી એવો જે ત્રિકાળી સ્વભાવ, છે તે જાય નહિ અને નવું એમાં થાય નહિ. એવો આત્માનો આનંદ... આનંદ... આનંદ... અતીન્દ્રિય, અતીન્દ્રિય આનંદથી ભરેલું એ ચૈતન્યતત્ત્વ છે. એવા આનંદનો સહજાત્મસ્વરૂપ પરમસ્વભાવભાવ, એનું ધ્યાન કર કહે છે. ભારે વાત, ભાઈ! પંચપરમેષ્ઠીનું ધ્યાન કહ્યું એ જરી લક્ષમાં લઈને પછી તારું ધ્યાન કર. એવો જ હું છું એમ.

મુમુક્ષુ :- આ અપિ શબ્દમાંથી નીકળ્યું?

ઉત્તર :- હા. અપિ શબ્દમાંથી નીકળ્યું. 'ચૈતન્યપ્રકાશજી'! ચેતનપ્રકાશ. એવો ચેતનપ્રકાશ છે. આહાહા..! એવો ચૈતન્યસ્વરૂપ ભગવાન.

તારી ચીજને કોઈ દિ' તેં જોવા પ્રયત્ન કર્યો નહિ. કો'કને જે તારામાં નથી એના બધા ગાણા ગાયા, એનું ધ્યાન કર્યું, એમાં હોશિયારી કેળવી, રાગમાં. પરમાં કાંઈ નહિ. પરનું તો કરી શકતો નથી. ખજુરના વાડીયાનું કરી શકતો નથી. ત્યારે શું કરે? રાગ કરે. બસ. એમ. રાગ કરે કાં દ્વેષ કરે. આને આવડતું નથી, ફલાણું કર્યું, ઢીંકણું. દ્વેષ કરે અને અનુકૂળ હોય તો રાગ કરે. રાગ અને દ્વેષ સિવાય એણે કાંઈ કર્યું નથી. પરનું કર્યું નથી, સ્વનું કર્યું નથી. બરાબર છે? વિકલ્પ કરે. સંકલ્પ-વિકલ્પ આ કરું... આ કરું... આ કરું. એ સંકલ્પ-વિકલ્પ એ વિકાર દોષ છે. એણે નથી પરનું કર્યું. આંખની પાપણ પણ કોઈ દિ' ફેરવી નથી એણે. એનાથી ફરતી નથી. એણે નથી કર્યું આત્માના સ્વભાવનું જ્ઞાન. એણે આ કર્યું છે અનાદિથી. પુણ્ય અને પાપ, અસંખ્ય પ્રકારના વિકારી ભાવ એ દુઃખરૂપ, આકુળતા, એ આકુળતાની જનની એ પરિણતિ છે. વિકારભાવ ચાહે તો શુભ હો કે અશુભ હો એ

આકુળતારૂપ છે. એના ભાવને તેં કર્યો અને ઘણીવાર-અનંતવાર વેદ્યો. હવે તો કહે છે, પંચપરમેષ્ઠીનું ધ્યાન કર, ભાઈ! એ પંચપરમ ગુરુ પરમાત્મસ્વરૂપને પામ્યા એવો જ તારો સ્વભાવ છે.

'**શુદ્ધાત્મ સ્વરૂપકે ધ્યાનકો સૂચિત કરતા હૈ.**' લ્યો! પહેલું પંચ પરમેષ્ઠીનું આમ લીધું. પણ એવો જ તારો સ્વભાવ (છે). એ થયા ક્યાંથી? એ પહેલા આવી ગયું છે આપણે. અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ એ પાંચેય પદમાં આત્મા છે. આત્માના એ નિજપદ છે. એ કોઈ બહારની પદ્વી કે લુગડા ફેરવ્યા, નગ્ન થયા અને આચાર્ય થયા એમ નથી. અંતર ભગવાન અતીન્દ્રિય આનંદનું ધામ પ્રભુ, એની આરાધના-સેવા કરીને જેણે આનંદ, જેની વર્તમાન દશામાં અતીન્દ્રિય આનંદ જ્યારે પ્રગટ થયો એને પંચ પરમેષ્ઠી કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? એનું ધ્યાન કર. પણ નવરા કે દિ' થાવું આમાં? દુનિયાના ધંધા, આબરૂ મોટી, નાક મોટા એનું શું કરવું આમાં? 'મનસુખ' નામ છે ને? આત્મસુખ નામ છે? મનના સુખ એટલે દુઃખ, કલ્પના. 'ચંદ્રકાંતભાઈ'! આહાહા..!

જેને ચૈતન્યસ્વભાવ પરિપૂર્ણ પ્રભુ, કહે છે કે એનું ગુરુગમે પહેલું જ્ઞાન કરી એનું ધ્યાન કર. એ કોઈ દિ' કર્યું નથી. અને કરવું એ મહાપુરુષાર્થ માગે છે. આહાહા..! એ વિકાર તરફનું વલણ અનાદિનું છે એને ગુલાંટ ખાઈને નિર્વિકારી તરફ લઈ જવું, પોતાનો કાયમી આનંદ સ્વભાવ એ તરફ દશા લઈ જવી એ અલૌકિક પુરુષાર્થ છે અને એ જ પુરુષાર્થ છે. સમજાણું કાંઈ? ભારે ભાઈ આ.

તે '**પંચ પરમેષ્ઠી કૈસે હૈં? મંગલ અર્થાત્ પાપકે નાશક અથવા સુખદાયક...**' લ્યો! મંગલ છે ને? '**पंच वि गुरवे मंगलचउसरणलोयपरियरिए**' પાઠ (છે). કેવા છે પંચપરમેષ્ઠી? મંગલ નામ પાપના ગાળનારા. મંગળ. મંગ નામ પાપ. ગળ નામ ગાળે. એ મંગળ. કહે છે કે એનું ધ્યાન કરવાથી આત્માના આનંદનું ધ્યાન થાય છે અને આનંદના ધ્યાનને લઈ પુણ્ય-પાપના ભાવ જે મેલ છે, મંગ નામ મેલ છે, પાપ છે એને એ ગાળે છે. સમજાણું કાંઈ? ગાળે એટલે બાળે છે. આહાહા..! પંચપરમેષ્ઠી સુખનું દેવું, પાપને ગાળવું. અસ્તિ-નાસ્તિ કરી. એ પંચપરમેષ્ઠી સ્વરૂપ એવો જે ભગવાનઆત્મા ત્રિકાળી નિત્યાનંદ ધ્રુવ, એનું ધ્યાન કરતા પરનો અહંકાર પુણ્ય-પાપનો એને ગાળે છે અને અંતરમાં આનંદ છે એની દશા પ્રગટ પર્યાયમાં આનંદ થાય છે. ઉત્પાદ ને વ્યય કહ્યો. એટલે શું કહ્યું?

વસ્તુ જે આત્મા પરમાનંદ સ્વરૂપ ધ્રુવ ત્રિકાળ રહેનાર, એની દશામાં જે વિકાર છે અને વિકાર તે હું એવો મિથ્યાત્વભાવ છે, એને આત્માના અંતર એકાગ્રતાથી તે ગળે છે, ટળે છે અને એકાગ્ર ધ્યાનથી આનંદનો ઉત્પાદ થાય છે. સમજાય છે કાંઈ? ચણાને શેકતા જેમ તુરાશ બળે છે, મીઠાશ પ્રગટ થાય છે. ચણા આ દાળિયા. એ મીઠાશ એમાં હતી. હતી તે બહાર આવી છે. કાંઈ અગ્નિથી આવી નથી. અગ્નિથી આવે તો કોલસા અને કાંકરાને શેકે તો મીઠાશ આવવી જોઈએ. જેમાં હોય નહિ એમાં ક્યાંથી આવે? એમ ચણામાં એ

મીઠાશ છે એને શેકવાથી તુરાશનો ભાગ બળે છે, મીઠાશનો ભાગ પ્રગટ થાય છે અને કાયમ મીઠાશ રહે છે.

એમ આત્મામાં અતીન્દ્રિય અનાકુળ આનંદસ્વભાવ કાયમ રહે છે. નિત્ય છે ને વસ્તુ? અવિનાશી છે ને? એવા નિત્યાનંદનું ધ્યાન કરતાં, એની દૃષ્ટિ લગાવતાં અજ્ઞાન જે પુણ્ય-પાપનો ભાવ દુઃખરૂપ છે એ ગળે છે અને આનંદ જે અંદરમાં છે તે પ્રગટ થાય છે. એને મંગળિક કહીએ. આ દુનિયા તો કાંઈક છોકરો પરણે તો મંગળિક થયું. છોકરો જન્મે ૬૦ વર્ષે તો કહે ભાઈ! આ વાંઝિયા મેણું ટળ્યું. ધૂળમાય નથી. વાંઝિયો છો, સાંભળને! આનંદની પર્યાય ઉત્પન્ન ન થાય ત્યાં સુધી વાંઝિયો છે. પાંચ-પાંચ છોકરા, આઠ-આઠ છોકરા મોટા, એય..! 'કાંતિભાઈ'! 'કાંતિભાઈ'ને ક્યાં છોકરા છે? એ તો બ્રહ્મચારી છે ને? ૧૩૦૦-૧૫૦૦ નો પગાર માસિક. નોકરી છોડી દીધી. 'શાંતિભાઈ'ના ભાઈ. ૧૫૦૦નો પગાર હતો ત્યાં પ્લેનમાં. 'મુંબઈ'. નોકરી છોડી દીધી. કરવી નથી હવે. દોઢ હજારનો પગાર. મહિને, હોં! માસિક. છોડી દીધી. ધૂળમાંય કાંઈ નથી ન્યાં. એય..! 'શાંતિભાઈ'! આ રૂપિયા ઓલા દસ લાખ ભાળે ને. પચાસ હજાર-લાખની જમીન એમાંથી દસ લાખ, પંદર લાખ મકાનના એ મારા. શું છે પણ આ? એય..! 'ચંદ્રકાંતભાઈ'! શું હશે? ધૂમાડાના બાચકા છે. એય..! 'નટુભાઈ'! આહાહા..!

કહે છે, એકવાર આત્માના આનંદનું ધ્યાન તો કર. એને લક્ષમાં તો લે. આહાહા..! વસ્તુ અંદર કોણ છે? અને કેવી છે? કેમ છે? શું એમાં છે? એનું લક્ષ કરી એમાં ડાહ્યો ડહાપણ કરી અને એને પ્રત્યક્ષ વેદનમાં લે, એમ કહે છે. પક્ષ-લક્ષ-દક્ષ અને પ્રત્યક્ષ. પહેલો કર પક્ષ કે આ શુદ્ધ ધ્રુવ છે. એ જ કરવા જેવું છે. તો એનું લક્ષ થશે ત્યાં. લક્ષ થશે તો એનું જ્ઞાન પણ વિશુદ્ધ થશે દક્ષપણું. જ્ઞાન થતાં એને પ્રત્યક્ષ થાય. આત્માનો આનંદ એને પ્રત્યક્ષ થશે. એવી વાત છે. કામ ભારે આકરું લાગે. શબ્દો થોડા અને ભાવ મોટો. એમ. ભાવપાહુડ છે આ. અને આનંદનો ભાવ પ્રગટ કરવો એ ભાવપાહુડ છે એમ કહે છે.

મુમુક્ષુ :- વજ્રનારાચ સંઘયણ હશે ત્યારે થશે.

ઉત્તર :- વજ્રનારાચ એને ઘરે રહ્યું. કેવળજ્ઞાન પામે છે પૂર્ણ આનંદ અને કેવળજ્ઞાન. એ પોતાના સ્વભાવના સાધનથી પામે છે. વજ્રનારાચસંઘયણનો તો એમાં અભાવ છે. હાડકા મજબૂત હોય એનો તો એમાં અભાવ છે. એનાથી પામતો નથી. આહાહા..!

મુમુક્ષુ :- એ ન હોય ત્યારે નથી પામતો.

ઉત્તર :- એ ન હોય ત્યારે જ પામે છે. અંદરમાં નથી માટે પામે છે. મનુષ્યદેહ વજ્રનારાચ સંઘયણ આત્મામાં નથી. નથી માટે પામે છે. પરને લઈને શું છે? ધૂળ. સમજાણું કાંઈ? ગાથા છે. 'ચંદ્રકાંત'! ગાથા છે એકલી, અર્થ નથી. ૧૨૪, ભાવપાહુડ. આહાહા..!

'**ઔર ચઉશરણ...**' કહીએ. પહેલી મંગળની વ્યાખ્યા કરી. આત્મા એ જ મંગળિક છે. અથવા પંચપરમેષ્ઠી પવિત્ર પર્યાય આત્માની એ મંગળિક છે. પણ એ પંચપરમેષ્ઠીની

પર્યાયનો પ્રગટ કરનારો આત્મા છે અને આત્મામાં પાંચેય પદ પડ્યા છે. કેમ બેસે? મારે ઘરે સિદ્ધ છે, મારા ઘરમાં અરિહંત છે. સમજાણું કાંઈ? મારા ઘરમાં તો પૈસા છે, મારા ઘરમાં તો રાગ છે, ધૂળેય નથી, સાંભળને! રાગ અને પૈસાવાળો જીવને માનવો એ મિથ્યાદૃષ્ટિ છે.

મુમુક્ષુ :- તો શું છે?

ઉત્તર :- આ કીધું ને આ. એ તો અંતર અનંત આનંદનું ધામ સિદ્ધ સમાન સ્વરૂપ એનું છે. 'પુરુષાર્થસિદ્ધિ'ની ગાથા આવી હતી, નહિ? ૧૪મી. 'પુરુષાર્થસિદ્ધિ'ની. ત્યાં બતાવ્યું હતું. **आत्मा 'युक्त इव, प्रतिभाति'** આહાહા..!

ભગવાનઆત્મા તો અતીન્દ્રિય આનંદનું ચોસલું સુખધામ છે. એ સુખધામ સહિત છે. પણ દયા, દાનના વિકલ્પ અને શરીર, કર્મથી તો અસહિત છે-સહિત નથી. કહો, આ સંઘયણ સહિત નથી. મનુષ્યદેહ સહિત આત્મા નથી. પૈસાસહિત આત્મા નથી, રાગસહિત આત્મા નથી. એ નથી તેને માનવો એનું નામ મિથ્યાત્વ છે. આહાહા..! ભારે કામ. જે સહિત નથી તે સહિત છું, એ પરિભ્રમણનું બીજ મિથ્યાત્વ છે. આ બધા બહારના પૈસાના ઢગલા થાય ત્યાં આકરું પડે, હોં! 'મનસુખભાઈ'! લોકો પણ વખાણે. લ્યો, આ 'મનસુખભાઈ'એ આમ પેદા કર્યા ને ઢીંકણું ને. એ વાતુંનો લોકોને રસ છે ને. વીસ લાખ એક વર્ષમાં પેદા કર્યા. એમ કહે છે. એનો ભાઈ કહેતો હતો. એટલે એના બનેવી કહેતો હતા. બનેવી નહિ ફુવા. ફુવા ને? 'પ્રાણભાઈ' ફુવા થાય, ફુવા થાય. એ બિચારા બહુ દુઃખી થઈ ગયા હતા. ઓલી છોડી.. બહુ દુઃખી. બોલાવ્યા હતા. બેય ને શું છે? ભાઈએ કહ્યું ... શું છે પણ આ? હવે એ તો થયા જ કરે એમાં તમારે શું છે? .. પાંચ દિ' રહ્યા. શું દુનિયામાં નથી થતું? એટલે શું પણ એમાં તમારે શું? છોડીએ કર્યું એમાં તમારે શું? એ છોડી ક્યાં તમારી હતી? એ આત્મા તમારો છે? બિચારા ... માણસને. રોતા, રોવે. દીકરી હતી. અહીં છોકરો નહોતો ઓલો? (નિજ) ઘર છોડી અને વ્યભિચારી તરીકે વિકારમાં વર્તે એનો ખેદ કર. દુનિયામાં ... બૈરા રોવે બિચારા. ... 'ચિંતનભાઈ' હતા ને 'રાજકોટ'? .. એની દીકરી. દીકરીની દીકરી આ. રાજકોટ મરણ થયું ત્યારે અમે હાજર હતા. છેલ્લે માંગલિક સંભળાવ્યું દેહ છૂટી ગયો. પહેલેથી જાણીએ આપણે. એને બોલાવ્યા. શું છે હવે આ? સંગ છોડવો? સાંભળવું છોડવું? દુનિયા દુનિયાની જાણે. આમાં શરમ શું? આત્મા વિકારમાં જાય છે એની શરમ કર. એ કલંક છે.

આવે છે ને, 'યોગસાર'માં નથી આવતું? શરમજનક જન્મો ટળે. આ જન્મ એ જ શરમ છે. ભગવાન ચિદાનંદમૂર્તિ આનંદનો અવતાર એને આ લોચા માંસના હાડકા સાથે રહેવું, ગધેડાના સડેલા ચામડામાં મેસુબને નાખવો. મેસુબ મેસુબ થાય છે ને. ચણાનો લોટનો નહિ? ચાર શેર ઘી પાય. ગધેડાના ચામડા. મરી ગયો હોય અને ચામડામાં એને વીંટાળવો. એમ આનંદમૂર્તિ પ્રભુ છે. એને આ ચામડા-હાડકામાં વીંટાળીને રાખવો.

આહાહા..! જો કે આનાથી રહિત છે એ તો. મેસુબ એ ચામડાથી તો રહિત જ છે. એમ આ શરીર અને માંસથી તો આત્મા રહિત છે પણ એને સહિત માનીને આમાં હું છું, શરીરમાં હું છું (એ) કલંક છે. પ્રભુ! આહાહા..!

કહે છે કે, ભગવાન! તારા સ્વરૂપમાં તો કોઈ જન્મ-મરણ પણ નથી અને જન્મ-મરણનો ભાવ વિકાર પણ નથી. જો નથી તો એ ટળી શકે છે. છે તો આનંદમૂર્તિ પ્રભુ જ્ઞાનાનંદ. જ્ઞાન અને આનંદના.. કહેશે હમણા ગાથા. આહાહા..! બરફની શીલા છે શીતળ. ભગવાનઆત્મા શાંત શીલા (છે). આ બરફ નથી થતો? બરફની શીલાઓ મોટી આવડી હોય, દસ-દસ મણની. 'મુંબઈ'માં બહુ હોય મોટી પાટ. આમ ખુલ્લા લઈ જતા હોય. એમ આ દેહમાં શાંત, જેમાં વિકલ્પનો એક અંશ ઉત્પન્ન ન થાય એવી એ શીલા ચૈતન્ય આનંદસ્વરૂપ છે. શાંત શીતળ. આવશે હમણા બીજી ગાથામાં. ૧૨૫માં. '**णाणमयविमलसीयणसलिलं**' ૧૨૫ ગાથામાં. આહાહા..! પ્રભુ! થોડુંક પણ જાણવું પણ સાચું હોવું જોઈએ. બહુ જાણી-જાણીને ઘણું જાણે પણ મૂળ વસ્તુને પહોંચે નહિ તો એણે કાંઈ કર્યું નથી, એમ કહે છે અહીં તો. સમજાણું કાંઈ?

જુઓને! અહીં કીધું ને કે આનું ધ્યાન આનું કર. પણ બધું શીખ્યા ને? શાસ્ત્રમાં (આવે), છ દ્રવ્ય અને છ દ્રવ્યના ગુણ અને એની પર્યાય ને ફલાણું ને ફલાણું. એ બધું જાણવું એનાથી રહિત છું એ માટે છે. સમજાણું કાંઈ? જડનું જાણવું એ જડથી રહિત છું એને માટે જાણવાનું છે. એના જાણવા માટેનું પ્રયોજન નથી. સમજાણું કાંઈ? વિકાર આત્મામાં થાય, એનું જાણવું એ વિકારના જાણવાના પ્રયોજન માટે નથી, પણ વિકારનું જાણવું વિકારરહિતના જાણપણા માટેનું છે. વિકારરહિત હું છું એ જાણપણા માટે છે. 'વજુભાઈ'! આહાહા..! એણે પણ રખડાવ્યો છે ને. પોતે જ પોતાને રખડાવ્યો છે. કેમ, 'પ્રકાશચંદજી'! આહાહા..!

કહે છે, મંગળ છે એ ભગવાન. આત્મા જ મંગળ છે. એના આનંદનું ધ્યાન કરવાથી દુઃખ ગળે છે, ટળે છે અને આનંદની ઉત્પત્તિ મંગ-પવિત્રતાની પ્રાપ્તિ થાય છે. એવો ભગવાનઆત્મા જ મંગળિક છે. પંચ પરમેષ્ઠીને મંગળિક કહેવા એ વ્યવહારે પર અપેક્ષિત વાત છે. આહાહા..!

વળી '**ચઉશરણ અર્થાત્ ચાર શરણ...**' છે. ચાર શરણ છે. એટલે આત્મા અરિહંત સ્વરૂપે છે, સિદ્ધ સ્વરૂપે છે એવો જે આત્મા એ જ શરણ છે. જીવને પોતાને પોતાનો આનંદ સ્વભાવ એ શરણ છે. મહા મોટો પુરુષ છે ને પોતે. મહાઆત્મા છે. એની ઓથે જતા તને શરણ મળશે. મોટાની ઓથે છોકરો પણ જુઓને કાંઈક કૂતરો-બુતરો કરડે અને છોકરો એના બાપથી જુદો હોય આઘો જરી અને કૂતરું આમ કરડે તો એકદમ એના બાપ પાસે આવે અને ચોંટી પડે, ઓલું કૂતરું ન કરડે એટલે. એમ કહે છે, ભાઈ! મહાપુરુષ તું ચૈતન્યમૂર્તિ આનંદ છો ને? એ રાગથી, દુઃખથી જો કંટાળ્યો હોય તો અંદરમાં જા હવે.

આહાહા..! ભારે વાત, ભાઈ! ...છે, બાપુ!

ઈ ચાર શરણ છે. એટલે ચારમાં પણ પોતે ભગવાનઆત્મા અનાકુળ આનંદ એ તારું શરણ (છે). બાપુ! ત્યાં જા. તને આનંદનો સ્વાદ આવશે અને દુઃખ ટળશે અને શરણ સિદ્ધપદની પ્રાપ્તિ પરમાત્માની તને થશે. એવું શરણ ભગવાનઆત્મા છે. એવડો મોટો મોટપ બેસતી નથી એને. આહા..! મોટેરાને બોલાવે ત્યાં ગલગલિયા થઈ જાય અંદરમાં કે.. આહાહા..! પૈસાવાળો કહે, છોકરાવાળો કહે, આબરૂવાળો કહે, મોટા કુટુંબવાળો કહે તો (રાજી રાજી થઈ જાય). જેનાથી રહિત છે એનાથી સહિત કહે ત્યાં ખુશી થાય. આ ગાંડો જોને પાગલ! કહે છે. એય..! 'ચંદ્રકાંતજી'! 'ચંદુભાઈ'! ... આહાહા..!

'જો તારી પાસે રે હરિ નથી ...' પ્રભુ તું પોતે જ પ્રભુ છો સાક્ષાત્ ચૈતન્યમૂર્તિ. એ તારો હરિ. અજ્ઞાન અને રાગ-દ્વેષ હરનાર-ગાળનાર એવો હરિ તો પોતે તું છો. આહાહા..! લ્યો, આ મંગળિક પહેલા થયું આ. ગાથા પણ એવી આવી. આહાહા..! 'મનસુખભાઈ' પાછા આવ્યા છે ને. એને ત્યાં ઓલા લઈ જવા છે ને એટલે જરી જરી થોડું-થોડું રાખો. નહિતર તો કંઈ... એ તો નક્કી થઈ ગયું છે. ન આવે તો હવે એ ફરે એવું નથી કાંઈ. પણ .. લેવા આવવું જોઈએ. આહાહા..! બીજ તો ત્યાં નક્કી થઈ છે ને? એ કાંઈ ફરે એવું નથી, ગમે તેવું હોય. 'જુનાગઢ'નું ... હોય તો તમારી બીજ ફરે એવી નથી. કોઈ વળી માનસ્તંભનું ત્યાં કહે છે. ત્યાં હોય તો? એ કંઈ જવાનું ફરે એવું છે અગિયાર દિ'? એ આગળ-પાછળ ગમે તેમ થાય. કહો, સમજાણું કાંઈ? એના પિતાશ્રીને બહુ પ્રેમ હતો. ગુજરી ગયા. આમણે રાખ્યું હતું બધું પાછળ. સમજાણું કાંઈ? આ રાખવાનું છે અંદર. આહાહા..! દુર્ધર, દુષ્કર, અપૂર્વ જો હોય તો એ આત્માનો પુરુષાર્થ છે એ છે. બાકી બધાં થોથે થોથાં છે. આહાહા..! શરણ. હવે?

'**લોક અર્થાત્ લોકકે પ્રાણિયોંસે અરહંત, સિદ્ધ, સાધુ, કેવલીપ્રણીત ધર્મ, યે પરિકરિત અર્થાત્ પરિવારિત હૈં...**' લ્યો! એટલે '**યુક્ત (સહિત) હૈં.**' લોકના જીવો એમાં આ ભગવાન છે તે ઉત્તમ છે. પરિ કહી ઉત્તમના અર્થમાં એ નાખ્યું. ઓલો ઉત્તમ શબ્દ ન રાખ્યો. શરણ, મંગલ, શરણ એના પછી પરિકરી એમ લીધું. ઉત્તમ છે. જગતમાં ઉત્તમમાં ઉત્તમ પંચ પરમેષ્ઠીનો ધર્મ તે ઉત્તમ છે. એમ આત્માનો રાગ અને પુણ્ય-પાપરહિત સ્વભાવને આશ્રયે પ્રગટ થયેલી દશા એ ઉત્તમમાં ઉત્તમ અને આત્મા તે ધર્મના પરિવારસહિત છે. રાગના પરિવારથી (સહિત) નહિ. સમજાણું કાંઈ? '**પરિવારિત હૈં-યુક્ત (-સહિત) હૈં.**' આહાહા..!

શું કહે છે? ભગવાનઆત્મા પંચપરમેષ્ઠી ઉત્તમ સહિત છે, સ્વભાવસહિત. પણ ભગવાનઆત્મા ઉત્તમ સ્વભાવ સહિત છે. એનું પરિકર એટલે એનું બધું લશ્કર એ બધું ઉત્તમ છે. સમજાણું કાંઈ? એવા ઉત્તમ ગુરુઓના પરિવારથી વેષ્ટિત છે, યુક્ત છે. આરે..! આરે..! સમજાણું કાંઈ? વાંદરો મોટો હોય એની નીચે વાંદરા બધા હોય. વાંદરાથી પરિવાર

.. ઘેરાયેલા વાંદરા હોય બધા. એમ અહીં કહે છે, ઉત્તમ ભગવાન શુદ્ધ ચૈતન્ય, એની નિર્મળ બધી પર્યાયો પરિવાર સહિત આત્મા છે. આહાહા..! આ દુનિયાથી બીજી વાતું છે. આહાહા..! વાડામાં વાતો નથી, વાડામાંથી ભગવાન નીકળી ગયો છે. એવું જ ભગવાન તારું સ્વરૂપ છે, પ્રભુ! આહાહા..! માહાત્મ્યમાં આવતું નથી, ખ્યાલમાં આવ્યા વિના એને ઉત્તમ છે તે ભાસતું નથી. સમજાણું કાંઈ? આહાહા..! તારા સ્વભાવની ઉત્તમ દશા એ સિવાય ઉત્તમ જગતમાં શું હોય? ભાઈ! આહાહા..!

... '**લોકકે પ્રાણિયોંસે...**' સહિત છે. એટલે બધા પ્રાણી ખરેખર તો પંચપરમેષ્ઠી હોય તો જ એ લોકસહિત છે. ન હોય તો જૂઠ. એમ આત્મા પણ પોતાના આનંદની શાંતિ સ્વરૂપથી ભરેલો ભગવાન (છે). એમાં એકાગ્ર થતાં જે આનંદ આદિનો પરિવાર પ્રગટ થાય એ વાડ-વાડ પ્રગટ થાય શાંતિની. એનાથી સહિત આત્મા છે. રાગ અને પુણ્યથી સહિત નથી એમ કહે છે. એ ઓલું આવ્યું. ૧૪મી ગાથા. નીચે આવ્યું પરિકર. સહિત છે. ઓલાથી રહિત છે. આહાહા..! કોનાથી સહિત છે? આ 'ધન્નાલાલજી'એ પૂછ્યું હતું ને હમણાં? પૂછ્યું હતું, ઓલાથી રહિત એટલે કોનાથી (રહિત)?

અનંતજ્ઞાન, અનંતદર્શન. અનંતજ્ઞાન એટલે? જેનો સ્વભાવ છે જ્ઞાન અંતર, એની હદ શું? એની મર્યાદા શું? એવું જે અનંતજ્ઞાન, અનંતઆનંદ, અનંતબળ, અનંતશાંતિ એટલે ચારિત્ર-વીતરાગતા. અનંત અનંત દૃષ્ટાપણું જે દર્શન, એવા અનંત ગુણોનું એનું સામ્રાજ્ય છે. આહાહા..! આવું પણ આ સામ્રાજ્ય કઈ જાતની ચીજ? અમર્યાદ સામ્રાજ્ય. ઓલો તો ચક્રવર્તીની હદ થાય. એ કાંઈ આખા લોકનો સ્વામી ન થાય ચક્રવર્તી. થાય? ઓલો અર્ધલોકનો સ્વામી છે, લ્યોને એમ કહેવાય. પણ અર્ધને? આખા નહિ પણ. પણ આખાના કોઈ હોય લ્યો ને. તો આ તો ત્રણકાળ ત્રણલોકના પદાર્થને એક સમયમાં જાણનાર. એવું સામ્રાજ્ય-રાજ સહિત ભગવાન બિરાજે છે. આહાહા..! સમજાણું કાંઈ?

'જામનગર' ગયા હતા ને એક ફેરી? (સંવત) ૨૦૧૦ની સાલ. દરબાર એક દર્શન કરવા આવ્યા. દરબાર. કરોડનો તાલુકો. અહીં 'જામનગર'. એ વળી કહે, મારે દર્શન કરવા છે. ગયા, બેઠા પા કલાક. આવ્યો બિચારો, હોં! બહુ આદર કરીને. ... આખી ઓલી કરી હતી. શું કહેવાય? રંગોળી પૂરી હતી. ત્યાં હું પાંચ મિનિટને રસ્તે દિશાએ જતો જંગલ. એને ખબર પડી કે મહારાજ અહીં જંગલ આવે છે. મારે દર્શન કરવા છે. પછી કીધું, પા કલાક (જઈ આવીએ). કીધું, આ સામ્રાજ્ય નહિ. રાણી હોંશિયાર બહુ. ઘણા કરોડો રૂપિયા. બેઠા હતા, બેય બેઠા હતા. પા કલાક વ્યાખ્યાન આપ્યું. દિશાએ જતા, હોં! હજી તો મોઢું નહોતું ધોયું. પછી બહેન ગયા હતા ને ત્યાં? .. ત્યાંથી આવીને. કીધું, આ રાજ-સામ્રાજ્ય. અનંતગુણનો પ્રભુ આત્મા એનું નામ સામ્રાજ્ય, એનો ધણી અંદર રાજા. ધૂળના ધણી રાજા કોણ કહે? રાણી બોલ્યા હોં! સાચી વાત, મહારાજ! વાત તો આ છે, બાપા! ધૂળમાં હવે આ એક કરોડની ઉપજ થઈ અને 'જામનગર'ના મોટા રાજા. કોણ રાજા કહે છે? અનંતગુણનો ભંડાર ભગવાન તને ખબર નથી, પ્રભુ!

મુમુક્ષુ :- ...નું રાજ હોય એ સાચું રાજ છે.

ઉત્તર :- આ રાજ છે. અને તે નગર, એને કર નથી માથે કાંઈ. નગરની વ્યાખ્યા એવી છે મૂળ તો. એના નગરમાં કર રાજાને ન હોય. એને નગર કહીએ. મોટું નગર હોય ને. નગર-નકર. કોઈ માથે કર નહિ. એવા .. નગર કહે, એય..! 'ચંદુભાઈ'! હવે તો બધા રાજા પણ થઈ ગયા ભિખારા. સાલિયાણા ઊડી ગયા એટલે રાડેરાડ પાડે બિચારા. હોય એ ખાવ. બીજું નહિ મળે વધારે. શું ખાવું? રાગ ખાય. તારો આત્મા આનંદસ્વરૂપ પ્રભુ, એકવાર તો એનું ભોજન કર. આહાહા..! એ રાગને વિકારને ચાટ્યા એંઠા ભાણા તેં, ભાઈ! એંઠા ભાણા ચાટ્યા. ઓલા ગધેડાના હોય ને? ગાયું એંઠા ચાટે. એમ પુણ્ય અને પાપના વિકારને એંઠા ચાટ્યા, ભગવાન તેં. તારો નાથ અંદર ચિંદાનંદ પ્રભુ આનંદસહિત છે એનો તેં સ્વાદ લીધો નહિ. આહાહા..! આ શું હશે પણ આવી વાતું? ભાઈ! સમજાણું કાંઈ?

ભાવપાહુડ છે ને! એક તો ભાવ ત્રિકાળી સ્વભાવભાવ. એ તો ત્રિકાળી શુદ્ધ. પણ એને આશ્રયે પ્રગટેલી વર્તમાન દશા એ ભાવ શુદ્ધ. એ ભાવશુદ્ધનો અહીંયાં મુખ્ય અધિકાર છે. પુણ્ય અને પાપના ભાવ તો અશુદ્ધભાવ છે, મેલા છે, મેલ છે. આહાહા..! ત્યારે વળી કેટલાક એમ કહે કે જુઓ! આ ત્રણ જ્ઞાનના ધણી સમકિતી થયા. તો એણે રાણીઓ કેમ રાખી? એ કેમ વિષય વાસનામાં આવ્યા? એને તો આત્મજ્ઞાન થયું, એ તો બધું છોડીને બેસી જાય. અરે..! ભગવાન! તને ખબર નથી. છોડ્યું છે કે દિ' અંદર ગરી ગયું છે? રાગરહિત જ છું આત્મા એવું ભાન થયું હોય, એ બહાર સહિત છું એવું આવે છે ક્યાં? પણ દુનિયાની દૃષ્ટિ એવી છે કે આ કાંઈક ઘટાડે અને છોડે ત્યારે એણે ત્યાગ કર્યો કહેવાય. અંદરમાં આખો વિકલ્પનો ત્યાગ અને આનંદનો અનુભવ. આહાહા..! સમજાણું કાંઈ? એ ધર્મ પરિવારિત છે.

'**નર-સુર-વિદ્યાધર સહિત હૈં,...**' કેવો છે ભગવાન અને પંચપરમેષ્ઠી? નર નામ મનુષ્ય, સુર નામ દેવ, વિદ્યાધર-મનુષ્યો. વિદ્યાવાળા, લબ્ધિવાળા થાય. '**વિદ્યાધર સહિત હૈં, પૂજ્ય હૈં,...**' પંચ પરમેષ્ઠી, પરમ આત્માની પવિત્રદશા પ્રાપ્ત. એ તો જગતના વિદ્યાના ધરનારથી પણ એ પૂજ્ય છે. એવી લોકોત્તર વિદ્યા જેને પ્રગટ થઈ છે. વિદ્યમાન એવું જ્ઞાન, એની વિદ્યમાન દશા કેવળજ્ઞાનની પ્રગટ થઈ અને કેવળજ્ઞાન પ્રગટ કરવાના સાધક-આચાર્ય-ઉપાધ્યાય એ પણ વિદ્યમાન તત્ત્વને જ અનુભવે છે. સમજાણું કાંઈ? એથી વિદ્યાધરોને, મનુષ્યોને, દેવને, એ પંચપરમેષ્ઠી પૂજ્ય છે અથવા એ બધાને આત્મા તે પૂજ્ય છે. આહાહા..! આવો આત્મા મોટો ... ક્યાં? 'ભગવાનજીભાઈ'! એમ કહેતા. ધોયેલ મૂળા જેવો વખાણો છો બહુ પણ ગયો ક્યાં? લે. આ વકીલ. એય..! વકીલ કાંઈ એક જાતના હોય છે? એક વકીલ નહોતા? 'રાજકોટ'માં હતા. એ પહેલા. બે-પાંચ લાખ ભેગા કરેલા હશે. એ તો પુણ્ય હોય તો થાય. સમજવા જેવું હતું. 'રામજીભાઈ'ની બુદ્ધિ જુદી, હોં! એ

પણ કાંઈ 'રામજીભાઈ'ની બુદ્ધિથી કાંઈ મળતું નહોતું. એ તો મળતું હતું પુણ્યને લઈને. પણ આ તો બુદ્ધિમાં ફેર હતો. પણ એ બુદ્ધિ પણ કુબુદ્ધિ હતી. એ તો એ પોતે કહેતા હતા ને, 'રામજીભાઈ' કહેતા, કુબુદ્ધિ છે. જે સંસારના કામમાં વિકલ્પને જોડવો એ જ્ઞાન તો કુજ્ઞાન છે. બરાબર હશે? આ ... બુદ્ધિ કેવી હશે? આહાહા..! બુદ્ધતે ઈતિ બુદ્ધિ. જે બુદ્ધિ ભગવાનઆત્મા જ્ઞાનાનંદ સ્વભાવને જાણે તે બુદ્ધિને બુદ્ધિ કહેવામાં આવે છે. આહાહા..!

**'લોકોત્તમ કહે જાતે હૈં,...' 'પૂજ્ય હૈં, ઈસલિયે વે લોકોત્તમ કહે જાતે હૈં,...'** એમ કરીને ત્યાં નાખ્યું પછી. બધામાં પૂજ્ય છે એટલે એ મોટા લોકોત્તમ છે. એમ. લોકમાં પૂજ્ય છે. વળી **'આરાધનાકે નાયક હૈં,...'** અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ, આરાધના ધર્મની સેવા જેણે આત્માની સેવા કરી, આત્માની સેવા કરી એના એ નાયક છે. આરાધનામાં ઉત્કૃષ્ટ પોતે છે માટે આરાધનાના નાયક છે. આરાધવું એટલે? આત્માનો સ્વભાવ પૂર્ણ શીતળ, શુદ્ધ, આનંદ એમાં એકાગ્ર થવું એ એની સેવા, એ એનું આરાધન. 'સમયસાર'માં આવે છે નહિ? કે મહારાજ! તમે કહો છો કે જ્ઞાનની સેવા કરો, જ્ઞાનની સેવા કરો. તો જ્ઞાનરહિત તો કોઈ દિ' નથી. આત્મા જ્ઞાનસ્વભાવથી રહિત તો કોઈ દિ' નથી. તો જ્ઞાનની સેવા શું કરવાની કહો છો તમે? જ્ઞાન સદાય છે. ભાઈ! જ્ઞાનસ્વભાવ સદાય હોવા છતાં એ જ્ઞાનની સેવા નામ જ્ઞાન તરફ એકાગ્રતા કોઈ દિ' કરી નથી. એની સેવા કરી જ નથી. લોકોની સેવા કરો. ધૂળેય કંઈ કરતો નથી. કોણ સેવા કરતો હતો? વાહ વાહ હોય તો લોકસેવા કરો, લોકના કામ કરો એવું આવે. કોઈ એક પાંપણ ફેરવી શકે નહિ, ભગવાન! વિકલ્પ આવે એ પણ કર્તૃત્વબુદ્ધિથી રહિત વિકલ્પ પણ એને જે આવવાનો હોય એ આવે. કરે કોણ? આહાહા..! જગતની ગતિમાં જનારાને આ ગતિ સમજવી કઠણ બહુ. સમજાણું કાંઈ?

કહે છે અહો..! **'આરાધનાકે નાયક હૈં, વીર હૈં, કર્મોંકે જીતનેકો સુભટ હૈં...'** ભગવાનઆત્મા ને પંચપરમેષ્ઠી પણ કર્મને જીતવાને સુભટ છે. લ્યો, આ તો અહીં આવ્યું. ઓલો કહે, અરિહંતમાં આમ ન થાય. શબ્દમાં શું છે? અરિહંત એમ કે અરિમાં કર્મરૂપી દુશ્મનને હણે એ શોભતું નથી એવી ભાષા. એટલે અર્હંત રાખો. ઈન્દ્રોને પૂજ્ય છે એમ રાખો. 'મખ્ખનલાલજી'નું મોટું લખાણ હતું. અરિહંત અને અર્હંતનું. મોટો લેખ. અરિહંત એ શોભતું નથી. અરિ-દુશ્મન હોય? ધર્માત્માને દુશ્મન કોઈ હોય? નામ-નિક્ષેપે દુશ્મન પણ શોભતું નથી. હવે સાંભળને! આ શું કીધું? વીર છે. કર્મને જીતવાને સુભટ છે. પરને જીતવું એ નહિ શોભતું હોય, એમ હશે? એ તો જીતવાનું એટલે કે ટાળે છે. ટળી જાય છે. સ્વભાવ સન્મુખ થતાં એ ભાવ ઉત્પન્ન થતો નથી તો ટળી જાય છે. એને જીતે છે, એને હણે છે, અરિહંત હણે છે એમ કહેવામાં આવે છે. આહાહા..! ઓલામાં નથી આવ્યું? 'પરમાત્મપ્રકાશ'માં નથી આવ્યું? અરે..રે..! અનાદિનો કર્મ તારો બંધુ. કર્મ અનાદિના સાથે

રહ્યા છે. દોષથી. દોષ કર્યા અને કર્મ બંધાણા, એ સાથે રહ્યા છે. એ બંધુનો હણનાર તું છો. ધર્માત્માને કહે છે. જ્ઞાનીએ બંધુને હણ્યા. શું કીધું એ? અનાદિથી ભાવ કરે છે ને પુણ્ય અને પાપ? એને કર્મ પણ બંધાય છે. એ કર્મ અનાદિના છે સાથે ને સાથે. અનાદિના બંધવને તેં છેદયા. બંધુનો હણનાર તું છો. આવે છે કે નહિ? ગાથા આવે છે. છે શું? એ તો અલંકાર છે. '..ભાઈ'! 'પરમાત્મપ્રકાશ'માં છે.

સાથે રહેનાર, હાથ આપનાર એક સમય પણ પરમાણુએ કોઈ દિ' તારો હાથ છોડ્યો નથી. સાથે ને સાથે બિચારા છે. એને તું હણી નાખનાર. બંધુને હણનારો છો. એમ કરીને ગુણ ગાયા છે. કર્મને હણ્યા તે પરમાત્મા થયા. કર્મનો નાશ કર્યો તે આત્મા પરમાત્મપદને પામ્યા. એ વાંચ્યું નહિ હોય. એવા છે. 'ધવલ'માં પાઠ એ મૂળ છે. મૂળ પાઠ જ અરિહંતનો છે. 'ધવલ'ની પહેલી ગાથા. નમો અરિહંતાણં. પછી ટીકામાં બેય લીધું છે. અરિહંત છે, અર્હંત પણ છે. હોય, ઠીક છે, એમાં શું વાંધો? આહાહા..! શબ્દોમાં અંદર વાંધા. ભાવમાં શું ફેર પડે છે એની ખબર ન મળે.

'**વિશિષ્ટ લક્ષ્મીકો પ્રાપ્ત હૈં...**' લ્યો! એ ખાસ આત્મલક્ષ્મીને પ્રાપ્ત છે અથવા દે છે. એમ લીધું. ઉપર વીર છે ને એમાંથી કાઢ્યું. વિશિષ્ટ લક્ષ્મીને પ્રાપ્ત છે પરમાત્મા તથા પંચ પરમેષ્ઠી ખાસ આત્મલક્ષ્મી. અનંતજ્ઞાન, દર્શન, આનંદ એવી લક્ષ્મીને પ્રાપ્ત છે. ધૂળની લક્ષ્મીને પ્રાપ્ત તો આત્મા કોઈ દિ' હતો નહિ. માન્યો હતો ભ્રમણામાં. આ લક્ષ્મી તો સહિત છે અનાદિથી. આનંદસ્વરૂપ જ્ઞાનલક્ષ્મી છે એમાં. એવી જેને દશામાં પ્રાપ્ત લક્ષ્મી થઈ. અથવા એ લક્ષ્મીને પ્રાપ્ત છે '**તથા દેતે હૈં.**' એ આવી લક્ષ્મી જે દે એને પરમેષ્ઠી કહીએ. નિમિત્તથી કથન છે ને. દેવનું આવે છે ને. દેવ દે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ ચારેય દે. પહેલા આવી ગયું છે. નિમિત્તથી વાત છે ને એને સમજાવ્યા ચારેય એટલે એણે દીધું એમ કહેવામાં આવ્યું. '**ઈસપ્રકાર પંચ પરમ ગુરુકા ધ્યાન કર.**' એવા પંચપરમેષ્ઠીનું ધ્યાન કર.

**ભાવાર્થ :- 'યહાં પંચ પરમેષ્ઠીકા ધ્યાન કરનેકે લિયે કહા. ઉસ ધ્યાનમેં વિઘ્નકો દૂર કરનેવાલે ચાર મંગલસ્વરૂપ કહે...**' લ્યો! ધ્યાનમાં વિઘ્નના ટાળનારા ચાર મંગળસ્વરૂપ ભગવાન છે. વળી 'ચાર શરણ ઔર લોકોત્તમ કહે હૈં વે ભી ઈન્હીંકો કહે હૈં.' ત્યાં પંચપરમેષ્ઠીને કહીએ. '**ઈનકે સિવાય પ્રાણીકો અન્ય શરણ યા રક્ષા કરનેવાલા કોઈ ભી નહીં હૈ. લોકમેં ઉત્તમ ભી યે હી હૈ. આરાધના દર્શન-જ્ઞાન-ચારિત્ર-તર યે ચાર હૈં, ઈનકે નાયક (સ્વામી) ભી યે હી હૈં,...**' સમ્યગ્દર્શન, સમ્યક્જ્ઞાન, સમ્યક્ચારિત્ર, સમ્યક્ ઈચ્છાનિરોધ, એનું આરાધન કરનારા પણ એ જ છે.

'**કર્મોકો જીતનેવાલા ભી યે હી હૈં.**' લ્યો! જીતવાવાળા. '**ઈસલિયે ધ્યાન કરનેવાલેકે લિયે ઈનકા ધ્યાન શ્રેષ્ઠ હૈ. શુદ્ધસ્વરૂપકી પ્રાપ્તિ ઈનહીકે ધ્યાનસે હોતી હૈ, ઈસલિયે યહ ઉપદેશ હૈ.**' લ્યો! જેવા પંચપરમેષ્ઠી છે એનું ધ્યાન એટલે એવો જ હું છું, એમ અંદરમાં દૃષ્ટિ કરવા અને ધ્યાન કરવાથી આત્મા પરમેષ્ઠી પદને પ્રાપ્ત થાય છે. લ્યો!

**आगे ध्यान है वह, 'ज्ञानका एकाग्र होना' है, इसलिये ज्ञानके अनुभवनका उपदेश करते हैं :–**

**णाणमयविमलसीयलसलिलं पाऊण भविय भावेण।**
**वाहिजरमरणवेयणडाहविमुक्का सिवा होंति।।१२५।।**

ज्ञानमयविमलशीतलसलिलं प्राप्य भव्याः भावेन।
व्याधिजरामरणवेदनादाह विमुक्ताः शिवाः भवन्ति।।१२५।।

**જ્ઞાનાત્મ નિર્મળ નીર શીતળ પ્રાપ્ત કરીને, ભાવથી,**
**ભવિ થાયછે જર–મરણ–વ્યાધિદાહવર્જિત, શિવમયી. ૧૨૫.**

**अर्थ :– भव्यजीव ज्ञानमयी निर्मळ शीतल जलको सम्यक्त्वभाव सहित पीकर और व्याधिस्वरूप जरा–मरणकी वेदना (पीड़ा) को भस्म करके मुक्त अर्थात् संसारसे रहित 'शिव' अर्थात् परमानंद सुखरूप होते हैं.**

**भावार्थ :– जैसे निर्मल और शीतल जलके पीनेसे पित्तकी दाहरूप व्याधि मिटकर साता होती है, वैसे ही यह ज्ञान है वह जब रागादिक मलसे रहित निर्मल और आकुलता रहित शांतभावरूप होता है, उसकी भावना कर रुचि, श्रद्धा, प्रतीतिमें पीवे, इससे तन्मय हो तो जरा–मरणरूप दाह–वेदना मिट जाती है और संसारसे निवृत्त होकर सुखरूप होता है, इसलिये भव्य जीवोंको यह उपदेश है कि ज्ञानमें लीन होओ।।१२५।।**

## ગાથા–૧૨૫ ઉપર પ્રવચન

'**આગે ધ્યાન હૈ વહ, 'જ્ઞાનકા એકાગ્ર હોના' હૈ,...**' દેખો હવે ધ્યાનની વ્યાખ્યા કરી. ધ્યાન શું પણ? આત્મા ચૈતન્ય જ્ઞાનમૂર્તિ છે એ જ્ઞાનમાં એકાગ્ર થવું એનું નામ ધ્યાન. રાગમાં એકાગ્ર થાવું એમાં અપધ્યાન, ... ધ્યાન. સ્વભાવમાં એકાગ્ર થાવું એનું નામ ધ્યાન. 'ઈસલિયે જ્ઞાનકે અનુભવનકા ઉપદેશ કરતે હૈં :–'

**णाणमयविमलसीयलसलिलं पाऊण भविय**
**भ ा व े ण ।**
**वाहिजरमरणवेयणडाहविमुक्का सिवा होंति।।१२५।।**

અહીં વજન છે. '**भावेण**' પોતાનો સ્વભાવભાવ એનાથી ...

**અર્થ :–** '**ભવ્યજીવ...**' લાયક પ્રાણી છે. મોક્ષના માર્ગને, દર્શન–જ્ઞાન–ચારિત્રને પ્રાપ્ત થવાને લાયક છે એ જીવો '**જ્ઞાનમયી નિર્મલ શીતલ જલકો સમ્યક્ત્વભાવ સહિત**

**પીકર...**' પીવો. લ્યો! એ આનંદસ્વરૂપ ભગવાન જ્ઞાનથી, શીતળથી ભરેલું તત્ત્વ છે. એમાં એકાગ્ર થઈને એને પીવો. નિર્વિકલ્પ રસ પીજીએ. ભારે વાતું. 'આશા ઔરન કી ક્યા કીજે, ધ્યાન સુધારસ પીજે, જ્ઞાન સુધારસ પીજે.' ચૈતન્ય સ્વભાવ જેનો અનાદિઅનંત છે. વસ્તુ અનાદિઅનંત છે. એમ જ્ઞાનસ્વરૂપ સ્વભાવ એનું અનાદિઅનંત છે. એને પીવો. એનું ધ્યાન કરીને આનંદનો સ્વાદ લ્યો. આહાહા..! આ તો બધી ઊંચી વાતું છે, એમ કોઈક કહે છે. પણ નીચલા દરજ્જાની કોઈ વાત? આ નીચલાની જ વાત છે. સાચાની નીચલાની આ વાત છે. રાગ કરવો, ફલાણું કરવું... કાલે ઓલાને લાગ્યું કે વ્યવહાર તો ખતમ હો ગયા. વાત પણ સાચી, ખોટી વાત નથી. એને તો કાંઈ કીધું. ગામડાના માણસ સાધારણ. ... વ્યવહાર અને વ્યવહારનો અભાવ અનેકાંત તે .. એ આ ફેરી વધારે આવ્યું.

વસ્તુનો સ્વભાવ, એમાં જે શક્તિ છે એને-શક્તિવાનનો આદર કરતા નિશ્ચયદશા પ્રગટ થાય છે અને વ્યવહારનો એમાં અભાવ છે. વ્યવહારથી પ્રગટ નથી થતો. વ્યવહારનો અભાવ છે અને નિશ્ચયની પર્યાય પ્રાપ્તિ સ્વથી. એ વ્યવહારથી નહિ. વ્યવહારનો અભાવ. એનું નામ અનેકાંત છે. વ્યવહારથી પણ પ્રાપ્ત થાય અને નિશ્ચયથી પ્રાપ્ત થાય એમ અનેકાંત નથી. આહાહા..! આકરું લાગે. છે ખરો. છે માટે, છે માટે કારણ થાય? હા, કારણ પણ કહેવું. એ કારણ ઉપચાર છે. વ્યવહાર છે એ ત્રિકાળની અપેક્ષાએ ઉપચાર છે. અને છે તરીકે તે યથાર્થ છે. સમજાણું કાંઈ? વસ્તુ જે ત્રિકાળ છે એની અપેક્ષાએ એક સમયની પર્યાય વ્યવહાર છે. વ્યવહાર છે એટલે કે ત્રિકાળની અપેક્ષાએ તે ઉપચાર છે. એની અપેક્ષાએ એ છે. એ ઉપચાર નથી, વસ્તુ નથી એમ નહિ. પણ પર્યાય છે માટે પર્યાયને આશ્રયે લાભ થાય છે એમ નથી. આહાહા..! સમજાણું?

'**નિર્મલ શીતલ જલકો સમ્યક્ત્વભાવ સહિત પીકર...**' એનાથી તારો રોગાદિ નાશ થશે. વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પ્રવચન નં. ૧૪૬, ગાથા-૧૨૫-૧૨૬, રવિવાર, માગશર વદ ૧, તા.૧૩-૧૨-૭૦

ભાવપાહુડ. ૧૨૫ ગાથા. ભાવપાહુડમાં પ્રધાન શુદ્ધભાવની વ્યાખ્યા છે. શુદ્ધ પરિણામ. પુણ્ય-પાપના ભાવ એ તો અશુદ્ધ છે, એ કાંઈ આત્માનો મૂળ સ્વભાવ નથી. શુદ્ધ સ્વભાવ જેવો છે તેવો જ ભાવ, આત્માનો સ્વભાવ જે ત્રિકાળ શુદ્ધ છે એવો જ શુદ્ધભાવ પર્યાયમાં પ્રગટે, એ દ્વારા આત્માનો અનુભવ થાય, એ દ્વારા આત્માને મુક્તિ થાય. એ વર્ણવવું છે અહીંયાં.

**णाणमयविमलसीयलसलिलं पाऊण भविय**
**भ ा व े ण ।**
**वाहिजरमरणवेयणडाहविमुक्का सिवा होंति।।१२५।।**

શું કહે છે?

**અર્થ :–** '**ભવ્યજીવ...**' '**भविय**' એમ શબ્દ છે ને? છેલ્લે શબ્દ છે વચમાં. '**ભવ્યજીવ જ્ઞાનમયી નિર્મલ શીતલ જલકો...**' શું કહે છે? આત્મા જ્ઞાનમય શીતલ સ્વચ્છ આનંદમય જલ છે. જળ–પાણી. આહાહા..! '**સમ્યક્ત્વભાવ સહિત...**' '**भावेण**' શબ્દ છે ને? પહેલી લીટીનો છેલ્લો. સમકિત પછી લીધું છે, જ્ઞાન પહેલું લીધું છે. સમજાણું કાંઈ? '**જ્ઞાનમયી નિર્મલ શીતલ જલકો...**' અહીં તો છેલ્લી ગાથાઓ છે ને બધી? ચાલીસ ગાથા બાકી છે. ૧૬૫ છે એટલે અંદર એકદમ સાર જ લઈ લીધો છે.

આ આત્મા આનંદજળ શીતળ સ્વરૂપ–ઠંડો. જેમ પિત્ત થયો હોય અને ઠંડુ જળ પીવે તો પિત્તનો નાશ થાય. એમ આત્મા જ્ઞાનરૂપી શીતળજળ અમૃત, એને જે પીવે. '**સમ્યક્ત્વભાવ સહિત...**' પ્રતીત સહિત. સમજાણું કાંઈ? '**પીકર...**' એને પીને. નિર્વિકલ્પરસને પીને. એમ કહેવું છે અહીં તો. ૧૭–૧૮માં એ આવ્યું ને? ૧૭–૧૮ ગાથા. પહેલો જ્ઞાનમાં આત્મા જાણવો. 'સમયસાર'. આત્મા જ્ઞાનમાં જાણવો. જેવો છે એવો સ્વભાવ પહેલો જ્ઞાનમાં જાણવો. પછી તેની શ્રદ્ધા કરવી. પછીમાં કાળભેદ નથી પણ શબ્દ એમ છે. સમજાણું કાંઈ?

પ્રથમમાં પ્રથમ અહીં કીધું ને? '**णाणमयविमलसीयलसलिलं पाऊण**' '**भविय भावेण**' માં સમકિત લીધું. '**भावेण**'માં સમકિત લીધું અને પહેલું આ લીધું. ત્યાં પણ એમ લીધું. ૧૭–૧૮. કારણ કે જ્યાં પહેલું જાણવું '**णाणम**' આત્મા જ્ઞાત્વા. જ્ઞાત્વા એટલે અનુભવ થઈને જ્ઞાત્વા, હોં! એકલું જાણવું એમ નહિ. ત્યાં છે ને? '**जीवराया णादव्वो**' જાણવો. જાણવો એટલે વ્યવહારજ્ઞાન એમ નહિ. અનુભૂતિથી જાણવો એ પહેલામાં પહેલી વાત છે. સમજાણું કાંઈ? આત્માને અનુભૂતિથી જાણવો કે આ આત્મા. પછી એની શ્રદ્ધા થાય. આ જાણેલાની શ્રદ્ધા. નહિ જાણેલાની ગધેડાના શીંગ જેવી શ્રદ્ધા છે. છે ને? સમજાણું કાંઈ?

આ 'મુંબઈ'માં વાંધા ઉઠ્યા છે ને જ્ઞાન અને શ્રદ્ધામાં? આ એનો ખુલાસો થાય છે. વાંધા ઉઠ્યા છે. ત્રણેમાં. એકથી બેમાં થયા, ત્રીજો હવે હમણાં સાંભળ્યો. સમજ્યા વિના જ્ઞાનનું અજીરણ થઈ જાય. પછી પોતાને મનાઈ જાય કે અમારું સાચું છે, અમારું આ સાચું છે. પહેલું થઈ ગયું હતું ને ઓલું? સમકિતને દ્રવ્ય ને પર્યાય હોય. પહેલું એ ચાલ્યું. એ ગયું ત્યાં વળી બીજું ચાલ્યું પર્યાયનું. ક્ષેત્રભેદ ન હોય, ભાવભેદ હોય એ ચાલ્યું. વળી ત્રીજું ચાલ્યું છે હમણાં, એવું સાંભળ્યું છે, હોં! કો'ક કહેતું હતું. કોઈ કહે, જ્ઞાનની પ્રધાનતા, કોઈ કહે સમકિતની પ્રધાનતા. બેયની પ્રધાનતા છે. અને જાણ્યા વિના શ્રદ્ધા

કોની? '**णादव्वो**' છે ને? તહ્રય શબ્દ પડ્યો છે ને? ૧૭-૧૮. પુસ્તકમાં છે.

'**નિશ્ચયથી જેમ કોઈ ધન-અર્થી પુરુષ બહુ ઉદ્યમથી પ્રથમ તો રાજાને જાણે...**' જાણે કીધું ને? 'આ રાજા છે, પછી તેનું જ શ્રદ્ધાન કરે કે '**આ અવશ્ય રાજા જ છે, તેનું સેવન કરવાથી અવશ્ય ધનની પ્રાપ્તિ થશે'...**' '**તેવી રીતે મોક્ષાર્થી પુરુષે પ્રથમ તો આત્માને જાણવો,...**' જાણવો એટલે? અનુભવ. નિશ્ચય નિર્વિકલ્પ સ્વસંવેદનથી જાણવો. વ્યવહારુ (જાણવું) નહિ. એ જાણવું નહિ. એ વ્યવહાર વસ્તુ જ ક્યાં છે? સમજાણું કાંઈ? '**પ્રથમ તો આત્માને જાણવો,...**' એટલે અનુભૂતિથી જાણવો. આહાહા..! જ્ઞાનને અંતરમાં વાળી અને આ આત્મા પૂર્ણ છે, શુદ્ધ છે, આનંદ છે એ આત્મા, એમ જાણવામાં આવ્યો. '**પછી તેનું જ શ્રદ્ધાન કરવું...**' ટીકા છે આ. '**પછી તેનું જ શ્રદ્ધાન કરવું...**' એમ આવે છે. વસ્તુ જ્ઞાનમાં જાણ્યા વિના શ્રદ્ધા કોની? ગધેડાના શીંગની? છે ને? અર્થમાં નાખ્યું છે, નહિ? અનુભૂતિ છે ને?

'**આત્મજ્ઞાન ઉદય થતું નથી અને તેના અભાવને લીધે, નહિ જાણેલાનું શ્રદ્ધાન ગધેડાનાં શિંગડાંના શ્રદ્ધાન સમાન હોવાથી,...**' વસ્તુ છે એ જ્ઞાનમાં, અનુભવમાં પહેલી આવવી જોઈએ. અનુભૂતિથી, હોં! અરે..! ઝીણી વાતું છે, ભાઈ! સમજાણું કાંઈ? આ ચીજ અનુભવમાં આવી જ્ઞાનમાં. જાણેલાની શ્રદ્ધા. નહિ જાણેલાની શ્રદ્ધા શું? સમજાણું? નહિ જાણેલાની શ્રદ્ધામાં કહ્યું. નહિ જાણેલાનું શ્રદ્ધાન ગધેડાનાં શિંગડાં સમાન શ્રદ્ધાન હોય છે. ઓલામાં આવ્યું છે. પછી આવે છે ને? આ આત્મા જેવો જાણ્યો એવો જ છે એવી પ્રતીતિ જેનું લક્ષણ એવું શ્રદ્ધાન ઉદય થાય છે. પહેલું જાણવામાં અનુભવમાં આવે. '**સર્વ પ્રકારે ભેદજ્ઞાનમાં પ્રવીણપણાથી 'આ અનુભૂતિ છે તે જ હું છું'...**' રાગ વિના જ્ઞાનના સ્વભાવની અનુભૂતિ એ અનુભૂતિ દ્વારા જણાણો તે આત્મા. '**એવા આત્મજ્ઞાનથી પ્રાપ્ત થતું, આ આત્મા જેવો જાણ્યો તેવો જ છે એવી પ્રતીતિ જેનું લક્ષણ છે એવું, શ્રદ્ધાન ઉદય થાય છે...**' અહીં જ્ઞાનની મુખ્યતા લીધી છે. જાણ્યા વિનાની શ્રદ્ધા કોની? શ્રદ્ધામાં ક્યાં જાણવાનો સ્વભાવ છે? એય..! શ્રદ્ધામાં જાણવાનો સ્વભાવ નથી. આનંદને જાણવાનો સ્વભાન નથી. જાણવાનો સ્વભાવ તો જ્ઞાનમાં જ છે. જ્ઞાનમાં આ આત્મા પવિત્ર શુદ્ધ પૂર્ણ, અનુભૂતિથી જાણે. પાઠમાં જ છે ને ઈ? '**एवं हि जीवराया णादव्वो**' જાણવો. પણ એ જાણવાની વ્યાખ્યા આવી ટીકામાં. સ્વસંવેદનથી નિર્વિકલ્પપણે જાણવું એનું નામ જાણવું. આહાહા..! એય..! 'કાંતિભાઈ'! તમારે ત્યાં ચાલતું હશે થોડું થોડું? નહિ? વખત નહિ મળતો હોય. કહો સમજાણું કાંઈ?

કહે છે, આત્મા પહેલો તો જાણવો જોઈએ. પહેલામાં પહેલું. પ્રથમ શબ્દ પડ્યો છે, હોં! સંસ્કૃત. પ્રથમ અનુભૂતિથી જાણવો. જાણ્યા પછી એની શ્રદ્ધા થાય. જાણ્યા વિના શ્રદ્ધા હોય નહિ. ઓલું આવે છે ને? શ્રદ્ધા કારણ અને જ્ઞાન કાર્ય. એ દીવો અને પ્રકાશ.

એ તો પછી એનો ન્યાય આપ્યો છે. ... જાણેલાની શ્રદ્ધા કે જાણ્યા વિનાની શ્રદ્ધા કોની? જાણ્યો એટલે અનુભવથી જાણ્યો, હોં! સમજાણું કાંઈ? જુઓને! ભાષા કેટલી ચોખ્ખી લીધી છે! '**પ્રથમ તો આત્માને જાણવો, પછી તેનું જ શ્રદ્ધાન કરવું...**' સંસ્કૃત છે. પછી તેનું. પછી એટલે? કાળભેદ તો નથી પણ એને જ્ઞાનનું જાણવાનું મુખ્યપણું આપ્યું છે. પછી તેનું શ્રદ્ધાન કરવું. એમ છે ને? પછી શ્રદ્ધા એટલે? જાણ્યો (કે) આ છે, એ શ્રદ્ધાન. એમ. જાણ્યા વિના શ્રદ્ધા કોની? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- પ્રભુ! આપ સંભળાવો છો. જાણ્યું એમાં શ્રદ્ધા આવી ગઈ.

ઉત્તર :- આવી ગઈ. કોણે ના પાડી? પણ આ જાણ્યું આ. એ શ્રદ્ધા. એમ. આ. શુદ્ધ ચૈતન્ય અનુભવ એ વસ્તુ. એમ. આહાહા..! આ તો બાપુ અકળ માર્ગ છે. સાધારણને ખ્યાલમાં આવે એવી ચીજ છે નહિ. એવી માર્ગની રીત છે. ક્યાંક ક્યાંક પકડાઈ જાય બહારમાં એને તો હાથ પણ ન આવે. સાચી શ્રદ્ધાના ઠેકાણા નથી એને તો અંદર હાથ ક્યાંથી આવે ઈ? સમજાણું કાંઈ?

શબ્દ એમ છે, જુઓ! '**પછી તેનું જ શ્રદ્ધાન કરવું કે આ જ આત્મા છે,...**' અને શું શ્રદ્ધાન કર્યું? કે '**તેનું આચરણ કરવાથી અવશ્ય કર્મોથી છૂટી શકાશે.**' આવો આનંદસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ પ્રભુ, એમાં આચરણ કરવાથી. શ્રદ્ધા થઈ. શું શ્રદ્ધા કરી? જાણવામાં આત્મા આવ્યો. શ્રદ્ધા શું કરી? કે એમાં ઠરવાથી ચારિત્ર થઈ અને કર્મથી છૂટીશ. લ્યો, બધો ખુલાસો થઈ ગયો આ તો. ત્રણેય આવી ગયા. 'અને ત્યાર પછી તેનું જ આચરણ કરવું-' સ્વરૂપનું જ્ઞાન, અનુભૂતિ, એની શ્રદ્ધા, એના પછી એનું આચરણ. સમજાણું કાંઈ? '**અનુભવ વડે તેમાં લીન થવું;...**'

મુમુક્ષુ :- ત્રણે શબ્દોમાં તો ક્રમ છે.

ઉત્તર :- ક્રમ છે. જાણવાનો સ્વભાવ જ્ઞાનનો છે ને? અનુભૂતિને. અનુભવમાં આવ્યો આત્મા ત્યારે એની શ્રદ્ધા થઈ, એમ કહેવું છે. ભાઈ! 'લાલુભાઈ'! જાણ્યા વિનાની શ્રદ્ધા કોની પણ? લ્યો, આને શ્રદ્ધો. સસલાના શીંગડાને શ્રદ્ધો. આ બોર આવું હોય, કાશીનું બોર આવું હોય. પણ વસ્તુ જ જ્યાં એને ખ્યાલ નથી આવ્યું જ્ઞાન. શી રીતે બેસે વિશ્વાસ? સમજાણું? એથી એમ લીધું છે. પાઠ એમ જ છે ને. '**जीवराजो ज्ञातव्यस्तथैव श्रद्ध तव्यः**' '**तथैव श्रद्ध तव्यः**' જાણેલાની શ્રદ્ધા હોય. જાણ્યા વિનાની શ્રદ્ધા ન હોય. જાણેલાનું મુખ્ય આપ્યું, પ્રધાન આપ્યું. ત્યાં તો દર્શનનું પ્રધાનપણું તો અમુક કારણે આપ્યું. શ્રદ્ધામાં, શ્રદ્ધાનો વિશ્વાસ હોય. પ્રતીત (હોય). પણ પ્રતીત ક્યારે આવે એને? એનું જ્ઞાન થયું છે ત્યારે આવે છે. સમજાણું કાંઈ? આહાહા..! એમાં બહુ ચોખ્ખું છે. ૧૭-૧૮માં.

અહીં એ શબ્દ છે, જુઓ! '**ભવ્યજીવ...**' '**भविय**' શબ્દ છે ને પહેલી લીટીનો છેલ્લો બીજો. તે '**જ્ઞાનમયી નિર્મલ શીતલ જલકો...**' નિર્મળ શીતળ જળ. શાંત અકષાય

સ્વભાવ એવું શીતળ જળ. તેને '**भावेण**' શબ્દ છે ને? '**भावेण**' એટલે ભક્તિ છે. ભક્તિ એટલે સમ્યગ્દર્શન. સમ્યગ્દર્શન '**સમ્યક્ત્વભાવ સહિત પીકર...**' આત્માના આનંદને, જળને, શીતળ શાંત જળને '**સમ્યક્ત્વભાવ સહિત પીકર...**' લ્યો! એનું વળી પીવું. આહાહા..! પીવું એટલે અનુભવવું. નિર્વિકલ્પરસ પીજીએ. પુણ્ય-પાપના વિકલ્પો છે એને વેદે છે ઈ ઝેરને પીવે છે.

આત્માના સ્વભાવનું શીતળપણું, શાંતપણું, અરાગીપણું, નિર્દોષપણું. એને પીવે એટલે એકાગ્ર થઈને અનુભવે. એનું નામ પીવું એમ કહેવામાં આવે છે. જુઓ! આ તો માખણની વાત છે, ભાઈ! સમજાણું કાંઈ? આહાહા..! શું કરે પીને? એટલે પર્યાય ઉત્પન્ન થઈ. ત્રિકાળી આનંદનું વેદન થઈને. નાશ શું થાય છે? '**વ્યાધિસ્વરૂપ જરા-મરણકી વેદના (પીડા) કો ભસ્મ કરકે...**' રાગ અને દ્વેષ જે વ્યાધિ, પુણ્ય અને પાપ જે વ્યાધિ, એ જરા-મરણ એની વ્યાધિ. જરા-મરણ તો નિમિત્તથી છે પણ એમાં વ્યાધિ જે દુઃખ છે એ એની જાત છે. '**વેદના (પીડા) કો ભસ્મ કરકે...**' લ્યો, દાહ છે ને? '**व्याधिजरामरणवेदनादाह**' દાહ એટલે ભસ્મ. પરમાણુને ભસ્મ કરતા હશે? અહીં આત્માના આનંદનું વેદન થયું એટલે દુઃખની પર્યાય ઉત્પન્ન થતી નથી એને દુઃખને બાળ્યું એમ કહેવામાં આવે. સીધો શબ્દ કરવા જાય તો બાળ્યું એટલે શું આ બાળવા ગયો? રાગ છે એને બાળે છે? પીડા છે એને ટાળે છે? સમજાણું કાંઈ?

'**વ્યાધિસ્વરૂપ જરા-મરણકી વેદના (પીડા)...**' વિકારની એકતાની પીડા એ સ્વભાવની એક્તાથી નાશ થાય એમ કહેવું છે. સમજાણું કાંઈ? '**વેદના (પીડા) કો ભસ્મ કરકે મુક્ત અર્થાત્ સંસારસે રહિત...**' લ્યો! '**डाहविमुक्का**' છે ને? '**सिवा होंति**' શિવ થાય છે. '**શિવ અર્થાત્ પરમાનંદ સુખરૂપ હોતે હૈં.**' લ્યો, શિવની વ્યાખ્યા. નિરૂપદ્રવ, કલ્યાણમૂર્તિ એટલે પરમાનંદ સુખરૂપ થવું એનું નામ મોક્ષ. પરમાનંદની પૂર્ણ દશારૂપ સુખરૂપ દશા થવી એનું નામ મોક્ષ. મોક્ષ શબ્દમાં આનંદ થવું એવું ન આવે આમ. મોક્ષમાં તો મૂકાવું આવે. પણ એનો અર્થ એ. નાસ્તિથી દુઃખથી મુક્ત થવું અને આનંદની પ્રાપ્તિ થવી એ રીતે મોક્ષની વ્યાખ્યા કરી.

**ભાવાર્થ :- 'જૈસે નિર્મલ ઔર શીતલ...'** નિર્મળ અને શીતળ. એકલું ટાઢું પણ નિર્મળ. '**શીતલ જલકે પીનેસે પિત્તકી દાહરૂપ વ્યાધિ મિટકર સાતા હોતી હૈં,...**' ઓહો..હો...! '**સાતા હોતી હૈ, વૈસે હી યહ જ્ઞાન હૈ વહ જબ રાગાદિક મલસે રહિત...**' જ્ઞાનસ્વરૂપ ભગવાનઆત્મા એ રાગાદિ મળથી રહિત છે. '**રાગાદિક મલસે રહિત નિર્મલ ઔર આકુલતા રહિત શાંતભાવરૂપ હોતા હૈ,...**' લ્યો! જેવો એનો સ્વભાવ શાંત છે, અનાકુળ છે, એવી એકાગ્રતા કરતા અનાકુળ શાંતમય દશા થાય. '**ઉસકી ભાવના કર...**' એની એકાગ્રતા કરી '**રુચિ, શ્રદ્ધા, પ્રતીતિસે પીવે,...**' લ્યો! ઓલામાં આવ્યું હતું ને એ?

સમ્યક્‌ભાવ કરી સહિત પીવે. એનો ખુલાસો કર્યો જરી. '**भावेण**' હતું ને? '**सलिलं पाऊण भविय भावेण**' સમકિતસહિત. એમ. '**रुचि, श्रद्धा, प्रतीतिसे पीवे,...**' જ્ઞાનના સ્વરૂપને જાણી અને પ્રતીતિ કરીને પીવે. અનુભવમાં-વેદનમાં લે. આહાહા..! ભારે આવી વાતું પણ. લ્યો! આ કરવાનું છે એને, મોક્ષ કરવાની ક્રિયા હોય તો. કેમકે જે વસ્તુ છે એનો સ્વભાવ છે, એ સ્વભાવમાં શક્તિરૂપે જે સ્વભાવ છે એને વ્યક્તરૂપ સ્વભાવ વડે એની મુક્તિ થાય. વિભાવ અને નિમિત્ત ને એનાથી મુક્તિ-બુક્તિ ન થાય.

'**ઈસમેં તન્મય હો...**' પીવાની વ્યાખ્યા કરી. પીવું એટલે શું વળી? એમ. આનંદસ્વરૂપ જળ ચૈતન્ય, જ્ઞાન એમાં તન્મય થાય. જ્ઞાનસ્વરૂપી ભગવાન નિર્મળ, શાંત એમાં એકાગ્ર થાય. તન્મય એટલે તત્ સ્વરૂપે એકાકાર. '**તો જરા-મરણરૂપ દાહ-વેદના મિટ જાતી હૈ...**' લ્યો. જરા અવસ્થા, મરણ, દાહ, વેદના મટી જાય. '**સંસારસે નિવૃત્ત હોકર...**' લ્યો, વિકારી પર્યાયથી છૂટી જાય. '**સુખરૂપ હોતા હૈ,...**' આનંદની પર્યાયથી પ્રાપ્ત થાય. શું આ વ્યાખ્યા તે કરી. ત્યારે અમારે કરવું શું પણ આમાં? કરવાનું આ. પૂર્ણ સ્વરૂપ ભગવાન નિર્વિકલ્પ રસનો કંદ છે એ તો. એની દૃષ્ટિ કરી એમાં એકાગ્ર થઈ અને એનું વેદન કરવું એ ધાર્મિક ક્રિયા છે. ધર્મીની એ ધર્મક્રિયા છે. એ ક્રિયાથી દુઃખ મટીને સુખ થાય. સુખ થાય કહો કે મોક્ષ થાય કહો. સમજાણું કાંઈ?

'**ઈસલિયે ભવ્ય જીવોંકો યહ ઉપદેશ હૈ કિ જ્ઞાનમેં લીન હોઓ.**' જ્ઞાનમાં લીન હો (થાઓ). ભગવાન તો જ્ઞાનમૂર્તિ આત્મા છે. એનો બીજો કોઈ ઉપાય હશે કે નહિ પણ આને માટે જવાનો કાંઈ? આ તો ... વાત છે. એમ વાત કરે છે માણસો. વાત જ આ છે. પહેલા કહો કે પછી કહો. આહાહા..! જેને ધર્મ પ્રગટ કરવો હોય (એણે તો આ કરવાનું છે). વસ્તુનો સ્વભાવ છે એ તો ધર્મ છે. વસ્તુનો સ્વભાવ એ ધર્મ. એ તો છે. હવે પ્રગટ કરવો હોય. આનંદ, શાંત, જ્ઞાન, સ્વચ્છતા વગેરે નિર્દોષ સ્વભાવ તો છે. પ્રગટ કરવો એટલે? કે એમાં એકાગ્ર થવું હોય તો ધર્મ પ્રગટ થાય. અને એ ધર્મનું ફળ આનંદની પ્રાપ્તિ અને દુઃખનો નાશ. લ્યો! બહુ ટૂંકી વાત આવી. તો ચોપડા ન જોવા પડે, એમ કહે છે. કહો, 'પ્રકાશદાસજી'! તો ચોપડા ન જોવા પડે. બહુ વાંચેલું હોય તો આ થાય એવું પણ નથી, એમ કહે છે. આહાહા..! એવો ઉપદેશ ભગવાનનો છે કે જ્ઞાનમાં લીન હો, ભાઈ! રાગમાં અને પુણ્યમાં અને વિકલ્પમાં જે લીન છે એ સંસાર છે, એ મિથ્યાત્વ છે. જે એમાં નથી, એમાં લીન છે એ મિથ્યાત્વ છે. જે એમાં છે તેમાં લીન છે તે સમ્યક્ મોક્ષનો માર્ગ છે. સમજાણું કાંઈ?

आगे कहते हैं कि इस ध्यानरूप अग्निसे संसारके बीज आठों कर्म एक बार दग्ध हो जाने पर पीछे फिर संसार नहीं होता है, यह बीज भावमुनिके दग्ध हो जाता है:–

**जह बीयम्मि य दड्ढे ण वि रोहइ अंकुरो य महिवीढे।**
**तह कम्मबीयदड्ढे भवंकुरो भावसवणाणं।।१२६।।**

**यथा बीजे च दग्धे नापि रोहति अंकुरश्च महीपीठे।**
**तथा कर्मबीजदग्धे भवांकुरः भावश्रमणानाम्।।१२६।।**

**જ્યમ બીજ હોતાં દગ્ધ, અંકુર ભૂતલે ઊગે નહીં,**
**ત્યમ કર્મબીજ બળ્યે ભવાંકુર ભાવશ્રમણોને નહીં. ૧૨૬.**

अर्थ :– जैसे पृथ्वीतलपर बीजके जल जाने पर उसका अंकुर फिर नहीं उगता है, वैसे ही भावलिंगी श्रमणके संसारका कर्मरूपी बीज दग्ध होता है इसलिये संसाररूप अंकुर फिर नहीं होता है।

भावार्थ :– संसार के बीज 'ज्ञानावरणादि' कर्म हैं। ये कर्म भावश्रमणके ध्यानरूप अग्निसे भस्म हो जाते हैं, इसलिये फिर संसाररूप अंकुर किससे हो? इसलिये भावश्रमण होकर धर्म–शुक्लध्यानसे कर्मोंका नाश करना योग्य है, यह उपदेश है। कोई सर्वथा एकांती अन्यथा कहे कि–कर्म अनादि है, उनका अंत भी नहीं है, उसका भी यह निषेध है। बीज अनादि है वह एक बार दग्ध हो जाने पर पीछे फिर नहीं उगता है, उसी तरह इसे जानना।।१२६।।

## ગાથા-૧૨૬ ઉપર પ્રવચન

'**આગે કહતે હૈં કિ ઈસ ધ્યાનરૂપ અગ્નિસે સંસારકે બીજ આઠોં કર્મ એક વાર દગ્ધ હો જાને પર પીછે ફિર સંસાર નહીં હોતા હૈ,...**' મુક્તિ કીધી ને? કે ફરીને એને અવતાર હોય ખરો? મોક્ષમાંથી આવે છે ને, અવતાર ધારણ કરે ફરીને. રાક્ષસનું જોર વધી જાય, ભક્તોને ભીડ પડે. ભગવાન પણ ત્યાંથી અવતરે. એવું હશે? શું અવતરે? વીતરાગી પર્યાય અવતરે, સમયે સમયે જન્મ આપે. અવતારને આપે. અવતાર છે ક્યાં હવે અંદર? 'યહ બીજ ભાવમુનિકે દગ્ધ હો જાતા હૈ :–' એમ છે ને શબ્દ? શબ્દ પડ્યો છે. દગ્ધ. બળે છે. એમ.

**जह बीयम्मि य दड्ढे ण वि रोहइ अंकुरो य महिवीढे।**
**तह कम्मबीयदड्ढे भवंकुरो भावसवणाणं।।१२६।।**

'**दड्ढे**' શબ્દ છે ને? '**भावसवणाणं**' એટલું વજન છે. દ્રવ્યલિંગી સાધુ હોય એને આ વસ્તુ હોતી નથી. પંચમહાવ્રત પાળે, ક્રિયાકાંડ કરે એ બધા મિથ્યાદૃષ્ટિ છે. ક્યાં ગયા પાંચ

મહાવ્રતનું ચારિત્ર?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. દિયા?

**અર્થ :- 'जैसे पृथ्वीतलपर...'** **'महिवीढे'** એમ શબ્દ છે ને? **'महिवीढे'** **'महिवीढे'** એટલે પૃથ્વીના તળ વિષે એમ શબ્દ કર્યો છે. છે ને? **'महि'** એટલે પૃથ્વી. **'वीढे'** પૃથ્વીના સ્થળમાં. એમ. **'बीजके जल जाने पर..'** બીજ બળતા થકા. **'उसका अंकुर फिर नहीं उगता हैं,...'** અંકુર ફરીને થાય નહિ. બળ્યાને શું થાય? **'वैसे ही भावलिंगी श्रमणके...'** ઉત્કૃષ્ટ વાત લીધી છે ને? શ્રમણ, જેને દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણની પ્રાપ્તિ થઈ છે. સ્વરૂપનું જ્ઞાન, સ્વરૂપની શ્રદ્ધા અને સ્વરૂપની સ્થિરતા-આચરણ. ત્રણ જેને પ્રગટ્યા છે એકસાથે. એથી એ **'भावलिंगी श्रमणके संसारका कर्मरूपी बीज दग्ध होता है,...'** લ્યો! એને સંસારરૂપી કર્મ રહેતું નથી. 'ईसलिये संसाररूप अंकुर फिर नहीं होता है.' એથી તેને સંસારરૂપી અંકુર ફરીને હોતો નથી.

**ભાવાર્થ :- 'संसारके बीज ज्ञानावरणादि कर्म हैं.'** વ્યવહારની વાત કરે શું? કર્મ એ સંસારનું બીજ છે એમ કીધું છે અહીં. ખરેખર સંસારનું બીજ તો મિથ્યાત્વ છે. પણ એ મિથ્યાત્વનું નિમિત્ત છે એટલે એને બીજ કીધું. પાઠ એવો છે ખરો ને, શું કરે? **'बीयदड्ढे भवंकुरो'** **'कम्मबीयदड्ढे भवंकुरो'** એમ છે ખરું ને? પાઠ જ છે એ. કર્મરૂપી બીજને બાળવાથી. ભાષા... એનો અર્થ એ છે કે કર્મ અને કર્મના નિમિત્તે થતું અજ્ઞાન અને રાગ બધું કર્મ જ છે. સમજાણું કાંઈ? ત્યારે કર્મને બાળવા એ પણ.. ઓલા અરિહંતમાં આવ્યું કે નહિ? કર્મને હણવા એ જ્ઞાનીને શોભે નહિ એમ કહે છે. તો પછી આ બાળવા ઈ?

મુમુક્ષુ :- ભેદ છે.

ઉત્તર :- ભેદ છે? ઠીક.

અરિહંતની વ્યાખ્યા આવી છે મોટી. મોટો લેખ આવ્યો (છે). એમ કે અરિહંતમાં તો દુશ્મનપણું ઊભું થાય છે કર્મનું. વીતરાગી મુનિને એ શોભે? નામનિક્ષેપે પણ એને વેરી કહેવું શોભે? માટે અર્હંતાણં જોઈએ. ઈન્દ્રો આદિ મહાપુરુષોને પૂજ્ય છે એમ જોઈએ. અરિહંતા કરતા અર્હંતા (જોઈએ). એવી ચર્ચા મોટી ચાલી છે. એ તો અરિહંતાણં કહો કે અર્હંતાણં કહો. અર્હંતાણંમાં ઈન્દ્રોના પૂજ્ય છે. એમ કે એને વેરી કહેવા. કર્મરૂપી વેરી? વીતરાગને વેરી? એ વીતરાગને શોભતું નથી. એમ. એય..! એવી મફતની ચર્ચાઓ ખોટી ઊભી કરે અને અમે કાંઈક જાણીએ છીએ. અહીં શું કહે છે?

**'कर्मरूपी बीज दग्ध होता है.'** બાળી નાખે છે એમ કહ્યું. તો કોઈકને બાળી નાખવા એ શોભે છે? અરિહંતની મોટી વ્યાખ્યા આવી છે. 'મખનલાલજી'એ. મોટો જબ્બર લેખ છે. 'ધવલ'માં તો પહેલો જ શ્લોક એ મૂક્યો છે. નમો અરિહંતાણં. પછી ટીકામાં બેય અર્થ કર્યા છે. અરિહંતાણંનો પણ અર્થ કર્યો છે અને અર્હંતાણંનો પણ અર્થ કર્યો છે. એ જ ટીકામાં. એ

છે બેય. પણ છતાં અરિહંત એ ન શોભે, અરિ શબ્દ આવ્યો માટે, એવું કાંઈ નથી. ચાર ઘનઘાતિ કર્મને બાળે, ટાળે, કર્મ વેરી છે એમ કહેવાય, લ્યોને. સમજાણું? અહીં એ જ કીધું, જુઓ! '**કર્મરૂપ બીજ દગ્ધ હોતા હૈ ઈસલિયે સંસારરૂપ અંકુર ફિર નહીં હોતા હૈ.**'

'**યે કર્મ ભાવશ્રમણકે ધ્યાનરૂપ અગ્નિસે ભસ્મ હો જાતે હૈં,...**' લ્યો! બળી જાય. બળી જાયનો અર્થ? કર્મરૂપી અવસ્થા હતી એ અકર્મરૂપ અવસ્થા થાય. એનું નામ બળી જાય એમ કહેવામાં આવે છે. અરે..અરે..! ભારે વ્યાખ્યા! શબ્દને પકડે, કર્મને બાળ્યા. કર્મને એટલે રજકણોને બાળતો હશે આત્મા? ફક્ત આત્મા પોતાના સ્વભાવની શ્રેણીની શુદ્ધ ધારાએ ચડ્યો એટલે કર્મની અવસ્થા પલટીને પરમાણુની અકર્મ અવસ્થા થઈ એ કર્મને બાળ્યા એમ કહેવામાં આવે છે. આહાહા..!

કહે છે કે આત્મજ્ઞાની મુનિ, ધર્મ ક્યારે થાય? કે પહેલો આત્મા આનંદસ્વરૂપ છે એનું ભાન થઈને અનુભવ કરે એને. આ અનુભવ ઉપરાંત પણ ચારિત્ર હોય એની વિશેષતા લીધી છે. આત્મા અતીન્દ્રિય આનંદનું ધામ છે અંદર. આ શરીર તો માટી-જડ છે, ધૂળ છે. એનો જાણનારો જણાય એવી ચીજમાં એક થયેલો નથી. ઘટને જાણનારો ઘટથી જુદો છે. ઘડો-ઘડો. એમ આ પણ એક માટીનો ઘડો છે. એનો જાણનારો ઘડાને જાણનારો ઘડાથી જુદો છે. એ જ્ઞાનસ્વરૂપ, આનંદસ્વરૂપ છે. એની ખબર વિના એ ચોર્યાસીના અવતારમાં રખડી રહ્યો છે.

અહીં કહે છે કે પોતાનું ભાન થતાં ભાવશ્રમણ થતાં '**ધ્યાનરૂપ અગ્નિસે ભસ્મ હો જાતે હૈં,...**' ધ્યાન કરવાથી. એ કર્મરૂપી વેરી જે પરમાણુ જડ છે, નિશ્ચયથી વેરી પોતાની પર્યાય છે, નિમિત્તથી વાત કરી છે. ઓલામાં છે, 'ચિદ્‌વિલાસ'માં. 'ચિદ્‌વિલાસ'. નિશ્ચયથી વેરી પોતપોતાની પર્યાયો (છે). પર વેરી હોય નહિ. વિકારી અવસ્થા તે નિશ્ચયથી પોતાની વેરી છે. આહાહા..! પરવસ્તુ જુદી છે. એ જુદી (વસ્તુ) આ આત્મામાં આવી જતી નથી. પણ જુદી છે એ મારી છે એવી મમતા એને આવે છે. એ મમતા એ મહાપાપ છે. જે ચીજ એનામાં નથી અને એનામાં એ આવી નથી, જગતની સ્વતંત્ર ચીજપણે, ટકીને, બદલીને પોતાનું સ્વતંત્ર (અસ્તિત્વ) જાળવે છે, એને અજ્ઞાની એમ માને કે આ મારી છે તો એ ચીજનો તો ત્યાગ છે એમાં. સમજાણું કાંઈ? મારી માને તોપણ એનો તો ત્યાગ છે. કારણ કે એ એનામાં છે નહિ. એક આંગળીમાં બીજી આંગળી છે જ નહિ. એમ એક તત્ત્વમાં બીજું આ જડ તત્ત્વ છે નહિ. જડ જડમાં, ચૈતન્ય ચૈતન્યમાં. આહાહા..! આ પણ લોચો પકડીને બેસી ગયો અનાદિથી. ભાન ન મળે. આ શરીર, જડ, માટી પરમાણુનું દળ છે, આ રજકણનું દળ. કહે છે, એ કાંઈ આત્મામાં નથી. એનો તો એને ત્યાગ જ છે. સમજાણું કાંઈ? પણ એ મારા છે એવી મમતાનો એને ત્યાગ નથી. એથી ચાર ગતિમાં રખડે છે. આહાહા..! ત્યારે કેમ ટળે? એ વાત ચાલે છે.

સાધુ થાય. સાધુ એટલે? આ બાયડી-છોકરા છોડીને, મુંડીને બેસે એમ સાધુ છે?

અંતરમાં ભગવાનઆત્મા સચ્ચિદાનંદ સત્ સત્ શાશ્વત રહેનારી ચીજ, જે જ્ઞાન ને આનંદ એવું જેનું અવિનાશી સ્વરૂપ છે. એની દશા વર્તમાનમાં ભલે વિકાર છે. શરીર મારું, આ મારું એવી મમતા (છે), પણ એ તો એની ક્ષણિક દશામાં છે. ત્રિકાળી સ્વભાવમાં નથી. કારણ કે દોષ એ ત્રિકાળી સ્વભાવરૂપ ન હોઈ શકે. દોષ એ ક્ષણિક વિકૃત અવસ્થામાં હોઈ શકે. ન્યાયથી સમજાય છે? આહાહા..! એ ક્ષણિક અવસ્થા જે વિકાર મારો, હું એનો. એવી ક્ષણિક અવસ્થાની પાછળ ત્રિકાળી વસ્તુ જે આત્મા અવિનાશી, અનુત્પન્ન અને નાશ વિનાની ચીજ, એમાં તો પૂર્ણ જ્ઞાન અને પૂર્ણ આનંદથી ભરેલો એ પદાર્થ છે. એવા આત્માનું ધ્યાન કરવાથી. છે ને? ધ્યાનરૂપી અગ્નિ. આહાહા..!

જે પોતાનો સ્વભાવ વસ્તુ, અસ્તિ–છે આત્મા. એમ એનો સ્વભાવ જ્ઞાન આનંદ છે. એક વાત. છે એ નિત્ય છે. એ અસ્તિ છે, એનો સ્વભાવ પણ અસ્તિ એટલે છે અને છે તે નિત્ય છે. કાયમ આત્મા અને કાયમ એનો આનંદ અને જ્ઞાનસ્વભાવ કાયમ છે. એમાં એકાગ્ર થવું. આહાહા..! ભારે વાતું, ભાઈ! જેને જન્મ–મરણના દુઃખો ટાળવા હોય અને જન્મ–મરણના અવતારથી કંટાળ્યો હોય એને આ ધર્મ આ રીતે થાય, બીજી રીતે થતો નથી. ભારે વાત, ભાઈ! એય...! વકીલ!

કહે છે, એ પ્રભુ આત્મા પૂર્ણ જ્ઞાન (સ્વરૂપ છે). કારણ કે જે વસ્તુ છે એ એકરૂપ છે, અખંડ છે અને તેનો સ્વભાવ પણ જ્ઞાન, આનંદાદિ એકરૂપ છે. પૂર્ણ છે. એની વર્તમાન દશા હાલત–પર્યાયમાં હાલતમાં ભલે વિકાર અને દુઃખ છે, એ તો સંસાર છે અનાદિનો. એનો સ્વભાવ પણ અનાદિનો છે એમાં. એ દુઃખની દશા ટાળવી હોય અને આનંદરૂપ આત્માનો સ્વભાવ છે એવું થવું હોય તો જ્યાં આનંદ છે તેમાં એકાગ્ર થાવું. આનંદ તો આત્મામાં છે. અંતરમાં સુખ છે, બહારમાં સુખ નથી. ધૂળમાંય નથી. એ માનીને બેઠો છે કે આ પૈસા ને હજીરા ને... હજીરો એટલે શું? આ મકાન. બે–પાંચ–દસ લાખના મકાન છે. પૈસા થયા ૫૦–૫૦ લાખ કે કરોડ, બે કરોડ. શરીર ધોળું, રૂપાળું. બધા માટીના પિંડ, એ તો જડ પર છે. એ ક્યાં તું છો? એ ક્યાં તારામાં છે? એ ક્યાં તારે લઈને અહીં છે? એ તો એને લઈને એ છે. સમજાણું કાંઈ? ભારે વાત, ભાઈ! 'શાંતિભાઈ'! આવો ધર્મ કઈ જાતનો હશે? એણે કોઈ દિ' સાંભળ્યું નથી. એની જાતને કોઈ દિ' જાણવા પ્રયત્ન કર્યો નથી. બહારના બધા ડહાપણ કરી કરીને મરી ગયો અનંતકાળથી. ચોર્યાસીના અવતાર કીડા ને કાગડા, કૂતરામાં અવતરી–અવતરીને ઠટડ નીકળી ગયો એનો. એય..! બરાબર હશે આ? તમે કહો એમાં ઠીક લાગે, વળી એમ બોલે છે. પણ તમારા ન્યાયમાં આવે છે કે નહિ તમને? ઓલા ન્યાય કાઢો છો કે નહિ વકિલાતમાં ત્યાં કોર્ટમાં? આ કાયદો આવો છે અને આ કાયદો આવો છે. ત્યાં તો મોટા પડકાર કરતા હોય છે. 'પાલિતાણા'માં. સમજાણું કાંઈ? આ કાયદા છે આ વીતરાગના, સર્વજ્ઞના.

ભાઈ! તું આત્મા છો ને, પ્રભુ! તારો આત્મા છે એ અવિનાશી છે ને. અનુત્પન્ન અને નાશ ન થાય એવી ચીજ છે. છે, છે ને છે. એનામાં આનંદ અને જ્ઞાન છે. જ્યાં તું છો ત્યાં

એકાગ્ર નથી અને જ્યાં નથી તું ત્યાં એકાગ્ર છો. પુણ્ય અને પાપ, શરીર, વાણી અને રાગાદિ વિકલ્પો છે એમાં તું નથી. એ તો વિકાર છે. જેમાં તું નથી ત્યાં એકાગ્ર છો અને જ્યાં તું છો ત્યાંથી એકાગ્રતા છોડી દીધી તેં. આહાહા..! સમજાણું કાંઈ? હવે જ્યાં તું છો ત્યાં એકાગ્ર થા અને જેમાં તું નથી ત્યાંથી એકાગ્રતા છોડી દે તો તને ધર્મ થાય અને કલ્યાણ થાય. ભારે ધર્મની વ્યાખ્યા, ભાઈ! ઓલા કહે કે દયા પાળો તો ધર્મ થાય, દાન કરો તો ધર્મ થાય, ભગવાનની ભક્તિ કરો તો ધર્મ થાય. એ તો બધો શુભભાવ છે, પુણ્ય છે, ધર્મ નહિ. ધર્મ તો અપૂર્વ ચીજ છે. સમજાણું કાંઈ? અપૂર્વ નામ આજ પહેલા અનંતકાળમાં જે કાંઈ કર્યું એનું એ કરે એ અપૂર્વ નહિ. અહીં તો કહે છે, આ અપૂર્વ છે.

ભગવાનઆત્મા, દેહનો, રાગનો જાણનારો. પણ તે રાગ ને દેહરૂપે નહિ થનારો એવો જેનો પોતાનો નિજ સ્વરૂપનો સ્વભાવ, એ સ્વભાવમાં એકાગ્ર થવાથી એના જન્મ-મરણ ટળે છે. આનંદની પ્રાપ્તિ થાય છે. આ ઉપાય છે, બાપુ! આહાહા..! બાકી બધા રખડવાના રસ્તા દુઃખી છે બધા, હોં! આ પૈસાવાળા ભિખારા છે. કરોડપતિ, પાંચ કરોડપતિ, ધૂળપતિ હોય છે ને મોટા મોટા? મને જોઈએ પર, એ જ ભિખારી છે. મને ન જોઈએ કાંઈ, મારો આત્મા જોઈએ. એ બાદશાહ છે. સમજાણું કાંઈ?

અહીં તો દગ્ધ કરી નાખે, કહે છે. આહાહા..! જે વિકારના, પુણ્ય-પાપના ભાવને અનાદિથી એની દશામાં જાળવી રાખે છે, ટકાવે છે, રક્ષા કરે છે. એ ૬૦ બોલની વાત સાંભળી? ભાઈ, 'લાલચંદભાઈ'! ત્યાં દસ બોલની નહિ 'શ્રીમદ્'ની? આવી વાત? આવી.

મુમુક્ષુ :- આત્મધર્મમાં આવ્યું હતું.

ઉત્તર :- આવ્યું હતું. હમણા આવ્યું હશે. એ હાથ હમણાં આવ્યું. આ છે તો સત્તર વર્ષ પહેલાં. સમજાણું? આપણે પુસ્તકમાં હતું. પણ તેની ૧૭ વર્ષની ઉંમર પહેલા લખેલા બોલ છે. 'શ્રીમદ્'. 'શ્રીમદ્ રાજચંદ્ર'. જાતિસ્મરણ થયું. સાત વર્ષે જાતિસ્મરણ પૂર્વ ભવનું જ્ઞાન હતું. બોલ આવા નીકળ્યા. ત્યાં 'અમદાવાદ' જોયા, હોં! ઓહો..! કીધું, આ તો... થોડો અર્થ કર્યો છે. એમાં આવ્યું છે. નહિ? 'આત્મસિદ્ધિ'. છે કે નહિ? પુસ્તક નથી? ચોપડી અહીં નથી? ક્યાં ગઈ? અહીં રાખે છે ને? એ ત્યાં હાથ આવ્યું હતું, હોં! 'અમદાવાદ'.

'**સ્વદ્રવ્યના રક્ષક ત્વરાથી થાઓ.**' જુઓ તો ખરા! શબ્દ જુઓ! ૧૭ વર્ષ પહેલાંની વાત છે. ૧૭ વર્ષની ઉંમર હતી 'શ્રીમદ્'ની. 'શ્રીમદ્ રાજચંદ્ર'. ૩૩ વર્ષે દેહ છૂટી ગયો છે. પૂર્વ ભવના સંસ્કાર ઘણા હતા ને! ૧૭ વર્ષે (લખ્યું છે). પહેલો શબ્દ તો આ છે. '**સ્વદ્રવ્ય અન્ય દ્રવ્ય ભિન્ન ભિન્ન જુઓ.**' એટલી વ્યાખ્યા કર્યા પછી '**સ્વદ્રવ્યના રક્ષક ત્વરાથી થાઓ.**' એટલે? કે પહેલો આ કષાય મંદ કરું, ફલાણું કરું અને ઢીંકણું કરું (એમ નહિ). 'નવનીતભાઈ'! .. હતા? તમે નહોતા. '**સ્વદ્રવ્યના રક્ષક ત્વરાથી થાઓ.**' આ શું વળી? ચૈતન્ય ભગવાન અનાદિઅનંત તત્ત્વ છે વસ્તુ, એના રક્ષક-રક્ષણ કરનારા ત્વરાથી થાઓ. ઉતાવળ કરો. કાળ ચાલ્યો જાય છે. એ... 'રતિભાઈ'! વાંચ્યું એ? 'આત્મધર્મ' વાંચ્યું હશે.

મુમુક્ષુ :– અમદાવાદ ...

ઉત્તર :– હા.લ્યો એ હતા. એ ગયા હતા ત્યાં. 'ફત્તેપુર' તમારી વાટ જોઈ હતી લોકોએ. પણ ન આવ્યા.

**'રક્ષક ત્વરાથી થાઓ.'** ભાષા તો જુઓ! ઓહો..હો...! આ વસ્તુ. આ જડ ભિન્ન. પુણ્ય-પાપના ભાવ થાય, દયા, દાન, વ્રત, ભક્તિના એ વિકાર છે. એ તો શુભ પુણ્યભાવ વિકાર છે. હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, વાસના, કામ, ક્રોધ, માન, અભિમાન એ બધા પાપભાવનો વિકાર છે. એ ભાવ આત્મદ્રવ્ય નહિ, વસ્તુ નહિ. અહીં તો સ્વદ્રવ્યમાં સ્વદ્રવ્યની રક્ષા કરો. રાગની નહિ, પર્યાયની નહિ, એમ કીધું. એય..! ખરેખર તો એ પહેલાં 'આત્મસિદ્ધિ'માં કહ્યું છે કે 'જે સ્વરૂપ સમજ્યા વિના...'નો અર્થ એ દ્રવ્ય છે. સમજાણું કાંઈ? પહેલી કડી છે ને?

**જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુઃખ અનંત;**
**સમજાવ્યું તે પદ નમું, શ્રી સદ્‌ગુરુ ભગવંત.**

ત્યાં ધ્વનિ તો એ છે અંદર. આ સ્વદ્રવ્યના રક્ષક ત્વરાથી થાઓ. ત્વરા શબ્દ વારંવાર–ઘણીવાર 'શ્રીમદ્' પોતે વાપરે છે.

સ્વદ્રવ્ય વસ્તુ જે છે શુદ્ધ ચૈતન્ય અસ્તિ, અસ્તિ સત્તા, હોવાવાળો પદાર્થ છે એમાં અનંત અનંત શક્તિનું સત્ત્વ એકરૂપ વસ્તુ, એનો રક્ષક. ક શબ્દ વાપર્યો છે ને. રક્ષક. રક્ષા કરનારો ત્વરાથી થાવ. બહુ ટૂંકી ભાષા વાપરી છે. આહાહા..! એય..! 'વજુભાઈ'! ત્યાં તો હજારો માણસ 'અમદાવાદ'માં હતા. ... ઓલા બધા આવ્યા હતા. જજ આવ્યા હતા બધા. જજ પણ વ્યાખ્યાનમાં આવતા. છ–સાત–આઠ જજ. 'અમદાવાદ'ના મોટા જજ છે ને બધા હાઈકોર્ટના. આપણે 'કનુભાઈ' ત્યાં છે એ પણ જજ છે. 'કનુભાઈ', 'ડાહ્યાભાઈ', 'મોહનભાઈ' 'રાજકોટ'ના બધા જજ છે. બધા આવતા હતા. 'વજુભાઈ' તમારા 'વઢવાણ'વાળા. મોટો જજ. 'વૃજલાલ શાહ'. ભાઈ એક 'ત્રંબકભાઈ' કરીને છે. એ બહુ હોંશિયાર ગણાય. જજ. મોટો જજ. બધા જજ. છ–સાત જજ બેસતા હતા.

મુમુક્ષુ :– વાકાનેરવાળા.

ઉત્તર :– 'વાંકાનેર'. હા, 'વાંકાનેર' લ્યો. બધા આવ્યા હતા. એક ફેરી આવ્યા હતા. ચાલો તો ખરા ઓલાને કહે. બીજા જજ કહે. તમે સાંભળો તો ખરા, તમે બધા જજ થઈને ફરો છો તે. બબ્બે હજારના પગાર અને ત્રણ–ત્રણ હજારના પગાર મહિને. ડાહ્યા સાંભળ તો ખરો પણ આ શું કહે છે એ. એકવાર સાંભળ તો ખરો શું છે? આ જુઓ ભાષા કેવી વાપરી જોયું! પહેલો રક્ષક શબ્દ છે ત્યાંથી શરૂ કર્યું. જુદા જુઓ અને પછી રક્ષક થાઓ. એમ. હેં! 'શ્રીમદ્ રાજચંદ્ર'ની આ ચોપડી કરી છે ઓલા ભાઈએ. 'પુણ્યવિજય' છે ને? દેરાવાસી સાધુ. એણે શુદ્ધિકરણ સારું કર્યું છે. કર્યું છે સારું એમ લાગે.

**'સ્વદ્રવ્યના વ્યાપક ત્વરાથી થાઓ.'** વસ્તુ જે છે ધ્રુવ ચિદાનંદ પ્રભુ, એમાં પ્રસર–

વ્યાપક. એમાં જા, એમાં ફેલા. પુણ્ય-પાપના વિકલ્પમાં ન ફેલા, ભગવાન! દુઃખ છે તને એમાં. આહાહા..! 'શાંતિભાઈ'! પણ આ માથા ફરી ગયા હોય એને આ સૂઝ ન પડે અંદર. નહિ વકીલ? 'સ્વદ્રવ્યના ધારક ત્વરાથી થાઓ.' બધે 'ક' વાપર્યો છે. ક માં હેતુ છે. ધારનાર. ભગવાન પૂર્ણ સ્વરૂપ દ્રવ્ય છે ને. એને ધારનારો થા, એને ધારનારો થા. આ રાગને, પુણ્યને, ઢીકણાને ધાર્યું છે એ મારું-મારું એ ધાર્યું, એ ધાર્યું રહેવા દે. એમાં કાંઈ માલ નથી. દુઃખી થવાના પંથે પડ્યો છો તું તો. સમજાણું કાંઈ? સુખી થવાના પંથે ગતિ કરવી હોય તો સ્વદ્રવ્યનો ધારક થા. 'શ્રીમદ્'નું આવ્યું છે એ? 'આત્મધર્મ'માં આવ્યું. એમ. બધે આવી ગયું લાગે. પહેલું.

મુમુક્ષુ :- 'આત્મધર્મ'ના છેલ્લા અંકમાં આવ્યું.

ઉત્તર :- છેલ્લા અંકમાં આવ્યું. ત્યાં 'અમદાવાદ'ના પ્રવચનમાં આવ્યું હતું. થોડું થોડું કર્યું હતું. 'ધન્નાલાલજી' નહોતા ત્યાં. નહિ? એ તો 'ફતેહપુર' હતા. થોડું કહ્યું હતું.

'સ્વદ્રવ્યના રમક ત્વરાથી થાઓ.' ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ એવી જે વસ્તુ, એના રમનારા ત્વરાથી થાઓ. આ રમનારા. આ રાગ અને પુણ્ય-પાપમાં રમે છે એ તો દુઃખના ધંધા છે. આહાહા..! એય..! 'શાંતિભાઈ'! જુઓ! આ 'શ્રીમદ્'માં આમ છે. વાંચે છે ક્યાં? એ પોતાની દૃષ્ટિએ વાંચીને સમજી લે કે અમે સમજ્યા છીએ કાંઈક. એમ છે કે નહિ? 'ધનબાદ'થી છે. એમ કહે છે કે દ્રવ્ય વસ્તુ, ત્રિકાળી વસ્તુ એમાં રમનારો થા. રાગમાં અને પુણ્ય-પાપમાં રમનારો તો અનાદિથી થયો અને ચોર્યાસીમાં રખડી મરે છે એમાં ને એમાં. ત્યાં દુઃખ છે, સુખ ક્યાંય છે નહિ. આહાહા..!

'**સ્વદ્રવ્યના ગ્રાહક ત્વરાથી થાઓ.**' એનો ગ્રાહક થા-પકડ એને. સ્વદ્રવ્ય ભગવાન પૂર્ણાનંદ પ્રભુ એના ગ્રાહક ત્વરાથી થાઓ. થાઓ, હોં! થાઓ. '**સ્વદ્રવ્યની રક્ષકતા ઉપર લક્ષ રાખો.**' સ્વદ્રવ્યની રક્ષકતા ઉપર, ત્યાં શબ્દ ફેરવ્યો પાછો. રક્ષકતા ઉપર, રાખવા ઉપર ત્વરાથી લક્ષ દે. ત્યાં ત્વરા શબ્દ વાપર્યો નથી. હવે પાછું ફર્યું. '**પરદ્રવ્યની ધારકતા ત્વરાથી તજો.**' એ પુણ્ય અને પાપના વિકલ્પોને, પરદ્રવ્યને એની ધારણા ત્વરાથી તજો. છોડ એની વાત. ભગવાનઆત્મા પરમાનંદ સ્વરૂપ છે ને તારું. એનાથી વિરૂદ્ધ રાગાદિ પરવસ્તુ છે (એને) ત્વરાથી તજ. ત્વરાથી તજ. વાયદો નહિ, એમ કહે છે. વાયદો કરે એ વાંકો જેનો જેને પ્રેમ લાગ્યો એ વાયદો કરે? કે હમણાં નહિ... હમણાં નહિ આ. પરદ્રવ્યની ધારકતા.

'**પરદ્રવ્યની રમણતા ત્વરાથી તજો.**' આહાહા..! ભારે! ૧૭ વર્ષ પહેલાના શબ્દો છે એમાં કહે છે હમણાં સુબોધ વાક્ય એનું નામ. સવાસો કહેવાય. સવાસો. એમાં ૧૦૪થી કે ત્યાં સુધી છે. અહીં પુસ્તકમાં હશે. પણ આપણે .. બધા પુસ્તકમાં હશે એમ ધારીને કાંઈ વાંચેલું નહિ. મેં વાંચેલું ખરું હશે.. મેં ત્યાં ચિહ્ન કર્યું છે. પણ ખ્યાલમાં ચર્ચા આવીને ખ્યાલમાં રહ્યું નહિ. ચિહ્ન કર્યું છે, કાલે જોયું હતું. ચિહ્ન તો છે મારું પેલું લાલ શીશપેનનું. અહીં હાથ જ્યાં આવ્યું ત્યાં ખ્યાલ વધારે આવ્યો કે, ઓહો..! આ તો માલ ભર્યો છે આમાં

એકલો. પર્યાય-બર્યાય નહિ એમ કહે છે. ધારક થા આનો. પણ ધારણ કરે છે પર્યાય. આમાં ધારક થા. 'પરદ્રવ્યની ગ્રાહકતા ત્વરાથી તજો.' એ રાગ ને પુણ્ય-પાપના વિકલ્પોનો ગ્રહણ કરનાર ત્વરાથી છોડ. આહાહા..! પછી તો .. પહેલો શબ્દ છે.

અહીં એ જ કહે છે, જુઓ! ભગવાન તારા સ્વરૂપનું ધ્યાન કર, ધ્યાન કર. ધ્યાન તો તેં કર્યું છે, સંસારનું. '**ભાવશ્રમણકે ધ્યાનરૂપ અગ્નિસે ભસ્મ હો જાતે હૈં, ઈસલિયે ફિર સંસારરૂપ અંકુર કિસસે હો?**' ચણ્યાનો દાણો શેકાણા પછી ઊગે એમ બને નહિ. મીઠાશ આપે, તુરાશ જાય, ઊગે નહિ. ચણ્યો-ચણ્યો આ નહિ? દાળિયા કહે છે ને? વાણિયા કહે નહિ? કે આ દાળિયા છે કાંઈ? કાંઈ મળ્યું? પૈસા-બૈસા માને લોકો. ધૂળમાંય નથી દાળિયા ત્યાં. સાંભળને! દાળિયા તો અહીં પડ્યા છે અંદર. ચણ્યો કાચો ખાય તો તૂરો લાગે, વાવ્યો ઊગે, અગ્નિમાં બાળે, તુરાશ જાય, મીઠાશ અંદરમાં હતી તે બહાર આવે. અંદરમાં હતી. મીઠાશ કાંઈ અગ્નિએ નથી આપી. અગ્નિ આપે તો કાંકરા શેકીને મીઠાશ લાવવી જોઈએ. મીઠાશ હતી અંદર. બળેલો વાવ્યો ઊગે નહિ.

એમ ભગવાનઆત્મા અંતર અતીન્દ્રિય આનંદસ્વરૂપ છે અંદર, મીઠાશ ભરી છે અંદરમાં. અજ્ઞાન અને રાગ-દ્વેષને લઈને તુરાશ લાગે છે. મીઠાશ દેખાતી નથી. પણ મીઠાશમાં એકાગ્ર થતાં એ અજ્ઞાન બળી જાય છે, મીઠાશ બહાર આવે છે. જન્મ-મરણ ઊભા ટળી જાય છે. આહાહા..! ભારે વાત. પલાખું સહેલું પણ કામ ભારે આકરું. પલાખું તો સહેલું થઈ જાય. બે મિનિટમાં (સમજી જાય). એય..! 'ચંદ્રકાંતજી'! આહાહા..!

'**ઈસલિયે ભાવશ્રમણ હોકર ધર્મ-શુક્લધ્યાનસે કર્મોંકા નાશ કરના યોગ્ય હૈ, યહ ઉપદેશ હૈ.**' લ્યો! ભાવશ્રમણ થાય. એકલા સાધુ થઈને લુગડા ફેરવ્યા, બાવા થઈને બુદ્ધિ વિનાના. બાયડી-છોકરા છોડ્યા અને થઈ ગયા સાધુ. ધૂળેય નથી, સાંભળને! અંદરમાં આનંદસ્વરૂપના ભાન વિના, અજ્ઞાન ટળ્યા વિના એ સાધુ હોઈ શકે નહિ. 'સાધતિ ઈતિ સાધુ.' આનંદ સ્વરૂપ ભગવાન એને સાધે અંતરમાં એ સાધુ. કહે છે, એવા ભાવસાધુ થઈ કર્મનો નાશ કરવો.

'**કોઈ સર્વથા એકાંતી અન્યથા કહે કિ-કર્મ અનાદિ હૈ, ઉસકા અંત ભી નહીં હૈ,...**' કોઈ કહે ને ભાઈ, કર્મ તો અનાદિના છે. માટે એનો અંત આવે નહિ. પણ આ બીજ અનાદિનું છે ચણાનું. ઊગે ને વાવે, ઊગે ને વાવે. અનાદિનું છે. પણ એકવાર બાળ્યું હોય તો? બીજ ખલાસ થઈ જાય. પછી ઊગે નહિ કાંઈ? એમ અનાદિના કર્મો હોય છતાં ભાન વડે બાળીને નાશ થઈ જાય છે. 'બીજ અનાદિ હૈ વહ એકબાર દગ્ધ હો જાને પર પીછે ફિર નહીં ઉગતા હૈ, ઉસી તરહ ઈસે જાનના.' લ્યો! ચણાનું બીજ અનાદિનું છે અને ઊગ્યા કરે છે. પણ એકવાર શેકી નાખે તો ઊગે નહિ. એમ અનાદિના કર્મ હો પણ આત્માના ભાન દ્વારા એને શેકી નાખે તો ફરીને કર્મ ઊગે નહિ. આત્માના આનંદની પ્રાપ્તિ થઈને મુક્તિ થાય. એને પછી અવતાર-ફવતાર હોઈ શકે નહિ. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

आगे संक्षेपसे उपदेश करते हैं :–

**भावसवणो वि पावइ सुक्खाइं दुहाइं दव्वसवणो य।**

**इय णाउं गुणदोसे भावेण य संजुदो होइ।।१२७।।**

भावश्रमणः अपि प्राप्नोति सुखानि दुःखानि द्रव्यश्रमणश्च।

इति ज्ञात्वा गुणदोषान् भावेन च संयुतः भव।।१२७।।

**રે! ભાવશ્રમણ સુખો લહે ને દ્રવ્યમુનિ દુઃખો લહે;**

**તું ભાવથી સંયુક્ત થા, ગુણદોષ જાણી એ રીતે. ૧૨૭.**

अर्थ :– भावश्रमण तो सुखोंको पाता है और द्रव्यश्रमण दुःखोंको पाता है, इस प्रकार गुण–दोषोंको जानकर हे जीव! तू भावसहित संयमी बन।

भावार्थ :– सम्यग्दर्शनसहित भावश्रमण होता है, व संसारका अभाव करके सुखोंको पाता है और मिथ्यात्वसहित द्रव्यश्रमण भेषमात्र होता है, यह संसारका अभाव नहीं कर सकता है, इसलिये दुःखोंको पाता है। अतः उपदेश करते हैं कि दोनोंके गुण–दोष जानकर भावसंयमी होना योग्य है, यह सब उपदेशका सार है।।१२७।।

## પ્રવચન નં. ૧૪૭, ગાથા-૧૨૭ થી ૧૩૦, સોમવાર, માગશર વદ ૨, તા.૧૪-૧૨-૭૦

ભાવપાહુડ.

**भावसवणो वि पावइ सुक्खाइं दुहाइं दव्वसवणो य।**

**इय णाउं गुणदोसे भावेण य संजुदो होइ।।१२७।।**

સાધુની મુખ્યતાથી કથન છે ને? મોક્ષમાં મુખ્ય અધિકાર ચારિત્રવંતનો છે. એટલે ચારિત્રવંતની વ્યાખ્યા મુકી દીધી છે.

**અર્થ :–** '**ભાવશ્રમણ...**' એટલે કે સમ્યગ્દર્શન સહિત. નીચે (અર્થ) કરશે એ. ભાવશ્રમણ એટલે એકલા દ્રવ્યલિંગી નહિ. દ્રવ્યલિંગી તો દુઃખ પામે છે. આત્માનું ભાન, આત્મામાં આનંદ છે એવો જ્યાં અનુભવ નથી એને પરમાં ઈચ્છા સુખની રહ્યા કરે એ દ્રવ્યશ્રમણ તો દુઃખને પામે. સમ્યગ્દષ્ટિ, મારો આનંદ મારામાં છે એવા આનંદના ભાનવાળો સમ્યગ્દષ્ટિ '**સુખોંકો પાતા હૈ...**' પૂર્ણ સુખને પ્રાપ્ત કરે છે. '**ઔર દ્રવ્યશ્રમણ દુઃખોંકો પાતા હૈ,...**' કારણ કે એ તો પુણ્યની ક્રિયામાં (પડ્યો છે). આત્માનો શાંત આનંદ, અનાકુળ સ્વભાવ, એનો જ્યાં અનુભવ નથી એને તો એ પુણ્યના ભાવનો જ ભોગવટો

હોય છે. આકુળતાનો. મહાવ્રત પાળે, અઠ્યાવીસ મૂળગુણ પાળે પણ એ તો આકુળતા–દુઃખ છે. મહાવ્રતનું પાળવું દુઃખ છે.

મુમુક્ષુ :– માને તો દુઃખ છે.

ઉત્તર :– ન હોય તો સુખ છે? એ કહે છે. માને તો દુઃખ અને ન માને તોપણ દુઃખ છે.

આત્માનો સ્વભાવ આનંદ છે અતીન્દ્રિય અમૃત. એ અમૃતસાગર પ્રભુ, એના (ભાન) વિના જેટલા પરિણામ થાય એ બધા દુઃખરૂપ આકુળતા છે. પંચમહાવ્રતના પરિણામ... અહીં જુઓને! દ્રવ્યશ્રમણ લીધું છે ને? '**દ્રવ્યશ્રમણ દુઃખોંકો પાતા હૈ,...**' એનો અર્થ શું થયો? કે પંચમહાવ્રત તો પાળે છે. '**મુનિ વ્રત ધાર...**' આવ્યું ને? 'ગ્રૈવેયક ઉપજાયો પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' એનો અર્થ શું થયો? જુઓ! એ જ કહે છે. સમ્યગ્દર્શન એટલે રાગ, વિકલ્પથી રહિત પરિપૂર્ણ આનંદનું ધામ આત્મા, એનો જ્યાં અનુભવ નથી, એના આનંદને ધાર્યો નથી, તેના આનંદનો સ્વાદ આવ્યો નથી એ જીવો પંચમહાવ્રતને પાળે એ દુઃખને ભોગવે છે. એય..! 'પ્રકાશદાસજી'! શું બરાબર થઈ ગયું? આટલો બધો ફેર પડી ગયો? પંચમહાવ્રત ધર્મ ચારિત્ર હતું. અને પંચમહાવ્રત દુઃખ? આહાહા..! છે પણ, જુઓ!

'**દ્રવ્યશ્રમણ...**' એટલે પંચમહાવ્રત પાળે છે. દ્રવ્યશ્રમણ છે ને? અઠ્યાવીસ મૂળગુણ છે. અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય શરીરનું બરાબર પાળે, પણ એ '**દુઃખકો પાતા હૈ,...**' એ પંચમહાવ્રતાદિ પરિણામ એ તો આકુળતા અને દુઃખરૂપ અને રાગનો ભાગ છે. એ રાગનું દુઃખ વર્તમાન ભોગવે અને ભવિષ્યમાં પણ એ દુઃખને જ ભોગવશે. આહાહા..! ભારે કામ! સમજાણું કાંઈ? બહુ જ ટૂંકી વાત લઈ લીધી. જેને આત્માના આનંદનો અનુભવ છે એવો જે ભાવશ્રમણ એ વર્તમાન સુખી છે અને પૂર્ણ સુખને પામશે. દ્રવ્યશ્રમણ પંચમહાવ્રત અને અઠ્યાવીસ મૂળગુણ આદિ પાળતો હોય. જુઓ! અઠ્યાવીસ મૂળગુણ પાળતો હોય. લ્યો! તો તે વર્તમાન દુઃખી છે. કારણ કે એ રાગભાગ છે આકુળતાનો. એના ફળમાં પણ ગતિનું દુઃખ છે. આ ભાવપાહુડની વ્યાખ્યા છે.

જેને આત્મા સિવાય કોઈપણ રાગાદિ ભાગમાં જેને પ્રીતિ, રુચિ ઊપજે છે એ દુઃખની રુચિવાળા છે. સમજાણું કાંઈ? આત્મામાં અતીન્દ્રિય આનંદ, જેના એક અંશ સ્વાદમાં ઈન્દ્રના ઈન્દ્રાસન સડ્યા, સડેલા તરણા, સડેલા ઉકરડા. ઉકરડાને શું કહે છે? ઢેર. કચરેકા ઢેર. ઈન્દ્રના ઈન્દ્રાસનો કચરાના ઢેર (લાગે). આહાહા..! સમ્યગ્દર્શનમાં આત્માનો આનંદ આવ્યો છે એ આનંદની ગંધ ક્યાંય ત્રણકાળ ત્રણલોકમાં બીજે નથી. સમજાણું કાંઈ? એથી '**ભાવશ્રમણ તો સુખોંકો પાતા હૈ ઔર દ્રવ્યશ્રમણ દુઃખોંકો પાતા હૈ,...**' બહુ ટૂંકું કરી નાખ્યું. આહાહા..! સમજાણું કાંઈ?

'**ઈસ પ્રકાર ગુણદોષોંકો જાનકર...**' બહુ ટૂંકું. આ રીતે ગુણ અને દોષને જાણી 'હે

**જીવ! તૂ ભાવસહિત સંયમી બન.**' તું સમ્યગ્દર્શનસહિત, આત્માના અનુભવસહિત સંયમ અને ચારિત્રવંત હો. એમ કહે છે. કહો, સમજાણું કાંઈ? '**इति ज्ञात्वा गुणदोषान् भावेन च संयुतः भव**' એમ છે ને? ભગવાનઆત્મા જ્ઞાનના આનંદવાળો, એનો જે ભાવ એને પામવાનો શુદ્ધભાવ એ શુદ્ધભાવ સહિત થા. તો એ શુદ્ધભાવ વર્તમાન સુખનું કારણ (છે) અને ભવિષ્યમાં પણ સુખનું કારણ છે.

**ભાવાર્થ :- 'સમ્યગ્દર્શનસહિત ભાવશ્રમણ હોતા હૈ,...**' લ્યો, બહુ ટૂંકું કર્યું. તો પછી સમકિતી હોય એ સાધુ હોય એમ કીધું ને? પણ અહીં તો સાધુ હોય એને સમકિત હોય એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? 'આચારાંગ'નો એક ટુકડો છે ને? એની બહુ ચર્ચા ચાલી હતી. આ શબ્દની સાથે મેળ આવ્યો. 'આચારાંગ'માં એક શબ્દ છે. ... સમ્યગ્દર્શનને જો, એ મુનિને જો, મુનિને જો એ સમ્યગ્દર્શનને જો. એવું આવે છે. 'શ્રીમદ્'માં આવે છે ટુકડો. ... જે સમ્યગ્દર્શન જો એને ચારિત્ર જો. એનો અર્થ કે જ્યાં ચારિત્ર હોય ત્યાં સમ્યગ્દર્શન હોય છે, એમ. એ સૂત્રમાં છે. અને આમ પણ કહ્યું ને? 'આતમજ્ઞાન ત્યાં મુનિપણું થાય, તે સાચા ગુરુ હોય.' એમાં એમ કહ્યું. નહિતર મુનિપણું તો ચારિત્રસહિત છે. આતમજ્ઞાન તો ચોથે ગુણસ્થાને હોય છે. વિશેષ છે. પણ એને અંદર એમ કહેવાનો આશય છે કે જ્યાં ચારિત્રવંત સંત હોય એને સમ્યગ્દર્શન હોય જ. સમ્યગ્દર્શન વિના એને ચારિત્ર હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? એકલા પંચમહાવ્રતાદિ ધારણ કરે, અઠ્યાવીસ મૂળગુણ ધારણ કરે, એ સમ્યગ્દર્શન વિના તો એને વ્યવહારચારિત્રનું નામ પણ અપાતું નથી. વ્યવહાર ચારિત્રનું, હોં! નિશ્ચયચારિત્ર તો નથી. આહાહા..!

કહે છે, '**સમ્યગ્દર્શનસહિત ભાવશ્રમણ હોતા હૈ,...**' સમ્યગ્દર્શન જ સાધુ છે એમ નહિ પણ સમ્યગ્દર્શનસહિત હોય તે ભાવશ્રમણ હોય. એમ લખ્યું છે ને? સમ્યગ્દૃષ્ટિ તે ભાવશ્રમણ છે એમ નહિ. પણ સમ્યગ્દર્શનસહિત હોય તે ભાવશ્રમણ હોય. એમ. સમજાણું કાંઈ? '**વહ સંસારકા અભાવ કરકે સુખકો પાતા હૈ...**' જ્યાં વસ્તુ જ આત્મા પરમ આનંદ અને અનાકુળ સ્વરૂપ (છે), એવો જ્યાં ભાવ દૃષ્ટિમાં આવ્યો, એ સુખરૂપનો સ્વાદ એણે જાણ્યો એને તો સંસારનો અભાવ થઈ જવાનો છે. કેમકે ક્યાંય સુખબુદ્ધિ એની છે નહિ. સ્વર્ગાદિમાં ક્યાંય સુખબુદ્ધિ છે નહિ. આહાહા..! સમ્યગ્દૃષ્ટિને પણ સુખબુદ્ધિ ક્યાંય નથી. પણ આને મુનિને તો સુખબુદ્ધિ ને અસ્થિરતા આસક્તિ પણ ટળી ગઈ છે. સમ્યગ્દૃષ્ટિને પણ સુખબુદ્ધિ તો ક્યાંય આત્મા સિવાય ભાસતી નથી. અઠ્યાવીસ મૂળગુણમાં સુખબુદ્ધિ હોતી નથી તો વળી વિષયમાં સુખબુદ્ધિ તો ધર્મીને હોઈ શકે નહિ. રાગ છે, દુઃખરૂપ છે એમ ભાસે છે. એમાં સુખપણું અને પ્રીતિપણું ઊપજતું નથી.

તેથી ભાવશ્રમણ સમ્યગ્દર્શન સહિત '**વહ સંસારકા અભાવ કરકે સુખોંકો પાતા હૈ...**' ઓલી ટૂંકી ભાષા હતી એનું થોડું આટલું કર્યું. અને મિથ્યાત્વ... ઓલામાં ભાવશ્રમણ હતો ને? એ સમકિતસહિત લીધો. ઓલો દ્રવ્યશ્રમણ છે ને એ મિથ્યાત્વસહિત લીધો. એમ

ખુલાસો કર્યો. '**મિથ્યાત્વસહિત દ્રવ્યશ્રમણ ભેષમાત્ર હોતા હૈ,...**' જેને નિર્વિકલ્પ આત્માનો આનંદ સમ્યગ્દર્શનમાં આવ્યો નથી અને સમ્યગ્દર્શન નથી એ મિથ્યાદષ્ટિ '**દ્રવ્યશ્રમણ ભેષમાત્ર હોતા હૈ,...**' પંચમહાવ્રતાદિ હોય એ તો ભેખ છે.

મુમુક્ષુ :- દ્રવ્યશ્રમણને પણ શ્રમણ નામ તો મળ્યું.

ઉત્તર :- મળ્યું. નામ મળ્યું. નામ શ્રમણ. નામ નિક્ષેપ થયો. નામનિક્ષેપ થયો, એમ કહે છે, દ્રવ્યશ્રમણ તો નામ આવ્યું. એટલે ખોટું શ્રમણ તો નામ આવ્યું. એમ. દ્રવ્યશ્રમણનો અર્થ જ ખોટો શ્રમણ કર્યું.

મુમુક્ષુ :- 'કુંદકુંદાચાર્ય' શ્રમણ કહે છે.

ઉત્તર :- હા, શ્રમણ કહ્યું ને? પણ દ્રવ્યશ્રમણ કીધું ને? '**दुहाइं**'. જુઓ! પાઠ શું છે? દ્રવ્યશ્રમણ છે. આત્માના આનંદના અનુભવ વિનાના સાધુ દ્રવ્યશ્રમણ છે. આહાહા..! જેને આ સમ્યગ્દર્શનની કિંમત જ નથી જગતને કે શું ચીજ છે. અને આ પાપ બહારના બીજા પાપ છૂટ્યા, માન્યા અને આ કર્યું દયા, દાન, વ્રત ને. મહાપ્રભુ એકલો આનંદનું ધામ, એ આનંદનું ઝરણું '**णाण सलिलं**' ન આવ્યું કાલે? જ્ઞાનરૂપી જળ મીઠું નિર્મળ આનંદનું પી અને સુખી થા, ભાઈ! બીજે ક્યાંય સુખ છે નહિ. એનું નામ ધર્મ છે. આત્માનો આનંદ એ આત્માનો સ્વભાવ ધર્મ છે. એ ધર્મમાં એકાગ્ર થતાં આનંદનું ભાન આવે એને પ્રગટ ધર્મ કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**મિથ્યાત્વસહિત દ્રવ્યશ્રમણ ભેષમાત્ર હોતા હૈ, યહ સંસારકા અભાવ નહીં કર સકતા હૈ,...**' એ રાગને જ પોતે પોતાનું સ્વરૂપ અને રાગને જ ધર્મ માને છે. પંચમહાવ્રતના પરિણામને જ ધર્મ માને અજ્ઞાની. મિથ્યાત્વસહિત છે. એ સંસારના દુઃખનો અભાવ નહિ કરે. સંસારનો અભાવ નહિ કરી શકે ઈ. '**ઈસલિયે દુઃખોંકો પાતા હૈ. અતઃ ઉપદેશ કરતે હૈં કિ દોનોંકે ગુણ-દોષ જાનકર...**' બેને મેળવ હવે, તને કહે છે. આત્માના આનંદનું ભાન છે અને આનંદબુદ્ધિ આત્મામાં થઈ છે. એને રાગબુદ્ધિમાં આનંદબુદ્ધિ-સુખબુદ્ધિ ઊડી ગઈ છે એ સુખને પામે છે. અને જેને રાગમાં સુખબુદ્ધિ છે, આત્માના આનંદમાં સુખબુદ્ધિ થઈ નથી એ દુઃખને પામે છે. ચોખ્ખી વાત છે. સમજાણું કાંઈ? એનો અર્થ એ કે જ્યાં રાગમાં પણ સુખબુદ્ધિ છે તે મિથ્યાત્વભાવ છે. શુભભાવ છે એમાં સુખબુદ્ધિ છે, આ મને લાભદાયી છે, એ શુભ કરતા કરતા આત્માને-દુઃખ કરતા કરતા આત્માને ધર્મ થાશે. ધર્મ એટલે સુખ થાશે. મિથ્યાત્વ છે, કહે છે. '**દોનોંકા ગુણ-દોષ જાનકર ભાવસંયમી હોના યોગ્ય હૈ, યહ સબ ઉપદેશકા સાર હૈ.**' લ્યો! બહુ સંક્ષેપ કર્યું છે.

**आगे फिर भी इसीका उपदेश अर्थरूप संक्षेपसे कहते हैं :–**

**तित्थयरगणहराइं अब्भुदयपरंपराइं सोक्खाइं।**
**पावंति भावसहिया संखेवि जिणेहिं वज्जरियं।।१२८।।**

**तीर्थंकरगणधरादीनि अभ्युदयपरंपराणि सौख्यानी।**
**प्राप्नुवंति भावश्रमणाः संक्षेपेण जिनैः भणितम्।।१२८।।**

**तीर्थेश-ગણનાથાદિગત અભ્યુદયયુત સૌખ્યો તણી,**
**પ્રાપ્તિ કરે છે ભાવમુનિ;-ભાખ્યું જિને સંક્ષેપથી. ૧૨૮.**

**अर्थ :– जो भावसहित मुनि हैं वे अभ्युदयसहित तीर्थंकर–गणधर आदि पदवीके सुखोंको पाते हैं, यह संक्षेपसे कहा है।**

**भावार्थ :– तीर्थंकर गणधर चक्रवर्ती आदि पदोंके सुख बड़े अभ्युदयसहित हैं, उनको भावसहित सम्यग्दृष्टि मुनि पाते हैं। यह सब उपदेशका संक्षेपसे उपदेश कहा है इसलिये भावसहित मुनि होना योग्य है।।१२८।।**

---

## ગાથા-૧૨૮ ઉપર પ્રવચન

**'આગે ફિર ભી ઈસીકા ઉપદેશ અર્થરૂપ સંક્ષેપસે કહતે હૈં :-'**

**तित्थयरगणहराइं अब्भुदयपरंपराइं सोक्खाइं।**
**पावंति भावसहिया संखेवि जिणेहिं वज्जरियं।।१२८।।**

લ્યો! સંક્ષેપમાં ભગવાન આમ કહે છે કે, પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરદેવ સંક્ષેપમાં એમ ફરમાવે છે કે '**જો ભાવસહિત મુનિ હૈં...**' ભાવ એટલે સમકિતસહિત. '**વે અભ્યુદયસહિત...**' બહારના અભ્યુદય એટલે પૂજાની બધી સામગ્રી તીર્થંકરની વગેરે બહારની. '**તીર્થંકર-ગણધર આદિ પદવીકે સુખોંકો પાતે હૈં,...**' તીર્થંકરના સુખ. આનંદનું સુખ, હોં! ઓલા સમવસરણની એની વાત નથી આ. એવી બહારની ઋદ્ધિ હો અને આત્માના આનંદને પ્રાપ્ત થાય.

'**તીર્થંકર-ગણધર આદિ પદવી...**' બળદેવ, ચક્રવર્તી, ઈન્દ્રો બધાની ઊંચી પદવી. '**સુખોંકો પાતે હૈં...**' સમ્યગ્દ્રષ્ટિને જ એવી પદવી હોય છે. તીર્થંકરપણું, ગણધરપણું પણ એ પદવી બધી સમ્યગ્દ્રષ્ટિને હોય એમ કહે છે. ઈન્દ્રપદ પણ સમ્યગ્દ્રષ્ટિને જ હોય. '**સંક્ષેપસે કહા હૈ.**' એ '**તીર્થંકર-ગણધર આદિ પદવી સુખોંકો પાતે હૈં સંક્ષેપસે કહા હૈ.**' લ્યો! બહુ ટૂંકામાં કહ્યું, કહે છે. ભાઈ! આહાહા..! કરવાનું તારે આત્માના આનંદમાં પ્રેમ અને રુચિ કરવી તે

કરવાનું છે. લાખ શાસ્ત્ર ભણે અને વાંચે. કરવાનું તો આ છે. પરમાં સુખબુદ્ધિ છે એને ટાળી, સ્વમાં સુખબુદ્ધિ કરવી એ અપૂર્વ વાત છે, એમ કહે છે અહીં.

મુમુક્ષુ :- મુનિ માટે કહ્યું.

ઉત્તર :- મુનિ, સમકિતી બધા જીવને માટે છે. એ મુનિને ઉદ્દેશીને વાત છે મુખ્યપણે. બધા જીવને માટે છે.

કહે છે કે એ તીર્થંકર અને ગણધર આદિ પદવીના સુખને પામે એ '**वज्जरियं**' સંક્ષેપથી વીતરાગે કહ્યું છે. એમ. ચોથું પદ છે ને? બહુ ટૂંકામાં પરમાત્માની વાણીમાં (આમ આવ્યું છે). આહાહા..! રાગની રુચિને પડખે ચડ્યો છે, એ સ્વભાવના આનંદની રુચિમાં આવી જા. બસ, આ કરવું કહે છે. લ્યો! એય..! 'વજુભાઈ'! બહુ ટૂંકું. અનાદિથી પુણ્યના પરિણામ એ મને હિતકર છે, સુખકર છે, કારણ છે એમ એમાં સુખબુદ્ધિ રહી છે. રાગના ભોગની બુદ્ધિ રહી છે. એને આનંદના પડખે ચડીને આનંદના ભોગની બુદ્ધિ કર. આહાહા..! એમ ભગવાને સંક્ષેપમાં આમ કહ્યું છે. ઓહો..હો...! એના બાર અંગમાં આ. બાર અંગ ભગવાનની વાણીમાં આવ્યા એ બાર અંગમાં આ કહ્યું છે. સ્વરૂપનો અનુભવ કર અને રાગનો અનુભવ દૃષ્ટિમાં છોડ. આહાહા..! કહો, સમજાય છે?

'**તીર્થંકર-ગણધર-ચક્રવર્તી...**' જુઓ! '**આદિ પદોંકે સુખ બડે અભ્યુદયસહિત હૈં,...**' બહારની સામગ્રી પુણ્ય આદિનો સંયોગ ઘણો હોય. તીર્થંકરના વખાણ કર્યા છે. ઓલામાં બહુ વખાણ કર્યા છે. ઓહોહો..! ટીકા : એ કહે છત્ર ઢળે, આમ થાય, ચામર ઢાળે. પણ એને ભગવાનને શું છે? એ તો બહારની ઋદ્ધિ છે. એને તો આત્માના આનંદનો અનુભવ છે. બહારમાં પણ ઓલા પુણ્યનો ઉદય પણ સાથે છે ને એટલો? એવા પુણ્યના ફળ સહિત તીર્થંકર-ગણધર આદિના સુખને પામે.

'**ઉનકો ભાવસહિત સમ્યગ્દૃષ્ટિ મુનિ પાતે હૈં.**' જુઓ! '**ઉનકો ભાવસહિત સમ્યગ્દૃષ્ટિ મુનિ પાતે હૈં.**' આહાહા..! ભાવસહિત એટલે અંતરમાં,.. ભાવપાહુડ છે ને? સમ્યગ્દર્શન જે ભાવ શુદ્ધ, એવા ભાવસહિત હોય એ શુદ્ધભાવ છે. ત્રિકાળી શુદ્ધભાવનો અનુભવ, એની પ્રતીત એ શુદ્ધભાવ છે. એ શુદ્ધભાવ સહિત સાધુ હોય છે. એ સુખને પામે. '**યહ સબ ઉપદેશકા સંક્ષેપસે ઉપદેશ કહા હૈ...**' લ્યો! ઓહો..હો...! બહુ ટૂંકામાં. એય..! 'પ્રકાશદાસજી'! શું છે? બધો ફેરફાર બહુ થઈ ગયો. હો. પેલા કહે છે, પંચમહાવ્રત ભગવાને પાળ્યા હતા. 'કુંદકુંદાચાર્યે' પાળ્યા હતા. એવું આવે છે છાપામાં. તમે કહો છો કે હેય છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- મુનિ છે મિથ્યાત્વસહિત. પંચમહાવ્રતને પાળે એ તો મિથ્યાત્વ છે. પાળે કોને? જાણે. એ દુઃખરૂપ પરિણામ આવે છે એવા. અશુભથી બચવા એ ભૂમિકાએ હોય છે. જાણે. પણ એને જ ચારિત્ર માને અને ધર્મ માને (તો) એમ નથી. સમજાણું કાંઈ?

'**યહ સબ ઉપદેશકા સંક્ષેપસે ઉપદેશ કહા હૈ...**' લ્યો! બધા ઉપદેશનો સાર... સાર...

સાર. માખણ લાવીને મૂક્યું મોઢા આગળ. માખણ લાવીને મૂક્યું મોઢા આગળ. આહાહા..! પ્રભુ! તું આનંદ છો. અતીન્દ્રિય મહાપદાર્થ, અતીન્દ્રિય આનંદનું ધામ. બસ! એ આનંદની રુચિ કર અને એ આનંદનો અનુભવ કર. રાગની રુચિ અને રાગનો અનુભવ છોડ. આ ટૂંકામાં બાર અંગનો (સાર) છે. પછી ગમે તેટલો વિસ્તાર કરીને સમજાવવું હોય. સમજાણું કાંઈ? જાણપણું ઓછું હોય. વિશેષ ન પણ હોય. આવડે નહિ એનું કાંઈ નહિ. કહો, 'કાંતિભાઈ'! છે? બહુ ટૂંકું. બધી માથાકૂટ મટી. આ આવડ્યું, ન આવડ્યું. હવે મૂકને પડતું. 'શાંતિભાઈ'! આહાહા..! ચાલે, ચાલે, એ બધો સંસાર છે. આ એને કરવાનું છે. જાણપણામાં બધો ફેરફાર થઈ ગયો. હવે ભાઈ એવું પણ હોય. એમ કહે છે.

આ આત્મા આનંદસ્વરૂપ અતીન્દ્રિય આનંદનો કંદ છે એકલો. શક્કરકંદ. શક્કરકંદ સમજો છો ને? આ શક્કરકંદ નથી હોતા? એ શક્કરકંદ છે આ આનંદનો કંદ છે. ગાજરને પણ કાંઈક કહે છે. કંદ કહે છે? શું કહે છે? ભાષા છે ગાજરની બીજી. ગાજર નથી હોતા ગાજર? એવી ભાષા આવે છે. કાંઈક બીજી ભાષા આવે છે મીઠી. ગાજર ઊંચા આવે છે બહુ લાલ. એને કાંઈક બીજી ભાષા હોય છે. એવું કંઈક હશે મગજમાં. આ શક્કરકંદ, આનંદકંદ. શક્કરકંદ લ્યો! વળી શક્કરકંદ, સાકરકંદ. સાકરકોળા. લ્યો, એ બધા સાકર શબ્દ આવ્યા. સાકરકોળા નહિ? ભગવાન તો સાકરકોળાનું મોટું ઝાડ છે. આહાહા..!

'શ્રીમદ્'માં નથી આવતું? એક ઠેકાણે આવે છે. લોકોએ તો નાળીયેરી વખાણી નાખી પણ અહીં તો આખી અમૃતની વેલડી છે. સાકરનું ટીપણું વખાણી માર્યું. આવે છે. આહાહા..! સાકરનું ટીપણું વખાણી માર્યું. હવે અહીં તો આખી અમૃતની વેલડી સચોડી છે, ભગવાનઆત્મા. આહાહા..! એની રુચિ અને એનો અનુભવ. બસ, થઈ રહ્યું કહે છે. એ સુખને પંથે ચડી ગયો. અને એને સુખ પૂરું તીર્થંકર-ગણધર આદિનું મળશે, એમ કહે છે.

**'ઈસલિયે ભાવસહિત મુનિ હોના યોગ્ય હૈ.'** હવે આચાર્ય જરી હરખમાં આવીને પ્રશંસે છે. ધન્ય છે મુનિ તને ધન્ય છે! હું પણ વંદન કરું છું, જુઓ! આહાહા..!

---

**आगे आचार्य कहते हैं कि जो भावश्रमण हैं उनको धन्य है, उनको हमारा नमस्कार हो :-**

**ते धण्णा ताण णमो दंसणवरणाणचरणसुद्धाणं।**
**भावसहियाण णिच्चं तिविहेण पणट्ठमायाणं।।१२९।।**

**ते धन्याः तेभ्यः नमः दर्शनवरज्ञानचरणशुद्धेभ्यः।**
**भावसहितेभ्यःनित्यं त्रिविधेन प्रणष्टमायेभ्यः।।१२९।।**

**તે છે સુધન્ય, ત્રિધા સદૈવ નમસ્કરણ હો તેમને,**
**જે ભાવયુત, દગજ્ઞાનચરણવિશુદ્ધ, માયામુક્ત છે. ૧૨૯.**

**अर्थ :– आचार्य कहते हैं कि जो मुनि सम्यग्दर्शन श्रेष्ठ (विशिष्ट) ज्ञान और निर्दोष चारित्र इनसे शुद्ध हैं इसीलिये भाव सहित हैं और प्रणष्ट हो गई है माया अर्थात् कपट परिणाम जिनके ऐसे हैं वे धन्य हैं। उनके लिये हमारा मन–वचन–कायसे सदा नमस्कार हो।**

**भावार्थ :– भावलिंगियोमें जो दर्शन–ज्ञान–चारित्रसे शुद्ध हैं उनके प्रति आचार्यको भक्ति उत्पन्न हुई है, इसलिये उनको धन्य कहकर नमस्कार किया है वह युक्त है, जिनके मोक्षमार्गमें अनुराग है, उनमें मोक्षमार्गकी प्रवृत्तिमें प्रधानता दिखती है, उनको नमस्कार करें।।१२९।।**

## ગાથા–૧૨૯ ઉપર પ્રવચન

**'આગે આચાર્ય કહતે હૈં કિ જો ભાવશ્રમણ હૈં ઉનકો ધન્ય હૈ, ઉનકો હમારા નમસ્કાર હોં :–'** લ્યો ઠીક! આહાહા..! જેને 'કુંદકુંદાચાર્ય' નમસ્કાર કરે છે. ભાવશ્રમણિક કેવા શ્રમણ હોય. પહેલા તો આમાં આવ્યું કે નમો લોએ સવ્વસાહુણં. ગણધર નમસ્કાર કરે છે. બીજે પદે છે. આ ત્રીજે પદે 'કુંદકુંદાચાર્ય' છે. મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી, મંગલં કુંદકુંદાર્યો. 'કુંદકુંદાચાર્ય' કહે છે કે ભાઈ! આહાહા..! ઘણા એ કહે છે કે તમે મુનિને માનતા નથી. ભગવાન! મુનિને ન માને? પંચપરમેષ્ઠી તો પરમેશ્વર છે. જેને 'કુંદકુંદાચાર્ય' નમસ્કાર કરે. મુનિ હોવા જોઈએ ને. મુનિ ન હોય અને નામ મુનિ આપે તો મુનિ તો કુળ છે અહીં 'શિહોર'માં એક નથી? ... એની છે. મુનિની ... છે. ભાઈ એક હતા. જોયા હતા. પાતળા.. ગુજરી ગયા. એની ... મુનિ કીધી. મુનિની ... 'શિહોર'માં. તો મુનિ થઈ ગયા? એ તો ઓળખવાની રીત છે.

આ તો કહે છે...

**ते धण्णा ताण णमो दंसणवरणाणचरणसुद्धाणं।**
**भावसहियाण णिच्चं तिविहेण पणट्ठमायाणं।।१२९।।**

**અર્થ :– 'આચાર્ય કહતે હૈં કિ જો મુનિ સમ્યગ્દર્શન શ્રેષ્ઠ...'** '**वर**' છે ને અંદર? '**दंसणवर**' જેને સમ્યગ્દર્શન શ્રેષ્ઠ છે. અને '**णाण**' વિશેષે જ્ઞાન છે. એમ. બેયને લઈ લીધું. '**दंसणवर**' અને '**णाण**' એમ. વિશેષે જ્ઞાન છે પાછું. જ્ઞાન પણ સ્વસંવેદન વિશેષે–ખાસ છે. એકલું જાણપણું એ નહિ. વિશેષ સ્વસંવેદન જ્ઞાન ખાસ છે. એમ. '**दंसणवर**' વિશેષે જ્ઞાન. એ વરનું વિશેષ જ્ઞાન લેવું. અને '**चरणसुद्धाणं**' 'ઔર નિર્દોષ ચારિત્ર ઈનસે શુદ્ધ હૈં...' આહાહા..! ધન્ય અવતાર! કહે છે, ભાઈ! જેણે જન્મી જાણ્યા અને જન્મીને મરી જાણ્યા, અભાવ કરીને મોક્ષ થયો એ જન્મી જાણ્યા અને જીવી જાણ્યા. આહાહા..! જન્મી જાણ્યા

એટલે ધર્મજન્મ, હોં! આ શરીર જન્મ નહિ. અણગારી જાયા. આવે છે ને? અણગારી જાયા આવે છે. અણગારરૂપી જન્મ થયો. અણગાર મુનિપણાનો જન્મ થયો. આહાહા..! અણગારના પુત્ર થયા એવું આવે છે. અણગારી જાયા. અણગારના પુત્ર થયા. બાપના પુત્ર તો થતા હતા ઘણીવાર-અનંતવાર. આ તો અણગારના પુત્ર થયા, અણગારપણું જેને પ્રગટ્યું. એમ.

અહો.! મુનિ 'કુંદકુંદાચાર્ય' કહે છે કે ધન્ય છે! '**શ્રેષ્ઠ (વિશિષ્ટ) જ્ઞાન ઔર નિર્દોષ ચારિત્ર ઈનસે શુદ્ધ હૈં, ઈસીલિયે ભાવ સહિત હૈં...**' એ ત્રણના '**ઈસલિયે ભાવ સહિત હૈં...**' સમ્યગ્દર્શન પ્રધાન છે. ખાસ સ્વસંવેદન જ્ઞાન છે અને જેનું શુદ્ધ નિર્મળ અરાગી વીતરાગી ચારિત્ર છે. આહાહા..! વળી '**પ્રણષ્ટ હો ગઈ હૈ માયા અર્થાત્ કપટ પરિણામ જિનકે ઐસે હૈં...**' કપટના પરિણામ તો પ્રણષ્ટ ગંધ રહી નથી, નાશ કરી નાખ્યા છે. આહાહા..! એવા સંતો સરળ સમ્યગ્દર્શન '**वर**' સમ્યગ્જ્ઞાન વિશિષ્ટ, ચારિત્ર જેના શુદ્ધ આહાહા..! ધન્ય અવતાર! સમજાણું કાંઈ? આવો જે ભાવ એ વળી પ્રણષ્ટ '**ઐસે હૈં...**' ઐસે હૈં. અસ્તિ નાસ્તિ કરી. માયાનો નાશ થયો છે અને પવિત્ર સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જેને પ્રગટ્યા છે. ધન્ય છે! એ જીવનને ધન્ય છે! એમ પહેલા ધન્ય કહી અને પછી વંદન કરે છે. આહાહા..!

'**ધન્ય હૈં. ઈનકે લિયે હમારા મન-વચન-કાયાસે સદા નમસ્કાર હો.**' '**णिच्चं**' શબ્દ છે ને? '**णिच्चं**' પડ્યો છે. નિત્ય. આહાહા..! આચાર્ય પણ આહ્‌લાદમાં આવી ગયા છે. આહાહા..! અતીન્દ્રિય આનંદ જ્યાં ઉછળ્યો છે અંદરથી. દરિયાના કાંઠે જેમ ભરતી આવે, એમ ચારિત્રવંતને તો પર્યાયે અતીન્દ્રિય આનંદ ઉછળીને બહાર ભભક મારે છે, છલક મારે છે. આહાહા..! સમજાણું કાંઈ? ઘુઘવાય. દરિયો ઘુઘવાતો નથી? બહુ જોરમાં આવે તો ઘુઘવાય દરિયો. આહાહા..! એમ ચૈતન્ય દરિયો આનંદથી ઘુઘવાય છે, કહે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આવે છે ને. હા. એ.

કહે છે કે, અહો..! મુનિ! એક તો તને ધન્ય કહીએ છીએ અને બીજું અમારું ત્રણ ત્રણ કોટીએ તને નમસ્કાર, તે પણ સદા નમસ્કાર. ભાષા કેટલી લીધી! ઓહોહો..! જેને 'કુંદકુંદાચાર્ય' ધન્ય કહીને ત્રિકોટીએ સદા નમસ્કાર કરે એને કોણ ન માને? સમજાણું કાંઈ? આહાહા..! આવું. અને આ લોકોને એમ કે તમે અમારા મુનિને માનતા નથી. બાપુ! તારી દૃષ્ટિએ તું કલ્પે ઈ કંઈ એમ થઈ જાય? એમ ચાલે? વીતરાગની દૃષ્ટિ હોવી જોઈએ, બાપુ! એને પોતાને હજી સુખ પ્રગટ્યું નથી, સુખને પંથે નથી અને એને તું પરાણે એમ માની બેસે કે આ મુનિ છે એને વંદન કરો. બાપુ! એ પોતે જ પોતાના રાગનો આદર કરનાર છે. હવે એ આદર કરનારને આદર કરવો એ શી રીતે બને? સમજાણું?

મુમુક્ષુ :- નમસ્કાર

ઉત્તર :– હં. બાપુ! જેને અતીન્દ્રિય આનંદ ઉછળી ગયા છે. પ્રચુર સ્વસંવેદન. આહાહા..! પંચમહાવ્રતના વિકલ્પનો કર્તા નથી. જેને જ્ઞાનમાં એ જણાઈ જાય છે કે આ ચીજ છે એટલું. એવી જેની દશા એ સમ્યગ્દર્શન સહિત સ્વસંવેદનનું જ્ઞાન અને સ્વરૂપની રમણતાનું ચારિત્ર. ધન્ય અવતાર! ધન્ય અવતાર! સફળ કર્યો એણે અવતાર. મુનિ 'કુંદકુંદાચાર્ય' આમ કહે છે, જુઓ! આહાહા..! એ મુનિને કોણ ન માને? એ સાધુને કોણ ન વંદે? એ સાધુને કોણ ન સત્કાર કરે? ભાઈ! આહાહા..! સમજાણું કાંઈ? 'કુંદકુંદાચાર્ય' જેવા પણ ઉછળી ગયા છે અંદરથી, જુઓને! ધન્ય છે '**ते धण्णा ताण णमो**' લ્યો!

'**ઉનકે લિયે...**' હિન્દીમાં એવું આવે ને? એને અર્થે. નમો અરિહંતાણં. અરિહંતને અર્થે નમસ્કાર. અર્થે એટલે.. '**હમારા મન-વચન...**' છે? તેને નમો. એવું પછી એમાંથી કાઢ્યું ને અમારા. તેને નમો. એટલે કોણ નમે છે? કે અમે. એમ કાઢ્યું. અમારા શબ્દ નથી પાઠમાં. ઓલો અર્થ થયો ને? '**ते धण्णा ताण णमो**' '**णिच्चं तिविहेण पणट्ठमायाणं**' એટલે અમારા વંદન હો.

ભાવાર્થ :– જુઓ! આ 'અષ્ટપાહુડ'માં પણ કેટલી વાત છે! 'કુંદકુંદાચાર્ય'નો તો ગ્રંથ જ જુદી જાતનો! કોઈપણ. આ બધા શ્લોકો આરસપહાણમાં કોતરી જવાના છે. હૃદયમાં કોતરવાની વાત છે. હેં! વાત તો એ છે. આહાહા..! શબ્દો નહિ, ભાવ. શબ્દો તો જડ છે. આહાહા..! ભાઈ! તું ક્યાં છો? હું તો આનંદમાં છું. તો પછી આ દુઃખમાં પ્રેમ ક્યાંથી તને આવ્યો? દુઃખના ભાવમાં ઉલ્લાસ તને કેમ આવે છે? જો આનંદમાં હો તો. અને આનંદમાં નથી તો તને દુઃખમાં ઉલ્લાસ આવે છે. તો એ તો દુઃખમાં છો તું. એવાને મુનિ કેમ કહેવાય? અને એને ધન્ય ને વંદન કેમ કરે? એ દુઃખમાં પોતે છે, દુઃખને ઉપાર્જે છે એ તો દુઃખી થશે અને એનો આદર કેમ કરાય? જુઓ!

**ભાવાર્થ :– 'ભાવલિંગિયોંમેં જો દર્શન-જ્ઞાન-ચારિત્રસે શુદ્ધ હૈં ઉનકે પ્રતિ આચાર્યકો ભક્તિ ઉત્પન્ન હુઈ હૈ,...'** આહાહા..! શરીરને નથી જોતા કે એનું શરીર કેવું છે? એના વિકલ્પો કેવા, ક્યા પ્રકારના એ નહિ. એનું દર્શન-જ્ઞાન અને ચારિત્ર ત્રણ લીધા છે ને? એના મહાવ્રત લીધા વિકલ્પ? વંદન તો ગુણને હોય કે વંદન તે રાગને હોય? ન્યાય સમજાય છે. એને એમ કહ્યું છે કે આમ જુઓ કે હે મુનિ! તારું જે સમ્યગ્દર્શન વર અને સ્વસંવેદન ખાસ જ્ઞાન, વિશિષ્ટ જ્ઞાન એમ લખ્યું છે ને? વિશિષ્ટ જ્ઞાન. જાણપણાના એકલા નહિ, જ્ઞાનનું વેદન એવું થયું છે અને ચારિત્રની શુદ્ધતા, એને મારા વંદન. મહાવ્રતને અમારા વંદન છે? મહાવ્રતને તો તું પણ આદરતો નથી તો હું શેનો આદરું? સમજાણું કાંઈ? આહાહા..! એ મુનિના શરીરને નથી જોતાં, એમ અહીં તો આવ્યું હતું. એની વાણીને જોતા નથી કે વાણી એની કેવી નીકળે છે. એના પંચમહાવ્રતના પરિણામને પણ જોતા નથી. આહાહા..! વાહ રે ભગવાન! એય..! 'કાંતિભાઈ'! છે? આહાહા..! એનો ભગવાનઆત્મા પવિત્રતામાં કેમ પ્રગટ્યો છે? બસ, એને જોઈને, એને ધન્ય ને એને વંદન કરે છે. આહાહા..! બાપુ! આ તો વીતરાગના

માર્ગના ભાવ છે. એમાં કોઈ પક્ષપાત કરીને વાત કરે એ કાંઈ વાત ચાલે નહિ, બાપુ! ભાઈ! વાત તો એવી છે, ભાઈ! આહાહા..! આ તો આનંદના રસ્તે ચડવાની વાતુંમાં બીજું કેમ હોય અંદર, ભાઈ! સમજાણું કાંઈ? ઓહોહો..!

'કુંદકુંદાચાર્ય' (કહે છે), **'ते धण्णा ताण णमो'** ધન્ય છે, ધન્ય અવતાર, ધન્ય જીવન તારા! ભાઈ! પોતાને તો થયું છે. પણ આવા હોય એ અમારા સાધર્મી સાચા છે એમ કહે છે. આહાહા..! અમારા સાધર્મી છે બધા, હોં! એક હોડે આનંદના અનુભવનારા, એક થાળીએ, એક માર્ગે છીએ બધા એમ કહે છે. આહાહા..! એક જાતનો જ માલ ખાનારા છીએ. અતીન્દ્રિય આનંદનું જ્ઞાન, અતીન્દ્રિય આનંદની પ્રતીત અને અતીન્દ્રિય આનંદનું વેદન. એથી એને કહે છે, તને નમસ્કાર કરીએ છીએ. ... હોય તો નમસ્કાર ન કરે. પોતાથી નાના સાધુ હોય તો આમ નમસ્કાર ન કરે પણ આ રીતે કરે. એમાં પણ .. છે કાંઈક હોં! એ સાધુમાં. આમ કરે. એવું કાંઈક છે. વ્યવહારમાં આવે છે એવું. ... મોટો હોં! પગે આમ ન પડે પણ આમ કરે એવું કાંઈક છે. ચારિત્રસારમાં. નાના સાધુ પગે લાગેને જ્યારે, ત્યારે પોતે જરી કાંઈક આમ ઓલી મોરપીંછીથી કાંઈક (કરે). એવું છે કાંઈક, હોં! બહુ યાદ નથી. જુઓ! અત્યારે એવો રિવાજ છે આ લોકોમાં.

**'ભાવલિંગિયોંમેં જો દર્શન-જ્ઞાન-ચારિત્રસે શુદ્ધ હૈ ઉનકે પ્રતિ આચાર્યકો ભક્તિ ઉત્પન્ન હુઈ હૈ,...'** જુઓ! મહાવ્રત પાળે છે અને નગ્ન રહે છે માટે નહિ. સમજાણું કાંઈ? 'ભાવલિંગીયોમેં જો દર્શન-જ્ઞાન-ચારિત્રસે શુદ્ધ હૈં...' વળી કોઈ એમ કહે કે ભાવલિંગમાં વળી શુદ્ધ અને અશુદ્ધ બે પ્રકાર હશે? એય..! પણ એનો અર્થ ઈ થયો. આપણી .. શબ્દ હોય એની પાછળ. ભાવલિંગીને, ભાવલિંગમાં. **'દર્શન-જ્ઞાન-ચારિત્રસે શુદ્ધ હૈ...'** એટલું. એમ કે ભાવલિંગીમાં વળી કોઈ શુદ્ધ છે અને કોઈ (નહિ), એમ નહિ. આહાહા..! **'ભાવલિંગીયોમેં જો દર્શન-જ્ઞાન-ચારિત્રસે શુદ્ધ હૈં ઉનકે પ્રતિ આચાર્યોંકો ભક્તિ ઉત્પન્ન હુઈ હૈ,...'** આ વિકલ્પ છે ને? વિકલ્પ પણ આવે એ. સમજાણું કાંઈ?

**'ઈસલિયે ઉનકો ધન્ય કહકર નમસ્કાર કિયા હૈ...'** જુઓ! શબ્દાર્થ પણ જેવો છે એવો અર્થ કર્યો. **'ધન્ય કહકર નમસ્કાર...'** એમ. પાઠમાં એમ કહ્યું **'धण्णा ताण णमो'** 'જયચંદ્ર પંડિત' માળે પણ બહુ સારો ભાવાર્થ કર્યો છે. બહુસરસ 'સમયસાર'માં પણ 'જયચંદ્ર પંડિતે'... પંડિત એવા હતા ગૃહસ્થાશ્રમમાં, જુઓ ઓહોહો..! કહે છે, **'ઉનકો ધન્ય કહકર નમસ્કાર કિયા હૈ વહ યુક્ત હૈ, જિનકે મોક્ષમાર્ગમેં અનુરાગ હૈ, ઉનમેં મોક્ષમાર્ગકી પ્રવૃત્તિમેં પ્રધાનતા દિખતી હૈ,...'** દેખો! જેની મોક્ષમાર્ગમાં પ્રવૃત્તિ છે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે નિર્વિકલ્પ, એવા માર્ગમાં જેની પ્રવૃત્તિ છે, પરિણતિ છે. એ બીજાના એવા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને પ્રવૃત્તિની પ્રધાનતા દેખી, મુખ્યતા એ દેખી **'ઉનકો નમસ્કાર કરેં.'** આહાહા..! સમજાણું કાંઈ?

**आगे कहते हैं कि जो भावश्रमण हैं वे देवादिककी ऋद्धि देखकर मोहको प्राप्त नहीं होते :–**

**इड्ढिमतुलं विउव्विय किण्णरकिंपुरिसअमरखयरेहिं।**
**तेहिं वि ण जाइ मोहं जिणभावणभाविओ धीरो।।१३०।।**

**ऋद्धिमतुलां विकुर्वद्भिः किनरकिंपुरुषामरखचरैः।**
**तैरपि न याति मोहं जिनभावनाभावितः धीरः।।१३०।।**

**ખેચર–સુરાદિક વિક્રિયાથી ૠદ્ધિ અતુલ કરે ભલે,**
**જિનભાવના પરિણત સુધીર લહે ન ત્યાં પણ મોહને. ૧૩૦.**

**अर्थ :– जिनभावना (सम्यक्त्व भावना) से वासित जीव किंनर, किंपुरुष देव; कल्पवासी देव और विद्याधर, इनसे विक्रियारूप विस्तार की गई अतुल–ऋद्धियोंसे मोहको प्राप्त नहीं होता है, क्योंकि सम्यग्दृष्टि जीव कैसा है? धीर है, दृढ़बुद्धि है अर्थात् निःशंकित अंगका धारक है।**

**भावार्थ :– जिसके जिनसम्यक्त्व दृढ़ है उसके संसारकी ऋद्धि तृणवत् है, परमार्थ सुखकी ही भावना है, विनाशीक ऋद्धिकी वांछा क्यों हो?।।१३०।।**

## ગાથા–૧૩૦ ઉપર પ્રવચન

હવે ૧૩૦. '**આગે કહતે હૈં કિ જો ભાવશ્રમણ હૈં વે દેવાદિકકી ૠદ્ધિ દેખકર મોહકો પ્રાપ્ત નહીં હોતે હૈં :–**' લ્યો! હવે લાવ્યા. અહો..! જે આત્માના અતીન્દ્રિય આનંદના સ્વાદમાં મશગુલ થઈ ગયા છે સાધુ. એને સાધુ કહીએ. અતીન્દ્રિય આનંદમાં મશગુલ, લીન–લીન, જામી ગયા છે. એને કહે છે કે દુનિયાની ૠદ્ધિનો મોહ હોતો નથી.

**इड्ढिमतुलं विउव्विय किण्णरकिंपुरिसअमरखयरेहिं।**
**तेहिं वि ण जाइ मोहं जिणभावणभाविओ धीरो।।१३०।।**

**અર્થ :–** '**જિનભાવના (સમ્યક્ત્વ ભાવના) સે વાસિત જીવ...**' જુઓ! આ જિનભાવનાની વ્યાખ્યા કરી. ઘણે ઠેકાણે આવે છે. જિનભાવના એટલે વીતરાગી ભાવના નામ સમ્યક્ કહીએ. એટલે કે ભગવાનઆત્મા વીતરાગસ્વરૂપ છે એની શ્રદ્ધા–સમ્યગ્દર્શન એ વીતરાગી ભાવના છે. વીતરાગ સ્વભાવમાં રહેવાની એની રુચિ અને ભાવના છે. એને રાગમાં રહેવું અને રાગમય રુચિ છે નહિ. આહાહા..! '**જિનભાવના (સમ્યક્ત્વ ભાવના) સે વાસિત જીવ...**' જેને સમ્યગ્દર્શન જિનભાવનાની ગંધ પડી છે. આહાહા..! ભગવાનઆત્મા

જિનસ્વરૂપ વીતરાગસ્વરૂપ છે, એનું જેને સમ્યક્ થયું એનો અર્થ એ કે જિનભાવના પ્રગટી એને. વીતરાગનો ભાવ અંશે પ્રગટ્યો અને એ જિનભાવનામાં લીન થવા માગે છે એ જિનભાવના એને કહીએ.

મુમુક્ષુ :- જિનભાવના...

ઉત્તર :- એ આ કહ્યું ને? એ શબ્દમાં કાંઈ ફેરફાર થાય એવું નથી. રાગની રુચિ છોડીને, રાગની લીનતા જેણે છોડી છે. શું કહેવું છે? એ જિનભાવના ઉપરથી શું મગજમાં આવ્યું? કે વીતરાગ સ્વભાવ છે એની ભાવના થઈને શ્રદ્ધા થઈ અને એ સમકિતને જિનભાવના કહેવામાં આવે છે. અને સમકિતી વીતરાગની જ ભાવના ભાવે છે. રાગની ભાવના ભાવતો નથી. આહાહા..! ગજબ વાત છે! ચોથે ગુણસ્થાનથી, હોં! હો રાગ, પણ ભાવના એની તો વીતરાગતાની છે. અહો..! મારો પવિત્ર સ્વભાવ પૂર્ણ વીતરાગ, નિર્દોષ અનાકુળ આનંદનું ધામ એવી જે સમ્યગ્દર્શન દશા, જિન વીતરાગી એકાગ્રતા, વીતરાગી સ્વભાવમાં એકાગ્રતા એવું સમ્યગ્દર્શન, એ જિનભાવના. એનાથી વાસિત જે જીવ છે, ધર્મથી વાસિત વસેલો જેના હૃદયમાં જીવ જે છે. આહાહા..!

'**કિંનર, કિંપુરુષ દેવ; કલ્પવાસી દેવ ઔર વિદ્યાધર, ઈનસે વિક્રિયારૂપ વિસ્તાર કી ગઈ અતુલ-ઋદ્ધિયોંસે મોહકો પ્રાપ્ત નહીં હોતા હૈ...**' ધૂળમાંય ન હોય. આહાહા..! કિંનર દેવો ગાય એવા. '**કિંપુરુષ...**' દેવ બધા વ્યંતરો. '**દેવ; કલ્પવાસી દેવ ઔર વિદ્યાધર...**' મહા વિદ્યાવાળા હોય છે અને વીણાઓ એવી ઊંચી હોય છે તાલ ને .. એવી વિક્રિયા આદિ ઋદ્ધિ હોય તોપણ ધર્માત્મા જેને આત્માના આનંદનો ભાવ પ્રગટ્યો છે, જિનભાવના પ્રગટી છે, વીતરાગમાં એકાગ્રતા થઈ છે, વીતરાગ ભાવના જેની ભાવમાં છે એને આવો મોહ એને આડો આવતો નથી. સડેલા તરણા છે. આહાહા..! એ રૂપાળા શરીર ને એ ઋદ્ધિઓ દેવ-દેવીઓની, કહે છે કે એમાં ધર્માત્માને, સમ્યગ્દષ્ટિને મોહ આવતો નથી. તો મુનિને તો ક્યાંથી હોય? એમ કહે છે.

મુમુક્ષુ :- વહ તો પરિષહ માનતા હૈ.

ઉત્તર :- પરિષહ-ફરિષહ કાંઈ નહિ. જાણે છે. જ્ઞાનમાં જાણે છે કે આ છે. આહાહા..! આવી વાતું, પ્રભુ! તારા ઘરની વાતું કોઈ અલૌકિક છે, ભાઈ!

કહે છે, '**ઈનસે વિક્રિયારૂપ વિસ્તાર કી ગઈ અતુલ-ઋદ્ધિયોંસે...**' પાછી એમ. છેલ્લામાં છેલ્લી શક્તિઓ એટલી બધી ઋદ્ધિધારી હોય. સુંદર-સુંદર સ્ત્રીઓ, સુંદર દેવીઓ, સુંદર ગાણા, વાજા, પાંચ ઈન્દ્રિયના વિષયોની સુંદરતા બધી. શ્રવણ, રૂપ, ગંધ, રસ અને સ્પર્શ. એટલી સુંદરતાની અતુલ ઋદ્ધિ વિકસે... આહાહા..! તો '**મોહકો પ્રાપ્ત નહીં હોતા હૈ,...**' ક્યાંથી પણ પ્રાપ્ત થાય? આહાહા..! સમજાણું કાંઈ? માતાનું ગમે તેટલું રૂપ દેખે તો કાંઈ દીકરાને એના ઉપર કાંઈ મોહ આવે છે એ જાતનો? આહાહા..! વીસ વર્ષનો જુવાન છોકરો હોય અને ચાલીસ વર્ષની મા હોય. એ મા રૂપાળી સુંદર અને અનેક ઋદ્ધિથી હોય.

છોકરો જોવે છે પણ આ સ્ત્રી છે મારી એમ મોહ થાય છે? જનેતા મારી છે અને હું પુત્ર છું. એમ જેને આત્માના અતીન્દ્રિય આનંદના પ્રેમ જાગ્યા છે એને કહે છે કે જેમ દીકરો માને દેખે એમ આ જાણે છે કે છે. એ ઋદ્ધિમાં મોહ પામતા નથી. આહાહા..!

મુમુક્ષુ :– બધા પદાર્થ જ્ઞેયરૂપ છે.

ઉત્તર :– જ્ઞેય છે. એ તો જ્ઞેય તો છે જ. સમજાણું કાંઈ?

**'ક્યોંકિ સમ્યગ્દૃષ્ટિ જીવ કૈસા હૈ? ધીર હૈ, દૃઢબુદ્ધિ હૈ અર્થાત્ નિઃશંકિત અંગકા ધારક હૈ.'** નિઃશંક અંગનો ધારક. આનંદ તો મારામાં છે. ક્યાંય ત્રણકાળ ત્રણલોકમાં બીજે ક્યાંય છે નહિ. ઈન્દ્રના ઈન્દ્રાસન, ચક્રવર્તીના પદ અને ભોગભૂમિના જુગલિયાના ભોગ, ક્યાંય વિસ્મયતા, અચિંત્યતા ધર્મીને બાહ્યમાં ભાસતી નથી. આહાહા..! સમજાણું કાંઈ? ધીર. એનો અર્થ કર્યો છે એમાં–સંસ્કૃતમાં. ધીર. ધી એટલે બુદ્ધિ એને પ્રેરે સ્વભાવ તરફ, ધ્યેય પ્રત્યે ધીરે, ધ્યેય પ્રત્યે ધીને પ્રેરે તેને ધીર કહીએ. એમાં છે, ભાઈ! 'ચીમનભાઈ'! એય! 'ચીમનભાઈ'! ક્યાં સૂતા? એમાં છે એમાં ધીર–ધીર જુઓ! શું છે વાંચો! એ એમ નાખ્યું છે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– એ નહિ. ધીર–ધીરનો અર્થ. નહિ હાથમાં આવે. ધીર. ધી એટલે બુદ્ધિ.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ઈ. સંસ્કૃતમાં છે એમાં. છે ને સંસ્કૃત? સંસ્કૃતનો અર્થ થયેલો છે. ... ધ્યેય એટલે ધ્રુવસ્વરૂપ ભગવાનઆત્મા. ધ્રુવસ્વરૂપ. ધ્યેય પ્રતિ ધી–બુદ્ધિ પ્રેરે તે ધી. ધીર. ધ્યેય ચિદાનંદ ભગવાન આનંદનું ધામ ધ્રુવ, એમાં જે બુદ્ધિને પ્રેરે અને જોડે એનું નામ ધીર કહેવામાં આવે છે. આહાહા..! રાગ ને પુણ્ય–પાપમાં જોડે એ ધીર નહિ, એ તો અધિરા છે, કહે છે. સમજાણું કાંઈ? ધીર. એનો અર્થ આટલો અહીં કર્યો. દૃઢબુદ્ધિ છે. ધીર એટલે દૃઢ બુદ્ધિ છે. વસ્તુ, વસ્તુ શુદ્ધ ધ્રુવ ચૈતન્યનું ભાન (થઈને) એમાં દૃઢ બુદ્ધિ છે અને નિઃશંકિત છે. શંકા નથી કે આ કેમ હશે? નિઃસંદેહ (છે). ભગવાન પૂર્ણાનંદનો નાથ, અતીન્દ્રિય આનંદનો પદાર્થ નિઃશંક છે. એવો આનંદ ક્યાંય દુનિયામાં છે નહિ. એમ સમકિતીને અંદરમાં નિઃશંકતા અને દૃઢતા આવી જાય છે. અને બુદ્ધિને ધ્યેયમાં પ્રેરી છે. આહાહા..!

**ભાવાર્થ :– 'જિસકે જિનસમ્યક્ત્વ દૃઢ હૈ...'** જિનની વ્યાખ્યા સાથે નાખી. જેને જિનસમકિત,.. જિનસમકિત, જોયું! એનું નામ જિનસમકિત. જિનભાવના આવ્યું ને? જિનભાવના હતી એને જિનસમકિત કીધું. '**જિનસમ્યક્ત્વ દૃઢ હૈ...**' જિન વીતરાગી સમકિત છે. આહાહા..! '**ઉસકે સંસારકી ઋદ્ધિ તૃણવત્ હૈ,...**' આહા..! એને તો સંસારની ગમે તેટલી ઊંચી ઋદ્ધિ દેખાય તોપણ તૃણવત્ છે. ક્યાંય એને વિસ્મયતા લાગતી નથી, અચિંત્યતા ક્યાંય ભાસતી નથી. પોતા સિવાય અધિકપણું બીજામાં ક્યાંય ભાસતું નથી, એમ કહે છે. સમજાણું કાંઈ?

કહે છે, '**વિનાશીક...**' '**પરમાર્થસુખહીકી ભાવના હૈ,...**' ધર્મીને તો આનંદ, પરમાર્થ સુખ અતીન્દ્રિય, રાગ ને વિકલ્પ વિનાનું સુખ છે એની ભાવના છે. આહાહા..! સમકિતી જીવને તો આત્માના સુખની ભાવના છે. આ ભાવના અહીં હોય એ બહારમાં ભાવના રાખે એ હોઈ શકે નહિ. આહાહા..! ત્યારે ઓલો કહે કે આને છન્નું હજાર સ્ત્રી હતી. જ્યાં સુધી રાગ હતો ત્યાં સુધી એને પરમાર્થ બુદ્ધિ ન કહેવાય, ત્યારે તેને અજ્ઞાની કહેવાય. વળી એમ કહે છે, એય..! ઓલામાં-છાપામાં આવે છે ને. ત્યાં સુધી અજ્ઞાની (છે). નિર્વિકલ્પ આનંદમાં પડે ત્યારે જ્ઞાની કહેવાય. એમ નથી. સાંભળને હવે! એવું લખાણ આવે. એવું લખાણ કાઢે. ઓલું ટીકામાં આવે છે ખરું ને. નિર્વિકલ્પ આનંદમાં પડ્યો હોય તો જ્ઞાની. વિકલ્પમાં આવ્યો અને આસક્તિમાં આવ્યો તો એ જ્ઞાની નહિ, અજ્ઞાની છે. અરે..! અજ્ઞાની નથી, ભાઈ! તને ખબર નથી. એ તો અસ્થિરતાનો ભાગ છે ત્યાં તેનો રસ અને રુચિ છે ક્યાં?... 'સમયસાર' બહાર પડ્યું નહિ? એક હમણાં. એમાં એ લખ્યું છે. તમને આપ્યું હતું ને? એમાં. એમાં એ લખ્યું છે. એવા ઘણાં અર્થ કરે છે. અહીંનું બહાર આવ્યા પછી બચાવ માટે એને ઓલો રાગનો ભાગ છે એને ત્યાગ બહારનો નથી તો તેની મહત્તા ઘટાડી દેવા, બહારનો ત્યાગ હોય એની મહત્તા બતાવવા (એવા અર્થ કરે). આહાહા..!

'**પરમાર્થસુખહીકી ભાવના હૈ, વિનાશીક ઋદ્ધિકી વાંછા ક્યોં હો?**' એક ને એક બે વાત. જેને આત્માના આનંદની રુચિ અને સમ્યક્ છે એને બાહ્યની ઋદ્ધિની સુખની બુદ્ધિ, સુખબુદ્ધિ હોતી નથી, વાંછા હોતી નથી. આની અસ્તિ છે અને ઓલાની નાસ્તિ છે. એવો જેનો સ્વભાવ... આહાહા..! લ્યો! ૧૩૦ થઈ. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**आगे इसहीका समर्थन है कि ऐसी ऋद्धि भी नहीं चाहता है तो अन्य सांसारिक सुखकी क्या कथा? :-**

**किं पुण गच्छइ मोहं णरसुरसुक्खाण अप्पसाराणं।**
**जाणंतो पस्संतो चिंततो मोक्ख मुणिधवलो।।१३१।।**

**किं पुनः गच्छति मोहं नरसुरसुखानां अल्पसाराणाम्।**
**जानन् पश्यन् चिंतयन् मोक्षं मुनिधवलः।।१३१।।**

**તો દેવ-નરનાં તુચ્છ સુખ પ્રત્યે લહે શું મોહને,**
**મુનિપ્રવર જે જાણે, જુએ ને ચિંતવે છે મોક્ષને? ૧૩૧.**

**अर्थ :- सम्यग्दृष्टि जीव पूर्वोक्त प्रकारकी भी ऋद्धिको नहीं चाहता है तो मुनिधवल अर्थात् मुनिप्रधान है वह अन्य जो मनुष्य देवोंके सुख-भोगादिक जिनमें अल्प सार है उनमें क्या**

**मोहको प्राप्त हो? कैसा है मुनिधवल? मोक्षको जानता है, उसहीकी तरफ दृष्टि हैं, उसही का चिन्तन करता है।**

**भावार्थ :– जो मुनिप्रधान हैं उनकी भावना मोक्षके सुखोंमें है। वे बड़ी–बड़ी देवविद्याधरोंकी फैलाई हुई विक्रियाऋद्धिमें भी लालसा नहीं करते हैं तो किंचित्मात्र विनाशीक जो मनुष्य, देवोंके भोगादिकका सुख उनमें वांछा कैसे करे? अर्थात् नहीं करे।।१३१।।**

## પ્રવચન નં. ૧૪૮, ગાથા-૧૩૧ થી ૧૩૩, મંગળવાર, માગશર વદ ૩, તા.૧૫-૧૨-૭૦

ભાવપાહુડની ૧૩૧મી ગાથા. 'આગે ઈસહીકા સમર્થન હૈ કિ ઐસી ઋદ્ધિ ભી નહીં ચાહતા હૈ તો અન્ય સાંસારિક સુખકી ક્યા કથા?' ઈ આવે છે.

**किं पुण गच्छइ मोहं णरसुरसुक्खाण अप्पसाराणं।**
**जाणंतो पस्संतो चिंतंतो मोक्ख मुणिधवलो।।१३१।।**

કહે છે કે જેને ધર્મદૃષ્ટિ થઈ છે... એટલે? અનાદિની જે પાપદૃષ્ટિ છે કે પરમાં સુખ છે, પુણ્ય-પાપના ભાવમાં પણ મને ઠીક પડે છે, સુખ છે એવી બુદ્ધિ છે એ અધર્મબુદ્ધિ, પાપબુદ્ધિ, મિથ્યાબુદ્ધિ છે. સમજાણું કાંઈ? એ બુદ્ધિ જેને ટળે છે એટલે કે ટાળે છે... આત્મામાં સુખ છે. મારું સુખ આત્મામાં છે, સુખ ક્યાંય બહાર નથી. એવો સમ્યગ્દૃષ્ટિ જીવ એટલે કે જેવું સ્વરૂપ છે આત્માનું સુખરૂપ એવી જેની દૃષ્ટિ થઈ છે. સમજાણું કાંઈ? આત્મામાં સુખ છે. બાહ્ય સુખ છે નહિ. અંતરમાં સુખ છે. સુખનો સાગર આત્મા અતીન્દ્રિય મહાપદાર્થ છે. અતીન્દ્રિય આનંદનો ભરેલો એ છે. એવો જે આત્મા, જેનું એને ભાન થાય એટલે કે ધર્મી થાય, એટલે કે જેવો આત્માનો સ્વભાવ છે એવો એને અનુભવમાં આવે કે આ તો સુખરૂપ આત્મા છે. મારી શાંતિ અને સુખનો હું તો ભરેલો છું. એવી દૃષ્ટિ થવી એને ધર્મદૃષ્ટિ કહે છે. હિન્દી છે. છે? એમાં અર્થ છે હિન્દી.

**અર્થ :–** '**સમ્યગ્દૃષ્ટિ જીવ...**' એની વ્યાખ્યા ચાલે છે. એની સામું મિથ્યાદૃષ્ટિ જીવ. એટલે પાપી પ્રાણી. જે કોઈ આત્મામાં સુખ છે એમ છોડીને ઈન્દ્રિયોમાં, શરીરમાં, સ્ત્રીમાં, આબરૂમાં, કીર્તિમાં, પૈસામાં, મકાનમાં, ખાવા-પીવામાં સુખ છે એ માન્યતા મિથ્યા-અજ્ઞાન-મૂંઢતાની માન્યતા છે. કેમકે સુખ એમાં છે નહિ. ભારે વાત, ભાઈ! એ દૃષ્ટિ મિથ્યાત્વ છે. આહાહા..! જેમાં સુખ છે એવા આત્માનો શ્રદ્ધા-વિશ્વાસ ન આવતા, એનો વિશ્વાસ ચડી ગયો છે ઊંધે રસ્તે. પાંચ ઈન્દ્રિયો અને એના વિષયો ને એની સુંદરતા ને એની અનુકૂળતા ને. એવો ભરાવો સુંદરતાનો દેખીને એમાં એમ લાગે એને કે આમાં સુખ છે. પણ સુખના ભરાવાથી ભરેલો તો ભગવાનઆત્મા છે. એ તો સુખથી ખાલી ચીજ છે. એ

સુખમાં માન્યતા એવી પરમાં થઈ એનું નામ જ મિથ્યાદૃષ્ટિ, આત્માનો હણનાર, સુખ ને શાંતિનો ઘાત કરનાર અને દુઃખની દશા દૃષ્ટિવાળો દુઃખની દશામાં છે અને દુઃખની દશાને પ્રાપ્ત વિશેષ થશે. આવી વાત છે, ભાઈ! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- આવું આ શું પણ દેખાય છે બહારમાં? છોકરા હોય, પૈસા હોય, શરીર સારું હોય, બાયડી સારી હોય, સુંવાળા છોકરા હોય, બાયડી સુંવાળી હોય, રૂપાળી હોય એમાં પ્રત્યક્ષ દેખાય છે કે આમાં કાંઈક ઠીક છે. છે? હું હશે? 'ચંદ્રકાંતભાઈ'! ધૂળેય નથી. તારી કલ્પના છે, સાંભળને! નિશ્ચયને વળી વ્યવહાર કેવો હતો? આહાહા..!

પોતાનું સુખ એ બહારમાં હોય? બહારની ચીજમાં હોય? બહારની ચીજથી હોય? છતાં એ માને છે અનાદિથી. એથી એની દૃષ્ટિ પરમાં ચોંટી છે. પુણ્યભાવનો પ્રેમ છે જેને એનો અર્થ જ કે પરમાં સુખબુદ્ધિ એની પડી એને પુણ્યમાં પ્રેમ છે.

મુમુક્ષુ :- જડબુદ્ધિની વાત.

ઉત્તર :- જડ બુદ્ધિ છે. સુખ છે ક્યાં, ભાઈ! આહાહા..! એ અંધારા બધા ઉલેચવાના છે. અંધારા ઉલેચીને પ્રકાશ નીકળે એમાંથી? એમ અજ્ઞાન... અજ્ઞાન... અજ્ઞાન... આહાહા..! પોતાનો ભગવાન નિજસુખનું નિધાન, એને મૂકી અને પરમાં સુખબુદ્ધિ એ જ મિથ્યાત્વ ને મહાપાપ ને દુઃખને પંથે દોરાઈ ગયેલો છે. સમજાણું કાંઈ?

'**સમ્યગ્દૃષ્ટિ જીવ...**' હવે સવળી વાત આવે છે. '**પૂર્વોક્ત પ્રકારકી ભી ઋદ્ધિકો નહીં ચાહતા હૈ...**' ઉપર કહી હતી. '**કિંનર, કિંપુરુષ દેવ; કલ્પવાસી દેવ**' દેવોની વિક્રિય બુદ્ધિ હોય એટલી બધી કે સાધારણ પ્રાણીને તો એમ લાગે કે આહાહા..! શું આ સુખી છે! આ તો ધાનનું ઢીંગલું. ધાન જરી ઠીક હોય તો રહે. નહિંતર આ..આ.. ઠુંઠું થઈ જાય. રોગ (થઈને) શરીર જીર્ણ થઈ જાય. રૂપાળા લાગે શરીર, ઈયળુ પડે. મજબૂત શરીર લાગે એ ક્ષય થઈ જાય. એં..એં..એં... કરતા બોલતા આવડે નહિ, બોલી શકે નહિ. એ જડની દશાઓ, ભાઈ!

કહે છે, એવી દેવની ઋદ્ધિને પણ જે સમ્યગ્દૃષ્ટિ ઈચ્છે નહિ. સમજાય છે? '**તો મુનિધવલ અર્થાત્ મુનિપ્રધાન હૈ વહ અન્ય...**' સમ્યગ્દૃષ્ટિ ઈચ્છે નહિ. અહીં તો એ વાત છે. આહાહા..! સમજાય છે? કેમ કે એ સમ્યક્ ચૈતન્યસ્વરૂપ આનંદ છે. મારી જાતમાં આનંદ જ ભરેલો છે. અતીન્દ્રિય આનંદરસ છે. એ અતીન્દ્રિય આનંદરસનું સ્વરૂપ તે આત્મા છે. આહાહા..! એવી જેની ધર્મદૃષ્ટિ, હિતકરદૃષ્ટિ, સિંહદૃષ્ટિ થઈ છે, એ જીવ દેવાદિની ઋદ્ધિ તો ન ચાહે, પણ મુનિ ધવલ કહીએ, મુનિપ્રધાન-એમાં મુનિમાં મુખ્ય, ઓહોહો..! દશા જેની. કાલે કહ્યું હતું ને મુનિનું. ઓહો! આચાર્ય કહે છે, ધન્ય! એને હું નમસ્કાર કરું છું. ઓહોહો..! ધન્ય થઈને નમસ્કાર (કરે છે). એમ. ધન્ય કહીને. ધન્ય અવતાર તારા, ભાઈ! આહાહા..! આત્માના આનંદના સરોવરને અંદર દશામાં ઝીલતો. આહાહા..! ધન્ય રે ધન્ય

અવતાર છે ને એ!

મુનિ એને કહીએ, જે અતીન્દ્રિય આનંદના ઝરણા ઝરે. ડુંગરમાંથી પાણી ઝરે જેમ શીતળ અને ટાઢું અને તૃષા લાગી હોય. એમ આત્મામાં અતીન્દ્રિય આનંદનો ડુંગર પ્રભુ છે. પણ આટલો બધો ફેર? એ અતીન્દ્રિય આનંદરસનું તત્ત્વ એ આત્મા છે. એવો જેને પ્રેમ અને દૃષ્ટિ અને રુચિ થઈ એ જીવ 'અન્ય જો મનુષ્ય દેવોંકે સુખ-ભોગાદિક જિનમેં અલ્પ સાર હૈ ઉસમેં ક્યા મોહકો પ્રાપ્ત હો?' મનુષ્ય ને દેવોના સુખ. મનુષ્યમાં શું ધૂળ હતું? ચામડા, હાડકા. સમજાણું કાંઈ? ચામડાનું મંથન, માંસનું મંથન. અને માને કે અમે સુખી છીએ. આહાહા..! એમાં મંથન થઈ જાય છે એના સુખનું. ઝેર ઉત્પન્ન થાય છે, કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? મનુષ્યના સુખો અને દેવના સુખો. પછી એમ લીધું છે ને? '**णरसुरसुक्खाण**'. એમ.

'**અલ્પ સાર...**' એ ભોગાદિ તો અલ્પ સાર. કાંઈ માલ ન મળે. આહાહા..! જ્યાં અહીં પાંચ-પચાસ લાખ, કરોડ-બે કરોડ થાય તો બાદશાહી દેખાય એને. છે ભિખારી અને બાદશાહી દેખાય. આ શું કરવું આનું? બહારનું માગે એ માગણ. આ લાવ... આ લાવ... આ લાવ... માગણ મોટો છે. બહુ ઊંધી વાત છે આ તો, 'ચંદ્રકાંતભાઈ'! દુનિયાથી ઊંધી વાત છે આ તો બધી. કહે છે, મુનિ પ્રધાન... સમ્યગ્દૃષ્ટિ પણ જ્યાં ઇચ્છે નહિ તો મુનિની તો શું વાત કરવી? આત્માના આનંદમાં ઝુલનારા અતીન્દ્રિય આનંદમાં, એનું નામ મુનિ. આહાહા..! ભગવાનઆત્માને ચીરી અને જેણે આનંદ એમાંથી કાઢ્યો છે. એકાગ્રતારૂપી ધ્યાન કરીને.

કહે છે, '**અન્ય જો મનુષ્ય દેવોંકે સુખ-ભોગાદિક...**' અથવા એની વાતું સાંભળવી આદિ એમાં રસ આવે એ 'અલ્પ સાર હૈ...' અલ્પ સાર છે. આહાહા..! આ દુનિયાની અપેક્ષાએ અલ્પ સાર કહે, હોં! છે તો ઝેર એ બધું. છે નહિ કાંઈ? આહાહા..! દૃષ્ટિ ફરે આખું ફરી જાય છે, એમ કહે છે. સમજાણું કાંઈ? 'ઉનમેં ક્યા મોહકો પ્રાપ્ત હો? કૈસા હૈ મુનિધવલ? મોક્ષકો જાનતા હૈ,...' રાગરહિત સ્વરૂપ આત્માનું, મોક્ષસ્વરૂપ આનંદ એને ભાનમાં છે કે મારો મુક્તસ્વભાવ આનંદરૂપ છે. સમજાણું કાંઈ? 'મોક્ષકો જાનતા હૈ,..' એ મોક્ષ એટલે રાગથી છૂટી ચીજ છે એને એ જાણે છે. સમજાણું કાંઈ? આહાહા..! છે ને? '**मोक्ख चिंततो**' છે ને? પાઠમાં. '**जाणंतो पस्संतो चिंततो मोक्ख मुणिधवलो**' જાણે છે ને? મોક્ષ એટલે આત્મા પુણ્ય-પાપના રાગ વિનાની ચીજ, એમાં આનંદ છે. અને પૂર્ણ મોક્ષ થતાં તો પૂર્ણ આનંદ થાય છે. આહાહા..! ભારે વાતું!

કહે છે, 'મોક્ષકો જાનતા હૈ,..' લ્યો! '**जाणंतो पस्संतो चिंततो**' '**તરફ દૃષ્ટિ...**' એમ લીધું છે ને? '**મોક્ષકો જાનતા હૈ, ઉસહીકી તરફ દૃષ્ટિ હૈ,...**' એ '**पस्संतो**' એમ. આહાહા..! આત્મા, વસ્તુ, આનંદસ્વરૂપ રાગના વિકલ્પથી છૂટી એને જાણતો, એના ઉપર દૃષ્ટિ છે. સમજાય છે કાંઈ? છે ને? '**जाणंतो पस्संतो**' વ્યાખ્યા કરી એની. ભગવાનઆત્મા શરીર,

કર્મથી તો રહિત જ છે વસ્તુ અંદર. સચ્ચિદાનંદ પ્રભુ છે. પુણ્ય-પાપના વિકલ્પથી રહિત એને જાણતો, એના ઉપર દૃષ્ટિ હોવાથી. જોયું! '**ઉસહીકી તરફ દૃષ્ટિ હૈ,...**' મુક્તસ્વરૂપ આત્મા, એમાં દૃષ્ટિ છે. અને '**ઉસહીકા ચિંતવન કરતા હૈ.**' એકાગ્રતા. ત્રણે વાત લીધી. જાણવું, દૃષ્ટિ અને એકાગ્રતા. ઓહો..! કેવી શૈલી કરી છે! સમજાણું કાંઈ? ધર્મીજીવની દૃષ્ટિ આત્મા ઉપર હોય છે. અધર્મીજીવની દૃષ્ટિ પુણ્ય-પાપ અને એના ફળ ઉપર સુખબુદ્ધિમાં હોય છે.

મુમુક્ષુ :- ચિંતવન કરે એટલે શું?

ઉત્તર :- એકાગ્ર થાય. એ કીધું હમણા. દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણ લીધા. ચિંતવન કરવું એટલે એકાગ્ર થાય છે. સમજાણું કાંઈ?

ધર્મદૃષ્ટિ તો ધર્મ તો આત્માનો સ્વભાવ, વસ્તુસ્વભાવ તે ધર્મ. તો વસ્તુનો સ્વભાવ તો આનંદ (છે). અતીન્દ્રિય અનાકુળ આનંદ એ વસ્તુનો, આત્માનો સ્વભાવ છે. સચ્ચિદાનંદ એનો સ્વભાવ છે. સત્ શાશ્વત ચિદ્ જ્ઞાન અને આનંદ એવો એનો સ્વભાવ છે. એવા સ્વભાવને જેણે જાણ્યો છે. જાણતો, એની ઉપર દૃષ્ટિ છે અને એમાં જેની એકાગ્રતા છે. એ પરના સુખને, દેવના સુખને પણ ઈચ્છતો નથી. તો સાધારણ મનુષ્યના આદિ અસાર થોથાં, સડેલા (સુખને કેમ ચાહે?) શરીર સુંદર લાગે. એ બે-ચાર દિ' ખાય નહિ. તાવ આવ્યો હોય છ ડિગ્રીનો સરખાયનો બે દિ' આં..આં.. લબડકા થઈ જાય આં...આં... ઊભા રહેવાનું ન થાય ફટ પડી જાય. અરે..! બે દિ'માં બહુ શક્તિ ઘટી ગઈ. ભાઈ! તાવ તો હાથીના હાડ ભાંગે. એમ વળી વાતું કરે પાછા. એય..! 'મગનભાઈ'! હેં! હાથીના હાડ ભાંગે, બાપા! બે-ત્રણ દિ' તાવ એવો આવ્યો હોય પાંચ-છ ડિગ્રીનો. મગનું પાણી ને ઈ પીશો હમણાં. ઊનું પાણી પીજો. શું નાખીને? વાવડિંગ નાખીને. એ તો હવે (દવાઓ લે છે), હોં! આ બધું. નહિતર પહેલા એ હતું. હવે તો ચા ને ઉકાળો ને એ બધું આપે છે. 'પ્રેમચંદભાઈ'ના બાપને થયું હતું એ. શું કહેવાય એ લાંબુ ચાલે એ? ટાઈફોઈડ. સાડત્રીસ દિ' ચાલ્યો હતો, છત્રીસ દિવસ. એક તો પાતળું શરીર હતું, 'પ્રેમચંદભાઈ'ના બાપનું. વાવડિંગનું પાણી એકલું, હોં! બીજું કાંઈ નહિ. દસ્ત સરખું ન આવે ત્યાં સુધી બીજું લેશો નહિ. નહિતર જોખમ છે. 'પ્રેમચંદભાઈ'ના બાપ હતા ને? 'પ્રેમચંદ મગનલાલ શેઠ'. 'રાણપુર'.

મુમુક્ષુ :- ધ્યાન તો રાખવું પડે.

ઉત્તર :- ધ્યાન શું રાખે? ધૂળ? ડૉક્ટર કહે, મરી જઈશ. એ દસ્ત સરખો નહિ ઉતરે અને જો વચમાં મગના-પાણી-બાણી લીધા તો બીજી દશા થઈ જશે. લાગે સારા શરીર. ધૂળેય નથી એમાં કહે છે. સાંભળને! આહા..! અનિત્યતામાં નિત્યના સુખ એમાં કલ્પ્યા. ભગવાનઆત્મા નિત્યાનંદ, એનો આનંદ ત્યાં અનિત્યમાં કલ્પ્યો.

કહે છે કે ધર્મીજીવ જેને આનંદનું ભાન છે. અતીન્દ્રિય આનંદનો નાથ પ્રભુ આત્મા, એને જાણતો, એના ઉપર દૃષ્ટિ રાખતો. દૃષ્ટિ ત્યાં છે, અહીં નહિ. આહાહા..! મોક્ષ એટલે

પૂર્ણ સુખ ... પૂર્ણ સુખ પોતે પોતે જ આત્મા છે. 'ઉસહીકા ચિંતવન કરતા હૈ.' ધર્મી તો આનંદનું ચિંતવન કરે. આહાહા..! શીતળ જળ ચાલ્યું હતું ને આપણે? સલીલ. શીતળ શરીર નિર્મળ આનંદસ્વરૂપ એનું પાન કરે એ ધર્મ છે. એ ધર્મ, એ ધર્મ છે. આહાહા..! લોકોને આ વ્યવહાર મારી નાખે છે અંદરથી. એ વ્યવહાર છે.

મુમુક્ષુ :- વ્યવહાર છે તો ખરો ને.

ઉત્તર :- છે એની કોણે ના પાડી? દુઃખ નથી? પણ વ્યવહાર છે એમ ના પાડી? પણ વ્યવહાર એ દુઃખરૂપ છે. વ્યવહારથી નિશ્ચય થાય છે એમ છે? દુઃખથી આનંદ થાય એમ છે? શું છે? 'ધન્નાલાલજી'! વ્યવહારથી નિશ્ચય થાય છે? શું થાય છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વસ્તુ નથી. વસ્તુ છે તો શું છે? છ દ્રવ્ય નથી? વસ્તુ હોય તો શું થયું? એ છે તો આત્માના આનંદની પર્યાય પ્રગટ થાય છે એમ છે? કે આત્માનો આનંદ ત્રિકાળ છે માટે આનંદની પર્યાય પ્રગટ થાય છે એમ છે? ન્યાયથી એણે તુલના તો કરવી પડશે ને? સમજાણું કાંઈ? એ ખોટે રસ્તે ચડી ગયા છે ને એને પાછું હટવું ગોઠતું નથી. અને એને માની બેસવું છે. આહાહા..!

મુમુક્ષુ :- આપ તો ઈંજેક્ઈન લગાવો.

ઉત્તર :- લગાવું છું. લાગવા દે ત્યારે ને. આહાહા..!

કહે છે, '**જો મુનિપ્રધાન હૈં...**' ધર્માત્મા. એમાં પણ મુખ્ય છે, મહાપ્રધાન, ચારિત્રવંત છે, મોક્ષના રસ્તે-પંથે પડ્યો, મોક્ષ જેને નજીક છે. આહાહા..! '**ઉનકી ભાવના મોક્ષકે સુખોંમેં હૈ.**' એની એકાગ્રતા તો આત્માના સુખ વિષે છે. સમજાય છે કે નહિ? આ તો સમજાય એવું છે. છે તો બહુ ઊંચું, પણ છે બહુ સારું. આત્મા વસ્તુ છે ને? સુખ છે એ દાખલો લેવો. સુખ શબ્દ છે કે નહિ? તો સુખ શબ્દ છે તેનું વાચ્ય કાંઈ હોય કે નહિ? વાચક છે ને શબ્દ? સુખ. તો એનું વાચ્ય એનું અસ્તિ ક્યાંય સુખ હોય કે નહિ? તે સુખ ક્યાં હોય? એ નક્કી એણે કરવું પડશે ને?

મુમુક્ષુ :- બે મત છે ને.

ઉત્તર :- બે મત જ કે દિ' હતા? ખોટા મતને મત કહેવાય?

સુખ છે એમ તો માને છે. કારણ કે માન્યા વિના સુખને ગોતે શું કરવા? અને ગોતે છે એ ઉપાય પણ માને છે. પણ ક્યાં છે અને ઉપાય શું છે એની ખબર નથી. આહાહા..!

કહે છે, ધર્મીજીવને તો એકાગ્રતા મોક્ષના સુખમાં છે. લ્યો! '**વે બડી-બડી વિદ્યાધરોંકી ફૈલાઈ હુઈ વિક્રિયાઋદ્ધિમેં ભી લાલસા નહીં કરતે હૈં...**' આહાહા..! જડની ઋદ્ધિ, દેવની ઋદ્ધિ એમ પાછી, કહે છે. મનુષ્ય .. દેવ મોટા જેને ઈચ્છાએ આહાર આવે કંઠમાંથી. લ્યો! એવા દેવની ઋદ્ધિ ફેલવી હોય આમ. હજારો દેવાંગનાઓ, હજારો દેવો, ઈન્દ્ર અને ઈન્દ્રાણી અને સિંહાસનો અને મોટા દેખાવ, મહેલ, મકાન. આહાહા..!

મુમુક્ષુ :- આપ તો એવી વાત કરો છો કે મન થઈ જાય.

ઉત્તર :- મન થાય છે કે આ ઊડી જાય માટે વાત છે? કે આવા એમ કે દેખાય. આહાહા..! આસામાનથી ઉતર્યા છે અમારા આમ. એય..! 'ચેતનજી'! 'પ્રકાશદાસજી'! ક્યાંકથી ભૂતડા-બુતડાનો આવ્યો હશે અને ... એ વ્યંતરના વિમાનો અને વ્યંતરના સ્થાન રહેવાના એવા ઊંચા કે એ ચકચકાટ! આમ એક એક ઋદ્ધિ એની કારીગરી. શાશ્વત, હોં! શું છે પણ હવે? આહાહા..! એ આસમાનમાં રહેનારા કહેવાય. આકાશમાં. આસમાની રંગના બંગલા, આસમાની રંગના ચોપડીયું. ધૂળેય નથી, ભ્રમણા છે. અજ્ઞાનીની...

મુમુક્ષુ :- આસમાની રંગના...

ઉત્તર :- આસમાની રંગના ઉતર્યા છે ઉપરથી.

મુમુક્ષુ :- આસમાનને રંગ જ કે દિ' હતો?

ઉત્તર :- આસમાનને રંગ ક્યાં? આકાશને રંગ હોય?

કહે છે, **'દેવવિદ્યાધરોંકી...'** મનુષ્યમાં હતા એ લીધા. નર છે ને નર? સુર. .. નરની ઋદ્ધિ વિદ્યાધરની હોય છે ને? **'ફૈલાઈ હુઈ વિક્રિયાઋદ્ધિમેં...'** એવા શરીર સુંદર હજારો બનાવે આમ. આમ દાગીના-દાગીના, હીરા-માણેક, આમ મોટા મુગટ અને સુગંધ... સુગંધ... સુગંધ... સુગંધ... સુગંધ જેના શરીરમાં. એ તો બધું જડ છે. સુગંધ હો કે દુર્ગંધ હો. માટી છે. એવી ઋદ્ધિને દેખી લાલસા ન કરે. **'તો કિંચિત્‌માત્ર વિનાશીક જો મનુષ્ય, દેવોંકે ભોગાદિકકા સુખ ઉનમેં વાંછા કૈસે કરે?'** આવા પણ ન કરે એમ કહે છે. આવા ન કરે દેવને વિદ્યાધરની ફેલાયેલી. તો **'કિંચિત્‌માત્ર વિનાશીક...'** તરત નાશ થઈ જાય. મનુષ્યના, દેવના ભોગના સુખ 'ઉનમેં વાંછા કૈસે કરે?' આહાહા..! ભાવપાહુડમાં જુઓ નાખ્યું ને! આહાહા..! એ તો શુદ્ધ સ્વભાવ આનંદની ભાવના કરે. એ ભાવવાળો ધર્માત્મા. પરમાં સુખની ભાવના કરે એ તો મિથ્યાદષ્ટિ અધર્માત્મા છે. આત્મા તો ખરો એ અધર્માત્મા. આહાહા..!

**आगे उपदेश करते हैं कि जब तक जरा आदिक न आवें तब तक अपना हित कर लो :–**

**उत्थरइ जा ण जरओ रोयग्गी जा ण डहइ देहउडिं।**
**इन्दियबलं ण वियलइ ताव तुमं कुणहि अप्पहियं।।१३२।।**

**आक्रमते यावन्न जरा रोगाग्निर्यावन्न दहति देहकुटीम्।**
**इन्द्रियबलं न विगलति तावत् त्वं कुरु आत्महितम्।।१३२।।**

**રે [1]આક્રમે ન જરા, [2]ગદાગ્નિ દહે ન [3]તનકુટિ જ્યાં લગી,**
**બળ ઈન્દ્રિયોનું નવ ઘટે, કરી લે નિજહિત ત્યાં લગી. ૧૩૨.**

૧. આક્રમે = આક્રમણ કરે, હલ્લો કરે, ઘેરી વળે, પકડે, ગદાગ્નિ = રોગરૂપી અગ્નિ, તનકુટિ = કાયારૂપી ઝૂંપડી

**अर्थ :– हे मुने! जब तक तेरे जरा (बुढ़ापा) न आवे तथा जब तक रोगरुपी अग्नि तेरी देहरूपी कुटीको भस्म न करे और जब तक इन्द्रियोंका बल न घटे तब तक अपना हित कर लो।**

**भावार्थ :– वृद्ध अवस्थामें देह रोगोंसे जर्जरित हो जाता है, इन्द्रियाँ क्षीण हो जाती हैं तब असमर्थ होकर इस लोकके कार्य उठना–बैठना भी नहीं कर सकता है तब परलोकसम्बन्धी तपश्चरणादिक तथा ज्ञानाभ्यास और स्वरूपका अनुभवादि कार्य कैसे करे? इसलिये यह उपदेश है कि जब तक सामर्थ्य है तब तक अपना हितरूप कार्य कर लो।।१३२।।**

## ગાથા-૧૩૨ ઉપર પ્રવચન

**'આગે ઉપદેશ કરતે હૈં કિ જબ તક જરા આદિક ન આવેં તબ તક અપના હિત કર લો :–'** આહાહા..! લ્યો! આ શ્લોક શ્વેતાંબરમાં પણ છે. દસવૈકાલિકમાં. ઓલામાં પણ છે 'છ ઢાળા'માં. 'છ ઢાળા'માં છે, ભાઈ! ભાઈને મોઢે છે ને બધું આખું. કાલે ઓલા આવ્યા હતા. તમારી વાત કરી હતી. કીધું, એને રસ બહુ છે. એમ કહીને ઓલાને (કહ્યું હતું). બિચારો સાંભળતો હતો. એના વેવાઈ આવ્યા હતા. માણસ પણ નરમ બહુ. ખબર નહિ, આપ .. લાગતા હતા સુધરેલ. અમારી પાસે તો પગે લાગીને ઉઠબેસ કરી. વળી બેઠો. ફરીને એવો વખત લઈશ. મેં કીધું, સાંભળવું. અહીં મોઢું જોવામાં શું એકલું? સાંભળવામાં છે. સાંભળવું પહેલું કે શું છે વસ્તુ. આહાહા..!

મુમુક્ષુ :- આપ કહો છો કે સાંભળવાથી ધર્મ ન થાય તો પછી શું કરે? આપ કહો, શાસ્ત્ર વાંચવાથી લાભ ન થાય તો વાંચવું શું કરવાને?

ઉત્તર :- અરે..! ન વાંચે તો એ વાંચ્યા વિના રહે નહિ. ભાવ આવ્યા વિના રહે નહિ એવો. કઈ અપેક્ષાએ? એ તો જ્યારે સ્વરૂપનો અનુભવ કરવો છે ત્યારે એ આશ્રયદાતા નથી. વચ્ચે ન આવે એ? સાંભળવું આદિ, શ્રવણ. ગણધરો પણ શ્રવણ કરે છે.

મુમુક્ષુ :- ગણધર કરે એ ભૂલ છે.

ઉત્તર :- ભૂલ છે પણ આવે છે ને?

મુમુક્ષુ :- પણ ભૂલ એણે કરી, અમારે શું કરવા કરવી?

ઉત્તર :- આહાહા..! આ તો મોટો થઈ ગયો એનાથી. ગણધરે ભૂલ કરી. એવું માને છે. એ કહે છે ઘણા. ભૂલ કરી છે. મહાવીરે આ ભૂલ કરી હતી, મહાવીરે આ ભૂલ કરી. અરે..! ભગવાન! શું કરે બિચારા?

ઓહોહો..! ચૈતન્યની મહત્તા, ચૈતન્યના ગુણોની અચિંત્યતા, મહાચૈતન્યરતન પ્રભુ, એની ખબર ન મળે એટલે બધે જ્યાં ત્યાં ચડી ગયા છે. જગતનો જાણનાર, એની મહિમા શું છે એની ખબર ન મળે. જાણનારને જાણ્યો નહિ ને માથાકૂટ બીજી બધી (કરી). જણાયું એની મહત્તા. જાણનાર કોણ એની મહત્તા ન મળે, લ્યો!

કહે છે,

**उत्थरइ जा ण जरओ रोयग्गी जा ण डहइ देहउडिं।**

**इन्दियबलं ण वियलइ ताव तुमं कुणहि अप्पहियं।।१३२।।**

હે આત્મા! જ્યાં સુધી જરા ન આવે, લ્યો! અર્થ :- '**હે મુને! જબ તક તેરે જરા (બુઢાપા) ન આવે...**' '**उत्थरइ**' શરીર જીર્ણ થાય, વૃદ્ધાવસ્થા થાય, બોલી શકે નહિ, બેસી શકે નહિ, ઓઠિકણ વિના રહે નહિ. આહાહા..! એવા '**જરા (બુઢાપા) અવસ્થા ન આવે તથા જબ તક રોગરૂપી અગ્નિ તેરી દેહરૂપી કુટીકો ભસ્મ ન કરે...**' આહાહા..! પાંચ કરોડ ને.. એ આવ્યું હતું ને? ૬૮ લાખ ને. નેવું હજાર ને પાંચ સો ચૌર્યાશી રોગ છે શરીરમાં. આ એક શરીરમાં એટલા રોગ છે. પાંચ કરોડ.

મુમુક્ષુ :- ભલે ને રહ્યા પણ બીજાની વાત છે ને?

ઉત્તર :- કોની વાત આ? એક-એક શરીરમાં છે આ. આહાહા..! બહાર દેખાવ આપે ત્યારે ખબર પડે. એ કહે છે ને જુઓને.

'**રોગરૂપી અગ્નિ તેરી દેહરૂપી કુટીકો ભસ્મ ન કરે...**' રોગ ફાટ્યા અંદરથી. આહાહા..! વેદનાની મૂર્તિ છે શરીર. આત્મા આનંદના વેદનાની મૂર્તિ છે. આ દુઃખની વેદનાની મૂર્તિ, રોગની વેદનાની મૂર્તિ. આહાહા..!

મુમુક્ષુ :- બહુ ઘાટી મિત્રતા થઈ ગઈ.

ઉત્તર :- ઘાટો મિત્રતા માની. ઘાટી ક્યાં બિચારું એક ક્ષણે પણ એની પાસે રહેતો નથી. એની પર્યાયમાં એક ક્ષણ પણ આવ્યું નથી. એક સમય પણ શરીરની અવસ્થા એક પર્યાયમાં આવી નથી. એનામાં રહીને એને ક્ષેત્રે જુદી રહી છે ચીજ. આત્માની અવસ્થામાં આવ્યું છે શરીર આ? આત્માની અવસ્થા તો અરૂપી છે.

મુમુક્ષુ :- .. તો બરાબર છે પણ દુઃખ તો થાય છે.

ઉત્તર :- દુઃખ કોને લઈને થાય છે? એને લઈને થાય છે? એકત્વબુદ્ધિને લઈને દુઃખ થાય છે. સ્વભાવની એક્તાનું ભાન નથી એટલે રાગની એક્તા કરે છે. એ રાગની એક્તાનું દુઃખ છે. દુઃખ બીજું શું છે?

કહે છે, '**જબ તક તેરે જરા (બુઢાપા) વૃદ્ધપણું ન આવે...**' એય..! જુવાનીને ભરોસે રહીશ નહિ, એમ કહે છે. શરીર સારું હોય, સુંદર હોય, રોગ વિનાનું એને ભરોસે રહીશ નહિ.

મુમુક્ષુ :- એ તો કમાવાના દિવસો છે.

ઉત્તર : ધૂળનાય દિવસો નથી. એક જણો કહેતો હતો કે અત્યારે તો રેલ-રેલ ચાલે છે રળવાની તો રળી લઈએ. આહાહા..! મરી જઈશ પણ ચાલ્યો જઈશ. આ બધું ધૂળધાણી છે. સમજાણું કાંઈ? જરા-જરા શરીરમાં વૃદ્ધાવસ્થા. અંગે અંગ ઢીલા પડે. ચારે કોરથી રોગ

ફાટે.. આહાહા..!

**'રોગરૂપી અગ્નિ...'** છે ને? **'रोयग्गी'** એમ છે. **'રોગરૂપી અગ્નિ...'** **'रोयग्गी जा ण डहइ देहउडिं'** એ દેહ ઊડી ઊડી એટલે આ કૂટી. દેહરૂપી કુટી. એ રોગરૂપી અગ્નિ ન બાળે ત્યાં તારું હિત કરી લે, ભાઈ! પુરુષાર્થહિનતાવાળાને બતાવવાનું કારણ છે. બાકી તો નારકીના જીવો પણ એ વખતે પુરુષાર્થ કરે છે અને આત્મભાન થાય છે. સોળ સોળ રોગ હોય. એ રોગ તો જડની દશા છે.

મુમુક્ષુ :– અજ્ઞાનીનું લક્ષ ત્યાં છે.

ઉત્તર :– લક્ષ એનું અસ્તિત્વ અહીંયાં આખું છે એ અસ્તિત્વ એનું ભાસતું નથી. અને તે અસ્તિત્વ નિત્ય છે એમ ભાસતું નથી. અને તે અસ્તિત્વમાં આનંદ છે એમ ભાસતું નથી. આત્મા છે એમ ભાસતો નથી પછી છે પછી નિત્ય છે એમ ભાસતો નથી. અને નિત્ય છતાં એમાં આનંદ ભરેલો છે, ત્રીજો. આહાહા..! સમાધિસ્વરૂપ છે આત્મા. સમાધિ એટલે આનંદસ્વરૂપ છે. નિર્વિકલ્પ સમાધિસ્વરૂપ છે. અસ્તિ, નિત્ય, આનંદ. આ ત્રણનું એને ભાન થાય તો પરની રુચિ ઊડી જાય. એની તો ખબર ન મળે. એ શું? આ–આ બધું ભાળ્યું, ધૂળ. આહાહા..!

મુમુક્ષુ :– ...

ઉત્તર :– રાખે છે ત્યાં સંઘરીને માનીને. મમતા. એ પૈસો રાખતો નથી. પૈસો કાંઈ એની પાસે આવતો નથી. અથવા પૈસો અને કર્મ બે ચીજ છે એનો તો પર્યાયમાં ત્યાગ છે. ત્યારે છે શું? એ મારા, એની મમતાનું ત્યાં ગ્રહણ છે. એ ચીજનો તો ત્યાગ છે. એમાં છે નહિ, એની પર્યાયમાં છે નહિ. અને એનો ત્યાગ કરવો છે એમ છે નહિ હવે. એ ત્યાગ છે એનો ત્યાગ શું કરવો પણ? નથી આમાં એને નથી કરવું શી રીતે? આ મારા એવી મમતા એનામાં છે. એનો ત્યાગ, સ્વભાવની દૃષ્ટિ થતાં ત્યાગ થાય છે. સમજાણું કાંઈ?

**'રોગરૂપી અગ્નિ તેરી દેહરૂપી કુટીકો...'** શું કહેવાય એ કુટડી, ઝૂંપડી–ઓરડી. રૂમ મોટી ભાષા અંગ્રેજીમાં. ઓલી કોઠી. શું કહેવાય? કુબો. કાચનો કરે છે ને કુબો? કાચનો.

મુમુક્ષુ :– એ તો ગરીબ બાંધે.

ઉત્તર :– એ ગરીબ જ છે. રાંકા બધા કુબા કર્યા છે. બીજું શું છે ત્યાં? આહાહા..!

એક ઓલો બાવો હતો ને? કો'ક એ આવે છે અન્યમતિમાં બાવો. ઓરડી કરી જ નથી. પૂળા બે રાખે. તો બેસે. સવારે આમ રાખે, સાંજે આમ રાખે. થઈ રહ્યું, લ્યો. રાત્રે કાંઈ જરૂર ન હોય. પૂળામાં બેસે. પૂળા સમજો છો? ઘાસના લાંબા હોય છે ને બાજરા–જુવારના? પહોળું આમ રાખે. આમ રાખે એટલે પોતાને જેટલું આમ આડશ આવે એટલે થઈ રહ્યું, જાવ. આમ રાખે. કો'ક બાવાનું નામ છે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ... હશે લ્યો. એણે બધું મુંડાવ્યું છે ને, બહુ એને ખબર છે. વાત સાચી. એ

તો યાદ રાખે એવું છે ને. મહેનત ઘણી કરી છે. ઠેઠ ઓલા ...વાળાને પોગી ગયો હતો. ... એમાં શું, એ તો હોય. એ વિના એનો નિર્ણય ન આવે. 'કુંદકુંદાચાર્ય'માં... ભક્તામરમાં 'માંગતુંગાચાર્ય' કહે છે. 'માંગતુંગાચાર્ય'. હે નાથ! સારું કર્યું મેં હરિહરાદિને પહેલા જોઈ લીધા. હવે અમારું હૃદય તારા સિવાય ક્યાંય જાતું નથી. ભક્તામરમાં આવે છે. હરિ હરાદિક એવ દૃષ્ટા... પ્રભુ! આપ સિવાયના દેવોને મેં પહેલા હરિહરાદિને જોઈ લીધા. કોણ છે અને ક્યાં છે. હવે પ્રભુ! તારા સિવાય અમારી દૃષ્ટિ ક્યાંય જાતિ નથી. એમ માંનતુંગાચાર્ય કહે છે. સારું થયું કે બધું જોઈ લીધું. નહિતર... આહાહા..!

ત્રીજું. '**ઔર જબ તક ઈન્દ્રિયોંકા બલ ન ઘટે...**' આહાહા..! શ્વાસ લઈ શકાય નહિ. જીભ ચાલી-બોલી શકે નહિ. હાથ આમ થઈ જાય. મારો એક હાથ ભાંગ્યો હોય અને પછી થોડું થયું તો મારો સારો થશે કે નહિ આ? આ હાડકું ભાંગી જાય નહિ? ઓલું થઈ જાય. એં.. વહેમ પડી જાય છે. મારુ સાળું આ .. નહિ? આપણા 'હિંમતભાઈ'ને નથી? 'હિંમતભાઈ' નહિ ઓલા .. ભાઈ. એને ઓલું કર્યું હાથ-પગે આમ. કાલે આ પણ કહેતા હતા .. હાથ પડી ગયો હતો ને આ ... 'હિંમત'નો ભાઈ પડી ગયો છે ને ... ટાંકા લીધા છે. પગે અને હાથે. લાંબો હાથ થતો નથી. .. જુવાન માણસ છે. ન થાય ન થાય એમનેમ રહે. અંદર કાંઈક ખટક-ખટક એવું થઈ ગયું હોય તો થઈ રહ્યું. એ રોગ અને ઈન્દ્રિયો રોગ જ્યાં સુધી બાળે નહિ, જ્યાં સુધી ઈન્દ્રિયોનું બળ ઘટે નહિ. 'તબ તક અપના હિત કર લો.' આહાહા..! કરવાનું આ છે, ભાઈ! સમજાણું કાંઈ?

**ભાવાર્થ :- 'વૃદ્ધ અવસ્થામેં દેહ રોગોંસે જર્જરિત હો જાતા હૈ,...'** વૃદ્ધ દશામાં દેહ રોગથી જર્જરિત જીર્ણ... જીર્ણ... જીર્ણ... એક બાઈને જોઈ હતી ક્યાંક. ઘણા વર્ષ પહેલા નહિ? .. એ બિચારી વૃદ્ધ પડી રહી. તુટી ગયેલું મકાન. બહાર. એક કળશો પાણીનો મૂકી ગયો હોય કોક તો પીવે. પડી જ રહે બસ તદ્દન જીર્ણ થઈ ગયેલું.

મુમુક્ષુ :- ... મોરબી

ઉત્તર :- 'મોરબી'. હા એ. ... નહિ? અર્જિકા આમ પડી હતી એકલી. .. કળશામાં જાય અને .. કોઈ સગુ નહિ, કોઈ વહાલું નહિ. વૃદ્ધ થઈ ગયેલી. જાડો પછેડો ઓઢેલો. પડી રહે બસ. એ વૃદ્ધ-વૃદ્ધ જીર્ણ. બેસી શકે નહિ.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ... જીર્ણ થઈ ગયેલું એટલે આ બધું કડે બેસી શકે નહિ. તરત જ ઢળી ગયું હોય. આમ પડ્યું રહે. તૃષા લાગી હોય તો પાણીનો કળશો હોય તો પીવે. આહાહા..! જુઓ! આ દેહની દશા. એને મારી જરી માનીને એને માટે .. આત્માને દેહ માટે ... એકવાર દેહને માટે, આત્માને માટે દેહ ધાર. આવે છે ને 'શ્રીમદ્'માં? અનંતવાર જન્મ-મરણ. આહાહા..!

**'વૃદ્ધ અવસ્થામેં દેહ રોગોંસે જર્જરિત હો જાતા હૈ, ઈન્દ્રિયાં ક્ષીણ હો જાતી હૈં...'**

આંખે સુજે નહિ, કાને સંભળાય નહિ. આહાહા..! તો એ નકામો માણસ થાય તો એનું કાંઈ સાંભળે નહિ બોલે તો કાંઈક. ઘરમાં ઘરડો પડ્યો હોય એકકોર. હવે જુઓને આ બિચારો 'કલ્યાણજી' એનો માણસ આવે છે. એનો માણસ આવે છે બહુ. રાડે રાડ પાડે છે. પાણી લાવો. કોઈ આવતું નથી. દવા કરતા હતા ત્યાં સુધી તો... કહો આ બધુ એવું છે. ... આવે છે. જુઓ એ માણસ રાખ્યો નોકર તો એ આવતો હતો. આહાહા..! પક્ષઘાત એટલે થઈ રહ્યું. એવું છે. આ બધા કર્યા દુનિયા માટે. શું એમાં માન, અભિમાન, મમતા. આહાહા..!

ઉઠના, બેઠના. જુઓ આવ્યું. '**ક્ષીણ હો જાતી હૈ તબ અસમર્થ હોકર ઈસ લોકકે કાર્ય ઉઠના-બૈઠના ભી નહીં કર સકતા હૈ...**' ખાવા-પીવા પણ ઉઠવું હોય, પાણી પીવા પણ ઉઠવું હોય. વીંછી આવ્યો હોય ને ભાગવું હોય, સર્પ આવ્યો હોય ને ઉઠવું હોય તો ઉઠી શકે નહિ. આહાહા..! ખ્યાલ આવે કે એય..! સર્પ આવ્યો. હમણા મારશે. ... શક્તિ ન મળે. જીર્ણ થઈ ગયું. છે આ શરીર. આહાહા..! વૈરાગ કરાવે છે. પરથી વૈરાગ કર અને તારા માટે તારું હિત કર. તારું હિત એમાં નથી. હિત અહીં છે અંદરમાં. ન કરી શકે. '**ઉઠના-બૈઠના ભી નહીં કર સકતા હૈ...**' એમ કહે છે. બોલવું તો એકકોર રહી ગયું.

'**તબ પરલોકસંબંધી તપશ્ચરણાદિક...**' તો પછી ઈચ્છાનિરોધ કે અપવાસાદિ તો ક્યાંથી કરી શકે? એમ. '**જ્ઞાનાભ્યાસ...**' શેનો કરે? હાથમાં ચોપડી ઝાલી શકે નહિ, આંખ કામ કરે નહિ. આહાહા..! ટાણે કર્યા નહિ, ટાણા ગયા પછી રોવે. અરે..રે..! ખરે ટાણે કર્યા નહિ. લ્યો! એ અમારે 'આણંદજી' કહેતો 'આણંદજી'. તને કીધું અમે કહેતા નહોતા કીધું? પણ અમને બીજા કોઈએ કહ્યું નહિ. કોણ બીજા કહે? મજુરી કરને તું. પગે લુલા. અમારે નહોતા 'આણંદજી'. આમ હતો બુદ્ધિવાળો હોં જરી. સંસારનો ઓલો પણ એમ કે કોઈએ મને કહ્યું નહિ. મેં કીધું તમને મેં તો કહ્યું હતું કે નહિ. પણ ઘરના માણસમાંથી કોઈએ કહ્યું નહિ. ... પણ એ શું કરવા કહે? આહાહા..! આમ ઓલો હતો જરી બુદ્ધિવાળો, હોં! લૌકિકનું આમ વાંચન કરતો પાછળથી વાંચન કરતો. કુંવરજીભાઈ કરતા આવે. એ બધા સંસારના પાવરધા. ડાહ્યા હોય ને એ સંસારથી જરી નિવૃત્તે, દુકાન-બુકાન છોડે એની કિંમતું બધી કરે એ. એ તો .. આવડ્યું, નહોતું બહુ થવું માટે દુકાન છોડે, માટે આમ કરે. એમ કરીને એવું કાઢે મારા. હા-હા. પૈસા બહુ વધ્યા નહિ, .. પછી છોડી દીધું. ... ગ્રાહક બહુ આવતા ન હોય. .. ઓછી કરી નાખી. ઓછી આપે છે. .. લાવતા નથી એમ કહે ને. એમ કહે તો આબરૂ જાય. આહાહા..! મારે સારે પણ .. છે ને એને. એય..! 'ચંદ્રકાંતભાઈ'! આહાહા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- અનંતીવાર, બાપા! એમાં શું? એકવારની ચર્ચા અનંતકાળ. આદિ વિનાનો કાળ, ઉત્પત્તિ વિનાનો કાળ. ઉત્પત્તિ હોય તો મૃત્યુ થાય. અનાદિ એમ ને એમ છે. વસ્તુ તો છે એ છે. છે... છે... સત્... સત્.. સત્... સત્ છે. જ્યાં છેટે કોણ? જે કાળે કહો. ક્યાંય

નહોતી એમ છે? આહાહા..!

એ જ્ઞાનાભ્યાસ કરવાનો વખત નહિ મળે એમ કહે છે. 'ઔર સ્વરૂપકા અનુભવાદિ કાર્ય કૈંસે કરે?' લ્યો! અનુભવ આદિ. અહીં તો પુરુષાર્થહીન માણસને માટે .. વાત છે. માટે સાતમી નરકના નારકીઓ પણ આત્માના આનંદને અંદર વેદે છે. આહાહા..! ધન્ય ધન્ય એવા. જુઓને બહારના? પ્રતિકૂળતાના સંયોગમાં પણ દૃષ્ટિ ફરીને ચૈતન્યમાં લગાવીને અનુભવ કરી લે છે. આહાહા..! વસ્તુ પોતે છે આખો પરમાત્મા પોતે અખંડાનંદ પ્રભુ. એવા અનંત દુ:ખ છે સાતમી નરકમાં. વર્ણવ્યા જાય નહિ. વેદ્યા કેમ ગયા હશે? એ સમજાણું કાંઈ? પણ વેદ્યા ને? ગયા શું? વેદ્યા પણ કાંઈ એક અસંખ્ય પ્રદેશમાં એક કટકો તૂટ્યો નથી. એક ગુણનો અંશ ગયો નથી. જેમ છે એમ પડ્યું છે અંદર. આહાહા..!

મુમુક્ષુ :- આખો પરમાત્મા છે.

ઉત્તર :- આખો પરમાત્મા છે પૂર્ણ પ્રભુ.

અરે..! '**સ્વરૂપકા અનુભવાદિ...**' એમ કે સાંભળવું, કહેવું એ ક્યાં એ કાંઈ રહેતું નથી પછી. '**ઈસલિયે યહ ઉપદેશ હૈ કિ જબ તક સામર્થ્ય હૈ તબ તક અપના હિતરૂપ કાર્ય કર લો.**' આહાહા..! જ્યાં સુધી શરીરાદિ ઈન્દ્રિયમાં રોગ આદિ આવ્યો નથી. ઈન્દ્રિયો મોળી પડી નથી ત્યાં સુધી તારું હિત કરી લે, ભાઈ! આહાહા..! એ કોઈ બધા સાથે આવશે નહિ અને એ બધા જોઈ લેશે જરી. પાછા પાછળથી એ પણ બોલે, હોં! એમને ઘણું કહેતા કે હવે તો તમે નિવૃત્તિ લો પણ લેતા નહોતા. માળા પાછા આમ ગાળ્યું દે માથે આહાહા..! એના માટે પાપ કર્યા હોય. પાછળથી તો કહેતા અમે કે હવે તો તમે થોડું કરો. હવે બહુ વાંધો નથી તો. પણ એને છોડ્યું નહિ તો છોડ્યું નહિ, હોં! એમ ઓલી વાતું કરે છે. અર..ર..! એય..! 'ચંદ્રકાંતભાઈ'! આવા માટે મમતા કરીને રળવું. માળો મૂરખ છે કે નહિ? સમજાણું કાંઈ? ધુતારાની ટોળી છે બધી આજીવિકા માટેની. આહાહા..! ધુતારા ભેગા થયા છે. જ્યાં સુધી લોહીમાં કસ હોય અને કાંઈક રળતો હોય ત્યાં સુધી સારો કહેવાય. આહાહા..! માટે જરા ન આવે, રોગ ન આવે, ઈન્દ્રિયનું બળ સામર્થ્ય ઘટે નહિ '**તબ તક અપના હિતરૂપ કાર્ય કર લો.**'

---

**आगे अहिंसाधर्मके उपदेशका वर्णन करते हैं :–**

**छज्जीव छडायदणं णिच्चं मणवयणकायजोएहिं।**
**कुरु दय परिहर मुणिवर भावि अपुव्वं महासत्तं[1]।।१३३।।**

१ – मुद्रित संस्कृत प्रतिमें 'महासत्त' ऐसा संबोधन पद किया है जिसकी सं. छाया 'महासत्त्व' है।

[१]षट्जीवान् षडायतनानां नित्यं मनोवचनकाययोगैः।
कुरु दयां परिहर मुनिवर भावय अपूर्वं महासत्त्वम्।।१३३।।

**છ અનાયતન તજ, કર દયા ષટ્જીવની ત્રિવિધે સદા,**
**મહાસત્ત્વને તું ભાવ રે! અપૂરવપણે હે મુનિવરા! ૧૩૩.**

**अर्थ :– हे मुनिवर! तू छहकायके जीवोंपर दया कर और छह अनायतनोंको मन, वचन, कायके योगोंसे छोड़ तथा अपूर्व जो पहिले न हुआ ऐसा महासत्त्व अर्थात् सब जीवोंमें व्यापक (ज्ञायक) महासत्त्व चेतना भावको भा।**

**भावार्थ :– अनादिकालसे जीवका स्वरूप चेतनास्वरूप न जाना इसलिये जीवोंकी हिंसा की, अतः यह उपदेश है कि–अब जीवात्माका स्वरूप जानकर, छहकायके जीवोंपर दया कर। अनादि ही से आप्त, आगम, पदार्थका और इनकी सेवा करनेवालोंका स्वरूप जाना नहीं, इसलिये अनाप्त आदि छह अनायतन जो मोक्षमार्गके स्थान नहीं है उनको अच्छे समझकर सेवन किया, अतः यह उपदेश है कि अनायतन का परिहार कर। जीवके स्वरूपके उपदेशक ये दोनों ही तूने पहिले जाने नहीं, न भावना की, इसलिये अब भावना कर, इसप्रकार उपदेश है।।१३३।।**

## ગાથા–૧૩૩ ઉપર પ્રવચન

૧૩૩. '**અહિંસાધર્મકે ઉપદેશકા વર્ણન કરતે હૈં :–**'

**छज्जीव छडायदणं णिच्चं मणवयणकायजोएहिं।**
**कुरु दय परिहर मुणिवर भावि अपुव्वं महासत्तं[१]।।१३३।।**

આહાહા..! **અર્થ :–** '**હે મુનિવર!**' હવે કહે છે. હે આત્મા! આહાહા..! '**તૂ છહકાયકે જીવોંપર દયા કર...**' જુઓ! અહીંયાં આવ્યું જોયું! ભગવાનના ઉપદેશમાં છકાયના જીવ આવ્યા છે. એની દયા પાળ, એને દુઃખ દેવાનો ભાવ ન કર. છકાયના જીવ છે. તું પણ છકાય માયલો એક જીવ છો. આહાહા..! .. જીવની દયા કર. તો તારી પણ તું દયા કર. એમ કહે છે જરી. આહાહા..! તને પાપ ન થાય, દુઃખ ન થાય એમ કર, ભાઈ! એમ બીજાને દુઃખ દેવાનો ભાવ ન કર. આહાહા..!

કહે છે. છકાય–છકાય. સમજ્યા ને? પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ, ત્રસ. છ કાયના જીવ છે. એક એક પૃથ્વીના કણમાં અસંખ્ય જીવ છે, ભાઈ! આહાહા..! લીમડાની એક ડાળમાં અસંખ્ય જીવ છે. પાંદડામાં અસંખ્ય જીવ છે. લીલોતરી વચમાં ઉગતી હોય.

**१ – मुद्रित संस्कृत प्रतिमें 'षटट्जीवषटायतनानां' एक पद किया है।**

કાચો તલ હોય એમા અસંખ્ય જીવ છે વનસ્પતિમાં. સૂકો થાય ત્યારે એક જીવ હોય. આહાહા..! એવા જીવની કહે છે કે દયા કર, ભાઈ! તારી નાતમાં એ આત્મા છે. આટલી તો આસ્તિકતા કરાવી છે. એકકોર છકાયના જીવો છે એનું જ્ઞાન તારું જાણવાનું કામ કરે એવું તો તારું જ્ઞાન છે, એમ કહે છે. કારણ જ્ઞાનની દશામાં છકાયના જીવો છે એનું તને જ્ઞાન થાય એવી તો તારી તાકાત છે. અને હવે એ છકાયની માન્યતા થયા પછી એને ન મારવા. દુઃખ ન દેવું, એવો ભાવ ન કરવો દુઃખ દેવાનો. ઓહોહો..! માર્ગ પામવો મહામુશ્કેલ. આવો વીતરાગનો માર્ગ સર્વજ્ઞનો. નિર્મળ, ચોખ્ખો, અપૂર્વ, .. નો કરનાર, એના વાડામાં જન્મ્યા એને પણ હજી કાંઈ વિશ્વાસ અને ખબર ન મળે. જ્યાં ત્યાં ભટકે. ઓહોહો..! જુઓ! એ કહે છે.

**'ઔર છહ અનાયતનોંકો મન, વચન, કાયકે યોગોંસે છોડ...'** જુઓ! આપ્ત, પરમેશ્વર, આગમ-શાસ્ત્ર અને પદાર્થ. એને સેવવાવાળા એ અનાયતન છે. એનાથી વિરૂદ્ધવાળા આપ્ત, આગમ અને પદાર્થ વાસ્તવિક વીતરાગે કહેલો આત્મ આપ્ત, વીતરાગે કહેલા આગમો અને એનાથી કહેલા પદાર્થ, એના સેવવાવાળા છે એ તો આયતન, એનાથી વિરૂદ્ધ જે છે એ અનાયતન છે. ધર્મના સ્થાન નથી. આવા સ્વરૂપને જાણ્યું નહિ. અનાયતનને સેવ્યા. છોડ અનાયતનને. એમ કહે છે. એ કુગુરુ, કુદેવ અને કુશાસ્ત્ર અને એને માનનારા એ બધા અનાયતન ધર્મના સ્થાન નથી. હવે એને ઓળખવામાં આવે ને? ઓળખે ત્યારે થાય કે નહિ? એને તો હજી ખબર જ નથી કુદેવ કોણ, કુદેવ.

**'અનાયતનોને...'** છોડ. કૈસે છોડે? **'મન, વચન, કાયકે યોગોસે છોડ...'** કાયાથી છોડ્યું મનમાં પણ એની કાંઈક મીઠાશ રહી જાય. આ મને ઠીક હતો, હોં! એનો ત્યાગ બહુ સારો કર્યો. મેલા કપડા રાખતા, નિવૃત્તિ હતી, હિંસાદિ કાંઈ કરે નહિ એવું હતું. એ બધા કુદેવ, કુગુરુ, કુશાસ્ત્ર હતા. એને મન, વચન, કાયાથી છોડ એમ કહે છે. સમજાણું કાંઈ? **'તથા અપૂર્વ જો પહિલે ન હુઆ ઐસા મહાસત્ત્વ અર્થાત્ સબ જીવોંમેં વ્યાપક (જ્ઞાયક) મહાસત્ત્વ (શું કહે છે ચેતના ભાવ હૈ) ચેતના ભાવકો ભા.'** તારો ભાવ તો ચેતના છે. જાણવું-દેખવું એ તારો ભાવ છે. પરભાવ તારા નહિ, પુણ્ય-પાપભાવ તારા નહિ. ચેતના... ચેતના... ચેતના... ચેતના... તું ત્રિકાળી ચેતનાભાવ તારો, એને ભાવ. ભાષા જુઓ કરી. એ મહાસત્વ છે. એ ચેતનાભાવ મહાસત્વ, સત્વનું મહાસત્વ છે. આત્મા સત્ છે એનું મહાસત્વ ચેતનાભાવ છે. આહાહા..! સમજાણું કાંઈ? પાઠમાં છે જુઓ! 'કુંદકુંદાચાર્ય' **'अपुव्वं महासत्तं'** હે મહાસત્ત્વ! મહાસત્વ એટલે શું કહ્યું? .. એટલે મહાસત્. .. મહાસત્વ છે. મહાસત્વ. આ સત્વ કાઢે છે ને? શું કહેવાય આ બધા .. નહિ સત્વ કાઢે છે. ફલાણાનું તત્ત્વ અને ફલાણાનું સત્ત્વ. શું કહે છે એ? આ ..નું સત્ત્વ, ફલાણાનું સત્ત્વ. અરક, અરક કાઢે ને અરક. એમ આત્માનું અરક મહાસત્વ ચેતનાભાવ છે. આહાહા..! હું તો એ ચેતનાભાવ આનંદનો ધરનાર, જાણનાર, દેખનાર મહા મારું સત્વ. એની ઉપર દૃષ્ટિ કર અને એની

એકાગ્રતા કર. એની ભાવના કર. કહો, સમજાણું કાંઈ? લ્યો! એવું તો સંબોધન કર્યું મહાસત્વ સંબોધન પણ થાય અને મહાસત્વ એ ચેતનાભાવ છે એનો. લ્યો આ સારમાં સાર શબ્દ આવી ગયો. ચેતનનું ચેતના મહાસત્વ છે. ભગવાનઆત્માનું મહાસત્વ, મહાકસ, મહાઅર્ક, મહાસાર ચેતનાભાવ છે. બસ એ તું છો. એ ચેતનાની એકાગ્રતા કર. એ મુક્તિનું કારણ છે અને એ ધર્મ છે, લ્યો!

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પ્રવચન નં. ૧૪૯, ગાથા-૧૩૩ થી ૧૩૭, બુધવાર, માગશર વદ ૪, તા.૧૬-૧૨-૭૦

ભાવપાહુડ. ૧૩૩મી ગાથા છે. એનો ભાવાર્થ.

**ભાવાર્થ :- 'અનાદિકાલસે જીવકા સ્વરૂપ ચેતનાસ્વરૂપ ન જાના...'** શું કહ્યું? કે આ જીવ જે છે એનું સ્વરૂપ તો ચેતના-ચેતના જાણવું-દેખવું એ સ્વરૂપ છે. એ સત્‌નું મહાસત્ત્વ એ છે. એ ન જાણ્યું. જાણે તો બીજાને મારવાનો ભાવ થાય નહિ. વિકલ્પ છે ને એ આત્માનું સ્વરૂપ નથી. આત્માનું સ્વરૂપ તો જાણવું-દેખવું છે. એ ન જાણ્યું. **'ઈસલિયે જીવોંકી હિંસા કી,...'** બીજા જીવને પણ ચેતનાસ્વરૂપ એનો આત્મા છે એમ ન જાણ્યું અને પોતાને ન જાણ્યું અને બીજાને મારવાના ભાવ કર્યા. હિંસા કરી, એમ. ભાવ કર્યા એ હિંસા કરવાનો ભાવ કર્યો ને? હિંસા પરની ક્યાં કરી શકે છે? પણ ભાવ કર્યો. એ હિંસા કરી.

**'અતઃ યહ ઉપદેશ હૈ કિ-અબ જીવાત્માકા સ્વરૂપ જાનકર,...'** જીવનું સ્વરૂપ જ્ઞાન-દર્શન છે. પ્રગટ છે ને એ અપેક્ષાએ જ્ઞાન-દર્શન કહ્યું. બાકી તો આનંદ આદિ એનો સ્વભાવ છે. **'જીવાત્માકા સ્વરૂપ...'** જીવાત્મા એટલે? જીવ કહો કે આત્મા કહો. જીવ આત્મા એટલે જીવસ્વરૂપ, એમ. **'જાનકર, છહકાયકે જીવોંપર દયા કર.'** છકાયના જીવને ન મારવા, એ તરફનું વલણ જ છોડવું. **'અનાદિહીસે આપ્ત, આગમ,...'** એક વાત. એક વાત કરી છ કાયના જીવને ન મારવા. બીજી વાત.

**'અનાદિહીસે આપ્ત,...'** આપ્ત એટલે તીર્થંકરો અથવા હિતને માટે માન્યયોગ્ય એવા આપ્તપુરુષો. 'આગમ,...' ભગવાનની વાણી. અને **'પદાર્થ...'** સર્વજ્ઞ પરમાત્માએ કહેલા પદાર્થ. **'ઈનકી સેવા કરનેવાલોંકા સ્વરૂપ જાના નહીં,...'** એના સેવવાવાળા જે ધર્માત્મા એનું પણ જેણે જ્ઞાન કર્યું નહિ. **'ઈસલિયે અનાપ્ત આદિ છહ અનાયતન જો મોક્ષમાર્ગકે સ્થાન નહીં હૈં ઉનકો અચ્છે સમજકર સેવન કિયા,...'** કુગુરુ, કુશાસ્ત્ર, કુદેવ એ અનાયતન છે. ધર્મના સ્થાન વ્યવહારે નથી.

મુમુક્ષુ :- વ્યવહારે નથી.

ઉત્તર :- વ્યવહારે ધર્મ નથી. વ્યવહારે તો સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર એ ધર્મના સ્થાન છે. સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર એ ધર્મના આયતન છે. નિશ્ચયથી આયતન તો આત્મા છે. આનંદસ્વરૂપનું આયતન-ઘર, જે ધર્મ પ્રગટ કરવો છે એનું ઘર-આયતન તો નિજઘર છે-નિજ આત્મા છે એ આયતન છે. દેવ-ગુરુ-શાસ્ત્રને વ્યવહારે આયતન કહેવામાં આવે છે. અને એની વિરૂદ્ધના કુગુરુ, કુદેવ અને કુશાસ્ત્ર અને એને સેવવાવાળા, એને માનવાવાળા. એ છ થયા. એને ઓળખવા પડે ને? એને ઓળખ્યા વિના છોડે કેમ અને ઓળખ્યા વિના એને જાણે શી રીતે? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ઘણો વ્યવહાર.

ઉત્તર :- વ્યવહાર આવે છે ને? વ્યવહાર નથી? વ્યવહાર એટલે? પર તરફનો વિકલ્પ હોય છે. આવો વિકલ્પ હોય એમ બતાવે છે. છતાં એનો દૃષ્ટિમાં નિષેધ છે. પણ અહીં કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રને માનવાવાળા અને એને માને એ તો મિથ્યાત્વ છે એમ સિદ્ધ કરવું છે. જુઓ! 'ચેતનદાસજી'! 'પ્રકાશદાસજી'! ચેતન અને પ્રકાશ એક થાય છે ને? ગુણ છે અને આ સત્ત્વ છે. ચેતનાભાવ તો મહાસત્ત્વ પ્રકાશ. આહાહા..! તારું સ્વરૂપ, આત્માનું સ્વરૂપ તો ચેતના છે. જાણવું-દેખવું એ સિવાય કાંઈ એના સ્વરૂપમાં બીજું નથી. વિકલ્પ કે શરીર કે વાણી કે ધૂળધાણી કાંઈ ન મળે.

અહીંયાં જેને કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રની શ્રદ્ધા છે અને કુદેવ, કુગુરુ, કુશાસ્ત્ર છે એ ધર્મના વ્યવહારે પણ અણઆવશ્યક અણઆયતન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? '**અનાપ્ત આદિ છહ અનાયતન જો મોક્ષમાર્ગકે સ્થાન નહીં હૈ...**' એમ. સિદ્ધ કરવું છે ને. આ તો કુદેવ અને સુદેવનો આંતરો પાડવો છે ને અત્યારે?

મુમુક્ષુ :- 'કુંદકુંદાચાર્ય' જેવા મહાપુરુષને વ્યવહારનો નિષેધ છે.

ઉત્તર :- નિષેધ છે ને. પણ નિષેધ છતાં આવ્યા વિના રહે છે? વીતરાગ ન હોય ત્યાં સુધી આવે. આવે. જાણવા જેવું છે એ આવે કે નહિ? ન આવે તો થઈ ગયા વીતરાગ-કેવળી. આવે અને ધર્મ માને તો થઈ ગયો એ મિથ્યાદૃષ્ટિ. એવી વાત છે. સમજાણું કાંઈ?

'**અનાપ્ત આદિ...**' છે ને? ઓલા આપ્તની સામે અનાપ્ત, આગમની સામે અણઆગમ, પદાર્થનું સ્વરૂપ વિપરીત, એના માનનારા એ છએ અનાયતન છે. ધર્મના વ્યવહારે પણ સ્થાન નિમિત્તે પણ નથી, એમ કહે છે. એવા મોક્ષમાર્ગના ઠેકાણા નથી. એ મોક્ષમાર્ગના સ્થાન જ નથી. આહાહા..! '**ઉનકો અચ્છે સમજકર સેવન કિયા,...**' એ પણ સારા છે. ક્રિયા કરે છે, બિચારા લોચ કરે છે, ઉઘાડે પગે ચાલે છે, પાણી ઊના પીવે છે. આવા આવા તો કામ કરે છે ને બિચારા.

મુમુક્ષુ :- બિચારા કહેવાય? એ તો ભગવાન છે. ભગવાન બિચારા હોય?

ઉત્તર :- ભગવાન તો આત્માનું સ્વરૂપ છે. ઈ ક્યાં કરે છે એ? કરે છે તો આ કુદેવની શ્રદ્ધા આદિ. તો ભગવાન ક્યાં રહ્યો પર્યાયમાં? સ્વભાવમાં ભગવાન છે. પર્યાયમાં તો રાંકો

થઈને બેઠો છે. વરાંકા, ભિખારી. આવે છે કે નહિ? વરાંકા, રાંક છે. જરી રાગ થાય તો આમ ખુશી થઈ જાય. જરી અનુકૂળતા, જરી સગવડતા, શરીરની કાંઈક અનુકૂળતા (થાય) ત્યાં તો આહાહા..! આ જુઓ! એય..! 'ચંદ્રકાંતજી'!

મુમુક્ષુ :- અનુકૂળતા તો હોય છે ને.

ઉત્તર :- હવે અનુકૂળતા-પ્રતિકુળતા તો જડની છે. એમાં આત્માને શું? એવી વાત છે અહીં. અંદર એમ કે આહાહા..! .. વેવાઈને ... અહીંથી ચાલે ને શું એ? અહીં નહિ. ડાબી બાજુ. ડાબી બાજુ ઘણા વાતું અહીં કરે છે. આહાહા..!

અરે..! શરીરની સ્થિતિ છે. કહે છે કે એમાં અનુકૂળ શું અને પ્રતિકૂળ શું? આજે એક આવ્યો હતો. ... છોકરો મરી ગયો ને હમણાં બાર વર્ષનો. 'કમલેશ' નામનો છોકરો હતો. 'રાજકોટ'નો હતો. હું જાત્રા કરવા આવ્યો છું. જાત્રા કરી, ભગવાનની પૂજા કરી બેઠો હતો આમ. બે બાજુ બાજુમાં. એમાં કાળો નાગ આવ્યો. નાગ કાળો. હેઠે ઉતાર્યો. મરી ગયો. એનું મસાણ કાલે જોયું હતું. જુઓ! આ મસાણ. હવે એ મસાણમાં આગ બહુ છે એને. જુઓને દશા! લખ્યું છે એમાં, હોં! કાલે ... તો કહે, આ મસાણ છે. બાર વર્ષનો છોકરો. પૂજા કરી ભગવાનની. ઓટલે બેઠો. એ હતી, બીજી બે બહેનો હતી. એમાં કાળો નાગ આવ્યો. ... એ તો જંગલ જ છે માથે. પોલાણ હશે એમાંથી નીકળ્યો અને નીકળીને થઈ રહ્યું. ઉતાર્યો નીચે. .. ઉતાર્યો. આશા થઈ કે એ જીવશે. પણ એ તો કાળો નાગ. ઝેર ચડી ગયું આખા શરીરે અને મરી ગયો. સો વર્ષમાં આવું થયું નથી. ડુંગર ઉપર સર્પ કરડીને માણસ મરી જાય એવું નથી થયું.

મુમુક્ષુ :- સો વર્ષમાં નથી થયું અને હવે થયું સો વર્ષ પહેલા થયું હતું.

ઉત્તર :- પહેલા થયું હશે. પહેલા થયું હોય. અમથા મરી જાય છે ઘણા. આ .. નહિ? એ માળા ગણતા હતા એમાં, ભગવાનના ઓલામાં. આપણો હમણા જ કો'ક મરી ગયો નહિ? 'ખુશાલચંદ' મારવાડી. અહીંથી ગયો, ત્યાં ચાલીને ગયો. ચડતા હતા ત્યાં આવીને... એવા તો ઘણા મરી ગયા.

મુમુક્ષુ :- દાદા બચાવતા નહિ હોય?

ઉત્તર :- એની જાત્રા કરવા આવે એને બચાવે. કોણ બચાવે? કોનું બચવું કોનું પણ? શરીરનું, આત્માનું? કોનું બચવું? શરીરની સ્થિતિ ત્યાં એટલો કાળ રહેવાની એમ રહી. આત્માને પણ ત્યાં રહેવાનો, શરીરનો એ .. ત્યાં રહેવાનું એટલો કાળ રહ્યો. આહાહા..! લોકોને આકરું લાગે. બાર વર્ષનો જુવાન છોકરો જાત્રા કરીને આવ્યો અને આ.. જાત્રા કરી, પૂજા કરી અને નીચે બેઠો. એમાં સૂઈ ગયો. ક્ષણમાં ભરોસો છે? એ છોકરાઓ લાવ્યા હતા. છોકરો .. ... એ તો સર્પ હોય એ એનું નિમિત્ત એવું આવે. જેને થવાનું હોય એવું નિમિત્ત એને આવે. એથી મરી ગયો એ એનાથી મર્યો છે એવું કાંઈ છે? સ્થિતિ પૂરી થવાની છે. આહાહા..! સંયોગી ચીજ છે એ સંયોગ તો એના કાળ જેટલો રહે. ત્રિકાળ રહે?

અહીં કહે છે કે મોક્ષના ઠેકાણા નહિ એને ભલા જાણે અને સેવન કરે કુદેવ, કુગુરુ,

કુશાસ્ત્રનું એને ભલા જાણે. તમે પણ માર્ગમાં છો. તમે પણ સિદ્ધ છો. તમે પણ છો.

મુમુક્ષુ :- બધાનો સમન્વય કરવો જોઈએ ને.

ઉત્તર :- સમન્વય. આ પણ સાચું... આ પણ સાચું... આ પણ સાચું. ઝેર અને અમૃતનો સમન્વય હોય નહિ કોઈ દિ'.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ..ની અપેક્ષાએ પણ એકાંત અપેક્ષાથી હોય એમાં કેવી અપેક્ષા આવી? અપેક્ષા એને લાગુ પડે એ અપેક્ષા હોય. અપેક્ષા લાગુ ન પડે એની અપેક્ષા ક્યાંથી આવી? સર્વજ્ઞને માને નહિ, સર્વજ્ઞની આજ્ઞાનો ધર્મ શું? કેવળી પણંત્તો, એની ખબર ન મળે. અને આ બહારની ક્રિયાકાંડ અને વ્રત અને તપમાં ધર્મ માને. તદ્દન મૂઢ છે, મિથ્યાદષ્ટિ છે. એના માનનારા મિથ્યાદષ્ટિ છે, એને સારા માનનારા મિથ્યાદષ્ટિ.

મુમુક્ષુ :- બધાનું એક જ કામ.

ઉત્તર :- બાદશાહી છે ને ...

'**અતઃ યહ ઉપદેશ હૈ કિ અનાયતન કા પરિહાર કર.**' જુઓ! એને છોડ. કુદેવ, કુગુરુ, કુશાસ્ત્ર. અને કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રના માનવાવાળા, એના ભક્તો, એનો પરિચય છોડ, એની રુચિ છોડ, એમ કહે છે. આહાહા..! છે ને? '**कुरु दय**' સ્વની દયા કર અને .. નો '**परिहर**' અપૂર્વ માર્ગ છે આ આયતન છોડ. જાણે નહિ, .. નહિ. અને '**જીવકે સ્વરૂપકે ઉપદેશક...**' લ્યો, અહીં એ લીધું. સાચા જીવના સ્વરૂપના ઉપદેશક કેવળી અને ગુરુ એ બેયને પૂર્વે જાણ્યા નહિ. જાણ્યા નહિ. એનો આત્મા આવો છે એમ જાણે તો તો એને ભાન થઈ જાય.

'**જીવકે સ્વરૂપકે ઉપદેશક યે દોનોં હી તૂને પહિલે જાને નહીં, ન ભાવના કી, ઈસલિયે અબ ભાવના કર, ઈસપ્રકાર ઉપદેશ હૈ.**' લ્યો! એની ઓળખાણ કર, એમ બરાબર જાણ. દેવને કુદેવ માને, કુદેવને દેવ માને. આવે છે ને?

---

**आगे कहते हैं कि– जीवका तथा उपदेश करनेवालेका स्वरूप जाने बिना सब जीवोंके प्राणोंका आहार किया, इसप्रकार दिखाते हैंः–**

**दसविहपाणाहारो अणंतभवसायरे भमंतेण।**
**भोयसुहकारणट्ठं कदो य तिविहेण सयलजीवाणं।।१३४।।**

**दशविधप्राणाहारः अनन्तभवसायरे भ्रमता।**
**भोगसुखकारणार्थं कृतश्च त्रिविधेन सकलजीवानां।।१३४।।**

**ભમતાં અમિત ભવસાગરે, તેં ભોગસુખના હેતુએ,**
**સહુજીવ-દશવિધપ્રાણનો આહાર કીધો ત્રણવિધે. ૧૩૪.**

**अर्थ :– हे मुने! तूने अनंतभवसागरमें भ्रमण करते हुए, सकल त्रस, स्थावर जीवोंके दश प्रकारके प्राणोंका आहार, भोग–सुखके कारणके लिये मन, वचन, कायसे किया।**

**भावार्थ :– अनादिकालसे जिनमतके उपदेशके बिना अज्ञानी होकर तूने त्रस, स्थावर जीवोंके प्राणोंका आहार किया इसलिये अब जीवोंका स्वरूप जानकर जीवोंकी दया पाल, भोगाभिलाष छोड़, यह उपदेश है।।१३४।।**

## ગાથા-૧૩૪ ઉપર પ્રવચન

'**આગે કહતે હૈં કિ–જીવકા તથા ઉપદેશ કરનેવાલેકા સ્વરૂપ જાને બિના...**' દેખો! જીવનું અને ઉપદેશ કરવાવાળાનું સ્વરૂપ. એમ બેય. '**સબ જીવોંકે પ્રાણોંકા આહાર કિયા, ઈસપ્રકાર દિખાતે હૈં :–**' ઉપદેશકના આત્માનો સ્વભાવ શું છે એ જાણ્યો નહિ અને જીવનું સ્વરૂપ જાણ્યું નહિ. બધું એક જ છે જીવનું ચેતનાસ્વરૂપ છે, ઉપદેશકનું ચેતનાસ્વરૂપ છે. એ રાગ ને વિકલ્પ ને શરીર એ કાંઈ એનું સ્વરૂપ નથી.

**दसविहपाणाहारो अणंतभवसायरे भमंतेण।**

**भोयसुहकारणट्ठं कदो य तिविहेण सयलजीवाणं।।१३४।।**

**અર્થ :–** '**હે મુને! તૂને અનંતભવસાગરમેં...**' અનંતભવસાગર ભવજળ. આહાહા..! ચોર્યાસીના અવતાર, એક એક ભવ, એવા અનંતા અનંતા એક એક યોનિના ભવ, અનંતકાળથી એ ભવભ્રમણ કર્યા, એવા ભવસાગર અનંતભવસાગર. આહાહા..! આ દરિયો તો સંખ્યાત્ યોજનનો અને સ્વયંભૂ હો તો અસંખ્યાત્ યોજનનો, લ્યો. આ અનંત યોજનનો. અનંતકાળનો. એમ. અનંત... અનંત... અનંત... અનંત... અનંતભવસાગર, અનંતભવજળથી ભરેલો સાગર. સંસાર આખો. એમાં 'ભ્રમણ કરતે હુએ, સકલ ત્રસ, સ્થાવર જીવોંકે દશ પ્રકારકે પ્રાણોંકા આહાર,...' તેના આહાર કર્યા તેં. અત્યારે એમ સિદ્ધ નથી કરવું કે આહાર ન કરી શકે. અત્યારે તો એ આહાર કરવાનો ભાવ કર્યો હતો, એમ કહેવું છે. આહાહા..! લખાણ છે એમ આવે. નહિતર આહાર કર્યો. એક કોર કહે કે આહાર કરી શકે નહિ. ભાઈ! વ્યવહારમાં કથન શું આવે?

મુમુક્ષુ :– 'કુંદકુંદાચાર્ય' પોતે કહે છે કે એનો આહાર..

ઉત્તર :– એનો અર્થ શું પણ પોતે કહે છે કે આત્મા એક રજકણ પણ લઈ શકે અને દઈ શકે નહિ. હવે એ વાતને રાખીને આ વાત છે કે બીજી?

મુમુક્ષુ :– બેય વાત સાચી.

ઉત્તર :– બેય વાત સાચી ક્યાંથી આવી?

મુમુક્ષુ :– નિશ્ચયથી નથી કરી શકતો, વ્યવહારથી કરી શકે છે.

ઉત્તર :- વ્યવહારથી કરી શકતો નથી. આહાહા..! એ વાંધા જ આખા નયના બે ઊંધા પડ્યા છે ને.

'**અનંતભવસાગરમેં ભ્રમણ કરતે હુએ, સકલ ત્રસ, સ્થાવર જીવોંકે દશ પ્રકારકે પ્રાણોંકા...**' દસ પ્રકારના પ્રાણ-પાંચ ઈન્દ્રિય, મન, વચન, કાયા, શ્વાસ અને આયુષ્ય. એ પ્રાણને માર્યા તેં, એનો આહાર કર્યો. '**ભોગ-સુખકે કારણકે લિયે...**' ભોગને માટે અને સુખને માટે, અમથી અનુકૂળતા માટે. '**મન, વચન, કાયસે કિયા.**' મન-વચન અને કાયાએ કરીને પાપ કર્યા આવા. આહા..!

**ભાવાર્થ :- 'અનાદિકાલસે જિનમતકે ઉપદેશકે બિના...'** વીતરાગનો ઉપદેશ મળ્યો નહિ. અનંતા જીવ છે એમ જાણ્યા નહિ. અને જીવ છે તે ચેતનાસ્વભાવ છે તેમ ઓળખ્યા નહિ. '**જિનમતકે ઉપદેશકે બિના...**' જિનમત કેમ નાખ્યું? કે વસ્તુનું સ્વરૂપ એવું છે. દુનિયા એમ કહે, તમારો જૈનધર્મ જ એક સાચો? લ્યો! એ હમણાં થયું હતું ત્યાં. જૈનધર્મનું તમે એક સ્થાપ્યું. અમારી તો બધી ટીકાઓ કરી તમે, અમને આમંત્રણ આપીને. ... .. ઉપદેશ છે એવું આવે નહિ કાંઈ. તત્ત્વનો ઉપદેશ હોય. આહાહા..! વીતરાગનો સ્વભાવ આત્માનો વીતરાગી સ્વભાવ છે. એ સ્વભાવને જાણીને ઉપદેશ આવ્યો છે એ જિનમતનો જ ઉપદેશ, વીતરાગનો જ ઉપદેશ છે. વસ્તુનું સ્વરૂપ એવું છે. આહાહા..! નિર્દોષ સ્વરૂપ કહો, રાગરહિત કહો કે જિનમત કહો. આત્માનો સ્વભાવ જિનસ્વરૂપ છે, ઉપદેશમાં જિનમતનો એટલે વીતરાગી ભાવસ્વરૂપ આવે છે.

'**જિનમતકે ઉપદેશકે બિના અજ્ઞાની હોકર તૂને ત્રસ, સ્થાવર જીવોંકે પ્રાણોંકા આહાર કિયા...**' લ્યો! ત્રસ અને સ્થાવર જીવનો પ્રાણઆહાર કર્યો. '**ઈસલિયે અબ જીવોંકા સ્વરૂપ જાનકર...**' જાણવું-દેખવું સ્વરૂપ એ પરને મારવું, એ કેમ કરે? કહે છે. પરને બચાવવું કે મારવું એ જીવના સ્વરૂપમાં નથી. આકરું કામ. ચૈતન્ય જ્ઞાન-દર્શન સ્વરૂપ છે. એ શું કરે? એ રાગ કરે? પરનું કરે? પર તો ભિન્ન છે. કરે શી રીતે? અજ્ઞાનપણે સ્વભાવના ભાન વિના રાગ કરે. એ સિવાય તો બીજું કાંઈ કરી શકે નહિ. પરનું તો અજ્ઞાનભાવે પણ કરી શકતો નથી. પરની દયા કે પરની હિંસા તો અજ્ઞાનભાવે પણ કરી શકતો નથી. અજ્ઞાનભાવે કરે તો નિર્વિકારી નિર્દોષ આનંદને છોડી વિકારને કરે અજ્ઞાનભાવે. બસ, એટલું. દુકાનના ધંધા-બંધા હોંશિયારીથી નહિ થતા હોય ત્યાં? 'ચંદ્રકાંતભાઈ'! અત્યાર સુધી કર્યું કે નહિ બધું હોંશિયારીથી? નહિ? એય..! 'શાંતિભાઈ'! શું છે તમારો ધંધો? પણ એનામાં ... હોય ને. મુખ્ય માણસ હોય. આહાહા..! કોઈ વેચાણ કરી શકતું નથી, કોઈ પૈસા લઈ શકતું નથી. અરે..રે..! ચેતનાસ્વરૂપ એ કરે શું? જાણે કે આ થાય છે, થયું, ન થયું. આહાહા..!

'**જીવોંકા સ્વરૂપ જાનકર જીવોંકી દયા પાલ, ભોગભિલાષ છોડ,..**' લ્યો! મૂળ પાઠ હતો ને? '**भोयसुहकारणट्ठं**' ભોગના સુખને માટે કે અનુકૂળતાને માટે એણે દસ પ્રાણને હણ્યા, આહાર કર્યા. જુઓને! ડુંગળી, લસણ, બટાટા, શક્કરકંદ. કતરી આમ કરી કરીને,

ઘીમાં તળી, તેલમાં તળી ધાણાજીરા નાખી અને ખાવા બેઠો હોય. બસ, આમ. પૂરી ને એ બટાટાની પતરી. પતરી કરે ને ગોળ ચક્કર? તેલમાં તળે, ઘીમાં તળે. નાખે એમાં પછી મરી, તીખા કહો શું કહો? મીઠું, મરચું. મરચું તો ન હોય એમાં મરી નાખે. એ નાખે. એક એક કટકીમાં અનંતા જીવ છે. ભજીયા કરે છે, નહિ? આ બટાટાના ભજીયા. ડુંગળીના ભજીયા, લસણના ભજીયા. ભજીયા કરે. ભજીયા કહે ને? ભજીયામાં આ નાખે. કરે રાગ, સેવે મિથ્યાભ્રમ અને માને કે મેં આ ખાધું અને... આહાહા..! સુખના ભોગ માટે કીધું ને? ભોગના સુખકારણે. ભોગસુખ-ભોગનું સુખ. ભોગવવાનું સુખ. આનંદ અમને મળ્યા કરે છે. આહાહા..!

એમ **'જીવોંકી દયા પાલ, ભોગભિલાષ છોડ,...'** લ્યો! બે વાત કરી. આનંદના અનુભવ માટે પરના ભોગની અભિલાષ છોડ. આહાહા..! ભગવાન આનંદસ્વરૂપ છે. એનો ભોગવટો કર. તને શાંતિ અને ફળમાં પણ શાંતિ. આ ભોગસુખ માટે તો પ્રાણનું હણવું, પોતાના પ્રાણનું પણ હણી જવું. આહાહા..! સંસારમાં રખડવું ચોર્યાસીના અવતારમાં.

---

**फिर कहते हैं कि ऐसे प्राणियोंकी हिंसासे संसारमें भ्रमण कर दुःख पाया :–**

**पाणिवहेहि महाजस चउरासीलक्खजोणिमज्झम्मि।**

**उप्पजंत मरंतो पत्तो सि णिरंतरं दुक्खं।।१३५।।**

प्राणिवधैः महायशः चतुरशीतिलक्षयोनिमध्ये।

उत्पद्यमानः क्षियमाणः प्राप्तोऽसि निरंतरं दुःखम्।।१३५।।

**પ્રાણીવધોથી હે મહાશય! યોનિ લખ ચોરાશીમાં,**

**ઉત્પત્તિનાં ને મરણનાં દુઃખો નિરંતર તેં લહ્યાં. ૧૩૫.**

**अर्थ :– हे मुने! हे महायश! तूने प्राणियोंके घातसे चौरासी लाख योनियोंके मध्यमें उत्पन्न होते हुए और मरते हुए निरंतर दुःख पाया।**

**भावार्थ :– जिनमतके उपदेशके बिना, जीवोंकी हिंसासे यह जीव चौरासी लाख योनियोंमें उत्पन्न होता है और मरता है। हिंसासे कर्मबंध होता है, कर्मबन्धके उदयसे उत्पत्ति–मरणरूप संसार होता है। इसप्रकार जन्म–मरणके दुःख सहता है, इसलिये जीवोंकी दया का उपदेश है।।१३५।।**

---

## ગાથા-૧૩૫ ઉપર પ્રવચન

**'ફિર કહતે હૈં કિ ઐસે પ્રાણિયોંકી હિંસાસે સંસારમેં ભ્રમણ કર દુઃખ પાયા :-'** ઓહોહો..!

**पाणिवहेहि महाजस चउरासीलक्खजोणिमज्झम्मि।**

**उप्पजंत मरंतो पत्तो सि णिरंतरं दुक्खं।।१३५।।**

શબ્દ બહુ સારા ઊંચા વાપરે છે. મુનિને ઉદ્દેશીને વાત કરે છે.

**અર્થ :-** **'હે મુને! હે મહાયશ! તૂને પ્રાણિયોંકે ઘાતસે ચૌરાસી લાખ યોનિયોંકે મધ્યમેં ઉત્પન્ન હોતે હુએ ઔર મરતે હુએ...'** ઉપજતે-મરતે લીધું ને? ઉપજવું અને મરવું **'નિરંતર દુઃખ પાયા.'** જન્મ અને મરવું... જન્મ અને મરવું... જન્મ અને મરવું... ઓહોહો..! નિગોદમાં શ્વાસમાં અઢાર ભવ. અઢાર વાર જન્મ અને મરણ એક શ્વાસમાં. એવો અનાદિસાંત નિગોદમાં રહ્યો. આહાહા..! અનંત અનંતકાળ. એનું મૂળ પિયર ઈ છે. એમાંથી નીકળીને આવ્યો બહાર.

**'હે મહાયશ! તૂને પ્રાણિયોંકે ઘાતસે ચૌરાસી લાખ યોનિયોંકે મધ્યમેં ઉત્પન્ન હોતે હુએ ઔર મરતે હુએ નિરંતર દુઃખ પાયા.'** આવું સાંભળીને ઓલું ઘાતપણું છોડો. એ થઈ ગયો ધર્મ. પાછું એમ નથી એમ કહે છે. ઓલો વ્યવહાર લઈ લે. પણ એનો નિશ્ચય રહી જાય અંદર. જુઓ! છકાયના જીવને ભાઈ ન મારવા, દયા પાળવી. જુઓ! આવ્યું કે નહિ આમાં? 'કુંદકુંદાચાર્ય' કહે છે કે નહિ? આહાહા..! પણ તું આત્મા નથી? તું ચેતનાસ્વરૂપ છો કે નહિ? તને ન મારવાનો વિકલ્પ થાય એ તો તારી પર્યાયમાં હિંસા થાય છે. પરની દયાનો ભાવ વિકલ્પ છે એ પણ આત્માની હિંસા છે. ગજબ વાત છે. બરાબર હશે? આ તો દુનિયાથી જુદી જાત છે. પરની દયાનો ભાવ એ હિંસા. આહાહા..! ભાઈ! પરની દયા એ વિકલ્પ ઊઠે છે, એ તો રાગ છે. પાંચ મહાવ્રતના પરિણામ એ તો રાગ છે. આત્માની હિંસા થાય છે. અરે..! આવો તે માર્ગ!

**'ચૌરાસી લાખ યોનિયોંકે મધ્યમેં ઉત્પન્ન હોતે હુએ...'** જોયું! **'યોનિયોંકે મધ્યમેં...'** મધદરિયામાં પડ્યો જેમ. ચોર્યાસીના મધ્યમાં. છેડો નહિ ક્યાંય. એમ. અનંતા અનંતા ભવના મધ્યમાં માંડ માણસપણું મળ્યું ત્યાં સલવાઈ ગયો બીજે. સાચવવા ગયો બીજે. શરીરનું સાચવવું, આબરૂનું સાચવવું, પૈસાનું સાચવવું, કુટુંબ-કબીલા જે કાંઈ મળ્યું હોય એ સાચવવું. એને સાચવવામાં રોકાઈ ગયો, પોતે રહી ગયો. **'ઉત્પન્ન હોતે હુએ ઔર મરતે હુએ નિરંતર દુઃખ પાયા.'**

**ભાવાર્થ :-** **'જિનમતકે ઉપદેશકે બિના, જીવોંકી હિંસાસે યહ જીવ ચૌરાસી લાખ યોનિયોમેં ઉત્પન્ન હોતા હૈ ઔર મરતા હૈ...'** લ્યો! એક એક અવતાર એક એક યોનિમાં

અનંતા કર્યા. અનંતવાર જન્મ્યો અને અનંતવાર ઊપજ્યો. મિથ્યાત્વને લઈને. જીવની પોતાની દયા ન પાળી. હું ચેતનસ્વરૂપ છું. રાગ-વિકલ્પ જે પુણ્યનો, દયા-દાન-વ્રતનો કરવો એ પણ અપરાધ છે. નિરપરાધી મારું સ્વરૂપ છે એમ એણે ન જાણ્યું. 'હિંસાસે કર્મબંધ હોતા હૈ,...' એ ભાવમાં હિંસા થઈ એમાં કર્મબંધ થાય છે. આવા બોલ છાપે, વિરોધવાળા. જુઓ! એ પરની દયાને પણ હિંસા કહે છે. ભગવાન કહે છે, પરની દયા પાળવી. આ કહે કે (એ હિંસા છે). કઈ રીતની વાત છે? સાંભળને! દયાનો અર્થ ? કે તારામાં આત્મજ્ઞાનસ્વરૂપ ચૈતન્ય છો તું. કોઈપણ પ્રાણીને મારવો કે બચાવવાનો વિકલ્પ તને હોઈ શકે નહિ. એમ. તારો વિકલ્પ પણ હોઈ શકે નહિ. વિકલ્પ એ રાગ છે. આહાહા..! તારી જાતને જાણી નહિ ભગવાન તું કોણ છો. તારામાં એ પરને બચાવવું કે મારવું એવી પરવૃત્તિ અનુસાર લાગણી વસ્તુમાં છે નહિ. એ તો ચેતનાસ્વરૂપ છે. એમ કીધું નહિ? જાણવું-દેખવું છે. જાણનાર-દેખનાર છે. આહાહા..! એ પરને બચાવે મારવાનો ભાવ એ એનો છે? હેં! અપરાધ છે. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કરે છે એ કોણ કરે છે? કોણ કરે? એ જ કહે છે ને. ત્યારે આમાં બેસી રહેવું શું? જોયું નહિ? એમ વળી કો'ક કહે. કોણ બેસી રહે અને કોણ જોવે? એ જાતનો વિકલ્પ આવવાનો હોય તે આવે અને પરની ક્રિયા થવાની હોય તો થાય. વિકલ્પ આવે છે અને ક્રિયા ન થાય. ન તો આમ થઈ જાય. પગ લપસી જાય જ્યાં ઓલું કરવા જાય. જ્યાં એ જડની ક્રિયા, એ આત્માની ક્યાં હતી? આહાહા..! ભારે.

ભગવાનની જાત્રા ગયા કરવા અને મરી ગયો વચમાં ત્યાં શેત્રુંજય. ભગવાને કાંઈ રાખ્યા નહિ ત્યાં કે એ મારી જાત્રા કરવા આવ્યો છે માટે અહીં સર્પ ન કરડવો જોઈએ. હેં! જાત્રા કર્યા પછી બેઠો હતો ઓટલે. આહાહા..! કયે ભાવે ગયો હશે બિચારો? હેં! 'પાલિતાણા'. બાર વર્ષનો હતો. 'રાજકોટ'નો છે એમ કહે છે. સર્પ નીકળ્યો. કરડ્યો પાછો. ત્યાં કાણા હોય ને જંગલ છે ને ઉપર. કાંઈક કાણા હોય અને સર્પ પડ્યા હોય. ત્યાં આવ્યો. આહાહા..! એવા અવતાર તો અનંત કર્યા છે, ભાઈ! જ્યાં નથી ત્યાં માન્યું છે અને છે ત્યાં માન્યું નથી. પોતે તો જાણનાર-દેખનાર સ્વરૂપ છે. એને તો પોતાના હોવાપણાને માન્યું નહિ અને પોતામાં નથી શરીર, વાણી, મન, જડ, ધૂળ, પુણ્ય-પાપના ભાવ એ પોતામાં નથી. નથી એને માન્યું અને છે એને માન્યું નહિ. આમ ભ્રમે છે અનાદિનો. આહાહા..! સમજાણું કાંઈ? એની એને દયા ન આવી, હોં! કોની? પોતાની. અરે..! હું આ રખડું ચોર્યાસીના અવતારમાં? ક્યાં ક્યાં જઈશ? ક્યાં મરીશ? ક્યાં જન્મ્યો? અનંતભવસાગર, એમાં મારું શું? એમાં મારું શું? અને આ તારું શું? લ્યો! લીધું ને? હું, તું અને તે. ઓલામાં લખ્યું છે. તું. તું જ્યાં માને છે ત્યાં તું નથી અને હું તું માને છે ત્યાં તું નથી. ... શબ્દ વાપર્યો છે. પંડિતજીએ કાંઈક લીધું છે.

લ્યો! પુણ્ય-પાપ ને વિકલ્પ છે, શરીર, વાણી છે ત્યાં તું નથી. એ તો એક વિકાર છે અને શરીર એ તો અજીવ છે. એમાં તું નથી. જેમાં તેં માન્યું ત્યાં તું નથી. અને જેમાં તેં હું માન્યું ત્યાં પણ તું નથી. તું તો જાણનાર-દેખનાર આત્મા ભિન્ન ચૈતન્યતત્ત્વ છો. આહાહા..! ભારે કામ, ભાઈ! આત્માને ઓળખવો-આત્માને ઓળખવો. એ આત્મા શું ચીજ છે એની ઓળખાણ થતાં એનું જગતની ચીજનું માહાત્મ્ય ઘટી જાય. આહાહા..! કરવાનું એ કર્યું નહિ અને નહિ કરવાનું કરી બેઠો અનાદિથી. અને કાંઈક અમે કરીએ છીએ અને કાંઈક અમે વધ્યા. મા-બાપ નહોતા મૂકી ગયા અને પછી રળીને બે-પાંચ-દસ લાખ ભેગા કર્યા, હજાર, બે હજારનો પગાર કર્યો. પાંચ હજારનો. .. દસ હજારનો, લ્યોને. આહાહા..! શું છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એને ભાન નથી. એની રુચિ નથી ત્યાં. જેમાં જેની રુચિ તેમાં તેનો પુરુષાર્થ ગતિ કર્યા વિના રહે નહિ. જેની જરૂરિયાત જાણે તેમાં તેનો વીર્ય પુરુષાર્થ કામ કર્યા વિના રહે નહિ. જરૂરિયાત માનતો નથી કે આ મારે જરૂરિયાત છે. બાયડી, છોકરા નભવા સરખું, આપણું કુટુંબ જે લાઈનમાં હોય એ લાઈનની વિધિમાં ઉણપ ન આવવી જોઈએ. એય..! 'ધનજીભાઈ'! આ બધા જૂના માણસ છે, લ્યો! તેમાં પણ તારું કુળ ક્યુ? તારું કુળ તો સિદ્ધનું કુળ છે, અહીં આત્માનું કુળ છે. આ કુળ કે દિ' હતા તારા? ધૂળના કુળ એ તો મરીને ચાલ્યો જાય છે. એ કુળ પડ્યું રહે છે એમ ને એમ. એ કુળ ક્યાં તારું હતું? 'એ અમ કુળ વટ રીત...' આવે છે ને? 'આનંદઘનજી'. અમારા કુળની વટની રીત તો પરમાત્મા જે તું અંતર માર્ગે ચાલ્યો, એ માર્ગે અમે ચાલનારા. એ અમારા કુળની વટ-રીત છે. આ ધૂળમાં શું?મરી ગયો. મરીને ચાલ્યો ગયો. આહાહા..! ક્ષણિકે હતો કે દિ'? એની પર્યાયમાં ક્યાં આવ્યું કુટુંબ? ક્ષણિક વિકાર છે. કુટુંબ તો એક પર્યાયમાં પણ આવ્યું નથી. કુટુંબ કુટુંબના સ્થાનમાં રહ્યું. આહાહા..! ભ્રમણા પણ ભ્રમણા.

જેના ત્રિકાળપણામાં તો વિકાર પણ નથી અને જેની એક સમયની પર્યાયમાં શરીર અને કર્મ ને કુટુંબ નથી. હેં! આહાહા..! ત્રિકાળી ભગવાનઆત્મા સચ્ચિદાનંદ પ્રભુ, એમાં તો વિકાર પણ નથી, દયા, દાનનો વિકલ્પ પણ નથી. પર્યાયમાં છે. પણ પર્યાયમાં કુટુંબ કબીલો અને પૈસા નથી. આહાહા..! ત્રિકાળમાં નથી અને વિકાર મારો માન્યો અને પર્યાયમાં નથી કુટુંબ કબીલો એને મારું માન્યું. બેય ભ્રમણા છે અજ્ઞાનની. આહાહા..! શું કરાવવું છે પણ તમારે આવું કહીને? બાવા કરવા છે તમારે? બાવો એટલે? આ સાધુ થઈ જાય એ કાંઈ સાચા બાવા નથી. એને હજી અંતરનું ભાન નથી, ત્યાં બાવા કેવા?

અહીં તો અંતરમાં રાગ નહિ, શરીર નહિ, વાણી નહિ, પુણ્ય નહિ, દયા-દાનના પરિણામ નહિ. એવો આત્મા છે. એવા છે તેને નિવૃત્તસ્વરૂપ, રાગથી અભાવસ્વરૂપ, પરથી અભાવસ્વરૂપ, એની મહાસત્તાનો સ્વીકાર કર, તને પરની મહત્તા-મહિમા ઊડી જશે. સંસાર રહેશે નહિ. સમજાણું કાંઈ? સંસાર એટલે ઓલો રાગભાવ, હોં! બાયડી-છોકરા ક્યાં સંસાર

(હતો)? એ તો એના ઘરમાં (રહ્યા) બિચારા. બાયડી-છોકરા ક્યાં સંસાર છે? એ તો એના ભાવવાળા છે. મૂળ તત્ત્વને જાણ્યું નહિ. એ વિના બધું કર્યું દુનિયા માટે. સમજાણું કાંઈ? આહાહા..! 'જાદવજીભાઈ'!

કહે છે, ઓહો..! 'હિંસા સે કર્મબંધ હોતા હૈ, કર્મબંધકે ઉદયસે ઉત્પત્તિ-મરણરૂપ સંસાર હોતા હૈ.' જુઓ! ભાષા. પાઠમાં છે ને? **'उप्पजंत मरंतो'**. ભગવાન ચેતનાસ્વરૂપ (છે). એ સિવાય એનાથી બીજી ચીજને પોતાની માની (એ) પોતાની હિંસા કરી. અને એને કારણે કર્મબંધન થયા. એને કારણે કર્મબંધનથી ઉપજવું અને મરવું ઊભું થયું અનાદિથી. **'ઈસપ્રકાર જન્મ-મરણકે દુઃખ સહતા હૈ,...'** ઓહો..! અનંતકાળથી એવા જન્મ-મરણના દુઃખો. **'उत्पद्यमानः म्रियमाणः प्राप्तोऽसि निरंतरं दुःखम्'** મૂળ તો અંદર દુઃખ એકત્વબુદ્ધિનું છે પણ નિમિત્તથી કથન કર્યું. જરા, મરણનું દુઃખ છે. જન્મ-મરણનું દુઃખ છે. સમજાણું કાંઈ?

---

**आगे उस दयाहीका उपदेश करते हैं :-**

**जीवाणमथयदाणं देहि मुणी पाणिभूयसत्ताणं।**
**कल्लाणसुहणिमित्तं परंपरा तिविहसुद्धीए।।१३६।।**

**जीवानामभयदानं देहि मुने प्राणिभूतसत्त्वानाम्।**
**कल्याणसुखनिमित्तं परंपरया त्रिविधशुद्धया।।१३६।।**

**તું ભૂત-પ્રાણી-સત્ત્વ-જીવને ત્રિવિધ શુદ્ધિ વડે મુનિ,**
**દે અભય, જે કલ્યાણસૌખ્ય નિમિત્ત પારંપર્યથી. ૧૩૬.**

**अर्थ :- हे मुने! जीवोंको और प्राणीभूत सत्त्वोंको अपना परंपरासे कल्याण और सुख होनेके लिये मन, वचन, कायकी शुद्धतासे अभयदान दे।**

**भावार्थ :- 'जीव' पंचेन्द्रियोंको कहते हैं, 'प्राणी' विकलत्रयको कहते हैं, 'भूत' वनस्पतिको कहते हैं और 'सत्त्व' पृथ्वी अप् तेज वायुको कहते हैं। इन सब जीवोंको अपने समान जानकर अभयदान देनेका उपदेश है। इससे शुभ प्रकृतियोंका बंध होनेसे अभ्युदयका सुख होता है, परम्परासे तीर्थंकरपद पाकर मोक्ष पाता है, यह उपदेश है।।१३६।।**

---

## ગાથા-૧૩૬ ઉપર પ્રવચન

**'આગે ઉસ દયાહીકા ઉપદેશ કરતે હૈં :-'**

**जीवाणमभयदाणं देहि मुणी पाणिभूयसत्ताणं।**

**कल्लाणसुहणिमित्तं परंपरा तिविहसुद्धीए।।१३६।।**

**અર્થ :- 'હે મુને! જીવોંકો ઔર પ્રાણીભૂત સત્વોંકો અપના પરંપરાસે કલ્યાણ ઔર સુખ હોનેકે લિયે મન, વચન કાયકી શુદ્ધતાસે અભયદાન દે.'** દેખો! હવે આમાં નાખવું હોય એ નાખે ઊંધું. અહીં તો બીજું કહે છે કે આત્મભાન તો છે, સમ્યગ્દર્શન તો છે. **'શુદ્ધતાસે અભયદાન દે.'** એમ કીધું છે ને? **'तिविहसुद्धीए'** ભાઈ! એમ શબ્દ છે ને? પાઠ જુઓ! **'तिविहसुद्धीए'** શુદ્ધિ. અંદર આત્મા પુણ્ય-પાપ વિનાનો, વિકલ્પ વિનાનો એવું ભાન છે. એને વીતરાગતા થઈ નથી હજી એથી એમાં આવા ભાવો દયાના આવે. એ પરંપરાએ એનો અભાવ કરી અશુદ્ધભાવ ટાળીને, અત્યારે આ છે એને ટાળી પરંપરા કેવળ લેશે, એમ કહે છે. સમજાણું? ત્યારે ઓલા એમ કહે કે આત્માના ભલે ભાન ન હોય. એ દયા પાળવાથી, પરંપરાએ મુક્તિ થાય આ ભગવાન કહે છે અહીં તો. લ્યો!

મુમુક્ષુ :- અહીંયાં તો લખે છે પરંપરા ...

ઉત્તર :- **'तिविहसुद्धीए'** એને પરંપરા હોય છે એમ કહે છે. આહાહા..! મન, વચન અને કાયાથી ભગવાનઆત્મા ભિન્ન છે, ચૈતન્યમૂર્તિ છે. સ્ફટિક ચૈતન્યનું સ્ફટિકરત્ન આત્મા છે. એને મન, વચન, કાયા વડે કરીને ભિન્ન જાણ્યો છે, એની દૃષ્ટિ થઈ છે, એમાં પૂર્ણતા નથી એટલે વચ્ચે આવા ભાવો એને આવે છે. અભયદાન. પોતાને પણ અભય આપે છે, બીજાને અભય આપે એવો એક વિકલ્પ છે. એ પરંપરા એટલે વિકલ્પને છોડી ક્રમે, અનુક્રમે નિર્વિકલ્પ થશે. જેને આત્માની શુદ્ધતાનું જ ભાન નથી એ પરની દયાના ભાવને જ ધર્મ માને છે. એને પરંપરા ક્યાં રહી? એ તો કહે આ મારો ધર્મ છે, એમ કહે છે. જેણે ધર્મ માન્યો નથી દયા, દાનમાં પણ સ્વરૂપમાં ઠરી શકતો નથી એટલે એવા ભાવો આવે છે. અને એકલી શુદ્ધતા જો હોય તો તો સાક્ષાત્ મુક્તિનું કારણ થાય. પણ શુદ્ધતા એકલી નથી, અશુદ્ધતા પૂર્ણ નથી, શુદ્ધતા શરૂ થઈ ગઈ છે અને એમાં અશુદ્ધતા આ જાતની આવે છે. વ્યવહારના વિકલ્પની. એવી વાત છે કે...

કલ્યાણ.. દેખો! **'પરંપરા કલ્યાણ ઔર સુખ...'** .. છે ને? **'कल्लाणसुहणिमित्तं'**. **'હોને કે લિયે મન, વચન, કાયકી શુદ્ધતાસે અભયદાન દે.'** શુદ્ધ શુદ્ધ ભગવાનઆત્મા જ્ઞાતા-દૃષ્ટાના ભાવમાં રહેલું તત્ત્વ તેનું ભાન જ્યાં છે એવી શુદ્ધતાની ભૂમિકામાં પરને બચાવવાનો અને પોતાને બચાવવાનો પણ એક વિકલ્પ રાગ ઊઠે, એ પરંપરાએ કલ્યાણ ને સુખનું કારણ થાય. લ્યો, આ પરંપરામાં વાંધા. એનો અર્થ કે અત્યારે શુદ્ધતા તો છે. અશુભ

અશુદ્ધતાથી બચ્યો છે. શુભભાવ છે અશુદ્ધ, એને પછી ટાળીને શુદ્ધતા કરશે. ઉપયોગમાં. દૃષ્ટિમાં તો શુદ્ધતા જ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- અભયદાન દે.

ઉત્તર :- તારા આત્માને અભયદાન દે. રાગથી નિર્ભય થા. ચોર્યાસીના અવતારમાં ડૂબતાને બચાવ. અનંતભવસાગરમાં રખડી રહ્યો છે. આહાહા..! પ્રત્યક્ષ (દેખાય છે), અહીં કોઈ સામું જોવે છે? આમ ટગ ટગ જોયા કરે છે. ભાઈની સ્થિતિ આકરી છે, હોં! બધા હમણાં ધ્યાન રાખજો, હોં! રાત્રે જાગ-ઉજાગરા કરજો, આમ કરજો. વ્યાધિ આકરી આવી છે. એનો અર્થ એ કે ક્યારે પતી જશે. લ્યો! .. કર્યો શું ત્યારે તમે એને? આહાહા..! કોણ હતું તારું કે તને તારું કરે? એ પરચીજ તે તને કરે એ શી રીતે કરે? તું જુદો એ જુદી ચીજ. આહાહા..! ભર્યા ઘરમાંથી ચાલ્યો જાય એકલો. ભર્યું ઘર અંદરમાંથી બહાર નીકળી ગયો છે. એની ખબર ન મળે. મારો આત્મા આનંદસ્વરૂપથી ચેતનના મહાતત્ત્વથી ભરેલું છે. સર્વજ્ઞપદ છે આત્મા. સર્વજ્ઞ સ્વભાવી ભગવાનઆત્મા, એને રાગના કણની તો આશા .. પણ અલ્પજ્ઞ રહેવું એ એનો સ્વભાવ નથી. આહાહા..! એવા આત્માની દૃષ્ટિ થતાં પછી શુભભાવ આવો હોય. હવે ચારની વ્યાખ્યા કરે છે.

**ભાવાર્થ :- 'જીવ પંચેન્દ્રિયોંકો કહતે હૈં,...'** અહીં ચાર જુદા નામ પાડવા છે ને. **'प्राणिभूतसत्त्वानाम् जीवानाम'** એમ ચાર છે ને? **'जीवानाम प्राणिभूतसत्त्वानाम्'**. પંચેન્દ્રિયને જીવ કહીએ. **'પ્રાણી વિકલત્રયકો કહતે હૈં,...'** બે ઈન્દ્રિય, ત્રણ ઈન્દ્રિય, ચૌ ઈન્દ્રિયને પ્રાણી કહેવામાં આવે છે. **'ભૂત વનસ્પતિકો કહતે હૈં...'** ઘણો કાળ ત્યાં રહે છે ને. વનસ્પતિ આ બટાટા, શક્કરકંદ, લસણ, ડુંગળી એ બધા જીવ અનંત છે એમાં. અનંત આત્માના થોકના થોક ભર્યા છે. આહાહા..! જેને આંગળી અડી અનંતા મરે. એને કાપીને રાંધીને શેકે તો બધો ભુક્કો. એ આ હોંશમાં ખાય. કહે છે કે છોડ. આવા જીવોની દયા પાળ, એમ કહે છે. બધાની છે ને દયા.

**'સત્વ પૃથ્વી અપ...'** એ પૃથ્વીના જીવ. આહાહા..! ચારને જુદા પાડ્યા. ભૂતને વનસ્પતિમાં નાખ્યા. ત્રસના બે ભાગ પાડ્યા. ત્રસના બે ભાગ. બે ઈન્દ્રિય, ત્રણઈન્દ્રિય, ચૌઈન્દ્રિય અને પંચેન્દ્રિય. આ એકેન્દ્રિયના બે ભાગ. આખો મોટો ભાગ વનસ્પતિવાળો. ... આહાહા..! મોટો એ જ છે ને? એને ભૂત કીધો. પંચેન્દ્રિયને જુદા પાડીને વિકલત્રયને જુદા પાડ્યા. એમ બે ભાગ પાડ્યા. કારણ કે અહીં જીવનો ક્ષયોપશમભાવ પંચેન્દ્રિયમાં વધારે છે ને? એમ. **'ઈન સબ જીવોંકો અપને સમાન જાનકર...'** એ બધા આત્મા છે. જ્ઞાન અને દર્શનના ભંડાર ભગવાન છે બધા. તું પણ જ્ઞાન અને દર્શનનું ચૈતન્ય સત્ત્વ છો. એ પણ જ્ઞાન અને દર્શનનું સત્ત્વ એ આત્મા છે. એમાં શરીર એ કાંઈ આત્મા નથી. એ તો જડ છે. જેમ તું તને રાગ ને પર્યાયબુદ્ધિથી જુદો ભાળે છો, એમ એને પણ એમ ભાળ. જ્ઞાનનું સત્ત્વ છે, આનંદનું ધામ છે એ બધા આત્માઓ. આહાહા..! **'અભયદાન દેનેકા ઉપદેશ હૈ. ઈસસે શુભ**

**પ્રકૃતિયોંકા બંધ હોનેસે...**' લ્યો! ઠીક! એમાં પુણ્યબંધ થાય. '**અભ્યુદયકા સુખ હોતા હૈ,...**' એ પુણ્ય. બહાર સામગ્રી મળે ઇન્દ્રાદિની, તીર્થંકરાદિની, ગણધરાદિની વગેરે.

'**પરંપરાસે તીર્થંકરપદ પાકર મોક્ષ પાતા હૈ,...**' લ્યો! તીર્થંકર થાય. પહેલો આ પ્રમાણે શુભભાવ હોય છે, અશુભથી બચવા. પછી શુભને છોડીને શુદ્ધ કરશે. દૃષ્ટિમાં તો અત્યારે જ શુભનું હેયપણું છે. એમાં હેયપણું છતાં અસ્થિરતા છે તેથી પછી હેયપણું છે એવી સ્થિરતા કરીને છોડશે. એમ. '**પાકર મોક્ષ પાતા હૈ, યહ ઉપદેશ હૈ.**' લ્યો! ગડબડ-ગડબડ. વળી એકલું પછી ઉતરી ગયા બહારની ક્રિયામાં. દયા પાળવી, આ કરવું. કોની અપેક્ષાએ વાત ચાલે છે? અહીં તો પોતાની દયા પાળી છે, રાગ વિનાનો આત્મા શુદ્ધ ચૈતન્યનું ભાન છે, કોઈની દયા પાળવાની મારામાં શક્તિ નથી પણ મારામાં વિકલ્પ બીજાને ન મારવાનો આવે છે એ પણ પ્રકૃતિનું બંધનું કારણ છે. એ કાંઈ ધર્મરૂપ નથી. મારી ધર્મદશા પૂર્ણ નથી એથી એવો ભાવ આવ્યા વિના રહેતો નથી. સમજાણું કાંઈ? લ્યો, ઉપદેશ છે. જુઓ! તીર્થંકર નાખ્યા એમાં મોટું? પરંપરાથી. સમ્યગ્દૃષ્ટિની વાત છે આ.

મુમુક્ષુ :- બધે સમ્યગ્દૃષ્ટિ...

ઉત્તર :- વાત બીજાની છે ક્યાં? આત્માનું ભાન નથી અને દયા, વ્રત, ભક્તિ કરે એ તો બધા મિથ્યાત્વ, અજ્ઞાનમાં છે.

---

**आगे यह जीव षट् अनायतनके प्रसंगसे मिथ्यात्वसे संसारमें भ्रमण करता है उसका स्वरूप कहते हैं। पहिले मिथ्यात्वके भेदोंको कहते हैं :-**

**असियसय करियवाई अक्किरियाणं च होइ चुलसीदी।**
**सत्तट्ठी अण्णाणी वेणईया होंति बत्तीसा।।१३७।।**

**अशीविशतं क्रियावादिनामक्रियमाणं च भवति चतुरशीतिः।**
**सप्तषष्टिरज्ञानिनां वैनयिकानां भवति द्वात्रिंशत्।।१३७।।**

**શત-અંશી કિરિયાવાદીના, ચોરાસી તેથી વિપક્ષના,**
**બત્રીસ સડસઠ ભેદ છે વૈનયિક ને અજ્ઞાનીના. ૧૩૭.**

**अर्थ :- एकसौ अस्सी क्रियावादी हैं, चौरासी अक्रियावादियोंके भेद हैं, अज्ञानी सड़सठ भेदरूप हैं और विनयवादी बत्तीस है।**

**भावार्थ :- वस्तुका स्वरूप अनन्तधर्मस्वरूप सर्वज्ञने कहा है, वह प्रमाण और नयसे सत्यार्थ सिद्ध होता है। जिनके मतमें सर्वज्ञ नहीं है तथा सर्वज्ञके स्वरूपका यथार्थ रूपसे निश्चय करके उसका श्रद्धान नहीं किया है-ऐसे अन्यवादियोंने वस्तुका एकधर्म ग्रहण करके उसका पक्षपात किया कि हमने इसप्रकार माना है, वह 'ऐसे ही है, अन्य प्रकार नहीं है।' इसप्रकार**

विधि–निषेध करके एक–एक धर्मके पक्षपाती हो गये, उनके ये संक्षेपसे तीनसौ त्रेसठ भेद हो गये हैं।

क्रियावादी :– कई तो गमन करना, बैठना, खड़े रहना, खाना, पीना, सोना, उत्पन्न होना, नष्ट होना, देखना, जानना, करना, भोगना, भूलना, याद करना, प्रीति करना, हर्ष करना, विषाद करना, द्वेष करना, जीना, मरना इत्यादिक क्रियायें हैं; इनको जीवादिक पदार्थोंके देखकर किसीने किसी क्रियाका पक्ष किया है और किसीने किसी क्रियाका पक्ष किया है। ऐसे परस्पर क्रियाविवादसे भेद हुए हैं, इनके संक्षेपसे एकसौ अस्सी भेद निरूपण किये हैं, विस्तार करने पर बहुत हो जाते हैं।

कई अक्रियावादी हैं, ये जीवादिक पदार्थोंमें क्रियाका अभाव मानकर आपसमें विवाद करते हैं। कई कहते हैं जीव जानता नहीं है, कई कहते हैं कुछ करता नहीं है, कई कहते हैं भोगता नहीं है, कई कहते हैं उत्पन्न नहीं होता है, कई कहते हैं नष्ट नहीं होता है, कई कहते हैं गमन नहीं करता है और कई कहते हैं ठहरता नहीं है–इत्यादि क्रियाके अभावके पक्षपातसे सर्वथा एकान्ती होते हैं। इनके संक्षेपसे चौरासी भेद हैं।

कई अज्ञानवादी हैं, इनमें कई तो सर्वज्ञका अभाव मानते हैं, कई कहते हैं जीव अस्ति है यह कौन जाने? इत्यादि संशय–विपर्यय–अनध्यवसायरूप होकर विवाद करते हैं। इनके संक्षेपसे सड़सठ भेद हैं। कई विनयवादी हैं, उनमें से कई कहते हैं देवादिकके विनयसे सिद्धि है, कई कहते हैं गुरुके विनयसे सिद्धि है, कई कहते हैं कि माता के विनयसे सिद्धि है, कई कहते हैं कि पिता के विनयसे सिद्धि है, कई कहते हैं कि राजाके विनयसे सिद्धि है, कई कहते हैं कि सबके विनयसे सिद्धि है, इत्यादि विवाद करते हैं। इनके संक्षेपसे बत्तीस भेद हैं। इसप्रकार सर्वथा एकान्तियोंके तीनसौ त्रेसठ भेद संक्षेपसे हैं, विस्तार करने पर बहुत हो जाते हैं, इनमें कई इश्वरवादी हैं, कई कालवादी हैं, कई स्वभाववादी है, कई विनयवादी हैं, कई आत्मवादी हैं। इनका स्वरूप गोम्मटसारादि ग्रन्थोंसे जानना, ऐसे मिथ्यात्वके भेद हैं।।१३७।।

## ગાથા-૧૩૭ ઉપર પ્રવચન

'આગે યહ જીવ ષટ્ અનાયતનકે પ્રસંગસે મિથ્યાત્વસે સંસારમેં ભ્રમણ કરતા હૈ...' લ્યો! કુદેવ, કુગુરુ, કુશાસ્ત્ર અને એના સેવનારા. એનો પ્રસંગ એટલે પરિચય, એની શ્રદ્ધા. એને લઈને મિથ્યાત્વથી-મિથ્યાશ્રદ્ધાને લઈને સંસારમાં ભમે છે. ચાર ગતિમાં રખડે છે. 'ઉસકા સ્વરૂપ કહતે હૈં. પહિલે મિથ્યાત્વકે ભેદોંકો કહતે હૈં:-' મિથ્યાત્વની વ્યાખ્યા હવે, લ્યો. આ ચાર ભેદ આવે છે ને? ક્રિયાવાદી ને અક્રિયાવાદી. મિથ્યાત્વની ગૃહિતની વાત છે. 'ગોમ્મટસાર'માં છે.

**असियसय करियवाई अक्किरियाणं च होइ चुलसीदी।**

**सत्तट्ठी अण्णाणी वेणईया होंति बत्तीसा।।१३७।।**

**અર્થ :- 'એકસો અસ્સી ક્રિયાવાદી હૈં,...'** ક્રિયાને ધર્મ માનનારા. **'ચૌરાસી અક્રિયાવાદિયોંકે ભેદ હૈં,...'** આત્મામાં રાગાદિનો અભાવ તદ્દન છે એમ માનીને એ અક્રિયા એટલે એનું પરિણમન પણ નથી માનતા. આત્માનું પરિણમન જે ક્રિયા છે એને માનતા નથી. એવા અક્રિયાવાદીઓ. **'અજ્ઞાની સડસઠ ભેદરૂપ હૈં ઔર વિનયાદી બત્તીસ હૈં.'** બધાને પગે લાગવું. આપણે બધાને જય નારાયણ કરવું. કોઈને નાના-નાના ન કલ્પવા. આ મોટા અને સારા. આપણે બધા નારાયણ. હમણાં આવ્યું હતું ને ત્યાં? શું ગામમાં? નહિ? 'ફતેહપુર'. 'ફતેહપુર'માં પાટીદાર છે. ... પ્રણામ માનનારા. 'જામનગર'માં છે ને? પ્રણામ ધર્મ. ..ને માનનારા. આ લોકો કેમ આવતા નથી? એ આપણને બીજી રીતે માને. આપણે એને ગૃહિત મિથ્યાત્વમાં માનીએ છીએ. બીજી રીતે માને છે એ. ... પાટીદાર છે. .. પચ્ચીસ હજાર કાઢ્યા. એનો મહોત્સવ કરવાના છે. બોલાવી બધાને. .. અમારે ને એને મેળ ખરો પણ વ્યવહાર ધર્મમાં નહિં વિષ્ણુ જે પાટીદાર હોય એ તો આવે.. પણ આ તો .. અમારો ધર્મ બહુ ઉંચો છે. બધાની સાથે વિનય કરવો, પ્રણામ કરવું. કોઈને હા, ના નહિ. આ તો .. વિનય કરવો નહિ? વિનય.

**ભાવાર્થ :- 'વસ્તુ સ્વરૂપ અનંતધર્મસ્વરૂપ સર્વજ્ઞને કહા હૈ,...'** લ્યો! પરમેશ્વર કેવળજ્ઞાની પરમાત્મા તીર્થંકરદેવ, સર્વજ્ઞદેવ જે સર્વજ્ઞપદ દરેક આત્માનું છે, એવું પદ જેણે પર્યાયમાં પ્રગટ કર્યું છે એવા સર્વજ્ઞ ભગવાને જે અનંતધર્મસ્વરૂપ પદાર્થ કહ્યો, વસ્તુસ્વરૂપ **'વહ પ્રમાણ ઔર નયસે સત્યાર્થ સિદ્ધ હોતા હૈ.'** નિશ્ચય અને વ્યવહારનયથી શ્રદ્ધે છે અને આખી ચીજ પણ પ્રમાણથી સિદ્ધ થાય છે. કેમ દ્રવ્ય છે, કેમ પર્યાય છે, કેમ દ્રવ્ય-પર્યાયનું આખું રૂપ છે, એ ભગવાને કહ્યું એ રીતે સિદ્ધ થાય છે. અજ્ઞાનીઓએ કહ્યું એમાં કોઈથી સિદ્ધ થતું નથી.

**'વસ્તુ સ્વરૂપ અનંતધર્મસ્વરૂપ સર્વજ્ઞને કહા હૈ, વહ પ્રમાણ ઔર નયસે સત્યાર્થ સિદ્ધ હોતા હૈ.'** બરાબર સાચું ભગવાને કહ્યું એ સિદ્ધ થાય છે. અજ્ઞાનીએ કહેલું એ વાત કોઈ

સત્ય સાચી નથી. '**જિનકે મતમેં સર્વજ્ઞ નહીં હૈ...**' જેના મતમાં ત્રણકાળ, ત્રણલોક જાણે એવા ભગવાન થયા નથી '**તથા સર્વજ્ઞકે સ્વરૂપકા યથાર્થ રૂપસે નિશ્ચય કરકે ઉસકા શ્રદ્ધાન નહીં કિયા હૈ...**' બીજો બોલ. શું કીધું? એક તો જેના મતમાં સર્વજ્ઞ નથી એ પણ ઊંધા છે અને જેને હોય છે એના '**સ્વરૂપકા યથાર્થ રૂપસે નિશ્ચય કરકે ઉસકા શ્રદ્ધાન નહીં કિયા હૈ....**' લ્યો! જૈનમાં સર્વજ્ઞ છે પણ એ સર્વજ્ઞનું સ્વરૂપ કેવું છે એવું ન જાણ્યું. સમજાણું? પાંચમાં અધ્યાય, છઠ્ઠા અધ્યાયમાં એ ગૃહિત લીધું ત્યાં. સર્વજ્ઞ છે જ નહિ એના મતમાં. અને આ સર્વજ્ઞ છે. નિશ્ચય-વ્યવહારને માને પણ શું એનું સ્વરૂપ છે એમ માનતા નથી.

'**જિનકે મતમેં સર્વજ્ઞ નહીં હૈ તથા સર્વજ્ઞકે સ્વરૂપકા યથાર્થ રૂપસે નિશ્ચય કરકે...**' આહાહા..! એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક જાણે એવી જે સર્વજ્ઞની પર્યાય, એને યથાર્થ નિર્ણય કરી જાણે તો આત્માનું દર્શન થાય એને. '**ઉસકા શ્રદ્ધાન નહીં કિયા હૈ...**' એની ઓળખાણ (કરી નહિ). આમ માન્યા સર્વજ્ઞ છે. પણ સર્વજ્ઞ કેવા હોય? જેને એક સમયની દશામાં ત્રણકાળ, ત્રણલોક પોતાની પર્યાયના સામર્થ્યમાં જણાઈ જાય. એવા સામર્થ્યની શ્રદ્ધા યથાર્થ કરી, વાડામાં રહ્યા છતાં, એમ કહે છે.

'**ઐસે અન્યવાદિયોંને વસ્તુકા એકધર્મ ગ્રહણ કરકે...**' પૂર્ણ સ્વરૂપ જાણ્યું નહિ અને પૂર્ણ સ્વરૂપના જાણનારા છે એની યથાર્થ શ્રદ્ધા કરી નહિ. એથી એણે '**એકધર્મ ગ્રહણ કરકે ઉસકા પક્ષપાત કિયા કિ હમને ઈસપ્રકાર માના હૈ, વહ ઐસે હી હૈ,...**' એમ. આત્મા નિત્ય છે તો નિત્ય જ છે. અનિત્ય છે તો અનિત્ય જ છે. ક્રિયાવાદી તો ક્રિયાવાદી છે. '**અન્ય પ્રકાર નહીં હૈ. ઈસપ્રકાર વિધિ-નિષેધ કરકે...**' જુઓ! '**ઈસપ્રકાર વિધિ...**' જુઓ! 'ઐસે હી હૈ, અન્ય પ્રકાર નહીં હૈ. ઈસપ્રકાર વિધિ-નિષેધ કરકે એક એક ધર્મકિ પક્ષપાતી હો ગયે, ઉનકે યે સંક્ષેપસે તીનસૌ ત્રેસઠ ભેદ હો ગયે.' લ્યો! ત્રણસો ને ત્રેસઠ ભેદ છે. એની વ્યાખ્યા કરશે. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પ્રવચન નં. ૧૫૦, ગાથા-૧૩૭ થી ૧૪૧, ગુરુવાર, માગશર વદ ૫, તા.૧૭-૧૨-૭૦

ક્રિયાવાદી, અક્રિયાવાદી, અજ્ઞાનવાદી અને વિનયવાદી. એ બધા ૩૬૩ મિથ્યાદષ્ટિ પાખંડના બોલો છે બધા. અનાદિકાળથી એવા એકાંત પક્ષને માનીને મિથ્યાત્વને સેવીને રખડે છે એ બતાવે છે. ક્રિયાવાદીની પહેલી વાત (કરે છે). '**કઈ તો ગમન કરના,...**' ચાલવું-ચાલવું. એ ક્રિયા જ આત્માની છે એમ માનવું. એક એક ક્રિયાનો પક્ષ કરે છે. '**બૈઠના,...**' શરીરની ક્રિયાને પોતાની માને પણ અંદરની ગતિ છે ક્રિયા આદિ એ પણ એક એક ક્રિયાનો પક્ષ કરીને પોતાના સ્વરૂપને અખંડ-અભેદ છે તેને ભૂલે છે. '**ખડે રહના,...**'

ઊભા રહેવું. એવી એવી ક્રિયાઓને એક એક પક્ષને માનનારા. એમ. '**ખાના, પીના, સોના, ઉત્પન્ન હોના, નષ્ટ હોના, દેખના, જાનના,...**' એ ક્રિયા. લ્યો, ત્યાં સુધી લઈ ગયા. દેખવા અને જાણવાની ક્રિયા. એટલો જ આત્મા છે, એક એક ક્રિયાને માનનારા આવા ૩૬૩ (મત છે). 'ગોમ્મટસાર'માં ..

'**દેખના, જાનના, કરના,...**' કાંઈક કરવું. કર્યા વિના કાંઈ આત્મા રહે? અક્રિય આત્મા હોય? એમ કરીને એક જ પક્ષને કરના એમ માનીને. '**ભોગના,...**' ભોગવવું કાંઈ. '**ભૂલના,...**' ભૂલી જાવું. '**યાદ કરના,...**' યાદ કરવું. એ બધી ક્રિયાઓમાંથી એક એક પક્ષને આત્માને માને. '**પ્રીતિ કરના, હર્ષ કરના, વિષાદ (ખેદ) કરના, દ્વેષ કરના, જીના, મરના,...**' લ્યો, પર્યાયમાં. જન્મ અને મરણ એ પર્યાયનું છે. '**ઈત્યાદિક ક્રિયા હૈં; ઈનકો જીવાદિક પદાર્થોંકે દેખકર...**' તેને જીવ અને અજીવ આદિ બધામાં, હોં!

'**કિસીને કિસી ક્રિયાકા પક્ષ કિયા હૈ ઔર કિસીને કિસી ક્રિયાકા પક્ષ કિયા હૈ.**' કોઈ કંઈનો પક્ષ (કરી) ક્રિયા એકાંત માને (છે). અખંડ અભેદ ચૈતન્યવસ્તુની એને ખબર નથી. '**ઐસે પરસ્પર ક્રિયાવિવાદસે ભેદ હુએ હૈં,...**' લ્યો! ક્રિયાના ભેદો પડીને આ બધા વિવાદ ઊભા થયા. પણ આત્માનું સર્વજ્ઞે કહેલું તત્ત્વ એવું અખંડ તત્ત્વ એની દૃષ્ટિમાં આવ્યું નહિ, કથનમાં સાંભળવામાં આવ્યું (નહિ) સાંભળવામાં આવ્યું તો માન્યું નહિ.

વળી અક્રિયાવાદી. '**યે જીવાદિક પદાર્થોંમેં ક્રિયાકા અભાવ માનકર...**' લ્યો! જીવમાં કાંઈ ક્રિયા જ નથી. એ તો તદ્દન ધ્રુવ કૂટસ્થ છે. '**કઈ કહતે હૈં જીવ જાનતા નહીં હૈ,...**' ઠીક! જાણવાની ક્રિયા વળી જીવમાં કેવી? લ્યો, એ અક્રિયાવાદી. જાણવાની ક્રિયા. જાણવું શું? જાણવું ક્રિયા શું? એને નહિ માનનારા. જાણવાની ક્રિયાને નહિ માનનારા. '**ક્રિયાકા અભાવ માનકર આપસમેં વિવાદ કરતે હૈં. કઈ કહતે હૈં જીવ જાનતા નહીં હૈ, કઈ કહતે હૈં કુછ કરતા નહીં હૈ,...**' પરિણમન જ નથી એમાં. શુદ્ધાદિ પર્યાયનું પરિણન અને એવી કાંઈ ક્રિયા નથી. એમ માને.

'**કઈ કહતે હૈં ભોગતા નહીં હૈ,...**' ભોગવે શું આત્મા? લ્યો! પર્યાયમાં ભોગવવું છે એને એકાંત ભોગવે જ નહિ એમ માને. '**કઈ કહતે હૈં ઉત્પન્ન નહીં હોતા હૈ,..**' ઊપજે કોણ? '**કઈ કહતે હૈં નષ્ટ નહીં હોતા હૈ,...**' ઉત્પાદ-વ્યય નથી. એમ. '**કઈ કહતે હૈં ગમન નહીં કરતા હૈ...**' આત્મામાં હાલવું-ચાલવું કેવું? '**કઈ કહતે હૈં ઠહરતા નહીં હૈ - ઈત્યાદિ ક્રિયાકે અભાવકે પક્ષપાતસે સર્વથા એકાંતી હોતે હૈં. ઈનકે સંક્ષેપસે ચૌરાસી ભેદ હૈં.**' લ્યો! એ બધા મિથ્યાત્વવાદીના ભેદો છે. એને જાણવા જોઈએ અને જાણીને છોડવા જોઈએ.

મુમુક્ષુ :- એટલા બધા જાણવા કે દિ' બેસે?

ઉત્તર :- ટૂંકામાં સમજાય કે નહિ કે કોણ છે ક્રિયાવાદી, અક્રિયાવાદી. એમ છે. ઘણા પ્રકારના ઊંધા લાકડા ગરી ગયા છે તો એટલું સામે (સમજવું જોઈએ). સમજણ વિના

ઊંધા (લાકડા નીકળે નહિ). જેને નથી ગર્યા ઘણા એને થોડામાં સમજાય જાય બધું. ઘણાં લાકડા ગરી ગયા હોય એને તો ઘણાં પ્રકારની સામે સમજણ વિના એ બધી વિપરીતતા જાય નહિ.

**'કઈ અજ્ઞાનવાદી હૈં,...'** કાંઈ આમાં સૂઝ પડતી નથી. આમાં કાંઈ એના ચૌર્યાસી ભેદ છે. **'ઈનમેં કઈ તો સર્વજ્ઞકા અભાવ માનતે હૈં,...'** અજ્ઞાની (કહે છે), સર્વજ્ઞ હોય નહિ. એક સમયમાં ત્રણકાળ ત્રણલોક જાણે એવું સર્વજ્ઞપણું હોય નહિ એમ માને છે. **'કઈ કહતે હૈં જીવ અસ્તિ હૈ...'** કોઈ કહે કે જીવ છે, કોઈ કહે કે નથી. **'યહ કૌન જાને?'** એમ પાછું. જીવ છે એમ કોણ જાણે? કોઈ કહે કે જીવ નથી એમ કોણ જાણે? અજ્ઞાનવાદી મૂંઢ-મૂંઢ. કાંઈ ખબર પડતી નથી. જીવ છે કે નહિ એ કોણ જાણે છે? છે કે નથી એ કોણ જાણે?

**'કઈ કહતે હૈં જીવ નિત્ય હૈ યહ કૌન જાને? કઈ કહતે હૈં જીવ અનિત્ય હૈ યહ કૌન જાને? ઈત્યાદિ સંશય-વિપર્યય-અનધ્યવસાયરૂપ હોકર વિવાદ કરતે હૈં.'** લ્યો! સંશયનું એમાં નાખ્યું. અક્રિયવાદી સંશય મિથ્યાત્વાદિ શ્વેતાંબરને.. ટીકામાં. આ સંશય પણ એને અક્રિયાવાદીમાં નાખ્યા. એમ. સંશય પણ અક્રિયાવાદીમાં નાખ્યા અને અહીં નાખ્યા અજ્ઞાનમાં. આ સંશય. ઓલામાં .. સંસ્કૃત ટીકા. અહીયાં અહીં નાખ્યું. **'ઈનકે સંક્ષેપસે સડસઠ ભેદ હૈં.'** **'કઈ વિનયવાદી હૈ, ઉનમેં સે કઈ કહતે હૈં કિ દેવાદિકકે વિનયસે સિદ્ધિ હૈ,...'** લ્યો! પ્રણામ-પ્રણામ. બધાને પગે લાગો આપણે. **'દેવાદિકકે વિનયસે સિદ્ધિ હૈ,...'** લો, એ વિનય. દેવ, ગુરુ...

મુમુક્ષુ :- વિનય તે ધર્મ.

ઉત્તર :- વિનય તે ધર્મ અને વિનય તો મોક્ષનો માર્ગ છે એમ એકાંતે માને છે. પરનો વિનય અને એમાંથી ધર્મ માને છે એ એકાંત છે. એ વિનયવાદી છે. સમજાણું? દેવ, ગુરુના વિનયથી સિદ્ધિ છે. છે ને? માને છે. આપણે તો ગુરુને પકડવા. બસ, એ આપણને તારી દેશે.

મુમુક્ષુ :- ઢિંગ ધણીને ધાર્યા પછી...

ઉત્તર :- હા. **'ઢિંગ ધણી માથે કિયો, કોણ ગંજે નર ખેત..'** એ તો પોતે પોતાનો સ્વભાવ પૂર્ણ એ ઢિંગ ધણી છે. પર ઢિંગ ધણી એ તો વ્યવહારની વાત છે. પરમેશ્વર તો પરદ્રવ્ય છે. ગુરુ પરદ્રવ્ય છે. એના વિનયથી મુક્તિ થાય એમ ત્રણકાળમાં છે નહિ. ભારે વાત. છે ત્યાં 'ફતેહપુર'માં એ માર્ગ છે. પાટીદાર... આવો મોટો મહોત્સવ થયો, માણસો જાય છે. 'જામનગર'માં પણ પ્રણામ મંદિર છે. બધાને પગે લાગે. જય નારાયણ. ગધેડાને, કૂતરાને જે હોય એને જય નારાયણ.

દેવ, ગુરુનો વિનય. **'કંઈ કહતે હૈં ગુરુકે વિનયસે સિદ્ધિ હૈ,...'** લ્યો! આપણે તો ગુરુને રિઝવવા. ગુરુનો વિનય કરીએ તો આપણી મુક્તિ થઈ જાય. ધૂન લગાવવી ધૂન.

મુમુક્ષુ :- ધુણી ધખાવવી.

ઉત્તર :- એ તો વ્યવહારની વાતું છે. .. કોની? .. તો આત્માની છે.

અંતર ભગવાનઆત્મા શુદ્ધ આનંદનું ધામ પોતે દૃષ્ટિ આપતા, કર્તા થઈને પોતાનું કલ્યાણ થાય છે. એમાં પરવસ્તુ નિમિત્ત કહેવામાં આવે. નિમિત્તથી, એનાથી સિદ્ધિ થાય ગુરુના વિનયથી. જુઓ! ઓલા અંતેવાસ હતા ને? ધૂન લગાવવી ધૂન. એવી ધૂન લગાવવી ગુરુને નામે, ભૂલી જવું પોતે. એ ભૂલી જવું તો થઈ રહ્યું, શું રહ્યું? એ તો ભૂલેલો છે. એકાંત ગુરુનો વિનય, એકાંત પુસ્તકનો વિનય, એકાંત પ્રતિમાનો વિનય, એકાંત વિનય. એક જ વિનયથી મુક્તિ માને એ મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! સમજાણું કાંઈ? લ્યો!

'**કઈ કહતે હૈં માતા કે વિનયસે સિદ્ધિ હૈ,...**' લ્યો! એ માતા-જનેતા કહેવાય. એણે સવા નવ મહિના પેટમાં રાખ્યો એનો ઉપકાર. એનો વિનય કર્યે મૂક્તિ થાય. લ્યો! નથી આવતું? અન્યમતિમાં? મા-બાપ આંધળા હતા અને પછી..

મુમુક્ષુ :- શ્રવણ.

ઉત્તર :- શ્રવણ. કાવડ-કાવડ. કાવડ ઉપર આંધળા મા-બાપ (બેસાડ્યા). એકમાં મા ને એકમાં બાપ. પોતે ફેરવે, જાત્રા કરાવે, રાંધે, ખવરાવે, પીવરાવે બધું. મા-બાપની સેવા કરે. એમાં વળી મા-બાપની સેવા એ પણ એક ધર્મ છે એમ માને. એનાથી મુક્તિ થાય.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો બધી ધર્મ એટલે નામ ... ધર્મનું. કુળધર્મ. એ તો નામની વાતું છે. સેવા, ન આણે કહ્યું? ભગવાનને ગૌતમસ્વામીએ પૂછ્યું. આમાં આવ્યું છે. ... 'આગ્રા'ના અમર મુનિ છે. એ એમ કહે છે કે જુઓ! ભગવાનને ગૌતમે પૂછ્યું, મહારાજ! આપની સેવાથી લાભ કે આ લુલા, પાંગળા, આંધળા એની સેવાથી લાભ? ભગવાને કહ્યું કે મારી આજ્ઞા એવી છે કે મારા કરતાં એની સેવાથી લાભ (થશે).

મુમુક્ષુ :- મારા કરતા...

ઉત્તર :- એ તો કહ્યું ને? અમારા કરતા એની સેવા વિશેષ. એની સેવા એ ધર્મ છે. એ વળી ટુકડો પણ મૂક્યો છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ગૌતમ સ્વામી પૂછે તો બધું પૂછે ને? પૂછનાર શું કરવા ન પૂછે? એ તો ઠીક પણ ભગવાને આવો જવાબ આપ્યો પાછો. બધી વાતું ગપેગપ. સંપ્રદાયના થાંભલા લાગે મોટા.

'**કઈ કહતે હૈં કિ માતા કે વિનય સે સિદ્ધિ હૈ કઈ કહતે હૈં કિ પિતા કે વિનયસે સિદ્ધિ હૈ,...**' લ્યો. બાપનો વિનય વધારે જોઈએ. '**કઈ કહતે હૈં કિ રાજાકે વિનયસે સિદ્ધિ હૈ,...**' રાજા મોટો ઈશ્વરનો અંશ કહેવાય. એનો વિનય કરે તો લાભ થાય. ઈશ્વરનો અંશ છે. ધૂળેય નથી. '**કઈ કહતે હૈં કિ સબકે વિનયસે સિદ્ધિ હૈ,...**' લ્યો! બધાનો વિનય, કૂતરાનો.

**'ઈત્યાદિ વિવાદ કરતે હૈં. ઈનકે સંક્ષેપસે બત્તીસ ભેદ હૈં.'** વિનયના.

**'ઈસપ્રકાર સર્વથા એકાન્તિયોંકે તીનસૌ ત્રેસઠ ભેદ સંક્ષેપસે હૈં, વિસ્તાર કરને પર બહુત હો જાતે હૈં, ઈનમેં કઈ ઈશ્વરવાદી હૈં,...'** લ્યો! કોઈ ઈશ્વરને માનનારા છે. આ 'ગોમ્મટસાર'માં (છે). **'કઈ કાલવાદી હૈં,...'** કાળે થવું હોય તે થશે. એકાંત કાળે માનનારા. **'કઈ સ્વભાવવાદી હૈ,...'** એકાંત સ્વભાવને જ માનનારા. કાળ અને પુરુષાર્થ જેવું કાંઈ નહિ માનનારા. **'કઈ વિનયવાદી હૈં,...'** અભાવવાદી છે. અભાવ-અભાવ. **'કઈ આત્મવાદી હૈં.'** આત્માના ભાવ એ આત્મવાદી છે. **'ઈનકા સ્વરૂપ ગોમ્મટસારાદિ ગ્રંથોસે જાનના, ઐસે મિથ્યાત્વકે ભેદ હૈં.'** આ બધા પ્રકાર છે જગતમાં આવી માન્યતાવાળા.

---

आगे कहते हैं कि अभव्यजीव अपनी प्रकृतिको नहीं छोड़ता है, उसका मिथ्यात्व नहीं मिटता है :–

**ण मुयइ पयडि अभ्वो सुट्ठु वि आयण्णिऊण जिणधम्मं।**
**गुडदुब्धं पि पिबंता ण पण्णया णिव्विसा होंति।।१३८।।**

न मुंचति प्रकृतिमभव्यः सुष्ठु अपि आकर्ण्य जिनधर्मम्।
गुडदुग्धमपि पिबंतः न पन्नगाः निर्विषाः भवंति।।१३८।।

**સુરીતે સુણી જિનધર્મ પણ પ્રકૃતિ અભવ્ય નહીં તજે,**
**સાકરસહિત ક્ષીરપાનથી પણ સર્પ નહિ નિર્વિષ બને. ૧૩૮.**

अर्थ :– अभव्यजीव भलेप्रकार जिनधर्मको सुनकर भी अपनी प्रकृतिको नहीं छोड़ता है। यहाँ दृष्टांत है कि सर्प गुड़सहित दूधको पीते रहने पर भी विषरहित नहीं होता है।

भावार्थ :– जो कारण पाकर भी नहीं छूटता है उसे 'प्रकृति' या 'स्वभाव' कहते हैं। अभव्यका यह स्वभाव है कि जिसमें अनेकान्त तत्त्वस्वरूप है ऐसा वीतराग–विज्ञानस्वरूप जिनधर्म मिथ्यात्वको मिटानेवाला है, उसका भलेप्रकार स्वरूप सुनकर भी जिसका मिथ्यात्वस्वरूप भाव नहीं बदलता है यह वस्तुका स्वरूप है, किसीका नहीं किया हुआ है। यहाँ, उपदेश–अपेक्षा इसप्रकार जानना कि जो अभव्यरूप प्रकृति तो सर्वज्ञगम्य है, तो भी अभव्यकी प्रकृतिके समान अपनी प्रकृति न रखना, मिथ्यात्वको छोड़ना यह उपदेश है।।१३८।।

## ગાથા-૧૩૮ ઉપર પ્રવચન

**'આગે કહતે હૈં કિ અભવ્યજીવ અપની પ્રકૃતિકો નહીં છોડતા હૈ, ઉસકા મિથ્યાત્વ નહીં મિટતા હૈ :-'** લ્યો!

**ण मुयइ पयडि अभ्वो सुट्ठु वि आयण्णिऊण जिणधम्मं।**

**गुडदुब्धं पि पिबंता ण पण्णया णिव्विसा होंति।।१३८।।**

**અર્થ :- 'અભવ્યજીવ...'** થાય છે. અરે..! કોરડું મગ જેવા. લાખ મણ પાણીમાં બાફે પણ બફાય નહિ. કોરડું મગ, મઠ જેવા જીવ થાય. અભવિ બહુ થોડા હોય. **'અભવ્યજીવ ભલેપ્રકાર જિનધર્મકો સુનકર ભી...'** એમ. **'सुट्ठु वि आयण्णिऊण'** એમ છે. **'सुष्ठु अपि आकर्ण्य'** આમ સાંભળીને. એમ. **'અપની પ્રકૃતિકો નહીં છોડતા હૈ.'** આહાહા..! રાગ ને પુણ્યની ક્રિયા એ ધર્મ, એવી જે માન્યતા અભવિની. એને લાખ ઉપદેશ આપે તોપણ એ પોતાનો સ્વભાવ છોડતા નથી. શું એવું તે કાંઈ હોય? ટેકો જોવે કે નહિ? ટેકા વિના થાતા હશે? સાધન વિના સાધ્ય થાય? એમ માનનારા અભવિ. 'યહાં દૃષ્ટાંત હૈ કિ સર્પ ગુડસહિત દૂધકો પીતે રહને પર ભી વિષરહિત નહીં હોતા હૈ.' એ સાકરવાળું દૂધ પીવે પણ સર્પના મોઢામાં ઝેર છે એ કાંઈ અમૃત થાય નહિ. દૂધ ઝેર થઈ જાય. સર્પ એ ગુડ સહિત દૂધ. ગુડ એટલે સાકર. '**વિષરહિત નહીં હોતા હૈ.**' ઝેર... ઝેર... ઝેર... આહાહા..!

**ભાવાર્થ :- 'જો કારણ પાકર ભી નહીં છૂટતા હૈ ઉસે પ્રકૃતિયા સ્વભાવ કહતે હૈં.'** એમ કહે છે. કારણ મળે સાંભળવાના, સમજવાના છતાં પ્રકૃતિ ન છોડે એને પ્રકૃતિનો સ્વભાવ કહીએ, એમ કહે છે. **'અભવ્યકા યહ સ્વભાવ હૈ કિ જિસમેં અનેકાંત તત્ત્વસ્વરૂપ હૈ ઐસા વીતરાગ-વિજ્ઞાનસ્વરૂપ જિનધર્મ મિથ્યાત્વકો મિટાનેવાલા હૈ,...'** વીતરાગ સ્વભાવ. વસ્તુનો સ્વભાવ વીતરાગ, અનાકુળ આનંદસ્વભાવ. વીતરાગ કહો કે દોષરહિત કહો. એવો સ્વભાવ એમાં રાગાદિ નથી, પરવસ્તુ નથી, પરથી એમાં લાભ થતો નથી. એવા વીતરાગ વિજ્ઞાનસ્વરૂપ. લ્યો! વીતરાગ વિજ્ઞાનસ્વરૂપ આવ્યું. વીતરાગ-વિજ્ઞાન નામ આપ્યું છે ને? જયપુર. પાઠમાળા. વીતરાગ વિજ્ઞાન. એવું વીતરાગ-વિજ્ઞાન સ્વરૂપ એમ કહે છે. કેવું છે જ્ઞાન પોતાનું? કે વીતરાગ વિજ્ઞાનસ્વરૂપ છે. એવો જ વીતરાગ ભગવાને ઉપદેશ કર્યો કે તારું વીતરાગ જ્ઞાનસ્વરૂપ (છે) એની દૃષ્ટિ કર, જ્ઞાન કર, રમણતા કર એ મોક્ષનો માર્ગ છે. એવું સાંભળવા છતાં વીતરાગભાવ તરફ એની દૃષ્ટિ જતી નથી. વીતરાગી વિજ્ઞાનસ્વરૂપ આત્મા. સમજાણું કાંઈ?

વિકલ્પ છે એનાથી જુદું જ્ઞાન છે. વીતરાગી વિજ્ઞાન છે, એ રાગવાળું જ્ઞાન નથી. આત્મા તો વીતરાગી વિજ્ઞાનનો પિંડ છે. એવો ભગવાને ઉપદેશ કર્યો. વીતરાગ વિજ્ઞાન એ તારી જાત છે. એને અનુભવ, એને વેદ, એને પકડ. એવું મિથ્યાત્વ મેટવાવાળો ભગવાનનો ધર્મ છે.

'**ઉસકા ભલેપ્રકાર સ્વરૂપ સુનકર ભી...**' એમ. સાંભળવા મળે, વાંચે, આમ કહે છે, શાસ્ત્ર આમ કહે છે, ભગવાન આમ કહે છે. '**જિસકા મિથ્યાત્વસ્વરૂપ ભાવ નહીં બદલતા હૈ. યહ વસ્તુકા સ્વરૂપ હૈ, કિસીકા નહીં કિયા હુઆ હૈ.**' એ પણ અભવિનો પ્રકૃતિનો સ્વભાવ છે. એ કોઈએ કર્યો નથી.

'**યહાં, ઉપદેશ-અપેક્ષા ઈસપ્રકાર જાનના કિ જો અભવ્યરૂપ પ્રકૃતિ તો સર્વજ્ઞગમ્ય હૈ, તો ભી અભવ્યકી પ્રકૃતિકે સમાન અપની પ્રકૃતિ ન રખના,...**' એમ કહેવું છે. આ તો દૃષ્ટાંત આપ્યું. અભવ્ય વીતરાગભાવને અડવા દેતો નથી. કાંઈક કાંઈક લાકડુ અંદર રાખે. કંઈક રાગ જોઈએ, વિકલ્પ જોઈએ, વ્યવહાર જોઈએ. એના વિના નિશ્ચય થાય નહિ. એવી જેની પ્રકૃતિ છે એ બદલાવતો નથી. અભવિ સરખા છે. એમ કહે છે. સમજાણું કાંઈ? '**અભવ્યકી પ્રકૃતિકે સમાન અપની પ્રકૃતિ ન રખના,...**' એમ. બંધ અધિકારમાં આવે છે ને જ્ઞાનને શ્રદ્ધતો નથી. અભવિ મોક્ષને શ્રદ્ધતો નથી. કેમ? કે આત્મજ્ઞાનમય મોક્ષ છે. એકલું જ્ઞાનસ્વરૂપ જ ત્યાં તો રહે છે. અત્યારે પણ એ આત્મજ્ઞાનમય એકલો આત્મા તો જ્ઞાનમય જ છે એકલો. એને શ્રદ્ધતો નથી. એને આ અભૂતાર્થ ધર્મ-વિકલ્પ જે રાગ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિ ભાવ એ જૂઠો ધર્મ, એને એ શ્રદ્ધે છે. બંધ અધિકારમાં આવે છે. ઊંડે ઊંડે અંદરથી વીતરાગ વિજ્ઞાનઘન સ્વરૂપ, અનાદિઅનંત આનંદકંદ એવું ચૈતન્યતત્ત્વ, એવા અભવિ સરખા જીવને બેસતી નથી એમ કહે છે. કાંઈક જોઈએ.. કાંઈક જોઈએ, રાગ જોઈએ, વિકલ્પ જોઈએ. એ હોય તો એ વીતરાગપણાનું ભાન થાય. કાંઈક ક્રિયા તો જોઈએ કે નહિ? કે ક્રિયા વિના પાધરું થઈ જતું હશે? એમ કહે છે ઈ. એવા માનનારા અભવિ પ્રકૃતિ જેવા છે, કહે છે. આહાહા..!

એકલો જ્ઞાનસ્વભાવ આત્મા. ત્યાં એમ કહ્યું. મોક્ષને શ્રદ્ધતો નથી. આત્મજ્ઞાન ... આખું જ્ઞાનમય એવું તત્ત્વ એને જાણતો નથી. રાગ, વિકલ્પ વ્યવહાર. કંઈપણ સહારો રાગનો હોય તો જ આત્મા પમાય. એવો પક્ષ અભવિ સરખા જીવને જાતો નથી. આહાહા..! સમજાણું કાંઈ? સર્વજ્ઞ જેમ છે એ તો કહીએ છીએ. '**તો ભી અભવ્યકી પ્રકૃતિકે સમાન અપની પ્રકૃતિ ન રખના, મિથ્યાત્વકો છોડના યહ ઉપદેશ હૈ.**' ભગવાન ચૈતન્યમૂર્તિ રાગની ક્રિયાથી પાર છે. એને રાગની ક્રિયા વડે આત્મા, સમકિત પમાય એવું છે નહિ. સૂક્ષ્મ શલ્ય એને રહી જાય અંદરથી. ઊંડે ઊંડે.

આવ્યું ને 'પુરુષાર્થસિદ્ધિ ઉપાય'માં? વ્યવહારને પક્ષવાળાને એકલો વ્યવહાર માને એ ઉપદેશને લાયક નથી એમ આવ્યું ને? નિશ્ચયનો પક્ષ માનનારા ઉપદેશને લાયક નથી એમ નથી આવ્યું આમાં. એ તો ખરો પક્ષ છે. લ્યો, એમાં આવ્યું. જોયું! 'પુરુષાર્થસિદ્ધિ ઉપાય'. ... વ્યવહારને માનનારા એકલા એ તો ઉપદેશને લાયક નથી. એકલો વ્યવહાર જ માને કે આ જ હોય... આ જ હોય.. આ જ હોય.. એનાથી થાય. એ દેશનાને લાયક નથી એમ નથી કહ્યું, જુઓ! નિશ્ચયના પક્ષવાળાને દેશના લાયક નથી એમ નથી કહ્યું. એને તો સત્યનો પક્ષ

છે. અખંડ અભેદ રાગથી વિનાનો આત્મા, એનું વેદન આનંદનું. ક્યાંય આનંદ ન મળે. રાગમાં આનંદ ન મળે. દયા, દાન, વ્રત, તીર્થંકરગોત્ર બાંધે જે ભાવે એમાં આનંદ ન મળે. એનાથી બાહ્ય અભ્યુદય મળે, બાહ્ય સંયોગ. પણ સ્વભાવ પ્રાપ્તિ એનાથી ન થાય. એવો નિરાલંબી નિરપક્ષ રાગથી વિનાનો, એવા આત્માને સાંભળીને પણ અભવી જેવા પ્રકૃતિવાળા પોતાની પ્રકૃતિ સ્વભાવને છોડતા નથી.

ત્યાં એવો દાખલો આપ્યો હતો, 'સમયસાર' બંધ અધિકારમાં. ત્યાં અભવિ, 'પ્રવચનસાર'માં પણ અભવિ. અભવિ ઠરતા નથી એમ આવે છે ને? સુખ છે આત્મામાં આનંદ, મોક્ષમાં એકલો આનંદ છે એ અભવિ માનતા નથી. દાખલામાં કેવો અભવિ આપ્યો. જેને ત્રણે કાળે મુક્તિ ન હોય એવો કડક દાખલો આપ્યો છે.

---

आगे इसी अर्थको दृढ़ करते हैं :–

**मिच्छत्तछण्णदिट्ठी दुद्धीए दुम्मएहिं दोसेहिं।**
**धम्मं जिणपण्णत्तं अभव्यजीवो ण रोचेदि।।१३९।।**

मिथ्यात्वछन्नदृष्टिः दुर्धिया दुर्मतैः दोषैः।
धर्मं जिनप्रज्ञप्तं अभव्यजीवः न रोचयति।।१३९।।

**દુર્બુદ્ધિ-દુર્મતદોષથી, મિથ્યાત્વ આવૃતદગ રહે,**
**આત્મા અભવ્ય જિનેન્દ્રજ્ઞાપિત ધર્મની રુચિ નવ કરે. ૧૩૯.**

**अर्थ :– दुर्मत जो सर्वथा एकान्त मत, उनसे प्ररूपित अन्यमत, वे ही हुए दोष उनके द्वारा अपनी दुर्बुद्धिसे (मिथ्यात्वसे) आच्छादित है बुद्धि जिसकी, ऐसा अभव्यजीव है उसे जिनप्रणीत धर्म नहीं रुचता है, वह उसकी श्रद्धा नहीं करता है, उसमें रुचि नहीं करता है।**

**भावार्थ :– मिथ्यात्वके उपदेशसे अपनी दुर्बुद्धिद्वारा जिसके मिथ्यादृष्टि है उसको जिनधर्म नहीं रुचता है, तब ज्ञात होता है कि ये अभव्यजीवके भाव हैं। यथार्थ अभव्यजीवको तो सर्वज्ञ जानते हैं, परन्तु ये अभव्य जीवके चिह्न हैं, इनसे परीक्षा द्वारा जाना जाता है।।१३९।।**

---

## ગાથા-૧૩૯ ઉપર પ્રવચન

૧૩૯. **'આગે ઈસી અર્થકો દૃઢ કરતે હૈં :-'**

**मिच्छत्तछण्णदिट्ठी दुद्धीए दुम्मएहिं दोसेहिं।**

**धम्मं जिणपण्णत्तं अभव्यजीवो ण रोचेदि।।१३९।।**

નાલાયક જીવ, જિન પરિણતિ ધર્મ વીતરાગ અમૃતનો સાગર એવો ભગવાને કહેલો ધર્મ, અમૃતમય પ્રભુ, એને રાગના ઝેરની બિલકુલ અપેક્ષા નથી. એવો જે ધર્મ વ્યવહારની અપેક્ષા નિશ્ચયને નથી. આહાહા..! એક બાજુ કહ્યું ને કે નિશ્ચયમાં વ્યવહારનું લક્ષ ન હોય તો મિથ્યાદૃષ્ટિ છે. એમ કહ્યું નથી? એક જ નય માને અને નિશ્ચય અને વ્યવહાર ન માને તો મિથ્યાદૃષ્ટિ છે, એમ કહ્યું છે. કહ્યું છે કે નહિ? વ્યવહાર છે એટલી વાત જાણે. પણ એનાથી લાભ થાય છે અને એનાથી પમાય છે એમ નહિ. એટલી વાત છે એમાં. ... આવે છે ને એ? વ્યવહારને છોડીશ નહિ. એટલે કે વ્યવહાર છે એમ માન તું. વ્યવહાર છોડીશ તો પર્યાય નથી એમ માન્યું. પર્યાય નથી એમ નહિ. છે. પણ પર્યાયથી દ્રવ્યને લાભ થાય, દૃષ્ટિથી, આશ્રયથી, એમ નથી. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- દોનો કો મત છોડો.

ઉત્તર :- દોનો કો મત છોડો એનો અર્થ શું? કે પર્યાય, ભેદ, ગુણસ્થાન છે. એને નથી ના પાડીશ તો તીર્થ નહિ રહે. તીર્થ નહિ રહે એટલે? ગુણસ્થાનના ભેદ આદિ ચૌદ, પાંચમું, છઠ્ઠું નહિ રહે. એમ. નિશ્ચયને છોડી દઈશ તો આખું તત્ત્વ તો એ જ છે. એને આશ્રયે, તત્ત્વને આશ્રયે તો ધર્મ પ્રગટ થાય છે. એનો આશ્રય છોડી દઈશ તો ધર્મ રહે નહિ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, એ વ્યવહાર તીર્થ અને તીર્થનું ફળ છે વ્યવહાર બધો. સિદ્ધ જ પર્યાય છે, મોક્ષમાર્ગ પર્યાય છે. વ્યવહાર છે. વ્યવહાર છે નહિ? છે. એને છોડી દઈશ તો તીર્થ અને તીર્થના ફળનો નાશ થશે. મોક્ષનો માર્ગ પણ વ્યવહાર છે. એનું ફળ સિદ્ધ પણ વ્યવહાર છે. છે એટલી વાત. સમજાણું કાંઈ? ઘણીવાર એ ચર્ચા તો આવી ગઈ છે, ભાઈ!

**'જિનપ્રણીત ધર્મ નહીં રુચતા હૈ,...'** વીતરાગની વાણી વીતરાગને પોષનારી. વીતરાગની વાણી એ વીતરાગને પોષનારી, વીતરાગની વાણી એ રાગને પોષનારી નહિ. જણાવનારી હોય. તો જણાવનારી જુદી વાત છે. જિનવચનનો અર્થ શું? વીતરાગ વચન છે આ તો. એનો અર્થ કે વીતરાગભાવને પોષનારી છે. બહારની વાત... ક્રિયા નથી, તમારે તો ક્રિયા નથી એમ કહે, લ્યો! 'દિલ્હી'વાળી બાઈ કહે છે ને? ભાઈ! 'મગનભાઈ'! આ 'મગનલાલજી' કહેતા હતા. એ બાઈ 'દિલ્હી'માં છે એ કહે, તમારે ક્રિયા નહિ. કઈ ક્રિયા? બધી માનેલી આ. આહાહા..! ક્રિયા વિનાનો તો જીવ હોય નહિ, શુદ્ધ પરિણતિ વિનાનો

જીવ જ ન હોય. પણ આ તો રાગની ક્રિયા હોય અને વ્યવહાર હોય એ ચારિત્ર કહેવાય. એ સંયમ, ચારિત્ર, ત્યાગી કહેવાય. આહાહા..!

કહે છે, '**જિનપ્રણીત ધર્મ...**' એ વીતરાગ સ્વભાવ એને ન રુચે. રાગની ક્રિયાની પ્રવૃત્તિમાં વિસ્તાર થઈ ગયેલા, વિસ્તાર પામેલા, એને એનાથી રહિત ચૈતન્યની ક્રિયા રાગથી રહિત છે એ એને ન રુચે. '**ઉસકી શ્રદ્ધા નહીં કરતા હૈ, ઉસમેં રુચિ નહીં કરતા હૈ.**' લ્યો! બહુ ટૂંકી વાત છે. જ્ઞાનાનંદસ્વરૂપ, શુદ્ધ વીતરાગ સ્વરૂપ, એને એ રુચતું નથી. કોઈપણ રીતે રાગનું પોષક વાણી અને રાગના પોષકવાળા શાસ્ત્ર હોય તો એને ઠીક પડે છે. જિનવાણીમાં પણ હસ્તાવલંબ જાણીને વ્યવહારનો ઉપદેશ ઘણો કર્યો છે. ન આવ્યું? અગિયારમી ગાથા. જિનવાણીમાં આ છે. લ્યો! આ જિનવાણી છે. ભાઈ! જિનવાણી છે એ તો નિમિત્તના કથન છે. સાંભળને! એનું ફળ તો સંસાર કહ્યો છે. ભારે આકરું કામ. જિનવાણીમાં કહ્યા એના ફળ સંસાર! જિનવાણીમાં વ્યવહાર કહ્યો છે એ તો. પંચમહાવ્રત ને એ બધો વ્યવહાર કહ્યો છે જિનવાણીમાં. વ્યવહાર, એનું ફળ તો સંસાર છે. આહાહા..! પંચમહાવ્રત અને અઠ્યાવીસ મૂળગુણ એનું ફળ તો સંસાર છે. હવે એને મોક્ષનું કારણ અને મોક્ષ માને.

તો પછી કેવો છે અભવિ જીવ? '**દુર્મત જો સર્વથા એકાંત મત, ઉનસે પ્રરૂપિત અન્યમત, વે હી હુએ દોષ...**' એકાંત માનનારા. ઓલા કહે, પણ નિશ્ચય માને વ્યવહાર વિના તો એકાંત નથી? પણ એ એકાંત સમ્યક્ એકાંત છે. સમજાણું કાંઈ? ઓલું મિથ્યા એકાંત છે. વ્યવહારથી નિશ્ચયને લાભ થાય એ મિથ્યા એકાંત છે. વ્યવહારની અપેક્ષા વિના આત્માની અપેક્ષાથી ધર્મ થાય એ નિશ્ચય સમ્યક્ એકાંત છે. આહાહા..! અટક્યું છે તો કાંઈક સૂક્ષ્મ હશે ત્યારે અટક્યું હશે ને અનંતકાળથી. શાસ્ત્રના ભણતર કર્યા, ક્રિયાઓ કરી, ઊંડે-ઊંડે સ્વભાવ ચૈતન્યજ્યોત અક્રિય રાગથી ભિન્ન, તેનો પક્ષ એને ન બેઠો. બહારના વ્યવહારનો પક્ષ બેઠો. એ અભવિ દુર્મત છે. સર્વથા એકાંતી. તેના કહેલાં અન્યમત એ દોષ. લ્યો! '**दुद्धीए**' દુર્મતિ અને દોષ એમ કહ્યું. ...

'**ઉનકે દ્વારા અપની દુર્બુદ્ધિસે (મિથ્યાત્વસે) આચ્છાદિત હૈ...**' એટલે કોઈ કર્મને કારણે આ મિથ્યાભ્રાંતિ કરે છે એમ નથી. એમ કહે છે. કર્મને કારણે એની આવી બુદ્ધિ બગડી એમ નથી. ઊંધી દૃષ્ટિને લઈને એની મતિ બગડી છે. જુઓને! પાઠ લીધો છે. '**दुद्धीए दुम्मएहिं दोसेहिं। धम्मं जिणपण्णत्तं अभव्यजीवो ण रोचेदि**' ઓહોહો..! ક્યાંક એનો રસ લુંટાય છે બીજે. ચૈતન્યરસના આનંદરસની એને રુચિ નથી. ઊંડે ઊંડે ક્યાંક બહારમાં શુભભાવની ક્રિયામાં, એના ફળમાં પણ પ્રેમ અંદર ઊંડો રહી જાય છે. એ એના દોષને કારણે, એમ કહે છે. દુર્બુદ્ધિ. '**दुद्धीए**' દુર્બુધ્ધિ કરી, દુર્મતને લઈને સર્વથા એકાંત પક્ષ એ અન્યમતો કહે છે. આવા. એ મિથ્યાત્વથી જેની બુદ્ધિ આચ્છાદિત છે. વિપરીત શ્રદ્ધાથી એની બુદ્ધિ ઢંકાઈ ગઈ છે. એકલો ભગવાન પરથી ભિન્ન પૂર્ણ ચૈતન્ય મહાતત્ત્વ એ જ

આત્મા. બીજો રાગ-ફાગ એ ચૈતન્યનું તત્ત્વ નથી અને ચૈતન્યની ક્રિયા પણ નથી. ઓહો..! પંચમહાવ્રતના પરિણામ એ અચેતન છે, જડ છે. પરિણામ, હોં! શરીર, વાણી જડ તો ખરું પણ પરિણામ અચેતન છે. એ અચેતનની પ્રકૃતિ એને રુચિ ગઈ છે. એનાથી ભિન્ન ચૈતન્યસ્વરૂપની રુચિ કરતો નથી. કહો, સમજાણું આમાં? '**દુર્બુદ્ધિસે (મિથ્યાત્વસે) આચ્છાદિત હૈ બુદ્ધિ જિસકી,...**' લ્યો! હિન્દી છે. ઈ અમારે ત્યાં ગુજરાતી થાય છે.

**ભાવાર્થ :– 'મિથ્યાત્વકે ઉપદેશસે...'** મિથ્યાત્વના ઉપદેશ વડે '**અપની દુર્બુદ્ધિ દ્વારા જિસકે...**' જોયું! '**અપની દુર્બુદ્ધિ દ્વારા જિસકે...**' એમાં ઉપદેશ તો ભલે નિમિત્ત છે. પણ પછી '**અપની દુર્બુદ્ધિ દ્વારા જિસકે મિથ્યાદૃષ્ટિ હૈ...**' લ્યો! કર્મને કારણે નહિ, દર્શનમોહને કારણે નહિ.

મુમુક્ષુ :– શાસ્ત્ર ઉપદેઈને કારણે...

ઉત્તર :– ઉપદેઈ નિમિત્ત થયું એ તો. એ તો વાત થઈ.

'**ઉપદેશસે અપની દુર્બુદ્ધિદ્વારા જિસકે...**' પાછા ઉપદેશમાં પોતાની દુર્બુદ્ધિ લગાવી. ઉપદેશ તો મળ્યો. માન્યું એણે. આકરું કામ છે. આહાહા..! આખું ગુલાંટ ખાવું. એકલો સર્વજ્ઞ પિંડ પ્રભુ, સર્વજ્ઞપદ જ એનું છે. રાગપદ નહિ, અલ્પજ્ઞ પદ નહિ. એ તો સર્વજ્ઞપદનું સ્વરૂપ જ એવું છે. સર્વ એટલે બધાને જાણવું એવો એકલો જ્ઞાનસ્વભાવ છે. એ જ્ઞાનસ્વભાવ રાગની ક્રિયા વિનાનો છે. અભવિ જેવી દુર્બુદ્ધિ જીવો પોતાની દુર્મતિ એકાંતમતને લઈને, એકાંત પક્ષને લઈ એ વાત રુચતિ નથી. લ્યો! 'કુંદકુંદાચાર્ય' વાતને કેટલી સ્પષ્ટ કરે છે. ભાવપાહુડમાં જુઓ. એને ઊંધા ભાવનું કારણ છે, કહે છે. બીજું કોઈ કારણ નથી. આ અમને ઉપદેશ એવો મળ્યો માટે અમે આમ માનીએ. 'ભગવાનદાસ' શેઠ વારંવાર કહે છે ને. શું કરીએ અમને મળ્યું એવું એટલે. એય..! શેઠ! ભાઈ કહે છે ઘણીવાર. શું કરીએ અમને ઊંધા ઉપદેશ દેનાર મળ્યા. પણ માન્યું કોણે? એ અહીં કહે છે.

'**ઉપદેશસે અપની દુર્બુદ્ધિ દ્વારા...**' જાણ્યું. '**ઉસકો જિનધર્મ નહીં રુચતા હૈ,...**' આહાહા..! એકલો વીતરાગી માખણનો પિંડ પ્રભુ, એવો વીતરાગ, જેને રાગનો લેપ નથી, રાગની ગંધ નથી. વ્યવહારની જેમાં ગંધ નથી એવું ચૈતન્યતત્ત્વ, વીતરાગીતત્ત્વ અને એને કહેનારો વીતરાગી માર્ગ એ એને રુચતો નથી. પર્યાયબુદ્ધિમાં રાગબુદ્ધિવાળાને સ્વભાવબુદ્ધિ રુચતિ નથી, એમ કહે છે.

'**તબ જ્ઞાત હોતા હૈ કિ યે અભવ્યજીવકે ભાવ હૈં.**' એને સત્ય તત્ત્વ ન સમજાય, ન રુચે ત્યારે જાણવું કે આ અભવિ જેવો જીવ લાગે છે. માળો આહાહા..! '**યથાર્થ અભવ્યજીવકો તો સર્વજ્ઞ જાનતે હૈં, પરંતુ યે અભવ્ય જીવકે ચિહ્ન હૈ, ઇનસે પરીક્ષા દ્વારા જાના જાતા હૈ.**' લ્યો! એ ચિહ્ન છે, કહે છે. ભલે અભવિ જીવ ન હોય પણ અભવિ જેવો હોય. કોઈ લાખ વાત કરે પણ ઈ (માને નહિ). ક્રિયા... ક્રિયા... ક્રિયા. જ્ઞાનસ્વભાવને રાગની ક્રિયામાં ડહોળી નાખવું. નિર્મળ છે એને રાગમાં ડહોળવું અને એ ક્રિયા આત્માને

હિતકારી માનવી, (એ) અભવિ જેવા લક્ષણ છે કહે છે. આહાહા..!

**'અભવ્ય જીવકે ચિહ્न હૈં, ઈનસે પરીક્ષા દ્વારા જાના જાતા હૈ.'** એને એ પરીક્ષા કરીને જાણવું જોઈએ. જુઓ! પરીક્ષા કરીને જાણવું જોઈએ કે આની શ્રદ્ધા શું છે? સામાને માટે નથી. પોતાની શ્રદ્ધામાં એની વિપરીત માન્યતા ન આવી જાય એ માટે એની વિપરીત માન્યતાને ઓળખવી. એ વ્યક્તિને માટે નથી. પોતાને માટે છે.

---

**आगे कहते हैं कि ऐसे मिथ्यात्वके निमित्तसे दुर्गतिका पात्र होता है :–**

**कुच्छियधम्मम्मि रओ कुच्छियपासंडिभत्तिसंजुत्तो।**
**कुच्छियतवं कुणंतो कुच्छियगइभायणो होइ।।१४०।।**

**कुसस्तितधर्मे रतः कुस्तितपाषंडिभक्तिसंयुक्तः।**
**कुस्तिततपः कुर्वन् कुस्तितगतिभाजनं भवति।।१४०।।**

**કુત્સિતધરમ-રત, ભક્તિ જે પાખંડી કુત્સિતની કરે,**
**કુત્સિત કરે તપ, તેહ કુત્સિત ગતિ તણું ભાજન બને. ૧૪૦.**

**अर्थ :– आचार्य कहते हैं कि जो कुस्तित (निंद्य) मिथ्याधर्ममें रत (लीन) है जो पाखण्डी निंद्यभेषियोंकी भक्तिसंयुक्त है, जो निंद्य मिथ्यात्वधर्म पालता है, मिथ्यादृष्टियोंकी भक्ति करता है और मिथ्या अज्ञानतप करता है, वह दुर्गति ही पाता है, इसलिये मिथ्यात्व छोड़ना यह उपदेश है।।१४०।।**

---

## ગાથા-૧૪૦ ઉપર પ્રવચન

**'આગે કહતે હૈં કિ ઐસે મિથ્યાત્વકે નિમિત્તસે દુર્ગતિકા પાત્ર હોતા હૈઃ-'** આહાહા..! વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા, એવું જ આત્માનું વીતરાગ સર્વજ્ઞ સ્વરૂપ જેને નથી રુચતું, એનાથી વિરૂદ્ધ રાગાદિ ભાવ રુચે છે એના ફળ તરીકે તો દુર્ગતિનો પાત્ર છે. આહાહા..! મિથ્યાત્વ જેવો કોઈ રોગ નથી. મિથ્યાત્વ જેવી કોઈ ભ્રાંતિ નથી. આત્મભ્રાંતિ સમ રોગ નહિ. કોઈ ભ્રાંતિ નથી. મિથ્યાત્વ સમાન કોઈ ઝેર નથી. જગતના ઝેર તો શું એકવાર મારે. અને ન પણ મારે પુણ્યનો ઉદય હોય તો. આ તો મહાઝેર મિથ્યાત્વનું. ભવ્યજીવના ભાવના હેતુ 'મિથ્યાત્વકે નિમિત્તસે દુર્ગતિકા પાત્ર હોતા હૈ :-'

**कुच्छियधम्मम्मि रओ कुच्छियपासंडिभत्तिसंजुत्तो।**
**कुच्छियतवं कुणंतो कुच्छियगइभायणो होइ।।१४०।।**

'**कुच्छियत**' ગતિનું ભાજન.

**અર્થ :–** '**આચાર્ય કહતે હૈં કિ જો કુત્સિત (નિંદ્ય) મિથ્યાધર્મમેં રત (લીન) હૈ...**' જે કોઈ વીતરાગમાર્ગના સ્વભાવથી વિરૂદ્ધભાવમાં.. કહો, 'પ્રકાશદાસજી'! બહુ આકરું કામ પણ આ. મહાવ્રતની ક્રિયા એ રાગ, એ ઝેર. '**कुच्छियत**' તપ, '**कुच्छियत**' ક્રિયા. ગજબ વાત છે. જૈન ધર્મ સાંભળવો કઠણ પડે. આહાહા..!

કહે છે '**કુત્સિત (નિંદ્ય) મિથ્યાધર્મમેં રત (લીન) હૈ જો પાખંડી નિંદ્યભેષિયોંકી ભક્તિસંયુક્ત હૈ,...**' લ્યો! પાખંડી નિંદ્ય ભેખી કુલિંગી. એની ભક્તિ સંયુક્ત જે જીવ છે. વળી, '**જો નિંદ્ય મિથ્યાત્વધર્મ પાલતા હૈ,...**' લ્યો! મિથ્યાત્વ ધર્મ ઊંધી શ્રદ્ધા કરે, '**મિથ્યાદષ્ટિયોંકી ભક્તિ કરતા હૈ...**' આહાહા..! ઊંધી શ્રદ્ધાવાળા પ્રત્યક્ષ દેખાય કે આ બધા ક્રિયાકાંડીઓ રાગને ધર્મ માનનારા. આત્માના સ્વભાવની એને ખબર જ નથી. એવાઓની પણ ભક્તિ કરે.

મુમુક્ષુ :– .. કર્મ બંધાય.

ઉત્તર :– મિથ્યાત્વસહિત બંધાય. મોટું મિથ્યાત્વનું પાપ લાકડું મોટું એ છે. એની ભક્તિ કરે એને શુભભાવ હોય છે કે નહિ? એમ કહે છે. પણ એ શુભભાવનો ગણતરો ક્યાં આવ્યો અહીંયાં? મિથ્યાત્વ શ્રદ્ધાનું મોટું પાપ એનું અહીં વર્ણન કરવું છે ને.

'**નિંદ્ય મિથ્યાત્વધર્મ પાલતા હૈ, મિથ્યાદષ્ટિયોંકી ભક્તિ કરતા હૈ ઔર મિથ્યા અજ્ઞાનતપ કરતા હૈ,...**' લ્યો! આહાહા..! અપવાસ ને વર્ષીતપ આ બધા કરે. આહાહા..! બિચારા કેવા ઊભા ઊભા તપ કરે લાખોપતિઓની બાઈ. એને કહે છે કે કુતપ છે. એમ કરીને ૯૦ની સાલમાં. લ્યો! 'રાજકોટ'. ધૂળેય તપ નથી. જ્યાં હજી આત્મા કોણ છે એની શ્રદ્ધાની ખબર નથી અને એ ક્રિયાઓ પણ કંઈક લક્ષે થતી હોય છતાં બહારના કોઈ, પોતાને .. તોપણ એ બધો ભાવ તો શુભ છે, રાગ છે. એવા રાગી અજ્ઞાની તપ કરે. અજ્ઞાનતપ કરે. આ વર્ષીતપ. '**વહ દુર્ગતિ હી પાતા હૈ, ઈસલિયે મિથ્યાત્વ છોડના યહ ઉપદેશ હૈ...**' દુર્ગતિ શબ્દે ચાર ગતિ મળે. એને કાંઈ ધર્મમાં મુક્તિ મળે નહિ. આહાહા..!

મુમુક્ષુ :– ...

ઉત્તર :– દુર્ગતિ જ છે ને? દુર્ગતો. પોતે વર્તમાન દુર્ગતિ છે. '**परदव्वादो दुग्गइ**'.

મુમુક્ષુ :– ચારેય ગતિ દુર્ગતિ?

ઉત્તર :– ચારેય ગતિ દુર્ગતિ જ છે. ૧૬મી ગાથામાં ન આવ્યું? '**सदव्वा हु सुग्गइ होइ परदव्वादो दुग्गइ।**' લ્યો!

ભગવાનઆત્મા વીતરાગની મૂર્તિ ચૈતન્યઘન જ્ઞાનસ્વરૂપ, એનો આશ્રય કરતાં સુગતિ નામ મુક્તિની ધારા વહે અને મુક્તિ મળે. '**परदव्वादो दुग्गइ**' ચાહે તો ત્રણલોકના નાથ તીર્થંકર હો, એને લક્ષે તો રાગ થાય અને રાગથી તો દુર્ગતિ છે. પોતાની સમ્યક્ ગતિ નથી. આહાહા..! માણસને આકરું લાગે. '**મિથ્યાત્વ છોડના યહ ઉપદેશ હૈ.**' લ્યો! દુર્ગતિ છે

દુર્ગતિ. ૧૬મી ગાથામાં આવી ગયું છે, મોક્ષ અધિકાર. આવી ગયું છે. વંચાઈ ગયું છે. હવે પછી એ છે. આમાં.

---

आगे इस ही अर्थको दृढ़ करते हुए कहते हैं कि ऐसे मिथ्यात्वसे मोहित जीव संसारमें भ्रमण करता है :–

**इय मिच्छत्तावासे कुणयकुसत्थेहिं मोहिओ जीवो।**
**भमिओ अणाइकालं संसारे धीर चिंतेहि।।१४१।।**

इति मिथ्यात्वावासे कुनयकुशास्त्रैः मोहितः जीवः।
भ्रमितः अनादिकालं संसारे धीर! चिन्तय।।१४१।।

હે ધીર! ચિંતવ-જીવ આ મોહિત કુનય-દુઃશાસ્ત્રથી,
મિથ્યાત્વઘર સંસારમાં રખડ્યો અનાદિ કાળથી. ૧૪૧.

अर्थ :– इति अर्थात् पूर्वोक्त प्रकार मिथ्यात्वका आवास (स्थान) यह मिथ्यादृष्टियोंका संसारमें कुनय–सर्वथा एकान्त उन सहित कुशास्त्र, उनसे मोहित (बेहोश) हुआ यह जीव अनादिकालसे लगाकर संसारमें भ्रमण कर रहा है, ऐसे हे धीर मुने! तू विचार कर।

भावार्थ :– आचार्य कहते हैं कि पूर्वोक्त तीन सौ त्रेसठ कुवादियोंसे सर्वथा एकांतपक्षरूप कुनयद्वारा रचे हुए शास्त्रोंसे मोहित होकर यह जीव संसारमें अनादिकालसे भ्रमण करता है, सो हे धीर मुनि! अब ऐसे कुवादियोंकी संगति भी मत कर, यह उपदेश है।।१४१।।

---

## ગાથા-૧૪૧ ઉપર પ્રવચન

‘**આગે ઈસ હી અર્થકો દઢ કરતે હુએ કહતે હૈં કિ ઐસે મિથ્યાત્વસે મોહિત જીવ સંસારમેં ભ્રમણ કરતા હૈ :-**’ આહાહા..! વિપરીત માન્યતાની મૂંઝવણમાં ચૈતન્ય હાથ ન આવ્યો. ચૈતન્ય મહારાજ મહાપ્રભુ, એને જાણ્યો નહિ અને આવા મિથ્યાત્વથી જીવ મોહ્યો. સંસારમાં ભમે.

**इय मिच्छत्तावासे कुणयकुसत्थेहिं मोहिओ जीवो।**
**भमिओ अणाइकालं संसारे धीर चिंतेहि।।१४१।।**

**અર્થ :-** ‘**ઈતિ અર્થાત્ પૂર્વોકત પ્રકાર મિથ્યાત્વકા આવાસ (સ્થાન) યહ મિથ્યાદષ્ટિયોંકા સંસારમેં...**’ લ્યો! મિથ્યાત્વના આવા ઠેકાણા એ મિથ્યાદષ્ટિનો સંસાર. એ ‘**કુનય સર્વથા એકાંત ઉન સહિત કુશાસ્ત્ર,...**’ લ્યો! કુશાસ્ત્ર એકાંતે કહેનારા તત્ત્વની દષ્ટિના

ભાન ન મળે. '**ઉન સહિત કુશાસ્ત્ર, ઉનસે મોહિત (બેહોશ) હુઆ...**' બેહોશ થયો, બેહોશ થયો. ચેતના રહી નહી. જાગૃત કોણ છે આત્માના શું છે, એની ચેતના રહી નહિ. બેચેત. અર્થ કરો તો બેચેત થઈ ગયો તો ડબલ ચેત થઈ ગયો.

'**યહ જીવ અનાદિકાલસે લગાકર સંસારમેં ભ્રમણ કર રહા હૈ,...**' આહાહા..! પોતાનું સ્વરૂપ વીતરાગ–રાગની ક્રિયા વિનાનું ચૈતન્યતત્ત્વ, રાગની જેને અપેક્ષા નથી, પોતાનો સ્વભાવ પોતાથી જણાય એવો પ્રત્યક્ષ જ્ઞાતા છે. પોતાનો સ્વભાવ પોતાથી જણાય એવો પ્રત્યક્ષ જ્ઞાતા છે. અલિંગગ્રહણનો છઠ્ઠો બોલ. આપણે ચાલી ગયું છે. ફત્તેહપુર. '**કુનય સર્વથા એકાંત ઉન સહિત કુશાસ્ત્ર, ઉનસે મોહિત (બેહોશ) હુઆ યહ જીવ અનાદિકાલસે લગાકર...**' અનાદિ નિગોદથી લઈને 'ભ્રમણ કર રહા હૈ, ઐસે હે ધીર મુને! તૂ વિચાર કર.' ચિંતવન કર, એમ કહે છે. ધીર... ધીર... ધીર... ધીને ધ્યેયમાં પ્રેરે તે ધીર. ધ્રુવ ભગવાનઆત્મા, બુદ્ધિને એના ઘોલનમાં રાખે એ ધીર. ભારે આકરી વાત. આપણે તો ગુરુને પકડવા. પછી ગુરુ મોક્ષ કરાવી દેશે. લ્યો! હેં! વિમાનમાં જાય તો આપણે પકડી રાખવું. કોણ પકડે? 'હીરાભાઈ' આવતા ને પહેલા એક અહીંયાં? ખોજા 'બાવળા'ના. 'શ્રીમદ્'ના ભગત. આપણે તો બસ ગુરુને પકડવા. હવે એને ચિંતા આપણો મોક્ષ કરવાની. અમારે કાંઈ નહિ. જાવ. આહાહા..! એય..! 'ધનજીભાઈ'! એવા હોય છે જીવ. આહાહા..! ભાઈ! એવો માર્ગ નથી, પ્રભુ!

કહે છે, અરે..! ધીર! ધીરો થા... ધીરો થા... ધીરો થા. મિથ્યાત્વી જીવને અધીર કહ્યો છે, લ્યો! જેમાં પોતાનું ચૈતન્ય ધ્રુવ ધ્યેયમાં–દૃષ્ટિમાં નથી. બુદ્ધિને, ધી નામ બુદ્ધિને ધ્યેયમાં વાળી નથી એને ધીર કહેતા નથી, એને અધીર કહે છે. આહાહા..! કષાયની મંદતા બહારમાં દેખાતી હોય છતાં ધી–બુદ્ધિને પૂર્ણ સ્વરૂપ ભગવાનઆત્મા એમાં ધ્યેય બનાવ્યું નહિ. બુદ્ધિનું ધ્યેય એ છે. એને અહીં ધીર જેવો કહેવામાં આવે છે. બાકી બધા અધીર છે. આહાહા..! શાંત–શાંત (દેખાય) આમ. ચામડા ઉતરડીને ખાર છાંટે તો એની લેશ્યા શુક્લ. શુક્લલેશ્યા. નવમી ગ્રૈવેયકે ગયો તો કહે છે કે ધીર નહિ. અધીર છે, અધીરા. ધીર તો એને કહીએ (કે) પોતાની પૂર્ણ ચીજ ધ્રુવ, તેમાં ધીને–બુદ્ધિને વાળે અને ધ્યેયમાં રહે તેને ધીર કહીએ. આહાહા..! સમજાણું કાંઈ? બાકી દુનિયાના ઉઘાડ અને ક્ષયોપશમ જાણપણાના એ ધીર નહિ એમ કહે છે, લ્યો! અગિયાર અંગના, નવ પૂર્વના ભણતર ભણ્યો. વસ્તુ.. તેથી કહ્યું ને ઉપદેશ પામવા છતાં અભવિ, સર્પ સાકરસહિત દૂધને પીતાં તે ઝેર છોડતો નથી. એમ પ્રકૃતિનું ઝેરપણું એ છોડતો નથી. મિથ્યાત્વકર્મના ઉદયને લઈને એને જોડાવું પડે છે એ છોડતો નથી એમ નથી કહ્યું.

મુમુક્ષુ :– ઈ સમજી લેવું.

ઉત્તર :– કોણ .. એ તો નિમિત્તના કથન આવે ત્યારે એમ હોય. વાસ્તવિક તત્ત્વ હોય તો આ છે. પોતાના સ્વભાવને ભૂલેલો, રાગ ને વિકારની સુખબુદ્ધિમાં લેપાઈ ગયો એ

પોતાને કારણે કહે છે વિપરીતબુદ્ધિ ઊભી થઈ છે. કર્મને કારણે નહિ.

**ભાવાર્થ :-** '**આચાર્ય કહે હૈં કિ પૂર્વોક્ત તીન સૌ ત્રેસઠ કુવાદિયોંસે...**' ત્યાંથી ચાલ્યું આવે છે ને? ૩૬૩ કુવાદિની કરી '**સર્વથા એકાંતપક્ષરૂપ કુનય દ્વારા રચે હુએ શાસ્ત્રોંસે...**' લ્યો! કુનયથી શાસ્ત્ર રચેલા. '**મોહિત હોકર...**' સરળ લાગે, કઠણાઈ એમાં બહુ ન લાગે એથી એમાં વળી ગયો. '**મોહિત હોકર...**' એમ કહે છે. '**યહ જીવ સંસારમેં અનાદિકાલસે ભ્રમણ કરતા હૈ,...**' ચોર્યાસીના અવતારમાં ડોલે છે, રખડતો દુઃખી થાય છે. દુઃખી થઈને ડોલે છે ચાર ગતિમાં. આનંદના ધામને જોયા નહિ. આનંદનું ધામ ભગવાન એની રુચિ કરી નહિ અને રાગના ફળ ને રાગની રુચિ કરતાં ચાર ગતિમાં ભમ્યો, રખડ્યો, રઝળ્યો.

'**હે ધીર મુનિ!**' લ્યો! સંબોધન કર્યું. '**અબ ઐસે કુવાદિયોંકી સંગતિ ભી મત કર,...**' છે? એનો સંગ ન કર. એમાં નથી ખુલાસો. એમાં તો બહુ ટૂંકું લખ્યું છે. ... બહુ લાંબુ નથી. '**ઐસે કુવાદિયોંકી સંગતિ ભી મત કર,...**' શ્રદ્ધા તો નહિ પણ એનો સંગ છોડી દે. ઊંધા લાકડા ખોસી ઘાલશે. આહાહા..! અનંત સંસાર રખડાવી મારશે. એટલે એની સંગતી છોડ. 'યહ ઉપદેશ હૈ.' લ્યો! એ ..નો ઉપદેશ છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**आगे कहते हैं कि–पूर्वोक्त तीन सौ त्रेसठ पाखण्डियोंका मार्ग छोडकर जिनमार्गमें मन लगाओ :–**

**पासंडी तिण्णि सया तिसट्ठि भेया उमग्ग मुत्तूण।**
**रुंभहि मणु जिणमग्गे असप्पलावेण किं बहुणा।।१४२।।**

**पाखण्डिनः त्रीणि शतानि त्रिषष्टिभेदाः उन्मार्गं मुक्त्वा।**
**रुन्द्धि मनः जिनमार्गे असत्प्रलापेन किं बहुना।।१४२।।**

**ઉન્માર્ગને છોડી ત્રિશત-ત્રેસઠપ્રમિત પાખંડીના,**
**જિનમાર્ગમાં મન રોક; બહુ પ્રલપન નિરર્થથી શું ભલા? ૧૪૨.**

**अर्थ :– हे जीव! तीन सौ त्रेसठ पाखण्डियोंके मार्गको छोड़कर जिनमार्गमें अपने मनको रोक (लगा) यह संक्षेप है और निरर्थक प्रलापरूप कहनेसे क्या?**

**भावार्थ :– इसप्रकार मिथ्यात्वका वर्णन किया। आचार्य कहते हैं कि बहुत निरर्थक वचनालापसे क्या? इतना ही संक्षेपसे कहते हैं कि तीनसौ त्रेसठ कुवादि पाखण्डी कहे उनका मार्ग छोड़कर जिनमार्गमें मनको रोको, अन्यत्र न जाने दो। यहाँ इतना और विशेष जानना कि–कालदोषसे इस पंचमकालमें अनेक पक्षपातसे मत–मतांतर हो गये हैं, उनको भी मिथ्या जानकर उनका प्रसंग न करो। सर्वथा एकान्तका पक्षपात छोड़कर अनेकान्तरूप जिनवचनका शरण लो।।१४२।।**

પ્રવચન નં. ૧૫૧, ગાથા–૧૪૨ થી ૧૪૭, ગુરુવાર, માગશર વદ ૫, તા.૧૮–૧૨–૭૦

'અષ્ટપાહુડ' ભાવપાહુડની ૧૪૨-ગાથા.

**'આગે કહતે હૈં કિ-પૂર્વોક્ત તીન સૌ ત્રેસઠ પાખંડિયોકા માર્ગ છોડકર જિનમાર્ગમેં મન લગાઓ :-'**

**पासंडी तिण्णि सया तिसट्ठि भेया उमग्ग मुत्तूण।**

**रुंभहि मणु जिणमग्गे असप्पलावेण किं बहुणा।।१४२।।**

શ્લોક છે હિન્દી.

**અર્થ :- 'હે જીવ! તીન સૌ ત્રેસઠ પાખંડિયોંકે...'** કહ્યા ને માથે બધા ભેદ? **'માર્ગકો છોડકર...'** એનો માર્ગ છોડી દે. એકાંત ક્રિયામાં માનનારા, અક્રિયામાં માનનારા, વિનયમાં માનનારા, અજ્ઞાનમાં માનનારા એ બધા જૈન સંપ્રદાયમાં નામ ધરાવનારા હોય, એવી શ્રદ્ધાવાળા બધાને છોડી દે. **'જિનમાર્ગમેં અપને મનકો રોક (લગા)...'** વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરે જે વીતરાગ સ્વભાવ આત્માનો સિદ્ધ કરીને વીતરાગતા પ્રગટ કરવાનું કહ્યું છે એમાં મનને સ્થાપ. આત્મા વીતરાગ સ્વરૂપ જ છે. એકાંત વીતરાગ સ્વરૂપ છે. એવું જે વીતરાગ સર્વજ્ઞે કહ્યું એવો માર્ગ બીજે છે નહિ. એવા માર્ગમાં મનને સ્થાપ, તારી પરિણતિને ત્યાં વાળ. સ્વભાવ... સ્વભાવ... સ્વભાવ... એવી વાત સર્વજ્ઞ સિવાય ત્રણસો ત્રેસઠ પાખંડમાં નથી.

**'યહ સંક્ષેપ હૈ ઔર નિરર્થક પ્રલાપરૂપ કહનેસે ક્યા?'** ઘણું શું કહીએ? કહે છે. નિરર્થક પ્રલાપ કરીને શું કામ છે? વસ્તુ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ એણે કહી એવી છે, એને જાણીને એમાં ઠર. બીજું શું કહીએ? અન્યમતમાં એકાંતમાં સરળપણે કહ્યું હોય પણ એ બધું છે નહિ. સરળપણું નથી પણ બધું વાંકું ને ઊંધું છે. આહાહા..! ભારે આકરું કામ.

**ભાવાર્થ :- 'ઈસપ્રકાર મિથ્યાત્વકા વર્ણન કિયા.'** ઊલટી શ્રદ્ધાનું મહાપાપ-મહાપાપ. એની ગણતરી દુનિયાને નથી. આ તો હિંસા કરે, જૂઠું (બોલે), બહાર ચોરી, વિષય, ભોગ, કામ, ક્રોધ, લડાઈ આદિ કે આ પાપ? મહાપાપ જે અનંતસંસારની ગાંઠ મિથ્યાત્વ, એના જેવું કોઈ પાપ નહિ. એનું નિરૂપણ કર્યું. **'આચાર્ય કહતે હૈં કિ બહુત નિરર્થક વચનાલાપસે ક્યા?'** ઘણું કહેવાથી શું કહીએ? **'ઈતના હી સંક્ષેપસે કહતે હૈં કિ તીનસૌ ત્રેસઠ કુવાદિ પાખંડી કહે ઉનકા માર્ગ છોડકર જિનમાર્ગમેં મનકો રોકો, અન્યત્ર ન જાને દો.'** વસ્તુ ભગવાને કહી એવો આત્મા, ત્યાં મનને સ્થિર કર. બીજા માર્ગમાંથી મનને પાછું વાળ. બીજે જવા ન દે. ક્યાંક હશે... ક્યાંક હશે.. આ બધા વૈરાગી બાવા થાય છે. સાધુ, બાવા, નાગા જંગલમાં રહે, કંદમુળ ખાય. મહિના-મહિના સુધી કાંઈ આહાર-પાણી લે નહિ એવા.

હશે કાંઈક એમાં. ક્યાંય નથી. વસ્તુ વીતરાગમાર્ગ સિવાય ક્યાંય નથી. એટલે વીતરાગ માર્ગ કોઈ પક્ષ નથી. વસ્તુનો સ્વભાવ છે એ. એવા સ્વભાવ સિવાય ક્યાંય બીજી વાત બીજે છે નહિ.

'**જિનમાર્ગમેં મનકો રોકો, અન્યત્ર ન જાને દો.**' મનને બીજા માર્ગમાં ક્યાંક હશે એમ થવા દે નહિ. '**યહાં ઈતના ઔર વિશેષ જાનના કિ-કાલદોષસે ઈસ પંચમકાલમેં અનેક પક્ષપાતસે મત-મતાંતર હો ગયે હૈં,...**' કાળના દોષથી, નિમિત્તથી વાત કરે છે. અનેક પક્ષપાત કરી પોતાના મત ચલાવ્યા. જૈનમાં પણ ઊંધા અનેક પ્રકારના મત ચલાવ્યા. '**ઉનકો ભી મિથ્યા જાનકર ઉનકા પ્રસંગ ન કરો.**' એનો સંસર્ગ કરવો નહિ, પરિચય કરવો નહિ.

'**સર્વથા એકાંતકા પક્ષપાત છોડકર અનેકાંતરૂપ જિનવચનકા શરણ લો.**' અનેકાંતનો અર્થ એ કે દ્રવ્ય દ્રવ્યરૂપે છે, પરરૂપે નથી. ગુણ ગુણરૂપે છે, બીજા ગુણરૂપે નથી. પર્યાય પર્યાયરૂપે છે, બીજી પર્યાયપણે નથી. રાગ રાગરૂપે છે, એ નિર્મળ પર્યાયરૂપે નથી. એમ જે અનેકાંત વસ્તુની સ્થિતિ એ રીતે છે. સ્વથી અસ્તિ અને પરથી નાસ્તિ. એવું સ્વરૂપ વીતરાગમાં છે. બીજે હોઈ શકતું નથી. કહો, સમજાણું? બહારની ક્રિયાકાંડ દેખીને ભરમાઈશ નહિ, એમ કહે છે. મહિના-મહિનાના અપવાસ ને મોટા સંથારા (કરે), સાધુ બાળબ્રહ્મચારી થઈને ત્યાગી થાય માટે એમાં કાંઈક હશે એમ મનને જવા ન દેવું, એમ કહે છે. સમજાણું કાંઈ? ક્યાંય નથી બીજે. બધે મિથ્યાત્વનું પોષક છે. '**સર્વથા એકાંતકા પક્ષપાત છોડકર અનેકાંતરૂપ જિનવચનકા શરણ લો.**'

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અહીં હાથ આવ્યું છે ને આ. 'ધન્નાલાલજી'! આ અહીં વંચાય એવું છે, એમ કહે છે. બાકી બીજે ભડકે એવું છે. થોડું ઓલા છોકરા બોલ્યા ત્યાં... શું કહેવાય? પાખલી માંથી .. આવ્યું. છોકરાઓએ જરી ભાષણ કર્યું હતું. દિવસે કર્યું હશે પણ હું નહોતો. ફટક્યા બ્રાહ્મણ. શું થાય પણ માર્ગ એવો છે. જૈનમાં પણ આ બધા લોંકા, શ્વેતાંબર, સ્થાનકવાસી આદિ નીકળ્યા છે એ બધા મિથ્યાદૃષ્ટિ, ઊંધી શ્રદ્ધાને પોષનારા છે. એ કહે છે, જુઓ! એ કહ્યું ને?

'**પંચમકાલમેં અનેક પક્ષપાતસે મત-મતાંતર હો ગયે હૈં, ઉનકો ભી મિથ્યા જાનકર ઉનકા પ્રસંગ ન કરો.**' સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- પરપદાર્થ નુકસાન ન કરે અને પ્રસંગની ના પાડી?

ઉત્તર :- પ્રસંગ ન કરવો એનો અર્થ કે એ ભાવ એના પ્રસંગ કરતા પોતાનો ભાવ મિથ્યાત્વરૂપે થાય છે માટે. એમ કહે છે. એની રુચિ થઈ જશે તને. એમાં કાંઈક લાગે છે, હોં! આ બહુ વિદ્વાન છે, આ તો બહુ વિદ્વાન. બહુ સાધુ વિદ્વાન, એમ બોલે છે કેટલાક. સાધુ બહુ વિદ્વાન. શું વિદ્વાન પણ? મૂરખ. શ્રદ્ધા ઊંધી કરી એમાં વિદ્વાન ક્યાંથી આવ્યો?

સમજાણું કાંઈ? સાધુ વિદ્વાન બહુ એમ કહે. એવી વિદ્વતા! શું પણ વિદ્વતા? વસ્તુ જ્યાં ખોટી છે, શ્રદ્ધાના જ્યાં ભાન નથી, સમ્યગ્દર્શનથી વિરૂદ્ધ ગૃહિત મિથ્યાત્વના પોષક છે એની વિદ્વતા શું કામની? સળગાવી મૂકવાની છે એના આત્માને. આહાહા..! એવી વાત છે, ભાઈ! જગતથી તો ઊંધું છે.

---

**आगे सम्यग्दर्शनका निरूपण करते हैं, पहिले कहते हैं कि ''सम्यग्दर्शनरहित प्राणी चलता हुआ मृतक'' है :–**

**जीवविमुक्को सवओ दंसणमुक्को य होइचलसबओ।**
**सबओ लोयअपुज्जो लोउत्तरयम्मि चलसबओ।।१४३।।**

जीवविमुक्तः शवः दर्शनमुक्तश्च भवति चलशवः।
शवः लोके अपूज्यः लोकोत्तरे चलशवः।।१४३।।

**જીવમુક્ત શબ કહેવાય, 'ચલ શબ' જાણ દર્શનમુક્તને;**
**શબ લોક માંહી અપૂજ્ય, ચલ શબ હોય લોકોત્તર વિષે. ૧૪૩.**

**अर्थ :– लोकमें जीवरहित शरीरको 'शब' कहते हैं, 'मृतक' या 'मुरदा' कहते हैं, वैसे ही सम्यग्दर्शन रहित पुरुष 'चलता हुआ मृतक' है। मृतक तो लोकमें अपूज्य है, अग्निसे जलाया जाता है या पृथ्वीमें गाड़ दिया जाता है और 'दर्शनरहित चलता हुआ मुरदा' लोकोत्तर जो मुनि–सम्यग्दृष्टि उनमें अपूज्य है, वे उसको वंदनादि नहीं करते हैं। मुनिभेष धारण करता है तो भी उसे संघके बाहर रखते हैं अथवा परलोकमें निंद्यगति पाकर अपूज्य होता है।**

**भावार्थ :– सम्यग्दर्शन बिना पुरुष मृतकतुल्य है।।१४३।।**

---

## ગાથા–૧૪૩ ઉપર પ્રવચન

**'આગે સમ્યગ્દર્શનકા નિરૂપણ કરતે હૈં, પહિલે કહતે હૈં કિ 'સમ્યગ્દર્શનરહિત પ્રાણી ચલતા હુઆ મૃતક' હૈ :–'** ચાલતા મડદાં. લ્યો! આહાહા..!

**जीवविमुक्को सवओ दंसणमुक्को य होइचलसबओ।**
**सबओ लोयअपुज्जो लोउत्तरयम्मि चलसबओ।।१४३।।**

**અર્થ :– 'લોકમેં જીવરહિત શરીરકો શબ કહતે હૈં, મૃતક યા મુરદા કહતે હૈં, વૈસે સમ્યગ્દર્શનરહિત પુરુષ ચલતા હુઆ મૃતક હૈ.'** ચાલતા મડદા છે. આહાહા..!

મુમુક્ષુ :– લાકડી લઈને ચાલે છે ને મડદા?

ઉત્તર :- લાકડી લઈને ચાલે કે અમથો ચાલે. મડદા છે કહે છે. શું કહ્યું? 'પ્રકાશદાસજી'!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- મડદા? જીવતા મડદા. જીવતો છે? કે મરી ગયો છે? કહે છે.

ભગવાનઆત્મા રાગથી રહિત, રાગની ક્રિયાના ફળથી રહિત સ્વભાવનું સ્વરૂપ એનું ભિન્ન છે એવું જ્યાં અંદર ભાન નથી અને રાગથી ધર્મ માને છે, પુણ્યથી ધર્મ માને છે, દેહની ક્રિયાથી પણ આત્માને લાભ માને છે એ બધા ચાલતા મડદા છે. મૃતકકલેવર સમાન છે. આહાહા..! આ ભાવપાહુડમાં મૂક્યું. જેને સમ્યગ્દર્શનરૂપી સ્વભાવભાવ ચૈતન્યની જાગૃતિનો ભાવ, ચૈતન્ય આનંદસ્વરૂપ અનંતગુણનો પિંડ એક વસ્તુ દ્રવ્ય, એની જાગૃતદશાનું ભાન સમ્યગ્દર્શનમાં (થયું) એ જીવતો જીવ છે. સમજાય છે કાંઈ? આહાહા..! ભારે! આચાર્યની પણ કડક ભાષા જરીક લાગે લોકોને. જૈનમાં પણ મતાંતરમાં ગૃહીત મિથ્યાદષ્ટિ. એ બધા ચાલતા મડદા છે. આચાર્ય હોય કે ઉપાધ્યાય ઊંચા. ગણી ને ઉપગણી ને એવા શું કહેવાય? નામ આપતા હોય. સમજ્યા ને? ... આહાહા..! એવી વાત છે.

**'સમ્યગ્દર્શનરહિત પુરુષ ચલતા હુઆ મૃતક હૈ. મૃતક તો લોકમેં અપૂજ્ય હૈ,...'** મડદાને કોઈ પૂજે? બાળો-બાળો, જાવ ઝટ કાઢો, ઝટ કાઢો. રાજાનું શરીર હોય, લ્યો. બાળો-બાળો. જટ કરો, ઉતાવળ કરો. સોજી ગયા હોય. સોજી ગયા છે બાળો હવે. રાજા મરી જાય તો મરી ગયા ન કહેવાય. રાજા સાહેબ પોઢ્યા છે. ત્યારે લોકો સમજે કે મરી ગયા છે. એમ. મોટા મહારાજા હોય ને મહારાજા? રાજા સાહેબ પોઢી ગયા, એટલું બહાર પાડે. મરી ગયા હોય તો. પોઢી ગયા સમજો છો? પોઢી ગયા નથી સમજતા? ભાષા તમારી હિન્દી છે. લેટ ગયા. રાજા અંદર માંદા હોય ત્યાં સુધી કહે બરાબર. ડોક્ટર આવ્યા છે તો જોવાય જાય. મરી જાય ત્યારે વાત બહાર પાડે કે રાજાસાહેબ પોઢી ગયા છે. એટલે લોકો જાણે કે મરી ગયા છે. આહાહા..!

ઓલો 'રતલામ'નો આવ્યો હતો એક ડોક્ટર? એ કહેતો કે અમારા દરબારને એમ ન કહેવાય. 'રતલામ' છે ને 'રતલામ'? એના દરબારને દસ લાખનો તાલુકો હશે, દસ લાખનો. પણ ઓલા દરબારને એમ ન કહેવાય કે તમને તાવ આવ્યો છે. એમ ન કહેવાય. સાહેબ! આપના દુશ્મનને તાવ આવ્યો છે તો વૈદ્યને બોલાવીએ? એમ બોલાય. બુખાર-બુખાર. આપના દુશ્મનને તાવ આવ્યો છે તો વૈદ્યને બોલાવીએ. આપને તાવ આવ્યો એમ ન બોલાય. એટલા તો અભિમાનના પૂતળા. એ ડોક્ટર આવ્યો હતો ને? 'માવજીભાઈ'ના ભાઈબંધ. 'માવજીભાઈ'ના ભાઈબંધ નહિ ઓલા? 'રતલામ'થી એક ડોક્ટર આવ્યા હતા. આવ્યા હતા ને અહીંયા? અમારા રાજાને એમ બોલાય નહિ. સાહેબ! આપને તાવ ઘણો આવ્યો છે એમ બોલાય જ નહિ. આહાહા..! માનમાં મરી ગયા બિચારા. આપના દુશ્મનને તાવ આવ્યો છે તો દવા લો. મરી ગયેલા મડદા છે ને એને આવું ન બોલવું, કહે છે.

આહાહા..! એમ આચાર્ય-ઉપાધ્યાય નામ ધરાવતા હોય પણ જ્યાં આત્માનું સમ્યગ્દર્શન શું ચીજ છે એનું ભાન નથી, એ ચાલતા મડદા છે કહે છે. ભલે લાખો માણસો પૂજે, દુનિયા એને માને, પરમાર્થે તે અપૂજ્ય છે. આહાહા..!

'**મૃતક તો લોકમેં અપૂજ્ય હૈ, અગ્નિસે જલાયા જાતા હૈ...**' અગ્નિથી તો એને બાળી મૂકે છે. આહાહા..! ભાષા જુઓને કેવી કરી છે! '**યા પૃથ્વીમેં ગાડ દિયા જાતા હૈ...**' બાળી (નાખે અથવા) કબરમાં નાખે. '**દર્શનરહિત ચલતા હુઆ મુરદા લોકોત્તર જો મુનિ–**' જ્યાં સમ્યગ્દર્શનનું ભાન નથી. સર્વજ્ઞે કહેલો આત્મા સર્વજ્ઞપદ છે એમાં વિકાર નથી, એ વિકારનો કર્તા નથી, વિકાર એનું સ્વરૂપ નથી, વિકારસહિત નથી. એ વિકારરહિત ચિદાનંદસ્વરૂપ અનાદિઅનંત એવી ચીજની જ્યાં દૃષ્ટિ, અનુભવ સમ્યક્ નથી, કહે છે કે એ મડદા '**લોકોત્તર જો મુનિ–સમ્યગ્દૃષ્ટિ ઉનમેં અપૂજ્ય હૈ,...**' લોકોત્તરમાં ધર્માત્મા, મુનિથી તો અપૂજ્ય છે. આહાહા..! આકરું જગતને લાગે.

'**વે ઉસકો વંદનાદિ નહીં કરતે હૈં.**' દેખો! મુનિ પણ એવા સમ્યગ્દર્શન રહિત હોય તો મુનિઓ પણ એનો આદર કરે નહિ. વંદન ન કરે. '**વંદનાદિ...**' શબ્દ છે ને? વંદન, આદર, સ્તુતિ, સ્તવન. ઓહો..! તમે તો ભારે ભણ્યા છો, તમે બહુ વિદ્વાન છો એવી સ્તુતિ કરે નહિ. '**મુનિભેષ ધારણ કરતા હૈ તો ભી ઉસે સંઘકે બાહર રખતે હૈં...**' શ્રદ્ધા ભ્રષ્ટ છે એને મુનિનો ભેખ ધારણ કરે તો સંઘ બહાર રાખે. ખુલ્લું પડે ... '**અથવા પરલોકમેં નિંદ્યગતિ પાકર અપૂજ્ય હોતા હૈ.**' લ્યો બેય રીતે. આ લોકમાં પણ અપૂજ્ય છે અને બહારમાં બહાર લોક બીજો પરલોક ત્યાં નીચ ગતિ પામશે. કોઈ ભૂતડા–બૂતડા થાય, વ્યંતર થાય અને હલકી ગતિમાં જાય. આહાહા..! મિથ્યાત્વ સમાન પાપ નથી અને સમ્યગ્દર્શન સમાન કોઈ ધર્મની શરૂઆત નથી. સમજાણું કાંઈ? બહારના ક્રિયા આંડબરના આટોપમાં ગૂંચવાઈ ગયો બિચારા. એને બહુમાન આપવા માંડ્યા. ઓહોહો..! આવી ક્રિયા, જુઓ! નગ્નપણું, ઉઘાડે શિયાળામાં રહેવું, તડકામાં રહેવું, ચોમાસામાં હિમ પડે તોપણ કાંઈ કપડું ઓઢાય છે? બાપુ! એમ.

મુમુક્ષુ :– કપડું અંદર ઓઢાઈ ગયું.

ઉત્તર :– ઓઢાયું નહિ. ઓઢાઈ કાંઈ? ભાઈ! એ તો ... થઈ ગયો.

અહીં તો કહે છે, બાહ્ય ગ્રહણ–ત્યાગ કરનારો માન્યો જીવને એ મિથ્યાદૃષ્ટિ મડદું છે. આહાહા..! જગતની સાથે રહેવું અને અતડા રહેવું. એય..! અતડા–અતડા સમજો છો? જુડાન નહિ રહના. આહાહા..!

'**નિંદ્યગતિ પાકર અપૂજ્ય હોતા હૈ.**' લ્યો! સમ્યગ્દર્શન વિના પુરુષ મૃતક તુલ્ય છે. જુઓ! આ કિંમત. સમ્યગ્દર્શનસહિત થયો ત્યારે જીવતો જીવ થયો. આહાહા..! કેમકે જેવો જીવ હતો એવો જાણ્યો. જેવો જીવ હતો આનંદ અને જ્ઞાનની મૂર્તિ, નિર્વિકારી સ્વરૂપ, રાગ અને શરીર ને કર્મરહિત જેવો હતો એવો અંદર શ્રદ્ધા–જ્ઞાનમાં આવ્યો એ જીવતો જીવ છે.

એ શ્રદ્ધા-જ્ઞાનમાં ન આવે અને રાગની ક્રિયા દયા, દાન, વ્રત, ભક્તિ ક્રિયા એના આટોપમાં માની બેસે કે અમે ધર્મી છીએ એ મિથ્યાદૃષ્ટિ અપૂજ્ય છે. જૈનનો દિગંબર સાધુ નામ ધરાવે તોપણ અપૂજ્ય છે. આહાહા..! સમજાણું કાંઈ? એ સમ્યગ્દર્શન અને મિથ્યાદર્શનની વિવેકની વાત જ ઘટી ગઈ છે. બહારનું આ આટલું ત્યાગે છે અને આટલું નથી ત્યાગ્યું. આટલું આ કર્યું અને આટલું આ કર્યું. એના ઉપર માપ ધર્મનું અને ધર્મીનું.

---

**आगे सम्यक्त्वका महानपना कहते हैं :–**

**जह तारयाण चंदो मयराओ मयउलाण सव्वाणं।**
**अहिओ तह सम्मत्तो रिसिसावयदुविहधम्माणं।।१४४।।**

**यथा तारकाणां चन्द्रः मृगराजः मृगकुलानां सर्वेषाम्।**
**अधिकः तथा सम्यक्त्वं ऋषिश्रावकद्विविधधर्माणाम्।।१४४।।**

**જ્યમ ચંદ્ર તારાગણ વિષે, મૃગરાજ સૌ મૃગકુલ વિષે,**
**ત્યમ અધિક છે સમ્યક્ત્વ ઋષિશ્રાવક-દ્વિવિધ ધર્મો વિષે. ૧૪૪.**

**अर्थ :– जैसे तारकाओंके समूहमें चंद्रमा अधिक है और मृगकुल अर्थात् पशुओंके समूहमें मृगराज (सिंह) अधिक है, वैसे ही ऋषि (मुनि) और श्रावक इन दो प्रकारके धर्मोमें सम्यक्त्व है वह अधिक है।**

**भावार्थ :– व्यवहार धर्मकी जितनी प्रवृत्तियाँ हैं उनमें सम्यक्त्व अधिक है, इसके बिना सब संसारमार्ग बंधका कारण है।।१४४।।**

---

## ગાથા-૧૪૪ ઉપર પ્રવચન

‘**આગે સમ્યક્ત્વકા મહાનપના કહતે હૈં :–**’ સમકિત સમાન કોઈ મહાગુણ નથી. માહાત્મ્ય મોટું છે એનું.

**जह तारयाण चंदो मयराओ मयउलाण सव्वाणं।**
**अहिओ तह सम्मत्तो रिसिसावयदुविहधम्माणं।।१४४।।**

ભારે ગાથા!

**અર્થ :–** ‘**જૈસે તારકાઓંકે સમૂહમેં ચંદ્રમા અધિક હૈ...**’ તારાના સમૂહમાં ચંદ્ર તે અધિક છે. વળી, ‘**મૃગકુલ અર્થાત્ પશુઓંકે સમૂહમેં મૃગરાજ (સિંહ)...**’ ‘**मृगकुलानां सर्वेषाम्**’ પશુના ટોળામાં સિંહ એ મોટો મૃગરાજ ઊંચો છે, અધિક છે. ‘**વૈસે હી ઋષિ (મુનિ) ઔર શ્રાવક...**’ એ મુનિ અને શ્રાવક બેયની વચ્ચે ‘**દો પ્રકારકે ધર્મોમેં સમ્યક્ત્વ હૈ**

**વહ અધિક હૈ.**' સમકિત વિના એકેય ધર્મ-બર્મ હોઈ શકતો નથી. આહાહા..! સમકિત માન્યું શું? આ દેવ-ગુરુ-ધર્મની અમને શ્રદ્ધા છે. દેવની શ્રદ્ધા, અરિહંતની શ્રદ્ધા, શાસ્ત્રની શ્રદ્ધા, ગુરુની શ્રદ્ધા એ સમકિત છે. એ સમકિત નથી. એ શ્રદ્ધા તો રાગ છે અને રાગને ધર્મ માને તો મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ?

'**દો પ્રકારકે ધર્મોમેં...**' શ્રાવક અને મુનિનો બેય પ્રકારનો ધર્મ છે. પણ એમાં સમકિત અધિક છે. સમકિત વિના શ્રાવક પણ ન હોય અને સમકિત વિના મુનિ ન હોય. અને સમકિતની વ્યાખ્યા સૂક્ષ્મ અને અલૌકિક. આહાહા..! જ્યાં એક વિકલ્પનો પણ કર્તા નથી, વ્યવહારનો પણ જેના સ્વભાવમાં અભાવ છે. વ્યવહારને સહાયક માનતો નથી, નિમિત્ત તરીકે ભલે જાણે પણ સહાયક થઈને એના આત્માને નિશ્ચયમાં લાભ કરે છે એમ માનતો નથી. એકલો જ્ઞાતા-દૃષ્ટાના પરિણામવાળો એવો ભગવાનઆત્મા એને વ્યવહારનો અભાવ છે, નિમિત્તનો અભાવ છે. વ્યવહાર ને નિમિત્ત એ નિશ્ચયમાં આદરણીય છે નહિ. એકલો પુણ્ય-પાપ વિકલ્પ વિનાની ચીજ એ શુદ્ધ આનંદ, ન્યાયભાવવાળું તત્ત્વ એ જ ઉપાદેય ને એ જ આદરણીય અને એ જ લીનતા કરવાને લાયક છે. એવું સમ્યગ્દર્શન જ્યાં નથી, ત્યાં શ્રાવક મુનિપણું હોઈ શકે નહિ. લ્યો! બેય નાખ્યા છે, હોં! શ્રાવક અને મુનિ બેય. ઋષિ-શ્રાવક. જુઓ! ઋષિ નામ આપ્યું. મુનિને ઋષિ કહ્યા, ઋષિ! ઓલા ઋષિ રહે છે ..વાળા 'હરદ્વાર'માં એ નહિ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, એ ઋષિ બધા અજ્ઞાની. ઉપનિષદવાળા. ઋષિ આવે છે. ઋષિ સંપ્રદાય છે. 'ખંભાત'માં ઋષિ સંપ્રદાય છે. બહુ કામ આકરું. હજી તો દેવ-ગુરુ-શાસ્ત્ર કોને કહેવા એની ખબરું ન મળે, એના જ જ્યાં મિથ્યાત્વ પડ્યા છે એને વળી વિકલ્પરહિત સમકિત થાય એમ ત્રણકાળમાં બને નહિ. સમજાણું? એ બધા 'ખંભાત'ના. 'મારવાડ'ના. ઋષિ સંપ્રદાય.

**ભાવાર્થ :-** '**વ્યવહાર ધર્મકી જિતની પ્રવૃત્તિયાં હૈં...**' દેખો હવે. વ્રત ને નિયમ ને ભક્તિ ને પૂજા ને આચરણ, વ્યવહાર જ્ઞાનાચરણ, દર્શનાચરણ, ચારિત્રાચરણ, તપાચરણ, વીર્યાચરણ. વ્યવહારના જેટલા આચરણો છે '**ઉનમેં સમ્યક્ત્વ અધિક હૈ,...**' સમ્યક્ ન હોય તો એ બધા આચરણ મોટા મીંડાવાળા છે. આહાહા..! કાળે ભણવું, વિનયે ભણવું, એ બધી પ્રવૃત્તિમાં સમકિત ન હોય તો બધું થોથા છે. સમજાણું કાંઈ? હવે ઓલાએ પાછું એમ કાઢ્યું કે સમકિતની ખબર ન પડે. ભગવાન જાણે. એનો અર્થ થયો કે નથી ખબર પડતી કે અમે મિથ્યાત્વી છીએ. એનો અર્થ એ થયો. ચારિત્ર પાળો, એની ખબર પડે. સમકિતની ખબર ન પડે એને. ઠીક!

મુમુક્ષુ :- પાલતે પાલતે હો જાયેગા.

ઉત્તર :- પાલતે, પાલતે રાગ કરતે-કરતે. લસણ ખાતા ખાતા કસ્તુરીનો ડકાર આવે.

મુમુક્ષુ :- એ તો નહિ આવે.

ઉત્તર :- નહિ આવે? આહાહા..! માર્ગ કોઈ જુદી જાત છે. આમાં કોઈનો પક્ષ ચાલે એવું નથી, કોઈની યુક્તિ ચાલે એવું નથી. એવો એનો માર્ગ છે જુદો તદ્દન.

કહે છે, **'વ્યવહાર ધર્મકી જિતની પ્રવૃત્તિયાં હૈં ઉનમેં સમ્યક્ત્વ અધિક હૈ, ઈસકે બિના સબ સંસારમાર્ગ બંધકા કારણ હૈ.'** બધી વ્યવહાર ક્રિયા દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, જાત્રા. એ બધા સમ્યગ્દર્શન વિના **'સંસારમાર્ગ બંધકા કારણ હૈ.'** શું છે? મહાવ્રત એ બંધનું કારણ છે એમ કહે છે. મહાવ્રત તો ચારિત્ર થઈ ગયું. આહાહા..! **'ઈસકે બિના સબ સંસારમાર્ગ બંધકા કારણ હૈ.'** લ્યો!

---

**फिर कहते हैं :–**

**जह फणिराओ [१]सोहइ फणमणिमाणिक्ककिरणविप्फुरिओ।**
**तह विमलदंसणधरो [२]जिणभत्ती पवयणे जीवो।।१४५।।**

**यथा फणिराजः शोभते फणमणिमाणिक्यकिरणविस्फुरितः।**
**तथा विमलदर्शनघरः जिनभक्तिः प्रवचने जीवः।।१४५।।**

**નાગેન્દ્ર શોભે ફેણમણિમાણિક્યકિરણે ચમકતો,**
**તે રીત શોભે શાસને જિનભક્ત દર્શનનિર્મળો. ૧૪૫.**

**अर्थ :– जैसे फणिराज (धरणेन्द्र) है सो फण जो सहस्र फण उनमें लगे हुए मणियोंके बीच जो लाल–माणिक्य उनकी किरणोंसे विस्फुरित (दैदीप्यमान) शोभा पाता है, वैसे ही जिनभक्तिसहित निर्मल सम्यग्दर्शनका धारक जीव प्रवचन अर्थात् मोक्षमार्गके प्ररूपणमें शोभा पाता है।**

**भावार्थ :– सम्यक्त्वसहित जीवकी जिन–प्रवचनमें बड़ी अधिकता है। जहाँ–जहाँ (सब जगह) शास्त्रोंमें सम्यक्त्वकी ही प्रधानता कही है।।१४५।।**

---

१. मुद्रित संस्कृत प्रतिमें 'रेहइ' पाठ है, जिसका संस्कृत छायामें 'राजते' पाठान्तर है।

२. मुद्रित संस्कृत प्रतिमें 'जिणभत्तीपवयणो' ऐसा एक पद रूप पद है, जिसकी संस्कृत ''जिनभक्तिप्रवचनः'' है। यह पाठ यतिभंग सा मालूम होता है।

## ગાથા-૧૪૫ ઉપર પ્રવચન

૧૪૫. '**फिर कहते हैं :-**'

**जह फणिराओ [१]सोहइ फणमणिमाणिक्ककिरणविप्फुरिओ।**

**तह विमलदंसणधरो [२]जिणभत्ती पवयणे जीवो।।१४५।।**

**અર્થ :– 'જૈસે ફણિરાજ (ધરણેન્દ્ર)...'** પાર્શ્વનાથ ભગવાનનો ઉપસર્ગ ટાળવા આવ્યા હતા ને? હજાર ફણ કરી હતી. '(ધરણેન્દ્ર) હૈ સો ફણ જો સહસ્ર ફળ ઉનમેં લગે હુએ મણિયોંકે...' હજાર તો ફણ આમ હોય. આવે છે ને? અત્યારે આવે છે. પ્રતિમાઓમાં આવે છે. હજાર ફણિ નહોતું? હમણા કાંઈક હતું. 'જૂનાગઢ'ની અંદર હતું.

મુમુક્ષુ :– સહસ્ર ફણા પાર્શ્વનાથ

ઉત્તર :– હમણા હમણા હતું નહિ કાંઈક? જોયું નહોતું?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ... ત્યાં જૂનું મંદિર? બહારનું. બહારનું મંદિર. ... ત્યાં હતું હજાર ફણિ.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ગામમાં ન હોય. બસ, હા એ ગામમાં. જૂના ગામમાં.

હજાર ફણ. એમાં એક એક મણિ પાછો વચમાં. '**સહસ્ર ફણ ઉનમેં લગે હુએ મણિયોંકે બીચ જો લાલ – માણિક્ય...**' આહાહા..! '**ઉનકી કિરણોંસે વિસ્ફુરિત...**' ભાષા જુઓ ઉપમા આપે છે. હજાર તો ફણ, એમાં અનેક જાતના મણિ. '**મણિયોંકે બીચ જો લાલ – માણિક્ય...**' લ્યો! '**માણિક્ય ઉનકી કિરણોંસે વિસ્ફુરિત...**' કિરણે કરી સ્ફુરિત. માણેક્નો આમ પ્રકાશ... પ્રકાશ... પ્રકાશ... અંદર. કોઈ એમ કહે પણ દેવે એમ કેમ કર્યું? ધરણેન્દ્રએ. ઓલાને હટાવવો હતો ને. ભગવાનનો ઉપસર્ગ કર્યો ને ઓલા ભૂતડે. શું કહેવાય? કમઠ-કમઠ. એને મારવો હતો ને? હરાવવો હતો ને? ત્યાં જાવું'તું ને. આમ શું કરવા કર્યું? પણ એ થવાનું હોય એમ થાય. બહારના સંયોગો એ કર્યા થતા નથી. ભાવ આવ્યો પણ ભાવ આ જાતનો પછી. એય..! લ્યો, વાત એવી છે ઝીણી બહુ.

એમ કે ધરણેન્દ્રને આવીને ઓલાને-કમઠને મારવો હતો. હટાવી દેવો હતો. બધું બંધ કરી દેવું હતું. એ સહેલું પડે. શું સહેલાની વ્યાખ્યા? આ વસ્તુ એવી છે જરી. વિકલ્પ જ એ જાતનો આવ્યો અને એ જાતનું બનવાનું હોય એ બન્યું. બીજી રીતે બનવાનું હોતું નથી. કમઠને કાઢવો એમ હતું નહિ. સમજાણું? વીતરાગમાર્ગ સમયે સમયે પરથી ભિન્નનો વિવેક કરાવનાર. પરની ક્રિયા અને રાગની ક્રિયાથી ભિન્ન વિવેક કરાવે એવું વીતરાગનું સ્વરૂપ આત્માનું સ્વરૂપ છે. આમ કેમ કર્યું? આમ કેમ કર્યું? કર્યું જ છે ક્યાં એણે? એય..! કર્યું નથી એણે? ધરણેન્દ્રએ?

મુમુક્ષુ :- એ તો .. કરવા જેવું થયું.

ઉત્તર :- એવી વાત છે આ બધી. બાપુ! મારગ એવો છે, ભાઈ! એ જાતનો વિકલ્પ આવ્યો, પણ પાછું થવાનું આમ હતું તો એમ થયું. સમજાણું કાંઈ? આહાહા..!

કહે છે, '**માણિક્ય ઉનકી કિરણોંસે વિસ્ફુરિત (દૈદીપ્યમાન) શોભા પાતા હૈ,...**' આ બધાની મધ્યમાં ઓલું માણેક શોભે છે, કહે છે. એમ. '**વૈસે હી જિનભક્તિસહિત નિર્મલ સમ્યગ્દર્શકા ધારક જીવ...**' છે. આહાહા..! '**विमलदंसणधरो**' એમ શબ્દ છે ને? નિર્મળ સમ્યગ્દર્શનનો ધારક ભગવાનઆત્મા, કહે છે કે ભલે બીજી ક્રિયા ન હોય, ચારિત્ર ન હોય, પણ નિર્મળ સમ્યગ્દર્શનનો ધરનાર જિનભક્તિ સહિત છે. એને વીતરાગભાવની ભક્તિ છે. સમજાણું કાંઈ? આહાહા..! એ જિનભક્તિ એટલે સમ્યગ્દર્શન. આહાહા..!

'**જિનભક્તિસહિત નિર્મલ સમ્યગ્દર્શનકા ધારક જીવ પ્રવચન અર્થાત્ મોક્ષમાર્ગકે પ્રરૂપણમેં શોભા પાતા હૈ.**' લ્યો, એમ લીધું. '**जिणभत्ती पवयणे जीवो**' એમ કીધું ને? વીતરાગભાવની પ્રરૂપણામાં એ સમકિતી શોભે છે, એમ કહે છે. શું કીધું ઈ? વીતરાગભાવની પ્રરૂપણામાં સમકિતી શોભે છે. કારણ કે એની વીતરાગ પ્રરૂપણા હોય છે. સમ્યગ્દર્શનની પ્રરૂપણામાં વીતરાગી ધર્મ અને વીતરાગભાવનું પ્રરૂપણ હોય છે. પ્રવચનની આખી શૈલીમાં સમકિતીને વીતરાગતાનું જ કથન હોય છે. વીતરાગતા પ્રગટ કરવી, વીતરાગી દૃષ્ટિ કરવી, વીતરાગતામાં સ્થિર થવું. સમજાણું કાંઈ? એવું પ્રવચન તો એ જ કરી શકે, એમ કહે છે? છે? '**પ્રવચન અર્થાત્ મોક્ષમાર્ગકે પ્રરૂપણમેં શોભા પાતા હૈ.**' એમ ભાષા લેવી છે ત્યાં. આહાહા..!

મુમુક્ષુ :- એ તો ભગવાને પ્રરૂપણ કર્યું એમાં એમ છે.

ઉત્તર :- એમાં કથન કરનારો જ એવો છે, એમ કહે છે. જુઓ! '**जिणभत्ती पवयणे**' જિનભક્તિ પ્રવચન છે. લ્યો! એ પણ પ્રવચનનો કહેનારો હોય છે. એ બધા કહેનારામાં આ શોભે છે કહે છે. વીતરાગભાવનો કહેનારો. વીતરાગની ભક્તિ છે અંદર અને વીતરાગભાવનું પ્રરૂપણ-પ્રવચન છે.

'**પ્રવચન અર્થાત્ મોક્ષમાર્ગકે પ્રરૂપણમેં શોભા પાતા હૈ.**' એમ. મોક્ષમાર્ગના પ્રરૂપણમાં આ સમકિતી શોભે છે, એમ કહે છે. જેમ ઓલી હજાર ફણમાં મણિ અને મણિમાં માણેક. એના કિરણથી દૈદીપ્યમાન છે. આહાહા..! સમજાણું કાંઈ? વીતરાગની ભક્તિસહિત છે. વીતરાગભાવની શ્રદ્ધાના ભાનસહિત છે. એથી '**મોક્ષમાર્ગકે પ્રરૂપણમેં શોભા પાતા હૈ.**' મોક્ષમાર્ગની કથન શૈલીમાં એ શોભે છે. આહાહા..! કહો, સમજાણું કાંઈ? રાગથી ધર્મ મનાવનારા, પુણ્યથી મનાવનારા એ બધા મિથ્યાદૃષ્ટિઓમાં અથવા પ્રવૃત્તિ કરીને દયા, દાન, વ્રતની ક્રિયાઓ કરીને ધર્મ માનનારા, એમાં આ વીતરાગી ભક્તિવાળો સમકિતી પ્રરૂપણામાં શોભે છે. મોક્ષમાર્ગનું કથન. કહો. આહાહા..! એ ધર્મકથા એની સાચી હોય, એમ કહે છે. સમ્યગ્દૃષ્ટિ છે એની ધર્મકથા સાચી હોય. બીજાની કથાઓમાં માલ હોય

નહિ, ભલે વૈરાગ્યની વાતું કરતા હોય કે આમ થાઓ અને તેમ થાઓ. સમ્યગ્દર્શનના ભાનવાળો જીવ જિનપ્રવચનની પ્રરૂપણા વીતરાગી કરવામાં બધામાં એ શોભે છે. આહાહા..! સમજાણું કાંઈ? અજ્ઞાનીના કથનમાં એની જોડ કોઈ લઈ શકે એવું છે નહિ. ગમે તેવી પ્રરૂપણા કરતો હોય. બહારની... આહાહા..! દુનિયાને સમજાવે લાખ માણસને, બે લાખ, પાંચ લાખ, ઢીકણું. આ ધર્મની કથામાં વીતરાગભાવનો કહેનારો અને વીતરાગ ભક્તિવાળો જ શોભે.

મુમુક્ષુ :- ભક્તિ તો ...

ઉત્તર :- હો. લાખો આવે. એમાં શું છે? ચકલીના નખરા ઘણા હોય છે. ચીડીયા-ચીડીયા. ઘણી હોય છે. માણસો જાય. એમ માણસ તો લાખ્ખો (આવે). ઓહો..! કંઠ હોય એવો અને લડાવે આમ ભાષા. સાથે હાર્મોનિયમ, અને હાથમાં હોય પાછું વાજુ એવું આમ. વાજુ હોય ને? હાથના વાજા, હાથવાજા. કરતાલ નહિ, વાજુ હોય છે. આ વખતે ભાઈ આવ્યો નહોતો? વાજુ કરતો હતો ને? ઓલો નહોતો એક આવ્યો પંડિત? બધા જાણે એવા હોય સમજવા જેવા. મરી ગયો હોં! એ.

મુમુક્ષુ :- 'ભોગીલાલ'

ઉત્તર :- હા. એ. ગુજરી ગયા, નહિ? ગુજરી ગયા. અહીં આવ્યા હતા બિચારા. અરે..રે..!

આ ગાથામાં તો '**जिणभत्ती पवयणे**' શબ્દ પડ્યો છે ને? '**जिणभत्ती पवयणे**' શબ્દ નાખ્યો છે. જિનભક્તિ પ્રવચન. જિનભક્તિમાં વીતરાગભક્તિ પોતાને છે અને વીતરાગભક્તિનું કથન કરે છે. જેના ભાવમાં વીતરાગતા છે અને જેની પ્રરૂપણામાં વીતરાગતા છે, એ બધા કથનો વિદ્વાનોમાં એ શોભે છે એમ કહેવું છે. આહાહા..! સમજાણું કાંઈ? રાગથી રાગમાં એકત્વ માનનારા અને રાગથી લાભ મનાવનારા, એવી પ્રરૂપણામાં અજ્ઞાનીમાં આ જ્ઞાની શોભે છે, કહે છે.

**ભાવાર્થ :- 'સમ્યક્ત્વસહિત જીવકી જિન-પ્રવચનમેં બડી અધિકતા હૈ. જહાં-તહાં (સબ જગહ) શાસ્ત્રોમેં સમ્યક્ત્વકી હી પ્રધાનતા કહી હૈ.**' લ્યો!

મુમુક્ષુ :- 'કુંદકુંદાચાર્યે'

ઉત્તર :- વાત જ કરી છે ને. એ જ કરી છે. મૂળ વસ્તુ જ એ છે ને? એ તો ઓલું ત્યાં સમકિતમાં આવી જાય છે ઓલું ચારિત્ર મારે આમ પાળવું એ તો આવી જાય બધું. ચારિત્ર સ્વરૂપમાં રમણતા એ તો શ્રદ્ધામાં નથી આવી જતી? વસ્તુ જ આ છે આખી. આહાહા..! સમ્યગ્દર્શનની વાત વિના એવી બધી વાતું કરે વૈરાગ્યની, ફલાણાની, ઢીકણાની, બાયડી, છોકરા લુંટનારા છે, ધુતારા છે માટે છોડો. દ્વેષ કરો એના ઉપર. દ્વેષ કરો જેથી કોઈ દિ' રાગ ન થાય. એમાં શું આવ્યું પણ? દ્વેષ કરવો એ તો આવ્યું. તો બીજામાં રાગ પહેલો હતો, હવે દ્વેષ કર્યો તો એનો એ કર્તા થયો.

અહીં તો કહે છે બાયડી-છોકરા છોડવા જ નથી. છોડ્યા પડ્યા છોડ્યા એમાં છોડવા કોને? આહાહા..! એના પ્રત્યેની મમતાનો ભાવ જે એની દશામાં હતો એ છોડવાલાયક. તે પણ એ દૃષ્ટિ રાખીને છૂટે નહિ. એ તો સ્વભાવની દૃષ્ટિ થતાં તે છૂટી જાય એટલે ઉત્પન્ન થતા નથી. એવી વાત સમ્યગ્દૃષ્ટિ જાણે અને એની પ્રરૂપણામાં આવી વાત હોય છે એમ કહે છે. સમજાણું કાંઈ? મિથ્યાદૃષ્ટિની પ્રરૂપણામાં સાચું હોતું નથી. ભારે!

---

**आगे सम्यग्दर्शन सहित लिंग है उसकी महिमा कहते हैं :–**

**जह तारयणसहियं ससहरबिंबं खमंडले विमले।**
**भाविय [१]तववयविमलं जिणलिंगं दंसणविसुद्धं।।१४६।।**

**यथा तारागणसहितं शशधरबिबं खमंडले विमले।**
**भावतं तपोव्रतविमलं जिनलिंगं दर्शनविशुद्धम्।।१४६।।**

**શશિબિંબ તારકવૃંદ સહ નિર્મળ નભે શોભે ઘણું,**
**ત્યમ શોભતું તપવ્રતવિમળ જિનલિંગ દર્શનનિર્મળું. ૧૪૬.**

**अर्थ :– जैसे निर्मल आकाश मंडलमें तारोंके समूहसहित चन्द्रमाका बिंब शोभा पाता है, वैसे ही जिनशासनमें दर्शनसे विशुद्ध और भावित किये हुए तप तथा व्रतोंसे निर्मल जिनलिंग है सो शोभा पाता है।**

**भावार्थ :– जिनलिंग अर्थात् 'निर्ग्रंथ मुनिभेष' यद्यपि तप–व्रतसहित निर्मल है, तो भी सम्यग्दर्शनके बिना शोभा नहीं पाता है। इसके होने पर ही अत्यन्त शोभायमान होता है।।१४६।।**

---

## ગાથા-૧૪૬ ઉપર પ્રવચન

'**આગે સમ્યગ્દર્શનસહિત લિંગ હૈ ઉસકી મહિમા કહતે હૈં :–**' જુઓ! ગાણા તે ગાયા છે ને પણ!

**जह तारयणसहियं ससहरबिंबं खमंडले विमले।**
**भाविय [१]तववयविमलं जिणलिंगं दंसणविसुद्धं।।१४६।।**

નગ્નપણું, જિનલિંગપણું અને બહારનું બધું એ સમકિત હોય તો શોભે નહિતર શોભતું

---

१. मुद्रित सं. प्रतिमें 'तह वयविमलं' ऐसा पाठ है, जिसकी संस्कृत 'तथा व्रतविमलं' है।

२. इस गाथाका चतुर्थ पाद यतिभंग है। इसकी जगह 'जिणलिंगं दंसणेण सुविसुद्धं' होना ठीक जँचता है।

નથી. હવે એમ કહે છે કે પણ સમકિત એનામાં નથી એમ કેમ (નક્કી કર્યું)? એમ કહે છે, હોં! ભાઈ! તમારા-મારાની વાત રહેવા દે. વસ્તુસ્થિતિ શું છે એમ લે. વસ્તુસ્વરૂપ. જેને શંકા પડે છે એને એકાંતે એ કર્તા થાય છે. એકલો બહારમાં ચેષ્ટામાં જ પ્રવર્તી રહ્યો છે. અંતર્મુખ ચીજ શું છે એને એની કથનશૈલીમાં પણ એ પદ્ધતિ આવતી નથી. અને આ કરો.. આ કરો.. આ કરો... 'આત્માવલોકન'માં આવે છે એક ગાથા નહિ, મુનિની? મુનિ તો મૂહુ મૂહુ વીતરાગં. વારંવાર વીતરાગને કહે. લ્યો! મુહુ મુહુ વીતરાગ. વારંવાર. વસ્તુસ્થિતિ એ છે. કારણ કે વસ્તુ વીતરાગસ્વરૂપ છે. ધર્મ વીતરાગી પર્યાય છે. એના કથનમાં વારંવાર વીતરાગતા જ આવે. સમજાણું કાંઈ? અહીં તો સમકિતીની વાત કરી. ત્યાં મુનિની વાત કરી છે. ગુરુ-ગુરુ. ગુરુના મુખમાંથી વીતરાગ... વીતરાગ... વીતરાગ.. વીતરાગભાવ... વીતરાગભાવ આવે. વીતરાગ એટલે? ઓલા વીતરાગ સર્વજ્ઞ વીતરાગ એ તો પરદ્રવ્ય. વીતરાગી ભાવ, સ્વનો આદર, રાગનું છોડવું એ જ ભાવ આવે. વ્યવહારથી લાભ ન થાય, નિશ્ચયથી થાય. વ્યવહારનો અનાદર, નિશ્ચયનો આદર. અનાદરનો અર્થ એકત્વ કરતો નથી. અનાદરનો અર્થ કંઈ વેર-ઝેર નથી, કાંઈ દ્વેષ નથી.

મુમુક્ષુ :- એ તો આપ જેવા .. મળે તો એ ટળે એવું છે.

ઉત્તર :- પણ એ વસ્તુ એવી છે, 'મોહનભાઈ'! એ વિના બધા રખડી મરવાના છે. એવી વાત છે. આહાહા..! મારગ આખો એવો છે. અંતર ભગવાન બિરાજે છે પોતે. સચ્ચિદાનંદ સ્વરૂપ પરમાત્મા પોતે છે. શક્તિ સહજ પરમાત્મસ્વરૂપ જ છે એનું. રાગ-ભાગ એનો છે જ નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

આચાર્ય જુઓને! ઘણું જોર આપે છે. '**નિર્મલ આકાશમંડલમેં તારાઓંકે સમૂહસહિત ચંદ્રમાકા બિંબ શોભા પાતા હૈ,...**' ચંદ્રનું બિંબ શોભે છે, લ્યો. તારાના સમૂહ વિષે. '**વૈસે હી જિનશાસનમેં...**' લ્યો! આહાહા..! '**દર્શનસે વિશુદ્ધ...**' લ્યો! '**तारयणसहियं ससहरबिंबं खमंडले विमले। भाविय तववयविमलं जिणलिंगं दंसणविसुद्धं**' જિનશાસન વિષે, આત્માના મૂળ માર્ગ વિષે '**દર્શનસે વિશુદ્ધ...**' સમ્યગ્દર્શન કરી વિશુદ્ધ '**ભાવિત કિયે હુએ તપ તથા વ્રતોંસે નિર્મલ જિનલિંગ હૈ...**' લ્યો! સમ્યગ્દર્શન સહિત જેની ભાવના વ્રત અને તપની થઈ છે. એમ. ખરેખર તો સમ્યગ્દર્શન સહિત સ્વરૂપમાં લીન થવું તે વ્રત છે. ઉગ્રપણે ઈચ્છાની ઉત્પત્તિ ન થવી અને અમૃતનો ઓઘ ઉત્પન્ન થવો એનું નામ તપ છે. આહાહા..! એ સમ્યગ્દર્શન વિના હોઈ શકે નહિ.

'**દર્શનસે વિશુદ્ધ ઔર ભાવિત કિયે હુએ...**' શું? સમ્યગ્દર્શન કરી વિશુદ્ધ અને ભાવિત કિયે. '**दंसणविसुद्धं**' શબ્દ છે ને? '**ભાવિત કિયે હુએ તપ તથા વ્રતોંસે નિર્મલ જિનલિંગ હૈ...**' જિનલિંગ તો નિર્મળ એમાં અનુભવસહિત અને એમાં વ્રત ને તપ સહિત આવું જે જિનલિંગ છે એને શોભે છે. અજ્ઞાનીને જિનલીંગ શોભતું નથી, એમ કહે છે. સમ્યગ્દર્શન વિના નગ્નપણું ધારે, અઠ્યાવીસ મૂળગુણ પાળે એ શોભતું નથી, કહે છે. સમજાણું કાંઈ?

મારગ શૂરાનો છે ભાઈ આ તો. 'હરિનો મારગ છે શૂરાનો, કાયરના નહિ કામ ત્યાં.' આહાહા..! દુનિયા સાથે મેળ નહિ, વીતરાગ સાથે મેળ. આખી દુનિયા રાગમાં ગૂંચાઈ ગયેલી છે અને રાગની પ્રવૃત્તિમાં બધું મનાઈ ગયું છે, એને આ વીતરાગ મારગ નહિ મળે. પણ શોભે એ કહે છે. ભલે પ્રવૃત્તિમાં વ્રત અને તપના ભાવ હોય પણ જેને સમ્યગ્દર્શનસહિત હોય તે જિનલિંગ મુનિ લિંગ શોભે, નહિતર શોભતું નથી.

**(નોંધ :- કેસેટમાં પ્રવચન ૪૬/૩૪ મિનિટથી ૫૩/૦૪ સુધી બીજી વખત આવી ગયું હોય અહીં ૫૩/૦૪થી આગળ છે)**

**ભાવાર્થ :- 'જિનલિંગ અર્થાત્ નિર્ગ્રંથ મુનિભેષ...'** લ્યો. નગ્નમુનિ દિગંબર અને અઠ્યાવીસ મૂળગુણ, વિકલ્પ એ ભેખ છે બહારનો. **'યદ્યપિ તપ-વ્રતસહિત નિર્મલ હૈ,...'** તપ હોય, વ્રત હોય, પંચમહાવ્રત હોય, મહિના-મહિનાના અપવાસ કરતા હોય **'તો ભી સમ્યગ્દર્શનકે બિના શોભા નહીં પાતા હૈ.'** લ્યો! કહો હવે 'મખનલાલજી' એમ લખ્યું હતું, એક ફેરી કહેતા હતા. પહેલાના સાધુ કરતા અત્યારના સાધુ તપમાં વધી ગયેલા છે. ચોથા આરાના સાધુ તપમાં શિથિલ હતા. ચોથા આરાના.

મુમુક્ષુ :- એમ કહ્યું?

ઉત્તર :- હા, કહ્યું હતું ને. ચોથા આરાના સાધુ શિથિલ હતા. ભગવાન શું કરે છે? છાપામાં આવ્યું હતું, છાપામાં. અત્યારના સાધુ બબ્બે અપવાસ, ત્રણ-ત્રણ અપવાસ કરે, ચાર-ચાર, મહિના-મહિના, આઠ-આઠ દિ'ના. પહેલાના સાધુ એવા નહોતા કરતા ચોથા આરાના. અરે..! ભગવાન! કોને કહેવો તપ? સમ્યગ્દર્શન વિના તારા તપ કેવા? ચોથા આરાના મુનિ તો આત્મજ્ઞાની, ધ્યાની, આનંદમાં લીન કરનારા હતા. આહાહા..! એ તપ છે. તપ એટલે મુનિવ્રત, મુનિપણું એ તપ-દીક્ષા કહેવાય ને? તપકલ્યાણક. કલ્યાણક એટલે મુનિપણું. મુનિપણું એટલે ચારિત્ર. એને તપ કલ્યાણક કહે છે. ચારિત્ર લે ત્યારે તપકલ્યાણક કરે છે ને? એ ચારિત્ર આમ આત્માના અનુભવમાં આનંદમાં લહેર કરતો ઠરે છે... ઠરે છે... ઠરે છે... સમાય છે. સમજીને સમાઈ ગયા. વિકલ્પમાંથી નીકળી અને અંદરમાં ઠરી ગયા. એ વળી વર્તમાન ... ગજબ કર્યો છે ને! આહાહા..! કોને કોઈ પૂછનાર. ઋષભદેવ ભગવાનના વખતમાં તો સાધુ હતા ને? કેટલા? ચાર હજાર. ચાર હજાર નભી શક્યા નહિ. એ કંઈ કંઈ કરવા માંડ્યા. નાગા થઈને વનસ્પતિ ખાવા, લીલોતરી. નહિ રહેવાય. વેશ કાઢી નાખો, નહિતર દંડશું. કહો. એ કાળ એવો અને આ કાળે દંડશું (કહેવા) કોઈ આવ્યું નહિ. એનો અર્થ એ થયો. આવું કરશો તો અમે દંડશું. નાગા નહિ. કોઈ છાલના લુગડા પહેરીને પછી કરો. છાલના. નાગા થઈને તમે સાધુ નામ ધરાવીને આ વનસ્પતિ અને કંદમૂળ ખાવ. નહિ રહેવાય. મુનિપણું નહિ. કહો, એટલું કરતા એને .. ઊંધી અનેક પ્રરૂપણા ચાલી. ખટકે-ખટકે જગતને, સત્યને. .. શું થાય?

**'જિનલિંગ અર્થાત્ નિર્ગ્રંથ મુનિભેષ યદ્યપિ તપ-વ્રતસહિત નિર્મલ હૈ,...'** વ્રત અને

તપ પણ નિર્મળ છે, એમ કહે છે. 'તો ભી સમ્યગ્દર્શનકે બિના શોભા નહીં પાતા હૈ.' એવા વ્રત અને તપ ચોખ્ખા કરતો હોય શુભભાવ અને મુનિલિંગ નગ્ન દિગંબર હોય, પંચમહાવ્રત હોય તોપણ સમ્યગ્દર્શન વિના કાંઈ છે નહિ. કારણ કે સમ્યગ્દર્શન એ જ ધર્મનું મૂળ શ્રાવક અને સાધુમાં પહેલું છે. હવે પહેલી ચીજ જે જોઈએ એ તો ન મળે એ વિના ઉપરના બધા થોથા છે. આહાહા..! સત્ય વાત કહેતાં સત્યની આ વાત આચાર્યે આવી વાત કરી છે. નિંદા કરી છે આ? વસ્તુનું સ્વરૂપ બતાવ્યું છે. દયા છે, ભાઈ! તને બહારની પ્રવૃત્તિમાં તું માની બેઠો પણ વસ્તુ નથી. જન્મ-મરણ નહિ ટળે, બાપુ! નહિ ટળે. બહારની કોઈ નથી વાત કે આપી દે કોઈ ચલાવો કહી દે. શેઠિયાના છોકરાઓ ન બરાબર પાસ થતા હોય ને. પછી શેઠ જાય પેલા પાસે અને ચડાવો કહી. ચડાવો કરીને પાસ કરાવે. ચડાવો શું? માર્ક વધારાવે. આપણે 'તલકચંદભાઈ' કહેતા હતા ને ચડાવી દઈએ અમે. આહાહા..! એમ અજ્ઞાની ચડાવા કરાવી મારી નાખે. તમે તો મહામુનિ છો, તમે આચાર્ય છો, તમે ઉપાધ્યાય છો, તમે મહા વિદ્વાન છો.

'**ઈસકે હોને પર હી અત્યંત શોભાયમાન હોતા હૈ.**' લ્યો! જો સમ્યગ્દર્શનસહિત હોય. આત્માના અનુભવની દશા આનંદની, શુદ્ધની, પવિત્રતાની એ સહિત હોય તો એ વ્રત, તપ અને નગ્નપણું, નિર્ગ્રંથપણું શોભે છે. નહિતર શોભતું નથી. આહાહા..!

---

**आगे कहते हैं कि ऐसा जानकर दर्शनरत्नको धारण करो, ऐसा उपदेश करते हैः–**

**इय णाउं गुणदोसं दंसणरयणं धरेह भावेण।**
**सारं गुणरयणाणं सोवाणं पढम मोक्खस्स।।१४७।।**

इति ज्ञात्वा गुणदोषं दर्शनरत्नं धरतभावेन।
सारं गुणरत्नानां सोपानं प्रथमं मोक्षस्य।।१४७।।

**એમ જાણીને ગુણદોષ ધારો ભાવથી દગરત્નને,**
**જે સાર ગુણરત્નો વિષે ને પ્રથમ શિવસોપાન છે. ૧૪૭.**

**अर्थ :– हे मुने! तू 'इति' अर्थात् पूर्वोक्त प्रकार सम्यक्त्वके गुण और मिथ्यात्वके दोषोंको जानकर सम्यक्त्वरूपी रत्नको भावपूर्वक धारण कर। यह गुणरूपी रत्नोंमें सार है और मोक्षरूपी मंदिरका प्रथम सोपान है अर्थात् चढ़नेके लिए पहिली सीढ़ी है।**

**भावार्थ :– जितने भी व्यवहार मोक्षमार्गके अंग हैं, (गृहस्थके दान–पूजादिक और मुनिके महाव्रत – शीलसंयमादिक) उन सबमें सार सम्यग्दर्शन है, इससे सब सफल हैं, इसलिये मिथ्यात्वको छोड़कर सम्यग्दर्शन अंगीकार करो, यह प्रधान उपदेश है।।१४७।।**

---

## ગાથા-૧૪૭ ઉપર પ્રવચન

**'આગે કહતે હૈં કિ ઐસા જાનકર દર્શનરત્નકો ધારણ કરો,...'** લ્યો! એમ જાણીને સમ્યગ્દર્શનરત્ન છે. મહા અમૂલ્ય રત્ન. આહાહા..! **'ધારણ કરો, ઐસા ઉપદેશ કરતે હૈં :-'**

**इय णाउं गुणदोसं दंसणरयणं धरेह भावेण।**
**सारं गुणरयणाणं सोवाणं पढम मोक्खस्स।।१४७।।**

બે દોષ. મિથ્યાત્વનો દોષ અને સમકિતનો દોષ એમ.

**અર્થ :- 'હે મુને! તૂ ઈતિ અર્થાત્ પૂર્વોક્ત પ્રકાર સમ્યક્ત્વકે ગુણ ઔર મિથ્યાત્વકે દોષોંકો...'** બે જ વાત છે અહીં. મુનિલિંગ ધારી વ્રતાદિ કરે પણ મિથ્યાદૃષ્ટિ છે. એનો કર્તા થાય છે. આત્મા રાગથી ભિન્ન છે એનું તો ભાન નથી. એવા મિથ્યાત્વના દોષને અને સમકિતના ગુણને. લ્યો! **'મિથ્યાત્વકે દોષોંકો જાનકર સમ્યક્ત્વરૂપી રત્નોકો ભાવપૂર્વક ધારણ કરો.'** અંતરમાં નિર્વિકલ્પતા કરીને સમકિતને ધાર, એમ કહે છે. લ્યો! અહીં તો સમકિતને ધાર, એમ કહે છે.

**'સમ્યક્ત્વરૂપી રત્નકો ભાવપૂર્વક ધારણ કર.'** અંદર ધારણ કરે. કૈસા હૈ સમકિત રત્ન? **'યહ ગુણરૂપી રત્નોમેં સાર હૈ...'** લ્યો! આ બધા ગુણમાં સાર એ છે. ઈ કહે છે ચારિત્ર તો અલૌકિક વાત છે. પાઠ છે, જુઓને! **'सारं गुणरत्नानां'** ગુણોના સારમાં સાર રત્ન તે સમકિત છે. એમ કીધું છે. આહાહા..! **'યહ ગુણરૂપી રત્નોમેં સાર હૈ ઔર મોક્ષરૂપી મંદિરકા પ્રથમ સોપાન હૈ...'** પહેલું પગથિયું છે. મોક્ષના મંદિરે ચડવાનું પહેલું પગથિયું છે. એ પહેલા પગથિયા વિના બધી વાતું થોથેથોથા છે. એ વ્રત પાળે, અપવાસ કરે, તપ કરે, નગ્નપણું એમાં કાંઈ સાર છે નહિ. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પ્રવચન નં. ૧૫૨, ગાથા-૧૪૭-૧૪૮, શનિવાર, માગશર વદ ૭, તા.૧૯-૧૨-૭૦

'અષ્ટપાહુડ'. ભાવપાહુડની ૧૪૭ ગાથા. ટીકા આવી ગઈ છે. અર્થ થોડો ફરીને લઈએ. કહે છે કે **'હે મુને!'** મુનિને ઉદ્દેશીને વાત છે. પણ સમ્યગ્દર્શનરત્ન એ બધા ગુણોમાં પ્રધાન છે. સમ્યગ્દર્શન વિના કોઈ ગુણ ગુણમાં ગણાતો નથી. **'પૂર્વોક્ત પ્રકાર સમ્યક્ત્વકે ગુણ ઔર મિથ્યાત્વકે દોષોંકો...'** (ગાથા) ૧૪૭. સમકિતમાં લાભ અને મિથ્યાત્વમાં નુકસાન. એને 'જાનકર સમ્યક્ત્વરૂપી રત્નકો ભાવપૂર્વક ધારણ કર.' 'પ્રકાશદાસજી' વયા ગયા? સવારમાં હતા. કહે છે, સમકિતરૂપી રત્ન. લ્યો, આ દુનિયાના રત્ન એ રત્ન નહિ. ભગવાન સર્વજ્ઞ પરમાત્માએ કહ્યું જે આત્મતત્ત્વ, નિર્મળ શુદ્ધ આનંદનું ધામ, અખંડ અભેદ દ્રવ્યસ્વરૂપ,

એની શ્રદ્ધા અંતર્મુખ સમ્યગ્દર્શન એ બધા ગુણોમાં પ્રધાન અને મુખ્ય છે. સમ્યગ્દર્શન નથી ત્યાં વ્રત, તપ આદિ ક્રિયા એને કાંઈ પણ લાભદાયક નથી. બંધનનું કારણ છે. તેથી ભાવથી એને ધાર. ભાવ કરી ધાર એટલે? અંતરના સ્વભાવમાં સન્મુખ થઈને એનો અનુભવ કર. આત્મા વસ્તુ છે મહાઆનંદસ્વરૂપ, જ્ઞાનસ્વભાવ છે એની શ્રદ્ધા કર. એની શ્રદ્ધા ક્યારે થાય? કે એની સન્મુખ થાય તો. રાગ, નિમિત્ત અને અલ્પજ્ઞતાની વિમુખતા થઈ, પૂર્ણ પદ સર્વજ્ઞપદ આત્માનું, એની સન્મુખ થાય તો સમ્યગ્દર્શન થાય. એ રીતે ભાવથી ધાર, એમ. લ્યો, આ મુદ્દાની રકમની વાત આવી આ.

કૈસા હૈ સમ્યક્ત્વરૂપી રત્ન? '**ગુણરૂપી રત્નોમેં સાર હૈ...**' જેટલા ગુણરૂપી રત્ન કહેવાય એમાં સમ્યગ્દર્શન (સાર છે). બધા ગુણરૂપી રત્નમાં સમકિતરૂપી રત્ન સાર છે. ઓહોહો..! ઉત્તમ છે. બધા ગુણરૂપી રત્નમાં એ ઉત્તમ છે.

મુમુક્ષુ :- ચારિત્ર કરતાં પણ ઉત્તમ?

ઉત્તર :- અત્યારે તો પહેલી સમ્યગ્દર્શનની વાત છે ને. ચારિત્ર તો અલૌકિક વાત છે. પણ પહેલા ચારિત્રનું કારણ જે વસ્તુ છે એ પ્રગટ ન થાય એ વિના ચારિત્ર ક્યાંથી આવ્યું? ક્રિયાકાંડ, વ્રત, નિયમ અને અનેક પ્રકારના અભિગ્રહ ધારણ, એવા બધા ગુણો જે શુભભાવ કહેવાય, એમાં તો આ સમકિતરત્ન સાર છે. એ વિના તો કાંઈ છે નહિ. કહો, સમજાણું કાંઈ?

કૈસા હૈ? '**મોક્ષરૂપી મંદિરકા પ્રથમ સોપાન હૈ...**' મોક્ષરૂપી મંદિરનું પહેલું પગથિયું છે. પહેલું જ પગથિયું એ છે. હજી પગથિયા પહેલા વિના બીજું, ત્રીજું આવે ક્યાંથી? એમ કહે છે. જેને આત્મશાંતિ, આત્મા આનંદરૂપી પૂર્ણતાની પ્રાપ્તિરૂપી મુક્તિ, એનું આ સમ્યગ્દર્શન પહેલું પગથિયું છે. કહો, સમજાણું કાંઈ? '**મોક્ષરૂપી મંદિરકા પ્રથમ સોપાન હૈ અર્થાત્ ચઢનેકે લિયે પહેલી સીઢી હૈ.**' પહેલી સીઢી છે. હવે ઓલી કોર વ્યાખ્યા છે. કાલે આટલું તો આવ્યું હતું.

**ભાવાર્થ :- 'જિતને ભી વ્યવહાર મોક્ષમાર્ગકે અંગ હૈ,...'** નાખ્યું જુઓ એ. ચારિત્રની વાત જુદી પણ જેટલા વ્યવહાર મોક્ષમાર્ગના પ્રકાર છે. '**(ગૃહસ્થકે દાન-પૂજાદિક ઔર મુનિકે મહાવ્રત - શીલસંયમાદિક) ઉન સબમેં સાર સમ્યગ્દર્શન હૈ,...**' લ્યો! કહો, સમજાણું કાંઈ? અહીં તો કહે છે કે જેટલા ગૃહસ્થના વ્રત ને નિયમ ને દાન ને પૂજાના ભાવ (છે) એ બધા પુણ્યબંધના કારણ છે. આહાહા..! અને મુનિના મહાવ્રતાદિ, લ્યો! એ બધા વિકલ્પ શુભભાવ. આહાહા..! '**ઉન સબમેં સાર સમ્યગ્દર્શન હૈ,..**' સમ્યગ્દર્શન એટલે શું એની કાંઈ કિંમત જ નથી. એમ કે આ બધા અણુવ્રત અને મહાવ્રત સાધુએ પાળ્યા અને ગૃહસ્થોએ પણ પાળ્યા.

મુમુક્ષુ :- ખરું પણ વ્રત જેને હોય એને સમ્યગ્દર્શન હોય જ ને?

ઉત્તર :- પણ કોનું વ્રત કેવું પણ? ક્યાં હતા વ્રત? અજ્ઞાનભાવમાં વ્રત કેવા?

આહાહા..!

કહે છે, વ્યવહારના જેટલા અંગો છે, વ્રત ને નિયમ ને તપ ને અપવાસ ને એ બધામાં ગૃહસ્થને દાન-પૂજાદિક માર્ગમાં સમ્યગ્દર્શન છે. સમ્યગ્દર્શન એટલે દાન, પૂજા બધા એકડા વિનાના મીંડા છે. અણુવ્રતાદિ પણ. આહાહા..! અને મુનિને મહાવ્રત અને શીલ-સંયમ આદિ, લ્યો! ઈન્દ્રિયના દમન, કષાયની મંદતા એ બધા ભાવ '**ઉન સબમેં સાર સમ્યગ્દર્શન હૈ,...**' આહાહા..! મૂળ ભૂમિ જ્યાં પાકી થઈ નથી અંદર આત્મા અનુભવમાં, એને કંઈપણ લાભદાયક કોઈ ચીજ છે નહિ. કહો, સમજાણું કાંઈ? એની કિંમત અત્યારે ઘટી ગઈ. આ વ્રતની, તપની, ત્યાગની (કિંમત). ભગવાન કહે છે કે આની કિંમત છે તો આ કહે કે આની કિંમત છે. સમજાણું કાંઈ? છે એમાં છે? ૧૪૭. ૨૭૦ પાનું. ૨૭૦ પાનું. એમાં નહિ હોય. પણ ૧૪૭ ગાથા, લ્યોને. ભાવપાહુડની.

'**સબમેં સાર સમ્યગ્દર્શન હૈ, ઈસમેં સબ સફલ હૈં,...**' વ્રતાદિ બધા ગમે તે હો પણ સમ્યગ્દર્શન વિના એ બધું નિરર્થક અને નિષ્ફળ છે, એમ કહે છે. એ ચીજ શું એની કિંમત લોકોને ઓછી થઈ ગઈ. અને આ ખાવું ને પીવું ને આ વ્રત ને અપવાસ ને એમ કે દેવ, ગુરુ ને શાસ્ત્રેય પણ અણુવ્રત અને મહાવ્રતને પાળ્યા છે દેવ-ગુરુએ અને શાસ્ત્રએ અણુવ્રત અને મહાવ્રત કહ્યા છે માટે દેવ-ગુરુ-શાસ્ત્રનું શું કામ? આપણે અણુવ્રત અને મહાવ્રત પાળો. કહો! સંપ્રદાયવાળા એમ માને છે? લ્યો, એ તમારી ભાષા કીધી મેં. સવારમાં તમે કહ્યું હતું. દેવ-ગુરુ-શાસ્ત્રનું શું કામ છે? કારણ કે દેવ-ગુરુએ તો એ પાળ્યા હતા. આપણે પાળવું ઈ. થઈ રહ્યું. પછી પ્રશ્ન શું? શાસ્ત્રએ કહ્યું. શાસ્ત્રએ કહ્યું હતું એ પ્રમાણે આપણે પાળવું. પણ એ શાસ્ત્ર અને દેવ-ગુરુએ તેં કહ્યું એમ કહ્યું જ નથી. આહાહા..!

મહાવ્રતના અને અણુવ્રતના વિકલ્પ છે એ તો શુભરાગ છે અને રાગથી સ્વરૂપ છે એ તો નિવૃત્ત સ્વરૂપ છે. એની તો એને ખબર નથી. નિવૃત્તસ્વરૂપ છે, રાગથી નિવૃત્ત સ્વરૂપ છે. રાગ આસ્રવ છે. આસ્રવથી તો અભાવ-સ્વભાવસ્વરૂપ છે. હવે એ આસ્રવને પાળ્યા? જેનામાં એ ભાવ નથી એને પાળ્યા? એનો અર્થ શું થયો? મિથ્યાદષ્ટિમાં જોર જ એવું બધું વધે છે એને. બહારની ક્રિયાકાંડમાં.. આહાહા..! 'કુંદકુંદાચાર્યે' પંચમહાવ્રત પાળ્યા, અઠ્યાવીસ મૂળગુણ પાળ્યા. ક્યાં પાળ્યા? સાંભળને! આહાહા..!

મુમુક્ષુ :- ધર્મ પાળ્યો.

ઉત્તર :- ધર્મ એ તો રાગરહિત આત્માની સમ્યગ્દર્શન રત્ન અપૂર્વ અનુભવ, આત્માના આનંદનો અનુભવ, એમાં પ્રતીત થવી એવું એ સમ્યગ્દર્શન છે. એ સમ્યગ્દર્શન વિના બધા થોથેથોથાં છે. સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરદેવનું તો આ કથન છે. સમજાણું? છે?

'**મિથ્યાત્વકો છોડકર સમ્યગ્દર્શન અંગીકાર કરો, યહ પ્રધાન ઉપદેશ હૈ.**' આ મુખ્ય ઉપદેશ છે. એને ઠેકાણે આ તો કરો વ્રત ને કરો અણુવ્રત ને કરો મહાવ્રત ને કરો આ. એ તો બધો વિકલ્પ રાગ છે. રાગ તો સમ્યગ્દષ્ટિને હેય છે. ધર્મી જીવને રાગ હેયબુદ્ધિએ આવે છે.

ત્યારે આ કહે કે એ જ કરવું એ આત્માનું પાલન છે અને ચારિત્ર છે. આહાહા..!

મુમુક્ષુ :- .. આત્માનો સ્વભાવ છે.

ઉત્તર :- .. સ્વભાવ છે, ગજબની વાત છે ને. કાળા કેર કરે છે. રાગ એ આત્માનો સ્વભાવ છે. સમજાણું કાંઈ? લોકોને મૂળ તત્ત્વની ખબર જ નથી. આ ઉપરટપકે બધું ચાલ્યું. લાગે સારું. નવરાશ ન મળે. ચોવીસ કલાક તો ધંધાના પાપમાં રોકાય. ઊંઘમાં રોકાય કેટલાક કલાક. કેટલાક ઓલામાં રોકાય. સાંભળવાનું મળે કલાક-બલાક તો આવું સાંભળી આવે ત્યાં. હવે બીજું કાંઈ વિચારવાનું હોય નહિ. જો આ વ્રત પાળવા, જો આ ચોવિહાર કરવા, જો આ કંદમુળ ન ખાવું, જો આ ફલાણું કરવું, અપવાસ કરવો, લ્યો! દયા પાળો. આહાહા..! કહો. એ તો બધી ક્રિયાનો ભાગ રાગ છે. એ વીતરાગ સ્વભાવ નહિ, એ આત્માનો સ્વભાવ નહિ, ધર્મ નહિ. ભારે વાતું આકરી.

'**મિથ્યાત્વકો છોડકર સમ્યગ્દર્શન અંગીકાર કરો, યહ પ્રધાન ઉપદેશ હૈ.**' મૂળ ઉપદેશ એ છે એમ કહે છે. પ્રધાન ઉપદેશ. એમ. એ મુખ્ય ઉપદેશ છે. સમજાણું કાંઈ?

---

**आगे कहते हैं कि सम्यग्दर्शन किसको होता है? जो जीव, जीवपदार्थके स्वरूपको जानकर इसकी भावना करे, इसका श्रद्धान करके अपनेको जीवपदार्थ जानकर अनुभव द्वारा प्रतीति करे उसके होता है। इसलिये अब यह जीवपदार्थ कैसा है उसका स्वरूप कहते हैं :–**

**कत्ता भोई अमुत्तो सरीरमित्तो अणाइणिहणो य।**
**दंसणणाणुवओगो [1]णिद्दिट्ठो जिणवरिन्देहिं।।१४८।।**

**कर्त्ता भोक्ता अमूर्तः शरीरमात्रः अनादिनिधनः च।**
**दर्शनज्ञानोपयोगः [2]निर्दिष्टः जिनवरेन्द्रैः।।१४८।।**

**કર્તા તથા ભોક્તા, અનાદિ-અનંત, દેહપ્રમાણ ને,**
**વણમૂર્તિ, દગજ્ઞાનોપયોગી જીવ ભાખ્યો જિનવરે. ૧૪૮.**

**अर्थ :– 'जीव' नामक पदार्थ है सो कैसा है – कर्ता है, भोक्ता है, अमूर्तिक है, शरीरप्रमाण है, अनादिनिधन है, दर्शन–ज्ञान उपयोगवाला है, इसप्रकार जिनवरेन्द्र सर्वज्ञदेव वीतरागने कहा है।**

**भावार्थ :– यहाँ 'जीव' नामक पदार्थके छह विशेषण कहे। इनका आशय ऐसा है कि –**

**१– 'कर्त्ता' कहा, वह निश्चयनयसे तो अपने अशुद्ध भावोंका अज्ञान अवस्थामें आप ही**

---

१. पाठान्तरः – जीवो णिद्दिट्ठो।

२. पाठान्तरः– जीवः निर्दिष्टः।

कर्त्ता है तथा व्यवहारनयसे ज्ञानावरणादि पुद्‌गल कर्मोंका कर्त्ता है और शुद्धनयसे अपने शुद्धभावोंका कर्त्ता है।

२– 'भोक्ता' कहा, वह निश्चयनयसे तो अपने ज्ञान–दर्शनमयी चेतनाभावका भोक्ता है और व्यवहार नयसे पुद्‌गलकर्मके फल जो सुख–दुःख आदिका भोक्ता है।

३– 'अमूर्तिक' कहा, वह निश्चयसे तो स्पर्श, रस, गन्ध, वर्ण, शब्द ये पुद्‌गलके गुण–पर्याय हैं, इनसे रहित अमूर्तिक है और व्यवहार से जबतक पुद्‌गलकर्मसे बँधा है तब तक 'मूर्तिक' भी कहते हैं।

४ – 'शरीरपरिमाण' कहा, वह निश्चयसे तो असंख्यातप्रदेशी लोकपरिमाण है, परन्तु संकोच–विस्तारशक्तिसे शरीरसे कुछ–कम–प्रदेशप्रमाण आकारमें रहता है।

५ – 'अनादिनिधन' कहा, वह पर्यायदृष्टिसे देखनेपर तो उत्पन्न होता है, नष्ट होता है, तो भी द्रव्यदृष्टिसे देखा जाय तो अनादिनिधन सदा नित्य अविनाशी है।

६ – 'दर्शन–ज्ञान उपयोगसहित' कहा, वह देखने–जाननेरूप उपयोगस्वरूप चेतनारूप है।

इन विशेषणोंसे अन्यमती अन्यप्रकार सर्वथा एकान्तरूप मानते हैं उनका निषेध भी जानना चाहिये। 'कर्त्ता' विशेषणसे तो सांख्यमती सर्वथा अकर्त्ता मानता है उसका निषेध है। 'भोक्ता' विशेषणसे बौद्धमती क्षणिक मानकर कहता है कि कर्मको करनेवाला तो और है तथा भोगनेवाला और है इसका निषेध है। जो जीव कर्म करता है उसका फल वही जीव भोगता है, इस कथनसे बौद्धमती के कहनेका निषेध है। 'अमूर्तिक' कहनेसे मीमांसक आदि इसे शरीरसहित मूर्तिक ही मानते हैं, उनका निषेध है। 'शरीरप्रमाण' कहनेसे नैयायिक, वैशेषिक, वेदान्ती आदि सर्वथा सर्वव्यापक मानते हैं उनका निषेध है। 'अनादिनिधन' कहनेसे बौद्धमती सर्वथा क्षणस्थायी मानता है, उसका निषेध है। 'दर्शनज्ञानउपयोगमयी' कहनेसे सांख्यमती तो ज्ञानरहित चेतनामात्र मानता है, नैयायिक, वैशेषिक, गुणगुणीके सर्वथा भेद मानकर ज्ञान और जीवके सर्वथा भेद मानते हैं, बौद्धमतका विशेष 'विज्ञानाद्वैतवादी' ज्ञानमात्र ही मानता है और वेदांती ज्ञानका कुछ निरूपण ही नहीं करता है, इन सबका निषेध है।

इसप्रकार सर्वज्ञका कहा हुआ जीवका स्वरूप जानकर अपनेको ऐसा मानकर श्रद्धा, रुचि, प्रतीति करना चाहिये। जीव कहनेसे अजीव पदार्थ भी जाना जाता है, अजीव न हो तो जीव नाम कैसे होता? इसलिये अजीवका स्वरूप कहा है, वैसाही उसका श्रद्धान आगम–अनुसार करना। इसप्रकार अजीव पदार्थका स्वरूप जानकर और इन दोनोंके संयोगसे अन्य

**आस्रव, बंध, संवर, निर्जरा, मोक्ष इन भावोंकी प्रवृत्ति होती है। इनका आगमके अनुसार स्वरूप जानकर श्रद्धान करनेसे सम्यग्दर्शनकी प्राप्ति होती है, इसप्रकार जानना चाहिये।।१४८।।**

## ગાથા–૧૪૮ ઉપર પ્રવચન

'**આગે કહતે હૈં કિ સમ્યગ્દર્શન કિસકો હોતા હૈ? જો જીવ, જીવપદાર્થકે સ્વરૂપકો જાનકર...**' દેખો હવે. આખા જૈનદર્શનનો સાર એક ગાથામાં મૂકે છે. જીવની ચીજ કેવી ભગવાને જોઈ, (અને) ભગવાને કહી. '**જીવપદાર્થકે સ્વરૂપકો જાનકર...**' ભગવાન સર્વજ્ઞ પરમાત્મા પરમેશ્વર કેવળી, એણે જે જીવનો સ્વભાવ કહ્યો એને જાણી '**ઈસકી ભાવના કરે,...**' જાણીને આની ભાવના કરે. જાણ્યા વિના કોની ભાવના કરે? સમજાણું કાંઈ? આ આત્મા શું ચીજ છે? એને જાણી એની ભાવના કરે. લ્યો! '**ઈસકા શ્રદ્ધાન કરકે...**' લ્યો! પર્યાયની શ્રદ્ધા કરે કે આ આત્મા જ્ઞાનાનંદ શુદ્ધ ચૈતન્ય છે.

'**અપનેકો જીવપદાર્થ જાનકર...**' પોતાને જીવપદાર્થ જાણી. આસ્રવ, પુણ્ય-પાપ, શરીર-વાણી હું નહિ. લ્યો! મહાવ્રતાદિના પરિણામ એ જીવપદાર્થ નહિ. એ તો અન્ય પદાર્થ છે, આસ્રવ પદાર્થ છે. '**જીવપદાર્થ જાનકર અનુભવ દ્વારા પ્રતીતિ કરે...**' દેખો! જીવ પદાર્થ જાણી, અનુભવ કરી પ્રતીતિ કરે. ઓલા વયા લાગે છે, 'કાંતિભાઈ' ગયા લાગે છે. 'કાંતિભાઈ' આવ્યા હતા ને? સમજાણું કાંઈ? આ હિન્દી પુસ્તકો છે પણ આમાં તો એકલા પાઠ છે. અર્થ તો આમાં છે. શું કહ્યું સમજાણું?

ભગવાન સર્વજ્ઞદેવ તીર્થંકરદેવે કેવળજ્ઞાનમાં જે જીવ પદાર્થ જોયો, ભગવાને જે જીવ વસ્તુને અંતર જોઈ એ તો અનંત આનંદ અને અનંત જ્ઞાનની મૂર્તિ જીવને જોયો ભગવાને. એ કહેશે આગળ, જુઓ! '**जिणवरिन्देहिं**' જિનવર ઈન્દ્રે. જિનવર નામ જિનવર ઈન્દ્ર. એવા પરમાત્મા જિનેન્દ્રદેવ, એણે જીવને ભગવાને કેવળજ્ઞાનમાં જોયો એવો કહ્યો, એની અંદર શ્રદ્ધા કરે. એ શું છે એની તો ખબર ન મળે. રાગ કરે, પુણ્ય કરે, દયા-દાન કરે એ જીવ. એ જીવ નહિ, એ તો રાગ છે. આહાહા..! જીવ તો જાણે, દેખે અને આનંદમાં અંતર સ્વભાવથી ભરેલું તત્ત્વ, એને જાણીને પછી એમ કહે, જુઓ ભાષા! '**અનુભવ દ્વારા પ્રતીતિ કરે...**' લ્યો! ઓલા ક્યાં ગયા બધા વયા ગયા? 'મુંબઈ'નું. આ તો કહે, શ્રદ્ધાનની પ્રધાનતા કરો. ભાઈ સાંભળને. બેય પ્રધાન છે. જ્યારે જે વખતે જે અપેક્ષાથી કહેવું હોય એ (કહેવાય). આહાહા..! જાણ્યા વિના અનુભવ શેનો? અને અનુભવ વિના પ્રતીતિ શેની? એમ કહે છે. જે ચીજ નજરમાં જ આવી નથી, ભાવ અંદર ભાસ્યો નથી, ભાસ્યા વિના આ વસ્તુ, એમ પ્રતીત શેની કરવી? આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- મુખ્ય કોણ?

ઉત્તર :- બેય મુખ્ય. કીધું ને, શું સાંભળ્યું હમણાં? બેય મુખ્ય. એ તમારી તકરાર

'મુંબઈ'માં પડી છે. જુઓને, અહીંયાં જ્ઞાન મુખ્ય આવ્યું. શ્રદ્ધા પછી કરી.

મુમુક્ષુ :- જ્ઞાન જ મુખ્ય છે.

ઉત્તર :- આવે જ. જાણનાર ઈ છે કે નહિ? જાણ્યા વિના શ્રદ્ધા કોની? શ્રદ્ધા તો નિર્વિકલ્પ પ્રતીતરૂપ છે, અસ્તિરૂપ છે. એને તો ખબર નથી કે હું કોણ છું? પ્રધાન જ્ઞાનની વાત છે અહીંયાં. ૧૭-૧૮ની વાત થઈ ગઈ. જાણેલો. જીવ જાણ્યા... જાણવો... જાણવો.. પછી શ્રદ્ધવી એમ વાત આવે છે. ત્યારે કોની? સમજ્યા વિના શ્રદ્ધા કોની? ત્યારે એ સમજણ એટલે વ્યવહાર સમજણ. નહિ-નહિ વ્યવહાર નહિ. એ સમજણ કે દિ' હતી?

આત્મામાં રાગના વિકલ્પથી રહિત જ્ઞાનને જ્ઞાન દ્વારા જાણી અને અનુભવ કરીને પ્રતીત કરવી એનું નામ ભગવાન સમ્યગ્દર્શન કહે છે. એની તો કાંઈ ખબર ન મળે અને કરો વ્રત ને કરો તપ. લાંઘણું. એકડા વિનાના મીંડા છે બધા. કહો, 'વાડીભાઈ'!

મુમુક્ષુ :- એ એમ કહે છે કે અમારે કરવા નથી એટલે એમ કહે છે.

ઉત્તર :- કરો ને. મરી ગયા કરી કરીને. વ્રત ને બધા મહાવ્રત. શું છે? સમજાણું કાંઈ? ધૂળમાંય નહોતું કાંઈ. રાગની ક્રિયામાં છે શું? પણ એ તો રાગની વૃત્તિ છે. અભવિ પણ એવું તો કરે છે. નવમી ગ્રૈવેયકે ગયો અભવિ શુક્લલેશ્યા. શું ચીજ? ચીજ તો અંદર આ. વિકલ્પના, રાગના અંશ વિનાની ચીજ છે. આસ્રવતત્ત્વ વિનાની ચીજ છે, અજીવ વિનાની ચીજ અંદર છે. ભગવાને એને આત્મા કહ્યો છે. આહાહા..! એવો આત્મા અનંતજ્ઞાન-દર્શન (યુક્ત છે). ખુલાસો કરશે.

**'ઉસકે હોતા હૈ. ઈસલિયે અબ યહ જીવપદાર્થ કૈસા હૈ ઉસકા સ્વરૂપ કહતે હૈં :-'**

**कत्ता भोई अमुत्तो सरीरमित्तो अणाइणिहणो य।**

**दंसणणाणुवओगो [1]णिद्दिट्ठो जिणवरिन्देहिं।।१४८।।**

જિનવરેન્દ્ર-ભગવાને આમ કહ્યું છે. 'કુંદકુંદાચાર્ય' પણ સાક્ષી આપતા જાય છે. આહાહા..! કહો, આ દેવનું શું કામ છે અહીં? એય..! 'ચેતનજી'! 'પ્રકાશદાસજી'! આ તો દેવને મોઢાઆગળ મૂકે છે. ત્રણલોકના નાથ સર્વજ્ઞ પરમાત્મા વીતરાગદેવે આ કહ્યું છે. વીતરાગદેવ વિના પોતાની કલ્પનાથી માને એ બધું અજ્ઞાન, અનાદિથી અજ્ઞાનને રગડે છે. આહાહા..! જુઓ! આચાર્ય પોતે કહે છે. '**णिद्दिट्ठो जिणवरिन्देहिं**' જિનવર ઈન્દ્રે અમને આમ કહ્યું છે. નિર્દિષ્ટ કહ્યું છે કથન.

**અર્થ :- 'જીવ નામક પદાર્થ હૈ...'** આ વસ્તુ ભગવાનઆત્મા અંદર. આ તો માટી, જડ છે ધૂળ. વાણી જડ છે ધૂળ. અવાજ ઊઠે, અંદર વિકલ્પ ઉઠે દયા, દાન, વ્રતનો એ તો આસ્રવ અને રાગ વિકાર છે. એ જીવતત્ત્વ નહિ. જીવની ખબર ન મળે અને એને ધર્મ થઈ જાય! આહાહા..! સમજાણું કાંઈ? **'જીવ નામક પદાર્થ હૈ સૌ કૈસા હૈ-કર્તા હૈ,...'** ખુલાસો કરશે. **'ભોક્તા હૈ, અમૂર્તિક હૈ, શરીરપ્રમાણ હૈ, અનાદિનિધન હૈ, દર્શન-જ્ઞાન-**

**ઉપયોગવાલા હૈ, ઈસપ્રકાર જિનવરેન્દ્ર સર્વજ્ઞદેવ વીતરાગને કહા હૈ.**' સર્વજ્ઞદેવ વીતરાગ પરમાત્મા, એમણે જીવને આવો કહ્યો છે. હવે એને જીવની ખબર ન મળે. સમજાણું કાંઈ?

**ભાવાર્થ :– 'યહાં જીવ નામક પદાર્થકે છહ વિશેષણ કહે.' છ પ્રકાર. 'ઈનકા આશય ઐસા હૈ કિ–'**

**'૧– 'કર્તા' કહા, વહ નિશ્ચયનયસે તો અપને અશુદ્ધ (રાગાદિ) ભાવોંકા અજ્ઞાન અવસ્થામેં આપ હી કર્તા હૈ...'** હવે જુઓ! ખુલાસો. અજ્ઞાની, સર્વજ્ઞ સિવાય જેટલા કલ્પે છે ને અજ્ઞાનીઓ? બધાનો ખુલાસો આમાં છે. **'અપને અશુદ્ધ (રાગાદિ) ભાવોંકા...'** પુણ્ય અને પાપનો, વ્રતનો, અવ્રતનો વિકલ્પ રાગ. એ **'અપને અશુદ્ધ રાગાદિ ભાવોંકા...'** જોયું! એ પર્યાય વિકારી એની. એની માની છે ને? એના ઉપર છે ને દૃષ્ટિ? દ્રવ્ય ઉપર તો દૃષ્ટિ છે નહિ. **'અશુદ્ધ રાગાદિ ભાવોંકા અજ્ઞાન અવસ્થામેં આપ હી કર્તા હૈ...'** લ્યો! આહાહા..! મહાવ્રતના અને વ્રતના અને અવ્રતના વિકલ્પ જે ઊઠે છે વૃત્તિ–રાગ, એનો અજ્ઞાન અવસ્થામાં જીવ કર્તા છે, કર્મ કર્તા નથી. ઈશ્વર કોઈ કર્તા–ફર્તા છે નહિ. કહો, સમજાણું કાંઈ?

**'અપને અશુદ્ધ રાગાદિ ભાવોંકા...'** એટલે રાગ, દ્વેષ, વિષય, વાસના, ભ્રાંતિ. એ વસ્તુના સ્વરૂપના અજ્ઞાનમાં, અજ્ઞાન અવસ્થાની દશામાં જીવ ભગવાને એવો કહ્યો, ભગવાને એવો કહ્યો કે અજ્ઞાન એટલે મિથ્યાત્વ અવસ્થામાં એ જીવ પોતે પુણ્ય–પાપના રાગનો કર્તા છે. થાય છે. કહો, સમજાણું કાંઈ? હવે અજ્ઞાન અવસ્થામાં રાગાદિનો કર્તા એ શીલ કાઢ્યું. પકડ્યા વિના સમજાય નહિ. અને આનો ધર્મ થાય. કરો સામાયિક અને કરો પોષા. શેના સામાયિક–પોષા? જ્યાં વસ્તુ આત્મા કોણ છે એની તો ખબર ન મળે. એમાં ઠરવાની ક્રિયા તો જ્યારે જાણ્યું હોય તો ઠરવાની ક્રિયા હોય. આ તો બહારની ક્રિયાકાંડ. કરવાની ક્રિયા કે દિ' હતી? અઠરવાની છે. રખડવાના છે શુભભાવ. એ તો વિકલ્પ છે. અહીં તો આત્મા ચૈતન્યમૂર્તિ આનંદસ્વરૂપ, એનું ભાન થઈને આનંદમાં સ્થિર રહે એનું નામ સામાયિક છે. આવા ગડિયા હાંકે એ સામાયિક છે? એ તો અભવિ પણ કરે છે. સમજાણું કાંઈ?

**'અજ્ઞાન અવસ્થામેં આપ હી કર્તા હૈ...'** શેનો? એ રાગ–દ્વેષ અને પુણ્ય–પાપના ભાવનો. અજ્ઞાન અવસ્થામાં કર્તા (છે). કારણ કે અજ્ઞાનમાં પરિણમે છે એ. **'વ્યવહારનયસે જ્ઞાનાવરણાદિ પુદ્‌ગલ...'** કર્મ જે જ્ઞાનાવરણાદિ આદિ તીનકા નિમિત્ત છે ને એટલે કર્તા કહેવામાં આવે છે. આઠ કર્મનુ બંધન જડ છે. એને વ્યવહારે કર્તા એટલે ખરેખર કર્તા નથી પણ અજ્ઞાનભાવનો કર્તા છે એ એને નિમિત્ત પડે છે માટે એનો વ્યવહારે કર્તા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહાહા..!

**'શુદ્ધનયસે અપને શુદ્ધભાવોંકા કર્તા હૈ.'** આહાહા..! ધર્મદૃષ્ટિ થતાં સમકિતી જીવ

શુદ્ધ સ્વભાવની દૃષ્ટિ થતાં એ શુદ્ધ સ્વભાવનો કર્તા છે. સમકિતી રાગનો પણ કર્તા નહિ, દયા-દાનનો કર્તા નહિ, વ્રતના પરિણામનો કર્તા નહિ. છે કે નહિ એમાં? આહાહા..! ગાથા છે અહીં, કો'કને પુસ્તક જોઈતી હોય તો. અર્થ નથી એમાં કાંઈ? સમજાણું કાંઈ? આ બધા સંથારા કરતા હશે, અપવાસ મહિના-મહિનાના કરતા હશે એ કાંઈ શરીરની મમતા છોડ્યા વિના કરતા હશે? શું હશે એનો ઉત્તર? હેં! મિથ્યાત્વભાવમાં ગાંડા-પાગલ થઈને કરે છે. ભાન ક્યાં છે એને. રણમાં જેમ વીરો માથા મૂકે છે. અમારું રાજ કેમ જાય? એને માટે શરીર જાય તો દરકાર નથી કરતા. એ તો અજ્ઞાનનું ધ્યેય છે. એમ આને મિથ્યાત્વનું ધ્યેય છે. સમજાણું કાંઈ? આત્માની ખબર એને નથી. આહાહા..! વીસ-વીસ વર્ષના જુવાન રાજકુમાર, રાજ જાતા હોય તો માથા આપે આમ. પાછા માથા પડે તો રોવે નહિ, હોં! વીર તે રોતા હશે? જાવ-જાવ, શરીર જાવ. મમતા છૂટી હશે એને. મોટી મમતા, જબ્બર મમતા. એમ આ પણ એને હેતુ તો શુભભાવનો છે. એને ધર્મ હેતુ ક્યાં છે? ધર્મ તો સૂઝ્યો નથી. શુભભાવના હેતુએ બધા ક્રિયાઓ કરે એ તો મિથ્યાત્વભાવ છે. આહા..!

'**શુદ્ધનયસે અપને શુદ્ધભાવોંકા કર્તા હૈ.**' એટલે શું કહ્યું? ધર્મી જીવ થતાં આત્મા શુદ્ધ ચૈતન્ય છે એમ ભાન થતાં એ શુદ્ધ પવિત્રભાવનો કર્તા છે. એ વ્યવહારરત્નત્રય અને વ્રતાદિનો કર્તા પણ એ છે નહિ. છે એમાં? અહીં (તો કહે,) ભગવાને મહાવ્રત પાળ્યા હતા. દેવે-ગુરુએ પાળ્યા હતા માટે આપણે પાળો. ધૂળેય પાળ્યા નથી. તને ખબર નથી. વીતરાગ કોને કહેવા ને મુનિ કોને કહેવા. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- .. નાના વ્રત પાળે.

ઉત્તર :- છોટે વ્રત પાળે, ઓલા મોટા વ્રત પાળે. આહાહા..! મારી નાખ્યા. અહીં તો કહે છે કે વ્રતનો વિકલ્પ છે એનો કર્તા છે એ અજ્ઞાની છે, મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..!

'**શુદ્ધનયસે અપને શુદ્ધભાવોંકા કર્તા હૈ.**' એટલે? આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ સર્વજ્ઞ પરમેશ્વરે કહ્યો એવો જે આત્મા અંદર જાણવામાં અનુભવમાં આવ્યો ત્યારે તેને સમ્યગ્દૃષ્ટિ કહીએ. એ સમ્યગ્દૃષ્ટિ જીવ રાગનો કર્તા નથી, શરીર-વાણીની ક્રિયાનો કર્તા નથી. ફક્ત શુદ્ધ પરિણામ, એ શુભક્રિયા રહિત શુદ્ધ પરિણામનો કર્તા છે. કર્તાના ત્રણ બોલ થયા. શુદ્ધનય, અશુદ્ધનય અને વ્યવહારનય. .. આમ ઉતાર્યું અશુદ્ધ વ્યવહારને. કારણ કે અનાદિનો અજ્ઞાનભાવે રાગ-દ્વેષનો કર્તા છે ત્યાંથી ઉપાડ્યું અને કર્મનો કર્તા તો વિકારી પરિણામ કરે છે એ કર્મમાં નિમિત્ત થાય છે એથી એને વ્યવહાર કર્તા કહેવામાં આવે છે. કહ્યો.

નિશ્ચય સત્ય વસ્તુને જ્યાં પહોંચ્યો છે, આત્મા આનંદસ્વરૂપ જ્ઞાન એવું ભગવાને કહ્યું એવું જાણ્યું અને અનુભવ્યું, એને ધર્મી કહીએ અને એને સમકિતી કહીએ. એ સમકિતી ચોથા ગુણસ્થાનથી પોતાના શુદ્ધ, દયા, દાન, વ્રતના વિકલ્પ વિનાની ચીજ અંદરની શુદ્ધ (છે) એનો એ કર્તા છે. આહાહા..! સમજાણું કાંઈ? ગળે ઉતરવું કઠણ. સાંભળ્યું ન હોય.

અનાદિનું એમ ને એમ અજ્ઞાન રગડ્યું છે. એની એ વાત એને સાંભળવા મળી હોય. એટલે એમાં થઈ રહ્યું, .. જાય. લ્યો, એ એક બોલ થયો. કર્તા. શું કહ્યું કર્તાના બોલમાં? યાદ રહ્યું?

મુમુક્ષુ :- ત્રણ બોલ આવ્યા.

ઉત્તર :- ત્રણ આવ્યા. પણ ક્યા ત્રણ? આમ નહિ જવાબ દેતા હોય ત્યાં ...માં.

મુમુક્ષુ :- ધંધો શેનો ચાલે?

ઉત્તર :- ન, ચાલે.

અશુદ્ધ આત્મા જેણે જાણ્યો છે એ અજ્ઞાની છે. એ અશુદ્ધ આત્માનો જાણનાર રાગનો કર્તા અજ્ઞાનમાં છે. કહો, હવે તો આ વાત સીધી છે. જેણે અશુદ્ધ જાણ્યો છે. શુદ્ધ છે એને તો જાણ્યો નથી, ખ્યાલ નથી. પુણ્ય અને પાપના ભાવ, રાગવાળો આત્મા અને રાગનો કર્તા જાણ્યો છે અજ્ઞાનમાં. એ જીવ અજ્ઞાન અવસ્થામાં રાગનો કર્તા છે. શેઠ! બીડીનો કર્તા છે નહિ. એ તો અહીં લાવ્યા જ નથી એમાં. બીડી અને મકાનમાં.

મુમુક્ષુ :- એ તો વ્યવહારથી ત્રણનો કર્તા કહેવાય.

ઉત્તર :- વ્યવહાર કાંઈ કરતા નથી. આહાહા..! વ્યવહાર તો ફક્ત ઓલો વિકાર કરે છે એ વિકાર નિમિત્ત થાય છે ઓલા કર્મને, એથી એને વ્યવહારે કર્તા કહેવામાં આવે છે. આહાહા..! વ્યવહાર એટલે નથી તેને કહેવું એનું નામ વ્યવહાર. અને ધર્મી ધર્મ કરનારો એને કહીએ, ધર્મી ધર્મ કરનાર એને કહીએ કે જે આત્મા શુદ્ધ છે, પવિત્ર છે, આનંદ છે, જ્ઞાનનો સ્વભાવ છે એવું જેણે અંતરમાં જાણ્યું છે જીવના સ્વરૂપને, તે જીવ તો શુદ્ધનયે તો એને શુદ્ધતાના પરિણામ થાય એનો કર્તા કહેવાય છે. કારણ કે શુદ્ધપણે પરિણમે છે માટે એનો કર્તા કહેવાય છે. આહાહા..! કહો, સમજાણું કાંઈ?

શું છે આ? આ તો હજી ચોથા ગુણસ્થાનની વાત ચાલે છે. સમ્યગ્દર્શન થતાં ધર્મની પહેલી સીઢી. માથે કહ્યું ને? ધર્મનું પહેલું સોપાન, પહેલી સીઢી, મોક્ષમાર્ગનું પહેલું પગથિયું. એવો જે જીવ સમ્યગ્દષ્ટિ... આહાહા..! ધર્મી જેને કહીએ તો, તે ધર્મી ધર્મ શુદ્ધભાવનો કર્તા છે. એ ધર્મી રાગ, મહાવ્રત-ફહાવ્રતના વિકલ્પનો કર્તા નથી, કર્મનો કર્તા વ્યવહારે છે નહિ. વ્યવહારે કર્તા નથી. કારણ કે આ વિકારનો કર્તા નથી પછી ઓલાનો કર્તા ક્યાંથી આવ્યો? એમ કહે છે. આહાહા..! બસ. સમજાણું કાંઈ?

વળી, '**૨-'ભોક્તા' કહા.**' ભગવાને આત્માને ભોક્તા કહ્યો. એના બે બોલ લેશે, પણ ત્રીજો બાકી. '**નિશ્ચયસે તો અપને જ્ઞાન-દર્શનમયી ચેતનાભાવકા ભોક્તા હૈ...**' જે ત્રીજો બોલ એમાં લીધો હતો એ પહેલો લીધો અહીં. ખરેખર તો ભગવાનઆત્મા, આત્મા થયો છે, આત્મારૂપે છે. એ રીતે છે તે રહ્યો છે, થયો છે એવો જે સમ્યગ્દષ્ટિ જીવ એ પોતાના શુદ્ધભાવ જ્ઞાન-દર્શનનો ભોક્તા છે. આહાહા..! કહો, સમજાણું કાંઈ? એ ધર્મી દાળ, ભાત, રોટલા, શાકનો ભોક્તા નથી. એ ભોક્તા તો અજ્ઞાની પણ નથી. એ તો વાત

આવી ગઈ. ત્યારે આ ખાય છે પીવે છે ને? આત્મા જાણ્યો હોય તો ખાવું-પીવું છોડી દો. છૂટેલું જ પડ્યું છે. કે દિ' ખાધું હતું એણે. એ તો જડની દશા માટી છે, પુદ્‌ગલ છે. એનું આવવું-જાવું જડને લઈને છે, તારે લઈને છે ત્યાં? તું એનો ધણી છો? ઈશ્વર છો કાંઈ એનો-જડનો? જડનો ઈશ્વર જડ. એનું કર્તાપણું એનું એનામાં.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એ કોણ 'માણેકચંદજી'? એને બિચારાને ખબર નથી. સંપ્રદાયમાં ક્યાં એની ગણતરી છે. 'હીરાજી મહારાજ'નું હતું બિચારાનું. એની સાથે ભેગા રળી ખાતા. 'હીરાજી મહારાજ'. સંપ્રદાયની દૃષ્ટિ.

કહે છે, ભોક્તા આત્માને કહ્યો ભગવાને. ખરેખર ભોક્તા શેનો? કે આત્મા પોતાના આનંદ ને શાંતિનો એ ભોક્તા છે. જાણવું-દેખવું એવો એનો સ્વભાવ, એની સાથે આનંદ અને શાંતિ એવો એનો સ્વભાવ, એવો આત્મા પ્રતીત અને અનુભવમાં આવ્યો છે. માટે તે ધર્મી પોતાની શુદ્ધતાનો ભોક્તા છે. આહાહા..! છ ખંડના રાજમાં પડ્યો હોય. ભગવાન ભરત ને ઋષભદેવ ભગવાન અથવા શાંતિનાથ ભગવાનને છન્નું હજાર સ્ત્રી હતી. શાંતિનાથ, કુંથુનાથ, અરનાથ ચક્રવર્તી હતા, તીર્થંકરો હતા અને વળી કામદેવ હતા. શાંતિનાથ. સમજાણું? કહે છે કે છન્નું હજાર સ્ત્રી હોવા છતાં એમાં હું નથી તેનો એ ભોક્તા કેમ હોય? ધર્મી સ્ત્રીમાં નથી, ધર્મી રાજમાં નથી, ધર્મી રાગમાં નથી. આહાહા..! ગજબ વાતું છે ને! રાગ જે છે ને રાજનો રાગ અને દયા, દાનના, વ્રતનો, વિકલ્પનો, ભક્તિનો રાગ, એ રાગમાં ધર્મી નથી. ધર્મી તો રાગ વિના આત્માના સ્વભાવમાં છે. આહાહા..! સમજાણું કાંઈ? ભારે કામ આકરું. હવે આવા વિષમ સંસાર, ભયંકર દાવાનળ સળગે છે. એમાંથી છૂટવાનો ઉપાય તો કોઈ અલૌકિક છે કે નહિ? આહાહા..! ચોર્યાસીની યોનિમાં કડાયામાં સળગી રહ્યો છે, બળી રહ્યો છે. મિથ્યાત્વભાવને લઈ એ મિથ્યાત્વભાવની મહા હિનતા કે જે નિગોદમાં લઈ જાય. આહાહા..! એની એને ખબર ન મળે. એ પાપની કિંમત ન મળે.

અહીં કહે છે કે ધર્મી જીવ એને કહીએ કે જેણે શુદ્ધ આત્મા પુણ્ય-પાપના રાગ વિનાનો જાણ્યો છે, જોયો છે, અનુભવ્યો છે. એવા જીવને ધર્મી કહીએ અને એ ધર્મી શુદ્ધનો ભોક્તા છે. કહો, સમજાણું? જેનો જે સ્વામી છે તે તેનો ભોક્તા છે. ધર્મી પોતાના શુદ્ધભાવનો સ્વામી છે માટે તેનો ભોક્તા છે. અશુદ્ધનો સ્વામી-ધણી નથી તો એનો ભોક્તા કેમ હોય? આહાહા..! ભારે વીતરાગવાણી! જગતને.. કહો, સમજાય છે કાંઈ?

ભોગી, આત્મા ભોગી છે. લ્યો, પરિણમનારો કહ્યો પાછો. પરિણમે છે ને? કર્તા અને ભોક્તામાં એનું પરિણમન સિદ્ધ કર્યું છે. એકલો આત્મા ધ્રુવ કૂટસ્થ છે એમ નહિ. એમાં પરિણામ થાય છે, બદલે છે. એ પરિણામી ભાવ જે છે, બદલવાનો ભાવ, એમાં અજ્ઞાનભાવે રાગનો કર્તા, જ્ઞાનભાવે શુદ્ધ પર્યાયનો કર્તા. બસ, બે જ વાત. કર્મ તો નિમિત્તથી વાત છે. એમ આત્મા ધ્રુવ હોવા છતાં, નિત્યાનંદ પ્રભુ હોવા છતાં, છે તો નિત્ય

પણ એની પર્યાયમાં બદલો બદલો થાય છે, પરિણામ બદલે છે, એ પરિણામમાં વિકારના પરિણામની રુચિ અને વિકાર પરિણામવાળો માને છે એ અજ્ઞાન અવસ્થામાં વિકારનો ભોક્તા છે. 'શાંતિભાઈ'! ભારે કામ, ભાઈ! અને ભાન અવસ્થામાં શુદ્ધનો કર્તા-ભોક્તા છે. આ છન્નું હજાર સ્ત્રી ભોગવે, રાજ ભોગવે, મોટા બંગલા દેવોએ કરેલા. જે ગરીબોને હોય નહિ. ચૌદ-ચૌદ હજાર દેવ સેવા કરે. કહે છે કે એને ભોગવે નહિ. આહાહા..! રત્નના સિંહાસનમાં બેઠો હોય સમકિતી. કહો, સમજાણું? કહે છે, ત્યાં બેઠો જ નથી. તને ખબર નથી. એય..! ધર્મી સિંહાસનમાં બેઠો નથી. ધર્મી રાગમાં બેઠો નથી તો સિંહાસનમાં બેઠો કેમ કહેવું એને? આહાહા..! ધર્મી તો પોતાના આનંદ જ્ઞાનસ્વભાવમાં બેઠો છે. એથી એનો એ કર્તા અને એનો એ ભોક્તા છે. આહાહા..! ગજબ વાત છે. વીતરાગ સિવાય આ વાત બીજે હોય નહિ. પરમાત્મા ત્રણકાળનું જેને જ્ઞાન છે, એના વાડાવાળાને ખબર નથી તો ભગવાનને અને અન્યમતિ તો શું જાણે આ વાત? સમજાણું કાંઈ?

કહે છે, પોતાના ચેતનાભાવ-ચેતનભાવનો ભોક્તા છે. એનો ભાવ તો ચેતન છે. જાણવું, દેખવું એનો ભાવ છે. પુણ્ય-પાપ રાગ, મહાવ્રતાદિના પરિણામ એ જીવના ભાવ નથી. એ તો પરભાવ વિકાર છે. આહાહા..! એકેય વાત પણ સરખી બેસે તો બધું બેસે સરખું. એક વાતના ઠેકાણા ન મળે તો બધાના ઠેકાણા ન મળે. અનંતકાળથી પોતાની જાતને ભૂલ્યો અને ક્યાંક નથી ત્યાં પોતાના ભાવને માન્યા. જે ભાવ ક્ષણિક હતા, ઉપાધિ હતી, મેલ હતો એને પોતાના માન્યા અને જાણ્યા અને અનુભવ્યા. એ અજ્ઞાનભાવથી દશા છે. અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ નથી આત્માના આનંદનો ભોક્તા, નથી શરીર, વાણી, લક્ષ્મી, આબરૂ, કીર્તિનો ભોક્તા. ભોક્તા છે વિકારભાવનો. તેથી વિકારમાં ઓલા નિમિત્ત છે માટે એને વ્યવહારે ભોક્તા કહેવામાં આવ્યો છે. એટલે એમ નથી એને કહેવું. નિમિત્ત હતું અહીંયાં ભોક્તાના પરિણામનું. આહાહા..!

લાડવો આમ ભુક્કો ખાય એ જડની દશા જડથી થાય. પણ ખાવામાં પ્રેમ હતો ને રાગ? એ રાગને ભોગવે છે. તેથી રાગ એને ઓલી ક્રિયા થાય છે એમાં નિમિત્ત કહેવાય છે. એથી વ્યવહારે ભોગવે એટલે નથી ભોગવતો પણ નિમિત્તપણું એને છે તો ભોક્તાના રાગનું એથી એને વ્યવહારે ભોક્તાનો ઉપચાર કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહાહા..! ભગવાનના દરબાર બહુ ઊંચા છે. જિનવરદેવે, કેવળીએ એમ કહ્યું ને? સર્વજ્ઞ પરમાત્મા. આહાહા..! અરે..! હજી તો સર્વજ્ઞદેવની ખબર ન મળે. સર્વજ્ઞદેવ કેવા હોય? પરમાત્માને ત્રણકાળનું જ્ઞાન (હોય એમ) કર્યા કરે વાતું. આહાહા..! જેના જ્ઞાનમાં ત્રણકાળ ત્રણલોક જણાય એવા સર્વજ્ઞદેવ, એણે કહેલો આત્મા આવો છે. સમજાણું કાંઈ? 'ચેતનાભાવકા ભોક્તા હૈ...'

**'વ્યવહાર નયસે પુદ્‌ગલકર્મકે ફલ જો સુખ-દુઃખ આદિકા ભોક્તા હૈ.'** લ્યો! ઓલો નિમિત્ત છે ને એટલે. ભોગવે છે ક્યાં જડને? આ પૈસા ભોગવ્યા, દાળ-ભાત ભોગવ્યા. શું

ભોગવ્યું? એ તો જડ છે. એ રૂપી છે અને આત્મા તો અરૂપી છે. આત્મામાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ છે નહિ. અને આ તો બધા વર્ણ, ગંધવાળા એને શું ભોગવે? પણ ભોગવવાના ભાવમાં વિકાર હતો, વિકારને ભોગવે એટલે વિકાર એને નિમિત્ત કહેવાય. એટલે વ્યવહારે ભોગવ્યા એમ કહેવામાં આવે. આહાહા..! આવો જીવ છે એની હજી ખબર ન મળે. ધર્મ કરનારો જીવ અને જીવ કેવો એની ખબર ન મળે. આહાહા..! અને ધર્મ થાય એને. અજ્ઞાન જ ઘૂંટ્યા છે જગતે અનાદિથી. બે બોલ થયા. કર્તા અને ભોક્તા. બહુ આ તો સાદિ ભાષા છે. સમજાય એવું છે. એમાં અશુદ્ધનું નથી નાખ્યું. સમજાણું? બે બોલ નાખ્યા. ઓલામાં સમજાવ્યું, આમાં સમજી લેવું. ખરેખર તો એ અશુદ્ધભાવનો ભોક્તા એ વ્યવહાર, એ પણ વ્યવહાર છે. સમજાણું કાંઈ? આહાહા..! નિશ્ચય તો સ્વઆશ્રિત ભાવનો ભોક્તા જીવ છે. ઓલો વ્યવહાર છે તો એ અસદ્‌ભુત વ્યવહાર છે. ઓલો વળી અસદ્‌ભુત ઉપચાર છે. આ અસદ્‌ભુત અનુપચાર.

વળી કેવો છે? '**અમૂર્તિક...**' છે ભગવાનઆત્મા તો. એને કાંઈ રંગ, રસ, સ્પર્શ છે નહિ. રંગ, રસ, સ્પર્શ તો આ માટીને, જડને હોય, વાણીને જડને હોય. આત્મામાં નથી એ રંગ, રસ, સ્પર્શ. આત્મા ધોળો હશે કે નહિ? એ પહેલા એમ કહેતા હતા કે પહેલા હોય રાતો પછી હોય ધોળો. રાતા લૂગડા પહેરે છે. એવા ને એવા બહારમાં ત્યાગી કહેવાય. ખબર ન હોય કે આત્મા ધોળો હશે કે કાળો? એ ખબર નથી અમને. પહેલો હોય રાતો, પછી થાય ધોળો. ઉજળો થાય ને એટલે ધોળો. એ ધોળો ઉજળો થાય એ ધોળો? ધોળો તો જડ છે. ધોળી દશા તો જડની છે. આત્મા જડ થાય? ધોળો થાય એટલે?

'**અમૂર્તિક કહા, વહ નિશ્ચયસે તો સ્પર્શ, રસ, ગંધ, વર્ણ, શબ્દ યે પુદ્‌ગલકે ગુણ પર્યાય હૈં,...**' પુદ્‌ગલ ગુણની પર્યાય છે આ વર્ણ, ગંધ, રસ. '**ઇનસે રહિત અમૂર્તિક હૈ...**' તેનાથી તો રહિત જ છે. વસ્તુ સ્વભાવ જુઓ તો ત્રિકાળ અમૂર્ત જ છે. '**વ્યવહાર સે જબતક પુદ્‌ગલકર્મસે બંધા હૈ...**' જડ મૂર્ત છે ને એમાં નિમિત્ત સંબંધ છે ને બંધાવાનો? '**તબ તક મૂર્તિક ભી કહતે હૈં.**' કર્મથી બંધાણો છે એ જ વ્યવહાર છે. કર્મ તો જડ છે. આત્મા તો ચૈતન્ય અરૂપી ભિન્ન છે. એને આ વસ્તુ જડ છે મૂર્ત, એના સંબંધમાં-સંબંધમાં છે માટે એને મૂર્ત કહેવામાં આવે છે, એટલું.

વળી, '**શરીરપરિમાણ કહા,...**' ભગવાને તો આત્માને શરીર પ્રમાણે કહ્યો છે. લોકમાં વ્યાપક છે એમ કહે છે ને વેદાંત આદિ? સર્વવ્યાપક છે જીવ, એમ નથી. આખી દુનિયામાં વ્યાપ્યો છે એક જ આત્મા, એમ નથી. '**શરીરપરિમાણ કહા, વહ નિશ્ચયસે તો અસંખ્યાતપ્રદેશી લોકપરિમાણ હૈ,...**' શું કહ્યું ઈ? આત્મામાં અસંખ્ય પ્રદેશ છે. એ અસંખ્ય પ્રદેશ એનું ક્ષેત્ર છે. નિશ્ચયથી અસંખ્ય પ્રદેશ, લોકના જેટલા પ્રદેશ છે એટલા પ્રદેશ છે આ જીવના. દરેક જીવના એવા. નિગોદના જીવ હો, બટાટાના લ્યો. એક રાયની કટકીમાં અનંતા જીવ છે બટાટામાં. શક્કરકંદ, બટાટા શું કહેવાય એ? ડુંગળી, લસણ. મોટી

ગાંઠ. રતાળુ, સુરણ-સુરણ. એની એક કટકીમાં અસંખ્ય તો શરીર. અને એક શરીરમાં અનંતા જીવ. એમ વીતરાગ ભગવાને કહ્યા ને જોયા અને છે. જાણવા જેવા છે, હોં! પાળવા અને ટાળવા જેવા નહિ. ઓલા તેરાપંથી કહે, છકાયની ... .. કહે છકાયની જીવની રક્ષા માટે ભગવાને પ્રવચન કર્યું. ઓલો કહે, રક્ષા માટે નહિ. રક્ષા કરવી એ નહિ. છકાયના જીવ છે. મારવા નહિ એ માટે કહ્યું. અહીં કહે છે કે બેય રીતે ખોટા છે.

થોડી ચર્ચા ચાલી હતી. એય..! 'ભગવાનદાસજી'! તેરાપંથી અને ... 'લીલાધરજી' કહેતા. 'લીલાધરજી' અમારી સાથે હતા. મોટી ચર્ચા થઈ હતી. મહિનો-મહિનો ચર્ચા. લોહી ઉકાળા. ઓલાના તર્ક જ્યાં ઠીક આવે ત્યારે અમને ઉકાળા થાય, અમારા તર્ક ઠીક આવે ત્યાં એને ઉકાળા થાય. વહોરવા જઈએ પણ ભાવે નહિ ખાવું. 'લીલાધરજી' કહેતા. ચર્ચા આ. પહેલી તો સપનાની ચર્ચા હતી. દસ સપના. આવે છે ને ભગવાનને? કેવળજ્ઞાન .. ઓલા કહે, સપના દોષ છે, આ કહે સપના ગુણ છે. એની ચર્ચા એક મહિનો. એકાંત કાંઈ સમજે નહિ શું ચીજ છે. છકાયની જીવની .. એવો શબ્દ આવે છે. પ્રશ્ન વ્યાકરણમાં. ... આ કહે, જુઓ! રક્ષા કીધી જીવની. તમે રક્ષાને પાપ કહો છો. આ કહે, રક્ષા નહિ. નહિ મારવા એનું નામ રક્ષા કીધી છે. અહીં ભગવાન કહે કે નહિ મારવું અને મારવું બેય અમે કહ્યું નથી. પણ પરનું મારવું, ન મારવું કાંઈ તારા અધિકારની વાત નથી. આહાહા..!

કહે છે, શરીર પ્રમાણે અસંખ્યાત પ્રદેશી લોકપ્રમાણ છે, '**પરંતુ સંકોચ-વિસ્તારશક્તિસે...**' સંકોચ-વિસ્તાર થાય છે ને આમ? પ્રદેશનો. કીડીમાં જાય તો પ્રદેશ સંકોચાઈ જાય. હાથીમાં જાય તો (વિસ્તાર થાય). એવો જીવનો સ્વભાવ છે. કહો, હાથી. હજાર યોજનનો હાથી જાય એમાં તો એના પ્રમાણે આત્મા પહોળો થઈ જાય અને કીડીમાં જાય, અરે..! નિગોદના એક શરીરમાં જાય, લ્યોને! અસંખ્ય પ્રદેશ સંકોચાય જાય. પ્રદેશ ઓછા ન થાય, હોં! સંકોચાય. આહાહા..! આ વાત સર્વજ્ઞ સિવાય (ક્યાંય) નથી. અસંખ્ય પ્રદેશ, સંકોચ-વિસ્તાર.

મુમુક્ષુ :- સંકોચ-વિસ્તાર...

ઉત્તર :- આમ સંકોચવું. કપડું જેમ પહોળું કરે ને? પછી આમ .. દે. કીડીમાં હોય તો સંકોચાય છે. વસ્તુ અસંખ્ય પ્રદેશ એટલા ને એટલા જ છે. હાથીમાં જાય તો એટલા.

'**સંકોચ-વિસ્તારશક્તિસે...**' એમ છે. પોતાની શક્તિ છે હોં! એમ કહે છે પાછા. '**શરીરસે કુછ કમ...**' શરીરથી કંઈક ઊણો છે અંદર ભગવાન ભિન્ન છે. ઘાટી એટલે ઓછો. '**પ્રદેશપ્રમાણ આકારમેં રહતા હૈ.**' શરીર પ્રમાણે આત્મા જુદો આકાર રહે છે. શરીરને લઈને નહિ. પોતાનો આકાર શરીર પ્રમાણે શરીરથી જુદો. પાણીના કળશામાં જેમ પાણીનો આકાર અને કળશાનો આકાર બેય જુદા જુદા છે, એમ ચૈતન્ય જડનો આકાર પોતાને કારણે શરીર પ્રમાણે શરીરનો આકાર શરીરને કારણે. સમજાણું કાંઈ? એ ચાર બોલ થયા.

'**૫-અનાદિનિધન...**' વળી અનાદિઅનંત છે. વસ્તુ તરીકે અનાદિઅનંત છે.

**'પર્યાયદષ્ટિસે દેખનેપર તો ઉત્પન્ન હોતા હૈ,...'** અવસ્થાથી જોઈએ તો સમય સમયના પરિણામ નવા-નવા થાય, નવા-નવા થાય, જૂના જાય અને નવા થાય. સમયે સમયે ભાવ બદલે છે. પર્યાય અવસ્થા દૃષ્ટિથી જોઈએ તો. વસ્તુદૃષ્ટિથી જોઈએ તો અનાદિઅનંત છે. બૌદ્ધે પર્યાય માની એકલી. વેદાંતે એકલું ધ્રુવ માન્યું. બે થઈને આખું તત્ત્વ છે એની ખબર ન મળે. સમજાણું કાંઈ?

**'અનાદિનિધન...'** અનાદિ અનિધન એમ લેવું. આદિ નથી અને અંત નથી. નિધન એટલે મૃત્યુ નથી. અનાદિઅનંત ભગવાન કહ્યા. **'પર્યાયદષ્ટિસે દેખનેપર તો ઉત્પન્ન હોતા હૈ, નષ્ટ હોતા હૈ, તો ભી દ્રવ્યદષ્ટિસે દેખા જાય તો અનાદિનિધન સદા નિત્ય અવિનાશી હૈ.'** વસ્તુ તરીકે જોઈએ તો સદા અનાદિઅનંત, સદા નિત્ય, અવિનાશી. એટલા ત્રણ શબ્દ વાપર્યા છે. સદા નિત્ય અને અવિનાશી. આહાહા..! **'શરીર વિનાશી, હું અવિનાશી'** આવે છે ને? **'અવિનાશી અટક્યો રે અનિત્યના જાળમાં.'** પર્યાયબુદ્ધિમાં, રાગમાં અને સંયોગમાં અટક્યો. અવિનાશી એનું સ્વરૂપ ત્રિકાળ એણે જોયું નહિ, જાણ્યું નહિ, આશરો લીધો નહિ. છતાં છે તો એમ ને એમ છે. ન હોય તો .. અનાદિઅનંત.. આ રીતે ભગવાને જોયો એવો આત્મા કહ્યો. આ રીતે આત્માનું સ્વરૂપ છે. અજ્ઞાનીઓ આ સિવાય બીજી રીતે કહે, પરમાત્મા વીતરાગ સિવાય અને વીતરાગના સંપ્રદાયમાં પણ વીતરાગે કહ્યું એ પ્રમાણે ન સમજે તોપણ એની ઊંધી દૃષ્ટિએ કથન કરે એ વીતરાગનું કથન નહિ. વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પ્રવચન નં. ૧૫૩, ગાથા-૧૪૮, રવિવાર, માગશર વદ ૭, તા.૨૦-૧૨-૭૦

ભગવાન જિનેન્દ્રદેવ, જેને એક સમયમાં ત્રણકાળનું જ્ઞાન હતું એણે અહીંયાં એમ કહ્યું. જુઓ! ગાથા છે. ૧૪૮. (કોકમાં ૧૪૩ હશે બીજે ક્યાંક)

**कत्ता भोई अमुत्तो सरीरमित्तो अणाइणिहणो य।**

**दंसणणाणुवओगो [१]णिद्दिट्ठो जिणवरिन्देहिं।।१४८।।**

ગાથા. હવે એનો અર્થ. નીચે ટીકા. ભાવાર્થ લ્યો, ભાવાર્થ. ભગવાન તીર્થંકરદેવે-કેવળજ્ઞાની પરમાત્મા જેને ત્રણકાળનું જ્ઞાન થયું એમણે જીવને આવો જાણ્યો છે. જેવો જીવ ભગવાને કહ્યો એવો એ જાણે તો એને ધર્મ થાય અને સમકિત થાય. સમજાણું કાંઈ?

**ભાવાર્થ :- 'યહાં 'જીવ' નામક પદાર્થકે છહ વિશેષણ કહે. ઈનકા આશય ઐસા હૈ કિ-'**

**'૧-કર્તા કહા,...'** જીવ કર્તા છે. આ જીવ છે ને પોતે? એનો કોઈ કર્તા નથી. જીવ વસ્તુ છે એનો કોઈ કર્તા નથી. પણ એ જીવ પોતે વિકાર કે અવિકારનો કર્તા છે. વસ્તુ

પોતે આત્મા અનંતઆનંદ અને જ્ઞાનનું ધામ છે. જેવા સિદ્ધ ભગવાન છે એવો આત્માનો અંતર સ્વભાવ છે પણ અનંતકાળથી એની એને ખબર નથી. તેથી કહે છે, '**નિશ્ચયનયસે તો અપને અશુદ્ધ (રાગાદિ) ભાવોંકા અજ્ઞાન અવસ્થામેં આપ હી કર્તા હૈ...**' હવે એની વ્યાખ્યા. શું કહે છે? છે? 'ભોગીભાઈ'! છે? આ બહારનું કામ કરતા નથી એમ કહે છે. હવે કરે તો શું કરે?

અજ્ઞાન અવસ્થામાં ભગવાન સચ્ચિદાનંદ આત્મા છે સત્ શાશ્વત, અણઉત્પન્ન અવિનાશી એવો આત્મા અંતર આનંદ અને જ્ઞાનના સ્વભાવથી ભરેલો હોવા છતાં ભગવાન ફરમાવે છે કે એને અનાદિથી આત્મા શું એનું ભાન નથી. ભાન નથી એટલે એ અજ્ઞાન અવસ્થામાં પુણ્ય-પાપના ભાવ અશુદ્ધ રાગાદિ છે ને? શુભ-અશુભ રાગાદિ ભાવ, પુણ્યનો ભાવ, દયા, દાન, વ્રત, ભક્તિનો ભાવ અને હિંસા, જૂઠું, ચોરી, વિષયનો ભાવ એ શુભ અને અશુભભાવ બે થઈને અશુદ્ધ કહેવામાં આવે છે. પોતે પોતાને ભૂલી અને અનાદિથી મિથ્યા ભ્રમમાં એ પુણ્ય-પાપના વિકલ્પો રાગ થાય તેનો કર્તા થાય છે. શેઠ! બીડી-બીડીના વેપારનો કર્તા નથી. કહે છે. એ બીડી-બીડી એની મેળે ચાલે.

ભગવાન કહે છે, અજ્ઞાનમાં (આ રીતે કર્તા થાય છે) અને એમ કઈ રીતે ન્યાય છે? કે વસ્તુ પોતે જ છે આત્મા, એ છે તો અવિનાશી અનાદિ છે. હવે છે એના ગુણો પણ અવિનાશી અનાદિ છે. એનું એને અનંતકાળમાં અનંત સંસાર રખડતાં, પરિભ્રમણ કરતાં કરતાં કરતાં ચોર્યાસીના અવતારમાં અજ્ઞાનદશામાં એ પરિણમે, થાય કર્તા તો એ શુભ અને અશુભભાવનો કર્તા થાય. અરે..! આ બધું છે, આ વસ્તુ આવી છે. કહો, સમજાણું કાંઈ? આહાહા..! જુઓ! છે ને શબ્દ?

'**णिद्दिट्ठो जिणवरिन्देहिं**' દેખો! મૂળ ચોથું પદ છે. જિનવરેન્દ્ર ત્રિલોકનાથ તીર્થંકરદેવ સર્વજ્ઞ પરમાત્મા, એણે સમવસરણ ધર્મસભામાં '**णिद्दिट्ठो**' ઈન્દ્રોની હાજરીમાં, સંતોની હાજરીમાં ભગવાન આમ કહેતા હતા કે હે જીવ! તું વસ્તુ છો, તત્ત્વ છો. તો એ તત્ત્વનું સ્વરૂપ, એનું મૂળ સ્વરૂપ તો શુદ્ધ આનંદ અને સચ્ચિદાનંદ આનંદકંદ છે. અતીન્દ્રિય આનંદનો રસ આત્મા છે. આહાહા..! એનું એને ભાન નથી, એનું એને અજ્ઞાન છે. તેથી તે પોતાની જાતને જાણી નહિ એટલે જાતનો કર્તા થતો નથી. એની અવસ્થા અશુદ્ધ થવી એનો કર્તા નથી. અનાદિથી એણે પુણ્ય અને પાપના ભાવ, એકેન્દ્રિયથી માંડીને, હોં! બટાટા, શક્કરકંદ, લીલ, ફુગ ત્યાં પણ શુભ-અશુભભાવ થયા જ કરે છે. સમજાણું કાંઈ? આહાહા..! એ માણસ અનંતવાર થયો, સ્વર્ગનો દેવ અનંતવાર થયો, નરકનો નારકી અનંતવાર થયો, ઢોર અનંતવાર થયો. કહે છે કે કર્યું શું ત્યાં એણે? પોતાના આનંદને ભૂલી પોતે અવિકારી સ્વભાવ પોતાનું વાસ્તવિક સ્વરૂપ તેને ભૂલી, એ પુણ્ય અને પાપના શુભ-અશુભભાવ જે અશુદ્ધ મેલ છે એનો એ કર્તા થયો. આહાહા..! સમજાણું કાંઈ?

'**નિશ્ચયનયસે...**' એમ શબ્દ છે ને? નિશ્ચયનય એટલે એની અવસ્થા એનામાં થાય

એ દૃષ્ટિએ જોઈએ તો, એમ. '**અપને અશુદ્ધ (રાગાદિ) ભાવોંકા...**' પોતામાં જે પુણ્ય અને પાપનો મેલ ભાવ, શુભ અને અશુભ જે અશુદ્ધ ભાવ, તેનો એ કર્તા (થાય છે) છે? અને એ કર્તા થઈને મિથ્યાભ્રમમાં ચાર ગતિમાં રખડે છે. સમજાય છે કાંઈ? ચાહે તો પછી સાધુ નામ ધરાવતો હો, કે ગૃહસ્થમાં હો, ભોગી હો કે ત્યાગી હો. પણ જેને ભગવાનઆત્મા પરમેશ્વરે કહ્યો એવા આત્માના સ્વરૂપની જેને ખબર નથી, એનું ભાન નથી, એની પિછાન નથી, આત્મા સચ્ચિદાનંદ શુદ્ધ છે એની જેને અંતરમાં કિંમત નથી, એ કિંમત વિનાના પ્રાણીઓ પોતાના સ્વભાવને ભૂલી અનાદિથી પુણ્ય અને પાપ જે અશુદ્ધભાવ (તેમાં રાચે છે). અશુભ અને શુભ એને અશુદ્ધ કહીએ. આહાહા..! ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિનો ભાવ હોય તો શુભ, પણ છે અશુદ્ધ. એમ હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, પાપ અશુભ, એ અશુદ્ધ. એ અશુદ્ધનો કર્તા થાય. એની મર્યાદા આટલી છે. સમજાણું કાંઈ? કહે છે, ઉછાળા મારે તો પુણ્ય-પાપના ભાવને કરે ત્યાં સુધી અટકે. બાકી બહારનું એક રજકણ પણ ફેરવી શકે નહિ. એમ હશે? તમે તો બધું ઘણું કર્યું છે ને ત્યાં.

ત્રિલોકનાથ પરમાત્મા, જેની ધર્મસભામાં અર્ધલોકના સ્વામી શક્રેન્દ્ર અને અર્ધલોકના સ્વામી ઈશાનઈન્દ્ર, એની ઉપસ્થિતિમાં પરમાત્માની વાણીમાં આમ આવ્યું. 'કુંદકુંદાચાર્ય' ત્યાં ભગવાન પાસે ગયા હતા. સમવસરણમાં સીમંધર પરમાત્મા તીર્થંકરદેવ બિરાજે છે. સાક્ષાત્ અત્યારે મહાવિદેહમાં (છે). ત્યાં ગયા હતા. આઠ દિ' રહ્યા હતા. (ત્યાંથી) આવીને આ બનાવ્યું છે. ભગવાન આમ કહે છે. જુઓને! ભાષા છે ને? '**णिद्दट्ठो जिणवरिन्देहिं**' ભગવાન આમ કહે છે, ભાઈ! કે તું આત્મા (છો). આ શરીર, વાણી, મન જડ છે આ તો. એ તો જડપણાના હોવાપણે રહેલા છે. એ કાંઈ ચૈતન્યના થઈને રહ્યા નથી. ચૈતન્યમાં તો આનંદ અને જ્ઞાનથી ભરેલું એ તત્ત્વ છે. છતાં એના ભાન વિના અરે..! દુઃખી ભ્રમણાવાળો જીવ પુણ્ય અને પાપના પરિણામ, અશુદ્ધ પરિણામ, મેલ પરિણામ એ કરે. અને ભ્રમણાથી નવા કર્મ બાંધે અને ચાર ગતિમાં રખડે. આહાહા..! સમજાણું કાંઈ? વાત એવી ઝીણી છે. ભગવાન વીતરાગનો માર્ગ, માર્ગ વીતરાગનો નહિ પણ વસ્તુનો એવો છે. ભગવાને તો જોયું એવું કહ્યું છે. ભગવાને કાંઈ કર્યું નથી. જેવો માર્ગ હતો, જેવું સ્વરૂપ હતું એવું જાણ્યું. અને જાણ્યું અને વાણી દ્વારા કહ્યું.

ભાઈ! તું આત્મા છો ને નાથ! આહાહા..! અનંત અનંત અનંત જ્ઞાન ને આનંદ ને શાંતિના સ્વભાવથી ભરેલો પ્રભુ છો તું, ભાઈ! પણ એવા અવિનાશી સ્વભાવની પ્રતીત નહિ, એવા અવિનાશી સ્વભાવનું માન નહિ, અવિનાશી સ્વભાવનું જ્ઞેય કરીને જ્ઞાન નહિ, તેથી અનાદિ અજ્ઞાની પુણ્ય અને પાપના અશુદ્ધભાવનો કર્તા થાય છે. 'નવનીતભાઈ'! આ તો ફરીને લીધું. આ બધા ઝાઝા નવા માણસો (આવ્યા છે). નવા માણસને સમજાય નહિ. શું કહે છે આ? એવો માર્ગ વીતરાગનો છે. દુનિયાને સાંભળવા મળ્યો નથી. આ તો કરો, આ કરો.. આ કરો..

અહીં તો કહે છે, અજ્ઞાનપણે, મૂંઢપણે જીવ પુણ્ય-પાપના ભાવને કરે. પરની દયા પાળે, પરની હિંસા કરી શકે નહિ એમ કહે છે. 'ભોગીભાઈ'! ઝીણી વાત છે ભગવાનની. આહાહા..! એમ ને એમ જાડી બુદ્ધિએ અનાદિથી અજ્ઞાનમાં રખડ્યો. કહે છે કે એ કર્તા પુણ્ય-પાપના ભાવનો થાય પણ પરને મારી શકે કે બચાવી શકે એ ક્રિયા એની છે નહિ. બીજાને મારું એવો ભાવ અશુભ, એનો કર્તા થાય. પણ બીજાને મારી શકે એનો કર્તા છે જ નહિ. આહાહા..! સમજાણું કાંઈ? અહીં તો કહે, પરની દયા પાળો. અરે..! ભગવાન! સાંભળને ભાઈ! એ તો જીવ છે સ્વતંત્ર. અને એનું આયુષ્ય હોય ત્યાં સુધી શરીરમાં રહે અને જીવે છે. એ કાંઈ તારાથી જીવ્યા, બચાવ્યા બચે અને માર્યા મરે એવું છે નહિ. એટલે ભગવાન એમ કહે છે કે તું એને બચાવવાનો ભાવ કર તો દયાનો શુભભાવ છે. એ શુભભાવનો કર્તા અજ્ઞાનભાવે થાય. કારણ કે શુભ પણ વિકાર છે, પણ અજ્ઞાનભાવે પરની દયા પાળી શકે કે પરને બચાવી શકે એવું વસ્તુના સ્વરૂપમાં નથી. સમજાણું?

એમ ભગવાને તો અનંત આત્માઓ જોયા છે. અનંત પરમાણુ આ છે આ માટી, આ જુઓ! આત્મા એક છે અને આ રજકણો તો અનંતા છે. કટકા કરતા... કરતા... કરતા... કરતા.. છેલ્લો પોઈન્ટ રહે એને પરમાણુ કહે છે. એવા અનંતા પરમાણુનો આ સ્કંધ પિંડ છે આખો આ. એવા રજકણની આ અવસ્થા આમ થાય છે. જુઓ! હાથ હલે છે. એનો કર્તા તો નથી, કહે છે. કારણ કે એ તો પરમાણુ છે. એની અવસ્થા એ પરમાણુ કરે છે. ગજબ વાત છે ને! હેં! આ રજકણો છે. અસ્તિ તત્ત્વ છે જડ, અજીવ. અને અજીવનું આમ છે એનું આમ-આમ થાય એ બધી દશાનો કર્તા પરમાણુ છે. આત્મા અજ્ઞાનભાવે પણ (કર્તા) નહિ, એમ કહે છે. આહાહા..! ખબર ન મળે. વાસ્તવિક જીવ-અજીવ, પુણ્ય-પાપ તત્ત્વ શું છે. ખીચડે ખીચડા અનાદિથી રખડી મરે. સમજાણું કાંઈ? આહાહા..!

પ્રભુ! તું કોણ છો? એની એને ખબર ન મળે. 'હું કોણ છું? ક્યાંથી થયો? શું સ્વરૂપ છે મારું ખરું?' વિચાર નથી કોઈ દિ' કર્યો. એવા અજ્ઞાનભાવથી મૂઢ થયેલો અજ્ઞાની, ચાહે તો ત્યાગી અને ભોગી હો પણ એ અજ્ઞાનભાવે પુણ્ય અને પાપના ભાવ કરે. એમાંથી મિથ્યાત્વસહિત નવું બંધન થાય. બંધન થાય અને ફળ તરીકે વળી ચાર ગતિમાં રખડે. આહાહા..! સમજાણું કાંઈ? 'જયંતિભાઈ'! શું હશે આ? 'દયા ધર્મનું મૂળ છે, પાપ મૂળ અભિમાન...' એવી વાતું કરે છે ને? એ કઈ દયા પણ? આત્માની દયા. આત્માની દયા. આત્મા પુણ્ય અને પાપના ભાવ અશુદ્ધથી રહિત છે. એ તો શુદ્ધ આનંદ અને જ્ઞાનસહિત છે. એવી અંતર શ્રદ્ધા-જ્ઞાન કરવી એનું નામ નિજની સ્વની દયા કહેવામાં આવે. બહુ ફેર. દુનિયાથી વીતરાગમાર્ગનો બહુ ફેર, ભાઈ! અરે..! શું કહે? વીતરાગ શું કહે, એની ખબર ન મળે. જૈન સંપ્રદાયના વાડામાં પડ્યા પણ વાતું બધી કર્તાબુદ્ધિની અન્યની. એય..! 'ભોગીભાઈ'! તાકડે ગાથા એ આવી, હોં! આહાહા..! આ 'કુંદકુંદાચાર્ય'નો શ્લોક છે. બે હજાર વર્ષ પહેલાની આ 'કુંદકુંદાચાર્ય' દિગંબર સંત મુનિ, આત્મધ્યાની આનંદમાં મસ્ત, ભગવાન પાસે ગયા હતા આઠ દિ'. ત્રિલોકનાથ તીર્થંકર પાસે. સીમંધર પ્રભુ બિરાજે છે.

વર્તમાન બિરાજે છે. પાંચસો ધનુષનો દેહ છે, કરોડ પૂર્વનું આયુષ્ય છે. એ વખતે ગયા હતા તે જ બિરાજે છે એના એ ભગવાન. હજી તો આવતી ચોવીસીમાં તેરમા તીર્થંકર અહીંયાં થશે ત્યારે મોક્ષ જશે. એટલું એમનું આયુષ્ય છે મોટું. ભગવાન પરમાત્મા વર્તમાન મનુષ્યદેહે બિરાજે છે. મહાવિદેહમાં. સાંભળ્યું છે કે નહિ 'દલીચંદભાઈ'! આ સામાયિકમાં નથી આજ્ઞા લેતા? સામાયિકમાં આજ્ઞા લે છે ને? હે ભગવાન! એ સીમંધર ભગવાન બિરાજે છે. આહાહા..! સામાયિક કરવા બેસે ને ત્યારે આજ્ઞા લે. સામાયિક તો ક્યાં હતી? હજી ભાન ન મળે અને સામાયિક ક્યાંથી આવી?

મુમુક્ષુ :- સીમંધર ન બોલે, મહાવીરસ્વામી બોલે.

ઉત્તર :- મહાવીરસ્વામી. ભલે એમ બોલે. મૂળ તો સીમંધર ભગવાન. સમજાણું? સાક્ષાત્ બિરાજે છે. કેવળજ્ઞાની પરમાત્મા છે. સદેહે છે, અરિહંત પદે છે. ભગવાન મહાવીર જ્યારે અહીંયાં હતા ત્યારે અરિહંતપદે હતા. પછી દેહ છૂટી ગયો ત્યારે હવે સિદ્ધપદ થઈ ગયા. અશરીરી થઈ ગયા. આ ભગવાન હજી અરિહંતપદે છે. ચાર કર્મ બાકી છે ને શરીર છે, વાણી છે, સમવસરણ છે. ચાર કર્મ ટળ્યા છે અને ચાર કર્મ બાકી છે. ચાર કર્મ ટળશે. તેરમા તીર્થંકર અહીં થશે ત્યારે સિદ્ધ થશે. એ ભગવાનના મુખથી વાણી આવી એ 'કુંદકુંદાચાર્ય' કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

નિશ્ચયથી તો તારા પાપ ને પુણ્યના ભાવનો તું કર્તા છો. પણ એ સિવાય ફુદડીને પણ ફેરવી શકે, આંખના પાપણને ઊંચી-નીચી કરી શકે એ તારામાં છે નહિ. આહાહા..! '**વ્યવહારનયસે જ્ઞાનાવરણાદિ પુદ્‌ગલ કર્મો...**' આઠ કર્મ છે ને? એમાં ઓલો વિકારનો કર્તા થાય છે ને અજ્ઞાની? એ કર્તા થયો એટલે કર્મ જે બંધાણા એમાં એ નિમિત્ત થયું એટલે વ્યવહારે કર્મનો કર્તા છે એમ કહેવામાં આવે છે. ખરેખર જડનો કર્તા આત્મા છે નહિ. સમજાણું કાંઈ? ભારે વાત, ભાઈ! જ્ઞાનાવરણાદિ આઠ કર્મ છે ને ઓલા? અજ્ઞાનથી પુણ્ય-પાપના ભાવનો કર્તા થયો એટલે મિથ્યાત્વથી એને આઠ કર્મ બંધાણા. અનાદિના આમ ને આમ છે એમ કહે છે. સમજાણું કાંઈ? વસ્તુ શુદ્ધ ચિદાનંદમૂર્તિ એને ભૂલ્યો અને ભૂલ જો ન હોય તો તો વર્તમાન આનંદ એને હોવો જોઈએ. કારણ કે એ તો આનંદની મૂર્તિ છે આત્મા. અને એ આનંદ નથી તો એનો અર્થ એ કે એની દશામાં કાંઈક ભૂલ છે. એટલે દુઃખ છે. એ પુણ્ય અને પાપના ભાવ તે દુઃખ છે. તેનો એ કર્તા થાય છે. સમજાણું કાંઈ? એને લઈને કર્મ જે બંધાય એને આ વિકાર નિમિત્ત છે માટે વ્યવહારે કર્તા કહેવામાં આવે.

વિશેષે, '**શુદ્ધનયસે અપને શુદ્ધભાવોંકા કર્તા હૈ.**' યાદ રહેવું મુશ્કેલ છે આ ત્રણ. શું કહે છે? જ્યારે આ આત્મા ભગવાન શુદ્ધ જ્ઞાનાનંદ મૂર્તિ છે એવું જ્યાં સમ્યગ્દર્શન અને અનુભવ થાય, ધર્મ જેને પ્રગટે આત્મા આનંદમૂર્તિ શુદ્ધ જ્ઞાનસ્વભાવ એવું જ્યાં અંતર પુણ્ય-પાપના વિકલ્પનો કર્તા હું નહિ, એ અશુદ્ધ મેલ છે. દેહની ક્રિયા આદિનો હું કર્તા નહિ, એ પર છે. હું તો શુદ્ધ જ્ઞાનમૂર્તિ છું. ચૈતન્યજ્યોત ચૈતન્યના નૂરનું પૂર છું.

આહાહા..! આ તે કંઈ વાત છે. શેઠ! ભગવાન પ્રકાશની મૂર્તિ છે. ચૈતન્યપ્રકાશ. એ ચૈતન્યપ્રકાશનું જ્યાં અંતર ભાન કર્યું એટલે કે સમ્યગ્દર્શન કર્યું, એટલે કે આત્મા શુદ્ધ ધ્રુવ છે તેને અનુભવમાં લીધો, એવો જે ધર્મી જીવ, એ ધર્મી શું કરે છે? કહે છે.

**'શુદ્ધનયસે અપને શુદ્ધભાવોંકા કર્તા હૈ.'** એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર આત્માના ત્રિકાળી ધ્રુવને આશ્રયે જે પ્રગટ થયા એનો એ કર્તા ધર્મી છે. આહાહા..! ત્યારે એને ધર્મી કહીએ. આહાહા..! ભારે વાત, ભાઈ! સમજાણું કાંઈ? ભગવાન પરમેશ્વર ત્રિલોકનાથના જ્ઞાનમાં ધર્મી એને કહે કે આ આત્મા શરીર, વાણી, મનથી તો જુદો જાણે, પણ દયા, દાન, વ્રતના, ભક્તિના પરિણામ અશુદ્ધ છે એનાથી જુદો જાણે. અને એક સમય પુરતી દશા છે એટલો પણ ન જાણે. શુદ્ધ ધ્રુવ નિત્યાનંદ આત્મા એવી જ્યાં દૃષ્ટિ થઈ, એ દૃષ્ટિ છે અવસ્થા, એ દૃષ્ટિ છે અવસ્થા પણ દૃષ્ટિનો વિષય છે ધ્રુવ. એવો દૃષ્ટિવંત ધર્મી પોતાના નિર્મળ દૃષ્ટિની પર્યાયનો કર્તા છે. આહાહા..! સમજાણું કાંઈ? શુદ્ધભાવના ભાનવાળો શુદ્ધનો કર્તા, અશુદ્ધના ભાનવાળો અશુદ્ધનો કર્તા. આહાહા..! ઘણું ટૂંકું છે પણ માણસને મળતું નથી સાંભળવા અને એમાં દરકાર નથી. એમ ને એમ..

મુમુક્ષુ :- ...

ઉત્તર :- દરકાર નથી? લ્યો, એ ઠીક કીધું વળી. આહાહા..!

અરે..! ભગવાન! અનંતે કાળે પ્રભુ! આવો અવસર મળ્યો મનુષ્યદેહનો, એમાં જો આ વાસ્તવિક ભગવાન કહે છે એવા તત્ત્વને ઓળખ્યું નહિ, શ્રદ્ધયું નહિ, માન્યું નહિ (તો) તારા આરા ક્યાંય નહિ આવે, ભાઈ! ચોર્યાસીના અવતારમાં. દુનિયા એમ ગણી દેશે કે, ઓહોહો..! આ તો ધર્મી છે, પૂજા કરે છે, ભક્તિ કરે છે. હંમેશા જાત્રા કરી આવે બાર મહિને કારતક પૂનમની શૈત્રુંજય કે કેસરિયાજી.. એ કેસરિયાજી જાય છે. કહો, સમજાણું કાંઈ? આ તો વાત છે. સાંભળ્યું હોય એ કહીએ ને. આપણને ક્યાં ... કોઈ એમ કહેતું હતું, હોં! કોઈ એકવાર જાત્રા કરી આવે. આ તો કોઈપણ વખતે. કારતક મહિને તો આપણે 'પાલિતાણા'ની કરીએ છીએ. 'પાલિતાણા'ની કારતક પૂનમની જાત્રા કરી આવે એકાદ. આ વળી કેસરિયા વખત વખતે મળે જરી બે દિ' જઈ આવે ત્યાં. ત્યાં કેસર ચડે છે. પણ એ બધો શુભભાવ છે, એ ધર્મ નહિ. આહાહા..! ગજબ વાતું છે.

મુમુક્ષુ :- લોકો તો એને ધર્મ કહે છે.

ઉત્તર :- દુનિયા તો ધર્મ કહે. શું થાય? આહાહા..! છોકરાવ છે છોકરાવ. વાતું ન કરવી ભાઈ ઓલા જોડે ડોહા બેઠા હોય એને ખેદ થાય. ભગવાન! આ વાત સાંભળવા જેવી છે. નવરાશ કોને છે કે આ વાતું કરે છે. શું કરવા સાંભળવું જોઈએ? કહો, સમજાણું કાંઈ? આહાહા..! પ્રભુ! તારા વખત મળ્યા છે, નાથ! આહાહા..! એક એક સમયની કિંમત શું છે આની? ચક્રવર્તીની સંપદા કરતાં મનુષ્યના દેહના એક સમયની કિંમત અમૂલ્ય છે. આહાહા..! આવો મનુષ્યદેહ વારંવાર મળતો નથી અને મળે ત્યારે ગુમાવી દીધા એણે.

ભગવાન પરમાત્મા એમ ફરમાવે છે કે તારા શુદ્ધના ભાન વિના તું પુણ્ય-પાપનો કર્તા

થઈને રખડી મરે છે, ભાઈ! અને જ્યારે તેને ધર્મનું ભાન થાય છે એટલે કે સમ્યગ્દર્શન થાય છે એટલે કે સમ્યગ્દર્શનમાં આખો આત્મા આનંદકંદ એવો અનુભવમાં આવે છે, ત્યારે તે શુદ્ધભાવનો કર્તા થાય છે. એ દયા, દાન અને વ્રતનો પણ જ્ઞાની કર્તા છે નહિ. થાય, આવે એનો જાણનાર રહે છે. આહાહા..! ભારે વાતું, ભાઈ! કહો, સમજાણું આમાં? સમજાય એવું છે, હોં! ન સમજાય એવું કાંઈ નથી. ભાષા એવી કાંઈ આકરી નથી. ભાષા તો સાદી છે. પણ એને જરી લક્ષમાં તો એને લેવું છે કે કોઈ સમજાવી દે એવું છે એને? આહાહા..!

કહે છે, '**શુદ્ધનયસે અપને શુદ્ધભાવોંકા કર્તા હૈ.**' ગજનો આંકો પણ સૂઝે નહિ, 'ભોગીભાઈ'! ત્યાં વાંચવા બેસે તો. આ શુદ્ધનય શું અને શુદ્ધભાવ શું, એ કહે છે. શુદ્ધનય એટલે એ કે આત્મા પૂર્ણ પવિત્ર છે, એને જે જ્ઞાન જાણે તે જ્ઞાનને શુદ્ધનય કહીએ. અને શુદ્ધનય દ્વારા આત્મા જણાયો એટલે શુદ્ધપણે પરિણામ જે પ્રગટ્યા એનો એ કર્તા થાય છે. આ તો સાદી ભાષાએ વાત છે. આહાહા..! કહો, સમજાણું કાંઈ? એ એક બોલ થયો. કર્તાની વ્યાખ્યા થઈ. હવે ભોક્તા. હવે 'ભોગીભાઈ'! ભોગી આવ્યું આ. ભોક્તા કોણ એમ કહે છે હવે. ભોક્તાની વાત આવી.

'**વહ નિશ્ચયનયસે તો અપને જ્ઞાન-દર્શનમયી ચેતનાભાવકા ભોક્તા હૈ...**' લ્યો! આહાહા..! પોતાનો સ્વભાવ જાણવું, દેખવું, આનંદ અને શુદ્ધ એવું જ્યાં ભાન થયું, એથી એ પોતાના શુદ્ધભાવ, ચૈતન્યભાવનો કર્તા છે, ભોક્તા છે. એ ચેતનાભાવનો ભોક્તા છે. આહાહા..! ધર્મીજીવ પોતાના જાણવા-દેખવાના ભાવનો અનુભવ ભોક્તા કરનાર છે. એ પૈસાનો અને આબરૂનો, કીર્તિનો અનુભવ કરનાર તો અજ્ઞાની પણ નથી. પણ અજ્ઞાની માને છે કે હું આ બધું ભોગવું છું. સ્ત્રીને, શરીરને, પૈસાને, મકાનને, આબરૂને. એ તો પરવસ્તુ છે. પરવસ્તુને કોઈ પરવસ્તુ ભોગવી શકે નહિ. પણ અજ્ઞાનમાં આત્માના ભાન વિના જ્યારે પરવસ્તુના પ્રેમમાં એને રાગ થાય એનો એ અનુભવ કરે અજ્ઞાની. આહાહા..! એ રાગનો કર્તા થઈને રાગનો ભોક્તા થાય અને જ્યાં સુધી રાગને ભોગવે ત્યાં સુધી એ મિથ્યાદૃષ્ટિ છે. એને આત્માનું ભાન નથી. આહાહા..! ગજબ વાતું આવી તે. '...ભાઈ'! જુઓને! વાત છે વાત. વીતરાગના પેટ છે ભાઈ આ તો. બહારમાં લોકોને ગૂંચવી મારી નાખ્યા ને. પ્રવૃત્તિ... પ્રવૃત્તિ... પ્રવૃત્તિ... અને એમાં ધર્મ. આહાહા..! છે? 'ભોગીભાઈ'! ગાથા બહુ સારી આવી ગઈ છે. 'અષ્ટપાહુડ' છે. 'કુંદકુંદાચાર્ય'નું 'અષ્ટપાહુડ' છે. આપણે આમાં લખાવાનું છે એ. આમાં આપણે મંદિરમાં લખાવાનું છે. 'સમયસાર', 'પ્રવચનસાર', 'નિયમસાર', 'પંચાસ્તિકાય' અને 'અષ્ટપાહુડ'. આ. આ ભાવપાહુડ છે. આમાં આઠ પાઠ છે. આ તો વાંચતા-વાંચતા અહીં સુધી આવ્યું છે.

અહો..! શુદ્ધનય કરી '**નિશ્ચયનયસે તો અપને જ્ઞાન-દર્શનમયી ચેતના...**' જુઓ! ભાષા શું છે? ધર્મી એને કહીએ કે જે પોતાના જ્ઞાન-દર્શનના ભાવને પોતાનો માને. એ

પુણ્ય અને પાપના ભાવને પોતાના માને નહિ. કેમકે એ તો આસ્રવ અને રાગ છે. એ આત્મતત્ત્વ નથી. આહાહા..! તો શરીર ને વાણી ને મનને આ જડ અને માટી, એને તો આત્મા પોતે પોતાના માને એ તો મૂઢ છે. આહાહા..! સમજાય છે કાંઈ? ત્રણ ખાના છે. એક જડનું, એક પુણ્ય-પાપના આસ્રવનું અને એક સ્વભાવનું. હવે જેની સ્વભાવની ખાણ ઉપર દૃષ્ટિ પડી એ સ્વભાવનો કર્તા અને ભોક્તા. અને જે રાગ અને પુણ્ય ઉપર અને પાપ ઉપર દૃષ્ટિ પડી એ પુણ્ય-પાપનો કર્તા અને પુણ્ય-પાપનો ભોક્તા. આહાહા..! શરીર ઉપર દૃષ્ટિ પડે પણ શરીરનો કર્તા અને ભોક્તા થઈ શકતો નથી. આહાહા..! સમજાણું કાંઈ? અરે..! આ કરવાનું કર્યું નહિ અને ન કરવાના કરીને બેઠો. માળો. આહાહા..! અનંતકાળમાં જ્યાં વળી પાંચ-દસ લાખ મળે, પચ્ચીસ લાખ થાય ત્યાં તો જાણે આહાહા..! આપણે ખૂબ કમાઈને આગળ વધી ગયા. સોજા વધ્યા, સોજા. મરી જઈશ, સાંભળને!

મુમુક્ષુ :- શરીરનો કર્તા-ભોક્તા નહિ?

ઉત્તર :- કર્તા-ભોક્તા નહિ. કીધું ને. અજ્ઞાનભાવે પણ નહિ. શરીરની પર્યાયનો કર્તા શરીર. પહેલો દાખલો આપ્યો ને હમણાં? આ ચાલે છે એનો કર્તા એ, એની અવસ્થાનો ભોક્તા એ. આને શું છે? આહાહા..! બેની સત્તા જ જુદી છે જેની. ચૈતન્યનું હોવાપણું જુદું અને આ માટીનું હોવાપણું જુદું. એક જગ્યાએ રહ્યા, પણ એના હોવાપણામાં આત્મામાં ક્યાં એની દશામાં આ શરીર આવી ગયું છે? શરીર તો શરીરની દશામાં રહ્યું છે. કોઈ દિ' વિચાર કે દિ' કર્યો છે પણ? આહાહા..!

કહે છે, '**નિશ્ચયસે તો અપને જ્ઞાન-દર્શનમયી...**' એમ ભાષા. ધર્મીને પોતાપણાનો ભાવ તો જાણવું-દેખવું એ પોતાનો ભાવ છે. ધર્મીને એ પુણ્ય-પાપના, દયા-દાન-વ્રતના પરિણામ એ ધર્મીના નહિ. એ તો મેલ છે. સમજાણું કાંઈ? આહાહા..! અરે..! તત્ત્વની વાતું.. 'તત્ત્વ રસિકજન સુણલા, બહુરો જન સૌ ...' ભગવાનની સ્તુતિ કીધી. ચંદ્રાનન ભગવાન છે ને? વીસ વિહરમાન. સીમંધર ભગવાનમાં એક ચંદ્રાનન ભગવાન છે. કેટલામાં આવ્યું? બારમાં? ભગવાનની સ્તુતિ કરી 'દેવચંદજી'એ. ખરતર ગચ્છમાં થયા છે. 'ભગવાન તત્ત્વરસિકજન સુણલા પ્રભુ' અરે..રે..! ભરતક્ષેત્રમાં તારા પ્રભુ વિરહ પડયા. પૈસા ગયા, મા-બાપ મરી ગયા, પાછળ વાંધા ઉઠ્યા. ભગવાન આપના વિરહ પડ્યા. કેવળજ્ઞાનના કાંઈ ભાવ ન મળે. મનઃપર્યય જ્ઞાનાદિ ન મળે. ગણધરોના વિરહ પડયા. 'તત્વરસિકજન સુણલા...' આત્મા શુદ્ધ આનંદ છે અને પુણ્ય-પાપના પરિણામની ક્રિયા વિનાનો છે એવા તત્ત્વના રસિકો જીવ બહુ થોડા. બહુળો જન સંવાદ મોટો ભાગ પ્રભુ સંવાદે-ઝઘડે ચડી ગયા. અમે આ કરીએ છીએ, અમે દયા પાળીએ છીએ, અમે વ્રત પાળીએ છીએ, અમે ભક્તિ કરીએ છીએ, અમે દાન દીધા છે, દાન દીધા. હવે સાંભળને, દાન શું કરતા? 'ભોગીભાઈ' અહીં તો વાત એવી છે, ભાઈ! દાન પૈસા તો અજીવ છો. હું અજીવ આપું આને. મૂઢ છે. આહાહા..! ભાઈ! તારી ભૂલ આઠ પાંચ શેરીની થઈ ગઈ. મણમાં આઠ પાંચ શેરીની. આખેઆખી.

ભગવાન કહે છે, ભાઈ! ધર્મીજીવનું તો પોતાનું જ્ઞાનદર્શન સ્વરૂપ છે. આહાહા..! જુઓ! અપના શબ્દ વાપર્યો છે ને. '**જ્ઞાનદર્શનમયી ચેતનાભાવકા ભોક્તા...**' આહાહા..! જુઓ! આનું નામ ધર્મ. ધર્મ કાંઈ સાધારણ ભાષા નથી, સાધારણ ભાવ નથી, બાપુ! આ તો વીતરાગનો ધર્મ છે. સર્વજ્ઞ પરમેશ્વર અનંત કેવળીઓ, લાખો કેવળીઓ બિરાજે છે મહાવિદેહમાં. તીર્થંકરો વીસ બિરાજે છે. સમજાણું કાંઈ? એના ફરમાન, એનો મારગ એણે સાંભળ્યો નથી. સાંભળવામાં આવ્યો તો રુચ્યો નથી. કાઢી નાખ્યો. એ તો નિશ્ચય છે... એ તો નિશ્ચય છે. નિશ્ચય એટલે સાચું, સાંભળને! સમજાણું કાંઈ? એ તો અહીં કહે છે, જુઓને!

'**નિશ્ચયનયસે...**' સાચી દૃષ્ટિથી જોઈએ તો. ધર્મી '**અપને જ્ઞાન-દર્શનમયી ચેતનાભાવકા ભોક્તા હૈ...**' એ દાળ-ભાતના ભોક્તા નહિ. સ્ત્રીનો ભોક્તા જીવ ત્રણકાળમાં નહિ. આહાહા..! પણ ધર્મી જીવ તો એ રાગના, પુણ્ય-પાપના અશુદ્ધભાવનો પણ ભોક્તા નહિ. આહાહા..! કેટલી અંદર શરતું ધર્મને માટે. આહાહા..! પ્રભુ! તારામાં તો જાણવું અને દેખવું એવો સ્વભાવ ભર્યો છે ને. ત્રણકાળ ત્રણલોકને જાણે-દેખે એવો સ્વભાવ છે ને. એ સ્વભાવનું જ્યાં ભાન થયું કે પોતાનો તો જાણવું-દેખવું સ્વભાવ છે. પુણ્ય-પાપના પરિણામ થાય એ કાંઈ મારો સ્વભાવ નથી. એથી એ પુણ્ય-પાપનો પણ કર્તા અને ભોક્તા ધર્મી નથી. આહાહા..! સમજાણું કાંઈ? કહો, 'જયંતિભાઈ'! ભારે આવો આકરો માર્ગ પણ. બાપુ! માર્ગ જ એ છે. આકરો કહે તો ઈ, સહેલો કહે તો ઈ, જેમ છે તેમ ઈ. તને ન સમજાય અને ન બેસે એટલે કાંઈ મારગ બીજો થઈ જાય? આહાહા..! આ શું કહે છે? જુઓને! આચાર્ય પોતે કહે છે. 'કુંદકુંદાચાર્ય' પોતે કહે છે. 'અમૃતચંદ્રાચાર્યે' એનો અર્થ કર્યો છે. ટીકામાં છે. આ 'જયચંદ્ર પંડિત' કરે છે. 'જયચંદ્ર પંડિત' થઈ ગયા છે ત્યાં 'જયપુર'માં. એ અર્થ કર્યો છે. પાઠમાં છે ને, જુઓને! કર્તા-ભોક્તાનો અર્થ કર્યો છે એ.

'**નિશ્ચયનયસે તો અપને જ્ઞાન-દર્શનમયી ચેતનાભાવકા ભોક્તા હૈ...**' આહાહા..! ધર્મી એને કહીએ, ધર્મ થયો એને કહીએ, ધર્મનો જાણનાર, શ્રદ્ધનાર, વેદનાર એને કહીએ કે જે ચેતનાભાવ જાણવા-દેખવાના ભાવનો એ ભોક્તા છે. છ ખંડમાં રહેલા ભગવાન શાંતિનાથ, કુંથુનાથ, અરનાથ ત્રણ ચક્રવર્તી હતા. છ ખંડનું રાજ હતું. અમે તો અમારા જાણવા-દેખવાના ભાવના ભોક્તા છીએ, પ્રભુ! આહાહા..! એને બત્રીસ કવળનો આહાર. જેનો એક કવળ છન્નું કરોડ પાયદળ પચવી શકે નહિ. સમજાણું કાંઈ? એવો આહાર હતો એને. ચક્રવર્તીને. સોળ હજાર તો દેવ સેવા કરતા. અને એના ખોરાકમાં.. એની દાસી હોય, દાસી. એ પણ એવી જોરદાર હોય. કરોડ રૂપિયાનો હીરો હોય, હીરો! મસળી નાખે. એની બનાવે ભસ્મ અને એની ભસ્મ નાખે દૂધમાં અને પાકમાં. અને એવા બત્રીસ કવળનો ખોરાક એ ચક્રવર્તી લે. કહે છે કે ના, કોણે તને કીધું કે ખાય છે ઈ? આહાહા..! એ તો જડની ક્રિયાને જાણે છે કે આ થાય છે. એમાં જરી વિકલ્પ ઉઠ્યો છે એ વિકલ્પ તો રાગ

છે. રાગનો એ ખરેખર ભોક્તા નથી. સમજાણું કાંઈ? આહાહા..! આ વાત બેસવી કઠણ હજી તો. મગજમાં-ભેજામાં બેસવી કઠણ. ઓલી તો સહેલીસટ વાત. છકાયની દયા પાળો, વ્રત કરો, ભક્તિ કરો, આ કરો, તે કરો મરો પછી.

ઓલા ભાઈએ આપણે કહ્યું હતું ને. 'ન્યાલભાઈ'એ. 'ન્યાલચંદભાઈ' થઈ ગયા છે ને. 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ' 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ' આપ્યું છે તમને? 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ' એક પુસ્તક. નથી આપ્યું? એ 'ન્યાલભાઈ' થઈ ગયા છે હમણાં. 'કલકત્તા'. એમાં એમ લખ્યું છે, 'કરવું એ મરવું' એમ લખ્યું. રાગનું શુભ કે અશુભનું કરવું ત્યાં જીવનું મરવું છે. 'શશીભાઈ'! કહ્યું છે ને? 'દ્રવ્દૃષ્ટિ પ્રકાશ' આપણે છે કે નહિ? બે ભાગ. એક આપો તો ખરા એને. વાંચશે. .. આપણે ઘણીવાર અહીં. નહિ આવ્યા હોય આ વખતે બોણી કરો. એક ગૃહસ્થ છે. બહુ ઘણા લાખોપતિ. 'કલકત્તા'માં આપણાં દિગંબર. ઘણો મોટો વેપાર. એ (સંવત) ૨૦૦૨ની સાલમાં આવ્યા અહીંયાં. કેટલા વર્ષ થઈ ગયા? પચ્ચીસ. ચોત્રીસ વર્ષની ઉંમર હતી. ૨૦૦૨ની સાલમાં આવ્યા. વાંચેલું બહુ. બહુ મગજવાળો માણસ, બહુ હોંશિયાર. એમના પત્રો છે. બહુ સરસ છે. એ આવ્યા અને એક રાતમાં આત્મજ્ઞાન પામ્યા. એટલો પુરુષાર્થ લઈને આવેલા. ઓહોહો..! એટલું કહ્યું. જુઓ! જુઓ! એમાં છે. એટલું કહ્યું. આમાં લખ્યું છે. અહા..! કીતને માર્મિક મસ્તરૂપ છે એ શબ્દ. ત્યાં કહ્યું મેં, 'જ્ઞાન અને રાગ જુદા છે.' આટલું કહ્યું. આ વિકલ્પ જે છે દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધનો એ વિકલ્પ ભિન્ન છે અને ચૈતન્ય ભિન્ન છે. આટલું સાંભળીને... આપણો આ છે ને સમિતિનો ઓરડો? સાંજથી સવાર સુધી ધ્યાનમાં (બેઠા). ગુજરી ગયા. હમણા ગુજરી ગયા. રાત્રે ઘોલન કરતા.. કરતા.. કરતા... કરતા... સમ્યગ્દર્શન નિર્વિકલ્પનો સ્વાદ લઈને ઉઠી ગયા. એક રાતમાં, હોં! એમાં છે થોડું-થોડું. વાંચજો હવે. આ હીરાની કિંમતું નથી, એવી ચીજ છે આ. હીરામાં ધૂળમાંય નથી. કહો, સમજાણું કાંઈ? આહાહા..!

કહે છે, '**નિશ્ચયનયસે તો અપને જ્ઞાન-દર્શનમયી ચેતનાભાવકા ભોક્તા હૈ...**' પછી વાંચજો નિરાંતે. ઠીક આજ આવ્યા બરાબર બોણીમાં. કહો, સમજાણું કાંઈ? એમને ઘોલન થઈ ગયું એવું. એક રાતમાં! આહાહા..! એમાં રાત શું? બે ઘડીનું કામ છે. ભગવાનને ભેટવામાં બે ઘડી જોઈએ. શેઠ! અંતર્મુહૂર્ત. આમ રાગ અને પુણ્યના પ્રેમમાં પડ્યો એનો પ્રેમ ગુલાંટ ખાઈને આત્મામાં પડે (એટલે) છૂટ્યો. આહાહા..! સમજાણું કાંઈ? કહે છે. આહાહા..! ભારે કરી છે, જુઓ! '**નિશ્ચયનયસે...**' એટલે સાચી દૃષ્ટિથી જોઈએ તો ધર્માત્મા એને કહીએ કે પોતાનું જાણવું અને દેખવું એ પોતાનો અનાદિ અવિનાશી સ્વભાવ. એની જે અવસ્થા થાય નિર્મળ દશા, એને ભોગવે. આહાહા..! સમજાણું કાંઈ? 'જાદવજીભાઈ'! ભારે વાતું, ભાઈ!

'**વ્યવહાર નયસે પુદ્‌ગલકર્મકે ફલ જો સુખ-દુઃખ આદિકા ભોક્તા હૈ.**' એમ. પુણ્ય-પાપના ભાવ થયા હોય, ... મળે ધૂળ બહારની એને વ્યવહારથી કહેવાય કે આને ભોગવે

છે. શું કે ઓલા ભોગવવાના ભાવમાં એ નિમિત્ત છે ને? બાકી એને કાંઈ ભોગવી શકતો નથી. આ પૈસાને ભોગવે છે, આ બગીચા, ... બધા હિરા-માણેક. ધૂળ, એ તો જડ છે. એને શું ભોગવે? પણ ભોગવવાનો ભાવ જે અજ્ઞાનીનો રાગ-દ્વેષનો હતો એ ભાવમાં એ નિમિત્ત થયું એથી એને વ્યવહારે ભોગવવાનું કહેવામાં આવે છે. ઉપચારથી કહેવામાં આવ્યું. આહાહા..! અજ્ઞાની, હોં! જ્ઞાની તો પરનો ભોક્તા વ્યવહારે પણ નથી. સમજાણું કાંઈ? આહાહા..!

ત્રીજો બોલ. કર્તા-ભોક્તા બે બોલ થયા. ત્રીજો '**અમૂર્તિક કહા, વહ નિશ્ચયસે તો સ્પર્શ, રસ, ગંધ, વર્ણ, શબ્દ યે પુદ્‌ગલકે ગુણ પર્યાય હૈં,...**' જુઓ! સ્પર્શ. નીચે છે ને. તદ્દન નીચેની લીટી. નીચેની લીટી છેલ્લી. ૧૪૮ છેલ્લી. ૧૪૮ ગાથા. ગાથા છે. છેલ્લી લીટી નીચે તદ્દન. ત્યાં નહિ, આની કોર. વળી, કેવો છે ભગવાનઆત્મા? અમૂર્તિક. '**નિશ્ચયનયસે તો સ્પર્શ, રસ, ગંધ, વર્ણ, શબ્દ...**' નથી. એ તો જડ છે બધું આ. '**યે પુદ્‌ગલકે ગુણ પર્યાય હૈં,...**' કીધું ને ઓલા ચાર ગુણ છે અને શબ્દ એ પર્યાય છે. '**ઈનસે રહિત અમૂર્તિક હૈ...**' આત્મામાં સ્પર્શ નથી, ગંધ નથી, રસ નથી, સ્પર્શ નથી. આ શબ્દ તો જડની અવસ્થા છે અવાજ ઉઠે ઈ. આત્માની નથી કાંઈ. આત્મામાં છે નહિ. એનાથી તો રહિત છે આત્મા. લ્યો! શબ્દથી રહિત છે આત્મા. તો બોલે કોણ? જડ. આત્મા બોલે? આત્મા ક્યાં..? આહાહા..! સમજાણું કાંઈ? આ તો અવાજ છે, પરમાણુ છે અંદર. એ પરમાણુનો અવાજ ધ્વનિ ઉઠે. એ તો જડની દશા છે, એ આત્મામાં છે નહિ. આ ભાષાની પર્યાય તો રૂપી છે. તો આત્મા રૂપી થઈ જાય. રૂપી છે નહિ, એ તો અરૂપી છે. આહાહા..! એમાં ભાષાના પાછા અભિમાન. ભાષા જડની, એમાં અભિમાન. આમ બોલવું, આમ કરવું. અરે..! ભગવાન!

મુમુક્ષુ :- પદ્ધતિસર બોલવું જોઈએ ને.

ઉત્તર :- પદ્ધતિસર બોલવું જોઈએ, ત્રુટક ન થવું જોઈએ. કોણ બોલે? ભગવાન! આહાહા..! અરે..! વાણી જડની છે, એમ કહે છે. પણ અવાજ ઊઠે છે ને. આમાં ઉતરે છે. આત્મા અરૂપી ઉતરે આમાં? આત્મા તો ત્રણે કાળ અમૂર્ત જ છે. આહાહા..! અરે..! એની એને ખબરું ન મળે. અને પારકાની.. 'ઘરના છોકરા ઘંટી ચાટે અને પાડોશીને આટો.' એમ પોતે કોણ અને પોતાનું શું છે એની ખબર ન મળે અને એને ધર્મ થઈ જાય. આહાહા..! સમજાણું કાંઈ?

કહે છે, ભગવાનઆત્મા અમૂર્તિક છે. '**ઔર વ્યવહાર સે જબતક પુદ્‌ગલકર્મસે બંધા હૈ તબ તક મૂર્તિક ભી કહતે હૈં.**' પુદ્‌ગલનો સંબંધ છે એ અપેક્ષાએ. '**શરીરપરિમાણ કહા, વહ નિશ્ચયસે તો અસંખ્યાતપ્રદેશી લોકપરિમાણ હૈ,...**' લ્યો! નિશ્ચયથી તો, નિશ્ચય એટલે સાચી દૃષ્ટિથી જોઈએ તો શરીર પ્રમાણે છે અંદર. અસંખ્યાત પ્રદેશી છે. અસંખ્ય પ્રદેશી શું? અસંખ્યાત પ્રદેશ છે. આ પરમાણુ છે-પોઈન્ટ એ જેટલામાં (જગ્યા) રોકે એને

પ્રદેશ કહીએ. એવો અસંખ્ય પ્રદેશી પહોળો છે જીવ. એવા અનંતા આત્માઓ અસંખ્ય પ્રદેશી છે. એ સર્વજ્ઞ સિવાય અજ્ઞાનીઓને એનો પત્તો ખાય નહિ. સમજાણું કાંઈ? આહાહા..! જુઓને! અંગુઠેથી માંડીને માથા સુધી પહોળો છે કે નહિ ? પહોળો છે તો એમાં પ્રદેશો છે, એના અંશો છે, અવયવો છે ઈ. આત્મા આખો અવયવી છે અને પ્રદેશો એના અવયવ છે અને એક એક પ્રદેશમાં અનંતા ગુણો રહેલા છે. વસ્તુની ખબર ન મળે. વસ્તુ શું છે. કંઈક ને કંઈક માને અને કંઈક ને કંઈક માનીને ધર્મ થયો એમ માને. આહાહા..! અનંતકાળથી ભ્રમણામાં ભૂલ્યો.

કહે છે કે '**અસંખ્યાતપ્રદેશી લોકપરિમાણ હૈ,...**' લોકપ્રમાણ એટલે? આખો લોક છે આકાશપ્રદેશ એટલા પ્રદેશ છે જીવના. એમ. લોક છે ને ચૌદ બ્રહ્માંડ ભગવાને (જોયો છે). ધર્માસ્તિ, અધર્માસ્તિ, આખા લોકમાં છે. અરૂપી પદાર્થ છે અનાદિઅનંત. એના અસંખ્ય પ્રદેશ છે. એવા એક આકાશના અસંખ્ય પ્રદેશ છે. એટલા એક જીવના છે. લોકના પ્રમાણમાં સંખ્યાએ જીવના પ્રદેશ છે. સમજાણું? '**પરંતુ સંકોચ-વિસ્તારશક્તિસે શરીરસે કુછ-કમ...**' લ્યો, આપણે એ બપોરે આવ્યું હતું. '**સંકોચ-વિસ્તાર શક્તિસે શરીરસે કુછ-કમ પ્રદેશપ્રમાણ આકારમેં રહતા હૈ.**' લ્યો! સમજાણું? સંકોચ-વિસ્તાર થાય થોડો. આમ જુઓ! કાલે બપોરે આવ્યું હતું ને. શક્તિમાં આવ્યું હતું-નિયતપ્રદેશ! કીડીમાં હોય તો સંકોચાઈ જાય, હાથીમાં હોય તો પહોળો (થાય). વસ્તુ તો એની એ જ છે. મોટું જાજમ હોય જાજમ લ્યો ને. પહોળી પાથરે તો આખા ઓલામાં સમાઈ જાય. પછી સંકેલવા માંડે તો થોડામાં રહે. છે તો એટલીને એટલી. કાંઈ સંકેલે તો નાની થઈ ગઈ છે અને પહોળી થઈ તો મોટી થઈ ગઈ એમ છે? એમ એક એક આત્માને અસંખ્ય પ્રદેશ છે. જે 'શ્રીમદ્'માં ચેતનઘન કહ્યો એ. 'શ્રીમદ્દે' કહ્યું ને 'શુદ્ધ-બુદ્ધ ચૈતન્યઘન' એ પ્રદેશને વર્ણવે છે. અસંખ્ય પ્રદેશી ઘન છે આત્મા. એવો આત્મા સંકોચ-વિકાસને લઈને '**શરીરસે કુછ-કમ પ્રદેશપ્રમાણ આકારમેં રહતા હૈ.**' લ્યો! સિદ્ધ ભગવાન થાય આત્મા, સિદ્ધ-સિદ્ધ અશરીરી-મુક્તદશા પામે ત્યારે છેલ્લા શરીરના પ્રમાણમાં આત્મા રહી જાય. સમજાણું કાંઈ?

વળી, '**અનાદિનિધન...**' છે. પાંચમો બોલ. અનાદિઅનંત. નિધન એટલે અન-અનાદિ, અ-નિધન. જેની આદિ નથી અને જેનો અંત નથી. છે એની આદિ શી? સત્‌નો નાશ થાય? સત્‌ની ઉત્પત્તિ હોય? આહાહા..! અનાદિઅનંત. '**વહ પર્યાયદષ્ટિસે દેખનેપર તો ઉત્પન્ન હોતા હૈ,...**' વર્તમાન અવસ્થાથી જુઓ તો મનુષ્યભવ, દેવભવ, નારકી, કીડા ને કાગડા અને એવા ભવ થાય છે. પર્યાયદષ્ટિ જોઈએ, વર્તમાન દષ્ટિથી. કારણ કે વસ્તુ તો અનાદિઅનંત છે. કાંઈ વસ્તુ નવી થતી નથી.

'**પર્યાયદષ્ટિસે દેખનેપર તો ઉત્પન્ન હોતા હૈ, નષ્ટ હોતા હૈ, તો ભી દ્રવ્યદષ્ટિસે દેખા જાય તો અનાદિનિધન સદા નિત્ય અવિનાશી હૈ.**' .. અનાદિઅનંત છે છે... છે... છે... છે... છે.. અનંત-અનંત ભવ. અનંતભવમાં હતો... હતો. છે... છે... છે... છે...

આહાહા..! સમજાણું કાંઈ? આ રાજુલ આવી છે ને? ... ન હોય. રવિવાર છે ને. આવી છે. શું કીધું સમજાણું? વસ્તુથી જોઈએ તો ત્રિકાળ છે આત્મા, પણ એની હાલતથી જોઈએ તો નવા-નવા ભવ ધારણ કરે છે. બરાબર છે? ઘડીકમાં વાણિયો, ઘડિકમાં બાળ, વૃદ્ધ ને યુવાન. '**આત્મા દ્રવ્યે નિત્ય છે પર્યાયે પલટાય.**' આવે છે ને? 'બાળાદિ વય ત્રણનું જ્ઞાન એકને થાય.'

'**દર્શન-જ્ઞાન ઉપોયગસહિત કહા, વહ દેખને-જાનનેરૂપ ઉપયોગસ્વરૂપ ચેતનારૂપ હૈ.**' લ્યો! આહાહા..! ભગવાનનું-ચેતનનું રૂપ તો જાણવું-દેખવું એનું રૂપ છે. એનું કાંઈ પુણ્ય-પાપના વિકલ્પનું, રાગનું રૂપ એનું છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? બાહ્ય દૃષ્ટિથી જુએ તો રાગરૂપ દેખાય. અંતરદૃષ્ટિથી જુઓ તો રાગરૂપ છે નહિ. એ તો જ્ઞાન-દર્શનમય છે. બાહ્યદૃષ્ટિથી જુઓ તો એટલે બહિરાત્મા પર્યાયબુદ્ધિ. સમજાણું કાંઈ? આવો આત્મા છે એમ જ્યાં સુધી નહિ જાણે ત્યાં સુધી રખડી મરશે ચોર્યાસીના અવતારમાં. સાધુ થઈને મરી ગયો. બધું કર્યું એણે. પણ આ આત્મા સર્વજ્ઞે કહ્યો એવો જાણવાનો અનુભવ કર્યો નહિ. એ અનુભવ વિનાની બધી ક્રિયાઓ રણમાં પોક મુકવા જેવી થઈ. સમજાણું કાંઈ? અરણ્યરુદન.

'**દેખને-જાનનેરૂપ ઉપયોગસ્વરૂપ ચેતનારૂપ હૈ.**' જાણવું અને દેખવું એ ચેતના એવું સત્ત્વ. સત્‌નું સત્ત્વ એ વસ્તુ છે. એ વસ્તુમાં તો પુણ્ય અને પાપ, શરીર, વાણી, મન કાંઈ છે નહિ. એવો ચેતનામય આત્માનો અનુભવ કરવો. એની દૃષ્ટિ કરીને એમાં ઠરવું એનું નામ ભગવાન ધર્મ કહે છે. બાકી બધી વાતું ઉપરથી કહેતા હોય ઈ છે. સમજાણું કાંઈ? આ સામાયિક કરી અને પોષા કર્યા. શેના સામાયિક પણ? આત્મા કોણ છે, ધર્મ કરનારો કોણ છે કેવડો એની ખબર ન મળે અને એને ધર્મ થઈ જાય. સમજાણું કાંઈ? આહાહા..! એ છ બોલ કીધા, લ્યો!

હવે કહે છે, અન્યમતિ આદિ પ્રકાર એકાંત કરી માને છે. આ વિશેષણથી સર્વજ્ઞ પરમાત્માએ આવા આત્માને કહ્યો, એ સિવાય અજ્ઞાનીઓએ પોતાની કલ્પનાથી અનેક રીતે કહે છે એનો આમાં નિષેધ જાણવો. '**સર્વથા એકાંતરૂપ માનતે હૈં ઉનકા નિષેધ ભી જાનના ચાહિયે.**' શું કહે છે? '**કર્તા વિશેષણસે તો સાંખ્યમતી સર્વથા અકર્તા માનતા હૈ...**' એક સાંખ્ય મત છ, જૈનથી અન્ય. એ કર્તા બર્તા નથી એમ કહે છે. સમજાણું? અજ્ઞાનભાવે કર્તા અને અજ્ઞાનભાવે રાગનો કર્તા અને જ્ઞાનભાવે .. અકર્તા એમ માનતો નથી. સાંખ્યમત તદ્દન કૂટસ્થ આત્મા માને. નિત્ય કૂટસ્થ. પરનું અને સ્વનું એ શું? પણ તેં નિર્ણય કર્યો એ પર્યાય છે. હેં! આહાહા..! તેં નિર્ણય કર્યો કે હું આ આત્મા છું, કૂટસ્થ છું. કોણે નિર્ણય કર્યો એ? નિર્ણય તો પર્યાયમાં થયો. ધ્રુવમાં થાય? એ પર્યાયને માનતા નથી. એ મિથ્યાદૃષ્ટિ છે, અજ્ઞાની છે એમ કહે છે. એનો નિષેધ કર્યો.

વળી, '**ભોક્તા વિશેષણસે બૌદ્ધમતિ ક્ષણિક માનકર...**' લ્યો! બૌદ્ધમતવાળા

જીવને ક્ષણિક માને છે. ક્ષણિક માને છે ને. કર્તા બીજો અને ભોક્તા બીજો એવું માનનારા ક્ષણિક માને છે. '**કર્મકો કરનેવાલા તો ઔર હૈ તથા ભોગનેવાલા ઔર હૈ...**' લ્યો! બૌદ્ધમતિ એમ કહે છે. એક આત્મા કરે અને બીજો આત્મા ભોગવે. એ આત્મા ન ભોગવે. એનો અહીંયાં નિષેધ છે લ્યો! '**ઈસકા નિષેધ હૈ.**' એ કર્તાની વ્યાખ્યામાં કર્યું.

'**અમૂર્તિક કહનેસે મીમાંસક આદિ ઈસ શરીરસહિત મૂર્તિક હી માનતે હૈં,...**' એ તો શરીરસહિત જ આત્મા હોય, શરીર વિનાનો આત્મા કેવો? કહે છે. આહાહા..! એનો નિષેધ છે. '**શરીરપ્રમાણ કહનેસે નૈયાયિક, વૈશેષિક, વેદાંતી આદિ સર્વથા, સર્વવ્યાપક માનતે હૈં ઉનકા નિષેધ હૈ.**' ભગવાને આત્માને શરીર પ્રમાણ કહ્યો. વેદાંત સર્વવ્યાપક કહે છે, નૈયાયિક એ કહે છે વૈશેષિક, વેદાંતી આદિ. એનો નિષેધ છે. એમ છે નહિ. કહો, સમજાણું કાંઈ? એ જે કીધું એનો આ પ્રકારે બીજા મતમાં છે નહિ, એનો નિષેધ સમજવો. આ એક વીતરાગ કહે છે એ વાત સાચી છે. લ્યો, વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પ્રવચન નં. ૧૫૪, ગાથા-૧૪૮-૧૪૯, સોમવાર, માગશર વદ ૮, તા.૨૧-૧૨-૭૦

'અષ્ટપાહુડ'માં ભાવપાહુડ. ત્યાં આવ્યું હતું વચમાં, જુઓ! વળી, '**દર્શન-જ્ઞાન ઉપયોગસહિત કહા,...**' વચમાં છે. આ જીવ છે એ દર્શન-જ્ઞાનઉપયોગમય સ્વરૂપ છે. વિકાર કે શરીરમય એ ચીજ છે નહિ. '**દર્શનજ્ઞાનઉપયોગમયી કહનેસે સાંખ્યમતી તો જ્ઞાનરહિત ચેતનામાત્ર માનતા હૈ,...**' ચેતના છે પણ એમાં જ્ઞાન છે, જાણવું છે એવું છે નહિ. તો એ વસ્તુ ખોટી છે. '**નૈયાયિક, વૈશેષિક, ગુણગુણીકે સર્વથા ભેદ માનકર...**' ગુણી આત્મા અને ગુણ જ્ઞાન દર્શન સર્વથા જુદા માને છે. એથી અહીંયાં જ્ઞાનદર્શનઉપયોગમયી કહ્યો. આત્મા જાણવા-દેખવાના ઉપયોગમય અભેદ સ્વરૂપ છે. ગુણી જુદો અને ગુણ જુદો એવું નથી. સમજાણું? જાણનાર-દેખનાર સ્વભાવવાન એ સ્વભાવથી અભેદ છે. જાણવું-દેખવું જુદું છે અને જાણનાર-દેખનારો જુદો છે એમ નથી.

'**ગુણગુણીકે સર્વથા ભેદ માનકર જ્ઞાન ઔર જીવકે સર્વથા ભેદ માનતે હૈં, બૌદ્ધમતકા વિશેષ વિજ્ઞાનાદ્વૈતવાદી જ્ઞાનમાત્ર હી માનતા હૈ...**' બૌદ્ધનો એક ભાગ છે એ વિજ્ઞાન જ એકલું માને છે. જગતમાં એકલું વિજ્ઞાન છે. વિજ્ઞાનમય આત્મા કે એવું કાંઈ નહિ. વિજ્ઞાન એકલું માને એ પણ જૂઠું. '**ઔર વેદાંતી જ્ઞાનકા કુછ નિરૂપણ હી નહીં કરતા હૈ,...**' વેદાંત તો અદ્વૈત માને છે ને અદ્વૈત વળી. જ્ઞાન અને આત્મા એવા બે ભેદ પણ નથી એને તો. એ તદ્દન જૂઠું છે. '**વેદાંતી જ્ઞાનકા કુછ નિરૂપણ હી નહીં કરતા હૈ,...**' કાંઈ

નિરૂપણ જ નહિ કે આત્મા છે એ જાણે છે, જાણવાનું કાંઈ (કાર્ય કરે છે), પણ જાણવાનું માને તો તો પર્યાય થઈ ગઈ. અને ગુણ ને ગુણી બે ચીજ થઈ ગઈ. બે તો માનવું નથી. **'વેદાંતી જ્ઞાનકા કુછ નિરૂપણ હી નહીં કરતા હૈ, ઈન સબકા નિષેધ હૈ.'**

**'ઈસપ્રકાર સર્વજ્ઞકા કહા હુઆ જીવકા સ્વરૂપ જાનકર...'** છે ને શબ્દ? એ જ્ઞ રહી ગયો છે. છે ને એમાં? **'ઈસપ્રકાર સર્વજ્ઞકા કહા હુઆ...'** સર્વજ્ઞ પરમાત્મા જેના મતમાં છે એના મતમા ત્રણકાળ ત્રણલોક જાણવામાં આવ્યા અને એની વાત સાચી છે. જેનો સર્વજ્ઞ મત જ નથી અથવા જેણે સર્વજ્ઞસ્વભાવી જીવપદને માન્યો જ નથી, એથી સર્વજ્ઞ એક સમયમાં ત્રણકાળને જાણે એવી પર્યાય પણ એને હોતી નથી. વસ્તુ પોતે સર્વજ્ઞસ્વરૂપી જ છે. એટલે કે જ્ઞાનસ્વભાવી આત્મા તો જ્ઞાનમાં વળી અપૂર્ણતા શું? જ્ઞાન પૂર્ણ... પૂર્ણ.. પૂર્ણ... સર્વ પૂર્ણ જ્ઞાન. એવો જ એનો સ્વભાવ છે. એવી દશા પ્રગટે એને સર્વજ્ઞ થાય. પણ જેણે જ્ઞાનસ્વભાવ, સર્વજ્ઞસ્વભાવ જ માન્યો નથી એને સર્વજ્ઞપણું હોય નહિ. સમજાણું કાંઈ? છે? ત્યાં શેઠ? આવ્યું છે કે નહિ? જ્ઞ શબ્દ જોઈએ, જ્ઞ શબ્દ જોઈએ.

**'સર્વજ્ઞકા કહા હુઆ જીવકા સ્વરૂપ જાનકર...'** એમ કહે છે. સર્વજ્ઞ પરમેશ્વર એણે ત્રણકાળ ત્રણલોક જાણ્યા છે એના કહ્યા પદાર્થને જાણી, **'અપનેકો ઐસા માનકર...'** પોતે એમ માને. **'શ્રદ્ધા, રુચિ, પ્રતીતિ કરના ચાહિયે.'** ભગવાને આત્માને જ્ઞાનમય કહ્યો છે, શરીર પ્રમાણે કહ્યો છે, ભાનભાવે શુદ્ધ ચેતના નિર્મળ અવસ્થાનો કરનાર છે, અજ્ઞાનભાવે વિકારનો કર્તા છે. એવું એવું ભગવાને કહ્યું છે એવું જાણી **'અપનેકો ઐસા માનકર...'** જ્ઞાન-દર્શનમય છું, જાણવા-દેખવાના ભાવસ્વભાવ છું. આખી દુનિયાને ઉદાસીનથી હું તો જાણું. જાણવું અને દેખવું એ સિવાય મારો કોઈ સ્વભાવ નથી. એવી **'શ્રદ્ધા, રુચિ, પ્રતીતિ કરના ચાહિયે.'**

વળી, **'જીવ કહનેસે અજીવ પદાર્થ ભી જાના જાતા હૈ, અજીવ ન હો તો જીવ નામ કૈસે હોતા?'** અજીવ ન હોય તો આ જીવ કેમ કહ્યો? અજીવ છે તો આ જીવ છે. એમ આ જીવ છે તો એ અજીવ છે. છે ... પણ આમાં જીવ છે એમ કહેવું છે ત્યારે એક અજીવ છે બીજો. ત્યારે જીવ છે એમ થયું ને? બીજો અજીવ છે. **'ઈસલિયે અજીવકા સ્વરૂપ કહા હૈ, વૈસા હી ઉસકા શ્રદ્ધાન આગમ-અનુસાર કરના.'** લ્યો! ઓલામાં નિજ શ્રદ્ધા કરીને માનવું અને આ તો આગમ અનુસાર અજીવની શ્રદ્ધા કરવી એમ બે વાત લીધી. પાંચ અજીવ (દ્રવ્ય) છે. ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, કાળ, પુદ્ગલ. એને ભગવાને કહ્યા છે આગમમાં એ પ્રમાણે જાણવું. જાણીને એનાથી જુદો છે એ માટે જાણવું. અજીવને જાણવાનું (પ્રયોજન) એટલું કે એનાથી હું જુદો છું, મારાથી એ જુદા છે એ માટે જાણવું.

**'આગમ અનુસાર કરના. ઈસપ્રકાર અજીવ પદાર્થકા સ્વરૂપ જાનકર ઔર ઈન દોનોંકે સંયોગસે...'** બે થયું. એક જીવનું સ્વરૂપ કહ્યું. એ તો જાણન-દેખન સ્વભાવ. કેમકે જ્ઞાન અને દર્શનનો ભાવ સ્વભાવ રસ રૂપ એ જ આત્મા છે. એવો અંતરમાં સન્મુખ થઈને

જાણી, શ્રદ્ધા, રુચિ કરવી. અને અજીવને આગમ અનુસારે જાણવા કે એ મારાથી ભિન્ન છે. અને '**દોનોંકે સંયોગસે અન્ય આસ્રવ, બંધ, સંવર, નિર્જરા, મોક્ષ ઈન ભાવોંકી પ્રવૃત્તિ હોતી હૈ.**' જીવ છે એને અજીવનો સંયોગ છે. તો એ સંયોગનો સદ્‌ભાવની પર્યાય આમાં થાય એવો સંયોગ છે અને અહીં ભાવ થાય એ આસ્રવ છે. સંયોગને લક્ષે ભાવબંધ થાય છે અને સંયોગના અભાવે એને સંવર-નિર્જરા અને મોક્ષ થાય છે. શું કીધું?

જીવ એમ કહ્યું કે જીવ જે છે એ દર્શન-જ્ઞાનમય આત્મા છે. જુઓ! આટલામાં આવી ગયું થોડામાં એક આત્મા થોડામાં વાંચવાનું કરવાનું... વ્યાખ્યા ટૂંકામાં મૂકી. આ આત્મા જે છે એ તો જાણવું-દેખવું સ્વરૂપ, બસ. એ આત્મા. એને જાણીને એની સન્મુખ થઈને એની શ્રદ્ધા જ્ઞાન કરવું એ સંવર અને નિર્જરા. હવે એ સંવર, નિર્જરા અને મોક્ષ કેમ છે? એમ સિદ્ધ કરે છે. જીવથી પાંચ જુદા અજીવ છે. એનું સ્વરૂપ આગમ અનુસાર જાણવું. અને એનાથી રહિત છું એમ જાણવા માટે. હવે જીવ અને અજીવના સંબંધમાં પાંચ પર્યાયો પ્રગટ થાય છે. અજીવના લક્ષે, સંબંધે આસ્રવ અને બંધ ઉત્પન્ન થાય છે. અજીવ તો એ છે, આસ્રવ અને બંધ તો. જેટલો સ્વરૂપમાં એકાગ્ર થતાં અજીવનો સંબંધ, અબંધ, સંબંધ અભાવ થાય છે એટલો અહીં સંવર થાય છે અને એનાથી વિશેષ શુદ્ધિ જેટલો સંબંધ વિશેષ છૂટે એટલી નિર્જરા છે. સર્વથા સંબંધ છૂટે એને મોક્ષ કહે છે. સમજાણું કાંઈ? લ્યો, આ નવ તત્ત્વ. સાતમાં પુણ્ય-પાપ ગયા આસ્રવમાં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- મોક્ષ. મોક્ષતત્ત્વ. જીવની સાથે..

મુમુક્ષુ :- આજ તો 'કુંદકુંદાચાર્ય'ની તિથિ.

ઉત્તર :- 'કુંદકુંદાચાર્ય'ની તિથિનું યાદ આવી ગયું. આજે 'કુંદકુંદાચાર્ય'ની આચાર્ય પદારોહણની તિથિ છે. 'કુંદકુંદાચાર્ય' મહારાજને આચાર્ય આરોહણપણું આજ થયું હતું. આજ પોષ વદ આઠમ છે. સિદ્ધાંતની શાસ્ત્રની પોષ વદ આઠમ છે. આપણે માગશર વદ આઠમ. અગિયાર વર્ષની ઉંમરે દીક્ષા લીધેલી. ઓહોહો..! અગિયાર વર્ષ. બહુ સમર્થ! ઘણી શક્તિ! ૩૩ વર્ષ દીક્ષા રહી પછી આચાર્યપદ મળ્યું. ૯૫ વર્ષ સુધી જીવ્યા હતા. ૯૫ વર્ષ. એ આજે આચાર્યપદનો આરોહણ દિવસ છે. એ આચાર્યપદ એવી યોગ્યતા લઈને આવે છે. ક્ષયોપશમભાવમાં આવે છે. આચાર્યપણું. એવો જ એનો ઉઘાડ અને એ જાતની મર્યાદા-હદ હોય છે એની એટલે એને કુદરતે બધા સંઘ ભેગા થઈને એમ કહે કે અમારા અગ્રેસર આ છે. એમની આજ્ઞામાં અમે બધા ચાલશું. સંઘના એ નાયક છે. એવું આચાર્યપદપણું પોષ વદ આઠમે મળ્યું હતું. ઓહો..! એની વાણી, આ બધા શ્લોકો... એકલી વીતરાગતા ઝરે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વીતરાગતા ઝરે એટલે? વીતરાગતા જણાવે છે.

આત્મા જ્ઞાનદર્શનમય છે એમ કહીને પણ પરના સંબંધ અને રાગ વિનાનો

વીતરાગભાવ જણાવ્યો. વીતરાગભાવના જ્ઞાનમાં અજીવની સ્થિતિ શું છે એવી જાણવામાં આવે છે એને અજીવ તત્ત્વ જણાવ્યું. આહાહા..! અજીવના સંબંધમાં રાગ અને દ્વેષ ને આસ્રવ, બંધ ઉત્પન્ન થાય છે. એ વાસ્તવિક જીવનું સ્વરૂપ નથી એમ જણાવ્યું. અને અજીવના સંબંધથી છૂટ્યો એટલો અહીં સ્વભાવ સાથે સંબંધ કર્યો અથવા સ્વભાવ સાથે સંબંધ કર્યો એટલો અજીવના સંબંધથી છૂટ્યો. એને સંવર કહે છે. પ્રવૃત્તિ કહે છે ને, જુઓને! **'અન્ય આસ્રવ, બંધ, સંવર, નિર્જરા, મોક્ષ ઈન ભાવોંકી પ્રવૃત્તિ હોતી હૈ.'** પર્યાયની વાત છે ને પર્યાય? જીવ તો જ્ઞાન-દર્શન-સ્વભાવમય કહ્યું. એ જીવ અનાદિઅનંત. અજીવ પાંચ-ધર્માસ્તિ આદિ. અને બેના સંબંધે એકલા આત્મામાં એવી પર્યાય પાંચ ન હોય. એટલે અજીવના સંગે, સંગે લક્ષે, પોતાનું લક્ષ છૂટીને જેટલું લક્ષ પરનું જાય તેટલો ત્યાં આસ્રવ અને બંધભાવ ઉત્પન્ન થાય. બંધ સંબંધ થયો ને? સંબંધ થયો એટલે બંધ અને આસ્રવ ઉત્પન્ન થયો. અને જેટલો સ્વભાવ સાથે સંબંધ કરે એકાગ્ર થઈને, એટલો અજીવનો સંબંધ છૂટે. એટલો અહીં સંવર કહેવામાં આવે છે. વિશેષ ઉગ્રપણે સ્વભાવનો સંબંધ કરે તો વિશેષ અજીવનો સંબંધ છૂટે એને નિર્જરા કહેવામાં આવે છે. પૂર્ણ સ્વભાવનો સંબંધ કરે તો પૂર્ણ અજીવ સંબંધ છૂટે. એને મોક્ષ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'દોનોંકે સંયોગસે...'** બેના સંયોગથી **'અન્ય આસ્રવ, બંધ, સંવર, નિર્જરા, મોક્ષ (પાંચ ભાવ) ઈન ભાવોંકી...'** ભાવ એટલે પર્યાય. પાંચ પર્યાયની **'પ્રવૃત્તિ હોતી હૈ.'** એ પર્યાય અસ્તિપણે છે એમ સિદ્ધ કરવું છે. જેમ જીવ અને અજીવ બે છે એમ આ પાંચ પર્યાય પણ છે. બે આસ્રવ અને બંધ મેલી, સંવર અને નિર્જરા અપૂર્ણ શુદ્ધ, મોક્ષ પૂર્ણ શુદ્ધ. સમજાણું કાંઈ? જુઓ! મોક્ષ એ પૂર્ણ શુદ્ધ અવસ્થા. સંવર, નિર્જરા એ અપૂર્ણ શુદ્ધ અવસ્થા. આસ્રવ અને બંધ એ અશુદ્ધ અવસ્થા. જ્યારે વસ્તુ છે અને વસ્તુ જ્યારે પરના સંબંધમાં આવે છે ત્યારે દોષ ઉત્પન્ન થાય છે. એટલે દોષની હયાતી છે. અજીવની હયાતી છે અને જીવ સ્વભાવની હયાતી છે, એમ દોષની પણ હયાતી છે. આવી વાત પર્યાયમાં દોષની હયાતી અને અજીવનો સંબંધ જેટલો એ સ્વભાવ સંબંધ થાય એટલો અજીવ સંબંધ છૂટે, અજીવના પૂર્ણ સંબંધ સાથે રાગ અને દ્વેષ ને બંધ થાય, એવી વાત વસ્તુના સાત, નવ તત્ત્વને માન્યા વિના સિદ્ધ થાય નહિ. સમજાણું કાંઈ? એની પણ ખબર ન હોય. વાડામાં પડ્યા, થઈ રહ્યું. એ ભગવાન જાણે. નવ તત્ત્વ છે. નવ તત્ત્વ. સાત તત્ત્વ શું છે? કઈ રીતે? એમ જ હોય અને બીજી રીતે ન હોય એમ ભાસ થાવો જોઈએ ને?

ભગવાને કહ્યા પણ કેમ કહ્યા, એટલા જ કહ્યા અને બીજા ન કહ્યા. અને એટલા કહ્યામાં પ્રયોજન શું છે? સમજાણું કાંઈ? ઓહોહો..! 'કુંદકુંદાચાર્ય'માં છે કે નહિ શ્લોક પહેલો? ન હુએ ન હોએગેં નહીં. આ લ્યો ઈ નીકળ્યો. ત્રીજે પાને મોઢાઆગળ છે. પ્રસ્તાવનામાં પહેલા શરૂઆતમાં જ. હેઠે શ્લોક છે. શરૂઆત, તદ્દન શરૂઆત પહેલી. ગાથા

નહિ પણ પહેલી શરૂઆત. એ ગાયન છે ને? જાસકે મુખારવિંદતે... એ તમારે આવ્યું હતું ને. બીજે પાને, ત્રીજે પાને. એ પાનુ ફેરવો. છે? જુઓ! એમાં ત્રીજે પાને છે. ... 'જાસકે મુખારવિંદતે પ્રકાશ ભાસ વૃંદ' છે? 'જાસકે મુખારવિંદતે પ્રકાશ ભાસવૃંદ.' ભાષાનો વૃંદ નીકળે છે છે એના મુખથી. નીકળ્યું? 'સ્યાદ્વાદ જૈન બૈન .. કુંદકુંદ સે.' કહો, 'સ્યાદ્વાદ જૈન બૈન' અપેક્ષાએ સર્વ કથન. સ્વપણે છે, પરપણે નથી. 'ઈન્દુ ચંદ્ર શ્રી કુંદકુંદસે. તાસકે અભ્યાસ સે વિકાસ ભેદજ્ઞાન હોત' ભગવાન 'કુંદકુંદાચાર્ય'ના વચનો એના અભ્યાસે વિકાસ ભેદજ્ઞાન હોય. ભેદજ્ઞાનનો વિકાસ થાય. એક એક રાગ જુદો, વિકલ્પ જુદો, દ્રવ્યથી એક સમયની પર્યાયનો અંશ જુદો. એમ ભેદજ્ઞાન જેની ભાષામાંથી અભ્યાસ કરે તો થાય. આહાહા..! છે?

'તાસકે અભ્યાસ સે વિકાસ ભેદજ્ઞાન હોત, મૂઢ સો લખે નહિ કુબુદ્ધિ કુંદકુંદ સે.' 'કુંદકુંદ'ના વચનોને મૂંઢ કાંઈ જાણી નહિ શકે. લખેરી છે ને? લખેરી એટલે જાણવું. 'કુંદકુંદ'ના વચનોને... ઓલા ઘણા કહે છે, અમે 'સમયસાર' વાંચ્યું. હમણાં આવ્યો હતો ને એક જણો. ઓલો વળી કહેતો હતો એ .. કે અમે 'સમયસાર' વાંચ્યું છે, હોં! ઠીક, હવે વાંચ્યું. શું પણ વાંચ્યું છે તો? અરે..! ભાઈ! 'સમયસાર' એટલે શું, બાપુ! સમજાય છે?

મુમુક્ષુ :- વાંચી વાંચીને પુસ્તક ફાડી નાખી.

ઉત્તર :- પુસ્તક ફાડી નાખ્યું વાંચી વાંચીને. પણ ભાવ શું છે એ સમજ્યા વિના? એક એક ગાથા અને એક એક પદની મહાગંભીરતા છે.

'મૂંઢ સો લખે નહિ કુબુદ્ધિ કુંદકુંદસે' કુબુદ્ધિ અને મૂંઢ બે શબ્દ વાપર્યા છે. 'કુંદકુંદ'ના શાસ્ત્રના અર્થોના ભાવ કુબુદ્ધિ અને અજ્ઞાની સમજી શકે નહિ. 'દેત હૈ આશિષ શિષ્યના ઈંદુ ચંદ જાહિ.' દેત એ આશિષ આપે છે શિષ્યને. મસ્તક નમાવીને. 'ઈંદુ ચંદ...' ઈંદુ એટલે શું? ચંદ્ર થાય છે આમ તો. ઈન્દ્ર અને ચંદ્ર, લ્યો! ઈન્દ્ર અને ચંદ્ર જ્યાં માથું નમાવી દે છે. જેની વાણીમાં. 'મોહમાર ખંડમાર .. સે.' મોહરૂપી માર એના ખંડ ખંડ કરી નાખ્યા છે. માર્તંડ-સૂર્ય કુંદકુંદ. 'કુંદકુંદ'રૂપી સૂર્યે, માર્તંડ એટલે સૂર્ય. કુંદકુંદરૂપી સૂર્યે મોહરૂપી મારના ખંડ કરી નાખ્યા. મિથ્યાત્વના, અજ્ઞાનના, રાગના ખંડ કરીને અખંડ વસ્તુ બતાવી.

'વિશુદ્ધિ બુદ્ધિ વૃદ્ધિ...' જેની વિશુદ્ધિ બુદ્ધિ 'વૃદ્ધિ દા, પ્રસિદ્ધ ઋદ્ધિ ...' વિશુદ્ધ બુદ્ધિ હતી, વૃદ્ધિ હતી, પ્રસિદ્ધ હતા, ઋદ્ધિ હતી, સિદ્ધિ હતી. 'હુએ ન હૈ ન હોંગે મુનિંદ કુંદકુંદ સે' કવિવર વૃંદાવનદાસજી. 'હુએ ન, હૈ ન હોએંગે મુનિંદ કુંદકુંદ.' એના જેવા તો એ થયા છે. આચાર્યપદનું આરોહણ છે ને? આમ તો ગાઈ ગયા છે કવિ. 'વૃંદાવંદ' કવિ. દિગંબર કવિ. લ્યો. હવે કેટલાક કહે હુએ ન બસ, એના જેવા? પણ ભાઈ! હવે એ કઈ અપેક્ષાએ? સાંભળ તો ખરો. એણે જે આ વખતના સમયમાં કામ કર્યું છે... એની વાત થઈ એવી.. આહાહા..! એના એક એક શબ્દમાં કેટલી વાત છે! સમજાણું?

એ તો 'બનારસીદાસ'નું કહ્યું હતું ને? એમાં એ શબ્દ છે. જુઓ! આવે છે ને? 'મોક્ષ

... से सम.' આ 'સમયસાર'ની વ્યાખ્યા કરી છે. 'બનારસીદાસે' કરી છે. 'નાટક સમયસાર કી મહિમા'. **'मोख चलिवेकौ सौन...'** શુકન શુકન. મોક્ષના પંથે ચાલવાનું શુકન છે 'સમયસાર'. સમજાણું કાંઈ? આહાહા..! પહેલું 'સમયસાર' હાથ આવ્યું પછી કહ્યું હતું અમે શેઠને. એ શેઠ! કીધું આ અશરીરી 'સમયસાર' છે. ..નહોતું હજી કાંઈ. (સંવત) ૧૯૭૮ની વાત છે. આ અશરીરી સમયસાર છે. સમયસારનો અર્થ અશરીરીપણું કેમ પ્રાપ્ત થાય એ વાત છે. પુણ્ય મળે ને સ્વર્ગ મળે, ધૂળ મળે એ વાત આમાં નથી. જુઓ! **'मोख चलिवेकौ सौन...'** મોક્ષના પંથે ચાલવા માટે શુકન, શુકન થઈ ગયા એને. એને મોક્ષપંથ મળીને મોક્ષ જ થઈ જવાનો. **'करमकौ करै बौन...'** કર્મને ટાળી નાખે. **'जाके रस-भौन बुध लौन ज्यौं घुलत है।'** કહો, સમજાણું? રસ મૌન. રસ ભવન. જ્ઞાનીને આનંદના રસનું ભવન. **'लौन ज्यौं घुलत है।'** જેમ મીઠું પાણીમાં ભળી જાય એમ આત્માના જ્ઞાન અને આનંદ એમાં ભળી જાય છે. 'સમયસાર' સમજે એને આત્મા આનંદમય થઈ જાય, એમ કહે છે. **'गुनको गरन्थ...'** એ ગુણનો તો ગ્રંથ છે આ. **'निरगुनकौ सुगम पंथ,'** ગુણરહિત થવાને માટે આ સુગમ પંથ છે. ગુણરહિત એટલે) બહારના ગુણ આ પ્રકૃતિ, રજ આદિ. **'जाकौ जसु कहत सुरेश अकुलत है।।'** જેના જશ કહેતા સુરેશ-ઈન્દ્ર પણ આકુળતા પામે છે. એવી ચીજ છે 'સમયસાર'. સમજાય છે કે નહિ? આ તો હિન્દી છે. શેઠ! હિન્દી છે ...

મુમુક્ષુ :- ચાલુ હિન્દી નથી.

ઉત્તર :- આ તો ચાલુ જ છે ને પણ શું છે આ?

**'जाकौ जसु कहत सुरेश अकुलत है।।'** જેનો જશ કહેતા સુરેશ-ઈન્દ્ર પણ અકળાય છે. આહાહા..! આને શું કહેવું? એવી વાણી અમૃત 'કુંદકુંદાચાર્ય'ની છે. છે? **'याहीके जु पच्छी ते उड़त ग्यानगगनमैं,'** આ 'કુંદકુંદાચાર્ય'ની વાણી 'સમયસાર' એના જે પક્ષી છે 'उड़त ग्यानगगनमैं,' જ્ઞાનના ગગને આકાશે ઊડીને ચાલ્યા જાય. **'याहीके विपच्छी'** એ **'जगजालमैं रुलत है'** એમાં છે? એમાં નથી? એ તો 'સમયસાર નાટક' છે. **'याहीके विपच्छी जगजालमैं रुलत है'** 'સમયસાર'ના વિરોધીઓ ચાર ગતિમાં રખડવાના છે. આહાહા..!

**'हाटकसौ विमल'** શુદ્ધ સુવર્ણ સમાન વિમળ છે. હાટક એટલે સુવર્ણ. સોનું સોળ વલુ જેમ હોય. આહાહા...! એની વાણીના ભાવો વીતરાગના ફેણથી ... રહેલા છે. વીતરાગ... વીતરાગ... વીતરાગ.. અહો..! ગજબ શૈલી! કહે છે, કહે છે કે સુવર્ણથી વિમળ **'विराटकसौ विसतार,'** વિરાટ મોટું જગત એનાથી પણ વિસ્તારવાળું છે. **'नाटक सुनत हिये फाटक खुलत है।।'** આ ફાટક નથી લાગતું? રેલ્વેનું. ફાટક બંધ છે. આ ફાટક ખુલી ગયું

એમ કહે છે. '**नाटक सुनत हिये फाटक खुलत है।।**' જેના હૃદયના ફાટક બંધ છે એ આ 'સમયસાર' સાંભળે તો ફાટક ખુલી જાય છે. અંદરથી નેત્ર ખુલી જાય છે. આહાહા..! લ્યો! ... આવી ગયા બે. સમજાણું? આજે આચાર્યનો દિવસ છે ને આ? પોષ વદ આઠમ, આ પોષ વદ આઠમ છે. સિદ્ધાંતની પોષ વદ આઠમ છે. માગશર વદ ... સુદ પછી આવે એમાં. સિદ્ધાંતને હિસાબે વદ પહેલી આવે. સુદ પછી આવે. પોષ વદ છે આ. પછી પોષ સુદ આવે. ઓહોહો..!

વર્તમાનમાં તો મહાવિદેહ ક્ષેત્રમાં નથી. એ તો પોતે સ્વર્ગમાં છે. વિમાનમાં. હતા ત્યારે એમની દશા અને એ વાત... ઓહો..! અલૌકિક! માટે એમ કહ્યું કે એવા આ પંચમકાળમાં એમણે જે કામ કર્યું છે, તીર્થંકર જેવું કામ કર્યું છે. પાંચમા આરાના તીર્થંકર છે. 'અમૃતચંદ્રાચાર્યદેવે'... આહાહા..! શક્તિનું વર્ણન જુઓને ગજબ છે! ગજબ!! અંદર ઊંડે... ઊંડે... ઊંડે.. જુઓ તો આમ એકલી દ્રવ્ય, ગુણ અને નિર્મળ વીતરાગી પર્યાયનું જ વર્ણન છે. રાગ અને નિમિત્તની ગંધ અડી નથી કાંઈ. આહાહા..! એવો ભગવાનઆત્મા દ્રવ્ય વસ્તુ, એની શક્તિઓ પણ પૂર્ણ પવિત્ર નિર્મળ. એવી શક્તિનો ધરનાર એ દ્રવ્યનો આશ્રય લે તેની એવી જ વીતરાગ પર્યાય થાય. એ એની પર્યાય કહેવાય. અરે..! વ્યવહારે ભગવાન! તમને માને એ વિકલ્પ એની પર્યાય ખરી કે નહિ? ના. ભગવાનને માને એવો જે રાગ એ તારી પર્યાય નહિ. પણ તમને માને ને? હું છું એ તો તું છો. તારામાં છો એવો તું છો એવો હું છું. મને માનવા જા તો વિકલ્પ ઉઠશે. તને માનવા જા તો તને અંદર વિકલ્પ તૂટશે. આહાહા..! સમજાણું કાંઈ? વિકલ્પ થશે એ કહે છે કે અમને તું માનવા, સર્વજ્ઞને માનવા પરલક્ષે એ જે વિકલ્પ ઉઠશે એ તારું સ્વરૂપ નહિ, હોં! એ તારા દ્રવ્ય-ગુણ અને પર્યાયનું સ્વરૂપ નહિ, હોં! આહાહા..! ગજબ વાત કરે છે ને! આહાહા..! એ વિકલ્પ જુદો છે, જાત જુદી છે. આહાહા..! એ આત્મા નહિ. આહાહા..! એકલો વીતરાગભાવ રેલાવ્યો છે.

કહે છે, અહીંયાં સાત તત્ત્વની વાત ટૂંકી. એ શ્લોકનો જ અર્થ ચાલે છે ને, જુઓને! કર્તા-ભોક્તાનો. આચાર્ય. એ ગીત આવે છે ને કર્તા-ભોક્તા હું તો એમ... જિનવરે દીઠું એ અમે કહીએ છીએ. આહાહા..! સર્વજ્ઞ પરમાત્માએ આ આત્માને આવો કહ્યો છે. એમ અમે કહીએ છીએ. ભગવાને કહ્યું છે. અમે કહીએ છીએ એમ નથી કહ્યું પાછું, જોયું! '**णिद्दिट्ठो जिणवरिन्देहिं**' આહાહા..! ગજબ છે. '**जिणवरिन्देहिं**' આ વાત આત્માને કર્તા-ભોક્તા સહિત .. અમૂર્તિક અનાદિનિધન દર્શન-જ્ઞાનમય એમ કહ્યો છે. આહાહા..! સમજાણું કાંઈ? એ જીવ દર્શન-જ્ઞાનમય છે. દર્શન-જ્ઞાનવાળો છે એમ નથી કહ્યું. વાળો છે (એમ કહે) તો ભેદ પડી ગયો. જેને ગુણ-ગુણીના ભેદની પણ જરૂર નથી. એવો સ્વભાવ ગુણ-ગુણીનો અભેદ સ્વભાવ વર્ણવ્યો છે. અને એના સિવાયના પાંચ છે તે અજીવ છે. અને બેના સંબંધે.. એ તેરમી ગાથામાં આવે છે ને? એકને આ નવ (ભેદ) ન પડે આ. અપેક્ષા હોય,

નિમિત્તની અપેક્ષાવાળો ભાવ એ આસ્રવ પુણ્ય, પાપ અને બંધ. આત્મામાં જ્ઞાનદર્શનમય હોવા છતાં, ત્રિકાળી સ્વભાવ હોવા છતાં એની વર્તમાન પર્યાયમાં કર્મના નિમિત્તના સંબંધમાં નિમિત્તના સંબંધે ભાવ થાય એ પુણ્ય-પાપ, આસ્રવ અને બંધ. અને અહીં સ્વભાવ. કેમ કે એટલો સ્વભાવના સંબંધથી છૂટ્યો છે અને પરનો સંબંધ કર્યો છે. અને પછી જેટલો સ્વભાવિક પર્યાયે સંબંધ કર્યો... ઓલો પર્યાયે પરનો સંબંધ કર્યો હતો, નિર્મળ પર્યાયે જેટલો દ્રવ્યનો સંબંધ કર્યો એટલો અજીવનો સંબંધ છૂટ્યો. એને સંવર કહીએ. ઉગ્રપણે સંબંધ કર્યો એને નિર્જરા કહીએ. એટલો અજીવનો સંબંધ છૂટ્યો. ઉગ્રપણે ઠર્યો એને મોક્ષ કહીએ. મોક્ષ એ સ્વરૂપની પૂર્ણ સ્થિરતાની રમણતા તેને મોક્ષ કહે છે. કહો, સમજાણું કાંઈ? અજીવનો સંબંધ છૂટ્યો. પછી પાંચ પર્યાયની પ્રવૃત્તિમાં આ રીતે નિમિત્ત નિમિત્ત સંબંધ હોય છે.

**'ઈનકા આગમકે અનુસાર સ્વરૂપ જાનકર...'** એનું આગમ અનુસારે સ્વરૂપ જાણી. આગમ એટલે પરમાત્મા-સંતોએ કહેલા આગમ, હોં! ઓલા આગમ-આગમ બીજા કહેલા એ નહિ. સમજાણું કાંઈ? શબ્દ તો આગમ છે. એમ તો સૌ નામ પાડે છે. અમારે પણ આગમ છે. આગમ તો ભગવાનની પરંપરાથી જે આવેલી ચીજ એ આગમ કહેવાય. વચમાં કલ્પિત બનાવ્યા અને નામ આપ્યા ભગવાનના એ આગમ કહેવાય નહિ. બહુ આકરું લાગે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ૬૩ નહિ, ૮૪. ૮૪ બનાવેલા છે. એ પહેલા એ જ હતા ને. સ્થાનકવાસી હતા કે દિ'? શ્વેતાંબરે ૮૪ બનાવ્યા. અહીં વલ્લભીપુર. એમાંથી ૪૫ રહી ગયા. બાકી બધો ફેરફાર થઈ ગયો. એ ૪૫ અને પછી આ સ્થાનકવાસી નીકળ્યા એમાંથી ૩૨માંથી ૩૧ રાખ્યા. ૩૨મું એનું હતું એ ન માન્યું. કારણ કે એમાં ૩૨માં તો મૂર્તિ ને પૂજા બહુ ઘણી છે. ૩૧ રાખ્યા પોતાની કલ્પનાવાળા. જેમાં અર્થ બીજો થઈ શકે એવા. ચૈત્યનો અર્થ જેમાં જ્ઞાન પણ થઈ શકે એવા ૩૧ રાખ્યા અને આ છે તે નવું બનાવ્યું. શ્વેતાંબરના આવશ્યક છે એ એણે માન્ય ન રાખ્યા. કારણ કે એ માનવા જાય તો મૂર્તિપૂજાનો પાર ન મળે એમાં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કાઢી નાખ્યું. ૩૨માં એનું ઘણું બન્યું. સ્થાનકવાસી. દેરાવાસીના જે ૩૨ આવશ્યક છે.. પણ બધી વાદવિવાદે ઝઘડા એવા થઈ ગયા, ખેંચાતાણ એવી થઈ.

અહીં તો ભગવાને કહેલા પરમાગમ, એના કહેલા પ્રમાણે જાણવું. **'શ્રદ્ધાન કરનેસે સમ્યગ્દર્શનકી પ્રાપ્તિ હોતી હૈ,...'** લ્યો! આ રીતે નવ તત્ત્વને સમ્યગ્દર્શન પ્રાપ્તિનો ઉપાય આગમ અનુસારે જાણીને સ્વરૂપ સન્મુખ થઈને પ્રતીત કરવી એ સમ્યગ્દર્શન પામવાની રીત છે. સમજાણું કાંઈ?

आगे कहते हैं कि यह जीव 'ज्ञान–दर्शन उपयोगमयी है', किन्तु अनादि पौद्‌गलिक कर्मके संयोगसे इसके ज्ञान–दर्शनकी पूर्णता नहीं होती है, इसलिये अल्प ज्ञान–दर्शन अनुभवमें आता है और उसमें अज्ञानके निमित्तसे इष्ट–अनिष्ट बुद्धिरूप राग–द्वेष–मोह भावके द्वारा ज्ञान–दर्शनमें कलुषतारूप सुख – दुःखादिक भाव अनुभवमें आते हैं। यह जीव निजभावनारूप सम्यग्दर्शनको प्राप्त होता है तब ज्ञान–दर्शन–सुख–वीर्यके घातक कर्मोंका नाश करता है, ऐसा दिखाते हैं :–

दंसणणाणावरणं मोहणियं अंतराइयं कम्मं।
णिट्ठवइ भवियजीवो सम्मं जिणभावणाजुत्तो।।१४९।।

दर्शनज्ञानावरणं मोहनीयं अन्तरायकं कर्म।
निष्ठापयति भव्यजीवाः सम्यक् जिनभावनायुक्तः।।१४९।।

દગજ્ઞાનઆવૃત્તિ, મોહ તેમ જ અંતરાયક કર્મને,
સમ્યક્‌પણે જિનભાવનાથી ભવ્ય આત્મા ક્ષય કરે. ૧૪૯.

अर्थ :– सम्यक् प्रकार जिनभावनासे युक्त भव्यजीव है वह ज्ञानावरण, दर्शनावरण, मोहनीय, अन्तराय, इन चार घातिया कर्मोंका निष्ठानपन कराता है अर्थात् सम्पूर्ण अभाव करता है।

भावार्थ :– दर्शनका घातक दर्शनावरण कर्म है, ज्ञानका घातक ज्ञानावरण कर्म है, सुखका घातक मोहनीय कर्म है, वीर्यका घातक अन्तराय कर्म है। इनका नाश कौन करता है? सम्यक्‌प्रकार जिनभावना भाकर अर्थात् जिन आज्ञा मानकर जीव–अजीव आदि तत्त्वका यथार्थ निश्चय कर श्रद्धावान् हुआ हो वह जीव करता है। इसलिये जिन आज्ञा मान कर यथार्थ श्रद्धान करो यह उपदेश है।।१४९।।

## ગાથા–૧૪૯ ઉપર પ્રવચન

'**આગે કહતે હૈં કિ યહ જીવ 'જ્ઞાન-દર્શન ઉપયોગમયી હૈ',...**' છે તો જ્ઞાન-દર્શનમય ઉપયોગસ્વરૂપ એનું. '**કિંતુ અનાદિ પૌદ્‌ગલિક કર્મકે સંયોગસે ઈસકે જ્ઞાન-દર્શનકી પૂર્ણતા નહીં હોતી...**' દેખો! વસ્તુ તો એવી છે કે જ્યાં આમ વસ્તુ જ્ઞાન-દર્શનની પૂર્ણ, પૂર્ણ આમ પૂર્ણ વસ્તુ (છે) પણ એની વર્તમાન પર્યાયમાં, વર્તમાન દશામાં અનાદિ કર્મનો સંયોગ છે તેથી જ્ઞાનની પૂર્ણતા વર્તમાન પર્યાયમાં નથી. વસ્તુ જ્ઞાન-દર્શન પૂર્ણ

સ્વભાવવાળી હોવા છતાં આત્મા એનો પૂર્ણ જ્ઞાન દર્શન સ્વભાવ છે. સર્વજ્ઞ સર્વદર્શી જ સ્વભાવ એનો છે. એવો હોવા છતાં **'અનાદિ પૌદ્‌ગલિક કર્મકે સંયોગસે...'** હવે પુદ્‌ગલના કર્મના સંબંધથી એની પર્યાયમાં અનાદિનો પર ઉપર લક્ષ-ભાવ છે.

**'જ્ઞાન-દર્શનકી પૂર્ણતા નહીં હોતી હૈ,...'** તેથી તેની જ્ઞાન-દર્શનમાં, અવસ્થામાં-હાલતમાં પૂર્ણતા પરના સંબંધના કારણે દેખાતી નથી, છે નહિ. વસ્તુ પૂર્ણ છે. એની શક્તિ અને ગુણ પૂર્ણ છે. પણ પર્યાયમાં, હાલતમાં.. જુઓને! એક વસ્તુ.. આહાહા..! જુઓ! એ ત્રણને સિદ્ધ કરે છે. દ્રવ્યે પૂર્ણ છે, ગુણે પૂર્ણ છે. જ્ઞાન-દર્શન ભાવથી પૂર્ણ વસ્તુ છે. પણ પર્યાયમાં-અવસ્થામાં-હાલતમાં કર્મના સંબંધના કારણે, સંબંધ કર્યો છે પોતે ને? **'અલ્પ જ્ઞાન-દર્શન અનુભવમેં આતા હૈ...'** લ્યો! તેથી એની દશામાં જ્ઞાનની અપૂર્ણતા છે અને એ અલ્પ જ્ઞાન દર્શનનો અનુભવ દેખાય છે. પૂર્ણ ત્રિકાળ જ્ઞાન દર્શન છે એ દેખાતું નથી. સમજાણું કાંઈ? આહાહા..!

પર્યાયમાં ભૂલ છે, દ્રવ્ય, ગુણ અભૂલ અને પૂર્ણ છે. આહાહા..! જુઓને! એવું ન હોય (તો) પણ વસ્તુ બીજી રીતે હોઈ શકે નહિ. એવી સિદ્ધ કરે છે. વસ્તુ પોતે છે એ તો પૂર્ણ અખંડ એકરૂપ છે. એની જ્ઞાન દર્શનની શક્તિ પણ પૂર્ણ એકરૂપ અખંડ પૂર્ણ છે. પૂર્ણ કહો કે સર્વજ્ઞ સર્વદર્શી કહો. આવું એનું સ્વરૂપ અને શક્તિ હોવા છતાં વર્તમાન દશામાં જ્ઞાનની અપૂર્ણતા દેખાય એનું કારણ કે કર્મના સંબંધના લક્ષે તે અપૂર્ણતાપણે ભાસે છે. અને તે અલ્પ જ્ઞાન-દર્શન અનુભવમાં પણ આવે છે. આહાહા..! એમ. થોડું જ્ઞાન છે એવું જાણવામાં પણ આવે છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'ઔર ઉસમેં અજ્ઞાનકે નિમિત્તસે...'** એમાં વળી વિશેષ અર્થ કરે છે. અજ્ઞાન તો છે, અપૂર્ણ જ્ઞાન તો છે પણ હવે વિશેષ વાત રાગ-દ્વેષ-મોહ ઉત્પન્ન કરે છે એની વાત છે. **'અજ્ઞાનકે નિમિત્તસે...'** વસ્તુના સ્વરૂપના ભાન વિના **'ઈષ્ટ-અનિષ્ટ બુદ્ધિરૂપ રાગ-દ્વેષ-મોહ ભાવકે દ્વારા જ્ઞાન-દર્શનમેં કલુષતારૂપ સુખ-દુઃખાદિક ભાવ અનુભવમેં આતે હૈં.'** આહાહા..! શું કહ્યું? એક તો એ કહ્યું કે આ આત્મા વસ્તુ અને એનો જાણવા-દેખવાનો સ્વભાવ તે પૂર્ણ એ છે. પણ વસ્તુ છે એને માટે એનો સ્વભાવ પણ પૂર્ણ જ છે. ત્યારે વર્તમાન દશામાં એ પૂર્ણ કેમ દેખાતું નથી? કે વર્તમાન દશામાં કર્મ બીજી ચીજ વિલક્ષણ-પોતાના લક્ષણથી ભિન્ન ચીજ છે જડ, એના સંબંધે ગયેલી પર્યાય, (તેને કારણે) અપૂર્ણ જ્ઞાન દેખાય છે અને અનુભવમાં પણ અપૂર્ણપણું આવે છે. અત્યારે પર્યાયમાં પૂર્ણ છે એમ છે નહિ. ઓહોહો..! અને એમાં પણ અજ્ઞાનથી, નિમિત્તથી **'ઈષ્ટ-અનિષ્ટ બુદ્ધિરૂપ રાગ-દ્વેષ-મોહ ભાવકે દ્વારા ...'** લ્યો! પરચીજને ઈષ્ટ-અનિષ્ટ માની,.. કારણ કે અપૂર્ણ જ્ઞાન છે એ પૂર્ણ ત્રિકાળ નથી. એટલે જે કાંઈ ચીજ એને જોવામાં આવે, ઠીક લાગે એમાં ઈષ્ટપણું (કરે), અઠીક લાગે એમાં અનિષ્ટપણું (કરે છે). એવી બુદ્ધિરૂપ કરી **'રાગ-દ્વેષ-મોહ ભાવકે દ્વારા...'** જુઓ! ભાષા. કર્મને કારણે આ થાય છે એમ નથી લખ્યું અહીં.

કર્મનો સંબંધ કીધો ફક્ત. એથી સંબંધને કારણે જ્ઞાન અપૂર્ણ દેખાય છે. અને એ અપૂર્ણ જ્ઞાનમાં પણ પરવસ્તુને ઈષ્ટ-અનિષ્ટ માની રાગ-દ્વેષ કરે છે અને મોહભાવ-મિથ્યાભાવ ઉત્પન્ન કરે છે. આહાહા..! જે ચીજ એની નથી એને એ માને છે.

'**રાગ-દ્વેષ-મોહ ભાવકે દ્વારા જ્ઞાન-દર્શનમેં...**' એ જે જ્ઞાન-દર્શનમય છે એમાં અપૂર્ણતા કીધી પહેલી, હવે એ જ્ઞાન-દર્શનમાં આ કારણે કલુષતા ઉત્પન્ન થઈ છે. સમજાણું કાંઈ? બહુ સ્પષ્ટ કર્યું છે. જ્ઞાન-દર્શનમાં જાણવા-દેખવાની વર્તમાન દશામાં ઈષ્ટ-અનિષ્ટની કલ્પના કરી અને મિથ્યાત્વભાવને લઈને.. ઈષ્ટ-અનિષ્ટપણું કોઈ ચીજ છે જ નહિ. મિથ્યાશ્રદ્ધા દ્વારા ઈષ્ટ-અનિષ્ટ કલ્પી, રાગ-દ્વેષની અને મિથ્યાત્વની '**કલુષતારૂપ સુખ-દુઃખાદિક ભાવ...**' દેખો! સુખ-દુઃખ એટલે આ સંસારિક, હોં! કલ્પનામાં સુખ-દુઃખની કલ્પનાની કલુષતામાં ભાવ અનુભવમાં આવે છે. સમજાય છે કાંઈ? લ્યો! કેવી સાબિત થઈ!

દ્રવ્ય-ગુણ તો પરિપૂર્ણ જ્ઞાન દર્શને છે. ત્યાંથી ઉપાડ્યું છે. પણ પર્યાયમાં પૂર્ણતા કેમ નથી? કર્મના સંબંધના લક્ષે પૂર્ણતા નથી અને તે અપૂર્ણ છે એ તો વેદનમાં પણ દેખાય છે. ત્યારે હવે બીજી વાત, એ તો અપૂર્ણતા એટલું. હવે સુખ-દુઃખ થાય છે એ? કલ્પનામાં સુખ-દુઃખ માને છે એનું શું? ઈષ્ટ-અનિષ્ટ દેખીને રાગ-દ્વેષ કરે છે. અને એમાં માને છે કે આ મને ઠીક છે, અઠીક છે. મિથ્યાત્વભાવ. મિથ્યાત્વભાવ અને રાગ-દ્વેષથી એના જ્ઞાન-દર્શનની પર્યાયમાં, વર્તમાન દશામાં અપૂર્ણતાની સાથે કલુષતા પણ દેખાય છે. કહો, સમજાણું કાંઈ? આ તો સમજાય એવું છે. બહુ સાદી ભાષા છે. એય..! 'કાનજીભાઈ'! બુદ્ધિવાળાને પકડ્યો.

વસ્તુ છે કે નહિ? આત્મા છે કે નહિ? છે. છે તો એ તો નિત્ય છે કે નહિ? નિત્ય. બે વાત. નિત્ય છે તો એનો ગુણ જ્ઞાન-દર્શન એ પણ નિત્ય છે કે નહિ? નિત્ય છે તો એ પૂર્ણ હોય કે અપૂર્ણ? પૂર્ણ. બસ. હવે અવસ્થામાં ફેર છે એનું શું કારણ? આ વાત સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ? આવું તમે સિદ્ધ કરો છો (કે) આત્મા છે, એ ત્રિકાળ છે, ત્રિકાળ છે તો એનો જ્ઞાન દર્શનભાવ પણ ત્રિકાળ છે. ત્રિકાળ છે તો એ જેવી આખી ચીજ છે એવો ગુણ પણ આખો પૂર્ણ છે. તો આ પર્યાયમાં દેખાતું નથી એનું શું કારણ? કર્મના સંબંધના લક્ષે વર્તમાન દશામાં જ્ઞાન અને દર્શનની હિણી દશા દેખવામાં આવે છે એવો અનુભવ પણ થાય છે. એ તો જ્ઞાન દર્શનની હિણી અવસ્થાની વાત કરી. સમજાણું કાંઈ? પણ હવે આ રાગ-દ્વેષ અને સુખ-દુઃખ થાય છે એનું શું? કે એ પણ ઈષ્ટ-અનિષ્ટ બુદ્ધિથી જ્ઞાનમાં પરનું ઈષ્ટ-અનિષ્ટપણું માની રાગ-દ્વેષ અને મિથ્યાત્વભાવ ઉત્પન્ન કરે છે તેથી તેની દશામાં કલુષતારૂપ, એમ વાત છે, એ રાગ-દ્વેષ અને મિથ્યાત્વરૂપી કલુષતારૂપ '**સુખ-દુઃખાદિક ભાવ અનુભવમેં આતે હૈં.**' આહાહા..! સમજાણું કાંઈ? આ તો નવરા માણસનું કામ છે. આમ કહે છે. એય..! 'પોપટભાઈ'! નહીં એ તો બધા કામ કરનારા

આટલા બધા લોઢા લાવવા ને આ લાવવા, કહે છે. નવરો છે અને નવરા થાવું હોય એનું આ કામ છે. હેં! કેવી રીતે સિદ્ધ કરે છે! જુઓ!

પહેલાં સાત તત્ત્વ સિદ્ધ કર્યા. હવે કહે છે કે જ્ઞાન-દર્શનની પર્યાય અપૂર્ણ કેમ? અને એમાં સુખ-દુઃખની કલ્પના કેમ? મોહ ભેગો લીધો. સમજાય છે? આ પૂર્ણ થયું એટલે પછી જ્ઞાન-દર્શન પણ અપૂર્ણ, વીર્ય પણ અપૂર્ણ. શક્તિ અપૂર્ણ દેખાય છે. હવે અપૂર્ણની સાથે આ કલુષતા શું? જાણવા-દેખવાનું જ્ઞાન પરિપૂર્ણ હોવા છતાં નિમિત્તના સંગે રોકાઈ ગયેલી દશા અલ્પ જ્ઞાન, અલ્પ દર્શન અને અલ્પ વીર્યપણે દેખાય છે. એવું જ એનું વેદન પણ અલ્પપણું જ્ઞાન છે એ પણ દેખાય છે. હવે એમાં કલુષતા છે ઈ શું? કે જ્ઞાન-દર્શન જે છે એની જે વર્તમાન બુદ્ધિ છે એ પરવસ્તુને ઈષ્ટ-અનિષ્ટ માનીને રાગ-દ્વેષ કરે છે અને મિથ્યાત્વભાવ ઉત્પન્ન કરે છે કે એ પરિણામ મારા અને મને ઠીક, એવી કલુષતારૂપ એની દશામાં સુખ-દુઃખનો ભાવ વેદવામાં, જાણવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? આ તો સાદી ભાષામાં કેટલું ગોઠવ્યું છે! ઉપર પણ કેવું સરસ ગોઠવ્યું હતું. અહીં પણ 'જયચંદ્ર પંડિતે' ગોઠવ્યું, લ્યો!

મુમુક્ષુ :- આખું તત્ત્વ આવી ગયું.

ઉત્તર :- બધું આવી ગયું. એટલી વાત. ઓહોહો..!

પ્રણાલી કોઈ દિગંબર સંતોની એવી છે. આખી ચીજ આવી છે. એમાં આ દશા શું? એ દશા આ કારણે ઊભી કરી છે તેં. એક તો જ્ઞાન-દર્શન પરિપૂર્ણ વસ્તુ હોવા છતાં કર્મના સંબંધમાં જ્ઞાન-દર્શન અને વીર્યની અવસ્થા એ જ્ઞાન-દર્શન ઉણું (છે) એનો અર્થ વીર્ય પણ શક્તિ-વીર્યશક્તિ પણ હિણી છે એ અનુભવમાં દેખવામાં આવે છે. પણ હવે બીજું? આ સુખ-દુઃખનું માનવું થાય છે એ શું? કે જ્ઞાન-દર્શનની બુદ્ધિ જે પર્યાય છે એ પરને દેખીને ઠીક-અઠીક કલ્પીને મિથ્યાત્વભાવ વડે રાગ-દ્વેષ ઉત્પન્ન કરે છે. આહાહા..! સમજાણું કાંઈ?

એ કલુષતારૂપ સુખ-દુઃખની કલ્પના. પૈસા, શરીર સુંદર દેખીને રાગ (થાય) અને પછી ઠીક (પણું લાગે) એવી મિથ્યાત્વની કલુષતારૂપ સુખ-દુઃખની કલ્પના તને ભાસે છે. આનંદસ્વરૂપ છે જે જ્ઞાન-દર્શન-વીર્યથી પરિપૂર્ણ છે અને આનંદ પણ (પૂર્ણ છે). કારણ કે જે કોઈ પરિપૂર્ણ વસ્તુ છે એમાં દુઃખ હોઈ શકે નહિ. એ સુખરૂપ જ હોય, આનંદરૂપ જ હોય. છતાં એ આનંદ કેમ દેખાતો નથી? કહે છે. જેમ જ્ઞાન-દર્શન પરિપૂર્ણ છે તો એ પર્યાયમાં પરિપૂર્ણ કેમ દેખાતો નથી? ત્યારે કહે છે, આ સંબંધને કારણે જોડ્યો કુસંગ, એને કારણે જ્ઞાન-દર્શન અને વીર્ય હિણું દેખાય છે. ત્યારે કહે છે, આ આનંદમૂર્તિ જ્ઞાન-દર્શન જે વસ્તુ છે એ તો એકલી સ્વભાવિક હોય એ તો સુખરૂપ જ હોય. સ્વભાવમાં દુઃખ હોઈ શકે નહિ. તો આ શું છે આ બધું ઊભું થયું?

એ બુદ્ધિએ ઈષ્ટ-અનિષ્ટ કલ્પી, જે ઈષ્ટ-અનિષ્ટ વસ્તુ નથી. કેમ કે જ્ઞાન છે એ જાણનાર છે અને સામી ચીજ બધી જ્ઞેય છે. એ જ્ઞેયના ભાગ નથી અને જ્ઞાનમાં પણ

ભાગ નથી. પણ જ્ઞાનમાં ભાગ પાડ્યા જ્ઞેયના ભાગે બે ભાગ કે આ વસ્તુ ઠીક, શરીર સુંદર ઠીક, પૈસા ઠીક, ધૂળ ઠીક, પ્રતિકૂળતા ઠીક નહિ એવી બુદ્ધિએ બે ભાગ પાડ્યા. તેથી સામી ચીજના બે ભાગ પાડી દીધા. એકલી જ્ઞેય ચીજ છે બધી એમાં બે ભાગ પાડી દીધા-એક આ ઠીક અને આ અઠીક. એ મિથ્યાત્વભાવે આ ભાગ પાડ્યા છે. તેથી એની પર્યાયમાં સુખ-દુઃખની કલ્પનારૂપ કલુષતા ભાસે છે અને એ અનુભવમાં પણ એ સુખ-દુઃખ આવે છે. આહા..! આનંદનો અનુભવ નથી એને. અતીન્દ્રિય આનંદ હોવા છતાં એનો અનુભવ નથી. કેમ? આ કારણે. સમજાણું કાંઈ?

જ્ઞાન સમાન ન સુખ... કાંઈક આવે છે ને? ભાઈ! સુખ કો કારણ. જ્ઞાન સમાન અનેરો નહિ સુખકો કારણ. 'છ ઢાળા'માં આવે છે. જ્ઞાન સમાન સુખનું કારણ કોઈ બીજી ચીજ નથી. તો પછી કેમ ભાસતું નથી? કહે છે. કે જ્ઞાન જ ઊંધું અવળું પડ્યું છે. એ બુદ્ધિ એની કામ ઇષ્ટ-અનિષ્ટમાં કરે છે. ઇષ્ટ-અનિષ્ટ વસ્તુ નથી, ઇષ્ટ-અનિષ્ટ જ્ઞાનમાં ખંડ થવો એ એનો સ્વભાવ નથી. પણ ખંડ કરી, ભાવેન્દ્રિયનો ખંડ કરી અને વસ્તુ જ્ઞેય એકરૂપ હોવા છતાં એને પણ ખંડ કર્યા બે. બે ભાગલા પાડી નાખ્યા. આહાહા..! આ આબરૂ, કીર્તિ, શરીર સુંદરતા, ખાવા-પીવાનો યોગ અને એવી અનુકૂળતા એ ઠીક. ભૂખ્યા, તરસ્યા, ટાઢ, તાપ, માર, ત્રાડ, વીંછી-સર્પનું કરડવું એ અઠીક. ઠીક-અઠીક એની કલ્પના કરી છે.

મુમુક્ષુ :- એ કલ્પના..

ઉત્તર :- અજ્ઞાનથી. કીધું ને. મિથ્યાત્વભાવથી. એકના બે ભાગ પાડીને ખંડ કરી નાખ્યું. અને ત્યાં .. કર્યું. આહાહા..! સમજાણું કાંઈ?

એ '**કલુષતારૂપ સુખ-દુઃખાદિક ભાવ અનુભવમેં આતે હૈં. યહ જીવ નિજભાવનારૂપ સમ્યગ્દર્શનકો પ્રાપ્ત હોતા હૈ...**' હવે ઓલી અપૂર્ણતા જ્ઞાન-દર્શન અને વીર્યની અને કલુષતા સુખ-દુઃખની કલ્પનાની, એ ક્યારે ટળે? કેમ ટળે? '**નિજભાવનારૂપ સમ્યગ્દર્શનકો પ્રાપ્ત હોતા હૈ...**' દેખો! સમ્યગ્દર્શન ચીજ એવી છે કે નિજની ભાવના કરે એ સમ્યગ્દર્શન. આહાહા..! જેમાં સ્વરૂપ શુદ્ધ પૂર્ણ, એની ભાવના કરે, એમાં એકાગ્ર થાય તે સમ્યગ્દર્શન. સમજાણું કાંઈ? ઓલું અપૂર્ણ અને રાગ-દ્વેષમાં એકાગ્ર જે છે એ મિથ્યાત્વભાવ છે. શું કીધું? એ અપૂર્ણ પર્યાયનું જ્ઞાન, અપૂર્ણ દર્શન અને અપૂર્ણ વીર્ય અને રાગ-દ્વેષ એમાં એકાગ્રતા એ તો પર્યાયબુદ્ધિ, મિથ્યાત્વબુદ્ધિ છે.

હવે નિજ ભાવનારૂપ. પોતે જે કીધો પહેલો જ્ઞાન દર્શનથી પૂર્ણ છે એ તો. સમજાણું? જ્ઞાન-દર્શનથી પૂર્ણ છે. એવી નિજ વસ્તુની ભાવના, એની જે અંતરની એકાગ્રતા, એ રૂપ '**સમ્યગ્દર્શનકો પ્રાપ્ત હોતા હૈ...**' આહાહા..! ભારે! કહો, સમજાણું કાંઈ? સમ્યગ્દર્શનની વ્યાખ્યા ભેગી કરી નાખી કે નિજ ભાવનારૂપ સમ્યગ્દર્શન. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન એટલે શું? એમ પાછું. વળી દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, નવ તત્ત્વની શ્રદ્ધા

એ છે? ના, ના એ નહિ. આહાહા..! સમજાણું કાંઈ? '**નિજભાવનારૂપ...**' તો નિજભાવ એની ભાવના. ત્રિકાળી જ્ઞાયકભાવ, એની ભાવના એટલે એકાગ્રતા. સમજાણું કાંઈ? એ રૂપ '**સમ્યગ્દર્શનકો પ્રાપ્ત હોતા હૈ તબ જ્ઞાન-દર્શન-સુખ-વીર્યકે ઘાતક કર્મોંકા નાશ કરતા હૈ,...**' જોયું! ઓલું જ્ઞાન-દર્શન અને મોહની વાત કરી હતી, એ વીર્ય નાખી દીધું પાછું. આવું જ્યારે સ્વરૂપ છે, પણ એ સ્વરૂપનો નિજ ભાવનાની એકાગ્રતારૂપી સમ્યગ્દર્શન પ્રાપ્ત થતા ક્રમે કરીને એ બધા કર્મનો નાશ કરી, અપૂર્ણતાનો નાશ કરી પૂર્ણતાને પ્રાપ્ત થાય છે. કહો, સમજાણું કાંઈ? '**સુખ-વીર્યકે ઘાતક કર્મોંકા નાશ કરતા હૈ,...**'

**दंसणणाणावरणं मोहणियं अंतराइयं कम्मं।**

**णिट्ठवइ भवियजीवो सम्मं जिणभावणाजुत्तो।।१४९।।**

**અર્થ :-** '**સમ્યક્ પ્રકાર જિનભાવનાસે યુક્ત ભવ્યજીવ હૈ...**' જિનભાવના કરી. છે ને? એ નિજભાવના એ જ જિનભાવના છે. વસ્તુ જે સ્વભાવ પરિપૂર્ણ અખંડ વિકલ્પ વિનાની ચીજ અથવા એક સમયની પર્યાય વિનાની ચીજ, એવી ચીજની ભાવના નામ એકાગ્રતા, એ જ નિજભાવના અને એ જ જિનભાવના. સમજાણું કાંઈ? જિન, નિજ. એટલો ફેર. 'જિનપદ નિજપદ એકતા ભેદભાવ નહિ કાંઈ.' આહાહા..! 'લક્ષ થવાને તેહનો કહ્યા શાસ્ત્ર સુખદાયી.' '**સમ્યક્ પ્રકાર જિનભાવનાસે યુક્ત ભવ્યજીવ હૈ...**' એટલે કે આત્મા વીતરાગસ્વરૂપ ને પૂર્ણ જ્ઞાન-દર્શન અને આનંદસ્વરૂપ, એની જ્યાં એકાગ્રતાની ભાવના સમ્યગ્દર્શન થયું એ જિનભાવના છે. કારણ કે એ વીતરાગી પર્યાય છે. એ વીતરાગભાવમાં એકાગ્રતા છે. એ રાગ અને અલ્પજ્ઞમાં એકાગ્રતા હતી એ વીતરાગભાવમાં એકાગ્રતા (થઈ).

'**વહ જ્ઞાનાવરણ, દર્શનાવરણ,...**' લ્યો, આ ટળવાનો ઉપાય. આટલા અપવાસ કરવા, આટલા વ્રત પાળવા એ ટાળવાનો ઉપાય નથી. સમજાણું કાંઈ? '**જ્ઞાનાવરણ, દર્શનાવરણ, મોહનીય, અંતરાય, ઈન ચાર ઘાતિયા કર્મોંકા નિષ્ઠાપન કરતા હૈ...**' એટલે ક્ષય કરે. 'સંપૂર્ણ અભાવ કરતા હૈ.' લ્યો! એ સમ્યગ્દર્શનની ભાવના દ્વારા નિજભાવના દ્વારા, નિજભાવના કહો, સમ્યગ્દર્શનભાવના કહો, જિનભાવના કહો. એ સ્વરૂપ જે શુદ્ધ પરિપૂર્ણ તેની એકાગ્રતા દ્વારા ધર્માત્મા ચાર કર્મનો નાશ કરી પરિપૂર્ણતાને પ્રાપ્ત થાય છે. ભાવાર્થ લઈશું... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પ્રવચન નં. ૧૫૫, ગાથા-૧૪૯ થી ૧૫૧, બુધવાર, માગશર વદ ૧૦, તા.૨૩-૧૨-૭૦

'અષ્ટપાહુડ' ૧૪૯ ગાથા. એનો ભાવાર્થ. શું કહે છે એ?

**અર્થ :–** '**સમ્યક્ પ્રકાર જિનભાવનાસે યુક્ત ભવ્યજીવ હૈ...**' અર્થ લીધો. જે કોઈ સમ્યક્ પ્રકારે જિનભાવના સહિત ભવ્યજીવ (છે). એટલે? આત્માનો જે વીતરાગી ત્રિકાળી સ્વભાવ છે, એની એકાગ્રતારૂપી જે ભાવના એ સહિત જીવ છે, તે ચાર ઘાતિ કર્મનો નાશ કરે છે. '**ઈન ચાર ઘાતિયા કર્મોંકા નિષ્ઠાપન કરતા હૈ અર્થાત્ સંપૂર્ણ અભાવ કરતા હૈ.**' પોતાનો સ્વભાવ ત્રિકાળી આનંદ ને જ્ઞાન ને વીતરાગી સ્વરૂપ છે આત્મા. એની ભાવના એટલે એમાં એકાગ્રતા, એવું જે સમ્યગ્દર્શન, એ દ્વારા ચાર કર્મનો નાશ કરે છે.

**ભાવાર્થ :–** '**દર્શનકા ઘાતક દર્શનાવરણ કર્મ હૈ,...**' ચારની વ્યાખ્યા. દર્શન જે ઉપયોગ છે એનું નિમિત્તપણું ઘાતમાં દર્શનાવરણી કર્મ છે. આપણે આવી ગયું, ૧૪૮માં. છે તો જ્ઞાન દર્શન સ્વભાવ સંપૂર્ણ સ્વરૂપ એનું, પણ કર્મના નિમિત્તના સંબંધે નિમિત્ત નૈમિત્તિક સંબંધમાં એની અપૂર્ણ જ્ઞાન-દર્શન અને વીર્યની દશા થઈ ગઈ છે. એ મથાળામાંથી એની આ વાત છે. છે તો દર્શન અને જ્ઞાન ઉપયોગ સ્વરૂપ સંપૂર્ણ, છતાં અનાદિ કર્મના સંબંધે હિણી દશા છે, એ સ્વભાવની એકાગ્રતા દ્વારા તેનો નાશ કરી શકે છે. સમજાણું કાંઈ?

'**જ્ઞાનકા ઘાતક જ્ઞાનાવરણ કર્મ હૈ,...**' નિમિત્ત. '**સુખકા ઘાતક મોહનીય કર્મ હૈ,...**' જુઓ! સમ્યગ્દર્શન અને ચારિત્ર, એનું ઘાતક મોહનીય છે. સુખમાં એને સમાડી દીધું. સમ્યગ્દર્શનમાં પણ સુખ છે અને ચારિત્રમાં પણ સુખ છે. સુખનું ઘાતક નિમિત્ત મોહનીય કર્મ છે. વીર્યનું ઘાતક અંતરાય કર્મ છે. ચાર કર્મ નિમિત્ત કીધાં. ઘાતક એટલે પોતે હીણી દશા કરે છે એમાં એને નિમિત્ત કહેવાય છે.

'**ઈનકા નાશ કૌન કરતા હૈ?**' એના નાશને માટે 'સમ્યક્પ્રકાર જિનભાવના ભાકર અર્થાત્ જિન આજ્ઞા માનકર...' જિન આજ્ઞા માની એટલે '**જીવ-અજીવ આદિ તત્ત્વકા યથાર્થ નિશ્ચય કર શ્રદ્ધાવાન હુઆ હો વહ જીવ કરતા હૈ.**' તે આઠ કર્મનો નાશ કરે છે. સમજાણું કાંઈ? બહુ ટૂંકી વાત કરી.

મુમુક્ષુ :– આપ સમજાવો.

ઉત્તર :– વસ્તુ છે ને વસ્તુ? એની અંદર સ્વભાવ છે. જ્ઞાયકભાવ કહો, વીતરાગભાવ કહો, દર્શન-જ્ઞાનના ઉપયોગરૂપ ભાવ કહો, એની શ્રદ્ધા એટલે એમાં એકાગ્રતા. એ આઠ કર્મ અથવા ચાર કર્મના નાશનો ઉપાય છે. કેટલા અપવાસ કરે તો થાય એ આમાં કાંઈ ન આવ્યું. વસ્તુના સ્વભાવમાં એકાગ્ર થાય તો કર્મ ટળે એમ કહ્યું. બહુ ટૂંકામાં. બીજા શાસ્ત્રમાં કહ્યું હોય એ નિમિત્તના કથન છે બધા. તપસા નિર્જરા ને અપવાસ.

મુમુક્ષુ :– બેય શાસ્ત્ર ભગવાનના છે.

ઉત્તર :- બેય શાસ્ત્ર ભગવાનના પણ કઈ અપેક્ષા અને કઈ નયનું કથન છે એ જાણવું જોઈએ ને. આ યથાર્થ શક્તિનું કથન.

મુમુક્ષુ :- વસ્તુના સ્વભાવમાં એકાગ્ર થવું.

ઉત્તર :- એ. ચૈતન્ય ભગવાન વસ્તુ છે ને? પદાર્થ છે તો પદાર્થનો સ્વભાવ છે કે નહિ? સ્વભાવ વિના સ્વભાવવાન હોય? જેમ પરમાણુ સ્વભાવવાન છે તો રંગ, ગંધ, રસ, સ્પર્શ એનો સ્વભાવ છે. એમ આત્મા પદાર્થ છે તો એનો ત્રિકાળી સ્વભાવ જ્ઞાન, દર્શન, આનંદ, વીતરાગ એવો ત્રિકાળી સ્વભાવ છે. એ સ્વભાવમાં એકાગ્રતા એ સમ્યગ્દર્શન અને એ ચાર કર્મના નાશનો ઉપાય. સમજાણું કાંઈ?

'**જીવ-અજીવ આદિ તત્ત્વકા યથાર્થ નિશ્ચય કર...**' એટલે એનો અર્થ કે જીવનું જ્ઞાયક ... છે એમ નિશ્ચય થયો, તો એમાં અજીવ નથી એવો પણ નિશ્ચય થઈ ગયો. એ '**નિશ્ચય કર શ્રદ્ધાવાન હુઆ હો...**' અંતર વસ્તુનો અંતર વિશ્વાસ. પૂર્ણ સ્વરૂપ આત્માનું પદાર્થ છે તો સ્વભાવ એનો પૂર્ણ છે એમ ભાવમાં ભાસન થઈને તેનો નિશ્ચય શ્રદ્ધાવાન થાય. તે કર્મનો નાશ કરે. કહો, સમજાણું કાંઈ? '**ઇસલિયે જિન આજ્ઞા માનકર...**' જિન આજ્ઞાનો અર્થ જ એ-વીતરાગની આજ્ઞા વીતરાગભાવમાં વીતરાગભાવ ત્રિકાળીમાં ઠરવું એ જિન આજ્ઞા. આત્મા ત્રિકાળી વીતરાગસ્વરૂપ છે એટલે કે નિર્દોષ નિરાકુળ આનંદસ્વરૂપ છે. એમાં શ્રદ્ધા કરવી અને ઠરવું એ જિનઆજ્ઞા છે. સમજાણું કાંઈ? આમ તો વ્યવહારે કીધીને જિન આજ્ઞા પ્રમાણે આ વ્રત ને તપને. એ તો વ્યવહાર કહ્યો. એ તો પુણ્યબંધનું કારણ છે. એ કાંઈ બંધના નાશનો ઉપાય નથી. સ્વ ચૈતન્યનો આશ્રય જેટલો લે તેટલું કર્મબંધન નાશ થાય. સમજાણું કાંઈ? ચૈતન્ય સચ્ચિદાનંદ આત્મા, એને પડખે જેટલો જાય એટલું પડખું કર્મનું છૂટતું જાય. આહાહા..! સમજાણું કાંઈ?

'**યથાર્થ શ્રદ્ધાન કરો યહ ઉપદેશ હૈ.**' વાસ્તવિક આત્મા સર્વજ્ઞ પરમેશ્વરે કહ્યો, એવો અનંત શક્તિસ્વરૂપ. બપોરે આવે છે એ શક્તિ. એ શક્તિસ્વરૂપ આખું તત્ત્વ, એની શ્રદ્ધા અંતર્મુખ થઈને, રાગનું લક્ષ છોડી દઈને, મનનો સંગ છોડી દઈને, અસંગ તત્ત્વનો સંગ કરીને... આહાહા..! સમજાણું કાંઈ? ભગવાનઆત્મા અસંગસ્વરૂપ ચૈતન્ય છે, એનો સંગ કરીને એકાગ્ર થઈને. સંગ કરીને કહો. એનો સંગ જેટલો કરે એટલું કર્મ ખપે. કહો, સમજાણું કાંઈ? આ વ્યાખ્યા એની ટૂંકી. ઓહોહો..!

---

**आगे कहते हैं कि इन घातिया कर्मोका नाश होने पर 'अनन्तचतुष्टय' प्रकट होते हैं :-**

**बलसोक्खणाणदंसण चत्तारि वि पायडा गुणा होंति।**

**णट्ठे घाइयउक्के लोयालोयं पयोसेदि।।१५०।।**

बलसौख्यज्ञानदर्शनानि चत्वारोऽपि प्रकटागुणाभवंति।
नष्टे घातिचतुष्के लोकालोकं प्रकाशयति।।१५०।।

ચઉઘાતિનાશે જ્ઞાન-દર્શન-સૌખ્ય-બલ ચારે ગુણો,
પ્રાકટ્ય પામે જીવને, પરકાશ લોકાલોકનો. ૧૫૦.

अर्थ :– पूर्वोक्त चार घातिया कर्मोंका नाश होने पर अनन्त ज्ञान–दर्शन–सुख और बल (–वीर्य) ये चार गुण प्रगट होते हैं। जब जीवके ये गुणकी पूर्ण निर्मल दशा प्रकट होती है तब लोकालोकको प्रकाशित करता है।

भावार्थ :– घातिया कर्मोंका नाश होने पर अनन्तदर्शन, अनन्तज्ञान, अनन्तसुख और अनन्तवीर्य ये 'अनन्तचतुष्टय' प्रकट होते हैं। अनन्त दर्शन–ज्ञानसे छह द्रव्योंसे भरे हुए इस लोकमें अनन्तानन्त जीवोंको, इनसे भी अनन्तानन्तगुणे पुद्‌गलोंको तथा धर्म–अधर्म–आकाश ये तीन द्रव्य और असंख्यात कालाणु इन सब द्रव्योंकी अतीत अनागत और वर्तमानकाल संबंधी अनन्तपर्यायोंको भिन्न–भिन्न एकसमयमें स्पष्ट देखता है और जानता है। अनन्तसुखसे अत्यंततृप्तिरूप है और अनन्तशक्ति द्वारा अब किसी भी निमित्तसे अवस्था पलटती (बदलती) नहीं है। ऐसे अनंतचतुष्टयरूप जीवका निजस्वभाव प्रकट होता है, इसलिये जीवके स्वरूपका ऐसा परमार्थसे श्रद्धान करना वह ही सम्यग्दर्शन है।।१५०।।

## ગાથા-૧૫૦ ઉપર પ્રવચન

**'આગે કહતે હૈં કિ ઇન ઘાતિયા કર્મોંકા નાશ હોને પર 'અનંતચતુષ્ટય' પ્રકટ હોતે હૈં :-'** શું કહે છે? શક્તિરૂપે તો છે એમ કહે છે. આત્મામાં સ્વભાવ પહેલો કીધો ને? સ્વભાવમાં એકાગ્રતા. સ્વભાવ તો અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતવીર્ય, અનંતસુખ (સ્વરૂપ છે). એવી આત્મામાં ગુણરૂપ શક્તિનું સ્વરૂપ શક્તિરૂપ તો છે. એનો નાશ કરે ત્યારે પ્રગટ થાય છે. કોનો? કર્મનો. ચાર ઘાતિનો નાશ થતાં એટલે કે એ અનંતચતુષ્ટય સ્વભાવનો આશ્રય લેતાં અપૂર્ણતાનો નાશ થાય એને આવરણનો પણ નાશ થાય છે. એ શક્તિમાં જે અનંતજ્ઞાન ભર્યું છે એમાં એકાગ્ર થતાં વ્યક્ત નામ પ્રગટ થાય છે. છે તે પ્રગટ થાય છે. આહાહા..! ભરોંસે તો પહેલી વાત લીધી. આવો જેને ભરોસો અંદરમાં આવ્યો હોય, વિશ્વાસ એટલે પ્રતીતિ, ભાન કરીને પ્રતીતિ (થઈ હોય), એ જીવ ઘાતિ કર્મના નાશથી અનંતચતુષ્ટય પ્રગટ કરે છે. શક્તિરૂપ છે એને પ્રગટરૂપ કરે છે.

बलसोक्खणाणदंसण चत्तारि वि पायडा गुणा होंति।
णट्ठे घाइयउक्के लोयालोयं पयोसेदि।।१५०।।

જુઓ! શબ્દ ઈ છે. 'પાયડા' પ્રગટ.

**અર્થ :-** **'પૂર્વોક્ત ચાર ઘાતિયા કર્મોંકા...'** પૂર્વે કહ્યું ને? જ્ઞાનાવરણી, દર્શનાવરણી, અંતરાય અને મોહ. **'નાશ હોને પર અનંત જ્ઞાન-દર્શન-સુખ ઔર બલ (-વીર્ય) યે ચાર ગુણ પ્રગટ હોતે હૈં.'** લ્યો! **'પાયડા'** પ્રગટ થાય છે. શક્તિરૂપે, સત્ત્વરૂપે, ધ્રુવરૂપે તો છે. સમજાણું કાંઈ? આ જે ચાર ચતુષ્ટય કહ્યા. અનંતજ્ઞાન, અનંતબળ, અનંતસુખ અને અનંતદર્શન એ વસ્તુના સ્વરૂપમાં છે. એનું સ્વરૂપ જ અનંતચતુષ્ટય સ્વરૂપ સંપન્ન જ આત્મા છે. પણ એ ધ્રુવરૂપે, શક્તિરૂપે છે. એમાં એકાગ્ર થતાં તે **'પાયડા'** નામ પ્રગટ થાય છે. છે એવી દશા પ્રગટ થાય છે, એમ કહે છે. સમજાણું કાંઈ?

દ્રવ્ય નામ આત્મા, એમાં એ અનંતચતુષ્ટય શક્તિ ગુણરૂપ તો છે. એમાં એકાગ્ર થતાં પર્યાયમાં પ્રગટ થાય, એનું નામ મોક્ષ અને એનું નામ ચાર કર્મનો નાશ કર્યો કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? વાત તો બહુ સાદી. સમજાણું કાંઈ? અને ટૂંકી. મહાપ્રભુ, પોતે અનંત જ્ઞાન, દર્શન, આનંદનો સ્વામી. એનામાં પૂર્ણ આનંદ, જ્ઞાન, દર્શન અને વીર્ય-બળ પૂર્ણ પડ્યું છે. એની એકાગ્રતા થતા, એની સન્મુખમાં લીનતા થતાં એ દર્શન અને ચારિત્ર દ્વારા ચાર કર્મનો નાશ થાય છે. કહો, સમજાય છે આમાં? 'યે ચાર ગુણ પ્રગટ હોતે હૈં.' એમ કહે છે. પ્રગટ થાય છે ને? પર્યાયમાં આવે છે. વસ્તુમાં તો હતી, શક્તિઓ તો હતી. હોય તે પ્રાપ્તની પ્રાપ્તિ થાય. ન હોય એમાંથી કાંઈ આવે?

**'જબ જીવકે યે ગુણકી પૂર્ણ નિર્મલ દશા પ્રકટ હોતી હૈ તબ લોકાલોકકો પ્રકાશિત કરતા હૈ.'** આટલી વાત .. વધારે. આ પ્રમાણે જ્યારે થાય ત્યારે.. ૧૫૦. ફેર છે એમાં કાંઈ? તમારી ગાથામાં બહુ ટૂંકુ ત્યારે તેને લોકાલોક જાણે. એ જાણવું લોકાલોકનું (થાય) એની મહિમા નથી. એ લોકાલોક સંબંધીનું પોતાનું જ્ઞાન છે એ પ્રગટ થઈને જાણે એ એની મહિમા છે. સમજાણું કાંઈ? જે સર્વજ્ઞપદે સ્વરૂપ હતું, સર્વજ્ઞ સ્થાનમાં જ પદ આત્માનું હતું, એને પર્યાયમાં એકાકાર થઈને પ્રગટ કર્યું. ત્રણકાળ ત્રણલોક જાણે. એની સાથે અનંતઆનંદ, અનંતવીર્ય અને અનંતદર્શન પણ સાથે હોય.

**ભાવાર્થ :-** **'ઘાતિયા કર્મોંકા નાશ હોને પર અનંતદર્શન, અનંતજ્ઞાન, અનંતસુખ ઔર અનંતવીર્ય યે અનંતચતુષ્ટય પ્રકટ હોતા હૈ.'** કોઈ કહે પણ ઘાતિકર્મનો નાશ થાય ત્યારે આમ થાય. પણ એ તો પહેલી વાત કહી ગયા કે પોતાના સ્વરૂપનો આશ્રય લે તો કર્મનો નાશ કરે એ તો પહેલા કહી ગયા ૪૯માં. એય..! કહી ગયા કે નહિ? જુઓને! **'सम्मं जिणभावणाजुत्तो'** એ તો પછી ટૂંકી ભાષા કરી. ચાર કર્મનો નાશ થાય એટલે અનંતચતુષ્ટય પ્રગટે. પણ એ ચાર કર્મનો નાશ થાય કેમ? કે પોતાનો અંતર સ્વભાવ જે અનંતજ્ઞાન, દર્શન, ચારિત્ર અને અનંત એવો ધ્રુવસ્થંભ પોતે છે, ધ્રુવસ્થંભ. એ સ્થંભની સાથે મનને જોડે, જ્ઞાનની પર્યાયની જોડે, એ થાંભલે બાંધે પર્યાયને. આહાહા..! ધ્રુવને

થાંભલે વર્તમાન પર્યાયને બાંધે ત્યારે ચાર કર્મનો નાશ થાય. કહો, સમજાણું કાંઈ? ધ્રુવ ધણી માથે કીયો. ધ્રુવ લીધો અંદરમાં. અનંતજ્ઞાન, અનંતદર્શનનો ધણી સ્વભાવ રાંકો થઈને ફરે. મને રાગ જોઈએ, મને આબરૂ જોઈએ, મારે કીર્તિ જોઈએ, મારે સગવડતા જોઈએ, મારે આ જોઈએ, મારે તે જોઈએ. મરી ગયો માળો ભિખારી થઈને. અનંત સંપદાનો નાથ, જેની સંપદા ખૂટે નહિ ગમે તેટલી કાઢે તો એવો પોતે. આ માગ્યા કરે મને મોટો કો'ક કહો, મને સારો કહો. આ દયા, દાન, વ્રતના વિકલ્પથી મારું કલ્યાણ થાય એમ કહો, વિકારથી આત્માને લાભ થાય એમ કહો. અરે..! ભિખારી થયો. શું થયું? સમજાણું કાંઈ? તારામાં ક્યાં નથી પડ્યું અંદર? કીધુંને પ્રગટ પડ્યું છે અંદર. પડ્યું તે પ્રગટ કરવું છે. છે તે પ્રગટ કરવું છે. કહો, શેઠ! આ તો સાદી ભાષા છે. વસ્તુ છે અંદર. જે પર્યાય પ્રગટ કરવાની છે એ અંદર છે. એ કાંઈ બહારથી આવતી નથી. આહાહા..! અંતર દૃષ્ટિએ જે અનંતચતુષ્ટયપણું ધ્યેયમાં છે એમાં એકાગ્ર થતાં ચાર કર્મનો નાશ થાય. ચાર કર્મનો નાશ થતાં ચાર ચતુષ્ટય પ્રગટ થાય. એમ વાત કરી. એ તો પછી આમ કરે, આમ બોલે પણ વસ્તુ તો આમ છે કે નહિ?

'**અનંત દર્શન-જ્ઞાનસે...**' બે ભેગા લે છે હવે. તેમાં જે અનંત દર્શન અને જ્ઞાન. અનંત સુખ અને વીર્ય પછી વાત. પણ અનંતદર્શન અને જ્ઞાનથી તો.. શું જાણે? '**છહ દ્રવ્યોસે ભરે હુએ ઈસ લોકમેં...**' છ દ્રવ્યથી ભરેલો આ લોક છે. છ દ્રવ્ય છે. સામે જીવ અનંતાઅનંત. છ દ્રવ્યમાં પણ એક જીવ જ અનંતા અનંત દ્રવ્ય અને '**ઈનસે ભી અનંતાનંતગુણે પુદ્ગલોંકો..**' ષટ્ દ્રવ્ય છે. છ દ્રવ્ય જગતની અંદર ચીજ (રહેલી છે). એમાં જીવ દ્રવ્ય જ અનંતા છે. એથી અનંતગુણા પુદ્ગલો છે. '**અનંતાનંતગુણે પુદ્ગલોંકો તથા ધર્મ-અધર્મ-આકાશ યે તીન દ્રવ્ય ઔર અસંખ્યાત કાલાણુ...**' છે. અને કાળાણું લોકાલોકમાં .. થઈ ગયો છે. કાળાણું. અસંખ્યાત તો કાળાણું છે. કા આગળ-પાછળ થઈ ગયો છે. કાળાણું. આગળ-પાછળ થઈ ગયો છે. કહો, સમજાણું કાંઈ? લોકાણું થઈ ગયું છે. લોકાણું. લોકના અણુ કાળ. એમ. પણ એમ નહિ મૂળ કાળાણું છે. કાળાણું છે. લોકનો અણુ થઈ ગયો. પણ લોકનો અણુ તો પરમાણુ છે. અહીં તો કાળાણું લેવું છે.

'**અસંખ્યાત કાલાણુ ઈન સબ દ્રવ્યોંકી...**' આવા જેટલા દ્રવ્ય કીધા... આહાહા..! ષટ્ દ્રવ્ય, એમાં જીવદ્રવ્ય અનંતા. પુદ્ગલ એથી અનંતગુણા. બે થઈ ગયા. કાળ, ધર્મ અને અધર્મ એક અને કાળાણું અસંખ્ય. એટલાં દ્રવ્ય કીધા. '**ઈન સબ દ્રવ્યોંકી અતીત અનાગત ઔર વર્તમાનકાલ સંબંધી અનંતપર્યાયોંકો ભિન્ન-ભિન્ન એક સમયમેં સ્પષ્ટ દેખતા હૈ...**' આહાહા..! '**સબ દ્રવ્યોંકી...**' સર્વ દ્રવ્યના ભૂતકાળની પર્યાય, ભવિષ્યની પર્યાય, વર્તમાન પર્યાય સંબંધી અનંત પર્યાય-દશા-અવસ્થા ભગવાનના જ્ઞાન અને દર્શનમાં સર્વ દ્રવ્યને '**ભિન્ન-ભિન્ન એક સમયમેં સ્પષ્ટ દેખતા હૈ ઔર જાનતા હૈ.**' દેખેનો અર્થ સામાન્ય છે. પણ એ તો ભિન્ન-ભિન્નનો અર્થ સમુચ્ચય લેવો છે. બધું જાણે અને દેખે એમ કહેવું છે.

ઓહોહો..! જુદી જુદી પર્યાય એમ કહેવું છે. ભૂતની આ પર્યાય, વર્તમાનની આ અને ભવિષ્યની આ. એને ભગવાનનું જ્ઞાન બધું જાણે. કહો, હવે આમાં વાંધા છે મોટા. ભગવાને બધું એમ ન જાણે, સામાન્ય જાણે.

અહીં તો કહે છે કે જે સમયમાં જે પર્યાય જે દ્રવ્યની જ્યાં થવાની તે રીતે કેવળી જાણે. આહાહા..! સમજાણું કાંઈ? ભૂત, ભવિષ્ય અને વર્તમાન બધું જાણે. વળી કોઈ કહે કે ભવિષ્ય જાણે તો મારી છેલ્લી પર્યાય કેવી કહી દે. છેલ્લી છે નહિ ને શું ભવિષ્ય કહે તારું? મારી પહેલી પર્યાય કહી દે, જો ભૂતકાળ જાણ્યો હોય, બધું જાણ્યું હોય તો. આહાહા..! ભારે તત્ત્વ ઊંધા. શ્રદ્ધામાં મોટો (ફેર). મિથ્યાદર્શનની તીવ્ર.. જેને હજી જ્ઞાન ત્રણકાળ એક સમયની જે જે પર્યાય જ્યાં જ્યાં... જુઓને! '**સબ દ્રવ્યોંકી અતીત...**' પર્યાય. ભૂતકાળની અવસ્થાઓ. જીવની, પુદ્ગલની, આકાશ, ધર્મ, અધર્મ અને કાળની. જીવની જાણે કે નહિ આમાં? જીવની અતીત કાળની પર્યાય.

મુમુક્ષુ :- જીવ એકને ન જાણે તો પતી ગયું.

ઉત્તર :- તો એકને પોતાને ન જાણ્યો આખો. ભૂતની, ભવિષ્યની આ પર્યાય થઈને આખું દ્રવ્ય એક છે. આખું દ્રવ્ય જ આ પ્રમાણે ન જાણે તો દ્રવ્યને જ જાણ્યું નથી એણે. સમજાણું કાંઈ? પોતાની પણ આદિ વિનાની પર્યાય અને અંત વિનાની પર્યાય ભવિષ્યમાં. ભૂતને, ભવિષ્યને અને વર્તમાનને એક સમયમાં જ્ઞાન જાણે અને દેખે એવો એનો સ્વભાવ શક્તિરૂપ હતો એ એકાગ્રતાના ધ્યાન દ્વારા પ્રગટ થયો. સમજાણું કાંઈ? જુઓ! શું લખ્યું છે?

'**સબ દ્રવ્યોંકી અતીત...**' એટલે ગયો કાળ. '**અનાગત...**' આવતો કાળ, વર્તમાનકાળ સંબંધી '**અનંતપર્યાયોંકો ભિન્ન-ભિન્ન એકસમયમેં સ્પષ્ટ દેખતા હૈ ઔર જાનતા હૈ.**' બે લેવું છે ને ભેગું? અનંતજ્ઞાન અને અનંતદર્શન એમ લેવું છે ને બેનું? આહાહા..! અરે..! એક ભાવ પણ જો યથાર્થ બેસેને તો બધું બેસી જાય. જેનો સ્વભાવ જાણવું એને ન જાણવું એ શું રહે? અને અંત નથી તો અંત નથી એમ જાણ્યું છે. અંત નથી માટે ભિન્ન ભિન્ન પર્યાય લખી છે. તો પહેલી મારી પર્યાય ન્યારી કઈ હતી કહો? પણ પહેલી કે દિ' હોય? પહેલી કહો તો પછી દ્રવ્ય નહોતું. દ્રવ્ય નહોતું તો એ પર્યાય પણ નહોતી. પર્યાય પહેલી એટલે એના પહેલા પર્યાય નહોતી તો દ્રવ્ય પણ નહોતું-તો વસ્તુ નહોતી. સમજાણું કાંઈ? આહાહા..!

સર્વજ્ઞના માર્ગની કોઈપણ એક રીત સમ્યક્ રીતે સમજે તો એનું બધો ઉકેલ થઈ જાય. ભગવાને મારે પર્યાય ભવિષ્યની કેવી ભાળી છે? ભાળી છે કે ભાળી નથી? તો આ શું કહે છે આ? ભવિષ્યની તારી પર્યાય સમય સમયની કઈ થશે એ ભગવાનના જ્ઞાનમાં આવી ગયું છે. એવો જ દ્રવ્ય જીવનો સ્વભાવ છે. ત્રણકાળ ત્રણલોકની પર્યાયને એક સમયમાં જાણે એવો જીવનો, જ્ઞાનગુણનો પર્યાયમાં સ્વભાવ છે. સમજાણું? આવા

સ્વભાવવાળી પૂર્ણ પર્યાય આ બધું ન જાણે તો એ પર્યાય પૂર્ણ ક્યાં થઈ? ત્યારે કહે, અતિતકાળ બધો જાણ્યો? પહેલો કાળ ક્યો? પણ પહેલો નથી પછી શું રહ્યું? અતીત... અતીત... અતીત... અતીત.. એમ ભૂત... ભૂત... ભૂત... છે એમ જાણ્યું. બસ. એમ ભવિષ્ય... ભવિષ્ય... ભવિષ્ય... ભવિષ્ય... ભવિષ્યનો કોઈ દિ' અંત આવે છે? આહાહા..! ઝીણી વાતું. પણ અંદર સ્પર્શે એવી વાત છે.

એક સમયમાં અનંતા દ્રવ્યની અનંતી ભૂત, ભવિષ્ય અને વર્તમાન બધી પર્યાયને ભગવાન જાણે અને દેખે છે. આવડો માને ત્યારે તેણે એક જીવ માન્યો કહેવાય. નહિતર એણે જીવ માન્યો નથી. આહાહા..! આત્મા-આત્મા તો આમ બધા કહે કે આત્મા આવો. પણ આ આવો આત્મા. પોતાની પણ ભવિષ્યની પર્યાય બધી અનંતી છે એને ન જાણે તો પોતાનું દ્રવ્ય જ ત્રિકાળી આખું છે એને જાણ્યું નહિ. આહાહા..! ઝીણી વાત છે, ભાઈ! એના સ્વભાવની અચિંત્ય મહિમા છે. સાધારણ માણસને અગમ્ય લાગે. અગમ્ય નથી, ગમ્ય થાય એવી વાત છે. સમજાણું કાંઈ?

કહે છે કે તારો સ્વભાવ જ એવો છે. અનંત ચતુષ્ટય શક્તિરૂપ સંપન્ન સ્વભાવ જ એવો છે. પ્રગટ થાય ત્યારે એ હતું એમાંથી બહાર આવે છે અને એ ત્રણકાળ ત્રણલોકની પર્યાયને જાણે છે. એવડો તો એક જ્ઞાનની અને દર્શનની પર્યાયનો સ્વભાવ છે. આવડી પર્યાયનો આવો સ્વભાવ છે એમ જે ન જાણે એને તો ગુણ પણ જાણવામાં આવતો નથી અને દ્રવ્ય પણ જાણવામાં આવતું નથી. આહાહા..! સમજાણું કાંઈ? ત્રણકાળ ત્રણલોકના દ્રવ્યો અને એની પર્યાયો. ત્યારે લોકો એમ કહે, મારી પર્યાય અત્યારે આ છે અને ભવિષ્યમાં આવી થશે એવું ભગવાને જાણ્યું હોય તો પછી મારા હાથમાં તો કાંઈ ભવિષ્યની પર્યાય કરવાની રહી નહિ. પણ એવું કેવળજ્ઞાન છે, એ એક સમયની પર્યાય આવું જાણે એ નક્કી તું કર ત્યારે તારી દૃષ્ટિ દ્રવ્ય ઉપર જાય અને પુરુષાર્થ પ્રમાણે પછી ત્યાં આગળ પર્યાય જે થવાની તે થાય. એમ છે.

આત્મા ભગવાને તો જોયું કે આની પર્યાય આ ઠેકાણે થશે અને આ પ્રકારે થશે. પણ એનો જેને વિશ્વાસ આવ્યો છે, ભગવાને એમ ભાળ્યું છે અને વિશ્વાસ આવ્યો કે એનો વિશ્વાસ દ્રવ્ય ઉપર ઢળી ગયો છે. સમજાય છે કાંઈ? કારણ કે એક સમયની પર્યાયની શ્રદ્ધા પર્યાય દ્વારા ન થઈ શકે. એ દ્રવ્ય દ્વારા પર્યાયની શ્રદ્ધા થાય. એવી અનંતી-અનંતી પર્યાયનો પિંડ જે દ્રવ્ય એની શ્રદ્ધા થતાં એનો પુરુષાર્થ અંદરમાં જાગી ઉઠ્યો. ભગવાને પણ એમ જોયું કે આને આ સમયે પર્યાય થશે એ પ્રમાણે એણે પણ માન્યું. સમજાણું કાંઈ? આહાહા..! ભારે આકરું. ગડબડ મોટી. કેવળજ્ઞાનને દેખવાની ગડબડ મોટી ચાલી છે અત્યારે. અમારે તો ઠેઠથી, (સંવત) ૧૯૭૨થી ચાલે છે. ૭૨ની સાલથી. ૫૫ વર્ષ થયા. એય..! પહેલેથી તકરાર. ભગવાન બધું જાણે નહિ. આ ભવ ન જાણે. તો થઈ રહ્યું પછી. ફલાણું. અરે..રે..! આ શું કરે છે? બાપુ! 'મૂળચંદજી' હતા. એ ૧૯૭૨માં ચર્ચા થઈ હતી. 'વીંછીયા'માં. મૂળ તો ગામડામાં થઈ હતી. ભાઈને બતાવ્યું હતું, નહિ? શું કહેવાય એ?

'સરા'માં 'સરા'માં. આ 'જસદણ'નો ઉતારો છે દરબારનો. ત્યાં ઉતરેલા. એમાં આહાર કરતા પછી કરી રહ્યા એમાં આ મંડાણી હતી. ૭૨માં. ફાગણ સુદ ૧૧, ૧૨ કે ૧૩ હશે. ૭૨માં, હોં! ભગવાને આમ દીઠું એમ થાય. આપણો પુરુષાર્થ કાંઈ કામ ન કરે. ફલાણું, ઢીંકણું. અમે એટલા સંથારા કરીએ, નવ નવ વાડે બ્રહ્મચર્ય પાળીએ, નવ-નવ કોટીએ સંથારા કરીએ પણ ભવ તો ભગવાને દીઠો ત્યારે ઘટશે. કીધું, આવું કોણે કહ્યું તમને?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તમારા ને પણ. હા પણ તમારા ગામના હતા કે નહિ? અને વળી તમારો સંઘાડો કહેવાય એ. અને ..ભાઈ તો એના ભગત. 'હીરાજી મહારાજ'ના ભગત કહેવાય. .. આહાહા..! ૭૨માં ચાલી વાત હોં! મોટી. ભગવાને દીઠું એમ થાશે. આપણો ભવ-બવ ઘટવાનો નથી. અરે..! શું કહો છો તમે આ? ક્યાંથી આ ભાષા લાવ્યા? આગમની ભાષા નથી આ. તે દિ' કહ્યું હતું, હોં! આમ ને આમ ગોટા ચાલ્યા જ આવે છે અહીં. શાસ્ત્રની ભાષા નહિ. મિથ્યાદૃષ્ટિની ભાષા છે, કીધું.

ભગવાનની ભાષા જેને બેસે, ભગવાન જેને હૃદયમાં બેસે એ ત્રણકાળ ત્રણલોક દીઠા એવા ભગવાન છે. એ ભગવાન જેને દૃષ્ટિમાં બેઠા એને ભવ-બવ હોય નહિ. ભગવાને ભવ દીઠા જ ન હોય. સમજાણું કાંઈ? ૭૨નો ફાગણ મહિનો. ફાગણ આવશે ને હવે? ક્યારે? કેટલા વર્ષ થાશે? આ ૫૫ થાશે પૂરા. ૫૫. બે પાંચડે પંચાવન. 'સંઘવી'! ત્યારે તો કેટલાકનો જન્મ પણ નહિ હોય. આહાહા..! આવી બધી વાતું અમારે ઠેઠથી ચાલી આવે છે. એય..! 'કાંતિભાઈ'! આ શું કહો છો? આ ભાષા ક્યાંથી આવી?

જુઓ! અહીંયાં ભગવાને દીઠું એમ થાય એમાં અનંતો પુરુષાર્થ છે. ભગવાનની પર્યાયની જેને પ્રતીત થાય એ તો ભગવાનનો પુત્ર થઈ ગયો. એ સાધક થઈને અલ્પકાળમાં ભગવાન થઈ જવાનો. હવે એને ન થાય એ પ્રશ્ન ક્યાં આવ્યો? આ ક્યાં કીધું માંડી? અમારા 'હિરાજી' મહારાજે કબુલ કર્યું પણ પાછા બીજે દિ' બિચારાને મેળવતા આવડે નહિ ને. હીરાજી મહારાજના ક્રિયાકાંડ કેવા. હીરા એટલા હીર એવા. વળી બીજે દિ' મુંઝાઈ ગયા. પક્ષ લીધો પહેલે દિ' મારો. બીજે દિ' મુંઝાઈ ગયા. આ ઝીણી વાતું. એય..! આ તો અમારે બધું ૫૫ વર્ષથી આવું ચાલે છે. 'હીરાજી મહારાજ' મુંઝાઈ ગયા હોં! બીજે દિ'. અરે..! 'મૂળચંદજી'! પછી રાત્રે વાત થઈ હતી. 'મૂળચંદજી'! તું કહે છે એમ હોય તો ભગવાને ભવ દીઠા. ભગવાને ભવિ અભવિ દીઠા છે. એય.. માર્યા! ભોળા માણસ હતા ને બહુ. આ ક્રિયા કરવી અને આ કરવું અને ધૂળ કરવી. ચાર વાગે, સાડા ચારની વાત છે બીજે દિ'. ભગવાને જો ઉપદેશ.. ભવ દીઠા હશે કે નહિ? ભગવાને ભવ્ય અભવિ દીઠા.

મુમુક્ષુ :- ચડી બેસે.

ઉત્તર :- ચડી બેઠા. ... એ જાણે કે હું પુરુષાર્થની પુષ્ટિ કરું છું. એનો હેતુ એવો. એમ નહિ. ભગવાને તો બધું દીઠું છે. ભવ ને અભવ ને બધા ભવિ, અભવિ ભવ આટલા એક એક ભવ... 'સમયસાર'માં પાઠ છે, કીધું. એક ભવે મોક્ષ જાશે, બે ભવે મોક્ષ જાશે,

ચાર, છત્રીસ ભવે મોક્ષ જાશે એવો પાઠ છે. પણ એનો જેને કેવળજ્ઞાનનો એક સમયનો પર્યાય આવડો... ઓહોહો..! જેના કાળની આદિ નહિ, જેની પર્યાયની આદિ નહિ, જેની પર્યાયનો અંત નહિ. એટલે કે દ્રવ્યનો આદિ-અંત નહિ. આહાહા..! એવા અનંતા અનંતા દ્રવ્યની અનંતી પર્યાય જે જ્ઞાન જાણે એ જ્ઞાનની કેટલી મહત્તા! માહાત્મ્ય કેટલી અચિંત્યતા! એ કેવળજ્ઞાનની પર્યાય જેને જ્ઞાનમાં બેસે, ખલાસ થઈ ગયું. આહા..! સમજાણું કાંઈ? એને પર્યાય સામું જોવાનું ન રહે, એને દ્રવ્ય સામું જોવાનું રહે છે. કારણ કે એ પર્યાય આવડી મોટી નીકળે ક્યાંથી? દ્રવ્યમાંથી નીકળે. શક્તિરૂપ પ્રગટ થયું ને આમાં '**પાયડા**' જુઓને! શક્તિ એમાં છે ત્રણકાળ ત્રણલોકને જાણવાની એવી શક્તિમાંથી પ્રગટ થઈ. એવી શક્તિ અને શક્તિવાન, એની જ્યાં દૃષ્ટિ થાય એને ભગવાનની પર્યાય બેઠી. એ સમકિતીને ભવ હોય નહિ. ભગવાને ભવ દીઠા ન હોય એને. આવા વાંધા ઉઠ્યા છે, એય..! 'વજુભાઈ'! શું કીધું?

મુમુક્ષુ :- અનંતા દ્રવ્ય...

ઉત્તર :- અનંતા દ્રવ્ય ... આ દ્રવ્ય અનંતા નથી? વસ્તુ. વસ્તુ અનંતા દ્રવ્ય. આ દ્રવ્ય એટલે આત્મા અનંતા. અનંતા પરમાણુ એ બધા દ્રવ્ય કહેવાય.

મુમુક્ષુ :- આપે બહુવચન લગાવ્યું નહિ.

ઉત્તર :- બહુવચન જ છે ને. અનંતા છે ને. આત્મા અનંતા, પરમાણુ અનંતા એ તો સાદી ભાષા છે. પણ અભ્યાસ નથી એમને. ઉપરનો અભ્યાસ છે. હજી અંદરનો નથી. અનંતા દ્રવ્ય એટલે અનંતા આત્મા, અનંતા દ્રવ્ય એટલે અનંતા પરમાણુ, અસંખ્યાત્ કાળાણુ એ તો પહેલું આવી ગયું. દ્રવ્ય એટલે વસ્તુ. અનંતા દ્રવ્ય છે અને એ અનંતા દ્રવ્યમાં એક એક દ્રવ્યમાં અનંતા અનંતા ગુણો છે. એની વાત તો ચાલે છે આ. અભ્યાસ નથી. પહેલેથી અભ્યાસ જોઈએ થોડો. ઉપરના અભ્યાસથી આ પકડાય એવું નથી. થોડો પહેલો એકડિયાનો અભ્યાસ ન હોય તો આગળ અભ્યાસ બેસશે નહિ એને. આહાહા..!

અનંતા આત્માઓ એ બધા દ્રવ્ય કહેવાય. દ્રવ્ય એટલે દ્રવ્ય-ગુણ-પર્યાય એ તો સાધારણ ભાષા (છે). છોકરાને બેસે આવું તો. આવડે છે કે નહિ? દ્રવ્ય કોને કહીએ? એય..! છોકરાઓ! ગુણના સમૂહને દ્રવ્ય કહીએ. એમાં શું પ્રશ્ન છે? અને ગુણ કોને કહીએ? દ્રવ્યના સર્વ ભાવ અને સર્વ હાલતમાં રહે એને ગુણ કહીએ. પર્યાય કોને કહીએ? ગુણના વિકાસને પર્યાય કહીએ. થઈ રહ્યું ત્રણે ભાવ તો છોકરામાં આવી ગયા, બાળકને. કહો, એ સિદ્ધાંત પ્રવેશિકામાં આવે છે. પહેલો પ્રવેશ કરવાને માટેનો અભ્યાસ જોઈએ.

અહીં તો કહે છે, જુઓને! આમાં આવી ગયું ને એ બધું? પહેલું આવી ગયું. એ સર્વ દ્રવ્યની. સર્વ દ્રવ્ય એટલે અનંતા થઈ ગયા. '**અતીત અનાગત ઔર વર્તમાનકાલ સંબંધી અનંતપર્યાયોંકો ભિન્न-ભિન્न એક સમયમેં સ્પષ્ટ દેખતા હૈ ઔર જાનતા હૈ.**' પહેલા આવી ગયું છે, હોં! પાનું-૧૩૯. પહેલાં આવી ગયું છે આમાં. પાનું-૧૩૯ છે આમાં લખ્યું છે.

છે. બોધપાહુડની-૪૧ ગાથા. '**ક્રમરૂપ હોતા સમયાદિક વ્યવહારકાલ કહલાતા હૈ. ઈસકી ગણનાસે અતીત, અનાગત, વર્તમાન દ્રવ્યોંકી પર્યાયેં અનંતાનંત હૈં, ઈન સબ દ્રવ્ય-પર્યાયોંકો અરહંતકા દર્શન-જ્ઞાન એક સમયમેં દેખતા ઔર જાનતા હૈ, ઈસલિયે અરહંતકો સર્વદર્શી-સર્વજ્ઞ કહતે હૈં.**' લ્યો! છે? બહુ સરસ વાત. સર્વ દ્રવ્યની પર્યાયનું અરહંત દર્શન-જ્ઞાન એક કાળમાં દેખે-જાણે. ભાઈ! એ એક ભાવ પણ બેસવો સૂક્ષ્મ છે. છેલ્લી છે. બોધપાહુડની ૪૧મી ગાથા. એક બાજુ ભાવાર્થ પહેલા. અર્થમાં ભાવાર્થ છે. પણ બીજો ભાવાર્થ પછી છે. બે ભાવાર્થ છે એમાં. આ કઠિન છે, નહીં. આ ફેરે હજી વાંચ્યું નથી. અરિહંતનું સ્વરૂપ આ નથી વાંચ્યું. સમજાણું કાંઈ? શું કહ્યું?

અહીં તો કેવળજ્ઞાન અને કેવળદર્શન. આહાહા..! જેની પર્યાયમાં અનંતકાળ પહેલા જે પર્યાય હતી તે વર્તમાન જણાય. ભવિષ્યમાં અનંતકાળ પછી પર્યાય થશે તે દ્રવ્યની એ અહીં જણાય જાય. એના મોટા વાંધા છે ને. ઓલો અર્થ છે ને ઢીંકણું છે ને ફીંકણું. ગુણગણમણીમાળા. ભાષા તો જુઓ! ઓહો..! 'જીણમયગયણે સાય મુણિદો જીણમય ગયણે.' જિનમતના ગણમાં આવા મુનિઓ પાકે છે, કહે છે. બીજે ધર્માત્મા હોઈ શકે નહિ. આહાહા..! હવે એટલી હજી ખબર ન મળે કે વીતરાગમાર્ગ એ માર્ગ છે અને બીજો માર્ગ કોઈ છે નહિ. બીજામાં પણ કાંઈક છે, એમાં પણ કાંઈક બતાવે છે, ધ્યાનનું, ફલાણાનું, ઢીંકણાનું. ધૂળેય નથી, સાંભળને! એક સર્વજ્ઞ પરમાત્મા વીતરાગદેવ, એણે જે વસ્તુનું સ્વરૂપ અને ધર્મ કહ્યો એના માર્ગમાં ધર્મી પાકે છે. બીજે કોઈ ધર્મી હોઈ શકે નહિ. આહાહા..! પછી આ જૈનધર્મ એટલે અમારો ધર્મ અને ફલાણો ધર્મ તમારો એમ નથી આ. વસ્તુ જ પોતે વીતરાગસ્વરૂપ છે આત્મા.

'જિન સોહી હૈ આત્મા, અન્ય સોહી હૈ કર્મ, કર્મ કટે જિનવચનસોં.' જિનવચન એટલે જિનભાવ. એમ. ભાષા વચન લ્યે છે. 'શ્રીમદ્'માં શબ્દ છે. 'જિન સોહી હૈ આત્મા, અન્ય સોહી હૈ કર્મ.' પુણ્ય-પાપ આદિ અનેરો બધો મત અનેરો. એનાથી કોઈ માને એ બધા મત જ અનેરાનો છે. 'કર્મ કટે જિન વચનસે' વચન શબ્દે એના ભાવ. વીતરાગભાવથી કર્મ કટે. ભગવાને કહેલો વીતરાગસ્વભાવ, એની એકાગ્રતા દ્વારા વીતરાગભાવથી કર્મ નાશ થાય. કર્મ કટે જિન વચનસો. એ જિનનો મર્મ. એ વીતરાગનો મર્મ છે. આહાહા..! ત્રણલોકના નાથ વીતરાગ પરમેશ્વર, જેને માથે ધણી નથી, જેને દૃષ્ટિમાં એ પરમાત્મા આવા છે એવું જેને લક્ષમાં નથી, એના મતમાં કાંઈ ધર્મ-બર્મ હોઈ શકતો નથી. એમ કહે છે. જુઓ! ઈ આપે છે છેલ્લા. સમજાણું કાંઈ?

... આહાહા..! પવનપંથ. આકાશ વિષે, પવનપંથ એટલે આકાશ. જેમ આ પવન ફરે છે ને? કાંઈ રોકનાર છે? આકાશને પવનપંથ કીધો. પવન એના ઉપર ચાલે. ... પવનપંથ આકાશને વિષે તારાની પંક્તિ કરી. જુઓ! તારાઓ. લાખો, કરોડો તારાઓ હોય છે. .. એ કરોડો તારાથી પરિવારથી વેષ્ટિત પરવરેલો. પૂર્ણ માસીનો ચંદ્રમાં. એ ગગનપંથ, આકાશપંથ.

પવનપંથમાં જેમ એ ચંદ્રમાં ઘણા તારાઓથી શોભે છે. પૂર્ણિમાનો ચંદ્ર, આહાહા..! આહાહા..! 'વૈસે જિનમતરૂપી આકાશ વિષે...' વીતરાગ ભગવાને કહેલો જે માર્ગ, એવો જે આત્માનો સ્વભાવ, એવા વીતરાગભાવના માર્ગને વિષે ગુણસમૂહ મણીની માળા. એ ગુણના સમૂહ એ થઈ મણીની માળા. ત્યાં મણીની માળા ગુણના સમૂહની હોય છે. વીતરાગમારગ સિવાય ક્યાંય એ વાત હોતી નથી. આહાહા..! અને એણે વીતરાગમાં જન્મ્યો એને વીતરાગની ખબર નથી પાછી. વાડામાં જન્મ્યો. ભગવાન સાચા. જય નારાયણ, જાવ. સમજાણું કાંઈ? જુઓ! આચાર્ય છેલ્લી ગાથાઓ નાખતા (કહે છે) જિનવર ગયણે વીતરાગમાર્ગનો ભાવ એ આત્મા વીતરાગસ્વરૂપ, એમાં એકાગ્ર થઈને વીતરાગદશા પ્રગટ થાય એ જિનમતમાં જ હોય છે. બીજે એવું હોતું નથી. સમજાણું કાંઈ? કહો, 'જયંતિભાઈ'! બીજે ક્યાંય હોતું નથી.

અત્યારે બધા એવા જાગ્યા છે ને કેટલાક બિચારા જૈનો પણ ત્યાં માથા ફોડે. ચાલો સાંભળવા ત્યાં કાંઈક છે. ધૂળેય નથી, સાંભળને! જેનો એક આત્મા પૂર્ણ સર્વજ્ઞપદવાળું તત્ત્વ છે એની જ એને પર્યાયમાં સર્વજ્ઞપદ પ્રગટે છે. એવું જેને આત્માનું અને આત્માના પદની પર્યાયનું ભાન નથી એ બધાના માર્ગમાં કોઈ રીતે ધર્મનો માર્ગ હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? કેમકે ધર્મ પ્રગટે એ ધર્મી પૂર્ણ આત્મસ્વભાવ હોય એને આશ્રયે પ્રગટે. પછી એ સર્વજ્ઞપદ અને સર્વજ્ઞ પૂર્ણ આનંદપદવાળું જ એનું પદ છે. આહાહા..! એટલે કે જેના મતમાં સર્વજ્ઞ નથી, એક આત્મા ત્રણકાળ ત્રણલોકને જાણે એવો જેનો મત નથી એમાં ધર્મની ગંધ હોતી નથી. આહાહા..! આચાર્યને એ કહેવું છે, હોં! અંદર. જિનવર ગયણે વીતરાગમારગના ગગનમાં જેણે પરમાત્માએ આત્માને આવો કહ્યો, એવું જાણ્યું, અનુભવે છે એને અનુભવ અને ધર્મ હોય છે. આકાશમાં જેમ ચંદ્રમાં કરોડો તારાઓથી શોભે છે પૂનમનો ચંદ્ર, એમ આ ધર્માત્મા જિનમતમાં શોભે છે. જિનમતમાં આ શોભે છે. સમજાણું કાંઈ? મુનિન્દ્રરૂપી ચંદ્રમા શોભે છે. આહાહા..! જુઓને! પોતાની વાત પણ અંદર (કહેતા જાય છે). આચાર્ય છે, આચાર્ય. આહાહા..! જેને વીતરાગી કિરણો પ્રગટ્યા છે અને એમાં અનેક પ્રકારના ગુણની માળા, એનાથી એ શોભે છે, લ્યો! જેમ ઓલો તારાથી શોભે છે. કોણ? ચંદ્ર. ચંદ્ર તારાથી શોભે છે, એમ ધર્માત્મા અનંતગુણની નિર્મળ ધારાથી શોભે છે. આહાહા..! એ તારાનો પરિવાર. સમજાણું કાંઈ? શું કહે છે? આહાહા..!

ભગવાન ચૈતન્ય પ્રભુ પૂર્ણ સ્વરૂપ, એવી વાત જિનમતમાં જ હોય છે. એવા પૂર્ણ સ્વરૂપને પ્રાપ્ત કર્યું છે જેણે શ્રદ્ધા-જ્ઞાન અને ચારિત્રમાં, એવા અનંતગુણોના તારારૂપી વેષ્ટી થઈને એ મુનિ ચંદ્રમાં સમાન જૈનશાસનમાં શોભે છે. આ વ્રત પાળનારો અને ફલાણો એમ નથી લીધું આમાં. આહાહા..! જુઓ તો ખરા શું કહે છે? અનંતગુણો જે પરમાત્માએ જોયા આત્મામાં, એવા અનંતગુણો બીજે ક્યાંય હોઈ શકે જ નહિ. એવા અનંતગુણોનું રૂપ એને જેણે આશ્રય કરીને, સ્થિરતા કરીને એ અનંતા ગુણોની ધારા શ્રેણીમાં પ્રગટ કરી છે

એ જિનમતમાં ચંદ્રમા સમાન શોભે છે. સમજાણું કાંઈ? રાગવાળા અને ઝાઝા પરિવારવાળા અને ઝાઝા સાધુ કરેલા હોય માટે શોભે એમ નહિ, એમ કહે છે. ઝાઝા શિષ્યો કર્યા માટે મોટો છે આ. એના અનંતગુણોમાંથી ધારાવાહી શ્રેણી પ્રગટ કરી એ મુનિ ચંદ્રમાં સમાન, જેમ આકાશમાં ચંદ્ર શોભે એમ શોભે છે. એમ આચાર્યને એકદમ વીતરાગભાવનો અંદર ઉમળકો આવ્યો છે, લ્યો! સમજાય છે કાંઈ? વિશેષ આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**आगे जिसके अनन्तचतुष्टय प्रगट होते हैं उसको परमात्मा कहते हैं। उसके अनेक नाम हैं, उनमेंसे कुछ प्रकट कर कहते हैं :-**

**णाणी सिव परमेट्ठी सव्वण्हू विण्हु चउमुहो बुद्धो।**
**अप्पो वि य परमप्पो कम्मविमुक्को य होइ फुडं।।१५१।।**

ज्ञानी शिवः परमेष्ठी सर्वज्ञः विष्णुः चतुर्मुखः बुद्धः।
आत्मा अपि च परमात्मा कर्मविमुक्तः च भवति स्फुटम्।।१५१।।

**તે જ્ઞાની, શિવ, પરમેષ્ઠી છે, વિષ્ણુ, ચતુર્મુખ બુદ્ધ છે,**
**આત્મા તથા પરમાતમા, સર્વજ્ઞ, કર્મવિમુક્ત છે. ૧૫૧.**

**अर्थ :- परमात्मा ज्ञानी है, शिव है, परमेष्ठी है, सर्वज्ञ है, विष्णु है, चतुर्मुख ब्रह्मा है, बुद्ध है, आत्मा है, परमात्मा है और कर्मरहित है, यह स्पष्ट जानो।**

**भावार्थ :- 'ज्ञानी' कहनेसे सांख्यमती ज्ञानरहित उदासीन चैतन्यमात्र मानता है उसका निषेध है। 'शिव' है अर्थात् सब कल्याणोंसे परिपूर्ण है, जैसा सांख्यमती नैयायिक वैशेषिक मानते हैं वैसा नहीं है। 'परमेष्ठी' है सो परम (उत्कृष्ट) पदमें स्थित है अथवा उत्कृष्ट इष्टत्व स्वभाव है। जैसे अन्यमति कई अपना इष्ट कुछ मान करके उसको परमेष्ठी कहते हैं वैसे नहीं है। 'सर्वज्ञ' है अर्थात् सब लोकालोकको जानता है, अन्य कितने ही किसी एक प्रकरण संबंधी सब बात जानता है उसको भी सर्वज्ञ कहते हैं वैसे नहीं है। 'विष्णु' है अर्थात् जिसका ज्ञान सब ज्ञेयोमें व्यापक है-अन्यमती वेदांती आदि कहते हैं कि पदार्थोंमें आप है तो ऐसा नहीं है।**

**'चतुर्मुख' कहनेसे केवली अरहंतके समवसरणमें चार मुख चारों दिशाओमें दिखते हैं ऐसा अतिशय है, इसलिये चतुर्मुख कहते हैं-अन्यमति ब्रह्मको चतुर्मुख कहते हैं ऐसा ब्रह्मा कोई नहीं है। 'बुद्ध' है अर्थात् सबका ज्ञाता है-बौद्धमती क्षणिकको बुद्ध कहते हैं वैसा ही नहीं है। 'आत्मा' हे अपने स्वभाव ही में निरन्तर प्रवर्तता है-अन्यमती वेदान्ती सबमें प्रवर्तते हुए**

**आत्माको मानते हैं वैसा नहीं है। 'परमात्मा' है अर्थात् आत्माको पूर्णरूप 'अनन्तचतुष्टय' उसके प्रगट हो गये हैं, इसलिये परमात्मा है। कर्म जो आत्मा के स्वभावके घातक घातियाकर्मोंसे रहित हो गये हैं इसलिये 'कर्म विमुक्त' हैं, अथवा कुछ करने योग्य काम न रहा इसलिये भी कर्मविमुक्त है। सांख्यमती, नैयायिक सदा ही कर्मरहित मानते हैं वैसे नहीं है। ऐसे परमात्माके सार्थक नाम हैं। अन्यमती अपने इष्टका नाम एक ही कहते हैं, उनका सर्वथा एकान्तके अभिप्रायके द्वारा अर्थ बिगड़ता है इसलिये यथार्थ नहीं है। अरहन्तके ये नाम नयविवक्षासे सत्यार्थ हैं, ऐसा जानो।।१५१।।**

## પ્રવચન નં. ૧૫૬, ગાથા-૧૫૧ થી ૧૫૩, ગુરુવાર, માગશર વદ ૧૧, તા.૨૪-૧૨-૭૦

'અષ્ટપાહુડ' ભાવપાહુડની ૧૫૧-ગાથા. અરિહંત ભગવાન કેવા હોય એની વ્યાખ્યા છે. એમ ઓઘે ઓઘે માનવું એમ નહિ. અરિહંત ભગવાન, એમને જે અંતર આત્મામાં અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતઆનંદ અને અનંતબળ હતું એ જેને વર્તમાન દશામાં પ્રગટ થયું છે. એમ સિદ્ધ કર્યું. આ આત્મામાં અરિહંતે જે પ્રગટ કર્યું, અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતઆનંદ અને અનંતબળ, એ અંદર શક્તિમાં આત્માના સ્વભાવમાં હતું એમાંથી પ્રાપ્ત થયું. પ્રાપ્તની પ્રાપ્તિ. અંદરમાં શક્તિ-સ્વભાવ હતો એ એકાગ્ર દ્વારા પ્રગટ થયો. એ પરમાત્મા કેવા હોય? એની વ્યાખ્યા છે. એ અરિહંત પરમેશ્વર કોને કહેવા? અમુક વાડાની રીતે સમજે છે એમ નહિ. એની વસ્તુસ્થિતિ શું છે? તો કહે છે કે જ્ઞાની હતા એ તો. સાંખ્યમતિ જ્ઞાનરહિત ઉદાસીન માને છે એમ નથી. એ તો સર્વજ્ઞ... સર્વજ્ઞ આગળ આવશે. પણ એ જ્ઞાની-જાણનાર હતા. ભગવાન કોઈના કર્તા નહોતા.

મુમુક્ષુ :- એટલે?

ઉત્તર :- કોઈ જગતને બનાવે કે કોઈને ધર્મ આપે કે કોઈને ધર્મની રચના એ કરે એમ નહોતા. એ તો જ્ઞાની હતા.

મુમુક્ષુ :- ધર્મ શીખવે તો ખરા ને?

ઉત્તર :- શીખવે એટલે? વાણી નીકળી એ આગળ આવશે. વાણી નીકળે, એને ઓલો સમજે એને કારણે તો સમજે. વાણી તો ભગવાનની નીકળે. કહેશે, સકળ શબ્દ કહીને. પરમાત્મા શરીરસહિતની વ્યાખ્યા અહીં છે. અરિહંત ભગવાન એને શરીરસહિત હોય છે, સિદ્ધ ભગવાનને શરીરરહિત હોય છે. સિદ્ધને પછી શરીર હોતું નથી. પહેલા નમો અરિહંતાણં. એણે ચાર કર્મનો નાશ કરી ચાર કર્મ બાકી રાખ્યા છે. અને સિદ્ધ ભગવાનને

આઠેય કર્મનો નાશ થઈને અશરીરી થઈ ગયા એ તો. પણ અહીંયાં સશરીરી અરિહંતની વ્યાખ્યા છે. કેમકે શરીરસહિત હોય એ ઉપદેશ આપે. શરીરરહિત છે એને ઉપદેશ હોઈ શકે નહિ. એટલે કહે છે જ્ઞાની હતા.

બીજો બોલ. **'શિવ હૈ અર્થાત્ સબ કલ્યાણોંસે પરિપૂર્ણ...'** સર્વ કલ્યાણની દશા જેને પ્રગટ થઈ ગઈ છે. હવે કાંઈ કલ્યાણ બાકી નથી. અરિહંત પરમાત્માને પૂર્ણ આનંદ ઉપદ્રવરહિત અનંત અનંત શાંતિ જેને પ્રગટ થઈ ગઈ છે. માટે તેને શિવ કહેવામાં આવે છે. શિવ એટલે ઓલા શંકર શિવ નહિ. એ શિવ એટલે કલ્યાણ સ્વરૂપ. નમોત્થુણંમાં આવે છે. શિવમયલ મરૂય અર્થ તો આવડતા ન હોય. હાંકે રાખે ગાડા એમ ને એમ શબ્દ. 'શિવ મયલ મરૂય, મણંત' આવે છે. ભગવાન શિવ છે, અચળ છે, અરુઈ છે. શિવ નામ અરિહંતને શિવ કહીએ. કેમ કે એને બિલકુલ દુઃખનો કે અકલ્યાણનો અંશ રહ્યો નથી. પૂર્ણ આનંદની પ્રાપ્તિ કલ્યાણની (થઈ છે) માટે તે અરિહંતને શિવ કહેવામાં આવે છે. અન્યમતિઓ શિવ બીજાને કહે છે એ વાત સાચી નથી. સમજાણું કાંઈ? બે તો આવ્યા હતા કાલે. ત્રીજો.

વળી, **'પરમેષ્ઠી હૈ...'** અરિહંતને ... **'પરમ (ઉત્કૃષ્ટ) પદમેં સ્થિત હૈ...'** ઉત્કૃષ્ટ અનંત આનંદ, અનંતજ્ઞાન પૂર્ણ દશામાં ટકે છે, ટક્યા છે, માટે પરમપદમાં ટક્યા માટે પરમેષ્ઠી કહીએ. સમજાણું કાંઈ? દુનિયાનું કોઈ કરણ બનાવે કે કરે માટે પરમેષ્ઠી છે એમ છે નહિ. **'અથવા ઉત્કૃષ્ટ ઈષ્ટત્વ સ્વભાવ હૈ.'** બે વાત લીધી. પોતે પોતાના પૂર્ણ આનંદ સ્વભાવમાં ઠર્યા છે અથવા જેનો ઈષ્ટ, પૂર્ણ ઈષ્ટ સ્વભાવ પ્રગટ થઈ ગયો છે. **'ઈષ્ટ સ્વભાવ હૈ.'** પૂર્ણ પ્રિય સ્વભાવ. અરિહંતને કોઈ દોષ રહ્યો નથી. અનંતજ્ઞાન, અનંતઆનંદ, અનંતવીર્ય (પ્રગટ થયા) એને અરિહંત અને એને પરમાત્મા કહીએ. જગત બીજાને અનેક પ્રકારે પરમાત્મા કહે છે એ સાચા નથી. **'જૈસે અન્યમતી કઈ અપના ઈષ્ટ કુછ માન કરકે ઉસકો પરમેષ્ઠી કહતે હૈં વૈસે નહીં હૈ.'** સાધારણ હોય તો પરમેષ્ઠી અમારા છે, આ પરમેશ્વર છે એમ નથી કહેતા? એમ નથી. પરમેષ્ઠી તો પરમ આત્માનુ પદ શુદ્ધ આનંદની પર્યાય જેને પૂર્ણ પ્રગટ થઈ તેમાં ઠર્યા છે. પોતાનો સ્વભાવ છે ઈષ્ટ, એમાં રહ્યા છે એને પરમેષ્ઠી કહીએ.

વળી, **'સર્વજ્ઞ હૈ...'** ભગવાન તો સર્વજ્ઞ છે. ત્રણકાળ ત્રણલોકને જાણે. લોકાલોકને એક સમયમાં જાણે. ભૂતકાળ, ભવિષ્યકાળ, વર્તમાન, થયું, થાય અને થશે. બધું ભગવાનના જ્ઞાનમાં એક સમયમાં જણાય જાય એવા એ સર્વજ્ઞ છે. **'અન્ય કિતને હી કિસી એક પ્રકરણ સંબંધી સબ બાત જાનતા હૈ ઉસકો ભી સર્વજ્ઞ કહતે હૈં વૈસે નહીં હૈ.'** કોઈ થોડો ડાહ્યો વર્તમાન દેશકાળની વાત જાણે તો એ સર્વજ્ઞ છે એમ કહે છે એમ નથી. આ તો ત્રણકાળ ત્રણલોક (જાણવાનો) જેનો જ્ઞાનસ્વભાવ પ્રગટ્યો છે. જેને રાગનો કણ રહ્યો નથી, અલ્પજ્ઞતા જેને રહી નથી એવા સર્વજ્ઞ ભગવાન, એને પરમાત્મા કહીએ. બીજા કોઈ કર્તા પરમેશ્વર, ઈશ્વર છે એવા છે નહિ. જગતના કર્તા કોઈ ઈશ્વર છે એવું કોઈ છે નહિ. પરમાત્મા તો આને કહીએ જેને પૂર્ણ સ્વભાવ પ્રગટ થઈ ગયો. જુઓ! પ્રગટ થઈ ગયો છે

એનો અર્થ શું થયો? શક્તિમાં તો હતો. અંતર આત્માના સ્વભાવમાં તો અનંત આનંદ આદિ છે જ. દ્રવ્યમાં અને ગુણમાં તો પૂર્ણ છે, એ પર્યાયમાં સ્થિર થયા, ઈષ્ટત્વ પ્રગટ્યું એને સર્વજ્ઞ અને પરમાત્મા કહેવામાં આવે છે.

વળી, '**વિષ્ણુ હૈ...**' એને વિષ્ણુ પણ કહીએ. કેમ? '**જિસકા જ્ઞાન સબ જ્ઞેયોમેં વ્યાપક હૈ–**' આ વિષ્ણુ લોકો કહે છે એ વિષ્ણુ નહિ. પણ અરિહંત પરમાત્મા ત્રણકાળ ત્રણલોકના જ્ઞેયને વ્યાપે છે એટલે જાણે છે, માટે એ અપેક્ષાએ પણ વિષ્ણુ એને કહેવાય. સમજાણું કાંઈ? વિષ્ણુ બીજા કહે છે એમ નહિ. અરિહંતને જ વિષ્ણુ કહેવાય. કેમકે એ જ્ઞાનમાં બધા જ્ઞેયોને લોકાલોકને વ્યાપે છે. એ લોકાલોકમાં પ્રસરી નથી જતાં પણ લોકાલોકને જાણે છે એ અપેક્ષાએ એને વિષ્ણુ કહેવામાં આવે છે. જુઓ!

વળી, '**અન્યમતી વેદાંતી આદિ કહતે હૈં કિ પદાર્થોમેં આપ હૈ તો ઐસા નહીં હૈ.**' બધું થઈને આત્મા છે. સર્વજ્ઞ એટલે વિષ્ણુ એટલે બધા થઈને એક વિષ્ણુ છે એમ નથી. એક એક આત્મા પોતાના જ્ઞાનની પૂર્ણદશા પ્રગટ કરે અને લોકાલોકમાં જાણે એ લોકાલોકમાં વ્યાપે, જાણે એમ અર્થ કરીને એને વ્યાપક કહેવામાં આવે છે. પણ વ્યાપક સર્વ એક આત્મા છે એવું કાંઈ છે નહિ. એ તો કલ્પેલું અજ્ઞાનીઓએ છે. જુઓ! આ અરિહંતને ઓળખવા જોઈએ, કહે છે. એમ ને એમ સમજ્યા વિના માને એ કાંઈ અરિહંતને જાણતા નથી.

વળી, '**ચતુર્મુખ કહનેસે કેવલી અરહંતકે...**' કેવળી ભગવાનને ચાર મુખ હોય છે. સમવસરણમાં ભગવાન જ્યારે બિરાજે ત્યારે ચતુર્મુખ થઈ જાય. ચારે બાજુના માણસ દેખે કે મારી સામું ભગવાનનું મોઢું છે. આમ મોઢું છે. ઓલા બ્રહ્મા ચતુર્મુખ કહે છે એમ છે નહિ. બ્રહ્માને ચાર મુખ કહે છે ને? એ બધી કલ્પીત વાતું છે. પરમાત્મા અરિહંત જ ચતુર્મુખી છે. દરેક વિશેષણ એમ આપ્યા છે, જોયું! '**સમવસરણમેં ચાર મુખ ચારોં દિશાઓમેં દિખતે હૈં ઐસા અતિશય હૈ,...**' એવો તો અતિશય ભગવાનનો છે. પૂર્ણ કેવળજ્ઞાન આનંદની દશા પ્રગટ થઈ અને ચાર બાજુ એના મુખ દિખે. એવો જ એનો અતિશય છે.

'**અન્યમતી બ્રહ્માકો ચતુર્મુખ કહતે હૈં ઐસા બ્રહ્મા કોઈ નહીં હૈ.**' ચાર મોઢાવાળા બ્રહ્મા હતા, વિષ્ણુ જગતમાં વ્યાપેલા હતા, એવું કોઈ છે નહિ. અરિહંત પરમાત્માને જ આ બધા વિશેષણ લાગુ પડે છે. કહો, સમજાણું કાંઈ? વળી '**બુદ્ધ હૈ...**' લ્યો! એ પોતે બુદ્ધ છે ભગવાન. ઓલા ક્ષણિકવાદી બુદ્ધ એ નહિ. '**સબકા જ્ઞાતા હૈ–બૌદ્ધમતિ ક્ષણિકકો બુદ્ધ કહતે હૈં વૈસા હી નહીં હૈ.**' ભગવાન તો બધાના બુદ્ધ–જાણનારા છે, માટે એને બુદ્ધ કહેવામાં આવે છે. અન્યમતિ જે બૌદ્ધ માને છે એ બુદ્ધ નહિ.

વળી '**આત્મા હૈ અપને સ્વભાવહીમેં નિરંતર પ્રવર્તતા હૈ...**' જુઓ! આત્મા શબ્દ છે ને? '**अप्पो वि य परमप्पो**' આત્મા છે. એટલે? અતતિ ગચ્છતિ. પોતાના સ્વભાવમાં નિરંતર

પ્રવર્તે માટે તેને આત્મા કહેવામાં આવે છે. **'અપને સ્વભાવ હી મેં નિરંતર પ્રવર્તતા હૈ...'** પોતાનો આનંદ, જ્ઞાન, શાંતિ, વીતરાગતા એવો જે સ્વભાવ છે પ્રગટ, એમાં એ પ્રવર્તે છે. માટે તેને આત્મા કહીએ. અતતિ ગચ્છતિ ઈતિ આત્મા. નિજના સ્વભાવમાં પ્રવર્તે માટે તેને આત્મા કહીએ. જુઓ! આ આત્માની વ્યાખ્યા. સમજાણું કાંઈ? એમ કહીને જે આત્મા બીજા છે એ પણ પોતાના જ્ઞાન દર્શનમાં પ્રવર્તે તો તેને આત્મા કહીએ. રાગ અને પુણ્યમાં પ્રવર્તે એ આત્મા નહિ. સમજાણું કાંઈ? આહાહા..! સમ્યગ્દૃષ્ટિનો આત્મા પોતાના સ્વભાવમાં પ્રવર્તે છે. રાગાદિ થાય એના એ જાણનાર રહે છે, એમાં પ્રવર્તતો નથી. માટે તેને આત્મા જઘન્ય દરજ્જાનો કહેવામાં આવે છે. કેવળી ઉત્કૃષ્ટ આત્મા કે જે પોતાના જ્ઞાન, દર્શન, આનંદ એના સ્વભાવમાં પૂર્ણ રીતે પ્રવર્તે તેને આત્મા કહીએ. કહો, સમજાણું કાંઈ? આ આત્માની વ્યાખ્યા કરી. આત્મા કોને કહેવો?

**'અન્યમતી વેદાંતી સબમેં પ્રવર્તતે હુએ આત્માકો માનતે હૈં વૈસા નહીં હૈ.'** બધા આત્મામાં પ્રવર્તનારો તે આત્મા અને જીવ તો શરીરમાં રહે અલ્પજ્ઞ અને આત્મા તો બધામાં પ્રવર્તે એ આત્મા એમ છે નહિ. એમ કોઈ આત્મા છે નહિ. એક-એક આત્માનો સ્વભાવ પોતે શુદ્ધ ચૈતન્યઘન, આનંદકંદ છે આત્મા. એ પોતાના સ્વભાવમાં પ્રવર્તે ત્યારે જઘન્ય દરજ્જે પ્રવર્તે ત્યારે સમ્યગ્દૃષ્ટિ કહીએ. ધર્મી એને કહીએ. ધર્મી ધર્મ કરનાર એને કહીએ. જુઓ! આત્મામાં વ્યાખ્યા એ આવી, કે પોતે જાણનાર-દેખનાર આનંદ એનો સ્વભાવ છે. એમાં અંશે પ્રવર્તે, વીતરાગભાવે પ્રવર્તે તો તેને સમ્યગ્દૃષ્ટિ ધર્મી આત્મા કહીએ. સમજાણું કાંઈ? એકલા પુણ્ય અને પાપમાં પ્રવર્તે એ તો વિકાર વિભાવ છે. એને આત્મા કહેતા નથી, એને ધર્મી પણ કહેતા નથી. કહો, સમજાણું કાંઈ?

વળી, **'પરમાત્મા...'** છેલ્લો શબ્દ આવ્યો ને? **'अप्पो वि य परमप्पो'** એને પરમાત્મા કહે છે. **'આત્માકો પૂર્ણરૂપ અનંતચતુષ્ટય ઉસકે પ્રગટ હો ગયે હૈં,...'** ભગવાનને તો અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતઆનંદ અને અનંતવીર્ય પ્રગટ થયું છે. માટે પરમ આત્મા તેને કહેવામાં આવે છે. એના સિવાય કોઈ બીજો પરમાત્મા છે નહિ. સમજાણું કાંઈ? અરિહંતની વ્યાખ્યા આપે છે. આમ અરિહંતને નમો અરિહંતાણં ગોખે રાખે પણ સમજે નહિ કાંઈ, એને અરિહંતનો કાંઈ લાભ છે નહિ, એમ કહે છે.

વળી **'કર્મ જો આત્મા કે સ્વભાવકે ઘાતક ઘાતિયાકર્મોંસે રહિત હો ગયે હૈં...'** ભગવાનને ચાર કર્મ છે નહિ. ઘાતિનો નાશ કર્યો. જ્ઞાનાવરણી, દર્શનાવરણી, મોહનીય. (અંતરાય.) **'ઈસલિયે કર્મ વિમુક્ત હૈં, અથવા કુછ કરને યોગ્ય કામ ન રહા...'** લ્યો, ભગવાનને શું કરવાનું? કાંઈ રહ્યું નહિ. જાણવું-દેખવું આનંદમાં પ્રવર્તે છે. બોલવાની ક્રિયા એ જડની છે. એમાં કાંઈ ભગવાનઆત્મા પ્રવર્તતા નથી. ભાષા હોય છે, ભાષામાં કાંઈ આત્મા આવતો નથી. ભાષા જુદી છે, આત્મા જુદો છે. આહાહા..! ભગવાન જડમાં પ્રવર્તતા નથી. એટલે પોતાને કાર્ય કાંઈ રહ્યું નથી. જાણવું, દેખવું, અનુભવવું આનંદનું એ

જ એનું કાર્ય છે, બાકી કોઈ કાર્ય બાકી છે નહિ. ઉપદેશ દેવો એ કાર્ય બાકી છે એમ હશે? ઉપદેશ વાણી આત્મામાં ક્યાં છે? એ વાણી જડની છે આ તો. એ વાણી કરવાનું કાર્ય પણ ભગવાનને રહ્યું નથી. આહાહા..! વાણી હોય ખરી, નિમિત્તરૂપે કહેશે આમાં. પર (ગાથા)માં વાણીમાં વ્યાપક નથી. વાણીનું કાર્ય એનું નથી. એ તો જડની ભાષા. જ્ઞાની તો જાણે છે કે આ જડની ભાષામાં આવી ભાષા થાય છે. એમ જાણે છે. જાણનાર છે, એના કર્તા નથી. આહાહા..! સમજાણું કાંઈ?

**'કુછ કરને યોગ્ય કામ ન રહા ઈસલિયે ભી કર્મવિમુક્ત હૈં.'** બાકી કાર્ય કાંઈ રહ્યું નહિ. કૃતકૃત્ય થઈ ગયા છે. જેના આત્માના આનંદમાં રમણતા જેની પૂર્ણ થઈ ગઈ, પૂર્ણ જ્ઞાન થઈ ગયું એને શું કરવું બાકી હવે? સમ્યગ્દૃષ્ટિ હોય ધર્મી એને તો હજી સ્વરૂપમાં રમણ કરવાનું કાર્ય બાકી રહે છે. સમજાણું કાંઈ? ધર્મી થાય, જીવ ધર્મી થાય એટલે આત્માના આનંદનું ભાન થાય ત્યારે આનંદમાં થોડો અંશ એને પ્રગટ થયો હોય છે. બધા ગુણોમાં થોડા અંશો પ્રગટ થયા હોય છે. પણ હજી પૂર્ણ કરવાનું કાર્ય બાકી હોય છે. સમજાણું કાંઈ? તો પરમાત્મા થયા એને તો કાંઈ બાકી રહ્યું નહિ. પૂર્ણ દશા થઈ ગઈ. ધર્મીને હજી અંદર, સાધુ હોય સાચા સંત તો આત્માના આનંદમાં રમતા હોય પણ પૂર્ણ આનંદ બાકી છે હજી ઘણો. એ આનંદમાં પૂર્ણ કરવાનું કાર્ય બાકી છે એને. એટલે એ પણ પૂર્ણ કાર્યવંત છે નહિ. કાર્ય એ, હોં! કાર્ય આ દયા, વિકલ્પનું કાર્ય કે શરીરનું એ કાંઈ આત્માનું નથી. આ તો જડ છે, આ તો માટી જડ છે. વિકલ્પ શું છે? એ તો રાગ છે, વ્યવહાર પુણ્ય છે. એ કાંઈ આત્માનું કાર્ય નથી, સમજાણું કાંઈ? પોતાના સ્વભાવમાં ચૈતન્યમાં શુદ્ધ સ્વભાવમાં પ્રવર્તે એ એનું કાર્ય છે. ધર્મીનું એ એનું કાર્ય છે. પૂર્ણ થઈ ગયો એને હવે એ કાર્ય કરવાનું બાકી રહેતું નથી.

**'સાંખ્યમતી, નૈયાયિક સદા હી કર્મરહિત માનતે હૈં...'** કેટલાક એવા માને છે કે જીવ તો સદાય કર્મરહિત જ છે, એમ છે નહિ. કર્મરહિત હોય તો પછી એને પૂર્ણ આનંદ અને પૂર્ણ દશા પ્રગટ જોઈએ. અનાદિ કર્મનો સંબંધ નિમિત્તરૂપે છે. એ સ્વભાવનું ભાન કરી અંતર અનુભવ કરીને પૂર્ણ દશા પ્રગટ કરે ત્યારે કર્મરહિત થાય. પહેલા કર્મરહિત સદા માને તો કર્મરહિત થવાનું રહેતું નથી.

**'ઐસે પરમાત્માકે સાર્થક નામ હૈં.'** લ્યો! ૧૫૧ ગાથા થઈ. એ પરમાત્માના સાર્થક નામ છે આ. યથાર્થ નામ આને કહીએ. સમજ્યા વિના કહે એને કહે છે કે ભગવાનની ઓળખાણ છે નહિ. સમજાણું કાંઈ? **'અન્યમતી અપને ઈષ્ટકા નામ એક હી કહતે હૈં, ઉનકા સર્વથા એકાન્તકે અભિપ્રાયકે દ્વારા અર્થ બિગડતા હૈ ઈસલિયે યથાર્થ નહીં હૈ. અર્હંતકે યે નામ નયવિવક્ષાસે સત્યાર્થ હૈં, ઐસા જાનો.'** લ્યો! જે નયે, જે અપેક્ષાએ કહ્યું તે અપેક્ષાએ વાત બરાબર છે એમ જાણવું.

आगे आचार्य कहते हैं कि ऐसा देव मुझे उत्तम बोधि देवे :-

**इय घाइकम्ममुक्को अट्ठारहदोसवज्जिओ सयलो।**
**तिहुवणभवणपदीवो देउ ममं उत्तमं बोहिं।।१५२।।**

इति घातिकर्ममुक्तः अष्टादशदोषवर्जितः सकलः।
त्रिभुवनभवनप्रदीपः ददातु मह्यं उत्तमां बोधिम्।।१५२।।

**ચઉઘાતિકર્મવિમુક્ત, દોષ અઢાર રહિત, સદેહ એ,**
**ત્રિભુવનભવનના દીપ જિનવર બોધિ દો ઉત્તમ મને. ૧૫૨.**

अर्थ :- इसप्रकार घातिया कर्मोंसे रहित, क्षुधा तृषा आदि पूर्वोक्त अठारह दोषोंसे रहित, सकल (शरीरसहित) और तीन भुवनरूपी भवन को प्रकाशित करनेके लिए प्रकृष्ट दीपकतुल्य देव है, वह मुझे उत्तम बोधि (-सम्यग्दर्शन-ज्ञान-चारित्र) की प्राप्ति देवे, इस प्रकार आचार्यने प्रार्थना की है।

भावार्थ :- यहाँ और तो पूर्वोक्त प्रकार जानना, परन्तु 'सकल' विशेषणका यह आशय है कि - मोक्षमार्गकी प्रवृत्ति करनेके जो उपदेश हैं वह वचनके प्रवर्ते बिना नहीं होते हैं और वचनकी प्रवृत्ति शरीर विना नहीं होती है, इसलिये अरहंतका आयुकर्मके उदयसे शरीर सहित अवस्थान रहता है और सुस्वर आदि नामकर्मके उदयसे वचनकी प्रवृत्ति होती है। इस तरह अनेक जीवोंका कल्याण करनेवाला उपदेश होता रहता है। अन्यमतियोंके ऐसा अवस्थान (ऐसी स्थिति) परमात्माके संभव नहीं है, इसलिये उपदेशकी प्रवृत्ति नहीं बनती है, तब मोक्षमार्गका उपदेश भी नहीं बनता है, इसप्रकार जानना चाहिये।।१५२।।

## ગાથા-૧૫૨ ઉપર પ્રવચન

**'આગે આચાર્ય કહતે હૈં કિ ઐસા દેવ મુજે ઉત્તમ બોધિ દેવે :-'** આહાહા..! જુઓ! હવે 'કુંદકુંદાચાર્ય' કહે છે, આ અરિહંત પરમાત્મા, એ મને ઉત્તમ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની દશા દયો. ભગવાન દેતા હશે? એ માગણીમાં પ્રાર્થના છે. સમજાણું કાંઈ? કાંઈ અરિહંત પાસે છે એના દર્શન-જ્ઞાન-ચારિત્ર તે આપે? એને સમજાવે છે અને સમજીને જે આત્માના અંતરમાં સમ્યગ્દર્શન પ્રગટ કરી અને અંદરમાં રમણતા કરે એને ભગવાને સમ્યગ્દર્શન, જ્ઞાન દીધું એમ કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ?

**इय घाइकम्ममुक्को अट्ठारहदोसवज्जिओ सयलो।**
**तिहुवणभवणपदीवो देउ ममं उत्तमं बोहिं।।१५२।।**

સિદ્ધા સિદ્ધિ મમ દિસંત્તુ. લ્યો, એમાં પણ આવે છે કે નહિ? ભગવાન આપતા હશે કાંઈ? એ તો પ્રાર્થનામાં વિનયના વાક્ય છે. હે ભગવાન! સિદ્ધા સિદ્ધિ મમ દિસંત્તુ. સિદ્ધ ભગવાન કાંઈ દેખાડવા આવે છે અહીં? એ તો પોતાની પ્રાર્થના છે કે મારું સ્વરૂપ પણ હે પ્રભુ તારા જેવું જ છે. તું સિદ્ધ છો એવું જ મારું સ્વરૂપ છે. તારામાંથી જે નીકળી ગયું એ મારામાં પર છે. આ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ થાય એ પણ મારા નથી, એ તો પર છે. કારણ કે તારામાં રહ્યા નથી માટે મારા નથી. સમજાય છે કાંઈ? અને તારામાં રહ્યું અનંતજ્ઞાન, દર્શન અને આનંદ એ મારામાં છે. એમ ધર્મીજીવની દૃષ્ટિ આત્માના સ્વભાવ ઉપર હોવાથી વિભાવથી રહિત જીવને માને છે. આહાહા..! સમજાણું કાંઈ? .. શબ્દ પડ્યો છે ને એક?

**અર્થ :– 'ઈસપ્રકાર ઘાતિયા કર્મોંસે રહિત,...'** ભગવાનને ચાર કર્મનો નાશ થઈ ગયો છે. અરિહંત ભગવાન મહાવિદેહક્ષેત્રમાં બિરાજે છે. મહાવીર ભગવાન આદિ તો સિદ્ધ થઈ ગયા. એ કાંઈ અરિહંત છે નહિ. એ તો ચાર કર્મનો નાશ થઈને અશરીરી સિદ્ધ થઈ ગયા. અરિહંત તો મહાવિદેહમાં સીમંધર પરમાત્મા વિદ્યમાન તીર્થંકર બિરાજે છે. એ વિદ્યમાન તીર્થંકરો આદિ શરીરસહિત હોય એની વ્યાખ્યા કરે છે. **'ઘાતિયા કર્મોંસે રહિત, ક્ષુધા તૃષા આદિ પૂર્વોક્ત અઠારહ દોષોંસે રહિત,..'** ભગવાન અરિહંત એવા હોય કે એને ક્ષુધા ન હોય, આહાર ન હોય, પાણી ન હોય, રોગ શરીરમાં ન હોય. સમજાણું કાંઈ? એને અરિહંત કહીએ. અરિહંત થાય એને વળી ભુખ લાગે અને આહાર લે, રોગ થાય અને દવા લે એવા અરિહંત હોઈ શકે નહિ. એને અરિહંતની ખબર જ નથી. સમજાણું કાંઈ?

અરિહંત એટલે કીધું ને? અરિ નામ રાગ અને દ્વેષ જે મિથ્યાત્વ દુશ્મન, એનો જેણે હંત નામ નાશ કર્યો અને આત્માની પૂર્ણદશા પ્રગટ કરી એને અરિહંત કહેવામાં આવે છે. એ અરિહંત કોઈ પક્ષનો શબ્દ નથી. એ ગુણનો શબ્દ છે. ગુણવાચક શબ્દ છે. સમજાણું કાંઈ? અહીં જુઓ લીધું અઢાર દોષ વર્જિત. ભગવાનને ક્ષુધા ન હોય. અરિહંતને ભૂખ લાગે, અરિહંતને રોગ થાય, પાણી પીવે એ અરિહંતના સ્વરૂપને જાણતા નથી. અરિહંત એવા હોય જ નહિ. સમજાણું કાંઈ?

**'અઠારહ દોષોંસે રહિત, સકલ (શરીરસહિત)...'** અહીં જરી એ મૂક્યું છે. કારણ કે અરિહંત છે એને જો વાણી ન હોય તો ઉપદેશ ક્યાંથી નીકળે? વાણી તો શરીર હોય તો વાણી હોય. શરીર ન હોય એને વાણી હોય? સિદ્ધને શરીર નથી, વાણી પણ નથી. ભગવાન સિદ્ધ થઈ ગયા એને કાંઈ ન મળે. શરીર પણ નથી અને વાણી પણ નથી. પણ અરિહંતને તો શરીર છે. શરીર છે તો વાણી નીકળે. વાણી નીકળે તો જગતને સમજવામાં આવે કે આમ ભગવાને જાણ્યું એમ ભગવાને કહ્યું. બીજાઓ એમ કહે કે જ્યાં પૂર્ણ થઈ ગયું ને બસ, એને વાણી ન હોય અને મુક્ત થઈ જાય. એમ નથી. સમજાણું? શરીર હોય છે બાકી. જ્યાં સુધી સિદ્ધ ન થાય, અરિહંતપદમાં બિરાજે જ્યાં સુધી (ત્યાં સુધી) શરીર

હોય, વાણી હોય તો ઉપદેશ થાય એમ કહે છે.

**'તીન ભુવનરૂપી ભવન કો પ્રકાશિત કરનેકે લિયે પ્રકૃષ્ટ દીપકતુલ્ય દેવ હૈ,...'** ત્રણલોકમાં **'ભવન કો પ્રકાશિત...'** ત્રણલોકને પ્રકાશવામાં ઊંચો દીવો છે ભગવાન. ત્રણલોક, ત્રણકાળને પ્રકાશવામાં દીપક સમાન છે. જેમ ચીજ જોવામાં દીવો નિમિત્ત છે, એમ ત્રણકાળને જોવામાં ભગવાનનું જ્ઞાન છે. ત્રણકાળ ત્રણલોક, એક એક પરમાત્મા ત્રણકાળ ત્રણલોકને જોવે છે. એવો એ ચૈતન્યદીવો છે. ચૈતન્યનો ઝળહળ દીવો, દેહના રજકણોથી જુદો છતાં શરીર હજી બાકી છે.

**'વહ મુજે ઉત્તમ બોધિ...'** દો. **'(-સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર)કી પ્રાપ્તિ દેવે,...'** 'કુંદકુંદાચાર્ય' તો ચારિત્રવંત છે. છતાં ત્રણની એકતાની પૂર્ણ શુદ્ધતા મને પ્રાપ્ત થાવ. એમ કહીને ભગવાનને મને દો એમ કીધું. સમજાણું કાંઈ? દેવ સિદ્ધ કરવા છે ને? પહેલા આવી ગયું હતું. દેવ-દેવ એને કહીએ. દે તે દેવ કહેવાય. દે શું? ઉપદેશ. એ પ્રમાણે અંદરમાં સમજે, ઓળખે, શ્રદ્ધે, ઠરે તો એને ધર્મ થાય. કાંઈ ઉપદેશ આપે અને ઓલો સમજે નહિ અને ધર્મ થઈ જાય એમ છે નહિ.

મુમુક્ષુ :- .. .. આપે ધર્મ પામે...

ઉત્તર :- એ આપે. બધું સમજાવે. આવ્યું હતું ને? એ વાત આવી ગઈ.

અહીં તો જરી દેવ કીધો છે ને? દેવ કીધા એટલે **'देउ ममं उत्तमं बोहिं'** અમારો આત્મા શુદ્ધ આનંદનું ભાન સમ્યગ્દર્શન તો પહેલું છે. અમે આત્મા છીએ, અમે પુણ્ય-પાપના ભાવ નહિ, શરીરની ક્રિયા એ નહિ. અમારો આત્મા જ્ઞાનમૂર્તિ છે એમ તો સમ્યગ્દષ્ટિને, ધર્મીને પહેલેથી ભાન છે. એ ભાન હોય છે અને એ ભાન ન હોય તો એ ધર્મી છે નહિ. સમજાણું કાંઈ? એ ઉપરાંત આ તો મુનિ છે. 'કુંદકુંદાચાર્ય' સમર્થ આચાર્ય છે. પોતાના દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણ તો છે. પણ ચારિત્રની પ્રાપ્તિ એટલે ઉત્કૃષ્ટ બોધિ એ ત્રણની એક્તાની પરિપૂર્ણતા દયો એમ કહે છે. સમજાણું કાંઈ?

આ આત્મા રાગની દયા, દાન, વ્રતના વિકલ્પની ક્રિયાથી જુદો છે. એવું ભાન છે. સમ્યગ્દર્શનમાં એવું ભાન હોય છે. જેને સમ્યગ્દર્શન નથી એને કાંઈ આ ભાન હોતું નથી. એને ધર્મ પણ હોતો નથી. પણ અમને હવે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને ચારિત્રની પ્રાપ્તિ. બોધિનો અર્થ એ કર્યો. ત્રણની એક્તા. **'ઈસ પ્રકાર આચાર્યને પ્રાર્થના કી હૈ.'** આચાર્ય ભગવાને (પ્રાર્થના કરી છે કે) અમને તો આ જોઈએ, પ્રભુ! અમારે કોઈ બીજી ચીજ જોઈતી નથી. અમારો આત્મા અમને પૂર્ણ પવિત્રતાની પ્રાપ્તિ કરો એવી અમારી માગણી છે. ભગવાન કરતા હશે? તો તો ઈશ્વર કરે એવું આ ભગવાન કરે, બેય એક થઈ ગયા. 'શાંતિભાઈ'! કરે કે નહિ ભગવાન? આપે નહિ? 'શિવપદ અમને દેજો રે દેજો મહારાજ' ગાય છે ને? 'શિવપદ અમને દેજો.' આવે છે કે નહિ? કોણ આપે? શિવપદ તારી પાસે જ પડ્યું છે અંદર જોને. ગાય બહુ ત્યાં. 'ઋષભદેવ' ભગવાનના મંદિરમાં. 'શિવપદ અમને

દેજો રે મહારાજ' મહારાજ કહે, શિવપદ અમારી પાસે ક્યાં છે તારું? તારું તારી પાસે છે. તને તારી ખબર નથી અને તું અહીં માગવા આવ્યો? અહીં તો ભાન છે ઈ કહે છે. સમજાણું?

'કુંદકુંદાચાર્ય' જેવા મહામુનિ સમર્થ, જે ધર્મના થાંભલા, એ કહે છે કે પ્રભુ! અમારો આત્મા પુણ્ય-પાપના રાગ ને શરીર ને વાણી વિનાનો છે એવું અમને ભાન છે. અમારા આત્માનું જ્ઞાન અમને છે અને આત્મામાં સ્વરૂપમાં સ્થિરતાના આનંદની ચારિત્રદશા છે. પણ પ્રભુ! તારે તો પૂર્ણ થઈ ગયું છે. એમ કહે છે. તો મને પૂર્ણ થવાની પ્રાપ્તિ આપો. એટલે પોતાના આત્મામાં એ ભાવના કરે છે. સમજાણું કાંઈ? ભારે વાત, લ્યો! એમ કહે કે કોઈ દે નહિ અને વળી માગે. 'કુંદકુંદાચાર્ય' જેવા! એ તો નિમિત્તના કથન છે. અર્થ ન સમજે તો ગોટો ઊઠે એમાં.

**ભાવાર્થ :– 'યહાં ઔર તો પૂર્વોક્ત પ્રકાર જાનના,...'** ૧૫૧માં કહ્યું ને? એ બધા અર્થ સમજવા. ચાર કર્મનો નાશ. **'સકલ વિશેષણકા યહ આશય હૈ...'** સકળ શબ્દ પડ્યો છે ને? એ સકળ. સકળ નામ કળ નામ શરીરસહિત. ૧૫૨નો પહેલી લીટીનો છેલ્લો શબ્દ. ભગવાન સકળ છે. સકળ નામ શરીરસહિત છે. કળ નામ શરીર, સ નામ સહિત. અરિહંતની વ્યાખ્યા છે અહીં. અરિહંતને સકળ છે, શરીરસહિત છે. સિદ્ધ શરીરરહિત છે. એટલે કહે છે કે જો શરીર ન હોય તો ઉપદેશ હોઈ શકે નહિ, એમ. એ સિદ્ધ કરવું છે. સકળ કહીએ એમ. શરીરસહિત અર્થ.

**'તીન ભુવનરૂપી ભવન કો પ્રકાશિત કરનેકે લિયે પ્રકૃષ્ટ દીપકતુલ્ય દેવ હૈં,...' 'મોક્ષમાર્ગકી પ્રવૃત્તિ કરનેકે જો ઉપદેશ હૈં વહ વચનકે પ્રવર્તે બિના નહીં હોતે હૈં...'** દેખો! મોક્ષમાર્ગની પ્રવૃત્તિના **'ઉપદેશ હૈં વહ વચનકે પ્રવર્તે બિના નહીં હોતે હૈં ઔર વચનકી પ્રવૃત્તિ શરીર બિના નહીં હોતી હૈ,...'** શરીર ન હોય અને વચન નીકળે? **'ઈસલિયે અરહંતકા આયુકર્મકે ઉદયસે શરીર સહિત અવસ્થાન રહતા હૈ...'** ભગવાનને પણ જ્યાં સુધી આયુષ્ય હોય ત્યાં સુધી શરીરમાં રહે છે. આહાહા..! સમજાણું કાંઈ? કેવળજ્ઞાન પામ્યા, વીતરાગ થયા, આનંદ પામ્યા, પણ જ્યાં સુધી આયુષ્ય બાકી છે ત્યાં સુધી શરીરમાં રહે છે. પૂર્ણ નાશ થઈ જશે ત્યારે સિદ્ધ થઈ જશે.

**'અરહંતકા આયુકર્મકે ઉદયસે...'** લ્યો, એને પણ હજી આયુષ્ય કર્મ બાકી છે. **'શરીર સહિત અવસ્થાન રહતા હૈ...'** શરીરસહિત ભગવાન રહે છે. મહાવિદેહમાં તીર્થંકર ભગવાન બિરાજે છે. ૧૫૨ ગાથાનો અર્થ ચાલે છે. **'ઈસ તરહ અનેક જીવોંકા કલ્યાણ કરનેવાલા ઉપદેશ હોતા રહતા હૈ.'** જુઓ! શરીર છે તો વાણી છે. વાણી છે, અનંત જીવના કલ્યાણના ઉપદેશની વાણી નીકળે છે. કલ્યાણનો ઉપદેશ, હોં! આહાહા..! જો વાણી ન હોય તો અમે શું જાણ્યું એ કહેવાનો કાંઈ પ્રસંગ રહેતો નથી. વાણી વાણી સ્વતંત્ર છે. વાણીનો કાંઈ કર્તા નથી. પણ શરીર છે એટલે વાણી હોય જ તે. નીકળે ત્યાં સુધી,

હોં! એક તો આ સિદ્ધ કર્યું કે અરિહંતને આયુકર્મ છે માટે શરીરસહિત છે. એક વાત.

વળી '**સુસ્વર આદિ નામકર્મકે ઉદયસે વચનકી પ્રવૃત્તિ હોતી હૈ.**' કંઠ-કંઠ. નામકર્મની સુસ્વર પ્રકૃતિ છે એક. નામ કર્મ છે ને આઠમાં? જ્ઞાનાવરણી, દર્શનાવરણી, (અંતરાય) વેદનીય, મોહનીય, આયુષ્ય, (ગોત્ર), નામ કર્મ. નામમાં સુસ્વર. એ નામકર્મનો ઉદય છે એટલે ભગવાનનો અવાજ નીકળે છે. સમજાણું કાંઈ? એને લઈને અવાજ નીકળે, આત્માને લઈને નહિ. સમજાણું કાંઈ? આ ધ્વનિ છે. આ તો જડ છે, માટી છે, જુઓને! આ પણ જડ છે. અવાજ ઊઠે એ જડ છે. એ ક્યાં આત્મા છે? આત્મા તો અરૂપી જ્ઞાનઘન એ આત્મા છે. એટલે વાણી સુસ્વરને લઈને નીકળે છે એમ કહે છે. શરીર આયુષ્યની સ્થિતિને લઈને રહેલું છે એમ કહે છે. બે વાત સિદ્ધ કરે છે. શરીર કેમ રહ્યું? કે આયુષ્ય કર્મ બાકી છે માટે રહ્યું, વાણી કેમ નીકળે છે? કે સુસ્વરના ઉદયને લઈને વાણી નીકળે છે. લ્યો! આ બીજા ઉપદેશક કહે અમે ઉપદેશ આપીએ છીએ વાણીનો એ માન્યતા અજ્ઞાન છે. એ તો વાણીનો અવાજ છે, એ તો સુસ્વરની ક્રિયા છે. એ આત્માની ક્રિયા છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

'**સુસ્વર આદિ નામ કર્મકે ઉદયસે વચનકી પ્રવૃત્તિ હોતી હૈ. ઈસ તરહ અનેક જીવોંકા કલ્યાણ કરનેવાલા ઉપદેશ હોતા રહતા હૈ.**' એનો અર્થ એ થયો કે વીતરાગની વાણીમાં વીતરાગતાનો ઉપદેશ આવે. તારું સ્વરૂપ જ હે આત્મા! જ્ઞાનઘન છો, આનંદકંદ છો. એની શ્રદ્ધા અને એનું જ્ઞાન કર અને એમાં ઠર, એ ધર્મ. એવી વાણી વીતરાગના મુખમાં આવે. એવી વાણી વીતરાગ સિવાય બીજા કોઈના મુખમાં આવી શકે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? કલ્યાણને કરવાવાળી એમ કીધું છે ને? કે સ્વર્ગને મળવાવાળી? કલ્યાણ-બલ્યાણ દુનિયા ગાંડી માને એટલે શું થયું? સ્વર્ગ મળે અને આ ધૂળ-પૈસા મળે એ કલ્યાણ હશે?

અહીં તો વીતરાગનો ઉપદેશ તો કલ્યાણનો જ કરવાવાળો છે. એના ઉપદેશમાં પુણ્ય કર અને પુણ્યથી સ્વર્ગ મળશે એ વીતરાગની વાણી નહિ. સમજાણું કાંઈ? જણાવે. આત્માના સ્વભાવના શ્રદ્ધા-જ્ઞાન કરે એને ધર્મ થાય. અને એમાં રાગાદિ ભક્તિ આદિ હોય તો એમાં પુણ્ય થાય. પુણ્યથી સ્વર્ગાદિ મળે અને આ સ્વભાવની શ્રદ્ધા-જ્ઞાન કરે એનાથી મુક્તિ મળે. એમ વીતરાગની વાણીમાં કલ્યાણનો ઉપદેશ આવે છે એમ કહે છે, જુઓને! ઓહોહો..! પોતે પૂર્ણ કલ્યાણ કર્યું છે. સર્વજ્ઞ અને વીતરાગ પૂર્ણ થઈ ગયા છે. એનો ઉપદેશ કલ્યાણનો આવે. સર્વજ્ઞ અને વીતરાગ થાવ. અલ્પજ્ઞ અને રાગ છોડ. સમજાણું કાંઈ? હજી ભગવાન કોને કહેવા એની ખબર ન મળે. ભગવાનનો ઉપદેશ કેવો આવે એની ખબર ન મળે. અને ધર્મ કેમ થાય એની ખબર ન મળે અને થઈ ગયા ધર્મ. માળા. આહાહા..! સમજાણું કાંઈ?

'**અનેક જીવોંકા કલ્યાણ કરનેવાલા ઉપદેશ હોતા રહતા હૈ. અન્યમતિયોંકે ઐસા અવસ્થાન (ઐસી સ્થિતિ) પરમાત્માકે સંભવ નહીં હૈ,...**' શું? શરીર સંભવે નહિ, એને

વાણી હોય નહિ. એવાને પરમાત્મા ઠરાવે. એ પરમાત્મા ઉપદેશ તો આપી શકે નહિ. એ તો પછી શું થયું? **'ઈસલિયે ઉપદેશકી પ્રવૃત્તિ નહીં બનતી હૈ,...'** એમ કે આત્મા શુદ્ધ થઈ જાય એટલે દેહથી છૂટી જાય. પછી એને દેહ રહે નહિ. એમ. શુદ્ધતા પ્રગટ થાય એટલે દેહ રહે નહિ. એમ નથી કહે છે. એવા પરમાત્માની અહીંયાં વાત છે નહિ. પૂર્ણ દશા પ્રગટી છતાં દેહ રહે છે, વાણી પ્રવર્તે છે સુસ્વર નામકર્મને લઈને. જુઓ! નામ કર્મ બાકી છે ને. આયુષ્યને લઈને દેહમાં રહે, સુસ્વર નામકર્મને લઈને વાણી નીકળે. લ્યો! નામ, ગોત્ર, વેદનીય. બાકી બે કર્મ વર્ણવ્યા. ચાર કર્મ બાકી છે ને ભગવાનને હજી? આયુષ્ય, નામ, ગોત્ર અને વેદનીય. ચાર બાકી છે ભગવાન અરિહંતને. એમાંથી આ બે કર્મનું ફળ બતાવ્યું. જુઓ! આ શરીર છે, એમાં રહેવું એ આયુષ્યને કર્મને કારણે. અવાજ નીકળવો, ભગવાનનો ઉપદેશ નીકળવો એ નામ કર્મના સુસ્વરને લઈને છે. સિદ્ધ ભગવાનને શરીર અને નામકર્મ છે નહિ. એટલે એને કાંઈ શરીરમાં રહેવાનું નથી અને વાણી પણ છે નહિ. સમજાણું કાંઈ?

અન્યમતિનું આવું સ્વરૂપ હોઈ શકે નહિ પરમાત્માનું એમ કહે છે. વીતરાગદેવ સિવાય, જૈન પરમેશ્વર સિવાય આવી વાત બીજા અન્યમાં કંઈ હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? આમાં એમ કહે ભગવાન મને આપજો, ભગવાન મને આપે. ... પ્રભુ રાખે એમ રહેવું ભાઈ! શું કરવું? એય..! 'પ્રકાશદાસજી'! એ કહેતા હતા. એ બોલે તમારા જૈનના કેટલાક ભગવાન કહે એ કરવું ભાઈ આપણે શું ભગવાન શું કરે? ભગવાન કરે શું? સમજ્યા વિનાના .. રાખે. કાંઈ ખબર ન મળે. ભગવાન કરે એ ખરું આપણને. ભગવાનની મરજી છે. એ ભગવાનની મરજી. ભગવાનની મરજી કેવી? ભગવાન કરે શું? કોનું? એ તો કેવળી છે, સર્વજ્ઞ વીતરાગ છે. આ જૈનના વાડામાં પડ્યા એ ભાન વિનાના છે. ભગવાન કરે એ ખરું ભાઈ, ભગવાન આપે તો લેવું. ભગવાનની મરજી હોય એમ થાય. આવું જૈનમાં પણ બોલે સમજ્યા વિનાના, ભાન વિનાના. ભગવાન આપે પૈસા અને આપણે ખર્ચવા. લ્યો, એમ બોલે એક જણો. પ્રભુ આપે એમ આપણે ખર્ચવા. ધૂળેય નથી આપતા, સાંભળને! ભગવાન પૈસા આપતો હશે?

મુમુક્ષુ :- ભગવાનની માનતા માને...

ઉત્તર :- માન્યતા માને તો મિથ્યાત્વ લાગે. ભગવાન દેતા હશે. ભગવાન પાસે છે? ભગવાન પાસે તો અનંતજ્ઞાન અને આનંદ ને એ છે. એની ઓળખાણ કર તો તને તારામાંથી મળે. બહારમાં ક્યાં મળે એવી છે કોઈ ચીજ? આહાહા..! માનતા માને ભગવાનની છોકરો થવા માટે, પૈસા થવા માટે. રખડી મરવાના રસ્તા છે બધા ઊંધા. ભ્રમણા મિથ્યાત્વ છે. એ તો કહે છે ને ઉપદેશ એણે દીધો. એમ કહેવું નિમિત્તથી. એ ઉપદેશ પ્રમાણે કલ્યાણનો માર્ગ જો. તારું કલ્યાણ તારામાં પડ્યું જ છે. એ અંદર કલ્યાણસ્વરૂપ જ ભગવાન છે આત્મા. એનું અંતર શ્રદ્ધા, જ્ઞાન ને અંતર ઠર. મોક્ષમાર્ગ

થઈ ગયો. એને મોક્ષમાર્ગી કહે. તે તને દીધો. ત્યારે ભગવાને દીધો એમ કહેવામાં આવે છે. આહાહા..! એમ છે. ભારે પણ, ભાઈ! જૈનમાં રહ્યા પણ એ જૈનની ખબર ન મળે.

**'ઈસલિયે ઉપદેશકી પ્રવૃત્તિ નહીં બનતી હૈ, તબ મોક્ષમાર્ગકા ઉપદેશ ભી નહીં બનતા હૈ, ઈસપ્રકાર જાનના ચાહિયે.'** શરીર ન હોય તો વાણી ન હોય અને વાણી ન હોય તો ઉપદેશ નીકળે નહિ. તો એનું કલ્યાણનું નિમિત્ત તો બને નહિ. શું ભગવાને જાણ્યું કેવળજ્ઞાનમાં અને એણે શું અનુભવ્યું? એ વાણી વિના તો બીજાને સમજવામાં આવે નહિ. માટે અરિહંતને વાણી છે. શરીર છે.

એ વાત એક મોટી થઈ હતી. (સંવત) ૧૯૮૬માં. 'કુંવરજીભાઈ' હતા ને 'કુંવરજી'? 'કુંવરજી આણંદજી', 'ભાવનગર'. 'પરમાનંદદાસ' 'ભાવનગર'. 'વડવા-વડવા' છે ને? ભાવનગર ૮૬ની વાત છે. ૮૬માં 'વડવા' અમે ગયા હતા બહાર નીકળી ગયા ત્યાં આવ્યા. પોતે આવ્યા. 'કુંવરજીભાઈ' આવ્યા. ત્યાં એ વાત થઈ હતી આ. ભાઈ! વાણી હોય, શરીર હોય તો વાણી નીકળે. માટે અરિહંતને શરીર છે, વાણી છે. શરીર અને વાણી છે, હોં! આત્માને છે એમ નહિ. એને શરીર અને વાણીનો જોગ હોય છે. જો ન હોય તો એણે જાણ્યું શું? અનુભવ્યું શું? એવું બીજાને કહેવાનો પ્રસંગ તો બનતો નથી. તો બીજાને જાણવું ક્યાંથી? સમજાણું કાંઈ? છદ્મસ્થ છે એણે પૂરું જાણ્યું નથી અને કેવળીએ પૂરું જાણ્યું. જાણીને તરત દેહ છૂટી જાય તો પછી બીજાઓને આ જાણ્યું, ત્રણકાળમાં આ જાણ્યા, છ દ્રવ્ય જોયા, મોક્ષમાર્ગ કહ્યો એ બધું જાણવાનું તો મળે નહિ, કીધું. વાણી હોય છે. પણ એના કર્તા છે નહિ. પૂર્ણ થઈ જાય માટે વાણીનો યોગ છૂટી જાય એમ છે નહિ. સિદ્ધ થાય એટલે છૂટી જાય. પછી કાંઈ રહે નહિ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ના, ના ... એને તો કાંઈ પૂછ્યું હતું આ ચંદ્રનું. તે દિ'નું ચાલે છે ને? આ રોકેટ તો હમણા ગયું, પણ આ ચંદ્ર-સૂર્યનું ... એ તો ભગવાને જાણ્યું એમાં ફેરફાર કાંઈ છે નહિ. ભગવાને જે કહ્યું છે એ અત્યારે.. એમાં કાંઈ ફેરફાર નથી. ભગવાનની વાણીમાં આવ્યું છે ને કીધું. વાણી છે કે નહિ એને? 'વડવા'ના અપાસરે. સ્થાનકવાસીનું અપાસરું છે 'વડવા'માં. ત્યાં. ૮૬ની વાત છે. ૪૧ વર્ષ થયા.

---

**आगे कहते हैं कि जो ऐसे अरहंत जिनेश्वरके चरणोंको नमस्कार करते हैं वे संसारकी जन्मरूप बेलको काटते हैं :–**

**जिणवरचरणंबुरुहं णमंति जे परमभत्तिराएण।**
**ते जम्मवेल्लिमूलं खणंति वरभावसत्थेण।।१५३।।**

**जिनवरचरणांबुरुहं नमंतिये परमभक्तिरागेण।**

**ते जन्मवल्लीमूलं खनंति वरभावशस्त्रेण।।१५३।।**

**જે પરમભક્તિરાગથી જિનવરપદાંબુજને નમે,**

**તે જન્મવેલીમૂળને વર ભાવશસ્ત્ર વડે ખણે. ૧૫૩.**

**अर्थ :– जो पुरुष परम भक्ति अनुरागसे जिनवरके चरणकमलोंको नमस्कार करते हैं वे श्रेष्ठभावरूप 'शस्त्र' से जन्म अर्थात् संसाररूपी बेलके मूल जो मिथ्यात्व आदि कर्म, उनको नष्ट कर डालते हैं (खोद डालते हैं)।**

**भावार्थ :– अपनी श्रद्धा–रुचि–प्रतीतिसे जो जिनेश्वरदेवको नमस्कार करता है, उनके सत्यार्थस्वरुप सर्वज्ञ–वीतरागपनको जानकर भक्तिके अनुरागसे नमस्कार करता है तब ज्ञात होता है कि सम्यग्दर्शनकी प्राप्तिका यह चिह्न है, इसलिये मालूम होता है कि इसके मिथ्यात्वका नाश हो गया, अब आगामी संसारकी वृद्धि इसके नहीं होगी, इसप्रकार बताया है।।१५३।।**

## ગાથા–૧૫૩ ઉપર પ્રવચન

**'આગે કહતે હૈં કિ જો ઐસે અરહંત જિનેશ્વરકે ચરણોંકો નમસ્કાર કરતે હૈં વે સંસારકી જન્મરૂપ વેલકો કાટતે હૈં :–'** લ્યો! ૧૫૩ ગાથા. એવા અરિહંત જિનેશ્વરના ચરણમાં,.. જુઓ! ભાષા એ. નમે છે એ સંસાર જન્મની વેલડીને કાપી નાખે છે. આહાહા..! એટલે કે વીતરાગ સ્વરૂપ ભગવાનનું છે એવો જેણે અંતરમાં જાણ્યો પોતાનો વીતરાગસ્વભાવ. હું દયા, દાન, વ્રતના વિકલ્પ વિનાનો હું છું, ભગવાનને એ નથી અને મારે નથી. એમ જેણે આત્માને રાગ ને વિકલ્પરહિત જાણ્યો, એ ભગવાનને નમસ્કાર કરનારો ખરેખર કહેવામાં આવે છે.

મુમુક્ષુ :– ભગવાનને જાણ્યા કોણે...

ઉત્તર :– ભગવાનને જાણ્યા વિના નમસ્કાર કોનો? ભગવાન તો વીતરાગ છે. વીતરાગપણું જાણ્યું છે એણે. હું પણ વીતરાગસ્વરૂપે છું આત્મા. મારામાં શરીર, વાણી, મન, પુણ્ય, પાપના રાગ નથી. એવું જેણે આત્માનું જ્ઞાન કર્યું છે સમ્યગ્દૃષ્ટિએ, એ સમ્યગ્દૃષ્ટિ સ્વભાવમાં નમે છે એ વીતરાગના ભાવને નમે છે એમ કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ?

**जिणवरचरणंबुरुहं णमंति जे परमभत्तिराएण।**

**ते जम्मवेल्लिमूलं खणंति वरभावसत्थेण।।१५३।।**

૧૫૩. આહાહા..! જુઓને! આચાર્યને પણ ભક્તિ ઉછળી છે ને! આ શુદ્ધભાવ છે ને,

શુદ્ધભાવ પૂર્ણ પ્રાપ્ત થઈ ગયો ભગવાનને. એથી શુદ્ધભાવની પ્રાપ્તિમાં આ ભગવાન આવા નિમિત્ત છે. એના ચરણાંબુજના ભક્ત છે સમકિતી, જિનેશ્વરદેવના ચરણકમળના તો ભક્ત છે. વીતરાગભાવના ભક્ત છે સમકિતી, એમ કહે છે. ધર્મી પુણ્ય-પાપના ભક્ત નથી. સમજાણું કાંઈ? ધર્મી જિનવર ચરણના ભક્ત છે. વીતરાગભાવના ભક્ત છે. આહાહા..! એ વીતરાગને નમે છે. જે રાગની રુચિ અને રાગના પ્રેમવાળા છે એ ભગવાનને નમી નહિ શકે. સમજાણું કાંઈ?

'સમંતભદ્રાચાર્યે' કહ્યું છે, પ્રભુ! આપને અભવી નહિ નમે. કેમ? આમ તો નમે ને બહારથી. નમો અરિહંતાણં કરે, ચાર બોલે. અંદરમાં-અંદરમાં રાગનો, પુણ્યનો પ્રેમ છે જેને. એ પુણ્યના-રાગનો શુભનો પ્રેમ છે તે ભગવાનને નમતો જ નથી. એ તો રાગને નમે છે. એય..! સમજાણું કે નહિ? 'સમંતભદ્ર'ની સ્તુતિમાં આવે છે. અભવિ સત્તા નહિ નમે પ્રભુ આપને. કેમકે એ રાગમાં પુણ્યનો વિકલ્પ છે એના રસમાં પડ્યો છે. રાગથી રહિત મારી ચીજ છે એવી શ્રદ્ધાનું ભાન નથી. એવી શ્રદ્ધાના ભાન વિનાના આપને નમી નહિ શકે. એ નમે બહારથી તે રાગને નમે છે. સમજાણું કાંઈ? જુઓ! એક વાત. આકરી વાત, બાપુ! એ ધર્મને આમ માની લે બહારથી કે આ ધર્મ થઈ ગયો. ધૂળેય નથી. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, જાત્રાથી ધર્મ થઈ ગયો એમ નથી. કારણ કે એ તો રાગ છે અને રાગની જેને રુચિ છે એ વીતરાગનો ભક્ત નથી એમ કહે છે. એ તો રાગનો ભક્ત છે. સમજાણું કે નહિ? બહુ આકરી વાત છે. પૈસા રળવા માટે 'રાજકોટ' મૂકીને ત્યાં કેટલી મહેનતું કરી? કેટલા વર્ષ ગાળ્યા ત્યાં? એ પુણ્ય હોય તો મળ્યું ત્યાં. ત્યાં માથાકૂટ કરે છે કે નહિ? એય..! 'મોહનભાઈ'! પાંચ-પચાસ લાખ મળે. બાયડી, છોકરા, કુટુંબ, સગાવહાલા મૂકીને માથા ફેરવે ત્યાં 'મુંબઈ'. હવે ધૂળેય નથી. એ પાછું પુણ્ય હોય તો મળે એમાં કાંઈ પુરુષાર્થથી મળે છે કાંઈ? ધૂળેય મળે નહિ.

મુમુક્ષુ :- મળે નહિ ...

ઉત્તર :- માલ મળે કોને પણ? શું મળે? ધૂળ મળે. આ હેરાન-હેરાન થઈ જાય છે જુઓને આ. 'મલૂકચંદભાઈ'ના દીકરા કેટલા દુઃખી છે કે નહિ? એક છોકરો ત્યાં ત્રણ કરોડ રૂપિયાવાળો છે અને એક છોકરો ત્યાં 'સ્વીત્ઝરલેન્ડ'માં બે કરોડવાળો છે અને પાંચ કરોડના છોકરા બે છે. પાંચ કરોડના છોકરા બે છે.

મુમુક્ષુ :- એમને લાભ કેટલો?

ઉત્તર :- ધૂળનો પણ લાભ નથી. ત્યાં ગયા હતા તો કાંઈ આપ્યું નથી. હમણાં જઈ આવ્યા છે ત્યાં. મોટા છોકરા પાસે જઈ આવ્યા હતા. બે કરોડ છે એની પાસે. છોકરાને કાંઈ નથી. દીકરી એક જ છે. આ જઈ આવ્યા હતા હમણા પોણો બે મહિના ત્યાં 'સ્વીત્ઝરલેન્ડ'. કાંઈ આપ્યું નહિ. ધાર્યું થયું નથી. એં..એં.. કરીને વઈ (પરત) આવ્યા. એના ભાવ કરીને. શું કરે?

મુમુક્ષુ :– રૂપિયા હતા તો આપવા માટે હતા?

ઉત્તર :– એનો બાપો આવ્યો ઘરે પોણા બે મહિના (રહ્યા). એ તો પછી માંડી વાળ્યું આણે. એક શબ્દ કીધો એટલે હું સમજી ગયો. ઓય મા ભાવ... ભાવ... શું પણ? વાત પણ સાચી એક ન્યાયે તો. અને જે લક્ષ્મી જ્યાં જવાની હોય ત્યાં જાય અને બીજે જાય પણ નહિ.

મુમુક્ષુ :– એના ઉપર નામ લખ્યું હોય.

ઉત્તર :– લખેલું છે એ.

મુમુક્ષુ :– મલુકચંદભાઈનું નામ નહોતું લખ્યું તો ન મળ્યું.

ઉત્તર :– આપણે નથી કહેતા કે ખાનારનું દાણે દાણે નામ છે. નથી આવતું? એનો અર્થ શું? કે જે દાણો આવવાનો હોય એ આવવાનો. જે નહિ આવવાનો તે નહિ આવવાનો. તારા પ્રયત્નથી લે અને મૂક, એ કાંઈ છે નહિ વાતમાં માલ. આહાહા..! આવો વીતરાગનો માર્ગ, ખબર ન મળે કાંઈ. દાણા ઉપર નામ છે. આવે છે કે નહિ તમારે? ક્યા કહતે હૈં? 'દાને દાને પર લિખા હૈ ખાનેવાલે કા નામ.' મહોર છે. મહોરછાપ છે. એમ ભગવાન પણ એમ કહે છે. જે દાણો જ્યાં આવવાનો એ આવવાનો. એ તારાથી આવે કે તારાથી રોકાય એમ ત્રણકાળમાં નથી. એમ હશે? 'દિલીપ' પાસે પૈસા-બૈસા. તારો બાપ બહુ રળે છે ને અત્યારે?

મુમુક્ષુ :– ના, પ્રભુ! કાંઈ ન કરી શકે. શું કરે? ખાલી ખોટા ભાવ કરીને મરી જાય. સંસારમાં રખડ્યા કરે ચાર ગતિમાં. ભાવ કર્યા કરે અને રખડ્યા કરે.

મુમુક્ષુ :– સીધી વાત છે.

ઉત્તર :– સીધી કરે છે. પણ આ તારો દાદો બેઠો છે જુઓ અહીં. એ પણ કરતા હતા ને બધું?

મુમુક્ષુ :– ના, એ પણ નથી કરતા.

ઉત્તર :– આહાહા..! '**जिणवरचरणंबुरुहं**'.

**અર્થ :– 'જો પુરુષ પરમ ભક્તિ અનુરાગસે જિનવરકે ચરણકમલોંકો નમસ્કાર કરતે હૈં...'** આહાહા..! એની વ્યાખ્યા જ એવી છે. એને આ ભગવાન છે માટે આમ નમું અને પગે લાગુ એમ નહિ. એ ભગવાન વીતરાગ છે. એવો જ મારો વીતરાગસ્વભાવ છે. મારી જાતના એ છે અને એની જાતનો હું છું. એવો આત્માનો પુણ્ય-પાપના વિકલ્પથી રહિત સ્વભાવ, એ જેણે જાણ્યો હોય એ એને નમે એમ કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? અંદરમાં તો રસ છે રાગનો. વીતરાગનો ઉપદેશ તો વીતરાગભાવનો છે. એ ઉપદેશને તો એણે માન્યો નથી, જાણ્યો નથી. ભગવાન કેમ રાગનો અભાવ કરીને વીતરાગ થઈ ગયા. રાગ રાખવા જેવો હોય તો એણે કેમ ન રાખ્યો? રાગનો અભાવ કરી, દયા, દાન, વ્રતના વિકલ્પનો અભાવ કરીને વીતરાગ થયા. કારણ કે એ વિકલ્પ રાગ હતો. એના ઉપદેશમાં એ વાત આવી હતી. એવા વીતરાગના ચરણકમળને નમે કે જેણે વીતરાગી ઉપદેશ આપ્યો અને

વીતરાગીભાવ જેને દૃષ્ટિમાં આવ્યો છે, એ વીતરાગમાં જ જેનું બહુમાન છે. પોતાનો સ્વભાવ વીતરાગ, એમાં જેનું બહુમાન છે એ વીતરાગને સાચા નમે છે. આહાહા..! રાગમાં જેનું બહુમાન છે અને આમ વીતરાગને નમે, એ કહે છે કે મને નમતા નથી. આહાહા..! ભારે વાત, ભાઈ! સમજાણું કે નહિ? આકરી વાત છે. 'જાદવજીભાઈ'!

કહે છે, વીતરાગનો જેને પ્રેમ છે એને રાગનો પ્રેમ અંતરમાં હોઈ શકે નહિ અને રાગનો જેને પ્રેમ છે તે વીતરાગનો ભક્ત હોઈ શકે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? '**જો પુરુષ પરમ ભક્તિ અનુરાગસે...**' લ્યો! '**परमभत्तिराएण**' એમ શબ્દ છે ને? '**परमभत्तिराएण**' એમ શબ્દ છે. પરમભક્તિ. પરમભક્તિ. એકલી ભક્તિ નહિ. ત્યારે પરમભક્તિનો વિકલ્પ કોને ઊઠે? કે જેને વીતરાગભાવની શ્રદ્ધા-જ્ઞાન વીતરાગભાવ તે ધર્મ છે. આમ વચમાં રાગ આવે તે ધર્મ નથી. એવી જેને દૃષ્ટિ થઈ હોય એ વીતરાગના પરમભક્ત કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

'કુંદકુંદાચાર્ય' કહે છે, લ્યો! '**પરમ ભક્તિ અનુરાગસે...**' એ '**राएण**'નો અર્થ કર્યો ને? '**राएण**' '**જિનવરકે ચરણકમળોંકો નમસ્કાર કરતે હૈં...**' આહાહા..! જેને નિર્વિકલ્પ વીતરાગ આનંદ પ્રગટ્યો છે પરમાત્માને. એવી નિર્વિકલ્પ પરમાનંદદશા એ મારું સ્વરૂપ જ છે. એવા સ્વરૂપની જેને દૃષ્ટિ થઈ છે એ જ ભગવાનના ચરણકમળને નમે છે, એ એનો ભગત કહેવાય છે. સમજાણું કાંઈ? આહાહા..! આમ રાગના રસિયા પડ્યા હોય અંદરમાં. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ તો રાગ છે, શુભભાવ છે. એનો જેને રસ છે કે આમાંથી મને કલ્યાણ થશે, એ વીતરાગનો ભક્ત છે જ નહિ. એ તો રાગનો ભક્ત છે. સમજાણું કાંઈ?

એવો જીવ '**વે શ્રેષ્ઠભાવરૂપ શસ્ત્ર સે...**' દેખો! શ્રેષ્ઠ નામ સ્વભાવ સન્મુખનો ભાવ છે એનો. શુદ્ધભાવ છે, એમ કહે છે. આહાહા..! પુણ્ય-પાપનો ભાવ છે એ તો અશુદ્ધ છે. હિંસા, જૂઠું, ચોરી એ અશુભ છે. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ શુભ છે. બેય અશુદ્ધ છે, બેય રાગ છે. રાગરહિત આત્માના શ્રેષ્ઠભાવ. '**શસ્ત્ર સે જન્મ અર્થાત્ સંસારરૂપી વેલકે મૂલ જો મિથ્યાત્વ આદિ કર્મ, ઉનકો નષ્ટ કર ડાલતે હૈં...**' દેખો! ઠીક! મિથ્યાત્વનો નાશ કરે છે એ આ. ઓલામાં આવ્યું હતું ને? 'ધવલ'માં. જિનબિંબના દર્શનથી મિથ્યાત્વનો નાશ કરે. એ વળી અહીં આવ્યું. જિનબિંબ એટલે આત્મા જિનબિંબ છે પોતે. એને ખરેખર વીતરાગી સ્વભાવને નમે એ જન્મવેલીને ટાળે. સમજાણું કાંઈ? '**वरभावसत्थेण**' જુઓ! '**वरभावसत्थेण**' શ્રેષ્ઠભાવ .. છે ને? શુભરાગ એ વરભાવ છે? શુદ્ધભાવ. ભાવપાહુડ છે ને? પુણ્ય-પાપના ભાવરહિત ચૈતન્યનો શુદ્ધભાવ, નિર્મળભાવ, જે આત્મભાવ આત્મભાવે પરિણમ્યો એ શ્રેષ્ઠભાવ. એ ભાવ વડે જનમવેલીને ટાળે છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણવચન ગુરુદેવ!)

## પ્રવચન નં. ૧૫૭, ગાથા-૧૫૩ થી ૧૫૫, શુક્રવાર, માગશર વદ ૧૨, તા.૨૫-૧૨-૭૦

**ભાવાર્થ :–** '**અપની શ્રદ્ધા–રુચિ–પ્રતીતિસે જો જિનેશ્વરદેવકો નમસ્કાર કરતા હૈ,...**' શું કહે છે? જેને આત્મા નિજાત્માની પ્રતીતિ, ભાન થયું છે એમ કહે છે. આત્મા શુદ્ધ નિર્વિકલ્પ, વીતરાગસ્વરૂપ છે. એકલો જ્ઞાનસ્વભાવ, પવિત્ર સ્વભાવ છે એવી અંતરમાં સમ્યગ્દર્શનની પ્રતીતિ, શ્રદ્ધા, રુચિ સ્વઆત્માની જેને થઈ છે, એ જીવ '**જિનેશ્વરદેવકો નમસ્કાર કરતા હૈ,...**' એ જિનેશ્વરને નમે છે. જેને આત્માની શ્રદ્ધા જ હજી નથી ખબર કે શું આત્મા છે. આત્મા એ દયા, દાન, વ્રત, ભક્તિના ભાવથી ભિન્ન છે. એવી રાગથી ભિન્ન સ્વરૂપની શ્રદ્ધા, નિજાત્માની શ્રદ્ધા, રુચિ અને પ્રતીતિ થઈ છે, એ જીવ '**જિનેશ્વરદેવકો નમસ્કાર કરતા હૈ,...**' વાસ્તવિક એ વીતરાગદેવને નમે એને નમન કહેવામાં આવે છે.

'**ઉનકે સત્યાર્થસ્વરૂપ સર્વજ્ઞ–વીતરાગપનકો જાનકર...**' ભગવાન સર્વજ્ઞ, સાચું સ્વરૂપ સર્વજ્ઞ છે એ. એક સમયમાં ત્રણકાળ ત્રણલોક પરમાત્મા અરિહંત જાણે છે. અને '**વીતરાગપનેકો જાનકર...**' એ વીતરાગ છે. સર્વજ્ઞ છે એને ઈચ્છા હોતી નથી. સર્વજ્ઞ પૂર્ણ જ્ઞાન અને પૂર્ણ નિર્દોષતા વીતરાગતા એવું સ્વરૂપ ભગવાન પરમાત્માનું છે. એવું જાણી '**ભક્તિકે અનુરાગસે નમસ્કાર કરતા હૈ...**' લ્યો! અતિ સ્નેહથી, પ્રીતિથી, પ્રેમથી ભક્તિ ભગવાનની અનુભવ સમ્યગ્દર્શન સહિત સર્વજ્ઞને અને વીતરાગપણાને ઓળખીને ભક્તિ અનુરાગથી કરે.

'**તબ જ્ઞાત હોતા હૈ કિ સમ્યગ્દર્શનકી પ્રાપ્તિકા યહ ચિહ્ન હૈ,...**' વીતરાગ સર્વજ્ઞદેવ પૂર્ણ જ્ઞાન અને પૂર્ણ વીતરાગતા, એવી જેને પ્રગટ દશા થઈ છે એવા પરમાત્માને નમે છે, એ પોતાના સ્વરૂપમાં પણ પૂર્ણ સર્વજ્ઞ છું. એ પ્રગટરૂપ થયા છે. હું પણ સર્વજ્ઞ અને વીતરાગસ્વરૂપ જ છું એવી સમ્યગ્દષ્ટિ જેને પ્રગટી છે એ જીવ પ્રગટ વીતરાગ સર્વજ્ઞપણાને નમન કરી શકે છે. આમ છે. કહો, સમજાણું કાંઈ? તેથી ખુલાસો કર્યો ભાઈએ પંડિતજીએ. '**અપની શ્રદ્ધા...**' એમ લખ્યું છે ને? આહા..! શું લખ્યું છે? શું છે એમાં? ભાવાર્થ. ગુજરાતી છે. નિજાત્મ શ્રદ્ધા. જુઓ! છે? હાથ આવતું નથી. ભાવાર્થ છે ને? ભાવાર્થની પહેલી લીટી. અક્ષર હાથ નથી આવતો. નિજાત્મ શ્રદ્ધા શબ્દ છે, જુઓ! અહીં '**અપની...**' હિન્દી શબ્દ છે. નિજ. નિજાત્માની શ્રદ્ધા. ત્યારે વીતરાગનો ભક્ત એ વ્યવહારે થઈ શકે છે. એમ કહે છે. આહાહા..! એ પોતે કોણ છે એની ખબર ન મળે અને આ રાગની ક્રિયા ભગવાનની ભક્તિ કરે એ ભક્તિને ભક્તિ કહેતા નથી. એમ કહે છે ભગવાન. શેઠ! આ કાલે હતું ને આ માંડ માંડ આવ્યું. એનો બીજો અર્થ કર્યો, જુઓ! જન્મ વેલડી, જન્મ વેલડી કાપવાનું આવ્યું હતું ભક્તિથી. ત્યાં વળી બીજો અર્થ થયો આ. આ અર્થ જ બીજો કર્યો છે.

પંડિતજીએ અર્થ બીજો કર્યો છે 'જયચંદ્ર પંડિતે'.

**'અપની શ્રદ્ધા...'** કારણ કે નિજાત્માની શ્રદ્ધાના ભાન વિના વીતરાગનો ભક્ત થઈ શકે નહિ. અને 'પંચાસ્તિકાય'માં આવે છે ને? ભક્તિ તો ખરેખર સમકિતીને જ ભક્તિ હોય છે. હેં! 'પંચાસ્તિકાય'માં નથી આવતું? આવે છે ને. છેલ્લી લીટીમાં આવે છે. પહેલા શરૂઆતમાં.

મુમુક્ષુ :- 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં એનો આધાર આપ્યો છે.

ઉત્તર :- આધાર આપ્યો છે. એનો જ આપ્યો છે. ભક્તિ તો ખરેખર જ્ઞાનીને જ ભક્તિ હોય. અજ્ઞાનીની ભક્તિ (સાચી નથી). કારણ કે રાગની ભક્તિ કરે, એ રાગ ઉપર એનો પ્રેમ છે. સમજાણું કાંઈ? આ ત્યાં છે 'પંચાસ્તિકાય'માં. ભક્તિ તો ભક્તિ સમકિતીની હોય. ભક્તિ ભગવાનની હોય. જેને આત્મા પૂર્ણ ચૈતન્યરત્ન તદ્દન નિર્મળાનંદ શુદ્ધ પવિત્ર વીતરાગસ્વરૂપ છે એવી અંતર્મુખ થઈને નિર્વિકલ્પ શ્રદ્ધા-જ્ઞાન થયું છે એ જ વીતરાગનો ભક્ત વ્યવહારે કહેવામાં આવે છે. નિશ્ચય ભક્ત પોતાનો છે. આહાહા..! સમજાણું કાંઈ? શું છે? 'ચેતનજી'! આમાં તો માંડ ચાલ્યું હતું આવું. ભક્તિની...

**'ઉનકે સત્યાર્થસ્વરૂપ...'** જિનેશ્વરદેવનું. **'સર્વજ્ઞ-વીતરાગપનેકો...'** કોને યથાર્થ શ્રદ્ધા છે? કે આ સર્વજ્ઞ વીતરાગ છે પરમાત્મા. જેને પોતાનો સ્વભાવ સર્વજ્ઞ અને વીતરાગી છે એવું જ્યાં અનુભવ ભાન થયું છે એને સર્વજ્ઞ વીતરાગ, વાસ્તવિક વીતરાગ છે એનું જ્ઞાન એને હોય છે. સમજાણું કાંઈ? **'તબ જ્ઞાત હોતા હૈ કિ સમ્યગ્દર્શનકી પ્રાપ્તિકા યહ ચિહ્ન હૈ,...'** આહાહા..! કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રને નમે નહિ. પણ નમે તો વીતરાગ પરમાત્માને જ નમે. સમજાણું કાંઈ? એ આ દેવી, દેવલા ને આ બધા આવે છે ને? અંબાજી, ફલાણા, ઢીકણા એને ન નમે સમકિતી, એમ કહે છે. પૈસા માટે નમે તો શું વાંધો? અંબાજીને. નહિ? પૈસા આપે એમ કહે આ દેવી-દેવલાને માને તો. અંબાજી, શિકોતર, ભવાની, આ ચક્રી ચક્રેશ્વરી. ધર્મીને એવી ઈચ્છા હોય જ નહિ. ધર્મીને તો વીતરાગભાવની ભાવના હોય. આહાહા..! ધર્મી કોને કહેવો? એ વાત કહે છે.

ધર્મીને તો પોતાનો વીતરાગ પવિત્ર નિર્દોષ સ્વભાવ એની દૃષ્ટિ અને ભાન થયું છે એ ભાવની ભાવના એની હોય. એને રાગની ભાવના હોય નહિ. છતાં વીતરાગને નમવાનો ભાવ એને આવ્યા વિના રહે નહિ. સમજાણું કાંઈ? **'પ્રાપ્તિકા યહ ચિહ્ન હૈ, ઈસલિયે માલૂમ હોતા હૈ કિ ઈસકે મિથ્યાત્વકા નાશ હો ગયા,...'** લ્યો! મિથ્યાત્વનો નાશ થયો છે. સર્વજ્ઞ વીતરાગ મારું સ્વરૂપ જ એ છે. હું આત્મા અને સર્વજ્ઞપદવાળો અને વીતરાગ સ્થાનવાળો જ આત્મા છું. સમજાણું? અલ્પજ્ઞ રહે અને રાગ રહે એ મારો સ્વભાવ જ નથી. અલ્પજ્ઞપણામાં રહેવું અને રાગ રહેવો એ એનું સ્વરૂપ નથી. સર્વજ્ઞ અને વીતરાગપદના સ્થાનવાળો આત્મા છે. એવું જેને અંતરમાં ભાન છે એ સર્વજ્ઞ વીતરાગના સ્વરૂપને જાણીને નમસ્કાર કરે છે. એને વ્યવહારભક્ત ભગવાનનો કહેવામાં આવે.

**'અબ આગામી સંસારકી વૃદ્ધિ ઈસકે નહીં હોગી,...'** સ્વરૂપ, રાગ પુણ્યના વિકલ્પથી

રહિત (છે). ચૈતન્ય સ્વરૂપમાં તો રાગ નથી, ભવ નથી, ભવનો અભાવ નથી. એવા ભવના ભાવ વિનાનું સ્વરૂપ (છે) એવું જેને ભાનમાં આવ્યું છે એને મિથ્યાત્વનો નાશ થયો છે. તેથી સંસારની વૃદ્ધિ ભવિષ્યમાં ન થાય. સ્વભાવમાં ક્યાં છે તો એની વૃદ્ધિ થાય? રાગ થોડો છે એ ઘટીને મોક્ષ પામશે. એમ કહે છે. **'ईसप्रकार बताया है.'** લ્યો! આ છે ને ઓલું **'वरभावसत्थेण खणंति जम्मवेल्लिमूलं'** જન્મવેલીનું મૂળ પણ મિથ્યાત્વ છે. ચોર્યાસીના અવતારનું મૂળ તો મિથ્યાત્વ છે. આહાહા..! ચોર્યાસીના અવતારની પરંપરાની પાટ પડી છે અવતારની. એને એનું કારણ તો મિથ્યાત્વ છે એક. મિથ્યાત્વ ટળે એને જનમવેલી ટાળી છે. મિથ્યાત્વ જેણે ટાળ્યું નથી એને જન્મની વેલડી તો ફળ્યા જ કરશે. અવતાર ચોર્યાસીના એક પછી એક થયા કરશે. એનો અંત નહિ આવે.

**'संसारकी वृद्धि ईसके नहीं होगी, ईसप्रकार बताया है.'** જોયું! પાઠ તો એમ કહ્યું **'जम्मवेल्लिमूलं खणंति वरभावसत्थेण' 'वरभावसत्थेण'** એટલે વર નામ શુદ્ધ પ્રધાન વીતરાગી પરિણામ આત્માના, એ દ્વારા જન્મવેલીનું મૂળ મિથ્યાત્વને છેદે છે. સમજાણું કાંઈ?

---

**आगे कहते हैं कि जो जिनसम्यक्त्वको प्राप्त पुरुष है सो वह आगामी कर्मसे लिप्त नहीं होता हैः–**

**जह सलिलेण ण लिप्पइ कमलिणिपत्तं सहावपयडीए।**
**तह भावेण ण लिप्पइ कसायविसएहिं सप्पुरिसो।।१५४।।**

**यथा सलिलेन न लिप्यते कमलिनीपत्रं स्वभावप्रकृत्या।**
**तथा भावेन न लिप्यते कषायविषयैः सत्पुरुषः।।१५४।।**

**જ્યમ કમલિનીના પત્રને નહિ સલિલલેપ સ્વભાવથી,**
**ત્યમ સત્પુરુષને લેપ વિષયકષાયનો નહિ ભાવથી. ૧૫૪.**

**अर्थ :– जैसे कमलिनीका पत्र अपने स्वभावसे ही जलसे लिप्त नहीं होता है, वैसे ही सम्यग्दृष्टि सत्पुरुष है वह अपने भावसे ही क्रोधादिक कषाय और इन्द्रियोंके विषयोंसे लिप्त नहीं होता है।**

**भावार्थ :– सम्यग्दृष्टि पुरुषके मिथ्यात्व और अनन्तानुबन्धी कषायका तो सर्वथा अभाव ही है, अन्य कषायोंका यथासंभव अभाव है। मिथ्यात्व अनन्तानुबन्धीके अभाव से ऐसा भाव होता है। यद्यपि परद्रव्यमात्रके कर्तृत्वकी बुद्धि तो नहीं है, परन्तु शेष कषायोंके उदयसे कुछ**

**राग–द्वेष होता है, उसको कर्मके उदयके निमित्तसे हुए जानता है, इसलिये उसमें भी कर्तृत्वबुद्धि नहीं है, तो भी उन भावोंको रोगके समान हुए जानकर अच्छा नहीं समझता है। इसप्रकार अपने भावोंसे ही कषाय–विषयोंसे प्रीति–बुद्धि नहीं है, इसलिये उनसे लिप्त नहीं होता है, जलकमलवत् निर्लेप रहता है। इससे आगामी कर्मका बन्ध नहीं होता है, संसारकी वृद्धि नहीं होती है, ऐसा आशय है।।१५४।।**

## ગાથા–૧૫૪ ઉપર પ્રવચન

**'આગે કહતે હૈં કિ જો જિનસમ્યક્ત્વકો પ્રાપ્ત પુરુષ હૈ સો વહ આગામી કર્મસે લિપ્ત નહીં હોતા હૈ :– '** એ સમ્યગ્દૃષ્ટિ ધર્માત્મા, જેને આત્મા નિર્લેપ શુદ્ધ ચૈતન્ય અબદ્ધસ્પૃષ્ટ, પરથી બંધાયેલો નથી, સ્પર્શ નથી, પરથી લેપાયેલો નથી. એવો આત્મા જેને સમ્યગ્દર્શનમાં પ્રાપ્ત થયો છે, ભાન થયું છે એને કર્મ બંધાતા નથી અને આગામી કર્મનો એને લેપ થતો નથી, એમ કહે છે.

**जह सलिलेण ण लिप्पइ कमलिणिपत्तं सहावपयडीए।**

**तह भावेण ण लिप्पइ कसायविसएहिं सप्पुरिसो।।१५४।।**

**અર્થ :– 'જૈસે કમલિનીકા પત્ર...'** કમલીનીનું પત્ર આવે છે ને? એના રૂવાંટા સુવાળાં હોય છે. રૂવાંટા, રૂવાંટી ઝીણી (હોય છે) કે જેને પાણી અડે જ નહિ. પાણીમાં પડ્યું હોય છતાં પાણી એને અડે નહિ. કમલીનીનું પત્ર. ઝીણી રૂવાંટી સુંવાળી બહુ હોય છે. **'કમલિનીકા પત્ર અપને સ્વભાવસે હી...'** એનો સ્વભાવ જ એવો છે કહે છે. કમલીનીના પત્રનો **'અપને સ્વભાવસે હી જલસે લિપ્ત નહીં હોતા હૈ,...'** જળથી લેપાતું નથી. આહાહા..!

**'વૈસે હી સમ્યગ્દૃષ્ટિ સત્પુરુષ હૈ...' 'सप्पुरिसो'** જુઓ! મૂળ પાઠ છે ને? સત્પુરુષ છે ને. સત્પુરુષ છે સમ્યગ્દૃષ્ટિ જીવ એ કર્મના લેપથી લેપાતો નથી. **'સમ્યગ્દૃષ્ટિ સત્પુરુષ હૈ વહ અપને ભાવસે હી ક્રોધાદિક કષાય...'** કારણ કે ક્રોધાદિ કષાય કરવાનો ભાવ છે એ દૃષ્ટિમાં નથી, વિષયની રુચિનો ભાવ નથી. આહાહા..! **'ક્રોધાદિક કષાય ઔર ઇન્દ્રિયોંકે વિષયોંસે લિપ્ત નહીં હોતા હૈ.'** જેને વિષયના સુખ, રાગમાં સુખબુદ્ધિ નથી. ચાહે તો ઈન્દ્રાણી હો કે ચાહે તો છન્નું હજાર સ્ત્રી હો, ક્યાંય સુખબુદ્ધિ નથી. ધર્મી એને કહીએ. સમકિતી એને કહીએ કે જેને આત્મામાં આનંદ છે, બીજે ક્યાંય આનંદ એને ભાસતો નથી. છે નહિ ક્યાંથી ભાસે? આહાહા..!

પૈસામાં સુખ નથી, આબરૂમાં સુખ નથી, શરીરમાં સુખ નથી, ભોગમાં સુખ નથી. એ

બધો દુઃખનો ભાગ છે, રાગ એ તો. એ રાગ દુઃખ છે. એમાં સુખ ક્યાંથી હોય? એટલે સમ્યગ્દૃષ્ટિની દૃષ્ટિ રાગમાંથી અને પરમાંથી સુખબુદ્ધિ, હિતબુદ્ધિ ઊડી ગઈ છે. સુખબુદ્ધિ કહો, હિતબુદ્ધિ કહો, ઈષ્ટબુદ્ધિ કહો એ બુદ્ધિ હટી ગઈ છે. આહાહા..! એને સમ્યગ્દૃષ્ટિ જીવ કહીએ. આ વીતરાગ-વીતરાગના વાડામાં જન્મ્યા અને ભગવાન-ભગવાન કરે એમ નહિ. એને જૈન ન કહીએ એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..!

દુનિયા શરીરની સુંદરતા માંડીને, સુંદરના ઠાઠ સંધ્યાના રંગ જેવા બધા દેખાય એમાં ક્યાંય સુખની સંજ્ઞા-ગંધ નથી. સમજાણું કાંઈ? સારા છોકરા થયા, કમાવ થયા, પૈસા ભેગા થયા ને સમજાય છે? એવો જે સુખબુદ્ધિનો ભાવ એ તો મિથ્યાદૃષ્ટિને હોય છે. એને જૈનપણું શું છે એની ખબર નથી. જૈન એટલે કે જે દુઃખ અને પરનું સુખ મારા સ્વરૂપમાં છે નહિ. મારા સ્વરૂપમાં તો આનંદ છે. એવી જેની દૃષ્ટિ નિજાત્મા ઉપર આનંદની પડી છે એને ક્યાંય જગતના કોઈ ચીજમાં આકર્ષણ એને થાય એવું છે નહિ. સમજાણું કાંઈ? આહાહા..! ભારે ભાઈ! આમ ચુરમાના લાડવા હોય, પતરવેલીયા હોય, શીખંડ-પુરી હોય. છોકરા સારા હોય, બે-પાંચ લાખ...

મુમુક્ષુ :- તબિયત સારી ન હોય તો શું કરવું?

ઉત્તર :- જોવે કે આમ-આમ મારું આવું ખાવાને ટાણે આ તાવ આવ્યો. ખરે ટાણે તાવ આવ્યો. ઘરના માણસો પચાસ-સો બધા દૂધપાક ઉડાડી દે. મારે કાંઈ નહિ. ધૂળેય નથી હવે, સાંભળને! ત્યાં ક્યાં હતું? એને સુખ ક્યાં હતું? એ તો દુઃખ છે. દૂધપાકમાં લક્ષ જાવું એ રાગ છે એ દુઃખ છે. આહાહા..! દૂધપાક તો કઢાયેલો આત્મા ચૈતન્યરસ છે. ચૈતન્યરસ. આહાહા..! આનંદનો રસ ભગવાનઆત્મા, એની રુચિ અને પ્રેમ આગળ જગતના કોઈ રસમાં રસ પડતો નથી. આ સમ્યગ્દૃષ્ટિ આમ છે. આમ ભગવાન સાચા માને એમ નહિ. ભગવાન સાચા એટલે કે હું સાચો. હું સાચો એટલે હું સુખરૂપ સાચો. એમ. મારા સિવાય દુનિયામાં ક્યાંય સુખ છે નહિ. આહાહા..!

કહે છે, સમ્યગ્દૃષ્ટિ '**અપને ભાવસે હી ક્રોધાદિક કષાય ઔર ઇન્દ્રિયોંકે વિષયોંસે લિપ્ત નહીં હોતા હૈ.**' એનાથી લેપાતો નથી. રસ ન મળે ત્યાં લેપ ક્યાંથી આવે? ચિકાશ નથી. ગુંદર નથી ત્યાં કાગળ શી રીતે ચોંટે? સમજાણું કાંઈ? અમથો કોરો કાગળ ચોંટાડવા જાય તો ચોંટે? ગુંદર હોય તો ચોંટે. ગુંદર સમજો છો? ગુંદ-ગુંદ. ભાષા સમજી લેવી થોડી થોડી. ચિકાશ ગુંદર હોય. રાખે છે ને ગુંદિયું નથી રાખતા? ગુંદિયું રાખે એટલું. .. ચેક કરવા. .. ચેક કરવો હોય તો ચોપડવું હોય ગુંદર. દુકાનમાં રાખે એક ગુંદિયું. એમ આ રાખે રાગ, મિથ્યાત્વનું ગુંદિયું ચોંટાડે છે. મિથ્યાત્વનું ગુંદિયું જેણે ટાળ્યું છે એને કોઈ પદાર્થમાં આત્મા સિવાય ક્યાંય રસ, ક્યાંય રુચિ, ક્યાંય અધિકપણું, ક્યાંય આકર્ષણપણું એને દેખાતું નથી. આહાહા..! સમજાણું કાંઈ? તેથી તેને વિષય સંબંધી અને કષાય સંબંધીના ભાવો, રસ નથી એટલે એને બંધન થતું નથી.

**ભાવાર્થ :- 'સમ્યગ્દષ્ટિ પુરુષકે...'** ભાવાર્થ છે ને? સમ્યગ્દષ્ટિ ધર્મી જૈનને, જેને સાચો જૈન કહીએ. આ વાડાવાળા એ જૈન નથી કાંઈ. એ તો વાડામાં પડ્યા છે. કોથળીમાં કરિયાતા ભર્યા હોય અને માથે લખે સાકર. તેથી કાંઈ કરિયાતા મીઠા થઈ જાય? એમ જૈન નામ ધરાવે. અમે આવા જૈન, અમે દેરાવાસી, અમે સ્થાનકવાસી, અમે દિગંબર. નામ છે. વસ્તુની ખબર વિના? આહાહા..! અહીં તો સમ્યગ્દષ્ટિ, આત્મામાં સુખ છે એવી સાચી દૃષ્ટિ. આહાહા..! સાચી દૃષ્ટિ. સાચી દૃષ્ટિ કોને કહીએ? કે આત્મામાં આનંદ છે. પુણ્ય-પાપના ભાવમાં, દયા, દાન, વ્રતના ભાવમાં એ આનંદ નથી એને સાચી દૃષ્ટિ કહીએ. સમજાણું કાંઈ? સમ્યગ્દષ્ટિ. આહાહા..! સત્યદષ્ટિ. સત્યદષ્ટિ એટલે? આત્માનું જ્ઞાન અને આનંદ અને શાંતિ વીતરાગતા એ આત્મામાં છે. એવી દૃષ્ટિ સાચી. અને રાગ અને પુણ્યમાં સુખ છે અને હિત છે, એ તો મિથ્યાદષ્ટિ છે. સમ્યગ્દષ્ટિ ક્યાં છે? એ તો મિથ્યાદષ્ટિ છે. આહાહા..! દૃષ્ટિ ફેરે સૃષ્ટિ છે. સમજાણું કાંઈ?

**'સમ્યગ્દષ્ટિ પુરુષકે...'** અહીં તો પહેલી વ્યાખ્યા સમ્યક્ નામ સત્યદષ્ટિ પુરુષકે એટલે સાચી દૃષ્ટિ એને કહીએ કે જે સત્યસ્વરૂપ ભગવાન ચિદાનંદ રતન છે, અનંત આનંદનું ધામ છે... આહાહા..! મહા હીરો છે મોટો. સમ્યગ્દર્શનને પણ જ્યારે રત્ન કહીએ. રાત્રે આવ્યું હતું. પહેલા પણ કહ્યું છે ઘણીવાર. સમ્યગ્દર્શનને જ્યારે રત્ન કહીએ, સમ્યગ્જ્ઞાનને ચારિત્ર રત્ન કહીએ એના પૂર્ણ ફળ કેવળજ્ઞાનને તો મહારત્ન કહીએ. એવા-એવા મહારત્ન તો જેના ગુણમાં પડ્યા છે. આહાહા..! એવો મહાપ્રભુ ચિંતામણી રત્ન ભગવાનઆત્મા, જેમાં સુખસાગરથી ડોલાયમાન છે. જેમાં દુઃખની ગંધ નથી, વિકારની ગંધ નથી, રાગને ઉત્પન્ન થવાનું એ સ્થાન નથી. સમજાણું કાંઈ? એવા આત્માને સાચી દૃષ્ટિ કરીને જે શ્રદ્ધે તો એને સમ્યગ્દષ્ટિ કહેવાય. આમ દેવ-ગુરુ-શાસ્ત્ર સાચા માટે સમ્યગ્દષ્ટિ, એમ નહિ. સાચું તો એનું આત્માનું સ્વરૂપ આનંદ અને શાંતિ છે. એને શ્રદ્ધે અને અનુભવે તો એને સમ્યગ્દષ્ટિ કહીએ. સમજાણું કાંઈ? 'મોહનભાઈ'! શું હશે આ બધું? ભારે વાત.

સુખ ન લાગતું હોય તો છોડે કેમ નહિ? વળી એમ કોઈ કહે. કેમ બાયડી છોકરામાં પડ્યો હોય સમકિતી? સાંભળને! પડ્યો છે ક્યાં? એ ક્યાંય નથી પડ્યો. તને ખબર નથી. એ જ્યાં છે ત્યાં બાયડી-છોકરા નથી અને બાયડી-છોકરામાં એ નથી. એ જ્યાં છે ત્યાં પુણ્ય-પાપ નથી અને પુણ્ય-પાપના ભાવમાં એ નથી. આહાહા..! કહો, 'કાંતિભાઈ'! આહાહા..!

જુઓને! આ તો ન લેપાય એના ઉપર વજન છે. લેપ વિનાની ચીજ એટલે? જેમાં સુખસ્વરૂપ જ છે આત્મા. અણિન્દ્રિય આનંદનો રસ, રસ ચૈતન્યરસ છે. અણિન્દ્રિય આનંદનો રસ આત્મા છે. એવી સાચી જેમ છે તેમ દૃષ્ટિ થઈ. ત્યારે કેમ થાય એ દૃષ્ટિ? કે સ્વભાવમાં સન્મુખ થઈને સત્કાર કરે તો થાય. સમજાણું કાંઈ? વીરાની એક વ્યાખ્યા આવી છે. વીરા નથી? વીરા-વીર. આમાં આવશે. વીર-વીર. વિશેષે અનંત સામ્રાજ્ય આત્માનું જે છે અંદર. આનંદ અને જ્ઞાનનું અનંત સામ્રાજ્ય, વિશેષ લક્ષ્મી. આમાં છે. સંસ્કૃતમાં છે. ધીર

વીર આવે છે ને? પાછળ. .. એવો .. અહીં તો બીજો અર્થ આવ્યો છે. વીર-વીર-વિશિષ્ટ. એ આવ્યું ને? ક્યાં આવ્યું? ૧૫૪ છે. વીરા. જુઓ! વીરા. વિશિષ્ટ કેવળજ્ઞાન સામ્રાજ્ય લક્ષ્મી ... સ્વીકૃતિ.. ઓલા સ્વીકાર ઉપર વિચાર ગયો. વીરા એને કહીએ કે વિશિષ્ટ-ખાસ કેવળજ્ઞાન સામ્રાજ્ય લક્ષ્મી. .. વીનો અર્થ .. તે વીરા. એને વીર કહીએ. સમજાણું કાંઈ? એને ધીર કહીએ અને એને સમ્યગ્દષ્ટિ કહીએ. વિશિષ્ટ એવું કેવળજ્ઞાન આદિ સામ્રાજ્ય લક્ષ્મી પોતાની નિજ. જુઓ! અહીં સામ્રાજ્ય આવ્યું.

તે દિ ત્યાં કહ્યું હતું. 'જામનગર'. કેવા? ગુજરી ગયા ને દરબાર? 'દિગ્વિજય', 'દિગ્વિજય'. ત્યાં ગયા હતા ને તે દિ'? પા કલાક એને .. (સંવત) ૨૦૧૦ની સાલની વાત છે. નહિ? લોકાશાના અપાસરે હતા. લોકાશાના અપાસરે. તમારા અપાસરે લોકાશાના. તે દિ' એણે કહેવરાવ્યું હતું. ત્યાં આપણો એક માણસ હતો ને રાણી પાસે. નોકર નહિ? એક હતો. આપણો હતો સ્થાનકવાસી. માણસ નરમ. એણે કીધું, મહારાજ ગામમાં આવ્યા છે. એના બંગલા પાસે હું દિશાએ જતો. જંગલ જાવું હોય ને છેટે? પાંચ મિનિટને છેટે. મહારાજના દર્શન અમારે કરવા છે. હું આવી શકું એમ નથી. ત્યારે આ કહ્યું હતું. એ સામ્રાજ્ય આ કહેવાય. 'શાંતિભાઈ'! આ 'દિગ્વિજય' અને 'ગુલાબરાણી' બેય બેઠા હતા. સવારની વાત હતી. સવારમાં હું દિશાએ ત્યાં જતો જંગલ. ત્યાં બિચારા તૈયારી કરીને બેઠેલા. રંગોળી-બંગોળી કરી. રાણી સામે આવી. કહેણ આવ્યું, મહારાજના દર્શને હું આવી શકું એમ નથી. બેઠા પા કલાક. આ જુઓ! અહીંનું આમાં.

કેવળજ્ઞાન સામ્રાજ્ય લક્ષ્મી. આત્મા એકલી જ્ઞાન આનંદાદિ વસ્તુ છે એ નિજસામ્રાજ્ય. એવી લક્ષ્મીને સ્વીકારે તેને વીર અને ધીર અને સમકિતી કહીએ. આહાહા..! બોલ્યા. એ બોલવામાં તો હોંશિયાર છે ને? સાચી વાત મહારાજ. એ સામ્રાજ્ય. આ ધૂળમાંય નથી કીધું. વયું ગયું. કાંઈ ન મળે. પા કલાક વખત ગયો. પા કલાક બેઠા. હજાર રૂપિયા મૂક્યા. પા કલાક કહ્યું. પછી મારે .. દૂધેય (લેવાનું) નહોતું. સૂર્ય ઉગ્યો નહોતો. એક હજાર રૂપિયા મૂક્યા, જ્ઞાન ખાતે. રાજ આ કહેવાય. આ રાજ ધૂળના નહિ, કીધું. 'શાંતિભાઈ'! તમારા દરબાર.

વીરા-વિશિષ્ટ કેવળજ્ઞાન સામ્રાજ્ય લક્ષ્મી ... દેખો! સ્વીકાર કરે. એમ સમ્યગ્દષ્ટિ પોતાના આત્મામાં આનંદ અને પૂર્ણ જ્ઞાન ભર્યું છે એવો સ્વીકાર કરે. આહાહા..! સમજાણું કાંઈ? એને સમ્યગ્દષ્ટિ કહીએ. આમ બહારથી બહારથી માને એ કાંઈ (માન્યું ન કહેવાય). આહા..! સર્વજ્ઞ વીતરાગ પરમેશ્વરે આત્મા પરિપૂર્ણ આનંદ અને સુખથી ભરેલો આત્મા જોયો છે અને પરિપૂર્ણ જ્ઞાનનું સામ્રાજ્ય છે એમાં. એવા કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંતઆનંદ, અનંત શક્તિનું સામ્રાજ્ય એવો જે ભગવાન, એનો જેણે અંતરમાં અલ્પજ્ઞ અને રાગનો સ્વીકાર છોડીને પૂર્ણ પદનો સ્વીકાર અંદરમાં કરે એને વીર અને ધીર અને સમ્યગ્દષ્ટિ કહીએ. આહાહા..! 'કાંતિભાઈ'! આ રેંઘા-ફેંઘાનું અહીં કામ નથી. અહીંયાં

સમકિત થઈ ગયું. ધૂળેય નથી, સાંભળને! કહો, સમજાણું કાંઈ?

'**મિથ્યાત્વ ઔર અનંતાનુબંધી કષાયકા તો સર્વથા અભાવ હી હૈ,...**' લ્યો! '**સમ્યગ્દષ્ટિ પુરુષકે મિથ્યાત્વ...**'નો ભાવ પરમાં સુખ છે, પુણ્યભાવમાં સુખ છે, પુણ્યભાવથી ધર્મ થાય એવો જે મિથ્યાત્વભાવ, એનો તો નાશ થઈ ગયો છે. સ્વભાવના આનંદની મીઠાશ આગળ પરની બધી મીઠાશ ઊડી ગઈ છે. આહાહા..! ધર્મ સમકિત થયું ત્યાં. લીલોતરીનો મોટો આ ફૂલનો ગજરો નથી આવતો? આવડો મોટો ગજરો કરે છે ને? હેઠે આવું હોય અને પછી ઓલું. એ ગજરો ફૂલનો હોય મોટો આવો પહોળો કરે છે ને? પાંદડા અને મોટો આવો. મોટો રાજા હોય એનાથી માન આપે. આ હાથમાં ચોળી નાખે એટલે કિંમત રહે નહિ કાંઈ. એમ કહે છે કે આત્માના આનંદ આગળ આખી દુનિયાને ચોળી નાખી. ક્યાંય સુખ છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? આમાં કાંઈક કાંઈક અનુકૂળતાનો એક શેરડો કાંઈક આવે ત્યાં આહાહા..! આહાહા..! શું છે પણ હવે? ક્યાં ગયો તણાઈને? ઘર મૂકીને પરઘરમાં ક્યાં ગયો? સમજાણું કાંઈ? આહાહા..!

કહે છે, '**મિથ્યાત્વ ઔર અનંતાનુબંધી કષાયકા તો સર્વથા અભાવ હી હૈ,...**' આત્માના સ્વભાવનો સ્વીકાર થતાં પૂર્ણ આનંદની લક્ષ્મી અને જ્ઞાનલક્ષ્મીનો સ્વીકાર થતાં, સમ્યગ્દર્શન થતાં મિથ્યાત્વનો નાશ થઈ સ્વરૂપમાં સ્થિરતાનો અંશ થતાં અનંતાનુબંધીનો નાશ થયો છે. આહાહા..! '**મિથ્યાત્વ અનંતાનુબંધીકે અભાવ સે ઐસા ભાવ હોતા હૈ.**' મિથ્યાત્વ અને અનંતાનુબંધીના અભાવથી એવા ભાવ હોય. શું? '**યદ્યપિ પરદ્રવ્યમાત્રકે કર્તૃત્વકી બુદ્ધિ તો નહીં હૈ,...**' જુઓ! વાહ! સમ્યગ્દષ્ટિ ધર્મી જૈન એને કહીએ કે જેને પરદ્રવ્ય માત્રના કર્તાપણાની બુદ્ધિ ઊડી ગઈ છે. આ શરીરનું હું કરી શકું, દેશનું કરી શકું, કુટુંબનું કરી શકું, પૈસા રળી શકું એવી પરદ્રવ્યની કર્તાબુદ્ધિનો નાશ થયા વિના સમકિત હોતું નથી. સમજાણું કાંઈ? '**પરદ્રવ્યમાત્ર...**' એમ ભાષા લીધી છે ને? પરદ્રવ્યમાત્ર. એક શરીર, વાણી, મન, કર્મ, રજકણ કોઈ ચીજ, દાળ, ભાત, રોટલી, શાક, આબરૂ, કીર્તિ, ધૂળ, બંગલા એનો હું કર્તા એ બુદ્ધિ મિથ્યાદષ્ટિની છે. એનો કર્તા આત્મા નથી એમ બુદ્ધિ પરની ઊડી ગઈ છે. આહાહા..!

મુમુક્ષુ :- બંગલા બનાવવા કે નહિ?

ઉત્તર :- કોણ બનાવે? આ જુઓને! 'વજુભાઈ'ને કરવું છે તો અટક્યું પડ્યું છે. એ થવાનું હોય તે દિ' થાય કે અમથું થાતું હશે? એય..! આ કરાવે છે 'ચંદ્રકાંતભાઈ', જુઓને! તૈયાર થઈને પોષ સુદ, મહા સુદ પાંચમ કહે છે. કીધું હતું ખરું. ઈ તમારો મળ્યો હતો, ત્યાં 'માવજીભાઈ'. 'માવજીભાઈ'ને? થઈ જશે એમ લાગે છે. .. મહા સુદ પાંચમ. એ તો થવાના રજકણને કાળે થાય. 'વજુભાઈ'ને તો ઘણા અનુભવ થયા હોય ને એ તો. એમ આ એક મળ્યું છે. આહાહા..! સંસાર એવો, ભગવાન! આહાહા..! એ સંસાર એવો જ હોય. ઊંટના અઢાર વાંકા. એ વાંકો ચાલે એ જ ઊંટ કહેવાય. એનું નામ સંસાર.

મુમુક્ષુ :– ... હોય જ નહિ.

ઉત્તર :– હોય નહિ. ઊંટના તો બધા અંગ વાંકા, પગ વંકા, મોઢું વાકું, બેસવાનું વાંકુ, બધું વાંકેવાંકું, અઢારે અંગ વાંકા. એમાં સરળ કરવા જાય...

મુમુક્ષુ :– વ્યવહાર ગતિમાં તો વાંકા જ રહે ને ?

ઉત્તર :– વાંકા જ બધું. વક્રતા છે બધી.

મુમુક્ષુ :– એ બધા વ્યવહારમાં જ રચ્યાપચ્યા હોય. પછી ક્યાંથી થાય?

ઉત્તર :– માટે દૃષ્ટિ ફેરવી નાખો એમ કહે છે. પરદ્રવ્યમાત્રના કર્તાપણાની બુદ્ધિ ધર્મીને હોતી નથી. બરાબર હશે આ? પૈસા હજારો થયા, તારો બાપ આ હૂંડીનો ધંધો કરે છે, વ્યાજવટાવનો ધંધો કરે છે કે કરતો નથી?

મુમુક્ષુ :– ના પ્રભુ! કોઈ દિવસ ન કરી શકે. એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાર્ય ક્યાંથી કરી શકે?

ઉત્તર :– એમ! 'શાંતિભાઈ'! છોકરો છે ને. એના બાપા બેઠા છે. દાદા. એને હૂંડીનો વેપાર ત્યાં. હૂંડી અને વ્યાજવટાવનો ધંધો છે. એના બાપ અહીં નવરા થઈને બેઠા છે. પાછળ આ બેઠા દાદા એના. આહાહા..! ભારે વાત, ભાઈ! 'નવનીતભાઈ'! એમ કહેતા હતા કે 'દિલીપ'નો ક્ષયોપશમ બહુ, હોં! વીર્યવાળો માણસ. તું આવ્યા પહેલા કહેતો હતો.

મુમુક્ષુ :– ફડાક જવાબ આપે.

ઉત્તર :– જવાબ આપે ભડાક. વીર્યથી આવે પાછું. એં..એં.. ઠેઠે નહિ. આહાહા..!

આત્મા સિવાય શરીર, વાણી, મન, દેહ, કુટુંબનું આત્મા કાંઈ કરી શકતો નથી. કરી શકે તેમ માને તે જૈન નથી, મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! એય..! 'ચંદ્રકાંતભાઈ'! સાચું હશે આ બધું? આમાં ખબર તો પડે છે ને. '**પરદ્રવ્યમાત્રકે...**' પરદ્રવ્યમાત્ર એટલે એક રજકણ, આંખ મીંચીને ઉઘાડવી આમ એનો આત્મા કર્તા નથી. એ તો જડની અવસ્થા છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! હું દુકાનમાં બરાબર હતો તો વ્યવસ્થા સરખી ચાલી. મૂંઢ છો, કહે છે. એ પરદ્રવ્યનો કર્તા થાય છે. જે એનાથી થયું નથી અને મારાથી થયું એમ માને છે. આહાહા..! એક તો ઈ.

'**પરંતુ શેષ કષાયોંકે ઉદયસે કુછ રાગ-દ્વેષ હોતા હૈ,...**' ઓલું કહ્યું ને? કે મિથ્યાત્વ અને અનંતાનુબંધી તો ગયા. તેથી પરદ્રવ્યમાત્રનો કર્તા તો નથી. હવે રહ્યો થોડો હજી રાગ. એ '**રાગ-દ્વેષ હોતા હૈ, ઉસકો કર્મકે ઉદયકે નિમિત્તસે હુએ જાનતા હૈ,...**' મારો સ્વભાવ નથી એ. એ ઉપાધિ મેલ (છે). આહાહા..! ધર્મીને રાગ દેખાય એ રાગને કાળો નાગ દેખે છે. આહાહા..! કાળોતરો નાગ નથી કહેતા? ઓલો છોકરો હમણા મરી ગયો બિચારો. બાર વર્ષનો નહિ? 'પાલિતાણે'. નાગ કરડ્યો. અહીં કરડ્યો. કોઈક બોલ્યું હતું કે હાથ કાપી નાખો. 'શાંતિભાઈ' કહે, અહીં કરડ્યો હતો. વાત સાચી. કોઈક બોલ્યું હતું, હાથ કાપી નાખો. એમ બોલ્યો હતો કે આ છોકરો કે કરડ્યા ભેગો કહે, મને કાપી નાખો અહીંથી. કોણ

કાપે? એ તો થવાની દશા. એ કાપે કોણ? કરે કોણ? કોણ કાપવા આવે? એને કાપે કોણ? છોકરો ભલે કહે. નીચે ઉતર્યા, લીલું કાચ થઈ ગયું શરીર. મરી ગયો. એ જ સ્થિતિ થવાની છે. સમજાય છે? જ્ઞાનીને પણ એવો રાગ આવે ત્યારે જાણે કે કાળો નાગ. એને કાળોતરો નાગ કહેતા હતા. છોકરો કહેતો હતો અરે..! મોટો સુંડલો ભરાય એવો નાગ હતો. આયુષ્ય એટલું. બીજું કાંઈ ફેરફાર થાય એવું છે? એ જ રીતે દેહ છૂટવાનો (હતો). એમાં ત્રણકાળમાં કેવળી ભગવાને જોયું છે કે આ પ્રમાણે થવાનું. એમાં ફેરફાર થાય એવું નથી. આહાહા..!

કહે છે કે એમ ધર્મીને રાગ થાય, હોય પણ એ કર્મના વેરીના સંગમાં ઉત્પન્ન થયેલો વેરીનો ભાવ છે. આહાહા..! મારો મિત્રનો ભાવ નહિ. પુણ્ય-પાપના ભાવ થાય એ કર્મને '**કુછ રાગ-દ્વેષ હોતા હૈ, ઉસકો કર્મકે ઉદયકે નિમિત્તસે હુએ જાનતા હૈ, ઈસલિયે ઉસમેં ભી કર્તૃત્વબુદ્ધિ નહીં હૈ,...**' લ્યો! આહાહા..! પરદ્રવ્યનું કર્તાપણું નહિ, રાગ અને દ્વેષનો વિકલ્પ એનો કર્તા ધર્મી નથી. આહાહા..! જ્ઞાનાનંદ સ્વરૂપી ભગવાન, એને જેણે જાણ્યો અને માન્યો એ રાગનો પણ કર્તા નથી. આ તો હજી રાગનું કરવું, બીજાનું કરી દઉં, આમ કરી દઉં, આમ હેરાન થઈ જાય છે લોકો માટે આમ થાય તો હેરાન નહિ થાય, ઢીંકણું થાય, ધૂળેય નહિ થાય, સાંભળને! અભિમાનના પાર ન મળે. આહાહા..!

કહે છે કે સમ્યક્ સાચી દૃષ્ટિ આત્માની જેમ છે તેમ જ્ઞાતા-દૃષ્ટાની થઈ, તેથી તેને મિથ્યાત્વ અને અનંતાનુબંધી ગયા. એ સંબંધી તો રાગ અને દ્વેષ એને છે નહિ. બીજા અસ્થિરતાના રાગ-દ્વેષ આવે, એને સ્વભાવથી થયેલો ન જાણતાં નિમિત્તની ઉપાધિથી થયેલો જાણી તેનો તે કર્તા થતો નથી. આહાહા..! આખી દુનિયા છૂટી ગઈ. આ ત્યાગ. એ ત્યાગની ખબર ન મળે. મિથ્યાત્વના ત્યાગમાં આખી દુનિયાનું કર્તૃત્વ છૂટી ગયું અને રાગનું કર્તૃત્વ છૂટી ગયું. એ ત્યાગની ખબર ન મળે અને બહારના ત્યાગ કરીને બેસે પછી અમે મુનિ છીએ અને .. ધૂળેય નથી, સાંભળને!

મુમુક્ષુ :- બહારનો ત્યાગ કરે કોણ?

ઉત્તર :- માને છે ને અમે છોડીએ. અમે છોડ્યું તો આમ થાય. આ શુભયોગને છોડવાનું કહે છે, બંધનું કારણ કહે છે. શું કહે છે આ? સાંભળને! આહાહા..!

અબંધસ્વરૂપી ભગવાન, એમાં શુભભાવ તો બંધનું કારણ છે, પ્રભુ! પણ તને ન બેસે અને દુઃખ લાગે તને, પણ એ માનવું પડશે. જો સુખ જોઈતું હોય તો. એ કાંઈ દુનિયાની સિફારશે ત્યાં ચાલે એવું નથી કે અમને ઘણા માનનારા હતા. અમે કહેતા હતા શુભભાવમાં ધર્મ છે. એને બહુ માનનારા હતા. એ પ્રાણ સલવાશે નીકળતા. હાય-હાય થઈ જશે. રાગની એક્તાબુદ્ધિ છે એને દેહથી છૂટવું (થાશે ત્યારે) હાય હાય થઈ જશે. સમજાણું કાંઈ? આહાહા..! રગેરગમાં ફેરફાર થાય. રજકણે રજકણ ફેરફાર થાય અંદર. એકલો પ્રભુ અને આ રજકણો અનંતા. કોને રાખવા જઈશ સરખા? આહાહા..! આ તો અનંતા રજકણો ધૂળ અજીવ દ્રવ્ય છે. તું તો એકલો અંદર જુદું તત્ત્વ છે તારું. એ અનેકનો સ્વામી થઈને ભૂંસાઈ

જઈશ તારું સ્વરૂપ. જુદું નહિ રહે. કર્તા થાઈશ અને પોતાના માનીશ તો. સમજાણું કાંઈ? આહાહા..! કેટલો પુરુષાર્થ છે એની એને કિંમત નથી. સમ્યગ્દર્શનના ભાન વિના બાહ્યનો ત્યાગ કરે અને પછી ધર્મી છે એમ માને. એમાં નરક અને નિગોદમાં જવાના સ્થાન છે એ બધા. આહાહા..! ચાર ગતિ.

કહે છે કે **'કર્તૃત્વબુદ્ધિ નહીં હૈ, તો ભી ઉન ભાવોંકો રોગકે સમાન હુએ જાનકર અચ્છા નહીં સમજતા હૈ.'** પાછા એટલું. કર્તાપણાની બુદ્ધિ નથી એટલે એ પુણ્ય-પાપના ભાવને **'રોગ સમાન હુએ જાનકર અચ્છા નહીં સમજતા હૈ.'** આહાહા..! રાગનો કણ, મહાવ્રતનો કણ ઊઠે એને ભલો ન જાણે. એને રોગવત જાણે એમ કહે છે. આહાહા..! અરે..! ભગવાન! શાંતિ થઈને જો તો ખરો તું. શરણની ચીજ પિંડ તો ચૈતન્ય વીતરાગી પિંડ એ શરણ છે. એ શરણને લીધા પછી એને રાગનું શરણ લેવાનું રહેતું નથી. આહાહા..! એ રાગને ભલો જાણતો નથી. જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવને ભલો જાણતો નથી. પંચમહાવ્રત, સમિતિ, ગુપ્તિ, હાલવું, જોઈને ચાલવું એવા વિકલ્પોને ભલો જાણતો નથી. આહાહા..! અને એને ભલો જાણે તો ભગવાનને ભૂંડો જાણ્યો. ભગવાનઆત્માને જેણે ભલો જાણ્યો એણે આને ભૂંડો જાણ્યો.

કહે છે કે બુદ્ધિ તો કર્તા નથી. **'તો ભી ઉન ભાવોંકો રોગકે સમાન હુએ જાનકર અચ્છા નહીં સમજતા હૈ.'** આહાહા..! જાણે કોઈ ઉપદ્રવ આવ્યો. શુભરાગ થતાં પણ જાણે ઉપદ્રવ આવ્યો એમ જ્ઞાનીને લાગે. આહાહા..! જુઓ! વીતરાગનો માર્ગ. કહો, 'મોહનભાઈ'! વીતરાગનો માર્ગ વીતરાગભાવથી પ્રગટ થાય. રાગથી નહિ. આહાહા..! રાગને રોગ જાણે, રાગનો કર્તા થાય નહિ અને રાગને કર્મના નિમિત્તનો ઉત્પન્ન થયેલો જાણે, ઉપાધિ જાણે, મારા સ્વભાવની જાત નથી. ત્રણ વાત સિદ્ધ કરી. એક તો કર્મના નિમિત્તથી થયેલો જાણે એટલે મારી ચીજ નથી એ રાગ. માટે હું એનો કર્તા નહિ અને તેથી તે ભલા છે એમ હું માનતો નથી. આહાહા..! સમજાણું કાંઈ? મિથ્યાત્વને મુંડ્યા વિના બહારથી મુંડીને બેસે અને પછી રખડવાનું દુઃખ થાય, કાંઈ ભાન ન મળે. આહાહા..! એ આમ કહે છે.

**'ઈસપ્રકાર અપને ભાવોંસે હી કષાય-વિષયોંસે પ્રીતિ-બુદ્ધિ નહીં હૈ,...'** લ્યો! બહુ સરસ લખ્યું છે. આવા કારણે એવા ભાવ કરી કષાય અને વિષયમાં પ્રીતિ બુદ્ધિ નથી **'ઈસલિયે ઉનસે લિપ્ત નહીં હોતા હૈ,...'** ન લેપવાના કારણ આટલા મૂક્યા. સમ્યગ્દૃષ્ટિ જીવ પોતાનું જ્ઞાનસ્વરૂપ, આનંદસ્વરૂપ, એમાં એકાગ્રતા હોવાથી, જેને આત્મા પવિત્ર શુદ્ધ છે એમ ભાસ્યો છે, એને જે રાગ થાય છે (તો) કહે છે કે એ અનંતાનુબંધી મિથ્યાત્વનો તો રાગ-દ્વેષ છે નહિ. હવે રાગ થાય છે એ કર્મના નિમિત્તની ઉપાધિ જાણે અને એને કર્તાપણાની બુદ્ધિ રહે નહિ અને એને રોગવત્ જાણે. રોગવત્ જાણે. એમ કહ્યું ને? અને તેના પ્રત્યે **'પ્રીતિ-બુદ્ધિ નહીં હૈ,...'** રોગવત્ જાણે ત્યાં સુધી દુઃખ લાગ્યું. અહીં પ્રીતિ બુદ્ધિ રહે નહિ. આહાહા..! જુઓ! પંડિતે ખુલાસો લખ્યો છે.

**'ઈસપ્રકાર અપને ભાવોંસે હી...'** ઐસે ભાવ કરી એટલે? કે કર્મના નિમિત્તની ઉપાધિ, કર્તાપણાની બુદ્ધિ નહિ, રોગવત્ જાણે. એવા ભાવ કરી. **'કષાય-વિષયોંમેં પ્રીતિ-બુદ્ધિ નહીં હૈ, ઈસલિયે ઉનસે લિપ્ત નહીં હોતા હૈ,...'** આહાહા..! સમજાણું કાંઈ? **'જલકમલવત્ નિર્લેપ રહતા હૈ.'** આહા..! જળકમળવત્. જળમાં જેમ કમળ નિર્લેપ છે, એને કાંઈ પાણીનો લેપ લાગતો નથી. પાણી આમ ઊંચું કર્યું એટલે બધું પાણી ખલાસ. ચોખ્ખે ચોખ્ખું કમળ. એમ સમ્યગ્દૃષ્ટિ જીવ એને કહીએ. સંસારમાં ગૃહસ્થાશ્રમમાં દેખાય છતાં. છ ખંડના રાજમાં ભરત ચક્રવર્તી હતા. ઋષભદેવના પુત્ર. 'ભરતજી ઘરમાં વૈરાગી...' આવે છે કે નહિ? ઘરમાં વૈરાગી. અરે..! મારી ચીજ તો ક્યાંય બહાર નથી. જ્યાં હું છું ત્યાં રાગ અને પુણ્ય ને કર્મ, શરીર કાંઈ નથી. કોને મારા કહું અને કોને મારા ન કહું? આહાહા..! મારો ભગવાન તો મારી પાસે છે. હું છું. પાસે છે એનો અર્થ કે હું છું. આહાહા..! હું પોતે જ આનંદ અને જ્ઞાનનો ધરનાર ઈશ્વર છું. એ રાગાદિ મારી ચીજ નહિ, એ પરવસ્તુનો હું કર્તા નહિ. સમજાણું કાંઈ? એય..! 'પ્રકાશદાસજી'! છે એમાં? વાંચવામાં વાર લાગે. અભ્યાસ થોડો ખરો ને. આવું વાંચ્યું નથી, વાંચ્યું તો હશે બધું. શું કહેવાય એ? ...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વાત સાચી. આ વસ્તુસ્થિતિ, વસ્તુનું સ્વરૂપ આ છે. આહાહા..!

**'ઈસસે આગામી કર્મકા બંધ નહીં હોતા હૈ,...'** આ કારણે. જેટલા કારણો આપ્યા, એ કારણે એને બંધ હોતો નથી. **'સંસારકી વૃદ્ધિ નહીં હોતી હૈ, ઐસા આશય હૈ.'** લ્યો!

---

**आगे कहते हैं कि जो पूर्वोक्त भाव सहित सम्यग्दृष्टि सत्पुरुष हैं वे ही सकल शील संयमादि गुणोंसे संयुक्त हैं, अन्य नहीं है :–**

**ते [१]च्चिय भणामि हं जे सयलकलासीलसंजमगुणेहिं।**
**बहुदोसाणावासो सुमलिणचित्तो ण सावयसमो सो।।१५५।।**

**[२]तानेव च भणामि ये सकलकलाशीलसंयमगुणैः।**
**बहुदोषाणामावासः सुलिनचित्तः न श्रावकसमः सः।।१५५।।**

**કહું તે જ મુનિ જે શીલસંયમગુણ-સમસ્ત કળા-ધરે;**
**જે મલિનમન બહુદોષધર, તે તો ન શ્રાવકતુલ્ય છે. ૧૫૫.**

**अर्थ :– पूर्वोक्त भावसहित सम्यग्दृष्टि पुरुष हैं और शील संयम गुणोंसे सकल कला अर्थात् संपूर्ण कलावान् होते हैं, उनहीको हम मुनि कहते हैं। जो सम्यग्दृष्टि नहीं है, मलिनचित्तसहित मिथ्यादृष्टि है और बहुत दोषोंका आवास (स्थान) है वह तो भेष धारण करता**

१. पाठान्तरः– चि य।, २. पाठान्तरः– तान् अपि।

**है तो भी श्रावकके समान भी नहीं है।**

**भावार्थ :– जो सम्यग्दृष्टि है और शील (–उत्तरगुण) तथा संयम (–मूलगुण) सहित है वह मुनि है। जो मिथ्यादृष्टि है अर्थात् जिसका चित्त मिथ्यात्वसे मलिन है और जिसमें क्रोधादि विकाररूप बहुत दोष पाये जाते हैं, वह तो मुनिका भेष धारण करता है तो भी श्रावकके समान भी नहीं है, श्रावक सम्यग्दृष्टि हो और गृहस्थाचारके पाप सहित हो तो भी उसके बराबर वह– केवल भेषमात्रको धारण करनेवाला मुनि–नहीं है, ऐसा आचार्यने कहा है।।१५५।।**

## ગાથા–૧૫૫ ઉપર પ્રવચન

'**આગે કહતે હૈં કિ જો પૂર્વોક્ત ભાવ સહિત સમ્યગ્દષ્ટિ સત્પુરુષ હૈં વે હી સકલ શીલસંયમાદિ ગુણોંસે સંયુક્ત હૈં, અન્ય નહીં હૈ :–**' હવે સમ્યગ્દષ્ટિ ઉપરાંત શીલગુણવાળો હોય એને અહીંયાં મુનિ કહેવામાં આવે છે. એમ સિદ્ધ કરે છે. આચાર્ય કહે છે, અહો..! મુનિ કોને કહીએ?

**ते [१]च्चिय भणामि हं जे सयलकलासीलसंजमगुणेहिं।**

**बहुदोसाणावासो सुमलिणचित्तो ण सावयसमो सो।।१५५।।**

**અર્થ :– '**પૂર્વોક્ત ભાવસહિત સમ્યગ્દષ્ટિ પુરુષ હૈં...**'** જે કોઈ પહેલું તો સમ્યગ્દષ્ટિ થયો છે. રાગના પ્રેમને છોડ્યા છે, રાગને ભલો જાણતો નથી, રાગમાં સુબુદ્ધિ નથી. સ્વભાવમાં સુખબુદ્ધિ થઈ છે, સ્વભાવને ભલો જાણે અને મારું ઈષ્ટ હોય તો મારું સ્વરૂપ શુદ્ધ તે ઈષ્ટ છે. મારા ઈષ્ટજનો, નથી કહેતા? ઈષ્ટજનો તો મારા મારી પાસે છે. મારું જ્ઞાન, મારો આનંદ, મારી શાંતિ, સ્વચ્છતા, વીતરાગતા એ મારા ઈષ્ટજન છે. આહાહા..! બહારમાં કોઈ ઈષ્ટજન છે નહિ.

'**પૂર્વોક્ત ભાવસહિત...**' પૂર્વે કહ્યું એવી દૃષ્ટિ કરી. '**સમ્યગ્દષ્ટિ પુરુષ હૈં ઔર શીલ સંયમ ગુણોંસે સકલ કલા અર્થાત્ સંપૂર્ણ કલાવાન હોતે હૈં,...**' અને પછી અંતરની વીતરાગતા વધી ગઈ છે જેને. રાગના કણોનો અભાવ અસ્થિરતા થઈ, નાશ કરી જેને અંતરના આનંદના ઉછાળા માર્યા છે અંદરથી. આહાહા..! કેવળજ્ઞાનની કળા સાથે જે પોતે રમતું કરે છે. શીલ અને સંયમ સ્વરૂપમાં રમે છે. શીલ છે, સંયમ છે. અંતરની ઈન્દ્રિયો અણીન્દ્રિયની જેને પ્રગટદશા થઈ છે. '**સકલ કલા અર્થાત્ સંપૂર્ણ કલાવાન હોતે હૈં,...**' પૂર્ણ શાંતિ... શાંતિ... શાંતિ... શાંતિ...જુઓ! અહીં મુનિને પૂર્ણ કળાવાન કહ્યા. શ્રાવક અમુક કળાવાળા છે. આવે છે ને? સમજાણું કાંઈ? એવું આવે છે કે ક્યાંક, હોં! શ્વેતાંબરમાં તો આવે છે. આવા .. શ્રાવકને અમુક કળા હોય, મુનિને અમુક કળા હોય એવું આવે છે ક્યાંક, હોં! જુઓ! અહીં છે આ, હોં!

'**કલા અર્થાત્ સંપૂર્ણ કલાવાન હોતે હૈં,...**' મુનિની વાત થઈ આ. સમ્યગ્દૃષ્ટિ ઉપરાંત હવે. નહિતર કેવળીને કળા ગણે છે પણ અહીં તો સકળ કળાવાનને મુનિ કહ્યો છે. પૂર્ણ વીતરાગતા પ્રગટી છે. મુનિ એને કહીએ. જેને અંતર સમ્યગ્દર્શન પહેલું કહ્યું એ તો હોય એ ઉપરાંત જેને સ્થિરતામાં આનંદની લહેર ઊઠી છે. અતીન્દ્રિય આનંદ આગળ જેને વિકલ્પ ઘણા અલ્પ સંજ્વલનના અલ્પ થઈ ગયા છે. આહાહા..! દેહ પણ જેનો નગ્ન થઈ જાય છે. જંગલમાં વસતા હોય છે એ મુનિઓ. સમજાય છે કાંઈ? આવું સ્વરૂપ જ એણે સાંભળ્યું ન હોય.

કહે છે, '**શીલ સંયમ ગુણોંસે સકલ...**' બહારની નહિ, હોં! બહાર એકલા બ્રહ્મચર્ય શરીરને પાળે એ નહિ. એવું તો અભવિ પણ પાળે છે. આત્માના આનંદમાં લીનતાનો જેને સ્વભાવ સ્થિર થઈ ગયો છે. બ્રહ્માનંદ જેને પ્રગટ્યો છે. આહાહા..! બ્રહ્મ નામ આત્માનો આનંદ જેને ઉગ્ર પ્રગટીને જેનો સ્વભાવ જ આનંદમય થઈ ગયો છે. સંયમ છે. સહજ ઈન્દ્રિય તરફના વલણનો ભાવ જ છૂટી ગયો છે. અણિન્દ્રિય તરફની જાગૃતિની ઉગ્રતા જેને પ્રગટી છે. એ સકળ સંપૂર્ણ કળાવાન હોય. લ્યો! સકળ કળા.

'**ઉનહીકો હમ મુનિ કહતે હૈં.**' આચાર્ય કહે છે કે એને અમે મુનિ કહીએ. બાકી એકલા ભેખધારીઓ, જે બહારના બાયડી-છોકરા છોડીને બેઠા, લૂગડા ફેરવ્યા, નાગા થયા માટે સાધુ. એને અમે સાધુ કહેતા નથી. આહાહા..! સમજાણું કાંઈ? આચાર્ય મહારાજ પોતે 'કુંદકુંદાચાર્ય' (આમ કહે છે). પાઠમાં છે ને? '**च्चिय भणामि हं**' એને અમે સાધુ કહીએ છીએ. એમ આવ્યું છે ને પાઠમાં? '**ઉનહીકો હમ મુનિ કહતે હૈં.**' જેને આત્માના આનંદનો અનુભવ થયો છે અને આનંદ ઉપરાંત જેને વીરતા અને વીતરાગતા વધી ગઈ છે અંદરથી અને જે જંગલમાં આનંદમાં વસે છે. જેને જગતના સંગનો પ્રસંગ નથી અને જેને આત્માના અસંગમાં જેની લીનતા વધી ગઈ છે એને અમે મુનિ કહીએ. આહાહા..! આ સાચા સંત છે, બાપા! સમજાણું કાંઈ? શું કહે? '**ઉનહીકો હમ મુનિ કહતે હૈં.**'

'**જો સમ્યગ્દૃષ્ટિ નહીં હૈ,...**' જેને હજી સમ્યગ્દર્શનનું ભાન નથી અને માની બેઠા છે કે અમે સાધુ છીએ, અમે જૈન છીએ એની અહીં વાત નથી કરતા. '**મલિનચિત્તસહિત મિથ્યાદૃષ્ટિ હૈ...**' એ તો પુણ્ય-પાપના પરિણામને ભલા જાણીને મિથ્યાદૃષ્ટિ સેવે છે. આહાહા..! સમજાણું કાંઈ? '**બહુત દોષોંકા આવાસ (સ્થાન) હૈ...**' મિથ્યાત્વ છે જ્યાં પુણ્યના પરિણામમાં પ્રેમ છે, રુચિ છે, બુદ્ધિ છે, રાગનો કર્તા થાય છે ત્યાં તો તેનું મલિન ચિત્ત ઘણા દોષનું સ્થાન છે. આહાહા..! ઓલી કળા સાથે મેળવ્યું. સર્વ કળાવાન છે જ્ઞાની. ત્યારે આ દોષનો આવાસ છે એમ કહે છે. આહાહા..! ટીકામાં છે.

'**વહ તો ભેષ ધારણ કરતા હૈ તો ભી શ્રાવકકે સમાન ભી નહીં હૈ.**' સમકિતી શ્રાવક સમાન પણ એ મુનિ કહેવામાં આવતા નથી. આહાહા..! વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પ્રવચન નં. ૧૫૮, ગાથા-૧૫૫ થી ૧૫૭, શનિવાર, માગશર વદ ૧૩, તા.૨૬-૧૨-૭૦

'અષ્ટપાહુડ'. ભાવપાહુડની ૧૫૫ ગાથા. ૧૫૫ છે.

ભાવાર્થ. અર્થ આવી ગયો છે. જુઓ! આ ભાવપ્રાભૃત અધિકાર છે. એટલે ભાવનામાં શુદ્ધભાવ. આત્મા, એ શુભ-અશુભ વિકલ્પ જે છે ને દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, જપ, તપનો જે ભાવ છે એ શુભરાગ છે. આહાહા..! એ રાગથી રહિત આત્માનું સ્વરૂપ છે એની જેને અંતર દૃષ્ટિ સમ્યક્ થાય છે તેને સત્ય શુદ્ધ સ્વરૂપનો, આનંદનો સ્વાદ ચાખીને પ્રતીતિ થાય છે. એને સમ્યગ્દૃષ્ટિ કહીએ. એ કહ્યું ને પહેલું?

'**જો સમ્યગ્દૃષ્ટિ હૈ...**' એમ. સમ્યગ્દૃષ્ટિ એટલે આ. લોકો માને છે કે અમે દેવ-ગુરુ-શાસ્ત્રને માનીએ, નવ તત્ત્વને માનીએ એટલે સમ્યગ્દર્શન, એ નહિ. એ સમ્યગ્દર્શન ભગવાન કહેતા નથી. સમ્યગ્દર્શન તો આત્મા પૂર્ણ શુદ્ધ આનંદ ચૈતન્યરત્નાકર અખંડ આનંદનો સાગર છે. એની સન્મુખ થઈને નિમિત્ત, રાગ અને એક સમયની પર્યાયથી વિમુખ થઈને સ્વભાવનું અંતર ભાન થવું અને દૃષ્ટિ થવી એને સમ્યગ્દૃષ્ટિ કહે છે.

'**જો સમ્યગ્દૃષ્ટિ હૈ ઔર...**' એ ઉપરાંત. '**શીલ (-ઉત્તરગુણ) તથા સંયમ (-મૂલગુણ) સહિત હૈ...**' અંતરના સ્વરૂપની રમણતા-ઘણી જેને આનંદની દશા પ્રગટ થઈ છે અને સંયમના મુળગુણ, ઉત્તરગુણ આદિથી સહિત છે '**વહ મુનિ હૈ.**' જૈન શાસનમાં એને મુનિ કહેવામાં આવ્યા છે. કહો, સમજાણું કાંઈ? 'શાંતિભાઈ'! ઝીણી વાત છે. જે-તે ઓલા ભેખધારીને મુનિ (માને) એ મુનિ નહિ એમ કહે છે અહીં. લુગડા પહેર્યા, મહાવ્રત થઈ ગયા તો સાધુ થઈ ગયા. એ સાધુ નહિ. અહીં વીતરાગમાર્ગમાં તો સર્વજ્ઞ પરમેશ્વરે કહ્યો એ માર્ગ એ તો આત્માનું જેને અંતર ભાન થાય, સમ્યગ્દર્શન થાય એ ઉપરાંત જેમાં આત્માની રમણતા પવિત્ર અને શુદ્ધતાની ઉજ્જ્વળતા ઘણી થાય એને જૈનના મુનિ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? 'વહ મુનિ હૈ.' છે ને?

'**ઔર જો મિથ્યાદૃષ્ટિ હૈ અર્થાત્ જિસકા ચિત્ત મિથ્યાત્વસે મલિન હૈ...**' અર્થાત્ જેના પુણ્ય અને દયા, દાન, વ્રતના ભાવ એ મારા છે એવી જેના ચિત્તની વૃત્તિ મિથ્યાત્વથી મેલી છે. સમજાણું કાંઈ? મહાવ્રતના પરિણામ જે કહીએ અહિંસા, સત્ય એ પણ રાગનો ભાગ છે. આહા..! એ વીતરાગમાર્ગ નહિ. એ રાગથી પોતાને લાભ થાય, એ પુણ્યની ક્રિયાથી જીવને લાભ થાય એવું જેનું મિથ્યાત્વથી ચિત્ત મલિન છે. સમજાણું કાંઈ? '**ઔર જિસમેં ક્રોધાદિ વિકારરૂપ બહુત દોષ પાયે જાતે હૈં,...**' અને ક્રોધ, માન (સહિત છે), વસ્તુનું ભાન નથી. આત્મા આનંદમૂર્તિ પ્રભુ, જ્ઞાનનો અવતાર, એ તો જ્ઞાનનું જ રૂપ એનું આખું છે. એના ભાન વિના સ્વરૂપમાં એને સ્થિરતા ન હોય એટલે મલિન ચિત્ત હોય

એનું. એ પુણ્યના પરિણામ સાથે એકત્વબુદ્ધિ. દયા, દાન, વ્રત, પૂજા, તપ આદિનો ભાવ છે એ વિકલ્પ છે, રાગ છે. એની સાથે જેની એકત્વબુદ્ધિ મલિન છે એ ક્રોધાદિના દોષ જે એમાં હોય જ છે. '**વહ તો મુનિકા ભેષ ધારણ કરતા હૈ...**' એ મુનિનો ભેખ ધારણ કરે, નગ્ન દિગંબર થાય. ઝીણી વાત છે. એ મુનિ ભેખ કહેવાય, હોં! આ વસ્ત્રવાળા એ મુનિ ભેખ પણ નથી. જૈનદર્શનમાં તો એને મુનિભેખ પણ કહેતા નથી. દિગંબર નગ્ન થઈ જાય એવો બહાર ભેખ થાય છતાં અંતરમાં એ રાગની ક્રિયાઓ મારી અને મને લાભદાયક (છે), એવું મિથ્યાત્વનું ચિત્ત મલિન છે 'વહ તો શ્રાવકકે સમાન ભી નહીં હૈ,...' એ શ્રાવક સરખા પણ નથી. શ્રાવક કોણ? સાચા શ્રાવક, હોં! આ વાડાના માનેલા શ્રાવક એ શ્રાવક છે નહિ કાંઈ. નામ ધરાવ્યું છે શ્રાવક. સમજાણું કાંઈ?

શ્રાવક તો જેને અંતરમાં આત્મદર્શન થયું હોય, એ ઉપરાંત જેને શાંતિ અંતર થોડી વધી હોય અને એને બાર વ્રત આદિ વિકલ્પ હોય એ પુણ્યબંધનું કારણ માને અને સ્વરૂપની જેટલી દૃષ્ટિ અને સ્થિરતાનો અંશ થયો છે એટલો મોક્ષનો માર્ગ છે. એને શ્રાવક કહેવામાં આવે છે. ભારે વાત! શ્રાવક એ શ્રાવક છે ને. બાકી વાડાના શ્રાવક શું? નામ ધરાવે. કીધું નહોતું કાલે? કોથળીમાં કરિયાતું અને માથે લખે સાકર નામ. ચાલીસ રૂપિયાની મણ સાકર છે અને નામ લખે કરિયાતા એટલે કડવા મટી જાય? એમ શ્રાવક નામ ધરાવે અમે શ્રાવક છીએ અમે સાધુ. અંતરમાં તો દૃષ્ટિનું ભાન નથી. પુણ્ય-પાપના પરિણામ છે એ મેલા છે, દુઃખરૂપ છે, એનું તો ભાન નથી. એ પરિણામ એ મારા છે, એનાથી મને લાભ છે એવી જ્યાં મિથ્યાદૃષ્ટિ પડી છે એ તો બધા વિકારના, આવાસના સ્થાન છે. સમજાણું કાંઈ? ઝીણી વાતું, ભાઈ! વીતરાગનો માર્ગ અપૂર્વ, ઝીણો છે. સમજાણું?

મુમુક્ષુ :- બહુ ..

ઉત્તર :- .. એટલે ઊંચો. .. બારીક. વાત સાચી. બારીક છે. આ લોકોને નથી સાંભળવા મળ્યું અને વાડામાં પડ્યા અને (માને કે) અમે ધર્મી-શ્રાવક છીએ. ઓલો કહે કે અમે મુનિ છીએ.

કહે છે કે જેને આત્મામાં દેહની ક્રિયા હું કરું છું એવી બુદ્ધિ જેની છે અને રાગના પરિણામ એ મારા છે. મને એ દયા, દાન, વ્રતના પરિણામ ધર્મ કરશે એવી જેની બુદ્ધિ છે એ મિથ્યાત્વ બુદ્ધિ છે. એ જૈન નથી, એ મિથ્યાત્વદૃષ્ટિ છે. 'ચંદ્રકાંતભાઈ'! આવું આકરું પડે હોં! આ વાડાવાળાને. એ તો '**શ્રાવક સમાન ભી નહીં હૈ,...**' સાચા શ્રાવક, હોં! સમ્યગ્દૃષ્ટિ શ્રાવક. ભરત ચક્રવર્તી જેવા સંસારમાં હતા, જુઓ! ભગવાનના પુત્ર. છન્નું હજાર સ્ત્રી હતી, સમકિતી હતા. રાજમાં હતા છતાં રાજ અને રાગથી ભિન્ન આત્માનું ભાન હતું. રાજપદમાં હતા છતાં. લોકો દેખે કે આ રાજપદમાં છે. પણ એ રાજપદમાં નથી. એ તો આનંદસ્વરૂપ રાગ વિનાનું અને શરીર વિનાનું સ્વરૂપ એમાં એ હતા. એવા શ્રાવક કરતા ભેખધારી મુનિ રાગથી ધર્મ માનનારા, દેહની ક્રિયાથી પુણ્ય માનનારા, આનાથી પુણ્ય થાય

એમ માનનારા. એ બધા મિથ્યાદષ્ટિ શ્રાવક સમાન પણ ગણવામાં આવતા નથી. જુઓ! લખાણ છે 'કુંદકુંદાચાર્ય'નું. '**भणामि हं**' એમ કહ્યું છે ને? એવા મુનિને અમે મુનિ કહેતા નથી. અને જેને આત્મજ્ઞાન નિર્લેપ ઉજ્જ્વળ સ્વભાવ ભગવાનઆત્માનો, પુણ્ય-પાપના વિકલ્પના મેલથી જુદો એવા આત્માનું જેને પવિત્ર ઉજ્જ્વળ ભાન થઈને સમ્યગ્દર્શન થયું છે એવા શ્રાવક કરતા પણ ભેખધારી મુનિ હલકા છે. સમજાણું કાંઈ?

'**શ્રાવક સમ્યગ્દષ્ટિ હો...**' દેખો! શ્રાવક સાચા હોય એ તો સમ્યગ્દષ્ટિ હોય. '**શ્રાવક સમ્યગ્દષ્ટિ હો...**' એટલે એની દૃષ્ટિ તો આત્માના પવિત્ર ઉપર હોય, ધર્મીની. પુણ્ય-પાપના ભાવ ઉપર એની દૃષ્ટિ હોતી નથી. આહાહા..! કેમકે પુણ્ય-પાપનો ભાવ તો મેલ અને આસ્રવ છે. એ આસ્રવ ઉપર દૃષ્ટિ સમકિતીની હોતી નથી. ગૃહસ્થાશ્રમમાં સમકિતી હો તોપણ સમ્યગ્દષ્ટિ હોય. '**ઔર ગૃહસ્થાચારકે પાપ સહિત હો...**' ગૃહસ્થાચારના પાપના પરિણામ પણ હોય. રાગના, ભોગના, વિષયના... આહાહા..! સમજાણું કાંઈ? છતાં એ શ્રાવક મુનિપણાથી ઊંચો છે. જેણે મુનિપણું માન્યું, ભાન જ નથી જેને. સમજાણું કાંઈ? ભારે આચાર્યની વાત બધી. લોકોને કડક લાગે એવી છે. સાંભળ્યું નથી જૈનદર્શન શું છે. વ્રત પાળો, દયા પાળવી, ભક્તિ કરવી, પૂજા કરવી, જાત્રા કરવી એ ધર્મ. 'શાંતિભાઈ'! સાંભળવા તો રોકાણાને બે-ચાર દિવસ. શું છે આ? શું કહે છે આ? આહાહા..! ભગવાન! ભગવાનનો મારગ જુદો છે, ભાઈ! અત્યારે તો બધી ગપેગપ ચાલે છે અને માને છે કે અમે ધર્મી અને ધર્મ કરીએ છીએ. 'જયંતિભાઈ'!

કહે છે, જેના હૃદયમાં આત્મા શુદ્ધ ચૈતન્યનું ભાન નથી અને દયા, દાન, વ્રતના પરિણામ મારા છે એમ મિથ્યાત્વ સહિત જેનું ચિત્ત મલિન છે, એવા સાધુઓ કરતા સમ્યગ્દષ્ટિ શ્રાવક ઊંચા છે. અને એ શ્રાવક કરતાં એ મુનિ હેઠા છે. સમજાણું કાંઈ? આહાહા..! ભારે વાતું. જુઓ! '**શ્રાવક સમ્યગ્દષ્ટિ હો ઔર ગૃહસ્થાચારકે પાપ સહિત હો...**' ધંધો હોય, વેપાર હોય, કરોડોના વેપાર હોય. રાગ હોય છે એટલો પાપ. પણ અંતરમાં દૃષ્ટિ સમ્યક્ છે એને લઈને એ પાપને હેય માને છે અને આત્માના સ્વરૂપને ઉપાદેય અંદર આદરણીય માને છે. એવો અંતર વિવેક સમ્યગ્દષ્ટિને ગૃહસ્થાશ્રમમાં હોય છતાં રાગના વિકલ્પથી મારું સ્વરૂપ ભિન્ન છે એવું એને ભાન હોય છે. એને શ્રાવક અને સમકિતી કહીએ. સમજાણું કાંઈ? એ કહે છે કે ભલે ગૃહસ્થાશ્રમના પાપ સહિત હોય. અને ઓલો ભેખધારી દયા, દાનના, વ્રતના પરિણામ કરતો હોય. સમજાણું કાંઈ? પણ એ રાગને ધર્મ માનતો હોય અને એ રાગ છે એ મારું સ્વરૂપ છે અને મને લાભદાયક એમ માને છે, એવા મિથ્યાત્વદષ્ટિ સાધુ કરતા આવો સમકિતી પાપાચારવાળો પણ છે સમ્યગ્દષ્ટિ (એ સારો છે). આહાહા..! હેં! ચોખ્ખું લખ્યું છે. શેઠ! આહાહા..! ઓલો બાયડી, છોકરા છોડીને બેઠો હોય, નગ્ન થઈને જંગલમાં રહેતો હોય. સાધુ ખોટો. પણ અંદરમાં રાગનો વિકલ્પ જે દયા, દાન, વ્રત, ભક્તિનો આવે છે એનાથી મારું કલ્યાણ થશે એવી મિથ્યાદષ્ટિ એને છે. એથી

એ પાપ, બહારમાં પાપના પરિણામના કારણ દેખાતા નથી. પણ અંદર મિથ્યાત્વના પાપના પરિણામ દેખાય છે. 'પ્રકાશદાસજી'! છે એમાં? પાંચ મહાવ્રત અંગીકાર કરો અને અણુવ્રતનો ઉપદેશ દયો. મરો પછી બેય. આહાહા..! હેં! શું થાય પણ? જગતને લુંટારા મળ્યા છે ને. લુંટાઈ ગયા છે બિચારા. આહાહા..! કહો, સમજાણું કાંઈ?

જુઓ! એક શ્લોક મૂક્યો છે આચાર્યે. આહાહા..! '**ते च्चिय भणामि हं जे सयलकलासीलसंजमगुणेहिं**' એને અમે મુનિ કહીએ. જેને આત્માનું જ્ઞાન, આનંદનું ભાન છે એ ઉપરાંત જેને શીલ અને સંયમ સ્વરૂપમાં રમણતા પ્રગટ થઈ છે. બહારમાં સંયમ આ લૂગડા ફેરવ્યા માટે સંયમ છે એમ નથી. એવું તો અનંતવાર કર્યું છે. નવમી ગ્રૈવેયકે ગયો ત્યારે તો... અત્યારે આ ક્યાં ક્રિયા છે, ઠેકાણા વિનાની. નવમી ગ્રૈવેયકે અનંતવાર ગયો દિગંબર જૈન સાધુ થઈને. ત્યારે તો વ્યવહાર કેવો એનો? પરિણામ પુણ્યના. પણ એ પુણ્ય પરિણામને ધર્મ માનનારા, માટે મિથ્યાત્વ પરિણામ હતા. આહાહા..! ભારે કામ આકરું. જગતને બાહ્ય ત્યાગ ઉપર મહિમા. અંતરના મિથ્યાત્વનો ત્યાગ એ આખો સંસારનો ત્યાગ છે એની એને ખબર નથી. મિથ્યાત્વ શું? સમકિત શું? બેયની કાંઈ ખબર ન મળે. જય નારાયણ. આંધળી દોડે (દોડ્યો જાય છે). ધંધો કરે બાવીસ કલાક, કલાક-બે કલાક મળે તો જાય ત્યાં. ત્યાં લૂંટે એને કે આમાં ધર્મ તને થશે, આમાં ધર્મ થશે. દયા પાળો, વ્રત કરો, અપવાસ કરો તમારે ધર્મ થશે. ધર્મના લુંટારા છે, કહે છે. સમજાણું કાંઈ? રાગની ક્રિયામાં ધર્મ માને એ વીતરાગમાર્ગમાં નથી. એમ અહીં કહે છે.

કહે છે, '**શ્રાવક સમ્યગ્દૃષ્ટિ હો ઔર ગૃહસ્થાચારકે પાપ સહિત હો...**' શું કહ્યું એ?

મુમુક્ષુ :- ગૃહસ્થાચાર પાપસહિત હોય.

ઉત્તર :- એટલે? બે વાત તો થઈ ગઈ હમણા. ધંધો, વેપાર હોય, બાયડી-છોકરા હોય, રાજ હોય, એ છોકરાને પરણાવે, બાયડીને લાલ પાળ કરે, રાજ હોય, વેપાર-ધંધા અબજોના હોય એવા પાપના પરિણામ હોય. છતાં સમ્યગ્દૃષ્ટિ છે. આહાહા..! એ રાગથી મારી ચીજ ભિન્ન છે એના અધિકનો (-ભિન્નનો) અનુભવ હોય છે. સમજાણું કાંઈ? ભારે કામ આકરું.

સમ્યગ્દૃષ્ટિ પાપાચારવાળો ગૃહસ્થ તોપણ મુનિ ભેખધારી છે અને અંદરમાં પુણ્યના, પાપના પરિણામને હિતકર માને છે, વ્રત અને ભક્તિ આદિના પરિણામ એ મને ધર્મ છે એમ માનનારા મિથ્યાદૃષ્ટિ, સમ્યગ્દૃષ્ટિ શ્રાવક પાપાચાર કરતાં પણ હલકા છે. સમજાણું કાંઈ? આહાહા..! હવે આ માપ કાઢવું કેવી રીતે?

'**તો ભી ઉસકે બરાબર વહ કેવલ ભેષમાત્રકો ધારણ કરનેવાલા મુનિ નહીં હૈ,...**' આહાહા..! સમ્યગ્દૃષ્ટિ આત્માના ભાનવાળો, જેને આખો પવિત્ર આત્મા જ જેને આદરણીય અંદર પ્રગટ થયો છે અને રાગના કણથી માંડીને દેહાદિ જડ બધા અચેતન મારા નહિ, મારા સ્વભાવમાં નહિ, હું એનો નહિ, એ મારા નહિ. એવું જેને અંતર ભાન છે,

એવો સમ્યગ્દૃષ્ટિ પાપસહિત ભલે હો, મિથ્યાત્વનું પાપ નથી પણ ચારિત્રદોષનું પાપ છે. એમ કહે છે. આહાહા..! પણ મિથ્યાત્વનું શું પાપ? અને ચારિત્રનું શું પાપ એની ભાનેય ન મળે કાંઈ બેયમાં ફેરમાં. જય નારાયણ! તુંબડીમાં કાંકરા. ખખડે. રૂપિયા હશે કે કાંકરા એની કાંઈ ખબર ન હોય. તુંબડીમાં કાંકરા નથી કહેતા? સૂકી હોય ને સૂકી? ઓલા દાણા હોય ને એના બી? છૂટા પડીને ખખડે તો રૂપિયા જેવા લાગે. ત્યાં ક્યાં રૂપિયા હતા? ખખડે એટલે લાગે. આમાં રૂપિયા ક્યાંથી? ધૂળેય ન હોય રૂપિયો. ત્યાં તો સૂકા દાણા ખખડે છે, સાંભળને! સૂકા બી ખખડે છે એ તો. એમ આત્માના ભાન વિના દયા, દાન, વ્રતની ક્રિયા એ ખડખડના એ બી છે અજ્ઞાનના. આહાહા..! સમજાણું કાંઈ? જેને સમ્યગ્દર્શન,...

શ્રેણિક રાજા, લ્યો! ભગવાનના ભક્ત, શ્રેણિક રાજા સમકિતી હતા. હજારો રાણીઓ, મોટું રાજ. હજારો રાજા તેનાતમાં ચામર ઢાળતા. સિંહાસન ઉપર બેસે. ક્ષાયિક સમકિતી હતા શ્રેણીકરાજા. તીર્થંકરગોત્ર બાંધ્યું હતું. પાપાચાર હતો. સમજાણું કાંઈ? રાજના પાપ, ભોગના પાપ, વિષય-વાસનાના પાપ (હતા) પણ મિથ્યાત્વનું પાપ નહોતું. આહાહા..! એ શું કહેવાય મિથ્યાત્વ એ લોકોને ખબર નથી. એ મિથ્યાત્વને છોડ્યું. રાગ અને પુણ્ય એ મારી ચીજ નહિ. મારી ચીજ તો પવિત્ર આનંદકંદ શુદ્ધ ચૈતન્ય છે. એની ભાન દશામાં ભગવાન પાસે તીર્થંકરગોત્ર બાંધ્યું છે. મરીને અત્યારે નરકમાં ગયા છે. ઓલું નરકનું આયુષ્ય બંધાઈ ગયેલું. પહેલી નરકમાં ચોર્યાસી હજાર વર્ષની સ્થિતિએ છે શ્રેણિકરાજા. ચોર્યાસી હજારમાં અઢી હજાર ગયા. હજી બાકી જાશે. ત્યારે આવતી ચોવીશીમાં પહેલા તીર્થંકર થાશે. 'શાંતિભાઈ'! સાંભળ્યું નથી આ શ્રેણિકારાજાનું? આ શું પણ કહ્યું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વાત સાચી, ભાઈની વાત સાચી. શ્રેણિક રાજા ભગવાનના ભક્ત હતા. મહાવીર ભગવાનના વખતમાં શ્રેણિક રાજા (થઈ ગયા). હજારો રાજા સેવા તેનાતમાં. સમકિત એટલે આત્મભાન થઈ ગયેલું. એમની રાણી ચેલણા હતી. એ સમકિતી હતા, આત્મજ્ઞાની હતા. અને આ હતો બૌદ્ધધર્મી શ્રેણિકરાજા. બૌદ્ધને માનનારા. જૈનને માનનારા નહિ. જૈન એટલે અંદર તત્ત્વને માનનારા નહિ, બૌદ્ધ. ચેલણારાણીનું આવ્યું છે ને? હમણાં નાટક આવ્યું હતું ને? 'ફતેહપુર'માં. ચેલણા રાણીને પરણાવ્યા શ્રેણિકને. આમ ભગવાનના મંદિર, દેવદર્શન લઈ શોકમાં બેઠા છે એકલા. એમાં શ્રેણિક રાજા આવ્યા. અરે..! કેમ શોકમાં છો? અરે..! શું મને અહીં આવી? મને મારા મંદિર, દેવદર્શન, પરમાત્મા, જિનના મંદિરો નહિ અને જિનના શ્રાવકો નહિ. અરે..! મને અહીં ક્યાં આવી હું? મને એ બહુ દુઃખ થાય છે. રાજાને કહે છે.

રાજા કહે છે, જુઓ! તારો ધર્મ છે મુનિનો. એક નગ્નમુનિ ધ્યાનમાં હતા. હું એને સર્પ નાખી આવ્યો છું. મડદારૂપ મરી ગયેલો સર્પ. તું કહે છે મારા મુનિ આવા હોય. હું નાખી આવ્યો છું, એ સર્પ નહિ રાખ્યો ગળામાં એણે. કાઢી નાખ્યો હશે. અન્નદાતા! રાણી કહે

છે. સમકિતી ધર્મી હતા. આત્માનું ભાન (હતું). અમારા મુનિ એવા ન હોય. મુનિ તો ધ્યાનમાં, આનંદમાં હોય. એને તમે સર્પ નાખ્યો, મહાપાપ કર્યું. મોટું પાપ ઉપાર્જ્યું. સાતમી નરકનું આયુષ્ય બાંધ્યું. મહામુનિ ધ્યાની આત્મઆનંદમાં મસ્ત. ચાલો ત્યાં જઈએ, રાણી કહે. આમ જોવે ત્યાં સર્પ પડેલો, કરોડો કીડીઓએ ખોખું બનાવી દીધું. આત્માના ધ્યાન આનંદમાં હતા. અન્નદાતા, સ્વામી! આ જુઓ અમારા મુનિ આત્માના આનંદમાં લહેર કરે છે. એના ઉપસર્ગની કાંઈ પડી નથી. એણે સર્પ કાઢ્યો નથી. આહાહા..! આવા મુનિ! આવા ધર્મી! વીતરાગી મુનિ આવા હોય! ઉપદેશ આપ્યો મુનિએ. આત્મજ્ઞાન પામ્યો ત્યાં. સમકિત થયું એને. રાગથી ભિન્નનું ભાન થઈ ગયું ત્યાં. સમજાણું કાંઈ? બૌદ્ધની વ્યાખ્યા આવે છે ને?

રાણીને કીધું રાજાએ, અમારા બૌદ્ધ સાધુ તો સર્વજ્ઞ હોય છે, મોટા જ્ઞાની હોય છે. મહારાજ! તો હું મારે ત્યાં આહાર કરાવવા એને વિનંતી કરું. રાણી કહે. ચેલણા ધર્મી, જૈન ધર્મી, સમકિતી, જ્ઞાની, હોં! આ વાડાવાળાની વાત નથી. આવ્યા. મહારાજ! મારે ત્યાં આહાર કરવા પધારજો. બૌદ્ધ સાધુને કહે છે આવ્યા. અરે..! અમારો ધર્મ ઊંચો છે. રાણી! ધર્મ માન. શ્રેણિકરાજા માને છે અને તમે માનો. મહારાજ! તમે આહાર તો કરો, ભોજન કરો.આહાર કરવા વખતે એક મોજડી હતી એની. મોજડી લઈ ઝીણા-ઝીણા કટકા કરી અને કઢી કરી ઊંચી. બદામ-પિસ્તા નાખીને. રાણીએ એની પરીક્ષા કરી. ઓલા કહે, અમે સર્વજ્ઞ છીએ. ત્રણકાળ જાણીએ છીએ. હવે જાણ્યા. પછી ખાવા બેઠા એટલે ખાધું. સારું લાગ્યું બહુ મીઠું ખાવું. ચાલવા માંડ્યા. એલા! મોજડી ક્યાં ગઈ? સાધુ બહાર નીકળ્યા તો મોજડી દેખાય નહિ. આ શું થયું? કહેતા હતા ને તમે સર્વજ્ઞ છો. બધા ત્રણકાળને જાણીએ છીએ. મોજડી તમારા પેટમાં છે. આહાહા..!

રાણીએ મારું અપમાન કર્યું. આમ ઓકે છે ત્યાં કટકા નીકળ્યા ઝીણા-ઝીણા. ઓલી મીઠાશ ભરેલી સારી. ઘાણા જીરું બધું ઊંચું નાખીને કરી હશે. ખાધું ખરું પણ. આહાહા..! રાજાને કહે, મારું અપમાન કર્યું અમારું આ? ત્યારે કહે, હું એવું જ કરીશ એના સાધુને. એટલે ઓલા સર્પ નાખી આવ્યા. પછી આ ધર્મ પામ્યા. સમજાણું કાંઈ? તીર્થંકરગોત્ર બાંધ્યું છે. રાણી હતી, રાજ હતા, પાપ હતા પણ એ ચારિત્રના દોષનું પાપ જુદું અને મિથ્યાત્વનું પાપ જુદું. અનંતગણું મહાપાપ મિથ્યાત્વનું છે. એની તો જગતને ખબર નથી. એ રાગનો ભાવ જે થાય, વ્રત અને તપનો વિકલ્પ ઊઠે છે એ રાગ છે. એ મને ધર્મ છે અને એનાથી ધર્મ થાય એ માન્યતા મિથ્યાત્વની અનંતગુણી વ્યસન કરતાં અને કસાઈખાનાના પાપ કરતા એ મિથ્યાત્વનું પાપ અનંતગણુ છે. એની ખબર ન મળે. અને બહારના પાપ આ.

કહે છે કે શ્રાવક પાપાચારવાળો હોવા છતાં સમકિતી છે. મુનિ જે પુણ્યને ધર્મ માનનારા, રાગને ધર્મ માનનારા એવા મિથ્યાદૃષ્ટિ ચિત્તના મલિનવાળા, એમ કહ્યું ને? ભાઈ! આહાહા..! એ શ્રાવક કરતાં પણ બેજ-હલકા છે, કહે છે. ઉતરતા નંબરના છે

બધા. ખબર ન મળે ખબર. આહાહા..! જે ભેખ ધાર્યો. આપણા કરતા તો સારા છે એમ કહે. આપણા કરતા તો સારા. આપણે કાંઈ છોડી શકતા નથી, એ બિચારા ઊના પાણી પીવે, રાત્રે ચોવિહાર કરે, લીલોતરી ખાય નહિ, આવું બ્રહ્મચર્ય પાળે. અરે..! તારા કરતા... સાંભળને! તું તીવ્ર મિથ્યાત્વી હોઈશ તો એ પણ મિથ્યાત્વી તીવ્ર છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- આપણે મુનિ કહેવડાવતા નથી અને એ મુનિ કહેવડાવે છે એ તો વધારે પાપી છે.

ઉત્તર :- વધારે પાપી છે. મુનિપણું છે નહિ. આત્મજ્ઞાન નથી, દર્શન નથી, અંતર વીતરાગની દશા નથી અને મુનિ છીએ એમ મનાવે છે એ મહામિથ્યાત્વમાં પોષે છે.

**'ઐસા આચાર્યને કહા હૈ.'** લ્યો! છે ને? એમ આચાર્ય (કહે છે). 'કુંદકુંદાચાર્ય' મહારાજ ભગવાન પાસે ગયા હતા, સીમંધર પરમાત્મા પાસે આઠ દિ' રહ્યા હતા. સંવત ૪૯. એ આ કહે છે. ભગવાન બિરાજે છે વર્તમાનમાં. સીમંધર પરમાત્મા સાક્ષાત્. પાંચસો ધનુષ્યનો દેહ છે, કરોડ પૂર્વનું આયુષ્ય છે, મહાવિદેહ ક્ષેત્ર સીધું ક્ષેત્ર છે. દૂર, હજારો (યોજન) દૂર. બિરાજે છે પરમાત્મા અત્યારે કેવળજ્ઞાનીપણે. ઈન્દ્રો સમક્ષ (દિવ્ય) ધ્વનિ ઊઠે છે– અવાજ. સામાયિકમાં આવે છે ને? આજ્ઞા લેતા નથી? સીમંધર ભગવાનની આજ્ઞા લે. વીસ વિહરમાન ભગવાન બિરાજે છે મહાપ્રભુ. મનુષ્યપણે બિરાજે છે હજી. મહાવીર ભગવાન આદિ તો સિદ્ધપદમાં ગયા. એ તો શરીરરહિત થઈ ગયા. આ તો હજી ભગવાન શરીર સહિત અરિહંત છે. એની પાસે ગયા હતા. આઠ દિ' રહ્યા હતા, મુનિ દિગંબર સંત આત્મધ્યાની જ્ઞાની. એમણે આવીને અહીં આ શાસ્ત્ર બનાવ્યા છે. એ એમ કહે છે કે આવા મિથ્યાદૃષ્ટિ સાધુ એના કરતા સમ્યગ્દૃષ્ટિ શ્રાવક અનંતગુણા ઊંચા છે. આહાહા..! કેમ હશે? 'દિલીપ'!

મુમુક્ષુ :- વસ્તુ તો આમ જ છે. જે માને એની માટે તો આમ જ છે. ન માને એની માટે...

ઉત્તર :- બીજું છે. માને તો આ છે. ન માને એમ કહે. એય..! 'શાંતિભાઈ'! ઠીક કહે છે. માને તો તો આમ છે, બાકી ન માને તો ભલે ગમે તેમ હોય.

---

**आगे कहते हैं कि सम्यग्दृष्टि होकर जिनने कषायरूप सुभट जीते वे ही धीरवीर हैं:–**

**ते धीरवीरपुरिसा खमदमखग्गेण विप्फुरंतेण।**
**दुज्जयपबलबलुद्धरकसायभड णिज्जिया जेहिं।।१५६।।**

**ते धीरवीरपुरुषाः क्षमादमखड्गेण विस्फुरता।**
**दुर्जयप्रबलबलोद्धतकषायभटाः निर्जिता यैः।।१५६।।**

તે ધીરવીર નરો, ક્ષમાદમ-તીક્ષ્ણખડ્ગે જેમણે,
જીત્યા સુદુર્જય-ઉગ્રબલ-મદમત્ત-સુભટ-કષાયને. ૧૫૬.

**अर्थ :– जिन पुरुषोनें क्षमा और इन्द्रियोंका दमन वह ही हुआ विस्फुरता अर्थात् सजाया हुआ मलिनतारहित उज्जवल तीक्ष्ण खड्ग, उससे जिनको जीतना कठिन है ऐसे दुर्जय, प्रबल तथा बलसे उद्धत कषायरूप सुभटोंको जीते, वे ही धीरवीर सुभट हैं, अन्य संग्रामादिकमें जीतनेवाले तो 'कहनेके सुभट' हैं।**

**भावार्थ :– युद्धमें जीतनेवाले शूरवीर तो लोकमें बहुत हैं, परन्तु कषायोंको जीतनेवाले विरले हैं, वे मुनिप्रधान हैं और वे ही शूरवीरोंमें प्रधान हैं। जो सम्यग्दृष्टि होकर कषायोंको जीतकर चारित्रवान् होते हैं वे मोक्ष पाते हैं, ऐसा आशय है।।१५६।।**

## ગાથા-૧૫૬ ઉપર પ્રવચન

**'આગે કહતે હૈં કિ સમ્યગ્દષ્ટિ હોકર જિનને કષાયરૂપ સુભટ જીતે વે હી ધીર-વીર હૈં:-'** લ્યો! હવે આત્મદર્શન થઈને સમ્યગ્દર્શન ઉપરાંત જેણે વિકારને જીત્યા છે એ સુભટ કહેવામાં આવે છે. સમ્યગ્દર્શનસહિત, હોં! એકલા વિકાર જીતે અને આમ બ્રહ્મચર્ય પાળે એ વસ્તુને કાંઈ ગણતરીમાં ગણવામાં આવતી નથી. આત્માના ભાનસહિત જેણે રાગને જીતીને વીતરાગતા જેણે પ્રગટ કરી છે એ જગતમાં સુભટ છે. બાકી આ બધા રાજમાં લડે ને મોઢા આગળ સુભટ કહેવાય એ સુભટ કહેવાતા નથી. ૧૫૬ ગાથા.

**ते धीरवीरपुरिसा खमदमखग्गेण विप्फुरंतेण।**
**दुज्जयपबलबलुद्धरकसायभड णिज्जिया जेहिं।।१५६।।**

**અર્થ :- 'જિન પુરુષોને ક્ષમા ઔર ઈન્દ્રિયોંકા દમન વહ હી હુઆ...'** શું કહે છે? જરી અલંકાર વધારે નાખ્યા છે ને. જે કોઈ આત્મા **'ક્ષમા ઔર ઈન્દ્રિયોંકા દમન વહ હી હુઆ વિસ્ફુરતા અર્થાત્ સજાયા હુઆ મલિનતારહિત ઉજ્જ્વલ તીક્ષ્ણ ખડગ,...'** આટલા તો વિશેષણ આપ્યા. ઉત્તમ ક્ષમા, શાંતિ શાંતિ સમ્યગ્દર્શનસહિત. મુનિનું લીધું ને ક્ષમાદિ? દસ લક્ષણ એટલે એ લીધું છે. આત્માના ભાનસહિત, અનુભવસહિત જેણે પછી રાગને પુણ્ય-પાપના ભાવને, કષાયને ક્ષમા અને ઈન્દ્રિયનું દમન, અતીન્દ્રિય આનંદમાં રહીને ઈન્દ્રિયના દમન જેને થયા છે અને સ્વરૂપમાં સ્થિરતા કરીને જેને ક્ષમા પ્રગટ થઈ છે. એવી **'વિસ્ફુરતા અર્થાત્ સજાયા હુઆ મલિનતારહિત...'** સમાર્યું. સમાર્યુ નથી કહેતા? શાક સમારે ને? સુધારે. એ સુધારેલું મલિનતારહિત ઉજ્જ્વળ જેનું તીક્ષ્ણ ખડગ. આહાહા..!

**'ઉસસે જિનકો જીતના કઠિન હૈ ઐસે દુર્જય, પ્રબલ તથા બલસે ઉદ્ધત કષાયરૂપ**

**સુભટોંકો જીતે,...**' લ્યો! એ આત્માના સમ્યગ્દર્શનસહિત પછી આ કષાયસુભટને જીતે છે. '**વે હી ધીરવીર સુભટ હૈં,...**' એને ધીર અને વીર સુભટ કહીએ. આહાહા..! આ વીરની વ્યાખ્યા હતી ને કાલે? આમાં. વીરા-વીરાની વ્યાખ્યા છે. સંસ્કૃત છે. વીરા એટલે આત્મા આનંદ અને જ્ઞાન અનંત ભર્યું છે એનામાં. એવા અનંતગુણની સામ્રાજ્યરૂપી લક્ષ્મી, આત્માની અનંતગુણની સામ્રાજ્યરૂપી લક્ષ્મી, એનો જેણે .. નામ સ્વીકાર કર્યો છે કે હું તો આ છું. દયા, દાન, વ્રત પરિણામ એ મારું સ્વરૂપ નહિ. શરીર, વાણી, બાયડી, છોકરા એ મારા નહિ. સમજાણું કાંઈ? આહાહા..! વીરા. વિ-વિશિષ્ટ, ખાસ. લક્ષ્મી આ ધૂળની નહિ એમ કહે છે. પૈસા-બૈસા ધૂળના કહેવાય છે ને? એ તો ધૂળ-માટી છે. એ લક્ષ્મી નહિ. આત્મામાં અનંત બેહદ જ્ઞાન અને આનંદ પડ્યો છે. એવી અનંત સામ્રાજ્ય લક્ષ્મી સ્વની, એણે જેણે સ્વીકાર કર્યો છે કે આ રાજ મારું. રાગ ને પુણ્ય ને શરીર મારા નહિ. એને અહીંયાં વીર કહેવામાં આવે છે. બાકી બીજાને કાયર ને હીજડા કહેવામાં આવે છે. 'શાંતિભાઈ'! વીર એને કહેવાય. આહાહા..! કહો, 'મોહનભાઈ'! આહાહા..!

મુમુક્ષુ :- બધું નવું શીખવું...

ઉત્તર :- નવું શીખવું. વસ્તુ નવી ઈ છે. જુના માણસને તો આ મળ્યું નથી. અમને તો ખબર છે કે નહિ બધી? ક્યાંય છે જ નહિ. ગપે ગપ જ માર્યા છે બધાએ. એય..!

મુમુક્ષુ :- બાપ-દાદાએ..

ઉત્તર :- બાપ-દાદા શું કરે? બાપ-દાદા પહેરતા બધા આવા મોટા ફેટલા. પેન્ટ-શર્ટ પહેરો છો તમે? ટોપી પહેરો છો. 'શામજીભાઈ' શું પહેરતા હતા? પાઘડી પહેરતા હતા. અમને ખબર છે. 'શામજીભાઈ'ને જોયા છે ને અમે જોયા છે. અહીં તો ૫૭ વર્ષ થયા ને. 'રાજકોટ'માં ચોમાસા કર્યા છે. (સંવત) ૧૯૮૯નું, ૯૦નું. પહેલા સંપ્રદાયમાં બે ચોમાસા કર્યા હતા. બે પછી કર્યા ૯૫, ૯૯. ૫૭ વર્ષ થયા દીક્ષાના. ૫૮મું ચાલે છે. 'શામજીભાઈ'ને એ બધા આવતા. આહાહા..! એ બધા ફેટા પહેરતા મોટા. તમે તો આવું પહેરવા માંડ્યા. ઉઘાડે માથે. બાપ-દાદા કરે એવું કરવું એવું કોણે કીધું?

મુમુક્ષુ :- ધર્મ..

ઉત્તર :- ધર્મ તો આત્માનો જેવો વીતરાગે કહ્યો એવો કરવો. બાપ-દાદાએ કર્યો એટલે શું? આહાહા..! સમજાણું કાંઈ?

'**ધીર-વીર સુભટ હૈં, અન્ય સંગ્રામાદિકમેં જીતનેવાલે તો કહનેકે સુભટ હૈં.**' સંગ્રામને જીતે લાખો માણસને એ તો કહેવાના, મરીને નરકમાં જવાના માળા. સમજાણું કાંઈ? મોટા રાજા...

મુમુક્ષુ :- કષાયને જીતે..

ઉત્તર :- કષાયને જીતે તે સુભટ. આહાહા..! ચૈતન્ય ભગવાનઆત્મા અનાકુળ

આનંદનો રસનો પુંજ આત્મા છે. એવું જેને સમ્યગ્દર્શનનું ભાન છે એ જીવ અણિન્દ્રિયના સ્વાદની સ્થિરતાની ઉગ્રતા દ્વારા એ કષાયને જીતે તેને અમે સુભટ કહીએ છીએ. આહાહા..! કહો, સમજાણું કાંઈ?

**ભાવાર્થ :- 'યુદ્ધમેં જીતનેવાલે શૂરવીર તો લોકમેં બહુત હૈં,...'** મરી જાય. મરીને માળા નરકે જાય. ઘણાય રાજા માથા મૂકે છે. **'પરંતુ કષાયોંકો જીતનેવાલે વિરલે હૈં, વે મુનિપ્રધાન હૈં...'** દેખો! એ પુણ્ય-પાપના વિકલ્પ એ કષાય છે એને જીતે તે મુનિ કહેવામાં આવે છે. આહાહા..! **'કષાયોંકો જીતનેવાલે વિરલે હૈં, વે મુનિપ્રધાન હૈં...'** મુનિમાં પ્રધાન છે. અહો..! જેને અણિન્દ્રિય આત્માનું ભાન છે અને અણિન્દ્રિયના સ્વાદની ઉગ્રતા આગળ જેણે ઇન્દ્રિયોને દમી છે, સ્વરૂપની સ્થિરતા દ્વારા જેણે ક્રોધને જીત્યો છે. પોતાના ક્ષમાના સાગરમાં આત્મા ઝૂલે છે. આહાહા..! એને મુનિ કહીએ. જૈનદર્શનમાં એને મુનિ કહેવામાં આવે છે. કહો, 'પ્રકાશદાસજી'! શેના મુનિ? પાંચ મહાવ્રત લઈ લીધા એટલે મુનિ થઈ ગયા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વાત તો એમ જ છે. હેં! ખબર નહીં. માર્ગ વીતરાગનો પરમેશ્વર કેવળીએ કહેલો. કેવળજ્ઞાની પરમાત્મા, જેને એક સમયમાં ત્રણકાળનું જ્ઞાન... આહાહા..! અરિહંત પરમેશ્વર ત્રિલોક પ્રભુ, એનો માર્ગ તો કોઈ બીજો અલૌકિક છે. બહારથી કલ્પીને બેઠા છે એ માર્ગ નથી. આહાહા..! સમજાણું કાંઈ?

**'વે હી શૂરવીરોમેં પ્રધાન હૈં. જો સમ્યગ્દષ્ટિ હોકર કષાયોંકો જીતકર...'** જુઓ! સમ્યગ્દષ્ટિ હોય ને જીતે એમ, હોં! આત્માના અરૂપી અનાકુળ આનંદસ્વરૂપના ભાન કરીને શ્રદ્ધા સમ્યક્ થઈ છે, એવો થઈને જે કષાયને જીતે એ ચારિત્રવાન છે. એમ સિદ્ધ કરવું છે ને અહીં? એ ચારિત્ર અંદર સ્વરૂપમાં રમે છે. આનંદનો ધામ ભગવાન એમાં રમવું એ ચારિત્ર છે. કાંઈ લુગડા-બુગડા ફેરવી નાખે માટે ચારિત્ર થઈ ગયું એ છે નહિ. સમજાણું કાંઈ? **'ચારિત્રવાન હોતે હૈં વે મોક્ષ પાતે હૈં, ઐસા આશય હૈ.'** 'જયચંદ્ર પંડિતે' અર્થ કર્યો છે. આત્માના ભાન કરી અને જેણે કષાયને જીત્યા છે અને જેમાં આત્માના આનંદની રમણતા પ્રગટ કરી છે. આહાહા..!

'શ્રીમદ્'માં આવે છે ને? રમક શબ્દ બેયમાં આવે છે, ભાઈ! સ્વદ્રવ્યના રમક ત્વરાથી થાઓ. સ્વદ્રવ્ય આનંદસ્વરૂપમાં રમણ કરો, ત્વરાથી થાઓ એમ કહે છે. અને પરદ્રવ્યની રમણતા ત્વરાથી તજો. સામેસામા બે શબ્દ છે. આહાહા..! ભાષા સમજાય છે? ત્વરા-ત્વરાથી એટલે એકદમ. ભગવાનઆત્મા પુણ્ય-પાપના જે ભાવ છે એનાથી ભિન્ન એવું સ્વદ્રવ્ય, એની રમણતા ત્વરાથી કરો, ત્વરાથી થાઓ. અને પુણ્ય-પાપના વિકલ્પ એ પરદ્રવ્ય પરવસ્તુ છે. એને ત્વરાથી છોડો. ત્વરાથી તજો શબ્દ છે. સમજાણું કાંઈ? ૧૭ વર્ષ પહેલાં કીધું છે, લ્યો! ઉંમર ૧૭ વર્ષની પહેલા. અને ૬૦ વર્ષ, ૬૫ વર્ષના, ૭૦ વર્ષનાને અર્થની ખબર ન હોય.

મુમુક્ષુ :- સાંભળ્યું ન હોય.

ઉત્તર :- સાંભળ્યું ન હોય વાત પણ સાચી. આહાહા..! સાંભળવામાં ન આવ્યું હોય. આહાહા..! વીરના માર્ગ એ વીરોને પ્રાપ્ત થાય. આહાહા..!

---

**आगे कहते हैं कि जो आप दर्शन–ज्ञान–चारित्ररूप होते हैं वे अन्यको भी उन सहित करते हैं, उनको धन्य हैः–**

**धण्णा ते भगवंता दंसणणाणग्गपरहत्थेहिं।**
**विसयमयरहरपडिया भविया उत्तारिया जेहिं।।१५७।।**

ते धन्याः भगवंतः दर्शनज्ञानाग्रप्रवरहस्तैः।
विषयमकरधरपतिताः भव्याः उत्तारिताः यैः।।१५७।।

**છે ધન્ય તે ભગવંત, દર્શનજ્ઞાન-ઉત્તમકર વડે,**
**જે પાર કરતા વિષયમકરાકરપતિત ભવિ જીવને. ૧૫૭.**

**अर्थ :–** जिन सत्पुरुषोनें विषयरूप मकरधर (समुद्र) में पड़े हुए भव्यजीवोंको–दर्शन और ज्ञानरूपी मुख्य दोनों हाथोंसे–पार उतार दिये, वे मुनिप्रधान भगवान् इन्द्रादिकसे पूज्य ज्ञानी धन्य हैं।

**भावार्थ :–** इस संसार–समुद्रसे आप तिरें और दूसरोंको तिरा देवें उन मुनियोंको धन्य है। धनादिक सामग्रीसहितको 'धन्य' कहते हैं, वह तो 'कहनेके धन्य' हैं।।१५७।।

---

## ગાથા–૧૫૭ ઉપર પ્રવચન

**'આગે કહતે હૈં કિ જો આપ દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ હોતે હૈં વે અન્યકો ભી ઉન સહિત કરતે હૈં, ઉનકો ધન્ય હૈ :-'** લ્યો! પોતે દર્શન-જ્ઞાન-ચારિત્રવાળો હોય અને બીજાને તારે તે ધન્ય છે, કહે છે. તરણતારણ. પોતે તરે અને તારવાને નિમિત્ત થાય એને અહીંયાં ધન્ય કહેવામાં આવે છે. પૈસાવાળાને ધન્ય કહેવામાં આવતા નથી એમ કહે છે. ઓલામાં લખ્યું છે, હોં! ધન અધન છે. ભિખારા છે બધા. એય..! સાચી વાત છે? આ બે-પાંચ દસ લાખ દેખાય રૂપિયા નગદ. આમ થાય. ૫૦-૫૦ હજારની પેદાશું હોય. આ શેઠિયાને વળી લાખોની પેદાશ હોય. ઓલાને વળી ઘણી હોય છોકરાને. છોકરાને, હોં! તમારે નહિ પણ.

મુમુક્ષુ :- છોકરા કમાય પછી અમારે કમાવાની જરૂર શું?

ઉત્તર :- એને પણ ક્યાં લેવા-દેવા છે? ઓળખો છો? ભાઈ! આને ઓળખો છો?

આના છોકરાને? 'પૂનમચંદ મલુકચંદ'. 'મુંબઈ' નહિ ઓલા ૨૨-૨૨ માળના મકાન કરે છે. ત્રણ કરોડ રૂપિયા. ઓલો પુનમચંદ 'મલુકચંદ' આ આનો બાપ છે આ. 'પૂનમચંદ'ના બાપ આ 'મલુકચંદ'.

મુમુક્ષુ :- બાપને દીકરા જેવા થવાનો લાભ મળ્યો.

ઉત્તર :- આ તો 'મલુકચંદભાઈ'ના દીકરા થાય એમ ઓળખાવ્યું અત્યારે તો. અત્યારે તો અહીંથી ઓળખાવ્યું. છે કે નહિ? 'પૂનમચંદ મલુકચંદ' છે. મોટા મકાન કરાવે છે. ૨૨-૨૨ માળના. 'મુંબઈ'માં. ત્રણ કરોડ. એણે વળી ફિલ્મ ઉતારી છે. નહિ? પાલખી. 'પૂનમચંદ'. આના દીકરા બીજા નંબરનો. પહેલા નંબરનો 'સ્વીત્ઝરલેન્ડ' એની પાસે બે કરોડ છે. આનો પહેલા નંબરનો. આ છે તો 'પૂનમચંદ' એની પાસે ત્રણ કરોડ છે. આંકડા ગણવા છે ને ભિખારા છે બધા. આત્માની લક્ષ્મીના ભાન વિનાના બધા ભિખારા છે. 'શાંતિભાઈ'! અહીં તો એવું છે, બાપા! આ રહ્યા, જુઓ! બીજા બે છોકરા અહીં છે, 'અમદાવાદ'. ચાર છોકરા છે.

મુમુક્ષુ :- પૈસાવાળા છે એમ કહ્યું પણ 'સ્વીત્ઝરલેન્ડ' જઈ આવ્યા એમ નહોતું કીધું.

ઉત્તર :- 'સ્વીત્ઝરલેન્ડ' જઈ આવ્યા હમણા પોણો બે મહિના રહી આવ્યા. ધૂળેય કાંઈ આપ્યું નહિ.

મુમુક્ષુ :- .. દેખાડ્યું.

ઉત્તર :- દેખાડ્યું. છોકરો પણ દેખાડે ને. છોકરો સગો હોય એનો દીકરો અને આ સગા બાપ છે. બે કરોડ રૂપિયા છે. આહાહા..!

મુમુક્ષુ :- કોટ-પાટલુન પહેરાવ્યા કે નહિ?

ઉત્તર :- પહેરાવ્યા. આવામાં રહેવાય નહિ ત્યાં. અરે..! કોના દીકરા અને કોના બાપ? બાપા! આહાહા..! એ શ્વાસ તારો સગો નહિ, એમાં વળી દીકરા-બાપ ક્યાંથી લાવ્યો? અહીં તો કહે છે કે પુણ્ય-પાપનો રાગ પણ તારો સંબંધી નથી. કારણ કે પુણ્ય-પાપના રાગ પણ વિકાર છે, છૂટી જાય છે એ આત્મામાં રહેતા નથી. સિદ્ધ ભગવાનમાં વિકાર રહેતો નથી. એ પુણ્ય-પાપ પણ તારા સગા નથી તો વળી સગો ક્યો બીજો લાવવો હતો અહીં? સમજાણું કાંઈ? જુઓ!

**धण्णा ते भगवंता दंसणणाणग्गपरहत्थेहिं।**

**विसयमयरहरपडिया भविया उत्तारिया जेहिं।।१५७।।**

અહો..! 'કુંદકુંદાચાર્ય' પોતે કહે છે. બે જ લીધા હોં. દર્શન-જ્ઞાન.. જોયું! એય..! દર્શન-જ્ઞાનના પ્રધાન હકથી જે બીજાને તારે છે. આહાહા..! જેને સાચું સમ્યગ્દર્શન અને જ્ઞાન બતાવે છે તેનાથી ઓલો તરે છે એમ કહે. ચારિત્રની વાત લીધી જ નથી. પોતે ચારિત્રવંત છે. આહાહા..! ધન્ય-ધન્ય!

**અર્થ :- 'જિન સત્પુરુષોને વિષયરૂપ મકરધર (સમુદ્ર)...'** જુઓ! સમુદ્ર. મકરધર.

મકર એટલે મગર. આ શું કહેવાય? મગર. મગરને ધારે તે મકરધર. દરિયો. મકરધરનો અર્થ દરિયો. જેમાં મગરમચ્છો વસે છે એવો જે દરિયો. એમ અહીંયાં '**વિષયરૂપ મકરધર...**' આહાહા..! મિથ્યાત્વ અને રાગ-દ્વેષના પરિણામરૂપી મહામકરધર સંસારસમુદ્ર, એને વિષે પડ્યા પ્રાણી. આહાહા..! સમુદ્રમાં જેમ પડ્યા પ્રાણીને જેમ બહાર કાઢે, એમ સંસાર પુણ્ય-પાપના પરિણામ મારા, મલિન પરિણામ મિથ્યાત્વ અને પુણ્ય-પાપના પરિણામમાં પડેલા એવો દરિયો મકરધર '**મેં પડે હુએ ભવ્યજીવોંકો...**' તેને પાર ઉતાર્યા. આહાહા..! જુઓ! 'કુંદકુંદાચાર્ય' પણ કહે છે. પાર ઉતાર્યા ગુરુએ શિષ્યને એમ કહે છે. આહાહા..! એવા શિષ્ય મળ્યા એને એમ કહે છે.

જે અનાદિથી ભવ્ય પ્રાણી, પોતાના આનંદસ્વભાવને ભૂલી અને પુણ્ય-પાપના મેલ ચિત્ત પરિણામ, ચિત્તની મલિનતા કરનારા, એમાં જે ડૂબી રહ્યા છે. ડૂબી રહ્યા છે. મોટા ભવજળ સાગરમાં પડ્યા છે. આહાહા..! એવા જીવને જેણે સમ્યગ્દર્શન અને જ્ઞાન બતાવીને તાર્યા છે, કહે છે. વાત તો બહુ સારી આવી છે આ. 'મોહનભાઈ'! આહાહા..! જુઓ! સમ્યગ્દર્શન-જ્ઞાન કરી. બે હાથ. બે હાથ કરીને કાઢેને દરિયામાંથી માણસ? એમ સંસારમાં રખડતા ડૂબ્યા પ્રાણી, મિથ્યાત્વ અને કષાયના પરિણામમાં ભવજળ, ભવજળ મોટું, ડૂબ્યા છે એમાં. ચૈતન્ય દરિયો આનંદકંદ ભિન્ન રહી ગયો છે. એને જેણે આનંદકંદના શ્રદ્ધા જ્ઞાન કરાવ્યા. આહાહા..! જેણે આત્મા નિરાકુળ સ્વરૂપ છે એવો ભાવ જેણે બતાવીને એવા ભાવનું ભાસન જેને થયું. આહાહા..! એ ગુરુએ શિષ્યને ભવજળમાંથી તાર્યા કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

'ભવજળ તારણહાર પ્રભુ તું ભવજળ તારણહાર.' ભવજળમાં ડૂબેલા પ્રાણીને.. આહાહા..! ધન્ય ભયવંત! ધન્ય છે કહે છે. લ્યો! એ ભગવાન છે, કહે છે. આહાહા..! ભયને જિત્યા તે નિર્ભય છે અને આમ ભયવંત છે. આહાહા..! વંતા એટલે ભયને જેણે વમી નાખ્યું છે. એવા નિર્ભય થયા છે ભગવાન. આહાહા..! મુનિને હવે સંસારનો ભય નથી. સંસાર છે જ નહિ એમ કહે છે. ધર્માત્માને હવે નિઃસંદેહ સંસાર નથી. અમે ક્યાં જશું એવું મુનિને છે નહિ. અમે તો આત્માના જ્ઞાનમાં સમાઈને મોક્ષ જવાના. આહાહા..! આ તો હજી સાધુ થઈને શું થાશે અમારું? કેટલા ભવ થાશે? (એમ શંકામાં હોય). ધૂળેય નથી સાધુ, સાંભળને! સમજાણું કાંઈ?

કહે છે કે ધન્ય તે ભયવંત મુનિ, જેને ભવના ભયનો નાશ થઈ ગયો છે. જેણે આત્માની નિર્ભય દશા, સિંહની પેઠે જેમ ત્રાડ મારીને જેમ ભયનો નાશ કરે એમ નાશ કરી છે. એવા મુનિઓ, સંતો અરે..! બે હાથ વડે-દર્શન અને જ્ઞાન વડે. '**દર્શન ઔર જ્ઞાનરૂપી મુખ્ય દોનોં હાથોંસે...**' લ્યો, બે હાથ એ. આહાહા..! જોર જુઓ અહીં! સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન. એ તો પછી એને ચારિત્ર થશે જ. એમ. આ બે આપ્યા. ભાઈ! તારું સ્વરૂપ તો એ શુભ-અશુભ ક્રિયાકાંડના રાગથી ભિન્ન છે, ભગવાન! એવી શ્રદ્ધા કર, એનું જ્ઞાન કર.

એ શ્રદ્ધા અને જ્ઞાનના બે હાથ દ્વારા આવા ભવિ પ્રાણીને ભવસાગરથી તાર્યા. ધન્ય એને ભગવંત છે એ, કહે છે. આહાહા..! અહીં તો હજી એને પોતાનું ઠેકાણું ન હોય કે આપણે હવે ભવ કેટલા કરશું? અનંતા ભવ થાશે, ભગવાને દીઠું. લ્યો! હવે આ સાધુ. સાધુ કેવો તું? હજી અનંતભવ થશે અને ભવ કરવા છે એવો ભાવ છે એ તો માળા મિથ્યાત્વભાવ છે. સમજાણું કાંઈ? 'મિત્રસેનજી'! ભારે કામ આકરું પણ, ભાઈ! સાંભળવા આવતા કે નહિ ત્યાં? તમારા નાનો? આવતા કો'ક દિ'? કો'ક દિ'. આ તો વાત જ બીજી છે, બાપા! શું કહીએ? ધર્મની ચીજ જ વીતરાગની બીજી છે. અત્યારે લોકોને બીજે રવાડે ચડાવી દીધા છે.

કહે છે, '**વે મુનિપ્રધાન ભગવાન્...**' '**भयवंत**'નો અર્થ કર્યો ને ભગવાન? '**ઈન્દ્રાદિકસે પૂજ્ય જ્ઞાની ધન્ય હૈં.**' લ્યો! ઈન્દ્રથી પણ એ પૂજ્ય છે. આહાહા..! ધન્ય અવતાર! જેણે અવતારને સફળ કર્યા. જેણે ભવમાં આવીને ભવનો અભાવ કર્યો. અને ભવના અભાવ કરવાના ઉપદેશ આપીને જગતને તાર્યા, એમ કહે છે. એય..! ભવના અભાવનો ઉપદેશ આપ્યો એણે. સમ્યગ્દર્શન-જ્ઞાનની વાત કરીને? આહાહા..! એને એમ નહિ કે તું પુણ્ય કર, દયા-વ્રત પાળ અને ભક્તિ કર અને એમાંથી તું તરીશ. એ છે નહિ. સમ્યગ્દર્શન અને જ્ઞાન તરવાનો ઉપાય છે. સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા પૂર્ણાનંદનો નાથ છે, સિદ્ધ સમાન છે. સિદ્ધનું સ્વરૂપ અને તારા સ્વરૂપમાં કાંઈ ફેર નથી. એવું તારું અંદર સ્વરૂપ છે. રાગનો કણ પણ સિદ્ધને નથી. તો તારામાં પણ નથી. શરીર નથી, કર્મ નથી. એ તો તારામાં પણ નથી. એવી ચીજનું દર્શન કરાવી, શ્રદ્ધા કરાવી અને એનું જ્ઞાન કરાવી એમ કહે છે. ભવ્યજીવને તાર્યા. આહાહા..! 'કુંદકુંદાચાર્ય' જુઓને! પોતે કહે છે. સમુચ્ચય વાત કરે છે ને બધી? ચૈતન્યના રસના કંદમાં જેને જોડી દીધા. જે અનાદિ અજ્ઞાની રાગમાં જોડાણા હતા એને ચૈતન્યના સ્વભાવમાં જેણે શ્રદ્ધા અને જ્ઞાન દ્વારા જોડ્યા અને ભવથી તેને પાર ઉતાર્યા. આહાહા..!

'ગોમ્મટસાર'માં આવે છે ને? છેલ્લી કડીમાં નહિ? 'નેમિચંદ સિદ્ધાંત ચક્રવર્તી' કહે છે, હોં! 'ગોમ્મટસાર'માં. ઓહો..! ધન્ય ભગવાન ગુરુ! અમને સંસારથી તાર્યા તમે. એમ મુનિ પોતે કહે છે. નક્કી થઈ ગયું કે અમને સંસાર નથી? આહાહા..! જેને અંતર સમ્યગ્દર્શન અને જ્ઞાન ભાન થયા, સંસાર સંસાર છે જ નહિ. સંસાર જ નથી. તે ક્ષણે નથી પછી ક્ષણે સંસાર ક્યાંથી આવશે? આહાહા..! કહે છે કે સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનના બે હાથ વડે ભવ્ય જીવ સંસાર સમુદ્રના મિથ્યાત્વના ઊંડે પાયે પડ્યા હતા. આહાહા..! એને તાર્યા. હાથ દઈને ઉગાર્યા, સહારો આપ્યો. આહાહા..! જુઓ! અહીં સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનનું જોર આપ્યું છે, હોં! આહાહા..! ચારિત્રવંત તો છે મુનિ સમ્યગ્દર્શન સહિતવાળા. એણે બીજાને સમ્યગ્દર્શન-જ્ઞાન દ્વારા તાર્યા. એ બે મુખ્ય હાથ છે. મુખ્ય હાથ છે. સમજાણું? એ મુનિ પ્રધાન... એનો અર્થ શું થયો?

જે મુનિના ઉપદેશમાં એને આત્માનું દર્શન થાય અને રાગથી ભિન્ન પડે એવો એનો ઉપદેશ હતો. એને ઉપદેશ મુનિ સાચો ભગવાનનો ઉપદેશ કહીએ. કે જેના ઉપદેશમાં આ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ છે એ બંધનું કારણ છે. એનાથી ભિન્ન ભગવાનઆત્મા છે એ રાગ વિનાની ચીજ (છે), એની શ્રદ્ધા-જ્ઞાન કરવાથી ભવથી તરે છે, એવો ઉપદેશ હતો એ મુનિનો ઉપદેશ સાચો કહેવાય. આથી બીજો ઉપદેશ કરે એ મુનિનો ઉપદેશ નહિ. આહાહા..! શું કહ્યું એ? કે જેના ઉપદેશમાં સમ્યગ્દર્શન અને જ્ઞાન સ્વભાવને આશ્રયે પ્રગટે, એવો જેનો ઉપદેશ હોય એ જગતને દર્શન-જ્ઞાન દ્વારા તારે છે એમ કહેવામાં આવે છે. આહાહા..! ભારે વાત, ભાઈ!

**ભાવાર્થ :– 'ઈસ સંસાર-સમુદ્રસે આપ તિરે ઔર દૂસરોંકો તિરા દેવે ઉન મુનિયોંકો ધન્ય હૈં. ધનાદિક સામગ્રીસહિતકો ધન્ય કહતે હૈં,...'** શું કીધું? આ પૈસાવાળાને ધન્ય કહે. ધન્ય ધૂળનાય ધન્ય નથી. એય..!

મુમુક્ષુ :– ..કીધા તો ખરા.

ઉત્તર :– આ દુનિયા કહે છે એટલે કીધું. છોકરો લાકડી લઈને ઊભો હોય ઘોડો માનીને. એનો બાપ પણ કહે એલા ઘોડો આઘો રાખજે તારો. શું કરે? ઘોડો ક્યાં હતો? પણ ઓલો ઊભો હોય લાકડી લઈને આમ માથે. ઉંબરામાં. કેરી લઈને બાપા આવ્યા હોય. કહે, ઘોડો આઘો રાખ. કારણે એને ધૂન-ધૂન, ઘોડો-ઘોડો થઈ ગયું છે ને? લાકડી આઘી રાખ તો એ સાંભળે નહિ બરાબર. એમ આ કહે છે કે આ લોકો અજ્ઞાનીઓ ધન્ય કહે છે. એય..! પૈસાવાળા-પૈસાવાળા ધન્ય ભાઈ! ધૂળેય ધન્ય નથી, સાંભળને!

મુમુક્ષુ :– ... ન આપે તો પૈસા વગરના...

ઉત્તર :– એ તો એને હોય છે એટલું. પૈસાવાળા હતા કે દિ'? હોય છે. ગૃહસ્થાશ્રમમાં લક્ષ્મી હોય થોડી. નિમિત્ત બિલકુલ હોતું નથી. એમ ભાવ લીધા. .. .. દુઃખી. એમાં આવે છે. એ આવે છે. પૈસા વિનાના ગૃહસ્થ દુઃખી. એમ. એ તો અમથી વાતું કરી.

અહીં તો ધનાદિક શબ્દ છોકરા આદિ, મકાન આદિ, આબરૂ આદિ બધું લેવું. મોટી આબરૂ હોય, ઘણા છોકરા હોય, ઘણી લક્ષ્મી હોય, મોટા હજીરા હોય મકાન. એવાને **'સામગ્રીસહિતકો ધન્ય કહતે હૈં, વહ તો કહનેકે ધન્ય હૈં.'** કહેવામાત્ર ધન્ય છે. પણ આ આત્માના સ્વભાવનો ઉપદેશ જેને પ્રાપ્ત થઈને જન્મમરણ ટાળે એવા ઉપદેશના દેનારા અને કહેનારાને ધન્ય કહેવામાં આવે છે. વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

आगे फिर ऐसे मुनियोंकी महिमा करते हैं :-

**मायावेल्लि असेसा मोहमहातरुवरम्मि आरूढा।**
**विसयविसपुप्फफुल्लिय लुणंति मुणि णाणसत्थेहिं।।१५८।।**

मायावल्लीं अशेषां मोहमहातरुवरे आरूढाम्।
विषयविषपुष्पपुष्पितां लुनंति मुनयः ज्ञानशस्त्रैः।।१५८।।

**મુનિ જ્ઞાનશસ્ત્રે છેદતા સંપૂર્ણ માયાવેલને,**
**– બહુ વિષય-વિષપુષ્પે ખીલી, આરૂઢ મોહમહાદ્રુમે. ૧૫૮.**

अर्थ :- माया (कपट) रूपी बेल जो मोहरूपी वृक्ष पर चढ़ी है तथा विषयरूपी विषके फूलोंसे फूल रही है उसको मुनि ज्ञानरूपी शस्त्रसे समस्ततया काट डालते हैं अर्थात् निःशेष कर देते हैं।

भावार्थ :- यह मायाकषाय गूढ़ है, इसका विस्तार भी बहुत है, मुनियों तक फैलती है, इसलिये जो मुनि ज्ञानसे इसको काट डालते हैं वे ही सच्चे मुनि हैं, वे ही मोक्ष पाते हैं।।१५८।।

---

## પ્રવચન નં. ૧૫૯, ગાથા-૧૫૮ થી ૧૬૦, રવિવાર, માગશર વદ ૧૪, તા.૨૭-૧૨-૭૦

‘અષ્ટપાહુડ’ ભાવપાહુડ. ૧૫૮ ગાથા.

**मायावेल्लि असेसा मोहमहातरुवरम्मि आरूढा।**
**विसयविसपुप्फफुल्लिय लुणंति मुणि णाणसत्थेहिं।।१५८।।**

મુનિની મુખ્યતાથી કથન છે. છેલ્લી આખરની ગાથાઓ છે ને? ૧૬૫ (ગાથા) છે. તો આ ૧૫૮મી છે. મોટો અધિકાર આ અષ્ટપાહુડમાં ૧૬૫ ગાથાનો એક અધિકાર. શુદ્ધ. મૂળ તો શુદ્ધભાવ. આત્મા જે ચૈતન્યમૂર્તિ રત્નાકર અનંતગુણના પવિત્ર રત્નથી ભરેલો પદાર્થ છે. એ શુદ્ધ છે. એની અંતરની એકાગ્રતા કરતાં શુદ્ધભાવ પ્રગટે એ શુદ્ધભાવ તે ધર્મ અને મુક્તિનું કારણ છે. સમજાણું? એ શુદ્ધભાવ અધિકાર છે ખરેખર તો.

ચૈતન્યનો સ્વભાવ અનાકુળ આનંદ અને જ્ઞાનની મૂર્તિ આત્મા છે. એનો ભાવ ત્રણ પ્રકારનો. એક અશુભ-હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, વાસના એ અશુભભાવ છે. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, નામ, સ્મરણ આદિ એ શુભભાવ છે. પણ બેય શુભ અને અશુભભાવ બંધરૂપ છે, સંસારરૂપ છે, દુઃખરૂપ છે. એનાથી રહિત આત્માના આનંદનો સ્વભાવ એની સન્મુખતાની એકતા એવો જે શુદ્ધભાવ સમ્યગ્દર્શન-જ્ઞાન-શાંતિ એ મોક્ષનો

માર્ગ છે, એ ધર્મ છે. કહો, સમજાણું આમાં? ઝીણી વાતું છે. સંસારથી આખી જુદી જાત છે.

મુમુક્ષુ :- ઝીણી વાતને ..

ઉત્તર : .. મોટી, મોટી વિગત છે. લ્યો, આ કહેશે હમણા.

**અર્થ :- 'માયા (કપટ) રૂપી વેલ જો મોહરૂપી વૃક્ષ પર ચઢી હુઈ હૈ તથા વિષયરૂપી વિષકે ફૂલોંસે ફૂલ રહી હૈ ઉસકો મુનિ જ્ઞાનરૂપી શસ્ત્રસે સમસ્તતયા કાટ ડાલતે હૈં...'** મુખ્ય ધર્માત્મા મુનિની વ્યાખ્યા છે ને? ગૌણપણે સમકિતી, શ્રાવકની પણ વ્યાખ્યા છે. ધર્માત્મા એને કહીએ કે માયા, કપટરૂપી વેલડી. કપટ (અર્થાત્) હોય કાંઈક, માનવું કાંઈક, કરે કાંઈક, વાણી કાંઈક. એવો જે કપટભાવ. મુનિની પ્રધાનતા (છે). મુનિને તો અંતર અનાકુળ આનંદની દશા વીતરાગદશા હોય છે. કહે છે કે એવી દશા ન હોય અને કપટ કરી એવું મનાવે તો એ મિથ્યાદૃષ્ટિ ચાર ગતિમાં રખડનારા છે. એ મુનિ છે નહિ. આહાહા..!

**'(કપટ)રૂપી વેલ...'** કેમ? કે ત્રણ શલ્ય છે. એક મિથ્યાત્વ શલ્ય-ઊંધી માન્યતા. પુણ્યના ભાવને ધર્મ માનવો, પાપના ભાવમાં ઠીક અને હિત માનવું, સંયોગી ચીજમાં ઠીક-અઠીક છે એવી કલ્પના કરવી એ બધો મિથ્યાત્વભાવ મહાપાપ, એ મોટું શલ્ય છે. એ શલ્યને પહેલું આત્મજ્ઞાનની દૃષ્ટિ વડે ટાળવું. આહાહા..! સહજાત્મ સ્વરૂપ શુદ્ધ ચૈતન્યઘન આનંદનો ભૂપ આત્મા છે. આનંદનો રાજા છે એ. સમજાણું કાંઈ? આ શું હશે? આ પૈસાના ભૂપ કહેવાય, આબરૂના રાજા કહેવાય. બધા રાંકા ભિખારા છે, કહે છે. રાંકો વર્તમાન અને માગે છે કાંઈક માટે ભિખારી. એમ. 'ગુણુભાઈ'! સાચું હશે?

આત્મા અનંત આનંદની લક્ષ્મીથી ભરેલો છે. સામ્રાજ્ય એનું છે. એ પહેલા આવી ગયું છે આમાં. વીરા... વીરા.. વીરા.. જુઓ! એ ૧૫૬માં આવી ગયું છે. 'ધીરવીર...' અર્થમાં નથી એ, સંસ્કૃતમાં છે. 'ચંદુભાઈ'! વીર કહ્યો છે. શું વીર? કે આત્મા પુણ્ય-પાપના વિકલ્પો એ તો એનું સ્વરૂપ છે નહિ અને એનામાં છે જ નહિ. આ વાણી, શરીર અને લક્ષ્મી, ધૂળ એનામાં છે નહિ. ધૂળ હશે લક્ષ્મી?

મુમુક્ષુ :- ધૂળ પણ પુદ્‌ગલ છે અને લક્ષ્મી પણ પુદ્‌ગલ છે. બંને સમાન જ છે.

ઉત્તર :- બંને સમાન છે. લ્યો, ઠીક! આ છોકરો કહે છે. આહાહા..! લક્ષ્મી અને પુદ્‌ગલ બધું ધૂળ છે.

મુમુક્ષુ :- કાલે કહેતો હતો માટીના ઢેફાં.

ઉત્તર :- માટીના ઢેફા કહેતો હતો કાલે. તારા દાદાએ મૂક્યું અને તારા બાપાએ આદર્યું. પછી બાપા મૂકીને પછી તારે આદરવું પડશે.

મુમુક્ષુ :- ના, હું નહિ.

ઉત્તર :- નહિ? આહાહા..!

આ કહે છે કે આત્મામાં એ તો અતીન્દ્રિય આનંદનો ભૂપ-રાજા પ્રભુ છે. એની દૃષ્ટિ

કરી અને મિથ્યાત્વરૂપી શલ્યને જેણે હણ્યું છે એને ધર્મની પહેલી શરૂઆતવાળો સમકિતી કહેવામાં આવે છે. અહીં તો એના પછીની વિશેષ વાત છે. કપટ શલ્ય ન હોય. મિથ્યાત્વ શલ્ય તો ન હોય. કપટ અને નિદાન. હું ક્રિયા કરીને કાંઈક ફળ માંગુ એ શલ્ય જેને ન હોય. એ માયા રૂપી કપટ વેલડી, જ્ઞાનરૂપી શસ્ત્ર. આહાહા..! જુઓ! એ કષાયભાવ છે એ કપાય કઈ રીતે? ક્રિયા કરે તો દયા, દાન, વ્રત પાળવાથી કપાય? એ તો રાગ પોતે કષાય છે. આહાહા..! એ આત્મા આનંદ અને જ્ઞાનનો ધામ પ્રભુ છે. એની સન્મુખમાં, એની જે લક્ષ્મી છે પૂર્ણ આનંદ અને જ્ઞાન, એનું જે વિશિષ્ટ શક્તિ, વીરા-વીરા. વી નામ વિશેષ આત્માની આનંદ, જ્ઞાન, શક્તિનું સામ્રાજ્ય એને રા. રા નામ સ્વીકૃતિ. એને વીર કહીએ.

જગતના શત્રુઓને હણે અને એને સુભટ દુનિયા ગાંડી, પાગલ એને સુભટ કહે છે. સુભટ તો આને કહીએ કે જે આત્માના સ્વભાવમાં અનહદ, બેહદ, અપરિમિત આનંદ અને જ્ઞાનનું રાજ, સામ્રાજ્ય પડ્યું છે. એવી વિશિષ્ટ નામ બીજી સાધારણ લક્ષ્મી અને આબરૂ કરતાં, વી એટલે વિશિષ્ટ ખાસ જુદી આત્માની લક્ષ્મી અંદરની. એને રા. વીરા-વિશિષ્ટ રા. વિશિષ્ટનો સ્વીકાર કરે તેને વીર કહેવામાં આવે છે. 'નવનીતભાઈ'! ભારે આવી વાતું, ભાઈ!

કીધું ને ત્યાં 'જામનગર' દરબાર પાસે ગયા હતા ને એક ફેરી. સવારમાં જંગલ જઈએ તો એને ખબર પડી કે મહારાજ અમારા બંગલા પાસે પાંચ મિનિટને રસ્તે આવે છે. આ 'દિગ્વિજય' હતા ને? ત્યાં કહે, મહારાજ! મને શરીરે ઠીક નથી. માણસ મોકલાવ્યો. મને દર્શન કરવા છે. હું તો ત્યાં ... એ કરોડનો તાલુકો. 'દિગ્વિજય'. અને એની રાણી હતી 'ગુલાબ'. બહુ હોંશિયાર છે. લૌકિક. આ રખડવાની હોંશિયાર. પછી ગયા તો બેઠા પા કલાક. પા કલાકમાં આ કહ્યું કે આ રાજ નહિ ધૂળના. ત્યારે રાજ કોને કહીએ? એક કરોડનો તાલુકો. એક કરોડની ઊપજ છે. રાજ તો આત્માના આનંદ અને જ્ઞાનના ધામમાં અંદર સ્વરૂપ જે પૂર્ણ છે એવું નિજ સામ્રાજ્ય. એનો જે ધણી થાય તેને રાજા અને સામ્રાજ્યનો સ્વામી કહેવામાં આવે છે. 'નવનીતભાઈ'! 'ગુલાબરાણી' બોલ્યા હતા. સાચી વાત, મહારાજ! હવે આમાં ધૂળમાં શું હતું. ચાર ગતિમાં રખડવાના રસ્તા છે આ બધા. સમજાણું? દડાને જેમ ગેડી મારે એમ રખડવાની આ મિથ્યાત્વની ગેડી છે આ. ચાર ગતિમાં રખડવાનું.

આ રાજ-ચૈતન્ય ભગવાન. આહાહા..! શરીરથી ભિન્ન, કર્મથી જુદો. એ દયા, દાનના વ્રતના પરિણામ શુભ મેલ એનાથી જુદો અને પોતાના શાંત અને આનંદસ્વભાવથી અભિન્ન. એવું નિજ સામ્રાજ્ય. એને જે સ્વીકારે, આદરે અને એનો જે ધણી થાય એને અહીંયાં વીર કહેવામાં આવે છે. બાકી બીજાને ભિખારી અને રાંકા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એ અહીં કહે છે.

અરે..! વીર! તારે તો કપટની વેલડીને છેદી નાખવી જોઈએ. આહાહા..! સાધુપણું ન

હોય અને મનાવવા બહારની ચેષ્ટાઓ ખોટી કરીને જાણે અમે સાધુ છીએ. એવી ચેષ્ટાઓ કરીને મનાવે, અંતરમાં ત્રણ કષાયના અભાવનું વીતરાગપણું તો હોય નહિ. એને કહે છે અહીંયાં આચાર્ય. ભાઈ! કપટરૂપી વેલડીને જ્ઞાનરૂપી શસ્ત્ર (દ્વારા છેદ). આહાહા..! અંદર આનંદરૂપી, જ્ઞાનરૂપી શસ્ત્ર છે ને જ્ઞાનસ્વભાવ? એ સ્વભાવમાં એકાગ્રતા દ્વારા એ કપટરૂપી વેલડીનો નાશ થઈ શકે છે. સમજાણું કાંઈ? નિજરાજમાં એકાગ્ર થવાથી આ કપટના વેલડીઓના નાશ થઈ શકે છે. આહાહા..!

કેવી છે માયાવેલી? '**મોહરૂપી વૃક્ષ...**' મિથ્યાત્વરૂપી મોટું ઝાડ. મોહરૂપી મોટું ઝાડ. આ મારા... આ મારા... આ મારા.. આ મારા... આ મારા.. અનંતા મારા. મોહરૂપી મોટું ઝાડ. '**મોહરૂપી વૃક્ષ પર ચઢી હુઈ હૈ...**' મોહરૂપી ઝાડમાં મહાવેલડી ફેલાઈ ગઈ છે, કહે છે. આહા..! વિસ્તાર. મોહરૂપી ઝાડ ઉપર માયા વેલડીનો વિસ્તાર ફેલાણો છે. ચિદાનંદ ભગવાનઆત્મા મારો છે એની તો એને ખબર નથી. એ પુણ્ય અને પાપના ભાવ, શરીરવાળા એવો જે મિથ્યાત્વભાવ મહાવૃક્ષ. સાધુપદમાં પણ ભાન નથી ત્યાં સુધી વેલડી ફેલાઈ ગઈ છે. માયારૂપી વેલડીનો વિસ્તાર આ છે, કહે છે. આહાહા..!

ભગવાનઆત્મા શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન ન જાણતા એનો વિસ્તાર શાંતિ, જ્ઞાન અને આનંદનો વિસ્તાર છે. આ એની પ્રજા છે. આ તો માયા વેલડીની બધી પ્રજા છે. આહાહા..! આ છોકરા મારા, આ કુટુંબ મારું, ધૂળેય નથી ક્યાંય, સાંભળને! રાગનો કણ ઊઠે દયા, દાનનો એ ક્ષણિક અને વિકાર છે. એ તારો નથી. આહાહા..! ભારે કામ આકરું પણ. વીતરાગમાર્ગને જાણવો, ઓળખવો કઠણ. પાળવો તો પછી. સમજાણું કાંઈ? કહે છે, અરે..! મિથ્યાત્વરૂપી મહામોહ. વિપરીત માન્યતાના મોહમાં માયા ફેલાઈ ગઈ છે, કહે છે. આહાહા..!

વળી, '**વિષયરૂપી વિષકે ફૂલોંસે ફૂલ રહી હૈ...**' શું કહે છે? માયા વેલડી વિષયરૂપી ઝેરના ફૂલથી ફુલાઈ ગઈ છે. આહાહા..! વિષય, પાંચ ઇન્દ્રિયના વિષયો, વિકલ્પો એમાં ઝેર છે, એ બધા વિષય. એ વિષયરૂપી ઝેરની આ માયાવેલડીના એ બધા ફૂલ છે. ફૂલથી ફેલી છે. સમજાણું કાંઈ? આચાર્ય જુઓ 'કુંદકુંદાચાર્ય'! આહાહા..! '**વિષયરૂપી વિષકે ફૂલોંસે ફૂલ રહી હૈ...**' વિષયરૂપી ઝેર. આહાહા..! અમૃતના આનંદના ભોગવટા મૂકી અને વિષયના ભોગના ભાવમાં એ વિષયરૂપી ઝેરના એ ફૂલ છે. આહાહા..! ભોગ ખાવાના, પીવાના, આ.. આ.. અમારે શબ્દો સાંભળવાના ઊંચા, અમારી આબરૂ ઊંચી, અમારા ખાણા-પીણા ઊંચા, અમારા સૂવાના મકાન પણ જુદી જાતના ઊંચા. એ વિષયના ઝેર, એના ફૂલ છે, કહે છે. એના પુષ્પથી ફૂલેલી છે. આહાહા..! શેઠ! બંગલા મોટા હોય આમ હવા-પાણી આવતા હોય. માથે પંખા ફરતા હોય, હેઠે બેઠો હોય. એમાં વળી બધા આવ્યા હોય, ગપ્પમારીયા બધા ભેગા થયા હોય. આહાહા..! સાહેબ! બહુ તમે તો સુખી, હોં!

કહે છે કે વિષયરૂપી ઝેર, એના ફૂલથી ફૂલી છે એ માયા. સમજાણું કાંઈ? એના

અમૃતને ગાળી નાખે છે. ભગવાન અમૃતસ્વરૂપ છે એને વિષયરૂપી ઝેરના ફૂલ અમૃતને મારી નાખે છે. અને ઝેરથી જીવે છે ઈ. આહાહા..! સમજાણું કાંઈ? બહુ સૂક્ષ્મ ઝીણી વાત. વીતરાગના ઘરની વાતું છે આ તો. સમ્યગ્દૃષ્ટિ એ વિષયના ભોગને દુઃખરૂપ ઝેર જાણે છે. અજ્ઞાની એ વિષયની અનુકૂળતાના ભાવને મીઠાશ તરીકે વેદી મજા માણે છે. મૂઢને ઝેર ચડી ગયા છે. મિથ્યાત્વના ઝેર ચડ્યા છે. સર્પ કરડ્યો હોય એને લીમડો કડવો ન લાગે. એમ જેને મિથ્યાત્વરૂપી ઝેર ચડ્યા છે. રાગ મારો, પુણ્ય મારા, પાપ મારા, પોતે સચ્ચિદાનંદ પ્રભુ આનંદના ધામને ભૂલી મિથ્યાત્વરૂપી ઝેર ચડ્યા છે. આ વિષયો ભોગ દુઃખરૂપ છે એને એ સુખરૂપ માને છે. સમજાણું કાંઈ? એ લીમડા કડવા ઝેરે ચડેલા એને મીઠા લાગે છે. ઝેરનું ઘેન છે ને? કોણ કહેતું હતું હમણા? ભાઈ જ કહેતા હતા.'રામજીભાઈ'. તમારા દાદાને સર્પ કરડ્યો હતો તો લીમડો ખવડાવ્યો. કડવો ન લાગે પહેલો. ઝેર ચડી ગયું છે ને. આહાહા..!

હમણા છોકરાને કરડ્યો ને સર્પ અહીં 'પાલીતાણે'. બાર વર્ષનો બિચારો. બેઠો હતો ત્યાં ક્યાંકથી આવીને મારી નાખ્યો. ભગવાનની-ઋષભદેવ ભગવાનની પૂજા કરી. બાર વર્ષનો છોકરો. બહાર બેઠો. બે બહેનો હતી એની. ક્યાંકથી આવ્યો પાછળથી. આમ બેઠો હશે. ચટક્યો. થઈ રહ્યું. એને એમ કે મરી જશે. કાપી નાખો, ભાઈ! કોઈ કાપી નાખો. કોણ કાપે? એમ કે આ (ઝેર) ન ચડે. હાથ. કો'ક કાપી નાખો. હથિયાર ક્યાં હોય? શસ્ત્ર ક્યાં હોય? હેઠે ઉતાર્યો. લીલું કાચ થઈ ગયું. ઝેર ચડી ગયું, મરી ગયો. એ સ્થિતિ.

આ ઝેર ચડ્યા છે, કહે છે. મિથ્યાત્વના ઝાડ ઉપર વિષયના ફૂલ ઝેર ચડ્યા છે, કહે છે. આહાહા..! એક શબ્દ સાંભળીને ખુશી, રૂપ દેખીને ખુશી, આબરૂ દેખીને ખુશી, અભિનંદનના મોટા પૂછડા સાંભળને ખુશી. સો, બસ્સે, પાંચસે, હજાર, બે હજાર માણસમાં બેસાડ્યો હોય મોઢા આગળ ખુરશીએ ત્યાં તો ઓહોહો..! પાછા બોલે પાછું એવું કે હું તો જોકે લાયક નથી, પણ તમે મને પસંદ કર્યો. એવું બોલે. અંદર તો ગલગલીયા (થતાં) હોય. એય..! 'ચંદુભાઈ'! આ તો બધાની વાત છે ને. 'પૂનમભાઈ'ની એકલાની ક્યાં વાત છે?

મમુક્ષુ :- એને અનુભવ છે.

ઉત્તર :- એને અનુભવ છે.

મુમુક્ષુ :- એ પ્રમુખ પાસે રહે એ આપણને ખબર જ નથી.

ઉત્તર :- આપણને ખબર નથી. એ કાંઈ આપણને ખબર નથી. પણ આ તો જ્યાં એને બેસાડ્યો ક્યાંક એટલે પાછા બોલે એવું. આટલામાં ઘણા મારા કરતા પણ સારા માણસો છે એમાં મને પસંદ કર્યો એ તમારી કદરતા તમે કરી છે. હવે એ પ્રમાણ પાછું જાળવી રાખજો. એમ કહે. 'કિરણભાઈ'! આ બધા કિરણ વિષયના. આહાહા..! હેં! અને અંદર તો ગલગલીયા હોય કે એમ કહે મને. પાસ કર્યો, માળા! સારું કર્યું, હોં! મારા બાયડી-છોકરા તો માનશે કે આહા..! આપણા ઘરના માણસને મોટપ ભારે ભાઈ લ્યો. આ

ફાલી છે ઝેરની જાળ. આહાહા..! અમૃતની વેલડી પ્રભુ આત્મા, અમૃતનો સાગર ડોલે છે અંદરમાં. આહાહા..! એની દૃષ્ટિ અને રુચિ વિના આ મિથ્યાત્વની રુચિમાં આ વેલડી વિષની ફાલી છે, કહે છે.

ભગવાન આનંદસ્વરૂપ છે એનામાં જો અંદર જાય તો આનંદ ફેલાય એમ કહે છે મૂળ તો. પણ આમ બહારમાં જાય છે એટલે વિષયના ફૂલ ઝેર જેવા ફેલાય છે. આહાહા..! જુઓને! આચાર્યની શૈલી તો જુઓ! ગુંલાટ ખાઈને આમ વાત કરે છે. આમ કરીને આમ કહે છે. પ્રભુ આત્મા અનાકુળ આનંદનો ધામ છે પ્રભુ તું તો. અતીન્દ્રિય અમૃત, અણિન્દ્રિય સ્વભાવનો ધણી તું છો. એને છોડીને આ પુણ્ય અને પાપના ભાવ અને એના ફળ, ઝેર જેવા છે એની રુચિમાં એને તું ભોગવે છે. સમજાણું કાંઈ? ઘેન ચડ્યું છે મિથ્યાત્વના ઝેરનું. આહાહા..! 'મોહનભાઈ'! શું હશે આ બધું? આવા બધા ગાંડા હશે?

મુમુક્ષુ :- એ પ્રભુ! પૂરા પાગલ છે, પૂરા.

ઉત્તર :- પૂરા. એકફેરી કહ્યું હતું ને શું કહ્યું હતું? નહોતું આપણે કહ્યું?

મુમુક્ષુ :- પાગલ જેવા છે.

ઉત્તર :- પાગલ જેવા છે કહ્યું હતું. '...ભાઈ'! આ બધા પાગલ જેવા છે. એ કહે પાગલ જેવા નહિ. જેવા નહિ, પાગલ છે. એના બાપ પણ આવી જતા હશે. પૈસાવાળા માણસ છે. હૂંડીનો ધારધીરનો મોટો વેપાર છે. શું કહેવાય? વ્યાજવટાવનો. હવે એના દાદા બેઠા છે, લ્યો. એ કરીને બેઠા છે. એનો બાપ કરે છે ત્યાં કલકત્તા. લાખોપતિ માણસ છે. હવે આ કરે છે. ઝેર ચડ્યા છે આ. પાગલ છે કીધું. માળા પરવસ્તુને પોતાની માને એ પાગલ જેવા છે. કહો, સમજ્યા? સાચી વાત હશે આ? આહાહા..!

કહે છે, '**વિષયરૂપી વિષકે ફૂલોંસે ફૂલ રહી હૈ...**' આહાહા..! વિષયરૂપી ઝેરના ફાલ છે એ બધા. ફાલ આવ્યા તો ખરા. આહાહા..! પ્રભુ! તારો આનંદસ્વભાવ છે ને. તારા અનાકુળ શાંતિના આનંદ આગળ ઈન્દ્રના ઈન્દ્રાસનો સડ્યા તરણા જેવા દેખાય, એવા આનંદનો નાથ ધણી આ વિષયમાં એકાકાર થઈને ઝેરને અનુભવે, એ તને કેમ શોભે છે? એમ કહે છે અહીંયાં. સમજાણું કાંઈ?

**ભાવાર્થ :– 'યહ માયાકષાય ગૂઢ હૈ,...'** કપટ બહુ ગૂઢ માયાવી. આહાહા..! શાસ્ત્ર તો કહે છે કે બહુ માયાકપટ જેના કાળજા હાથ ન આવે. બોલે કાંઈક, કહે કાંઈક, વેપાર હોય કાંઈક, ધંધો હોય કાંઈક, ભાવ હોય કાંઈક. કાંઈક ને કાંઈક લડાવે. માળા. હેં! સમજાણું? એ કપટ કહે છે કે ગૂઢ છે બહુ. માયા '**ઈસકા વિસ્તાર ભી બહુત હૈ,...**' આહાહા..! શાસ્ત્ર તો કહે છે ને બહુ એવા માયાવી કપટી મરીને ઢોર થાશે. સમજાણું કાંઈ? કેમ કે જેના શરીર આડા થઈ ગયા છે આમ, જુઓ! ગાયું, ભેંસું, ઘોડા, હાથી, સર્પ, નોળ, કોળ, ખિસકોલી આમ આડા છે. માણસ ઊભા છે. પૂર્વે એણે આવા માયાકપટની આડોડાઈ, ઊંડા હૃદયમાં કપટ એવા માયા સેવેલી જેના ફળ તરીકે વર્તમાન તો આડોડાઈ

એની દશામાં છે. શરીર તરીકે આડા મળ્યા ફળ તરીકે એ તિર્યંચ અને તિરછા આડા કહેવાય છે. આહાહા..! સમજાણું કાંઈ? સંભળાય છે કે નહિ? એય..! 'જયંતિભાઈ'! નહિતર અહીં નજીક આવો. સંભળાય છે. કાને જરી મુકેલું છે ને. અહીં સાંભળવા આવ્યા છે તો સાંભળવું જોઈએ ને બરાબર?

**'માયાકષાય ગૂઢ હૈ, ઈસકા વિસ્તાર ભી બહુત હૈ,...'** આહાહા..! વિસ્તાર લાંબો છે. **'મુનિયોં તક ફૈલતી હૈ,...'** દેખો! સાધુ હોય ત્યાં સુધી માયા ચાલી જાય છે. સાધુ થાય ત્યાં સુધી માયા ચાલી જાય છે. એ કપટ માયા કરી મોટા નામ ધરાવે, અંદરમાં કાંઈ માલ ન હોય. હેં! આહાહા..! સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્રની ગંધ ન મળે અને બહારમાં મોટા ડંફાસે ચડી ગયા. કહે છે કે ત્યાં સુધી માયા ગઈ. એમ કહે છે. સમજાણું કાંઈ? **'ઈસલિયે જો મુનિ જ્ઞાનસે ઈસકો કાટ ડાલતે હૈં...'** આ જુઓ! એ દોષને જ્ઞાનની એકાગ્રતાથી જ નાશ થાય. બીજો કોઈ એનો ઉપાય છે નહિ. આ બધા દોષો વિષયના, ઝેરના, ભોગના, માયા-કપટના, એના નાશનો ઉપાય પ્રભુ આત્મા આનંદ અને જ્ઞાનનું ધામ છે. એમાં એકાકાર થતાં એ કપટ અને માયા જીતી શકાય છે, અંતરના સ્વરૂપમાં એકાગ્ર થતાં. જ્ઞાન એટલે એકલું જાણપણું એમ નહિ. જ્ઞાનસ્વભાવમાં એકાગ્ર થવું. એકાગ્ર થવું એ ચારિત્ર છે એમ કહેવું છે મૂળ તો. જ્ઞાનસ્વભાવ આત્માનો, એની પ્રતીત-સમકિત. એમાં ઠરવું એ ચારિત્ર. એટલે જ્ઞાનમાં, સ્વભાવમાં ઠરવું એ ચારિત્ર. એ દોષને કાપવાનો ઉપાય છે. આટલા અપવાસ કરવા કે આટલું ફલાણું કરવું એમ નથી અહીં તો એમ કહે છે, લ્યો! પ્રાયશ્ચિતમાં આપે ને કે આટલું પ્રાયશ્ચિત લેવું, ફલાણું કરવું. અહીં તો આ કીધું. એવા બધા દોષનો નાશ આત્માના જ્ઞાનસ્વભાવ, ચૈતન્યદરિયો પ્રભુ, એમાં એકાગ્ર થવાથી નાશ થાય છે. બીજો દોષનો નાશ થવાની કોઈ રીત બીજી છે નહિ. **'જ્ઞાનસે ઈસકો કાટ ડાલતે હૈં વે હી સચ્ચે મુનિ હૈં, વે હી મોક્ષ પાતે હૈં.'**

---

**आगे फिर उन मुनियोंके सामर्थ्यको कहते हैं :–**

**मोहमयगारवेहिं य मुक्का जे करुणभावसंजुत्ता।**
**ते सव्वदुरियखंभं हणंति चारित्तखग्गेण।।१५९।।**

**मोहमदगारवैः च मुक्ताः ये करुणभावसंयुक्ताः।**
**ते सर्वदुरितस्तंभं घ्नंति चारित्रखड्गेन।।१५९।।**

**મદ-મોહ-ગારવમુક્ત ને જે યુક્ત કરૂણાભાવથી,**
**સઘળા દુરિતરૂપ થંભને ઘાતે ચરણ-તરવારથી. ૧૫૯.**

**अर्थ :– जो मुनि मोह–मद–गौरवसे रहित हैं और करुणाभाव सहित हैं, वे ही चारित्ररुपी खड्गसे पापरूपी स्तंभको हनते हैं अर्थात् मूलसे काट डालते हैं।**

**भावार्थ :– परद्रव्यसे ममत्वभावको 'मोह' कहते हैं। 'मद'–जाति आदि परद्रव्यके संबंधसे गर्व होनेको 'मद' कहते हैं। 'गौरव' तीन प्रकारका है–ऋद्धिगौरव सातगौरव और रसगौरव। जो कुछ तपोबलसे अपनी महंतता लोकमें हो उसका अपनेको मद आवे, उसमें हर्ष माने वह 'ऋद्धिगौरव' है। यदि अपने शरीरमें रोगादिक उत्पन्न न हों तो सुख माने तथा प्रमोदयुक्त होकर अपना महंतपना माने 'सातगौरव' है। यदि मिष्ट–पुष्ट रसीला आहारादिक मिले तो उसके निमित्तसे प्रमत्त होकर शयनादिक करे 'रसगौरव' है। मुनि इसप्रकार गौरवसे तो रहित हैं और परजीवोंकी करुणासे सहित हैं; ऐसा नहीं है कि परजीवोंसे मोहममत्व नहीं है इसलिये निर्दय होकर उनको मारते हैं, परन्तु जब तक राग अंश रहता है तब तक पर जीवोंकी करुणा ही करते हैं, उपकारबुद्धि रहती है। इसप्रकार ज्ञानी मुनि पाप जो अशुभकर्म उसका चारित्रके बलसे नाश करते हैं।।१५९।।**

## ગાથા-૧૫૯ ઉપર પ્રવચન

**'આગે ફિર ઉન મુનિયોંકે સામર્થ્યકો કહતે હૈં :-'** ૧૫૯.

**मोहमयगारवेहिं य मुक्का जे करुणभावसंजुत्ता।**
**ते सव्वदुरियखंभं हणंति चारित्तखग्गेण।।१५९।।**

ત્યાં જ્ઞાનશસ્ત્ર કહ્યું. અહીં ચારિત્ર કહ્યું. બેય એકની એક વાત કરી. એ જ્ઞાનમાં એકાગ્ર થાવું એ ચારિત્ર છે. સમજાણું કાંઈ? ચારિત્ર કોઈ ક્રિયાકાંડ એ ચારિત્ર નથી. પાંચ મહાવ્રતના પરિણામ અને નગ્નપણું એ કાંઈ ચારિત્ર નથી. ચારિત્ર તો આત્માના જ્ઞાનસ્વભાવમાં ઠરવું, રમવું, જમવું, અતીન્દ્રિય આનંદની ઈચ્છા વિનાના અમૃતનો સ્વાદ લેવો એને ભગવાન ચારિત્ર કહે છે અને એ ચારિત્ર વિના કોઈની મુક્તિ હોઈ શકે નહિ. સમજાણું કાંઈ?

**અર્થ :- 'જો મુનિ મોહ-મદ-ગૌરવસે રહિત હૈં...'** દરેકનો અર્થ કરશે. **'ઔર કરુણાભાવ સહિત હૈં,...'** રાગનો અંશ છે ને જ્યાં સુધી ત્યાં સુધી મુનિને પરની કરુણા હોય છે. છે રાગ. પણ એને પરને મારવાનો કે ધ્વંસ કરવાનો ભાવ હોતો નથી. દયાનો ભાવ હોય છે, એને રાગનો અંશ છે ત્યાં સુધી. છે એ રાગનો અંશ હોં! કરુણા. પરની કરુણા એ ધર્મ નથી. આહાહા..! રાગભાગ છે, પુણ્યનો ભાગ છે. **'ચારિત્રરૂપી ખડગસે પાપરૂપી સ્તંભકો હનતે હૈં અર્થાત્ મૂલસે કાટ ડાલતે હૈં.'** આહાહા..! ચક્રવર્તીને એક તરવાર હોય છે. એક હજાર દેવ સેવા કરતા હોય. ચક્રવર્તીને સોળ હજાર દેવ (હોય છે), એમાં ચૌદ રત્નના ચૌદ હજાર દેવ હોય અને બે હજાર એના શરીરના રક્ષક હોય. સોળ હજાર. એમાં તરવાર એક

હોય છે અને એક હજાર દેવ સેવા કરતા હોય છે. તરવારની, હોં! એક તરવાર. એવી તરવાર એ હોય કે ઊભા વજ્રના થાંભલા હોય, આમ કાપે તો એ કાકડી કાપે એમ કાપી નાખે. કાકડી સમજો છો? કકડી. વજ્રના થાંભલા, હોં! વજ્ર, આ હીરાના થાંભલા હોય.

એમ કહે છે કે રાગ અને દ્વેષના વિકારી ભાવ એ આત્માના જ્ઞાનરૂપી ખડગ, ચારિત્રરૂપી ખડગ, તીખી ધાર-સ્વરૂપમાં સ્થિરતાની ધાર, એ દ્વારા એ રાગ-દ્વેષને છેદી શકે છે. મોટો થાંભલો કહે છે, જુઓને! પાપરૂપી સ્તંભ. પાઠમાં છે ને. **'सव्वदुरियखंभं' 'सव्वदुरियखंभं'** **'दुरिय'** એટલે પાપનો થાંભલો. થાંભલો. આહાહા..! મૂળથી કાપે છે, કહે છે. ભગવાનઆત્માનું શરણ લઈ આનંદને પડખે જઈ, ચિદાનંદ પ્રભુ આનંદમૂર્તિ છે એને પડખે જઈ, એકાકાર થઈ અને વિકારના દોષને મુનિઓ હણી નાખે છે. ઉપદેશમાં શૈલી તો એ આવે ને. બપોરે તો એમ આવ્યું કે હણવું ક્યાં છે? અભાવ જ છે એમાં. દોષનો તો અભાવ છે. એ તો ઉપદેશની શૈલીમાં તો આવે. દોષનો જીવમાં અભાવ છે. બપોરે આવ્યું હતું ને? ભાવ અભાવ, ભાવઅભાવ, અભાવભાવ. ત્યાં સુધી આવ્યું છે. ચાર બોલ આવ્યા છે. શક્તિનું ચાલે છે. હજી બાકી છે. ૩૬મી ચાલી કાલે. ૧૧ બાકી છે. ત્યાં અભાવ.

ભગવાનઆત્મામાં એક અભાવ નામની શક્તિ છે. એ શું? કે દોષનો તો એના દ્રવ્ય-ગુણ-પર્યાયમાં અભાવ છે. આહાહા..! એવો અભાવ નામનો ગુણ છે અનાદિ. અનાદિ ગુણ છે. એ ગુણના ધરનારને જ્યાં પકડ્યો, કહે છે કે પર્યાયમાં વિકારના અભાવરૂપે પરિણમન થાય એવો એનામાં ગુણ છે. પવિત્રપણે પરિણમે એવો એનામાં ગુણ છે. અપવિત્રપણે પરિણમવું એ એનો ગુણ છે નહિ. અપવિત્રતા છે જ નહિ એમ સિદ્ધ કરે છે. અપવિત્રનો તો અભાવ છે. જ્યાં અભાવ છે એ અપવિત્રને નાશ કરવું એ તો (ઉપદેશની શૈલી છે).

મુમુક્ષુ :- ... નાશ કરવાનું...

ઉત્તર :- એ કહ્યું ને. એટલે તો યાદ કર્યું. એ વખતે તો એમ કહ્યું હતું કાલે હજી બપોરે. વળી અત્યારે આ પાછું આવ્યું. એય..! સવારનો ટાઢો પહોર અને બપોરમાં ફેર હશે કાંઈ?

મુમુક્ષુ :- કથનનો તો ફેર છે.

ઉત્તર :- કથનની પદ્ધતિ અનેક પ્રકારે હોય. એનો હેતુ શું એ સમજવો જોઈએ. હણાય છે તો આત્માની એકાગ્રતા દ્વારા હણાય જાય એટલે ઉત્પન્ન થતું નથી. એટલે એનું પરિણમન જ થતું નથી. એને અહીંયાં હણે છે એમ કહેવામાં આવે છે. આહાહા..! શૈલી તો શૈલી શાસ્ત્રની. વીતરાગમાર્ગની શૈલી અલૌકિક છે.

અહીંયાં કહે છે કે દોષરૂપે ન થાય એવો તો એનો અભાવ નામનો ગુણ છે. વસ્તુની દૃષ્ટિ થતાં સમકિતીને અને મુનિને દોષરૂપ તો પરિણમન થતું જ નથી. એને દ્રવ્ય, ગુણ અને પર્યાય નિર્મળ કહીએ. અહીંયાં કહે છે કે દોષરૂપી થાંભલાને જ્ઞાની હણી નાખે. ઉપદેશના વાક્યો છે. સમજાણું કાંઈ? એય.! 'વજુભાઈ'! થાંભલો હશે એની પાસે ત્યાં. પુણ્યરૂપે ન થવું એવો તો ગુણ છે એનામાં. ગુણનો થાંભલો છે ભગવાન. પુણ્ય-પાપરૂપે ન થવું એવો તો

એનામાં ગુણ છે. હવે થયો છે સ્તંભ એને કાપે છે એનો અર્થ શું? એ તો ઉપદેશની શૈલી એમ જ આવે. વ્યવહારના ઘણા પ્રકાર. એને ભગવાનઆત્મા અનાકુળ આનંદનો નાથ, એમાં ડૂબકી મારતા આનંદ જે વધે છે, શાંતિ વધે છે એમાં એ દોષની ઉત્પત્તિ થતી નથી, એ દોષને હણે છે એમ કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? '**મૂલસે કાટ ડાલતે હૈં.**'

**ભાવાર્થ :– 'પરદ્રવ્યસે મમત્વભાવકો મોહ કહતે હૈં.**' પરદ્રવ્યનો મમત્વભાવ. સ્ત્રી મારી, શરીર મારું, કુટુંબ મારું, નાત મારી, દેશ મારો, દીકરા મારા, દીકરી મારી, જમાઈ મારા, વેવાઈ–વેવલા મારા. આ બધા મોહ મિથ્યાત્વભાવ છે. '**મદ – જાતિ આદિ પરદ્રવ્યકે સંબંધસે ગર્વ...**' લ્યો! જાતિ આદિનો ગર્વ થાય. અમે ઉત્તમ જાતિના છીએ, ઉત્તમ કુળના છીએ, અમે ઉત્તમ પદવીના છીએ, ઈશ્વરદશામાં એ ઈશ્વરની મોટપ. અમલદાર અધિકારી છીએ. અમારી પદવીને રાજ તરફથી આટલું માન મળે છે, ફલાણું છે. એવા જે અભિમાન એને ગૌરવ કહીએ. 'ગર્વ હોનેકો મદ કહતે હૈં.' મદને ગર્વ કહીએ એમ કહે છે. મદને ગર્વ કહીએ. જાતિનું, કુળનું, બળનું, અરે..! શેના ગર્વ, બાપા! જાતિ કુળ ઈ તારા છે જ ક્યાં? તારી જાતિ તો આનંદ સિદ્ધની જાતિ છે. એમાં વળી આ જાતિનો ગર્વ એ તો મિથ્યાત્વભાવ છે.

'**ગૌરવ તીન પ્રકારકા હૈ – ઋદ્ધિગૌરવ, સાતા ગૌરવ ઔર રસગૌરવ. જો કુછ તપોબલસે અપની મહંતતા લોકમેં હો...**' કાંઈક તપસ્યા અથવા પુણ્યને કારણે બહારમાં મોટપ હોય મોટપ. '**ઉસકા અપનેકો મદ આવે,...**' જુઓ! અમે મોટા છીએ, ખુરશી અમારી પહેલી પડે, અમને મોઢાઆગળ પહેલા બેસાડે. સમજાણું કાંઈ? આ બધા અભિમાનના ઝેર છે કહે છે. અભિમાનના અફીણ પીને અમલ ચડ્યો છે એને. સમજાણું કાંઈ? '**અપની મહંતતા લોકમેં હો...**' લોકમાં હોય એમ કહે છે. '**ઉસકા અપનેકો મદ આવે,...**' જુઓ! અમારું કુળ, જુઓ! અમારા પૈસાવાળાને. કેવી અમારી પેદાશ, અમારા મુનિમો કેવા, અમારી બાયડી કેવી, એના છોકરા કેવા, એના વેવાઈ કેવા, સાળાના સાળા પરણે તોપણ કેવા મોટા, એવી અમારી આબરૂ અને એવા અમે ઊંચા કૂળના. મરી ગયો હવે સાંભળને! એ ક્યાં તારું હતું? સમજાણું કાંઈ?

'**અપનેકો મદ આવે, ઉસમેં હર્ષ માને...**' પ્રભુમાં આનંદમાં હર્ષ છોડી આમાં હર્ષ માનવો એ તો મિથ્યાત્વભાવ છે. સમજાણું કાંઈ? કેમકે આનંદ તો આત્મામાં છે. એને ઠેકાણે પરપદાર્થની કંઈ પણ અનુકૂળતા દેખીને હરખ કરવો એ મિથ્યાત્વભાવ છે. આહાહા..! સરકારમાં નામ પહેલું આવે, જે.પી. ચડાવે. શું જે.પી. કહે છે? ઈલકાબ. હમણા કો'કનું આવ્યું હતું કાલે છાપામાં. કો'કને જે.પી. કર્યો હશે કાંઈક. કાલે હતું આપણે જૈનમાં ક્યાંક. '**વહ ઋદ્ધિગૌરવ હૈ.**'

'**યદિ અપને શરીરમેં રોગાદિક ઉત્પન્ન ન હો...**' નીરોગી હોય, વર્ણ સારો હોય, કંઠ સારો હોય વગેરે. એનો એને મદ થાય, સુખ ઊપજે. હવે એ તો ધૂળ છે તારી. શરીરને

નીરોગતા એમાં શું સુખ છે? મરતા આમ ૮૦ વર્ષ થયા પણ કોઈ દિ' સૂંઠ ચોપડી નથી માથે. એમ વાતું કરવા બેસે નવરા. કોઈ દિ' સૂંઠ ચોપડી નથી. તો શું છે પણ હવે? એમાં અભિમાન શેના કરે છે? એ તો જડ છે. સમજાણું કાંઈ? આટલા વર્ષ થયા પણ કોઈ દિ' માથે કાંઈ ચોપડ્યું નથી. કોઈ દિ' ગંઠોડા ખાધા નથી. દવા અમે નાડીએ ચડાવી નથી. રોગ થાય તો લે ને દવા? તો શું છે પણ? એના એને અભિમાન હોય, ખુશી-ખુશી બતાવતો હોય, વાતું કરે. મૂઢ છે કહે છે. સમજાણું કાંઈ? રોગી તો આવતા હશે ને દવાખાને? કાંઈ નીરોગી આવતા હોય? નીરોગી ઘરે આમ અભિમાન કરે બેઠા-બેઠા. હોંશીયારી લઈને આખો દિ' ફર્યા કરે. અમે તો કોઈ દિ' શીશી લીધી નથી. ઘરમાં શીશીનું નામ નહિ. એવી અમારી (તંદુરસ્તી). અને ખાવા-પીવાનું ધ્યાન બહુ રાખીએ ને એટલે અમને (કાંઈ ન થાય). ધૂળેય ધ્યાન રાખે તો ન થાય, સાંભળને! ખાવા-પીવાનું બહુ ધ્યાન રાખીએ એટલે રોગ આવે નહિ.

ઘણા વર્ષ પહેલાની વાત છે. 'લાઠી'માં હતા એક. નામ નથી આપવું. ડોસા ચાલે તો આમ હળવે-હળવે, હળવે-હળવે ચાલે. આમ ધીમે ધીમે. શરીરમાં રોગ કાંઈ નહિ. કફ-બફ કાંઈ નહિ. શરીર નીરોગી. મને એમ થયું કે આ હળવે-હળવે ડોસા કેમ ચાલે છે? બીજાને પૂછ્યું આમ કેમ? એ હળવે-હળવે ચાલે છે એમાં નીરોગતા વધી રહે. કીધું, આ શરીર સારું છે. 'લાઠી'ના કોણ છે? 'ત્રિભુવનભાઈ' છે કે નહિ? 'ત્રિભુવન' નથી આવ્યા? ... 'ત્રિભુવન વિઠલ' એ હતા. ડોસા હતા. ઉંમર મોટી ૮૦ની. શરીરમાં રોગ નહિ, કાંઈ નહિ, રાતી રાયણ જેવું શરીર. કીધું, આ આમ હળવે હળવે કેમ ચાલે છે? કો'કને પૂછ્યું તો કહ્યું કે એને હળવે હળવે ચાલવામાં શ્વાસ તો ઓછા લેવાય અને નીરોગતા ટકી રહે. આયુષ્ય વધે. બરાબર હશે? શું હશે આમાં?

મુમુક્ષુ :- પ્રભુ! એવું કાંઈ છે જ નહિ.

ઉત્તર :- નહિ? આયુષ્ય વધે નહિ? શ્વાસ થોડા લે તો.

મુમુક્ષુ :- ના. આયુષ્ય વધે એ આત્માને આધીન છે જ નહિ. ઈ જેમ થવાનું હોય એમ થાય એમાં એ આમ હળવે-હળવે કરે કે ગમે ઈ કરે એમાં કાંઈ વધ-ઘટ થાય નહિ.

ઉત્તર :- નહિ? આહાહા..!

**'શરીરમેં રોગાદિક ઉત્પન્ન ન હોં તો સુખ માને તથા પ્રમાદયુક્ત હોકર અપના મહંતપના માને...'** બસ, એય ખાઈ-પીને લહેર. અમે તો બસ નળીયા પીળા થાય ત્યારે ઊઠે. તડકા-બડકા ચડે ત્યારે ઉંઘ ઉડે. અમે તો લહેર કરીએ છીએ સુખમાં.

મુમુક્ષુ :- નળિયા સોનાના થાય.

ઉત્તર :- સોનાના કીધા. નળિયા સમજો છો? નળિયા નથી કહેતા? .. શું કહેવાય? સૂરજ ઊગે છે ને? પછી પીળા થાય ને? સૂર્ય ઊગે ત્યારે પીળા થાય ત્યારે જાગે ભાઈ સાહેબ. આઠ વાગે, સાડા આઠ વાગે. .. કરતો-કરતો. એવો .. સૂતો હોય મજાનો. અમે

સુખી છીએ બધી રીતે. ધૂળમાંય નથી, સાંભળને! દુઃખીનો દાળીયો છો. શેકાઈ ગયો છો દુઃખમાં. ભગવાનઆત્મા કોણ છે એની તો તને ખબર નથી. અને બહારના સુખમાં ગર્વ કરે એ અભિમાનીઓ છે કે મંહતપણા માને. લ્યો!

'**યદિ મિષ્ટ–પુષ્ટ રસીલા આહારાદિક મિલે...**' પુડલા મળે આમ દરરોજ ખાવાના. શું કહેવાય ઓલા? સાટા મળે. ગળ્યા–મોળા સાટા ઘીમાં તળેલા. અને પચી પણ જાય. '**ઉસકે નિમિત્તસે પ્રમત્ત હોકર શયનાદિક કરે...**' દૂધપાક સારી રીતે ખાધો હોય તો ઊંઘે. ઘેન ચડે દૂધપાકનું. ભેંસના દૂધનો દૂધપાક હોય સરખો. અને નાખ્યું હોય ઓલું શું કહેવાય? જાયફળને? જાયફળ નાખે. જાયફળ નાખે અને પછી શેર–દોઢ શેર ચડાવ્યો હોય. એય.. ઊંઘે બાર વાગે. દિવસના બારે સૂવે અને બે વાગે ઊઠે. બબ્બે કલાક સૂવે. સાતા–સાતા. ધૂળમાંય નથી. માળા, સાંભળને! એ તો રાગ છે, પ્રમાદ છે. આહાહા..!

કબીરની છે ને એક કડી? કબીરની એક કડી છે. 'સુખીયો સબ સંસાર ખાય–પીકે સોયે, દુખિયો દાસ કબીર જબ જાગે તબ રોવે.' આ તો દુકાન ઉપર કડી આવી હતી ને. જૈન સમાચારમાં એમ આવ્યું હતું. ચોપડી આવી હતી. (સંવત) ૧૯૬૪–૬૫ની સાલની વાત છે. જૈન સમાચાર મગાવતા દુકાન ઉપર. પત્ર જૈન સમાચાર હતું. 'વાડિલાલ મોતીલાલ' 'અમદાવાદ'વાળાનું. એમાં એક આપે ને ભેટ પુસ્તક? એ પત્ર મગાવતા. કબીરની. તે દિ'ની આ કડી છે. ૧૯૬૪–૬૫. તમે તો ઓલા ભવમાં ક્યાંક હશો. 'સુખીયો સબ સંસાર ખાય–પીકે સોયે, દુખિયો દાસ કબીર જબ જાગે તબ રોવે.' અરે..! બે ઘડી નકામી ગઈ. ઉંઘમાં બે ઘડી મારા આત્મામાંથી નકામી ગઈ. કબીરનું. વૈરાગી હોય ને. કષાય મંદ. તત્ત્વની વસ્તુ આખી બીજી છે. હવે એની તો ખબર હોય નહિ. શું કરે? કહો, સમજાણું કાંઈ? ઓલો બે ઘડી, ચાર ઘડી સૂઈને ઊઠે ઓહો આજ તો બહુ શાતા છે. કબીર કહે છે કે સૂઈને ઉઠ્યો ત્યાં અરે..રે..! મારી બે ઘડી નકામી ગઈ. નિંદ્રામાં ગઈ, આત્માનું કાંઈ થયું નહિ. બહુ ફેર પણ હોં! દુનિયાને અને ધર્મને ફેર ભારે.

વળી, '**નિમિત્તસે પ્રમત્ત હોકર...**' મિષ્ટ, પુષ્ટ. પુષ્ટ જોયું! સાલમપાક હોય ઊંચા, દૂધપાક હોય, અડદિયા–અડદિયા. લ્યો! હમણા હતો ને અહીં અડદિયો. અડદિયા હોય અડદિયા. અડદિયા સમજો છો? અડદના હોય છે ને લાડવા? ઘઉંના લાડવા બનાવે, અડદના બનાવે. ચણાનો લોટનો લાડુ. લાડુ એટલે મેસુબ. એ જુદા જુદા નામ આપ્યા છે. બધી ધૂળ છે. '**નિમિત્તસે પ્રમત્ત હોકર શયનાદિક કરે...**' શયન આદિ એટલે? સૂવે, રમતે ચડે, ગંજીપે રમે, શાતા અનુકૂળ. ચડ્યા હોય રાતના બાર–બાર વાગ્યા સુધી ગંજીપે રમે. મૂરખના જામ આવા કાળ ગાળે. આહાહા..! એ બધા અભિમાનીઓ છે, કહે છે. ઉજાગરા થાય તોપણ અમને રોગ ન આવે. અમારું શરીર એવું છે. અમારું શરીર એવું છે. હવે શરીર કે દિ' તારું હતું? એ તો જડનું છે, માટીનું છે. ત્રણ–ત્રણ દિ' ઉપરાઉપર ઉજાગરા થાય તોપણ અમને કાંઈ થાય નહિ. માથુ દુઃખે નહિ. એમાં શું છે પણ હવે? એ તો શરીરની સ્થિતિ જડની.

એમાં અભિમાન શેના તને? આહાહા..! આ તો સૂક્ષ્મમાં સૂક્ષ્મ દોષોનો પણ પ્રકાર તો સમજાવે ને? એ ગૌરવરહિત હોય.

'**મુનિ ઈસપ્રકાર ગૌરવસે તો રહિત હૈં ઔર પરજીવોંકી કરુણાસે સહિત હૈં;...**' કોઈ જીવની એકેન્દ્રિયથી માંડી કોઈને દુઃખ થાય એવો ભાવ હોય નહિ. '**ઐસા નહીં હૈ કિ પરજીવોંસે મોહમમત્વ નહીં હૈ ઈસલિયે નિર્દય હોકર ઉનકો મારતે હૈં,...**' એમ નહિ એમ કહે છે. શું કહે છે? '**પરજીવોંસે મોહમમત્વ નહીં હૈ...**' પરજીવથી મમતા નહિ માટે હવે નિર્દયથી એને હણવું એમ હોય નહિ. એમ કહે છે. પરજીવ તો પરજીવ છે. મારે અને એને સંબંધ શું છે? '**પરજીવોંસે મોહમમત્વ નહીં હૈ ઈસલિયે નિર્દય હોકર ઉનકો મારતે હૈં, પરંતુ જબ તક રાગ અંશ રહતા હૈ તબ તક પર જીવોંકી કરુણા હી કરતે હૈં,...**' દેખો! રાગ અંશ રહે ત્યાં સુધી એ કરુણા કરે. એ રાગ છે ને? એ ધર્મ નથી પણ રાગનો અંશ છે. આહાહા..! '**પર જીવોંકી કરુણા હી કરતે હૈં, ઉપકારબુદ્ધિ રહતી હૈ.**' રાગ છે ને? ત્યાં સુધી ઉપકારબુદ્ધિ રહે. છૂટી જાય રાગ એટલે વીતરાગ થઈ ગયો પછી એ રાગ હોતો નથી. '**ઈસપ્રકાર જ્ઞાની મુનિ પાપ જો અશુભકર્મ ઉસકા ચારિત્રકે બલસે નાશ કરતે હૈં.**' દેખો! સ્વરૂપની રમણતા દ્વારા એવા વિકારભાવને ઉત્પન્ન થવા દે નહિ. થવા દે નહિ એટલે કે થાય નહિ એમ. ભારે વાત.

---

**आगे कहते हैं कि जो इसप्रकार मूलगुण और उत्तरगुणोंसे मंडित मुनि हैं वे जिनमतमें शोभा पाते हैं:–**

**गुणगणमणिमालाए जिणमयगयणे णिसायरमुणिंदो।**
**तारावलिपरियरिओ पुण्णिमइंदुव्व पवणपहे।।१६०।।**

**गुणगणमणिमालया जिनमतगगने निशाकरमुनींद्रः।**
**तारावलीपरिकरितः पूर्णिमेन्दुरिव पवनपथे।।१६०।।**

**તારાવલી સહ જે રીતે પૂર્ણેન્દુ શોભે આભમાં,**
**ગુણવૃંદમણિમાળા સહિત મુનિચંદ્ર જિનમત ગગનમાં. ૧૬૦.**

**अर्थ :– जैसे पवनपथ (–आकाश) में ताराओंकी पंक्तिके परिवारसे वेष्ठित पूर्णिमाका चन्द्रमा शोभा पाता है, वैसे ही जिनमतरूप आकाशमें गुणोंके समूहरूपी मणियोंकी मालासे मुनीन्द्ररूपी चंद्रमा शोभा पाता है।**

**भावार्थ :– अट्ठाईस मूलगुण, दशलक्षण धर्म, तीन गुप्ति और चौरासी लाख उत्तरगुणोंकी मालासहित मुनि जिनमतमें चन्द्रमाके समान शोभा पाता है, ऐसे मुनि अन्यमतमें नहीं हैं।।१६०।।**

---

## ગાથા-૧૬૦ ઉપર પ્રવચન

**'आगे कहते हैं कि जो ईसप्रकार मूलगुण और उत्तरगुणोंसे मंडित मुनि हैं वे जिनमतमें शोभा पाते हैं :-'** આહાહા..! વીતરાગમાર્ગમાં આવા ધર્માત્મા હોય છે બીજે હોઈ શકતા નથી, એમ કહે છે. સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ વીતરાગ પરમાત્મા તીર્થંકરદેવ કેવળીએ ત્રણકાળ ત્રણલોક જોયા. એણે જે વસ્તુનું સ્વરૂપ કહ્યું. કેમકે ધર્મનું મૂળ તો સર્વજ્ઞ છે. સર્વજ્ઞ જેના મતમાં નથી એના મતમાં એકેય વસ્તુ સાચી હોતી નથી. સમજાણું કાંઈ? આહાહા..! ત્રણકાળ ત્રણલોક જેણે આત્માની પર્યાયમાં જાણ્યા નથી, એવો આત્માનો સ્વભાવ જેણે સ્વીકાર્યો નથી. એના મતમાં ધર્મ કોઈ દિ' હોઈ શકે નહિ, એમ કહે છે. જુઓને! ચાલે છે ને આ બધું? 'મુંબઈ'માં. 'રજનીશ'નું. મજા પડે છે, રસ પડે છે. એ કહી શકાતું નથી. કહો, આવા ને આવા. અરેરે..!

## પ્રવચન નં. ૧૬૦, ગાથા-૧૬૦ થી ૧૬૨, સોમવાર, માગશર વદ ૧૫, તા.૨૮-૧૨-૭૦

ભાવપાહુડ. ૧૬૦ ગાથાનો ભાવાર્થ છે. અહીંયાં મુનિ ચારિત્રવંત કેવા હોય? એની શ્રદ્ધા કરાવે છે.

મુમુક્ષુ :- સમકિતની વાત કરી?

ઉત્તર :- એની વાત ચાલે છે. એની શ્રદ્ધા. મુનિ કેવા હોય? એની આ શ્રદ્ધા કરાવવાની આ ગાથા છે. અને જેને સમ્યગ્દર્શન થાય એને ઉત્તમમાં ઉત્તમ જગતના પદો છે એ પ્રાપ્ત થાય એ પછી કહેશે. મુનિપણું વીતરાગમાર્ગમાં આત્માનો સમ્યક્ અનુભવ, શુદ્ધ ચૈતન્યનો આનંદનો અનુભવ નિર્વિકલ્પ થઈને પ્રતીતિ થવી એનું નામ સમ્યગ્દર્શન છે. લોકો માને એ સમ્યગ્દર્શન નથી. સમ્યગ્દર્શન ઝીણી ચીજ છે, અપૂર્વ છે. અનંતકાળમાં એણે બધું દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, એવું અનંતવાર કર્યું પણ એણે સમ્યગ્દર્શન પ્રગટ કર્યું નથી. એવા પુણ્યના ભાવ કર્યા તો મિથ્યાત્વસહિત સ્વર્ગાદિમાં જાય. પાછા ત્યાંથી નીકળીને પશુ આદિ ઢોર થઈને નરક અને નિગોદમાં જાય. 'છગનભાઈ'! ભારે કામ આવું!

સમ્યગ્દર્શન એ એવી અપૂર્વ ચીજ છે કે એકવાર એનો પત્તો લાગ્યો આત્મા શુદ્ધ આનંદ (છે), એ દયા, દાન, વ્રતના વિકલ્પો રાગ છે એનાથી એ ભિન્ન તત્ત્વ છે. એના ભાનમાં અનુભવ થઈ સમ્યગ્દર્શન થાય. એના પછી એને મુનિપણું કેવું હોય એની વ્યાખ્યા છે. અઠ્ઠાવીસ મૂળગુણ હોય એને. ભાવાર્થમાં છે. અઠ્ઠાવીસ મૂળગુણ હોય છે. પંચમહાવ્રત, એકવાર આહાર, અચેલ-વસ્ત્રરહિત રહેવું એવા એના અઠ્ઠાવીસ મૂળગુણ છે, વીતરાગમાર્ગના અનાદિના. સમજાણું કાંઈ?

મુનિ હોય સાચા એને આત્મજ્ઞાન થયેલું હોય, એ ઉપરાંત એને અઠ્યાવીસ મૂળગુણ ચારિત્રની રમણતાસહિત હોય. ચારિત્ર એટલે સ્વરૂપમાં રમવું, અતીન્દ્રિય આનંદના વેદનનો અનુભવ કરવો એનું નામ ચારિત્ર છે. એ ચારિત્રની ભૂમિકામાં અઠ્યાવીસ મૂળગુણ હોય. પંચમહાવ્રત, ઊભા ઊભા આહાર, એકવાર આહાર, અચેલપણે વસ્ત્ર વિના રહેવું એવો ભગવાનનો માર્ગ અનાદિનો એ છે. 'મોહનભાઈ'! આ તો બધું નવા સાંભળ ને બધા. અત્યાર સુધી અમે વસ્ત્રપાત્રવાળાને સાધુ માનીએ છીએ ને. એવું નથી, ભાઈ! ફેરફાર થઈ ગયો છે મોટો. વીતરાગમાર્ગ, જે અનાદિ વીતરાગ સર્વજ્ઞ માર્ગ પરમેશ્વરનો કહેલો, એ માર્ગ મહાવિદેહમાં તો ધોખ માર્ગ ચાલે છે.

કહે છે, એને '**અઠ્યાવીસ મૂળગુણ, દશલક્ષણ ધર્મ,...**' ઉત્તમ ક્ષમા આદિ વીતરાગ-વીતરાગ, વીતરાગતા જેને પ્રગટી હોય છે. જેને વસ્ત્રનો એક ધાગો હોતો નથી. જેને બીજો પરિગ્રહ તો શેનો હોય? '**તીન ગુપ્તિ...**' મન, વચન અને કાયા ગોપવ્યા. સ્વરૂપમાં લીનતા કરતા હોય છે. આનંદમૂર્તિ ભગવાનઆત્મામાં જે બહારથી ગુપ્ત થઈને અંદરમાં લીન થાય છે. '**ચૌરાસી લાખ ઉત્તરગુણોં...**' હોય છે. લાંબી વ્યાખ્યા છે. ઈત્યાદિ '**ગુણોંકી માલાસહિત...**' એવા ગુણની માળાવાળા, એને વીતરાગ શાસનમાં મુનિ કહેવામાં આવે છે. '**જિનમતમેં ચંદ્રમાકે સમાન શોભા પાતા હૈ,...**' જેમ ચંદ્રમા હજારો તારાઓથી વેષ્ટિત, પરિવેષ્ટિત શોભે છે એમ આવા મુનિ અનંતગુણની માળામાં વીતરાગમાર્ગમાં હોય છે. બીજે એવા હોતા નથી. બીજે એવા કોઈ હોતા નથી. અન્યમતમાં ભલે નગ્ન થાય, બાવા જંગલમાં રહે, પણ વીતરાગમાર્ગની દૃષ્ટિ અને ભાન વિના એ બધા ખોટા સાધુ છે. સમજાણું કાંઈ? સર્વજ્ઞપદ જેમાં નથી અને તે પણ સર્વજ્ઞ સર્વજ્ઞ તરીકે એને ત્રણકાળ ત્રણલોક જાણવામાં આવે એવો જેનો સ્વભાવ છે, એમણે જે ત્રણકાળ ત્રણલોક જોઈને ધર્મ કહ્યો એ જિનવીતરાગમાં જ એવો ધર્મ છે. એવો ધર્મ બીજે (હોય નહિ). અન્યમતિમાં, વેદાંતમાં, વિષ્ણુમાં ક્યાંય એ વાત હોતી નથી. સમજાણું કાંઈ? '**જિનમતમેં ચંદ્રમાકે સમાન શોભા પાતા હૈ.**' એમ ભાષા આચાર્યે કરી છે. આ છેલ્લી ગાથાઓ છે ને?

'કુંદકુંદાચાર્ય' મહામુનિ દિગંબર સંત હતા. સંવત ૪૯. ભગવાન 'કુંદકુંદાચાર્ય મહારાજ', જે 'કુંદકુંદાચાર્ય' સીમંધર ભગવાન બિરાજે છે અત્યારે મહાવિદેહ ક્ષેત્રમાં ત્યાં ગયા હતા. ભગવાન બિરાજે છે અત્યારે પણ. બે હજાર વર્ષ પહેલા હતા અને અત્યારે એ છે અને હજી તો અબજો વર્ષ રહેશે. સીમંધર ભગવાન તીર્થંકરદેવ, જેને વિહરમાન ભગવાન કહે છે ને? એ મહાવિદેહમાં અત્યારે બિરાજે છે. મોજૂદ છે. દેહ છે, સમવસરણ છે, વાણી નીકળે છે. તીર્થંકરપદે છે અરિહંત. મહાવીર ભગવાન આદિ તો સિદ્ધપદે થઈ ગયા. એને હવે શરીર નથી. એ તો અશરીરી સિદ્ધ થઈ ગયા. ભગવાન અરિહંતપદે બિરાજે છે. આવતી ચોવીસીના તેરમાં તીર્થંકર અહીંયાં થશે ત્યારે મોક્ષ પધારશે. એમની પાસે 'કુંદકુંદાચાર્ય' ગયા હતા. બે હજાર વર્ષ પહેલા. આઠ દિ' રહીને આ શાસ્ત્રો રચ્યા.

'કુંદકુંદાચાર્ય' કહે છે કે ભગવાનનો તો આ સંદેશ છે. પરમાત્મા એમ કહે છે. જેને આત્મદર્શન પહેલું થયું હોય-સમ્યગ્દર્શન. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા એ સમ્યગ્દર્શન નહિ, એ તો રાગ છે. નવ તત્ત્વની ભેદવાળી શ્રદ્ધા એ પણ સમ્યગ્દર્શન નહિ. સમજાણું કાંઈ? ઝીણી વાત છે, ભાઈ!

સમ્યગ્દર્શન એ આત્માનો સ્વભાવ જે હતો એને ભાનમાં લાવ્યો, અનુભવમાં પ્રતીતમાં આ ચૈતન્યમૂર્તિ આનંદ અને શુદ્ધ છે, એવી શુદ્ધતાના ભાનમાં શુદ્ધતા પ્રગટી એમાં પ્રતીત થઈ કે અહો..! આત્મા આખો શુદ્ધ જ છે. એમાં અશુદ્ધતા, દયા, દાન, વ્રતના વિકલ્પ પણ એના સ્વરૂપમાં છે નહિ. એવું અંતરમાં ભાન થઈને પ્રતીત થવી એનું નામ સમકિત છે. એ અનંતકાળમાં એણે પ્રગટ કર્યું નથી. એ જિનમતમાં આવા મુનિ શોભે. '**ઐસે મુનિ અન્યમતમેં નહીં હૈ.**' છે? એવા અન્યમતમાં હોઈ શકે નહિ.

---

**आगे कहते हैं कि जिनके इसप्रकार विशुद्ध भाव हैं वे सत्पुरुष तीर्थंकर आदि पदके सुखोंको पाते हैंः–**

**चक्कहररामकेसवसुरवरजिणहराइसोक्खाइं।**
**चारणमुणिरिद्धीओ विसुद्धभावा णरा पत्ता।।१६१।।**

**चक्रधररामकेशवसुरवरजिनगणधरादिसौख्यानि।**
**चारणमुन्यर्द्धी विशुद्धभावा नराः प्राप्ताः।।१६१।।**

**ચક્રેશ, કેશવ, રામ, જિન, ગણી, સુરવરાદિક સૌખ્યને,**
**ચારણ મુનીન્દ્રસુઋદ્ધિને સુવિશુદ્ધભાવ નહરો લહે. ૧૬૧.**

**अर्थ :– विशुद्ध भाववाले ऐसे नर मुनि हैं वह चक्रधर (–चक्रवर्ती, छह खंडका राजेन्द्र) राम (–बलभद्र) केशव (–नारायण, अर्द्धचक्री) सुरवर (–देवोंका इन्द्र) जिन (तीर्थंकर पंचकल्याणक सहित, तीनलोकसे पूज्य पद) गणधर (–चार ज्ञान और सप्तऋद्धिके धारक मुनि) इनके सुखोंको तथा चारणमुनि (जिनके आकाशगामी आदि ऋद्धियाँ पाई जाती हैं) की ऋद्धियोंको प्राप्त हुए।**

**भावार्थ :– पहिले इसप्रकार निर्मल भावोंके धारक पुरुष हुए वे इस प्रकारके पदोंके सुखोंको प्राप्त हुए, अब जो ऐसे होंगे वे पावेंगे, ऐसा जानो।।१६१।।**

---

## ગાથા-૧૬૧ ઉપર પ્રવચન

'**આગે કહતે હૈં કિ જિનકે ઈસપ્રકાર વિશુદ્ધ ભાવ હૈં વે સત્પુરુષ તીર્થંકર આદિ પદકે સુખોંકો પાતે હૈં :-**' શું કહે છે? જેને આ આત્મા પુણ્ય અને પાપના શુભ-અશુભભાવ જે વિકાર છે, એનાથી રહિત આત્મા શુદ્ધ વીતરાગમૂર્તિ આત્મા છે, એની જેને શ્રદ્ધા-જ્ઞાન અને શુદ્ધભાવ જેને પ્રગટ્યો છે, સમ્યગ્દર્શન પ્રગટ્યું એ શુદ્ધભાવ પ્રગટ્યો છે. આહાહા..! એ '**વિશુદ્ધભાવ હૈં વે સત્પુરુષ તીર્થંકર આદિ પદકે સુખોંકો પાતે હૈં.**' એ નામ દે છે બધા.

**चक्कहररामकेसवसुरवरजिणहराइसोक्खाइं।**

**चारणमुणिरिद्धीओ विसुद्धभावा णरा पत्ता।।१६१।।**

**અર્થ :-** '**વિશુદ્ધ ભાવવાલે ઐસે નર મુનિ હૈં...**' મુનિ આદિ, સમકિતી આદિ હોય ભલે. સમજાય છે? જેને આવા વિશુદ્ધ ચૈતન્યના આનંદના ભાવ પ્રગટ્યા છે. ચૈતન્યનો અતીન્દ્રિય આનંદનો ઉગ્ર સ્વાદ જેને પ્રગટ્યો છે. આત્મામાં અતીન્દ્રિય આનંદ છે. એ અતીન્દ્રિય આનંદનો જેને સ્વાદ-અંતરમાં વેદન પ્રગટ્યું છે એને શુદ્ધભાવ કહેવામાં આવે છે. શબ્દો પણ સાંભળ્યા ન હોય આ શું હશે? ભગવાન જાણે. 'છગનભાઈ'! આહાહા..!

કહે છે, જેને આવા વિશુદ્ધભાવ હોય એ '**વહ ચક્રધર (ચક્રવર્તી, છહ ખંડકા રાજેન્દ્ર)...**' થાય. અહીં એમ કહેવા માગે છે કે જેને આત્મા ભગવાને કહ્યો એવો અનુભવના સ્વાદનું ભાન નથી, સ્વાદ આવ્યો નથી એવા જીવ ગમે તેવી દયા, વ્રત, પૂજા, ભક્તિ આદિ કરે પણ એને ચક્રવર્તીપદ ન મળે. કેમકે એ દૃષ્ટિ મિથ્યાત્વ છે એની. આહાહા..! સમજાણું કાંઈ? શ્રેણિકરાજા, જુઓ! ભગવાન વખતે શ્રેણિકરાજા થઈ ગયા ને? ભગવાનના પરમભક્ત. આત્મજ્ઞાની સમકિતી, ક્ષાયિક સમકિતી. શ્રેણિક રાજા. એણે પહેલાં મુનિ સાચા સંતની વિરાધના કરેલી તેથી ૩૩ સાગરનું આયુષ્ય નરકનું બાંધેલું. ૩૩ સાગરોપમનું. પણ એની રાણી હતી એ સમકિતી, જૈન સમકિતી આત્મભાન (સહિત), હોં! જૈન એટલે વાડો એમ નહિ. એને આત્માનું ભાન અંદર પ્રગટેલું. રાણી સ્ત્રી હતી. એના નિમિત્તે એ મુનિ પાસે સમકિત પામ્યા હતા. શ્રેણિકરાજા પહેલા બૌદ્ધ ધર્મી હતા. એ આત્માનું જ્ઞાન-ભાન થયું. ત્યારે એણે ૩૩ સાગરની જે સ્થિતિ પહેલી સાધુની અશાતનામાં બાંધેલી એ તોડી નાખી. ચોર્યાસી હજાર વર્ષની રહી ગઈ. ચોર્યાસી હજાર. ઓલું અસંખ્ય અબજ વર્ષનું આયુષ્ય બાંધ્યુ હતું નરકનું. સાચા સંત આત્મધ્યાની-જ્ઞાની આનંદમાં રમતા હતા. એવા મુનિને મરેલો સર્પ ડોકમાં નાખ્યો હતો. તો કીડીઓ કરોડો થઈ અને ખોખું બન્યું હતું. એનું એને પાપ બહુ લાગેલું. ૩૩ સાગરની સ્થિતિ. પણ એને આત્મજ્ઞાન તે જ મુનિ પાસે સમકિત પામ્યા. ધર્મ.

ઓહો..! આ આત્મા પરમાનંદની મૂર્તિ છે. એમાં દુઃખ અને વિકલ્પની ગંધ નથી.

કર્મ તો નથી, શરીર તો નથી ભગવાનઆત્મામાં, પણ એમાં પુણ્ય અને પાપ, દયા, દાન, વ્રત, ભક્તિના વિકલ્પ ઊઠે રાગ એ પણ સ્વરૂપમાં છે નહિ. આહાહા..! ઝીણી વાતું ભારે. એવું એને અંતરમાં ભાન થયું, પછી ભગવાનના સમવસરણમાં ગયા, મહાવીર પરમાત્માના. ત્યાં એણે તીર્થંકરગોત્ર બાંધ્યું. એ સમકિતનો પ્રતાપ છે એમ કહેવું છે. સમજાણું કાંઈ?

સમકિતરૂપી વિશુદ્ધભાવ જેને પ્રગટેલો. ત્યાગ નહોતો, ચારિત્ર નહોતું, હજી હજારો રાણીઓ હતી, રાજપાટમાં હતા. છતાં સમ્યગ્દર્શન પ્રગટેલું એને લઈને જન્મ મરણને કાપી નાખ્યા, ચોર્યાસી હજાર વર્ષની સ્થિતિ નરકની રહી ગઈ. આયુષ્ય બંધાણુ એ તો ભોગવ્યે જ છૂટકો. લાડવો બાંધ્યો હોય લાડવો, એ તો પછી ખાધે છૂટકો. એમાંથી ઘી કાઢીને પૂરી ન તળાય એમાંથી. એમાંથી લોટ કાઢીને રોટલી ન થાય. હા, એ લાડવો હોય એમાં ઘી નાખવું હોય તો નખાય ઉપરથી. અને કાં સૂકવવું હોય તો બે-ચાર દિ' સુકવાય. પણ લાડવામાંથી ઘી કાઢીને રોટલી થાય કે એવું થાય એમ બને નહિ. આમ એકવાર આયુષ્ય બંધાઈ ગયું હોય એ આયુષ્ય ન ફરે, ગતિ ન ફરે. આયુષ્ય ઓછુંવત્તું થાય. સમજાણું કાંઈ? એ ચોર્યાસી હજાર વર્ષની સ્થિતિ રહી ગઈ. આત્મજ્ઞાન પામ્યા.

શુદ્ધ ચિદાનંદ આત્મા સમ્યગ્દર્શનની પવિત્રતા અંદરથી પ્રગટ કરી. બીજું રાજપાટ હતું, ચારિત્ર નહોતું. ભલે ન હો. પણ આ આત્માના જ્ઞાન અને સમ્યગ્દર્શનને લઈને શુભભાવમાં એમણે તીર્થંકરપદ બાંધ્યું. એ નરકમાં ગયા છે પણ ત્યાંથી નીકળીને પહેલા તીર્થંકર થશે. આવતી ચોવીસીમાં પહેલા તીર્થંકર અહીં મહાવીર જેવા હતા, અહીં મહાવીર ભગવાન છેલ્લા, એ થશે પહેલા. 'શાંતિભાઈ'! એ સાંભળ્યું નથી. આ ન સાંભળ્યું હોય બહુ. વિસ્તારથી સાંભળ્યું ન હોય. દુકાનના રસમાં વખત મળે નહિ ને. કહો, સમજાણું કાંઈ? આહાહા..! જુઓ! એ કંઈ ત્યાગ નહોતો, તપસ્યા નહોતી, ચારિત્ર નહોતું. પણ એ સમ્યગ્દર્શન એવી ચીજ છે કે એ લોકોને ખબર નથી કે સમ્યગ્દર્શન કોને કહેવું. સમજાણું કાંઈ?

એ સમ્યક્ અંતરમાં વર્તમાન જ્ઞાનની દશા વડે આખા ચૈતન્યને પકડવો કે જે અનંતકાળમાં એણે પકડ્યો નથી. આહાહા..! એ જે વસ્તુની ગુલાંટ ખાઈને રાગ અને સંયોગ અને અલ્પજ્ઞની રુચિ હતી તે મિથ્યાદષ્ટિ હતો. ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિ, મુનિપણું લઈ લે તોપણ એ મિથ્યાદષ્ટિ છે. કારણ કે એને રાગ ઉપર દૃષ્ટિ (છે). દયા, દાનની ક્રિયા એ મારી એમ દૃષ્ટિ છે. અને અલ્પજ્ઞ પર્યાયનો ઉઘાડ છે તેટલો હું છું એમ માને છે. સમ્યગ્દર્શનમાં એ દૃષ્ટિ ગુલાંટ ખાય છે. અલ્પજ્ઞ રાગ અને નિમિત્ત એ હું નહિ, એમાં હું નહિ, એટલો હું નહિ. આહાહા..! હું તો શુદ્ધ ચૈતન્યદળ (છું). ચૈતન્યનું નૂરનું પૂર આત્મા છે અંદર એકલું. ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્ય.. ચૈતન્યપ્રકાશનું પૂર. એનો સ્વભાવ અંદર પકડી અને અનુભવમાં વેદનમાં શાંતિ અને આનંદ આવે એને સમકિત કહે છે. સમજાણું કાંઈ? અને સમ્યગ્દર્શન વિના શ્રાવક હોય નહિ, સમ્યગ્દર્શન વિના સાધુ હોઈ શકે નહિ. એકડા વિનાના મીંડા એને સંખ્યામાં ગણવામાં આવે નહિ. સમજાણું કાંઈ?

'મોહનભાઈ'! આહાહા..!

**'ચક્રધર...'** ચક્રવર્તી થાય, જુઓ! ભરત ચક્રવર્તી. ઋષભદેવ ભગવાનના પુત્ર. પહેલા તીર્થંકર હતા ને ઋષભદેવ ભગવાન? એ ચક્રવર્તી ભરત થયા. એ પૂર્વે સમકિત પામેલા, આત્મધ્યાન થયેલું. એમાં પુણ્ય બંધાઈ ગયું (તો) એ ચક્રવર્તી થયા. ઋષભદેવ ભગવાન તીર્થંકર, એમના પહેલા પુત્ર ભરતચક્રવર્તી. જેના ઘરે છન્નું હજાર તો પદ્માણી જેવી રાણીઓ. છન્નું કરોડ પાયદળ, છન્નું કરોડ ગામ. છતાં આત્મજ્ઞાન અને ભાન હતું. 'શાંતિભાઈ'! એ ઝીણી ચીજ છે. ત્યાગ નહોતો પણ આત્મદર્શન હતું. અને પૂર્વે સમ્યગ્દર્શન પામેલા તો આ ચક્રવર્તી પદ હોય. સમ્યગ્દૃષ્ટિ વિના એકલા મિથ્યાદૃષ્ટિ વ્રત, નિયમ અને પુણ્ય આદિ કરે એને ચક્રવર્તી પદ મળે નહિ. કોઈ દેવ આદિ હલકા પદ મળે અને પછી ચાર ગતિમાં રખડે. આહાહા..! સમજાણું કાંઈ?

કહે છે, વિશુદ્ધભાવથી ચક્રવર્તી થાય, છ ખંડનો રાજેન્દ્ર. એનુ ફળ બતાવે છે. જ્યાં સો કળશી અનાજ થાય ત્યાં સો ભરોટા ખડ સાથે હોય. ખડ-ખડ-ઘાસ. .. પાકે દાણા. સો કળશી દાણા પાકે જે ખેડુને, એને ખડ તો ભેગું હોય જ. સમજાણું કાંઈ? એમ ધર્મી જીવને આત્મ સમ્યગ્દર્શનની ભૂમિકામાં એને તો કણસલા પાક્યા છે એમાં. પણ ભેગા પુણ્ય આવી જાય એ ખડ છે, પુણ્ય એ. એ પુણ્યના ખડના ફળમાં ચક્રવર્તી થાય, એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? જેની ઋદ્ધિ સાંભળી જાય નહિ એટલી તો ઋદ્ધિ! સોળ-સોળ હજાર તો જેની દેવ સેવા કરે. ઈન્દ્રો તો જેના મિત્રો હોય ચક્રવર્તીના. ઈન્દ્રોં, હોં! આવીને સિંહાસનમાં બેસે જોડે મિત્ર થઈને. આહાહા..! એવું સમકિત જેને આત્મદર્શન પહેલું થયું હોય એને વચ્ચે આવા શુભભાવ આવે એને ચક્રવર્તી પદ બંધાઈ જાય.

મુમુક્ષુ :- લાભ થાય ને?

ઉત્તર :- એનાથી લાભની અહીં વાત નથી. અહીં તો (એમ કહેવું છે), આવા બહારની સામગ્રીની ઉત્કૃષ્ટતા પણ સમકિતી જીવને હોય છે. અજ્ઞાનીને એવા પદ હોતા નથી. એમ સિદ્ધ કરવું છે. એ કાંઈ સુખ છે નહિ એમાં ચક્રવર્તી પદમાં. એ તો બહારની ઋદ્ધિ છે મોટી. સારા દાણા પાકે એના રાડા પણ બહુ ઊંચા હોય. હેં! બહુ મીઠા અને ઊંચા હોય. એક ફેરી અલિયાબાળા ગયા હતા ને એકવાર. 'જામનગર' ગયા હતા ને જ્યારે પહેલા (સંવત) ૧૯૯૦ની સાલમાં. 'અળિયાબાળા' છે ને? ત્યાં ગયા હતા. માણસ સામા આખી ઓલી આવી હતી. ૯૦ની સાલની વાત છે. સ્પેશ્યલ આવી હતી. 'જામનગર' આખું રેલ. ૧૫૦૦ માણસ આવ્યું. એનો રિવાજ છે એ લોકોનો સાધુની સામે આવવાનો. પછી ખૂબ માણસમાં એક જણો લાવ્યો મોટું રાડુ બાજરાનું. બાજરો થાય ત્યાં મોટો. એ રાડું આવડું. બાજરો એટલો. રાડુ એટલું કસદાર અંદર. આવા રાડા મોટા અને આટલું એ નહિ. આ તો રાડુ જ આખું મોટું બધું. એના ઉપર દાણા... દાણા... દાણા... દાણા... આટલું કોરું હતું નાનું, બસ. બાકી ઉપર બધું લાબું ડાળ. એ કાંઈક નવી જાતનો બાજરો થાય છે. 'અલિયાબાળા'માં જોયું હતું. 'જામનગર'માં છે ને? ભાઈ 'શાંતિભાઈ'! ચાર

ગાઉ.

મુમુક્ષુ :– ... ડૂંડું થાતું.

ઉત્તર :– નાનું અને બાકી બધો બાજરો હતો. એનું નામ કાંઈક કહેતા. પણ અમને ખબર નથી. આ તો ૯૦ની સાલની વાત છે.

એમ સારા દાણા હોય એના રાડા પણ ઊંચા હોય. એમ જેને આત્મદર્શન અને સમ્યગ્દર્શન થયું છે એની ઉજળાઈ ઘણી હોય. પણ એનામાં જે પુણ્ય બંધાય એ પણ જુદી જાતના પુણ્ય–એના રાડા હોય છે. આહાહા..! સમજાણું કાંઈ? જુઓ! આચાર્ય છેલ્લે આ કહેવા માગે છે, જુઓ! ૧૬૧મી ગાથા. આહાહા..! એ રાજેન્દ્ર થાય, છ ખંડનો ધણી. દેવ જેની સેવા કરતા હોય, દેવ જેના મિત્રો હોય, લ્યો! સમજાણું? આહાહા..!

ઋષભદેવ ભગવાન અષ્ટાપદ પર્વત ઉપર મોક્ષ પધાર્યા ત્યારે ભરત અને ઈન્દ્ર ત્યાં હાજર થયા. અષ્ટાપદ પર્વત છે ત્યાં ઋષભદેવ ભગવાન પહેલા મોક્ષ પધાર્યા. ભરતને ખબર પડી. ભરત અને ઈન્દ્રો આવ્યા ત્યાં. ભરત આમ જોવે છે ભગવાનને દેહ છૂટેલો. આંખમાંથી આસું જાય છે. એ પણ સમકિતી છે. આ ભવમાં મોક્ષ જાવું છે. ભરતને આ ભવે મોક્ષ છે. છતાં ભગવાનને દેખીને આમ. આહા..! અરે..! ભરતનો સૂર્ય આજે અસ્ત થઈ ગયો. જેની પાસે અમે સમાધાન કરતા એ આ ભગવાન ગયા. આ સૂર્ય તો ઊગે અને આથમે. આ તો ઊગ્યો એ અત્યારે ચાલ્યો ગયો. એમ કરીને આંખમાં આંસુ (વહે છે). રાગ છે ને હજી? વીતરાગ નથી. ભાન છે, હોં! કે રાગ એ મારું સ્વરૂપ નથી.

ઈન્દ્ર કહે છે કે, અરે..! 'ભરત'! શું કરવા (રોવે છો)? અમે તો હજી એક ભવ કરવાના છીએ. ઈન્દ્ર કહે છે. અમારે તો હજી એક ભવ છે. ઈન્દ્ર છે ને? શક્રેન્દ્ર. પહેલા દેવલોકનો ઈન્દ્ર. અઠ્યાવીસ લાખ વિમાનનો સ્વામી સમકિતી જ્ઞાની આત્મઅનુભવી છે. અને એની રાણી પણ અનુભવી છે સમકિતી. એ સમકિત શું છે એ લોકને અત્યારે ખબર જ નથી. આ માનીને બેઠા ભગવાન સાચા. એ નહિ. એવું તો અનંતવાર માન્યું. સાંભળને હવે. એલા સમ્યક્ કોને કહેવું એની ખબર ન મળે અને થઈ ગયા ધર્મી. એ રાણી અને એનો પતિ શક્રેન્દ્ર બેય એકાવતારી છે. અહીંથી એક ભવ કરીને મોક્ષ જનારા.

એણે કહ્યું, ભરત જ્યારે ભગવાનને દેખીને રોવે છે, ઈન્દ્ર કહે છે કે અરે..! ભરત! અમારે તો હજી એક દેહ કરવાનો છે. મનુષ્ય થઈને મોક્ષ જઈશું. તારે તો આ દેહમાં મોક્ષ છે. ઈન્દ્ર! ઈન્દ્ર જેવા મિત્ર મોટા ૩૨ લાખ વિમાનના સ્વામી. વિમાનના સ્વામી, હોં! અસંખ્ય દેવના. (ભરત કહે છે), ઈન્દ્ર! ખબર છે મને. મને ખબર છે અમે આ દેહમાં મોક્ષે જવાના છીએ. અમારે બીજો દેહ છે નહિ. આ ભવમાં અમે મોક્ષ જવાના. ચક્રવર્તી, હોં! 'શાંતિભાઈ'! આહા..! મોક્ષ ભગવાને કીધેલો અને પોતાને ખબર છે કે મારે આ છેલ્લો દેહ છે. હું આ ભવમાં જ મોક્ષ જવાનો છું. પણ ભગવાનના પ્રેમથી મને રાગને લઈને આ પ્રકાર થઈ જાય છે. જાણું છું કે રાગ મારી ચીજ છે નહિ. પણ નબળાઈને લઈને આ રાગ આવે છે. આ જ ભવમાં અમારી મુક્તિ છે. હવે અમારે બીજો દેહ છે નહિ. એ

સમ્યગ્દર્શનના પ્રતાપે ચક્રવર્તી પદ મળેલું અને આ ભવમાં એ વખતે પણ સમકિતી હતા. ત્રણ જ્ઞાનના ધણી હતા એ વખતે. સમજાણું કાંઈ? એ ચીજ શું છે લોકોને એની કિંમત જ ન મળે. આ બહારથી દેવ-ગુરુ-ધર્મને માન્યા, આ શ્રદ્ધા કરી, નવ તત્ત્વ માન્યા અને સમકિત છે. અને પછી વ્રત-બ્રત પાળે એ ચારિત્ર. ધૂળેય નથી, સાંભળને! સમકિત પણ નથી, વ્રત પણ નથી અને કાંઈ નથી. થોથા છે બધા. સમજાણું કાંઈ?

અહીં કહે છે ચક્રવર્તી રાજેન્દ્ર થાય. સમ્યગ્દષ્ટિ એના દાણા તો પાકે પણ સાથે ખડ આવા પદના ચક્રવર્તી આદિ પદ મળે એમ કહે છે. સમજાણું કાંઈ? '**રામ (-બલભદ્ર)...**' થાય. 'રામ' છે ને 'રામ'? આ 'રામચંદ્રજી' અને બધા 'બળભદ્રો'. એ બધા ઉત્તમ પદવીવાળા સમકિત પામેલા પહેલાં. આત્મદર્શન અનુભવ થયેલો. પછી એને એવા પુણ્ય બંધાણા તો એમાં બળભદ્ર થાય. એ 'રામ' બળભદ્ર. 'શ્રીકૃષ્ણ' વખતે 'બળભદ્ર' હતા. હતા ને? 'શ્રીકૃષ્ણ' 'વાસુદેવ' હતા. 'બળભદ્ર' હતા ને. 'રામ' પોતે 'બળભદ્ર' હતા. 'રામચંદ્રજી' 'બળભદ્ર' હતા. તે ભવે મોક્ષ ગયા છે. એ 'રામચંદ્રજી'ની પદવી પણ પૂર્વે આત્મદર્શન પામેલા. સમકિત જેને અનંતકાળે નહિ થયેલું એવું થયેલું. એના પદમાં એવા પુણ્ય આવ્યા કે જેને લઈને 'રામ' થયા. જેટલા 'બળભદ્રો' થાય એ બધા પૂર્વના સમકિતી હોય અને પુણ્યમાં એ 'બળભદ્ર' થાય. એવી સમકિતના શુદ્ધભાવનું માહાત્મ્ય છે. એમ વાત કરે છે. અને સમકિત વિના બધા વ્રત ને નિયમ ને તપ ને ચારિત્રના ક્રિયાકાંડ બધા એકડા વિનાના મીંડા છે. સમજાણું કાંઈ?

'**કેશવ (-નારાયણ, અર્દ્ધચક્રી)...**' થાય. આ વાસુદેવ ને એ. એ બધા પૂર્વે સમકિતી પામેલા. 'શ્રીકૃષ્ણ' 'વાસુદેવ' અર્ધચક્રી. આઠ-આઠ હજાર દેવ જેની તહેનાતમાં હોય. એ બધા પહેલા સમ્યગ્દર્શન (પામેલા). 'શ્રીકૃષ્ણ' 'બળભદ્ર'ની સાથે 'લક્ષ્મણ' એ બધા અર્દ્ધચક્રી કહેવાય. ત્રણ ખંડના ધણી. ચક્રવર્તી છ ખંડના ધણી. આ ભરતના ત્રણ ખંડના ધણી. એ બધા સમકિતી પૂર્વે હતા. સમ્યગ્દર્શન આત્માના ભાન વિના એવા પુણ્ય કોઈ દિ' બંધાય નહિ. અજ્ઞાનીને એવા પદ હોય શકે નહિ એમ કહે છે. એને મોક્ષ તો મળશે જ, પણ એને વચમાં પુણ્ય રહ્યું એમાં આવા પદ એને પ્રાપ્ત થાય છે. આત્માના સમકિતના શુદ્ધભાવના ફળમાં આવી ભૂમિકામાં બંધાશે. સમજાણું કાંઈ? કેશવ નારાયણ. આહાહા..!

'**સુરવર (-દેવોંકા ઈન્દ્ર)...**' થાય. સમ્યગ્દષ્ટિ દેવના ઈન્દ્ર થાય. સાધારણ દેવ ન થાય એ. મહાપુણ્ય બંધાઈ જાય. અત્યારે શક્રેન્દ્ર (છે), કીધું ને. શક્રેન્દ્ર સમકિતી છે, જ્ઞાની છે. ભગવાનના સમવસરણમાં મહાવિદેહમાં પરમાત્મા બિરાજે છે એના સમવસરણમાં આવે છે. એની પત્નીને લઈને. બેય જણા પતિ-પત્ની અને ઘણા દેવો લાખો-કરોડો લઈને (આવે છે). ભગવાનની ભક્તિ (કરે છે). સમજે છે કે એ ભગવાનની ભક્તિ છે એ શુભરાગ છે. પણ રાગ વિનાની મારી ચીજ છે એનું એને ભાન છે. આહાહા..! સમજાણું કાંઈ? જૈનના વાડામાં જન્મ્યા પણ જૈનપણું કોને કહેવું એની ખબર નથી. કરિયાતાની કોથળી, ઉપર

લખ્યું સાકર. ચાલીસ રૂપિયાની મણ. અંદર કરિયાતું. નામ લખ્યું સાકર એટલે કરિયાતા કડવા મટી જાય? એમ નામ અમે જૈન છીએ, અમે આ પંથી. કોને કહેવા જૈન? સમજાણું કાંઈ?

કહે છે કે જેને એ પુણ્ય અને પાપ, શુભ-અશુભભાવ પણ જે મારા નથી અને જેનો વીતરાગભાવ મારો આખો છે એ હું છું એવી અનુભવદૃષ્ટિ થાય એને સમ્યગ્દૃષ્ટિ અને એને ધર્મની શરૂઆત કહેવામાં આવે છે. આહાહા..! એ વિના બધા એકડા વિનાના મીંડા છે. સમજાણું કાંઈ? 'જિન કહી તીર્થંકર...' થાય. છે? 'તીર્થંકર પંચકલ્યાણક સહિત,...' થાય. સમ્યગ્દૃષ્ટિ હોય એ તીર્થંકર થાય. મિથ્યાદૃષ્ટિ ગમે તેવા વ્રત ને નિયમ પાળે, તપસ્યા કરીને સુકાઈ જાય, મરી જાય તોપણ એ તીર્થંકર ન થાય. ષોડશકારણ ભાવના આવે છે ને? સોળ ભાવના. એ તીર્થંકર પણ સમ્યગ્દર્શન જેને,... તીર્થંકરપણું પામે એ ભાવ છે અપરાધ, પણ એ ભાવમાં એને તીર્થંકરપણાની પદવી મળે, બસ એટલું. અપરાધ છે. ભારે ગજબ વાત છે. જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ અપરાધ છે, રાગ છે. પણ એવો રાગ સમકિતીને જ હોય, અજ્ઞાનીને હોતો નથી. એમ કહે છે અહીંયાં. સમજાણું કાંઈ?

'(**તીર્થંકર પંચકલ્યાણક સહિત,...**' એમ કહ્યું, ભાઈ! એવો અર્થ (છે). ત્રણ કલ્યાણકવાળા થાય. મહાવિદેહમાં જ્યાં ભગવાન બિરાજે છે ત્યાં કેટલાક તીર્થંકરો મહાવીર ભગવાન આદિ તો પંચકલ્યાણક તીર્થંકર હતા. પંચકલ્યાણક એટલે? એ માતાના ઉદરમાં આવે એ ગર્ભકલ્યાણક થાય, જન્મ કલ્યાણક થાય, દીક્ષા કલ્યાણક, કેવળ કલ્યાણક અને મોક્ષ કલ્યાણક એ પાંચ થાય. પણ મહાવિદેહમાં કેટલાક જીવો એવા હોય છે, ભગવાન કહે છે, કે એ જન્મે ત્યારે કલ્યાણક ન હોય. તીર્થંકરપદ બાંધીને ન આવ્યા હોય. દીક્ષા લીધા પહેલા તીર્થંકરગોત્ર બાંધે. તો એને દીક્ષા, કેવળ અને મોક્ષ ત્રણ કલ્યાણક થાય. અને કોઈ દીક્ષા લીધા પછી તીર્થંકરગોત્ર બાંધે તો કેવળજ્ઞાન અને મોક્ષ બે કલ્યાણક થાય. એવા તીર્થંકરો થાય છે મહાવિદેહમાં. સીમંધર ભગવાન છે એ તો પંચકલ્યાણકવાળા છે. ભગવાન બિરાજે છે ને વીસ તીર્થંકર અત્યારે. પાંચસો ધનુષ્યનો દેહ, કરોડ પૂર્વનું આયુષ્ય. ભગવાન બિરાજે છે. હજી અબજો વર્ષ રહેશે. એ પંચકલ્યાણકવાળા છે. એટલે જ્યારથી જન્મ્યા ત્યારથી ઈન્દ્રોએ એની પંચકલ્યાણકતા ઉજવી હતી. ગર્ભની, જન્મની. સમજાણું?

તો કહે છે કે આવા સમકિતી જીવો, જેને આત્મદર્શન અને આત્માનું ભાન છે, એવા જીવોને પુણ્યભાવ એવો આવી જાય, જેમાં તીર્થંકર થાય અને જેના જન્મમાં ઈન્દ્રો આવીને માતાની સેવા કરે. આહાહા..! પૂજામાં આવે છે, પૂજામાં. ભગવાન જ્યારે જન્મે છે. ઈન્દ્ર આવે છે, ઈન્દ્ર ઉપરથી. ઈન્દ્ર અને ઈન્દ્રાણી લઈને. જન્મે છે એટલે પહેલા પગે લાગે છે. માતા! તને મારો નમસ્કાર! સમજાણું? પછી તીર્થંકરને નમસ્કાર કરે. જનેતા આવા તીર્થંકર પુરુષને, જે સમકિત તો લઈને આવ્યા છે, ત્રણ જ્ઞાન છે આવાને તમે જન્મ આપ્યો. સમજાણું કાંઈ? નમો રત્નકુખધારિણી. ઈન્દ્ર આવીને કહે છે માતાને. હે માતા! આવા

રતનને કૂખમાં રાખ્યા, તને મારો નમસ્કાર છે! સમજાણું કાંઈ? એમ કહે છે.

એ કહે છે માતાને. જુઓ! સમકિતી આત્મદર્શન પામીને તીર્થંકરગોત્ર બાંધેલું. આહાહા..! જન્મતા ઈન્દ્ર એને કહે. 'પુત્ર તમારો ધણી અમારો, તરણતારણ જહાજ રે, માતા જતન કરીને રાખજો એને...' એય..! 'શાંતિભાઈ'! આ પૂજામાં આવે છે. એટલું વળી એને યાદ (છે). ઈન્દ્ર કહે છે. ઈન્દ્ર મહારાજ. એ પોતે એકાવતારી, એક ભવે મોક્ષ જનારા અને આ ભગવાન તો આ ભવે મોક્ષ જવાના. પણ આમ જન્મે છે ત્યારે (આમ) કહે (છે). એ આત્મદર્શન સમકિત પામેલ. એને તીર્થંકરગોત્ર હોય. અજ્ઞાનીને તેતરગોત્ર હોય. આહાહા..!

ઈન્દ્ર એને કહે છે, માતા! 'પુત્ર તમારો ધણી અમારો, તરણતારણ જહાજ રે, માતા જતન કરીને રાખજો એને, તમ પુત્ર અમ આધાર રે.' માતા! જગતની માતા તું. તારો પુત્ર અમારો આધાર છે. તીર્થંકર થશે. કેવળજ્ઞાન પામશે અને મહાઉપદેશથી ઘણા જીવો તરશે. સમજાણું કાંઈ? આહાહા..! એ પદ બધા સમકિતસહિત હોય એમ કહેવું છે અહીં. એમ અહીં આચાર્ય કહેવા માગે છે. જેને સમ્યગ્દર્શન શું હજી એના ભાન ન મળે. હજી સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર કોને કહેવા એની ખબરું ન મળે અને સમકિત-ધર્મ થઈ જાય એને. ધૂળેય નથી, સાંભળને. ધર્મ કોઈ અપૂર્વ ચીજ છે. અપૂર્વ નામ પૂર્વે જેટલું કર્યું એનાથી બીજી જાતની વાત છે આ.

એ સમકિતના સ્થાનમાં '(**તીર્થંકર પંચકલ્યાણક સહિત, તીનલોકસે પૂજ્ય પદ**)' છે. જુઓ! ત્રણલોકમાં પૂજ્ય પદવી છે. એના જેવી પુણ્યપ્રકૃતિ જગતમાં બીજી નથી. એ બધા સમકિતી જીવને એવા રાડા પાકે. છે તો રાડા, હોં! એ કાંઈ ધર્મ નથી. આહાહા..! આ અનાજ નથી કાંઈ. '**ગણધર (-ચાર જ્ઞાન ઔર સપ્તઋદ્ધિકે ધારક મુનિ)**' થાય. ગણધર છે ને ભગવાનના? ગૌતમસ્વામી આદિ. એ બધા પૂર્વે સમકિતી હોય અને કાં અહીં પણ સમકિત પામીને એવા પદ પામે. ઉત્તમ સુખને પામે ધર્મવાળા. ગણધર પદ. તીર્થંકરના દિવાન. તીર્થંકર ભગવાન ધર્મના રાજેન્દ્ર. ધમ્મ-વરચાઉરંત-ચક્કવટીણં આવે છે કે નહિ? નમોત્થુણંમાં આવે છે. નમોત્થુણ કર્યું હોય એને ખબર હોય. નમોત્થુણંમાં આવે છે. નમોત્થુણં અરિહંતાણં ભગવંતાણં આઈગરાણં... નહિ? ધમ્મ-વરચાઉરંત-ચક્કવટીણં, દીવોતાણં, સરણગઈપઈટ્ઠા. અર્થ ન આવડે. દીવા ટાણે સંઘવી પીટ્યા, એમ એક જણાએ અર્થ કર્યો હતો. એનો અર્થ આવો કર્યો હતો એક જણીએ. 'શાંતિભાઈ' ઠીક કહે છે કે એનો અર્થ નથી આવડતો. દીવોતાણં એમાં આવે છે. હે ભગવાન! આપ તો દ્વિપ સમાન છો. સમુદ્રમાં, દરિયામાં જેમ (હોય તેમ). ત્યારે એક બાઈએ, ઓલા વિરોધ હતો ને સંઘવી સાથે, અર્થ આવડે નહિ. દીવા ટાણે સંઘવી પીટ્યા. પણ આમાં ક્યાંથી આવ્યું આ? ઓલો દીવોતાણં, સરણગઈ પઈટ્ઠા આવ્યું ને. અર્થની ખબર ન મળે, ભાન ન મળે અને કહે, અમને ધર્મ થાય. સામાયિક લઈને બેસે, પોષા લઈને બેસે. શું કહેવાય ઓલી ઘડિયાળુ.

ઘડીયા. ઘડી-ઘડી. 'શાંતિભાઈ'! ઓલી રેતીની. બાપા! એ ધર્મ નથી. હજી તને ખબર નથી. સમજાણું? આહાહા..!

**'ગણધર (ચાર જ્ઞાન ઔર સપ્તઋદ્ધિકે ધારક મુનિ)...'** જેના પેશાબ જો બીજાને અડે તો સોના જેવું શરીર થઈ જાય, રોગ મટી જાય. એવી તો ઋદ્ધિ પ્રગટે ગણધરને હોય. એ બધા સમ્યગ્દર્શનની શુદ્ધભાવના ફળ તરીકે હોય છે. **'ઈનકે સુખોંકો તથા ચારણમુનિ...'** થાય. લ્યો ચારણમુનિ. '**(જિનકે આકાશગામિની આદિ ઋદ્ધિયા પાઈ જાતી** હૈ)' મુનિ એવા થાય કોઈ સમકિતી આકાશમાં ચાલે. નીચે ચાલે નહિ. 'આકાશગામિની આદિ ઋદ્ધિયા પાઈ જાતી હૈ કી ઋદ્ધિયોંકો પ્રાપ્ત હુએ.' સમ્યગ્દર્શન શુદ્ધભાવવાળાને અનંત કાળે નહિ પ્રગટેલો શુદ્ધભાવ, એની ભૂમિકામાં આવા પદ સુખના બહારના પ્રાપ્ત થાય. ચારણઋદ્ધિ કહેવાય છે ને? ચારણઋદ્ધિ માથે...

મુમુક્ષુ :- ભગવાનને...

ઉત્તર :- હા, આવ્યા ને. ભગવાનને નથી આવતા? મહાવીર ભગવાન વખતે. મહાવીર ભગવાન દસમા ભવમાં સિંહ હતા. દસમા ભવમાં સિંહ હતા, ભગવાન મહાવીર. અને એક હરણને મારતા હતા. ત્યાં છે આપણે ફોટો. પ્રવચન મંડપમાં. દસમાં ભવ પહેલા એ સિંહ હતા અને ત્યારે હરણને મારીને ખાતા હતા. એમાં ઉપરથી ચારણમુનિ આમ નીકળ્યા. આકાશમાં નીકળેલા. આત્મધ્યાની નગ્નમુનિ આત્મામાં મસ્ત, જેને વસ્ત્રનો ધાગો નહિ અને આત્માના અનુભવની મસ્તી અંદર ચડી ગયેલી. એ આકાશમાં જતા હતા. એમાં ઓલા સિંહને તરાપ મારેલું જોયું. હેઠે ઉતર્યા. સિંહ આમ જોઈ રહ્યો. આ શું? મારી સમીપે માણસ નીકળ્યો હોય તો વયો જાય. આ ઉપરથી જાય અને આ નીચે આવ્યા? સિંહ ઠરી ગયો.

એક મુનિએ કહ્યું, અરે..! સિંહ! તમે તો દસમે ભવે તીર્થંકર થવાના છો. મહાવીર પરમાત્માનો તમારો જીવ છે. હેં! આ તમને! તીર્થંકરના કેવળીઓએ અમને કહ્યું, ભગવાને અમને કહ્યું છે કે સિંહનો જીવ દસમે ભવે તીર્થંકર થશે. આહાહા..! સાંભળે છે. કોણ જાણે ભાષાનું જ્ઞાન થઈ ગયું એને. લ્યો. નહિતો સિંહ હતા જંગલમાં. પણ મુનિ વાત કરે છે એ ખ્યાલ આવી ગયો કે આ આમ કહે છે. આંસુની ધારા વહે છે. ત્યાં ને ત્યાં જાતિસ્મરણ જ્ઞાન પામે અને સમાધિમરણ કરે અને સ્વર્ગમાં જાય છે, લ્યો! આહાહા..! ક્ષણમાં પલટા માર્યા અંદરથી અમે. આહા..! અમે આત્મા સચ્ચિદાનંદ પ્રભુ આનંદના ધામ, કેવળીના કેડાયત અમે છીએ. આહાહા..! એવું અંતરમાં ભાન થઈ ગયું. દસમે ભવે ચોવીસમાં તીર્થંકર થયા. એ બધા સમ્યગ્દર્શન પામે એને આવું પદ હોય. સમ્યગ્દર્શન વિનાના કોઈ તીર્થંકરભાવના ભાવે કે અમે તીર્થંકર થઈએ, એને હોઈ શકે નહિ. લ્યો!

**ભાવાર્થ :- 'પહિલે ઈસપ્રકાર નિર્મલ ભાવોંકે ધારક પુરુષ હુએ...'** પૂર્વે એવા નિર્મળભાવના ધરનારા પુરુષો થયા. **'વે ઈસ પ્રકારકે પદોંકે સુખોંકો પ્રાપ્ત હુએ, અબ જો**

**ऐसे होंगे वे पावेंगे,...**' હવે પણ કોઈ સમ્યગ્દૃષ્ટિ થશે એ પણ આવા પદને પામશે. થયા તે પામ્યા અને થાશે તે પામશે. થયા તે પામ્યા અને થાશે તે પામશે. આહાહા..! કહો, સમજાણું કાંઈ? નિર્મળ ભાવના ધરનારા. આહાહા..!

રાગની એક્તાબુદ્ધિ છે એ ચિત્તની મલિનતા છે એમ કહે છે. ઝીણી વાત બહુ. રાગ છે ને? ચાહે તો શુભરાગ હો. પણ આત્મસ્વભાવની સાથે.. એ ચિત્ત મલિનતા આવી હતી પહેલી આમાં. ચિત્ત મલિનતાની વ્યાખ્યા ઈ છે કે ભગવાનઆત્મા તો શુદ્ધ આનંદનું ધામ છે આત્મા. શુદ્ધસ્વભાવી પ્રભુ આત્મા છે, અત્યારે હોં! એને એક શુભભાવનો રાગનો કણ, એની સાથે એકત્વ કરવું એ ચિત્ત મલિન છે એનું. મિથ્યાદૃષ્ટિપણાથી એનું ચિત્ત મલિન છે. આહાહા..! ભલે પછી દયા, દાન અને વ્રતના પરિણામ પાળતો હોય પણ એનું ચિત્ત મિથ્યાત્વથી મલિન છે. સમજાણું કાંઈ? આહાહા..! અને જેને અશુભભાવ પણ હો. એ આવ્યું હતું, નહિ? ગૃહસ્થાશ્રમમાં સમકિતી પાપસહિત હોય. ભાઈ! આવી ગયું ને? કળશમાં આવી ગયું. ૭૮માં આવી ગયું, જુઓ! માથે છે. ૭૮માં છે.

'**श्रावक सम्यग्दृष्टि हो और गृहस्थाचारके पाप सहित हो तो भी उसके बराबर वह-केवल भेषमात्रको धारण करनेवाला मुनि नहीं है,...**' ભેખ સાધુના ધારણ કર્યા હોય પણ અંદર રાગને ધર્મને માને, પુણ્યને ધર્મ માને, ક્રિયા, દયા, દાન, વ્રતના પરિણામ એ ધર્મ માને તો એ મિથ્યાદૃષ્ટિ છે. અને સમકિતી ગૃહસ્થ હોય અને પાપાચારવાળો હોય તોપણ એના તુલ્ય એ નહિ. એ ઊંચો શ્રાવક છે. છે એમાં, જુઓ! આપણે આવી ગયું છે એ. ૧૫૫ ગાથાનો અર્થ છે.

મુમુક્ષુ :- મલિન એમાં જ છે.

ઉત્તર :- મલિન એમાં જ છે, જુઓને! '**सुमलिणचित्तो**' એ છે. આહાહા..! '**ण सावयसमो**' શ્રાવક જેવો પણ નહિ. સાચો શ્રાવક, હોં! સાચા. જેને સમ્યગ્દર્શન થયું છે એ ભલે પાપના પરિણામવાળો હોય, હિંસા, જૂઠ, ચોરી, ભોગ, વાસના (હોય), છતાં એને આત્મભાન છે. અને આ પાપના ત્યાગ પરિણામ કર્યા હોય દયા, દાનવાળા હોય પણ મિથ્યાદૃષ્ટિ રાગને ધર્મ માને છે. એ મિથ્યાદૃષ્ટિ મુનિ કરતા સમ્યગ્દૃષ્ટિ પાપવાળો પણ ઊંચો જીવ છે. કહો, 'છગનભાઈ'! આવી વાત છે. દુનિયાના માપ જુદા અને જ્ઞાનીના માપ જુદા. આહાહા..!

ઓલા કહે, જુઓ! આ વિષય લેતો નથી, જુઓ! આ એકકોર બેસે છે. જુઓ! આ નિવૃત્તિ લીધી છે, ઊના પાણી પીવે છે, બ્રહ્મચર્ય પાળે. હવે લાખ પાળે નહિ. એની શ્રદ્ધા તો ભ્રષ્ટ છે. દયા, દાન, વ્રતના પરિણામ તો રાગ છે. એને એ ધર્મ માને છે અને ધર્મનું કારણ માને છે. મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? અને સમ્યગ્દૃષ્ટિ રાગથી રહિત આત્માના સ્વભાવનું ભાન છે. પછી ભલે પાપના પરિણામ ચારિત્રદોષના આવે પણ એને મિથ્યાદર્શનનો દોષ છે નહિ. સમજાણું કાંઈ? સલવાણું છે બધું એવું અનાદિનું. ભાન ન

મળે કાંઈ અને માને કે અમે થઈ ગયા ધર્મી. ધૂળેય નથી ધર્મ, સાંભળને!

કહે છે, અહો..! આવા ચક્રવર્તી આદિના સંયોગો..... બાહ્ય સુખની વાત છે ને. એ સમ્યગ્દર્શનના સુખમાં એવો રાગ હોય છે તો એના ફળ તરીકે સમકિતીને આવા પદ પ્રાપ્ત થાય. મિથ્યાદૃષ્ટિ છે. ભલે સાધુ થયો હોય, બહાર જંગલમાં રહેતો હોય, પણ જેને શ્રદ્ધામાં એ ક્રિયાકાંડ એ મારી ચીજ છે અને એ રાગની ક્રિયા પણ મારો ધર્મ છે. મહાવ્રત પરિણામ આદિ છે એ રાગના છે, એ ધર્મના નહિ. આહાહા..! મહાવ્રતના પરિણામ રાગ છે, એને એ ધર્મ પરિણામ માને છે. મૂઢ મિથ્યાદૃષ્ટિ છે. એના બધા પરિણામ એકડા વિનાના મીંડા જેવા છે. આહાહા..! અને સમકિતી ગૃહસ્થાશ્રમમાં હોય. આત્માનું ભાન છે, ઓળખાણ છે અને એને જરી રાગના પરિણામ અશુભ હોય છે. ધંધા હોય છે મોટો કરોડોના, અબજોના. એથી શું? સમજાણું કાંઈ? ધંધો છોડીને બેઠો માટે ધર્મી છે એમ નથી. 'મણિભાઈ'! કાલે કાંઈક કહેતા હતા ને છોડીને બેસે. છોડવાનું નથી, બીજી વાત છે આ. 'નવલભાઈ'! કાલે ભાઈ કહેતા હતા, હું સાંભળતો હતો. છોડીને ઘણું બેસવું છે. 'મણિભાઈ'એ કીધું હતું ને કાલે કહેતા હતા ને. અમારા ખ્યાલમાં આવી હતી વાત. એ છોડવું નહિ. એમ કે આ 'નવલભાઈ' છોડીને બેઠા એમ આપણે છોડવું જોઈએ. એમ નહિ. એય..! 'નવલભાઈ'!

અંદરમાં રાગનો ભાવ જે છે પુણ્ય-પાપ, દયા-દાનનો વિકલ્પ, એને શ્રદ્ધામાંથી છોડવો અને એ મારી ચીજ નહિ, એનું નામ ત્યાગ છે. ભાઈ કાલે બોલતા હતા. વાત આવી, વીતરાગનો માર્ગ આવો છે. આ માટે તો આ ગૃહસ્થાશ્રમની વાત કરી કે ગૃહસ્થાશ્રમમાં સમકિતીને પાપભાવ હોય. હિંસા, જૂઠું, વિષયભોગ, રાણીઓ આદિ હોય. પણ અંદરમાં એ રાગથી ભિન્નનું ભાન છે. એથી તે સમકિતી ધર્મી છે અને જેણે બાહ્ય ત્યાગ કર્યો છે બધો અને અંદરમાં દયા, દાન, વ્રતના શુભભાવને ધર્મ માને છે, એ મારું કર્તવ્ય માને છે. એ મિથ્યાદૃષ્ટિ એકલો પાપી છે. આકરી વાત છે, બાપા! એ કાંઈ ઝટ દઈને પકડાય એવું નથી. 'શાંતિભાઈ'! 'શાંતિભાઈ' હજી પહેલાવહેલા આવે છે ને અહીં તો. બધું ભૂંસડિયો વાળે ત્યારે થાય એવું છે. પોતુ નથી આપતા, છોકરા લખી લીધું હોય ને. પોતુ રાખતા પહેલા હોં! છોકરા નાની ઉંમરના. ડાબલીમાં પોતું રાખે. પહેલા રાખતા. આ તો ૭૦ વર્ષ પહેલાની વાતું છે. ૧૦-૧૧ વર્ષની ઉંમર હતી ને જ્યારે. આ તો ૮૧ ચાલે છે અત્યારે તો. આ તો ૭૦ વર્ષ પહેલા પોતું રાખતા ડાબલીમાં. લખ્યું હોય ને પૂરું એના ઉપર ભૂંસડિયો વાળે. ગયા કાળની માન્યતાને ભૂંસડિયો વાળે તો આ બેસે એવું છે. સમજાણું કાંઈ? આહાહા..!

**'અબ જો ઐસે હોંગે વે પાવેંગે,...'** જુઓ! જે કોઈ પૂર્વે આત્મદર્શન સમકિતી પામ્યા શુદ્ધભાવ, એ જીવોને આવા પદ મળ્યા. ચક્રવર્તીના, ગણધરના, ઈન્દ્રના, તીર્થંકરના, કેશવના, બળભદ્રના આદિ. અને જે કોઈ આ રીતે અત્યારે પણ સમ્યગ્દર્શન પામશે, ધર્મની ઓળખાણ અંતરથી કરશે એ જીવને પુણ્ય આવા થશે એવા પદને એ પામશે. સમજાણું કાંઈ? આહાહા..! એ વાત કરે છે, જુઓ! ૧૬૨. મુક્તિનું સુખ આવું છે એમ કહે છે.

હવે આવા સમ્યગ્દૃષ્ટિ જીવો, એને આવા પદ મળે છતાં એને પછી છોડીને સ્વરૂપમાં ઠરશે, ચારિત્ર લેશે. ચારિત્ર એટલે વસ્તુમાં ઠરવું અંદર આનંદમાં. એને મુક્તિ થશે. એ સિદ્ધપદને પામશે. એ સિદ્ધપદ કેવું હોય એની વ્યાખ્યા કરે છે હવે. નમો સિદ્ધાણં. આવે છે ને? એ સિદ્ધપદ કેવું હોય?

મુમુક્ષુ :- આટલું બધું શીખવું પડે?

ઉત્તર :- આટલું બધું એમાં ક્યાં હતું? બધુ ઊંધું શીખીને બેઠો છે અનાદિનું. સંસારમાં યાદ નથી રાખતો બધી વાતું? ઊંધી કેટલી રાખે છે? એક ઘરમાં દુકાન ત્રણ હોય, પચાસ હજારનો, લાખનો માલ હોય. તો ક્યા ભાવે માલ આવ્યો, કેટલો વેચાણો, અત્યારે ક્યો ભાવ ચાલે છે, નવા કેટલા ભાવનો માલ કેટલો લાવવો, કેટલો છે? બધું યાદ હોય. ત્રણ-ત્રણ પટુ, ચાર-ચાર પટુ યાદ હોય. હજારો રકમું ઉપડી હોય. મોટો મણિયારાનો ધંધા આદિ હોય એને. આ કરિયાણાના ધંધામાં કેટલી એમાં ચીજો બદામ, પિસ્તા બધી અનેક પ્રકારની વખારું ભરી હોય. બધી ત્રણ-ત્રણ, ચાર-ચાર પટુ જ્ઞાન હોય લ્યો. આ ભાવનો માલ તે દિ' આપણે પાંચ એલચીની ગુણ લાવ્યા છીએ. એમાંથી સાડા ત્રણ ખપી છે અને દોઢ પડી છે. એય..! 'શાંતિભાઈ'! એ બધું યાદ રહે છે કે નહિ? ત્યાં રસ છે એટલે રહે છે.

મુમુક્ષુ :- સ્વાર્થ છે એટલે.

ઉત્તર :- એમાં રસ છે. રસ છે. પાછો નવો ભાવ આ ચાલે છે. એની ગુણ એટલી મગાવો. લગનના પ્રસંગ છે, ઘરાક બહુ આવશે.

મુમુક્ષુ :- એ આગળ-પાછળનું ધ્યાન રહે.

ઉત્તર :- એ આગળ-પાછળનું ધ્યાન રહે બધું એને. અમારે 'પાલેજ'માં એમ થાય છે ત્યાં. 'પાલેજ'માં તો પાટીદારોના લગનના પ્રસંગ હોય ને ત્યારે નાગરવેલના પાન બહુ ખપે. ટોપલાના ટોપલા. પાટીદારો ગૃહસ્થ છે 'પાલેજ'માં. ગુજરાતી. એટલે દુકાનોમાં માલ ઘણો લાવવો પડે ત્યારે. એટલો બધો ખપે. ... બધી ખબર રહે. લ્યો, અમારે 'આણંદજી' હતો એને બહુ યાદ રહેતું. આપણને બહુ રસ નહોતો. કરતા પણ બહુ રસ નહોતો અંદર. એને રસ બહુ હતો.

કહે છે કે આ આત્મા આવા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની શુદ્ધતા પામે તો એ શુદ્ધતાના ફળ તરીકે એને મુક્તિના સુખ નામ સિદ્ધના સુખ પ્રાપ્ત થાય. એ સિદ્ધ ભગવાન થાય. એ મુક્તિને પ્રાપ્ત કરે. એ મુક્તિના સુખ કેવા? પહેલા ઓલા બહારના બતાવ્યા. ચક્રવર્તી, ઈન્દ્ર આદિના. આ હવે અંતરના સુખ (બતાવે છે). સિદ્ધમાં અનંત સુખ. લોગસ્સમાં આવે છે. 'સમાહિવરમુત્તમં દિંતુ' લોગસ્સ કર્યો છે? નહિ કર્યો હોય. 'શાંતિભાઈ'! નથી કર્યો. લોગસ્સમાં આવે છે. 'સમાહિવર' હે પ્રભુ! મને સમાધિ (આપો). સમાધિ એટલે આત્માનો આનંદ. વર એટલે ઊંચો. 'મુત્તમં દિંતુ' મને દ્યો. એમ આવે છે. પણ અર્થની ખબર ન હોય ને. 'મણિભાઈ'! લોગસ્સ આવડતું હોય, અર્થની ખબર ન

હોય. ભાઈ ના પાડે છે. કાંઈ ખબર ન મળે. આહાહા..!

મુમુક્ષુ :- અર્થ એટલે તો પૈસા થાય ને એની ખબર હતી.

ઉત્તર :- એ પૈસા ધૂળ છે. પૈસામાં શું હતું? પૈસા જડના અનંત આવ્યા અને ગયા એની સાથે શું આત્માને? ક્યાં પોતે બેઠો ને પૈસા ગયા, ક્યાં પૈસા રહ્યા અને પોતે મરી ગયો. એની સાથે સંબંધ શું છે? લક્ષ્મી તો આ છે. આત્મામાં અનંત આનંદ, અનંત આનંદ જ્ઞાનની લક્ષ્મી પડી છે. એ લક્ષ્મીનો ભંડાર ખોલતા તને આવડે તો તારી પાસે છે. એ સમ્યગ્દર્શનની કુંચીથી તે ખોલાય એવું છે. આહાહા..! સમજાણું કાંઈ?

અજ્ઞાનીના ખજાના બંધ છે. ભાઈએ કીધું હતું ને? 'ન્યાલભાઈ'એ. 'ન્યાલભાઈ સોગાની'એ. અજ્ઞાનીના ખજાના બંધ છે. કેમકે રાગ અને પુણ્યની ક્રિયા મારી એના તાળા માર્યા છે ખજાનાને. 'ન્યાલભાઈ સોગાની' 'કલકત્તા'વાળા. એણે કહ્યું. નામ સાંભળ્યું છે કે નહિ? ઓલું 'દ્રવ્યદૃષ્ટિપ્રકાશ' નહિ. બે ભાગ લીધા ને? એ. વાણિયા ખરા ને. વાણિયાને નાખતા પણ આવડે અને કહેતા પણ આવડે. આ તો એની તમને ખબર છે ને એટલી વાત. એણે કહ્યું છે એક ઠેકાણે. એ 'કલકત્તા'ના દિગંબર ગૃહસ્થ હતા. ઘણા લાખોપતિ. મોટો વેપાર છે. કાપડનો. મોટા ઘણા લાખોપતિ. પણ નાની ઉંમરમાં અહીં આવેલા. બીજી સાલમાં. ૩૪ વર્ષની ઉંમરમાં. ઘણું વાંચેલું, ઘણું બધું વાંચેલું. અને એટલું એક કહ્યું અહીંયાં. ભાઈ! આ જ્ઞાન અને રાગનો વિકલ્પ બે જુદી ચીજ છે. એટલું કહ્યું અને આપણે આ છે ને સમિતિ? રસોડું. ઓરડામાં વયા ગયા. સાંજથી સવાર ધ્યાનમાં બેસી ગયા. આ જે સમકિત કહીએ છે તે ક્ષણમાં પામી ગયા. એક રાત્રિમાં અનુભવ કરી સવારમાં ઊઠી ગયા. રાત્રિ ચાર પહોર ઊંઘ ન લીધી. ધ્યાનમાં અંદર નિર્વિકલ્પ શાંતિ (પ્રાપ્ત થઈ). એમણે પત્રો લખેલા કો'ક ઉપર થોડા, એમાં એક આ લખ્યું છે.

અરે..! અજ્ઞાનીના નિધાન બંધ છે, તાળા માર્યા છે એણે. નિધાન તો પડ્યું છે અંદર, પણ જેણે એ પુણ્ય અને પાપના વિકલ્પ મારા છે એવા એકત્વબુદ્ધિના તાળા માર્યા એના ખજાના બંધ છે. પણ જેણે રાગથી ભિન્ન ભગવાનઆત્મા જોયો, જાણ્યો અને અનુભવ્યો સમકિતીએ એના ખજાના ખુલી ગયા છે. સમજાણું કાંઈ? આહાહા..! એ ખજાના ખોલતા ખોલતા કહે છે સિદ્ધપદને પામે છે. ૧૬૨ ગાથા છે.

---

**आगे कहते हैं कि मोक्षका सुख भी ऐसे ही पाते हैं :–**

**सिवमजरामरलिंगमणोवममुत्तमंपरमविमलमतुलं।**

**पत्ता वरसिद्धिसुहं जिणभावणभाविया जीवा।।१६२।।**

**शिवमजरामलिंगं अनुपममुत्तमं परमविमलमतुलम्।**

**प्राप्तो वरसिद्धिसुखं जिनभावनाभाविता जीवाः।।१६२।।**

**જિન ભાવના પરિણત જીવો વરસિદ્ધિ સુખ અનુપમ લહે,**
**શિવ,અતુલ, ઉત્તમ, પરમ નિર્મલ અજર અમર સ્વરૂપ જે. ૧૬૨.**

**अर्थ :– जो जिनभावनासे भावित जीव हैं वे ही सिद्धि अर्थात् मोक्षके सुखको पाते हैं। कैसा है सिद्धिसुख? 'शिव' है, कल्याणरूप है, किसीप्रकार उपद्रव सहित नहीं है, 'अजरामरलिंग' है अर्थात् जिसका चिह्न वृद्ध होना और मरना इन दोनोंसे रहित है, 'अनुपम' है, जिसको संसार के सुखकी उपमा नहीं लगती है, 'उत्तम'। (सर्वोत्तम) है, 'परम' (सर्वोत्कृष्ट) है, महार्ध्य है अर्थात् महान् अर्ध्य–पूज्य प्रशंसा के योग्य है, 'विमल' है कर्मके मल तथा रागादिकमलसे रहित है। 'अतुल' है, इसके बराबर संसारका सुख नहीं है, ऐसे सुखको जिन–भक्त पाता है, अन्यका भक्त नहीं पाता है।।१६२।।**

---

## ગાથા-૧૬૨ ઉપર પ્રવચન

'**આગે કહતે હૈં કિ મોક્ષકા સુખ ભી ઐસે હી પાતે હૈં :-**' સુખ ભી કેમ કહ્યું? જોયું? ઓલા ચક્રવર્તીને બહારના સુખ કહ્યા હતા ને? એ સમકિતી શુદ્ધભાવવાળો જ એ પામે. એમ મુક્તિના સુખ પણ સમકિતી અને જ્ઞાની અને ચારિત્રવંત પામે. એમ કહેવું છે.

**सिवमजरामरलिंगमणोवममुत्तमंपरमविमलमतुलं।**
**पत्ता वरसिद्धिसुहं जिणभावणभाविया जीवा।।१६२।।**

લ્યો! ઓલા નમોત્થુણંમાં આવે છે. સિવ મલય મરુય મણંત મક્ખ ય મવ્વાબાહમ. અર્થ તો ન આવડતા હોય પણ એમાં આવે છે. જિનભાવના ઘણે ઠેકાણે લીધી છે. બહુ ઠેકાણે. ૮, ૬૮, ૭૨, ૮૮, ૧૩૦. આ શબ્દ બધે પડ્યા છે.

**અર્થ :- 'જો જિનભાવનાસે ભાવિત જીવ હૈં...'** જુઓ! કહે છે કે જેનો આત્મા વીતરાગસ્વરૂપે છે અને એવી દૃષ્ટિ થતાં જેને વીતરાગભાવની જ ભાવના છે. પુણ્ય-પાપના વિકલ્પો ઉઠે એની ભાવના જેને હોતી નથી. એમ કહે છે. આહાહા..! જેને જિનભાવના, જિનસ્વરૂપ આત્મા છે, જિન સોહી આત્મા. એ વીતરાગમૂર્તિ આત્મા અંદર પડેલો પોતે સચ્ચિદાનંદ પ્રભુ છે. એનું જેને ભાન છે એ જિનભાવના ભાવે છે. વીતરાગી ભાવના ભાવે. નિર્દોષ વસ્તુ છે. નિર્દોષ દૃષ્ટિ થઈ છે અને નિર્દોષ દશાની ભાવના કરે છે. એ રાગ આવે એની ભાવના ભાવતો નથી કે આ રાગ થાય અને પુણ્ય બંધાય, એમ કહે છે. સમજાણું કાંઈ? એવા જીવ સિદ્ધિને પામે છે. કેવી સિદ્ધિ એ વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પ્રવચન નં. ૧૬૧, ગાથા-૧૬૨-૧૬૩, મંગળવાર, પોષ સુદ ૪, તા.૨૯-૧૨-૭૦

ભાવપાહુડની ૧૬૨ ગાથા ચાલે છે.

सिवमजरामरलिंगमणोवममुत्तमंपरमविमलमतुलं।
पत्ता वरसिद्धिसुहं जिणभावणभाविया जीवा।।१६२।।

૧૬૨. શું કહે છે?

**અર્થ :-** '**જો જિનભાવનાસે ભાવિત જીવ હૈં વે હી સિદ્ધિ અર્થાત્ મોક્ષકે સુખકો પાતે હૈં.**' એટલે શું કહ્યું? કે આ આત્મા, જે આ શુભ-અશુભભાવ છે-દયા, દાન, વ્રત, ભક્તિ, જપ, તપ આદિના ભાવ એ બધા શુભભાવ છે, એ શુદ્ધ નથી. તેથી તે ધર્મ અને મુક્તિનું કારણ નથી. મુક્તિનું કારણ તો આત્મા શુદ્ધ ચિદ્દ્ઘન વીતરાગમૂર્તિ એની અંતરમાં શુદ્ધતા પ્રગટ કરે, સમ્યગ્દર્શન-જ્ઞાન-શાંતિ વગેરે, એ સ્વભાવને આશ્રયે શુદ્ધતા, પુણ્ય-પાપના ભાવ વિનાની અને પવિત્ર પરિણામ પ્રગટ કરે એ પવિત્ર પરિણામ મુક્તિના સુખનું કારણ છે. સમજાણું કાંઈ? એટલે જિનભાવનાનો અર્થ વીતરાગભાવના. એ પુણ્ય-પાપના ભાવ એ તો રાગ છે. એની ભાવના નહિ. ધર્મીને એની રુચિ પણ હોઈ શકે નહિ. (ભાવ) હો, પણ રુચિ ન હોય એની. એને ધર્મી અને ધર્મ કહીએ. જેને આત્મા શુભ-અશુભ રાગથી ભિન્ન અને પોતાના નિર્દોષ અવિકારી સ્વભાવથી અભિન્ન, એવી અંતરમાં દૃષ્ટિ કરવાથી શુદ્ધતા પ્રગટે એ શુદ્ધતા મુક્તિનું અને ધર્મનું કારણ છે. ભારે વાત! સમજાય છે કાંઈ?

અનંતકાળથી એણે કર્યું નથી. બહારથી બધું માન્યું. ક્રિયા વ્યવહારની જે છે એ ધર્મ છે. એમ માનીને સંસારમાં અનંતકાળથી રખડે છે. એથી અહીં પરમાત્મા કહે છે, '**જિનભાવનાસે ભાવિત જીવ હૈં...**' પહેલી લીટી છે ને? જિનભાવના એટલે વીતરાગભાવના. વીતરાગભાવના નામ રાગરહિત આત્માનું જે શુદ્ધ ચૈતન્યસ્વરૂપ છે એની અંતરમાં એકાગ્રતારૂપી સમ્યગ્દર્શન-જ્ઞાન અને એની ભાવના. વારંવાર વીતરાગ થવા માટે સ્થિરતા સ્વરૂપમાં કરવી એવી જિનભાવના. એનાથી '**ભાવિત જીવ હૈં વે હી સિદ્ધિ અર્થાત્ મોક્ષકે સુખકો પાતે હૈં.**' કહો, સમજાણું કાંઈ? આ તો મુદ્દાની વાત છે. આહાહા..! કોઈ દિ' એણે જાણ્યું નથી, માન્યું નથી, ઓળખ્યું નથી (કે) શુદ્ધ શું છે.

તેથી આચાર્ય મહારાજ કહે છે, '**જિનભાવનાસે ભાવિત...**' આત્માનો સ્વભાવ અકષાય વીતરાગ પૂર્ણ આનંદ અને અનાકુળ શાંતિથી ભરેલો પદાર્થ છે. એની અંતર્મુખની દૃષ્ટિ-જ્ઞાન અને રમણતા એ શુદ્ધભાવ છે. એ શુદ્ધભાવનું ફળ મુક્તિ-સિદ્ધિ-સિદ્ધપદ છે. વચમાં પુણ્ય આદિ આવે એ બંધનું કારણ છે. સમજાણું કાંઈ? '**જિનભાવનાસે ભાવિત જીવ વે હી સિદ્ધ અર્થાત્ મોક્ષકે સુખકો પાતે હૈં.**' આ સંસારના દુઃખનો નાશ કરી એ

શુદ્ધભાવવાળો જીવ પુણ્ય-પાપના ભાવનો નાશ કરી, શુદ્ધભાવવાળો જીવ મુક્તિને પામે. કહો, 'છગનભાઈ'! સમજાણું કાંઈ? એની શ્રદ્ધામાં હજી ઠેકાણા ન મળે, એને ધર્મ ક્યાંથી થાય? અને ધર્મ સન્મુખ રહેવાની રુચિ પણ નથી એને. એને તો આ બધું કરું અને એનાથી મારી કલ્યાણ દશા થશે. એટલે ત્યાંથી એની રુચિ હટતી નથી. આહાહા..!

કહે છે, જેને અંતરમાં વીતરાગતા પ્રગટ કરવી છે ને? વીતરાગતા પ્રગટ કરવી છે એ ક્યાંથી આવશે વીતરાગતા? કાંઈ બહારથી આવશે? એનો સ્વભાવ જ આત્માનો વીત્ નામ રહિત, રાગ રહિત, દોષરહિત એવું એનું ચૈતન્યનો ત્રિકાળી દ્રવ્યસ્વભાવ શુદ્ધ સ્વભાવનો પિંડ આત્મા છે. એમાં વીતરાગતા અને પૂર્ણ સુખ ને બધું પડ્યું છે અંદર. એની સન્મુખની એકાગ્રતાની શુદ્ધતા એ સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર છે. એના ફળ તરીકે આત્માનો જે આનંદ સ્વભાવમાં છે, એ પ્રગટરૂપે આનંદ પૂર્ણ પ્રાપ્ત થાય એને મુક્તિ અને એને સિદ્ધિ કહી.

'**કૈસા હૈ સિદ્ધિસુખ**?' કેવું છે મુક્તિનું, આત્માના આનંદનું સુખ? આત્માના વીતરાગભાવની ભાવના ભાવવાવાળો સિદ્ધિસુખને પામે એ કેવું છે સુખ? '**શિવ હૈ, કલ્યાણરૂપ હૈ,...**' ઉપદ્રવ કાંઈ નથી. સિદ્ધસુખમાં આનંદ... આનંદ... આનંદ.. આનંદ... આ દુનિયાના તો કલ્પેલા સુખ છે મિથ્યાદષ્ટિએ. અજ્ઞાનીને પૈસામાં સુખ છે, શરીરમાં સુખ છે, આબરૂમાં સુખ છે. એ તો મિથ્યાદષ્ટિ મૂઢ જીવ છે. એને જૈન પરમેશ્વરની શ્રદ્ધા નથી. આહાહા..! એ જિનભક્ત નથી. જેને શરીરમાં, પૈસામાં, આબરૂમાં, ભોગમાં, કીર્તિમાં સુખ લાગે, સુખ માને એ જૈન નથી, એ જૈનનો ભક્ત નથી. એ અજ્ઞાનનો અને વિકારનો ભક્ત છે. આહાહા..! ખબર પણ નથી હજી કે હું શું કરું છું અને કેવી મારી માન્યતા, એની ખબર ન મળે. આહાહા..!

કહે છે, '**શિવ હૈ...**' નમોત્થુણંમાં આવે છે શિવ મલયં મરુય.. નથી આવતું નમોત્થુણં? નમોત્થુણં આવે છે ને સાતમો પાઠ? એમાં આવે છે. શિવમલયંમરુય શિવં છે. મીંડુ છે. શિવ મલય મરુય મણંત મક્ખ ય મવ્વાબાહ.. નમોત્થુણંમાં આવે પણ અર્થ પણ ન આવડતા હોય. પાઠ પણ કર્યો ન હોય. 'નેમિદાસભાઈ'! નમોત્થુણં કર્યું છે કોઈ દિ'? અર્થ પણ ન આવડતો હોય, કર્યું હોય તો. ગડિયા હાંકે રાખ્યા હોય. સામાયિક કરે ને જ્યારે નામ? નામ સામાયિક, હોં! વસ્તુ નહિ. વસ્તુ જે આત્મા વીતરાગમૂર્તિ છે એનું તો જ્યાં ભાન નથી, એનામાં સ્વભાવ જ એકલો શુદ્ધ અને આનંદ પડ્યો છે એની તો ખબર નથી, એના તરફના વલણની દશા, તેનું નામ સામાયિક અને પૌષધ છે. એની તો ખબર નથી અને સામાયિક અને પૌષધ થઈ જાય. મીંડા થાય મીંડા એકલા એકડા વિનાના. 'શાંતિભાઈ'!

મુમુક્ષુ :- શાસ્ત્રમાં છે એવું કહે.

ઉત્તર :- બસ, દુનિયા એમ કહે. દુનિયા એમ કહે કે આણે આ કર્યું. શું કર્યું? ધૂળ

કર્યું? 'શાંતિભાઈ'એ સામાયિક કરી. નવરા થઈ અને બેઠા હતા. આહાહા..! એવી તો સામાયિકું અનંતવાર કરી. એ તો રાગની મંદતા મિથ્યાત્વસહિત છે. કારણ કે ઈ જડની ક્રિયા કરું છું એ મારી અને રાગ થાય એ તો વિકલ્પ ઊઠે છે કે આમ કરું. એ તો રાગ છે. રાગમાં ધર્મ માને છે એ તો મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! આ તો વીતરાગમાર્ગ છે. વીતરાગમાર્ગમાં રાગને ધર્મ માને એ વીતરાગ છે નહિ. વીતરાગનો ભક્ત જ નથી, વીતરાગની શ્રદ્ધાવાળો જ નથી. સમજાણું કાંઈ?

કહે છે, **'શિવ હૈ, કલ્યાણરૂપ હૈ,...'** સિદ્ધપદ તો. એકલું ઉપદ્રવરહિત નિર્મળ કલ્યાણનો પૂંજ પ્રભુ છે. એવી પદવીને શુદ્ધભાવવાળો પામે. વળી કેવો છે? **'અજરામરલિંગ હૈ...'** સિદ્ધ પરમાત્મા. **'જિસકા ચિહ્ન વૃદ્ધ હોના...'** અજર એટલે વૃદ્ધ નથી, અમર એટલે મરવું નથી. **'દોનોંસે રહિત હૈં, અનુપમ હૈ,...'** વૃદ્ધા અવસ્થા કે મરવું એ સિદ્ધને છે નહિ. એ બહુ જૂના સિદ્ધ થઈ ગયા એટલે વૃદ્ધાવસ્થા થઈ એને. વૃદ્ધાવસ્થા તો શરીર હોય તો થાય. એ તો આત્મા છે. એકલો 'સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ' આવે છે કે નહિ? લોગસ્સમાં આવે છે. **'અવંમએ અભિથુઆ, વિહુયરયમલા પહીણજરમણા;...'** અર્થ પણ ન આવડતા હોય એને ક્યાં ખબર છે કાંઈ? તુંબડીમાં કાંકરા જેવું છે. આહાહા..!

કહે છે, લિંગ જેને, વૃદ્ધાવસ્થા અને મરણ જેને નથી. એટલે કે આત્માના આનંદની પુષ્ટિ અને એમ ને એમ અમરપણે કાયમ સિદ્ધપદ રહે છે. એનું કારણ શુદ્ધઉપયોગ, શુદ્ધભાવ છે એમ કહે છે. ભાવપાહુડ છે ને? હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ, રળવું, કામભોગ એ બધા પાપના પરિણામ છે. અને દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, નામ સ્મરણ, દાન, જપ, તપ એ બધા ભાવ શુભ પુણ્ય છે. બધા રાગ છે, બેય. આહાહા..!

મુમુક્ષુ :- બેમાંથી ભલો ક્યો?

ઉત્તર :- બેમાંથી એકેય ભલો નથી. રાગ ભલો હોય? સમજાણું કાંઈ? પણ એ ખબર ન મળે. ખબર ન મળે.

એ અહીં કહે છે કે જેને વૃદ્ધાવસ્થા અને મરણ છે નહિ. આત્માનો આનંદ શુદ્ધભાવે જે પ્રગટ્યો એ એમ ને એમ કાયમ એવો ને એવો રહે છે અને જ્યાંથી નાશ થવું એને છે નહિ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આત્મા એકલો રહે છે. અમથો અહીં ક્યાં આત્મા શરીર વિના અહીં રહે છે. શરીર તો જડ છે. આ તો જડમાં શરીર છે. શરીર જડરૂપે રહ્યું છે, આત્મારૂપે નથી. આત્મા આત્મારૂપે ભિન્ન છે જુદો.

મુમુક્ષુ :- અત્યારે શરીરરહિત છે?

ઉત્તર :- શરીરરહિત જ છે અત્યારે. પાણીના કળશામાં પાણી કળશારહિત જ છે. સાંભળ્યું નથી. હજી વ્યવહારની ખબર ન મળે. આ કળશો પાણીનો નથી? કાશી ઘાટનો.

આ પણ કાશી ઘાટનો કળશો છે ને, જુઓને! એ કાશીઘાટના કળશામાં પાણી ભર્યું એ પાણીનો આકાર અને પાણીનું સ્વરૂપ જુદું છે અને કળશાનું સ્વરૂપ જુદું છે. બેય જુદી ચીજ છે. એમ અહીં શરીરમાં જડપણે જુદી ચીજ છે અને અરૂપી જ્ઞાનઘન આત્મા એ જુદી ચીજ છે.

મુમુક્ષુ :- પણ જીવને શરીર છે ખરું ને?

ઉત્તર :- છે જ નહિ. શરીર કેવા? એય..!

મુમુક્ષુ :- જી પ્રભુ! આત્માને જો શરીર હોય તો એનાથી અલગ પડે નહિ.

ઉત્તર :- પડે નહિ. લ્યો ઠીક! એય..! તમારે રોકડીયો જવાબ છે. આત્મા અને શરીર એક હોય અને શરીર જો હોય તો શરીરરહિત આત્મા થાય નહિ. એમ છે નહિ. એય..! 'કમલભાઈ'! 'ધીરૂભાઈ'! છે ને છોકરો? લજવી મારે એવું કેટલાકને? મોટી ઉંમરવાળાને લજવે એવું છે.

કહે છે.. આહાહા..! લિંગ જેને નથી, વૃદ્ધાવસ્થા અને મરણ નથી. જેના શુદ્ધભાવે પ્રગટ્યું છે એ શરીર વિનાના માથે મુક્તિશીલા ઉપર આગળ એથી બહુ દૂર છે, હોં! મુક્તિશીલા બહુ દૂર છે. મુક્તિશીલા ઉપર કાંઈ બિરાજતા નથી. એ તો અરૂપી આ લોકને અગ્રે છે. તદ્દન લોક ચૌદ બ્રહ્માંડ આ છે ભગવાને જોયો, એના છેડે. પાંચસો ધનુષનો દેહ હોય કે સાત હાથનો હોય એ પ્રમાણે ત્યાં, શરીર પ્રમાણે ત્યાં .. પાંચસો ધનુષ્ય હોય. અરે..! અરૂપી ભગવાનઆત્મા એમાં શરીરનો રૂપીનો તો તદ્દન અભાવ છે. અત્યારે. આહાહા..! ભાન ન મળે, ભાન ન મળે. દૂધ અને પાણી બે એક દેખાય ભેગા. ભેગા નથી. દૂધની મીઠાશનો માવો જુદો છે. પાણી જુદી ચીજ છે. એમ આ શરીર જડ, માટી, ધૂળ છે આ તો અજીવ અને આત્મા ભગવાન અંદર જ્ઞાન અને આનંદનું ધામ છે. એણે કલ્પ્યું છે કે પરમાં સુખ છે એવી માન્યતા મિથ્યાત્વ અને દુઃખ છે. આહાહા..!

મુમુક્ષુ :- પરમાં સુખ દેખાય છે ને?

ઉત્તર :- ક્યાં છે? શું છે? ધૂળમાંય નથી. જોવે ને. કટકા કરો શરીરના. છે કાંઈ થોથામાં? પૈસાના કટકા કરો, સુખ લટકે છે એમાંથી? આ તો માટી છે, જડ છે, ધૂળ છે, આ તો અજીવ પુદ્ગલ છે. ભગવાન તો અજીવ થઈને શરીર રહ્યું છે એમ કહે છે અને તું કહે કે મારું થઈને રહ્યું. મૂઢ છો માળા. કો'કની ચીજ આવી નજીકમાં ત્યાં મારી થઈ પડી એમ તેં માની. સમજાણું કાંઈ? ઝવેરીની દુકાનમાં નીકળ્યો 'અમદાવાદ'ના રસ્તામાં, માણેક ચોકમાં. આમ નજરે દેખાય ઝવેરાત તો કહે, આ મારી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બધે એમ છે. આ શરીર, વાણી જડ છે એની મેળે એના આવ્યા છે એ. ત્યાં આ નીકળ્યો અંદરમાં તો કહે, આ મારું.

અહીં તો એનાથી રહિત બીજી વાત છે. શરીર તો હવે ક્યાંય રહી ગયું. આ તો પુણ્ય અને પાપના ભાવ થાય છે એ પણ વિકારી ભાવ છે, એ પણ આત્માનું સ્વરૂપ નથી.

આહાહા..! જેને આત્માનું સ્વરૂપ જાણવું હોય એને માટે આ છે. ધર્મ કરવો હોય તો. એ પુણ્ય અને પાપના વિકલ્પ છે એ રાગ છે. એ રાગથી આત્મા સચ્ચિદાનંદ પ્રભુ સિદ્ધસ્વરૂપ 'સમાહિવરમુત્તમં દિંતુ.' આવે છે ને? લોગસ્સમાં આવે છે. 'સમાહિવરમુત્તમં દિંતુ.' એવું મને આપો. એના અર્થની ખબર ન હોય. સમાધિ–આ આત્માના આનંદની શાંતિ, પુણ્ય-પાપના વિકલ્પ વિનાનું શાંતિનું સ્વરૂપ એ મને પ્રાપ્ત થાઓ એમ માગણી કરે છે. પણ અર્થ પણ આવડે નહિ, ભાવ આવડે નહિ. અનાદિકાળ એમ ને એમ એણે ગુમાવ્યો છે અને હજી એમ ને એમ જાય છે એને. પોતાની ચીજ અંદર પરમાનંદનું ધામ, અતીન્દ્રિય આનંદનો સ્વાદિષ્ટ આત્મા છે. સમજાણું કાંઈ? એવા અતીન્દ્રિય આનંદના સ્વાદને લેતો, જીવ શુદ્ધ ભાવને પ્રગટ કરતો, એ શુદ્ધ ભાવ દ્વારા મુક્તિના સુખની પ્રાપ્તિ થાય. બાકી કોઈ ક્રિયાકાંડથી, પરથી પ્રાપ્તિ થતી નથી. લ્યો!

વળી, કેવા છે ભગવાન? '**અનુપમ હૈ, જિસકો સંસાર કે સુખકી ઉપમા નહીં લગતી હૈ,...**' સિદ્ધ ભગવાન તો સંસારસુખથી બીજી જાતનું સુખ છે એનું. આહાહા..! સુખ માન્યું છે એટલે લોકો માને છે. લોકો મૂર્ખ છે. માને છે કે પૈસામાં સુખ છે. માને એટલે કહે છે કે સંસારી સુખ અજ્ઞાનીએ માન્યું છે એનાથી આ સુખ કોઈ બીજી જાતનું છે. સિદ્ધનું સુખ બીજી જાતનું છે. સંસારના ગૃહસ્થાશ્રમમાં સમકિતી હોય, ચક્રવર્તીનું રાજ હોય. સુખ માનતો નથી ક્યાંય. આહાહા..! ભરત ચક્રવર્તી. શ્રેણિકરાજા, લ્યોને. ભગવાનના ભક્ત હતા, આત્માના ભક્ત હતા. શ્રેણિક રાજા મહાવીર ભગવાનના વખતમાં. આત્માના ભક્ત હતા. શુદ્ધ ચૈતન્યનો હું તો ભક્ત છું. હું રાગનો, પુણ્યનો ભક્ત નથી. એવા શ્રેણિક રાજાને હજારો રાણીઓ હતી, રાજ હતા. હતા નહિ. એ મારા નહિ, એ હું નહિ. મારામાં છે એ એનામાં નથી, એનામાં છે એ કાંઈ મારામાં નથી. આહાહા..! સમજાણું કાંઈ?

શેરડીના સાંઠામાં જેમ એકલો મીઠો રસ ભર્યો હોય ને, એ સાંઠો જડ છે, એમ આ આત્માના આનંદના રસનો સાંઠો ભર્યો છે. કેમ બેસે? કોઈ દિ' ખબર ન મળે ને. સમજાણું કાંઈ? એ શેરડીના છોતા, કૂચા નીકળી જાય અને એકલો રસ રહી જાય અંદર. એ રસ અને છોતા બે જુદા છે. કે એક છે? જો એક હોય તો જુદા પડે નહિ. પીલીને કાઢી નાખે કૂચા, જુદા અને રસ જુદો. એમ આ તો કુચા છે જડ. પુણ્ય-પાપના ભાવ એ કૂચા છે, વિકાર. આહાહા..! અંદર આત્મા તો અતીન્દ્રિય આનંદનો રસકંદ છે. શેરડીનો જેમ રસ મીઠો છે એવો આત્મા આનંદનો મીઠો સ્વાદિષ્ટ આત્મતત્ત્વ છે. ભગવાન જાણે ક્યાં હશે? ખબર ન મળે. ભગવાન તો જાણે જ છે ને. સમજાણું કાંઈ? આહા..!

ધર્મી જીવ પોતાના આનંદનો રસરૂપ આત્મા, એને ચૂસે છે, શુદ્ધભાવે એને સ્વાદે છે. એવા શુદ્ધભાવને ધર્મ કહેવામાં આવે છે. આહાહા..! કાને પડી ન હોય વાત હજી, એમાં ક્યાં પહોંચવું. ઉગમણો આથમણો માર્ગ! આહાહા..! સમજાણું કાંઈ?

કહે છે કે ભગવાનનું સુખ અનુપમ છે. સંસારીના સુખની તો કલ્પના અપાઈ ગઈ. આ

ચક્રવર્તીનું સુખ કેવું? કે આ ઇન્દ્ર જેવું. ઇન્દ્રનું સુખ કેવુ? ફલાણાં જેવું. પણ એ તો કલ્પના, અજ્ઞાનીની કલ્પના છે, સુખ છે નહિ. ઝેર છે. આહાહા..! સ્ત્રીનો વિષય, પૈસાના ઢગલા કરોડો હો, માને કે મને આમાં ઠીક છે. એ કલ્પના છે. એ તો મિથ્યાદષ્ટિની માન્યતા છે, જૈનની માન્યતા એને નથી. જૈનની એને ખબર નથી. જૈન પરમેશ્વર આત્મા કેવો કહે છે. 'છગનભાઈ'! બહુ કામ પણ ભારે, આહાહા..!

કહે છે કે એના સુખની ઉપમા કોને લાગું પડે? હેં! ઘીના સ્વાદની વાત પણ જ્યારે કહી શકાય નહિ. ઘીનો સ્વાદ તો ગળથુથીમાંથી મળ્યો છે. પણ કેવો સ્વાદ? જાણવામાં છે પણ કેવો કહી શકું નહિ. કોના જેવો સ્વાદ. કોના જેવો? સાકર જેવો? ગોળ જેવો, ઘી-કેળા જેવો? એ ખ્યાલ છે કે આવો છે, પણ જગતની કોઈ ચીજ સાથે ઉપમા આપીને કહું એવી ચીજ એ નથી. ઘી જેવાના સ્વાદની ઉપમા ન હોય તો ભગવાનઆત્માના આનંદની ઉપમા તો હોઈ શકે નહિ. આહાહા..! 'શાંતિભાઈ'! ઘીનો સ્વાદ કેવો? લ્યો કહો. ગળથુથીમાંથી મળ્યું છે કે નહિ તમને?

મુમુક્ષુ :- ... એ નથી ખબર પડતી. ઘીના સ્વાદની તો ખબર પડે છે.

ઉત્તર :- ખબર પડે પણ એ કોની જેવો? એમ કહો ને. લાવો આટલા વર્ષ થયા, ૬૪ વર્ષ, ૬૫ વર્ષ કોના જેવો લાવો. વાત એ. એના ખ્યાલમાં આવે કે આવો સ્વાદ. પણ કેવો પદાર્થ છે એની...

મુમુક્ષુ :- ન આવે..

ઉત્તર :- ન આવે સ્વાદ કોઈ રીતે. જ્યારે ઘીના સ્વાદ જડ છે ઘી તો. માટી-ધૂળ છે એ તો. એનો સ્વાદ જડ છે એનો ખ્યાલમાં આવે કે આ જાત છે. છતાં કોઈ પદાર્થ સાથે મેળવી શકાય નહિ. તો સિદ્ધના સુખની વાત શું કરવી? કહે છે. એને ઇન્દ્રના સુખનું ઝેર જેવું સુખ એની સાથે એની ઉપમા અપાય નહિ. આહાહા..! સમજાણું કાંઈ? વસ્તુની ખબર નહિ, વસ્તુની શું ચીજ છે.

સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ વીતરાગદેવે આત્મા કહ્યો. એનું સમ્યગ્દર્શન, એના ફળ તરીકે મુક્તિનું સુખ શું ચીજ છે? દરકાર જ ન મળે કોઈ દિ'. એમ ને એમ અનાદિથી ઊંધી શ્રદ્ધા, મિથ્યાત્વને રવેડે ચડ્યો. ત્યાં ને ત્યાં જન્મ કરે અને મરે ચાર ગતિમાં. શુદ્ધભાવ વિના એને ધર્મ અને મુક્તિ કોઈ દિ' થાય નહિ. સમજાણું કાંઈ? ઉપમા લાગુ ન પડે.

કેવો છે? '**ઉત્તમ (સર્વોત્તમ) (સુખ) હૈ,...**' સિદ્ધના સુખ સર્વોત્તમ. એ તો અપેક્ષાની વાત. બાકી એના જેવું સુખ બીજું ક્યાંય છે નહિ. એ સમ્યગ્દર્શનમાં પહેલું સુખ પ્રાપ્ત થાય એમ કહે છે. ધર્મી જ્યાં સમ્યગ્દૃષ્ટિ થાય ત્યારે પહેલો અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે. જેવો સિદ્ધનો (સુખનો) સ્વાદ છે એવો સ્વાદ આવે ત્યારે એને સમ્યગ્દૃષ્ટિ કહેવાય. નહિતર એને સમ્યગ્દૃષ્ટિ ન કહેવાય. એ તો મિથ્યાદષ્ટિ છે. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :– ન થાય? આ શું આત્મા છે કે નહિ? આત્મા છે કે નહિ? તો આત્મા શુદ્ધ છે તો એનો શુદ્ધોપયોગ થઈ શકે છે. એને ન થાય એટલે દુનિયામાં ન થાય એમ કહેવાય? સમજાણું કાંઈ? શુદ્ધ ન હોય તો ધર્મ નથી. શુભ છે એ ધર્મ છે નહિ. ઝીણી વાત છે, બાપુ! આ તો વીતરાગનો માર્ગ છે, આ તો સર્વજ્ઞ પરમેશ્વરનો (માર્ગ) એ કોઈની સાથે મેળવે પોતાની કલ્પનાથી તો મેળવી શકાય એવો નથી. આહાહા..!

કહે છે કે એ તો સર્વોત્કૃષ્ટ સુખ છે પરમાત્માનું. એવું જ સુખ આત્મામાં ભર્યું છે અનાદિઅનંત. આત્મામાં એ આનંદ ભર્યો છે. સમજાણું કાંઈ? લીંડીપીપરનો દાખલો આપીએ છીએ કે નહિ? લીંડીપીપર છે ને આટલી નાની? પણ ચોસઠપહોરી તિખાશ ભરી છે અંદર. છે કે નહિ? ઘૂંટે ત્યારે આવે છે તો ક્યાંથી આવે છે? પથરામાંથી આવે છે? લીંડીપીપર ચોસઠપહોરી તિખાશ થાય છે ને? ચોસઠપહોરી કહે છે. બહુ શરદી છે તો આપો આટલી જરી. એ ચોસઠપહોરી એટલે ચોસઠ પહોર ઘૂંટે ત્યારે એમાંથી ચોસઠપહોરી નીકળે. અંદરમાં છે એ નીકળે છે. પથરાથી પથરાને ઘૂંટે તો નીકળે? એમાં ક્યાં હતી? આમાં છે. એ પીપરમાં દાણામાં નાનામાં રંગ કાળો અને કદે નાની. છતાં ચોસઠપહોરી એટલે રૂપિયે રૂપિયો અંદર તિખાશ ભરી છે. તો ચોસઠપહોરી પ્રગટ થાય છે. છે એમાંથી આવે છે. એમ આત્મામાં ચોસઠપહોરો આનંદ અને પૂર્ણ જ્ઞાન ભર્યું છે. ખબર ક્યાં છે એને? પીપરની ખબર હોય કે આ પીપરને ઘૂંટે અને નીકળે. પથરાથી ઘૂંટવાથી નીકળતી નથી. એમાં છે તે બહાર આવે છે. ઘૂંટવાથી પ્રગટે તો ચણા અને આ કાંકરા, કોલસા ઘૂંટે નહિ ચોસઠપહોર? વધારે કાળા થાશે. ત્યાં ક્યાં તિખાશ ભરી હતી અંદર? સમજાણું કાંઈ?

એમ આ ભગવાનઆત્મા શરીર પ્રમાણે જુદો આત્મા. પુણ્ય અને પાપના રાગ વિનાનો આત્મા એમાં પૂરો આનંદ અને પૂરું જ્ઞાન ભર્યું છે. આહાહા..! ભગવાન જાણે. અહીં તો લક્ષ્મી બહુ તો બે-પાંચ-દસ કરોડ, પચ્ચીસ કરોડ. .. ક્યાં ગયા? 'પોપટભાઈ' ગયા? ગયા લાગે છે. 'લીંબડી'વાળા. બે અબજ ને ચાલીસ કરોડ રૂપિયા છે. સાંભળ્યું છે કે નહિ? 'ગોવા'માં હતો. એમના બનેવી આવ્યા હતા હમણાં. વયા ગયા લાગે છે. 'પોપટભાઈ' હતા. 'શાંતિલાલ ખુશાલ' છે ને ત્યાં? દશાશ્રીમાળી વાણિયા છે. આપણા 'પ્રેમચંદભાઈ' નહોતા? 'રાણપુર'વાળા, એના મામાના દિકરા છે. બે અબજ રૂપિયા. ચાલીસ કરોડ. આંકડા ગણવા છે ને ધૂળના. '..ભાઈ'! સાંભળ્યું છે કે નહિ? 'ગોવા'માં છે. 'શાંતિલાલ ખુશાલ'. એક સવા લાખની પેદાશ છે દિવસની. એના બનેવી કાલે કહેતા હતા. સવા લાખની એક દિ' ની. એમાં અડધી જાય મજૂરીમાં અને અડધા રહે ઘરમાં મમતામાં. ત્યાં ક્યાં એની પાસે આવે છે? એ તો મમતા આવે છે એની પાસે. દુઃખી છે બધા, ધૂળેય નથી ક્યાંય, સાંભળને! વસ્તુ તો હોય એમ કહે કે ન હોય એમ કહે?

મુમુક્ષુ :– પૈસાની કિંમત તો પૈસાવાળાને હોય ને.

ઉત્તર :– ધૂળમાંય નથી કિંમત પૈસાની. સારા હાર પહેરીને નીકળ્યો બજારમાં ક્યાંક ખુણામાં 'મુંબઈ'ની એવી શેરી હોય ને. પચ્ચીસ-પચાસ હજારનો હાર પહેરીને નીકળ્યો હોય

ગુંડો (આવે). એને પૈસાની કિંમત છે. મારી નાખશે ઓલો. મારી નાખે. પણ ભાઈ સા'બ લઈ જા. કહે ના. પાછો તું મને ઓળખે છો.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- હા. મારી નાખીને લઈ જાવ. એલા પણ આ હીરો. એવું બન્યું હતું. 'મુંબઈ'માં ગલીમાં. બન્યું હતું. એક ગલીમાં નીકળ્યો પચ્ચીસ હજારનું ઓલું લઈને. આ તો ઘણા વર્ષની વાત છે. હીરો. પચ્ચીસ હજારનો હીરો લઈને ઓલા પહેરીને નીકળ્યા. એમાં ખબર હશે ગુંડાને. હવે એ શેરીમાં કોઈ માણસ નહોતા જતા-આવતામાં. એ ગર્યા ત્યાં ગુંડો ગયો અને મારી લઈને ભાગી ગયો. આહાહા..! હીરાની શોભા આંગળીની, એણે કરાવ્યા મૃત્યુ. ધૂળમાંય નથી હવે, સાંભળને! એય..! 'મોહનભાઈ'!

મુમુક્ષુ :- એ તો એક દાખલો છે.

ઉત્તર :- એવા દાખલા તો કેટલાય છે ને. મારી નાખે. જીવતા મારી નાખે. હમણાં નહિ? હમણાં 'મુંબઈ'માં ન થયું? નોકરે મારી નાખ્યા ઘરના બધાને. નોકરે બધાને મારી નાખ્યા પૈસા માટે. આહાહા..! એવું છે, ભાઈ! ધૂળેય નથી કાંઈ. મૂઢ થઈને જ્યાં-ત્યાં સનેપાતિયો થઈને સુખ માને છે. સનેપાતિયો હોય ને સનેપાત? વાત, પિત્ત અને કફનું વકરેલું, એને સનેપાત કહેવાય. સન્નિપાત એટલે ત્રણનું જોડાણ. વાત, પિત્ત અને કફ વકરી જાય ત્યારે દાંત કાઢે એ. સુખી હશે ઈ? બળ આવે છે અંદર, આઠ જણા પકડે એટલું. બળ હશે ત્યાં? ધૂળેય નથી. એ તો રોગનું બળ છે. સમજાણું કાંઈ? '...ભાઈ' સાંભળે કે વાત.. આ છે કે નહિ એવું ભાઈ? સનેપાતમાં દાંત કાઢે છે તો એ સુખી છે? રોગ વધી ગયો છે, ભાન નથી. દાંત કાઢે.

એ તો ભાઈ અમે નજરે જોયેલું. નજરે એટલે ઘણા વર્ષની વાત છે, હોં! ૪૦-૫૦ વર્ષ પહેલાની વાત છે. લીમડે બહાર ઉતરેલા. લીંમડે દુકાન .. અને એમાં લીંબડામાં જુવાન માણસ ૩૨ વર્ષનો. એને સનેપાત થયો. અને એમાં બહાર. અમે ગયા એનું મકાન ત્યાં. એમાં રાડ પાડે, દાંત કાઢે ખડખડાટ. લોકો દેખે, કુટુંબ દેખે હાય-હાય. સવાર નહિ પડે, સવાર નહિ પડે. પણ આ દાંત કાઢે છે ને? આઠ જણા ઝાલે તોપણ ન રહે. ૩૨ વર્ષનો જુવાન હતો હોં! .. ઘણા વર્ષની વાત છે, ૫૦ વર્ષની. મરી ગયો સવારે ત્યાં ખલાસ થઈ ગયો. એ સુખી હતો? દાંત કાઢતો હતો એટલે. એમ આ પૈસા, બાયડી, શરીર દેખીને દાંત કાઢે છે એ સુખી છે? સનેપાત .. છે. મિથ્યા શ્રદ્ધા, મિથ્યા જ્ઞાન અને મિથ્યા આચરણનો. સનેપાતિયો છે. એય..! 'છગનભાઈ'! અહીંયાં શું હોય બીજું? આહાહા..! 'જાદવજીભાઈ'! કેમ હશે? કેમ આ બધા તારા બાપને સુખી કહેવાય છે પૈસાવાળા.

મુમુક્ષુ :- એ તો મૂરખની દૃષ્ટિમાં કહેવાય.

ઉત્તર :- એમ લે! તારા દાદા પૈસાવાળા, તારો બાપ પૈસાવાળો, તારો કાકો પૈસાવાળો.

મુમુક્ષુ :- આત્મા પૈસાવાળો કેવી રીતે હોય?

ઉત્તર :- નહિ? પૈસાવાળો ક્યાંથી આવ્યા? પૈસા તો બહાર રહી ગયા, ધૂળ આઘી. અરે..! એણે ક્યાંના ક્યાંય માન્યું છે ને. એની માન્યતાના કારણે પરિભ્રમણ કરી રહ્યો છે. સાચા તત્ત્વની ખબર ન મળે, સાંભળવા મળે નહિ. ક્યાંકનું ક્યાંક માની ઊંધે કાંધ પડી ચાર ગતિમાં રખડે છે.

કહે છે, ભગવાનના સુખને સર્વોત્તમ કહીએ. એના હારે એવું સુખ કોઈ દિ' મળી શકે નહિ. આહાહા..! દુનિયા ક્યાં.. ધૂળેય નથી. ચક્રવર્તીના રાજ મોટા હોય. એ તો ધૂળના ઢગલા છે. આહાહા..! વિષ્ટાના ઢગલા ઉપર બેસાડ્યો હોય અને સુખી માને એવું છે એ, લ્યો! સમજાણું? નવો ખાટલો કરે ત્યારે કૂતરાને બેસડાતા નથી? ગામડામાં હોય છે. અમારે ત્યાં એવું હતું. નવો ખાટલો કરે ને કાથીનો. ત્યારે પહેલો માણસ ન સૂવે. વહેમ પડે. કારણ કે મરી જાશું તો? ખાટલો સમજ્યા ને? કાથીનો. ગામડામાં (હોય). તમારે ક્યાં છે હવે ત્યાં શહેરમાં ખાટલા-બાટલા હોય નહિ. આ તો ગામડામાં હોય. નવો કાથીનો ખાટલો કરે ત્યારે પહેલો ન સૂવે. પહેલા સૂવા અને બેસવા દે નહિ કોઈને. પહેલો રોટલા નાખે વચમાં અને કૂતરો ઉપર ચડે અને કૂતરો ખાય. પછી રાતે પથારી કરે. એલા..! કૂતરો વધી ગયો તારા કરતા? હેં! આવા વહેમના પૂતળા અને કહે અમારે ધર્મ થાય. ધૂળેય નથી ધર્મ, સાંભળને! વહેમના રંગે રંગાઈ ગયો છો. આહાહા..!

અહીં કહે છે કે આત્મા પોતાના આનંદસ્વરૂપનું જ્યાં ભાન થયું, મારો આનંદ મારામાં છે, મારું સુખ મારામાં છે, મારું જ્ઞાન પૂર્ણ સર્વજ્ઞ થવાની શક્તિ પણ મારામાં છે. એવું જ્યાં સમ્યગ્દર્શનમાં, હજી સમ્યગ્દર્શનમાં, હોં! શ્રાવક-બાવક તો ક્યાંય આઘા રહી ગયા. આ તો બધા વાડાના શ્રાવક એ સાચા શ્રાવક છે નહિ. સમજાણું કાંઈ? સાચું સમકિત થતાં એને આત્માના આનંદ આગળ દુનિયામાં ક્યાંય સુખ ભાસતું નથી. ઈન્દ્રના ઈન્દ્રાસનો સડેલા ઉકરડા જેવા લાગે. ધર્મી એને કહીએ. ઈન્દ્રના ઈન્દ્રાસનો પણ સડ્યા તરણા જેવા દુર્ગંધ લાગે. આહાહા..! એને આત્માની શ્રદ્ધા છે કે આનંદ મારામાં છે. મારો આનંદ પુણ્યના ભાવમાં પણ નથી. પુણ્યના ભાવ કરે એમાં નથી તો આ વળી ધૂળમાં ક્યાં આવ્યો બહારમાં? એવી શુદ્ધતા જેણે અંતરમાં શ્રદ્ધા-જ્ઞાન પ્રગટ્યા છે એ શુદ્ધતાના ફળમાં મુક્તિના સુખ મળે છે. એને ધર્મ કહીએ અને એ ધર્મમાં મુક્તિ છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**પરમ (સર્વોત્કૃષ્ટ) હૈ,...**' પહેલું સર્વોત્તમ કહ્યું. ઉત્તમ કહ્યું હતું ને? અને પછી પરમ સર્વોત્કૃષ્ટ સુખ છે સિદ્ધનું. સમકિતીને સુખ છે પણ થોડું આત્માના આનંદનું. શ્રાવક થાય સાચો શ્રાવક. એને આનંદ ચોથા સમકિત કરતા આનંદ વધી જાય. સમજાય છે? પાંચમા ગુણસ્થાનના શ્રાવક. સાચાની વાત છે ને! આ વાડાની ક્યાં વાત છે? વાડા બાંધ્યા એમાં કાંઈ શ્રાવક થઈ ગયો નામ આપે એટલે. કરિયાતાની કોથળી હોય અને માથે લખે સાકર એટલે કરિયાતુ કડવું મટી જતું હશે? સાકર નામ આપે એટલે. એવા નામ આપે શ્રાવક અને સાધુ. અંદરમાં તો ભાન ન મળે કાંઈ. સમજાણું કાંઈ?

કહે છે, પરમાત્મા સિદ્ધ ભગવાન જે થયા એ એને સર્વોત્કૃષ્ટ સુખ છે. કેમ? કે જેને

આત્મા પરમાનંદની મૂર્તિ છે એવી જેને અંતરમાં સમ્યગ્દર્શનની શુદ્ધતા પ્રગટી છે એવા શુદ્ધતાના ફળમાં એને સિદ્ધના સુખ સર્વોત્કૃષ્ટ પ્રાપ્ત થાય છે. સમજાણું કાંઈ? વળી કેવા છે? '**મહાર્ઘ્ય હૈ અર્થાત્ મહાન અર્ઘ્ય-પૂજ્ય પ્રશંસા કે યોગ્ય હૈ,...**' સિદ્ધ ભગવાનના સુખનું તો શું કહેવું? કહે છે. વચનાતીત સુખ છે. પ્રશંસાને યોગ્ય છે. આ તમારા ધૂળમાં ક્યાંય સુખ નથી એમ કહે છે, શેઠ! આ બધા કહે છે સુખી તમને. બધા કરોડોપતિ હોય, આ પતિ હોય, ધૂળપતિ હોય.

મુમુક્ષુ :- ભ્રમ છે.

ઉત્તર :- ભ્રમ છે. ભ્રમણા છે, ભાઈ! સુખ તો આત્મામાં છે. એ પોતે સુખનો સાગર છે આત્મા. એની ભાન ક્યાં છે એને કાંઈ? અતીન્દ્રિય આનંદથી લવાલવ ભરેલો છે આત્મા. દરિયો જેમ પાણીથી લવાલવ ભરેલો છે, એવો અતીન્દ્રિય આનંદનો સાગર ભગવાન પૂર્ણાનંદ ભરેલો છે. એવું જેને સમ્યગ્દર્શનમાં ભાન થાય છે, સમ્યગ્દર્શનમાં ભાન થાય છે એને શુદ્ધતા પ્રગટ થાય છે. અને આગળ શ્રાવક થતાં શુદ્ધતા વધારે પ્રગટ થાય. સાચા શ્રાવકની વાત છે, હોં! વાડાની વાત નથી આ. અને સાધુ થાય એને તો આનંદના ઊભરા આવી જાય છે અંદરથી. અતીન્દ્રિય આનંદના ઉભરા ભરતીએ પાણી જેમ દરિયાના ઉછળીને કાંઠે ભરતી આવે, એમ અંતરમાં આનંદનો દરિયો ભર્યો છે આ ભગવાન, એમાં એકાગ્ર થતાં સાધુને તો અતીન્દ્રિય આનંદ ઉછળે છે. એવા અતીન્દ્રિય આનંદને શુદ્ધભાવ કહે છે. એ શુદ્ધભાવના ફળ તરીકે સિદ્ધપદ છે. મુક્તિનું સુખ તો આવા ભાવથી પ્રાપ્ત થાય. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ રાગ છે. શુભરાગથી મુક્તિ-બુક્તિ મળતી નથી. સમજાણું કાંઈ?

કૈસા હૈ? '**વિમલ હૈ...**' વળી પરમાત્માનું સુખ કેવું છે સિદ્ધનું? '**કર્મકે મલ તથા રાગાદિકમલસે રહિત હૈં.**' ભગવાનને કર્મ પણ નથી અને પુણ્ય-પાપના રાગ પણ નથી. એવા સિદ્ધ ભગવાન નમો સિદ્ધાણં આવે છે ને? એ સિદ્ધ આવા હોય. ... સિદ્ધ ત્યાં શરીર વિનાના. ગાડી નહિ, વાડી નહિ, ઘોડી નહિ, લાડી નહિ. લાદિ નથી. શું સુખ હશે? ધૂળમાંય સુખ નથી સાંભળને એમાં. મોટરમાં .. મોટર એની માથે ચડી બેઠી હોય છે. નભાવવું કેમ? મોટર જેણે ઘરે રાખી હોય પચ્ચીસ હજારની. એનો નભાવ કેમ કરવો એ બધો બોજો માથે પડ્યો હોય અંદર. એય..! 'જમનાદાસભાઈ'! એના પ્રમાણમાં મોટરું ઘરે રાખે બે-ચાર. .. દીકરીને પરણાવે ત્યાં બે-પાંચ હજાર દેવાતા હશે? દીકરો પરણાવે તો મોટો ખર્ચ કરવો પડે. દીકરી પરણાવે તો ખર્ચ કરે, બાપ મરે તો કાંઈ ખર્ચ પડે. મોટા બોજા પડ્યા હોય માથે. ભીંસમાં પડ્યો હોય અને એને સુખી દુનિયા માને. ધૂળેય નથી સુખી. સમજાણું કાંઈ? વાત બહુ ફેર પણ. ઉગમણો-આથમણો ફેર. દુનિયા સાથે મેળ કરવા જાય તો કાંઈ મેળ ખાય એવું નથી.

અહીં પરમાત્મા કહે છે કે સિદ્ધના સુખને કોણ પામે? કે જેને આત્માના આનંદનું

ભાન થઈને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થઈને, ચારિત્ર એટલે વસ્તુની રમણતામાં આનંદ જેને ઘણો પ્રગટ્યો એ ચારિત્ર. ચારિત્ર એ કાંઈ લૂંગડા-ફુગડા ફેરવ્યા અને મહાવ્રતના વિકલ્પ (થયા) એ ચારિત્ર નથી.

મુમુક્ષુ :- કારણ તો છે.

ઉત્તર :- ધૂળેય નથી કારણ. ઝેર કારણ અમૃતના થાતા હશે? લસણ ખાઈને કસ્તુરીના ઓડકાર આવતા હશે? કારણ છે ને લસણ? ગળા સુધી ઢોકળામાં નાખ્યું હોય લસણ, ખાધું હોય પછી શેનો ઓડકાર આવ્યો? કે કસ્તૂરીનો. ધૂળેય નથી આવ્યો. ભાન પણ નથી તને. લસણના ફળમાં કસ્તુરીના ઓડકાર ન હોય. એમ પુણ્ય-પાપના પરિણામમાં શુદ્ધતા પ્રગટ થાય નહિ. વાત તો એવી અજર વાતું છે, ભાઈ! અંદરમાં અનંતકાળથી એણે ઝીલી નથી. એણે દરકાર જ કરી નથી. એમ ને એમ અવતાર એળે. એમાં પાંચ-પચ્ચીસ લાખ મળે અને જરી શરીર-બરીર ઠીક હોય, છોકરા ઠીક હોય તો હું પહોળો ને શેરી સાંકડી. થઈ રહ્યું. ગયો મરીને ચાર ગતિમાં રખડવા. સમજાણું કાંઈ? એય..! 'શાંતિભાઈ'! શું કીધું ભાઈએ?

મુમુક્ષુ :- હું પહોળો ને શેરી સાંકડી

ઉત્તર :- એ સાચી વાત. હું પહોળો ને શેરી સાંકડી. પૈસા ઝાઝા થઈ ગયા હોય તો શેરીમાંથી .. કાઢે. અમારે છ છોકરા છે. છ ઓરડા જોશે. બબ્બે ઓરડા, એક પાયખાનું, એક ફલાણુ-ઢીંકણું શું કહેવાય તમારે?

મુમુક્ષુ :- બાથરૂમ.

ઉત્તર :- બાથરૂમ. ત્યાં બેશે. રાંડી રાંડને કાઢે, ઘેર જા. પણ ભાઈ સાહેબ! અમારું પાંચ હજારનું મકાન. પહોળો થઈ ગયો. મરી જઈશ પણ સાંભળને હવે. ધૂળમાંય નથી ત્યાં. આત્માના આનંદના સ્વાદનું જ્યાં ધર્મીને ભાન થાય છે, એને ધર્મી અને જૈન કહીએ કે જેને આત્માનો અતીન્દ્રિય આનંદ છે, એનો જેને અંદર સ્વાદ આવે છે. વિકારનો સ્વાદ એને ઝેર જેવો લાગે છે. આહાહા..! પુણ્યના પરિણામ પણ જેને ઝેર જેવા લાગે છે. ગજબ વાત છે. આહાહા..! આ તે કાંઈ જૈનની શ્રદ્ધા ન મળે અને માને કે અમને જૈનની શ્રદ્ધા છે. જૈન પરમેશ્વર તો આમ કહે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- તો પછી શું કરવું?

ઉત્તર :- કરવું આ. આત્મા કેવો છે? એમાં રાગ શું થાય છે? શુદ્ધ શું છે એને જાણવું, એ કરવું. આ તમારા પ્રશ્ન કરે છે આ તમારા ભાઈયું વતી. સાંભળ્યું ન હોય એકેયવાર, શું કહે છે આ? 'નવલચંદભાઈ' અહીં પડ્યા છે એકલા. એ તો કહે છે કે હુતાહુતી હતા નવરા. પણ અમારે શું કરવું આ બધામાં? ઝાઝા છોકરા-છોડીયું. ધૂળેય નથી હવે સાંભળને. કોઈ છોકરો કોનો? બાપ કોનો? આત્માને છોકરા-બોકરા હોય કોઈ દિ'? આ તો ગપમાળા છે ખોટા.

કાલે એમ કહેતો હતો કીધું તારા દાદા-એના બાપના બાપ છે ને આ? કીધું તારા દાદા છે ને પૈસાવાળા દાદા? એક આત્મા હું અને દાદા મારો બીજો, એ ડીંગ છે. વળી ત્રીજો? કીધું, તારો બાપ. એ તો બીજું ડીંગ છે. આત્માને બાપ કેવો? આ કહેતો હતો. હતા ને ભાઈ 'જમનાદાસભાઈ' હતા. આ એના દાદા નહોતા ત્યારે તમે. કીધું, આ તારા દાદા પાસે કેટલા પૈસા અને કેટલો વેપાર! ત્યાં શું કહેવાય? ધીરધાર. વ્યાજવટાવ હુંડીના ધંધા કર્યા. હવે બેઠા અહીં. હવે તારો બાપ ત્યાં કરે છે, 'કલકત્તા'. ત્યારે કહે, દાદા કેવા? આત્માને દાદો? એક ડીંગ છે એ. અને આત્માનો બાપ? એ બીજું ડીંગ છે. ભાઈ! આ આત્માને બાપ-દાદા કેવા? આત્મા તો આત્મા છે, ભિન્ન છે. એ કોઈનો દિકરો નથી અને કોઈનો બાપ પણ નથી. આહાહા..! મારી નાખ્યા જગતને તો. મિથ્યાભાવથી મરણતુલ્ય થઈ ગયો છે છતાં એની એને ખબર નથી કે હું શું છું? ક્યાં છું? આહાહા..!

કહે છે, '**અતુલ હૈ, ઈસકે બરાબર સંસારકા સુખ નહીં હૈ,...**' સિદ્ધ પરમાત્મા, એના સુખની શું વાત કરવી કહે છે. એ સુખની પ્રાપ્તિ કોને થાય? જેને શુદ્ધભાવ પુણ્ય અને પાપના ભાવ વિનાનો આત્માના સ્વભાવનો શુદ્ધભાવ પ્રગટ થાય એને મુક્તિ થાય. એમ અહીં સત્ સાબિત કરવું છે. એના વ્રતના, દયા, દાનના, પૂજાના પરિણામથી મુક્તિ થાય નહિ. એ રાગ છે. એનાથી આ બહારની ધૂળ-બૂળ મળે કદાચ પૈસા. સમજાણું કાંઈ? સુખ નથી એમાં. બીજી વાત છે 'શાંતિભાઈ' આ. અલૌકિક વાતું છે. ૬૪ વર્ષે નવું સાંભળવા જેવું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- શુદ્ધભાવ પ્રગટ કરે. એ શુદ્ધ કરે તો થાય ધર્મ એમ કહે છે.

મુમુક્ષુ :- પાછું ...

ઉત્તર :- તો થઈ રહ્યું. ન મૂકે તો. આ તો સમજવા માટેની તો વાત ચાલે છે. એને એ કરવા જેવું છે આ એ પહેલું એણે નક્કી કરવું જોઈએ.

મુમુક્ષુ :- લાભ બતાવો ને કાંઈક.

ઉત્તર :- શેમાં લાભ? શુદ્ધમાં લાભ બતાવ્યો ને શુદ્ધમાં. શુભમાં શું લાભ છે? ધૂળ? એ તો અનંતવાર એવા શુભ કર્યા, મોટો અબજોપતિ અનંતવાર થયો. અબજોપતિ અનંતવાર થયો. નવો ક્યાં છે આમાં? એને એમ લાગે છે કે આ નવો. આવા માણસપણા તો અનંતવાર આવ્યા છે. અનંતવાર.

'શ્રીમદ્' ન કહ્યું? 'શ્રીમદ્'માં આવે છે કે નહિ? ભાઈએ વાંચ્યું હશે. 'શ્રીમદ્'માં આવે છે, ભાઈ!

'લક્ષ્મી અને અધિકાર વધતા શું વધ્યું તે તો કહો.
શું કુટુંબ કે પરિવારથી વધવાપણું એ નય ગ્રહો.
વધવાપણું સંસારનું નરદેહને હારી જવો.
એનો વિચાર નહિ અહો હો, એક પળ પણ તમને હવો'

વિચાર કર્યો નથી તેં કોઈ દિ'. આહાહા..! બહારના જ્યાં પાંચ-પચાસ મળ્યા, ધૂળ મળી કાંઈક, થઈ રહ્યું. આમ થઈ ગયા. એય..! સાચી વાત હશે? જુઓ! અહીં કહે છે.

**'ऐसे सुखको જિન-ભક્ત પાતા है,...'** છે છેલ્લો શબ્દ? જિનભક્ત નામ વીતરાગ આત્માનો સ્વભાવ છે, એનો ભક્ત નામ શુદ્ધભાવ પ્રગટ કરે એ જિનભક્ત છે. રાગને પ્રગટ કરે અને રાગનો પ્રેમી એ જિનભક્ત નહિ, એ તો રાગનો ભક્ત છે. સમજાણું કાંઈ? જિન આત્માસ્વરૂપ. 'જિન સોહી હૈ આત્મા, અન્ય સોહી હૈ કર્મ, કર્મ કટે જિનવચનસો, જિનભાવસો. વચનનો અર્થ ભાવ. આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિ પ્રભુ, એનો વીતરાગસ્વભાવ, એનો અંતર અનુભવ કરીને વીતરાગભાવ પ્રગટ કરે એ જિનનો ભક્ત કહેવામાં આવે. બાકી રાગના, ક્રિયાકાંડના રાગ કરીને એની ભક્તિ કરે, રાગ મારો માને એ જિનભક્ત નહિ. એ રાગનો ભક્ત છે. સમજાણું કાંઈ? આહાહા..! વાતું ભારે પણ, ભાઈ! બહારના મીણા ચડી ગયા હોય ને બહારની વાતના જ્યાં. મીણા ઉતરી જાય એવા છે અંદરથી. લ્યો, એ ૧૬૨ ગાથા થઈ.

મુમુક્ષુ :– ..

ઉત્તર :– ..ની વાત કરું છું. સડેલો કીધું ને દૂધી સડેલી હોય ટુવાવાળી એકેય સારી ન હોય એ દૂધી. બધી સડી ગયેલી. એમ ભગવાન પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરદેવ, એ આત્મા રાગ અને પુણ્ય-પાપના વિકલ્પથી રહિત, એની શ્રદ્ધા-જ્ઞાન કરે એને ધર્મ થાય અને એને મુક્તિ થાય. સમજાણું કાંઈ?

---

**आगे आचार्य प्रार्थना करते हैं कि जो ऐसे सिद्धसुखको प्राप्त हुए सिद्ध भगवान वे मुझे भावोंकी शुद्धता देवें :–**

**ते मे तिहुवणमहिया सिद्धा सुद्धा णिरंजणा णिच्या।**
**दिंतु वरभावसुद्धिं दंसण णाणे चरित्ते य।।१६३।।**

**ते मे त्रिभुवनमहिताः सिद्धाः सुद्धाः निरंजनाः नित्याः।**
**ददतु वरभावशुद्धिं दर्शने ज्ञाने चारित्रे च।।१६३।।**

**ભગવંત સિદ્ધો-ત્રિજગપૂજિત, નિત્ય, શુદ્ધ, નિરંજના,**
**-વર ભાવશુદ્ધિ દો મને દગ, જ્ઞાન ને ચારિત્રમાં. ૧૬૩.**

**अर्थ :– सिद्ध भगवान मुझे दर्शन, ज्ञानमें और चारित्रमें श्रेष्ठ उत्तमभावकी शुद्धता देवें। कैसे हैं सिद्ध भगवान? तीन भुवनसे पूज्य हैं, शुद्ध हैं, अर्थात् द्रव्यकर्म और नोकर्मरूप मलसे रहित हैं, निरंजन हैं अर्थात् रागादि कर्मसे रहित हैं, जिनके कर्मकी उत्पत्ति नहीं है, नित्य हैं–प्राप्त स्वभावका फिर नाश नहीं है।**

**भावार्थ :– आचार्यने शुद्धभावका फल सिद्ध अवस्था और जो निश्चयसे इस फलको प्राप्त हुए सिद्ध, इनसे यही प्रार्थना की है कि शुद्धभावकी पूर्णता हमारे होवे।।१६३।।**

## ગાથા-૧૬૩ ઉપર પ્રવચન

હવે આચાર્ય. છેલ્લી ગાથાઓ છે ને. ઓહોહો..! આચાર્ય પ્રાર્થના કરે છે. '**ऐसे सिद्धसुखको प्राप्त हुए सिद्ध भगवान वे मुझे भावोंकी शुद्धता देवें :–**' ભગવાન ક્યાં દે? પણ અહીં પ્રાર્થના છે, અહીં. ઓહોહો..! 'સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ' આવે છે ને? 'સમાહિવરમુત્તમં દિંતુ.' ભગવાન આપતા હશે કોઈને? ભગવાન કર્તા છે કોઈના? એ તો વીતરાગ છે, સર્વજ્ઞ છે. એની પાસે પડ્યું છે તારું સુખ? તારી મુક્તિ? તારી મુક્તિ તારી પાસે છે. પણ વિનયના વાક્યોથી એમ બોલવામાં આવે . આમ બહારમાં એમ નથી કહેતા? બહુ પુણ્ય વધ્યું હોય ને પાંચ-પચાસ લાખ, કરોડ-બે કરોડ થઈ જાય તો (એમ બોલે), અમારા વડીલના પુણ્ય ખાઈએ છીએ. એમ કહે. વડીલ પાસે કાંઈ નહોતું. એય..!

મુમુક્ષુ :- એના ઉપર પાછા...

ઉત્તર :- એની પાસે પચ્ચીસ-ત્રીસ હજારની મૂડી, ત્રીસ-પાત્રીસ હજારની. નહિ? 'નારાયણ શેઠ'ની પાંત્રીસ હજારની મૂડી, એના બાપના બાપને પાત્રીસ હજારની મૂડી. અમને ખબર છે ને. 'છોટાભાઈ'ને પાંત્રીસ હજારની. આ બધા છોકરાને વહેંચ્યા ત્યારે પાંત્રીસ હજારમાંથી વહેચેલા. આ છોકરા થયા બે એ મોટા પાંચ કરોડવાળા થયા. 'મુંબઈ'માં નહિ? ભાઈ! શું કહેવાય? 'પૂનમચંદ' આ ઓળખો છોને પાલખીવાળા નહિ? પાલખીની ઓળખાણ છે. 'પૂનમચંદ મલુકચંદ'. નામ સાંભળ્યું નથી? બાવીસ માળના મકાન. એના બાપ છે આ. 'પૂનમચંદ'ના બાપ આ 'મલુકચંદ' 'પૂનમચંદ મલુકચંદ શાહ'. 'મુંબઈ'માં મોટા ૨૨-૨૨ માળના મકાન છે. ત્રણ કરોડના. ધૂળમાંય લાભ નથી. આ ખુશી થવાનો લાભ મળે પાપનો. 'મુંબઈ'માં છે ને એક? અને એક છે તે 'સ્વીત્ઝરલેન્ડ'માં છે. એની પાસે બે કરોડ છે. આની પાસે ત્રણ કરોડ છે. આ એનો બાપ છે 'મલુકચંદ'. પણ એની પાસે કાંઈ નથી, હોં! એની પાસે તો .. હશે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ધૂળમાંય નથી કાંઈ. એના પણ નથી અને આના પણ નથી. આહાહા..!

અહીં તો કહે છે કે, હે ભગવાન! સિદ્ધપદનું જેને અંતરમાં અવિકારી સ્વભાવ છે એવું ભાન છે. સિદ્ધપદનું જેને સમ્યગ્દષ્ટિને ભાન છે. આ મુનિ છે ને! આ તો ભાવલિંગી સંત છે. દિગંબર સંત હતા, જંગલમાં વસતા હતા. સંવત ૪૯ની સાલની વાત છે. દિગંબર સંત જે ભગવાન પાસે ગયા હતા, 'કુંદકુંદાચાર્ય'. મહાવિદેહમાં બિરાજે છે પ્રભુ. આઠ દિ' રહ્યા હતા. દિગંબર સંત હતા. એક મોરપીછી અને કમંડળ જ હતું. જૈનધર્મની રીતી અનાદિની એક જ

હતી. પછી આ બે ફાંટા પડી ગયા. એ ૪૯ની સાલમાં ભગવાન પાસે ગયા હતા. ત્યાંથી આઠ દિ' રહીને આ બધા આવીને શાસ્ત્ર બનાવ્યા. ભગવાનના સંદેશા લઈને આવ્યા છે. કહો, સમજાણું કાંઈ? એ કહે છે કે હે પરમાત્મા! અમે સિદ્ધપદને જાણ્યું છે. અમારું સ્વરૂપ જ સિદ્ધ છે. 'સિદ્ધ સોહીએ આત્મા' સિદ્ધ તે આત્મા છે. સર્વ જીવ છે સિદ્ધ સમ. આવે છે ને? 'આત્મસિદ્ધિ'માં આવે છે. 'આત્મસિદ્ધિ'માં આવે છે. સિદ્ધ સમ સ્વરૂપ છે એનું. એવા સ્વરૂપનું જેને સમ્યગ્દર્શન થઈને ધર્મી જૈન તરીકે પહેલી શ્રેણીએ આવ્યો હોય. હજી પહેલી શ્રેણી ધર્મની. એ ઉપરાંત આ તો આચાર્ય છે. મુનિ દિગંબર સંત જંગલમાં વસનારા. અતીન્દ્રિય આનંદની ભરતી જેને આવતી હતી. દરિયામાં જેમ ભરતી આવે એમ અતીન્દ્રિય આનંદ ઉછળ્યો હતો. એવી દશાવંતને મુનિ અને આચાર્ય કહેવામાં આવે છે. એ આચાર્યને હજી પૂર્ણ આનંદ નથી. સિદ્ધપદ પ્રગટ્યું નથી એટલે માગણી કરે છે સિદ્ધ પાસે. લ્યો!

**ते मे तिहुवणमहिया सिद्धा सुद्धा णिरंजणा णिच्चा।**

**दिंतु वरभावसुद्धिं दंसण णाणे चरित्ते य।।१६३।।**

આહાહા..! સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તો છે અંદર. અંતર અનુભવ છે. પણ હવે આગળ વધી જાઉં અને પરમાત્મા તારા સુખને હું સિદ્ધસુખને પામું એવી માગણી છે. આહાહા..! છેલ્લી ગાથાઓ છે ને? અહીંથી પોતાને શુદ્ધભાવ છે. શુદ્ધ પૂર્ણ થયો નથી. હજી શુભ છે એટલે સ્વર્ગમાં જશે. પંચમઆરાના મુનિ આત્મજ્ઞાની-ધ્યાની પણ સ્વર્ગમાં જાય. પૂર્ણ શુદ્ધતા પ્રગટે નહિ. એટલે માગે છે. પ્રભુ! મારે તો પૂર્ણ શુદ્ધતા જોઈએ છે. મારે આ સ્વર્ગ-ફર્ગ જોતું નથી. આહાહા..! અમારા સુખની પૂર્ણતા (જોઈએ છે). સોળ કળાએ ખીલેલો જેમ ચંદ્ર હોય, એમ મારો આત્મા પૂર્ણાનંદને ખીલીને પૂર્ણ સુખને પામે. હે પરમાત્મા! એ મને દો એમ હું પ્રાર્થના કરું છું. વિનયના વાક્ય છે. સમજાય છે કાંઈ? ભગવાન દેતા નથી. ભગવાન કોને દે? કર્તા છે ભગવાન? માગણી કરે, 'શિવપદ અમને દે જો રે મહારાજ, શિવપદ...' ભગવાન કહે છે, શિવપદ તારું તારી પાસે છે. લઈ લેને અંદરથી. નજર કરને અંદરમાં. મારી પાસે ક્યાં તારું શિવપદ હતું તે માગવા આવ્યો છે અહીં. સમજાણું કાંઈ? ખબર ન મળે કે હું તે કોણ છું? કેવો છું? ક્યાં છું? કહે છે કે મને ખબર છે, પ્રભુ! હું શુદ્ધ ચૈતન્ય છું. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રસહિત મુનિ છે. એ પણ પરમાત્મા પાસે માગે છે. પ્રભુ! મારી પૂર્ણતા શુદ્ધતા થાવ. બસ! આ ભાવપાહુડ છે ને. મારી શુદ્ધતા પૂર્ણ થાવ.. પૂર્ણ થાવ. બીજું કાંઈ મારે જોઈતું નથી. આહાહા..!

**અર્થ :- 'સિદ્ધ ભગવાન મુજે દર્શન, જ્ઞાનમેં ઔર ચારિત્રમેં શ્રેષ્ઠ ઉત્તમભાવકી શુદ્ધતા દેવેં.'** લ્યો! માગણી છે, હોં! દેતા નથી. ઈશ્વરકર્તા દે બીજાને એમ આ ભગવાન દેતા હશે? તો તો ઈશ્વર કર્તા થાય. 'શાંતિભાઈ'! બીજાને ઈશ્વર આપે ને કાંઈક? કહે છે ને? એમ ભગવાન આપતા હશે.

મુમુક્ષુ :- ભગવાન પાસે શું છે?

ઉત્તર :- એ તો એની પાસે એનો આત્મા છે. પણ વિનયથી બોલે. એ નમ્રતાની વાણી એવી જ હોય. વિનયનું વાક્ય છે. લોકમાં એમ જ કહેવાય. સાધારણ ગૃહસ્થ હોય તો એમ ઓલા છોકરા નિર્માનપણે કહે કે વડીલના પુણ્ય ખાઈએ છીએ. એમ કહે. વડીલના પુણ્ય ક્યાં એવડા હતા તારા જેટલા? આની પાસે થોડા છે. ઓલાને વધી ગયા છે. દુનિયામાં વધ્યો એમ દુનિયા કહે ને.

કહે છે, જેને આત્માના સુખનું ભાન થયું છે, અતીન્દ્રિય આનંદનો જેને સ્વાદ આવ્યો છે, એવું જેને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ્યું છે, એ મુનિ કહે છે કે મને પ્રભુ શુદ્ધતા પૂર્ણ આપો. મારી શુદ્ધતા અપૂર્ણ થોડી છે. ચારિત્રવંત છું પણ શુદ્ધતા થોડી છે. યથાખ્યાત ચારિત્રની શુદ્ધતા મને નથી, કેવળજ્ઞાનની શુદ્ધતા મને નથી. આહાહા..! એમ વિનયથી કહે છે. પણ અંદરમાં મને પ્રાપ્ત થાઓ મારી એકાગ્રતાથી, એમ માંગણી કરવામાં આવે છે. સમજાણું કાંઈ? સિદ્ધ ભગવાન છે એ મોકૂં એટલે મને. સમ્યગ્દર્શન-જ્ઞાન. દર્શન જ્ઞાન વિષે અને ચારિત્ર વિષે શ્રેષ્ઠ ઉત્તમ શુદ્ધભાવ પ્રાપ્ત હો. 'ઉત્તમભાવકી શુદ્ધતા દેવેં.' શુદ્ધતા, પવિત્રતા, નિર્મળતા, ઉજ્વળતા એ પૂર્ણ મને આપો, પ્રભુ! એમ કરીને વિનયથી પોતાના ભાવની શુદ્ધિની પ્રાર્થના કરે છે. મારી શુદ્ધિ પ્રગટી છે પણ પૂર્ણ શુદ્ધતા થાઓ. એવી અંતરમાં ભાવના છે. ભગવાનને વિનંતીમાં, પ્રાર્થનામાં એમ કહે છે.

'**કૈસે હૈ સિદ્ધ ભગવાન? તીન ભુવનસે પૂજ્ય હૈં,...**' '**महिया**' આવે છે ને? '**महिया**' લોગસ્સમાં આવે છે. '**कित्तियवंदियमहिया,...**' '**महिया**' એટલે પૂજનિક છે. ભગવાન ત્રણલોકના નાથ સિદ્ધ ભગવાન પૂજનિક છે. એવું પૂજ્યપણું બીજાને હોતું નથી. એવું જેને અંતરમાં પોતાને સિદ્ધપદની ખબર છે. એને પોતાના સ્વભાવ સાથે મેળવ્યું છે કે હું પણ રાગરહિત મને ભાન થયું. એવી પૂર્ણ રાગરહિત દશા સિદ્ધને પ્રગટી છે. તેથી સિદ્ધ ભગવાનને વિનયથી પૂર્ણ થવાની માગણી કરે છે.

કેવા છે ભગવાન? '**શુદ્ધ હૈં, અર્થાત્ દ્રવ્યકર્મ ઔર નોકર્મરૂપ મલસે રહિત હૈં,...**' ભગવાનને જડકર્મ પણ નથી અને પુણ્ય-પાપના ભાવ પણ નથી. 'વિહુયરયમલા...' આવે છે કે નહિ લોગસ્સમાં? પણ એના અર્થની ખબર ન હોય એને. 'શાંતિભાઈ'! 'વિહુયરયમલા' આવે છે લોગસ્સમાં. વિહુય એટલે કાયા છે, રજ એટલે કર્મના ધૂળ અને મળ એટલે પુણ્ય-પાપના ભાવ. એવો અર્થ છે. સમજ્યા વિના 'વિહુયરયમલા'નો વિહા રોઈ મળ્યા એવો અર્થ થાય છે એનો.

'લીંબડી'માં એમ થયું હતું. એક ડોશી હતી અને ઓલા દશા અને વિસાની તકરાર. અને નમોત્થુંણ બોલવા માંડ્યા લોગસ્સ. ઓલી ઘડિયાળું લઈને બેસે. ઘડિયાળું ઘડિ-ઘડિ. પછી બોલતા બોલતા આવ્યું આ લોગસ્સ. અને હતી દશાશ્રીમાળીની બાઈ. અને વિસાશ્રીમાળી સાથે વિરોધ હતો. તો લોગસ્સમાં આ આવ્યું ત્યારે કહે વિહા રોઈ મળ્યા. અલ્યા પણ

આપણું આમાં ક્યાંથી આવ્યું આ? લોગસ્સમાં ક્યાંથી આવ્યું આ? એલા! જુઓ તો ખરા અંદર. ત્યારે કહે, આ તો 'વિહુયરયમલા' છે. વિ નામ વિશેષે, હુય નામ ટાળ્યા છે. શું ભગવાન? આપે ટાળ્યા છે. શું? રયમલા. રય એટલે રજ કર્મ. આઠ કર્મને આપે ટાળ્યા છે અને મળ એટલે પુણ્ય-પાપના વિકારી મેલ એ ટાળ્યા છે. એવો અહીં અર્થ છે. વિહા રોઈ મળ્યા ક્યાંથી આવ્યું અહીં? અર્થની ખબર ન મળે હવે એને ભાવ ક્યાં બેસે અને કોને ધર્મ થાય? આહાહા..!

એટલે અહીં કહે છે કે ભગવાન તો જડકર્મ અને મેલથી રહિત છે. '**જિનકે કર્મકી ઉત્પત્તિ નહીં હૈ,...**' જેને હવે કર્મ ઊપજતું નથી. 'નિત્ય હૈં-પ્રાપ્ત સ્વભાવકા ફિર નાશ નહીં હૈ.' સિદ્ધ ભગવાન થયા એ હવે ફરીને અવતાર ધારણ કરે નહિ. એવા સિદ્ધપદની પ્રાપ્તિ આત્માના શુદ્ધભાવ દ્વારા થાય છે. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પ્રવચન નં. ૧૬૨, ગાથા-૧૬૩ થી ૧૬૫, ગુરુવાર, પોષ સુદ ૩, તા.૩૧-૧૨-૭૦

'અષ્ટપાહુડ'. ભાવપાહુડની ૧૬૩ ગાથા. એનો ભાવાર્થ. અર્થ ચાલ્યો હતો.

**ભાવાર્થ :- 'આચાર્યને શુદ્ધભાવકા ફલ સિદ્ધ અવસ્થા ઔર જો નિશ્ચયસે ઈસ ફલકો પ્રાપ્ત હુએ સિદ્ધ, ઈનસે યહી પ્રાર્થના કી હૈ કિ શુદ્ધભાવકી પૂર્ણતા હમારે હોવે.**' શું કહે છે? કે આ આત્મામાં જે અનાદિથી શુભ અને અશુભભાવ થાય છે એ તો અશુદ્ધ છે, મેલ છે, બંધનું કારણ છે. પુણ્ય અને પાપના શુભ-અશુભભાવથી રહિત આત્માનો શુદ્ધ સ્વભાવ ત્રિકાળ જે છે, એને આશ્રયે જે શુદ્ધભાવ થાય તે ધર્મ અને તે મુક્તિનું કારણ છે. આચાર્ય કહે છે કે '**શુદ્ધભાવકા ફલ સિદ્ધ અવસ્થા...**' શુદ્ધભાવનું ફળ મુક્તદશા-મુક્તદશા. પુણ્ય-પાપનું ફળ ચાર ગતિ. શુભભાવ હોય તો સ્વર્ગ, આ મનુષ્યાદિ અને પાપ હોય તો નરક અને પશુ આદિ થાય.

શુદ્ધભાવથી ચાર ગતિ ન મળે. શુદ્ધભાવથી ધર્મ થાય અને એનાથી મુક્તિ મળે. એ શુદ્ધભાવ આત્મા પવિત્ર અખંડ આનંદનો કંદ, સુખકંદ એવો જે આત્મા, એનો અંતર આશ્રય કરીને પરદ્રવ્યને અનુસારે થતાં શુભાશુભ પરિણામ, તેનું લક્ષ આશ્રય છોડી અને ચૈતન્યદળ આનંદકંદ ધ્રુવ સ્વરૂપ શુદ્ધ અનાકુળ ચૈતન્યરસ આત્મા, એનો આશ્રય કરીને જે શુદ્ધભાવ થાય-સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ધર્મ છે અને એ મુક્તિનું કારણ છે. ગુજરાતી થોડું થોડું સમજો છો ને?

'**શુદ્ધભાવકા ફલ સિદ્ધ અવસ્થા...**' શુદ્ધભાવ એ પણ એક આત્માની પવિત્ર પરિણતિ અવસ્થા છે. શુદ્ધભાવ તે આત્મા પવિત્ર આત્મા, પૂર્ણ પ્રભુ પવિત્રનો પિંડ આત્મા છે. એની પવિત્રતા પર્યાયમાં-અવસ્થામાં શુદ્ધતારૂપી પવિત્રતા પ્રગટ થાય એ પણ એક

અવસ્થા છે. અને એનું ફળ સિદ્ધ અવસ્થા, મુક્તિ અવસ્થા એ પણ એક પર્યાય છે-દશા છે. સમજાણું કાંઈ? તો કહે છે, '**શુદ્ધભાવકા ફલ સિદ્ધ અવસ્થા ઔર જો નિશ્ચયસે ઈસ ફલકો પ્રાપ્ત હુએ સિદ્ધ,...**' અને એ શુદ્ધભાવ દ્વારા ભગવાનઆત્મા પવિત્ર, પૂર્ણ ઈદં, એનો આશ્રય કરીને જે શુદ્ધભાવ થયો, એનાથી સિદ્ધ થયા '**ઈનસે યહી પ્રાર્થના કી હૈ...**' લ્યો! વ્યવહારથી. પણ ભાષા જ એ છે, જુઓ!

'**કિ શુદ્ધભાવકી પૂર્ણતા હમારે હોવે.**' દેવુંને ઠેકાણે હોઉં કર્યું છે. દેવું તો એક વિનયનું વાક્ય છે. સિદ્ધ ભગવાન કાંઈ શુદ્ધતા આપતા નથી. પણ અર્થ કર્યો ને કે સિદ્ધ પરમાત્માની પાસે પ્રાર્થના '**કિ શુદ્ધભાવકી પૂર્ણતા હમારે હોવે.**' શુદ્ધતા તો છે. આચાર્ય છે, મુનિ છે, દિગંબર સંત છે. આત્માના આનંદની પ્રચુર સ્વસંવેદતા પ્રગટી છે. સમજાય છે કાંઈ? આત્મામાં સમ્યગ્દર્શન થતાં અલ્પ સ્વસંવેદનની શુદ્ધતા પરિણતિ પ્રગટે છે. પણ મુનિને તો... મુનિ એટલે સાચા મુનિની વાત છે, એને તો આત્માનું પ્રચુર સ્વસંવેદન આનંદનો ધામ ભગવાન એનું પ્રચુર નામ વિશેષ, સં નામ પોતાનું સં પ્રત્યક્ષ આનંદનું વેદન ઉગ્રપણે હોય તેને સાધુ કહે છે. 'શાંતિભાઈ' કહે, આ વળી આવી વાતું.

મુમુક્ષુ :- પાંચમા આરામાં તો ફરક ન હોવો જોઈએ.

ઉત્તર :- ફરક શું પાંચમા આરામાં? સુખડીમાં ગોળને ઠેકાણે ગારો નાખતા હશે? પાંચમાં આરામાં. 'શાંતિભાઈ'! સુખડી ખાય ને સુખડી? એમાં ગોળને ઠેકાણે ગારો નાખતા હશે કોઈ? પાંચમો આરો છે. અને લોટને ઠેકાણે ધૂળ ચાલતી હશે? અને ઘીને ઠેકાણે પાણી ચાલતું હશે? ન ચાલે. કાળ બદલ્યો છે ને. પણ લૌકિકમાં જ્યારે ન ફરે તો લોકોત્તરમાં શેનું ફરે? એમ કહે છે અહીં. પંચમઆરામાં હો કે ચોથે આરે હોય. ધર્મ તો જે છે તે છે. સુખડી તો એ ત્રણની જ થાય. ઘી, ગોળ અને લોટ. ભલે મીઠાશમાં ફેર હોય. પહેલાની અને અત્યારમાં. મીઠાશમાં ફેર થતાં વસ્તુ બીજી ન થાય. જાત ન ફરે.

એમ આત્મામાં ચોથે આરે વિશેષ શુદ્ધિની વિશેષ શુદ્ધિ પ્રગટીને એકદમ કેવળજ્ઞાન લે. સમજાય છે કાંઈ? એવી વિશેષ શુદ્ધિ ભલે ન હો, પણ એની યોગ્યતા પ્રમાણે પુણ્ય-પાપના વિકલ્પ વિના શુદ્ધ ભગવાન આનંદનું ધામ પરમાત્મા પોતે જ શુદ્ધ પરમાત્મા છે, એ પરમાત્મામાં અંતર ધ્યાનમાં પેસતા શુદ્ધતાના આનંદના અંશો જે પ્રગટ થાય એ પ્રચૂર આનંદનું વેદન છે. આહાહા..! એ આનંદના વેદનને શુદ્ધ પરિણતિ, શુદ્ધ અવસ્થા, શુદ્ધભાવ કહેવામાં આવે છે. શેઠ! આહાહા..! ભારે વાતું. આવી વાતું છે.

'**શુદ્ધભાવકી પૂર્ણતા...**' કેમકે શુદ્ધભાવ તો છે. માટે પૂર્ણતા પ્રાપ્ત કરે છે. આ પાંચમા આરાના મુનિ છે. 'શાંતિભાઈ'! આ તો હમણા પાંચમા આરાના, ૪૯ની સાલના.

મુમુક્ષુ :- શુદ્ધ ભાવના પણ સંપૂર્ણ...

ઉત્તર :- સંપૂર્ણ માગે છે. શુદ્ધ છે તો ખરો. પૂર્ણ માગે છે, મારે તો પૂર્ણ શુદ્ધ હો. શુદ્ધતા છે. આહાહા..! ચૈતન્ય શુદ્ધ ભગવાન પરિપૂર્ણ શાંતિ અને આનંદના રસથી છલોછલ

ભરેલો છે. ખબર ન મળે એને. સમજાય છે કાંઈ? એવા આનંદમાં ડૂબકી મારતા, જેમ દરિયામાં પેસતા ઊંડે જતા એને મોતી હાથ આવે. સમુદ્રમાં મોતી હોય ને સમુદ્રમાં ઊંડા જાય ત્યાં? મોતી હાથ આવે. એમ આત્માના અંતરમાં જતાં શુદ્ધતાના આનંદના કણ હાથ આવે. એવી દશા સમ્યગ્દર્શનથી પ્રગટ થાય છે. પણ તે થોડી. મુનિને તો ઉગ્ર શુદ્ધતા (પ્રગટી છે). એ કહે છે કે અમને શુદ્ધતા તો છે, પણ પ્રભુ! તમારા જેટલી શુદ્ધતા અમને હવે હો.

લોગસ્સમાં આવે છે કે નહિ? 'સિદ્ધા સિદ્ધિ મમ દિસંતુ.' આવે છે. મોઢે કર્યું હોય એને ખબર હોય. 'શાંતિભાઈ'! લોગસ્સ કર્યો હતો કે નહિ? કર્યા હતા, ભૂલી ગયા. 'સિદ્ધા સિદ્ધિ મમ દિસંતુ.' હે સિદ્ધ ભગવાન! મને સિદ્ધપદ દેખાડો અથવા દયો. એનો અર્થ એ કે .. એટલે કે આત્મા કેવળજ્ઞાન પામે ત્યારે સિદ્ધપદને પ્રત્યક્ષ જોવે. એનો અર્થ કે આત્મા પોતાની પૂર્ણ શુદ્ધતાને પ્રાપ્ત કરે એવી ભાવના ધર્મીની હોય છે. સમજાણું કાંઈ? આહાહા..! શુદ્ધતાની ખબર પણ ન મળે કે શુદ્ધતા કોને કહેવી અને ધર્મ થઈ ગયો, લ્યો! આહાહા..!

સાધુ અનંતવાર થયો, નવમી ગ્રૈવેયકે ગયો પણ એ શુભભાવ, ધર્મ નહિ. પંચમહાવ્રત પાળ્યા, અઠ્યાવીસ મૂળગુણ પાળ્યા, રાગને પાાળ્યો. એ તો રાગ છે. આહાહા..! રાગથી રહિત પૂર્ણ ચૈતન્યસ્વભાવ શુદ્ધમાં એકાગ્રતા થતાં જે શુદ્ધતા પ્રગટ થાય એમાં આનંદ અને શાંતિનો સ્વાદ અને શાંતિ ને આનંદની ઉગ્રતા પ્રગટ થાય. કોણ જાણે ક્યાં હશે? એની વેદનામાં વિશેષ માગે છે. પ્રભુ! અમને તો પૂર્ણ શુદ્ધતા હો.

---

**आगे भावके कथनका संकोच करते हैंः–**

**किं जंपिएण बहुणा अत्थो धम्मो य काममोक्खो य।**
**अण्णे वि य वावारा भावम्मि परिट्ठिया सव्वे।।१६४।।**

**किं जल्पितेन बहुना अर्थः धर्मः च काममोक्षः च।**
**अन्ये अपि च व्यापाराः भावे परिस्थिताः सर्वे।।१६४।।**

**બહુ કથન શું કરવું? અરે! ધર્માર્થકામવિમોક્ષને**
**બીજાય બહુ વ્યાપાર, તે સૌ ભાવ માંહી રહેલ છે. ૧૬૪.**

**अर्थ :– आचार्य कहते हैं कि बहुत कहनेसे क्या? धर्म, अर्थ, काम, मोक्ष और अन्य जो कुछ व्यापार है वह सब ही शुद्धभावमें समस्तरूपसे स्थित है।**

**भावार्थ :– पुरुषके चार प्रयोजन प्रधान हैं – धर्म, अर्थ, काम, मोक्ष। अन्य भी जो कुछ मंत्रसाधनादिक व्यापार हैं वे आत्माके शुद्ध चैतन्यपरिणामस्वरूप भावमें स्थित हैं। शुद्धभावसे सब सिद्धि है, इसप्रकार संक्षेपसे कहना जानो, अधिक क्या कहें?।।१६४।।**

## ગાથા-૧૬૪ ઉપર પ્રવચન

**'આગે ભાવકે કથનકા સંકોચ કરતે હૈં :-'** લ્યો! ઘણા વખતથી આવે છે. ૧૬૫ ગાથાનો આ (પાહુડ) છે. ૧૬૫. હવે ૧૬૪.

**किं जंपिएण बहुणा अत्थो धम्मो य काममोक्खो य।**

**अण्णे वि य वावारा भावम्मि परिट्ठिया सव्वे।।१६४।।**

આહાહા..! પહેલા આવી ગયું હતું. ભગવાનઆત્મા અર્થ, કામ અને મોક્ષ દેશે એ. મોક્ષ અધિકારમાં. ભગવાન તો સિદ્ધ પરમાત્મા આત્માને ધર્મ, અર્થ, કામ અને મોક્ષ દેશે. એનો અર્થ એ સમજાવે છે અને એ પ્રગટ થાય એ એમ દે છે એમ કહેવામાં આવે છે. આહાહા..!

**અર્થ :- 'આચાર્ય કહતે હૈં કિ બહુત કહનેસે ક્યા?'** અરે..! ઘણું કહીને શું કહું? ઘણું કહીને શું કહેવું છે? **'ધર્મ, અર્થ, કામ, મોક્ષ ઔર અન્ય જો કુછ વ્યાપાર હૈ વહ સબ હી શુદ્ધભાવસે સમસ્તરૂપસે સ્થિત હૈ.'** લ્યો! અહો..! 'પ્રવચનસાર'માં આવે છે ને છેલ્લી ગાથામાં? શુદ્ધભાવ તે સમકિત છે, શુદ્ધભાવ તે ચારિત્ર છે, શુદ્ધભાવ તે મોક્ષમાર્ગ છે, શુદ્ધભાવ તે સિદ્ધ છે. સમજાણું કાંઈ? હજી એને શ્રદ્ધાના જ્ઞાનમાં ખબરું ન મળે કે શુદ્ધતા શું છે અને અશુદ્ધતા શું છે? એ અશુદ્ધતાના પરિણામ પુણ્ય અને પાપના એનાથી ભિન્ન ભગવાનઆત્માનું અવલંબન લેતા જે પર્યાય નિર્મળ શુદ્ધ પ્રગટ થાય, કહે છે કે એવા ભાવથી લક્ષ્મી પણ પ્રાપ્ત થાય. એટલે શું? કે જ્યાં શુદ્ધભાવ ધર્મની શ્રદ્ધા, જ્ઞાન આદિ પ્રગટ્યા છે ત્યાં એવો વિકલ્પ બાકી રહી ગયો હોય છે એનાથી લક્ષ્મી, ચક્રવર્તી, તીર્થંકરપદ મળે. એ શુદ્ધભાવથી નહિ પણ શુદ્ધભાવની ભૂમિકામાં જે રાગ શુભરાગ રહ્યો છે, હજી પૂર્ણ શુદ્ધ થયો નથી. પૂર્ણ શુદ્ધ થાય તો તો ... એટલે જ્યાં શુદ્ધતા આત્માના શ્રદ્ધા-જ્ઞાન અને ચારિત્રની પ્રગટી છે ત્યાં હજી શુભભાવ હોય છે. એના ફળ તરીકે અહીં તો શુદ્ધભાવના ફળ તરીકે એને ગણ્યું. એની ભૂમિકામાં શુદ્ધભાવ છે ને એટલે. આહાહા..! અજ્ઞાનીને જે મિથ્યાદૃષ્ટિ અને લક્ષ્મી આદિ મળે એની ગણતરી નથી. એ તો બધા હલકું પુણ્ય છે. ધર્મીને જે પુણ્ય હોય છે, ઊંચું પુણ્ય હોય છે. એ પહેલું આવી ગયું છે. સારા અનાજ પાકે એના ખડ ઊંચા હોય. ખડ સમજ્યા? તરણા. તિનકા. આહાહા..! એમ જ્યાં ભગવાનઆત્મા પોતાના અનંત શુદ્ધ સામ્રાજ્ય રાજનું રાજ પ્રગટ્યું અંદરથી, એની પવિત્રતાના ફળમાં તો મુક્તિ છે પણ એના સ્થાનમાં રહેલો શુભભાવ, એનું પણ ચક્રવર્તીપદ આદિ લક્ષ્મી મળે એ શુદ્ધભાવની ભૂમિકામાંથી મળે એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

**'ધર્મ,...'** એટલે પુણ્ય. એ પુણ્ય પણ સમકિતી શુદ્ધ જીવવાળાને હોય એવું પુણ્ય બીજાને હોઈ શકે નહિ. ચૈતન્ય ભગવાન પૂર્ણ આનંદનો નાથ ચિદ્‌ભુપ, એ આનંદનો અને

જ્ઞાનનો રાજા છે આત્મા. એનાથી રાજતે શોભતે શોભે છે. એવો જે આત્મા એની જેને શ્રદ્ધા-જ્ઞાન શુદ્ધતા પ્રગટી છે, કહે છે કે એના સ્થાનમાં ધર્મ હોય છે. પૂર્ણ શુદ્ધતા નથી એટલે પુણ્યભાવ (હોય છે). ધર્મ એટલે પુણ્યભાવ. એવા શુદ્ધભાવવાળાને પુણ્યભાવ હોય છે. શુદ્ધભાવવાળાને પુણ્યના ફળ તરીકે લક્ષ્મી હોય છે અને એવા શુદ્ધભાવવાળાને પુણ્યના ફળ તરીકે કામના સાધનો, કામના વિશેષ હોય છે. એટલે કામ, અર્થ, ધર્મ અને મોક્ષ એ ચારેય શુદ્ધભાવની ભૂમિકાવાળાને મળે છે. સમજાણું કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ક્યાં ધૂળેય આ પૈસા ક્યાં હતા? આ પૈસાની વાત જ ક્યાં હતી? આ તો ધૂળના હવે કોઈ પાંચ-પચ્ચીસ લાખ થઈ ગયા હોય એ પૈસા છે? પેલું તો ચક્રવર્તીના પદ, તીર્થંકરના પદ, ઈન્દ્રના પદ, બળદેવના પદ, વાસુદેવના પદ, સલાકા પુરુષો દુનિયામાં શ્લાગનીય એવા પુરુષોનું ફળ એ બધા શુદ્ધભાવની ભૂમિકામાં હોય છે. સમજાણું કાંઈ? હવે અહીંયાં પાંચ-દસ કરોડ, ધૂળ કરોડ લ્યોને આને છે ને બે અબજ અને ચાલીસ કરોડ. છે ને અત્યારે? એમાં શું બધા દુઃખી છે, રાંકા છે. એ તો પાપાનુબંધી પુણ્ય છે. પૂર્વે કોઈ મિથ્યાત્વમાં કોઈ શુભભાવ થઈ ગયો હોય એના ફળ તરીકે એકેન્દ્રિયમાંથી શુભભાવ થાય એ મરીને મોટો અબજોપતિ થાય. એમાં શું છે પણ? એ ચીજમાં માલ શું છે? સમજાય છે કાંઈ?

આ તો આત્માના ભાનની ભૂમિકામાં, આત્મા ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરે કહ્યો એવો આત્મા, એને અંતર આનંદનું ધામ, અનંતગુણનું સામ્રાજ્ય આત્મા. આહાહા..! અનંતી-અનંતી સમૃદ્ધિની ઋદ્ધિ ત્યાં પડી છે, એવા આત્માની સમ્યગ્દર્શન-જ્ઞાન અને શાંતિના શુદ્ધભાવ પ્રગટ થાય એને શુભભાવ વચ્ચે હોય છે એ પુણ્ય છે એટલે વ્યવહાર ધર્મ છે. એના ફળ તરીકે લક્ષ્મી મળે, એના ફળ તરીકે કામ-ભોગ આ સાધનો બહારના સ્ત્રી-કુટુંબ આદિના મળે. છતાં ધર્મીને એ કામ અને પૈસા અને પુણ્ય, એની રુચિ ધર્મીને હોતી નથી. સમજાણું કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :– ધર્મીને એ રુચિ ન હોય.

ઉત્તર :– રુચિ નથી છતાં આવ્યા વિના રહે નહિ. ત્યાગે એને આગે અને માગે એને આઘે. એટલો ફેર છે. જેને પુણ્ય અને પુણ્યના ફળ ભોગ અને લક્ષ્મી જોઈતી નથી છતાં આત્માના ભાનની ભૂમિકામાં એવો ભાવ આવે છે તેથી આવે. છતાં ધર્મીને તેનો રસ નથી. પુણ્યના ભાવનો રસ નથી, પુણ્યના ફળમાં લક્ષ્મીનો રસ નથી, એના ભોગમાં પણ જ્ઞાનીને રસ હોતો નથી. ઝેર ભાળે ત્યાં રસ કેવો? આહાહા..! કાળો નાગ ભાળે જ્ઞાની તો રાગને. ચાહે તો પુણ્ય હો કે અશુભ હો. આહાહા..! શાંત-શાંત આત્માનું સ્વરૂપ, એમાં એ રાગ તો દઝાય છે શાંતિ.. સમજાય છે કાંઈ? રાગ દઝાય છે. દાખલો આપ્યો છે ને દાન અધિકારમાં. ઉકડિયા-ઉકડિયાનો. ઉકડિયા. 'શાંતિભાઈ'! કોને કહે ઉકડિયા આપણે આ

ખીચડી-ચોખા.

મુમુક્ષુ :- ખીચડીમાં ચોટી જાય તે.

ઉત્તર :- એ. જૂના માણસ હોય તો ખબર તો હોય ને. ભલે કર્યું ન હોય પણ ખબર હોય. એ ખીચડી અને ચોખા ખાય પોતે. પછી ઓલો ઉકડિયા હોય ને. તાવિથાથી ઉખેડી, પહેલા એવું હતું. ઘર પાસે એક કુંડી રાખે પત્થરની. એ કુંડીમાં નાખે. એટલે કોઈ કાગડા આવે, કૂતરા આવે એ ખાય. એવું હતું. અમારે 'પાલેજ'માં એમ હતું. અમારે દુકાન હતી એની પાછળ એક વોરા રહેતા. ડોશી કાકી કહેવાતા. એ કાકી-કાકા આખા ગામમાં. ત્યાં લીમડો હતો, લીમડા પાસે પત્થરની ઓલી હતી. કુંડી. કોઈ હોય ત્યાં નાખે. એટલે નીચે ધૂળ ન આવે. ધૂળ હોય તો ઓલું ખાનારાને ધૂળ ન આવે. એ કુંડી પત્થરની હોય. એમાં નાખતા ઉકડિયા. આ ઉકડિયાનો દાખલો છે. દાન અધિકારમાં 'પદ્મનંદિ પંચવિંશતી'માં. ભાઈ! પૂર્વે તેં કોઈ પુણ્યભાવ કર્યા હશે, શુભભાવ, એ ખરેખર તો ઉકડિયા છે. દાઝ છે દાઝ. દાઝેલું હોય છે ને એ? ખીચડી અને ચોખા દાઝેલું હોય એને ઉકડિયા કહે. તવેથાથી ઉખેડે. એમ પૂર્વે કોઈ તારા શુભભાવ આત્માની શાંતિ દાઝીને શુભભાવ થયેલા. એના ફળ તરીકે પુણ્ય બંધાયેલું અને એના ફળ તરીકે આ કાંઈક પાંચ-પચ્ચીસ લાખ કુકા. કુકા એટલે આ ધૂળ-ધૂળ પથરા. 'ચીમનભાઈ'! અહીં તો આવી કિંમત છે એની.

મુમુક્ષુ :- .. હતું કે દરેક ઘર આગળ આવી કુંડી રાખતા. એમાં (એઠું) નાખે એટલે ગાય, ઢોર, પશુ (ખાય જાય).

ઉત્તર :- એટલે કહ્યું ને. એમાં નાખે. એંઠુ નાખે. રોટલીના બટકા-કટકા એવું નાખે અને ગાય ખાય.

અહીં તો બીજું કહેવું છે. એ ઉકડિયાને સ્થાને પૂર્વે શુભભાવ તારા થયા હોય એ ઉકડિયાની બળેલા દાઝ છે એ આત્માનો ધર્મ નથી. પુણ્યભાવ એ દાઝેલો ભાવ છે, એના ફળ તરીકે પુણ્ય અને એના ફળ તરીકે આ ધૂળબુળ મળી હોય... ત્યાં તો એમ કહ્યું છે જરી. આકરું કહ્યું ત્યાં. એ પુણ્યના ફળમાં તને કાંઈક આ મળ્યું હોય અને જો એકલો ખા તો કાગડામાંથી જા એવો છો. કારણ કે ઓલા ઉકડિયા કાગડાને મળે એ કાગડો એકલો ન ખાય. એ કાગડો કો..કો..કો... પાંચ-પંદરને બોલાવીને ખાય. કૂતરા એમ ન હોય. કૂતરા વઢે માળા સામા. કાગડા છે એ તો એનો સ્વભાવ કો.. કો.. કો... કરીને ખાય. એનો સ્વભાવ જ એવો છે. તો કહે છે કે એને ઉકડિયા મળ્યા એ કાગડો એકલો ન ખાય, ઝાઝા મળીને ખાય. આ તને પુણ્યના ભાવ તરીકે આ ધૂળ મળી બહારની, અને એકલો તારા ભોગમાં, બાયડી, છોકરામાં, લગનમાં ખર્ચી નાખીશ અને રાગની મંદતા કરીને ધર્મને માટે સદ્‌ઉપયોગ વ્યવહારમાં નહિ કર (તો) કાગડામાંથી જા એવો છો. 'શાંતિભાઈ'! આચાર્યને શું છે? ત્યાં પૈસા ભેગા કરવા છે? માખણ ચોપડવું છે કાંઈ? ખુશી થાય તો પૈસા ભરે એવું નથી. આવવું હોય એ આવે અને જવું હોય એ જાય.

અહીં તો બીજું કહેવું છે. એ પુણ્યભાવ એ દાઝેલો ભાવ છે. શુદ્ધભાવ નહિ. છતાં

ધર્મી જીવને આત્માના ભાનની ભૂમિકામાં તીર્થંકરગોત્ર બાંધે એવા પુણ્યભાવ હોય એને. ચક્રવર્તીપણું, ગણધરપણું, બળદેવપણું, ઇન્દ્રપણું એવા પુણ્ય સમકિતી શુદ્ધભાવવાળાને હોય. એટલું અહીં વર્ણવવું છે કે શુદ્ધભાવમાં બધું છે જગતમાં. શુદ્ધભાવમાં લક્ષ્મી, શુદ્ધભાવમાં ભોગ, શુદ્ધભાવમાં પુણ્ય અને શુદ્ધભાવથી મોક્ષ. સમજાણું કાંઈ?

'**ધર્મ, અર્થ, કામ, મોક્ષ ઔર અન્ય જો કુછ વ્યાપાર હૈ...**' મંત્ર-તંત્ર આદિ કોઈપણ છે એ કહે છે '**સબ હી શુદ્ધભાવમેં સમસ્તરૂપસે સ્થિત હૈ.**' શુદ્ધભાવવાળાને બધું સિદ્ધ થાય છે. મંત્ર તો એને સાબિત થાય. સમજાણું કાંઈ? તંત્ર આદિ સાધનો. શુદ્ધભાવ જગતમાં પ્રધાન ધર્મદશા છે. આહાહા..! સમકિત છે એ શુદ્ધભાવ છે. સમકિત છે એ શુદ્ધભાવ છે. એ ધ્યાન છે આત્માનું. આત્માને ધ્યાન વડે ચાર ગતિ અને મોક્ષ મળે છે. શું કીધું એ? ધ્યાન વડે જ મોક્ષ અને ચાર ગતિ મળે છે. આર્ત અને રૌદ્ર ધ્યાન દ્વારા આ નરક અને પશુ મળે. છે એ ધ્યાનનું ફળ. અને સ્વર્ગ અને લક્ષ્મી આદિ મળે એ પણ એક ધર્મધ્યાન, વ્યવહાર પુણ્ય ધર્મ પુણ્ય એનું એ ફળ છે. અને ધ્યાન, આત્માના શુદ્ધનું ધ્યાન. એ ધ્યાનથી એને મુક્તિ મળે. ધ્યાનથી માણસ, ધ્યાનથી દેવ, ધ્યાનથી નારકી, ધ્યાનથી ઢોર અને ધ્યાનથી સિદ્ધ. સમજાણું કાંઈ? ધ્યાન છે ને? આ પાપના પરિણામમાં એકાગ્ર થાય છે કે નહિ? રળવામાં, ભોગમાં એકાકાર થઈ જાય એ માઠું ભૂંડું ધ્યાન છે.

મુમુક્ષુ :- એકાકાર ...

ઉત્તર :- .. ફરે. શુદ્ધ થાય તો એને બધી ખબર પડે. શુદ્ધ વિના ભાન શુદ્ધનું ક્યાં છે ઠેકાણું?

અહીં તો કહે છે એવા શુભભાવ અજ્ઞાનીને હોય. પણ જેવા શુભભાવ ધર્મીને હોય એવા એને હોય નહિ. આવી ગયું છે પહેલું આપણે. ચક્રવર્તી, તીર્થંકર, ગણધરોને.. એ પદ આવી ગયું છે. ચકહર. ૧૬૧. ચક્રવર્તી, રામ, કેશવ, સુરવર, જિન, જિનેશ્વર, ગણધર આદિ સુખ એ બધા શુદ્ધભાવવાળાને પુણ્યભાવમાંથી પ્રાપ્ત થાય છે. આહાહા..! સમજાણું કાંઈ? ધર્માત્મા આત્માનું જે શુદ્ધભાવ પ્રગટ કરીને જે ધર્મ થયો અને એને જે પુણ્ય બંધાય, એ જ્યાં અવતરે ત્યાં એને આ જલસા કરીને માન લેવું એવું ન હોય, એમ કહે છે. એને તો દુનિયા માન આપવા આવે એવું જ પુણ્ય બાંધીને આવેલ હોય. જ્યાં એ ધર્માત્મા જન્મે ત્યાં દરિયાના કાંઠા, દરિયામાં માછલીઓ પાકે એને મોતી પાકે કરોડો-અબજોના. એવું એ પુણ્ય લઈને ધર્મની ભૂમિકામાં આત્માના ભાનમાં જ્યાં એ એવું કરીને જન્મ્યો હોય. આ.. દરિયામાં એ માછલા મોતી પાકે. શું કહે છે આ? આસો મહિનાના? શાંતિ નક્ષત્રના પાણી માથે પડે ત્યાં મોતી પાકે. એવા ધર્માત્મા જ્યાં જન્મે ત્યારથી એના પુણ્ય જ એટલા આવ્યા હોય છે. અને આસપાસના પત્થરના દળ હોય એ નિલમણી થઈ જાય. પત્થર હોય ને? આ શું કહેવાય તમારે? લાદી. એ લાદીના પત્થરા નીકળે ત્યાં પુણ્યવંત ધર્મી જીવ જે પુણ્ય લઈને આવ્યો હોય એને આસપાસના પત્થરના દળ નીલમ થઈ જાય. એવું પુણ્ય શુદ્ધભાવવાળાને

હોય છે એમ કહેવું છે અહીં. સમજાણું કાંઈ? બાકી તો બધા રાંકા જેવા પુણ્ય છે. પાપાનુબંધી પુણ્ય. આહાહા..!

ધર્મ નામ શુભભાવ, અર્થ નામ પૈસો, કામ નામ ભોગ, મોક્ષ નામ પવિત્રતા પૂર્ણ. **'ઔર અન્ય જો કુછ વ્યાપાર હૈ વહ સબ હી શુદ્ધભાવમેં સમસ્તરૂપસે સ્થિત હૈ.'** શુદ્ધભાવમાં જ એ બધું હોય છે. શુદ્ધભાવ સિવાય આવી સ્થિતિ ઊંચી હોઈ શકે નહિ. એમ કહે છે. સમજાણું કાંઈ?

**ભાવાર્થ :- 'પુરુષકે ચાર પ્રયોજન પ્રધાન હૈં-'** મુખ્ય છે ચાર પ્રયોજન. એક તો પુણ્ય, બીજું લક્ષ્મી, ત્રીજું કામ, ચોથું મોક્ષ. અને **'અન્ય ભી જો કુછ મંત્રસાધનાદિક વ્યાપાર હૈ...'** મંત્ર આદિ. **'વે આત્માકે શુદ્ધ ચૈતન્યપરિણામસ્વરૂપ ભાવમેં સ્થિત હૈં.'** આહાહા..! આત્માના શુદ્ધ ચૈતન્ય પરિણામસ્વરૂપ ભાવ. દેખો! જ્ઞાનની મૂર્તિ પ્રભુ, ચૈતન્યનું નૂર. ચૈતન્યનું નૂર એવો આત્મા, એના ચૈતન્યની નિર્મળ અવસ્થાનું પરિણમન એવા ભાવમાં આ બધા હોય છે. સમજાણું કાંઈ? જુઓ! આ શુદ્ધભાવની પ્રશંસા કરે છે. અધિકાર શુદ્ધભાવનો છે ને. ભાવ બતાવવો છે ને. પૂરું કરે છે.

**'આત્માકે શુદ્ધ ચૈતન્યપરિણામસ્વરૂપ ભાવ...'** એટલે પર્યાયમાં એને લઈને બધું હોય છે. સમજાણું કાંઈ? ચક્રવર્તીના પદ, ગણધરના પદ, તીર્થંકરના પદ એ બધા સમકિતી જે શુદ્ધભાવમાં આવ્યો હોય છે, પુણ્ય-પાપના પરિણામથી રહિત શુદ્ધભાવ જેને પ્રગટ્યા છે, એવા જીવને આવા બધા પદ ઊંચા હોય છે. અજ્ઞાનીને એવા પદ હોતા નથી.

મુમુક્ષુ :- શુદ્ધ ભાવના ભાવીએ.

ઉત્તર :- હા એ. ભાષા તો ઘણી છે. ભાવે કેવળજ્ઞાન, ભાવે જિનવર પૂજિએ. આમ છે કે નહિ? ભાવે જિનવર પૂજિએ. એ ઓલામાં છે સંસ્કૃતમાં. સંસ્કૃતમાં એ શ્લોક છે. 'ન દેવો વિદ્યતે .... ભાવે સુવિજ્યતે દેવ તદ્‌ભાવો વિકારણ' લ્યો! ... કાંઈ પત્થરમાં કમળ પાકતા હશે? પત્થરમાં ભલે પાણી અમૃતના સીંચે એથી કાંઈ કમળ થાય? એમ આત્માના ભાન વિના, શુદ્ધભાવ વિના કાંઈ થાતું નથી. એમ કહે છે. પાછું કહે છે .. એ લાકડામાં ભગવાન નથી. એ પ્રતિમામાં ભગવાન નથી. સમજાણું કાંઈ? ... માટીના પુતળામાં ભગવાન નથી. ભગવાન તો અહીં છે. સમજાય છે કાંઈ? ... અંદર શુભભાવ.. ઓલામાં અર્થ કર્યો છે. શેમાં કર્યો છે? જુઓ! એમાં અર્થ કર્યો છે.

'દેવ કાચની બનાવેલી મૂર્તિમાં નથી. તેમજ આરસપાષાણ કે માટીની મૂર્તિમાં પણ દેવ નથી. દેવ તો ભાવ છે.' એ આત્માનો શુદ્ધભાવ તે દેવ છે. આહાહા..! દિવ્ય શક્તિ જેની શુદ્ધભાવ. ભગવાન પોતે શુદ્ધ છે અને એને પ્રગટેલી દશા સમ્યગ્દર્શન-જ્ઞાન-શુદ્ધતા, ધર્મની દશા પ્રગટે એને દેવ કહેવામાં આવે છે. માટે ભાવ જ કારણ છે. પછી એણે લખ્યું. 'ભાવે જિનવર પૂજિએ, ભાવે દીજે દાન, ભાવે ભાવના ભાવીએ, ભાવે કેવળજ્ઞાન.' એ શુદ્ધભાવની વાત છે. સમજાય છે કાંઈ? કોને ખબર શું હશે? 'શાંતિભાઈ'! વાત તો એમ

છે ભાઈ! લોકો એમ ને એમ ભાષા બોલી જાય, ગોખી જાય. અહીં લખ્યું છે. પુસ્તક ન મળે. નવરાશ નહિ અને નવરાશ હોય તો વળી બહારનું સાંભળ્યું હોય આ. કરો ભક્તિ, કરો પૂજા, કરો જાત્રા તમારે ધર્મ થાશે. અહીં કહે છે કે એ તો પુણ્યભાવ છે. પાપથી બચવા એવો પુણ્યભાવ હોય છે. પણ એ ધર્મ નથી. સમજાણું કાંઈ? આમાં એ દાખલા છે. એનો અર્થ કર્યો છે. ... સંસ્કૃત છે. ભાવ જ કારણ છે. શુદ્ધભાવ, હોં! આ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, જાત્રાનો ભાવ તો શુભ છે. એ ધર્મ નથી. એ તો પુણ્ય છે. એનાથી રહિત આત્માની શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ સ્વરૂપમાં, અંતર શુદ્ધભાવ સન્મુખની એકાગ્રતા એ ભાવમાં બધું છે, કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? કહો, સમજાણું કાંઈ?

અહીં તો કહે છે, '**શુદ્ધભાવસે સબ સિદ્ધિ હૈ, ઈસપ્રકાર સંક્ષેપસે કહના જાનો, અધિક ક્યા કહેં?**' શું કહીએ કહે છે. તારા શુભ ને અશુભભાવ એ તો ચાર ગતિને આપનારા છે. ગતિ સંસાર છે. ગમે તેટલું દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, જપ, તપ (કરે), એ બધાનું ફળ સંસાર છે. સમજાણું કાંઈ? આહાહા..! એનાથી રહિત આત્મા સચ્ચિદાનંદ સિદ્ધ સ્વરૂપ આત્માનું, એનું અંતર ધ્યાન કરીને જે શુદ્ધતા પ્રગટ થાય એમાં બધું છે. આખું જૈનશાસન એમાં આવે છે. એને જૈનશાસન કહેવામાં આવે છે, લ્યો! આહાહા..! કહો, સમજાણું કાંઈ? છેલ્લો.

---

**आगे इस भावपाहुडको पूर्ण करते हुए इसके पढ़ने–सुनने व भावना करनेका (चिन्तनका) उपदेश करते हैंः–**

**इय भावपाहुडमिणं सव्वंबुद्धेहि देसियं सम्मं।**
**जो पढइ सुणइ भावइ सो पावइ अविचलं ठाणं।।१६५।।**

**इति भावप्राभृतमिदं सर्वबुद्धैः देशितं सम्यक्।**
**यः पठति श्रृणोति भावयति सः प्राप्नोति अविचलं स्थानम।।१६५।।**

**એ રીત સર્વજ્ઞે કથિત આ ભાવપ્રાભૃત-શાસ્ત્રનાં,**
**સુપઠન-સુશ્રવણ-સુભાવનાથી વાસ અવિચલ ધામમાં. ૧૬૫.**

**अर्थ :– इसप्रकार इस भावपाहुडका सर्वबुद्ध–सर्वज्ञदेवने उपदेश दिया है, इसको जो भव्यजीव सम्यक्प्रकार पढ़ते हैं, सुनते हैं और इसका चिन्तन करते हैं वे शाश्वत सुखके स्थान मोक्षको पाते हैं।**

**भावार्थ :– यह भावपाहुड ग्रंथ सर्वज्ञकी परंपरासे अर्थ लेकर आचार्यने कहा है, इसलिये सर्वज्ञका ही उपदेश है, केवल छद्मस्थका ही कहा हुआ नहीं है, इसलिये आचार्यने अपना कर्तव्य प्रधानकर नहीं कहा है। इसके पढ़ने–सुननेका फल मोक्ष कहा, वह युक्त ही है।**

शुद्धभावसे मोक्ष होता है और इसके पढ़नेसे शुद्धभाव होते हैं। (नोंध यहाँ स्वाश्रयी निश्चयमें शुद्धता करे तो निमित्तमें शास्त्र–पठनादिमें व्यवहारसे निमित्तकारण–परंपरा कारण कहा जाय। अनुपचार = निश्चय बिना उपचार–व्यवहार कैसा? इसप्रकार इसका पढ़ना, सुनना, धारण और भावना करना परंपरा मोक्षका कारण है। इसलिये है भव्यजीवो! इस भावपाहुडको पढ़ो, सुनो, सुनाओ, भावो और निरन्तर अभ्यास करो जिससे भाव शुद्ध हों और सम्यग्दर्शन–ज्ञान–चारित्रकी पूर्णताको पाकर मोक्षको प्राप्त करो तथा वहाँ परमानंदरूप शाश्वत सुखको भोगो।)

इसप्रकार श्री कुन्दकुन्दनामक आचार्यने भावपाहुड ग्रंथ पूर्ण किया।

इसका संक्षेप ऐसे है – जीवनामक वस्तुका एक असाधारण शुद्ध अविनाशी चेतना स्वभाव है। इसकी शुद्ध, अशुद्ध दो परिणति हैं। शुद्ध दर्शन–ज्ञानोपयोगरूप परिणमना 'शुद्ध परिणति' है, इसको शुद्धभाव कहते हैं। कर्मके निमित्तसे राग–द्वेष–मोहादिक विभावरूप परिणमना 'अशुद्ध परिणति' है, इसको अशुद्धभाव कहते हैं। कर्मका निमित्त अनादिसे है इसलिये अशुद्धभावरूप अनादि ही से परिणमन कर रहा है। इस भावसे शुभ–अशुभ कर्मका बंध होता है, इस बंधके उदयसे फिर शुभ या अशुभ भावरूप (–अशुद्ध भावरूप) परिणमन करता है, इसप्रकार अनादि संतान चला आता है। जब इष्टदेवतादिककी भक्ति, जीवोंकी दया, उपकार, मंदकषायरूप परिणमन करता है तब तो शुभकर्मका बंध करता है; इसके निमित्तसे देवादिक पर्याय पाकर कुछ सुखी होता है। जब विषय–कषाय तीव्र परिणामरूप परिणमन करता है तब पापका बंध करता है, इसके उदयमें नरकादिक पर्याय पाकर दुःखी होता है।

इसप्रकार संसारमें अशुद्धभावसे अनादिकालसे यह जीव भ्रमण करता है। जब कोई काल ऐसा आवे जिसमें जिनेश्वरदेव–सर्वज्ञ वीतरागके उपदेशको प्राप्ति हो और उसका श्रद्धान रुचि प्रतीति आचरण करे तब स्व और परका भेदज्ञान करके शुद्ध–अशुद्ध भावका स्वरूप जानकर अपने हित–अहितका श्रद्धान रुचि प्रतीति आचरण हो तब शुद्धदर्शनज्ञानमयी शुद्ध चेतना परिणमनको तो 'हित' जाने, इसका फल संसारकी निवृत्ति है इसको जाने, और अशुद्धभावका फल संसार है इसको जाने, तब शुद्धभावके ग्रहणका और अशुद्धभावके त्यागका उपाय करे। उपायका स्वरूप जैसे सर्वज्ञ–वीतरागके आगममें कहा है वैसे करे।

इसका स्वरूप निश्चय–व्यवहारात्मक सम्यग्दर्शन–ज्ञान–चारित्रस्वरूप मोक्षमार्ग कहा है। शुद्धस्वरूपके श्रद्धान–ज्ञान–चारित्रको 'निश्चय' कहा है और जिनदेव सर्वज्ञ–वीतराग तथा उनके वचन और उन वचनोंके अनुसार प्रवर्तनेवाले मुनि श्रावक उनकी भक्ति वन्दना विनय

वैयावृत्य करना 'व्यवहार' है, क्योंकि यह मोक्षमार्गमें प्रवर्तनेको उपकारी है। उपकारीका उपकार मानना न्याय है, उपकार लोपना अन्याय है। स्वरूपके साधक अहिंसा आदि महाव्रत तथा रत्नत्रयरूप प्रवृत्ति, समीति, गुप्तिरूप प्रवर्तना और इनमें दोष लगने पर अपनी निंदा गर्हादिक करना, गुरुओंका दिया हुआ प्रायश्चित लेना, शक्तिके अनुसार तप करना, परिषह सहना, दसलक्षणधर्ममें प्रवर्तना इत्यादि शुद्धात्माके अनुकूल क्रियारूप प्रवर्तना, इनमें कुछ रागका अंश रहता है तबतक शुभकर्मका बंध होता है, तो भी वह प्रधान नहीं है, क्योंकि इनमें प्रवर्तनेवालेके शुभकर्मके फलकी इच्छा नहीं है, इसिलिये अबंधतुल्य है,–इत्यादि प्रवृत्ति आगमोक्त 'व्यवहार–मोक्षमार्ग' है। इसमें प्रवृत्तिरूप परिणाम हैं तो भी निवृत्तिप्रधान है, इसलिये निश्चय–मोक्षमार्गमें विरोध नहीं है।

इसप्रकार निश्चय–व्यवहारस्वरूप मोक्षमार्गका संक्षेप है। इसीको [१]'शुद्धभाव' कहा है। इसमें भी सम्यग्दर्शनको प्रधान कहा है, क्योंकि सम्यग्दर्शनके बिना सब व्यवहार मोक्षका कारण नहीं है और सम्यग्दर्शनके व्यवहारमें जिनदेवकी भक्ति प्रधान है, यह सम्यग्दर्शनको बतानेके लिए मुख्य चिह्न है, इसलिये जिनभक्ति निरंतर करना और जिन–आज्ञा मानकर आगमोक्त मार्गमें प्रवर्तना यह श्रीगुरुका उपदेश है। अन्य जिन–आज्ञा सिवाय सब कुमार्ग हैं, उनका प्रसंग छोड़ना; इसप्रकार करनेसे आत्मकल्याण होता है।

---

१– 'शुद्धभाव' का निरूपण दो प्रकारसे किया गया है; जैसे 'मोक्षमार्ग दो नहीं हैं' किन्तु उसका निरुपण दो प्रकारका है, इसी प्रकार शुद्धभावको जहाँ दो प्रकारके कहे हैं वहाँ निश्चयनयसे और व्यवहारनयसे कहा है ऐसा समझना चाहिये। निश्चय सम्यग्दर्शनादि है उसे ही व्य. मान्य है और उसे ही निरतिचार व्यवहार रत्नत्रयादिमें व्यवहारसे 'शुद्धत्व' अथवा 'शुद्ध संप्रयोगत्व'का आरोप आता है जिसको व्यवहारमें 'शुद्धभाव' कहा है, उसीको निश्चय अपेक्षा अशुद्ध कहा है–विरुद्ध कहा है, किन्तु व्यवहारनयसे व्यवहार विरुद्ध नहीं है।

---

निरतिचार व्यवहार रत्नत्रयादिमें व्यवहारसे 'शुद्धत्व' अथवा 'शुद्ध संप्रयोगत्व'का आरोप आता है जिसको व्यवहारमें 'शुद्धभाव' कहा है, उसीको निश्चय अपेक्षा अशुद्ध कहा है–विरुद्ध कहा है, किन्तु व्यवहारनयसे व्यवहार विरुद्ध नहीं है।

## ગાથા-૧૬૫ ઉપર પ્રવચન

**'આગે ઈસ ભાવપાહુડકો પૂર્ણ કરતે હુએ ઈસકે પઢને-સુનને વ ભાવના કરનેકા (ચિન્તનકા) ઉપદેશ કહતે હૈં :-'** છેલ્લો.

**इय भावपाहुडमिणं सव्वंबुद्धेहि देसियं सम्मं।**

**जो पढइ सुणइ भावइ सो पावइ अविचलं ठाणं।।१६५।।**

**'भावइ सो पावइ अविचलं ठाणं'**.

**અર્થ :- 'ઈસપ્રકાર ઈસ ભાવપાહુડકા સર્વબુદ્ધ-સર્વજ્ઞદેવને...'** એમ લીધું. વૃદ્ધ ન જોઈએ. બુદ્ધ. સર્વબુદ્ધ એટલે જ્ઞાની. સર્વજ્ઞ પરમાત્મા. અનંતા તીર્થંકરો, અનંતા કેવળીઓ, એને સર્વબુદ્ધ જે સર્વજ્ઞદેવ તેમણે **'ઉપદેશ દિયા હૈ,...'** કહે છે કે આ કથન કાંઈ મારું છે નહિ. અનંત તીર્થંકરો આ પ્રમાણે કહેતા આવ્યા છે. અનંતા અનંતા ભગવાન થઈ ગયા, (વર્તમાનમાં) મહાવિદેહમાં બિરાજે છે. ભવિષ્યમાં અનંતા ભગવાનો તીર્થંકરો કેવળી થશે. આ એનું કથન છે, કહે છે. સમજાણું કાંઈ? પાઠમાં શું છે? **'सव्वंबुद्धेहि'** એમ છે. જેટલા કેવળીઓ તીર્થંકરો થયા તેણે આ શુદ્ધભાવનો અધિકાર વર્ણવ્યો હતો. આહાહા..! આ ૧૬૫ ગાથાનું વર્ણન છે. મોટામાં મોટું આ જ છે.

**'સર્વજ્ઞદેવને ઉપદેશ દિયા હૈ,...'** પરમાત્મા કેવળી પ્રભુ, એણે આ ભાવપાહુડની વ્યાખ્યા એમણે કરી હતી. એમણે કરેલું છે. **'ઈસકો જો ભવ્યજીવ સમ્યક્પ્રકાર પઢતે હૈં,...'** સમ્યક્ પ્રકારે પઢે. એમ. સમજાણું? **'सव्वंबुद्धेहि देसियं सम्मं'** એ **'सम्मं जो पढइ सुणइ भावइ सो पावइ'** જે રીતે કહેવું છે એ રીતે જો સાંભળે, ભણે અને ભાવે તો **'पावइ अविचलं ठाणं'** મોક્ષપદને પામે. અવિચળ-ટળે નહિ જ્યાં ગતિ પ્રાપ્ત થઈ મોક્ષની, એનાથી ટળવું નથી એવી દશાને પ્રાપ્ત થાય. કહો, સમજાણું?

**'પઢતે હૈં,...'** એટલે ભણે. **'સુનતે હૈં...'** એટલે સાંભળે. પોતે ભણે. બીજા પાસે સાંભળે અને ભાવે **'ઔર ઈસકા ચિન્તન કરતે હૈં વે શાશ્વત સુખકે સ્થાન મોક્ષકો પાતે હૈં.'** લ્યો! પૂર્ણાનંદની પ્રાપ્તિરૂપી મુક્તિ, જેમાં સાદિ અનંત અનંત સમાધિ શાંતિ, એવી જે મુક્તદશાને એ પામે છે.

**ભાવાર્થ :- 'યહ ભાવપાહુડ ગ્રંથ સર્વજ્ઞકી પરંપરાસે...'** સર્વજ્ઞની પરંપરાથી. અનંતા તીર્થંકરો થયા એની પરંપરાથી **'અર્થ લેકર આચાર્યને કહા હૈ,...'** એમાંથી અર્થ લઈને આચાર્યે કહ્યું છે. અનંત તીર્થંકરોએ પરંપરા કહ્યું એનો અર્થ લઈને આ કહ્યું છે. મારા ઘરનું છે નહિ. મેં એકલાએ કહ્યું છે એમ નહિ. અનંતા તીર્થંકરોએ કહ્યું તે હું કહું છું. સમજાણું કાંઈ? **'પરંપરાસે...'** ઓહોહો..! જુઓને! શ્રદ્ધાનું જોર કેટલું બતાવે છે! અનંતા સર્વજ્ઞો

થઈ ગયા એની પરંપરામાં જે ભગવાન સર્વજ્ઞે કહ્યું હતું, એમાંથી અર્થ લઈને આ આચાર્યે કહ્યું છે. મારા ઘરની વાત છે નહિ.

**'ઈસલિયે સર્વજ્ઞકા હી ઉપદેશ હૈ,...'** ભાવપાહુડ સર્વજ્ઞથી જ ઉપદેશ્યો છે. ભાવપાહુડનો ભાવ સર્વજ્ઞ ભગવાને જ કહેલો છે. **'કેવલ છદ્મસ્થકા હી કહા હુઆ નહીં હૈ,...'** અલ્પજ્ઞાની એકલા છદ્મસ્થનું કહેલું નથી. **'ઈસલિયે આચાર્યને અપના કર્તવ્ય પ્રધાનકર નહીં કહા હૈ.'** મુખ્ય કરી આ મારું કામ નથી. એમ. મુખ્ય તો ભગવાન સર્વજ્ઞો થયા એમણે જે કહ્યું તે કહું છું. સમજાણું કાંઈ? તારો આત્મા, ભાઈ! શુદ્ધ આનંદનું ધામ છે. પરમ પવિત્રનો સાગર છે. એવા સ્વભાવની શ્રદ્ધા-જ્ઞાન અંતરથી કરે, એને શુદ્ધભાવ થાય અને એ શુદ્ધભાવથી મુક્તિ મળે. એમ અનંતા સર્વજ્ઞોએ કહ્યું એને હું કહું છું. સમજાણું કાંઈ? આ તો ભગવાન પાસે ગયા હતા. મહાવિદેહમાં સીમંધર પ્રભુ પાસે ગયા હતા. છે એમાં પાછળ.સંસ્કૃતમાં છે. સંસ્કૃતમાં છે. છેલ્લે પાછળ દરેકમાં સંસ્કૃતમાં છે. શ્લોક પૂરો થાય પછી સંસ્કૃતમાં લખ્યું છે.

**'ઈતિ શ્રી પદ્મનંદી...'** એમનું નામ હતું 'કુંદકુંદાચાર્ય'નું. 'કુંદકુંદાચાર્ય', 'વક્રગ્રીવ' 'એલાચાર્ય', 'ગૃદ્ધપિચ્છ' એવા પાંચ નામ હતા. એ આચાર્ય નામ .. પંચ, .. પાંચથી શોભિત. 'શ્રી સીમંધરસ્વામી સમ્યક્ ...' સીમંધર ભગવાન પાસે ગયા હતા. આ સંસ્કૃત છે. શ્રી સીમંધર સ્વામી. પરમાત્મા. મહાવિદેહ ક્ષેત્રમાં સીમંધર પ્રભુ બિરાજે છે. કેવળી વીતરાગી તીર્થંકર. એ સંબોધક ત્યાં જઈને બોધ પામ્યા હતા. સમજાણું કાંઈ? ... ભવ્યજનને માટે 'શ્રી જિનચંદ્રસૂરી ભટ્ટારક ...' એમના ગુરુનું નામ આપ્યું. દિગંબર મુનિ જિનચંદ્રસૂરી ભટ્ટારક હતા. એમના શિષ્ય 'કુંદકુંદાચાર્ય'. 'કળીકાળ સર્વજ્ઞેન...' આ કળીકાળના તો સર્વજ્ઞ છે 'કુંદકુંદાચાર્ય'. સમજાણું કાંઈ? .. એની પોતાની વાત કરી છે. આ તો સીમંધર ભગવાન પાસે ગયા હતા. સંબોધિત. ત્યાં આગળ સાંભળ્યું ભગવાન પાસે, શ્રુતકેવળીઓ પાસે સાંભળ્યું. ધર્માત્મા મુનિ તો હતા, આચાર્ય તો હતા. વિશેષ ભગવાનના સમીપે ઘણું નિર્મળતાનું જ્ઞાન પ્રગટ્યું. ત્યાંથી આવીને આ શાસ્ત્રો રચ્યા છે. આહાહા..! શું કરે? સમજાણું કાંઈ? દરેક ગ્રંથ પૂરો થતાં એ છે.

**'સર્વજ્ઞકા હી ઉપદેશ હૈ,...'** આ એમ કહે છે. ઘણી ઘણી વાતો. શું છે આ? ભાવપાહુડ. સમજાણું? **'આચાર્યને અપના કર્તવ્ય પ્રધાનકર નહીં કહા હૈ.'** મુખ્ય કરીને નથી કહ્યું. છે તો ખરું. **'ઈસકે પઢને-સુનનેકા ફલ મોક્ષ કહા,...'** આવો ભગવાનઆત્મા, પૂર્ણ શુદ્ધ પ્રભુ, એની શ્રદ્ધા-જ્ઞાન-શુદ્ધતા જે પ્રગટે એના ફળ તરીકે **'ઈસકે પઢને-સુનનેકા ફલ મોક્ષ કહા, વહ યુક્ત હી હૈ.'** **'શુદ્ધભાવસે મોક્ષ હોતા હૈ...'** લ્યો! શુદ્ધભાવ એ પુણ્ય-પાપના શુભ-અશુભભાવથી રહિત. આત્માની પવિત્રતાનો જે ભાવ પ્રગટ થાય એનાથી એને મુક્તિ મળે.

**'ઔર ઈસકે પઢનેસે શુદ્ધભાવ હોતે હૈં.'** લ્યો, નિમિત્તથી કથન છે ને. આ

ભાવપાહુડને સમજે, પઢે, ભણે, સાંભળે તો શુદ્ધભાવ થાય. એને ખબર પડે કે, અહો..! ચૈતન્ય પવિત્ર અનંતગુણનું ધામ, એમાં અંતર જવું, એને સ્પર્શવું એનું નામ શુદ્ધભાવ છે. બાકી બધા પરદ્રવ્ય અનુસારી શુભાશુભભાવ છે. ચાહે તો ભગવાનની પૂજા કરે, જાત્રા કરે કે ભગવાનનું સ્મરણ કરે, બધો પુણ્યભાવ છે, ધર્મભાવ નહિ. આહાહા..! એને જ બધું સર્વસ્વ અત્યારે તો મનાઈ ગયું છે. આ પૂજા કરો, આ કરો, કર્મ દહનની કરો પૂજા, શાંતિ, જિનેશ્વર સિદ્ધચક્ર બધી પરદ્રવ્યને અનુસારનો શુભ વિકલ્પ કરતો હોય તો. અને તેમાં પાછો ધર્મ માને તો મિથ્યાત્વસહિતનું પુણ્ય બંધાય જરી એને. આહાહા..! સમજાણું કાંઈ?

'**પરંપરા મોક્ષકા કારણ હૈં.**' એમ. આમ તો સાંભળવું એ તો પરલક્ષી જ્ઞાન છે. પણ એમાં કહેવા માગે છે એ કે અંતર ચૈતન્ય સ્વભાવમાં જા. ભગવાન કહે છે કે અમને પણ ભૂલી જા. આહાહા..! અને તારા ભગવાનની સામું જો અને સંભાર એને. સમજાણું કાંઈ? એમ અનંતા તીર્થંકરો, અનંતા કેવળીઓએ આમ કહ્યું કે એ જે સાંભળે એને શુદ્ધભાવ થાય. એમ અહીં સંધિ કરી છે ને? થાય જ. '**ઈસપ્રકાર પઢના, સુનના, ધારણ ઔર ભાવના કરના પરંપરા મોક્ષકા કારણ હૈ.**' ધારવું કે આ શું કહે છે. એમ ને એમ સાંભળીને આ કાનેથી કાઢી નાખે એમ નહિ. આહાહા..! આવો માર્ગ!

શરીર તો રજકણ છે, ધૂળ. 'રજકણ તારા રખડશે જેમ રખડતી રેત. પછી નરતન પામીશ ક્યાં ચેત ચેત નર ચેત.' આહાહા..! 'મોરબી'નો ગાતો ઓલો. નહિ? નાનો ઓલો છોકરો બહુ ગાતો. એને થઈ ગયો અતિરેક. જરીક સારો કંઠ અને ઓલું થયું. મુસલમાનનો છોકરો હતો. આ .. મુસલમાન હતો. જૈનના ગાયનો બહુ ગાતો. નાનો છોકરો હતો બાર વર્ષનો. બાર-તેર વર્ષનો. એવો કંઠ. પાંચ-પાંચ હજાર માણસને ડોલાવી દે એકવાર. એવો કંઠ. એ બોલતો 'રજકણ રજકણ તારા રખડશે...' કંઠ મીઠો હતો. 'અને જેમ રખડતી રેત.' ભાઈ નહિ ઓળખતા હોય. ત્યાં છે. 'નંદલાલભાઈ' 'મોરબી'માં મુસલમાન છે.

મુમુક્ષુ :- .. ના છોકરાઓ.

ઉત્તર :- ..ના છોકરાઓ. આ 'વિદ્યાબહેન' નહિ? 'હિંમતભાઈ'ની બહેન. એના .. પણ માળા એવું ગાતા. 'પછી નરતન પામીશ ક્યાં અને ચેત, ચેત, નર ચેત.' એ મુસલમાનના છોકરાઓ. એના બાપના બાપ એ ગાતા. એ પરંપરા આવ્યું છે. આ બધું શીખે. એમાંથી પૈસા મળે. ધંધો. ધંધો, અરે..! ગાણામાં શું રહ્યું? એ તો કંઠના ધ્વનિ જડના છે. એ આત્માની નહિ, આત્મા ધ્વનિ કરી શકે નહિ. આહાહા..! એની ધ્વનિ તો શુદ્ધતાનો પ્રગટ ભાવ થાય એ એની ધ્વનિ છે. આહાહા..!

કહે છે, એનાથી 'પરંપરા મોક્ષકા કારણ હૈ.' આ ભાવપાહુડને ભણવું, સાંભળવું, ધારવું અને ભાવના કરવી. અંતર્મુખની ભાવના ચૈતન્યપ્રભુ, પૂર્ણ અનંત સામ્રાજ્ય શાંતિનું રાજ લઈને પડ્યો છે અંદર. આહાહા..! સમજાણું? વિકૃત દશા જે પુણ્ય-પાપની છે એની

પાછળ છે એ ભગવાન અંદર. એના અંદરમાં એકાગ્ર થતાં એને શુદ્ધતા પ્રગટ થાય એની ભાવના કરવી. '**ઈસલિયે હે ભવ્યજીવો! ઈસ ભાવપાહુડકો પઢો,...**' એમ ભલામણ કરે છે. '**સુનો, સુનાઓ,...**' બીજાને સંભળાવો કે મારગ ભગવાન આમ કહે છે. '**ભાવો...**' વારંવાર ભાવના કરો. ચૈતન્યના સ્વભાવની સન્મુખ થવાની વારંવાર એકાગ્રતા કરો. ત્યારે શુદ્ધતા થાય. નહિતર શુદ્ધતા થાય નહિ. '**નિરંતર અભ્યાસ કરો.**' લ્યો! નિરંતર. લગની તો લગાડ કહે છે. સંસારની કેમ નિરંતર લગની લાગે છે? ધૂળની. પાંચ લાખ-દસ લાખ જ્યાં મળે ત્યાં એ કુટુંબ ... પરગામ આથડે છે એકલો. મા-બાપ અહીં પડ્યા હોય, કુટુંબ પડ્યું હોય એય..! પરદેશમાં પચ્ચીસ-પચાસ... 'આફ્રિકા'માં જુઓ!

મુમુક્ષુ :- પણ હવે બધા નીકળી ગયા.

ઉત્તર :- એ ત્યાં લઈ લીધું હવે તો શું કરે? વિરાણીનું લઈ લીધું બધું ઘણું વિરાણી દુકાનો. વિરાણીની દુકાનો હતી ને ત્યાં 'આફ્રિકા'માં. કરોડોપતિ. 'રામજીભાઈ' નહિ? 'દૌલતજી' 'રામજી વિરાણી'ના દીકરા. એનું ઘણું લઈ લીધું. લઈ લીધું. દુકાનું આખી લઈ લીધી. અને ભાઈ આ 'નાનજીભાઈ' નહિ? 'નાનજી કાળીદાસ' એના ..'પોરબંદર' આઠ-દસ કરોડ કહેવાતા. એક અબજ રૂપિયા. માલ, સામાન બધો સરકારને તાબે થઈ ગયો. તમારું નથી હવે. તમારું નથી. તમે ક્યાં અહીં લાવ્યા હતા કાંઈ? ચાલ્યા જાઓ. પુણ્ય ફર્યા. અબજનો હોં! શેઠ! એક અબજનું કહેતા હતા. 'મનસુખભાઈ'. 'મનસુખભાઈ'ના મકાનની સામે છે એનું મકાન. એક અબજ કીધું ત્યાં. સરકારે કબજે કરી લીધું. અહીંથી તમારા દેશમાં નહિ લઈ જવાય. આ ચીજ અહીંથી રળેલી અને અહીંની ચીજ છે. લ્યો, થઈ રહ્યું. મહેનત કરી કરીને મરી ગયા. એ પણ મરી ગયા, ગુજરી ગયા. 'નાનજીભાઈ લોહાણા' ગુજરી ગયા. આવતા હતા. અહીં આવતા. વ્યાખ્યાનમાં આવે, ત્યાં પણ વ્યાખ્યાનમાં આવે. આવે પણ બધી બહારની હૂંફ મારી નાખે. મોટી મહિમા આપે કે ઓહોહો..! શેઠ સાહેબ તો કોઈ ઈશ્વરના અંશ છે. આ રાજાને એમ કહે ને? રાજાને એમ કહે ઈશ્વરના અંશ છે એ. ધૂળેય નથી હવે, સાંભળને! ઓલા નરકગામી છે. ત્યાંથી મરીને રાજા-બાજા નરકમાં જવાના છે. આહાહા..! જુઓને જગતથી ઊંધી વાત છે ભાઈ આ તો. ખમ્મા-ખમ્મા કહેતા હોય. છ-છ મોટરું, ૫૦-૫૦ લાખના બંગલા મોટા હોય આમ. એ ભાઈ પોઢે, જાય હેઠે. પાપના ભાવ કર્યા છે. પુણ્યના ઠેકાણા નથી. ધર્મ તો શેનો હોય? આહાહા..!

કહે છે કે આ ભાવપાહુડ, જેમાં શુદ્ધતાની પ્રધાનતાના કથન છે, એનો નિરંતર અભ્યાસ કરો. '**જિસસે ભાવ શુદ્ધ હોં ઔર સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રકી પૂર્ણતાકો પાકર...**' દેખો! '**મોક્ષકો પ્રાપ્ત કરો તથા વહાં પરમાનંદરૂપ શાશ્વત સુખકો ભોગો.**' આહાહા..! આ દુઃખ... દુઃખ... દુઃખ.. છે સંસારમાં આખું. અગ્નિથી બળી ઝળી રહ્યા છે બધા. પૈસાવાળા, નિર્ધન, રાજા. નવી સુખી દેવતા દેવલોયે. આવ્યું હતું ને? આવે છે ને?

દેવના દેવતા સુખી નથી, પૃથ્વીના રાજા સુખી નથી. સુખી આત્માના ધ્યાનનું જ્ઞાન જેણે કર્યું, આત્માની શાંતિ પ્રગટ કરી એ એક જ સુખી, બાકી બધા દુઃખી છે. એકાંત સુખી મુનિ વીતરાગી. પણ વીતરાગી મુનિ, હોં! બહારના લુગડા ફેરવ્યા અને સાધુ એ નહિ.

મુમુક્ષુ :- એ વીતરાગી...

ઉત્તર :- ધૂળેય વીતરાગો નથી. વીતરાગ ક્યાંથી લાવ્યો? હજી તો દેહની ક્રિયા હું કરું, રાગની ક્રિયા મારી છે. (એમ માનનાર) મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! 'ધીરૂભાઈ'! આકરું ભારે. વીતરાગનો માર્ગ કડક અને કઠણ. સર્વજ્ઞનો માર્ગ છે. જેના ફળ તરીકે પરમાત્મા સિદ્ધ થાય એ માર્ગ કોઈ અલૌકિક માર્ગ છે. 'પરમાનંદ શાશ્વત સુખકો ભોગો.' લ્યો!

**'ઈસપ્રકાર શ્રી કુંદકુંદનામક આચાર્યને ભાવપાહુડ ગ્રંથ પૂર્ણ કિયા. ઈસકા સંક્ષેપ ઐસે હૈં –'** પંડિતજી પોતે કરે છે હવે થોડું. આખા ભાવપાહુડનું. **'જીવનામક વસ્તુકા...'** આ ભગવાન એક વસ્તુ છે આત્મા એમ કહે છે. જેમ આ જડ વસ્તુ છે શરીર, વાણી આ બધું. એમ આત્મા પણ એક વસ્તુ છે, પદાર્થ છે, અસ્તિ છે, સત્તા છે. એ **'જીવનામક વસ્તુકા એક અસાધારણ શુદ્ધ અવિનાશી ચેતના સ્વભાવ હૈ.'** જુઓ! ત્રિકાળી. **'જીવનામક વસ્તુકા એક અસાધારણ...'** એક જ ગુણ કે જે બીજામાં છે નહિ. **'શુદ્ધ અવિનાશી ચેતના સ્વભાવ હૈ.'** આહાહા..! જાણવાનો-દેખવાનો સ્વભાવ. ભગવાનઆત્મા અવિનાશી એવો એનો શુદ્ધ ચેતના સ્વભાવ પણ અવિનાશી.

**'એક અસાધારણ...'** એટલે બીજો નહિ એવો. બીજામાં નહિ અને બીજો નહિ એવો. **'શુદ્ધ અવિનાશી ચેતના સ્વભાવ હૈ.'** આત્મામાં તો જાણવા-દેખવાનો અનાદિઅનંત સ્વભાવ છે કહે છે. અનાદિઅનંત ચેતના અવિનાશી સ્વભાવ છે. **'ઈસકી શુદ્ધ, અશુદ્ધ દો પરિણતિ હૈં.'** એ ત્રિકાળ જે શુદ્ધ અવિનાશી ચેતનાસ્વભાવ, એની વર્તમાન દશાના બે પ્રકાર. વર્તમાન દશા. ત્રણ પ્રકાર થઈ ગયા. એક આત્મા વસ્તુ ત્રિકાળી, એનો શુદ્ધ ચેતનાસ્વભાવ ત્રિકાળી એને ગુણ કીધો. પહેલું દ્રવ્ય કીધું. હવે એની પરિણતિ નામ પર્યાય-અવસ્થા કહેશે. દ્રવ્ય-ગુણ અને પર્યાય સાબિત કરે છે. જીવવસ્તુ ત્રિકાળી, એનો એક અસાધારણ અવિનાશી ચેતનાસ્વભાવ. એ અવિનાશી એ પણ ત્રિકાળી. એની શુદ્ધ અને અશુદ્ધ બે અવસ્થા, હાલત વર્તમાન દશા. એક શુદ્ધદશા, એક અશુદ્ધદશા.

**'શુદ્ધ દર્શન-જ્ઞાનોપયોગરૂપ પરિણમના શુદ્ધ પરિણતિ હૈ, ઈસકો શુદ્ધભાવ કહતે હૈં.'** આ વ્યાખ્યા કરી. **'શુદ્ધ દર્શન-જ્ઞાનોપયોગરૂપ પરિણમના...'** આત્માના શુદ્ધભાવમાં દર્શન-જ્ઞાનની જે શુદ્ધ પરિણતિએ પરિણમવું, રાગરૂપે ન થવું, પુણ્યરૂપે ન થતાં, સ્વભાવની શુદ્ધતારૂપે થવું એ શુદ્ધ પરિણતિ. પરિણતિના બે ભેદ કીધા હતા ને ઉપર? શુદ્ધ અને અશુદ્ધ અવસ્થા. એમાં શુદ્ધ અવસ્થા આ. વસ્તુ જીવ અનાદિઅનંત પદાર્થ, એનો શુદ્ધ ચેતનાસ્વભાવ અનાદિ અવિનાશી. એની વર્તમાન દશા બે પ્રકારની. એક શુદ્ધદશા, એક અશુદ્ધદશા. શુદ્ધદશા એટલે? જ્ઞાન અને દર્શનનો જે ભાવ ઉપયોગ

ત્રિકાળી, એનું પરિણમન શુદ્ધનું થવું એ શુદ્ધ પરિણતિ રૂપી શુદ્ધભાવ. શુદ્ધ અવસ્થા રૂપી શુદ્ધભાવ. એ શુદ્ધદશા રૂપી શુદ્ધભાવ. ભાષા સાંભળી ન હોય હજી આ શું શુદ્ધ અને શુભ? પરિણતિ અને ભાવ. વીતરાગ મારગના એકડા છે આ હજી તો.

કહે છે, **'શુદ્ધ દર્શન-જ્ઞાનોપયોગરૂપ...'** જે દર્શન અને જ્ઞાન છે શુદ્ધ, એનો ઉપયોગ એટલે વેપાર. એ રૂપે શુદ્ધ રૂપે પરિણમવું એનું નામ શુદ્ધ પરિણતિ છે. અને એ શુદ્ધ પરિણતિને શુદ્ધભાવ કહેવામાં આવે છે. લ્યો, એ શુદ્ધપરિણતિ એ શુદ્ધભાવ એ ધર્મ. દર્શન-જ્ઞાનના ઉપયોગને શુદ્ધરૂપે પરિણમવું એટલે થવું એવી શુદ્ધ પરિણતિને શુદ્ધભાવ કહે છે. દશા છે એ શુદ્ધ અવસ્થા છે. ત્રિકાળી અવિનાશી દ્રવ્ય, ત્રિકાળી અવિનાશી ચેતનાસ્વભાવ, એને આશ્રયે શુદ્ધ પરિણમન થવું, પુણ્ય-પાપના રાગ વિનાનું એવી શુદ્ધ પરિણતિનો શુદ્ધભાવ તે મોક્ષનું કારણ.

હવે અશુદ્ધ પરિણતિ. **'કર્મકે નિમિત્તસે રાગ-દ્વેષ-મોહાદિક વિભાવરૂપ પરિણમના અશુદ્ધ પરિણતિ હૈ,...'** સ્વભાવનો આશ્રય હતો ત્રિકાળી અવિનાશી. દર્શન-જ્ઞાન ઉપયોગ. અહીંયાં કર્મના નિમિત્તમાં રાગ અને દ્વેષ, પુણ્ય અને પાપ અને મિથ્યાત્વ આદિ **'વિભાવરૂપ પરિણમના અશુદ્ધ પરિણતિ હૈ,...'** વિકારરૂપે થવું તે અશુદ્ધદશા. **'ઈસકો અશુદ્ધભાવ કહતે હૈં.'** ચાહે તો શુભ હો કે અશુભ હો. બેયને અશુદ્ધ કહીએ. સમજાણું કાંઈ? સ્વભાવનો દર્શન-જ્ઞાનનો ઉપયોગ તે શુદ્ધ છે, નિમિત્તને આધીન થઈને જે શુભ-અશુભભાવ કરે તે અશુદ્ધ. આહાહા..!

એ **'કર્મકા નિમિત્ત અનાદિસે હૈ ઈસલિયે અશુદ્ધભાવરૂપ અનાદિહીસે પરિણમન કર રહા હૈં.'** એ તો અનાદિથી કરે જ છે, કહે છે. પુણ્ય-પાપના ભાવ કર્મના નિમિત્તને લક્ષે અનાદિથી કરતો આવે છે. એ કાંઈ નવું છે નહિ. આહાહા..! **'ઈસ ભાવસે શુભ-અશુભ કર્મકા બંધ હોતા હૈ,...'** લ્યો! શુભ-અશુભભાવ એ અશુદ્ધ છે. તેથી શુભ હોય તો પુણ્ય બંધાય, અશુભ હોય તો પાપ બંધાય. ધર્મ નહિ. **'ઈસ બંધકે ઉદયસે ફિર શુભ યા અશુભ ભાવરૂપ (અશુદ્ધ ભાવરૂપ) પરિણન કરતા હૈ, ઈસપ્રકાર અનાદિ સંતાન ચલા આતા હૈ.'** સંસારનો શુભ-અશુભ પરિણામ બંધ હોય એ બંધના ઉદયથી શુભાશુભ પરિણામ એમ ચાલ્યું જ આવે છે. એમાંથી એની દૃષ્ટિ છોડીને આત્માની દૃષ્ટિ કરવી એને શુદ્ધભાવ અને મુક્તિનું કારણ કહે છે. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પ્રવચન નં. ૧૬૩, ગાથા-૧૬૫, શુક્રવાર, પોષ સુદ ૪, તા.૧-૧-૭૧

આ 'ભાવપાહુડ'ની ૧૬૫ ગાથા પૂરી થઈ. ફરીને ઓલું '**શ્રી કુન્દકુન્દનામક આચાર્યને ભાવપાહુડ ગ્રંથ પૂર્ણ કિયા.**' '**ઈસકા સંક્ષેપ ઐસે હૈ –**' ૧૬૫ ગાથાનો ભાવાર્થમાં શું છે...

'**જીવનામક વસ્તુકા એક અસાધારણ શુદ્ધ અવિનાશી ચેતના સ્વભાવ હૈ.**' જુઓ! આ ભાવપાહુડમાં સારરૂપે શું કહેવું છે એનો સંક્ષેપ કહે છે કે આ આત્મા જે વસ્તુ છે, એ જીવ નામક વસ્તુ-પદાર્થ (છે), એનો 'એક અસાધારણ શુદ્ધ અવિનાશી ચેતના સ્વભાવ હૈ.' એક જ અસાધારણ ચેતના શુદ્ધ ચેતના અવિનાશી ત્રિકાળ (છે). આત્મા જેમ અવિનાશી એક વસ્તુ છે એમ એનો ચેતનાસ્વભાવ, શુદ્ધ ચેતના જાણવું-દેખવું શુદ્ધ ચેતના એ અવિનાશી એક સ્વભાવ એનો સ્વતંત્ર છે.

હવે એની બે પર્યાયો. આવો શુદ્ધ ચેતનાસ્વભાવ, એનો અવિનાશી હોવા છતાં એની વર્તમાન દશામાં બે પ્રકારની પરિણતિ, અવસ્થા, દશા થાય છે. સમજાણું કાંઈ? જીવ નામની વસ્તુ સિદ્ધ કરી કે આત્મા વસ્તુ છે, જેમ આ પરમાણુ આદિ છે એમ. અને એમાં એક અસાધારણ બીજો ગુણ નહિ અને બીજામાં નહિ એવો એક અસાધારણ શુદ્ધ ચેતના, પવિત્ર જાણવું ને દેખવું એવી અવિનાશી ચેતના, એનો ગુણ, સ્વભાવ, સત્ત્વ, તત્ત્વ છે. હવે એની અવસ્થા. એ દ્રવ્ય-ગુણની વ્યાખ્યા કરી. હવે એની પર્યાય.

'**ઈસકી શુદ્ધ, અશુદ્ધ દો પરિણતિ હૈં.**' શુદ્ધ ચેતના સ્વભાવ, અવિનાશી આત્માનો ભાવ, એની બે અવસ્થા-પર્યાય છે. પરિણતિ એટલે અવસ્થા. '**શુદ્ધ દર્શન-જ્ઞાનોપયોગરૂપ પરિણમના...**' ઉપર તો કહ્યું હતું કે '**શુદ્ધ અવિનાશી ચેતના સ્વભાવ છે.**' એ ચેતના સ્વભાવના દર્શન અને જ્ઞાન બે ભાગ છે. તેમાં એક દર્શન-જ્ઞાનનો ચેતના સ્વભાવ શુદ્ધ ઉપયોગપણે પરિણમે, શુદ્ધ ઉપયોગપણે અંદર જાણવું-દેખવું, એના પર્યાયમાં પુણ્ય-પાપના પર્યાય મેલ રહિત શુદ્ધ સ્વભાવનો ઉપયોગ શુદ્ધપણે થાય તો એ તો શુદ્ધ પરિણતિ છે-એ શુદ્ધ અવસ્થા છે. સમજાય છે કાંઈ?

જીવ શુદ્ધ વસ્તુ છે. શુદ્ધ વસ્તુ પદાર્થ આત્મા (છે). એનો શુદ્ધ ચેતના સ્વભાવ અવિનાશી ગુણ છે. અને એની પર્યાય એટલે હાલત-વર્તમાન દશા શુદ્ધ દર્શન-જ્ઞાન-ઉપયોગ. દેખવું ને જાણવું એવા શુદ્ધભાવપણે પરિણમન થાય અવસ્થા થાય, તેને અહીંયાં શુદ્ધ પરિણતિ, અવસ્થા, પર્યાય, હાલત કહેવામાં આવે છે. કહો, સમજાય છે કાંઈ આમાં? આ તો સાદિ ભાષા છે. આમાં કાંઈ બહુ એવું (અઘરું નથી). કહો, પંડિતજી! દ્રવ્ય-ગુણ અને પર્યાય ત્રણે અહીંયાં શુદ્ધ વર્ણવી છે.

શુદ્ધ પરિણતિ એ ભાવ છે. અને શુદ્ધ પરિણતિ એ આત્માના નિર્મળ ગુણની પવિત્ર દશા છે. એને ધર્મ કહીએ. સમજાણું કાંઈ? ત્રિકાળી વસ્તુ શુદ્ધ છે. આત્મા પદાર્થ છે ને? અસ્તિ, સત્તા, હોવાવાળો, મોજૂદગી (ધરાવતો) પદાર્થ, એનો ગુણ શુદ્ધ ચેતના જાણવું,

દેખવું, અવિનાશી એક અખંડ ચૈતન્ય સ્વભાવ છે. એની પર્યાય એટલે હાલત, દશા જાણવા-દેખવાનો સ્વભાવ જે છે એનું શુદ્ધપણે જાણવું-દેખવું, રાગ અને પુણ્ય-પાપના પરિણામના મેળ-ભેળસેળ વિના એકલા શુદ્ધ જાણવાનું-દેખવાનું પરિણમન-દશા થાય એને શુદ્ધ પરિણતિ, શુદ્ધભાવ કહે છે. '**ઈસકો શુદ્ધભાવ કહતે હૈં.**' આ ભાવપાહુડ છે ને? એક વાત.

હવે બીજી. અશુદ્ધ પરિણતિ અનાદિની છે એ વાત કરે છે. વળી બહુરી એટલે વળી '**કર્મકે નિમિત્તસે...**' એટલે કે પોતાના શુદ્ધ જાણવા-દેખવાની પરિણતિથી વિરુદ્ધ, કર્મના નિમિત્તથી જડ કર્મના સંગે, લક્ષે '**રાગ-દ્વેષ-મોહાદિક વિભાવરૂપ પરિણમના...**' રાગ, દ્વેષ અને મોહ. મિથ્યાત્વ-મિથ્યાત્વ. વિષય, વાસના આદિ. વિભાવરૂપે થવું, પરિણમવું, અવસ્થાનું ધરવું તે ''**અશુદ્ધ પરિણતિ**' હૈ,...' એ અશુદ્ધ અવસ્થા છે. '**ઈસકો અશુદ્ધભાવ કહતે હૈં.**' કહો, સમજાય છે કાંઈ? '**કર્મકા નિમિત્ત અનાદિસે હૈ...**' અશુદ્ધ પરિણતિ થવામાં શુદ્ધપણાને ભૂલી, પોતાનો સ્વભાવ તો શુદ્ધ સચ્ચિદાનંદ પવિત્ર અનાકુળ આનંદ અને જ્ઞાન-દર્શનની શુદ્ધતાથી ભરેલો પદાર્થ છે પણ એને ભૂલી '**કર્મકા નિમિત્ત અનાદિસે** હૈ...' એની દશામાં કર્મનું જડપણાનું નિમિત્ત એટલે બીજી ચીજનો સંગ એને અનાદિથી છે.

'**ઈસલિયે અશુદ્ધભાવરૂપ અનાદિહીસે પરિણમન કર રહા હૈ.**' તેથી પુણ્ય અને પાપ અને મિથ્યાત્વ ને વિષય-વાસના એવા મલિન પરિણામથી, પર્યાયથી, ભાવથી, અનાદિથી પરિણમી-થઈ રહ્યો છે. આહાહા..! કહો, સમજાય છે કાંઈ? એ અધર્મ છે. પોતાનો સ્વભાવ શુદ્ધ ચેતનાસ્વભાવ જાણવું-દેખવું શુદ્ધ એવો અવિનાશી સ્વભાવ, એને ભૂલી અનાદિથી કર્મના નિમિત્તના સંગે એને મિથ્યાત્વ, રાગ-દ્વેષ, વિષય-વાસના, હરખ-શોક એવા જે ભાવ અનાદિના થાય છે, એ અશુદ્ધ પરિણતિ છે-એ અશુદ્ધભાવ છે. એ અશુદ્ધભાવ બંધનું કારણ છે. એમ સિદ્ધ કરવું છે.

'**અશુદ્ધભાવરૂપ અનાદિહીસે પરિણનમન કર રહા હૈ.**' નિગોદથી માંડી અનંત... અનંત... અનંત... અનંત.. સંસાર થયો માથે. અનાદિથી મલિન મિથ્યાત્વ રાગ-દ્વેષ, શુભ-અશુભ પરિણામ એ પણે અનાદિથી પરિણમે છે. એમ કહે છે. જુઓ! આમાં શુભ અને અશુભપણે અનાદિથી થાય છે, એમ કહે છે. અનાદિથી અશુદ્ધપણે પરિણમે છે. અનાદિમાં નિગોદ આવ્યું કે નહીં? બધા જીવ આવ્યા. આહાહા..!

કર્મના સંગે સ્વસંગ ચીજને ભૂલી, જાત પોતાની આનંદ અને જ્ઞાન ને દર્શનની શુદ્ધ જાત છે એવા સ્વભાવને ભૂલી, કર્મના ફળ આત્માથી વિલક્ષણ બીજું તત્ત્વ છે, એ આત્માનું લક્ષણ છે એનાથી વિલક્ષણ-બીજા લક્ષણવાળુ તત્ત્વ છે, એના સંગે-લક્ષે કરી મિથ્યાત્વ અને રાગ-દ્વેષ અને વિષય-વાસના, હરખ-શોકાદિ પર્યાય અવસ્થાપણે થાય, એ અશુદ્ધભાવ છે. લ્યો.

'**ઈસ ભાવસે શુભ-અશુભ કર્મકા બંધ હોતા હૈ,...**' જુઓ! આ શું કહ્યું? કે અનાદિનો શુભ અને અશુભભાવ થાય છે, એને શુભ અને અશુભભાવથી શુભ-અશુભ કર્મનું બંધન થાય છે. જુઓ! આ શુભ તો અનાદિથી થાય છે, એમ કહે છે. સમજાણું કાંઈ? શુભ અને અશુભભાવ મેલા (છે). સ્વભાવનું શુદ્ધપણું જાતની જ્ઞાનદશા અને આનંદની જાત એવો આત્મા એને ભૂલી પરના સંગે શુભ અને અશુભ એવો જે અશુદ્ધ ભાવ, એ રૂપે થાય છે. તેથી એને શુભ-અશુભ કર્મનું બંધન થાય છે. ત્યારે એનો અર્થ શું થયો? કે શુભભાવ પણ કર્મના નિમિત્તને સંગે અનાદિથી કરે છે. પંડિતજી! બરાબર છે? એ કહેશે. શુભભાવ કોને કહેવો. અનાદિથી એને શુભભાવથી પુણ્યનું શુભબંધન (થયું). અશુભભાવથી પાપનું બંધન (થયું). અનાદિથી કર્મના સંગે આ ભાવ એનો થાય છે. એમાં અનાદિના જીવમાં શુભ-અશુભભાવ સાબિત થયા કે નહીં? એમાં હેં! કે અનાદિના અશુભભાવ જ એકલા હતા? શેઠ! બેય હતા. આહાહા..! કહ્યું ને? અનાદિથી અશુદ્ધભાવ પરિણમ્યા. અશુદ્ધભાવ એટલે શુભ-અશુભ પરિણામ. એનાથી '**ઈસ ભાવસે શુભ - અશુભ કર્મકા બંધ હોતા હૈ,...**' શુભભાવ કાળે શુભ પુણ્ય બંધાય, અશુભભાવ કાળે અશુભ પાપ બંધાય. આવું અનાદિથી દરેક પ્રાણીને એકેન્દ્રિયથી માંડીને નવમી ગ્રૈવેયક જૈનનો સાધુ થઈને ગયો, એને આ રીતે બંધન થયા કરે છે. હવે કહે છે. એ શુભ-અશુભની વ્યાખ્યા કરે છે.

'**ઈસ બંધકે ઉદયસે ફિર શુભ યા અશુભ ભાવરૂપ (- અશુદ્ધ ભાવરૂપ) પરિણમન કરતા હૈ,...**' લ્યો! શુભ અશુભભાવ, અશુદ્ધભાવ. શુભ-અશુભ બે મળીને અશુદ્ધભાવ. એને કારણે શુભાશુભ બંધાય અને એના ઉદયથી-એ કર્મબંધન થયું એનો જ્યારે પાકકાળ આવે ત્યારે '**ફિર શુભ યા અશુભ ભાવરૂપ (- અશુદ્ધ ભાવરૂપ) પરિણમન કરતા હૈ,...**' વળી શુભ-અશુભભાવે થાય. સમજાણું કાંઈ? '**અનાદિ સંતાન ચલા આતા હૈ.**' આ પ્રમાણે અનાદિ સંતાન. સંતાન કહે છે ને? સંતાનનું સંતાન.. સંતાનનું સંતાન.. એમ પરંપરા અનાદિ સંતાન આમ ચાલ્યું આવે છે. આહાહા..! એણે અનાદિ કાળમાં શુદ્ધભાવ કદી કર્યો નથી. તેથી તેને ધર્મ થયો નથી, એમ કહે છે.

'**અનાદિ સંતાન ચલા આતા હૈ. જબ ઈષ્ટદેવતાદિકકી ભક્તિ,...**' હવે શુભ-અશુભની વ્યાખ્યા કરે છે. ઈષ્ટદેવ આદિની ભક્તિ. '**જીવોંકી દયા, ઉપકાર, મંદકષાયરૂપ પરિણમન કરતા હૈ...**' કોઈને ભલે જીવની દયા, ઈષ્ટદેવની ન હોય પણ મંદ કષાયરૂપ પરિણમે. કારણ કે નિગોદના જીવને તો મંદ કષાયરૂપ પરિણમન છે. સમજાણું કાંઈ? નિગોદના એકેન્દ્રિય જીવને પણ શુભભાવરૂપી (મંદ કષાય થાય છે). એક શરીરમાં અનંતા જીવ, એક એક જીવને અનાદિથી કર્મના સંગમાં.. કોઈ પંચેન્દ્રિય થાય તો ઈષ્ટદેવાદિની ભક્તિ, જીવની દયા, ઉપકાર અને આ ન હોય તો મંદ કષાયરૂપ ભાવ (હોય), એ બધાને મંદકષાય કીધો છે. મંદ કષાયરૂપ પરિણમે '**તબ તો શુભકર્મકા બંધ કરતા હૈ;...**' ત્યારે

શુભકર્મનું બંધન કરે. અનાદિથી એવા ભાવ એને હોય છે. આ લીમડા, પીપળા, કીડી, મકોડા એને પણ શુભભાવ થાય છે. શુભભાવ થાય એટલે પુણ્ય બાંધે, અશુભ થાય ત્યારે પાપ બાંધે. એ અશુદ્ધનું પરિણમન... અશુદ્ધ એટલે શુદ્ધ સ્વભાવ ભગવાનઆત્માનો, એનાથી વિરૂદ્ધ અશુદ્ધનું પરિણમન એને અનાદિથી ચાલ્યું આવે છે. આહાહા..! જુઓને, કેટલું ચોખ્ખું (કર્યું છે)!

વસ્તુ અનાદિ, એનો ચેતના નિર્મળ સ્વભાવ અનાદિ પણ એની અનાદિ વર્તમાન પર્યાયમાં અશુદ્ધ પરિણમન એને ચાલ્યું આવે છે. આહાહા..! એટલે કે અધર્મનું પરિણમન અનાદિથી ચાલ્યું આવે છે. આહાહા..! જ્યારે એને આવી રાગની મંદતા, કષાયરૂપ ભાવ હોય તો શુભકર્મનું બંધન કરે. '**ઈસકે નિમિત્તસે દેવાદિક પર્યાય પાકર...**' શુભને લઈને દેવ ને પૈસાના ધણી આ શેઠિયા કહેવાયને જરી? જરી કહેવાય, હોં! ... નથી. '**દેવાદિક પર્યાય પાકર કુછ સુખી હોતા હૈ.**' જુઓને! દુનિયામાં કાંઈક સુખી કહેવાય. પાંચ-પચ્ચીસ લાખ મળે. હવે તો પાંચ-પચ્ચીસ લાખ ઘટી ગયા. ઓછા થયા. ઘણા પૈસા વધી ગયા. કરોડ-બે કરોડ-પાંચ કરોડ મળે. પૂર્વના કોઈ શુભભાવ હોય, એણે કર્યા હતા. કરે છે. એમાં કાંઈ નવા નથી. એને લઈને આવું મળે. '**કુછ સુખી હોતા હૈ.**' થોડું. નારકીના દુઃખ કરતા કંઈક એને સુખ જેવું લાગે. સુખ છે નહિ. કાંઈક સુખ જેવું અજ્ઞાનીને લાગે. એ સુખી છે એ ઓલા નરકની અપેક્ષાએ સુખી કીધા. સુખો કે દિ' હતો. સમજાણું કાંઈ? લોકો માને છે ને? કે અમને હમણા ઠીક છે, બાદશાહી છે. પૈસા-બૈસા છે, શરીર નીરોગી, છોકરા સારા, આબરૂ વધારે, નવા છોકરા થાય એ પણ પુણ્યશાળી પાકે છે. એટલે અમારા પુણ્ય હજી હવે વધતા છે અને અમે સુખી છીએ. એમ દુનિયા કહે છે એની અપેક્ષાએ કહ્યું.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- ક્યાં ધૂળમાં સુખ છે? આ જુઓ ને, આ ગંધાય છે. આવ્યા છે (ત્યારના) દવા એવી ગંધાય છે. સુખી કોને કહેવું?

મુમુક્ષુ :- દવા ગંધાય એમાં ઈ શું કરે?

પૂજ્ય ગુરુદેવશ્રી :- ચોપડીને આવ્યા છે ઈ. ઘણા રોગ અંદર છે. બહાર લાગે સારું રૂપાળુ અને અંદર હોય કીડા. કીધું નહોતું? એક એક શરીરમાં પાંચ કરોડ અડસઠ લાખ નેવું હજાર પાંચસોને ચોરાશી રોગ છે. આ શરીર. કાલે તો ઉત્પત્તિની વાત કરી હતી કે આ ક્યાંથી ઊપજ્યું. એ શરીરમાં એટલા રોગ ભગવાને જોયા છે. પાંચ કરોડ અડસઠ લાખ નેવું હજાર પાંચસો ને ચોરાશી. કહો, અત્યારે તો એટલા પૈસા પણ નહીં હોય તમારી પાસે, શેઠ! પાંચ કરોડ અને અડસઠ લાખ, નેવું હજાર. પણ શરીરમાં એટલા રોગ છે. ફાટે ત્યારે ખબર પડે. કેટલાક તો રોગ સદાય હોય જ થોડા-થોડા. વધારે ફાટે ત્યારે એમ કહેવાય, આ થયું,આ થઈ ગયું. શરીરમાં તો અંકુરા ફૂટે અને રોગ ફાટે. ત્યાં ક્યાં અમૃત ઝરે? આહાહા..! 'મગનભાઈ'! શું છે આમાં? નીકળે તો આ નીકળે, લ્યો! આંખે સુજે નહીં, પગ ચાલે

નહી, શરીરમાં ચક્કર આવે. કેટલાક રોગ તો સાથે ને સાથે હોય છે.

'ભગવતી આરાધના'માં આ સંખ્યા બતાવી છે. 'શિવભૂતિ' મુનિ. શિવ કેવા? 'શિવકોટી'. શિવાય. આવા એક શરીરમાં રોગ છે. ભગવાનમાં અનંતા નીરોગતાના ગુણો છે. એ બપોરે વંચાય છે. જીવતર શક્તિ, ચિતિ, દશિ, જ્ઞાન, સુખ, વીર્ય વગેરે અનંતા-અનંતા મહિમાવંત અતુલ-અખંડ-અચલ એવા નીરોગી ગુણો ભર્યા છે. એનું એને મહાત્મ્ય નથી અને આ ધૂળનું મહાત્મ્ય. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- શાક હોય એ પણ પૈસાથી આવે અને આ ગુણ...

ઉત્તર :- શાક ધૂળેય આવતું નથી. છોકરા પાસે શાક નથી. એના ઘરે શાક નથી આવતું? 'દિલીપ'! શાક ખાય છે કે નહિ તું?

મુમુક્ષુ :- ના.

ઉત્તર :- પણ આવે છે ને ઘરમાં? ઘરમાં આવે છે કે નહીં?

મુમુક્ષુ :- ઘર તો જડનું અને શાક એનું.

ઉત્તર :- ભલે એનું પણ આવે છે ને શાક?

મુમુક્ષુ :- શાક એની ક્રિયાવતી શક્તિને લઈને (આવે છે).

મુમુક્ષુ :- સંયોગરૂપે તો હોય છે ને.

ઉત્તર :- હં, એમ.

મુમુક્ષુ :- એ આત્માને ન હોય.

ઉત્તર :- એ વળી જુદું. પણ આ શાક આવે છે ને? એટલી વાત છે. જડ આવે છે ને? જડ ન હોય? આ લાકડું આવ્યું, લ્યો! લાકડું આવ્યું. ભલે આત્મામાં નહી પણ લાકડું આવ્યું એ તો બરાબર છે કે નહીં? એ તો એને કારણે આવ્યું. આ શાક એને કારણે આવ્યું. એને કારણે આવ્યું. પૈસા વિના આવ્યું. કહો, નાની છોડીને શાક આપે છે કે નહીં? ત્યાં પૈસા છે એની પાસે?

મુમુક્ષુ :- એને બાપે આપ્યા.

ઉત્તર :- બાપ ક્યાં હતો? કોનો? અહીં તો શાક આવવાનું હોય ત્યાં આવે. આમ .. નથી લખેલું? 'ખાનારનું નામ દાણે-દાણે' આવે છે કે નહીં? કહો, પંડિતજી! શું આવે છે? ખાનારનું નામ દાણામાં મહોરછાપ પડી છે.

મુમુક્ષુ :- દાણે દાણે મહોર લાગી છે.

ઉત્તર :- હા, ઈ. મહોર લાગી છે એનો અર્થ ઈ છે. જે દાણા અને જે વનસ્પતિના ટુકડા આવવાના હશે એ આવશે. આત્મા એનો પુરુષાર્થ કરે તો આવે છે અને જાય એમ છે નહીં. હિન્દુસ્તાનમાં ચાલે છે. અમારે અહીં કાઠિયાવાડમાં ચાલે છે. ખાનારનું નામ દાણે દાણે લખ્યું છે. ન્યાં અંદર લખ્યું છે? પણ એમ કહેવાય છે. એનો અર્થ એ કે જે વનસ્પતિ, જે પૈસા, જે દાણા, જે દાળ-ભાત, જે શાક, એ દૂધ, એ ખોળ એ કેરી, એ શું કહેવાય તમારે? દ્રાક્ષ. અંગુર. 'નવનીતભાઈ'નો સગો ત્યાં રહે છે. લટકે છે ને? દ્રાક્ષ.

અંગુર. એ અંગુર-બંગુર એને કારણે જેને આવવું હોય એ આવે. એવી એનામાં છાપ છે. આ અંગુરનો કણ અહીં જવાનો હોય ઈ જ જાય. એના આત્માને કારણે એ આવે ને જાય એમ છે નહીં. આહાહા..! એમ કહે છે, જુઓ!

મુમુક્ષુ :- ... મહોર છાપ..

ઉત્તર :- નહીં. મોહર કા અર્થ ઉસકે પાસ આનેવાલા હૈ વહ આયેગા. વહ છાપ ઉસમેં હૈ. જે પર્યાય થવાની છે તે થશે.

'**નિમિત્તસે દેવાદિક પર્યાય પાકર...**' શુભકર્મ બાંધે. રાગની મંદતા હોય તો દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા વગેરે વગેરે. ઈષ્ટદેવતાદિક કહ્યું ને? ઈષ્ટ દેવ, ઈષ્ટ ગુરુ, ઈષ્ટ શાસ્ત્ર, એની ભક્તિ, એની પૂજા એ શુભભાવ થાય તો એનાથી દેવાદિ પર્યાય પામે. વળી '**જબ...**' તબ ને ઠેકાણે જબ લીધું છે. '**જબ વિષય - કષાય તીવ્ર પરિણામરૂપ પરિણમન કરતા હૈ તબ...**' જ્યારે વિષયની વાસના, રાગની વાસના, કષાયની વાસના તીવ્ર (પરિણમે). 'તીવ્ર પરિણામરૂપ પરિણમન કરતા હૈ તબ પાપકા બંધ કરતા હૈ,..' પાપનો બંધ કરે. '**ઈસકે ઉદયમેં નરકાદિક પર્યાય પાકર દુઃખી હોતા હૈ.**' લ્યો! એના ઉદયથી નરક, પશુ, ઢોર આદિ પર્યાય-શરીર પામી દુઃખી હોય. આ અનાદિથી આમ થઈ રહ્યું છે, એમ કહે છે. આહાહા..!

'**ઈસપ્રકાર સંસારમેં અશુદ્ધભાવસે અનાદિકાલસે યહ જીવ ભ્રમણ કરતા હૈ.**' ચોરાસીમાં કેમ રખડે છે? કે એ અશુદ્ધભાવથી. આ ભાવપાહુડ છે ને? અશુદ્ધભાવ એટલે પુણ્ય-પાપના ભાવથી રખડે છે. '**અનાદિકાલસે યહ જીવ ભ્રમણ કરતા હૈ.**' શુભભાવથી ભમે છે એમ સંસારમાં કહે તો બધા રાડ નાખે. પણ આ શુભ અને અશુભ બેય સંસાર છે. આ શું કહે છે આ? સમજાણું કાંઈ? પુણ્ય સંસાર છે. અરે..! રાડ નાખે. એને ગળે ખૂંચે છે. ધૂળેય નથી, સાંભળને! અનાદિના અશુદ્ધભાવથી અનાદિથી જીવ ભમી રહ્યો છે.

'**જબ કોઈ કાલ ઐસા આવે...**' એની યોગ્યતાનો કાળ એવો આવે જીવને કે '**જિસમેં જિનેશ્વરદેવ...**' આહાહા..! '**સર્વજ્ઞ વીતરાગકે ઉપદેશકી પ્રાપ્તિ હો...**' જિનેશ્વર ત્રણલોકના નાથ પરમાત્મા, જિનદેવ, તીર્થંકરદેવ, સર્વજ્ઞ વીતરાગ, ત્રણકાળનું જેને જ્ઞાન હોય વીતરાગ પરમાત્મા જે થયા, એના ઉપદેશની પ્રાપ્તિ હોય. પ્રાપ્તિ હોય ઉપદેશની. '**ઔર ઉસકા શ્રદ્ધાન રુચિ પ્રતીતિ આચરણ કરે...**' ભગવાનની આજ્ઞાનો ઉપદેશ છે કે આત્માનો સ્વભાવ પવિત્ર છે એની શ્રદ્ધા કર. ભગવાનની એ આજ્ઞા છે. ઉપદેશમાં એ આવે છે. અખંડાનંદ પ્રભુ ધ્રુવ અવિનાશી શુદ્ધતાના ભંડારનું સ્વરૂપ તારું છે. એવા સ્વભાવની અંતર્મુખ થઈને શ્રદ્ધા કર. અંતર્મુખ થઈને એનું વેદન-જ્ઞાનવેદન કર. અંતર્મુખ થઈને આચરણ (કર)-સ્થિર થા. કહો, સમજાણું?

'**શ્રદ્ધા રુચિ પ્રતીતિ...**' એવા ત્રણ શબ્દ લીધા છે. શ્રદ્ધાન કર, એની રુચિ કર, એની પ્રતીતિ કર. આચરણ કર-સ્વરૂપમાં ઠર. ભગવાનની આજ્ઞાના ઉપદેશમાં એ આવ્યું

છે. તારે કરવાનું હોય તો અંતર્મુખ થઈને શ્રદ્ધ-જ્ઞાન ને ચારિત્ર કરવાનું છે. બહિર્મુખનું તો આવું અનંત વાર કર્યું. શુભાશુભ પરિણામ અનંત વાર થયા. એ બહિર્મુખી દૃષ્ટિ છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**તબ સ્વ ઔર પરકા ભેદજ્ઞાન કરકે...**' લ્યો! આવો જ્યારે આત્માના પવિત્ર સ્વભાવની શ્રદ્ધા-જ્ઞાન ને આચરણ કરે ત્યારે એને પોતાનું અને પરનું ભેદજ્ઞાન કરી, રાગાદિ પુણ્ય-પાપના ભાવ એ પર છે, મારો સ્વભાવ શુદ્ધ સ્વ છે. જડ પર છે, ચૈતન્યદ્રવ્ય એનાથી જુદો છે. એમ '**સ્વ ઔર પરકા ભેદજ્ઞાન કરકે...**' લ્યો! જુદું પાડી '**શુદ્ધ - અશુદ્ધ ભાવકા સ્વરૂપ જાનકર...**' શુદ્ધ-અશુદ્ધ ભાવનું સ્વરૂપ જાણે. '**અપને હિત - અહિતકા શ્રદ્ધાન...**' આહાહા..! આત્માનો શુદ્ધ સ્વભાવ આનંદ, એની શ્રદ્ધા-જ્ઞાન એ હિતરૂપ છે. કહો, સમજાણું? અને એ સિવાયની બહારની શ્રદ્ધા એ અહિતરૂપ છે. વિશ્વાસ કરવો કે આમાંથી મને લાભ થશે. એવા હિત-અહિતરૂપ શ્રદ્ધાનરૂપી પ્રતીતિ આચરણ હોય '**તબ...**' જુઓ! હિતનું આચરણ અને અહિતનું આચરણ છોડવું હિત-અહિતના ભેદજ્ઞાનનું કહ્યું ને અહીંયાં?

'**શુદ્ધદર્શનજ્ઞાનમયી શુદ્ધ ચેતના પરિણમનકો તો 'હિત' જાને,...**' જુઓ! શુદ્ધ દર્શનજ્ઞાન, આત્મા દૃષ્ટા અને જ્ઞાતા એનો અવિનાશી સ્વભાવ, એ રીતે '**શુદ્ધદર્શનજ્ઞાનમયી શુદ્ધ ચેતના પરિણમનકો...**' એવી શુદ્ધ પવિત્રની પરિણતિ થવી '**તો હિત જાને,...**' એને હિત માને. જુઓ! આત્માનો પવિત્ર સ્વભાવ, એની શ્રદ્ધા-જ્ઞાનને હિત જાણે. એનું આચરણ- ઠરવું એને હિત જાણે. '**ઈસકા ફલ સંસારકી નિવૃત્તિ હૈ...**' એનું ફળ સંસારથી નિવૃત્તિ (છે). કહો, સમજાણું કાંઈ? પોતાનો જે અવિનાશી દર્શન-જ્ઞાન-શુદ્ધ સ્વભાવ, એની સન્મુખ થઈને શુદ્ધ પરિણતિ નામ નિર્મળ દશા કરવી, એ નિર્મળ દશાનું ફળ સંસારથી નિવૃત્તિ છે. મુક્તિની પ્રાપ્તિ છે. લ્યો, આવું તો કેટલું સાદિ ભાષામાં લખ્યું છે. 'જયચંદ્ર પંડિત'. છતાં તકરારો (કરે), શુભ આમ થાય ને શુભથી આ થાય. અનાદિથી શુભાશુભથી તો સંસાર છે.

ચૈતન્ય સ્વભાવ શુદ્ધ વસ્તુ પવિત્ર છે. એને પવિત્રને આશ્રયે થઈને જે પવિત્રતા પ્રગટ થાય, એનાથી સંસારની નિવૃત્તિ થાય. શુભાશુભ ફળરૂપ સંસાર એની એનાથી-શુભભાવથી નિવૃત્તિ થાય. કહો, સમજાણું કાંઈ? 'ઈસકો જાને,...' જાણે કે આનું-શુદ્ધભાવનું ફળ તો સંસારની નિવૃત્તિ છે. '**ઔર અશુદ્ધભાવકા ફલ સંસાર હૈ ઈસકો જાને,...**' પુણ્ય અને પાપના ભાવ જે અશુદ્ધ છે, એનું ફળ તો સંસાર છે. લ્યો! બે વાત કરી. શુદ્ધભાવનું ફળ સંસારથી નિવૃત્તિ. શુભાશુભ અશુદ્ધભાવનું ફળ સંસારની પ્રાપ્તિ. કહો, આને અંદર જાણે. પુણ્ય અને પાપના બેય ભાવ અશુદ્ધ છે, એનાથી સંસારની પ્રાપ્તિ છે. અને આત્માના સ્વભાવની શુદ્ધતાનું પરિણમન, વીતરાગી દશા એ સંસારની નિવૃત્તિનો ઉપાય છે. સમજાણું કાંઈ?

'**તબ શુદ્ધભાવકે ગ્રહણકા...**' શુદ્ધભાવને અંગીકાર કરે. શુદ્ધભાવ, એનું ફળ સંસારની નિવૃત્તિ, અશુદ્ધભાવ(નું ફળ) સંસારની પ્રાપ્તિ (છે), એમ જાણીને શુદ્ધભાવને અંગીકાર કરે. સ્વ સામું જોઈને શુદ્ધ પરિણમન પ્રગટ કરે. સમજાણું કાંઈ? પર સામું, કર્મના નિમિત્ત સામું જોઈને સંસારના પરિણામ ઉત્પન્ન થાય છે. એનું ફળ સંસાર રખડવાનું છે. આહાહા..! આવું છે. આહાહા..! સંસાર સાચો જાણે. '**તબ શુદ્ધભાવકે ગ્રહણકા ઔર અશુદ્ધભાવકે ત્યાગકા ઉપાય કરે.**' પોતાના પવિત્ર સ્વભાવ સન્મુખનો, શુદ્ધભાવને અંગીકાર કરવાનો પ્રયત્ન કરે અને પુણ્ય-પાપના અશુદ્ધભાવને છોડવાનો ઉપાય કરે, એમ કહે છે. આહાહા..! શુભ અશુભભાવ એવા અશુદ્ધભાવના ત્યાગનો ઉપાય કરે. રાખવાનો ઉપાય કરે એમ નહિ. આ મોટી ચર્ચા, વાંધા આવે. આહાહા..!

'**ઉપાયકા સ્વરૂપ જૈસે સર્વજ્ઞ-વીતરાગકે આગમમેં કહા હૈ...**' ઉપાયનું સ્વરૂપ જેવું સર્વજ્ઞ વીતરાગ, એના શાસ્ત્રમાં કહ્યું એનો ઉપાય સાચો. જેને સર્વજ્ઞપણું નથી, ત્રણકાળનું જ્ઞાન નથી અને વીતરાગતા જેને પ્રગટ થઈ નથી, એની વાણીમાં આગમ હોઈ શકે નહિ. આહાહા..! '**વૈસે કરે. ઈસકા સ્વરૂપ નિશ્ચય-વ્યવહારાત્મક સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રસ્વરૂપ મોક્ષમાર્ગ કહા હૈ.**' લ્યો! ભગવાનના ઉપદેશમાં નિશ્ચય સમ્યગ્દર્શન, નિશ્ચય જ્ઞાન, નિશ્ચય ચારિત્ર અને વ્યવહાર સમ્યગ્દર્શન, વ્યવહાર જ્ઞાન અને વ્યવહાર ચારિત્ર-એ બેને-નિશ્ચય વ્યવહારને મોક્ષમાર્ગ કહ્યો. નિશ્ચય મોક્ષમાર્ગ એ સત્ય છે, વ્યવહાર મોક્ષમાર્ગ એ ઉપચારના આરોપિત કથન છે. સત્ય ત્યાં નથી. ભાઈ! કારણ તે વ્યવહાર. 'શુદ્ધસ્વરૂપકે શ્રદ્ધાન - જ્ઞાન - ચારિત્રકો '**નિશ્ચય**' કહા હૈ...' શુદ્ધ સ્વરૂપ ભગવાનઆત્મા, જ્ઞાનાનંદ અનંત ચૈતન્ય રત્નાકરનો ભંડાર, એવા શુદ્ધ સ્વરૂપનું શ્રદ્ધાન, એવા શુદ્ધ સ્વરૂપની રુચિ, એનું જ્ઞાન ને ચારિત્રને નિશ્ચય કહ્યો.

વ્યવહાર '**જિનદેવ સર્વજ્ઞ - વીતરાગ તથા ઉનકે વચન ઔર ઉન વચનોંકે અનુસાર પ્રવર્તનેવાલે મુનિ, શ્રાવક ઉનકી ભક્તિ વન્દના વિનય વૈયાવૃત્ય કરના** '**વ્યવહાર**' **હૈ,...**' લ્યો! વ્યવહાર એ પુણ્યબંધનું કારણ છે. વ્યવહાર જિનદેવ.. એ પરદ્રવ્ય આવ્યું ને? પરદ્રવ્ય માટે વ્યવહાર થયો, એમ કહે છે. સ્વદ્રવ્યની શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર એ નિશ્ચય છે, પરદ્રવ્યની શ્રદ્ધા આદિનો ભાવ એ વ્યવહાર છે. '**જિનદેવ સર્વજ્ઞ - વીતરાગ તથા ઉનકે વચન...**' એના વચનો. '**ઉન વચનોંકે અનુસાર પ્રવર્તનેવાલા...**' ભગવાનના વચનમાં કહેલું, એને અનુસારે, એને અનુસારે પ્રવર્તનારા મુનિ અને શ્રાવક. એમ કહે છે. આહાહા..! ભગવાનના વચનમાં જે કહ્યું, એને અનુસારે પ્રવર્તવાવાળા મુનિ અને શ્રાવક '**ઉનકી ભક્તિ વન્દના વિનય વૈયાવૃત્ય કરના...**' એમ કહ્યું. ભગવાનના આગમ પ્રમાણે મુનિ અને શ્રાવક હોય, એને વંદના અને ભક્તિ કરવી એ વ્યવહારભાવ, પુણ્યભાવ કહેવામાં આવે છે. કહો, સમજાણું આમાં? કેટલું સમજવું ને સાંભળવું? શરતું કેટલી?

વ્યવહાર તો આને કહીએ. વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા, એના વચન અને એ વચનને

અનુસારે પ્રવર્તવાવાળા મુનિ '**શ્રાવક ઉનકી ભક્તિ વન્દના વિનય વૈયાવૃત્ય કરના વ્યવહાર હૈ,...**' એ વ્યવહાર છે. ઓલો નિશ્ચય હતો. સ્વ ભગવાનઆત્માની શુદ્ધ સ્વભાવની સ્વને આશ્રયે શ્રદ્ધા-જ્ઞાન અને ચારિત્ર (થાય) એ નિશ્ચય. એ સત્ય વસ્તુ હતી. જોડે આવું પરદ્રવ્ય સર્વજ્ઞના કહેલા વચનો, સર્વજ્ઞદેવ અને એમના વચન અનુસાર પ્રવર્તવાવાળા મુનિ અને શ્રાવક. સમજાણું કાંઈ? '**ક્યોંકિ વહ મોક્ષમાર્ગમેં પ્રવર્તાનેકો ઉપકારી હૈ.**' પહેલા ... ને? વીતરાગદેવ, વીતરાગની વાણી અને વીતરાગના દેવ અનુસાર પ્રવર્તવાવાળા મુનિ અને શ્રાવક, એ '**મોક્ષમાર્ગમેં પ્રવર્તાનેકો ઉપકારી હૈ.**' ઉપકારીને માનવા ન્યાય છે. અહીંયાં વ્યવહાર સિદ્ધ કરવો છે ને? સમજાણું કાંઈ? '**ઉપકાર લોપના અન્યાય હૈ.**' જિનેશ્વર દેવ, એની વાણી-આગમ, એને અનુસારે પ્રવર્તવાવાળા મુનિ ને શ્રાવક, એનો વિનય, વંદના આદિ યથાયોગ્ય કરવું એ ન્યાય છે. એ બધા ઉપકારી છે. સમજાણું કાંઈ? અને એનો ઉપકાર ઓળવવો એ અન્યાય છે. એવો ભાવ આવે છે કે નહીં? શુભભાવ વ્યવહાર આવો હોય છે એમ કહે છે. સર્વજ્ઞદેવ પરમાત્મા ત્રિલોકનાથ, એનું નામ માત્ર પણ લાભદાયક છે. હવે આપણે અરિહંતની વ્યાખ્યા આવશે આ પછી. બોધપાહુડમાં રહી ગયું છે ને? ભાઈ! અરિહંતદેવ. ... અરિહંતનું ... ૨૮ ગાથાથી અમુક સુધી છે.

વળી, '**સ્વરૂપકે સાધક અહિંસા આદિ મહાવ્રત...**' જુઓ! અહીં સ્વરૂપ જે આત્માની શ્રદ્ધા, જ્ઞાન ને શાંતિ, એમાં નિમિત્તરૂપે રાગની મંદતાના અહિંસ આદિના ભાવ હોય એને વ્યવહારે સાધક કહેવામાં આવે છે. '**મહાવ્રત તથા રત્નત્રયરૂપ પ્રવૃત્તિ...**' સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના શુભ વિકલ્પની પ્રવૃત્તિ '**સમિતિ, ગુપ્તિરૂપ પ્રવર્તના...**' લ્યો! એમાં રાગનો અંશ છે પણ એ આવ્યા વિના રહેતો નથી. વીતરાગ જ્યાં સુધી ન થાય, એને શુદ્ધ ભાવની ભૂમિકામાં શુદ્ધ પરિણતિમાં નિશ્ચયમાં આવો વ્યવહાર હોય છે.

'**મહાવ્રત તથા રત્નત્રયરૂપ પ્રવૃત્તિ,...**' રત્નત્રય એટલે વ્યવહાર. વ્યવહાર શ્રદ્ધા, વ્યવહાર જ્ઞાન અને વ્યવહાર મહાવ્રતનો વિકલ્પ આદિ. 'સમિતિ, ગુપ્તિરૂપ પ્રવર્તના...' એ પણ રાગ છે. ઈર્યા-શોધીને ચાલવું એ બધો વિકલ્પ રાગ છે. પણ એવો વ્યવહાર નિશ્ચયવાળાને હોય છે. '**ઈનમેં દોષ લગને પર અપની નિંદા ગર્હાદિક કરના,...**' મહાવ્રતાદિમાં દોષ લાગ્યો હોય તો નિંદા ગર્હા કરવા. '**ગુરુઓંકા દિયા હુઆ પ્રાયશ્ચિત લેના,...**' આ બધો વ્યવહાર વિકલ્પ હોય છે, એટલી વાત. '**શક્તિકે અનુસાર તપ કરના,...**' શક્તિ અનુસાર એટલે શક્તિ પ્રમાણે. જેવી પોતાની શક્તિ હોય એના પ્રમાણમાં તપ કરવું. અપવાસ આદિ વ્યવહાર તપની વાત છે. '**પરિષહ સહના, દસલક્ષણધર્મમેં પ્રવર્તના ઈત્યાદિ શુદ્ધાત્માકે અનુકૂલ...**' નિમિત્ત. શુદ્ધાત્માની શ્રદ્ધા-જ્ઞાનની ભૂમિકામાં અનુકૂળ નામ નિમિત્ત 'ક્રિયારૂપ પ્રવર્તના, ઈનમેં કુછ રાગકા અંશ રહતા હૈ તબતક શુભકર્મકા બંધ હોતા હૈ,...' રાગનો અંશ છે એટલું એને પુણ્યબંધન થાય. '**તો ભી વહ પ્રધાન નહીં**

**હૈ,...'** પ્રધાનતા-ગણતરી નિશ્ચયની-સ્વભાવની છે એમ કહે છે. જરી રાગ હોય છે. એ રાગને શુદ્ધનો આરોપ અપાય છે.

**'ક્યોંકે ઈનમેં પ્રવર્તનેવાલેકે શુભકર્મકે ફલકી ઈચ્છા નહીં હૈ,...'** લ્યો! રાગ એવો આવે છે પણ એના ફળની ઈચ્છા ધર્મીને હોતી નથી. **'ઈસલિયે અબંધતુલ્ય હૈ,...'** એ અપેક્ષાએ. દૃષ્ટિ અને જ્ઞાન અને ચારિત્રની નિર્મળતાનું જોર છે ત્યાં જરી રાગનો ભાગ આવો આવે છે, એનાથી કાંઈ બંધ છે પણ એને પ્રધાનપણે ગણવામાં (આવ્યો છે). પ્રધાન આ શુદ્ધ રત્નત્રય (છે). તેથી એને અબંધતુલ્ય કહ્યું. **'ઈત્યાદિ પ્રવૃત્તિ આગમોક્ત 'વ્યવહાર મોક્ષમાર્ગ' હૈ.'** એ પણ આગમની આજ્ઞા વ્યવહાર પ્રમાણે મોક્ષમાર્ગ વ્યવહારે કહેવામાં આવે છે. **'ઈસમેં પ્રવૃત્તિરૂપ પરિણામ હૈં...'** એમાં રાગરૂપી પ્રવૃત્તિના પરિણામ છે. 'તો ભી નિવૃત્તિપ્રધાન હસૈં, ઈસલિયે નિશ્ચયમોક્ષમાર્ગમેં વિરોધ નહીં હૈ.' નિશ્ચય ભૂમિકામાં વ્યવહારનો ભાવ એવો હોય છે. એથી કંઈ નિશ્ચય વિરોધ આવતો નથી. આહાહા..!

**'ઈસપ્રકાર નિશ્ચય-વ્યવહારરૂપ મોક્ષમાર્ગકા સંક્ષેપ હૈ. 'ઈસીકો 'શુદ્ધભાવ' કહા હૈ.'** જુઓ! શુદ્ધભાવ તો શુદ્ધ જ છે. વ્યવહારને ઓલાને શુદ્ધ કહેવામાં (આવે છે). વ્યવહારે શુદ્ધ. મૂળ એમ છે. શુભને વ્યવહાર શુદ્ધ કીધો. શુદ્ધને નિશ્ચય શુદ્ધ કીધો. લ્યો! આમાં ન સમજે તો ગોટા ઉઠાવે. એમ કહે કે જુઓ! આ બેયને શુદ્ધ કહ્યા. આહાહા..! **'ઈસીકો શુદ્ધભાવ કહા હૈ.'** એને શુદ્ધભાવ કહ્યો છે. એય..! કોને? બેયને. એક યથાર્થ અને એક આરોપિત. જેમ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એક નિશ્ચય અને એક આરોપિત. એમ શુદ્ધભાવ યથાર્થ એ યથાર્થ. શુભને વ્યવહાર આરોપિત. આહાહા..! લ્યો! આમાં તો આવું ચોખ્ખું છે.

નિશ્ચય અને વ્યવહારથી નિર્જરા થાય. 'જય ધવલ'માં છે ને? એનો અર્થ શું? એ તો વ્યવહારનો આરોપ કરીને કથન કર્યું છે. આવી વસ્તુ (છે). માણસને અભિપ્રાય બંધાય જાય છે ને? એનાથી છૂટવું ભારે પડી જાય. ચારિત્રદોષ છે એ તો ટળી શકવાની એને દૃષ્ટિ છે તો ટળી શકે. પણ અભિપ્રાયને ટાળવો... આહાહા..! તેથી કહ્યું ને, દંસણ ભટ્ટા સિજ્ઝંતિ નહિ. ચરિત્ત ભટ્ટા સિજ્ઝંતિ. દર્શનભ્રષ્ટ છે તે કોઈ દિ' નહિ સિઝે. ચારિત્રભ્રષ્ટ-ચારિત્રનો દોષ હશે તો એના શ્રદ્ધા-જ્ઞાનમાં ખ્યાલ છે. એ ક્રમે ક્રમે છૂટી જશે. પણ જેની શ્રદ્ધા જ વિપરીત છે એ પુણ્ય પરિણામ એ જ નિર્જરા અને સંવર છે અને એ ધર્મ છે, એવા અભિપ્રાયવાળા દર્શનથી ભ્રષ્ટ છે. સમજાણું કાંઈ? સત્યથી વેગળા છે. ચારિત્રદોષ છે એ સત્યથી અસ્થિરતાની અપેક્ષાએ વેગળો છે. અભિપ્રાયની અપેક્ષાએ વેગળો નથી. દોષ છે. રાગ દોષ છે. સમજાણું કાંઈ?

**'ઈસમેં સમ્યગ્દર્શનકો પ્રધાન કહા હૈ,...'** જુઓ! પાછું એમાં પણ સમ્યગ્દર્શનની પ્રધાનતા. ત્રણ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર નિશ્ચય અને વ્યવહાર. એમાં પણ સમ્યગ્દર્શનની મુખ્યતા. **'ક્યોંકિ સમ્યગ્દર્શનકે બિના સબ વ્યવહાર મોક્ષકા કારણ નહીં હૈ...'** જેને નિર્વિકલ્પ આત્માની શ્રદ્ધાનું ભાન નથી એને આવા બધા વ્યવહાર કોઈ મોક્ષનું વ્યવહાર

કારણ પણ નથી. એમ કહે છે. આહાહા..! આઠ-આઠ વર્ષના છોકરા સમજતા. આહાહા..! આઠ વર્ષના બાળક રાજકુમાર કેવળ પામતા. સંસાર સમુદ્રનો દરિયો મોટો રખડવાનો અપાર. એમાંથી દુઃખ લાગ્યું. અરે..રે..! આ ભવજળસાગરમાંથી તરવું એ મારે કરવું. એ મારે કરવું. બાકી મારે કાંઈ કરવું નથી. સમજાણું કાંઈ? શુભાશુભ પરિણામનું ફળ તો સંસાર છે. કીધું ને? એ સંસારના ભવસાગરમાં ડૂબી રહ્યો છે. એનાથી હવે મારે તરવું એ કરવું છે. તરવું એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય છે. એનાથી તરી શકે છે. ભારે! ટૂંકી વાતમાં મોટી વાત. જવાબદારી, શરતું મોટી.

'**સમ્યગ્દર્શનકે બિના સબ વ્યવહાર...**' જુઓ! ઉપર કહ્યું ને વ્યવહાર? જેને વ્યવહારે શુદ્ધ કીધો હતો એ બધા '**મોક્ષકા કારણ નહીં હૈ...**' ઓલામાં તો આરોપ આવતો. સમ્યગ્દર્શન આત્માનું ભાન, નિર્વિકલ્પ શ્રદ્ધા અને રાગ તે હેય છે એમ ભાન હતું. એને રાગમાં આરોપ આવતો. અજ્ઞાનીને તો કહે છે શ્રદ્ધા વિનાનાને આરોપ પણ હોતો નથી. '**સમ્યગ્દર્શનકે વ્યવહારમેં જિનદેવકી ભક્તિ પ્રધાન હૈ,...**' હવે સમ્યગ્દર્શનમાં પણ વ્યવહારમાં જિનદેવની ભક્તિ પ્રધાન છે. વીતરાગ તીર્થંકરદેવ કેવળજ્ઞાની સૂર્ય, જાગતી જ્યોત સૂર્ય, એ ઊગ્યો એ ઉગ્યો. આથમે નહીં. એવા પરમાત્મા જિનેન્દ્રદેવ એની ભક્તિ, વ્યવહારમાં મુખ્ય છે.

'**યહ સમ્યગ્દર્શનકો બતાનેકે લિયે મુખ્ય ચિહ્ન હૈ,...**' જિનેન્દ્રદેવની જેને અંતર શ્રદ્ધા આત્માની થઈ છે, એને આવા જિનેન્દ્રદેવ પ્રત્યેની ભક્તિ અને મુખ્યતા ગણવામાં (આવી છે). વ્યવહારમાં. '**ઈસલિયે જિનભક્તિ નિરંતર કરના...**' વ્યવહારનો વિકલ્પ છે ને? એની શ્રદ્ધા નિરંતર રાખવી. '**જિન-આજ્ઞા માનકર આગમોક્ત માર્ગમેં પ્રવર્તના...**' વીતરાગની આજ્ઞા જાણવી, આજ્ઞા માનવી. આગમોક્ત-ભગવાનના આગમ પ્રમાણે માર્ગમાં પ્રવર્તવું. '**યહ શ્રીગુરુકા ઉપદેશ હૈ. અન્ય જિન-આજ્ઞા સિવાય સબ કુમાર્ગ હૈં,...**' જિનેન્દ્રની આજ્ઞા સિવાય જેટલા જગતમાં માર્ગ છે એ બધા કુમાર્ગ છે, પાખંડ માર્ગ, અન્ય માર્ગ છે. આહાહા..! '**ઉનકા પ્રસંગ છોડના;...**' એવાઓનો સંગ કરવો નહીં, એમ કહે છે. સમજાણું કાંઈ? વીતરાગ પરમાત્મા તીર્થંકરદેવે કહેલો માર્ગ શુદ્ધ અને શુભ, એ સિવાય બીજા કહેનારાઓનો માર્ગ છોડવો, પ્રસંગ છોડવો, સંગ કરવો નહીં, પરિચય કરવો નહીં. સમજાણું કાંઈ? અને પોતાના ભગવાનની આજ્ઞા પ્રમાણે પોતાના આત્માનું હિત કરવું. '**ઈસપ્રકાર કરનેસે આત્મકલ્યાણ હોતા હૈ.**' લ્યો! આવું કરે એને આત્મકલ્યાણ થાય. લ્યો! આખા ભાવપાહુડનો સાર કહ્યો. ૧૬૫ ગાથા ઘણા વખતથી આમ...

**धीव सदा चिदभाव एक अविनाशी धारै।**
**कर्म निमितकूं पाय अशुद्धभावानि विस्तारै।।**
**कर्म शुभाशुभ बांधि उदै भरमै संसारे।**

**पावै दुःख अनंत च्यारि गतिमैं डुलि सारै।।**
**सर्वज्ञदेशना पायकै तजै भाव मिथ्यात्व जब।**
**निजशुद्धभाव धरि कर्महरि लहै मोक्ष भरमै न तब।।**

જુઓ! પાછું લખાણમાં ચોખ્ખું કરી નાખ્યું. '**जीव सदा चिदभाव...**' પહેલું આવ્યું હતું. જીવ સદા ચેતના અવિનાશી સ્વભાવવાળો છે. '**जीव सदा चिदभाव एक अविनाशी धारै।**' આત્માનો ચિદાનંદ જ્ઞાન-દર્શન સ્વભાવ અવિનાશી અનાદિઅનંત, એને દૃષ્ટિમાં લે-ભાવે. '**कर्म निमितकूं पाय**' અનાદિથી. આવ્યું છે એનો જ ખુલાસો કર્યો. કર્મનું નિમિત્ત પામીને અશુદ્ધભાવને વિસ્તારે. એ નિમિત્તને પામેનો અર્થ જ નિમિત્ત પોતે લક્ષમાં લે છે માટે નિમિત્ત કહેવાય છે. એમ. '**कर्म निमितकूं पाय अशुद्धभावानि विस्तारै।।**' પરના નિમિત્તના લક્ષે તો અશુદ્ધભાવનો-પુણ્ય-પાપનો જ વિસ્તાર થાય. એમાં સંસારની નિવૃત્તિનો ઉપાય થાય નહિ.

'**कर्म शुभाशुभ बांधि**' પુણ્યના, પાપના જે કાંઈ શુભ-અશુભભાવ કરે, શુભ-અશુભ બાંધે. વળી, '**उदै भरमै संसारै।**' વળી ઉદય આવે તો વળી ભ્રમમાં પડીને પુણ્ય-પાપના ભાવ કરે અને સંસારમાં રખડે. આહાહા..! '**पावै दुःख अनंत**' ચારેય ગતિનું દુઃખ છે. અનંત '**च्यारि गतिमैं डुलि सारै।।**' જુઓ! ચારેય ગતિમાં ડૂબશે એમ કહે છે. ઓલામાં કુછ સુખ, કહ્યું હતું ને?

મુમુક્ષુ :- બહુ સુખી કીધો હતો, હવે દુઃખ કીધું.

ઉત્તર :- એ તો લોકોને..આહાહા..!

'**गतिमैं डुलि**' ચાર ગતિમાં ડોલતો ફરે. પરિભ્રમણ કરે. આહાહા..! '**सर्वज्ञदेशना पायकै**' પરમાત્મા સર્વજ્ઞ દેવ. કેમકે આત્માનો સર્વજ્ઞ સ્વભાવ છે. એને જ આત્મા પૂરો કહીએ અને એવી સર્વજ્ઞદશા જેને પ્રગટ થઈ એવા આત્માને આત્મા ખરેખર કહીએ. એવા ભગવાનની જે આજ્ઞા-દેશના. '**सर्वज्ञदेशना पायकै तजै भाव मिथ्यात्व जब।**' જુઓ! ત્યારે જ મિથ્યાત્વભાવ તજે. સર્વજ્ઞની આજ્ઞા પ્રમાણે આત્માને જાણે, શ્રદ્ધે તો મિથ્યાત્વ જાય. અજ્ઞાનીઓના કહેવા પ્રમાણે આત્માને માને, ધ્યાન કરે તો એને મિથ્યાત્વ જાય નહીં. સમજાણું?

'**सर्वज्ञदेशना पायकै तजै भाव मिथ्यात्व जब। निजशुद्धभाव धरि**' આત્માનો પવિત્ર સ્વભાવ સમ્યગ્દર્શનમાં ધાર્યો, એમ કહે છે. મિથ્યાત્વ છૂટ્યું. આ શુદ્ધ નિજ આત્મા પરમાનંદસ્વરૂપ જ્ઞાનનો સૂર્ય, આનંદનો સાગર એવો '**निजशुद्धभाव धरि**' ધારણ કરીને '**कर्महरि**' કર્મને ટાળીને '**लहै मोक्ष भरमै न तब।।**' એ મોક્ષ લે '**भरमै न तब**' એ ભરમાય નહિ અને સંસારમાં રહે નહિ.

**मंगलमय परमातमा, शुद्धभाव अविकार।**
**नमूँ पाय पाऊँ स्वपद, जाचूँ यहै करार।।**

'**मंगलमय परमातमा,**' પરમાત્મા તો મંગલમય પૂર્ણ શુદ્ધને પ્રાપ્ત એ મંગલમય છે. આત્મા શુદ્ધભાવ પોતે જ મંગલમયની મૂર્તિ છે. '**शुद्धभाव अविकार**' અને શુદ્ધભાવ તે વિકાર વિનાની ભાવ દશા છે. પુણ્ય-પાપનો ભાવ તો વિકાર છે. એ વિનાનો આત્માના સ્વભાવને આશ્રયે થતો અવિકારી શુદ્ધભાવ છે. '**नमूँ पाय पाऊँ स्वपद,**' એને નમન કરું છું. મારા સ્વપદને પામું '**जाचूँ यहै करार।।**' મારો કરાર એ છે કે મારા નિજપદને પામું, એ મારો કરાર છે. કરારનામું લખે છે ને? આ અમારે કરાર છે, કહે છે. '**नमूँ पाय पाऊँ स्वपद, जाचूँ यहै करार।।**'

**इति कुन्दकुन्दस्वामिविरचित भावप्राभृतकी जयपुरनिवासी पं. जयचन्द्रजी छावड़ा कृत देशभाषामय वचनिका समाप्त।।**

હવે એ આવશે-બોધ પાહુડ છે ને? એની ૨૮મી ગાથા. ત્યાંથી આપણે બાકી રહ્યું છે. ૨૭ ગાથા થઈ ગઈ છે. બોધપાહુડની ૨૮મી ગાથા.

'**અબ અરહંતકા સ્વરૂપ કહતે હૈં :-**' લ્યો! ત્યાંથી શરૂ થાય છે. જુઓ! આ અરિહંતને ઓળખાવે છે હવે. આમ અરિહંત-અરિહંત કરે એમ ન ચાલે, કહે છે. 'બોધપાહુડ'. અરિહંતનું સ્વરૂપ '**નામ, સ્થાપના, દ્રવ્ય, ભાવ...**' ચારથી એને સિદ્ધ કરે. 'બોધપાહુડ'. એ આવશે, લ્યો. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)